


શ્રી મહાવીર સ્વામી



શ્રી ગૌતમસ્વામી



શ્રી સુધર્માસ્વામી

જૈન પરંપરાનો ઇતિહાસ

ભાગ-૨

લેખક : ત્રિપુટી

પૂજ્ય મુનિશ્રી દર્શનવિજયજી મ.

પૂજ્ય મુનિશ્રી જ્ઞાનવિજયજી મ.

પૂજ્ય મુનિશ્રી ન્યાયવિજયજી મ.

: સંકલન :

પૂજ્ય પ્રવર્તક મુનિશ્રી ભદ્રસેનવિજયજી મ.

॥ वंदे वीरम् श्री चारित्रम् ॥

જૈન પરંપરાનો ઇતિહાસ

ભાગ બીજો ✿ આવૃત્તિ બીજી

: લેખક :

પૂજ્ય મુનિરાજ શ્રી દર્શનવિજયજી મહારાજ

પૂજ્ય મુનિરાજ શ્રી જ્ઞાનવિજયજી મહારાજ

પૂજ્ય મુનિરાજ શ્રી ન્યાયવિજયજી મહારાજ

(ત્રિપુટી મહારાજ)

: સંપાદક :

પ્રવર્તક મુનિરાજ શ્રી ભદ્રસેનવિજયજી મહારાજ



: પ્રકાશક :

શ્રી યશોવિજયજી જૈન આરાધના ભવન

પાલીતાણા

પ્રાપ્તિસ્થાન :

(૧) **શ્રી યશોવિજયજી જૈન આરાધના ભવન**
પ્લોટ નં. ૨૮, ગિરિરાજ સોસાયટી,
ચ. મો. સ્કૂલની પાછળ, તળેટી રોડ,
પાલીતાણા.

(૨) **પંકજભાઈ હિંમતલાલ શાહ**
૧૬, કીર્તિ કુંજ, પહેલે માળે,
મામલતદાર વાડી, મેઈન રોડ,
મલાડ (પશ્ચિમ), મુંબઈ–૪૦૦ ૦૬૪.
ફોન : ૮૮૨ ૭૮૩૭.

નકલ : ૧૦૦૦

મૂલ્ય : રૂા. ૨૦૦/-

વીર સં. ૨૫૨૭	ઈ. સ. ૨૦૦૧
વિ. સં. ૨૦૫૭	ચા. સં. ૧૧૭

મુદ્રક : કોમ્પ્યુ-ગ્રાફિક્સ
બંસી પાર્ક, ગ્રાઉન્ડ ફ્લોર, નર્સિંગ લેન, એન. એલ. હાઈસ્કૂલ સામે,
મલાડ (પશ્ચિમ), મુંબઈ–૪૦૦ ૦૬૪.
ફોન : ૮૦૧ ૭૩૨૨ ★ ઘર : ૮૦૫ ૧૯૭૯.


પરમ પૂજ્ય મુનિરાજ શ્રી ચારિત્રવિજયજી મ.સા. (કચ્છી)
: આદ્યસ્થાપક :
શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ - પાલીતાણા
: જન્મ :
સં. ૧૯૪૦ આસો વદ-૧૪
ગામ-નત્રી
: સ્વર્ગવાસ :
સં. ૧૯૭૪ આસો વદ-૧૦
ગામ-અંગીયા

પ્રેમથી ખાજો

પ્રેમ પૂર્વક ઉપાડજો ખાજાની ♣ પ્રેમ પૂર્વક ઉપાડજો ખાજાની ♣ પ્રેમ પૂર્વક ખાજાની

મારા પરમ ઉપકારી

પૂજ્ય મુનિવર્યશ્રી દર્શનવિજયજી મ. સાહેબ

પૂજ્ય મુનિવર્યશ્રી જ્ઞાનવિજયજી મ. સાહેબ

પૂજ્ય મુનિવર્યશ્રી ન્યાયવિજયજી મ. સાહેબ

(ત્રિપુટી મહારાજ)ના

જન્મશતાબ્દી વર્ષમાં

જૈન પરંપરાના ઇતિહાસના

ભાગ બીજાની આવૃત્તિ બીજી



અર્પણ



કરતા કૃતાર્થતા અનુભવું છું.

લિ.

મુનિ ભદ્રસેનવિજય

હવે પછી... હવે પછી...

(બીજા ભાગની પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવના)

જૈન આગમો તથા ગ્રંથો વિવિધ સાહિત્યનો દરિયો છે.

તેમાં ઇતિહાસનાં અમૂલાં રત્નો પથરાયેલાં છે.

સૌ કોઈ એ રત્નોને બહાર લાવવા ચાહે છે.

અમે જૈન પરંપરાનો ઇતિહાસ ભાગ–૧ના **'હવે પછી'**ના લખાણમાં જણાવ્યું હતું કે, પૌરસ્ત્ય અને પાશ્ચાત્ય વિદ્વાનો જૈન સાહિત્યને પ્રકાશિત કરવા અવારનવાર માગણી કરે છે. આથી અમે ઇતિહાસ જગતમાં ઉપયોગી એવા **'પટ્ટાવલી સમુચ્ચય'** ભાગ : ૧–૨ પ્રકાશિત કરાવ્યા હતા અને સળંગ ઇતિહાસ રજૂ કરવા **'જૈન પરંપરાનો ઇતિહાસ'** તૈયાર કરવા ધાર્યું હતું, જેમાં ૨૫૦૦ વર્ષના જૈનાચાર્યો, જૈન મુનિવરો, સાધ્વીઓ, ગચ્છ–શાખા–કુળો, પટ્ટાવલીઓ, રાજાઓ, રાજપરિવારો, મંત્રીઓ, શ્રેષ્ઠીઓ, વિદ્વાનો, દાનવીરો, વિવિધ વંશો, જ્ઞાતિ–ગોત્રો, સાહિત્ય નિર્માણ, રચનાકાળ, લેખનકાળ, શહેરો, તીર્થો, મહાસભાઓ અને વિવિધ ઘટનાઓ વગેરે દાખલ કરવા. આ ભાવનાથી ઉક્ત ઇતિહાસ માટે અમે નીચે મુજબ ધારણા રાખી હતી.

ભાગ : ૧ – **નિર્ગ્રન્થગચ્છ** ચંદ્રકુળ વનવાસીગચ્છ (ચૈત્યવાસી યુગ), વીર નિર્વાણ સં. ૧ થી વિ. સં. ૧૦૦૦ સુધીનો ઇતિહાસ, દિગમ્બર આચાર્ય પટ્ટાવલી.

ભાગ : ૨ – **વડગચ્છ**, વિ. સં. ૧૦૦૦ થી વિ. સં. ૧૨૫૦નો ઇતિહાસ, જેમાં વડગચ્છ, માનદેવગચ્છ, રાજગચ્છ, ધર્મઘોષગચ્છ, પૂર્ણતલગચ્છ, રુદ્રપલ્લીયગચ્છ, ખરતરગચ્છ, પૂનમિયાગચ્છ, અંચલગચ્છ, આગમિકગચ્છ, ચતુર્દશીગચ્છ, કચ્છોલીગચ્છ, વાદિદેવસૂરિ-ગચ્છ, નાગોરીગચ્છ, આરાસણગચ્છ, પાયચંદગચ્છ વગેરેની પટ્ટાવલીઓ.

ભાગ : ૩ – **તપાગચ્છ**, વિ. સં. ૧૨૫૦થી વિ. સં. ૧૬૦૦ સુધીનો ઇતિહાસ, જેમાં તપાગચ્છના પેટાગચ્છો, કડવામત, લોંકામત, નાગપુરીય લોંકામત, સ્થાનકવાસી, તેરાપંથી વગેરેની પટ્ટાવલીઓ, વિવિધ વંશાવલીઓ.

ભાગ : ૪ – **હીરયુગ**, વિ. સં. ૧૬૦૦ થી ૨૦૦૦ સુધીનો ઇતિહાસ.

ભાગ : ૫ – ભાગ : ૧ થી ૪ની મોટી ઇન્ડેક્સ **અકારાદિ નામાવલી.**[૧]

ભાગ : ૬ – ભાગ : ૧ થી ૪ના **વંશવૃક્ષો.**

ભાગ : ૭ – **પ્રસ્તાવના**, વિશેષ સમજૂતી વગેરે, નવા પ્રકાશનમાં જરૂરી પ્રશ્નોત્તરી વગેરે.

પહેલો ભાગ વિ. સં. ૨૦૦૯ના કાર્તિક સુદિ ૧૫, તા. ૧-૧૧-૧૯૫૨માં પ્રકાશિત થયો. આથી સૌ કોઈએ માગણી કરી કે આ ગ્રંથ (ભાગ બીજો) જલદી પ્રકાશિત થવો જોઈએ.

અમારી ભાવના હતી કે, ભાગ બીજો તરત પ્રકાશિત થાય તેમ કરવું, પણ ભાવિભાવના યોગે એમાં એકાએક અંતરાય આવી પડ્યો. તે આ પ્રમાણે–

મુનિ ન્યાયવિજયજી સં. ૨૦૦૭ના માગસર સુદિ ચોથના દિવસે હૃદયરોગથી અમદાવાદમાં કાળધર્મ પામ્યા.

મુનિ જ્ઞાનવિજયજીને સં. ૨૦૧૧થી ડાયાબિટીસ–મધુપ્રમેહ શરૂ થયો.[૨]

મુનિ દર્શનવિજયજીને સં. ૨૦૧૫ના માગસર વદિ ચોથથી લો બ્લડપ્રેસરનો રોગ શરૂ થયો, જેની વધુ અસર થાય તો લકવો (પેરેલીસીસ) લાગુ પડે.[૩]

આ કપરા સંજોગોમાં ગ્રંથ તૈયાર થાય એ વિચિત્ર સવાલ હતો. પરંતુ આમાં દેવગુરુની કૃપાથી સહકારી નિમિત્તો આવી મળ્યાં, તે આ પ્રમાણે–

અમો બન્ને તો એકબીજાના પૂરક રહ્યા. એટલે જ્યારે જેનું સ્વાસ્થ્ય સારું હોય તે કામ ચલાવે અને તે રીતે પણ ભાગ બીજાનું કામ જારી રાખ્યું.

ડૉ. નાનાલાલ ભાઈલાલ – તેમણે અમારા સ્વાસ્થ્યના સુધારા માટે ઘણી કાળજી રાખી છે. તેમના તરફથી અમને બોલવા, લખવા, વાંચવાની

---

૧. ભાગ : ૫ કે ૬, ૭ પ્રકાશિત થયા નથી; ભાગ : ૧ થી ૪ જ પ્રગટ થયા છે. અકારાદિ નામાવલી ભા. ૧માં આપવામાં આવેલ, જ્યારે ભા. ૨, ૩ કે ૪માં આપવામાં આવી નથી; પરંતુ ભા. ૨ની આ બીજી આવૃત્તિમાં અકારાદિ નામાવલી આપવામાં આવી છે.

૨–૩. પૂજ્ય મુનિશ્રી જ્ઞાનવિજયજી મહારાજ સં. ૨૦૧૯માં અને પૂજ્ય મુનિશ્રી દર્શનવિજયજી મહારાજ સં. ૨૦૨૮માં સ્વર્ગવાસ પામ્યા હતા.

સાફ મનાઈ હતી, પણ સાથોસાથ તેમણે એટલી છૂટ આપી હતી કે આપની ખાસ ભાવના છે તો ધીમે ધીમે ઈતિહાસનું કામ કરતા રહો, સાવધાન રહેવું. જરાક ખટકો થાય કે આરામ લેવો અને મને તુરત ખબર આપવી. તેમની આ કીમતી સમ્મતિથી આ ગ્રંથના કામનો પ્રારંભ થયો.

શેઠ મનુભાઈ જેસિંગભાઈ કાલિદાસ – જેમણે જૈન સાહિત્યના વિવિધ ગ્રંથો પ્રકાશિત કરાવ્યા છે. તેમણે આ ઈતિહાસનો ભાગ–૧ વાંચીને જણાવ્યું કે, ''આપ આનો ભાગ બીજો જલદી પ્રકાશિત થાય તેમ કરો. પ્રારંભિક આર્થિક રકમ રોકવાની જરૂર પડે તો મને લાભ આપવા કૃપા કરજો.'' મનુભાઈની આ ભાવનાએ અમારા ઉત્સાહમાં ઘણો વધારો કર્યો.

પં૦ અંબાલાલ પ્રેમચંદ શાહ – તે પુરાતત્ત્વ અને ઈતિહાસના ઊંડા અભ્યાસી છે. કેટલાક ગ્રંથોના સંપાદન અને લેખનથી ખ્યાતિપ્રાપ્ત છે. તેમણે આ ગ્રંથની શુદ્ધ પ્રેસકોપી અને પ્રુફ સુધારવાની સંપૂર્ણ જવાબદારી પોતાને માથે લીધી હતી. એકંદરે આ ગ્રંથના પ્રકાશકની અમારી સંપૂર્ણ જવાબદારી તેમણે અદા કરી છે.

આ ઉપરાંત સાક્ષરવર્ય **પં૦ રતિલાલ દીપચંદ** અને **પં૦ બાલાભાઈ (જયભિખ્ખુ)**– એ દેસાઈ બેલડી તો શરૂથી અંત સુધી ગ્રંથના પ્રત્યેક કાર્યમાં સર્વ રીતે પ્રેરક રહ્યા છે.

એકંદરે દેવગુરુની કૃપા, પૂજ્ય દાદા **મૂળચંદજી મહારાજ**ની ગાદીનો પ્રતાપ તથા ઉપરના સહકારીઓની શુભ મનોકામનાથી તેમજ અમને અનુકૂળ સ્વાસ્થ્ય પ્રાપ્તિથી આ ગ્રંથનું કામ સરળ બન્યું છે; અને પરિણામે આ બીજો ભાગ પ્રકાશિત થાય છે.

હવે તેવા શુભ અનુકૂળ સંયોગો મળતાં ત્રીજા ભાગનું કામ હાથ ધરાશે.

બસ, આ ગ્રંથ ભારતીય સંસ્કૃતિનું અજોડ અંગ બનો અને સૌનું કલ્યાણ હો, એ ઇચ્છાપૂર્વક અમે વિરમીએ છીએ.

લિ.

મુનિ દર્શનવિજય

મુનિ જ્ઞાનવિજય

(મુનિ ન્યાયવિજય)

વિ. સં. ૨૦૧૬ શ્રાવણ સુદ ૧,
તા. ૨૪-૭-૧૯૬૦
ઉજમફઈની ધર્મશાળા, અમદાવાદ.

પુનશ્ચ યોગાનુયોગ...

સંપાદકીય :

'જૈન પરંપરાનો ઇતિહાસ' ભાગ–૧ની બીજી આવૃત્તિની સંપાદકીય નોંધમાં મેં પરમ ઉપકારી પૂજ્યશ્રી ત્રિપુટી મહારાજ સાહેબના નામ અને કામને વધુ ને વધુ યશોજ્જ્વલ બનાવે એવા યોગો પુનઃ પુનઃ પ્રાપ્ત થાય એવી અભિલાષા સેવી હતી. બીજા ભાગના આ પુનઃ પ્રકાશનથી તેને સાર્થક બનતી જોઈ અકથ્ય આનંદ અનુભવું છું.

એ જ સંપાદકીય નોંધમાં મેં ભાગ–૧નું પુનઃ પ્રકાશન મારી વગર ધારણાએ યોગાનુયોગ જ થયું હોવાની વાત કહી હતી. એ જ વાત આ ભાગ–૨માં બની છે. આમ, જૈન પરંપરાના ઇતિહાસની જેમ આ યોગાનુયોગની પરંપરાએ એક ઇતિહાસ રચી મને ધન્ય બનાવ્યો છે.

વાત એવી છે કે–

ભાગ–૧ના પુનર્મુદ્રણ દરમિયાન એક પૂજ્યશ્રીએ આ બધા ભાગો ફરી છપાવવાની પોતાની ભાવના વ્યક્ત કરી

હતી. ત્યારે અમારી વિચારણા પછીના ભાગો છપાવવાની હતી પણ નહીં. આથી તેઓશ્રીની આ વાત જાણી અમને ઘણો આનંદ થયો હતો.

આ પૂર્વે, ભાગ–૧ ફરી છપાવવા–તપાસતાં તેમાં કેટલીક શંકાઓ ઉદ્‌ભવી હતી. તેના નિરાકરણ માટે અમે પૂજ્ય આ૦ શ્રી શીલચંદ્રસૂરિજી મહારાજને વાત કરી. તેઓશ્રીએ એ સમયે પાલીતાણામાં જ બિરાજમાન શાસ્ત્રના ઊંડા અભ્યાસી પૂજ્ય આ૦ શ્રી મુનિચંદ્રસૂરિજી મહારાજનું નામ સૂચવ્યું. અમે પૂજ્ય આ૦ શ્રી મુનિચંદ્રસૂરિજી મહારાજને મળ્યા. તેઓશ્રી દ્વારા અમને દરેક શંકાઓનું સમાધાન અને વખતોવખત માર્ગદર્શન પણ મળતું રહ્યું. પ્રાંતે ગત વર્ષના ચૈત્ર માસમાં ભાગ–૧નું પ્રકાશન પણ થઈ ગયું.

પૂ. આ૦ શ્રી અરવિંદસૂરિજી મહારાજ, પૂ. આ૦ શ્રી યશોવિજયસૂરિજી મહારાજ અને પૂ. આ૦ શ્રી મુનિચંદ્રસૂરિજી મહારાજનું ચાતુર્માસ ગત વર્ષે પાલીતાણામાં જ થયું હતું. આથી તેઓશ્રી પાસે અવારનવાર અમારે જવાનું બનતું રહ્યું. તેમાં એક દિવસ વાતચીત દરમિયાન પૂ. આ૦ શ્રી મુનિચંદ્રસૂરિજી મહારાજે કહ્યું કે, ''જૈન પરંપરાના ઈતિહાસના પહેલા ભાગનું પુનઃ પ્રકાશન તમે કરાવ્યું છે, તો બાકીના ભાગોનું પ્રકાશન પણ તમે જ કરાવો. આ ભાગોમાં પણ અકારાદિ નામાવલી લેવી. તે અમે તૈયાર કરાવી આપશું અને શક્ય સહયોગ પણ અપાવીશું.''

પૂજ્ય આચાર્યશ્રીની આ સૌજન્યરૂપ સલાહ અમને સ્પર્શી ગઈ; પરંતુ એક પૂજ્યશ્રીએ આ બધા ભાગો ફરી છપાવવાની જે વાત કરી હતી, એ વાતનો પણ વિચાર કરવો અમને જરૂરી લાગ્યો. આથી તેઓશ્રીને પુછાવ્યા પછી જ નિર્ણય લેવાનું અમને યોગ્ય લાગ્યું. અને અમે જ્યારે ઉક્ત વાતની તેઓશ્રીને જાણ કરી ત્યારે, તેઓશ્રીએ જ એ વાતને વધાવી લેવાનું સૂચન કર્યું. કારણ, તેઓશ્રીને ત્યારે બે ગ્રંથોના સંશોધનનું કામ હાથ ઉપર હતું અને ઈતિહાસના આ ભાગો નવા પ્રાપ્ય આધારો સાથે જોઈ-તપાસી, જરૂરી સુધારા-વધારા કરી, પછી જ છપાવવાની તેઓશ્રીની ગણતરી હતી. તેના કારણે ઘણો સમય લાગવાની પૂરી શક્યતા હોય, જ્યારે ઘણા સમયથી અપ્રાપ્ય

આ ભાગો જેમ છે તેમ સવેળા પ્રાપ્ય બને એ પણ એટલું જ જરૂરી લાગતાં, તેઓશ્રીએ ભાગ–૧ની જેમ પછીના ભાગો પણ છપાવવાનું અમને ખાસ સૂચન કર્યું.

પરમ ઉપકારી પૂજ્યશ્રી ત્રિપુટી મહારાજ સાહેબના નામ અને કામની સેવનાના અમે અભિલાષી તો હતા જ, તેમાં યોગાનુયોગ પૂ. આ૦ શ્રી મુનિચંદ્રસૂરિજી મહારાજની પ્રોત્સાહક સલાહ અને ઉક્ત પૂજ્યશ્રીનું માર્ગદર્શન મળતાં અમે ભાગ બીજો છપાવવાનો સહર્ષ સ્વીકાર કર્યો.

ભાગ–૧ની જેમ ભાગ–૨ છપાવવાના આ નિર્ણય સમયે એક પ્રસંગનું અમને સ્મરણ થઈ આવે છે.

અધ્યાત્મયોગી પૂ. પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી મહારાજના પ્રશિષ્ય પૂ. પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી મહારાજ ઇતિહાસ અને શાસ્ત્ર-સાહિત્યના ઊંડા અભ્યાસી છે. તેઓશ્રી આ જૈન પરંપરાના ઇતિહાસને ફરી છપાવવા ઇચ્છા ધરાવતા હતા; અને એ કારણે તેઓશ્રી ૨-૩ વર્ષથી વિહારમાં પણ આ ગ્રંથો સાથે જ રાખતા હતા. ભાગ–૧ પ્રકાશિત થતાં પાલીતાણામાં બિરાજમાન પૂજ્ય આચાર્યભગવંતો આદિને એ ગ્રંથ આપવા પ્રાયઃ હું જાતે જતો. પૂજ્ય પં૦ શ્રી વજ્રસેનવિજયજી મહારાજ એ સમયે પાલીતાણામાં જ બિરાજમાન હતા. તેઓશ્રીને એક દિવસ આ ગ્રંથ આપવા ગયો. આ ગ્રંથ જોઈને તેમના મુખારવિંદ ઉપર આનંદની એક લહેર છવાઈ ગઈ. તેમના મનમાં જે વાત વસી હતી તે સન્મુખ જોવા મળતાં એમના હર્ષનો કોઈ પાર ન રહ્યો. એમના આ હર્ષાવેશને જોતાં મને આ ગ્રંથની ઉપયોગીતાનું એક સબળ પ્રમાણ નિહાળવા મળ્યું.

અમે ભાગ બીજો તપાસતાં, તેમાં ભાગ–૧ની જેમ પુનરુક્તિ, મુદ્રણદોષ અને કોઈ કોઈ હકીકત દોષ લાગ્યા ત્યાં જરૂરી સુધારા કર્યા છે. આ ઉપરાંત ખાસ, પ્રકરણ ૩૫માં શ્રી શત્રુંજયતીર્થના ૧૫મા અને ૧૬મા ઉદ્ધારની વિગત, પ્રકરણ ૪૧માં ૧૪મા ઉદ્ધારની વિગત અને ભાગ ત્રીજાના પ્રકરણ ૪૪માં શ્રી શત્રુંજયતીર્થના મોટા સોળ (અને સાત) ઉદ્ધારોની વિગત, બધી એક સાથે લેવાનું ઉચિત ધારી પ્રકરણ ૩૫માં આ સર્વ વિગત લીધી છે. એ જ રીતે પ્રકરણ ૩૭માં

આબૂ તીર્થ અંતર્ગત મંત્રી વસ્તુપાલ–તેજપાલ નિર્મિત 'લુણિગવસહી' જિનાલયને ધ્યાનમાં લઈ પ્રકરણ ૩૮માં અને ભાગ ત્રીજાના પ્રકરણ ૪૫માં આવતી મંત્રી વસ્તુપાલ–તેજપાલની સર્વ વિગતો અમે પ્રકરણ ૩૭માં આબૂ તીર્થની આગળના ભાગે આપી છે. જ્યારે પ્રકરણ ૩૫માં જે નં. ૧ થી ૧૮ રાજગચ્છ પટ્ટાવલીઓ આપવામાં આવી છે એ જ રાજગચ્છ પટ્ટાવલી ભાગ–૧ના પ્રકરણ ૩૨માં પણ આપવામાં આવી હોય, તેમાં જ્યાં એકસરખી વિગતો આવી હોય તે આ ભાગ–૨ના ૩૫મા પ્રકરણમાંથી કમી કરી છે. એ જ રીતે પ્રકરણ ૪૦માં જે ત્રણ 'બાદશાહી ફરમાનો' આપવામાં આવ્યાં છે તે ફરમાનો ભાગ ત્રીજાના પ્રકરણ ૪૪માં અનેક ફરમાનોની સાથે જ ફરીવાર વિગતે અને સંદર્ભયુક્ત આપવામાં આવ્યાં હોય આ ભાગ–૨ના ૪૦મા પ્રકરણમાંથી કમી કરવામાં આવ્યાં છે.

જૈન પરંપરાના ઇતિહાસના ચારે ભાગોમાં છૂટી-છવાઈ અને તૂટક-તૂટક કેટલીય વિગતો પુનરુક્તિરૂપે કે આગળ-પાછળ જોવા મળે છે. અમોએ આ ભાગ બીજામાં, મોટા ભાગે એ જ ભાગને ધ્યાનમાં રાખીને તેનું સંકલન કરવાનો પ્રયત્ન કર્યો છે. આ ચારેય ભાગોને નજર સમક્ષ રાખીને સંકલન કરવામાં આવે તો તે ઘણું ઉપયોગી અને ઉત્તમ કાર્ય જરૂર બની શકે. જો કે આ કાર્ય ઘણું દુષ્કર છે અને અમારા જેવા સીમિત જ્ઞાનવાળા માટે તો એ શક્ય પણ ન બને. તેમ છતાં અમે બનતા પ્રયત્ને ઉપર જણાવ્યા એ અને અન્ય નાના-નાના કેટલાક ફેરફારો અને સુધારા-વધારા સંકલન-પૂર્વક કર્યા છે.

આ ગ્રંથોમાં વિપૂલ અને વિવિધ માહિતીનો અમાપ સંચય થયો છે. ઇતિહાસ, સાહિત્ય અને શાસ્ત્રથી હું અજ્ઞાત હોઉં તેને સમજવાનું મારા માટે કઠિન છે. તેમ છતાં એવું જ કામ મારા ભાગે આવ્યું છે તેને હું મારા પરમ ઉપકારી પૂજ્યશ્રી ત્રિપુટી મહારાજ સાહેબના દિવ્ય આશીર્વાદ જ માનું છું.

अल्पश्रुतम् श्रुतवतां परिहासधाम
त्वदभक्तिरेव मुखरीकुरुते बलान्माम् ।

यत्कोकिलः किल मधौ मधुरं विरौति
तच्चारुचूतकलिकानिकरैकहेतु ।।

– શ્રી માનતુંગસૂરિજી મહારાજ

મારા માટે એકતરફ આ કામ દુષ્કર હતું તો બીજી તરફ આ બધી જાણકારી મારી જીજ્ઞાસાવૃત્તિને ઉજાગર બનાવી ગઈ.

અમે આ ભાગ–૨નું પ્રકાશન કરાવવા જેમની પ્રેરણાથી તત્પર બન્યા છીએ એવા શાસ્ત્રજ્ઞ પૂ. આ૦ શ્રી મુનિચંદ્રસૂરિજી મહારાજનો અમારી ઉપર પરમ ઉપકાર વરસતો રહ્યો છે. તેઓશ્રીએ આ કામમાં અમને વખતોવખત પ્રોત્સાહિત કર્યા છે. તેઓશ્રીનું માર્ગદર્શન અને સહયોગ અમારા આ કામનું ચાલક બળ બન્યું છે. અને એથીયે વિશેષ, તેઓશ્રીએ અકારાદિ નામાવલી તૈયાર કરાવી આ ગ્રંથની ઉપયોગીતામાં ખૂબ વધારો કર્યો છે. તેમજ અમારી વિનતિ સ્વીકારીને આ ગ્રંથ માટે પ્રસ્તાવના પણ લખી આપી અમને કૃતજ્ઞ બનાવ્યા છે. ખરેખર, આ કાર્યમાં પૂજ્ય આચાર્યશ્રી જોડાયા એ જ અમારું અહોભાગ્ય છે.

અહીં એક વાતનો વિગતે નિર્દેષ કરવો ઉચિત હોય લખું છું. આજથી ૮/૯ વર્ષ પહેલાં ભાવનગરવાળા વિનોદભાઈ ગુલાબચંદ જેને હું મારા કહું એવા 'જૈન' પત્રના સ્વ. ગુલાબચંદ દેવચંદ શેઠના પુત્ર છે. તેમને આ પાંચમા ભાગનું લખાણ તૈયાર કરવા જણાવ્યું હતું. તેઓએ આ કામની જવાબદારી સ્વીકારી; પણ એવી ઘટનાઓ અને એક પછી એક વ્યાવહારિક જવાબદારીઓ તેમના ઉપર આવી પડી કે ૫/૬ વર્ષ સુધી તેઓ નહીંવત એવું જ કામ કરી શક્યા. જ્યારે તેઓ જવાબદારીઓથી મુક્ત બન્યા ત્યારે પૂરા અવકાશ સાથે પાંચમા ભાગના કામની તૈયારીમાં લાગી ગયા. આ સમયે અમે ભાગ–૧નું પુનઃ પ્રકાશન કરાવવા પ્રેસમાં મેટર આપ્યું હતું. આનું પ્રુફ આવતાં અમે તેને જોવા આપ્યું. તેમણે આ પ્રૂફ અને પ્રેસકોપી જોઈ ઘણો સુધારો-વધારો કરવાનું દર્શાવતાં, અમે આ કામની જવાબદારી તેમને સોંપી. તેમણે ખરા ખંત અને શ્રમથી આ કામ ઉપાડી પાર પાડ્યું. પછી પાંચમા ભાગનું લખાણ, જે નવેસરથી તૈયાર કરવાનું હોય, તે હાથ ધર્યું. જેમ અમારા તેમ એમના પણ યોગાનુયોગરૂપે

ભાગ બીજાનું મૂળ લખાણ તપાસવા–તૈયાર કરવાથી લઈને ફાઈનલ પ્રૂફ જોવા સુધીની સંપૂર્ણ જવાબદારી તેમને સોંપવામાં આવી. તેમણે આ કામ પણ પૂરી લગન, ચીવટ અને કાળજીથી પાર પાડ્યું છે. તેમની કાર્યશક્તિ ખરે જ, અનુમોદનીય છે.

મારા બધા જ કામોની ખેવના કરતા મારા શિષ્ય બાલમુનિ મહાભદ્રવિજય આ કાર્યમાં પણ, નાની વયમાં વરસીતપ જેવી મોટી તપસ્યા કરતાં કરતાં, ઘણાં રસ-રુચિ અને લગન સાથે જોડાઈને તેણે યથાશક્તિ પોતાનું યોગદાન આપ્યું છે. મુંબઈ-મલાડવાળા પંડિત પંકજભાઈ હિંમતલાલ શાહ જેઓએ મારા દરેક કાર્યની જેમ આ કાર્યને પણ પોતાનું જ માની જે તત્પરતા દાખવી છે અને પોતાના સમય–શક્તિનો ભોગ આપ્યો છે તે ખૂબ અનુમોદનીય છે.

વ્યવસાયી માણસોમાં ખૂબ ઓછાં જોવા મળે એવા નિષ્પૃહી અને આ પ્રકાશનના મુદ્રક ભાઈ ભરતભાઈ ચિત્રોડાએ અમારા આ કાર્યને પોતાનો જીવનમંત્ર બનાવી અમારી ભૂરી ભૂરી અનુમોદનાના તેઓ અધિકારી બન્યા છે.

પ્રાંતે આ કાર્યમાં સહયોગ આપનાર સૌ કોઈની ભલી અને ઉદાર લાગણીની અમે અનુમોદના કરીએ છીએ.

ભ. મહાવીર જન્મકલ્યાણક દિન
ચૈત્ર સુદિ ૧૩, વિ. સં. ૨૦૫૭
પાલીતાણા

એ જ શુભાભિલાષી
મુનિ ભદ્રસેનવિજય

॥ શ્રી ભીલડીયાજી પાર્શ્વનાથાય નમઃ ॥

॥ શ્રી સિદ્ધિ–વિનય–ભદ્ર–વિલાસ–ઉંકાર–જિનચંદ્રવિજયાદિભ્યો નમઃ ॥

પ્રસ્તાવના

પૂ૰ આચાર્ય શ્રી મુનિચંદ્રસૂરિજી મ૰ સા૰

'અડગ મનના મુસાફરને હિમાલય પણ નથી નડતો.'

શ્રી ત્રિપુટી મહારાજના 'જૈન પરંપરાનો ઇતિહાસ'ની રચનાનો ઇતિહાસ જોતાં ઉપરોક્ત ઉક્તિ એકદમ યથાર્થ લાગે છે.

ઇતિહાસની ઘટનાઓનું સંશોધન કરવું અને એનું ક્રમશઃ લેખન કરવું એ અતિ શ્રમસાધ્ય તથા ઘણી ચીવટ અને ધીરજ માગતું કાર્ય છે. ઇતિહાસ-સંશોધન એવો વિષય છે કે ક્યારેક ડુંગર ખોદ્યા પછી પણ ઉંદર ન નીકળે ! આમ છતાં કંટાળ્યા વિના સતત વાંચન, ચિંતન, મનન, ટાંચન કર્યા કરવું એ ઇતિહાસકારનો ધર્મ છે.

ત્રીસ હજાર જેટલાં પુસ્તકો, લેખો, પ્રશસ્તિઓ, પ્રતિમાલેખો વગેરે વગેરેનું વાંચન, નિરીક્ષણ અને ટાંચન કરી એ બધાને યોગ્ય ક્રમમાં ગોઠવવાનો ભગીરથ પુરુષાર્થ આ ઇતિહાસ-ગ્રંથોની રચના પાછળ પડેલો છે.

'श्रेयांसे बहु विघ्नानि' ના નિમય મુજબ સારા કામમાં ઘણાં વિઘ્નોનું આવવું આશ્ચર્યજનક નથી; પરંતુ વિઘ્નોની વણજાર વચ્ચેથી માર્ગ કાઢીને, શોધીને કે નવો માર્ગ કંડારીને મંજિલ તરફ આગળ ધપતાં રહેવાનો આદર્શ આ ઇતિહાસ રચના દ્વારા શ્રી ત્રિપુટી મહારાજે આપ્યો છે.

કોઈપણ કાર્યમાં 'ઝાઝાં હાથ રળિયામણાં' ત્યારે જ બનતા હોય છે જ્યારે એ બધા હાથ વચ્ચે વ્યવસ્થિત સંકલન હોય અને બધા હૈયામાં ટીમ સ્પીરિટ હોય. આવી જ એકસૂત્રતા શ્રી ત્રિપુટી મહારાજમાં એટલે કે મુનિશ્રી દર્શનવિજયજી, મુનિશ્રી જ્ઞાનવિજયજી અને મુનિશ્રી ન્યાયવિજયજીમાં હતી. તેઓની **'ત્રિપુટી મહારાજ'** તરીકેની નામના પણ આ જ કારણે થવા પામી હતી. ઇતિહાસ રચનાના આ કાર્યમાં ત્રણે મુનિવરો પ્રારંભથી સાથે જ જોડાયા હતા.

વિ. સં. ૨૦૦૯માં જૈન પરંપરાના ઇતિહાસનો પ્રથમ ભાગ બહાર પડ્યો. ભાગ–૧ બહાર પડ્યા પૂર્વે જ વિ. સં. ૨૦૦૭માં મુનિશ્રી ન્યાયવિજયજી સ્વર્ગવાસ પામ્યા. મુનિશ્રી દર્શનવિજયજી અને મુનિશ્રી જ્ઞાનવિજયજીનું પણ સ્વાસ્થ્ય બરાબર રહેતું ન હતું. પરંતુ તેઓની ઇતિહાસ લેખનની તમન્ના અજબગજબની હતી. બેમાંથી જેમનું સ્વાસ્થ્ય સારું રહે તે આ કામ આગળ ચલાવે. આ રીતે પણ કામ આગળ ને આગળ થતું રહ્યું.

વિ. સં. ૨૦૧૬માં બીજો ભાગ બહાર પડ્યો. એ સમયમાં મુનિશ્રી દર્શનવિજયજીને લકવાની અસર થઈ. તેમ છતાં તેઓ હિંમત હાર્યા નહીં. ઇતિહાસનું આ કાર્ય પ્રાયઃ મોટા ભાગનું ત્યારે થઈ ગયું હતું. બાકીના કામને લકવાગ્રસ્ત દેહે પણ તેઓએ આગળ ધપાવ્યું. લકવાના કારણે પોતે લખી શકે નહીં. લખાવવામાં પણ ક્યારેક લખનારને ઉચ્ચાર પૂરો ન સમજાય તો પાટી ઉપર લખીને સમજાવતા રહ્યા... લખાવતા રહ્યા. આ રીતે તેઓએ ઇતિહાસ લખવાનું કામ પુરું કર્યું. વિ. સં. ૨૦૧૯માં મુનિશ્રી જ્ઞાનવિજયજી પણ સ્વર્ગવાસ પામ્યા.

વિ. સં. ૨૦૨૦માં ત્રીજો ભાગ બહાર પડ્યો. તેમનું સ્વાસ્થ્ય કેટલાક સમયથી વધુ ને વધુ નરમ પડતું ગયું. તેમની અતિ નાદુરસ્ત તબિયતના કારણે જ આગમ-પ્રભાકર મુનિપ્રવર શ્રી પુણ્યવિજયજી મહારાજે ત્રીજા ભાગની પ્રસ્તાવના લખી આપી. વિ. સં. ૨૦૨૮માં તેઓશ્રી પણ સ્વર્ગવાસ પામ્યા.

શ્રી ત્રિપુટી મહારાજ દ્વારા તૈયાર થયેલ ઇતિહાસનું બાકીનું લખાણ પણ ભાગ–૪માં, ઇતિહાસપ્રેમીઓના સદ્નસીબે, પ્રવર્તક મુનિશ્રી ભદ્રસેનવિજય આદિના પ્રયત્નોથી વિ. સં. ૨૦૩૯માં પ્રકાશિત થઈ ગયું.

શ્રી ત્રિપુટી મહારાજની ધારણા ભાગ–૫ માં સંપૂર્ણ સૂચિ, ભાગ–૬ માં વંશવૃક્ષ અને ભાગ–૭ માં પ્રસ્તાવના, સમજૂતી, પ્રશ્નોત્તર વગેરે આપવાની હતી. તેમની અતિ નરમ તબિયતને કારણે એ પાર પડી નહીં અને આપણે પણ તેનાથી વંચિત રહ્યા તે એક દુર્ભાગ્યની વાત છે. જો કે તેઓએ ઇતિહાસના આ ચાર ભાગો આપીને આપણને ઘણા સદ્ભાગી પણ બનાવ્યા છે.

ઇતિહાસના આ ગ્રંથો ઘણા સમયથી અપ્રાપ્ય બન્યા હતા. એ સરળતાથી મળી રહે એમ સહુ ઇચ્છતા હતા.

સદ્‌નસીબે મુનિશ્રી ભદ્રસેનવિજયજી પોતાના પરમ ઉપકારી શ્રી ત્રિપુટી મહારાજના આ ગ્રંથોને પ્રગટ કરવાની ઉત્કટ ભાવના ધરાવે છે. તેઓના પ્રયત્નથી જ ગત વર્ષે ભાગ–૧નું પુનઃ મુદ્રણ થયું છે અને પ્રસ્તુત ભાગ–૨નું પણ પુનઃ પ્રકાશન વૈશાખ સુદ બીજના થઈ રહ્યું છે. આમ વર્ષોથી દુર્લભ ગ્રંથો પુનઃ સુલભ બન્યા છે તે ઘણા આનંદની વાત છે. શ્રી ત્રિપુટી મહારાજે વર્ષો પૂર્વે પ્રગટ કરાવેલા પટ્ટાવલી સમુચ્ચય ભાગ–૧ અને ભાગ–૨ પણ તાજેતરમાં 'શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ' દ્વારા પુનઃ પ્રકાશિત થયા છે તે પણ ઇતિહાસપ્રેમીઓ માટે શુભ સમાચાર છે.

ઇતિહાસ ઉપયોગી ગ્રંથો વ્યવસ્થિત અને આગ્રહમુક્ત રીતે તૈયાર થવા જોઈએ એમ શ્રી ત્રિપુટી મહારાજ માનતા હતા. ધારાધોરણ વિના પ્રસિદ્ધ થતા ગ્રંથો માટે તેઓ પ્રસંગે નારાજગી વ્યક્ત કરતાં, અને આવા ગ્રંથો શેઠ આણંદજી કલ્યાણજી પેઢી જેવી સંસ્થા સારી રીતે તૈયાર કરાવે એવી ભલામણ પણ કરતાં.

(જૂઓ પ્રસ્તુત ગ્રંથ, પૃ. ૪૫૬, ટિપ્પણ : ૧)

પ્રસ્તુત સંસ્કરણ :

આ ગ્રંથની પહેલી આવૃત્તિ વિ. સં. ૨૦૧૬માં પ્રગટ થયેલી. છેલ્લા ઘણાં વર્ષોથી આ ગ્રંથ દુર્લભ હતો એટલે આનું પ્રકાશન આવશ્યક હતું જ. વળી વર્ષોથી આ ગ્રંથનો ઉપયોગ કરનાર વિદ્વાનોને અકારાદિ સૂચિના અભાવે જરૂરી સંદર્ભ મેળવવામાં ઘણી મુશ્કેલી પડતી હતી. પ્રસ્તુત સંસ્કરણમાં તમામ વિશેષ નામોની અકારાદિ સૂચિ આપવામાં આવી છે.

ઇતિહાસના પ્રસ્તુત ગ્રંથમાં ઘણી વિગતો પરસ્પર સંકળાયેલી હોવાથી તે દરેક ઠેકાણે એનો ઉલ્લેખ આવતો હોય છે. અને આ કારણે ઘણી ઘટનાઓનું પુનરાવર્તન થતું હોય છે. પ્રસ્તુત સંસ્કરણમાં આવી પુનરાવૃતિ ઓછી કરવા પ્રયત્ન કર્યો છે. બીજી વખત ઘટનાનું વિવરણ ન મૂકતાં પ્રકરણ અને પેજ નંબર આપી ત્યાં જોવા સૂચન કર્યું છે. દાખલા તરીકે પ્રક. ૩૫, પૃ. ૩માં શ્રી પાર્શ્વિલ્લગણિના પ્રકરણમાં એમની પ્રેરણાથી મુનિ આમ્રદેવે પ્રતલેખન કર્યાનું જણાવ્યું છે. આગળ પ્રક. ૩૭માં પૃ. ૧૯૮માં ઉપાધ્યાય આમ્રદેવના પ્રકરણમાં આ પ્રતલેખનની વિગતના બદલે જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૩ – એ પ્રમાણે સૂચના આપી દીધી છે.

આભાર... ધન્યવાદ...

'જૈન પરંપરાનો ઈતિહાસ' ભાગ–૧ પ્રગટ થયા પછી મેં પત્રથી અને રૂબરૂ મળવાનું થયું ત્યારે પ્રવર્તક મુનિશ્રી ભદ્રસેનવિજયજી મહારાજને ભાગ–૨ માં અકારાદિ સૂચિ આપવાની ખાસ ભલામણ કરેલી. તેમણે આ સૂચિ બનાવવાનું અને ગ્રંથના પ્રૂફ જોવાનું તથા પ્રસ્તાવના લખવાનું કાર્ય હું કરું એવી ભાવના વ્યક્ત કરી.

મારે તો આ મનગમતું કાર્ય હતું. તાજેતરમાં જ 'પ્રભાવકચરિત્ર'ના અનુવાદ સંપાદન પ્રસંગે મારે આ ઈતિહાસ ગ્રંથો અવાર-નવાર જોવાનો પ્રસંગ પડતો રહ્યો છે. આ નિમિત્તે આખો ગ્રંથ આદિથી અંત સુધી વાંચવાની તક મળી. મને પણ ઘણું જાણવા મળ્યું. આવી તક આપવા માટે પ્રવર્તક મુનિશ્રી ભદ્રસેનવિજયજીનો આભારી છું.

શ્રી વિનોદભાઈ ગુલાબચંદ શેઠ પ્રસ્તુત ગ્રંથના સંપાદન કાર્યમાં પ્રારંભથી જ જોડાયેલા છે. ગ્રંથના પ્રૂફ જોવા ઉપરાંત નવી આવૃત્તિઓના બદલાયેલા પૃષ્ઠ નંબરો તે તે સ્થળે ફેરવવા, બેવડાતી ઘટનાઓના સ્થળે પ્રકરણ નંબર, પૃષ્ઠ નંબર આપવા વગેરે અનેક પ્રકારની કામગીરીના કારણે આ સંસ્કરણ રળિયામણું બન્યું છે. શ્રી વિનોદભાઈને ખૂબ ખૂબ ધન્યવાદ !

આ ગ્રંથનો સ્વાધ્યાય, વાંચન-મનન કરી સહુ કોઈ આપણા ગૌરવવંતા ઈતિહાસને જાણી એનું ગૌરવ લે.... એમાંથી બોધપાઠ લે અને આત્મકલ્યાણને વરે એ જ મંગળ કામના.

વિજયભદ્ર ચેરીટેબલ ટ્રસ્ટ
પાર્શ્વભક્તિનગર ધર્મશાળા
ભીલડીયાજી તીર્થ
જિ. બનાસકાંઠા.

ચૈત્ર વદ ૩
વિ. સં. ૨૦૫૭
તા. ૧૦-૪-૨૦૦૧

✤ સહાયક દાતાઓની શુભ નામાવલી ✤

શ્રી સાંતાક્રુઝ જૈન તપગચ્છ સંઘ
શ્રી કુંથુનાથ જૈન દેરાસર,
એન્ડ્રુઝ રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ), મુંબઈ.

★

શ્રી આદીશ્વર જૈન જિનાલય – કૈલાસનગર
મજુસ ગેઈટ રોડ, કૈલાસનગર, સુરત.

★

શ્રી તાલધ્વજ જૈન શ્વેતાંબર તીર્થ કમિટી, તળાજા

★

શ્રી માટુંગા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ
માટુંગા, મુંબઈ.

★

શ્રી જૈન શ્વેતાંબર આદીશ્વર ભગવાન મંદિર ટ્રસ્ટ
૪૩/૪૬, જોડભાવી પેઠ, સોલાપુર (મહારાષ્ટ્ર).

★

શ્રી શ્રાવિકા બહેનોના ઉપાશ્રય તરફથી
દેવચંદનગર, ભાયંદર (વેસ્ટ), મુંબઈ.

★

શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ
અસારા (વાવ), બનાસકાંઠા.

પૂ. પંન્યાસશ્રી રાજયશવિજયજી મ. સાહેબની પ્રેરણાથી
શ્રી રાજસ્થાન જૈન શ્વેતાંબર સંઘ
૨૮, સોમવાર પેઠ, પૂના–૧૧. પૂર્વ વિભાગ.

★

પૂજ્ય સાધ્વીશ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ. તથા
સા. શ્રી જયપ્રજ્ઞાશ્રીજી મ. (અમદાવાદવાળા)ની પ્રેરણાથી
શ્રી મહાવીરનગર જૈન સંઘની બહેનો તરફથી
હિંમતનગર.

★

સ્વ. પરમ પૂ. આ૦દેવશ્રી વિનયચંદ્રસૂરિજી મ. સા.ના
શિષ્યરત્ન પરમ પૂજ્ય
આચાર્યશ્રી કલ્પજયસૂરિજી મ. સા.ની પ્રેરણાથી
શ્રી સુપાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
દાવણગિરિ.

★

પરમ પૂ. આ૦ શ્રી નરદેવસાગરસૂરિજી મ. સાહેબની પ્રેરણાથી
શ્રી જૈન શ્વેતાંબર મંદિર આદેશ્વર ભગવાનની પેઢી
શ્રી આકોલા જૈન સંઘ
આદિનાથ માર્ગ, તાજના પેઠ, આકોલા.

★

પંજાબકેશરી પુ. આ૦ શ્રી વિજયવલ્લભસૂરિજી મ. સા.ના
સમુદાયના સાધ્વીશ્રી ૐકારશ્રીજી મ. આદિની પ્રેરણાથી
શ્રી શાંતિલાલ પોપટલાલ ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ.

★

અધ્યાત્મયોગી પૂ. પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મ. સા.ના
શિષ્યરત્ન પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયકુંદકુંદસૂરિજી
મ. સા.ના શિષ્યરત્ન
પૂ. પંન્યાસપ્રવર શ્રી વજ્રસેનવિજયજી મ. સા.ની પ્રેરણાથી.

જૈન પરંપરાનો ઇતિહાસ

[ભાગ બીજો ★ આવૃત્તિ બીજી]

વિષય-અનુક્રમણિકા

ઘટના	પાનું
પ્રકરણ : ૩૫	
આ૦ ઉદ્દ્યોતનસૂરિ (૫૦)	૧
૮૪ ગચ્છો	૨
નાગેન્દ્રગચ્છ	૩
(૩) નાગેન્દ્રગચ્છ પટ્ટાવલી	૪
આ૦ વીરસૂરિ	૪
આ૦ ચંદ્રસૂરિ	૪
આ૦ અભયદેવ	૪
આ૦ વિજયસિંહ	૪
આ૦ વર્ધમાન (નં. ૯)	૪
આ૦ મહેન્દ્રસૂરિ	૫
આ૦ આનંદસૂરિ	૫
આ૦ અમરચંદ્ર	૫
આ૦ હરિભદ્ર	૫
આ૦ વિજયસેન	૫
આ૦ ઉદયપ્રભ	૫
આ૦ મલ્લિષેણ	૬
સ્યાદ્વાદ મંજરી-ગ્રંથ	૬
આ૦ સોમપ્રભ	૬
આ૦ પદ્મચંદ્ર	૬
આ૦ વિદ્યાસાગર	૭
આ૦ ગુણસમુદ્ર	૭
નાગેન્દ્ર જ્ઞાતિ	૭
સાવય (શ્રાવક)	૮
સરાક	૮
હુંબડ	૮
ઠાકોર	૮

ઘટના	પાનું
ચંદ્રકુલ-	
પૂર્ણતલગચ્છ પટ્ટાવલી	૯
(પૂનમિયાગચ્છ)	૯
આ૦ દેવચંદ્ર	૯
આ૦ ચંદ્રસેન	૧૦
આ૦ શાંતિસૂરિ	૧૦
માનદેવગચ્છ (૭૦૭)	૧૦
આ૦ પ્રદ્યુમ્નસૂરિ	૧૦
સાધ્વીઓ	૧૦
આ૦ પદ્મદેવ-	
સાધ્વી નિર્મલમતિશ્રી	૧૧
ચંદ્રગચ્છ	૧૧
સરવાલગચ્છ	૧૧
વા૦ વીરગણિ	૧૨
(રોહિડા, કર્કરા, વાટોડા)	૧૨
(૧૮) ચંદ્ર-રાજગચ્છ પટ્ટા.	૧૩
આ૦ નન્નસૂરિ	૧૩
આ૦ પ્રદ્યુમ્નસૂરિ	૧૩
આ૦ અભયદેવ	૧૩
આ૦ ધનેશ્વર	૧૪
આ૦ વર્ધમાન	૧૪
વિવિધ પટ્ટભેદો	૧૫
આ૦ શીલભદ્ર	૧૬
આ૦ ધનેશ્વર	૧૬
આ૦ દેવાનંદ	૧૬
આ૦ પ્રદ્યુમ્નસૂરિ	૧૭
ગ્રંથો સાહિત્યસંશોધન	૧૭

(મોઢગચ્છ) ૧૭
આ૦ ચંદ્રસૂરિ ૧૭
ગ્રંથો ૧૮
આ૦ પૂર્ણભદ્ર ૧૮
આ૦ પ્રભાચંદ્ર (સં. ૧૩૩૪) ૧૮
આ૦ મેરુતુંગ (સં. ૧૩૬૧) ૧૯
આ૦ દેવેન્દ્ર (નં. ૧૨) ૧૯
આ૦ દેવેન્દ્ર (દેવેન્દ્રશાખા) ૧૯
આ૦ ભદ્રેશ્વર ૧૯
આ૦ દેવભદ્ર ૨૦
આ૦ સિદ્ધસેન ૨૦
આ૦ રત્નપ્રભ ૨૦
આ૦ રત્નાકર ૨૦
આ૦ સિંહતિલકસૂરિ ૨૧
ગ્રંથો–મંત્રરાજરહસ્ય ૨૧
આ૦ પરમાનંદ ૨૨
આ૦ રત્નપ્રભ ૨૨
આ૦ બાલચંદ્ર ૨૩
ગ્રંથો–વસંતવિલાસ ૨૩
ગુરુ ચક્રમંડલ ૨૪
(નાટકો) ૨૪
આ૦ જયસિંહસૂરિ ૨૫
સરસ્વતીદેવી–પ્રતિમા ૨૫
આ૦ રત્નાકર ૨૬
આ૦ વૈરસ્વામી ૨૬
આ૦ સાગરચંદ્ર ૨૬
રાજા કેલ્હણદેવ ૨૬
આ૦ મલયેન્દુ ૨૬
આ૦ માણિક્યચંદ્ર ૨૬
ગ્રંથો ૨૭
શ્રાવક નાનુ ૨૭
ગુરુમૂર્તિ ૨૮
ધર્મઘોષગચ્છ ૨૮
આ૦ ધર્મઘોષસૂરિ ૨૮
અઢાઈ દિનકા ઝોંપડા ૨૮
ધર્મપ્રચાર (પ્રક. ૩૨) ૨૮
આ૦ રત્નસિંહ : ગ્રંથો ૨૯
આ૦ જ્ઞાનચંદ્ર ૨૯
વિમલવસહી જીર્ણોદ્ધાર ૨૯
આ૦ સાધુરત્નસૂરિ ૩૧
(નાગોરી લોંકાગચ્છ) ૩૧
આ૦ યશોભદ્ર ૩૧
આ૦ ઉદયપ્રભ ૩૧
આ૦ દેવસેન ૩૨
આ૦ સમુદ્રઘોષ ૩૨
આ૦ મુનિરત્નસૂરિ ૩૨
આ૦ માનતુંગ ૩૩
આ૦ ચંદ્રસૂરિ (સં. ૧૨૧૪) ૩૩
નિર્વૃતિકુલ (ગચ્છ) ૩૩
(દિયાણા તીર્થ) ૩૩
નિર્વૃતિગચ્છ–કામ્યગચ્છ ૩૪
વિદ્યાધરગચ્છ પટ્ટાવલી ૩૪
આ૦ સંગ્રામસૂરિ ૩૪
કાસહ્રદગચ્છ ૩૫
ઉપા૦ નરચંદ્ર : ગ્રંથો ૩૬
દ્રવ્યશુદ્ધિ : શેઠ ધનદાક ૩૬
જાલિહરગચ્છ ૩૭
જાલિહર પટ્ટાવલી ૩૭
આ૦ ધર્મઘોષ ૩૭
પલ્લીવાલ (પાલીવાલ) ૩૮
પાલી ૩૮
પલ્લીવાલગચ્છ ૩૯
પડિવાલ–
ચિંતામણિ શાખા પટ્ટાવલી ૪૧
(૪૭) આ૦ મહેશ્વર ૪૨
(૫૮) આ૦ હેમસૂરિ ૪૩
પલ્લીવાલગચ્છીય આચાર્યો ૪૩
પલ્લીવાલ ભટ્ટારકો ૪૪
ભ૦ શ્રીસૂરિ ૪૪
પલ્લીવાલજ્ઞાતિ–ધર્મકાર્યો ૪૫

વરહુડિયા પલ્લીવાલ ૪૫
સોહી પલ્લીવાલ ૪૬
સાધ્વી કીર્તિ ગણિની–
અને સાધ્વી ભાવસુંદરી ૪૬
મંત્રી આભૂ પલ્લીવાલ (૪૨૭) ૪૬
બ્રહ્માણગચ્છ ૪૮
સાધ્વીઓ ૪૯
દેવાનંદગચ્છ ૪૯
આ૦ ઉદ્‌દ્યોતન : **પરિચય** ૫૦
(૮) વડગચ્છ પરંપરા ૫૧
(દિયાણા અને રાહબર તીર્થ) ૫૧
યશોદેવ ૫૧
શાખાગચ્છો ૫૨
રાજાવલી ૫૩
ચૌલુક્ય રાજાવલી (ગુજ૦) ૫૩
(પાટણ સ્થાપના) ૫૩
રાજા મૂળરાજ (પહેલો) ૫૪
(દંડનાયક) ૫૫
ચામુંડરાય ૫૬
કન્હેશ્વર (કનોહુ) ૫૬
વડસમા દાનપત્ર ૫૬
દુર્લભરાજ ૫૭
ભીમદેવ (પહેલો) ૫૮
બકુલાદેવી ૬૦
જૈનાચાર્યો ૬૧
કર્ણદેવ ૬૨
આશાપલ્લી–કર્ણાવતી ૬૨
મીનલદેવી ૬૩
રૂપશ્રી (બિરુદ) ૬૩
મલધાર (બિરુદ) ૬૩
કવિ બિલ્હણ ૬૪
સિદ્ધરાજ-જયસિંહ ૬૪
માલવ-વિજય ૬૬
સિદ્ધપુર : રુદ્રમાળ ૬૭
(રુદ્રમાળ) ૬૭
પૃથ્વીજયપ્રાસાદ ૬૮
(સિદ્ધરાજ-વિહાર) ૬૮
તીર્થોમાં દાન ૬૮
(ગિરનાર, શત્રુંજય) ૬૮
સિદ્ધહેમવ્યાકરણ ૬૯
અમારિશાસન ૬૯
ન્યાયશાસન ૭૦
(ક૦ મા૦ મુનશી) ૭૧
સિદ્ધરાજ મુસલમાન ! ૭૧
રાજપરિવાર ૭૧
ગૂર્જરેશ કુમારપાલ ૭૩
અજમેર રાજવંશ ૭૬
(શૂરવીરતા) ૭૭
બલ્લાલ ૭૮
બિરુદો ૭૯
(બિરુદો) ૭૯
અમારિપડહ ૮૧
કિલ્લો (વડનગર) ૮૧
સોમનાથ મંદિર ૮૧
શત્રુંજય-યાત્રા ૮૧-૮૨
પરમાર્હત ૮૨
(રાજવિહારો) ૮૨
બાર વ્રતો ૮૩
ત્રિષષ્ઠિશલાકા પુ૦ ચરિત્ર ૮૪
જિનપ્રાસાદો ૮૪
તારંગાતીર્થ ૮૫
વીતભયનગર (૯૦) ૮૬
ગ્રંથલેખન ૮૬
તાડ, ચાડ, લાડ ૮૬
સાધર્મિકભક્તિ–દાન ૮૭
કુબેરદત્ત શેઠ (૫૧૪) ૮૭
નારી સન્માન ૮૭
રુદતીધન પટ્ટો ૨૬ ૮૮
સંવત ૮૮
કોંકણવિજય ૮૯

છ'રીપાલિત મોટો સંઘ ૯૧
થાપો, ઇસાવલ ૯૧
છેલ્લી પ્રતિષ્ઠા–સં. ૧૨૨૭ ૯૨
અઢાર દેશ ૯૩
(૮૪ દેશો) ૯૩
રાજ્યવિસ્તાર ૯૪
(અભિપ્રાયો) ૯૪
સાત ચક્રવર્તીઓ ૯૪
ગુણ-દોષ ૯૫
વિશેષણો ૯૫
રાજપરિવાર ૯૬
સ્વર્ગવાસ (કુમારપાલ) ૯૭
પ્રશંસા ૯૭
અજયપાલ ૯૮
(ઇતિહાસના આધારો) ૯૮
શીલણ ભાંડ (૫૦૬) ૯૮
બાલ મૂલરાજ (૨) ૧૦૦
શાહબુદ્દીન ૧૦૦
ભોળો ભીમદેવ (૨) ૧૦૧
(એક કટાક્ષ) ૧૦૧
લવણપ્રસાદ–વીરધવલ ૧૦૧
ઐકબ કુતબુદ્દીન ૧૦૨
રાજપરિવાર ૧૦૪
ત્રિભુવનપાલ સોલંકી ૧૦૫
વાઘેલા રાજવંશ ૧૦૫
કરણ વાઘેલો ૧૦૬
જૈન મંત્રીઓ ૧૦૭
(ઇતિહાસના આધારો) ૧૦૭
(૫) ચૌલુક્ય રાજાવલી ૧૦૮
ભિન્નમાલના રાજાઓ ૧૦૮
જાલોરના રાજાઓ ૧૧૦
કર્ણાટક–કુંતલના રાજાઓ ૧૧૦
લાટનો વંશ ૧૧૧
રાઠોડ વંશ (હત્થુંડી) ૧૧૧
કર્ણાટકના રાજાઓ ૧૧૧
કલચૂરીવંશ ૧૧૨
(૩) **પરમાર વંશો** ૧૧૨
અરણ્યરાજ (ચંદ્રાવતી) ૧૧૨
(અચલેશ્વર મહાદેવ) ૧૧૨
પાલનપુર (૧૯૦) ૧૧૩
મંત્રી કુંકણ ૧૧૩
ધારાવર્ષાદેવ ૧૧૪
રાણી શૃંગારદેવી ૧૧૪-૧૧૫
સોમસિંહ ૧૧૫
આબૂનો યાત્રાકર માફ ૧૧૫
(ઝાડોલી ગામ) ૧૧૫
(દાનશાસન–શ્લોકબદ્ધ) ૧૧૫
જાલોરનો પરમાર વંશ ૧૧૬
માળવાનો પરમાર વંશ ૧૧૬
સીયક ૧૧૬
મુંજદેવ ૧૧૬
સિંધુરાજ ૧૧૭
(૩) કાલિદાસો ૧૧૭
ભોજદેવ ૧૧૮
સંધિપાલ દામોદર ૧૧૮
ભ૦ કુલચંદ્ર ૧૧૯
જૈનાચાર્યો ૧૧૯
(કાલિદાસ; રાજશેખર) ૧૧૯
નીલપટ (શૈવમત) ૧૨૦
ભોજ મરણ (સં. ૧૧૧૨) ૧૨૧
બાલકવિ જયદેવ ૧૨૧
(૪) **ચૌહાણ** રાજાવલી ૧૨૨
લક્ષ્મણરાજ (**નાડોલ**) ૧૨૨
કટુકરાજ ૧૨૩
આહ્‌લણદેવ ૧૨૩
અમારિશાસન ૧૨૪
આનલદે ૧૨૪
રાજપરિવાર ૧૨૪
સમરસિંહ (**જાલોર**) ૧૨૫
ચાચિગદેવ ૧૨૫

કાન્હડદે ૧૨૫
(૪૩) સહસ્રમલ (**સિરોહી**) ૧૨૬
(૨૪) અજયદેવ (**અજમેર**) ૧૨૬
(૩૧) પૃથ્વીરાજ ચૌહાણ ૧૨૭
ચુડાસમા રાજાવલી ૧૨૭
હમ્મીર (જૂનાગઢ) ૧૨૭
ગ્રહરિપુ ૧૨૭
(૧૦) રા'ખેંગાર ૧૨૮
(૧૭) રા'મેહવો (મહીપાલ) ૧૨૮
જિનપ્રાસાદ ૧૨૯
અમારિ શિલાલેખ ૧૨૯
સુલતાન મહમ્મદ ૧૩૦
નીન્નાનો મંત્રીવંશ ૧૩૦
લહીર પોરવાડ ૧૩૧
વીર મહત્તમ ૧૩૧
મહામાત્ય નેઢ ૧૩૧
દંડનાયક **વિમલ** ૧૩૨
વિમલવસહી (આબૂ) ૧૩૨
ચાહિલ વંશ ૧૩૪
લાલિગ વંશ ૧૩૪
મંત્રી પૃથ્વીપાલ ૧૩૫
મહામાત્ય ધનપાલ ૧૩૬
શ્રીશત્રુંજય તીર્થોદ્ધાર ૧૩૬
મોટા ૧૬ ઉદ્ધારો ૧૩૬
આધાર ગ્રંથો (૧૩૮) ૧૩૭
મોટા ૭ ઉદ્ધારો ૧૩૭
મહામાત્ય ઉદાયન શ્રીમાળી–
અને તેના વંશજો ૧૩૮
લાછી છીપણ ૧૩૮
(૩) જિનમંદિરો ૧૪૧
દંડનાયક આંબડ ૧૪૨
ઘેટીની પાગ ૧૪૨
શકુનિકાવિહાર-જીર્ણોદ્ધાર ૧૪૩
મહામાત્ય **બાહડ** (વાહડ) ૧૪૪
શ્રીશત્રુંજયનો **૧૪મો** ઉદ્ધાર ૧૪૫
મંત્રી સલખણસિંહ ૧૪૭
મંત્રી સામંતસિંહ ૧૪૭
કવિ હરિહર (૨૩૪) ૧૪૭
(આંબરણ) ૧૪૭
મંત્રી ચાહડ ૧૪૭
મંત્રી સોલ્લાક ૧૪૮
વેસટ-દેશલહરાવંશ ૧૪૮
સં૦ દેશલ શાહ ૧૪૯
સહજપાલ ૧૫૦
સં૦ સમરા શાહ ૧૫૦
(શ્રીવત્સવંશ) ૧૫૨
આચાર્યો ૧૫૨
(આચાર્યોનો પરિવાર) ૧૫૨
શ્રીશત્રુંજયનો **૧૫મો** ઉદ્ધાર ૧૫૩
(નોંધ) ૧૫૩
સજ્જનસિંહ ૧૫૫
કોચર શાહ ૧૫૫
અમારિપડહ ૧૫૫
મહાકવિ **દેપાળ** ઠક્કુર ૧૫૬
દોશી–કોઠારી વંશ ૧૫૭
દોશી તોલાશાહ ૧૫૭
કર્માશાહ ૧૫૯
શ્રીશત્રુંજયનો ૧૬મો ઉદ્ધાર ૧૫૯

પ્રકરણ : ૩૬

આ૦ સર્વદેવસૂરિ ૧૬૧
વડગચ્છ ૧૬૧
તીર્થ ૧૬૧
ધર્મપ્રચાર ૧૬૧
દીક્ષા ૧૬૧
વડગચ્છ સ્થાપના (૨) ૧૬૨
પ્રભાવકો ૧૬૨
યુ. પ્ર. જ્યેષ્ઠાંગ ગણી ૧૬૩
મહાકવિ જંબૂનાગ ૧૬૩
આ૦ જયદેવ ૧૬૩

જયદેવછંદસ્–ગ્રંથ ૧૬૩
વ્રતરત્નાકર-ટીકા ૧૬૩
(૫) સુવિહિતશાખા પટ્ટા. ૧૬૪
(ચંદ્રકુલ આદિ) ૧૬૪
આ૦ વર્ધમાન ૧૬૪
આ૦ જિનેશ્વર અને
આ૦ બુદ્ધિસાગર ૧૬૫
સા૦ કલ્યાણશ્રી મહત્તરા ૧૬૭
ગ્રંથરચના ૧૬૭
(પં૦ જિનવલ્લભ ગણિ) ૧૬૭
આ૦ અભયદેવસૂરિ ૧૬૮
વ્યાખ્યા તથા મૌલિક ગ્રંથો ૧૬૯
(પ્રશસ્તિ) ૧૭૦
થામણા તીર્થ ૧૭૦
ટીકા-રચના ૧૭૧
આ૦ દેવભદ્ર ૧૭૩
આ૦ વર્ધમાન ૧૭૪
આ૦ જિનચંદ્ર ૧૭૪
આ૦ નેમિચંદ્ર ૧૭૪
પાંચ કલ્યાણકો (૨૪૨) ૧૭૫
આ૦ યશોદેવ ૧૭૫
આ૦ વર્ધમાન ૧૭૫
વર્ધમાનતપ ૧૭૫
તીર્થ અધિષ્ઠાયક ૧૭૬
આ૦ હરિભદ્ર : ગ્રંથો ૧૭૬
પ્રભાવકો ૧૭૬
(સુહિલધ્વજ) ૧૭૭
ચણક શેઠ ૧૭૭
બાંઠિયા, ઝામડ, સિંધી ૧૭૭
ભંડારી ગોત્ર ૧૭૭
ચંદ્રાવતી તીર્થ ૧૭૮
જાલોર ૧૭૯
પં૦ નગર્ષિ ગણિ ૧૮૦
(જયમલ, નેણસી મુણોત) ૧૮૦
ભોપાવર તીર્થ ૧૮૧
રામસેન તીર્થ ૧૮૨
રઘુસેન મંદિર ૧૮૨
ક્ષેમસિંહ યક્ષ ૧૮૨
ભોરોલ તીર્થ ૧૮૩
પિપ્પલકનગર ૧૮૩
(સંવત ૬) ૧૮૩
હીંગલાજદેવી ૧૮૫
ભીલડિયાજી તીર્થ ૧૮૫
રાધનપુર ૧૮૬
ગ્રંથભંડાર ૧૮૬
પાવાગઢ તીર્થ ૧૮૬
કાલિકા મંદિર ૧૮૮
પલ્લવિયા પાર્શ્વનાથ તીર્થ ૧૮૯
અરણ્યરાજ (૧૨૨) ૧૮૯-૧૯૦
પાલનપુર ૧૯૦
પ્રહ્લાદન ૧૯૦
શ્રીસાધ્વીજીઓ ૧૯૨
અંબિકામૂર્તિ ૧૯૩
ગુરુપ્રતિમા ૧૯૩
પાનવિહાર ૧૯૩
ઈડરગઢ તીર્થ ૧૯૩
આઘાટ (આયડ) તીર્થ ૧૯૪
'તપા' બિરુદ : **તપાગચ્છ** ૧૯૫
કરહેડા પાર્શ્વનાથ તીર્થ ૧૯૬
રાવણા પાર્શ્વનાથ તીર્થ ૧૯૬
કાંગડા તીર્થ ૧૯૬
આ૦ અભયદેવ ૧૯૬

પ્રકરણ : ૩૭

આ૦ દેવસૂરિ ૧૯૭
આ૦ ફલ્ગુમિત્ર ૧૯૭
(૩) આ૦ વર્ધમાનસૂરિ ૧૯૭
(આ૦ વર્ધમાનસૂરિવરો) ૧૯૭
ઉપાધ્યાય આમ્રદેવ ૧૯૮
આ૦ ધર્મઘોષ ૧૯૮

આ૦ સિદ્ધ, પં૦ જંબૂનાગ ૧૯૮
આ૦ નન્નસૂરિ ૧૯૮
આ૦ વિજયસિંહ ૧૯૮
વીરાચાર્ય ૧૯૮
વાદીવેતાલ આ૦ શાંતિસૂરિ ૧૯૮
(આ૦ શાંતિસૂરિવરો) ૧૯૯
(૮૪ વાદો) ૨૦૦
આ૦ મુનિચંદ્ર ૨૦૧
ધર્મપ્રચાર ૨૦૨
ગ્રંથો ૨૦૨
આરાસણગચ્છ ૨૦૩
થારાપદ્રગચ્છ ૨૦૩
મડાહડગચ્છ ૨૦૩
મંડાર (મડ્ઢાહડા) ગામ ૨૦૪
(૪) મડાહડગચ્છ પટ્ટા૦ ૨૦૫
થારાપદ્રગચ્છ પટ્ટાવલી ૨૦૫
આ૦ ચક્રેશ્વર ૨૦૬
(૨) પિપ્પલકગચ્છ પટ્ટા૦ ૨૦૯
આ૦ શાંતિભદ્ર ૨૦૯
આ૦ ધર્મદેવ ૨૧૦
આ૦ ધર્મપ્રભ ૨૧૧
આ૦ ગુણસેન ૨૧૨
આ૦ દેવચંદ્ર ૨૧૨
શ્રી નમિસાધુ ૨૧૨
મંત્રી શાંતૂ (ધર્કટવંશ) ૨૧૨
(મંકા ગામ) ૨૧૩
ઉપાશ્રય ૨૧૪
કવિ બિલ્હણ ૨૧૫
મહાકવિ બિલ્હણ ૨૧૫
ચંડપ મંત્રીવંશ ૨૧૬
મંત્રી સોમ ૨૧૬
(આ૦ પૂર્ણભદ્રો) ૨૧૭
આસરાજ (અશ્વરાજ) ૨૧૭
સાંબસિંહ વંશ ૨૧૭
આભૂ પોરવાલ ૨૧૭
કુમારદેવી ૨૧૭
૪ પુત્રો, ૭ પુત્રીઓ ૨૧૭
લુણિગ ૨૧૭
મંત્રી વસ્તુપાલ ૨૧૮
ગ્રંથલેખન ૨૧૮
મંત્રી તેજપાલ ૨૧૮
મહં૦ અનુપમાદેવી ૨૧૮
દાન (ષટ્દર્શનમાતા) ૨૧૯
પ્રશંસા ૨૧૯-૨૨૦
વસ્તુપાલ–તેજપાલ ૨૨૦
શત્રુંજય યાત્રાસંઘ ૨૨૧
કરુણાવજ્રાયુધ નાટક ૨૨૧
દશા–વીશા ૨૨૧
હિન્દુવિજય ૨૨૩
('હમ્મીરમદમર્દન' નાટક) ૨૨૩
નિર્ભય ગુજરાત ૨૨૪
મોટો યાત્રાસંઘ ૨૨૪
તેજલપુર ૨૨૫
આ૦ નરચંદ્ર ૨૨૬
આબૂ–લુણિગવસહી ૨૨૬
સિંહ જેઠવો ૨૨૭
અંકેવાલિયા ૨૨૭
સ્વર્ગારોહણ-પ્રાસાદ ૨૨૭
ચંદૂર ૨૨૭
ધર્મકાર્યો ૨૨૭
વસ્તુપાલની કૃતિઓ ૨૨૮
પ્રશસ્તિ–પ્રશંસા ૨૨૯-૨૩૦
બિરુદો ૨૩૧
જીવનચરિતનાં સાધનો ૨૩૧
વસ્તુપાલનું વિદ્વદ્ મંડલ ૨૩૨
જૈનાચાર્યો ૨૩૨
પુરોહિત સોમેશ્વર ૨૩૩
પુરોહિતવંશ ૨૩૩
કવિ હરિહર ૨૩૪
મદન, સુભટ, નાનાક ૨૩૪

પં૦ અરિસિંહ ૨૩૫
કવિ પાલ્હણ ૨૩૫
આબૂ તીર્થ ૨૩૫
વિમલવસહી ૨૩૫
મંત્રી વિમલ (૧૩૨) ૨૩૫
અજોડ કળાશિલ્પ ૨૩૭
પ્રતિષ્ઠાકારક આચાર્યો ૨૩૭
(પ્રતિષ્ઠાયકના આધારો) ૨૩૭-૮
પ્રશંસા ઉલ્લેખો (૨૫૧) ૨૩૯
જીર્ણોદ્ધારો ૨૪૦
ગુરુપ્રતિમા ૨૪૨
પાંચ કલ્યાણકો (૧૭૫) ૨૪૨
લુણિગવસહી ૨૪૨
કાર્યપદ્ધતિ ૨૪૩
અતિ બારીક કોરણીકામ ૨૪૩
નાની-મોટી ૧૩ ભૂલો ૨૪૪
જીર્ણોદ્ધારો ૨૪૬
અન્ય જિનમંદિરો ૨૪૬
ઓરિયા ૨૪૮
શાલિગ્રામ ૨૪૮
અચલગઢ ૨૪૮
ચૌમુખજીનું મંદિર ૨૪૮
સરહડિયા–
પોરવાલવંશ ૨૪૮
કુમારવિહાર (૧૧૨) ૨૪૯
(રાણા કુંભાજી) ૨૪૯
દર્શનીય સ્થળો ૨૫૧
(વિવરણ) ૨૫૨
વિવરણ સાધનો-ગ્રંથો ૨૫૩
આરાસણ (કુંભારિયાજી) ૨૫૩
હમીરગઢ (મીરપુર) ૨૫૫
સાંડેરાવ તીર્થ ૨૫૬
સુષમિણી–
ગામ-ઉપસર્ગ ૨૫૭
સંડેર ૨૫૮

પ્રકરણ : ૩૮

આ૦ સર્વદેવસૂરિ ૨૬૦
વડગચ્છ પટ્ટાવલી ૨૬૦
આ૦ મલયપ્રભ ૨૬૦
સાધ્વીઓ ૨૬૦
(૩૦૦ વર્ષનો ખુલાસો) ૨૬૧
આ૦ રત્નસિંહ ૨૬૧
આ૦ વિનયચંદ્ર : ગ્રંથો ૨૬૧
આ૦ મહેન્દ્રસૂરિ ૨૬૧
વાચનાચાર્ય–
શોભન (૨૮૬) ૨૬૩
આ૦ **દ્રોણાચાર્ય**, સૂરાચાર્ય ૨૬૪
(ઓહણિજ્જુત્તિ) ૨૬૪
આ૦ **ગોવિંદસૂરિ** ૨૭૦
આ૦ વર્ધમાન ૨૭૧
આ૦ મહેશ્વર ૨૭૨
ચંદનાચાર્ય ૨૭૨
નિર્ગ્રન્થવાણી ૨૭૨
મલધારગચ્છ ૨૭૩
આ૦ અભયદેવ ૨૭૩
આ૦ **હેમચંદ્ર** ૨૭૫
અમારિશાસન ૨૭૬
ખેંગાર પ્રતિબોધ ૨૭૭
ગ્રંથો ૨૭૮
વિદુષી સાધ્વીજીઓ ૨૭૮
પં૦ લક્ષ્મણ ગણિ ૨૭૯
ભ૦ માધવચંદ્ર ૨૮૦
ભ૦ **અમૃતચંદ્ર** ૨૮૦
મહાકવિ સિંહ ૨૮૦
શુભંકર ૨૮૦
સાધારણ ૨૮૧
આ૦ ચંદ્રસૂરિ : ગ્રંથો ૨૮૧
આ૦ દેવપ્રભ ૨૮૨
રાજા વીરધવલ ૨૮૨

આ૦ નરચંદ્ર : ગ્રંથો ૨૮૨
(તર્કસંગ્રહ ટીકાઓ) ૨૮૩
'કાકુસ્થ કેલિ' નાટક ૨૮૩
સાધ્વી અજિતસુંદરીજી ૨૮૩
આ૦ રાજશેખર ૨૮૪
મહણસિંહ ૨૮૪
પં૦ સુધાકલશ ૨૮૪
સંગીત ગ્રંથો ૨૮૪
આ૦ લક્ષ્મીસાગર ૨૮૫
વસ્તુપાલ રાસ ૨૮૫
મલધાર જૈનો-ગોત્રો ૨૮૫
મહાકવિ ધનપાલ (૨૬૩) ૨૮૫
સૂક્તો ૨૮૭
રાજમહેલ પ્રશસ્તિ ૨૯૦
(કોદંડછત્રલેખન) ૨૯૦
તિલકમંજરી ૨૯૧-૨૯૨
સાલવારી ૨૯૪
ગ્રંથો ૨૯૪
કવિ ધનપાલની પ્રશસ્તિ ૨૯૬
(૩) ધનપાલો ૨૯૬
દંડનાયક જીણાશાહ ૨૯૬
શેઠ હેમરાજ ૨૯૮
(૨) વરણાગ વંશો ૨૯૮
હરિ, નાનુ ૨૯૮
દાનવીર જગડૂશાહ ૨૯૯
ત્રણ દુકાળો ૩૦૧
૧૧૨ દાનશાળા ઈત્યાદિ ૩૦૨
કોયલા પહાડી-દેવીમંદિર ૩૦૩
(૨) સિદ્ધનાગ-વંશો ૩૦૪
સા૦ **યશઃશ્રી, શિયાદેવી** ૩૦૪
સિદ્ધરાજ પોરવાડ ૩૦૫
ગ્રંથલેખન ૩૦૬
પિપ્પલકગચ્છ ૩૦૬
સીદવંશ ૩૦૬
વંશગૌરવ—આચાર્યો ૩૦૭
(૩) શુભંકર વંશો ૩૦૭
સાધુ—સાધ્વીઓ ૩૦૭-૩૦૮
ભરતનો વંશ ૩૦૮
ત્યાગમાર્ગ—**દીક્ષાઓ** ૩૦૮
સોહી પલ્લીવાલ-વંશ ૩૦૯
સાધ્વીઓ ૩૦૯
વરહુડિયા પલ્લીવાલ-વંશ ૩૦૯
નેમા વાણિયા ૩૧૦
આ૦ વિદ્યાનંદ, ધર્મઘોષ ૩૧૧
નેમડવંશજો—પ્રતિષ્ઠાઓ ૩૧૧
કર્પૂરપટ્ટાધીશ વંશ ૩૧૧
(કર્પૂરનો ખુલાસો) ૩૧૧
સોમ, વાહડ ૩૧૧
વાગ્ભટ્ટાલંકાર-ગ્રંથ ૩૧૨
વાગ્ભટ્ટાલંકાર-ટીકાઓ ૩૧૩
(ગ્રંથ સમાનતા) ૩૧૩
દેવવંશ ૩૧૩
જિનદેવવંશ ૩૧૪
જાહિલ મહત્તમ વંશ ૩૧૪
કવિ દુર્લભરાજ ૩૧૪
કવિ જગદેવ ૩૧૪
શેઠ દોહડિનો વંશ ૩૧૪
શેઠ નીના શ્રીમાળીનો વંશ ૩૧૫
વલાદ, બલદાણા, —
નાગનેશ ૩૧૫
સ્તંભન તીર્થ (ખંભાત) ૩૧૬
ચારૂપ તીર્થ ૩૧૮
ચાણસ્મા ૩૧૯
કંબોઈ, હારિજ ૩૨૦
સેરિસા તીર્થ ૩૨૦
અંતરીક્ષ પાર્શ્વનાથ તીર્થ ૩૨૪
કુલ્પાકજી તીર્થ ૩૨૬
મુક્તાગિરિ (ગજપદ) ૩૨૬
કુંભોજ તીર્થ ૩૨૬
નાશિક ૩૨૭

કોલ્હાપુર ૩૨૭
કેદાર તીર્થ ૩૨૭
ઘોઘા તીર્થ ૩૨૭
પીરમબેટ ૩૨૯
શિયાલબેટ ૩૨૯
દીવબેટ તીર્થ ૩૨૯

પ્રકરણ : ૩૯

આ૦ યશોભદ્રસૂરિ ૩૩૧
આ૦ નેમિચંદ્રસૂરિ ૩૩૧
પટ્ટધરો ૩૩૧
આ૦ નેમિચંદ્ર : **ગ્રંથો** ૩૩૧
પ્રવચનસારોદ્ધાર-ટીકાઓ ૩૩૨
પ્રભાવકો ૩૩૨
આ૦ અભયદેવ ૩૩૨
(૧-૨) આ૦ મહેશ્વરો ૩૩૩
આ૦ હરિભદ્ર ૩૩૩
આ૦ સિદ્ધસૂરિ, કક્કસૂરિ ૩૩૩
આ૦ દેવસૂરિ ૩૩૩
જીવાણુસાસણયં–ગ્રંથ ૩૩૩
આ૦ જિનદત્તસૂરિ ૩૩૪
રાજા એલક શ્રીપાલ ૩૩૪

પ્રકરણ : ૪૦

આ૦ મુનિચંદ્રસૂરિ ૩૩૫
(આ૦ માનદેવ) ૩૩૬
ગચ્છભેદ ૩૩૭
ગ્રંથરચના ૩૩૭
(આ૦ આનંદસૂરિ) ૩૩૭
(પ્રશંસા) ૩૩૭
(૧૧) મુનિચંદ્રસૂરિવરો ૩૩૯
આ૦ દેવપ્રભ ૩૩૯
આ૦ જિનવલ્લભસૂરિ ૩૪૦
ગુરુનું નામ ૩૪૦
ચંડિકા સાધના ૩૪૧
છ કલ્યાણક ૩૪૨
(વિધિભેદ) ૩૪૨
ગ્રંથો ૩૪૩
(અનાયતન તે મલ્યરજ) ૩૪૪
મધુકરગચ્છ ૩૪૫
રુદ્રપલ્લીયગચ્છ ૩૪૫
(રુદ્રપલ્લી પ્રમાણ) ૩૪૫
આ૦ અભયદેવ ૩૪૫
આ૦ સોમતિલક ૩૪૬
(સંવતમાં મતભેદ) ૩૪૬
આ૦ વર્ધમાન ૩૪૭
આચારદિનકર–ગ્રંથ ૩૪૭
ખરતરગચ્છ ૩૪૭
(પટ્ટાવલી પ્રકાશનો) ૩૪૭-૩૪૮
(૧૪) વિસંવાદો ૩૪૮
સમાધાન–ખુલાસો ૩૫૦
ગચ્છસ્થાપક કોણ ૩૫૧
(૧૪) પ્રમાણો ૩૫૧
(વિચિત્ર કલ્પના) ૩૫૨
(તફાવત) ૩૫૩
ખરતરગચ્છની–
(૧) પ્રાચીન પટ્ટાવલી ૩૫૪
(૨) **અર્વાચીન પટ્ટાવલી** ૩૫૫
આ૦ **જિનદત્તસૂરિ** ૩૫૫
(વિવિધ મતો) ૩૫૫
શાખા : મધુકરગચ્છ ૩૫૬
આયતનાદિ ચર્ચા ૩૫૬
(સાધુ–સાધ્વી સંખ્યા) ૩૫૬
માણિભદ્ર યક્ષ ૩૫૭
ઔષ્ટ્રિકી વિદ્યા ૩૫૭
ગુજરાત-પ્રવેશ અંગે ૩૫૭-૩૫૮
(નવી સામાચારી) ૩૫૮
(ખરા તપા) ૩૫૮
(સં. ૧૨૦૪) ૩૫૮
ગચ્છ-સામાચારી ૩૫૮-૩૫૯

વચનો–વરદાનો ૩૫૯
સાત શહેરોનો ત્યાગ ૩૬૦
ગ્રંથો ૩૬૦
ભક્ત રાજાઓ ૩૬૧
મણિધારી આ૦ જિનચંદ્ર ૩૬૧
અભિવચન-ભંગ ૩૬૧
ચમત્કાર ૩૬૨
ગુરુકાવ્યાષ્ટક ચર્ચા (૩૬૩) ૩૬૨
આ૦ **જિનપતિસૂરિ** ૩૬૨
મંત્રી ઉદ્ધરણ ૩૬૩
નેમિચંદ્ર ભંડારી ૩૬૩
કલ્યાણનગરમાં પ્રતિષ્ઠા ૩૬૩
ચૈત્યવાસી પ્રતિષ્ઠિત–
પ્રતિમા-ચર્ચા ૩૬૩
ગ્રંથો ૩૬૩
સંઘ સાથે વિહાર ૩૬૩
સૂરિપ્રશંસા ૩૬૩
(૫) વિદ્વાન શિષ્યો ૩૬૩-૩૬૪
આ૦ જિનેશ્વર ૩૬૪
સરસ્વતી પ્રસન્ન ૩૬૪
'અર્હન્તો ભગવંત' શ્લોક ૩૬૪
મનગઢંત ઘટનાઓ ૩૬૫
શાખા-૩ : **શ્રીમાલીગચ્છ** ૩૬૫
ગ્રંથો ૩૬૫
(૧૪) વિદ્વાન શિષ્યો ૩૬૫-૬૬
આ૦ જિનરત્ન ૩૬૬
સિદ્ધાંતરત્નિકા ૩૬૬
(વિદ્યાનંદ વ્યાકરણ) ૩૬૬
શ્રીમાલીગચ્છ પટ્ટાવલી ૩૬૮
આ૦ જિનસિંહસૂરિ ૩૬૮
આ૦ જિનપ્રભ ૩૬૮
ચમત્કારો ૩૬૮
ગ્રંથો ૩૬૯
આ૦ **સોમતિલકસૂરિ** ૩૭૦
આ૦ જિનદેવ ૩૭૧
પટ્ટાવલી ૩૭૧
આ૦ ચારિત્રવર્ધન : **ગ્રંથો** ૩૭૧
આ૦ જિનપ્રબોધ ૩૭૨
આ૦ **જિનકુલસૂરિ** ૩૭૨
પ્રતિષ્ઠાઓ ૩૭૩
દેરાઉલ સ્તૂપ ૩૭૩
સાધુ–સાધ્વી પરિવાર ૩૭૩
ઉપા૦ વિનયપ્રભ–
ગૌતમસ્વામીનો **રાસ** ૩૭૩
આ૦ તરુણપ્રભ ૩૭૩
આ૦ જિનપદ્મ (પંજાબી) ૩૭૩
આ૦ જિનોદય ૩૭૪
કોચર પોરવાડ (૧૫૫) ૩૭૪
ઉપા૦ ધર્મવલ્લભ ૩૭૫
વારાહીદેવીની સાધના ૩૭૫
શાખા-૪ : વેગડગચ્છ ૩૭૫
આ૦ **જિનભદ્ર** ૩૭૫
(૧૮) વિદ્વાન મુનિવરો ૩૭૬
શાખા-૫ : પિપ્પલક ૩૭૭
આ૦ જિનવર્ધન ૩૭૮
વાગ્ભટ્ટાલંકાર-વૃત્તિ (૩૧૩) ૩૭૮
આ૦ જિનસાગર : અવચૂરિ ૩૭૮
પં૦ આજ્ઞાસુંદર : ચોપાઈ ૩૭૮
પં૦ ધર્મચંદ્ર : ટીકા ૩૭૮
આ૦ જિનચંદ્ર ૩૭૮
લોંકામત ૩૭૮
આ૦ જિનસમુદ્ર ૩૭૮
આ૦ જિનહંસ ૩૭૯
બાદશાહ સીકંદર ૩૭૯
ઉપસર્ગ ૩૭૯
આ૦ જિનદેવ ૩૭૯
શાખા-૬ : **આચાર્યગચ્છ** ૩૭૯
આ૦ જિનમાણિક્ય ૩૭૯
આ૦ જિનચંદ્ર ૩૮૦
ક્રિયોદ્ધાર ૩૮૦

નવી પટ્ટાવલીઓ ૩૮૦
ખંભાતથી આગરા ૩૮૧
(બા૦ અકબરનાં ફરમાનો) ૩૮૧
મહો૦ સમયસુંદર ગણિ–
ગ્રંથો ૩૮૨
જયમલ તથા નેણસી મુણોત ૩૮૩
ફરી આગ્રા પધાર્યા ૩૮૩
(મંત્રી કર્મચંદ્ર) ૩૮૪
ભ૦ જિનસિંહસૂરિ ૩૮૫
ભ૦ જિનરાજ ૩૮૫
શત્રુંજય-ચૌમુખની પ્રતિષ્ઠા ૩૮૬
નૈષધીયકાવ્યની ટીકા ૩૮૬
(ઉપસ્થિત ઉપાધ્યાયો) ૩૮૬
ઉપા૦ વલ્લભ ગણિ : ગ્રંથો ૩૮૬
શાખા-૭ : આચાર્યીયગચ્છ ૩૮૬
દિગમ્બર તેરાપંથ ૩૮૬
શાખા-૮ ભટ્ટારકગચ્છ ૩૮૭
શાખા-૯ લઘુઆચાર્યીયગચ્છ ૩૮૭
શાખા-૧૦ રંગવિજયગચ્છ ૩૮૭
શાખા-૧૧ શ્રીસારીયગચ્છ ૩૮૭
રાક્યાન શ્રીમાલવંશ ૩૮૭
ખરતરગચ્છ પટ્ટાવલી ૩૮૭
ભ૦ જિનચંદ્ર ૩૮૭
ગદ્ય–ખરતરગચ્છ પટ્ટાવલી ૩૮૭
ભ૦ જિનસૌખ્યસૂરિ ૩૮૭
વહાણ દ્વારા ઘોઘા-ખંભાત ૩૮૭
ભ૦ જિનચંદ્ર ૩૮૮
લખનૌ મકસૂદાબાદ ૩૮૮
ભ૦ જિનહર્ષ ૩૮૮
બાદરમલજ્ઞો યાત્રાસંઘ ૩૮૮
બારોટોની જોહુકમીનો અંત ૩૮૮
મહો૦ ક્ષમાકલ્યાણ-ગણિ ૩૮૮
ક્રિયોદ્ધાર અને ગ્રંથરચના ૩૮૮
ખરતરગચ્છ પટ્ટાવલી (૩) ૩૮૯
આ૦ જિનસાગર ૩૮૯
આ૦ જિનકીર્તિ ૩૮૯
આ૦ જિનહેમ ૩૯૦
પૂનમિયાગચ્છ ૩૯૦
સામાચારી ૩૯૧
મતસ્થાપક ૩૯૧
(વિવિધ મત-ગચ્છ સંવતો) ૩૯૧
આ૦ ધર્મઘોષ ૩૯૨
આ૦ ભદ્રેશ્વર ૩૯૨
આ૦ પરમદેવ ૩૯૨
(વિવિધ મત-ગચ્છ પ્રકાશક) ૩૯૨
આ૦ સર્વાનન્દ ૩૯૩
શાખા–પરંપરા ૩૯૩
આ૦ વિજયસિંહ ૩૯૩
આ૦ શીલગુણ ૩૯૩
આ૦ વિજયચંદ્ર ૩૯૩
(૧) **પૂનમિયા પટ્ટાવલી** ૩૯૩
૪૦. આ૦ **ચંદ્રપ્રભ** ૩૯૩
૪૧. આ૦ ધર્મઘોષ ૩૯૩
આ૦ ચક્રેશ્વર : ગ્રંથો ૩૯૪
આ૦ તિલકપ્રભ : ગ્રંથો ૩૯૪
પં૦ વિદ્યાકુમાર ગણિ ૩૯૪
રાણી નિતલ્લદેવી ૩૯૪
૪૨. આ૦ દેવભદ્ર ૩૯૫
આ૦ અજિતપ્રભ ૩૯૫
૫૭. ભ૦ સુમતિરત્ન ૩૯૬
(૨-૩) પૂનમિયા પટ્ટાવલી ૩૯૬
ભીમપલ્લી શાખા ૩૯૬
પં૦ વિદ્યારત્ન ૩૯૭
ગચ્છના અન્ય આચાર્યો ૩૯૭
આ૦ **ભાવપ્રભ** ૩૯૮
વિવિધ શાખાઓ, ગોત્રો ૩૯૮
શંખેશ્વરગચ્છ પટ્ટાવલી ૩૯૮
આ૦ સર્વદેવ ૩૯૯
આ૦ ઉદયપ્રભ ૩૯૯
(સંવત અંગે ખુલાસો) ૩૯૯

ધર્મપ્રચાર ૪૦૦
આ૦ પ્રભાનંદ ૪૦૦
નાણાવાલગચ્છ ૪૦૦
તિલકશાખા ૪૦૦
વલ્લભીગચ્છ પટ્ટાવલી ૪૦૧
શેઠ નીના પોરવાડ ૪૦૧
ભ૦ જયપ્રભ ૪૦૨
વડેરાગોત્ર લઘુશાખા ૪૦૨
રાવ વનવીર ચૌહાણ ૪૦૨
લઘુ સાજનીશાખા ૪૦૨
અંચલગચ્છ પટ્ટાવલી (૧) ૪૦૩
૪૦. આ૦ ચંદ્રપ્રભ ૪૦૩
૪૧. આ૦ **આર્યરક્ષિત** ૪૦૩
અંચલગચ્છ **સામાચારી** ૪૦૪
ભાલેજ જિનાલય ૪૦૫
ઉપદેશ ૪૦૫
(૩) **અંચલ** (અચલ) **નામ** ૪૦૫
શેઠાણી નાઢા ૪૦૬
ઉપા૦ નરસિંહ ૪૦૬
વિધિમત ૪૦૬
કાલીદેવી ૪૦૬
સાધુ–સાધ્વી પરિવાર ૪૦૬
મીઠડિયા, ગાંધી વિ. ગોત્રો ૪૦૬
દશા–વિશા ભેદ ૪૦૭
નાણાવાલ ગોત્ર ૪૦૭
અંચલ ગોત્રો ૪૦૭
૪૨. આ૦ જયસિંહ ૪૦૭
વાદિદેવસૂરિ **શાસ્ત્રાર્થ** ૪૦૮
શાખા : હર્ષ ૪૦૮
પાટણમાં વાસ ૪૦૮
શેઠ આંબાક ૪૦૮
ગ્રંથો ૪૦૮
ધર્મપ્રચાર ૪૦૯
૪૩. આ૦ ધર્મઘોષ ૪૧૦
ઘુમલી જેતાવાવ ૪૧૦
ધર્મપ્રચાર ૪૧૦
૪૪. આ૦ મહેન્દ્રસિંહ ૪૧૦
તપા૦ આ૦ દેવેન્દ્રસૂરિ ૪૧૧
તીર્થયાત્રાઓ ૪૧૧
ગ્રંથો ૪૧૧
૪૬. આ૦ અજિતસિંહ ૪૧૨
ચાણસ્મા ૪૧૨
૪૮. આ૦ ધર્મપ્રભ ૪૧૩
અમારિ ૪૧૩
૫૦. આ૦ મહેન્દ્રપ્રભ ૪૧૩
આ૦ મુનિશેખર ૪૧૪
શેખરશાખા ૪૧૪
આ૦ જયશેખર : ગ્રંથો ૪૧૪
૫૧. **આ૦ મેરુતુંગ** ૪૧૪
(ચરિત્રભેદ) ૪૧૪
જીરાવલાસ્તોત્ર ૪૧૫
ગોડી પાર્શ્વનાથ ૪૧૬
મુનિશેખર-શાખા ૪૧૬
તુંગ શાખા ૪૧૬
આ૦ ભુવનતુંગ ૪૧૬
આ૦ જયતિલક ૪૧૬
સાધુ–સાધ્વી પરિવાર ૪૧૬
૫૨. આ૦ જયકીર્તિ ૪૧૬
આ૦ માણિક્યસુંદર ૪૧૭
શ્રીધરચરિત્ર વગેરે ગ્રંથો ૪૧૭
૫૫. આ૦ ભાવપ્રભ ૪૧૮
પ્રાકૃત પટ્ટાવલી ૪૧૮
આ૦ સુમતિરત્ન ૪૧૮
ગાદી : પાટણ-ઢંઢેરવાડા ૪૧૮
૫૭. આ૦ **ધર્મમૂર્તિ** ૪૧૯
સમેતશિખર યાત્રા ૪૧૯
ક્રિયોદ્ધાર ૪૧૯
ઋષભદાસ લોઢા ૪૧૯
આગરામાં ગ્રંથભંડાર ૪૨૦
શેઠ તેજસી (જામનગર) ૪૨૦

નાનચંદ ભણશાલી (દીવ) ૪૨૦
જેસલમેર ગ્રંથભંડાર ૪૨૦
ગ્રંથો ૪૨૦
સાધુ–સાધ્વી પરિવાર ૪૨૦
ચાર શાખા નીકળી ૪૨૦
૫૮. આ૦ કલ્યાણસાગર ૪૨૦
શેઠ વર્ધમાન, પદમશી ૪૨૦
અંજનશલાકા–પ્રતિષ્ઠાદિ ૪૨૦
રાજશી નાગડા : ધર્મકાર્યો ૪૨૧
મંત્રી કુંરપાલ–સોનપાલ ૪૨૧
આગરામાં પ્રભુ–પ્રતિષ્ઠાદિ ૪૨૧
ભૂજના રા'ભારમલ્લજી ૪૨૧
રાજવિહાર, અમારિપડહ ૪૨૧
સાધુ–સાધ્વી પરિવાર ૪૨૧
૫૯. ભ૦ અમરસાગર ૪૨૨
સંવેગી (યતિ) શાખા ૪૨૨
ઉપા૦ વિનયશીલ ૪૨૨
૬૧. ભ૦ ઉદયસાગર ૪૨૨
મુસ્લિમ હલ્લા સમયે–
જિનાલયોનું રક્ષણ ૪૨૨
પં૦ દેવચંદ્ર ગણિ ૪૨૨
ઉપા૦ દર્શનસાગર ૪૨૨
ઉપા૦ જ્ઞાનસાગર ૪૨૨
૬૫. ભ૦ મુક્તિસાગર ૪૨૩
શેઠ મોતીશાહ ૪૨૩
શેઠ નરશી નાથા ૪૨૩
અંજનશલાકા–પ્રતિષ્ઠાદિ ૪૨૩
૬૬. ભ૦ રત્નસાગર ૪૨૩
શેઠ કેશવજી નાયક ૪૨૩
અંચલગચ્છ પટ્ટાવલી (૨) ૪૨૪
મુનિ ગૌતમસાગરજી ૪૨૪
સાર્ધપૂનમિયા–ગચ્છ ૪૨૪
ત્રિસ્તુતિકમત ૪૨૫
(૨) પટ્ટાવલી ૪૨૫
૪૧. આ૦ શીલગુણ ૪૨૫
૫૯. આ૦ આણંદપ્રભ ૪૨૭
આગમગચ્છની બીજી પરં. ૪૨૭
આ૦ જયાનંદ ૪૨૭
આબૂ પોરવાડવંશ (૪૨૮) ૪૨૭
આ૦ દેવરત્ન ૪૨૭
આ૦ વિવેકરત્ન ૪૨૮
ભ૦ સંયમરત્ન ૪૨૮
લઘુશાખા – સાધ્વીજી ૪૨૮
સં૦ કચરા કીકા ૪૨૮
ચતુર્દશી-શાખા ૪૨૮
ઈતિહાસ ૪૨૮
પટ્ટાવલી ૪૩૦
૪૨. આ૦ સુમતિસિંહ ૪૩૦
૪૪. આ૦ દેવેન્દ્રસૂરિ ૪૩૦
તપા ઉપા૦ –
(આ૦) વિજયચંદ્ર ૪૩૦
૪૫. આ૦ હેમચંદ્ર ૪૩૧
ત્રૈલોક્યપ્રકાશ (પ્રશસ્તિ) ૪૩૧
કચ્છૂલીગચ્છ ૪૩૧
પટ્ટાવલી ૪૩૨
૪૧. આ૦ ભદ્રેશ્વર ૪૩૨
૪૨. આ૦ શ્રીપ્રભસૂરિ ૪૩૨
શ્રીવત્સકુળ ૪૩૨
૪૩. આ૦ માણિક્યસૂરિ ૪૩૨
આ૦ અમરપ્રભ ૪૩૩
૪૪. આ૦ ઉદયપ્રભ ૪૩૩
૪૫. આ૦ કમલસિંહ ૪૩૩
૪૭. આ૦ રત્નપ્રભ ૪૩૪
કચ્છૂલી રાસ ૪૩૫

પ્રકરણ : ૪૧

આ૦ અજિતદેવસૂરિ ૪૩૬
જીરાવલા તીર્થ ૪૩૬
પ્રભાવકો ૪૩૬
યુગપ્રભાવક આ૦ ધર્મઘોષ ૪૩૬

(૩) આ૦ હેમચંદ્રસૂરિવરો ૪૩૬
આ૦ વિનયચંદ્ર ૪૩૬
આ૦ યશોદેવ : ગ્રંથો ૪૩૬
આ૦ દેવગુપ્ત : ગ્રંથો ૪૩૭
વીરાચાર્ય ૪૩૭
આ૦ અમરચંદ્ર ૪૩૭
આ૦ હરિભદ્ર ૪૩૭
આ૦ સાગરચંદ્ર ૪૩૮
આ૦ નન્નસૂરિ ૪૩૮
વર્ધમાનાચાર્ય ૪૩૮
આ૦ જયમંગલ ૪૩૮
આ૦ પ્રદ્યુમ્નસૂરિ ૪૩૮
આ૦ શાંતિસૂરિ ૪૩૮
આ૦ સુમતિસૂરિ ૪૩૮
આ૦ મલ્લવાદી (ત્રીજા) ૪૩૮
સાધ્વીજીઓ (મૂર્તિ) ૪૩૮
આ૦ મલયગિરિ : ગ્રંથો ૪૩૯
આ૦ ચંદ્રસૂરિ ૪૪૧
આ૦ સિદ્ધસેન ૪૪૧
આ૦ વાદિદેવસૂરિ ૪૪૧
(મડાર ગામ) ૪૪૧
વાદી ૪૪૨
મુનિમિત્રો ૪૪૨
કુટુંબદીક્ષા ૪૪૩
બે **સાધ્વીજી** ૪૪૩
ઉદાવસહી ૪૪૩
ગુરુનો સ્વર્ગવાસ ૪૪૩
દેવબોધિ શ્લોક ૪૪૩
પ્રતિષ્ઠા ૪૪૪
વાદી **કુમુદચંદ્ર** ૪૪૪
સાધ્વીનો ઉપાલંભ ૪૪૪
સંઘમાં આયંબિલતપ ૪૪૫
વિદ્યા અને શાસ્ત્રાર્થ ૪૪૫
કાચું પ્રતિજ્ઞાપત્ર ૪૪૫
રાજમાતાનો ભ્રમસ્ફોટ ૪૪૫
શાસ્ત્રાર્થવ્યવસ્થા ૪૪૬
વાદિ, પ્રતિવાદી ૪૪૬
જ્ઞાનગમ્મત ૪૪૬
પ્રતિજ્ઞાપત્ર ૪૪૭
મંગલાચરણ ૪૪૭
પક્ષોની રજૂઆત ૪૪૭
મૌખિક શાસ્ત્રાર્થજય ૪૪૮
લેખિત શાસ્ત્રાર્થ ૪૪૮
કોટાકોટિ ચર્ચા ૪૪૮
દેવસૂરિવિજય ૪૪૮
બિરુદ–વિજયપત્ર ૪૪૮
ઉદાર માગણી ૪૪૮
(સમર્થ કુમુદચંદ્ર) ૪૪૮
પ્રશંસા ૪૪૯
તુષ્ટિદાન ૪૪૯
રાજવિહાર (સિદ્ધવિહાર) ૪૪૯
જિનાલયો–પ્રતિષ્ઠા ૪૪૯
આરાસણ તીર્થ ૪૪૯
ફલોધીપાર્શ્વનાથ તીર્થ–
આ૦ દેવસૂરિ પ્રતિષ્ઠિત ૪૫૦
ભોરોલ તીર્થ ૪૫૦
ધર્મપ્રચાર ૪૫૦
(પ્રભાવિત મંત્રીઓ) ૪૫૦
ગ્રંથો ૪૫૦
સ્વર્ગવાસ ૪૫૦
પ્રશંસા ૪૫૧
પટ્ટપરંપરા ૪૫૨
(૧૫) **પટ્ટાવલી** ૪૫૨
(૧) ૪૨. આ૦ ભદ્રેશ્વર ૪૫૨
૪૩. આ૦ માણેકચંદ્ર ૪૫૩
૪૭. આ૦ વિનયચંદ્ર ૪૫૩
નાંડલાઈ તીર્થ ૪૫૩
(૨) ૪૫. આ૦ ગુણભદ્ર ૪૫૩
૪૬. આ૦ મુનિભદ્ર ૪૫૩
(૩) ૪૨. **આ૦ રત્નપ્રભ** ૪૫૪

આ૦ વિજયસેન ૪૫૪
રત્નાવતારિકા ૪૫૪
વિવિધ વાદો ૪૫૪
(૫) ૪૨. આ૦ પૂર્ણભદ્ર ૪૫૫
પંચતંત્ર ૪૫૫
આ૦ પદ્મસૂરિ ૪૫૫
૪૪. આ૦ માણેકચંદ્ર ૪૫૫
નલાયન, નાટકો ૪૫૬
(શિલાલેખ–સમીક્ષા) ૪૫૬
(૬) ૪૨. આ૦ જિનચંદ્ર ૪૫૬
૪૩. આ૦ મદનચંદ્ર ૪૫૭
૪૪. આ૦ **મહેન્દ્રસૂરિ** ૪૫૭
યંત્રરાજાગમ ૪૫૭
(આ૦ મહેન્દ્રસૂરિ) ૪૫૭
૪૫. આ૦ મલયચંદ્ર ૪૫૭
(૭) ૪૪. આ૦ મુનિદેવ ૪૫૮
શાંતિનાથચરિત્ર ૪૫૮
(૮) ૪૩. આ૦ પ્રદ્યુમ્નસૂરિ ૪૫૯
ઉદાયનવિહાર ચર્ચા ૪૫૯
૪૪. આ૦ માનદેવ ૪૫૯
૪૫. આ૦ જયાનંદ ૪૫૯
દંડનાયક સલક્ષણસિંહ ૪૫૯
(૯) ૪૨. આ૦ મહેશ્વર ૪૫૯
૪૪. આ૦ રામભદ્ર (નાટક) ૪૫૯
(૧૦) ૪૨. આ૦ વિમલચંદ્ર ૪૫૯
સાધ્વીમર્યાદા ૪૬૦
૪૫. આ૦ વજ્રસેન ૪૬૦
સાધ્વીજીઓ ૪૬૦
(૧૧) ૪૭. આ૦ નયનચંદ્ર ૪૬૧
શિયાલબેટ પ્રતિષ્ઠા ૪૬૧
૫૧. આ૦ મુનીશ્વર ૪૬૧
બે શાખા ૪૬૧
મુનિ જયશેખર ૪૬૧
૫૭. ભ૦ શીલદેવ ૪૬૨
વાદિદેવસૂરિગચ્છ ૪૬૨
(૧૨) ૪૭. મુનિ –
હરિભદ્ર, પુત્ર નાનુ ૪૬૩
(૧૩) ૪૩. આ૦ રામભદ્ર ૪૬૩
૪૪. આ૦ જયમંગળ ૪૬૩
ચાચિગદેવ પ્રશસ્તિ ૪૬૩
કવિશિક્ષા ૪૬૩
૪૫. આ૦ સોમચંદ્ર ૪૬૩
વૃત્તરત્નાકર ટીકા ૪૬૩
દેવાનંદિતગચ્છ ૪૬૪
નાગોરી વડગચ્છ ૪૬૪
(૧૪) ૪૨. આ૦ પદ્મપ્રભ ૪૬૪
ભુવનદીપક–ગ્રંથ ૪૬૪
૪૫. આ૦ **જયશેખર** ૪૬૪
ક્રિયોદ્ધાર ૪૬૪
નાગોરી તપાગચ્છ ૪૬૪
૪૬. આ૦ વજ્રસેન ૪૬૪
૪૭. આ૦ હેમતિલક ૪૬૪
૪૮. આ૦ **રત્નશેખર** ૪૬૪
ગ્રંથો ૪૬૫
દિનશુદ્ધિ **વિશ્વપ્રભા** ૪૬૫
(પટ્ટાવલીભેદ) ૪૬૫
૫૪. ભ૦ સોમરત્ન ૪૬૬
પાયચંદ મત ૪૬૬
સુધર્મગચ્છ ૪૬૬
૫૬. ભ૦ ચંદ્રકીર્તિ : ગ્રંથો ૪૬૬
(૫૪. આ૦ પાર્શ્વચંદ્ર) ૪૬૬
(**પટ્ટાવલી**) ૪૬૬
(વડગચ્છ શાખા) ૪૬૭
(સિદ્ધાંતરત્નિકા) ૪૬૭
૫૭. **ભ૦ હર્ષકીર્તિ** ૪૬૭
ભ૦ **વિજયસુંદર** ૪૬૮
તપા૦ આ૦ વિજયતિલક ૪૬૮
નાગોરી તથા ગોત્રો ૪૬૮
તપાજૈન ગોત્રો ૪૬૮
તપાગચ્છનાં ૧૩ બેસણાં ૪૬૮

તપગચ્છ જ્ઞાતિ	૪૬૮
આરાસણ	૪૬૮
(૧૫) ૪૨. આ૦ જિનભદ્ર	૪૬૯
ઉંદરવસહી (પાદરા)	૪૬૯
૪૫. આ૦ પરમાણંદ	૪૬૯
૧૭૦ તીર્થંકરોનો પટ્ટ	૪૬૯
ભિન્નમાલગચ્છ	૪૬૯
તારાપુર (માંડવગઢ)	૪૬૯
રામસેનગચ્છ	૪૬૯
સરઘના પ્રતિમા	૪૬૯
જીરાવલાગચ્છ	૪૭૦
ક૦સ૦ આ૦ હેમચંદ્રસૂરિ	૪૭૦
(સ્વપ્ન)	૪૭૦
દીક્ષા	૪૭૧
સરસ્વતી સાધના	૪૭૧
હેમચંદ્ર	૪૭૨
આચાર્યપદ	૪૭૨
પ્ર૦ સા૦ પાહિનીશ્રીજી	૪૭૨
ગુરુ સ્વર્ગવાસ	૪૭૩
રાજપ્રવેશ	૪૭૩
ચારણકાવ્ય	૪૭૩
પાંડવચર્ચા	૪૭૪
બ્રહ્મચર્ય	૪૭૪
આ૦ વાદિદેવ–શાસ્ત્રાર્થ	૪૭૫
પ્રતિષ્ઠા-મહોત્સવ	૪૭૫
દેવબોધિ ઘટના	૪૭૫
નિજડ	૪૭૬
આયંબિલતપ	૪૭૬
યાત્રા	૪૭૬
શિહોર	૪૭૬
શત્રુંજય, ગિરનાર	૪૭૬
કોડીનાર	૪૭૬
ભવિષ્યવાણી	૪૭૬
કુમારપાલ રાજા થશે	૪૭૬
આશીર્વાદ	૪૭૭
સિદ્ધહેમચંદ્ર	૪૭૭
સિદ્ધરાજ મૃત્યુ	૪૭૮
રાજા કુમારપાલ	૪૭૮
સાધ્વી-માતા સ્વર્ગવાસ	૪૭૮
સોમનાથ મંદિર	૪૭૮
મહાદેવસ્તુતિ	૪૭૯
તીર્થોદ્ધાર	૪૭૯
રાજવિહારો	૪૭૯
ગ્રંથભંડારો	૪૭૯
સિદ્ધહેમકુમાર **સંવત**	૪૭૯
પં૦ વામરાશિ	૪૭૯
શકુનિકાવિહાર	૪૭૯
ઉદાયનવિહાર	૪૭૯
શત્રુંજય સંઘ	૪૮૦
છેલ્લી અંજનશલાકા	૪૮૦
ગોડી પાર્શ્વનાથ	૪૮૦
ભવિષ્યવાણી	૪૮૦
ધર્મપ્રચાર	૪૮૦
આચાર્યના ઉત્કૃષ્ટ ગુણો	૪૮૦
સ્વર્ગવાસ	૪૮૧
હેમખાડ	૪૮૧
પ્રશંસા	૪૮૧
શિષ્યપરિવાર	૪૮૧
૧. આ૦ બાલચંદ્ર	૪૮૧
૨. આ૦ રામચંદ્ર	૪૮૨
ગુણવાન અને સંઘમાન્ય	૪૮૨
કવિકટારમલ–બિરુદ	૪૮૨
એક આંખ ગુમાવી	૪૮૩
ગુરુની પાટે	૪૮૩
ગુરુઆજ્ઞા સમર્પિત	૪૮૪
ગ્રંથો	૪૮૫
૩. આ૦ મહેન્દ્રસૂરિ	૪૮૬
૪. પં૦ વર્ધમાન	૪૮૬
૧૧૬ અર્થો	૪૮૬
૫. આ૦ ગુણચંદ્ર	૪૮૭

૬. પં૦ યશશ્ચંદ્ર ગણિ ૪૮૭
૭. પં૦ ઉદયચંદ્ર ૪૮૭
૮. મુનિ દેવચંદ્ર ૪૮૭
નાટક ૪૮૭
૯. પં૦ ઉદયસાગર ૪૮૭
ક૦ સ૦ શ્રીહેમચંદ્રસૂરિનું–
વિશાળ–વિવિધ ગ્રંથસર્જન ૪૮૭
૪૮ ગ્રન્થો ૪૯૦
વ્યાકરણનાં વિવરણો ૪૯૨
બીજાં વિવરણો ૪૯૩
અવતરણો ૪૯૪
વાણીચાતુરી ૪૯૫
લોકસાહિત્ય ૪૯૬
પ્રશંસા ૪૯૮
રાજા ભુવનપાલ ૫૦૦
રાણો રણસિંહ ૫૦૦
રાણો ધીરસિંહ ૫૦૦
સિસોદીયા ૫૦૦
મંત્રી મુંજાલ ૫૦૦
મંત્રી સજ્જન ૫૦૧
ગિરનાર જીર્ણોદ્ધાર ૫૦૧
તીર્થરક્ષા ૫૦૨
મંત્રી આંબાક ૫૦૩
સાંકળીપાજ ૫૦૩
ધવલ શ્રીમાલી (૫૨બ) ૫૦૩
મંત્રી આલિગદેવ ૫૦૩
સિદ્ધપુર–ચતુર્મુખવિહાર ૫૦૩
શેઠ આભડ વસાહ ૫૦૪
ધર્મકાર્યો–સત્કાર્યો ૫૦૫
શીલણ ભાંડ ૫૦૬
કવિ શ્રીપાલ (કવિવંશ) ૫૦૮
ગ્રંથો, શતાર્થી કાવ્ય ૫૦૯
કવિ સિદ્ધપાલ ૫૧૦
કવિ વિજયપાલ ૫૧૧
મંત્રી આશુક પોરવાડ ૫૧૧
સાધ્વી મરુદેવી ગણિની ૫૧૨
વિમલશાહ ૫૧૩
યશોવીર, કટુકરાજ ૫૧૩
વાધૂયનનો મંત્રીવંશ ૫૧૪
મંત્રી આહ્લાદન ૫૧૪
શેઠ કુબેરદત્ત ૫૧૪
રુદતીઘન (૮૮) ૫૧૫
શેઠ છિદ્દક (છાડ) વંશ ૫૧૫
સાધ્વી શ્રીસાધુલબ્ધિ ૫૧૫
સં૦ ખીમો, સં૦ સહસા ૫૧૬
હાંસીદેવી, શ્રાવક પાસિલ ૫૧૬
આરાસણા (કુંભારિયાજી) ૫૧૬
શ્રીડાહીદેવી ૫૧૭
ચાંપલદે ૫૧૭
જગડશાહ સોરઠિયો ૫૧૭
શેઠ કપર્દિ (૧) ૫૧૮
શેઠ કપર્દિ શાહ (૨) ૫૧૮
મંત્રી કપર્દિ (૩) ૫૧૮
મંત્રી મકલપ્પનો વંશ ૫૧૯
અભયકુમાર ૫૨૦
ચૈત્ય શાસ્ત્રાર્થ ૫૨૦
કવિ વાગ્ભટ (વાહડ) ૫૨૦
કાવ્યાનુશાસન વિ. ગ્રંથો ૫૨૦
મંત્રી જગદેવ શ્રીમાલી ૫૨૦
મંત્રી નાહડ ૫૨૧
ભીમ કુંડલિયો ૫૨૧
ભીમો સાથરિયો ૫૨૨
ભીમાશાહ ૫૨૨
ભીમાશા પોરવાલ ૫૨૨
કવિ યશશ્ચંદ્ર ૫૨૨
મુદ્રિતકુમુદચંદ્ર–નાટક ૫૨૨
કવિ યશઃપાલ ૫૨૩
શેઠ ધવલ–
શેઠ વૈરસિંહ ૫૨૩
વાયડગચ્છનો વાહડ ૫૨૩

પ્રકરણ : ૪૨


આ૦ વિજયસિંહસૂરિજી	૫૨૪
ત્રણ પટ્ટધરો	૫૨૪
આ૦ વિજયસિંહસૂરિવરો	૫૨૪
આ૦ જિનસિંહસૂરિ	૫૨૬
શાખાગચ્છો	૫૨૬
માનદેવગચ્છ	૫૨૬
ગ્રંથપ્રશસ્તિ	૫૨૭
કક્કુદાચાર્યગચ્છ	૫૨૮
ખરાતપાગચ્છ	૫૨૮
ધર્મઘોષગચ્છ	૫૨૮
ઘોષપુરીયગચ્છ	૫૨૮
ઉચ્છિતવાલગચ્છ	૫૨૯
શોધિતવાલગચ્છ	૫૨૯
દેવાચાર્યગચ્છ	૫૨૯
દેવાનંદિતગચ્છ	૫૨૯
નાગોરી તપાગચ્છ	૫૨૯
જાલોરગચ્છ	૫૨૯
આરાસણગચ્છ	૫૨૯
ભિન્નમાલગચ્છ	૫૨૯
જીરાવલાગચ્છ	૫૨૯
રામસેનગચ્છ	૫૨૯
(મલયચંદ્રો)	૫૨૯
પિપ્પલકગચ્છ	૫૩૦
મડાહડગચ્છ	૫૩૦
શ્રીમાલીગચ્છ	૫૩૦
વૃદ્ધ તપાગચ્છ	૫૩૦
૧૩ ગચ્છોનું એકમ	૫૩૦
મોઢગચ્છ	૫૩૦
નાગરગચ્છ	૫૩૦
(૩) **નાગરવંશ** (૫૩૩,૫૩૯)	૫૩૧
ગાંધી બાડુક	૫૩૧
સર્વજિતપ્રાસાદ (કાવી)	૫૩૧
ગાંધી કુંઅરજી	૫૩૨
રત્નતિલક-પ્રાસાદ (કાવી)	૫૩૨
બાહડ	૫૩૩
આનંદ	૫૩૩
દીસાવાલવંશ	૫૩૩
ગ્રંથો	૫૩૪
જ્ઞાતિ–શાખા વંશો	૫૩૪
ઓસવાલ	૫૩૪
શ્રીમાલી	૫૩૪
(ઘર્કટવંશ)	૫૩૪
પોરવાડ	૫૩૪
સોરઠગચ્છ	૫૩૫
કપોળ–સોરઠિયા	૫૩૫
લાડવા શ્રીમાળી	૫૩૬
ગૂર્જર શ્રીમાલી	૫૩૬
ભણશાળી ગૂર્જર	૫૩૭
ટીમ્બાણા	૫૩૮
ગોઠી	૫૩૮
પલ્લીવાલ	૫૩૮
જીરાવલા તીર્થ	૫૩૯
ફલોધિ પાર્શ્વનાથ તીર્થ	૫૪૧
વરકાણા તીર્થ	૫૪૩
જૈન વિદ્યાલય–ગુરુકુળ	૫૪૩
રાતા મહાવીર (હથુંડી)	૫૪૩
જેસલમેર	૫૪૪
સાહિત્યરક્ષણ	૫૪૪
વિહાર ખુલ્લો કર્યો	૫૪૫
સિદ્ધપુર	૫૪૫
સુલતાન પાર્શ્વનાથ	૫૪૬
શિહોર	૫૪૬
મારુદેવા ટૂંક	૫૪૬
શ્રીપૂજ ટૂંક	૫૪૬
પૂ૦ શ્રીમુક્તિવિજય ગણિ	૫૪૬
ઐતિહાસિક મિલન	૫૪૬
દાન (અગ્રહાર)	૫૪૭
રણા, જાની	૫૪૭

નવું શિહોર ૫૪૭
ગોહિલવંશ ૫૪૭
પછેગામ ૫૪૭
ભાવનગર બંદર ૫૪૭
તારંગા તીર્થ ૫૪૭
તારા–પદ્માવતી ૫૪૮
સિદ્ધશિલા, કોટિશિલા ૫૪૮
શત્રુંજય ટૂંક ૫૪૮
કુમારવિહાર ૫૪૯
તીર્થરક્ષા ૫૫૦
જીર્ણોદ્ધાર ૫૫૦
મોટો જીર્ણોદ્ધાર ૫૫૦
ચોકમાં રચનાઓ ૫૫૦
દેરી દાન ૫૫૧
સિદ્ધશિલા ૫૫૧
પુણ્યપાપ દેરી ૫૫૧
કોટિશિલા ૫૫૧
ભ૦ વિ૦ ધર્મસૂરિ ૫૫૧
૨૦ પાદુકાઓ ૫૫૧
વહીવટ ૫૫૧
ગોડીજી તીર્થ ૫૫૧
અંજનશલાકા પાટણમાં ૫૫૧
શેઠ ગોડીદાસ ૫૫૧
સોઢાજી ઝાલા ૫૫૧
નગરપારકર ૫૫૨
શેઠ સાજન, કાજલ ૫૫૨
મેઘો મીઠડિયો ૫૫૨
ગોડીપુર ૫૫૩
ઈર્ષાનો ભોગ ૫૫૩
ત્રણ પ્રતિમાઓ ૫૫૪
વર્ધમાન તીર્થ ૫૫૪
સ્થાપના તીર્થ ૫૫૪
ગ્રંથરચના ૫૫૪
મોઢ પાજાવસહી ૫૫૫
પ્રતિષ્ઠા ૫૫૫
મસ્જિદ ૫૫૫
જગડૂ જિનપ્રાસાદ ૫૫૫
ત્રણ જિનાલયો ૫૫૫
વિજયધર્મસૂરિ ૫૫૫

પ્રકરણ : ૪૩

આ૦ સોમપ્રભસૂરિ–
આ૦ મણિરત્નસૂરિ ૫૫૬
(બીજા આ૦ સોમપ્રભ) ૫૫૬
પ્રતિષ્ઠા ૫૫૬
ગ્રંથો ૫૫૬-૫૫૭
શતાર્થ કાવ્ય ૫૫૭
(અનેકાર્થી કાવ્યો) ૫૫૭
શતાર્થીકાવ્ય-કાવ્યછંદો ૫૫૭
(૨૪. દ્વયાશ્રયકાવ્યો) ૫૫૮
૧૦૦ નામો ૫૫૯
આ૦ મણિરત્નસૂરિ ૫૫૯
તપાગચ્છ ૫૫૯
બે શાખા ૫૫૯
ધર્મપ્રભાવકો ૫૫૯
આ૦ વિનયમિત્ર ૫૬૦
આ૦ વિજયસેન ૫૬૦
આ૦ ઉદયપ્રભ ૫૬૦
આ૦ મલ્લવાદી ૫૬૦
આ૦ વર્ધમાન ૫૬૦
આ૦ જિનદત્ત ૫૬૦
આ૦ અમરચંદ્ર ૫૬૦
વિવેકવિલાસ ૫૬૦
પાસત્થાને દાન ૫૬૦
(કચ્છી કહેવત) ૫૬૦
વેણીકૃપાણઅમર ૫૬૧
(બિરુદ) ૫૬૧
ગ્રંથો ૫૬૧
કવિરાજ અરિસિંહ ૫૬૧
સૂરિપ્રતિમા ૫૬૨

આ૦ સિદ્ધસૂરિ ૫૬૨
આ૦ કક્કસૂરિ ૫૬૨
માનવરક્ષા ૫૬૨
કન્યારક્ષા ૫૬૨
ઉપા૦ પદ્મપ્રભ ૫૬૨
આ૦ જિનપતિ ૫૬૨
આ૦ મહેન્દ્રસિંહ ૫૬૩
આ૦ વિનયચંદ્ર : ગ્રંથો ૫૬૩
આ૦ ભુવનચંદ્ર ૫૬૩
આ૦ ગુણભદ્ર ૫૬૩
આ૦ વીર, આ૦ જયસિંહ ૫૬૩
નાટક ૫૬૩
સરસ્વતીપ્રતિમા ૫૬૪
આ૦ જયસિંહ (સં.૧૩૦૧) ૫૬૪
(આ૦ જયસિંહ : ગ્રંથો) ૫૬૪
આ૦ વિજયસિંહ ૫૬૪
આ૦ **માણેકચંદ્ર** ૫૬૪
(૧૪) માણિક્ય નામના–
સૂરિવરો ૫૬૪
આ૦ હરિભદ્ર, આ૦ બાલચંદ્ર ૫૬૫
આ૦ પ્રદ્યુમ્નસૂરિ ૫૬૫
આ૦ પદ્મપ્રભ ૫૬૬
આ૦ સિંહતિલક ૫૬૬
આ૦ વર્ધમાન ૫૬૬
આ૦ મલયસૂરિ–
આ૦ સમંતભદ્ર ૫૬૬
પં૦ પાર્શ્વ ગણિ ૫૬૬
સાધ્વીસંઘ ૫૬૬
સાધ્વી અજિતસુંદરી ગણિની ૫૬૬
સાધ્વી જિનસુંદરી ગણિની ૫૬૬
સાધુ–સાધ્વીઓ ૫૬૬
સાધ્વી પદ્મલક્ષ્મીજી ૫૬૭
સાધ્વીપ્રતિમા ૫૬૭
રાજા વિજ્જલરાય ૫૬૭
વીર–શૈવધર્મ ૫૬૭
લિંગાયતમત ૫૬૭
માંગુજી ઝાલો ૫૬૮
રાણો દુર્જનશલ્ય ૫૬૮
ગોડી પાર્શ્વનાથ ૫૬૮
શંખેશ્વર તીર્થ ૫૬૯
નીતલદેવી ૫૬૯
મહાકવિ આસડ ૫૬૯
ગિઝનીમાં જૈનો ૫૭૦
અંતિમ મંગલ ૫૭૦
અકારાદિ નામાવલી ૫૭૧



જય જિનેન્દ્ર

★ અગત્યની નોંધ ★

૧. પરમ તીર્થંકર શ્રી મહાવીરસ્વામી પરમાત્મા પછી શ્રમણસંઘની પરંપરામાં ગણધર શ્રી સુધર્માસ્વામી સૌ પ્રથમ આવ્યા. તેમનાથી શરૂ થયેલ આ પાટપરંપરામાં ક્રમશઃ જે ૩૪ પટ્ટધરો થયા તેમનો ઈતિહાસ ભાગ–૧ માં પ્રકાશિત કરવામાં આવ્યો છે. જ્યારે ભાગ–૨ માં ત્યાર પછીની પાટપરંપરા આપવામાં આવી છે. આમ ભાગ–૧ ના પ્રકરણ ૧ થી પ્રકરણ ૩૪ ના અનુસંધાનમાં ભાગ બીજાનું પ્રકરણ ૩૫ પ્રારંભ થાય છે.

૨. આ ગ્રંથનાં વિવિધ લખાણોમાં જે જે ગ્રંથોનો આધાર લીધો છે તે તે ગ્રંથોના નામ ગોળ ( ) બ્રેકેટમાં આપ્યાં છે. વાચકોને વિશેષ જાણવા ઈચ્છા થાય તો તે તે આધારો વાંચી લેવા.

૩. આ ગ્રંથમાં પ્રક૦ અને પૃ૦ આપ્યાં છે, તે આ ઈતિહાસના ભાગ–૧ અને ભાગ–૨ નવી આવૃત્તિના સમજવાં.

૪. આ ગ્રંથમાં મુદ્રણદોષથી કાનો, માત્રા, હ્રસ્વ, દીર્ઘ, અનુસ્વાર, વિસર્ગ, અક્ષર કે આંક ઊડી ગયા હોય ત્યાં વાચકોએ સુધારીને વાંચવું.

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।
णमो लोए सव्वसाहूणं ॥

જૈન પરંપરાનો ઇતિહાસ

(ભાગ બીજો)

પ્રકરણ પાંત્રીશમું

આચાર્ય ઉદ્દ્યોતનસૂરિ

आसीच्चन्द्रकुलोद्भूतो विख्यातो जगतीतले ।
अक्षमाराजितोऽप्युच्चैः यः क्षमाराजितः सदा ॥६॥
धर्मोऽथ मूर्तिमानेव सौम्यमूर्तिः शशाङ्कवत् !
वर्जितश्चाशुभैर्भावै राग-द्वेष-मदादिभिः ॥७॥
सुनिर्मलगुणैर्नित्यं प्रशान्तैः श्रुतशालिभिः ।
प्रद्युम्न-मानदेवादिसूरिभिः प्रविराजितः ॥८॥
प्रश्रुतस्य महापीठे बृहद्गच्छस्य मण्डनम् ।
श्रीमान् विहारुकप्रष्ठः सूरिरुद्द्योतनाभिधः ।

(–सं. ૧૧૨૯, આ૦ નેમિચંદ્રસૂરિકૃત 'ઉત્તરજઝયણ-વૃત્તિ' પ્રશસ્તિ)

परिवाडीए जाओ चंदकुले वड्डगच्छम्मि ॥१॥
सिरिउज्जोयणसूरि उत्तमगुणरयणभूसियसरीरो ।
वेहारुयमुणिसंताण गयणवरपुन्निमाचंदो ॥२॥
सोमत्तणेण सोमं खमं खमाए य जो अहिक्खिवइ ।
थिरयाए मेरुगिरिं गंभीरत्तेण मयरनिहिं ॥३॥
जम्मि य गच्छे आसी सिरिपज्जुन्नाभिहाणसूरि त्ति ।
सिरिमाणदेवसूरी सुपसिद्धो देवसूरी य ॥४॥

(– સં. ૧૧૩૯, આ૦ નેમિચંદ્રસૂરિકૃત 'મહાવીરચરિત' પ્રશસ્તિ)
(જૂઓ ભાવાર્થ : પ્રક. ૩૫, પૃષ્ઠ ૫૦ ૩૫૨)

આ૦ **વિમલચંદ્રસૂરિ**ની પાટે આ૦ **ઉદ્દ્યોતનસૂરિ** થયા, જે વડગચ્છના પ્રધાન આચાર્ય હતા.

ઇતિહાસનો સાધારણ અભ્યાસી પણ એ ચોક્કસ રીતે માને છે કે, ભગવાન

મહાવીરસ્વામીના નિર્વાણ પછી શરૂઆતથી ગણધરવંશ, વાચકવંશ, યુગપ્રધાનવંશ તથા ઉપકેશવંશમાં; વિક્રમની બીજી સદીથી ગણધરવંશના નાગેન્દ્રકુલ, ચંદ્રકુલ, નિર્વૃતિકુલ તથા વિદ્યાધરકુલમાં; વિક્રમની છઠ્ઠી સદીથી વનવાસીગચ્છ, વિહારુક-ગચ્છ, રાજગચ્છ, વટેશ્વરગચ્છ, ચૈત્યવાસી ગચ્છો તથા સંવેગી ગચ્છોમાં અને વિક્રમની બારમી સદીથી વડગચ્છના વાદિદેવાચાર્યગચ્છ, તપાગચ્છ, અંચલગચ્છ તથા ખરતરગચ્છમાં ઘણા પ્રભાવક આચાર્યો થઈ ગયા.

ચોરાશી ગચ્છો

ગચ્છવિસ્તાર –

ભારતમાં જૈન સંઘને સંગઠિત બની રહેવું ઘણું જરૂરી હતું. આથી ભ૦ પાર્શ્વનાથ અને ભગવાન મહાવીરસ્વામીની પરંપરાના શ્રમણોની મૂળ ચાર શાખા, ઉપશાખા તથા મુનિસંઘો, અમુક અમુક ક્ષેત્રમાં સતત વિહાર કરતા રહેતા અને ધર્મનો પ્રચાર કર્યે જતા હતા. આથી સમય જતાં આ મુનિસંઘો તેનો પ્રદેશ, મુખ્ય નગર, મુખ્ય મુનિ-નાયક કે નોંધપાત્ર ઘટનાના નામથી પ્રસિદ્ધિ પામ્યા હતા. આવી રીતે ધીમે ધીમે ૮૪ ગચ્છો બન્યા હતા.

(જૂઓ ભા. ૧, પરિશિષ્ટ પહેલું, પૃ. ૫૦૬થી ૫૧૨)

ચૈત્યવાસીઓએ જૈન સંઘના આ એકમને ખરી જવાબદારીથી ટકાવી રાખ્યું હતું. વિક્રમની બીજી સહસ્રાબ્દીમાં નીકળેલા ગચ્છોએ આ એકમને તોડી નાખ્યું અને છેવટે વિક્રમની ૧૬મી શતાબ્દીમાં નીકળેલા સ્વચ્છંદી મતપંથોએ તો આ એકમને વિનાશના પંથે મૂકી દીધું.

જેમ જૈન શ્રમણોમાં ૮૪ ગચ્છો થયા તેમ ગૃહસ્થ જૈનોમાં પણ ગામ વગેરેના કારણે ૮૪ જ્ઞાતિઓ બની. જેમ કે ઓસવાલ, શ્રીમાલ, પોરવાલ, પલ્લીવાલ, ડીસાવાલ, અગ્રવાલ વગેરે પ્રાચીનકાળમાં ૮૪ જ્ઞાતિઓ જૈન હતી.

નાગેંદ્ર, ચંદ્ર, નિર્વૃતિ તથા વિદ્યાધરકુલોનો પરિચય અગાઉ આવી ગયો છે.[૧] (જૂઓ પ્ર. ૧૪, પૃ. ૨૫૦થી ૨૫૨; પ્ર. ૧૫, પૃ. ૨૮૧)

---

૧. આ ચાર ગચ્છો માટે દિગંબર ગ્રંથોમાં જુદા જુદા ઉલ્લેખો મળે છે :

(અ) દિગંબરો પોતાને આ૦ ચંદ્રગુપ્તસૂરિજીની પરંપરાના બતાવે છે –

' तदीयवंशाकरतः प्रसिद्धादभूददोषा यतिरत्नमाला ।'

(–વિંધ્યગિરિ શિલાલેખ, લેખાંક : ૧૦૮, શ્લો. ૧૦)

(આ) ઇન્દ્ર, ચંદ્ર અને નાગેંદ્રગચ્છના શ્રમણો (શ્વેતાંબરો) મિથ્યાત્વી છે.

(–પં૦ આશાધરકૃત 'સાગારધર્મામૃત' પૃ. ૫; ષટ્પ્રાભૃત-ટીકા, પૃ. ૧૧૮, ૨૩૯, ૨૮૩, ૩૨૩.)

તેમાં વિશેષ પરિચય નીચે મુજબ છે–

આ ચારે કુલોમાં સમકાલીન વિભિન્ન ગચ્છો મળી જવાથી આ કુલો ગચ્છ બની ગયા.

નાગેન્દ્રગચ્છ –

નાગેંદ્રગચ્છનો પરિચય અગાઉ (પ્રકરણ ૧૪, પૃ. ૨૫૧)માં આવી ગયો છે. આ ગચ્છમાં આ૦ સિદ્ધસેન દિવાકરનો ગચ્છ સામેલ થયો હોવાનું મનાય છે. (પ્રક. ૧૧, પૃ. ૨૧૪)

નાગેંદ્રગચ્છનો વધુ ઇતિહાસ નીચે પ્રમાણે મળે છે–

પાર્શ્વલ્લગણી –

" आसीन्नागकुले लक्ष्मणसूरिर्निंतान्तशान्तमतिः ।
तद्‌गच्छे गुरुतरुयन् नाम्नाऽसीत् शीलभद्रगणिः ॥१॥
शिष्येण मूलवसतौ जिनत्रयमकार्यत ।
भृगुकच्छे तदीयेन पार्श्वल्लगणिना वरम् ॥२॥
शकसंवत् ९१० ॥ " (ઐતિહાસિક લેખસંગ્રહ, પૃ. ૩૨૦-૩૩૦)

આ૦ લક્ષ્મણસૂરિ પરમ શાંત હતા. તેમના ગચ્છમાં મોટા શીલભદ્રગણિ થયા. તેમના શિષ્ય પં૦ પાર્શ્વિલ્લગણિએ શક સં. ૯૧૦ (વિ. સં. ૧૦૪૬)માં ભરૂચમાં ભગવાન મુનિસુવ્રતસ્વામીના શકુનિકાવિહાર નામના મોટા દેરાસરમાં ત્રણ પ્રતિમાઓની અંજનશલાકા કરાવી.

ગુજરાતના કડી ગામમાં જૈન વિદ્યાર્થી ભવનના ઘરદેરાસરમાં ભ૦ પાર્શ્વનાથની પરિકરવાળી ધાતુપ્રતિમા છે, તેની ઉપર ઉપર્યુક્ત લેખ છે.

(જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૧૧૬)

રાજગચ્છના આ૦ વર્ધમાનસૂરિએ સં. ૧૦૫૫માં 'ઉપદેશપદ'ની ટીકા રચી અને પં૦ પાર્શ્વિલ્લગણિની પ્રેરણાથી મુનિ આમ્રદેવે એ ટીકાની પ્રતિ લખી. આ મુનિ આમ્રદેવ તે વડગચ્છના આ૦ ઉદ્‌દ્યોતનસૂરિના શિષ્ય હતા, જેઓ ઉપાધ્યાય આમ્રદેવગણિના નામથી પ્રસિદ્ધ થયા હતા.

ઉપા૦ આમ્રદેવે એ ટીકાની પ્રશસ્તિની પાછળ પુષ્પિકા જોડેલી છે, જેમાં તેમણે પં૦ પાર્શ્વિલ્લગણિને નમસ્કાર કરીને આ લેખનના પ્રેરક બતાવ્યા છે.

પં૦ સાંબમુનિ –

નાગેંદ્રગચ્છના પં૦ સાંબમુનિએ ચંદ્રગચ્છીય મહાકવિ જંબૂમુનિના સં. ૧૦૦૫ લગભગમાં રચાયેલા 'જિનશતક'ની સં. ૧૦૨૫માં વૃત્તિ રચી.

૧. નાગેંદ્રગચ્છ પટ્ટાવલી

૧. આ૦ વીરસૂરિ – આ આચાર્યે મંડલપતિ ચચ્ચિગને સં. ૧૦૮૦માં દીક્ષા આપી હતી.[૧]

૨. આ૦ વર્ધમાનસૂરિ – તેઓ પરમાર ક્ષત્રિય હતા.

૩. આ૦ રામસૂરિ.

૪. આ૦ ચંદ્રસૂરિ – તેમનો ઉપદેશ અસરકારક મનાતો હતો. તેમણે ઘણા મનુષ્યોને પ્રતિબોધ કર્યો હતો. તેમણે 'પંચાશકચૂર્ણિ' વગેરે ગ્રંથોની રચના કરી હતી. આ આચાર્ય નાગેંદ્રગચ્છના હતા અને એ જ અરસામાં આ૦ શાલિભદ્રના પટ્ટધર આ૦ ચંદ્રસૂરિ નામે રાજગચ્છમાં થયા, જેઓ મહાન ગ્રંથકાર હતા. (પ્રક. ૧૫, પૃ. ૨૮૨; પ્રક. ૩૨, પૃ. ૪૨૧; પ્રક. ૩૫, પૃ. ૧૭)

૫. આ૦ દેવસૂરિ – તેઓ પરમ શાંત તરીકે ઓળખાતા હતા.

૬. આ૦ અભયદેવ – કલિકાલસર્વજ્ઞ આ૦ હેમચંદ્રસૂરિએ રાજા પાસે તેમની પ્રશંસા કરી હતી.

૭. આ૦ ધનેશ્વર – તેઓ અતિરૂપાળા અને મધુરભાષી હતા.

૮. આ૦ વિજયસિંહસૂરિ – તેઓ મોટા વિદ્વાન હતા. તેમણે 'સામ્યશતક, સુજનભાવના' તથા સં. ૧૨૧૫ માં પાલીમાં 'જંબૂદ્વીવસમાસ'ની 'વિનેયજનહિતા-વૃત્તિ' રચી હતી તેમજ કવિવર આસડની 'વિવેકમંજરી'ને શુદ્ધ કરી હતી.

તેમની પાટે બે આચાર્યો થયા. ૧. આ૦ દેવેંદ્રસૂરિ અને ૨. આ૦ વર્ધમાનસૂરિ.

આ૦ દેવેંદ્રસૂરિ આ૦ વિજયસિંહસૂરિના ગુરુભાઈ હતા; પણ તેઓ આ૦ વિજયસિંહસૂરિની પાટે આવ્યા હોય એમ જણાય છે. તેમણે સં. ૧૨૬૪માં સોમેશ્વરપુરમાં 'ચંદ્રપ્રભચરિત'ની રચના કરી છે.

૯. આ૦ વર્ધમાનસૂરિ – તેમણે ગલ્લકકુલના દંડનાયક આહ્લાદનને ઉપદેશ આપી, તેની પાસે પાટણના નાગેંદ્રગચ્છીય ભ૦ વાસુપૂજ્યસ્વામીના દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવ્યો તેમજ એ જ દંડનાયકની વિનતિથી સં. ૧૨૯૯માં પાટણમાં એ જ દેરાસર પાસેના ઉપાશ્રયમાં રહીને 'શ્રીવાસુપૂજ્યચરિત' (સર્ગઃ ૪, ગ્રંથાગ્ર : ૫૪૯૪)ની રચના કરી. (જૂઓ, પ્રક. ૪૧, પૃ. ૫૧૪)

૧૦. આ૦ ઉદયપ્રભસૂરિ.

---

૧. આ ચચ્ચિગ સિવાય એક બીજો ચચ્ચિગ નામે જાલોરનો રાજા હતો, જેણે સં. ૧૩૩૩માં સેવાડી પાસે કરેડા ગામમાં ભ૦ પાર્શ્વનાથના જિનાલયમાં દાન કર્યું હતું. (જૂઓ, પ્રક. ૩, પૃ. ૮૧; પ્રક. ૩૫, પૃ. ૧૨૪-૧૨૫ – જાલોરના સોનગિરા ચૌહાણોની રાજાવલી, નં. ૩૧)

૨. નાગેંદ્રગચ્છીય પટ્ટાવલી

૧. **આ૦ મહેંદ્રસૂરિ** – તેઓ આ૦ શીલગુણસૂરિ અને આ૦ દેવચંદ્રસૂરિની પરંપરામાં થયા.

૨. **આ૦ શાંતિસૂરિ** – તેઓ સં. ૧૧૫૦ લગભગમાં વિદ્યમાન હતા. તેમણે સંભવતઃ 'વાસુપૂજ્યચરિત'ની રચના કરી.

૩. **આ૦ આનંદસૂરિ, આ૦ અમરચંદ્રસૂરિ** – આ બંને આચાર્યોએ બાળપણથી સમર્થ વાદી તરીકે પ્રસિદ્ધિ મેળવી હતી. ગૂર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહ તેમને 'વ્યાઘ્રશિશુક' અને સિંહશિશુક' તરીકે સંબોધતો હતો. આ૦ અમરચંદ્ર-સૂરિએ 'સિદ્ધાંતાર્ણવ' ગ્રંથની રચના કરી છે.

ડૉ. સતીશચંદ્ર વિદ્યાભૂષણે નોંધ્યું છે કે, મહાતાર્કિક ગંગેશ ઉપાધ્યાયે પોતાના નવ્ય ન્યાયના 'તત્ત્વચિંતામણિ' ગ્રંથમાં વ્યાપ્તિનાં બે લક્ષણોનું નામ સિંહ-વ્યાઘ્ર આપ્યું છે, જે ઉપર્યુક્ત આચાર્યોના બિરુદને આધારે આપેલું જણાય છે.

૪. **આ૦ હરિભદ્રસૂરિ** – તેઓ 'કલિકાલગૌતમ' તરીકે ખ્યાતિ પામ્યા હતા. તેમણે 'તત્ત્વબોધ' ગ્રંથ રચ્યો છે તેમજ સં. ૧૨૫૦માં નીનાના વંશના મંત્રી ધનપાલની વિનતિથી 'ચંદ્રપ્રભચરિત'ની રચના કરી છે.

(જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૧૩૬)

૫. **આ૦ વિજયસેનસૂરિ** – તેઓ પ્રખર વક્તા હતા. તેઓ પંચાસરા પાર્શ્વનાથ તીર્થના ઉપાશ્રયમાં ઉપદેશ દેતા હતા. તેમની વાણી અમોઘ મનાતી હતી. ગુજરાતના મહામાત્ય વસ્તુપાલ-તેજપાલ વગેરે તેમના જ શ્રદ્ધાળુ ભક્ત શ્રાવકો હતા. તેણે બંધાવેલાં સમગ્ર જિનમંદિરોની પ્રતિષ્ઠા આ આચાર્યશ્રીના હાથે થઈ હતી. (જૂઓ, પ્રક. ૩૭, પૃ. ૨૨૬) તેમણે સં. ૧૨૮૭માં 'રેવંતગિરિરાસુ'ની અપભ્રંશમાં રચના કરી હતી.

તેમની પાટે બે આચાર્યો થયા. ૧. આ૦ યશોદેવસૂરિ (સં. ૧૩૦૨નો લેખ) અને આ૦ ઉદયપ્રભસૂરિ, જેમનું બીજું નામ ઉદયસેનસૂરિ પણ હતું. (સં. ૧૩૦૫નો લેખ.)

૬. **આ૦ ઉદયપ્રભસૂરિ** – તેઓ નાની ઉંમરના હતા ત્યારે ધોલેરામાં આવેલા એક માણભટ્ટ આખ્યાનકારની અદ્‌ભુત આખ્યાનકલાની ખ્યાતિ સાંભળીને આ૦ ઉદયપ્રભને તેની આખ્યાનકલા જોવાની ઇચ્છા થઈ, તેથી મહામાત્ય વસ્તુપાલે તેનું આખ્યાન છ મહિના સુધી ઉપાશ્રય પાસે કરાવ્યું. તે

સાંભળીને આચાર્યશ્રીએ તેમાંથી ઘણું માર્ગદર્શન મેળવ્યું. તેમણે સં. ૧૨૮૭માં 'સંઘપતિચરિત' (ગ્રં. ૫૨૦૦), આરંભસિદ્ધિ, સુકૃતકીર્તિકલ્લોલિની, નેમિનાથ-ચરિત, ષડશીતિટિપ્પણ, કર્મસ્તવટિપ્પણ અને સં. ૧૨૯૯માં 'ઉપદેશમાલા' ઉપર 'ઉપદેશકર્ણિકા' નામે વૃત્તિ રચી છે અને ગિરનારતીર્થમાં પ્રશસ્તિ બનાવી છે.

આ૦ મલ્લિષેણસૂરિ આ૦ ઉદયપ્રભસૂરિનો પરિચય આપે છે કે –

" मातर्भारति ! संनिधेहि हृदि मे येनेयमाप्तस्तुते -
निर्मातुं विवृतिं प्रसिद्ध्यति जवादारम्भसंभावना ।
यद्वा विस्मृतमोष्ठयोः स्फुरति यत् सारस्वतः शाश्वतो
मन्त्रः श्रीउदयप्रभेति रचनारम्यो ममाहर्निशम् ॥४॥
नागेन्द्रगच्छगोविन्दवक्षोऽलङ्कारकौस्तुभाः ।
ते विश्ववन्द्या नन्द्यासुरुदयप्रभसूरयः ॥६॥ "

૭. **આ૦ મલ્લિષેણસૂરિ** – આ૦ જિનભદ્રસૂરિ.

આ૦ મલ્લિષેણસૂરિએ શક સં. ૧૨૧૪ (સં. ૧૩૪૯)માં દિવાળીના દિને શનિવારે **'અન્યયોગવ્યવચ્છેદિકા'** ઉપર **'સ્યાદ્વાદમંજરી'** નામે ટીકાગ્રંથની રચના કરી, જેમાં તેમના જ ન્યાયશાસ્ત્રના વિદ્યાર્થી ખરતરગચ્છીય આ૦ **જિનપ્રભસૂરિએ** સહાય કરી હતી. વળી, તેમની 'સજ્જનચિત્તવલ્લભ' નામે પચ્ચીસ શ્લોકની એક રચના પણ ઉપલબ્ધ છે.

આ૦ જિનભદ્રે સં. ૧૨૯૦માં મહામાત્ય વસ્તુપાલના પુત્ર **જયંતસિંહ**, જે ખંભાતનો સૂબો હતો, તેને માટે 'પ્રબંધાવલી'ની રચના કરી હતી.

૩. નાગેંદ્રગચ્છીય પટ્ટાવલી

૧. **આ૦ હેમપ્રભસૂરિ.**

૨. **આ૦ ધર્મઘોષસૂરિ.**

૩. **આ૦ સોમપ્રભસૂરિ.**

૪. **આ૦ વિબુધપ્રભસૂરિ** – તેમણે સં. ૧૩૩૪માં સાત સર્ગાત્મક 'શાલિભદ્રચરિત'ની રચના કરી, જેનું આ૦ પ્રદ્યુમ્નસૂરિએ સંશોધન કર્યું અને જેને પં૦ પ્રભાચંદ્રગણિએ લખ્યું હતું.

૫. **આ૦ પદ્મચંદ્રસૂરિ** – તેઓ આચાર્ય થયા તે પહેલા પં. પ્રભાચંદ્રગણિ નામે ઓળખાતા હતા, ત્યારે મુનિ ધર્મકુમારે સં. ૧૩૩૪માં રચેલા 'શાલિભદ્ર-ચરિત'ની પ્રતિ તેમણે લખી હતી. તેમનું બીજું નામ આ૦ પ્રભાનંદ પણ મળે

છે. સમરાશાહ ઓસવાલે સં. ૧૩૭૧માં શત્રુંજય મહાતીર્થનો મોટો ઉદ્ધાર કરાવ્યો ત્યારે તેઓ ત્યાં વિદ્યમાન હતા.

૬. આ૦ રત્નાકરસૂરિ.

૭. આ૦ રત્નપ્રભસૂરિ.

૮. આ૦ સિંહદત્તસૂરિ – શેઠ વીરપાલ શ્રીમાળીના પુત્ર નરસિંહ, તેમના પુત્ર મેલિગે સં. ૧૪૫૫ના પોષ વદિ ૧૦ ને સોમવારે પાટણમાં 'પાર્શ્વનાથચરિત' લખાવી આ આચાર્યને વહોરાવ્યું હતું. મેલિગની પત્ની મેલાદેવીએ 'કલ્પસૂત્ર'ની પ્રતિ લખાવી હતી. (જૂઓ, જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્ર. ૪૪)

આ૦ વિદ્યાસાગરસૂરિ – સં. ૧૩૭૧માં થયા.

આ૦ ગુણસાગરસૂરિ – સં. ૧૫૨૨માં વિદ્યમાન હતા. તેમની પાટે આ૦ ગુણસમુદ્રસૂરિ સં. ૧૫૧૨ માં આવ્યા હતા.

'રાજગચ્છ પટ્ટાવલી'માં નાગેંદ્રગચ્છની પંચાસરમાં પાંચ ગાદી અને લોલાઉત્રાની પાંચથી વધુ ગાદી બતાવી છે, તેમજ આ૦ જીવદેવસૂરિના વાયડગચ્છને નાગેંદ્રગચ્છમાં દાખલ કર્યો છે.

(-વિવિધગચ્છીય પટ્ટાવલીસંગ્રહ, પૃ. ૬૧)

નાગેંદ્રજ્ઞાતિ :

ઇતિહાસના પરિશીલનથી જણાય છે કે, જૈનોએ પ્રસંગે પ્રસંગે જૈનધર્મમાં માનનારાઓની એકેક સમિતિ બનાવી હતી, જેણે સમય જતાં જ્ઞાતીનું રૂપ લીધું હતું. આ રીતે ઓસવાલ, પોરવાલ, શ્રીમાલ, નાગવંશ, નાગેંદ્રકુલ, સાવયકુલ, હુંબડ વગેરે પ્રાચીન જૈન જ્ઞાતિઓ બની. ઓસવાલ અને પોરવાલોનો પરિચય પહેલાં (પ્રક. ૧, પૃ. ૧૬ થી ૧૮) આવી ગયો છે.

નાગવંશની ઉત્પત્તિ પહેલાં (પ્રક. ૮, પૃ. ૧૫૨માં) બતાવી છે કે, આર્ય નંદિલના ઉપદેશથી વિક્રમની બીજી સદીમાં નાગવંશ બન્યો. વળી બીજી એક વાત પણ એ છે કે, આ૦ નાગેંદ્રસૂરિથી વીર નિ. સં. ૬૦૬માં નાગેંદ્રગચ્છ બન્યો. તેના ઉપાસકો પણ પોતાને નાગેંદ્રજ્ઞાતિના બતાવતા હતા. નાગેંદ્રજ્ઞાતિનો આ પ્રકારે પ્રતિમાલેખ મળે છે –

'સં. ૧૪૯૨ના ચૈત્ર વદિ ૧૨ દોશી વિજયાનંદની પરંપરામાં અનુક્રમે હેમ અને સોમચંદ થયા.' તેઓ નાગેંદ્રજ્ઞાતિના શ્રાવકો હતા.

(આ૦ બુદ્ધિસાગરસૂરિ, લેખસંગ્રહ ભા. ૧, લેખાંક : ૬)

જૈનો ઉપર આફત આવતાં જૈનો હિજરત કરી, પૂર્વ દેશ છોડીને રાજપૂતાનામાં આવીને વસ્યા અને જેઓ ત્યાં રહ્યા તેઓ શૈવધર્મી બની ગયા. રાજપૂતાનામાં આવેલા જૈનો શ્વેતાંબર કે દિગંબરમાં ભળી ગયા. આથી એ પણ તારવી શકાય છે કે, વીર નિ. સં. ૬૦૬માં નાગેંદ્રગચ્છ બન્યા પછી 'દિગંબરમત' નીકળ્યો.

સાવય – જિનાગમરક્ષક પૂ. દેવર્ધિગણિની ગુરુપરંપરામાં આર્ય સુહસ્તિસૂરિની પાટે આર્ય ધર્મ થયા તે સાવય-શ્રાવક (સુવ્વય) ગોત્રના હતા.

(પ્રક. ૧૩, પૃ. ૨૪૨)

સરાક – ભ૦ પાર્શ્વનાથના શાસનકાળમાં શ્રાવકોની પરંપરામાં સાવય જ્ઞાતિ હતી. ભ૦ પાર્શ્વનાથના શાસનમાં મુનિઓ વસ્ત્રધારી હતા. જે શ્રાવકો હિજરત થયા પછી પૂર્વ ભારતમાં જ ટકી રહ્યા તે આજ સુધી 'સરાક' તરીકે ઓળખાય છે.

હુંબડ – આ૦ જિનદત્તસૂરિ હુંબડ હતા. અંચલગચ્છના આ૦ જયસિંહસૂરિ પણ એ જ જ્ઞાતિના હતા.

હુંબડો પ્રાચીન જૈન હતા. તેઓ પૂર્વ ભારતમાંથી હિજરત કરી રાજપૂતાનામાં આવ્યા; અને તેઓ માટે ભાગે શ્વેતાંબર-વડગચ્છ અને દિગંબર-મૂલસંઘના ભટ્ટારકોની ગાદીને માને છે. વડગચ્છ અને હુંબડમાં શબ્દસામ્ય જણાય છે, એટલે બનવાજોગ છે કે તે વડગચ્છ નીકળ્યા પછીના શ્રાવકો હોય.

જયપુર, ઘાટમાં શેઠ ગુલાબચંદજી મૂથાના ભ૦ પદ્મપ્રભસ્વામીના દેરાસરમાં એક ચતુર્વિંશતિપટ્ટ વિરાજમાન છે. તેમાં લેખ છે કે, 'ગિરિપુર (ડુંગરપુર)ના હુંબડજ્ઞાતિના ઠ.પૂનાની પરંપરાના શિવાએ પટ ભરાવ્યો અને વૃદ્ધ તપાગચ્છના આ૦ રત્નસિંહસૂરિના હાથે સં. ૧૫૧૬ના અષાડ સુદિ ૩ ને રવિવારે તેની પ્રતિષ્ઠા કરાવી.' એટલે હુંબડો વાસ્તવમાં શ્વેતાંબર વડગચ્છ અને તપાગચ્છના શ્રાવકો હતા. (જૂઓ, ભા. ૩, પ્રક. ૪૪, પૃ. ૧૭)

હિરણ્યનગરના શેઠ અંબુકનો વંશજ શેઠ ઈલાક વગેરે પૂર્ણિમાગચ્છના ઉપાસકો હતા. (જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્ર. ૯)

ઠાકોર (ઠ૦) – સાધારણ રીતે ઓસવાલ, પોરવાલ, શ્રીમાળી વગેરે જૈન જ્ઞાતિઓ સિવાયની હુંબડ, પલ્લીવાલ, મોઢ, ડીસાવાલ, ગૂર્જર, સોરઠિયા વગેરે જ્ઞાતિઓના જૈનો માટે શિલાલેખ અને પ્રતિમાલેખોમાં 'ઠ૦' શબ્દનો પ્રયોગ કરેલો જોવા મળે છે.

ચંદ્રકુલ-પૂર્ણતલ્લગચ્છ પટ્ટાવલી

૧. આ૦ આમ્રદેવ – તે ચંદ્રકુલના પૂર્ણતલ્લગચ્છના[1] આચાર્ય હતા. તેઓ સતત વિહારી હતા.

૨. આ૦ દત્તસૂરિ – તેમની ઘણા રાજાઓએ સેવા કરી હતી.

૩. આ૦ યશોભદ્રસૂરિ – વાગડદેશના રત્નપુરમાં યશોભદ્ર નામે રાજા થયો. તે જ્યારે વટપદ્રનગરમાં ગયો ત્યારે આ૦ દત્તસૂરિનો ધર્મોપદેશ સાંભળી જૈન બન્યો, શ્રાવકપણું સ્વીકાર્યું. તેણે ડિંડુઆણામાં ચોવીશ દેરીઓવાળો મોટો જિનપ્રાસાદ બંધાવ્યો. આ૦ દત્તસૂરિ પાસે દીક્ષા લઈ જીવનપર્યંત છ વિગયનો ત્યાગ કર્યો તથા એકાંતરે ઉપવાસ કરવાની પ્રતિજ્ઞા કરી. તેમણે શાસ્ત્રોનો અભ્યાસ કરી, આચાર્યપદ પ્રાપ્ત કર્યું. અંતે વૃદ્ધાવસ્થામાં ગિરનારતીર્થ ઉપર ૧૩ દિવસનું અનશન લઈ સ્વર્ગગમન કર્યું. તેઓ રાજર્ષિ હતા. ઘણા રાજાઓ તેમને ગુરુ તરીકે માનતા હતા. તેઓ વિ. સં. ૯૪૭માં વિદ્યમાન હતા.

૪. આ૦ પ્રદ્યુમ્નસૂરિ – તેઓ સમર્થ વ્યાખ્યાતા હતા. તેમણે 'ઠાણગ-પગરણ'ની રચના કરી છે.

૫. આ૦ ગુણસેનસૂરિ – તેઓ નૈષ્ઠિક બ્રહ્મચારી, ઉત્તમ શીલસંપન્ન, ઇન્દ્રિયવિજેતા, સિદ્ધાંતવિશારદ, પ્રવચનભાસ્કર, કરુણાસાગર, ચારિત્રરત્નને ઉત્પન્ન કરનાર અને ધર્મરાજ હતા. વાદિવેતાલ આ૦ શાંતિસૂરિ (સ્વ. ૧૦૯૬)એ તેમની પ્રેરણાથી 'ઉત્તરજ્ઝયણ'ની 'શિષ્યહિતા ટીકા' રચેલી છે.

૬. આ૦ દેવચંદ્રસૂરિ – તેઓ નવાંગીવૃત્તિકાર આ૦ અભયદેવસૂરિના સહોદર હતા અને આ૦ પ્રદ્યુમ્નસૂરિના શિષ્ય હતા. તેઓ તીર્થસમા સૌને પવિત્ર કરનારા અને સ્યાદ્વાદના અજોડ સ્થાપક હતા. તેઓ આ૦ ગુણસેનસૂરિ પાસેથી શાસ્ત્રજ્ઞાન મેળવીને આચાર્યપદ પામ્યા અને તેમની પાટે આવ્યા.

તેમણે સં. ૧૧૪૬ના ફાગણ વદિ ૫ ને ગુરુવારે અશ્વિની નક્ષત્રમાં ખંભાતમાં 'મૂલશુદ્ધિ'ની ટીકા, સં. ૧૧૪૬માં 'ઠાણગપગરણ'ની ટીકા, સં. ૧૧૬૦માં 'સંતિનાહચરિયં' (ગ્રં. ૧૨૧૦૦), અપભ્રંશભાષામાં 'સુલસકૂખાણ' (કડવક : ૭) અને 'કાલગજ્જકહા' (ગ્રં. ૩૬૦) રચેલાં છે. આ૦ શાલિભદ્રસૂરિએ પાટણમાં તેમની 'મૂલશુદ્ધિ-ટીકા'નું સંશોધન કર્યું હતું.

૭. આ૦ પ્રદ્યુમ્નસૂરિ, આ૦ હેમચંદ્રસૂરિ – કલિકાલસર્વજ્ઞ આ૦ હેમચંદ્રસૂરિએ ગૂર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહને ઉપદેશ આપી જૈનધર્મનો પ્રેમી

---

૧. પૂર્ણતલ્લગચ્છને કેટલાક નામસાદૃશ્યથી 'પૂનમિયાગચ્છ' પણ કહે છે.

બનાવ્યો તેમજ કુમારપાલ રાજાને પ્રતિબોધ કરી પરમાહર્ત બનાવ્યો. તેમણે વિવિધ વિષયો પર ગ્રંથો રચ્યા. તેઓ સં. ૧૨૨૯માં પાટણમાં સ્વર્ગસ્થ થયા. તેમના શિષ્યો આ૦ રામચંદ્રસૂરિ વગેરેએ પણ ઉત્તમ કોટિના ગ્રંથોની રચના કરી તેમજ સો પ્રબંધો રચ્યા છે. (જૂઓ, પ્રક. ૪૧, પૃ. ૪૭૦ થી ૪૯૯)

૮. **આ૦ ચંદ્રસેનસૂરિ** – તેઓ આ૦ પ્રદ્યુમ્નસૂરિની પાટે આવ્યા. તેમણે સં. ૧૨૦૭માં વ્યાકરણ વિષયક 'ઉત્પાદાદિસિદ્ધિ પ્રકરણ' (શ્લો. ૩૨) તેમજ તેના ઉપર સ્વોપજ્ઞ વૃત્તિની રચના કરી છે.

આ૦ શાંતિસૂરિ – તેઓ પૂર્ણતલ્લગચ્છીય આ૦ વર્ધમાનસૂરિની પાટ ઉપર આવ્યા. તેમણે 'વૃન્દાવનકાવ્ય, ઘટકર્પરકાવ્ય, શિવભદ્રકાવ્ય અને ચંદ્રદૂતકાવ્ય' એમ ચાર યમક-કાવ્યોની વૃત્તિ, સં. ૧૧૭૫થી સં. ૧૧૮૦માં ન્યાયાવતારવાર્તિક, ન્યાયાવતારટીકા, સં. ૧૧૮૦માં 'વિચારકલિકા' તથા 'તિલકમંજરી' વગેરેનાં ટીકાટિપ્પણો રચ્યાં છે. (જૂઓ, પટ્ટાવલી ભા. ૨, પૃ. ૨૨૬)

માનદેવગચ્છ[1] **:**

૧૯. **આ૦ માનવદેવસૂરિ** – તેઓ ચંદ્રકુલના વનવાસીગચ્છના આચાર્ય હતા. તેમણે શાકંભરી જઈ 'શાંતિસ્તવ' રચીને મરકી શાંત કરી હતી.

(વધુ પરિચય માટે જૂઓ, પ્રક. ૧૯, પૃ. ૨૯૭-૨૯૮)

૨૦. **આ૦ માનતુંગસૂરિ** – પટ્ટાવલીકારો તેમને ૧૯મા આ૦ માનદેવ-સૂરિના પટ્ટધર બતાવે છે (પ્રક. ૨૦, પૃ. ૨૯૯), પણ અમે બાણ, મયૂર તેમજ રાજા વૃદ્ધ ભોજના કાળની અપેક્ષાએ ૨૭મા આચાર્યની પરંપરામાં ૨૯મા આ૦ જયાનંદસૂરિના સમયમાં મૂક્યા છે. (પ્રક. ૨૯, પૃ. ૩૭૯ થી ૩૮૩)

તેમની પરંપરામાં સં. ૧૨૯૨માં ૨૬મા આ૦ પદ્મદેવસૂરિ થયા હતા. આ૦ માનતુંગસૂરિને આ૦ જયાનંદસૂરિના સમયમાં મૂકવાથી આ મેળ મળી રહે છે.

૨૧. **આ૦ બુદ્ધિસાગરસૂરિ.**

૨૨. **આ૦ પ્રદ્યુમ્નસૂરિ** – તેમના **શ્રમણી**-સમુદાયમાં સાધ્વી પ્રભાવતીશ્રી મહત્તરા, સા૦ જગશ્રી મહત્તરા, સા૦ ઉદયશ્રી મહત્તરા, સા૦ ચારિત્રશ્રી મહત્તરા વગેરે હતાં. આચાર્યશ્રીએ શેઠ ગણિયાક ધાકડની પત્ની ગુણશ્રીની પુત્રીને

---

૧ શ્રી માનદેવવંશ - ઓસવાલજ્ઞાતિમાં પણ શેઠ વીરદેવના પુત્ર માનદેવથી માનદેવવંશ નીકળ્યો હતો. જેના વંશજોએ ખરતરગચ્છના આચાર્યોના ઉપદેશથી ઘણાં ધર્મકાર્યો કર્યાં હતાં. (જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પુષ્પિકા : ૯૫)

દીક્ષા આપી, સા૦ પ્રભાવતી મહત્તરાની શિષ્યા બનાવી, તેનું નામ **સા૦ નિર્મલમતિશ્રી** આપ્યું હતું.

૨૩. **આ૦ દેવચંદ્રસૂરિ** – તેમણે પોતાના બે શિષ્યોને આચાર્યપદ આપીને પોતાની પાટે સ્થાપ્યા હતા. ૧. આ૦ માનદેવસૂરિ અને ૨. આ૦ પૂર્ણચંદ્રસૂરિ.

૨૪. **આ૦ માનદેવસૂરિ** – તેઓ આ૦ દેવચંદ્રના મુખ્ય પટ્ટધર હતા. તેઓ સિદ્ધાંતના પારગામી અને વિદ્વાનોમાં માન્ય હતા; એટલું જ નહીં પણ તેઓ શુદ્ધ બ્રહ્મચારી, મોટા ઇન્દ્રિયવિજેતા અને સંતોષી હતા. તેમના ગુરુભાઈ આ૦ પૂર્ણચંદ્રસૂરિ સમર્થ વાદી અને અમોઘ દેશના આપવાની શક્તિવાળા હતા.

૨૫. **આ૦ માનતુંગસૂરિ** – તેઓ અત્યંત વૈરાગી હતા.

૨૬. **આ૦ પદ્મદેવસૂરિ** – સાધ્વી **નિર્મલમતિ ગણિનીએ** સં. ૧૨૯૨ના કાર્તિક સુદિ ૮ ને રવિવારે ધનિષ્ઠા નક્ષત્રમાં આ૦ હેમચંદ્રસૂરિના સટીક 'યોગશાસ્ત્ર'ના બે પ્રકાશની પ્રતિઓ લખી આ૦ પદ્મદેવસૂરિને આપી.

(જૂઓ, જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પુ.૨૫)

ચંદ્રગચ્છ :

રાજગચ્છ, વડગચ્છની સંવેગી શાખા, થારાપદ્રગચ્છની સંવિજ્ઞવિહારી શાખા, પૂર્ણિમામત, માનદેવવંશ તેમજ સરવાલગચ્છ મોટે ભાગે પોતાને સીધા ચંદ્રગચ્છના બતાવે છે. આથી કેટલાએક આચાર્યોનો ગચ્છ તારવવામાં ગૂંચ પડી જાય છે. સાવચેતીથી તપાસ કરીએ તો જ સાચી હકીકત જાણવા મળે.

સરવાલગચ્છ (સં. ૧૧૬૦) :

સરવાલગચ્છનું ઉત્પત્તિ સ્થાન શ્રીમાલપુર કે સરવાલનગર હતું. શ્રીમાલપુરનું બીજું નામ ભિન્નમાલ પણ છે. સરવાલનગર અજમેર પાસે નસીરાબાદથી કેકડી જતાં મોટર રસ્તે સડક ઉપર આશરે ૧૫ માઈલ દૂર આવેલું આજે એક નાના ગામ સરવાલરૂપે વિદ્યમાન છે, જે પહેલાં મોટું નગર હતું.

અહીં આજે જૈન વસતિ છે, જૈન દેરાસર તેમજ જૈન યતિની ગાદી વગેરે છે. આ નગરના નામ પરથી 'સરવાલગચ્છ' નીકળ્યો.

આ સરવાલ અને કેકડીના જૈનોના પૂર્વજો પહેલાં સરવાલગચ્છના હતા. આજે તેઓ તપાગચ્છમાં દાખલ થયેલાં છે. સરવાલગચ્છની પરંપરા નીચે પ્રમાણે જોવા મળે છે –

આ૦ જિનેશ્વરાચાર્ય – સં. ૧૧૭૩ના ફાગણ વદિ ૪ના રોજ સરવાલમાં રહેતા ગચ્છપ્રતિપાલક આ૦ જિનેશ્વરાચાર્યે વર્ધમાનપુરમાં શ્રીશાંતિનાથની

પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. (જૈનતીર્થસર્વસંગ્રહ, ભા. ૧, ખંડ ૧, પૃ. ૯૬)

વાચનાચાર્ય સમુદ્રઘોષસૂરિ – તેઓ શ્વેતાંબરીય ચંદ્રગચ્છના વસતિવિહારી સરવાલગચ્છના વાચનાચાર્ય હતા. તેઓ સમુદ્રની જેવા ગંભીરભાષી હતા અને સકલવસતિતિલક વાચનાચાર્ય હતા. તેમના ચાર શિષ્યો પ્રસિદ્ધ હતા, જે દેવોને પણ વંદનીય મનાતા હતા.

૧. વાચનાચાર્ય મહેન્દ્રસૂરિ – તેઓ સકલ આગમના પારગામી હતા અને સર્વદા ઉપદેશ દેવામાં તત્પર રહેતા.

૨. ઉપાધ્યાય દેવચંદ્રગણિ – તેઓ મુખ્યતઃ વિચારશીલ ઔચિત્યના જાણકાર, માગનારાઓની ઇચ્છા પૂર્ણ કરનારા અને વિવિધતાના ભંડાર હતા.

૩. દેવચંદ્રગણિ – તેઓ ક્રિયાપ્રેમી અને સરળ હતા તેમજ દશવિધ યતિધર્મ પાળવામાં શૂરા હતા.

૪. વા૦ વીરગણિ – લાટ દેશમાં [૧]કર્કરોહિણિકા (કક્કરરોહિડા)અથવા કાંકરોલી પાસે [૨]વટપદ્ર (બડોત કે વાટેરા) ગામ છે ત્યાં ભિન્નમાલપુરથી આવીને ધર્કટગોત્રીય શેઠ **વર્ધમાન** અને તેમની પત્ની **શમી** વસ્યાં હતાં. તેમને **વસંત** નામે પુત્ર થયો. તેણે આ૦ સમુદ્રઘોષસૂરિ પાસે દીક્ષા લીધી અને વાચનાચાર્ય **વીરગણિ** નામે ખ્યાતિ પામ્યા. આ વીરગણિએ સં. ૧૧૬૦માં વટપદ્રમાં

---

૧. **રોહિણિકા** તે રોહિડા નગર. આ૦ મુનિસુંદરસૂરિએ રોહિણિકાનો ઉપદ્રવ નિવાર્યો હતો.

કર્ક તે રોહિડા પાસે કર્કરા નામે મોટું ગામ હતું. આ૦ સોમસુંદરસૂરિના શિષ્ય પં૦ વિવેકસમુદ્રના શિષ્ય પં૦ અમરચંદ્રે સં. ૧૫૧૮ના ફાગણ વદિ ૧૧ ને બુધવારે કર્કરા મહાગ્રામમાં 'ઉપદેશમાલા'ની અવચૂરિ લખી હતી.

(-મુનિ ચતુરવિજયજી, જૈન સ્તોત્રસંદોહ ભા. ૨, પૃ. ૯૩)

કર્કરાવાસી વ્ય. શેઠ વિજે શાહની પુત્રી અને શેઠ દેદાની બીજી પત્ની લંબિકાએ તપાગચ્છના આ૦ સોમસુંદરસૂરિના ઉપદેશથી સં. ૧૪૭૦ના અષાડ વદિ ૧૩ના દિવસે 'શબ્દાનુશાસન' લખાવ્યું (જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્ર. ૯૮). આજે આ ગામનું નામ કાલીકાંકર છે.

કર્કરા ગામ પાસે બેણપમાં નાઢા શ્રાવિકા રહેતી હતી, જેણે અંચલગચ્છની સ્થાપનામાં મોટી મદદ કરી હતી. (જૂઓ, પ્રક. ૪૦, પૃ. ૪૦૬)

૨. **વટપદ્ર (વાટેડા)** – લિખિતં શ્રીવટપદ્રનગરે શ્રીસોમસુન્દરસૂરિશિષ્ય શ્રીવિશાલરાજસૂરિ–તચ્છિષ્યાણુ પં૦ મેરુરત્નગણિ–તચ્છિષ્યાણુસંયममૂર્તિગણિના ।

(જૂઓ, જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્રશસ્તિ : ૫૦, ૫૧)

વાટોડા – આ ગામ રોહિડાથી નૈઋત્યખૂણામાં છે. અહીં શ્વેતાંબર શ્રાવકોના સાત ઘરો છે. ભ૦ શાંતિનાથનું શિખરબંધી મોટું જિનાલય છે. અહીં સં. ૧૧૭૧ના જેઠ સુદિ ૪ના દિવસે ભ૦ મહાવીરસ્વામીની પ્રતિષ્ઠા થયાનો લેખ છે.

આ૦ હરિભદ્રસૂરિની 'પિંડનિર્યુક્તિ' (ગાથા : ૭૬૧) ઉપર પોતે જ રચેલી તથા અધૂરી મૂકેલી ટીકાને વીરાચાર્યે પૂર્ણ કરી હતી. તેના જ આધારે તેમણે 'પિંડનિર્યુક્તિ' પર બીજી 'શિષ્યહિતા' નામની ટીકા (ગ્રં. ૭૬૭૧) રચેલી છે. આ સમયમાં આ૦ મહેન્દ્રસૂરિ વગેરેએ પં૦ વીરગણિને યોગ્ય આહર-પાણી વગેરે જાણી લઈને તેમની સેવાભક્તિ કરી હતી. પાટણમાં વડગચ્છીય આ૦ **નેમિચંદ્રસૂરિ** અને ચંદ્રગચ્છીય સકલાગમરહસ્યવેદી ચૈત્યવાસી આ૦ **જિનદત્તસૂરિ**એ આ ટીકાનું સંશોધન કર્યું હતું.

ચંદ્રકુલ-રાજગચ્છ – એ ચંદ્રકુલગચ્છનું બીજું નામ 'રાજગચ્છ' પણ છે. તેની પટ્ટાવલી ભા. ૧, પ્રક. ૩૨, પૃ. ૪૧૯ થી ૪૨૮માં આપી છે,* તેની વિશેષ હકીકતો નીચે પ્રમાણે છે.

૧. રાજગચ્છ પટ્ટાવલી

૧. આ૦ નન્નસૂરિ – તેમની પરંપરા 'રાજગચ્છ' નામે ખ્યાતિ પામી. આ પરંપરામાં મોટા વિદ્વાન આચાર્યો થઈ ગયા. પહેલા સાત આચાર્યો સમર્થવાદી તરીકે પ્રસિદ્ધિ પામ્યા હતા, જેઓ ચંદ્રગચ્છમાં જૈનશાસનના સપ્તર્ષિ મનાય છે. (જૂઓ, પ્રક. ૩૨, પૃ. ૪૧૯)

૨. આ૦ અજિત યશોદેવસૂરિ – અજિત એ તેમના વાદ સામર્થ્યને બતાવનારું વિશેષણ છે. (જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્ર. ૨૮માં) તેમનું બીજું નામ વાદિદેવસૂરિ પણ જણાવેલું છે.

૩. આ૦ સહદેવસૂરિ – તેમનું બીજું નામ સર્વદેવસૂરિ હતું. (જૂઓ, જૈ. પુ. પ્ર. સં., પ્રશસ્તિ : ૨૮)

૪. આ૦ પ્રદ્યુમ્નસૂરિ – તેઓ સમર્થ વિદ્વાન અને પ્રકાંડ વાદી હતા (જૂઓ, પ્રક. ૩૨, પૃ. ૪૧૯-૪૨૦). રાજા અલ્લટરાજ આચાર્યશ્રીનો ઉપાસક હતો. (જૂઓ, પ્રક. ૩૪, પૃ. ૪૮૯)

૫. આ૦ અભયદેવસૂરિ – તેઓ ખરેખર અભય એટલે ભયથી રહિત હતા અને રાજગચ્છના સાત વાદીઓ પૈકી પાંચમા વાદી હતા. તેમણે ૮૪ વાદોને જીત્યા હતા.

★ અત્રે આપવામાં આવેલ રાજગચ્છની ૧૮ પટ્ટાવલીઓમાં જે જે આચાર્યભગવંતોની જે જે વિગતો 'જૈન પરંપરાના ઇતિહાસ' ભાગ : ૧ના પૃ. ૪૧૯ થી ૪૨૮ ઉપર આપી છે તે અહીં નહીં લેતાં, તેનાં પૃષ્ઠ નંબર પ્રમાણે તે તે આચાર્યભગવંતોના પરિચયમાં આપવામાં આવી છે, તેમ જાણવું. – સંપાદક

તેમણે આ૦ સિદ્ધસેન દિવાકરે રચેલા 'સન્મતિતર્ક (ગાથા : ૧૬૭) ઉપર ટીકા (**'વાદમહાર્ણવ'** ગ્રં. ૨૫૦૦૦) રચી વિદ્વત્તાનો કીર્તિસ્તંભ ઊભો કર્યો છે.

(જૂઓ, પ્રક. ૩૨, પૃ. ૪૨૦)

૬. **આ૦ ધનેશ્વરસૂરિ** –

श्रीजैनशासननभस्तलतिग्मरश्मिः
श्रीसद्मचान्द्रकुलपद्मविकाशकारी ।
स्वज्योतिरावृतदिगम्बरडम्बरोऽभूत्
श्रीमान् धनेश्वरगुरुः प्रथितः पृथिव्याम् ॥

(જૂઓ, પ્રક. ૩૨, પૃ. ૪૨૦-૪૨૧)

૭. **આ૦ અજિતદેવસૂરિ** – તેમનું બીજું નામ આ૦ અજિતસિંહસૂરિ પણ હતું. તેઓ મહાસંયમી ઇન્દ્રિયવિજેતા હતા. તેમણે 'અટ્ટેમટ્ટે' મંત્રગર્ભિત 'પાર્શ્વનાથસ્તોત્ર' બનાવ્યું છે.

૮. **આ૦ વર્ધમાનસૂરિ** – તેઓ પોતાના સમયમાં ભૂમંડલમાં ઘણી ખ્યાતિ પામ્યા હતા. તેમણે સં. ૧૦૫૦ લગભગમાં આ૦ વીરમિશ્રગણિને પાટણમાં આચાર્યપદ આપ્યું હતું. જેઓ યુગપ્રધાન જ્યેષ્ઠાંગગણિ તરીકે પ્રસિદ્ધિ પામ્યા હતા. (જૂઓ, પ્રક. ૮, પૃ. ૧૬૧ તથા પ્રક. ૩૪, પૃ. ૪૮૬)

આ૦ વર્ધમાનસૂરિએ શ્રીધર્મદાસગણિની 'ઉપદેશમાલા'ની મોટી ટીકા, સં. ૧૦૫૫માં ખંભાતમાં 'ઉપદેશપદ'ની ટીકા તથા 'ઉપમિતિભવપ્રપંચાનામ સમુચ્ચય' આદિ ગ્રંથોની રચના કરી છે.

વડગચ્છના ઉપા૦ આમ્રગણિએ 'ઉપદેશપદ'ની ટીકાની પહેલી પ્રત લખી, તેની પુષ્પિકામાં તેઓ જણાવે છે કે – 'વર્ધમાનસૂરિ પ્રશંસાવિમુખ હતા અને મહાવ્રતી હતા. તેમના દિલમાં જિનાગમની ભાવના ઠાંસી ઠાસીને ભરેલી હતી. તેમણે પોતાના કર્મક્ષય નિમિત્તે આ ટીકા રચી છે.

(જૂઓ, જૈનસત્યપ્રકાશ, ક્ર. ૧૧૬)

આ૦ પ્રભાચંદ્રસૂરિ જણાવે છે કે, આ૦ વર્ધમાનસૂરિ જૈનદર્શન અને જૈનસંઘના આધારસ્તંભ હતા, લોકોમાં વ્યાપેલાં કુવ્યસનોને દૂર કરનારા હતા.

(જૂઓ, પ્રભાવકચરિત-પ્રશસ્તિ)

આ૦ વર્ધમાનસૂરિ ઉપર્યુક્ત પ્રશંસાને લાયક હતા એ તેમના ગ્રંથોમાંથી પણ તરી આવે છે.

વળી, એ વાત પણ ચોક્કસ લાગે છે કે, તે સમયે રાજગચ્છ, નાગેંદ્રગચ્છ, થારાપદ્રગચ્છ, પૂર્ણતલ્લગચ્છ, માનદેવગચ્છ અને વડગચ્છમાં પરસ્પર ઘણો સ્નેહભાવ પ્રવર્તતો હતો.

સંભવ છે કે, તેઓ સં. ૧૧૦૦ લગભગમાં સ્વર્ગે સંચર્યા હશે.

આ આચાર્યની પાટે આ૦ શાલિભદ્ર, આ૦ દેવેંદ્ર વગેરે પટ્ટધરો થઈ ગયા, તે પછીની પટ્ટાવલીમાં કંઈક જટિલતા છે.

(૧) આ૦ દેવભદ્ર સં. ૧૨૪૨માં લખે છે તે મુજબ – ૮. **આ૦ વર્ધમાન,** ૯. **આ૦ દેવચંદ્ર,** ૧૦. **આ૦ ચંદ્રપ્રભ,** ૧૧. **આ૦ ભદ્રેશ્વર** થયા.

(જૂઓ, સિજ્જંસચરિયં)

(૨) આ૦ જયસિંહસૂરિ સં. ૧૨૧૫માં જણાવે છે તે મુજબ – ૮. **આ૦ વર્ધમાન,** ૯. **આ૦ ચંદ્રપ્રભ,** ૧૦. **આ૦ ભદ્રેશ્વર** થયા.

(જૂઓ, જંબૂદીવસમાસની વૃત્તિ-વિનેયજનહિતા)

(૩) બાલચંદ્રસૂરિ સં. ૧૨૯૮માં જણાવે છે તે મુજબ – ૯. **આ૦ દેવેંદ્ર,** ૧૦. **આ૦ ભદ્રેશ્વર** થયા. આ૦ દેવેન્દ્રે જ આ૦ ભદ્રેશ્વરને પોતાની પાટે સ્થાપ્યા હતા. (જૂઓ, વસંતવિલાસ કાવ્ય)

(૪) આ૦ પ્રદ્યુમ્નસૂરિ સં. ૧૩૩૪માં જણાવે છે તે મુજબ – ૯. **આ૦ શાલિભદ્ર,** ૧૦. **આ૦ ચંદ્રપ્રભ** તથા **આ૦ ધનેશ્વર.** ૯. **આ૦ દેવચંદ્ર,** ૧૦. **આ૦ ભદ્રેશ્વર** થયા. (જૂઓ, સમરાદિત્યસંક્ષેપ)

(૫) આ૦ પ્રભાચંદ્ર સં. ૧૩૩૪માં જણાવે છે તે મુજબ – ૯. **આ૦ શીલભદ્ર,** ૧૦. **આ૦ શ્રીચંદ્ર** વગેરે ચાર. ૧૧. **આ૦ જિનેશ્વર,** ૧૨. **આ૦ જિનદત્ત** થયા. (જૂઓ, પ્રભાવકચરિત)

આ રીતે રાજગચ્છના આચાર્યોએ રચેલા ગ્રંથોની પ્રશસ્તિઓમાં મોટા ક્રમભેદ મળે છે. એ દરેકનો સમન્વય કરીએ તો એટલું જ તારવી શકાય કે–

એ સમયે જૈન શ્રમણસંઘમાં એવો નિયમ હતો કે, કોઈ આચાર્ય કાલધર્મ પામે તો તેમની પાટે સ્વગોત્રીય યોગ્ય મુનિને આચાર્ય બનાવી પાટે બેસાડવામાં આવતા. સંભવ છે કે, આ૦ શીલભદ્રસૂરિએ આવા વિલક્ષણ સંયોગમાં આ૦ દેવેન્દ્રની પાટે આ૦ ધનેશ્વરના શિષ્યને આ૦ ચંદ્રસૂરિના નામથી તથા આ૦ દેવેન્દ્રસૂરિના જ શિષ્યને આ૦ ભદ્રેશ્વર તરીકે સ્થાપ્યા હશે. આ૦ ચંદ્ર એટલે ચંદ્રપ્રભ બંને સમુદાયોમાં પ્રધાન હતા. આ૦ ભદ્રેશ્વર પણ તેમની આજ્ઞામાં રહેતા હતા. તેથી આ૦ ભદ્રેશ્વર આ૦ ચંદ્રપ્રભની પાટે મનાતા હશે. તેમજ આ૦ ચંદ્ર

આ૦ શીલભદ્રસૂરિના પટ્ટધર અને આ૦ ભદ્રેશ્વર આ૦ દેવેન્દ્રસૂરિના પટ્ટધર પણ મનાતા હશે. સમુદાયમાં એકતા હોય ત્યારે આવો ક્રમભેદ ચાલ્યા જ કરે.

અમે અહીં આ૦ દેવભદ્રે બતાવેલ પટ્ટાનુક્રમથી પટ્ટાવલી આપી છે.

૯. **આ૦ શીલભદ્રસૂરિ** – યુગપ્રધાન આ૦ ફલ્ગુમિત્રસૂરિ તે આ જ સૂરિ હોવાનો સંભવ છે; જેમનો યુગપ્રધાનકાળ સં. ૧૦૬૧ થી ૧૧૧૦ છે.

તેમની પાટે ૧. આ૦ ધનેશ્વરસૂરિ, ૨. આ૦ ચંદ્રસૂરિ, ૩. આ૦ ભરતેશ્વર-સૂરિ, ૪. આ૦ ધર્મઘોષસૂરિ અને ૫. આ૦ સર્વદેવસૂરિ એમ પાંચ આચાર્યો થયા. આ૦ શીલભદ્રસૂરિના બીજા શિષ્યો પણ આ પાંચ આચાર્યોની પાટે આવ્યા હતા. (જૂઓ, પ્રક. ૩૨, પૃ. ૪૨૧)

૧૦. **આ૦ ધનેશ્વરસૂરિ** – તેઓ આ૦ શીલભદ્રસૂરિના શિષ્ય હતા. આચાર્ય બન્યા હતા પણ કદાચ અલ્પજીવી હશે તેથી તેમનો વિશેષ પરિચય મળતો નથી. આ૦ પ્રભાચંદ્રસૂરિ પણ આ૦ શીલભદ્રસૂરિની પાટે ચાર આચાર્યો થયાનું લખે છે, તેમાં આ૦ ધનેશ્વરસૂરિનું નામ આપતા નથી. એક નોંધવા યોગ્ય હકીકત એ છે કે, તેમના શિષ્ય પંં૦ પાર્શ્વદેવને સૂરિપદ આપવામાં આવ્યું ત્યારે તેમનું નામ આ૦ ચંદ્રસૂરિ રાખવામાં આવ્યું અને તેઓ આ૦ શીલભદ્રસૂરિ કે આ૦ દેવેન્દ્રસૂરિની પાટે આવ્યા. તેઓ દીર્ઘજીવી હતા, તેમનો પ્રતાપ તપતો હતો તેથી લેખકો આ૦ ધનેશ્વરનું નામ ન દેતાં સીધું આ૦ ચંદ્રસૂરિનું જ નામ આપે છે; પરંતુ એ હકીકત છે કે, આ૦ ધનેશ્વરની પટ્ટપરંપરા આગળ વધી છે તેથી જ ઇતિહાસમાં તેમના નામનું સૂચન મળે છે.[૧]

૧૧. **આ૦ શાંતિસૂરિ.**

૧૨. **આ૦ દેવભદ્રસૂરિ.**[૨]

૧૩. **આ૦ દેવાનંદસૂરિ** – તેમણે ૧૩મી સદીમાં, તે સમયનાં આઠ વ્યાકરણોથી ચડિયાતું 'સિદ્ધસારસ્વત' નામનું વ્યાકરણ રચ્યું છે.

તેમની પાટે આ૦ રત્નપ્રભ તથા આ૦ પરમાનંદ તથા આ૦ મુનિદેવસૂરિ થયા. આ૦ પરમાનંદની પાટે વિજયસિંહસૂરિ આવ્યા.

---

૧. શેઠ સોમચંદ્ર શ્રીમાલની પુત્રી મોખલ્લદેવીએ પોતાના પિતાના શ્રેય માટે આ૦ હેમચંદ્રસૂરિએ રચેલા 'શાંતિનાથચરિત'ની પ્રતિ લખાવી, તે આ આચાર્યને અથવા સમકાલીન બીજા આ૦ ધનેશ્વરસૂરિને આપી.

(જૂઓ, જૈન પુસ્તક પ્રશસ્તિસંગ્રહ, પ્ર. ૧૮મી) (જૂઓ, જૈન સત્યપ્રકાશ, પુ. ૧૮)

૨. આ૦ દેવભદ્ર માટે જૂઓ પ્રક. ૨૯, પૃ. ૩૮૩; પ્રક. ૩૫, પૃ. ૨૦. (ઉપા૦ દેવભદ્ર-ગણિ સં. ૧૨૮૫)

આ૦ મુનિદેવસૂરિએ સં. ૧૩૨૨માં 'શાંતિનાથચરિત' રચ્યું છે. (આ૦ વાદિદેવસૂરિની પરંપરામાં) આ૦ મદનચંદ્રસૂરિની પાટે પણ એક આ૦ મુનિદેવસૂરિ થયા હતા.

૧૪. આ૦ રત્નપ્રભસૂરિ.

૧૫. આ૦ કનકપ્રભસૂરિ – તેઓ આ૦ દેવાનંદસૂરિના શિષ્ય હતા. એટલે આ૦ દેવાનંદ અને આ૦ રત્નપ્રભ એ બંનેની પાટે તેઓ થયાના ઉલ્લેખ મળે છે.

૧૬. આ૦ પ્રદ્યુમ્નસૂરિ[૧] – સંભવ છે કે, રાજગચ્છના ૧૩મા આ૦ ચંદ્રસૂરિએ તેમને આચાર્યપદ આપ્યું હોય. તેઓ મહાકવિ અને અજોડ સાહિત્ય સંશોધક હતા. તેઓએ સમકાલીન વિદ્વાનોના ઘણા કાવ્યગ્રંથોનું સંશોધન કર્યું હતું. તેમાં ઘટતો સુધારો-વધારો કરી પ્રતિષ્ઠિત બનાવ્યા હતા.

(જૂઓ, પ્રક. ૩૨, પૃ. ૪૨૩-૪૨૪)

૨. રાજગચ્છ પટ્ટાવલી

૯. **આ૦ શીલભદ્રસૂરિ** – તેમની પાટે પાંચ આચાર્યો થયા.

૧૦. આ૦ ધનેશ્વરસૂરિ.

૧૧. આ૦ શાંતિપ્રભ – તેઓ ચંદ્રગચ્છના હતા.

૧૨. આ૦ હરિપ્રભસૂરિ – તેઓ આ૦ શાંતિપ્રભના શિષ્ય હતા. સં. ૧૨૧૨.

૧૩. આ૦ યશોભદ્રસૂરિ – સં. ૧૩૦૦, સં. ૧૩૦૫ (જૂઓ, 'પ્રાચીન જૈનલેખસંગ્રહ' ભા. ૨, લેખાંક : ૫૪૫, ૫૪૭).

૩. રાજગચ્છ પટ્ટાવલી (ચંદ્રશાખા)

૯. **આ૦ શીલભદ્રસૂરિ.**

૧૦. આ૦ ચંદ્રસૂરિ – તેમનાં પં૦ પાર્શ્વદેવ, પં૦ પાર્શ્વચંદ્ર, આ૦ ચંદ્ર, આ૦ ચંદ્રપ્રભ વગેરે નામો મળે છે. તેઓ 'વિષમપદભંજિકાપંજિકા'માં પોતાનો સ્પષ્ટ પરિચય આપે છે તેથી નક્કી છે કે, તે આ૦ શીલભદ્રસૂરિના પ્રશિષ્ય હતા

---

૧. આ૦ પ્રદ્યુમ્નસૂરિએ **મોઢગચ્છના** ગુરુ જાલ્યોદ્ધારગચ્છના આ૦ હરિપ્રભની પ્રાર્થનાથી સં. ૧૩૨૫માં 'કાલકસૂરિકથા' (શ્લો. ૭૪) રચી. તેમના **ઘોષપુરીયગચ્છના** આ૦ પ્રભાનંદપટ્ટે, આ૦ વિજયચંદ્રપટ્ટે, આ૦ ભાવદેવપટ્ટે આ૦ જયપ્રભના ઉપદેશથી હુંડાપદ્રપુરના ભ૦ પાર્શ્વનાથના દેરાસરના ગોઠીવંશના શેઠ આસપાલ પોરવાડના પુત્ર શેઠ સહદેવના પુત્ર શેઠ આમાકના પુત્રો સુહુણા, પુનાક તથા હરદેવે 'કલ્પપુસ્તિકા' લખાવી ગુરુઓને અર્પણ કરી. (જૂઓ, જૈન પુ. પ્ર. સંગ્રહ, પુ.૧૯)

અને આ૦ ધનેશ્વરના પં૦ પાર્શ્વદેવગણિ નામના શિષ્ય હતા. તેમને આચાર્યપદ મળતા શ્રીચંદ્રસૂરિ[1] બન્યા (જૂઓ, પ્રક. ૩૨, પૃ. ૪૨૨). તેઓ આ૦ શીલભદ્રસૂરિ, આ૦ દેવેન્દ્રસૂરિના પરિવારો અને રાજગચ્છમાં સર્વમાન્ય હતા. તેમના ઉપદેશથી શેઠ નિન્નાના વંશજ મહામાત્ય પૃથ્વીપાલે સં. ૧૨૦૬માં આબૂતીર્થમાં છ'રી પાળતા યાત્રાસંઘ સાથે જઈને વિમલવસહીનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. તેઓ ગીતવિશારદ ગાયક અને સમર્થ વિવેચનકાર હતા.

આ૦ ચંદ્રસૂરિએ સં. ૧૧૬૯ના ફાગણ સુદિ ૯ના રોજ બૌદ્ધાચાર્ય દિઙ્નાગકૃત 'ન્યાયપ્રવેશ' ઉપર આ૦ હરિભદ્રસૂરિએ રચેલી વૃત્તિ ઉપર પંજિકા વગેરે (જૂઓ, પ્રક. ૩૨, પૃ. ૪૨૨) તેમજ સં. ૧૨૦૩ના વૈશાખ સુદિ ૫ ને રવિવારે 'હસ્તકાંડ સામુદ્રિક', ગેયપદ્ધતિમાં 'સિદ્ધચક્રસ્તવન', 'સંગીત સમયસાર, સંગીતરત્નાકર, પદ્માવતી સ્તોત્ર (શ્લો. ૮), પદ્માવતીઅષ્ટક-સ્વોપજ્ઞ વ્યાખ્યા સાથે (રચના સં. ૧૨૦૩, ગ્રં. ૫૨૨)' વગેરે ગ્રંથોની રચના તેમજ સંશોધન કર્યું છે. વળી, 'ઉવસગ્ગહર સ્તોત્ર' ઉપર મંત્રામ્નાયપૂર્વકની ટીકા પણ રચી છે.

તેમની પાટે આ૦ પૂર્ણભદ્ર, આ૦ જિનેશ્વર, આ૦ જિનદત્ત અને આ૦ પદ્મદેવ એ ચાર આચાર્યો થયા. આ૦ પદ્મદેવ ઉત્તમ ચારિત્રપાત્ર મનાતા હતા.

૧૧. આ૦ પૂર્ણભદ્રસૂરિ – જેઓ સર્વ વિષયના ભારે વિવેચક હતા. જાલોરનો શ્રીમાલી શેઠ યશોદેવ તેમનો પરમ ભક્ત હતો. આ આચાર્યશ્રીએ અથવા આ૦ વાદિદેવસૂરિના પટ્ટધર આ૦ પૂર્ણભદ્રે સં. ૧૨૫૪માં રાજા સિદ્ધરાજ જયસિંહના મંત્રી સોમની વિનતિથી 'પંચતંત્ર'નો પાઠોદ્ધાર કર્યો હતો.

(જૂઓ, ભાગ : ૩, પ્રક. ૪૫, પૃ. ૩૭૭)

૧૨. આ૦ ચંદ્રપ્રભસૂરિ – તેઓ તીક્ષ્ણ બુદ્ધિશાળી અને જ્ઞાની હતા. તેમની પાટે બે આચાર્યો થયા. (૧) આ૦ પ્રભાચંદ્રસૂરિ અને (૨) આ૦ મેરુતુંગસૂરિ.

૧૩. આ૦ પ્રભાચંદ્રસૂરિ – તેઓ (પિતા) શ્રીરામ અને (માતા) લક્ષ્મીના પુત્ર હતા. તેમણે ક.સ.આ૦ હેમચંદ્રસૂરિએ રચેલા ઐતિહાસિક 'પરિશિષ્ટપર્વ'ના અનુસંધાનમાં સં. ૧૩૩૪ ચૈત્ર વદિ ૭ ને શુક્રવારે પુનર્વસુ નક્ષત્રમાં 'પ્રભાવક-ચરિત' (ગ્રં. ૫૭૭૪)ની રચના કરી છે; જેનું રાજગચ્છીય (નં. ૧૬મા) આ૦

---

૧. इति श्रीशालिभद्रसूरिशिष्यसुविहीतनामधेयश्रीधनेश्वरसूरिशिष्यैः सामान्यावस्थाप्रसिद्ध-पण्डितपार्श्वदेवगण्यभिधानैर्विशेषावस्थावगतश्रीचन्द्रसूरिनामभिः स्वपरोपकारार्थं दृष्ट्वा विषमपदभञ्जिकापञ्जिका परिसमाप्ता ॥

(જૂઓ, જૈન સ્તોત્ર સંદોહ, ભા. ૧, પ્રસ્તાવના પૃષ્ઠ : ૩૧)

પ્રદ્યુમ્નસૂરિએ સંશોધન કર્યું હતું.

આ૦ મેરુતુંગસૂરિ – તેઓ આ૦ ચંદ્રપ્રભસૂરિના પટ્ટધર હતા. તેમણે સં. ૧૩૬૧ના ફાગણ સુદિ ૧૫ ને રવિવારે વઢવાણ શહેરમાં 'પ્રબંધચિંતામણિ' ગ્રંથની રચના કરી છે. આ ગ્રંથો આજે ગુજરાતના ઈતિહાસનાં મૂળ સાધનો લેખાય છે.

૧૪. આ૦ ગુણચંદ્રસૂરિ – તેઓ આ૦ મેરુતુંગસૂરિના પટ્ટધર હતા.

(જૂઓ પ્રભાવકચરિત પ્રશસ્તિ, શ્લો. ૧થી ૨૪; પ્રબંધચિંતામણિ)

૪. રાજગચ્છ પટ્ટાવલી (ચંદ્રશાખા)

૯. આ૦ શીલભદ્રસૂરિ.

૧૦. આ૦ ચંદ્રસૂરિ.

૧૧. આ૦ જિનેશ્વરસૂરિ – તેઓ ઘણા કૃપાળુ હતા.

૧૨. આ૦ દેવેન્દ્રસૂરિ (જૂઓ પ્રક. ૩૨, પૃ. ૪૨૨).

૫. રાજગચ્છ પટ્ટાવલી (દેવેન્દ્રશાખા)

૯. આ૦ શીલભદ્રસૂરિ, આ૦ દેવેન્દ્રસૂરિ.

આ૦ શીલભદ્રસૂરિની પાટે ચાર આચાર્યો થયા.

આ૦ **દેવેન્દ્રસૂરિ**નાં બીજાં નામો આ૦ દેવચંદ્ર અને દેવેન્દુ પણ મળે છે. તેમની પાટે આ૦ ચંદ્રસૂરિ, આ૦ ભદ્રેશ્વરસૂરિ, આ૦ ધર્મસૂરિ વગેરે થયા હતા. આ૦ દેવભદ્રસૂરિ, આ૦ ચંદ્રસૂરિની પાટે આ૦ ભદ્રેશ્વર થયાનું માને છે. આથી અહીં એ જ રીતે પટ્ટાવલીનો ક્રમ આપ્યો છે.

૧૦. આ૦ ચંદ્રસૂરિ – તેમની પાટે ચાર આચાર્યો થયા.

૧૧. આ૦ ભદ્રેશ્વરસૂરિ – તેઓ આ૦ દેવેન્દ્રસૂરિના શિષ્ય પં૦ શ્રીભૂષણના શિષ્ય હતા, અને આચાર્ય થયા પછી આ૦ દેવેન્દ્રસૂરિની પાટે આવ્યા હતા, પરંતુ તેઓ આ૦ ચંદ્રપ્રભની આજ્ઞામાં રહ્યા હતા.

તેઓ મોટા તપસ્વી હતા. તેમણે જિંદગીપર્યંત એકાંતરે ઉપવાસ કર્યા હતા. તેમના ઉપદેશથી સૌરાષ્ટ્રના દંડનાયક મંત્રી સજ્જન શ્રીમાલીએ સં. ૧૧૮૫માં ગિરનાર તીર્થનો મોટો ઉદ્ધાર કરાવ્યો, તેમજ ગુજરાતના મહામાત્ય શાંતૂ મહેતા અને મંત્રી સજ્જને વડઉદઅ (વડોદરા)માં મોટો રથયાત્રાનો મહોત્સવ કર્યો હતો. આચાર્યશ્રીએ માંડલમાં ભ૦ મહાવીરસ્વામીની પ્રતિષ્ઠા કરી હતી.

તેમની પાટે આ૦ અજિતસિંહ, આ૦ હરિભદ્ર, આ૦ અભયદેવ અને આ૦ વર્ધમાન થયા.

૧૨. આ૦ અજિતસિંહસૂરિ.

૧૩. આ૦ દેવભદ્રસૂરિ – તેમણે આ૦ ભદ્રેશ્વરસૂરિના કરકમલથી દીક્ષા લીધી હતી, તેમજ આ૦ અજિતસિંહ પાસેથી વ્યાકરણ, સાહિત્ય, ન્યાય, પિંગલ, જ્યોતિષ અને આગમનું જ્ઞાન સંપાદન કર્યું હતું. તેઓ ભારે પ્રતાપી, પરમ શાંત, ગંભીર અને પ્રકાંડ જ્ઞાની હતા. તેમણે સં. ૧૨૩૬ ના ફાગણ વદિ ૧૪ ને ગુરુવારે, પીંડવાડા પાસે ઝાદવલ્લી (ઝાડોલી) ગામમાં શેઠ સોઢાએ ભરાવેલાં ભ૦ ઋષભદેવ અને ભ૦ પાર્શ્વનાથની પ્રતિમાની અંજનશલાકા અને પ્રતિષ્ઠા કરી હતી. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૧૧૫-ટિપ્પણી)

તેમણે 'પ્રવચનસારોદ્ધાર ટીકા, તત્ત્વબિંદુપ્રકરણ, પ્રમાણપ્રકાશ' (પદ્યમય ન્યાયનો ગ્રંથ) અને સં. ૧૨૪૨માં પાટણમાં પોતાના શિષ્ય પટ્ટધર આ૦ સિદ્ધસેન તથા સર્વવેદી ગુરુભક્ત આ૦ જિનેશ્વરની વિનતિથી અને પં૦ જિનચંદ્રગણિની મદદથી 'સિજ્જંસચરિયં'ની રચના કરી છે, જેની પહેલી પ્રતિ પં૦ વિમલચંદ્ર-ગણિએ લખી હતી.

૧૪. આ૦ સિદ્ધસેનસૂરિ – તેમણે સં. ૧૨૭૮માં આ૦ નેમિચંદ્રના 'પ્રવચનસારોદ્ધાર'ની ટીકા, 'પદ્મપ્રભચરિત્ર, સામાચારી અને સ્તુતિઓ'ની રચના કરી છે. તેમના બીજા પટ્ટધર આ૦ મુનિચંદ્રસૂરિના શિષ્ય પં૦ વીરદેવગણિએ 'મહિવાલકહા' (ગ્રં. ૧૨૨૮) રચી છે.

૧૫. આ૦ યશોદેવસૂરિ – તેઓ સમર્થ વિદ્વાન અને વાદિ તરીકે પ્રસિદ્ધ હતા.

૧૬. આ૦ માનદેવસૂરિ – તેઓ પવિત્ર આત્મા હતા.

૧૭. આ૦ રત્નપ્રભસૂરિ – તેઓ ઉત્કટ ચારિત્રધારી અને મિષ્ટભાષી હતા. તેમના ઉપદેશથી મહાદાની શેઠ **લાખણ પલ્લીવાલે** સં. ૧૨૯૯ના કાર્તિક મહિનામાં ખંભાતમાં 'સમરાઇચ્ચકહા' લખાવી અને તેમણે તેનું વ્યાખ્યાન કર્યું. સં. ૧૩૯૩, સં. ૧૩૯૬માં આ૦ હંસરાજસૂરિ થયા હતા.

૧૮. આ૦ દેવપ્રભસૂરિ – તેઓ મહાજ્ઞાની, બ્રહ્મચારી, તેજસ્વી, સરળ અને મિષ્ટભાષી હતા. તેમના ઉપદેશથી શેઠ કડવા ઘાકડે સં. ૧૩૦૮માં 'ઉત્તરજ્ઝયણસુત્ત' લખાવ્યું.

૧૯. આ૦ રત્નાકરસૂરિ – તેઓ સં. ૧૩૦૮માં ગુરુના હાથે આચાર્ય થયા. શેઠ કડવાએ તેમનો પદમહોત્સવ કર્યો, તેમણે તે શેઠે લખાવેલા 'ઉત્તરજ્ઝયણસુત્ત'ની પ્રતિની પ્રશસ્તિ રચી હતી.

(જૂઓ, સિજ્જંસચરિયં, મહીવાલકહા, જૈન પુ. પ્ર. સં., પુ. ૨૭,૨૮)

૬. રાજગચ્છ પટ્ટાવલી (દેવેન્દ્રશાખા)

૧૦. આ૦ ચંદ્રસૂરિ.

૧૧. આ૦ ભદ્રેશ્વરસૂરિ – તેઓ ચંદ્રગચ્છના હતા.

૧૨. આ૦ હરિભદ્રસૂરિ – તેઓ આ૦ ભદ્રેશ્વરના શિષ્ય હતા, અને તેમની પાટે આવ્યા હતા. તેમણે આ૦ વર્ધમાનના શિષ્ય પં૦ જિનચંદ્રગણિને આચાર્યપદે સ્થાપન કર્યા હતા.

૧૩. આ૦ શાંતિસૂરિ.

૧૪. આ૦ અભયદેવસૂરિ અથવા આ૦ ઉદયદેવસૂરિ.

૧૫. આ૦ પ્રસન્નચંદ્રસૂરિ.

૧૬. આ૦ મુનિરત્નસૂરિ.

૧૭. આ૦ ચંદ્રસૂરિ.

૧૮. આ૦ યશોદેવસૂરિ – આ૦ દેવચંદ્રસૂરિ.

સંભવ છે કે રાજગચ્છના ૧૩મા આ૦ જિનચંદ્રસૂરિએ આ૦ યશોદેવને આચાર્યપદ આપ્યું હોય.

આ૦ દેવચંદ્રના પટ્ટધર આ૦ વિજયચંદ્રના ઉપદેશથી શેઠ વુટડીના પુત્ર તેજપાલની પત્ની લક્ષ્મીએ સં. ૧૩૩૦ના શ્રાવણ વદિ ૧૨ ને રવિવારે 'પર્યુષણાકલ્પ' લખ્યો છે. (જૂઓ, જૈન પુ. પ્ર. સં. પ્રશસ્તિ : ૧૪)

૧૯. આ૦ વિબુધચંદ્રસૂરિ – તેઓ આ૦ યશોદેવના શિષ્ય હતા.

૨૦. આ૦ સિંહતિલકસૂરિ – તેમણે સં. ૧૩૨૭માં **મંત્રરાજરહસ્ય**-સ્વોપજ્ઞ લીલાવતી ટીકા, ચંદ્રસેનસૂરિએ રચેલા કલ્પના આધારે સં. ૧૩૨૩માં રચેલો વર્ધમાનવિદ્યાકલ્પ (શ્લો. ૭૭+૯૬+૧૩), પરમેષ્ઠિવિદ્યાયંત્ર સ્તોત્ર, ઋષિમંડલયંત્ર સ્તોત્ર, લઘુનમસ્કારયંત્ર સ્તોત્ર, ગણિતતિલકવૃત્તિ, સં. ૧૩૨૬માં આ૦ પદ્મપ્રભકૃત 'ભુવનદીપક'ની ટીકા વગેરે ગ્રંથોની રચના કરી છે.

તેમના ગુરુભાઈ આ૦ પદ્મદેવ હતા. તેઓ ચંદ્રાવતીના શેઠ સીદ પોરવાડના પુત્ર પૂણદેવના આઠ પુત્રો પૈકીના ત્રીજા બહુદેવ નામે પુત્ર હતા. તેણે નાગેન્દ્રગચ્છીય વિજયસિંહસૂરિના ઉપદેશથી પ્રતિબોધ પામી આ૦ વિબુધચંદ્ર પાસે દીક્ષા લીધી હતી અને આચાર્યપદ પ્રાપ્ત કર્યું હતું. તેમના ઉપદેશથી મોટા ભાઈ બ્રહ્મદેવની પત્ની પોહિણીએ 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર'નું 'આદિનાથ-ચરિત' લખાવ્યું હતું. (જૂઓ, પ્રક. ૩૮, પૃ. ૩૦૬-૩૦૭–સીદવંશ)

પં૦ પદ્મપ્રભે સં. ૧૨૯૪માં 'કુંથુનાથચરિત્ર, મુનિસુવ્રતસ્વામીચરિત્ર, પાર્શ્વનાથસ્તવન' વગેરે ગ્રંથો રચ્યા છે.

૭. રાજગચ્છ પટ્ટાવલી (દેવેંદ્રશાખા)

૯. આ૦ દેવભદ્રસૂરિ.

૧૦. આ૦ ચંદ્રસૂરિ.

૧૧. આ૦ ભદ્રેશ્વરસૂરિ.

૧૨. આ૦ અભયદેવસૂરિ.

૧૩. આ૦ પરમાનંદસૂરિ – સીદ પોરવાડના પુત્ર પૂર્ણચંદ્રના આઠ પુત્રો પૈકીના છઠ્ઠા પુત્ર યશોવીર સૌમાં વિખ્યાત અને પંડિતોમાં મુખ્ય હતા. તેઓ દીક્ષા લઈ ક્રમશઃ આ૦ પરમાનંદ નામે થયા. આ૦ પરમાનંદસૂરિએ સં. ૧૨૨૧ લગભગમાં આ૦ ગર્ગર્ષિએ રચેલા 'કર્મગ્રંથ'ની ટીકા અને 'હિતોપદેશમાલા-પ્રકરણ' રચ્યાં છે. આ૦ પરમાનંદ અને મડાહડગચ્છીય આ૦ ચક્રેશ્વરે સં. ૧૨૨૧ માં ચંદ્રાવતીનગરમાં 'નાયાધમ્મકહાઓ' તેમજ 'રયણચૂડકહા' તાડપત્ર પર લખાવી છે.

૧૪. આ૦ રત્નપ્રભસૂરિ – તેઓ સીદ પોરવાડના વંશના શેઠ વીલ્હણના ત્રીજા પુત્ર હતા. તેમણે દીક્ષા લીધી અને આ૦ રત્નપ્રભસૂરિ થયા પછી આ૦ પરમાનંદસૂરિની પાટે આવ્યા. તેમના ઉપદેશથી પિતા વીલ્હણ પોરવાડે સં. ૧૩૧૦ના વૈશાખ વદિ ૫ ને ગુરુવારે આરાસણતીર્થમાં ભ૦ નેમિનાથના દેરાસરમાં સ્તંભ કરાવી આપ્યો. તેમના ઉપદેશથી તેમના મોટાભાઈ આસપાલે ડાહાપદ્રમાં ભ૦ સુમતિનાથની પ્રતિમા પધરાવી. તેમજ સં. ૧૩૨૨ના કાર્તિક વદિ ૮ ને સોમવારે રાજગચ્છના મુનિ રામભદ્રે લખેલ 'વિવેકમંજરી' પ્રકરણની વૃત્તિ લખાવી; જેની પુષ્પિકા રાજગચ્છના ૧૬મા આ૦ પ્રદ્યુમ્નસૂરિએ સંશોધી હતી. આ૦ રત્નપ્રભસૂરિએ 'કુવલયમાલાસંક્ષેપ' રચ્યો છે, જેને ઉપર્યુક્ત આ૦ પ્રદ્યુમ્ન-સૂરિએ જ સંશોધ્યો હતો.

(જુઓ, પ્રાચીન જૈન લેખસંગ્રહ ભા. ૨, લેખાંક : ૨૭૯, ૨૮૦, ૨૯૦;
જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પુ. ૩૦ તથા પ્રક. ૩૮, પૃ. ૩૦૬-૩૦૭)

૮. રાજગચ્છ પટ્ટાવલી (દેવેંદ્રશાખા)

૯. આ૦ દેવેન્દ્રસૂરિ – તેઓ ચંદ્રગચ્છના હતા. આ૦ બાલચંદ્ર તેમની પાટે સીધા આ૦ ભદ્રેશ્વરને બતાવે છે પણ અમે અહીં પટ્ટાંકની એકવાક્યતા માટે તેમની પાટે આ૦ શ્રીચંદ્ર અને તેમની પાટે આ૦ ભદ્રેશ્વરને જણાવ્યા છે.

૧૦. આ૦ ચંદ્રસૂરિ.

૧૧. આ૦ ભદ્રેશ્વરસૂરિ.

૧૨. આ૦ અભયદેવસૂરિ – તેઓ 'કલિકાલગૌતમ' તરીકે વિખ્યાત હતા. તેમના ઉપદેશથી મહાકવિ આસડ જૈન બન્યો હતો.

૧૩. આ૦ હરિભદ્રસૂરિ.

૧૪. આ૦ બાલચંદ્રસૂરિ – મોઢેરામાં ધારાદેવ નામે મોઢ[1] બ્રાહ્મણ રહેતો હતો; જે વિદ્વાન હતો અને જૈન શાસ્ત્રોનો જાણકાર પણ હતો. તેની પત્ની વિજળીએ મુંજાલ નામના બાળકને જન્મ આપ્યો. આ૦ હરિભદ્રે બાળક મુંજાલને ઉપદેશ આપ્યો તેથી તે વૈરાગ્યવાસિત થયો. તેમણે તેના મા-બાપની અનુજ્ઞા મેળવી, દીક્ષા આપી, તેનું નામ મુનિ બાલચંદ્ર રાખ્યું. બાલમુનિ તેજસ્વી હતા, તીવ્ર બુદ્ધિશાળી હતા. તેમણે ચૌલુક્ય રાજગુરુ પં૦ પદ્માદિત્ય પાસે અભ્યાસ કર્યો. આ૦ વાદિદેવસૂરિની પરંપરાના આ૦ ઉદયસૂરિ પાસેથી સારસ્વત મંત્ર પ્રાપ્ત કર્યો અને સરસ્વતીદેવીની સાધના કરી. સરસ્વતીદેવીએ સ્વપ્નમાં આવી વરદાન આપ્યું કે, 'હું તારા સારસ્વત મંત્રજાપથી પ્રસન્ન છું. તું મહાકવિ કાલિદાસની કોટિનો કવિ બનીશ.' ત્યારથી મુનિ બાલચંદ્રની કાવ્યશક્તિનો પ્રતિદિન વિકાસ થવા માંડ્યો. તેમણે મહામાત્ય વસ્તુપાલને ઉદ્દેશીને એક કાવ્ય બનાવ્યું કે–

गौरी रागवती त्वयि त्वयि वृषो बद्धादरः त्वं युतः
भूत्या त्वं च लसद्‌गुणः शुभगणः किंवा बहु ब्रूमहे ।
श्रीमन्त्रीश्वर ! नूनमीश्वरकलायुक्तस्य ते युज्यते
बालेन्दुं चिरमुच्चकै रचयितुं त्वत्तोऽपरः कः प्रभुः ?॥

આ પદ્ય સાંભળી મહામાત્ય વસ્તુપાલ આનંદ પામ્યો અને મુનિ બાલચંદ્રના આચાર્યપદ મહોત્સવમાં ૧૦૦૦ દ્રમ્મ વાપર્યાં.

કવિ સોમેશ્વર અને હરિહર વગેરે સમકાલીન વિદ્વાનો મહામાત્ય વસ્તુપાલને 'વસંતપાલ' કહીને બોલાવતા હતા, તેથી મહાકવિ આ૦ બાલચંદ્રે **'વસંતવિલાસ'** નામે મહાકાવ્યની રચના કરી, જેમાં મહામાત્ય વસ્તુપાલ અને પોતાની સંપૂર્ણ જીવનકથા ગૂંથી છે.

આ૦ બાલચંદ્ર વૈદર્ભીરીતિના આલેખક છે, તેથી અપરાજિતે તેમને વૈદર્ભીરીતિના સર્વોત્તમ કવિ તરીકે બિરદાવ્યા છે. તેમણે સં. ૧૨૯૮ લગભગમાં 'વસંતવિલાસ મહાકાવ્ય' (સર્ગ : ૧૪), સં. ૧૨૭૭માં 'કરુણાવજ્રાયુધ નાટક' (અંક : ૫), સં. ૧૨૪૭-૪૮માં મહાકવિ આસડની 'વિવેકમંજરી' ઉપર ટીકા,

---

૧. મોઢ માટે જૂઓ, પ્રક. ૩૨, પૃ. ૪૩૪.

તેમજ 'ઉપદેશકંદલી'ની ટીકા અને પ્રાસંગિક શ્લોકો વગેરેની રચના કરી છે. તેમણે 'કરુણાવજ્રાયુધ નાટક'માં રાજા વજ્રાયુધ અને કબૂતરની ઘટના વર્ણવી છે. મહામાત્ય વસ્તુપાલના શત્રુંજયતીર્થના ઉત્સવમાં આ નાટક ભજવાયું હતું.[૧]

૯. રાજગચ્છ પટ્ટાવલી

માળવાની ઉજ્જૈની નગરીમાં ભ૦ શાંતિનાથના દેરાસરમાં એક 'ગુરુચક્રમંડલ' છે; જેમાં વચ્ચે ૧ અને બંને બાજુના પરિકરમાં ચાર-ચાર એમ આઠ એ રીતે કુલ નવ ગુરુમૂર્તિઓ છે; જેમાં આ પ્રકારે શિલાલેખ છે.

(૧) સં. ૧૩૨૨ જ્યેષ્ઠ શુદિ ૧૩ બુધે શ્રીભદ્રેશ્વરસૂરિ, શ્રીજયસિંઘ(હ)સૂરિ-શ્રીહેમહર્ષસૂરિ- (૨) શ્રીભુવનચંદ્રસૂરિ-શ્રીદેવચંદ્રસૂરિ-શ્રીજિનેશ્વરસૂરિ-શ્રીજિનદેવસૂરિ- (૩) શ્રીજિનચંદ્રસૂરિ-શ્રીશાંતિપ્રભસૂરિ ।। અમીષાં મૂર્તિઃ પં૦ નરચંદ્રગણિના (૪) કારાપિતા પ્રતિષ્ઠિતા શ્રીવર્દ્ધમાનસૂરિભિઃ શુભં ભવતુ ।।

(જૂઓ, જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૨૧૮, ૨૧૯, પૃ. ૩૧)

આ શિલાલેખના આ૦ ભદ્રેશ્વરસૂરિ વગેરે આચાર્યો કયા ગચ્છના હતા અને ક્યારે વિદ્યમાન હતા તેનો નિર્ણય કરવાનું કોઈ સ્પષ્ટ પ્રમાણ મળતું નથી; પણ અનુમાનથી કંઈક તારવીએ છીએ.

વિક્રમની બારમી શતાબ્દીમાં (૧) રાજગચ્છના આ૦ ચંદ્રસૂરિના પટ્ટધર સં. ૧૧૮૫, (૨) સંવેગી વડગચ્છના આ૦ પદ્મસૂરિના પટ્ટધર સં. ૧૧૮૭ અને (૩) વડગચ્છના આચાર્ય વાદિદેવસૂરિના પટ્ટધર સં. ૧૨૨૬ એમ ત્રણ ભદ્રેશ્વરસૂરિઓ થયા.

જો આ શિલાલેખ રાજગચ્છના આ૦ ભદ્રેશ્વરસૂરિનો હોય તો અનુક્રમે (૧૧) આ૦ ભદ્રેશ્વર, (૧૨) આ૦ જયસિંહ, (૧૩) આ૦ હેમહર્ષ, (૧૪) આ૦ ભુવનચંદ્ર, (૧૫) આ૦ દેવચંદ્ર, (૧૬) આ૦ જિનેશ્વર, (૧૭) આ૦ જિનદેવ, (૧૮) આ૦ જિનચંદ્ર, (૧૯) આ૦ શાંતિપ્રભ અને (૨૦) આ૦ વર્ધમાન – એ રીતે પટ્ટપરંપરા બને.

---

૧. જૈન સાહિત્યમાં ઘણા **નાટકો**ના ઉલ્લેખો મળી આવે છે. 'રાયપસેણીયસુત્ત'માં ૩૨ નાટકો, 'પુપ્ફિયાસુત્ત'માં ૩૨ નાટકો, 'પિંડનિજ્જુત્તિ'માં રત્થવાલ નાટક, આસાઢાભૂતિ નાટક, 'ઉત્તરજ્ઝયણસુત્ત' અ. ૧૩, ગા. ૧૯૬; અ. ૧૮, ગા. ૧૪૦ માં મહુયરિગત તથા સોમાયણિના ઉલેખો મળે છે, તેમજ આ૦ નન્નસૂરિનું વૃષભધ્વજ, આ૦ શીલાંકના 'મહાપુરિસચરિયં'માં વર્ણવેલું વિબુધાનંદ નાટક, આ૦ મેઘરથનું ધર્માભ્યુદય નાટક અર્થાત્ છાયાનાટ્યપ્રબંધ, દર્શાણભદ્ર નાટક વગેરે પ્રસિદ્ધ પ્રાચીન નાટકો છે. આ નાટકો સભામાં જાહેર રીતે ભજવાતાં હતાં.

બીજી રીતે તપાસીએ તો નક્કી છે કે, આમાંના ઘણા આચાર્યો તેરમી શતાબ્દીના સમકાલીન આચાર્યો છે.

આ ગુરુચક્રમંડલ પં૦ નરચંદ્રગણિએ કરાવ્યું છે અને આ૦ વર્ધમાને તેની પ્રતિષ્ઠા કરી છે.[૧]

૧૦. રાજગચ્છ પટ્ટાવલી (દેવેંદ્રશાખા)

૯. આ૦ દેવભદ્રસૂરિ.

૧૦. આ૦ ચંદ્રસૂરિ.

૧૧. આ૦ ભદ્રેશ્વરસૂરિ.

૧૨. આ૦ વર્ધમાનસૂરિ – આ આચાર્ય કોની પાટે થયા તે સંબંધી સ્પષ્ટ ઉલ્લેખ મળતો નથી.

૧૩. આ૦ જિનચંદ્રસૂરિ – તેઓ આ૦ વર્ધમાનના શિષ્ય હતા અને આ૦ ભદ્રેશ્વરના પટ્ટધર હતા. આ૦ હરિભદ્રસૂરિના હાથે તેમને આચાર્યપદ મળ્યું હતું. તેમણે (૧) આ૦ સર્વદેવ, (૨) આ૦ કનકપ્રભના શિષ્ય આ૦ પદ્મદેવ, (૩) આ૦ ચંદ્ર (બીજા)ના શિષ્ય આ૦ યશોદેવ અને (૪) આ૦ જયસિંહને આચાર્યપદ આપ્યું હતું.

(૧૪) આ૦ ભુવનચંદ્રસૂરિ – તેઓ આ૦ જિનચંદ્રના શિષ્ય હતા. તેમણે તારંગાતીર્થમાં સં. ૧૩૦૪, સં. ૧૩૦૫માં શેઠ ધનચંદ્રના પુત્ર શેઠ થાહડના પુત્રો ભુવનચંદ્ર તથા પદ્મચંદ્રે ભરાવેલી ભ૦ અજિતનાથની બે કાઉસગ્ગિયા પ્રતિમાઓની અંજનશલાકા અને પ્રતિષ્ઠા કરી હતી. આ પ્રતિમાઓ આજે તારંગાતીર્થ અને પાલનપુરના મોટા દેરાસરમાં વિરાજમાન છે.

૧૪. આ૦ જયસિંહસૂરિ – તેમણે સં. ૧૨૧૫માં શરદ્ ઋતુમાં પાલી નગરમાં શેઠ સાધારણના ઘરમાં રહી, વાચક ઉમાસ્વાતિના 'જંબૂદ્વીવસમાસ'ની વિનેયજનહિતા ટીકા રચી છે તેમજ સં. ૧૨૧૫માં આ૦ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણના 'ખેત્તસમાસ'ની ટીકા (ગ્રં. ૩૦૦૦) રચી છે. ચંદ્રગચ્છના આ૦ જયસિંહે સં. ૧૨૮૦માં ખંભાતમાં વીરવસહિકામાં **સરસ્વતીદેવી**ની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી.

૧૧. રાજગચ્છ પટ્ટાવલી (દેવેન્દ્રશાખા)

૯. આ૦ દેવેન્દ્રસૂરિ.

---

૧. હમીરગઢ તીર્થના શિલાલેખોમાં આ૦ ચંદ્રસિંહસૂરિ સં. ૧૨૧૯, આ૦ પૂર્ણચંદ્રસૂરિ-શિષ્ય આ૦ વર્ધમાનસૂરિ સં. ૧૩૪૬માં નામો મળે છે.

૧૦. આ૦ ધર્મસૂરિ – તેમનું બીજું નામ આ૦ ધર્મઘોષ પણ મળે છે.

૧૧. આ૦ મુનિચંદ્રસૂરિ.

૧૨. આ૦ રત્નાકરસૂરિ – (જૂઓ, પ્રક. ૩૨, પૃ. ૪૨૮)

૧૨. રાજગચ્છ પટ્ટાવલી (ભરતશાખા)

૯. **આ૦ શીલભદ્રસૂરિ** – તેમની પાટે પાંચ આચાર્યો થયા હતા.

૧૦. આ૦ ભરતેશ્વરસૂરિ – તેઓ પ્રામાણિક પુરુષોમાં અગ્રણી હતા.

૧૧. આ૦ વૈરસ્વામીસૂરિ – તેઓ આ૦ શીલભદ્રના શિષ્ય હતા; પરંતુ આ૦ ભરતેશ્વરની પાટે આવ્યા હતા. તેમણે સં. ૧૨૧૨ના મહા શુદિ ૧૦ ને બુધવારે આબૂતીર્થમાં મોટી પ્રતિષ્ઠા કરી હતી. (જૂઓ, 'અર્બુદ પ્રાચીન જૈન લેખસંદોહ' લેખાંક : ૧૫૯, ૧૬૦, ૧૬૧)

૧૨. આ૦ નેમિચંદ્રસૂરિ – તેમણે કણાદમતનું ખંડન કર્યું હતું.

(જૂઓ, માણિક્યચંદ્રકૃત પાર્શ્વનાથચરિત્રપ્રશસ્તિ; કાવ્યપ્રકાશ-સંકેત-ટીકા-પ્રશસ્તિ)

૧૩. આ૦ સાગરચંદ્રસૂરિ – તેમના અમીસમા ઉપદેશથી નાડોલનો રાજા **કેલ્હણદેવ** (સં. ૧૨૨૧થી ૧૨૪૯) તથા બ્રાહ્મણો વગેરે જૈન બન્યા હતા (પૃ. ૧૨૪). તેમણે ગૂર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહ વિશે વર્ણનાત્મક કાવ્યો રચ્યાં છે. નિર્વૃતિકુલના કાશ્યગચ્છના આ૦ ગોવિંદસૂરિના પટ્ટધર આ૦ વર્ધમાનસૂરિએ સં. ૧૧૯૭માં રચેલા 'ગણરત્નમહોદધિ' (મુદ્રિત પૃ. ૧૪૪)માં તેમનું એક પદ્ય આ પ્રકારે આપ્યું છે. (વિવિધગચ્છીય પટ્ટાવલીસંગ્રહ, પૃ. ૬૯, શ્લોક : ૯૭)

द्रव्याश्रयाः श्रीजयसिंहदेव ! गुणाः कणादेन महर्षिणोक्ताः ।
त्वया पुनः पण्डितदानशौण्ड ! गुणाश्रयं द्रव्यमपि व्यधायि ॥

(જૂઓ, જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, પારા : ૩૬૨)

સંભવ છે કે, તેમની પાટે આ૦ **મલયેન્દુ** થયા હોય.

(રાજગચ્છ પટ્ટાવલી, શ્લો. ૮૯, ૯૦)

૧૪. આ૦ માણિક્યચંદ્રસૂરિ – તેઓ આ૦ સાગરચંદ્રસૂરિના ગુરુભાઈ હતા; છતાં આ૦ સાગરચંદ્રને ગુરુ તુલ્ય માનતા હતા.

નાગેંદ્રગચ્છીય આ૦ ઉદયપ્રભસૂરિના શિષ્ય આ૦ જિનભદ્ર લખે છે કે, આ૦ માણિક્યચંદ્રસૂરિ વડકૂપ (વડવા)માં સ્થિરવાસ કરતા હતા. મહામાત્ય વસ્તુપાલે ખંભાત જઈ તેમને ત્યાં પધારવા વિનતિ કરી, પરંતુ આચાર્યશ્રી ત્યાં ગયા નહિ, તેથી મહામાત્યે બે શ્લોક લખીને તેમને મોકલ્યા –

उत्प्लुत्योत्प्लुत्य गतिं कुर्वन् गर्वादखर्वजडबुद्धिः ।
वटकूपकूपमध्ये निवसति माणिक्यमण्डूकः ॥
जडजं संगमे प्रहर्षी द्विजिह्वजनवल्लभोऽतितुच्छपदः ।
वटकूपकूपमध्ये निवसति माणिक्यमण्डूकः ॥

આચાર્યશ્રીએ તેનો ઉત્તર પણ એક શ્લોક દ્વારા આપ્યો –

गुणालीजन्महेतूनां तन्तूनां हृद् विपाटयन् ।
वंशार्धार्धपरिस्फूर्त्या रे पिञ्जन ! विजृम्भसे ॥

(જૂઓ, નવો ત્રિષષ્ટિશલાકાચરિત્ર ભંડાર)

મહામાત્યે ગુસ્સામાં આવીને ખંભાતમાં તેમની પોષાળની વસ્તુઓ ચોરાવી લઈ સુરક્ષિત સ્થળે મુકાવી દીધી. આચાર્યશ્રીએ રૂબરૂમાં જઈ મહામાત્યને જણાવ્યું કે, 'સંઘમાં તમારા જેવા મોટા પુરુષો વિદ્યમાન હોય છતાં પોષાળમાં આવો ઉપદ્રવ કેમ થયો ?'

મહામાત્યે વંદન કરી સુખશાતા પૂછીને જણાવ્યું કે, 'આપને અહીં પધારવા માટે જ બન્યું છે.' મહામાત્યે હસીને આવો ઉત્તર વાળી એ બધી વસ્તુઓ પાછી આપી. મહામાત્યે સંઘપૂજા કરી ત્યારે આચાર્યે તેમની પ્રશંસા કરીને જણાવ્યું કે, 'અમે સરસ્વતી પુત્રો છીએ, તું સરસ્વતી કંઠાભરણ છે, તે જ્યાં હોય ત્યાં અમે રહીએ.' (સં. ૧૨૯૦ની પ્રબંધાવલી, પુરાતનપ્રબંધસંગ્રહ પૃ. ૬૪, ૭૬)

તેમણે સં. ૧૨૬૬માં 'કાવ્યપ્રકાશ'ની સંકેત ટીકા, સં. ૧૨૭૬ની દિવાળીમાં દેવકુલપાટકમાં 'પાર્શ્વનાથચરિત્ર' (ગ્રં. ૫૨૭૮), સં. ૧૨૭૬ના આસો વદિ અમાસ ને સોમવારે કર્ણાવતીમાં 'શાંતિનાથચરિત્ર' (સર્ગ : ૮, ગ્રં. ૫૫૭૪), મહામાત્ય વસ્તુપાલનાં પ્રશંસાકાવ્યો અને ધર્કટવંશના મંત્રી યશોવીરનાં પ્રશંસાકાવ્યો વગેરે રચ્યાં છે.

મમ્મટના 'કાવ્યપ્રકાશ'ના ઉલ્લાસ ૧ થી ૧૦ છે. તેના ઉપર આચાર્યશ્રીએ 'સંકેત' નામની ટીકા રચી છે; જે સૌથી પ્રાચીન ટીકા છે અને તે વિદ્વાનોમાં અત્યંત પ્રમાણભૂત મનાય છે. આચાર્યશ્રીએ તેમાં ભામહ, ઉદ્‌ભટ, રુદ્રટ, દંડી, વામન, અભિનવગુપ્ત, મુકુલ, ભોજ વગેરે અલંકારના વિદ્વાનોના મતો આપીને છેવટે પોતાનો અભિપ્રાય દર્શાવ્યો છે.

આ૦ માણિક્યચંદ્રસૂરિના 'શાંતિનાથચરિત્ર'ની પ્રતિ વરણાગવંશ(૧)ના શેઠ નાનુએ સં. ૧૪૧૪માં લખાવી આ૦ ગુણસમુદ્રસૂરિને વહોરાવી હતી.

(જૂઓ, પ્રક. ૩૮, પૃ. ૨૯૮-૨૯૯)

૧૫. આ૦ હેમપ્રભસૂરિ – તેમના સં. ૧૩૨૬, સં. ૧૪૦૦ના પ્રતિમા-લેખો મળે છે; તેઓ સં. ૧૪૦૦ના પ્રતિમાલેખમાં પોતાને ઘોષપુરીયગચ્છના બતાવે છે.

૧૬. આ૦ હરિપ્રભસૂરિ.

૧૭. ભ૦ મેરુચંદ્ર–તેમની સં.૧૪૯૧ની મૂર્તિ ખંભાતમાં વિરાજમાન છે.

૧૩. રાજગચ્છ પટ્ટાવલી (ધર્મઘોષગચ્છ)

૯. **આ૦ શીલભદ્રસૂરિ** – તેમની પાટે આ૦ ધનેશ્વર, આ૦ ચંદ્ર, આ૦ ભરતેશ્વર, આ૦ ધર્મઘોષ અને આ૦ સર્વદેવ થયા હતા.

૧૦. આ૦ ધર્મઘોષસૂરિ – તેમનું બીજું નામ આ૦ **ધર્મસૂરિ** પણ મળે છે. તેમણે અજમેરમાં રાજા અર્ણોરાજની સભામાં દિગંબર વાદી ગુણચંદ્રને હરાવ્યો હતો.[૧] તેમના ઉપદેશથી રાજા **વિગ્રહરાજે** (વીશલદેવે) અજમેરમાં મોટો **રાજવિહાર** બંધાવી, તેમાં ભ૦ શાંતિનાથની મોટી જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી. આ સ્થાનનો મુસલમાનોએ નાશ કર્યો, જે સ્થાન અત્યારે ''અઢાઈ દિનકા ઝોંપડા'' એ કૌતુકી નામથી ઓળખાય છે.

આ સિવાય આચાર્યશ્રીના ઉપદેશથી રાજા વિગ્રહની માતા સુહવદેવીએ **સબહુપુર** વગેરે ૧૦૫ સ્થાનોમાં ભ૦ પાર્શ્વનાથજી વગેરેનાં જિનાલયો બંધાવ્યાં હતાં. [પ્રક. ૩૨, પૃ. ૪૨૪-૪૨૫, પૃ. ૪૨૬ (૧૦) અને પૃ. ૪૨૭ (ધર્મપ્રચાર) જૂઓ.]

તેમણે (૧) આ૦ રત્નસિંહસૂરિ, (૨) આ૦ યશોભદ્ર અને (૩) આ૦ સમુદ્રઘોષ વગેરે ૨૦ શિષ્યોને આચાર્યપદ આપ્યું હતું. તેમનાથી **'ધર્મઘોષગચ્છ'** નો આરંભ શરૂ થયો.

આચાર્યશ્રીએ ધર્મઘોષગચ્છની સુરક્ષા માટે પોતાના સાધુઓ શિથિલ ન થાય તે માટે અને સંપૂર્ણ વ્યવસ્થા માટે ૧૬ શ્રાવકોની એક શ્રમણોપાસક-સમિતિ બનાવી હતી, જેની દેખભાળમાં શુદ્ધિ અને સંગઠનનું કામ સારી રીતે ચાલતું હતું.

---

૧. वादिचन्द्र गुणचन्द्रविजेता भूपतित्रयविबोधविधाता ।
धर्मसूरिरिति नाम पुराऽऽसीद् विश्वविश्वविदितो मुनिराजः ॥३९॥
(જૂઓ, રાજગચ્છ પટ્ટાવલી; અર્બુદ પ્રાચીન લેખસંદોહ, લેખાંક : ૧)
सुलभविविधलब्धिर्भाग्यसौभाग्यभूमिर्भवसतिकृतपुण्यःप्राप्यपादप्रसादः ।
जिनपतिमतचित्रोत्सर्पणाकेलिकारो जयति कलियुगेऽस्मिन् गौतमो धर्मसूरिः ॥
(રાજગચ્છ પટ્ટાવલી, શ્લો. ૭૧, ૮૪; વિવિધગચ્છીય પટ્ટાવલીસંગ્રહ)

આ૦ ધર્મઘોષસૂરિ બીજા યુગના ૧૮માં યુગપ્રધાન આચાર્ય હતા. તેમનો યુગપ્રધાનકાળ વીર સં. ૧૫૨૦ થી ૧૫૯૮ હતો. (જૂઓ, પ્રક. ૮, પૃ. ૧૬૨)

૧૧. આ૦ રત્નસિંહસૂરિ – તેઓ આ૦ ધર્મઘોષસૂરિના પટ્ટધર હતા. તેમનાં બીજાં નામો આ૦ રત્નાકર અને રત્નકીર્તિ પણ મળે છે. તેઓ આ૦ સમુદ્રસૂરિના શિષ્ય હતા. તેમણે પ્રાકૃતમાં 'પાર્શ્વનાથસ્તવન' (શ્લો.૭) રચ્યું છે.

તેમણે સં. ૧૨૪૮માં 'આત્મહિતકુલક' (ગાથા : ૨૫), 'આત્માનુશાસન-કુલક' (ગાથા : ૫૬), 'આત્માનુશાસ્તિકુલક' (ગાથા : ૨૫) 'ઉપદેશકુલક' (ગાથાઃ ૨૬), 'ગુર્વારાધનકુલક' (ગાથા : ૩૪), 'પરમસુખદ્વાત્રિંશિકા' (ગાથાઃ ૩૨), 'પર્યંતારાધના' (ગાથા : ૧૬), 'મનોનિગ્રહભાવના' (ગાથા : ૪૪), 'શ્રાવકવર્ષાભિગ્રહભાવના', 'સંવેગામય' (પ્રાકૃત, ગાથા : ૧૧૨), 'સંવેગામૃત-પદ્ધતિ'(સંસ્કૃત, શ્લો. ૪૩), 'સંવેગરંગમાલા' (ગાથા : ૫૦), 'ગુરુસ્તુતિકુલકો' ૩૭ રચ્યાં છે. (જૂઓ, જૈન ગૂર્જર કવિઓ, ભા. ૧, પૃ. ૭૪)

૧૨. આ૦ દેવેન્દ્રસૂરિ – તેમના શિષ્ય પં૦ કનકપ્રભે પં૦ ઉદયચંદ્રગણિની પ્રેરણાથી 'સિદ્ધહેમવ્યાકરણ' ઉપર 'ન્યાસસારોદ્ધાર' નામે ટીકા રચી છે.

૧૩. આ૦ રત્નપ્રભસૂરિ.

૧૪. આ૦ આણંદસૂરિ – તેમણે આબૂતીર્થમાં વિમલવસહીમાં સં. ૧૨૦૯માં કુલધરના પુત્રોએ ભરાવેલ ભ૦ નેમિનાથની પ્રતિષ્ઠા કરી હતી.

૧૫. આ૦ અમરપ્રભસૂરિ – તેમના ઉપદેશથી સોમસિંહે સં. ૧૩૪૪ના માગસર સુદિ ને રવિવારે 'કલ્પસૂત્ર' લખાવ્યું હતું.

૧૬. આ૦ જ્ઞાનચંદ્રસૂરિ :–

तावत् कविर्नवकवित्वविधानदक्षो
वादीश्वरो वदति तावदशेषवादान् ।
वक्ताऽपि तावदमृतोपमशक्तिरासीद्
ज्ञानेन्दुरेति कुशकोटिमतिर्न यावत् ॥

(વિવિધગચ્છ પટ્ટાવલી સંગ્રહ, પૃ. ૬૮, 'રાજગચ્છીય પટ્ટાવલી' શ્લો.૭૨)

અલ્લાઉદ્દીન ખીલજીએ સં. ૧૩૬૮માં આબૂતીર્થનાં જૈન મંદિરોને તોડી નાખ્યાં હતાં. આ૦ **જ્ઞાનચંદ્ર**ના ઉપદેશથી મંડોવરના શેઠ ગોસલના પુત્રો **વીજડ** વગેરે તથા શેઠ મહણસિંહના પુત્રો **લાલિગ** વગેરેએ વિમલવસહીની ઘણી દેરીઓનો **જીર્ણોદ્ધાર** કરાવ્યો અને આચાર્યશ્રીએ સં. ૧૩૭૮માં પ્રતિષ્ઠા કરી.

આ આચાર્ય સં. ૧૩૯૪ સુધી વિદ્યમાન હતા.

(જૂઓ, પ્રક. ૩૭, પૃ. ૨૪૧)

૧૭. આ૦ મુનિશેખરસૂરિ – તેઓ મોટા વાદી હતા. આ આચાર્ય વિમલવસહીના સં. ૧૩૭૮ના જીર્ણોદ્ધારની પ્રતિષ્ઠા સમયે હાજર હતા. તેમની સં. ૧૩૮૬માં બનેલી મૂર્તિ મળે છે.

૧૮. આ૦ સાગરચંદ્રસૂરિ – તેઓ સં. ૧૪૩૨માં વિદ્યમાન હતા.[1] મોટા વ્યાખ્યાતા હતા. રાજગચ્છની ૧૨મી પટ્ટાવલીના **આ૦ સાગરચંદ્ર** (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૨૬)થી આ આચાર્ય જુદા હતા.

૧૯. ભ૦ મલયચંદ્રસૂરિ – તેમના સં. ૧૪૬૧, સં. ૧૪૮૯ના પ્રતિમા-લેખો મળે છે. ખંભાતના ભ૦ પાર્શ્વનાથના દેરાસરમાં (૧) ભ૦ મેરુચંદ્ર, (૨) આ૦ મલયચંદ્ર અને (૩) ભ૦ મુનિતિલકની સં. ૧૪૯૧માં બનેલી મૂર્તિઓ છે. તેઓ વિદ્વાન, બુદ્ધિમાન, નિરીહ હતા. તેમની કીર્તિ બહુ ફેલાઈ હતી.

(રાજગચ્છ પટ્ટાવલી)

તેઓ ચમત્કારી હતા. તેમની પાટે આ૦ વિજયચંદ્ર થયા હતા; જેમના ઉપદેશથી જીરાવલાતીર્થમાં સં. ૧૪૯૩ના ભાદરવા વદિ ૭ ને ગુરુવારે ભ૦ પાર્શ્વનાથના દેરાસરની વીશમી દેરી બની હતી.

૨૦. આ૦ પદ્મશેખરસૂરિ – તેમના સં. ૧૪૮૦ ના કાર્તિક વદિ ૧૦, સં. ૧૪૯૧, સં. ૧૫૧૦ ના પ્રતિમાલેખો મળે છે.

સંભવ છે કે તેમનું બીજું નામ ભ૦ મેરુચંદ્ર હોય. (ભ૦ મેરુચંદ્ર માટે જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૨૮)

૨૧. આ૦ પદ્માનંદસૂરિ – મુનિ શ્રીક્ષમારત્ને સં. ૧૫૪૫ના કાર્તિક સુદિ ૩ ના રોજ આ૦ નેમિચંદ્રસૂરિની 'ઉત્તરજ્ઝયણ'ની ટીકા આચાર્યશ્રીના ઉપાધ્યાય ભાવશેખર માટે લખી આપી. ભ૦ પદ્મશેખરનો સં. ૧૫૩૭નો પ્રતિમાલેખ મળે છે. સં. ૧૫૩૧માં ધર્મઘોષગચ્છમાં આ૦ લક્ષ્મીસાગરસૂરિ થયા હતા.

(માલપુરાનો લેખ)

૨૨. ભ૦ નંદિવર્ધનસૂરિ – તેમનો સં. ૧૫૭૧ના મહા વદિ ૫ ને શુક્રવારનો પ્રતિમાલેખ મળે છે.

૨૩. ભ૦ નયચંદ્રસૂરિ – તેમણે ભ૦ પદ્મશેખરસૂરિના સમયે 'રાજગચ્છ પટ્ટાવલી' બનાવી છે. (–વિવિધગચ્છીય પટ્ટાવલી સંગ્રહ, પૃ. ૫૭ થી ૭૧)

---

૧. સં. ૧૪૮૫માં આ૦ મહીતિલકસૂરિ, સં. ૧૫૩૩ માં ભ૦ મહેન્દ્રસૂરિ, તત્પટ્ટે આ૦ શાલિભદ્રસૂરિ સં. ૧૫૩૩ માં થયા હતા.

૨૪. ભ૦ વિજયચંદ્રસૂરિ – તેમણે 'ઉવસગ્ગહરં' સ્તોત્રની ટીકા બનાવી છે.

૨૫. ભ૦ સાધુરત્નસૂરિ – સં. ૧૫૦૮ થી ૧૫૮૭.[1]

ધર્મઘોષગચ્છમાં સં. ૧૫૫૭માં પુણ્યવર્ધન, સં. ૧૫૬૮માં નેમિચંદ્ર થયા હતા. (જૂઓ, પ્રભાવકચરિત્રપ્રશસ્તિ; અમમચરિત્રપ્રશસ્તિ; શ્રેયાંસનાથચરિત્ર-પ્રશસ્તિ; શ્રીનાહટાજી સં. રાજગચ્છ પટ્ટાવલી; જૈન સત્યપ્રકાશ, ક્રમાંક : ૧૨૮; જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, પૃ. ૧૯૨ થી ૧૯૬)

૧૪. રાજગચ્છ પટ્ટાવલી (ધર્મઘોષગચ્છ)

૯. આ૦ શીલભદ્રસૂરિ.

૧૦. આ૦ ધર્મઘોષસૂરિ – તેમની પાટે વીશ આચાર્યો થયા.

૧૧. આ૦ યશોભદ્રસૂરિ –

સપાદલક્ષક્ષોણીશસમક્ષં જિતવાદિનામ્ ।
શ્રીધર્મઘોષસૂરીણાં પટ્ટાલઙ્કારકારકાઃ ॥૧॥

ત્રિવર્ગપરિહારા ગદ્યગોદાવરીસૃજઃ ।
બભૂવુર્ભૂરિસૌભાગ્યાઃ શ્રીયશોભદ્રસૂરયઃ ॥૨॥

તેમણે ત્રણ વર્ગોના વર્ણો રહિત નાનું 'ગદ્યગોદાવરીકાવ્ય' અને 'પ્રત્યક્ષા-નુમાનાધિકપ્રકરણ' રચ્યાં છે.

તેમની પાટે (૧) આ૦ રવિપ્રભસૂરિ, (૨) આ૦ દેવસેન થયા હતા. (–પ્રવચનસાર-વિષમપદાર્થાવબોધ)

૧૨. આ૦ રવિપ્રભસૂરિ –

અભિનૃપસભં ગઙ્ગાગૌરપ્રવર્તિતકીર્ત્તયઃ ।
તદનુ મહસાં પાત્રં જાતા રવિપ્રભસૂરયઃ ॥૩॥

તેઓ દરેક રાજસભામાં કીર્તિ પ્રાપ્ત કરતા. (–પ્રવચનસાર-વિષમપદાર્થાવબોધ)

૧૩. આ૦ ઉદયપ્રભસૂરિ – તેમણે આ૦ નેમિચંદ્રસૂરિના 'પ્રવચન-સારોદ્ધાર'નું ટિપ્પન, 'વિષમપદાર્થાવબોધ' (ગ્રં. ૩૨૦૩), આ૦ શિવશર્મના 'પંચમકર્મગ્રંથ'નું ટિપ્પન અને 'પ્રાચીન કર્મગ્રન્થો'નાં ટિપ્પનો રચ્યાં છે.

આ૦ મુનિચંદ્રસૂરિ અને પં૦ ગુણચંદ્રગણિએ 'વિષમપદાર્થાવબોધ'નું

---

૧. સંભવ છે કે તેમની યતિપરંપરામાંથી નાગોરી લોંકાગચ્છ નીકળ્યો હોય (– વિવિધ-ગચ્છીય પટ્ટાવલી સંગ્રહ, પૃ. ૮૧). નાગોરી લોંકાગચ્છ માટે જૂઓ પ્રક. ૫૩મું.

ટિપ્પન રચવાની પ્રેરણા આપી તેનું સંશોધન કર્યું અને પ્રથમ આદર્શ લખ્યો હતો.[1] (–વિષમપદાર્થાવબોધ ટિપ્પન)

૧૫. રાજગચ્છ પટ્ટાવલી (ધર્મઘોષગચ્છ)

૧૦. આ૦ ધર્મઘોષસૂરિ.

૧૧. આ૦ યશોભદ્રસૂરિ. ૧૨. આ૦ દેવસેનગણિ. ૧૩. આ૦ પૃથ્વીચંદ્રસૂરિ. (જૂઓ, પ્રક. ૩૨, પૃ. ૪૨૬)

૧૪. આ૦ જયચંદ્રસૂરિ – તેમણે સં. ૧૩૪૩ના મહા વદિ ૧ ને શનિવારે જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી. (જૂઓ, પ્રભાસપાટણનો પ્રતિમાલેખ)

૧૬. રાજગચ્છ પટ્ટાવલી (ધર્મઘોષગચ્છ)

૯. આ૦ શીલભદ્રસૂરિ.

૧૦. આ૦ ધર્મઘોષસૂરિ – જેમની પાટે વીશ આચાર્યો થયા. આ૦ મુનિરત્નસૂરિ 'અમમચરિત્ર'માં ચંદ્રગચ્છીય આ૦ ચંદ્રપ્રભ અને આ૦ ધર્મઘોષનો પરિચય આપી તેમનાથી પટ્ટાવલીની શરૂઆત કરે છે.

૧૧. આ૦ સમુદ્રઘોષસૂરિ – તેઓ અનેક વિદ્વાનો અને અનેક મુનિવરોના વિદ્યાગુરુ હતા. તેમણે ધારાનો નરવર્મદેવ રાજા, ગોહ્રદ-ગોધરાનો રાજા અને રાજા સિદ્ધરાજ જયસિંહ વગેરેની રાજસભામાં પોતાનાં ત્યાગ અને વિદ્વત્તાથી સમ્માન મેળવ્યું હતું. તેમની પાટે ત્રણ આચાર્યો થયા. (૧) આ૦ સુરપ્રભ, (૨) આ૦ મુનિરત્ન અને (૩) આ૦ તિલકચંદ્ર.

(જૂઓ પ્રક. ૩૨, પૃ. ૪૨૬– (૧૧), (૧૨))

૧૨. આ૦ મુનિરત્નસૂરિ. (જૂઓ, પ્રક. ૩૨, પૃ. ૪૨૬-૪૨૭)

૧૩. આ૦ જિનસિંહસૂરિ – તેમણે સં. ૧૨૪૫માં 'ગુરુપરંપરાપ્રશસ્તિ' (શ્લોક ૩૩) રચી 'અમમચરિત્ર'ની પાછળ જોડી છે. (જૂઓ અમમચરિત્ર)

૧૭. રાજગચ્છ પટ્ટાવલી

૯. આ૦ શીલભદ્રસૂરિ – તેમની પાટે પાંચ આચાર્યો થયા, તેઓમાં ગચ્છપતિ આ૦ ધર્મઘોષસૂરિ હતા.

૧૦. આ૦ સર્વદેવસૂરિ, ૧૧. આ૦ ચંદ્રપ્રભસૂરિ, ૧૨. આ૦ જિનેશ્વરસૂરિ,

---

૧. આ ગ્રંથ અમદાવાદમાં પ્રાચ્ય જૈન વિદ્યાભવનના શ્રી ચારિત્રવિજયજી જૈનજ્ઞાનમંદિરમાં છે, જે સં. ૧૫૩૯ શ્રાવણ વદિ ૯ ને બુધવારે તપાગચ્છના શ્રાવક મંત્રી **મેઘરાજે** પોતે લખ્યો છે. (તાજેતરમાં આ ગ્રંથ પ્રગટ થયો છે. – **સંપાદક**)

૧૩. આ૦ રત્નપ્રભસૂરિ, ૧૪. આ૦ માનતુંગસૂરિ.

(જૂઓ, પ્રક. ૩૨, પૃ. ૪૨૪ [૫])

૧૮. રાજગચ્છ પટ્ટાવલી

૯. આ૦ શીલભદ્રસૂરિ.

૧૦. આ૦ સર્વદેવસૂરિ.

૧૧. આ૦ જયસિંહસૂરિ – રાજગચ્છની દેવેન્દ્રશાખામાં આ૦ જયસિંહ થયા (જૂઓ પ્રક. ૩૫, પૃ. ૨૫), તેમનાથી આ જુદા છે.

૧૨. આ૦ દેવેન્દ્રસૂરિ – તેમની પાટે આ૦ યશોભદ્ર, આ૦ યશોદેવ, આ૦ શ્રીચંદ્ર અને આ૦ જિનેશ્વર થયા.

૧૩. આ૦ શ્રીચંદ્રસૂરિ – તેમણે સં. ૧૨૧૪ ના આસો વદિ ૮ ને બુધવારે પાટણમાં કર્પૂરપટ્ટાધિપના પુત્ર સોમેશ્વરના ઘરમાં બીજે માળે વસતિસ્થાન રાખી, તેમના કુટુંબીઓની પ્રાર્થનાથી 'સણયકુમારચરિયં' (ગ્રં. ૮૦૦૦) રચ્યું. તેની પહેલી પ્રત પં૦ હેમચંદ્રગણિએ લખી હતી. શ્રીચંદ્ર મુનિએ (આ૦ શ્રીચંદ્રે) રાજા મૂલરાજ સોલંકીના (સં. ૧૨૩૨ થી ૧૨૩૪) રાજકાળમાં પાટણના શેઠ સજ્જન પોરવાડ (સં. ૧૧૫૫)ના પુત્ર કૃષ્ણના પરિવાર માટે અપભ્રંશ ભાષામાં 'કથાકોશ' (સંધિ : ૫૩) નામે ગ્રંથ રચ્યો છે.

નિર્વૃતિગચ્છ :

નિર્વૃતિકુલનો પરિચય પ્રક. ૧૪, પૃ. ૨૫૧ માં આવી ગયો છે. તેમાં વિશેષ હકીકત આ પ્રકારે છે –

નિર્વૃતિગચ્છના આચાર્યોએ વિક્રમની દશમી, અગિયારમી તથા બારમી સદીમાં દિયાણાતીર્થનું[1] ભ૦ મહાવીરસ્વામીનું દેરાસર, ભ૦ શાંતિનાથનું દેરાસર તથા લોટાણાના દેરાસરમાં જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી. કેટલાએક શિલાલેખો નીચે મુજબ છે –

સં. ૯૯૯ ના અષાડ સુદિ ૬ ના રોજ ગોઠીઓએ નિર્વૃતિગચ્છમાં જિન-પ્રતિમા ભરાવી હતી.

સં. ૧૧૩૭ ના જેઠ વદિ ૫ ના રોજ નિર્વૃતિકુલના આ૦ આમ્રદેવે મોક્ષ માટે જિનપ્રતિમાયુગલ બનાવ્યું.

---

૧. **દિયાણાતીર્થ**– श्रीअर्बुदाभिधमहीधरपार्श्ववर्ती ग्रामोऽस्ति यो दियवराभिधया प्रसिद्धः ।
श्रीवर्धमानजिननायकतुङ्गशृङ्गप्रासादराजपरिवारितभूमिभागः ॥

દિયાણાતીર્થનાં દિયવર કે દેયવડ, દયાવટ વગેરે નામ મળે છે.

(જૂઓ પ્રશસ્તિસંગ્રહ, પ્ર. ૩૯, ૪૮, ૪૯, ૧૬૦)

સં. ૧૧૭૪ ના જેઠ વદિ ૪ ના રોજ આ૦ આમ્રદેવે લોટાણાના ચૈત્યમાં શેઠ ..... પોરવાડે ભરાવેલા ભ૦ વર્ધમાનસ્વામીની પ્રતિષ્ઠા કરી હતી વગેરે વગેરે. (જૂઓ, જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૧૫૭)

નિર્વૃતિગચ્છમાં સં. ૧૧૫૦ માં દ્રોણાચાર્ય અને સૂરાચાર્ય થયા. (જૂઓ, પ્રક. ૩૮, પૃ. ૨૬૪ થી ૨૭૦)

નિર્વૃતિગચ્છના મહાધ્વજ આ૦ અમયદેવ (અભયદેવસૂરિ, અમૃતદેવસૂરિ)-ના શિષ્ય ચંદ્રપ્રભ મહત્તરે સં. ૧૧૨૭ માં દેયાવડ (દિયાણા) નગરમાં શિષ્ય વીરદેવની વિનતિથી 'વિજયચંદચરિયં' રચ્યું છે.

નિર્વૃતિગચ્છના આ૦ અંબદેવે સં. ૧૩૭૧ માં 'સમરારાસુ' રચ્યો છે.

સં. ૧૩૮૯ માં આ૦ પાર્શ્વદત્ત થયા હતા.

રાજગચ્છ પટ્ટાવલીમાં લખ્યું છે કે, નિર્વૃતિગચ્છમાં પાષડસૂરિ થયા. આ ગચ્છ વિચ્છેદ થયો છે. (–વિવિધગચ્છીય પટ્ટાવલી, પૃ. ૬૨)

નિર્વૃતિગચ્છ-કામ્યગચ્છ :

આ૦ ગોવિંદસૂરિ (આ૦ વિષ્ણુસૂરિ), આ૦ વર્ધમાનસૂરિ સં. ૧૧૯૭, આ૦ મહેશ્વરસૂરિ સ્વ. સં. ૧૧૦૦, આ૦ સર્વદેવ સં. ૧૧૦૦માં નિર્વૃતિકુલના કામ્યગચ્છમાં થયા હતા. (જૂઓ, પ્રક. ૩૮, પૃ. ૨૭૦-૨૭૧)

વિદ્યાધરગચ્છ :

વિદ્યાધરગચ્છનો પરિચય પ્રક. ૧૪, પૃ. ૨૫૧-૨૫૨ માં આવી ગયો છે. વિશેષ પરિચય **(પટ્ટાવલી)** આ પ્રમાણે છે –

૧. **આ૦ સંગ્રામસૂરિ (સંગમસૂરિ)** – તેઓ વિદ્યાધરકુલના હતા. તેઓ વ્યાકરણ, કાવ્ય, અલંકારના વિદ્વાન હતા, મહાકવિ હતા. તેમણે સં. ૧૦૬૪ કે સં. ૧૦૬૮ માં શત્રુંજયતીર્થમાં એક મહિનાનું અનશન કરી સ્વર્ગગમન કર્યું. તેમના શ્રેય માટે ત્યાં ગણધર પુંડરીકસ્વામીની પ્રતિમા બની. તે પ્રતિમાલેખમાં આ આચાર્યશ્રીને 'વિદ્યાધરકુલનભસ્તિલક' બતાવ્યા છે. (જૂઓ, પ્રક. ૧૪, પૃ. ૨૫૨)

૨. **આ૦ જયસિંહસૂરિ** – તેઓ મહાવિદ્વાન હતા.

૩. **આ૦ યક્ષદેવસૂરિ** – તેમણે નાગોરમાં અભ્યાસ કર્યો હતો. તેમણે આ૦ હરિભદ્રસૂરિનું સ્તુત્યાત્મક 'શ્લોકપંચક' રચ્યું છે; જે પ્રસિદ્ધ છે.

૪. **પં૦ પાર્શ્વનાગગણિ** – તેઓ સૈદ્ધાંતિક આ૦ યક્ષદેવના શિષ્ય હતા. તેઓ સં. ૧૨૨૮માં વિદ્યમાન હતા.

વિદ્યાધરગચ્છ-કાસહ્રદગચ્છ :

કાસહ્રદગચ્છ એ વિદ્યાધરગચ્છનો પેટાગચ્છ છે. જાલિહરગચ્છના આચાર્ય દેવસૂરિ સં. ૧૨૫૪માં 'પઉમચરિયં'માં લખે છે –

> उच्चानागरी विज्जाहरी य वइरा य मज्झिमिल्ला य ।
> एयासिणं साहाणं को जाणइ सव्वनामाणि ॥३३॥
> विज्जाहरसाहाए गुच्छागुच्छ व्व सव्वसुमणमणहरणा ।
> जालिहर कासरिया मुणिमहुअरपरिगया दुन्नि ॥३४॥

ઉચ્ચાનાગરી, વિદ્યાધરી, વજ્રી અને મધ્યમા એ કોટિકગણની શાખાઓ છે. આ પ્રમાણે બીજી પણ ઘણી શાખાઓ નીકળી છે, જેનાં નામો પણ કોઈ જાણતું નથી. જાલ્યોદ્ધાર અને કાસહ્રદ આ બે ગચ્છો વિદ્યાધરશાખાના છે, જે પુષ્પગુચ્છની જેમ સૌ સજ્જનોનાં મનને હરણ કરનારા અને મુનિરૂપી ભ્રમરાઓથી શોભાયમાન છે.

જૈન સંઘે આબૂની આસપાસમાં શત્રુંજય, ઉજ્જયંત, શત્રુંજયાવતાર, ભગવાન મહાવીરની ઉપસર્ગભૂમિ વગેરે સ્થાપનાતીર્થો રચ્યાં છે; તેમ બ્રાહ્મણોએ પણ ઋષિકેશ, બદરીકાશ્રમ, દ્વારિકા, મદુઆજી, વશિષ્ઠાશ્રમ, બ્રહ્માણનગર, કાશી વગેરે સ્થાપનાતીર્થો બનાવ્યાં છે. આબૂની નીચે કાસહ્રદ ગામ છે. તેની ત્રણે બાજુએ આબૂનો લીલોછમ પ્રદેશ શોભે છે. બ્રાહ્મણો આ સ્થાનને લઘુકાશી કહે છે. બ્રાહ્મણો બતાવે છે કે, મારવાડ કે ગુજરાતના શૈવો કાશી જેટલે દૂર જઈ ન શકે, તેઓ અહીંની યાત્રા કરી કાશીયાત્રાનું પુણ્ય મેળવી શકે છે. આ રીતે આ સ્થાન તીર્થધામ છે. કાસહ્રદની બહાર મોટી નદી છે, જે ગંગા કહેવાય છે. તેના કાંઠે શિવાલય છે તેને વિશ્વનાથનું મંદિર કહે છે. અહીં કરવત લેવાનું સ્થાન પણ સ્થાપન કરેલું છે. અહીં એક સમયે ઘણાં ઘરો હતાં, તેમજ સંસ્કૃત ભાષાનું પઠનપાઠન પણ ચાલતું હતું.

કાસહ્રદ એ જૈનોનું પણ મહત્ત્વનું સ્થાન છે. એ કાસહ્રદગચ્છની ઉત્પત્તિનું નગર છે.

વિદ્યાધરકુલ અને વિદ્યાધરશાખા એ પ્રાચીન અસલના શ્રમણસંઘો છે. આ૦ પાદલિપ્ત, આ૦ સિદ્ધસેન દિવાકર, આ૦ હરિભદ્ર, આ૦ સંગમ, આ૦ યક્ષદેવ વગેરે ઘણા પ્રભાવક મુનિવરો આ શાખામાં થયા અથવા ચાર ગચ્છો મુકરર થયા ત્યારે તેમના વંશજો આ શાખામાં ભળ્યા.

રાજગચ્છ પટ્ટાવલીમાં કાસહ્રદગચ્છમાં હુંબડ શાખામાં આ૦ ખપુટને બતાવ્યા છે. (પૃ. ૬૫)

કાસહ્રદગચ્છ એ વિદ્યાધરકુલ-શાખાથી નીકળ્યો છે.

કાસહ્રદ ગામમાં ઊંચી ટેકરી (ટીલા) ઉપર ચોવીશ દેરીઓવાળું વિશાળ જૈન દેરાસર છે. તેમાંની દેરીઓ અને પ્રતિમા ઉપર સં. ૧૦૯૧, સં. ૧૨૯૧, સં. ૧૨૯૯ વગેરે સાલના કાસહ્રદગચ્છના ઉલ્લેખો છે. આ દેરી પર લખ્યું છે કે, ''સં. ૧૦૯૧ માં અહીં ભિન્નમાલનગરથી આવેલ ઉત્તમ ગુણવાન, ધનાઢ્ય વેપારી, જૈનધર્મી શેઠ વામદેવ પોરવાડે ભ૦ આદિનાથનું સર્વરીતે મનોરમ મંદિર બંધાવ્યું.''

સં. ૧૨૨૨ પહેલાં કાસહ્રદગચ્છમાં મોટા પ્રભાવક **આ૦ ઉદ્દ્યોતનસૂરિ** થયા. તેમની પાટે તેમના પ્રીતિપાત્ર **આ૦ સિંહસૂરિ** થયા. મંત્રી શેઠ નીનાના વંશના મહામાત્ય ધનપાલે સં. ૧૨૪૫માં કાસહ્રદમાં ભ૦ શાંતિનાથની પ્રતિમા તેમજ આબૂતીર્થની વિમલવસહીમાં ચોવીશ જિનપ્રતિમાઓ ભરાવી; અને તે દરેકની અંજનશલાકા તથા પ્રતિષ્ઠા આ૦ સિંહસૂરિના હાથે કરાવવામાં આવી. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૧૩૬)

આ૦ સિંહસૂરિએ એક ભાગ્યવાન બાળકને નાનપણથી જ પોતાની પાસે રાખી અન્ન-પાન વગેરેથી પોષણની વ્યવસ્થા કરાવી હતી, તેમજ તેને કક્કો બારાક્ષરીથી લઈ વ્યાકરણ, કાવ્ય, સાહિત્ય, છંદ અને **જ્યોતિષશાસ્ત્ર**નો અભ્યાસ કરાવીને દીક્ષા આપી હતી. તેને ઉપાધ્યાયપદ આપી તેનું નામ **ઉપા૦ નરચંદ્રગણિ** રાખ્યું. ઉપા૦ નરચંદ્રે જન્મપ્રકાશવાળો **'જન્મપ્રકાશ'**, **'જન્માંભોધિ'**, તેના ઉપર સં. ૧૩૨૪ના મહા સુદિ ૮ ને રવિવારે સ્વોપજ્ઞ 'બેડાવૃત્તિ, પ્રશ્નશતક', તેના ઉપર સ્વોપજ્ઞ બેડાલઘુભગિની 'જ્ઞાનદીપિકા-વૃત્તિ' (ગ્રં. ૧૦૫૦) વગેરે ગ્રંથો રચ્યા છે. ઉપા૦ **નરચંદ્ર આચાર્ય** થયા. આ૦ નરચંદ્રના ગુરુભાઈ **પં૦ ગુણભદ્ર** થયા. આ૦ નરચંદ્રની પાટે તેમના શિષ્ય **આ૦ રત્નપ્રભ** સં. ૧૪૧૮ માં વિદ્યમાન હતા.

કાસહ્રદગચ્છના આ૦ દેવચંદ્રસૂરિના શિષ્ય ઉપા૦ દેવમૂર્તિએ સં. ૧૪૭૧ માં 'વિક્રમચરિત્ર' (સર્ગ : ૧૪) રચ્યું.

સં. ૧૩૩૦ માં કાસહ્રદગામમાં 'શ્રીશાંતિનાથચરિત્ર'ની પ્રતિ લખાયેલી છે. તેની પુષ્પિકામાં લખ્યું છે –

'શેઠ **ધનદાકે** કાસહ્રદના ભ૦ આદિનાથના દેરાસરમાં ભ૦ આદિનાથની નવી મૂર્તિ શુદ્ધ દ્રવ્યથી ભરાવી, તેને મૂળનાયક તરીકે બેસાડી.' (શ્લોક ૨૮)

અહીં મધ્યયુગમાં ભ૦ આદિનાથ, ભ૦ નેમિનાથ તથા ભ૦ મહાવીરસ્વામીનાં ત્રણ દેરાસરો હતાં. અહીં ભગવાન આદિનાથનું ભવ્ય અને વિશાળ મંદિર ઊભું છે. આ મંદિરનું શિખર દૂર દૂરથી નજરે પડે છે.

કાસહ્રદગચ્છનાં પ્રમાણો વિક્રમની પંદરમી સદીનાં અંત સુધીના મળે છે. ત્યાર પછી એ અંગેનો કોઈ નોંધપાત્ર ઉલ્લેખ મળતો નથી.

(જૂઓ, પ્રશ્નશતક-વૃત્તિ, મંત્રી નીનાની વંશાવલી, જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૧૪૫)

રાજા શિલાદિત્યના સમયે યવનોએ વલભીપુરને ભાંગ્યું ત્યારે ત્યાંના જિનપ્રાસાદની પ્રતિમાઓ જુદે જુદે સ્થળે મોકલવામાં આવી. આસો સુદિ ૧૫ના દિવસે ભ૦ મહાવીર શ્રીમાલનગરમાં, ભ૦ આદિનાથ કાસહ્રદમાં, ભ૦ પાર્શ્વનાથ હારીજમાં અને વલભીનાથ શત્રુંજયતીર્થમાં પહોંચાડવામાં આવ્યાં હતાં.

(જૂઓ, પુરાતનપ્રબંધસંગ્રહ, પૃ. ૮૩)

વિદ્યાધરગચ્છ-જાલિહરગચ્છ :

વિદ્યાધરકુલના જાલિહર અને કાસહ્રદ એમ બે પેટાગચ્છોનાં નામ મળે છે.

જાલ્યોદ્ધારગચ્છના આ૦ ગુણભદ્રસૂરિના ઉપદેશથી જાલ્યોદ્ધારગચ્છના મોઢવંશીય શ્રાવક આસદેવના પુત્ર પાલ્હણે 'નંદી દુર્ગપદવ્યાખ્યા'ની પ્રતિ સં. ૧૨૨૬ના બીજા શ્રાવણ સુદિ ૩ ને સોમવારે લખાવી.

(જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પુષ્પિકા : ૯૦)

જાલિહરગચ્છનાં બીજાં નામો જાલિધર, જાલ્યોદ્ધાર, જાલિહ્રદ અને જાલોર વગેરે છે. સંભવ છે કે, આ ગચ્છનું ઉત્પત્તિસ્થાન જાબાલિપુર, જાલોર, ઝાલરાપટ્ટણ કે ઝાદવલ્લી (ઝાડોલી) હોય.

જાલિહરગચ્છની પટ્ટાવલી

૧. **આ૦ બાલચંદ્રસૂરિ.**

૨. **આ૦ સર્વાનંદસૂરિ** – તેમણે 'પાર્શ્વનાથચરિત્ર' રચ્યું.

૩. **આ૦ ધર્મઘોષસૂરિ** – તેઓ વિદ્યાધરગચ્છમાં થયા. તેમનું નામ ધર્મસાર પણ હતું. ગુજરાતના મંત્રી વિમલશાહે તેમના જ ઉપદેશથી સં. ૧૦૮૮માં આબૂ પહાડ ઉપર વિમલવસહી બનાવી, જૈનતીર્થની પુનઃ સ્થાપના કરી. તેમની પાટે આ૦ રત્નસિંહ થયા.

૪. **આ૦ દેવસૂરિ** – તેઓ આ૦ સર્વાનંદના શિષ્ય હતા. તેમણે આ૦ દેવેંદ્ર પાસે ન્યાયશાસ્ત્ર અને આ૦ હરિભદ્ર પાસે સર્વ સિદ્ધાંતોનો અભ્યાસ કર્યો હતો. તેમણે સં. ૧૨૫૪માં વઢવાણ શહેરમાં '૫૩મચરિયં'ની રચના કરી છે.

૫. **આ૦ હરિભદ્રસૂરિ** – તેમની પાટે ભ૦ ચંદ્રસિંહ અને ભ૦ હરિપ્રભ થયા. ભ૦ હરિપ્રભ પોતાને આ૦ દેવસૂરિના સંતાનીય બતાવે છે. તેમના સં. ૧૩૩૧, સં. ૧૩૩૯ના પ્રતિમાલેખો મળે છે.

(જૂઓ, પ્રાચીન જૈનલેખસંગ્રહ, ભા. ૨, લેખાંક : ૪૮૩, ૪૮૪, ૪૯૮)

૬. ભ૦ ચંદ્રસિંહસૂરિ – તેમનું નામ પવિત્ર મનાતું હતું. તેમના ગુરુભાઈ ભ૦ હરિપ્રભ મોઢજ્ઞાતિના હતા. તેમના આગ્રહથી રાજગચ્છના આ૦ પ્રદ્યુમ્નસૂરિએ સં. ૧૩૨૫માં 'કાલકસૂરિકથા' (શ્લો. ૭૪)ની રચના કરી.

(જૂઓ, પ્રાચીનજૈનલેખસંગ્રહ, ભા. ૨, લેખાંક : ૪૮૩, ૪૮૪, ૪૯૮; જૈન પુ.પ્ર.સં., પ્ર.૧૯)

૭. ભ૦ **વિબુધપ્રભસૂરિ** – તેઆ આ૦ હરિભદ્રના શિષ્ય હતા અને ભ૦ ચંદ્રસિંહની પાટે આવ્યા હતા. તેમણે સં. ૧૩૯–(?) વૈશાખ સુદિ ૩ ના રોજ વઢવાણ શહેરમાં પાજાવસહિ જિનાલયમાં શેઠ પાજાની પુત્રવધૂ રત્નદેવીએ ભરાવેલ ભ૦ નેમિનાથની સપરિકર પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી.

પલ્લીવાલ :

तन्वाना सकला कलापमधिकं वर्यार्जवालङ्कृतं
लक्ष्मीर्वंशनटीव यं श्रितवती प्रेङ्खद्गुणाध्यासितम् ।
रङ्गान्नोत्तरणाभिलाषमकरोद् व्यावर्णतामागता
पल्लीवाल इति प्रसिद्धमहिमा वंशोऽस्ति सोऽयं भुवि ॥
वंशः **पल्लीवालो**ऽस्ति सशाखः शत्पर्ववान् ।
भूभृतोऽप्यधरीचक्रे येनैकच्छत्रितात्मना ॥
यत्रानेकबुधा अनेककवयो धिष्ण्यानि भूयांस्यलं
चन्द्रस्योपचयः कलङ्कविकलः सञ्जायते सर्वदा ।
वक्रः कोऽपि न दृश्यते न च गुरुर्मित्रोदये निष्प्रभः
पल्लीवालजनान्वयो नवनभोलक्ष्मीं दधानोऽस्ति वः ॥
सच्छायपर्वो घनजैनधर्मः स्थानेषु सर्वेषु विशेषितश्रीः ।
वंशः प्रसिद्धो भुवि **पल्लीवाल**ाभिधोऽस्ति भूमिभृति लब्धरूपः ॥

(જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્ર. ૧૧,૨૭, સં. ૧૨૯૯; પ્રક. ૫૯, ૬૦)

પાલી – મારવાડમાં પાલી નામે મોટું નગર છે. પ્રાચીન ગૂજરાતનું પાટનગર શ્રીમાલનગર સં. ૧૦૭૧માં ભાંગ્યું ત્યારે ત્યાંના બ્રાહ્મણો, મહાજનો વગેરે પાલીમાં આવી વસ્યા. આથી પાલી વિશેષ આબાદ બન્યું અને વેપારનું કેન્દ્ર થયું. અહીં પ્રાચીનકાળમાં પૂર્ણભદ્ર મહાવીરનું પ્રસિદ્ધ જૈનતીર્થ હતું.

પાલીના વ્યાપારીઓનો સાંભર, અજમેર, નાગદા, પાલનપુર ને પાટણ સાથે વ્યાપારી સંબંધ હતો. પાલીના વ્યાપારીઓ અને વતનીઓ જ્યાં જ્યાં જાય ત્યાં પોતાને પલ્લીવાલ કે પાલીવાલ તરીકે ઓળખાવતા હતા.

જેમ ઉપકેશનગરથી ઉપકેશગચ્છ અને ઉપકેશજ્ઞાતિ નીકળ્યાં તેમ પાલીનગરથી પલ્લીવાલગચ્છ અને પલ્લીવાલજ્ઞાતી નીકળ્યાં.

ગૂર્જરેશ્વર કુમારપાલ સોલંકી (સં. ૧૧૯૯ થી ૧૨૨૯)એ સં. ૧૨૦૭માં ચંદ્રાવતી થઈ અજમેર ઉપર હલ્લો કર્યો. તેણે પાછા વળતાં અજમેર, સપાદલક્ષ, મેડતા તથા પાલીમાં પોતાની આણ વર્તાવી માળવા તરફ પ્રયાણ કર્યું.[૧]

(–પ્રક. ૩૫, પૃ. ૭૮)

જ્યારે ગૂજરાતની સેનાએ અજમેર જીતી લીધું અને પાછાં ફરતાં અહીં પાલી ઉપર ચડાઈ કરશે એવા ખ્યાલથી પાલીનગરના રહેવાસીઓ પાલી બહાર ચાલ્યા ગયા હશે, પણ પછી ગૂર્જરેશ્વર કુમારપાલે પ્રજાને સાંત્વન આપી પાલીને પૂર્વસ્થિતિમાં લાવવા ધ્યાન આપ્યું હશે. આ ઘટના બન્યા પછી ગુજરાતીઓ પાલીમાં આવીને વસ્યા હોય એમ જણાય છે. એ સ્થળ આજે પણ 'ગુજરાતી કટરા' નામથી પ્રસિદ્ધ છે. તે પછી પાલી ઉપર એ જ શતાબ્દીમાં બીજી વાર પણ આફત ઊતરી.

દિલ્હીના બાદશાહ શાહબુદ્દીન ઘોરીએ ભારત ઉપર ત્રણવાર આક્રમણ કર્યું હતું. તેણે હીજરી સં. ૫૭૪ (વિ.સં. ૧૨૩૪)માં ગિઝનીથી મુલતાન રસ્તે થઈ ગૂજરાત ઉપર ચઢાઈ કરી; અને કુતબુદ્દીન ઐબકે સં. ૧૨૫૪માં ગૂજરાત ઉપર ફરીવાર ચઢાઈ કરી. (જૂઓ, ભાગ-૩, પ્રક. ૪૪, પૃ. ૪૪, દિલ્હીના બાદશાહો)

આ સમયે શાહબુદ્દીને કે કુતબુદ્દીને પાલી ભાંગ્યું હતું. તેમાં મુસલમાન સેનાએ એવો ક્રૂર વર્તાવ કર્યો કે, પાલીની બ્રાહ્મણ, મહાજન, વૈશ્ય વગેરે હિંદુ પ્રજાએ સદાને માટે પાલીનો પણ ત્યાગ કર્યો અને બીજે જઈ વસવાટ કર્યો. તેઓ જુદા જુદા શહેરમાં જઈને વસ્યા. પાલીથી ઉચાળો ભરી જનારી આ પ્રજા પાલીનું પાણી હરામ કરીને ગઈ. આજે પણ તેના વંશજોમાંથી કોઈ પાલી જાય તો ત્યાંનું પાણી પીતા નથી. તેમના વંશજો પલ્લીવાલ કે પાલીવાલ નામથી આજે પણ પ્રસિદ્ધ છે.

આ પલ્લીવાલવંશની **વરહુડિયા** વગેરે અનેક શાખાઓ છે.

પલ્લીવાલગચ્છ :

આ પાલીનો એક શ્રમણગચ્છ હતો, પણ તેની ઉત્પત્તિના ઈતિહાસની

---

૧. સં. ૧૨૦૭માં પાલીનો પ્રથમ ભંગ થયો –

सप्तोत्तर सूर्यशते विक्रमसंवत्सरे त्वजयमेरौ ।
दुर्गे पल्लीभङ्गे त्रुटितं पुस्तकमिदमग्रहीत् तदनु ॥१॥
अलिखत् स्वयमत्र गतं श्रीमज्जिनदत्तसूरिशिष्यभवः ।
स्थिरचन्द्राख्यो गणिरिह कर्मक्षयहेतुमात्मनः ॥२॥

અર્થાત્ - સં. ૧૨૦૭માં પાલી ભાંગ્યું ત્યારે 'પંચાશકસૂત્ર' પણ ખંડિત થયું. તેને આ૦ જિનદત્તસૂરિના પ્રશિષ્ય પં૦ સ્થિરચંદ્રગણિએ લખ્યું.

વિશ્વસ્ત પટ્ટાવલી મળતી નથી; પરંતુ શિલાલેખોના આધારે તારવી શકાય છે કે, વડગચ્છના આ૦ ઉદ્દ્યોતનસૂરિએ સં. ૯૯૪માં આબૂની તળેટીમાં ટેલીગ્રામની પાસે એક મોટા વડના ઝાડ નીચે પોતાના પં૦ સર્વદેવ, પં૦ પ્રદ્યોતન, પં૦ માનદેવ, પં૦ મહેશ્વર વગેરે આઠ શિષ્યોને એકીસાથે આચાર્ય બનાવ્યા. તે પૈકીના આ૦ ઉદ્દ્યોતનસૂરિના શિષ્યો સં. ૧૧૪૪ના મહા સુદિ ૧૧ સુધી 'પ્રદ્યોતનગચ્છ'ના નામથી ઓળખાતા હતા. (પ્રાચીન જૈનલેખસંગ્રહ, ભા. ૨, લેખાંક : ૩૯૭)

આ૦ પ્રદ્યોતનસૂરિના શિષ્ય આ૦ ઇન્દ્રદેવસૂરિએ પાલીના પૂર્ણભદ્રવીરના જિનપ્રાસાદમાં એક જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી. આ૦ ઇન્દ્રદેવસૂરિથી સં. ૧૧૫૦માં પાલીનગરના નામથી 'પલ્લીવાલગચ્છ' બન્યો.

(પ્રાચીન જૈનલેખસંગ્રહ, ભાગ. ૨, લેખાંક : ૩૯૬)

આ ગચ્છનાં પ્રદ્યોતનગચ્છ, પલ્લીગચ્છ, પાલીવાલગચ્છ, પલ્લકીયગચ્છ, પાડિવાલગચ્છ વગેરે નામો મળે છે.

આ ગચ્છમાં મોટે ભાગે ક્રમથી કે અક્રમથી આ૦ શાંતિસૂરિ, આ૦ યશોદેવ-સૂરિ, આ૦ નન્નસૂરિ, આ૦ ઉદ્દ્યોતનસૂરિ આ નામો ગચ્છનાયકનાં રખાતાં હશે; કારણ કે શિલાલેખોમાં આ રીતે નામો મળે છે.

પલ્લીવાલ એ વનવાસીગચ્છની પરંપરામાંથી ઊતરી આવેલો શ્વેતાંબર જૈનગચ્છ છે. નાકોડાજી અને મહાવીરજી એ પલ્લીવાલગચ્છનાં પ્રસિદ્ધ જૈન-તીર્થો છે.

પરંતુ ભ૦ મહેશ્વરસૂરિની પરંપરાના યતિ મેઘચંદ્રજી સં. ૧૫૯૧ ના મહા વદિ ૧૧ ને ગુરુવારની, બિકાનેરના શ્રી અગરચંદજી નાહટાના ગ્રંથભંડારની, 'આચારાંગસૂત્ર'ની પ્રતિના અંતે લખે છે કે – પલ્લીવાલગચ્છ એ પાર્શ્વનાથ સંતાનીય અને ભ૦ મહાવીરસ્વામીની શાખામાં થયેલો ગચ્છ છે.

સંભવ છે કે, ભ૦ પાર્શ્વનાથના સંતાનીય ઉપકેશગચ્છમાં અને કોરટા-ગચ્છમાં આ૦ યક્ષદેવ, આ૦ નન્નસૂરિ એવાં નામો મળે છે તે નામસામ્યથી ઉક્ત યતિવરે આવી કલ્પના કરી હશે.

આ સિવાય 'પડિવાલ ચિંતામણિશાખા'ની સં. ૧૬૭૫ સુધીની એક પ્રાકૃત પટ્ટાવલી મળે છે. ત્યાં એને શ્વેતાંબરગચ્છ બતાવ્યો છે અને પટ્ટાવલીકારે પોતાને ભ૦ મહાવીરસ્વામીના સીધા વારસદાર બતાવવાનો પ્રયત્ન કર્યો છે.

આ પટ્ટાવલીમાં કેટલાંક નામો ઐતિહાસિક છે. જ્યારે કેટલાંક નામો એવાં છે કે, જેમનું અસ્તિત્વ નક્કી કરવા માટે વિવિધ ગ્રંથો, પ્રશસ્તિઓ અને શિલાલેખોના આધારે તપાસ કરવી પડશે. તે પટ્ટાવલી આ પ્રકારે છે –

પડિવાલ ચિંતામણિ શાખા-પટ્ટાવલી

(૧) ગણધર સુધર્માસ્વામી, (૨) આર્ય જંબૂસ્વામી, (૩) આર્ય પ્રભવ-સ્વામી, (૪) આ૦ શય્યંભવસૂરિ, (૫) આ૦ યશોભદ્ર, (૬) આ૦ સંભૂતિવિજય, આ૦ ભદ્રબાહુ, (૭) આ૦ સ્થૂલભદ્ર. અહીં સુધીમાં નિહ્નવો થયા. તેનું વર્ણન વૃદ્ધ-પટ્ટાવલીકારે આપ્યું છે, તેમાંથી જાણી લેવું.

(૮) આ૦ મહાગિરિ, આ૦ સુહસ્તિ સ્વ. વીર નિ. સં. ૨૯૧.

(૯) આ૦ મહાગિરિ શિષ્ય આ૦ બહુલ, સ્વ. વીર નિ. સં. ૩૨૫.

(૧૦) આ૦ ઉમાસ્વાતિ, સ્વ. વીર નિ. સં. ૩૩૫.

(૧૧) આ૦ શ્યામાચાર્ય, સ્વ. વીર નિ. સં. ૩૭૬.

(૧૨) આ૦ શાંડિલ્ય – તેઓ વીર રાજાના પુત્ર હતા. સ્વ. વીર નિ. સં. ૪૧૪. અહીં સુધીની આ પરંપરા ઐતિહાસિક છે.

(તેમના પરિચય માટે જૂઓ, પ્રક. ૮, પૃ. ૧૪૯-૧૫૦)

(૧૩) આ૦ ગુપ્ત – તેઓ સુભોજ રાજાના પુત્ર હતા.

(૧૪) આ૦ વૃદ્ધવાદી.

(૧૫) આ૦ સિદ્ધસેન દિવાકર, સ્વ. વીર નિ. સં. ૫૦૭.

(૧૬) આ૦ નાગદિન્ન – તેઓ રાજકુમાર હતા. સ્વ. વિ. સં. ૮૭.

(૧૭) આ૦ નરદેવ – સ્વ. વિ. સં. ૧૨૫ (મેડતામાં).

(૧૮) આ૦ સુરસેન – સ્વ. વિ. સં. ૧૩૭.

(૧૯) આ૦ ધર્મકીર્તિ – સ્વ. વિ. સં. ૨૧૦.

(૨૦) આ૦ ધર્મઘોષ.

(૨૧) આ૦ નિર્વૃતિ.

(૨૨) આ૦ ઉદદત્ત.

(૨૩) આ૦ ચંદ્રશેખર.

(૨૪) આ૦ સુઘોષ, સ્વ. વિ. સં. ૩૯૭.

(૨૫) આ૦ મહિધર, સ્વ. વિ. સં. ૪૨૫.

(૨૬) આ૦ દાનપ્રિય.

(૨૭) આ૦ મુનિચંદ્ર.

(૨૮) આ૦ દયાનંદ, સ્વ. સં. ૪૭૦.

(૨૯) આ૦ ધર્મકીર્તિ, સ્વ. સં. ૫૧૨.

(૩૦) આ૦ સોમદેવ, સ્વ. સં. ૫૨૫.

આ સમયે પૂર્વોનો વિચ્છેદ થયો અને આ૦ દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે આગમોને ગ્રંથારૂઢ કર્યાં.

(૩૧) આ૦ ગુણધર.

(૩૨) આ૦ મહાનંદ – તેમણે દિગંબરવાદી વિદ્યાનંદને વાદમાં હરાવ્યો. સ્વ. વિ. સં. ૬૦૫.

(૩૩) આ૦ સુમતિ – સ્વ. સં. ૬૭૦. આ સમયે આચાર્યોમાં વિચારભેદ થયો, નવી સમાચારી બની અને ચૈત્યવાસીઓ વધ્યા.

(૩૪) આ૦ ઈન્દ્રદેવ.

(૩૫) આ૦ ભટ્ટસ્વામી.

(૩૬) આ૦ જિનપ્રભ, સ્વ. સં. ૭૫૦.

(૩૭) આ૦ માનદેવ – તેઓ ઉગ્રવિહારી હતા. માત્ર મોક્ષમાર્ગનો ઉપદેશ દેતા હતા. તેમણે 'સન્મતિતર્ક' ગ્રંથની રચના કરી. સ્વ. સં. ૭૮૦.

(૩૮) **આ૦ સરવણ** – તેઓ પલ્લીવાલ બ્રાહ્મણ હતા. વેદના પારગામી હતા. તેઓ શૂલરોગથી કાલધર્મ પામ્યા.

(૩૯) **આ૦ સર** – તેમને કોટિગણના આ૦ જયાનંદે આચાર્યપદ આપ્યું.

(૪૦) **દેલ્લ મહત્તર.**

(૪૧) આ૦ દુર્ગસ્વામી, આ૦ ગર્ગસ્વામી, સ્વ. સં. ૯૧૨.

(૪૨) **આ૦ સિદ્ધર્ષિ,** સ્વ. સં. ૯૬૮.

(૪૩) આ૦ ધર્મમતિ.

(૪૪) આ૦ નેમિસૂરિ.

(૪૫) આ૦ સુવ્રતી – આ સમયે નવા નવા મતો નીકળ્યા. સૌએ પોતપોતાના સંઘો રચ્યા. સ્વ. સં. ૧૧૦૧.

(૪૬) **આ૦ દિનશેખર** – તેઓ વિદ્વાન અને ઉગ્રવિહારી હતા, મહાપ્રાભાવિક હતા. તેમણે પાટણમાં માહેશ્વરી વાણિયાઓને ઉપદેશ આપી જૈન બનાવ્યા.

(૪૭) **આ૦ મહેશ્વર** – તેમણે નાડોલમાં પલ્લીવાલ બ્રાહ્મણોને પ્રતિબોધ કરી જૈન બનાવ્યા. તેમનાથી 'પલ્લીવાલગચ્છ' નીકળ્યો. સ્વ. સં. ૧૧૫૦.

(૪૮) **આ૦ દેવસૂરિ** – તેમણે જાલોરના કિલ્લા ઉપર ભ૦ પાર્શ્વનાથના જિનાલયની પ્રતિષ્ઠા કરી તથા ભ૦ મહાવીરસ્વામીના જિનાલય ઉપર સોનાનો કળશ ચડાવ્યો. આ સમયે પુનમિયા[1] વગેરે નવા નવા મતો નીકળ્યા. સ્વ. સં. ૧૨૨૫.

આ૦ વાદિદેવસૂરિના વર્ણનમાં ઉપરના પ્રસંગો (પ્રાયઃ) મળે છે.

(જૂઓ પ્રક. ૪૧, પૃ. ૪૬૩)

---

૧. પટ્ટાવલીકાર પુનમિયામતનો વિરોધી મત તરીકે ઉલ્લેખ કરે છે. એટલે સંભવ છે કે, પલ્લીવાલગચ્છ ચૌદશના મતને માનતો હશે.

(૪૯) **આ૦ જિનદેવ** – તેઓ મોટા જ્યોતિષી હતા. તેમણે સોનગરા રાજપૂતોને પ્રતિબોધ કરી જૈન બનાવ્યા. જાલંધર પાસે જિનાલયની પ્રતિષ્ઠા કરી. સ્વ. વિ. સં. ૧૨૭૨.

(૫૦) આ૦ કૃષ્ણ.

(૫૧) આ૦ વિષ્ણુ.

(૫૨) **આ૦ આમ્રદેવ** – તેમણે 'કથાકોશ' વગેરેની રચના કરી.

(૫૩) આ૦ સોમતિલક.

(૫૪) આ૦ ભીમદેવ – તેમણે સં. ૧૪૦૨ માં કોરટામાં પ્રતિષ્ઠા કરી.

(૫૫) આ૦ વિમલસૂરિ – તેમણે મેવાડમાં ઉદયસાગરના કિનારે જિનાલયમાં પ્રતિષ્ઠા કરી.

(૫૬) આ૦ નરોત્તમ – સ્વ. સં. ૧૪૯૧.

(૫૭) આ૦ સ્વાતિ.

(૫૮) આ૦ હેમસૂરિ – તેઓ ચિંતામણિ પાર્શ્વનાથનું સ્મરણ કરવાથી સં. ૧૫૧૫માં 'ચિંતામણીય' તરીકે પ્રસિદ્ધિ પામ્યા હતા. તેમનાથી 'ચિંતામણિ શાખા' ચાલી.

(૫૯) ભ૦ હરખસૂરિ – તેઓ પોષાળમાં રહેવા લાગ્યા.

(૬૦) ભ૦ કમલચંદ્ર.

(૬૧) ભ૦ ગુણમાલી.

(૬૨) ભ૦ સુંદરચંદ્ર, સ્વ. વિ. સં. ૧૬૭૫.

(૬૩) ભ૦ પ્રભુચંદ્ર – તેઓ (પટ્ટાવલીકાર)ના સમયે વિદ્યમાન હતા.

પલ્લીવાલગચ્છીય પ્રાચીન આચાર્યો :

પલ્લીવાલગચ્છના કેટલાએક પ્રાચીન આચાર્યોનો છૂટક પરિચય આ પ્રમાણે મળે છે –

(૧) આ૦ દેવભદ્રસૂરિપટ્ટે આ૦ સિંહસેનસૂરિ.

(૨) આ૦ મહેશ્વર – તેમણે 'કાલકકથા' રચી છે. સ્વ. સં. ૧૨૭૪.

(૩) આ૦ અભયદેવની પાટે (૪) આ૦ આમ્રદેવ – તેમણે 'ગદ્યપ્રભાવક-ચરિત્ર' રચ્યું છે.[1]

(૫) આ૦ શાંતિસૂરિ – તેઓ પ્રાકૃત ભાષામાં વિવિધ છંદોની રચના કરતા હતા. (–રાજગચ્છીય પટ્ટાવલી, વિવિધગચ્છીય પટ્ટાવલી સંગ્રહ–૫, પૃ. ૬૫)

---

૧. સં. ૧૨૯૧ ની એક તાડપત્રની પ્રતિમાં આ૦ સિદ્ધસેન, આ૦ પાઈલિત્ત, આ૦ મલ્લવાદી, આ૦ બપ્પભટ્ટિ વગેરેનાં પ્રાકૃતમાં ગદ્ય ચરિત્રો મળે છે.

(૬) આ૦ અજિતદેવ – તેમણે 'વિચારસારપ્રકરણ' (ગાથા : ૮૯) 'કલ્પસૂત્ર-દીપિકા, પિંડવિસોહિ-દીપિકા, આયારંગસુત્ત-દીપિકા, ઉત્તરજ્ઝયણ-સુત્ત-દીપિકા, આરાધના, ચંદનબાલાવેલી, ચતુર્વિંશતિચોવીશી' (ગાથા : ૨૫) રચ્યાં છે.

(૭) આ૦ અજિતદેવસૂરિ શિષ્ય પં૦ હીરાનંદ, તેમણે 'ચૌબેલી ચોપાઈ' રચી છે.

પલ્લીવાલ ભટ્ટારક પટ્ટાવલી

વિવિધ શિલાલેખો, ગ્રંથ-પ્રશસ્તિઓ વગેરેના આધારે પલ્લીવાલગચ્છની છેલ્લી ભટ્ટારક પટ્ટાવલી નીચે પ્રમાણે મળે છે –

૧. **આ૦ શાંતિસૂરિ** – તેમણે સં. ૧૪૫૮ ના ફાગણ વદિ ૧ ના રોજ માણવક ઓસવાલે ભરાવેલી ભ૦ સુમતિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. (નાહર, લેખસંગ્રહ, લેખાંક : ૧૨૩૭)

સં. ૧૪૬૨ ના મહા વદિ ૪ ને શુક્રવારે છાજેડ લખમણે ભરાવેલી ભ૦ શાંતિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. (નાહર, લેખસંગ્રહ, લેખાંક : ૨૪૭૮)

૨. **ભ૦ શ્રીસૂરિ** – તેઓ ભ૦ શાંતિસૂરિના શિષ્ય હતા. તેમણે સં. ૧૪૬૫ માં ભ૦ પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. (જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૨૫૫)

૩. **ભ૦ યશોદેવ** – સં. ૧૪૮૫ થી સં. ૧૫૧૩.

૪. **ભ૦ નન્નસૂરિ** – સં. ૧૫૨૮, ૧૫૨૯. તેમણે 'સીમંધરસ્વામીસ્તવન' (કડી : ૧૩૫) રચ્યું.

૫. **ભ૦ ઉદ્દ્યોતનસૂરિ** – સં. ૧૫૨૮ થી સં. ૧૫૪૯.

૬. **ભ૦ મહેશ્વરસૂરિ** – સં. ૧૫૭૩ થી સં. ૧૫૯૯.

૭. **ભ૦ યશોદેવ.**

૮. **ભ૦ નન્ન** – સં. ૧૬૧૩. તેઓ વર્ધમાન પલ્લીવાલગચ્છના હતા. આ સમયે સં. ૧૬૧૩ માં નગરશેઠ શાંતિદાસ ઝવેરીએ આગરામાં 'ગ્રંથભંડાર' બનાવ્યો.

૯. **ભ૦ ઉદ્દ્યોતનસૂરિ** – ભ૦ નન્નની પાટે ભ૦ અજિતદેવના શિષ્ય ક્ષમાનંદે સં. ૧૫૯૧ ના કાર્તિક સુદિ ૧૦ ને શુક્રવારે 'ઉપાસકદશાંગસૂત્ર'નું સંશોધન કર્યું.

૧૦. **ભ૦ મહેશ્વર**ના પરિવારમાં ઉ૦ રતનચંદ, ઉ૦ ખિમાણંદ, પં૦ લાભચંદ્ર શિષ્ય મેઘચંદ્રે સં. ૧૫૯૧ ના મહા વદિ ૧૧ ને ગુરુવારે ફલોધિ પાર્શ્વનાથતીર્થ પાસેના મેડતાનગરમાં 'આચારાંગસૂત્ર' લખ્યું.

૧૦. ભ૦ મહેશ્વર – સં. ૧૬૨૬ થી ૧૬૮૧. તેમની પરંપરામાં મહો૦ નરચંદ્રગણિ મિશ્ર શિષ્ય પં૦ વિજયસાગરગણિએ સં. ૧૬૨૬ ના મહા સુદિ ૬ ના રોજ જોધપુરમાં છાજેડના પાંચમના ઉજમણા માટે 'ષડાવશ્યક-બાલાવબોધ' લખ્યો.

૧૧. ભ૦ યશોદેવસૂરિ – સં. ૧૬૬૭ થી ૧૬૮૧. તેમની પરંપરામાં ઉ૦ હરશેખર શિષ્ય ઉ૦ કનકશેખર શિષ્ય ઉ૦ દેવશેખર શિષ્ય ઉ૦ સુમતિશેખરના ઉપદેશથી વીરમપુરના નાકોડાતીર્થમાં (સંઘે) સં. ૧૬૬૭ ના ભાદરવા સુદિ ૯ ને શુક્રવારે ભ૦ પાર્શ્વનાથ તથા ભ૦ મહાવીરસ્વામીના જિનપ્રાસાદનો જીર્ણોદ્ધાર કરાવ્યો. સં. ૧૬૭૯ ના બીજા અષાડ સુદિ ૨ ને રવિવારે નવી ચોકી અને સં. ૧૬૮૧ ના ચૈત્ર વદિ ૩ ને સોમવારે હસ્તનક્ષત્રમાં પ્રવેશચોકી બનાવ્યાં.
(જૂઓ, ભાગ : ૩, પ્રક. ૫૫, પૃ. ૮૩૫ – નાકોડાતીર્થ)

જૈનો – શિલાલેખો અને પ્રશસ્તિઓના આધારે જાણવા મળે છે કે, પલ્લીવાલો તથા છાજેડ, ધાકડ, ધોખા, બહોરા અને ડુંગરવાલ વગેરે ઓસવાલો પલ્લીવાલગચ્છના જૈનો હતા.

પલ્લીવાલ જ્ઞાતિ :

પલ્લીવાલો માટે માંડલિક ઠક્કુર (ઠ૦), સાહુ, સંઘપતિ વગેરે વિશેષણો વપરાય છે. એકંદરે પલ્લીવાલો ધની, સુખી, મોભાવાળા, રાજમાન્ય અને શ્વેતાંબર જૈનો હતા. આ પલ્લીવાલ જૈનોએ ઘણાં ધાર્મિક કાર્યો કર્યાં છે –

★ પાલીના પ્રદ્યોતનગચ્છના લખમણના પુત્ર દેશલે સં. ૧૧૫૧ ના અષાડ સુદિ ૮ ને ગુરુવારે પાલીમાં પૂર્ણભદ્ર મહાવીરના જિનચૈત્યની દેરીમાં ભ૦ ઋષભદેવની પ્રતિમા પધરાવી. (જૈ. પુ. પ્ર. સં., પ્ર. ૧૦૮)

★ મોટા દાનવીર શેઠ લાખણ પલ્લીવાલે સં. ૧૨૯૯ ના કાર્તિક મહિનામાં રાજગચ્છના આ૦ સિદ્ધસેનના પ્રપટ્ટધર, જેઓ ઉત્કટ ચારિત્રધારી આ૦ રત્નપ્રભ નામે હતા, તેમના ઉપદેશથી 'સમરાઇચ્ચકહા' લખાવી, તેમની પાસે વ્યાખ્યાન કરાવ્યું. (જૈન પુ. પ્ર. સં., પ્ર. ૩૫)

★ **વરહુડિયા** નેમડ પલ્લીવાલના વંશજોએ શત્રુંજય, ગિરનાર, આબૂ વિ. મોટા મોટા નગરો (તીર્થ)માં દેરાસર, દેરીઓ, જિનપ્રતિમાઓ, પરિકરો અને પ્રતિષ્ઠાઓ કરાવી હતી. (પ્રક. ૩૮, પૃ. ૩૦૯-૩૧૦, વરહુડિયાવંશ; પ્રક. ૪૪)

★ તેના પૌત્ર જિનચંદ્રે સં. ૧૨૯૨ માં અને સં. ૧૨૯૬ માં વીજાપુરમાં તપાગચ્છના આચાર્યોને પધરાવી ચાતુર્માસ કરાવ્યાં તેમજ જૈન શાસ્ત્રો લખાવ્યાં.
(પ્રક. ૩૮, પૃ. ૩૧૦; પ્રક. ૪૪, ૪૫)

★ વરહુડિયા જિનચંદ્રના પુત્ર વીરધવલ અને ભીમદેવ તપાગચ્છના આ૦ વિદ્યાનંદસૂરિ (સં. ૧૩૦૨ થી ૧૩૨૭, પ્રક. ૪૬) અને દાદા ધર્મઘોષસૂરિ (સં. ૧૩૦૨ થી ૧૩૫૭, પ્રક. ૪૬) બન્યા, જેઓ મોટા જ્ઞાની, ત્યાગી અને તપસ્વી હતા. આ બંને આચાર્યો પોતાની જ્ઞાતિના હોવાથી પલ્લીવાલો ત્યારથી તેમની પરંપરાના વધુ રાગી બન્યા.

★ **સોહી પલ્લીવાલ**ના પૌત્ર આહડ, તેમના પુત્ર પદ્મસિંહની પુત્રી **ભાવસુંદરી**એ સાધ્વી કીર્તિગણિની પાસે દીક્ષા લીધી હતી. આહડના પુત્ર શ્રીપાલે સં. ૧૩૦૩ ના કાર્તિક સુદિ ૧૦ ને રવિવારે ભરૂચમાં આ૦ કમલપ્રભસૂરિના ઉપદેશથી 'અજિતનાથચરિત્ર' લખાવ્યું અને તેમના પટ્ટધર આ૦ **નરેશ્વરસૂરિ** પાસે વ્યાખ્યાન કરાવ્યું. (પ્રક. ૩૮, પૃ. ૩૦૯, સોહી પલ્લીવાલનો વંશ)

★ સહજિગપુરના ઠ૦ દેહા પલ્લીવાલના પુત્ર મહીચંદ્રના પુત્રો **રતનપાલ** વિજયપાલે પોતાના પૂર્વજોના કલ્યાણ માટે ભ૦ મલ્લિનાથની દેરી તથા પ્રતિમા કરાવી, તેની ચંદ્રગચ્છના આ૦ **હરિપ્રભસૂરિ**ના શિષ્ય આ૦ યશોભદ્રસૂરિ પાસે પ્રતિષ્ઠા કરાવી. (–પ્રાચીન જૈનલેખસંગ્રહ, ભા. ૨, લેખાંક : ૫૪૫)

★ સાહુ ઈશ્વર પલ્લીવાલના પુત્ર **કુમારસિંહે** નાશિકમાં ભ૦ ચંદ્રપ્રભ-સ્વામીના જિનાલયનો પૂરો જીર્ણોદ્ધાર કરાવ્યો. (પ્રક. ૩૮, પૃ. ૩૨૭)
(–વિવિધતીર્થકલ્પમાં નાસિક્યપુરકલ્પ)

★ પુના પલ્લીવાલના પૌત્ર ગણદેવે ખંભાતની પોષાળમાં 'ત્રિષષ્ટિ-શલાકાપુરુષચરિત્ર' ભેટ આપ્યું.

★ વીરપુરના ધનાઢ્ય દેદાધર પલ્લીવાલની પત્ની રાસલદેવીએ 'ગણધર સાર્ધશતક'ની ટીકા લખાવી. (જૈ. પુ. પ્ર. સં., પ્ર. ૧૦૩)

★ ઠ૦ વિક્રમસિંહ વગેરે ૩ પલ્લીવાલભાઈઓએ ઠ૦ કુમારસિંહ પલ્લીવાલ તથા તેમની પત્ની સિંગારદેવીના મા-બાપના કલ્યાણ માટે સં. ૧૩૩૭ ના ફાગણ સુદ ૮ ના રોજ ભ૦ મહાવીરસ્વામીની પ્રતિમા ભરાવી અને તેની આ૦ માણેક્યચંદ્રસૂરિ પાસે પ્રતિષ્ઠા કરાવી.

(–આ૦ બુદ્ધિસાગર ધાતુપ્રતિમા લેખસંગ્રહ, ભા. ૧, લેખાંક : ૧૩૭)

★ મંત્રી **આભૂ પલ્લીવાલ**ના વંશમાં અનુક્રમે મહણસિંહ (પત્ની શ્રી), ભીમ (પત્ની કર્પૂરાદેવી - જેણે સં. ૧૩૨૭ માં 'શતપદી-દીપિકા લખાવી. જૂઓ: જૈન પુ. પ્ર. સં., પ્ર. ૧૧૧), સોની સૂર (પત્ની સુહવદેવી), સોની પ્રથમ પ્રથિમસિંહ (પત્ની પ્રીમલદેવી), સાલ્હા અને ધનરાજ થયા. સોની પ્રથિમસિંહને

સિંહ નામે ભાઈ અને સિંહાક નામે પુત્ર હતો. સિંહાક પ્રીતિવાળો, ગુણવાળો અને પ્રતિભાશાળી હતો. સિંહાકે કાકા સિંહની આજ્ઞાથી સં. ૧૪૨૦ ના ચૈત્ર સુદિ ૧૦ ના રોજ પાટણમાં તપાગચ્છના આ૦ **જયાનંદસૂરિ** તથા આ૦ **દેવસુંદરસૂરિ**નો આચાર્યપદ મહોત્સવ કર્યો.

★ સિંહાક અને ધનરાજે કાકા સિંહની આજ્ઞાથી સં. ૧૪૪૧ માં ખંભાતમાં તમાલીમાં સ્તંભન પાર્શ્વનાથના ચૈત્યનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને આ૦ દેવસુંદર-સૂરિના પટ્ટધર આ૦ જ્ઞાનસૂરિનો સૂરિપદ મહોત્સવ કર્યો.

★ તેના જ કાકા ભાઈઓ લખમસિંહ, રામસિંહ અને ગોવાલે સં. ૧૪૪૨માં આ૦ દેવસુંદરસૂરિના પટ્ટધરો આ૦ કુલમંડનસૂરિ તથા આ૦ ગુણરત્ન-સૂરિનો સૂરિપદમહોત્સવ કર્યો.

★ સોની પ્રથિમસિંહ પલ્લીવાલના પુત્ર સાલ્હાએ આ૦ દેવસુંદરસૂરિના ઉપદેશથી સં. ૧૪૪૨ ના ભાદરવા સુદિ ૨ ને સોમવારે ખંભાતમાં 'પંચાશક-વૃત્તિ' તાડપત્ર પર લખાવી. (પ્રશસ્તિ : ૪૦)

★ ભરતપુરના દીવાન જોધરાજજી પલ્લીવાલે ભ૦ મહાવીરસ્વામીનું મંદિર બનાવી તેની વિજયગચ્છના ભટ્ટારક પાસે પ્રતિષ્ઠા કરાવી.

★ વિવિધ ગ્રંથપ્રશસ્તિઓના આધારે જણાય છે કે, નંદાણી ગામનો જસદૂ પલ્લીવાલ આ૦ યશોભદ્રસૂરિનો, આભડ પલ્લીવાલ આ૦ માનતુંગસૂરિનો, શેઠ અરિસિંહ તથા કુમારદેવી આ૦ જિનપ્રભસૂરિના તથા આગમગચ્છના આ૦ રત્નસિંહના ભક્ત શ્રાવકો હતા.

★ પલ્લીવાલ શેઠ સાહુ પદ્મની પત્ની તેજલે કુલગુરુની આજ્ઞાથી ભ૦ મુનિસુવ્રતસ્વામીની દેરી કરાવી. (નાહર, જૈનલેખસંગ્રહ, લેખાંક : ૫૭)

★ ઠ૦ પલ્લીવાલે સં. ૧૨૭૧ ના અષાડ સુદિ ૮ ને રવિવારે ભ૦ આદિનાથની પ્રતિષ્ઠા કરાવી. આ ધાતુમૂર્તિ પાટણમાં વિરાજમાન છે.
(–આ૦ બુદ્ધિસાગર, જૈનપ્રતિમાલેખસંગ્રહ, ભા. ૧, લેખાંક : ૧૦)

★ ભીમ પલ્લીવાલના પુત્ર સેલ અને તેજે સં. ૧૩૯૬ માં ભ૦ શાંતિ-નાથની પ્રતિમા ભરાવી, રાજગચ્છના આ૦ હંસરાજસૂરિ પાસે પ્રતિષ્ઠા કરાવી.
(–આગરાના ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયની ધાતુપ્રતિમાનો લેખ)

★ ઠ૦ છાડા પલ્લીવાલની પત્ની નાયિકીદેવીએ પોતાના પુત્રના કલ્યાણ માટે સં. ૧૩૯૩ ના મહા સુદિ ૧૦ ને શનિવારે ભ૦ મહાવીરસ્વામીની પ્રતિમા ભરાવી, જેની ધર્મઘોષગચ્છના આ૦ માનતુંગસૂરિના શિષ્ય આ૦ હંસરાજસૂરિ પાસે પ્રતિષ્ઠા કરાવી. આ ધાતુપ્રતિમા મહેસાણાના દેરાસરમાં વિદ્યમાન છે.
(–આ૦ વિજયધર્મસૂરિનો જૈનપ્રતિમાલેખ સંગ્રહ, ભા. ૧, લેખાંક : ૬૫)

★ મંડલિક લાલાક પલ્લીવાલે સં. ૧૫૧૦ ના ફાગણ વદિ ૩ ને શુક્રવારે ભ૦ ચંદ્રપ્રભુની પ્રતિમા ભરાવી અને અંચલગચ્છના આ૦ જયકેશરિસૂરિ પાસે પ્રતિષ્ઠા કરાવી.

(–પટ્ટાવલી સમુચ્ચય ભા. ૧; 'ધર્મરત્ન' માસિક વર્ષ ૧; જૈનસત્યપ્રકાશ, ક્ર. ૨૪, ક્ર. ૨૫, પૃ. ૪૩૦; જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ)

બ્રહ્માણગચ્છ :

સંભવ છે કે, બ્રહ્માણગચ્છ બ્રહદ્વીપિકા શાખાની પરંપરા હશે. આબૂ પહાડ પાસે વરમાણ ગામ છે તેમાં બ્રહ્માણગચ્છની મૂળ ગાદી હતી. આ ચૈત્યવાસીગચ્છ હતો જે આબૂના પશ્ચિમી પ્રદેશોમાં ફેલાયેલો હતો. તેની સીધી પટ્ટાવલી મળતી નથી. શિલાલેખો અને ગ્રંથપુષ્પિકાઓમાં આ ગચ્છના આચાર્યોનાં નામો વીખરાયેલાં પડ્યાં છે. તે પૈકીનાં કેટલાંએક નામો આ પ્રમાણે છે –

આ૦ યશોભદ્ર સં. ૧૧૨૪
આ૦ ભદ્ર સં. ૧૧૨૪
આ૦ શાલિભદ્ર સં. ૧૧૭૦
આ૦ યશોભદ્ર સં. ૧૧૮૫, ૧૧૯૨
આ૦ યશોભદ્ર સં. ૧૧૮૫
ચૈત્ર સુદિ ૧૩ રાણકપુર
આ૦ દેવ સં. ૧૧૪૪
આ૦ શ્રીપતિ સં. ૧૧૮૮
આ૦ વીર સં. ૧૨૧૩, ૧૩૦૫
આ૦ વિમલ સં. ૧૨૬૩,
સં. ૧૩૧૬
આ૦ જજ્જુગ સં. ૧૩૧૧
સં. ૧૩૩૦, સં. ૧૩૪૯
આ૦ મૂનિચંદ્ર સં. ૧૩૪૦,
સં. ૧૩૭૦
આ૦ જગચ્ચંદ્રસૂરિ સં. ૧૩૭૧
ભ૦ હેમતિલક સં. ૧૪૩૪,
સં. ૧૪૪૬, સં. ૧૪૫૪
સલખણપુરીય આ૦... સં. ૧૪૪૭
આ૦ જયપ્રભ સં. ૧૨૬૧
આ૦ બુદ્ધિસાગર સં. ૧૩૨૦,
સં. ૧૩૨૬, સં. ૧૩૮૦
આ૦ વિજયસિંહ સં. ૧૩૫૧
આ૦ દેવચંદ્ર સં. ૧૪૩૨
આ૦ મુનિચંદ્ર સં. ૧૪૩૪
સં. ૧૪૪૬, સં. ૧૪૫૪
ભ૦ બુદ્ધિસાગર સં. ૧૪૨૯,
સં. ૧૪૯૩
આ૦ મુનિપ્રભ સં. ૧૪૪૬
ભ૦ મુનિચંદ્ર સં. ૧૫૬૩
સં. ૧૫૧૨, સં. ૧૫૨૨.
આ૦ જજ્જુગપટ્ટે આ૦ પ્રજ્જુન્ન
સં. ૧૪૯૩
આ૦ સોમચંદ્ર સં. ૧૪૪૦
આ૦ બુદ્ધિસાગરપટ્ટે
વિમલસૂરિ સં. ૧૬૧૫
ભ૦ મુનિચંદ્રપટ્ટે આ૦ વીર
સં. ૧૫૨૪

છૂટક છૂટક ઘટનાઓ આ પ્રમાણે છે –

સં. ૧૧૪૪ મહા સુદિ ૧ બ્રાહ્મીગચ્છીય શ્રીદેવાચાર્ય.

(જૂઓ, પ્રાચીન જૈનલેખસંગ્રહ ભા. ૨, લેખાંક : ૩૮૨)

સં. ૧૧૨૪ આ૦ ભદ્રાચાર્ય, રાંતેજ દેરાસરના પબાસનનો લેખ.

(જૂઓ, જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૧૮)

સં. ૧૧૯૨ ના જેઠ સુદિમાં બ્રહ્માણીયગચ્છના આ૦ વિમલાચાર્યના શ્રાવકે 'નવપદપ્રકરણ-લઘુવૃત્તિ' કથા સાધ્વી મીનાગણિની, નંદાગણિની, સિસિણી લખમી દેમતી પાસે લખાવી. (જૂઓ, પ્રક. ૪૧, પૃ. ૪૩૯)

સં. ૧૨૬૧ ના જેઠ સુદિ ૨ ને રવિવારે બ્રહ્માણગચ્છના આ૦ જયપ્રભ-સૂરિએ ભ૦ નેમિનાથની પ્રતિષ્ઠા કરી.

સં. ૧૩૨૬ આ૦ બુદ્ધિસાગરે ભ૦ નેમિનાથનો ચોવીશવટ્ટો સ્થાપ્યો.

(જૂઓ, શંખેશ્વર મહાતીર્થ-પ્રતિમાલેખ)

સં. ૧૪૪૬ ના વૈશાખ વદિ ૧૧ ભટ્ટારક સુવ્રતસૂરિપટ્ટે ભ૦ ઈશ્વરપટ્ટે ભ૦ વિજયપુષ્ણસૂરિપટ્ટે ભ૦ રત્નાકરસૂરિપટ્ટે ભ૦ હેમતિલકસૂરિએ પૂનસિંહના શ્રેય માટે મંડપ કરાવ્યો. બૃહદ્‌ગચ્છે બ્રહ્માણીયશ્રીઉદયપ્રભસૂરિભિઃ ॥

સં. ૧૫૧૯ જેઠ સુદિ ૯ ના રોજ આબૂ ઉપર ભ૦ સુમતિનાથ તથા ભ૦ વિમલનાથની પંચતીર્થી પર ઉપર મુજબનો ઉલ્લેખ છે. આથી જણાય છે કે, તે આચાર્ય વરમાણમાં જન્મ્યા હશે.

(જૂઓ, અર્બુદ પ્રાચીન જૈનલેખસંદોહ, લેખાંક : ૬૪૩)

દેવાનંદિત-દેવાનંદગચ્છ – આ ગચ્છનાં દેવાનંદિત અને દેવાનંદ એમ બે નામો મળે છે. પુષ્પિકાઓમાં આ ગચ્છ માટે શ્વેતાંબર મહાગચ્છ મહાવીરપ્રણીત નંદિતગચ્છ એવું વિશેષણ મળે છે. આથી નક્કી છે કે, આ ગચ્છ શ્વેતાંબરગચ્છ છે. આની ઉત્પત્તિ માટે સ્પષ્ટ કોઈ હકીકત મળતી નથી. એટલે આ વિશે સંશોધન કરવાની જરૂર છે. આમ છતાં આ ગચ્છ માટે અમે ચાર અનુમાનો કર્યાં છે.

(૧) વનવાસીગચ્છના અંતિમ આ૦ વિમલચંદ્રસૂરિના ગુરુભાઈના શિષ્યની પરંપરામાં દેવાનંદગચ્છ વડગચ્છનો સગોત્રીય ગચ્છ હશે.

(૨) આ૦ ઉદ્‌દ્યોતનસૂરિએ વડ નીચે એક જ મુહૂર્તમાં ૮ સાધુઓને આચાર્યપદવી આપી તે પૈકીના એકની પરંપરા હશે.

(૩) દેવાનંદગચ્છ અને દેવાચાર્યગચ્છ એક હશે. આ રીતે પણ દેવાનંદ-ગચ્છ વડગચ્છનો સગોત્રીય હશે.

(૪) આ૦ અભયદેવસૂરિની પરંપરામાં ૪૧મી પાટે આ૦ દેવાનંદ થયા છે.

દેવાનંદગચ્છમાં –

૩૫. આ૦ ઉદ્દ્યોતનસૂરિ. ૩૬. આ૦ યશોભદ્રસૂરિ.

૩૭. આ૦ દેવભદ્રસૂરિ તથા આ૦ યશોદેવસૂરિ થયા હતા. તેમણે સં. ૧૧૯૪ માં 'પ્રમાણાન્તરભાવ' નામે ગ્રંથ રચ્યો છે. (પ્રક. ૪૪)

તેમજ વાચનાચાર્ય પંં૦ ગુણાકરે સં. ૧૨૧૧ ના પોષ સુદિ ૧૪ ના રોજ ડભોઈમાં આ૦ બપ્પભટ્ટિકૃત 'ચતુર્વિંશતિ'ની પ્રતિ લખી હતી.

(–જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્રશસ્તિ ૬૬)

દેવાનંદિતગચ્છના આ૦ શીલભદ્રસંતાનીયની સં. ૧૨૧૪ની ગુરુમૂર્તિ મહેસાણાના મોટા દેરાસરમાં વિદ્યમાન છે.

★ ★ ★

આ૦ વિમલચંદ્રસૂરિ – વનવાસીગચ્છના છેલ્લા વિહારુક આચાર્ય હતા. તેમની પાટે આ૦ ઉદ્દ્યોતનસૂરિ થયા, જે **વડગચ્છ**ના પ્રથમ આચાર્ય હતા.

આ૦ નેમિચંદ્રસૂરિ આ૦ ઉદ્દ્યોતનસૂરિનો **પરિચય** ટૂંકાક્ષરીમાં આ રીતે આપે છે –

આ૦ ઉદ્દ્યોતનસૂરિ ભ૦ જંબૂસ્વામીની પરંપરામાં ચંદ્રકુલની વિહારુક શાખામાં થયા. તેઓ વડગચ્છના અલંકારસમા હતા. તેઓ પાંચે ઇન્દ્રિયોથી સોહામણા, ક્ષમાધર, જીવંત ધર્મસ્વરૂપ, સૌમ્ય, સ્થિર-ગંભીર, અશુભ ભાવનાથી રહિત, રાગ-દ્વેષ અને અહંકાર વિનાના, નિર્મલ ગુણવાળા, **નવકલ્પ વિહારી,** વિદ્યાવાન્, આ૦ પ્રદ્યુમ્ન, આ૦ માનદેવ, પ્રસિદ્ધ આ૦ સર્વદેવ વગેરે શ્રમણ-પરિવારથી વરાયેલા હતા. (ઉત્તરજ્ઝયણસુત્ત-વૃત્તિ, સં. ૧૧૨૯; મહાવીરચરિય, સં. ૧૧૩૯; પ્રક. ૩૫, પૃ. ૧)

તેઓ દીર્ઘાયુષી હતા. ઘણાં વર્ષો સુધી આચાર્યપદે રહ્યા હતા. તેમણે સં. ૯૩૭માં જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી.

(–નાહર, જૈનલેખસંગ્રહ, લેખાંક : ૧૦૭૯)

તેમણે સં. ૯૯૪માં **વડગચ્છ**ની સ્થાપના કરી હતી અને સંભવતઃ સં. ૧૦૧૦ પહેલાં સ્વર્ગગમન કર્યું હશે. તેઓ હમેશાં દિવસમાં એકવાર જ આહાર લેતા હતા. તેમની કૃપાથી ચણક વ્યાપારી ધનાઢ્ય બન્યો હતો.

(–ભક્તામરસ્તોત્ર-વૃત્તિ)

તેઓ પૂર્વદેશનાં તીર્થોની યાત્રા કરી સં. ૯૯૪ માં આબૂ પ્રદેશમાં યાત્રાર્થે પધાર્યા. જ્યારે તેઓ આબૂની તળેટીમાં **તેલી** ગામમાં વિરાજમાન હતા ત્યારે

આકાશમાં નજર નાખતાં ગ્રહચારના યોગથી એકાએક જાણ્યું કે, 'કાલનો દિવસ ઉત્તમ છે, શુભ ગ્રહો ઉચ્ચ સ્થાનના બને છે, છત્રયોગ થાય છે, સંતાન-વૃદ્ધયોગ થાય છે, તો મારે મારી પાટે આવતી કાલે નવા આચાર્યની સ્થાપના કરવી જોઈએ.'

એમ વિચારી આ૦ ઉદ્‌દ્યોતનસૂરિએ બીજે દિવસે શુદ્ધ વેળા આવતાં પોતાના શિષ્યો સર્વદેવ, માનદેવ, મહેશ્વર, પ્રદ્યોતન વગેરે આઠ મુનિઓને વડના ઝાડની નીચે આચાર્યપદવી આપી પોતાની પાટે સ્થાપન કર્યા, ત્યારથી આ મુનિસમુદાય 'વડગચ્છ' નામથી પ્રસિદ્ધિ પામ્યો.[૧]

વડગચ્છ એ નિર્ગ્રન્થપરંપરાનો પાંચમો ગચ્છ છે. વડગચ્છનાં બીજાં નામો વટ્ટગચ્છ (પ્રાકૃત) અને બૃહદ્‌ગચ્છ (સંસ્કૃત)માં પણ મળે છે. વડગચ્છની ઘણી **શ્રમણપરંપરાઓ** ચાલી છે, જે આ પ્રમાણે છે –

વડગચ્છ : પરંપરા પહેલી –

(૩૫) આ૦ ઉદ્‌દ્યોતનસૂરિ સં. ૯૯૪, (૩૬) આ૦ સર્વદેવ સં. ૧૦૨૦, (૩૭) આ૦ દેવસૂરિ સં. ૧૧૧૦, (૩૮) આ૦ સર્વદેવ સં. ૧૧૨૯, (૩૯) આ૦ નેમિચંદ્ર સં. ૧૧૩૯, (૪૦) આ૦ મુનિચંદ્ર સં. ૧૧૭૮, (૪૧) આ૦ અજિતદેવ, આ૦ વાદિદેવ સં. ૧૨૨૬.

આ શ્રમણપરંપરામાંથી પૂનમિયામત, અંચલમત, ત્રિસ્તુતિકમત, ચઉદ્દસિયામત, **તપાગચ્છ**, નાગોરીતપાગચ્છ, દેવાચાર્યગચ્છ, પાયચંદમત, કટુકમત, લોંકામત, વિજયમત વગેરે ઘણા ગચ્છો-મતો નીકળ્યા.

પરંપરા બીજી –

(૩૫) આ૦ ઉદ્‌દ્યોતનસૂરિ, (૩૬) આ૦ સર્વદેવસૂરિ, (૩૭) આ૦ જિનચંદ્ર (ધોળકામાં), (૩૮) આ૦ આમ્રદેવ, (૩૯) આ૦ નેમિચંદ્ર, (૪૦) આ૦ યશોદેવ. સંભવ છે કે તેમણે 'ઉપદેશમાલા'ની મોટી ટીકા 'ઉપદેશપદ-વૃત્તિ, રયણચૂડકહા' વગેરેની પહેલી પ્રત લખી હશે.

(–શ્રીપ્રશસ્તિસંગ્રહ, પ્ર. ૩૪, પૃ. ૨૬; ઉપદેશમાલા-વૃત્તિની પ્રશસ્તિ)

પરંપરા ત્રીજી –

(૩૫) આ૦ ઉદ્‌દ્યોતનસૂરિ. (૩૬) આ૦ પ્રદ્યુમ્નસૂરિ. (૩૭) આ૦ અજિતદેવસૂરિ. (૩૮) **પં૦ યશોદેવગણિ** – તેઓ ગૃહસ્થપણામાં આ૦ પ્રદ્યુમ્નસૂરિના **નપ્તા** થતા હતા અને મુનિપણામાં આ૦ પ્રદ્યુમ્નસૂરિના પ્રશિષ્ય હતા. તેમજ

---

૧. આજે આબૂ પહાડની નીચે દેયાવડ (**દિયાણાતીર્થ**) અને રા'બડ (**રાહબરતીર્થ**) એમ બે સ્થાનો મળે છે. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૩૩)

આ૦ ઉદ્દ્યોતનસૂરિના શિષ્ય આ૦ મુનિચંદ્રસૂરિના નાનાભાઈ થતા હતા. તેમણે 'રયણચૂડકહા'ની પહેલી પ્રતિ લખી હતી અને આ૦ અભયદેવસૂરિને સં. ૧૧૨૦ થી સં. ૧૧૨૮ માં નવ અંગોની ટીકા રચવામાં સહાય કરી હતી.

પરંપરા ચોથી –

(૩૫) આ૦ ઉદ્દ્યોતનસૂરિ. (૩૬) આ૦ માનદેવસૂરિ. (૩૭) આ૦ જિન-દેવગણિ. (૩૮) આ૦ હરિભદ્રસૂરિ – તેમણે સં. ૧૧૭૨ માં 'પ્રાચીન-કર્મગ્રંથ'ની ટીકા (ગ્રં. ૮૫૦), સં. ૧૧૮૫ માં 'ક્ષેત્રસમાસ'ની ટીકા, 'પ્રશમરતિપ્રકરણ'ની ટીકા, 'શ્રેયાંસનાથચરિત્ર', 'મુનિપતિચરિત્ર' વગેરે ગ્રંથો રચ્યા છે.

પરંપરા પાંચમી –

(૩૫) આ૦ ઉદ્દ્યોતનસૂરિ. (૩૬) આ૦ મુનિચંદ્રસૂરિ – સં. ૧૧૨૮. તેમનો દેહ સૌમ્ય હતો. સ્વભાવે શાંત હતા. આ૦ અજિતદેવસૂરિના શિષ્ય પં૦ યશોદેવગણિ ગૃહસ્થપણામાં તેમના નાનાભાઈ થતા હતા. (રયણચૂડકહા-પ્રશસ્તિ)

પરંપરા છઠ્ઠી –

(૩૫) આ૦ ઉદ્દ્યોતનસૂરિ. (૩૬) આ૦ વર્ધમાનસૂરિ સ્વ. સં. ૧૦૮૮. (૩૭) આ૦ જિનેશ્વરસૂરિ. (૩૮) નવાંગવૃત્તિકાર આ૦ અભયદેવસૂરિ સ્વ. સં. ૧૧૩૯. (૩૯) આ૦ પ્રસન્નચંદ્રસૂરિ, આ૦ વર્ધમાનસૂરિ સં. ૧૧૭૨.

આ પરંપરામાંથી ષટ્કલ્યાણકમત, રુદ્રપલ્લીયગચ્છ, ખરતરમત વગેરે શાખા-ગચ્છો-મતો નીકળ્યા.

પરંપરા સાતમી –

(૩૫) આ૦ ઉદ્દ્યોતનસૂરિ. (૩૬) આ૦ પ્રદ્યોતનસૂરિ – તેમનાથી 'પ્રદ્યોતનશાખા' નીકળી અને પરંપરાના આ૦ ઐંદ્ર(ઇન્દ્ર)દેવસૂરિ સં. ૧૧૫૦ થી પલ્લીવાલગચ્છ નીકળ્યો. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૪૦)

પરંપરા આઠમી –

(૩૫) આ૦ ઉદ્દ્યોતનસૂરિ. (૩૬) આ૦ સર્વદેવસૂરિ. (૩૭) આ૦ દેવસૂરિ સં. ૧૧૧૦. (૩૮) આ૦ સર્વદેવસૂરિ સં. ૧૧૨૯. (૩૯) આ૦ જયસિંહસૂરિ. (૪૦) આ૦ ચંદ્રપ્રભસૂરિ. (૪૧) આ૦ ધર્મ્મઘોષસૂરિ. (૪૨) આ૦ શીલગુણસૂરિ. (૪૩) આ૦ માનતુંગસૂરિ – તેમણે 'સિદ્ધજયંતી' નામે ગ્રંથ રચ્યો. (૪૪) આ૦ મલયપ્રભ – તેમણે સં. ૧૨૬૦ માં 'સિદ્ધજયંતી'ની વૃત્તિ બનાવી.

(–પિટર્સન રિપોર્ટ ૩, ૩૭)

(–ઉત્તરજ્ઝયણસુત્ત-વૃત્તિ, મહાવીરચરિયં, પ્રાચીનકર્મગ્રંથ-ટીકા, નવાંગવૃત્તિઓ, પિંડવિસોહી-ટીકા, સિદ્ધજયંતી-ટીકા, તપાગચ્છ પટ્ટાવલી, પટ્ટાવલીઓ, શિલાલેખો, પ્રશસ્તિઓ, જૈનસત્યપ્રકાશ ક્રમાંક ૨૪૩, ૨૪૯).

રાજાવલી પ્રારંભ

વિક્રમની બીજી શતાબ્દીના ઘણા જૈનાચાર્યો, જૈનધર્મપ્રેમી રાજાઓ અને મંત્રીઓ સાથે જુદા જુદા દેશના ઘણા રાજાઓનાં નામો સંકળાયેલાં છે. અધૂરા લેખકો ઘણીવાર તે તે રાજાઓની હયાતી કે કાલસામ્ય વગેરે બાબતોમાં કલ્પિત વિસંવાદ ઉઠાવે છે. આથી સામાન્ય વાચકો શંકામાં પડી જતાં મૂંઝાય છે. તેથી અહીં પહેલાં તે તે રાજાઓ અને રાજવંશોની બાબતમાં સ્પષ્ટીકરણ કરવું જરૂરી છે. માટે અહીં ઘણા રાજવંશોની તાલિકા આપી છે. લેખકો અને વિચારકો આમાંથી ઘણો ખુલાસો મેળવી શકશે અને ઇતિહાસને ન્યાય આપી શકશે.

૧. ચૌલુક્ય રાજાવલી (ગુજરાત)

ચૌલુક્ય એ કનોજના પ્રતિહારવંશની **એક શાખા** છે. તેનાં ચલુક્ય, ચિરિક્ય, ચલ્ક્ય, ચલિક્ય, ચાલુક્ય, ચુલુક્ય, ચૌલુક્કિક, ચૌલુક્ક, ચૌલુક્ય, સોલુંખી અને **સોલંકી** એવાં વિવિધ નામો જાણવા મળે છે. મોટે ભાગે આ વંશના રાજાઓ દક્ષિણમાં અને ગુજરાતમાં થયા છે. દક્ષિણમાં ચૌલુક્ય વિજયાદિત્યના વંશજોએ અને ગુજરાતમાં ચૌલુક્ય સામંત રાજિના વંશજોએ રાજ્ય ભોગવ્યું હતું.

કનોજના પ્રતિહારવંશીય **ભોજદેવ**નું બીજું નામ આદિવરાહ હતું. જ્યારે દક્ષિણના ચૌલુક્યોનું રાજચિહ્ન વરાહ હતું એમ જણાય છે. ગુજરાતના ચૌલુક્ય રાજવીઓ જૈનધર્મ અને શૈવધર્મને સમાન ભાવે માનતા રહ્યા હતા. તેથી જૈન, બૌદ્ધ અને શૈવ એ ત્રણે ધર્મોના દેવચિહ્ન તરીકે માન્ય થયેલો **બળદ** જ ગુજરાતનું રાજચિહ્ન બન્યો હતો.

મૌર્યવંશમાંથી પ્રતિહારવંશ ઊતરી આવ્યો એ જ રીતે ચૌલુક્યો પણ મૌર્ય ચંદ્રગુપ્તના વંશજો હતા તેથી તેઓ **ચંદ્રવંશી** મનાય છે.

પ્રતિહાર ભોજદેવના સમયમાં પ્રાચીન ગુજરાત, ભિન્નમાલનો પ્રદેશ, સારસ્વતમંડલ, લાટ, નવસારીનો પ્રદેશ, માલવા અને સૌરાષ્ટ્ર એ કનોજને આધીન હતાં પરંતુ વનરાજ ચાવડાએ કનોજની સત્તા ફગાવી દઈ, અણહિલપુર પાટણમાં ગુજરાતનું સ્વતંત્ર રાજ્ય સ્થાપન કર્યું.[૧] એ સમયમાં ભિન્નમાલ, લાટ

---

૧. **પાટણ** – વનરાજ ચાવડાએ બુદ્ધિમાન પુરુષોનો સહકાર સાધી વિ. સં. ૮૦૨ ના વૈશાખ સુદિ ૨ ના દિવસે અણહિલપુર પાટણનું **શિલારોપણ** કર્યું. સંભવ છે કે, વિ. સં. ૮૨૧ સુધીમાં પાટણ તૈયાર થઈ ગયું હશે અને તે વખતે વનરાજ ચાવડાનો ત્યાં ફરી વાર ધામધૂમથી મોટો રાજ્યાભિષેક થયો હશે.

(પ્રક. ૩૧, પૃ. ૪૦૯-૪૧૦) ➡

અને સૌરાષ્ટ્ર વગેરે વિભાગો કનોજના પ્રતિહારવંશના સામંતરૂપે કે સ્વતંત્ર રાજ્યરૂપે વિદ્યમાન હતા.

ચાવડાવંશ પછી ચૌલુક્યવંશના રાજવીઓના હાથમાં ગુજરાતની સત્તા આવી, તેમાં ચૌલુક્ય ભુવનાદિત્ય, જે ઉચ્ચ કોટિનો રાજપુરુષ હતો અને જેનાં બિરુદો અથવા બીજાં નામો વ્યાલકાંતિ, વ્યાલકાંચી, કાંચિકવ્યાલ અને મુંજાલ હતાં, તેમજ જેને ત્રણ રાજપુત્રો (૧) રાજિ (રાજ), (૨) બીજ અને (૩) દડ્ડક (દંડક) હતા, તે પૈકી સામંત રાજિ અને તેના વંશજો ગુજરાતના રાજવીઓ બન્યા અને કનોજને આધીન રહેલા શેષ પ્રદેશો પોતાને હાથ કરતા રહ્યા.

ગુજરાતની ચૌલુક્ય રાજાવલી આ પ્રમાણે હતી –

૧. મૂળરાજ (સં. ૯૯૮ થી સં. ૧૦૫૨) :

વિક્રમની દશમી સદીના અંતમાં સામંતસિંહ ચાવડા નામે ગુજરાતનો રાજા હતો. તેનાં બીજાં નામો ભૂભટ અગર ભૂયગડ હતાં એમ જણાય છે.

સામંતસિંહના રાજકાળમાં ચૌલુક્ય **ભુવનાદિત્ય**ના પુત્રો **રાજ**, બીજ અને દંડક સોમનાથની યાત્રા કરીને પાછા ફરતાં પાટણ આવ્યા ત્યારે સામંતસિંહે અશ્વપરીક્ષાનો દિવસ ગોઠવ્યો હતો. આ પરીક્ષામાં રાજે પોતાની અશ્વકલાપ્રવીણતા બતાવી આપી તેથી સૌ ખુશ થયા. લોકાએ માન્યું કે, આ રાજ ઉચ્ચ કુલનો નબીરો હોવો જોઈએ. રાજવી સામંતસિંહે રાજના રાજલક્ષણો અને કલાપ્રવીણતા પારખીને પોતાની બેન લીલાવતીનું તેની સાથે પાણિગ્રહણ કરાવ્યું. આ લીલાવતીનું બીજું નામ ચંડિકા હોવાનું પણ જણાય છે. લીલાવતી ગર્ભવતી બની અને મરણ પામી પણ કુશળ રાજવૈદ્યોએ તેનું પેટ ચીરીને ગર્ભને-બાળકને બચાવી લીધો. એ બાળક મૂળ નક્ષત્રમાં જન્મ્યો હોવાથી તેનું નામ 'મૂળરાજ' પાડ્યું.

સામંતસિંહ દારૂડિયો હતો, તે ઘણીવાર ઘેનમાં મૂલરાજને ગુજરાતની રાજગાદીએ બેસાડતો અને સાન ઠેકાણે આવે ત્યારે તેને ગાદીએથી ઉઠાડી મૂકતો.

◆ મહોપાધ્યાય ધર્મસાગરગણિના શિષ્ય પં૦ વિનયસાગર સં. ૧૬૫૨માં 'ગૂર્જરદેશ રાજાવલી'માં લખે છે કે –

स्वस्तिश्रीर्जयो मङ्गलाभ्युदयश्च । संवत् ८०२ वर्षे शके ६६८ प्रवर्तमाने वैशाख सुदि ३ गुरूदिने रोहिणीनक्षत्रे वृषस्थे चन्द्र-सूर्योदयाद् गतघटी १७ सिंहलग्ने वहमाने, अस्यां वेलायां श्रीमदणहिलपुरपत्तनं स्थापितं, मुहूर्तं कृतम् ।

અણહિલપુર પાટણ સ્થાપનાની લગ્નકુંડલી –

(૧) સિંહ લગ્ન, (૩) તુલામાં શનિ, (૬) મકરમાં મંગળ, (૯) મેષમાં બુધ, (૧૦) વૃષમાં સૂર્ય, ચંદ્ર અને શુક્ર, (૧૧) મિથુનમાં રાહુ. આ મુજબ ગ્રહોની સ્થિતિ હતી.

આથી એકવાર મૂળરાજને રાજ્ય મળતાં જ મામા સામંતસિંહને મારી નાખી તે ગુજરાતનો રાજા બની બેઠો. તેનો સં. ૯૯૮માં પાટણમાં રાજ્યાભિષેક થયો. તેના રાજ્યાભિષેકની બે સાલો મળે છે. (૧) સં.૯૯૮ અને (૨) સં. ૧૦૧૭. (વિચારશ્રેણી).

માળવાના મુંજરાજે અને સાંભર કે રણથંભોરના વિગ્રહદેવે તેને શરૂઆતમાં કનડગત કરી હતી, પણ તે કુનેહ વાપરીને ધીરે ધીરે ઊંચે ઊઠવા લાગ્યો. તેણે નાડોલના ચૌહાણો સાથે મૈત્રી સ્થાપી. તેણે સૌરાષ્ટ્રનો વિશ્વવરાહ ગ્રહરિપુ, વઢવાણનો ધરણીવરાહ, કચ્છનો લાખાણી, લાટનો બારપ, આબૂનો પરમાર અને ભિન્નમાલના સિંધુરાજને જીતી લઈ ગુજરાતની સત્તા વધારી.

રાજા મૂળરાજે પાટણમાં મૂળરાજવસતિ નામે જિનમંદિર, મૂળરાજસ્વામી મંદિર અને ત્રિપુરુષપ્રાસાદ બંધાવ્યાં. વઢિયાર (વર્ધિવિષય)ના માંડલી ગામમાં મૂલેશ્વરનું મંદિર સ્થાપી તેની પૂજા માટે સં. ૧૦૪૩માં કંબોઈ ગામ દાનમાં આપ્યું. તે દર સોમવારે સિદ્ધપુર સોમનાથની યાત્રાએ જતો હતો, તેની પૂજા માટે સં. ૧૦૪૩માં દાન આપ્યું. તેણે સિદ્ધપુરમાં રુદ્રમાળ બનાવવો શરૂ કર્યો હતો, પાછળથી તેનું શું થયું તેનો ચોક્કસ ઉલ્લેખ મળતો નથી.

તેણે કનોજ તથા કાશીના બ્રાહ્મણોને બોલાવી સિદ્ધપુર (શ્રીપુર)માં વસાવ્યા હતા, જેમની ઔદિચ્ય તરીકે આજે પણ પ્રસિદ્ધિ છે. એ સમયે શિહોર તેના તાબામાં નહોતું. તેનાં વિવિધ દાનોનાં દાનપત્રો મળે છે. તે મોટો દાનવીર હતો. રંગે કાળો, સ્વભાવે ડરપોક, કામી અને યુદ્ધ કરતાં કુનેહને વધુ પસંદ કરનારો હતો.

તેને માધવી નામે રાણી હતી, જે ચૌહાણ ભોજ રાજાની કન્યા હતી. ચામુંડ નામે યુવરાજ હતો અને ચાચિણી નામે રાજકુંવરી હતી. તેને લહધર (લહીર) નામે દંડનાયક હતો.[૧] વીર મહત્તમ, જંબૂક અને જેહાલુ એ મહામંત્રીઓ હતા અને સોમશર્મા નામે પુરોહિત હતો.

રાજા મૂળરાજ સં. ૧૦૫૩માં સિદ્ધપુરમાં અગ્નિપ્રવેશ કરી મરણ પામ્યો.

---

૧. તે સમયના **દંડનાયક**નો પરિચય 'चतुष्कलाध्यक्षः सेनानीर्दण्डनायकः એ શબ્દોથી મળે છે. તેનો અર્થ એ થાય છે કે, હાથી, ઘોડા, રથ અને પાયદળ એ ચતુરંગી સેનાનો નાયક તથા દંડનિતીપૂર્વક તે દેશનો સંચાલક. રાજ્યનું વસૂલીખાતુ પણ તેના હાથમાં રહેતું. દંડનાયકનો સામાન્ય અર્થ 'સર્વેસર્વા સૂબો' કે 'ગર્વનર જનરલ' કહીએ તોય ચાલે.

રાજ્યના અધિકારોમાં દંડનાયક, રાણા, માંડલિક, સામંત – એવો ક્રમ હોવાનું જાણવા મળે છે.

૨. ચામુંડરાય (સં. ૧૦૫૨ થી ૧૦૬૫) –

રાજા મૂળરાજે સં. ૧૦૩૦માં ચામુંડને યુવરાજપદ આપ્યું હતું. તેણે યુવરાજકાળમાં માલવેશ સિન્ધુરાજને નસાડ્યો હતો (વડનગર પ્રશસ્તિ). બારપને જીત્યો હતો. (દ્વ્યાશ્રયમહાકાવ્ય, સર્ગ : ૬, શ્લો. ૧૬; મહીપતરામ નીલકંઠકૃત ગુજરાતનો ઇતિહાસ પ્ર. ૧૨.) આ૦ વીરગણિના ઉપદેશથી થરાના વલહીનાથના મંદિરમાં કોઈ હિંસા ન કરે તેવું **તામ્રશાસન** આપ્યું હતું. સં. ૧૦૩૩માં વડસમાના જૈન દેરાસરની પૂજા માટે ખેતર આપી તેનું તામ્રશાસન લખી આપ્યું હતું. સં. ૧૦૫૨માં રાજા બન્યા બાદ તેણે પાટણમાં ચંડનાથ તથા પોતાની બહેનના નામથી ચાચિણેશ્વર મંદિર બંધાવ્યાં, મહામંત્રી માધવને **કન્હેશ્વર** ગામ આપ્યું હતું અને પોતાના ધર્મગુરુ વીરગણિને મોટા ઉત્સવથી આચાર્યપદ અપાવ્યું હતું.

રાજા મૂળરાજે પોતાના હાથે સં. ૧૦૫૨ના શ્રાવણ સુદિ ૧૧ ને શુક્રવારે અનુરાધાનક્ષત્રમાં પુષ્યાર્ક અને વૃષલગ્નમાં ચામુંડરાયનો પાટણની ગાદી પર રાજ્યાભિષેક કર્યો હતો. તેનું રાજ્ય મોટે ભાગે તેની બેન ચાચિણીદેવી ચલાવતી હતી. ચામુંડરાયને કોઈ સંતાન નહોતું. રાણીઓને કસુવાવડ થતી હતી. આ૦ વીરગણિએ મહામંત્રી વીરના કહેવાથી રાણીઓને વાસક્ષેપ નાખ્યો અને ચામુંડરાયને (૧) વલ્લભરાજ, (૨) દુર્લભરાજ તથા (૩) નાગરાજ એ ત્રણ પુત્રો થયા.

ચામુંડરાયને માળવા સાથે ઝગડો ચાલુ જ હતો. તેણે સિંધુરાજને ભગાડ્યો હતો અને પોતાના પુત્ર વલ્લભરાજને માળવા જીતવાની ભલામણ કરી હતી. તેણે પોતાનું સ્વાસ્થ્ય સારું ન હોવાથી બેન ચાચિણીની સલાહથી પ્રથમ વલ્લભરાજને ગુજરાતનો રાજા બનાવ્યો પણ તે માળવા જતાં રસ્તામાં જ મરણ પામ્યો. એટલે બીજા પુત્ર દુર્લભરાજને ગુજરાતનો રાજા બનાવ્યો. પછી ચામુંડરાય શુકલતીર્થમાં જઈ સં. ૧૦૬૫માં મરણ પામ્યો. તેને ત્રણ પુત્રો હતા. મહત્તર વીર અને માધવ મહામંત્રીઓ હતા, લાલશર્મા નામે પુરોહિત હતો. ચામુંડરાય આ૦ વીરગણિનો ભક્ત હતો.

વડસમાના **દાનપત્ર**માં નીચે પ્રમાણે ઉલ્લેખ છે –

'दानफलं च-जिनभवनं जिनबिम्बं जिनपूजां जिनमतं च यः कुर्यात् ।
तस्य नरामरशिवसुखफलानि करपल्लवस्थानि ।।
याते गुप्तसमाशते दशगुणे साग्रे त्रयस्त्रिंशता,
मार्गे मासि तमिस्रपक्षनवमीं सूर्यात्मजे भुञ्जति ।।९।।
सं. १०३३ सड्ढकाम्बाम्रदेवादीन् चामुण्डराजस्य मम मतम् ।'

(રાજા ચામુંડરાયનું 'તામ્રપત્ર' જૂઓ, 'ભારતીય વિદ્યા' ત્રૈમાસિક, વર્ષ : ૨, અંક : ૧)

૩. વલ્લભરાજ (સં. ૧૦૬૫) –

તે સં. ૧૦૬૫ના આસો સુદિ ૬ ને મંગળવારે ગુજરાતની ગાદીએ આવ્યો. તેણે ગુજરાતનો રાજા બનતાં જ પિતાની આજ્ઞા મુજબ માળવા ઉપર ચડાઈ કરી; પણ રસ્તામાં કોઈ અજાણ્યા વ્યાધિથી તે મરણ પામ્યો.

તે રૂપાળો હતો તેથી મદનશંકર તરીકે ઓળખાતો હતો. વળી તે બહુ શરમાળ પણ હતો. તેને 'જગજ્ઝંપણ'નું બિરુદ હતું. તેણે માત્ર છ મહિના રાજ ભોગવ્યું.

૪. દુર્લભરાજ (સં. ૧૦૬૬ થી ૧૦૭૮) –

વલ્લભરાજના મરણ પછી તેનો બીજો ભાઈ **દુર્લભરાજ** સં. ૧૦૬૬ના ચૈત્ર સુદિ પના રોજ ગુજરાતનો રાજા બન્યો.

તેણે પાટણમાં ઘંટાઘર (ઘટિકાયંત્રઘર), દાનશાળા, હાથીખાનાવાળો સાત માળનો મહેલ, વલ્લભરાજના કલ્યાણ માટે મદનશંકરપ્રાસાદ અને દુર્લભ-સરોવર બંધાવ્યાં.

તેણે લાટનો પ્રદેશ જીતી લીધો હતો. તે રંગે કાળો હતો. (દ્વ્યા. કા.સ. ૭, શ્લો. ૬૦) તે શૃંગારી છતાં પરનારીસહોદર, બ્રાહ્મણનું ધન નહીં લેનારો, ન્યાયપરાયણ અને યુદ્ધનિષ્ણાત હતો. તેને **દુર્લભદેવી** નામે રાણી હતી, જે નાડોલના ચૌહાણ રાજા વિગ્રહરાજની પુત્રી અને રાજા મહેંદ્રની બેન હતી. રાજા મહેન્દ્રે પોતાની બીજી બેન લક્ષ્મીને પણ તેના નાનાભાઈ નાગરાજ સાથે પરણાવી હતી.

તેને વીર મહત્તમ અને નેઢ મહામંત્રીઓ હતા અને મુંજ નામે પુરોહિત હતો.

તેણે સં. ૧૦૭૮માં પોતાના નાનાભાઈ નાગરાજના પુત્ર ભીમને ગુજરાતની ગાદીએ બેસાડ્યો અને પોતે વાનપ્રસ્થપણું સ્વીકાર્યું. તેના મંત્રી વીરે પણ સાધુપણું સ્વીકાર્યું હતું એટલે રાજા અને મંત્રી બંને વિરક્તાત્મા હતા. માજી રાજા દુર્લભરાજ કાશીની યાત્રાએ માળવા થઈને જતો હતો ત્યારે માળવામાં રાજા ભોજે તેનાં રાજચિહ્નો આંચકી લીધાં, તેથી તે પાછો પાટણ આવ્યો અને આ હકીકત તેણે રાજા ભીમને જણાવી.

ગુજરાત અને માળવા વચ્ચે સામાન્ય વિરોધ તો હતો જ, તેમાં આ ઘટનાએ ઘીનું કામ કર્યું. આ વિરોધે ભડકાનું સ્વરૂપ લીધું.

વનરાજ ચાવડાનો રાજ્યાભિષેક જૈનાચાર્ય **શીલગુણસૂરિ** તથા આ૦ દેવચંદ્રસૂરિના વાસક્ષેપથી પ્રથમ પંચાસરમાં અને તે પછી સં. ૮૨૧માં પાટણમાં

થયો હતો. આથી વનરાજ ચાવડાએ તે આચાર્યોને શિષ્યપરંપરાના હક્કમાં એવું ફરમાન લખી આપ્યું કે –

''ચૈત્યવાસી યતિઓને સમ્મત મુનિઓ જ પાટણમાં રહી શકે, બીજા ન રહી શકે.'' (જૂઓ, પ્રક. ૩૧, પૃ. ૪૦૯)

ગુજરાતના સજાઓએ આ ફરમાનનું અખંડ પાલન કર્યું હતું.

જૈન સંઘમાં વિ.સં. ૪૭૨થી ૧૩૦૦ સુધી ચૈત્યવાસી તરીકે ઓળખાતો એક શ્રમણવર્ગ હતો. (જૂઓ પ્રક. ૨૩, પૃ. ૩૩૦થી ૩૩૨) તેમનું પાટણમાં વર્ચસ્વ હતું. સંવેગી, વનવાસી, વિહારુક કે સુવિહિત જૈન સાધુઓ પાટણમાં રહી શકતા નહીં. રાજા ભીમદેવના શાસનકાળમાં આ મર્યાદામાં એકાએક પલટો આવ્યો.

ચંદ્રકુળના વડગચ્છના આ૦ વર્ધમાનસૂરિના પટ્ટધર આ૦ જિનેશ્વર અને આ૦ બુદ્ધિસાગર પ્રકાંડ વિદ્વાનો હતા, પરમસંવેગી હતા. તેઓ સં. ૧૦૮૦માં પાટણમાં આવ્યા ત્યારે રહેવા માટે અહીં સ્થાન મળ્યું નહીં. આથી રાજા દુર્લભરાજે ચૈત્યવાસીઓને સમજાવી, તેમની સમ્મતિથી સંવેગી સાધુઓ પણ પાટણમાં રહી શકે તેવી વ્યવસ્થા કરી. રાજા આ૦ જિનેશ્વરસૂરિને બહુ માનતો હતો, તેમને રાજસભામાં માનભેર આમંત્રણ આપતો હતો અને તેમનો ઉપદેશ સાંભળતો હતો. રાજાની આ સન્માનની ભાવનાથી પાટણમાં સુવિહિત સાધુઓનો વિહાર ખુલ્લો થયો અને તેમને માટે ઉપાશ્રયો પણ બનવા લાગ્યા. તે પછી આ૦ નેમિચંદ્રસૂરિ વગેરે પાટણમાં પધાર્યા હતા. રાજા દુર્લભરાજ અંતે સં. ૧૦૮૦માં બાવાના વેશમાં તીર્થમાં જઈ વસ્યો અને ત્યાં પરલોકની સાધના કરી મૃત્યુ પામ્યો.

રાજા દુર્લભરાજને જ્ઞાનદેવ નામે શૈવાચાર્ય ધર્મગુરુ હતો, પં૦ સોમેશ્વર નામે પુરોહિત હતો અને નેઢ નામે મહામાત્ય હતો.

૫. ભીમદેવ પહેલો (સં. ૧૦૭૮ થી ૧૧૨૦) –

નાડોલના રાજા મહેંદ્ર ચૌહાણે પોતાની નાની બેન લક્ષ્મીને રાજા દુર્લભરાજના નાનાભાઈ નાગરાજ સાથે પરણાવી હતી. લક્ષ્મીરાણીએ ભીમદેવને જન્મ આપ્યો. રાજા દુર્લભરાજે પોતાના હાથે જ સં. ૧૦૭૮માં ભીમદેવને ગુજરાતની ગાદીએ બેસાડ્યો.

મહમ્મુદ ગિઝનવીએ સં. ૧૦૮૦માં ભારત ઉપર ચડાઈ કરી. સં. ૧૦૮૧માં (તા. ૩-૧-૧૦૨૫ ગુરુવારે) **ભિન્નમાલ, પાટણ,** ચંદ્રાવતી, જૂનાગઢ, દેલવાડા અને **સોમનાથ પાટણ**ના સોમેશ્વરને તોડીફોડીને લૂંટી લીધું, પરંતુ તે સાચોરને તોડી શક્યો નહીં. એ સમયે રાજા ભીમદેવ કંથકોટના કિલ્લામાં સંતાઈ

બેઠો હતો. મહમ્મુદે ત્યાં જઈને તેને ત્યાંથી પણ નસાડ્યો અને પોતે સિંધમાં થઈને ત્યાંથી ગીઝની ચાલ્યો ગયો. ગીઝની જતાં અજાણ્યો રસ્તો લેવાથી તેના સૈન્યની ભારે ખુવારી થઈ.

ગુજરાત અને માળવાને પરસ્પર વૈમનસ્ય ચાલુ હતું. માજી રાજા દુર્લભરાજની ઘટનાથી તેમાં વધારો થયો હતો. રાજા ભીમદેવ તેનો બદલો લેવાને તકની રાહ જોતો હતો. રાજા ભોજે ગુજરાત ઉપર ચડાઈ કરવાનું પ્રસ્થાન કર્યું, પરંતુ ગુજરાતના ચકોર સાંધિવિગ્રહિક (સંધિપાલ) દામોદરે (ડામરે) બહુ જ યુક્તિથી તેમાં ફેરફાર કરાવ્યો. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૧૧૮-૧૧૯)

ભીમદેવ સં. ૧૦૯૯માં સિંધને જીતવા ગયો ત્યારે પાછળથી ભોજરાજાનો સેનાપતિ દિગંબર ભટ્ટારક કુલચંદ્ર સૈન્ય સાથે આવ્યો અને પાટણ ભાંગ્યું. રાજમહેલના ઘંટાઘર પાસે કોડીઓ દાટી જયપત્ર મેળવ્યું, પરંતુ તેને ખંભાતમાં સખત હાર મળી. એટલે તે સીધો માળવા ચાલ્યો ગયો.

(જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૧૧૯)

એક વાર ભીમદેવ વેશ પલટો કરીને ભોજની સભામાં પહોંચી ગયો. એના નીકળી ગયા બાદ ભોજ રાજાને ખબર પડી કે, ગુજરાતનો રાજા ભીમદેવ સભામાં આવ્યો હતો.

એક દિવસે ડાહલદેશનો કલચૂરી રાજા કર્ણ કર્નાટકના રાજા સોમેશ્વર વગેરેને લઈ ધારા પર ચડી આવ્યો. ગુજરાતનો ભીમ પણ કર્ણરાજે 'તમને માળવાનું અર્ધું રાજ્ય આપીશ' એવી કબૂલાત સાથે બોલાવવાથી ધારા ઉપર ચડી આવ્યો. રાજા ભોજ સં. ૧૧૧૨માં તે જ રાતે આ બધું જાણીને મરણ પામ્યો. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૧૨૧)

કર્ણે ધારાનગરને લૂંટ્યું, ખજાનો પણ લઈ લીધો અને ભીમદેવને લૂંટનો માલ નહીં પરંતુ ધર્મવિભાગરૂપે નીલકંઠ મહાદેવ તથા ચિંતામણિ ગણપતિ વગેરે દેવમંડલ આપ્યું. ભીમદેવને માળવા અને ગુજરાતની વચ્ચેનો પ્રદેશ પણ મળ્યો. જો કે તે પછી માળવાના રાજા જયસિંહનો સેનાપતિ જગદેવ તથા ઉત્તરાધિકારી ઉદયાદિત્યે ગુજરાત સાથે યુદ્ધ કરી તેમાંનો ઘણો પ્રદેશ પાછો વાળ્યો, પરંતુ ખેડામંડલ તો ગુજરાતમાં જ રહ્યું. આજે પણ પંચમહાલ અને ખેડામંડલ ગુજરાતમાં જ છે. મહામાત્ય નેઢ, મંત્રી સેનાપતિ વિમલ, સંધિપાલ દામોદર વગેરે પણ આ માળવાની લડાઈમાં સાથે હતા.

દિલ્હીના હિંદુ રાજાએ સં. ૧૦૯૯માં સિંધ પર હુમલો કર્યો. ગુજરાતનો રાજા ભીમ, યુવરાજ કર્ણ, માળવાનો ભોજ, નાડોલનો અણહિલ ચૌહાણ, કર્ણાટકનો સોલંકી સોમેશ્વર, ચેદિનો કલચૂરી કર્ણદેવ વગેરેએ ત્યાં જઈ તેને સાથ

આપ્યો હતો. તેમાં ભીમદેવે જે બહાદુરી બતાવી તેનું સવિસ્તાર વર્ણન 'દ્વ્યાશ્રય-મહાકાવ્ય'માં મળે છે.

સિંધ જતાં રાજા ભીમદેવે થટ્ટાના રાજાને હરાવ્યો હતો. દિલ્હીપતિ સાથે મૈત્રી બાંધી હતી.

આબૂનો રાજા ધંધૂક તથા કૃષ્ણરાજ પરમાર અને નાડોલનો રાજા અણહિલ તથા અહિલ ચૌહાણે સ્વતંત્ર થવા માટે માથું ઊંચું કર્યું હતું. તેમાં તેઓ નિષ્ફળ જતાં ફરીથી તેઓ ગુજરાતના સામંત બની રહ્યા. ભીમદેવે ચેદિરાજ કર્ણ સાથેની મૈત્રીને વધુ ગાઢ બનાવી હતી. (દ્વ્યાશ્રયકાવ્ય, સર્ગ : ૧૬, શ્લો. ૧૭થી ૬૪)

ભીમદેવ **બકુલાદેવી**ને પરણ્યો હતો. તેનો ઇતિહાસ એવો મળે છે કે,* બકુલાદેવી એ વારાંગના કન્યા હતી. તે પાટણમાં સૌથી વધારે રૂપાળી હતી અને પવિત્ર જીવન ગાળતી હતી. તેને કુળવાન સ્ત્રીની જેમ એક પુરુષ સાથે રહીને લગ્નજીવન ગાળવાની અભિલાષા હતી. રાજા ભીમદેવે આ વૃત્તાંત જાણીને તેની પવિત્રતાની પરીક્ષા માટે તેને ત્યાં પોતાના સેવકો સાથે પાણિગ્રહણની વિધિરૂપે એક બહુ કીમતી ખાંડુ મોકલ્યું અને તેણે બહુ ઉત્સાહથી તે જ રીતે શુભ મુહૂર્તે યુદ્ધ માટે પ્રયાણ કર્યું. રાજાએ માળવાના યુદ્ધમાં બે વર્ષ વીતાવ્યાં. અહીં રાણી બકુલાએ બે વર્ષ સુધી શોભાદાર વસ્ત્રો તથા આભૂષણોનો ત્યાગ કરી, પતિવ્રતાના નિયમો પાળી શુદ્ધ શીલનું પાલન કર્યું. ભીમ ત્રીજા વર્ષે શત્રુઓને જીતી પાટણમાં આવ્યો. તેણે બકુલાદેવીની પતિવ્રતાની ખાતરી કરી તેને પોતાના રાણીવાસમાં દાખલ કરી. તેણે ક્ષેમરાજકુમારને જન્મ આપ્યો, તે પછી મોટી રાણી ઉદયમતીએ કર્ણદેવને જન્મ આપ્યો. ક્ષેમરાજ અને કર્ણદેવને પરસ્પર ગાઢ પ્રેમ હતો. ક્ષેમરાજને દેવપ્રસાદ અને દેવપ્રસાદને ત્રિભુવનપાલ વગેરે ત્રણ પુત્રો હતા. ત્રિભુવનપાલને પણ ત્રણ પુત્રો અને એક પુત્રી હતાં. તેઓમાં કુમારપાલ રાજલક્ષણવાળો હતો.[૧]

★ જૂઓ, તાડપત્રીય સં. ૧૪૭૫માં લખેલો 'પ્રાચીન કુમારપાલપ્રબંધ'.

૧. भीमदेवस्य द्वे राज्यौ, एका बकुलादेवीनाम पण्याङ्गजा, पत्तनप्रसिद्धं रूपपात्रं च । तस्याः कुलयोषितोऽपि अतिशायिनीं प्राज्यमर्यादां नृपतिर्निशम्य तद्वृत्तपरीक्षानिमित्तं सपादलक्षमूल्यां क्षुरिकां निजानुचरैस्तस्यै ग्रहणके दापयामास । औत्सुक्यात् तस्यामेव निशि बहिरावासे प्रस्थानलग्नमसाधयत् । नृपतिर्वर्षद्वयं मालवमण्डले विग्रहाग्रहात् तस्थौ । सा तु बकुलादेवी तद्दत्तग्रहणकप्रमाणेन वर्षद्वयं परिहृतसर्वसङ्गचङ्गशीललीलयैव तस्थौ । निस्सीमपराक्रमो भीमस्तृतीयवर्षे स्वस्थानमागतो जनपरम्परया तस्यास्तां प्रवृत्तिमवगम्य तामन्तःपुरे न्यधात् । तदङ्गजः क्षेमराजः । द्वितीया राज्ञी उदयमती, तस्याः सुतः कर्णदेवः । क्षेमराज-कर्णदेवौ तत्पुत्रौ भिन्नमातृकौ परस्परं प्रीतिभाजौ ।... इतश्च क्षेमराजस्य पुत्रो देवप्रसादकः । तस्य पुत्रास्त्रयः त्रिभुवनपालादयोऽभूवन्, त्रिभुवनपालस्यैकाऽभूत् सुता, तनयास्त्रयः । आद्यः कुमारपालाख्यो राजलक्षणलक्षितः ॥ ➡

ક્ષેમરાજનું બીજું નામ હરિપાલ હતું.[૨]

ભીમદેવનો ત્રીજો પુત્ર મૂળરાજ બહુ જ પરગજુ હતો. તેણે ભયંકર દુકાળમાં ખેડૂતો ઉપર ગુજારાતી કનડગત દૂર કરાવી હતી અને રાજાને સમજાવી તેનો વેરો પણ માફ કરાવ્યો હતો. આથી તે મીઠી દૃષ્ટિને પાત્ર બન્યો. તે ત્રીજે દિવસે મરણ પામ્યો. ખેડૂતો બીજે વર્ષે બે સાલનો વેરો લઈ રાજા પાસે આવ્યા. રાજા ભીમદેવે તેમાં બીજી રકમ ઉમેરીને તે વડે ત્રિપુરુષપ્રાસાદનો જીર્ણોદ્ધાર કરાવ્યો.

મહમ્મુદ ગિઝનવીએ સોમનાથનું મંદિર તોડ્યું હતું ત્યારે સૌરાષ્ટ્ર ગુજરાતને આધીન ન હતો. ભીમદેવે ત્યાં પથ્થરનું નાનકડું કામચલાઉ મંદિર બંધાવ્યું હશે.

રાજા ભીમદેવે પાટણમાં રાજા મૂળરાજના ત્રિપુરુષપ્રાસાદનો પોતાના પુત્ર મૂળરાજ (બીજા)ના કલ્યાણ માટે જીર્ણોદ્ધાર કર્યો હતો. તેમાં તેણે મોટી રકમ લગાવી હતી તથા કચ્છમાં ભદ્રાવતીનગરનો કિલ્લો બંધાવ્યો અને તળાવ બંધાવ્યું. રાણી ઉદયમતીએ 'રાણીવાવ' બંધાવી હતી.

મોઢેરામાં ભ૦ મહાવીરસ્વામીનું કુંડવાળું વિશાળ મંદિર હતું, જે મોઢ-ગચ્છના આચાર્યોના તાબામાં હતું. (જૂઓ પ્રક. ૩૨, પૃ. ૪૩૨.) આ અરસામાં તેનો જીર્ણોદ્ધાર થયો હશે. જે અસલમાં સૂરિમંદિર હતું તે આજે મોઢ વૈશ્યો વૈષ્ણવ બની જતાં સૂર્યમંદિર તરીકે ઓળખાય છે.

ભીમદેવની સભામાં આ૦ **દ્રોણાચાર્ય**, આ૦ સૂરાચાર્ય, આ૦ ગોવિંદ, આ૦ વર્ધમાન વગેરે અવારનવાર જતા હતા, ઉપદેશ દેતા હતા. રાજા ભીમદેવ તેઓનો પરમ ભક્ત હતો. શ્રીદ્રોણાચાર્ય તથા સૂરાચાર્ય રાજા ભીમદેવના મામા તથા મામાઈ ભાઈ હતા. આ સમયે રાજકુટુંબોમાં તથા ગુજરાતમાં જૈનધર્મનું શું સ્થાન હતું તે આ ઉપરથી સહેજે તારવી શકાય એમ છે. આ સમયે ઘણા ક્ષત્રિયોએ જૈનધર્મ સ્વીકાર્યો હતો.

◆ પાટણના સંઘવીપાડાના જૈન ગ્રંથભંડારમાં રહેલ પ્રાચીન 'કુમારપાલપ્રતિબોધ પ્રબંધ'ની સં. ૧૪૭૫માં લખાયેલી તાડપત્રીય પ્રતિ, પત્ર ૪૬. જૂઓ, પત્તનસ્થ જૈન ગ્રંથભાંડાગારસૂચી' પૃ. ૧૫-૧૭, સને ૧૯૩૭માં પ્રકાશિત ગા. ઓ. સિ. નં. ૭૬.

જૈન સત્યપ્રકાશ, ક્રમાંક : ૨૨૮, પૃ. ૨૨૩, પં. લા. ભ. ગાંધીનો 'ઉદયવિહાર' લેખ.

મુક્તિકમલ જૈન ગ્રંથમાલા, અમદાવાદ ગ્રં. ૧૧, પત્ર ૩.

૨. ભીમદેવની ઇચ્છા હતી કે ક્ષેમરાજને ગાદીએ બેસાડવો, પરંતુ ક્ષેમરાજે પ્રભુભજનમાં અને તપ-ધ્યાનમાં પોતાનું જીવન ગાળવા જણાવ્યું અને તે મુંડકેશ્વરતીર્થમાં જઈને રહ્યો. ભીમદેવ તથા ક્ષેમરાજે કર્ણદેવને ગુજરાતની ગાદીએ બેસાડ્યો. કર્ણદેવે ક્ષેમરાજના પુત્ર દેવપ્રસાદને (દેથલી) ગામ ગરાસમાં આપ્યું. ''ભીમરાજે ક્ષેમરાજને આપવા માંડ્યું.''

– મહિપતરામ રૂપરામ નીલકંઠકૃત 'ગુજરાતનો સંક્ષિપ્ત ઇતિહાસ' પૃ. ૧૩.

ભીમદેવના મંત્રી વિમલશાહે સં. ૧૦૮૮ માં આબૂ ઉપર વિમલવસતિ નામે જિનમંદિર બનાવ્યું હતું, જેની નકશી આજે પણ ભારતમાં સૌથી શ્રેષ્ઠ મનાય છે. (જૂઓ, પ્રક. ૩૭, પૃ. ૨૩૫–વિમલવસહી)

રાજા ભીમદેવને દામોદર તથા ચંડશર્મા સંધિપાલ, નેઢ મહામંત્રી, વિમલ દંડનાયક, જાહિલ નાણાંખાતાનો પ્રધાન અને મુંજનો પુત્ર સોમશર્મા પુરોહિત હતા.[૧]

તેને ઉદયમતી તથા બકુલાદેવી રાણીઓ હતી અને ક્ષેમરાજ, કર્ણદેવ તથા મૂળરાજ એ રાજપુત્રો હતા. તેના સમયમાં વીસનગર વસ્યું હતું.

(જૂઓ, દ્વ્યાશ્રય મહાકાવ્ય, પ્રભાવકચરિત્ર, પ્રબંધચિંતામણિ, તપગચ્છ-પટ્ટાવલી, સત્યપુરમંડન મહાવીરઉચ્છાહ, તામ્રપત્રો, પ્રશસ્તિલેખો, ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ, જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, રાસમાલા, મુંબઈ ગેઝેટિયર, ઈબ્નસીરની તબકાત ઈ-નસીરી, શ્રમણવંશવૃક્ષ.)

૬. કર્ણદેવ (સં. ૧૧૨૦ થી ૧૧૫૦) –

રાજા ભીમદેવ, ક્ષેમરાજકુમાર તથા મંત્રીઓએ એકમત કરી, સં. ૧૧૨૦ માં કર્ણદેવને ગુજરાતની ગાદીએ બેસાડ્યો. ત્યાર બાદ ક્ષેમરાજ તપસ્યા કરવા મુંડકેશ્વર તીર્થમાં જઈ વસ્યો.

'કર્ણસુંદરી'ના આધારે અનુમાન થાય છે કે, રાજા ભીમદેવે સં. ૧૦૯૯માં સિંધ પર હુમલો કર્યો ત્યારે કર્ણદેવ પણ તેમની સાથે હશે.

શરૂઆતમાં માળવાના રાજા ભોજના ત્રીજા ભાઈ ઉદયાદિત્યે સાંભરના રાજા વિગ્રહરાજની મદદથી ગુજરાતની સરહદ પર હુમલો કર્યો અને પોતાનો કેટલાક પ્રદેશ પાછો મેળવ્યો.

સેવાડીના શિલાલેખોમાં નાડોલની રાજાવલીમાં અણહિલ, જિંદ અને અશ્વરાજનાં નામો આપ્યાં છે. આ જિંદના પુત્ર પૃથ્વીપાલ તથા જુજ્જલે ગુજરાત સામે બળવો જગાવ્યો હતો, પરંતુ અંતે તેઓ કર્ણદેવના સામંત બની ગયા હતા.

લાટમાં ગુજરાતના સામંત તરીકે બારપ, બારપનો પુત્ર, કીર્તિરાજ અને ત્રિલોચનપાલ થયા હતા. રાજા કર્ણદેવના સમયે અહીં દુર્લભરાજ ચૌલુક્ય દંડનાયક તરીકે નિમાયો હતો.

કર્ણદેવે છ લાખ ભીલોના સરદાર આશાવલના ભીલને જીતી સાબરમતીના કિનારે **કર્ણાવતી**નગર વસાવ્યું, કર્ણસાગર (કાંકરિયુ) તળાવ બંધાવ્યું. કર્ણેશ્વરનું

---

૧. પ્રથમ ભીમદેવનો મંત્રી નેઢ, દંડનાયક વિમલ, ખર્ચખાતાનો પ્રધાન જાહિલ જૈન હતા. (જૂઓ 'ભારતીયવિદ્યા' ત્રૈમાસિક, વર્ષ : ૨, અંક : ૧)

મંદિર બંધાવ્યું તેમજ કોચરબદેવીનું મંદિર અને જયંતીદેવીનું મંદિર બંધાવી તેની સ્થાપના કરી. મોઢેરાની દક્ષિણે કર્ણસાગર ગામ વસાવ્યું. પાટણમાં કર્ણમેરુ-પ્રાસાદ કરાવ્યો અને કચ્છની ભદ્રાવતીમાં એક વાવ બંધાવી.

આશાપલ્લી વગેરે સ્થાનો માટે વિદ્વાનોમાં મોટો વિસંવાદ છે; પરંતુ વિચાર કરતાં આશાપલ્લી તે અસારવા, કર્ણાવતી તે અમદાવાદ, કર્ણસાગર તે કાંકરિયું, નરોડા તે ઉદાયન મંત્રીનો વાસ, કર્ણેશ્વર તે નરોડા ગામનું નરેશ્વર કે નલેશ્વરનું મંદિર, કોછરબ તે કોચરબ અને જયંતીદેવી તે ભદ્રાવતી સંભવે છે. ગુજરાતના મહામાત્ય **ઉદાયને** કર્ણાવતીમાં વિશાળ જિનાલય બંધાવ્યું હતું, જેની નિશાની નરોડામાં મળે છે. ઇતિહાસ કહે છે કે, સૂબા અલફખાને આશાવલને કોટ કરાવ્યો હતો. સુલતાન અહમદશાહે (સં. ૧૪૬૭ ફા.સુ.૩) અમદાવાદ વસાવ્યું ત્યારે તેને સમરાવ્યો હશે; એ બંધબેસતી તર્કસંગત ઘટના છે.

આ સમયે કર્ણાટકમાં સોમેશ્વર (મૃત્યુ સં. ૧૧૩૨) અને વિક્રમાદિત્ય છઠ્ઠો રાજા હતો. ગોવામાં (પરોડા નદીકિનારે ચંદુરમાં) ષષ્ઠીદેવ એટલે શુભકેશી (સં. ૧૦૬૧ થી ૧૧૦૬) તથા જયકેશી પહેલો (સં. ૧૧૦૬ થી ૧૧૩૬) કર્ણાટકના સામંત રાજાઓ હતા. રાજા જયકેશી છઠ્ઠા વિક્રમાદિત્યનો મિત્ર અને જમાઈ થતો હતો. તેની પુત્રી **મયણલ્લદેવી** એટલે મીનલદેવીએ કર્ણદેવ સાથે લગ્ન કરવાનો નિર્ણય કર્યો એટલે રાજા જયકેશીએ તેને સ્વયંવરા તરીકે પાટણ મોકલી. તે કુરૂપ હતી તેથી કર્ણદેવે લગ્ન કરવાની ના પાડી; પછી તો માતાના દબાણથી અને કર્ણાટક સાથે ગાઢ સંબંધ જોડાય એ રહસ્યથી તેને તે પરણ્યો, પરંતુ તે મીનલદેવીને કુરૂપ જાણી બોલાવતો નહોતો.

એક વાર કર્ણે કોઈ નીચ જાતિની સ્ત્રીને એકાંતમાં મળવાનો સંકેત કર્યો હતો. **મહામંત્રી મુંજાલે** તે સ્ત્રીના બદલે મીનલદેવીને ગોઠવી દીધી. મીનલદેવીએ જયસિંહકુમારને જન્મ આપ્યો.

કર્ણદેવ બહુ રૂપાળો અને કામી પુરુષ હતો. તે યુવરાજ હતો ત્યારે તેણે સંભવતઃ સૌથી રૂપાળા આ૦ દેવસૂરિને **'રૂપશ્રી'**નું બિરુદ આપ્યું અને રાજા થયા પછી અત્યંત નિઃસ્પૃહતાના કારણે શરીરના મેલને પણ દૂર ન કરનારા આ૦ અભયદેવસૂરિને **'મલધાર'**નું બિરુદ આપ્યું હતું. ગોવિંદાચાર્ય કર્ણદેવના ગાઢમિત્ર હતા (જૂઓ, પ્રક. ૩૭, ૩૮). તેની સભામાં જૈનાચાર્યોનું માનવંતુ સ્થાન હતું. રાજા કર્ણદેવને ત્રૈલોક્યમલ્લનું બિરુદ હતું.

કર્ણદેવને ધવલ, શાંતૂ અને મુંજાલ એ ત્રણ મહામાત્યો હતા. જાહિલ ખર્ચખાતાનો પ્રધાન હતો. દુર્લભરાજ દંડનાયક હતો. આમશર્મા પુરોહિત હતો. જયા અને મીનલદેવી રાણીઓ હતી. જયસિંહ પુત્ર હતો.

બહારથી આવતા સોમનાથના યાત્રિકો પાસેથી ભાલોદમાં મુંડકાવેરો લેવાતો હતો તે રદ કરાવવાની ઇચ્છાથી મીનલદેવી ગુજરાતની રાણી બની હતી. સિદ્ધરાજ જયસિંહના રાજ્યમાં તેણે પોતાની તે ઇચ્છા પાર પાડી. તેણે અહીં મંત્રી ઉદયનને ભ્રાતા તરીકે સ્વીકાર્યો હતો. તેણે પિતા જયકેશીનું મરણ થતાં પિતાના કલ્યાણ માટે સોમનાથ જઈ ત્યાં ત્રણ વેદના જાણકાર એક બ્રાહ્મણને પાપઘટનું દાન આપ્યું હતું. રાણી મીનલદેવીએ વીરમગામમાં મીનલ-સરોવર અને ધંધુકામાં બીજું સરોવર બંધાવ્યું. જયસિંહ બાલક હતો ત્યારે ઘણાં વર્ષો સુધી રાજમાતા મયણલ્લદેવીએ રાજકારભાર સાચવ્યો હતો.

કાશ્મીરના કવિ બિલ્હણે ચતુરંકી 'કર્ણસુંદરી નાટિકા'માં રાજા કર્ણદેવ તથા મહામાત્ય શાંતૂની ઘટના રજૂ કરી છે. નાટિકામાં તીર્થંકરદેવનું મંગલાચરણ કરેલું છે; એ એક સૂચક વસ્તુ છે.[1] નાટિકામાં મહામાત્ય શાંતૂએ કર્ણ અને મીનલદેવીનો મિલાપ કઈ રીતે કરાવ્યો તેનું સરસ રીતે આલેખન કર્યું છે. (જૂઓ, પ્રક. ૩૭, પૃ. ૨૧૫) આમાં મહામાત્ય શાંતૂને યોગંધરાયણની સાથે સરખાવ્યો છે.

૭. સિદ્ધરાજ જયસિંહ (સં. ૧૧૫૦ થી ૧૧૯૯) –

રાજકુમાર જયસિંહ બાળક હતો ત્યારે જ રાજા કર્ણદેવે દેવપ્રસાદ રાજા બની ન બેસે એ કારણે બાળક જયસિંહનો શુભ મુહૂર્તમાં પાટણની ગાદી પર રાજ્યાભિષેક કર્યો હતો અને પોતે કર્ણાવતીમાં મોટે ભાગે રહેતો હતો. જયસિંહ મોટો થયો ત્યારે કર્ણદેવે સં. ૧૧૫૦ના પોષ સુદિ ૩ ને શનિવારે શ્રવણ નક્ષત્રમાં તેનો ભારે ઠાઠથી રાજ્યાભિષેક કર્યો અને તે પછી કર્ણદેવ મરણ પામ્યો. સમય જતાં જયસિંહ સિદ્ધરાજ તરીકે પ્રસિદ્ધિ પામ્યો.

ક્ષેમરાજના પુત્ર દેવપ્રસાદે પણ કર્ણદેવ અને જયસિંહદેવના મનના સમાધાન માટે ત્રિભુવનપાલને જયસિંહના હાથમાં સોંપી અગ્નિસમાધિ લીધી. જયસિંહ અને ત્રિભોવનપાલ વચ્ચે ગાઢ મૈત્રી હતી.

કર્ણરાજ મરણ પામ્યો ત્યારે સિદ્ધરાજ આઠ વર્ષનો હતો અને મંત્રી શાંતૂની દેખરેખ નીચે આગળ વધ્યો હતો. સિદ્ધરાજે ગુજરાતને બૃહદ્ ગુજરાત બનાવવા અથાક પ્રયત્ન કર્યો હતો. તેણે શરૂઆતમાં જ મહામાત્ય શાંતૂની સલાહથી વૈદ્યકમાં નિષ્ણાત લીલા વૈદ્યને પોતાને ઘરે બોલાવી ૩૨ હજારનું બાન લઈ છૂટા કરનાર પોતાના સગા મામા મદનપાલને મરાવી નાખ્યો અને 'દુષ્ટસ્ય દણ્ડઃ' એ રાજનીતિનો ઉત્તમ દાખલો બેસાડ્યો. તેણે આઠ વર્ષની ઉંમરમાં ધારાનગર

---

૧. કવિ બિલ્હણે વિક્રમાંકચરિત્ર, કર્ણસુંદરી નાટિકા, બિલ્હણાષ્ટક પાર્શ્વનાથસ્તોત્ર અને ચૌર પંચાશિકા રચ્યાં છે.

ભાંગવાની પ્રતિજ્ઞા લીધી હતી, જે મંત્રી શાંતૂએ બનાવટી ધારા બનાવીને પૂરી કરાવી હતી. તેણે લૂંટારાના સરદાર બર્બરકને જીતીને પોતાની આજ્ઞા હેઠળ આણ્યો હતો.

ઈતિહાસ કહે છે કે, ગુજરાતના ચાવડાઓ ચાંચિયાપણું કરતા હતા, તે ચાંચિયાગીરી વનરાજ ચાવડાએ બંધ કરાવી હતી.

સોરઠના ચૂડાસમા રાજાઓ પણ એ જ કોટિના રાજાઓ હતા. તેઓ કોડિનાર, પ્રભાસપાટણ, ગિરનાર તથા દ્વારિકાના જૈન, શૈવ યાત્રિકોને લૂંટતા હતા. તેઓ લૂંટ, ચોરી, ચાંચિયાપણું અને વ્યભિચારના માર્ગે ચડી ગયા હતા. એ કારણે તેઓ યાદવ હોવા છતાં 'આભીર' કહેવાતા હતા.[૧] તેમની એ પાશવી લીલાનો અંત લાવવા માટે સિદ્ધરાજે પોતાની તરવાર ઉઠાવી. રાજા સિદ્ધરાજે સં. ૧૧૭૦માં જૂનાગઢના રાજા ખેંગારને કપટથી પકડીને કેદમાં પૂર્યો.

રાજમાતા મીનલદેવીને સોમનાથની યાત્રાની ઉત્કટ ઈચ્છા હતી. સિદ્ધરાજે તેને સાથે લઈને સોમનાથની પહેલી યાત્રા કરી. ભાલોદનો ૭૨ લાખની આવકવાળો યાત્રાનો કરવેરો તેને સદંતર બંધ કરાવ્યો અને સં. ૧૧૭૦ થી સિંહ સં. ચલાવ્યો. રા'ખેંગાર અને રાણકદેવડી સં. ૧૧૭૬માં મરણ પામ્યાં. તે પછી સોરઠમાં મંત્રી સજ્જનની દંડનાયક તરીકે નિમણૂંક કરવામાં આવી. આ યુદ્ધમાં ત્રિભુવનપાલ અને મંત્રી ઉદયન સાથે હતા.

માળવા અને ગુજરાતના વચલા પ્રદેશો માટે અવારનવાર ઝગડો ઊભો થતો હતો. સિદ્ધરાજ સં. ૧૧૮૫માં સોમનાથની યાત્રાએ ગયો ત્યારે રાજા નરવર્માના યુવરાજ યશોવર્માએ ગુજરાત પર હુમલો કર્યો હતો. મહામાત્ય શાંતૂએ તે સમજે એવી યુક્તિથી સમજાવી તેને પાછો વાળ્યો હતો. આ દરમિયાન માતા મીનલદેવી મરણ પામી.

સિદ્ધરાજે સં. ૧૧૯૦માં મંત્રી મુંજાલને સંધિપાલ બનાવી ધારા મોકલ્યો, મંત્રી આલિગને પાટણની રક્ષાનો ભાર સોંપ્યો અને પોતે મહામાત્ય શાંતૂ, નાડોલનો સામંત આશરાજ ચૌહાણ, કિરાડૂનો સામંત ઉદયરાજ વગેરેને સાથે લઈ માળવા તરફ રવાના થયો. ગોધરાના ભીલોએ તેની સામે લડવાને મોરચો ગોઠવ્યા હતો. મંત્રી શાંતૂ મહેતાએ આસપાસના ગામોનું સૈન્ય એકઠું કરી ભીલોને નસાડ્યા.

---

૧. ચૂડાસમા રાજા (૧) હમીર, (૨) ધરણીવરાહ, (૪) ગ્રહરિપુ, (૧૦) ખેંગારના કારનામાં ઈતિહાસને પાને લખેલાં મળે છે. સં. ૧૧૬૦ થી ૧૧૭૦ની વચ્ચે પાટણના એક સંઘપતિ સાથે બની ગયેલો છેલ્લો તાજો જ પ્રસંગ હતો. સોરઠનો રાજા ગ્રહરિપુ સ્વતંત્ર થઈ જઈ પ્રભાસપાટણના સોમનાથની યાત્રાએ જનારને લૂંટવા લાગ્યો. (—મહી. રૂપ.નો ગુજરાતનો સંક્ષિપ્ત ઈતિહાસ, પૃ. ૧૧)

રાજા સિદ્ધરાજે સીપ્રા નદીના કિનારે પડાવ નાખ્યો. માળવાને જીતવો મુશ્કેલ હતો. એક દિવસે મંત્રી મુંજાલના સંકેત પ્રમાણે યશઃપટહ હાથી દ્વારા દક્ષિણનો દરવાજો તોડી ધારામાં પ્રવેશ કર્યો. તે દરમિયાન રાજા યશોવર્મા મરી ગયો. (સં. ૧૧૯૨.) યશોવર્માના સર્વપરિવારને પકડી કેદ કર્યા. મેવાડ માળવાના શાસનમાં હતો એટલે તે સિદ્ધરાજના શાસનમાં આવી ગયો. મહોબકનો[૧] રાજા મદનવર્મા અત્યંત સમૃદ્ધ તેમજ વિલાસી હતો. સિદ્ધરાજ યુદ્ધમાં રખડતો હતો. તેથી સિદ્ધરાજને તે 'કબાડી' કહેતો હતો. સિદ્ધરાજે મહોબક પર ચડાઈ કરી, ત્યાંથી ૯૬ કરોડ સોનૈયા દંડમાં લીધા અને મદનવર્મા સાથે મૈત્રી-સંબંધ બાંધ્યો.

સિદ્ધરાજે સં. ૧૧૯૩ માં હાથીના હોદ્દે બેસી ધામધૂમથી પાટણમાં પ્રવેશ કર્યો. તેની ઇચ્છા હતી કે, રાજા મદનવર્માને ખુલ્લી તરવાર આપી છડીદાર તરીકે હાથીની અંબાડીમાં પોતાની પાછળ બેસાડવો; પરંતુ મંત્રી મુંજાલના કહેવાથી રાળ ચોપડેલી બનાવટી કટાર આપી તેને એ રીતે બેસાડ્યો.

આ સમયે આ૦ વીરસૂરિ, આ૦ હેમચંદ્રસૂરિ વગેરેએ રાજાને વિવિધ આશીર્વાદ આપ્યા.[૨] તેણે એ જ અરસામાં આ૦ હેમચંદ્રસૂરિને વિનંતિ કરી 'સિદ્ધહેમ વ્યાકરણ'ની રચના કરાવી.

એક વાર મ્લેચ્છના પ્રધાનો પાટણમાં આવ્યા. સિદ્ધરાજે તેઓને ખુશ કરી પાછા મોકલ્યા હતા. એક વાર મ્લેચ્છો પાટણ પર ચડી આવ્યા. માંગુ ઝાલાએ તેમને પાછા હઠાવ્યા. કર્ણાટકનો રાજા પરમર્દીનો સામંત જગદેવ પાટણનો મોટો કોટવાલ હતો. પાટણની રક્ષામાં તે અજોડ હતો.

(કીર્તિકૌમુદી, સર્ગ : ૨, શ્લો. ૯૯)

સિદ્ધરાજે મહોબક નરેશ મદનવર્મા, ડાહલરાજ, સાંભરપતિ અર્ણોરાજ, કોલ્હાપુરનો રાજા પરમર્દી, કાશીનો યુવરાજ જયચંદ એ બધા સાથે મૈત્રી બાંધી હતી. તેણે સાંભરના રાજા અર્ણોરાજને મિત્ર બનાવી પોતાની પુત્રી કંચનદેવીને પરણાવી હતી. તેનો પુત્ર સોમેશ્વર પાટણમાં ઊછરીને મોટો થયો હતો.

સિદ્ધરાજે મંદિરો, તળાવ, વાવ, કિલ્લા, દાનશાળા વગેરે ધર્મનાં અનેક લોકોપયોગી કાર્યો કર્યાં. તેનાં પ્રસિદ્ધ કામો માટે કહેવાય છે –

---

૧. 'પ્રબંધાવલી'માં મહોબકનું નામ કાંતિપુરી આપેલું છે.

૨. આ૦ હેમચંદ્રસૂરિએ આશીર્વાદ આપતાં કહ્યું કે –

भूमिं कामगवि ! स्वगोमयरसैरासिञ्च रत्नाकराः
मुक्तास्वस्तिकमातनुध्वमुडुप ! त्वं पूर्णकुम्भो भव ।
धृत्वा कल्पतरोर्दलानि सरलैर्दिग्वारणाः ! तोरणा-
न्याधत्त स्वकरैर्विजित्य जगतीं नन्वेति सिद्धाधिपः ॥

'महालयो महायात्रा महास्थानं महासरः ।
यत् कृतं सिद्धराजेन तत् कृतं केन न क्वचित् ।।' (જૂઓ પ્રબંધચિંતામણિ)

સિદ્ધરાજે સરસ્વતી નદીને કિનારે સં. ૧૧૫૨માં સિદ્ધપુર વસાવ્યું અને ત્યાં રુદ્રમાળ બાંધવો શરૂ કર્યો. સં. ૧૧૮૪માં તેની પ્રતિષ્ઠા કરી શિખર પર ધ્વજા ચડાવી.[૧]

સં. ૧૧૯૮ સુધીમાં રુદ્રમાળ સંપૂર્ણ તૈયાર થયો.

ઉજ્જૈનમાં એવી રાજાજ્ઞા હતી કે, મહાકાલના મંદિરની ધ્વજા ફરકે ત્યારે બીજાં મંદિરોની ધ્વજા ફરકાવી ન શકાય, તેમ રાજા સિદ્ધરાજે પણ રુદ્રમાળને મહાકાલની હોડમાં મૂકવાની ઈચ્છાથી રુદ્રમાળની ધજા ચડાવી ત્યારે દરેક જૈન-અજૈન મંદિરોની ધજા ઉતરાવી હતી.

સિદ્ધરાજ શૈવધર્મી હતો છતાં તેના દિલમાં જૈનધર્મ પ્રત્યે ઘણો પ્રેમ હતો. અહિંસા, ત્યાગ, તપ, પરોપકાર અને સરસ્વતીની મૂર્તિ સમા જૈનાચાર્યોનો સાત્ત્વિક પ્રભાવ તથા જૈનોની રાજવફાદારીની સબળ અસર હતી, એટલે એ નવું શાસન નભી શક્યું નહીં. એક તરફ શ્રીપુરમાં બ્રહ્માજી તથા ભ૦ ઋષભદેવના મંદિરોની ધ્વજા ઊતરી જ ન હતી. બીજી તરફ સિદ્ધરાજે પોતે પણ આ૦ હેમચંદ્ર તથા આ૦ વીરસૂરિના ઉપદેશથી ઘણાં દેરાસરો પર ધ્વજા ફરકતી કરાવી હતી. એટલે દરેક જૈનમંદિરો પર સમય જતાં ધીરે ધીરે ધ્વજા ફરકવા લાગી.

(જૂઓ, ન્યાયકંદલીપંજિકા-પ્રશસ્તિ, સં. ૧૩૮૫)

સિદ્ધરાજે જેમ સરસ્વતીના કિનારે રુદ્રમહાલય બંધાવ્યો તેમ ભ૦ મહાવીરનું

---

૧. રુદ્રમાળનું વર્ણન –

''થર સઈ ચૌદ ચિઉંઆલ, થંભ સઈ સત્તર નિરંતર,
સયપુત્તલી અઢાર, મણિમાણિક સયંવર,
તીસ સહસ ધજદંડ, કલશ દશ સહસ સુવન્નય;
છપ્પન કોડિ ગય તુરિય, લગ્ગ તીણઈ મહાલય,
કવિ ગદ્દ સદ્દિ ઈમ ઉચ્ચરઈ, સુર નર રોમંચિય સવઈ;
સુપસિદ્ધ જયસિંહ કિત્તિ, ટગમગ ચાહઈ ચક્કવઈ.''

સિદ્ધરાજે આ કવિત બનાવનારને દર અક્ષરે એકેક સોનૈયો આપ્યો.

(જૂઓ, ઉપદેશસાર, સં. ૧૬૬૨)

તત્પુત્ર માતા મીનલદેવી જાત સિદ્ધરાજ જયસિંહદેવ વર્ષ ૪૯ રાજ્યમ્ । તન્મધ્યે સહસ્રલિઙ્ગસરોવરનિષ્પત્તિઃ કરાવતાં વર્ષ ૩૦, માસ ૫, દિન ૧૦ લાગા । સં. ૧૧૯૮ રુદ્રમાલ નિપજાવિઉ વર્ષ ૩૫, માસ ૪, દિન ૧૦ લાગા । પુત્ર ન હુઆ ।
(જૂઓ, ધર્મસાગરગણિ શિષ્ય પં૦ વિનયસાગરકૃત 'ગૂર્જરદેશ-રાજાવલી' સં ૧૬૫૨)

દેરાસર પણ બંધાવ્યું (જૂઓ, દ્વ્યાશ્રયકાવ્ય સર્ગ : ૧૫, શ્લો. ૧૬). સિદ્ધપુરમાં ચોવીસ દેરીઓવાળો **સિદ્ધવિહાર** તથા પાટણમાં રાજવિહાર બંધાવ્યા. (જૂઓ કુમારપાલપડિબોહો.) મહામાત્ય આલિગે સિદ્ધપુરમાં ચતુર્મુખવિહાર બંધાવ્યો. (જૂઓ ઉપદેશસાર.) સિદ્ધપુરમાં સં. ૧૧૫૨માં ભ૦ સુવિધિનાથનું દેરાસર બંધાવ્યાનો પણ ઉલ્લેખ મળે છે.[૧]

સિદ્ધરાજે દુર્લભ સરોવરમાં મોટો ફેરફાર કર્યો. તેણે ત્યાં સહસ્રલિંગ તળાવ બંધાવ્યું. તેની પાળ ઉપર ૧૦૮ શિવાલયો, ૧૦૮ દેવીમંદિરો, દશાવતાર, વિષ્ણુનું મંદિર તથા કીર્તિસ્તંભો ગોઠવ્યા. સિદ્ધરાજ માળવાની લડાઈમાં હતો ત્યાં જ તેને આ તળાવમાં પાણી ભરાયાના સમાચાર મળ્યા.

કવિ ચક્રવર્તી શ્રીપાલે રુદ્રમાળ, વડનગરનો કિલ્લો અને દુર્લભ સરોવર એટલે સહસ્રલિંગ તળાવની 'પ્રશસ્તિ' રચી છે. સહસ્રલિંગની પ્રશસ્તિને આ૦ રામચંદ્ર વગેરે વિદ્વાનોએ સુધારી હતી.

સિદ્ધરાજે સોમનાથની એક યાત્રા સં. ૧૧૭૦ અને બીજી સં. ૧૧૮૫માં કરી હતી. પહેલી યાત્રામાં ભાલોદના આરાનો યાત્રાકર બંધ કરાવ્યો અને બીજી યાત્રા પુત્રકામનાથી પગપાળા કરી. તેમાં ગિરનાર પર પૃથ્વીજયપ્રાસાદ વગેરેના લાભો લીધા.

મંત્રી સજ્જને ગિરનાર પર ભ૦ નેમિનાથનો, રાજાને પૃથ્વીનો જય કરાવનારો 'પૃથ્વીજયપ્રાસાદ' બંધાવ્યો હતો. સિદ્ધરાજે તેની રકમ ખજાનામાંથી આપવાનું કબૂલ કર્યું. તેમાં ભ૦ નેમિનાથની પૂજા માટે ૧૨ ગામ આપ્યાં તથા તીર્થની પવિત્રતા જળવાઈ રહે એટલા માટે નિયમો બાંધી આપ્યાં. (જૂઓ, પ્રક. ૪૧, પૃ. ૫૦૨) પછી રાજાએ અંબાજીની ટૂંક, સોમનાથ તીર્થ, કોડીનારની અંબિકાદેવી તથા શત્રુંજય તીર્થની યાત્રા કરી. તેણે ભ૦ ઋષભદેવની પૂજા કરી, તેની પૂજા માટે પણ ૧૨ ગામ બક્ષીસ કર્યાં. આ યાત્રામાં ક.સ.આ૦ હેમચંદ્રસૂરિ તથા મહામાત્ય આશુક પોરવાલ અને મંત્રી બાહડ વગેરે સાથે હતા.[૨]

---

૧. સિદ્ધવિહારનું બીજું નામ રાજવિહાર હતું. શેઠ ધરણ પોરવાડે તેને જોઈ ધરણવિહાર (રાણકપુરમાં) બનાવ્યો હતો. (જૂઓ, જૈનસત્યપ્રકાશ ક્રમાંક : ૧૦૪, પૃ. ૩૬૮) સં. ૧૬૪૧માં અહીં પાંચ દેરાસરો હતાં (જૂઓ, જૈનતીર્થસર્વસંગ્રહ, ભા. ૧). સિદ્ધપુર આ૦ ભાનુચંદ્રની જન્મભૂમિ હતી. અહીં ઉપા૦ યશોવિજયજીએ દિવાળીના દિવસે 'જ્ઞાનસાર' રચ્યો. આજે અહીં બે દેરાસરો છે.

૨. રાજા સિદ્ધરાજે ગિરનારતીર્થમાં તથા સં. ૧૧૭૯માં શત્રુંજયતીર્થમાં પૂજા માટે બાર ગામો આપ્યાં તેના અનેક ઉલ્લેખો મળે છે –

શ્રીશંકરે સિદ્ધરાજને કહ્યું કે, 'તારા ભાગ્યમાં પુત્ર નથી, તારા પછી કુમારપાલ ગાદીએ આવશે.'

(દ્વ્યાશ્રયકાવ્ય, સર્ગ : ૧૫, શ્લો. ૫૫; ચિત્તોડગઢ કિલ્લાના મંદિરનો લેખ)

રાજા સિદ્ધરાજે મહામંત્રસિદ્ધ આ૦ વીરસૂરિને આગ્રહ કરી પાટણમાં રાખ્યા. સાંખ્યમતના વાદીભસિંહને જીતવા બદલ 'જયપત્ર' આપ્યું. એક બાલિકા મારફત દિગંબર કમલકીર્તિને જીતવાથી ખૂબ સન્માન્યા. રાંતેજના જૈન દેરાસરના બલાનકમાં ધજા ચડાવીને ચૈત્યનું ગૌરવ વધાર્યું. આ૦ હેમચંદ્રસૂરિને સૂરિપદ અપાવ્યું. આ૦ હેમચંદ્રસૂરિને વિનતિ કરીને તેમની પાસે સર્વાંગસુંદર નાની-મોટી ટીકાઓ અને અનુશાસનોથી સંપૂર્ણ 'સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસન' તૈયાર કરાવ્યું. એ વ્યાકરણને હાથીના હોદ્દા ઉપર મૂકી સન્માન કરીને ભંડારમાં સ્થાપન કર્યું. ૩૦૦ લહિયા રોકી મોટો રાજકીય જ્ઞાનભંડાર વસાવ્યો. વ્યાકરણના અજોડ વિદ્વાન કાકલ કાયસ્થની અધ્યક્ષતામાં તેનું પઠન-પાઠન શરૂ કરાવ્યું અને એ દ્વારા ગુજરાતનું ગૌરવ સ્થાપ્યું. તેમજ ચૌલુક્યવંશ, રાજા સિદ્ધરાજ તથા આ૦ હેમચંદ્રસૂરિનાં નામ અમર બનાવ્યાં. મલધારી આ૦ હેમચંદ્રસૂરિના ઉપદેશથી ગુજરાતમાં પજુસણપર્વ, અગિયારસ તથા મોટા દિવસોની **અમારિ** પ્રવર્તાવી અને તેમના ઉપદેશથી ખુશ થઈને તેઓને દર સાલ ૮૦ દિવસોનું અમારિશાસન લખી આપ્યું.[૧] જિનમંદિરોમાં સોનાના કળશો ચડાવ્યા. જિનમંદિરોના લાગા ચાલુ

◆ શ્રીસિદ્ધરાજઃ સમધત્ત રાજવિહારમાક્રીડનગોપમં મે ।
ગ્રામાંશ્ચ શત્રુંજયસાત્ ચકાર સ દ્વાદશાસ્મન્મહસઃ પ્રવૃદ્ધયૈ ॥૯॥૨૨
(ધર્મદેવની મંત્રી વસ્તુપાલ પ્રત્યે ઉક્તિ, જૂઓ, બાલચંદ્રસૂરિનો 'વસંતવિલાસ' સં. ૧૨૯૮)

(જૂઓ, રાજગચ્છીય આ૦ બાલચંદ્રનો વસંતવિલાસ, આ૦ પ્રભાચંદ્રનું 'પ્રભાવકચરિત્ર', મેરુતુંગનો 'પ્રબંધ-ચિંતામણિ' પ્રકાશ : ૩ જો, આ૦ જયસિંહનું 'કુમારપાલચરિત' સર્ગ : ૩, શ્લો. ૩૧૦થી ૩૨૫, ૩૨,૩૩, પં૦ જિનમંડનગણિનો 'કુમારપાલ-પ્રબંધ', આ૦ મુનિસુંદરસૂરિનો 'ઉપદેશરત્નાકર', પં૦ દેવવિમલગણિનું 'હીરસૌભાગ્યમહાકાવ્ય' ૧૭, ૧૯૫, શ્રીયુત ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈનો 'ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ' પૃ. ૧૭૫, આ૦ ઉદયપ્રભસૂરિનું 'ધર્માભ્યુદય મહાકાવ્ય' સર્ગ : ૭, શ્લો. ૭૪ થી ૭૭ વગેરે)

૧. કારાવિઓ અમારિં પજ્જોસવણાઇસુ ॥ (જૂઓ, પિટર્સનનો રિપોર્ટ)
એકાદશીમુખ્યદિનેષ્વમારીમકારયત્ શાસનદાનપૂર્વમ્ ।
(જૂઓ, ધર્મોપદેશમાલાવિવરણ)
પ્રતિવર્ષં જીવરક્ષાં અશીત્યહં અશીત્યહમ્ ।
યસ્યોપદેશાત્ સિદ્ધેશઃ તામ્રપત્રેષ્વલીલિખત્ ॥૧૦॥
(—ન્યાયકંદલીપંજિકાપ્રશસ્તિ, પ્રાકૃત દ્વ્યાશ્રય-વૃત્તિ)

કરાવ્યા. ઘંઘુકા અને સાચોર વગેરેમાં વરઘોડાની છૂટ આપી. રાજગચ્છના આ૦ ધર્મઘોષ તથા આ૦ સમુદ્રઘોષનું ભારે સન્માન કર્યું. પૂનમિયાગચ્છના આચાર્ય ધર્મઘોષનો સત્કાર કર્યો. આ૦ વાદિદેવસૂરિને દિગંબરાચાર્ય કુમુદચંદ્રને જીતવા બદલ જયપત્ર આપ્યું અને તેમના ચરણોમાં સોનામહોરોની થેલી ધરી, જેને આચાર્યશ્રીએ લીધી નહીં. તેથી તે રકમથી પાટણમાં 'રાજવિહાર' નામે જૈનમંદિર બંધાવ્યું. તેમાં સં. ૧૧૮૩ના વૈશાખ સુદિ ૧૨ના દિવસે ચાર ગચ્છના ચાર આચાર્યોએ સાથે મળીને ભ૦ ઋષભદેવની પ્રતિષ્ઠા કરી. નાગેંદ્રગચ્છના નં. ૩ આ૦ આનંદને 'સિંહશિશુ' અને આ૦ અમરચંદ્રને 'વ્યાઘ્રશિશુ' તથા આ૦ રામચંદ્રને 'કવિકટ્ટારમલ્લ'નાં બિરુદો પણ અર્પણ કર્યાં.

(જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૫; પ્રક. ૪૧, પૃ. ૪૮૨)

સિદ્ધરાજે શિહોર વસાવી સં. ૧૧૮૫માં બ્રાહ્મણોને દાનમાં આપ્યું. આશાપલ્લી વગેરે ગામગરાસો તથા ધન બ્રાહ્મણોને દાનમાં આપ્યાં.

સિદ્ધરાજ ન્યાયપ્રિય રાજા હતો. તેનો એક પ્રસંગ નુરૂદ્દીન મહમ્મુદ શાફી આ પ્રમાણે આપે છે –

'ગુજરાતના ખંભાત શહેરમાં અગ્નિપૂજકો અને સુન્ની મુસલમાનો રહેતા હતા. અગ્નિપૂજકોએ મુસલમાનની મસ્જિદને કાફિરો પાસે બળાવી નાખી અને એ દંગામાં ૮૦ મુસલમાન મરાયા. અલીખતીબ (ખુતબા પઢનારો) બચી ગયો હતો. તેણે અણહિલવાડ જઈને પોકાર કર્યો, પણ કોઈએ તે તરફ ધ્યાન આપ્યું નહીં. તેણે જંગલમાં શિકારના સમયે રાજાને મળી બનેલી હકીકત રજૂ કરી. જયસિંહે આ વાતની પૂરી તપાસ કરવા માટે પોતાના પ્રધાનને જણાવ્યું કે, 'હું ત્રણ દિવસ જનાનખાનામાં રહેવાનો છું માટે તમે રાજકાર્યની સંભાળ રાખજો.' આમ કહીને સાંઢણી દ્વારા આઠ પહોરમાં ખંભાત જઈ પહોંચ્યો. ત્યાં છૂપી રીતે તપાસ કરી તો બધી વાત સાચી હોવાની ખાતરી થઈ. તે ત્યાંથી ત્રીજે દિવસે પાટણ આવ્યો. તેણે ચોથે દિવસે ખતીબને આજ્ઞા આપી કે, 'ફરિયાદીઓને અરજી કરવાના સમયે તું અરજી કરી શકે છે.' ખતીબે પોતાનું પૂરું બ્યાન આપ્યું; ત્યારે ત્યાં કાફિરોનું એક ટોળું તેને ડરાવવા તથા તેની વાતને જૂઠી ઠરાવવા ચાહતું હતું, પણ રાજા જયસિંહે કહ્યું કે, 'આ ધાર્મિક મામલો છે તેથી આ અંગે કોઈના ઉપર વિશ્વાસ ન મૂકતાં મેં જાતે ખંભાત જઈને તપાસ કરી છે. મને ખાતરી થઈ છે કે, મુસલમાનો ઉપર ખરેખર જુલમ ગુજારવામાં આવ્યો છે. મારા રાજ્યમાં સૌ કોઈ એકસરખી રીતે સુખ-શાંતિને ભોગવે એવી પ્રજાપાલનની સુવ્યવસ્થા રાખવી એ મારું કર્તવ્ય છે.' આ પ્રમાણે કહી રાજાએ બ્રાહ્મણો અને અગ્નિપૂજકોના

દરેક સમુદાયના બે-બે મોવડી નેતાઓને યોગ્ય દંડ કરવાનો હુકમ કર્યો.' [૧]

(જૂઓ, વિ. સં. ૧૨૬૭ની 'જમેઉલ હિકાયત' ઈલીયટ ગ્રં. ૨, પૃ. ૧૬૩, ૧૬૪; 'ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ', પૃ. ૨૭૦)

મુસલમાનોએ માની લીધું કે સિદ્ધરાજે મુસલમાન ધર્મ સ્વીકાર્યો.

(જૂઓ, મિરાતે અહમદી; ગૂજ.મ.રાજ.ઇ. પૃ. ૨૭૪)

સિદ્ધરાજ જયસિંહને ..... રાણી હતી. કંચનદેવી નામે પુત્રી હતી. શાંતૂ, આશૂક (આશૂ), આલિગ, આનંદ, મુંજાલ, દાદાક નાગર, ઉદાયન વગેરે મહામાત્યો હતા. લાટનો મંત્રી ચંદ્ર, સજ્જન, ગાંગિલ નાગર, બાહડ, સોમ, મહાદેવ નાગર, અંબિકાપ્રસાદ, પૃથ્વીપાલ વગેરે મંત્રીઓ હતા. મંત્રી ઉદાયન, મંત્રી સજ્જન દંડનાયકો હતા. આમિગ તથા કુમાર પુરોહિત હતા. ખજાનાનો પ્રધાન યશોધવલ શ્રીમાલી હતો.

કવિ ચક્રવર્તી શ્રીપાલ, કવિ વાગ્ભટ્ટ, શોભ, વિજયસિંહ નાગર, કાકલ કાયસ્થ, મહર્ષિ, ઉત્સાહ, સાગર, રામ, ભાનુ અને કેશવ ત્રણ વગેરે વગેરે વિદ્વાનો હતા.

સિદ્ધરાજ ગુજરાતનો ચક્રવર્તી હતો. તેને બર્બરકજિષ્ણુ, અવંતીનાથ અને સિદ્ધચક્રવર્તીનું બિરુદ હતું. તેની સભામાં વિદ્વાનો, તપસ્વીઓ, કોટિધ્વજો,

---

૧. કનૈયાલાલ માણેકલાલ મુનશીએ 'પાટણની પ્રભુતા', 'ગુજરાતનો નાથ' અને 'રાજાધિરાજ' એ ત્રણ નૉવેલો લખી છે. જેમાં સિદ્ધરાજની ચરિત્રઘટના વર્ણવી છે. તે પૈકીની બે નૉવેલો તો ડુમાના 'થ્રી મસ્કેટીયર્સ અને ટ્વેન્ટી ઈયર્સ આફ્ટર'ની શૈલી, વાક્યખંડો તથા શબ્દોથી તૈયાર કરી છે. કોઈ કોઈ સ્થાને ઘટતો ફેરફાર પણ કર્યો છે. તેમણે આ નૉવેલોમાં રાજમાતા મીનલને વ્યભિચારિણી, રાજપિતા કરણને તેવું ચલાવી લેનારો મૂર્ખ અને સિદ્ધરાજને જારપુત્ર ચિતર્યો છે. ખંભાતના ખતીબની સાચી ઘટનાને ઓળવીને 'ગુજરાતનો નાથ' પ્રક. ૧૩માં ફાવે તેવી ઘટના ગોઠવી છે. તેમાં બ્રાહ્મણોના જુલ્મને છુપાવી ધીરોદાત્તચરિત મહામાત્ય ઉદાયનને દોષપાત્ર આલેખ્યો છે અને રાજા સિદ્ધરાજની ન્યાયપ્રિયતાને છુપાવી કલ્પિત મંજરીના પતિને એ ન્યાયનો યશ આપ્યો છે. એકંદરે મુનશીએ ઇતિહાસનો ભયંકર દ્રોહ કર્યો છે. આમાં દોષ કોનો ? તેમની ભાર્ગવતાનો, વકીલાતી વિષનો, અસહિષ્ણુતાનો, કલ્પજાળનો કે કલમી લીલાનો ?

એક ભારત બહારનો મુસલમાન લેખક સિદ્ધરાજની પ્રશંસા આપે અને એક ગુજરાતી લેખક પોતાની માતૃભૂમિના ઇતિહાસને બેવફા નીવડે એ તો સૌ લેખકોને શરમાવનારી બીના છે.

(જૂઓ, નરસિંહરાવ ભોલાનાથ દિવેટિયાની 'ગુજરાતનો નાથ'ની પ્રસ્તાવના, રામચંદ્ર શુકલનું 'ગુજરાતી સાહિત્ય, તેનું મનન અને ચિંતન' પૃ. ૧૮૧, વિશ્વનાથ ભટ્ટનું 'વિવેચનમુકુર', જયભિક્ખુનો 'ઉદાયન' લેખ, જૈન સત્યપ્રકાશ, ક્રમાંક : ૧૮૫,૧૮૭,૨૫૩.) ☛

સામંતો, ઉદ્‌ભટ યોદ્ધાઓ, વાદીઓ, મંત્રસિદ્ધો વગેરે બેસતા હતા, એટલે તે સિદ્ધરાજ તરીકે ઓળખાતો હતો.

સિદ્ધરાજમાં ઘણા ગુણો હતા. માત્ર અસુભટતા અને સ્ત્રીલંપટતા એ બે અવગુણો હતા. આ વસ્તુ મદનવર્મા, પરમર્દી તથા મ્લેચ્છોના યુદ્ધપ્રસંગોથી તેમજ રાણકદેવડી અને જસમા ઓડણની ઘટનાઓથી સ્પષ્ટ સમજી શકાય છે.

સિદ્ધરાજ જયસિંહના જીવન સાથે કપટકળા, મંત્ર-તંત્ર તેમજ ભૂતના પ્રસંગો પણ સંકળાયેલા છે.

સિદ્ધરાજ સં. ૧૧૯૯ ના કાર્તિક સુદિ ૩ ને દિવસે મરણ પામ્યો. તેણે ગુજરાતને બૃહદ્ ગુજરાત બનાવ્યું અને ગુજરાતને એક સામ્રાજ્ય બનાવ્યું.

સિદ્ધરાજે સં. ૧૧૮૫ માં પગપાળા પ્રભાસપાટણની યાત્રા કર્યા બાદ સાક્ષાત્ મહાદેવવચન, આ૦ હેમચંદ્રસૂરિની ભવિષ્યવાણી તથા જ્યોતિષીઓના જ્યોતિષજ્ઞાન વગેરેથી જાણ્યું કે, 'મને સંતાન થશે નહીં અને કુમારપાલ ગુજરાતનો રાજા થશે.' આથી તેણે વિધાતા સામે શેતરંજ ગોઠવી. 'કુમારપાલ ભલે રાજા થાય પણ તે મરીને મારો પુત્ર થયા પછી જ રાજા થાય.' આમ બને તો જ મારી મનઃકામના સફળ થાય. તેણે આ હિસાબે કુમારપાલને મારી નાખવા કાવતરાં ગોઠવ્યાં, પણ વિધાતાએ તેને મચક આપી નહીં. છેવટે તેણે મરતાં મરતાં પણ શેતરંજનો છેલ્લો પાસો ફેંક્યો. 'મારા મરણ પછી હાથીસેનાના નાયક માળવાના રાજપૂત ચાહડને ગુજરાતનો રાજા બનાવવો.' તેણે પોતાની આ ભાવનાને સફળ બનાવવા માટે પટ્ટરાણી, પ્રધાનો, સામંતો અને સેનાધિપતિઓ વગેરે પાસેથી પાકાં વચનો લીધાં, પરંતુ વિધાતાએ તેની એ ઇચ્છા બર આવવા ન દીધી.

☛ હિંદી લેખકો ક. મા. મુનશીના સ્વભાવનો પરિચય નીચે મુજબ આપે છે –

कहां साहित्यिक हृदयप्रधान व्यक्ति, भावनाकी साकार मूर्ति ? कहां राजनीतिज्ञ हृदयशून्य व्यक्ति कपटकी साकार मूर्ति ? × × × साहित्यिक मुंशी भावलोकका सम्राट था और राज्यपाल मुंशी राजनीति लोकका गुलाम-दासानुदास–कायदा कानूनोंकी बेडियोंमें जकडा राज्यका सबसे बडा केदी ? × × × आजकाल राजनीति हृदयहीनताका पर्यायवाची है ।

देखो, 'यत्रतत्रसर्वत्र' તા. ૩૧-૭-૧૯૫૬, હિંદુસ્તાન (હિંદી)

मुंशी मुंशी ही रहे । मुंशीगीरी एक ऐसा पेशा है कि, उसके करनेवालोंके सीनेमें दिल नहीं रहता । × × × उत्तरप्रदेश के राज्यपाल श्री कनैयालाल माणेकलाल मुंशी यद्यपि उन मुन्शीओंमें नहीं है । × × × ये उनके अपने शब्दोंमें 'बनके उन्मुक्त पंछी है, कभी इस डाल पर कभी उस डाल पर' ऐसे रसभीने हृदयवाले व्यक्ति । कोई यह आशा कैसे कर सकता है कि, यह भी कोई पाषाणहृदयता दिखायेगा ? × × × मुन्शी आखीर मुन्शी ही रहे । उनकी वाणीमें जिस सरस साहित्यकी छबी है, वह उनके हृदयकी पुकार नहीं ।

(–તા. ૧-૮-૧૯૫૬, નવભારત ટાઈમ્સ, વ. ૧૦, સં. ૨૧૩)

૮. ગૂર્જરેશ્વર કુમારપાલ (સં. ૧૧૯૯ થી ૧૨૨૯) :

ગુજરાતનો રાજા ભીમદેવ પહેલો (સં. ૧૦૭૮ થી ૧૧૨૦), તેની પ્રથમ રાણી ઉદયમતીથી કર્ણનો જન્મ થયો. બીજી રાણી વારાંગનાકન્યા બકુલાદેવી, જે વિધિપૂર્વક ખાંડુ મોકલીને પરણેલી રાણી હતી. તેનો પુત્ર ક્ષેમરાજ એટલે હરિપાલ તે કર્ણથી મોટો હતો, વળી તે સાધુચરિત હતો. તેથી ભીમદેવની તેને જ રાજા બનાવવાની ઇચ્છા હોવા છતાં તે મુંડકેશ્વરતીર્થમાં જઈને વસ્યો અને પ્રભુભજનમાં મસ્ત બન્યો. આથી ભીમદેવ પછી કર્ણ ગુજરાતનો રાજા બન્યો. હરિપાલ ક્ષમાવાળો હોવાથી ક્ષેમરાજ તરીકે વિખ્યાત થયો. તેના પુત્ર દેવપ્રસાદને રાજા કર્ણે દધિસ્થલી (દેથલી) ગામનો ગરાસ આપ્યો. જોકે તે એક રીતે રાજ્યનો વારસદાર હતો, પણ તેને રાજવંશમાં ખટપટ ઊઠે એ પસંદ નહોતું, તેથી તેણે પોતાના પુત્ર ત્રિભુવનપાલને રાજા સિદ્ધરાજના હાથમાં સોંપી અગ્નિસમાધિ લીધી. સિદ્ધરાજ અને ત્રિભુવનપાલ વચ્ચે અતૂટ પ્રેમ હતો. ત્રિભુવનપાલને કાશ્મીરાદેવી રાણી, મહીપાલ, કીર્તિપાલ અને કુમારપાલ એ ત્રણ પુત્રો તથા પ્રેમલદેવી અને દેવલદેવી એ બે પુત્રીઓ હતી. ત્રિભુવનપાલે પ્રેમલદેવીને મોઢેરાના રાજા કાન્હડદે સાથે અને દેવલદેવીને અજમેરના ચૌહાણ રાજા અર્ણોરાજ સાથે પરણાવી હતી.

કુમારપાલનો સં. ૧૧૫૦ માં જન્મ થયો હતો. તે બચપણથી દયાળુ અને પારકી સ્ત્રીને મા-બેન સમાન લેખનારો હતો. તેને ચંદ્રાવતીના પરમાર રાજાના નજીકના ભાયાત જેતલની પુત્રી ભોપાલદેવી નામે રાણી હતી.

સિદ્ધરાજે પુત્રકામનાથી સં. ૧૧૮૫ માં શત્રુંજય, ગિરનાર તથા પ્રભાસ-પાટણની પગપાળા યાત્રા કરી પણ તેને પુત્ર થયો નહીં. તેણે સાક્ષાત્ શંકર, આ૦ હેમચંદ્રસૂરિ, જ્યોતિષીઓ, મંત્રવાદીઓ, સામુદ્રિકો અને નિમિત્તિયાઓ પાસેથી સાફ સાફ જાણ્યું કે, પોતાના ભાગ્યમાં સંતાન નથી અને કુમારપાલના ભાગ્યમાં ગુજરાતનું રાજ્ય છે.[1] જો કે ક્ષેમરાજના વંશજો ઉચ્ચ ક્ષત્રિયો લેખાતા હતા. તેઓને બીજા કુલીન રાજવંશો સાથે રોટી-બેટીનો સંબંધ હતો અને કુમારપાલ સિદ્ધરાજનો નજીકનો સોલંકી પિતરાઈ હતો. તે સિદ્ધરાજના સ્નેહપાત્ર **ત્રિભુવનપાલ**નો નાનો પુત્ર હતો. એટલે રાજા થાય એ સર્વ રીતે યોગ્ય જ હતું, પણ રાજાને એક જ વિચાર મૂંઝવતો હતો કે, કુમારપાલ રાજા થવાનો છે તો 'તે મરીને મારો પુત્ર બનીને સુખેથી રાજા થાય.' એ ભાવના માટે કુમારપાલને મારી નાખવામાં આવે તો જ આ બનવું શક્ય છે.

---

૧. પુત્રે વાસસહસ્સે સયમ્મિ વરિસમ્મિ નવનવઇઅહિએ
હોહી કુમરનરિંદો તુહ વિક્કમરાયસારિચ્છો ॥
(રાજગચ્છ પટ્ટાવલી, વિવિધગચ્છીય પટ્ટાવલીસંગ્રહ, પૃ. ૭૨)

સિદ્ધરાજે ત્યારથી તેને મારી નાખવા માટે અનેક ઉપાયો યોજ્યા હતા અને તેમાં તેને જેમ જેમ નિષ્ફળતા મળવા લાગી તેમ તેમ કુમારપાલ માટે તેની વૈરવૃત્તિ વધવા લાગી.

આ તરફ ૨૪ વર્ષનો કુમારપાલ પણ સિદ્ધરાજની દુર્ભાવના જાણી **દધિસ્થલી**થી નીકળી પરદેશમાં ચાલ્યો ગયો અને જુદા જુદા વેશે તે જ્યાં-ત્યાં ભટકવા લાગ્યો. રાજાએ તેની પાછળ ચોક્કસ મારાઓ ગોઠવી રાખ્યા હતા, પણ કુમારપાલને કોઈ ને કોઈ મદદ મળતી રહેતી અને તે આબાદ બચી જતો. ખાસ કરીને તેની ઉપર આ૦ હેમચંદ્રસૂરિની કૃપા હતી. મંત્રી વાહડ, મંત્રી આલિગ, મંત્રી સજ્જન, મંત્રી જાંબ, આલિગ કુંભાર, ભીમો ખેડૂત, કટુક વાણિયો, વણિક્પુત્રી દેવલ અને બટુક **વોસિરિ** બ્રાહ્મણ તરફથી ભૂલી ન શકાય તેવી તેને સહાય મળી હતી. કુમારપાલ એ ઉપકારીઓને કદી ભૂલ્યો નહોતો.

સિદ્ધરાજ સં. ૧૧૯૯ ના કાર્તિક સુદિ ૩ ના રોજ પાટણમાં મરણ પામ્યો. તેણે મરતાં મરતાં જાહેર કર્યું કે, 'મારી પાછળ હસ્તિસેનાના નાયક ચાહડને ગુજરાતનો રાજા બનાવવો.'

ચાહડનાં ચારુભટ, ચારભટ, ચાહડ અને ત્યાગભટ એવાં નામો મળે છે. એ માળવાનો રાજપૂત હતો.

કુમારપાલને પરદેશમાં આ સમાચાર મળ્યા. તે સીધો ખંભાતમાં બિરાજમાન આ૦ હેમચંદ્રસૂરિના આશીર્વાદ લઈ પાટણમાં પોતાના બનેવી અને વડા સેનાધિપતિ **કાન્હડદે** પાસે આવી પહોંચ્યો.

ચાહડે પણ પોતાને રાજ્ય મળવાની ખાતરી હતી તેથી કોઈ આડો પડે તો તેને દૂર હઠાવી શકાય એવી મજબૂત તૈયારી કરી રાખી હતી.

રાજ્યના કૂટનીતિજ્ઞો પરાયા ચાહડને રાજ્ય મળે એમાં રાજી નહોતા. પ્રજા પણ કોઈ નજીકનો હકદાર રાજા થાય એવા ખ્યાલવાળી હતી; પરંતુ સૌ કોઈ એમ જરૂર ચાહતું હતું કે, લોહીનું એક પણ ટીપું ન પડે અને આ કાર્ય બને. પરિણામે કોને રાજ્ય આપવું એનો એક-નિર્ણય થઈ શક્યો નહીં.

રાજાના મરણ પછી બારમે દિવસે નવો રાજા જાહેર થાય એ નિયમ પણ સચવાયો નહીં. પંદરમે દિવસે એક સભા મળી, તેમાં એકમતે નક્કી થયું કે, 'ત્રિભુવનપાલના કોઈ પણ પુત્રને રાજા બનાવવો, એમાં ગુજરાતની શાન રહેલી છે.'

કાન્હડદે મોઢેરાનો મંડલેશ્વર હતો, ગુજરાતની અશ્વસેનાનો અધિપતિ હતો અને કુમારપાલનો બનેવી હતો. તેણે સેના તૈયાર રાખી અને સાહસ ખેડ્યું.

એક પછી એક ત્રણે ભાઈઓને ગાદીએ બેસાડવા આગળ કર્યા. મહીપાલ તો ઊઠતાં ઊઠતાં જ હેબતાઈ ગયો, જે પોતાનાં કપડાંને પણ સંભાળી શક્યો નહીં. કીર્તિપાલ ગભરાયો નહીં પણ હાથ જોડી ઊભો રહ્યો. જ્યારે કુમારપાલ ધીર અને સાહસમૂર્તિ દેખાયો. સેનાપતિએ તથા સૌએ કુમારપાલને લાયક માન્યો અને **ગાદીએ બેસાડ્યો.**

પુરોહિતોએ મંગલાચાર કર્યો અને સેનાપતિએ નવા રાજાને પંચાંગ નમસ્કાર કર્યાં, તેને રાજા તરીકે અભિનંદન આપ્યું. કુમારપાલ આ સમયે **પચાસ વર્ષનો** પ્રૌઢ હતો.

તે સં. ૧૧૯૯ ના કાર્તિક વદિ ૨ ને રવિવારે મૃગશીર્ષ નક્ષત્રમાં રાજા તરીકે મનોનીત થયો અને માગશર સુદિ ૪ ને દિવસે તેનો **રાજ્યાભિષેક મહોત્સવ** થયો.

ચાહડના પક્ષવાળાઓએ કુમારપાલને મારી નાખવા ઘણા પેંતરા ગોઠવ્યા, પણ તે સર્વ નિષ્ફળ ગયા. કુમારપાલ સાંજે દેવીપૂજન માટે શહેરની બહાર એકલો ગયો હતો ત્યારે તેઓએ અંધારામાં દરવાજા પાસે મારાઓને ગોઠવ્યા, પણ કુમારપાલ પોતાના અંગત માણસોની ચેતવણીથી બીજે દરવાજેથી શહેરમાં આવી ગયો. તેણે ખટપટિયા પ્રધાનો તથા માણસોને પકડીને મારી નંખાવ્યા.

સેનાપતિ **કાન્હડદે** રાજાને પોતાની કઠપૂતળી બનાવવા ઇચ્છતો હતો, તેથી તે સૌની વચ્ચે જૂના વીતકની યાદ દેવરાવી રાજાની મશ્કરી કરતો હતો. રાજાએ એક વાર શાંતિથી જણાવ્યું કે, 'તમારે રાજસભામાં કે રાજસવારીમાં મને ખૂંચે એવી મશ્કરી કરવી નહીં, એકાંતમાં તમે ફાવે તેમ કરજો.' કાન્હડદેએ તરત તોછડાઈથી જણાવ્યું કે, 'મૂર્ખ ! ગયા દિવસોને યાદ કર, તારા પગ અત્યારથી જ જમીનને અડતા નથી.' રાજાએ આ સાંભળી મૌન સાધ્યું, પણ બીજે દિવસે પોતાના માણસો દ્વારા તેને અધમૂઓ કરીને છોડ્યો.

સૌ આ ઘટના સાંભળી ચમકી ગયા અને રાજાની આજ્ઞા બરાબર પાળવા લાગ્યા. કુમારપાલનો પ્રતાપ તપવા લાગ્યો. સિદ્ધરાજની સખત મના હોવા છતાં કુમારપાલ ગુજરાતનો રાજા બન્યો, તેથી સૌએ તેને 'પ્રૌઢપ્રતાપ' કહી બિરદાવ્યો.

કુમારપાલે રાજા થતાં જ પોતાના ઉપકારીઓને યાદ કર્યા. સૌને યોગ્યતા પ્રમાણે ગામ, ગરાસ, પદવીઓ વગેરે આપ્યાં. મંત્રી ઉદાયન તથા મંત્રી આલિગને મહામાત્ય તરીકે કાયમ રાખ્યા. મંત્રી બાહડને મહામાત્ય બનાવ્યો. સજ્જન શ્રીમાલીને માલવાનો દંડનાયક નીમ્યો. ભરૂચના વોસિરિ બટુકને લાટ (મહી

અને દમણ વચ્ચેના પ્રદેશ)નો દંડનાયક બનાવ્યો. આલિગ કુંભારને ચિત્તોડનું ૭૦૦ ગામનું પરગણું આપ્યું. કડવા શેઠને વડોદરા આપ્યું. દેવશ્રીને ધોળકા આપ્યું. ભીમા ખેડૂતને ગરાસ આપ્યો અને કોઈને પોતાના અંગરક્ષક બનાવ્યા.

આલિગ કુંભારના વંશજો રાજ્ય મળવાથી પોતાને 'સગરા' તરીકે ઓળખાવતા.

ગૂર્જરેશ્વર કુમારપાલ પરાક્રમી હતો, સાહસી હતો, તેનો સૌથી પહેલો પરિચય જનતાને અજમેરના યુદ્ધમાં મળ્યો.

ત્યારે સપાદલક્ષનો રાજા અર્ણોરાજ ચૌહાણ કુમારપાલનો બનેવી હતો, જે આનાકના નામથી પણ ઓળખાતો હતો. તેની ગાદી અજમેરમાં હતી. અજમેરને ત્રણે બાજુએ કુદરતી પહાડી કિલ્લો અને એક બાજુએ મેદાન હતું. ત્યાં પણ જમીનમાં ઘણા કોશ સુધી બાવળ, ખેર, બોરડી અને કેરડાની ગીચોગીચ ઝાડી ઉગાડેલી હતી, એટલે એ કિલ્લો દુર્ગમ મનાતો હતો. અર્ણોરાજ પણ કાન્હડદેની જેમ કુમારપાલને તુચ્છ માનતો હતો.

તેણે સં. ૧૨૦૨ માં યુવરાજ વિગ્રહરાજની સરદારી નીચે સેના મોકલી ગુજરાત ઉપર ઓચિંતો હલ્લો કર્યો.[૧] જાલોર તથા નાડોલને ખેદાનમેદાન કરી નાખ્યાં. ચંદ્રાવતીમાંથી યશોધવલને હઠાવી વિક્રમસિંહને રાજા બનાવ્યો. આ સાંભળી કુમારપાલે ચાહડને તેની સામે મોકલ્યો. તેણે વિગ્રહરાજને પાછો હઠાવ્યો અને બંબોરા (સિંધ) સુધીનો પ્રદેશ સર કર્યો. સંભવ છે કે, આ સમયે વિગ્રહરાજ પાછો હઠી ગયો હશે પણ વિગ્રહરાજ અને ચાહડ વચ્ચે ગુપ્ત મંત્રણા જરૂર ગોઠવાઈ હશે.

ચાહડ પાટણ આવ્યો પણ તેને રાજા કુમારપાલ સાથે ઝગડો થતાં તે બંબોરા ચાલ્યો ગયો અને અર્ણોરાજને શરણે ગયો. તેણે અર્ણોરાજના ઘમંડને ઉગ્ર બનાવ્યો. અર્ણોરાજે પ્રથમ તો કુમારપાલને મારી નાખવા માટે **વાઘજી** નામના મારાને પાટણ મોકલ્યો, પણ ત્યાં તે પકડાઈ ગયો. એટલે અર્ણોરાજે ગુજરાતના ઉત્તર પ્રદેશના રાજાઓને ફોડ્યા. ચંદ્રાવતીનો વિક્રમ, નાડોલનો યુવરાજ કેલ્હણ વગેરેને

---

૧. અર્ણોરાજ અતર્કિત રીતે ચડી આવ્યો. (જૂઓ, 'દ્વયાશ્રયકાવ્ય' સર્ગ : ૧૭, શ્લો. ૭)
(સં. ૧૨૨૬ નો બીજોલ્યાનો રાજા સોમેશ્વરનો લેખ.)
(જર્નલ ઑફ ધી બેંગાલ રૉયલ એશિયાટિક સો. કીલહોર્નની એ. પી. ગ્રં. ૫ ની એપેન્ડીક્સ. નં. ૧૫૪)

રાજા અર્ણોરાજના રાજ્ય માટે જાંગલ શબ્દ મળે છે. બિકાનેરની પાસેનો પ્રદેશ તે સમયે 'જાંગલ' તરીકે પ્રસિદ્ધ હતો. રાવ વીકાજીએ સં. ૧૫૪૫ માં બિકાનેર વસાવ્યું હતું.

પોતાના બનાવ્યા. ગુજરાત અને સપાદલક્ષ વચ્ચે વિરોધ વધવા લાગ્યો. એવામાં **રાણી દેવલદેવી**ના અપમાને આ આગમાં ઘી હોમ્યું.

અજયરાજ, અર્ણોરાજ અને વિગ્રહરાજ રાજગચ્છના આ૦ ધર્મઘોષને ગુરુ માનતા હતા. વિગ્રહરાજે અજમેરમાં રાજવિહાર બંધાવ્યો હતો અને જૈનધર્મ પાળતો હતો (જૂઓ, પ્રક. ૩૨, પૃ. ૪૨૪-૪૨૫). આવો ધર્મપ્રેમી રાજા જૈનધર્મ કે જૈન ગુરુઓ માટે વાંકુ બોલે એ બનવાજોગ નથી. છતાં સંભવ છે કે, તેણે રાણીને એવું મે'ણું માર્યું હશે કે જે કોઈ હિસાબે જૈનોને પણ લાગી જાય. સાચી હકીકત ગમે તે હો, પણ રાજાએ રાણીનું અપમાન કર્યું અને એ કારણે સાળો-બનેવી રણમેદાનમાં ઊતર્યા.

અંતે રાજા કુમારપાલે સં. ૧૨૦૭માં યુદ્ધની તૈયારી કરી. ભ૦ અજિતનાથ પ્રભુના દર્શન કરી, તેમની માનતા રાખી પ્રયાણ કર્યું, તે ચંદ્રાવતી થઈ અજમેર પહોંચ્યો.[૧]

ચંદ્રાવતીના વિક્રમસિંહે તેનું ચંદ્રાવતીમાં જ કાસળ કાઢી નાખવાનું કાવતરું ગોઠવ્યું હતું. વિક્રમસિંહે રાજાને જમવાનું નોતરું આપ્યું પણ વિચક્ષણ કુમારપાલ એક વૃદ્ધના ઈશારાથી ચેતી ગયો અને તેની જાળમાં સપડાયો નહીં. આ તરફ રાજપુત ચાહડે ગુજરાતના સામંતો, મહાવત વગેરેને પોતાના બનાવી લીધા હતા, પણ કુમારપાલે જુના મહાવત ચાઉલીંગને દૂર કરી તેના સ્થાને શામળને મહાવત બનાવ્યો હતો. ચાહડને આ પરિવર્તનની ખબર નહોતી. કુમારપાલ કલહપંચાનન

---

૧. પં૦ શ્રીકૃષ્ણસાગરગણિ સં. ૧૬૬૨માં લખે છે કે –

કુમારપાલ આનાક ઉપર ચડાઈ કરવા તૈયાર થયો. તેણે પ્રથમ મોરપીંછીથી ઘોડાનું જીન સાફ કર્યું. આ જોઈને સાથેના ૭૨ રાજાઓ હસ્યા. સૌને મનમાં થયું કે, આ વાણિયા જેવો યુદ્ધમેદાનમાં શું કરશે ? રાજાએ તેમનું મન પારખીને પોતાના ભાલા વડે રસ્તામાં રહેલી સોપારીની ગુણ ઉઠાવી આકાશમાં ઉલાળી અને તેને નીચે પડતી ભાલા ઉપર જ ઝીલી લીધી. વળી, ભાલાના એક જ પ્રહારથી ધોબીની લોઢાની સાત કડાઈઓને વીંધી નાખી. આ જોઈને સૌ વિચારમાં પડી ગયા.

મહાકવિ આંબડ તરત જ બોલી ઉઠ્યો કે –

''રે રક્ખઈ લહુ જીવ, ચડવિ રણઈ મયગલ મારઈ,
ન પીઈ અણગલ નીર, હેલિ રાયહ સંહારઈ;
અવર ન બંધઈ કોઈ, સઘર રયણભર બંધઈ,
પરનારી પરિહરઈ, પરરાયહ લચ્છી રૂંધઈ.
એ કુમારપાલ કોપઈ ચડિઓ, ફોડઈ સત કડાહ જિમ;
જે જિણધમ્મ ન મન્નસીઈ, તીહ વિચાડિસુ તિમ.૧

(ઉપદેશસાર-સટીક, ઉપદેશ ૩૨, સં. ૧૬૬૨)

ઉપર બેસી યુદ્ધના મોરચે આવ્યો. તેણે સામંતો અને સેનાપતિઓને યુદ્ધ શરૂ કરવા હુકમ કર્યો પણ તેઓએ તે આજ્ઞા માની નહીં. કુમારપાલ સમજી ગયો કે, સામંતો ફૂટી ગયા છે. હવે મારે જ એકલે હાથે સાહસથી કામ લેવું જોઈએ. તેણે શામળને હુકમ કર્યો કે, 'હાથીને સૌની મોખરે લઈ જા.' પણ ચાહડના સિંહનાદથી હાથી પાછો હઠવા લાગ્યો. રાજાને વહેમ ગયો કે, મહાવત પણ ફૂટી ગયો લાગે છે; પણ શામળે રાજાને જણાવી દીધું કે, 'રાજન્ ! આ શામળ અને કલહપંચાનન કદાપિ ફૂટે તેમ નથી.' તેણે તરત જ પોતાના ખેસના બે ચીરા કરી હાથીના કાનમાં ભરાવી દીધા. એટલે હાથી વાયુવેગે એકદમ આગળ ધસી આવ્યો. ચાહડે મહાવત ચાઉલીંગ છે એ વિશ્વાસે કલહપંચાનનના માથે પગ મૂક્યો, પણ શામળે હાથીને પાછો હઠાવ્યો, એટલે ચાહડ ધબ દઈને નીચે પટકાયો. સૈનિકોએ તેને પકડી લીધો. બસ, અર્ણોરાજ હાર્યો અને ગૂર્જરેશ્વર કુમારપાલનો વિજય થયો.

અર્ણોરાજે કુમારપાલના સાહસથી પ્રસન્ન થઈ તેનું નગરમાં લઈ જઈ ખૂબ સન્માન કર્યું અને પોતાની પુત્રી જલ્હણાને તેની સાથે પરણાવી.

રાજકુમારી જલ્હણા આ૦ ધર્મઘોષના ઉપદેશથી પ્રભાવિત હતી, એટલે અર્ણોરાજે કુમારપાલને તે આપી હતી. રાજા કુમારપાલે તેનું નામ **ચંદ્રલેખા** રાખ્યું.

રાજા કુમારપાલે સં. ૧૨૦૭માં સપાદલક્ષ, મેડતા અને **પાલી** જીતી, પોતાની આણ વર્તાવી, માળવા તરફ પ્રયાણ કર્યું.

(જૂઓ પ્રક. ૩૫, પલ્લીવાલ, પૃ. ૩૯)

માળવાનો રાજા લક્ષ્મીવર્મા તો કુમારપાલનો સામંત હતો, પણ માળવાના કોઈ બલ્લાલે[1] અર્ણોરાજની શિખવણીથી કુમારપાલ અજમેર પર ચડાઈ કરે ત્યારે પાછળથી ગુજરાત ઉપર હલ્લો કરવાની તૈયારી કરી હતી. કુમારપાલને તેની જાણ થતાં તેણે મંત્રી ઉદાયનની સરદારી નીચે સેનાપતિ કાક, સામંતો તથા નાડોલની સેનાને તેની સામે મોકલી હતી. તેણે ત્યાં જઈ બલ્લાલને હરાવી નસાડ્યો હતો.

કુમારપાલ કુલપરંપરાથી શૈવ હતો અને તેણે આ૦ શ્રીહેમચંદ્રસૂરિના મુખેથી જાણ્યું હતું કે, સોમનાથ મહાદેવે કુમારપાલને રાજા બનાવ્યો છે, એટલે તેને ખાતરી હતી કે, સ્વયં ભગવાને મને રાજ્ય આપ્યું છે. તેણે પોતે નહીં પણ

---

૧. **બલ્લાલ** કોણ હતો તેનો કોઈ ઉલ્લેખ મળતો નથી. આધુનિક વિદ્વાનો માને છે કે, તે કદાચ સમુદ્રનો **હોંશિયાલ** યુવરાજ વીર બલ્લાલ (સં. ૧૨૨૯ થી ૧૨૬૮) હોય; પરંતુ શિલાલેખો તેમજ ગ્રંથોમાં આને ભૂપાલ તેમજ માળવાનો રાજા બતાવ્યો છે. એ હકીકત જતી કરવા જેવી નથી.

તેના અનુયાયીઓએ રાજા ઉપર સ્વયં શંકરનો હાથ છે એવી છાપ પાડવા માટે તેના નામ સાથે ક્યાંક ક્યાંક उमापतिवरलब्धप्रसादः શબ્દો જોડેલા મળે છે.[૨]

કુમારપાલે ચિત્તોડના કિલ્લામાં પોતાના વિજયસ્મારક તરીકે સં. ૧૨૦૭માં સિદ્ધેશ્વર મહાદેવનું મંદિર બનાવી તેની પૂજા માટે એક ગામ આપ્યું. દિગંબર મુનિ રામકીર્તિએ ગૂર્જરેશ્વર કુમારપાલની ૨૮ લીટીની પ્રશસ્તિ બનાવી છે, જે આજે ત્યાં ચોડેલી વિદ્યમાન છે. આ મંદિરના નર-થરમાં તીર્થંકરોના અભિષેક વગેરે પંચકલ્યાણકો કંડાર્યાં છે. આ મંદિર આજે રાજા મોકલજીના મંદિર તરીકે પ્રસિદ્ધ છે.

રાજા કુમારપાલે સપાદલક્ષ તથા માળવા જીતી પાટણમાં પ્રવેશ કર્યો અને સૌએ તેને વિજયોદયી, તેજોવિશેષોદયી તથા અવંતીનાથ તરીકે બિરદાવ્યો હતો.

રાજાએ પાટણ આવી, પ્રથમ ભ૦ અજિતનાથની ભક્તિપૂર્વક પૂજા કરી અને પોતે જે માનતા રાખી હતી તેને જલદી પૂરી કરવા મનમાં ગાંઠ વાળી.

---

૨. કુમારપાલે પોતાના માટે ક્યાંય उमापतिवरलब्धप्रसादः શબ્દ વાપર્યો નથી. તેના અનુગામીઓએ તેનો પ્રતાપ ફેલાવવા આ વિશેષણ વાપર્યું છે. કદાચ આ વિશેષણ કુલક્રમાગત હોય તો રાજાને પરમાર્હત થયા છતાં તે વિશેષણ હઠાવવાનું કંઈ કારણ નહોતું. આ વિશેષણ તો સમ્રાટ અકબર અને જહાંગીરના કાળ સુધી ખતપત્રોમાં રૂઢિરૂપે લખાયેલું મળે છે.

શ્રીયુત કે. હ. ધ્રુવે પ્રિયદર્શનાની પ્રસ્તાવનામાં અને દુ. કે. શાસ્ત્રીએ ગુ.મ.રા.ઈ. પ્ર. ૧૩માં આ અંગે ખેંચતાણ કરી છે તે ધાર્મિક ઘેલછાવાળી માત્ર મીઠી મીઠી કલ્પના જ છે. રાજા કુમારપાલ જૈન બન્યો હતો માટે જ અજયપાલદેવને નિષ્કલઙ્કાવતાર બનવું પડ્યું હતું.

આ અંગે વધુ જાણવા ઇચ્છનારે અમારો લેખ 'કુમારપાલ' જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૪૫ જોવો.

કુમારપાલે જૈન થયા પછી પણ શૈવધર્મને દાન આપ્યું, એ તો જૈનધર્મની ઉદારતા અને વિશાળતાનું પ્રમાણ છે. ગુજરાતના મહામાત્ય વસ્તુપાલ અને તેજપાલે પણ શિવાલયો, મસ્જિદો વગેરે બનાવ્યાં હતાં, સમરાવ્યાં હતાં. એ જૈનોની પરધર્મસહિષ્ણુતા અને ધર્મમેળનાં જીવંત ઉદાહરણો છે.

સં. ૧૨૧૨, સં. ૧૨૧૫, સં. ૧૨૧૮, સં. ૧૨૨૧, સં. ૧૨૨૮ની ગ્રંથપુષ્પિકાઓમાં ગૂર્જરેશ્વર કુમારપાલ માટે આ પ્રમાણેનાં વિશેષણો વપરાયેલાં મળી આવે છે—

ચૌલુક્યકુલકલિકાવિકાસ, કર્ન્નાટકરાજમાનમર્દનકર, સપાદલક્ષરાષ્ટ્રવનદહનદાવાનલ, માલવરાષ્ટ્રે નિજાહ્વયા.... સંસ્થાપનકર, મૂલરાજપાટોદ્વહનધુરાધૌરેય, પાર્વતીપ્રિયવરલબ્ધપ્રસાદ, સમસ્તરાજાવલીમાલાલંકાર, મહારાજાધિરાજ પરમેશ્વર પરમભટ્ટારક, પ્રૌઢપ્રતાપ નિજભુજવિક્રમરણાંગણનિર્જિત શાકંભરી ભૂપાલ મહાહવસંગ્રામ નિર્વ્યૂઢપ્રતિજ્ઞાપ્રૌઢ જિનશાસન વિરાજમાન વગેરે.

(જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, ભા.૧, પુષ્પિકા નં. ૬૯, ૭૪, ૮૩, ૯૧, ૯૩ વગેરે)

તેણે અજમેરની લડાઈમાં વિશ્વાસઘાતી બનેલા સામંતોને સ્નેહભર્યો મીઠો ઠપકો આપ્યો અને વિક્રમસિંહને ચંદ્રાવતીની ગાદીએથી ઉઠાડી સાચા વારસદાર રામદેવના પુત્ર યશોધવલ પરમારને ચંદ્રાવતીનો રાજા બનાવ્યો. સૌ કોઈ તેના તેજથી અંજાઈ ગયા. સૌએ તેને ગંભીર વિચારવાળો માન્યો.

રાજા આ૦ હેમચંદ્રસૂરિને પોતાના ગુરુ માનતો હતો. તેમનાં દર્શન તથા ઉપદેશમાં અવારનવાર જતો હતો. તે આચાર્યશ્રી પાસે ધર્મનીતિ સાંભળતો હતો અને મંત્રી કપર્દીની પ્રેરણાથી રાજનીતિ જાણવા માટે બપોરે એક કલાક શાસ્ત્રીજી પાસે 'કામંદકીય-નીતિશાસ્ત્ર' સાંભળતો હતો. એક દિવસે કુમારપાલ 'રાજા મેઘથી પણ વિશેષ છે' એ સાંભળી ઉપમાને બદલે ઔપમ્ય શબ્દ બોલ્યો. મંત્રી કપર્દીએ એકાંતમાં મીઠો ઠપકો આપ્યો કે, 'જગત રાજા વગરનું રહે એ સારું પણ રાજા મૂર્ખ હોય તે સારો નહીં, તો આપે અભ્યાસ કરીને તૈયાર થવું જોઈએ. માણસ ગમે તે ઉંમરમાં ભણી શકે છે.' તે દિવસથી રાજાએ કક્કો ભણવો શરૂ કર્યો અને એક જ વર્ષમાં ત્રણ વૃત્તિઓ અને ત્રણ કાવ્યો ભણી લીધાં. આથી સૌએ એને 'વિચારચતુરાનન' તરીકે બિરદાવ્યો.

તેણે જૈન બન્યા પછી સંસ્કૃતમાં 'આત્મનિંદાદ્વાત્રિંશિકા' બનાવી છે, જે તેના સાહિત્યચિંતનનું પ્રમાણપત્રરૂપ છે.

એક દિવસ રાજાના મસીયાઈ ભાઈ ભીલડિયાના સામંત આનાકને ઘેર લવણપ્રસાદનો જન્મ થયો. રાજાએ તત્કાલીન ચેષ્ટાના આધારે ભવિષ્યવાણી કહી સંભળાવી કે, 'લૂણપાક ગુજરાતનો રાજા થશે પણ અણહિલપુર પાટણનો નહીં.' આ પણ તેની વિચારપ્રૌઢતાનું જીવંત પ્રમાણ છે.

રાજાને એક દિવસ ઇતિહાસમાં અમર થવાની ભાવના જાગી. તેણે આચાર્યશ્રી આગળ પોતાની ભાવના કહી સંભળાવી. આચાર્યશ્રીએ તેને ઉપદેશ આપ્યો કે, 'તારે સોમનાથ પાટણના શિવાલયનો જીર્ણોદ્ધાર કરવો, પરંતુ યાદ રાખવું જોઈએ કે, ધર્મો રક્ષતિ રક્ષિતઃ તું પહેલા ભવમાં કરેલા ધર્મના પ્રતાપે રાજા બન્યો છે. રાજાનો ધર્મ છે કે, રાજ્યના મનુષ્ય, પશુ, પંખી વગેરે પ્રાણીમાત્રનું રક્ષણ કરવું જોઈએ. સાચો ક્ષત્રિય તે જ છે કે જે ભયમાં સપડાયેલાને બચાવે. રાજાએ કોઈ પ્રાણીનું માંસ ખાવું ન જોઈએ. સાચો રાજા તો પ્રજાવત્સલ જ હોય. તું એવો ઉત્તમ રાજા બન. તું સોમનાથના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ અને એની સફળતા માટે દારૂ, માંસનો સર્વથા ત્યાગ કર, તેમજ બ્રહ્મચર્યનું પાલન કર. આથી તારું જીર્ણોદ્ધારનું કાર્ય પાર પડશે.'

આ ઉપદેશ સાંભળી રાજાએ સં. ૧૨૦૭માં સોમનાથની પુનઃ પ્રતિષ્ઠા ન થાય ત્યાં સુધી દારૂ-માંસનો ત્યાગ કર્યો અને બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી. તેણે

સં. ૧૨૦૮માં વેશ્યા, પરસ્ત્રી, ચોરી, શિકાર, માંસ, મદિરા અને જુગાર એ સાત વ્યસનોનો ત્યાગ કર્યો. પોતાના રાજ્યમાં જુગાર સર્વથા બંધ કરાવ્યો, અમારિપટહ વગડાવ્યો અને મંત્રી બાહડની દેખરેખ નીચે પંચોલી મોકલી સોમનાથ પાટણના શિવાલયનો પાયાથી જીર્ણોદ્ધાર કરાવ્યો અને વડનગરમાં કિલ્લો બંધાવ્યો.

તેના આ **અમારિપટહ**નો અવાજ ચારે દિશામાં પહોંચી ગયો. સામંતોએ પણ આ અવાજને વધાવી લીધો અને પોતાના રાજ્યમાં કોઈ પણ મનુષ્ય પ્રાણીવધ ન કરે તેની પાકી વ્યવસ્થા કરી. રત્નપુર, કિરાડુ, લાટહ્રદ અને શિઓની વગેરેના સામંતોના સં. ૧૨૦૯, સં. ૧૨૧૧, સં. ૧૨૧૨ના શિલાલેખો આ વ્યવસ્થાને પુષ્ટ કરે છે.

રાજાએ દેવીનું માંસબલિદાન બંધ કર્યું હતું, તેથી તે ભારે મુશ્કેલીમાં સપડાઈ ગયો; પણ આચાર્યશ્રીની કૃપાથી તે તેમાંથી સાવ બચી ગયો. ત્યારથી સઘળે સ્થળે દેવ-દેવીઓને માંસ-મદિરાને બદલે સુગંધિત દ્રવ્યો, ધૂપ, દીપ, નિવેદ અને ફળ ચડવા લાગ્યાં. દરેક મંદિરો સાત્ત્વિક પૂજાનાં સ્થાન બની ગયાં.

એકવાર નાડોલના રાજા કેલ્હણ (સં. ૧૨૦૧ થી ૧૨૪૯)ના સ્થગિધર લાખાએ લોલાક ચૈત્યના ક્ષેત્રપાલને કોઈ ન જાણે એવી રીતે માંસનું રામપાત્ર ધર્યું. કોટવાલ ત્રિલોચને રામપાત્ર બનાવનાર કુંભાર મારફત લાખાને જાણીને પકડ્યો અને રાજા કેલ્હણે તેને રાજ્યની આજ્ઞાનો ભંગ કરનાર અપરાધી ઠરાવી સખત દંડ કર્યો.[૧] (જૂઓ, પ્રભાવકચરિત્ર)

કુમારપાલ રાજાએ સં. ૧૨૦૮માં બ્રાહ્મણોની વસતિવાળા વડનગરનો **કિલ્લો** બંધાવ્યો અને તેની પ્રશસ્તિ કવિ ચક્રવર્તી શ્રીપાલે રચી છે અને તે નાગર બ્રાહ્મણ પં૦ બાલણે સં. ૧૨૦૮ના આસો સુદિ ૨ ને ગુરુવારે લખી છે.

રાજા કુમારપાલે સં. ૧૨૦૮માં મહામાત્ય ઉદાયનની સરદારી નીચે નાડોલના આલ્હણ ચૌહાણના મોટાભાઈ કીર્તિપાલ વગેરે સામંતોને મોકલી સૌરાષ્ટ્રના બહારવટિયા સુંવરને દબાવ્યો હતો. આ યુદ્ધમાં મંત્રી ઉદાયનને વિજય મળ્યો પણ તે સખત રીતે ઘવાયો અને વઢવાણ આવ્યો. તે રાજશિબિરમાં સમાધિપૂર્વક મરણ પામ્યો.

રાજા કુમારપાલ સોમનાથનું મંદિર તૈયાર થતાં સોમનાથ જવા નીકળ્યો. તેની વિનતિથી ગુરુદેવ આ૦ હેમચંદ્રસૂરિ પણ વિહાર કરી શત્રુંજય તથા

---

૧. નવો કાયદો ઘડાતો હોય ત્યારે તેનો વિરોધ કરવો એ ન્યાયસંગત છે, પણ કાયદો ઘડાઈને અમલમાં આવે ત્યાર પછી તેને તોડવો એ ગુનો લેખાય. કાયદાની કીમત અંકાવવા માટે આવા ગુનેગારોને સખત સજા કરવામાં આવે છે. સૌ કોઈ જાણે છે કે, સૌરાષ્ટ્રમાં વહોરાની મસ્જિદોમાં મમી બનાવવા માટે બાળકનું અપહરણ કરનારને કપરી શિક્ષા થતી હતી.

ગિરનારતીર્થની યાત્રા કરીને રાજાના નગરપ્રવેશના સમયે જ પ્રભાસપાટણ પહોંચી ગયા.

રાજાએ સોમનાથને ભેટીને પૂજન કર્યું. આચાર્યશ્રીએ મહાદેવનો આહ્વાન વગેરે પંચોપચાર પૂજનવિધિ કર્યો અને જન્મ-મરણના પ્રપંચથી છૂટેલા તથા રાગ-દ્વેષથી રહિત એવા મહાદેવને નમસ્કાર કર્યા.

રાજા કુમારપાલે કચ્છની ભદ્રાવતીમાં મોટું તળાવ બંધાવ્યું હતું. જગડૂ શાહે ચૌદમી સદીના પ્રારંભમાં તેને સમરાવ્યું હતું. (-જગડૂચરિત્ર)

મંત્રી બાહડે રાજાની આજ્ઞા મેળવી પિતાના આદેશ પ્રમાણે શત્રુંજયતીર્થનો મોટો ઉદ્ધાર કરાવ્યો. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૧૪૫-૧૪૬)

રાજાએ પાટણના પ્રતાપી જૈનસંઘમાં કુસંપ ન પેસે એટલા ખાતર તરતમાં નીકળેલા નવા જૈન મતોને પાટણ બહાર જવાનો આદેશ કર્યો. એવા સૌ ગચ્છનાયકો બહાર ગયા પણ આ૦ વિજયસિંહસૂરિ માત્ર પોતાના બુદ્ધિચાતુર્યથી ત્યાં રહી ગયા હતા. (જૂઓ, અંચલગચ્છ પટ્ટાવલી)

રાજા કુમારપાલે જૈનધર્મનું જ્ઞાન મેળવી સં. ૧૨૧૬ના માગસર સુદિ ૨ ને દિવસે આ૦ હેમચંદ્રસૂરિની પાસે સમ્યક્ત્વ તથા ગૃહસ્થના બાર વ્રતો સ્વીકાર્યાં. તે સમયથી તે **પરમાર્હત**[1] બન્યો. આચાર્યશ્રીએ પોતાના વરદ્ હસ્તે તેને 'રાજર્ષિ'નું બિરુદ આપ્યું તથા તેની વિનતિથી તેના બોધ માટે 'વીતરાગ-સ્તોત્ર' તથા 'યોગશાસ્ત્ર' વગેરે ગ્રંથોની રચના કરી. રાજા તેનો નિત્યપાઠ કરતો હતો.

રાજાએ સવારમાં મંગલપાઠથી જાગવું, નમસ્કારનો જાપ, વીતરાગસ્તોત્ર તથા યોગશાસ્ત્રનો અખંડ પાઠ, જિનદર્શન, ચૈત્યવંદન, કુમારપાલવિહારમાં ચૈત્યપરિપાટી, ઘરદેરાસરમાં ભોજન-નૈવેદ્ય ઘરીને જમવું, સાંજે ઘરદેરાસરમાં આંગીરચના, આરતી, મંગલદીવો, પ્રભુસ્તુતિ-ગુણગાન, રાત્રે મહાપુરુષોના જીવનની વિચારણા અને નિદ્રા – એ રીતે પોતાનો દિનભરનો ધાર્મિક કાર્યક્રમ ગોઠવ્યો હતો. તેણે ચૈત્યવંદન, ગુરુવંદન, સામાયિક તથા પ્રતિક્રમણ મુખપાઠ કરી લીધાં. આઠમ-ચૌદશના દિવસે તે એકાસણું કરતો હતો.

(જૂઓ, પ્રાકૃત દ્વ્યાશ્રયકાવ્ય, કુમારપાલપડિબોહો)

---

૧. કુમારપાલે બંધાવેલા ત્રિભુવનપાલવિહાર, કુમારપાલવિહાર વગેરે મંદિરોની પ્રશસ્તિમાં તે પરમાર્હત તરીકે ઉલ્લેખાયેલ હશે પરંતુ રાજા અજયપાલે એ મંદિરોનો વિનાશ કર્યો, એટલે તેની પ્રશસ્તિઓ પણ નાશ પામી. માત્ર સં. ૧૨૧૧નો જાલોરનો શિલાલેખ મળે છે. તેમાં તથા 'અભિધાન ચિંતામણિ'માં કુમારપાલને 'પરમાર્હત' તરીકે ઓળખાવ્યો છે.

સહસ્રાવધાની અને મહાન ગ્રંથકાર આ૦ મુનિસુંદરસૂરિ કુમારપાલની વિગતવાર ધર્મચર્યા નીચે પ્રમાણે બતાવે છે –

રાજા કુમારપાલે સમ્યક્‌ત્વ સહિત **બાર વ્રતો**નું સાત્ત્વિક રીતે પાલન કર્યું. તે હમેશાં ત્રિકાલ પૂજા, આઠમ-ચૌદશે ઉપવાસ-પૌષધ, પારણે સેંકડો શ્રાવકોને દાન, પોસહ કરનારને પારણું, દીન શ્રાવકને ૧૦૦૦ સોનામહોરનું સાધર્મિક દાન આપતો. એ રીતે ૧૪ સાલમાં ૧૪ કરોડ સોનામહોર આપી. ૯૮ લાખનું ઉચિત સાધર્મિક દાન, ૭૨ લાખનો સાધર્મિક કર માફ, **રુદતીધન** માફ કર્યું, ૨૧ ગ્રંથભંડારો લખાવ્યા. હમેશાં ત્રિભુવનવિહારમાં સ્નાત્રમહોત્સવ, આચાર્યને નિત્યદ્વાદશાવર્તવંદન, સકલ સાધુઓને નિત્યવંદન, પૌષધધારીનું બહુમાન, દાન, સન્માન, અઢાર દેશોમાં અમારિપાલન, ન્યાયઘંટાવાદન, ૧૪ દેશના રાજાઓ સાથે મૈત્રી, જીવરક્ષા, સાત તીર્થયાત્રાઓ કરી, ૧૪૪૪ દેરાસરો બંધાવ્યાં, ૧૬૦૦ દેરાસરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો.

(૧) તે શ્રાવકના પહેલા વ્રતમાં -'મારિ' શબ્દ બોલાઈ જાય તો ઉપવાસ કરતો. (૨) વ્રતમાં - ભૂલથી જુઠું બોલાઈ જાય તો આયંબિલ કરતો. (૩) ત્રીજા વ્રતમાં - અદત્તનો ત્યાગ, મૃતધનનો ત્યાગ. (૪) સં. ૧૨૧૬થી નવો વિવાહ કરવો નહીં, આઠ રાણીઓ મર્યા બાદ બ્રહ્મચર્ય પાલન. મનથી ભૂલ થાય તો ઉપવાસ, વચનથી ભૂલ થાય તો આયંબિલ અને શરીરથી વ્રત ભાંગે તો એકાસણું કરવું. રાજા આરતીમાં રાણી ભોપાલદેવની મૂર્તિ રાખીને કામ ચલાવી લેતો. આ કારણે રાજા 'પરદારાસહોદર' કહેવાતો હતો. ગુરુદેવે તેને વાસક્ષેપ નાખી 'રાજર્ષિ' બિરુદ આપ્યું હતું. (૫) ૬ કરોડ સોનું, ૮ કરોડ તાર, ૧૦૦૦ ઘડી મણિ-રત્નો, ૩૩ હજાર મણ ઘી, ૩૨ હજાર મણ તેલ, ત્રણ લાખ મુંડા જાર, ચોખા, ચણા, મગ વગેરે અનાજ, ૫૦૦ ઘર, ૫૦૦ દુકાન, ૫૦૦ સભા, ૫૦૦ વહાણ, ૫૦૦ ગાડાં, ૫૦૦ ગાડીઓ, ૧૧૦૦ હાથી, ૧૦૦૦ ઊંટ, ૧૧ લાખ ઘોડા, ૫૦૦૦૦ રથ, ૧૮ લાખની સેનાનો પરિગ્રહ રાખ્યો હતો. (૬) ચોમાસામાં પાટણથી બહાર જવું નહીં. (૭) માંસ, દારુ, મધ, માખણ, બહુબીજ, પાંચ ઉદુંબર વગેરે અભક્ષ્ય, અનંતકાય અને ઘેબરનો ત્યાગ કર્યો. દેવને ધર્યા સિવાય ભોજન, ફળ, વસ્ત્ર વગેરે વાપરવાં નહીં. સચિત્તનો ત્યાગ, માત્ર ૮ પાનની જયણા, રાતે ચઉવિહાર, ચોમાસામાં દૂધ, દહીં, તેલ, મીઠાઈ અને તળેલી વસ્તુઓ એ પાંચ વિગઈનો ત્યાગ, ચોમાસામાં ભાજી-પાનનો ત્યાગ, પર્વતિથિએ બ્રહ્મચર્યપાલન, સર્વ સચિત્ત તેમજ સર્વ વિગઈઓના ત્યાગપૂર્વક એકાસણું કરવાનો નિયમ રાખ્યો. (૮) સાત કુવ્યસનોનો ત્યાગ, દેશમાંથી કુવ્યસનોને દેશવટો આપ્યો. (૯) સવાર-સાંજ સામાયિક કરવું, તેમાં સર્વથા મૌન રહેવું, માત્ર ગુરુદેવની સાથે બોલવાની છૂટ. (૧૦) હમેશાં

વીતરાગસ્તોત્ર અને યોગશાસ્ત્રનો પાઠ કરવો. (૧૧) પૌષધ ઉપવાસ કરવા, પાટણમાં પૌષધ કરનારને સાથે લઈ ભોજન કરવું. રાજાને એક પૌષધમાં રાતે મકોડો કરડ્યો, તે મરી ન જાય તે ખાતર ચામડી ઉતારી મકોડાને છૂટો કર્યો. (૧૨) નિર્ધન જૈનોનો બાર લાખનો કર માફ કર્યો. આ૦ હેમચંદ્રસૂરિની પોષાળમાં સામાયિક વગેરે કરનારાઓને ૫૦૦ ઘોડેસવારની અને બાર ગામના અધિપતિની પદવી આપી. બીજી પોષાળમાં સામાયિક આદિ કરનારાઓને ૫૦૦ ગામ આપ્યાં. સૌને શ્રાવકધર્મમાં સ્થિર કર્યા.

આ૦ હેમચંદ્રસૂરિએ કુમારપાલની વિનતિથી **'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર'** (ગ્રંથાગ્ર : ૩૬૦૦૦) રચેલું છે. (જૂઓ, ત્રિ. શ. પુ. ચ. પ્રશસ્તિ)

રાજા સમ્યક્ત્વની સ્થિરતા માટે જૈન સાધુ માત્રને ઉત્સાહથી વંદન કરતો હતો. એક વાર તેણે એક વેશ્યા સાથે રહેતા વેશધારી પતિત જૈન સાધુને પણ વંદન કર્યું. નાડોલનો યુવરાજ આ જોઈને હસ્યો અને તેણે ગુરુદેવને આ વસ્તુ જણાવી. આચાર્યશ્રીએ રાજાને ઉપદેશ આપ્યો કે, સંયમવાળો મુનિ જ સાચો મુનિ છે માટે સંયમીને વંદન કરવું, પણ પતિતને વંદન કરવું નહીં. રાજાએ આ ઉપદેશ અંગીકાર કર્યો. બીજી તરફ તે ભ્રષ્ટ મુનિને તો રાજાના વંદનથી લાભ જ થયો. તેને વિચાર આવ્યો કે, રાજા મને મુનિ માનીને વંદન કરે છે જ્યારે હું મુનિ નથી, પતિત છું, પ્રતિજ્ઞાભ્રષ્ટ છું, નાલાયક છું; પણ મારે આજથી સુધરી જવું જોઈએ. તેમણે આ પ્રમાણે વિચારી વેશ્યા, પાન તથા જોડા વગેરેને છોડી દીધાં. ગુરુના ચરણમાં આવી વૈરાગ્યભાવથી ફરીવાર પાંચ મહાવ્રત સ્વીકાર્યાં અને સાથોસાથ અનશન સ્વીકાર્યું.

તેમના દર્શન માટે સૌ આવવા લાગ્યા. રાજા પણ પોતાના અંતઃપુર તથા પરિવાર સાથે તેમને વાંદવા આવ્યો. મુનિવરે તેનો હાથ પકડી તેને વાંદતાં રોક્યો અને જણાવ્યું, 'રાજન્ ! તું મારો ધર્મગુરુ છે, તેં મને માર્ગે ચડાવ્યો. તારો નમસ્કાર મને ન પચે. તું માર્ગનો જાણકાર છે. તેં મારામાં સંવેગ ભર્યો છે માટે તું મને વંદન ન કર.'

રાજાએ તે મુનિરાજની મના છતાં તેમને ચડતા ભાવે વંદન કર્યું.

રાજાએ માંસનો ત્યાગ કર્યો હતો. એક વાર તેને ઘેબર ખાતાં પહેલાં કરેલું માંસભોજન યાદ આવ્યું, આથી તેણે ઘેબરનો સર્વથા ત્યાગ કર્યો અને ગુરુદેવ પાસે આવી માંસાહારથી પહેલાં બાંધેલ પાપની શુદ્ધિ માટે પ્રાયશ્ચિત્ત માગ્યું. આચાર્યશ્રીએ જણાવ્યું કે, 'તારે પિતાના નામથી જૈનવિહાર બનાવવો અને ૩૨ દાંતની શુદ્ધિ માટે ૩૨ દેરાસર બંધાવવાં.' મંત્રી બાહડનું દેરાસર એવી અનુકૂળ ભૂમિમાં હતું. તે રાજાએ માંગી લીધું અને ત્યાં ભવ્ય કુમારવિહાર

બંધાવવા આજ્ઞા કરી. મંત્રી બાહડે વાહડવંશના શેઠ ગર્ગના પુત્રોની દેખરેખ નીચે કુમારવિહાર બંધાવ્યો. તેની ચારે બાજુએ સાત સાત હાથની ૩૨ દેરીઓ બનાવી. તેમાં મૂલનાયક તરીકે નેપાલથી મંગાવેલ ચંદ્રકાંતમણિની ૨૧ અંગુલપ્રમાણ ભ૦ પાર્શ્વનાથની તથા ૩૨ દેરીઓમાં ૨૪ તીર્થંકર, ૪ શાશ્વતા જિનવર અને ૪ રોહિણી, સમવસરણ, ગુરુપાદુકા તથા અશોકવૃક્ષની ગુરુદેવના હાથે પ્રતિષ્ઠા કરાવી. ચંદ્રકાંતમણિની પ્રતિમા પૂનમની રાતે અમી ઝરતી હતી. એ અમીના પ્રભાવે લોકોને આંખની પીડા વગેરેનાં દર્દ નાશ પામતાં હતાં. મંત્રી આંબડે કુમારવિહારમાં રૂપાની ઋષભદેવની પ્રતિમા સ્થાપન કરી હતી.

રાજાએ બીજી વિશાળ ભૂમિમાં ૭૨ દેરીઓવાળો ત્રિભુવનવિહાર બંધાવ્યો. તેમાં ગુરુદેવના હાથે ભ૦ નેમિનાથની ૨૫ (૧૨૫) અંગુલ પ્રમાણ પ્રતિમાની તથા ભૂત, ભવિષ્ય અને વર્તમાન એમ ત્રણ ચોવીશીની ૭૨ જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી.

આ વિશે પં૦ કુલસાગરગણિ લખે છે –

'મહારાજા કુમારપાલે પાલનપુરના નરેશ પ્રહ્‌લાદન, શાકંભરીનો રાજા અર્ણોરાજ (વિગ્રહરાજ), માંગુ ઝાલો વગેરે ૭૨ રાણાઓ, રૈવતતીર્થનો ઉદ્ધારક દંડનાયક સજ્જન, ૨૪ જિનાલય બનાવનાર મંત્રી આભડ, સિદ્ધપુરનો ચૌમુખ-વિહાર બનાવનાર મંત્રી આલિગદેવ, ગુરુભક્ત મહામાત્ય શાંતૂ, ૬ કરોડ દ્રવ્યનો સ્વામી શેઠ કુબેરદત્ત, ૯૯ લાખ સોનાનો સ્વામી શેઠ છાડા, દશ હજાર અશ્વોનો સ્વામી મહામાત્ય ઉદાયન, મંત્રી આબંડ, મંત્રી બાહડ શ્રીમાળી, શેઠ વાહડ પોરવાલ વગેરે ૧૮૦૦ કોટિધ્વજ વેપારીઓ વગેરેને સાથે રાખી ત્રિભુવનવિહારમાં પ્રતિષ્ઠા, મહાપૂજા, ધ્વજ, કલશ તથા સ્નાત્રોત્સવ વગેરે કરાવ્યાં. દરેકમાં થઈને કુલ ૯૬ કરોડ રૂપિયા ખરચ્યા.'

(જૂઓ, ઉપદેશસાર-સટીક, ઉપ. ૪૮, રચના સં. ૧૬૬૨)

રાજાએ પાટણ, સોમનાથ પાટણ, થરાદ, જાલોર, લાડોલ, ખંભાત તથા તારંગા વગેરે સ્થાનોમાં કુમારવિહાર સ્થાપ્યા. એ વિશે જૈન શિલાલેખો અને ગ્રંથોના ઉલ્લેખ મળે છે. તેને ભ૦ અજિતનાથની પૂજાથી સપાદલક્ષમાં વિજય મળ્યો હતો. તેથી તેને આજ્ઞા કરી યશોદેવના પુત્ર દંડાધિપ અભયકુમાર પાસે **તારંગા**ના પહાડ ઉપર ૩૨ માળનું દેરાસર તૈયાર કરાવી તેમાં ભ૦ અજિતનાથની પ્રતિષ્ઠા કરાવી, જે આજે વિદ્યમાન છે (જૂઓ, પ્રક. ૪૨, પૃ. ૫૪૯-૫૫૦). **શત્રુંજયતીર્થ**માં પણ કુમારપાલનું દેરાસર વિદ્યમાન છે.

રાજા કુમારપાલ, તેના સામંતો તથા પ્રજાએ ઘણાં દેરાસરો બંધાવ્યાં છે. પરિણામે સાલિગવસહી, કરંબવિહાર, યૂકાવિહાર, ઉંદરવિહાર, **ઝોલિકાવિહાર**

વગેરે ૧૪૦૦ (૧૪૪૪) જૈન દેરાસર બન્યાં હતાં અને શત્રુંજય, ખંભાત, ભરૂચ, મોઢેરા, ગાંભૂ, સાંડેર વગેરે સ્થાનોમાં ૧૬૦૦ દેરાસરના જીર્ણોદ્ધાર થયા હતા.

રાજાએ **વીતભયનગર** (મોહે-જો-દરો)થી જીવિતસ્વામીની પ્રતિમા લાવી તેનું સ્વતંત્ર જિનાલય બંધાવ્યું. રાજા પાટણમાં ચૈત્ર તેમજ આસો મહિનામાં **રથયાત્રા** કાઢતો હતો. માંડલિકો પણ પોતપોતાના રાજ્યમાં રથયાત્રાનો મહોત્સવ કરતા હતા. એમ દરેક સ્થાને, દર વર્ષે રથયાત્રા નીકળતી હતી.

(જૂઓ, કુમારપાલપડિબોહો)

રાજાએ ૭૦૦ લહિયા રોકી જૈન **આગમો** લખાવ્યાં. ૪૫ આગમો અને પંચાંગીની સોનાની શાહીથી સાત પ્રતિઓ લખાવી, સિદ્ધહેમવ્યાકરણ તથા ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્રની ૨૧ પ્રતિઓ લખાવી. જુદા જુદા સ્થાનોમાં દાનશાળાઓ સ્થાપી હતી, જેના ઉપરી તરીકે શેઠ નેમિનાગના પુત્ર અભયકુમારને નીમ્યો હતો. (જૂઓ, 'ઉપદેશસાર' ઉપ. ૩૬)

એક કહેવત ચાલે છે કે, 'રાજા કુમારપાલે તાડ, ચાડ અને લાડને દેશવટો આપ્યો હતો. એનું રહસ્ય એ છે કે, રાજાએ ગ્રંથો લખાવવા માટે તાડનાં સઘળાં પાંદડાં તોડાવી મંગાવ્યાં હતાં. એટલે પાટણમાં તાડ રહ્યાં નહીં. રાજપૂત ચાહડ અજમેર ગયો એટલે પાટણમાં ચાડ રહ્યો નહીં. કુમારપાલ જ્યારે સિદ્ધરાજના ત્રાસથી જ્યાં-ત્યાં ભટકતો હતો અને તેને ઘણા દિવસના ફાંફા પડતા હતા ત્યારે એક લાડવા વાણિયાની જાને તેને ખાવાનું આપ્યું નહીં તેથી રાજાએ પોતાના રાજ્યમાં લાડને અમલદાર તરીકે રાખ્યા નહીં, એટલે પાટણમાં લાડવા શ્રીમાલી રહ્યા નહીં. બનવાજોગ છે કે, દંડનાયક વોસિરિએ લાટમાં રાજ્યના અધિકારપદે લાડ નહીં પણ બીજાને નિયુક્ત કર્યા હશે. આ કહેવત કુમારપાલના ગ્રંથલેખનના શોખ અને રાજનીતિજ્ઞતાને પુષ્ટ કરે છે.

એક દિવસ આચાર્યશ્રી પાટણ પધાર્યા. તેમણે તે દિવસે શાકંભરીના ગરીબ ધનાશાહે પોતાની પત્નીના હાથે કંતાવીને તૈયાર કરાવીને વહોરાવેલું ખાદીનું કપડું પહેર્યું હતું. રાજાએ તે દેખીને દુઃખ પામી ગુરુદેવને વિનતિ કરી કે, 'આપ મારા ગુરુદેવ છો, તમારે આવું જાડું અને બરછટ કપડું પહેરવું ન જોઈએ, આમાં તો મારી બદનામી થાય.' આચાર્યશ્રીએ હસીને જણાવ્યું કે, 'સાધુ નિઃસ્પૃહ હોય છે. સામાન્ય વસ્ત્રો પહેરવાથી તેની સાધુતા ઘટતી નથી, છતાં તને ખરેખર શરમ આવતી હોય તો તારા રાજ્યમાં આવા વસ્ત્રોથી વંચિત ગરીબ જૈનો છે તેનો તારે વિચાર કરવો જોઈએ.' રાજા સત્ય પામી ગયો. તેણે ત્યાં જ પ્રતિજ્ઞા કરી કે, 'હું એકેક નિર્ધન જૈનને સો સો સોનામહોર આપીશ, દર સાલ એક કરોડ સોનામહોરનું દાન કરીશ અને સૌને ધર્મ સાધી શકે એવા સુખી બનાવીશ.'

(જૂઓ, ઉપદેશતરંગિણી)

રાજાએ સાધર્મિક ભક્તિખાતુ ખોલ્યું અને તેના ઉપરી તરીકે શેઠ આભડ તથા મંત્રી કપર્દીને નીમ્યા.

શેઠ આભડે પહેલી સાલ પોતાના ખજાનામાંથી જૈનોને એક કરોડની સહાય આપી અને રાજાને વિનંતિ કરી કે, 'વેપારી પણ રાજાનો જંગમ ખજાનો છે; તો આ લાભ મને જ લેવા દો.'

રાજાએ હસીને જવાબ આપ્યો કે, 'ભાઈ ! શું મને લોભિયો બનવાની આદત પડાવવી છે ?' એમ કહી રાજાએ તેટલું ધન ખજાનામાંથી મંગાવી શેઠ આભડને આપ્યું.

પાટણમાં **કુબેરદત્ત** નામે એક અતિ શ્રીમંત દરિયાઈ વેપારી રહેતો હતો. શેઠને માતા હતી, પત્ની હતી પણ કંઈ સંતાન નહોતું. તે એક રાતે અઢળક મિલકત મૂકીને મરી ગયો.

રાજા કુમારપાલ બીજે દિવસે સવારે ઊઠી સામાયિક, નવકારમંત્રની માળા અને યોગશાસ્ત્રનો પાઠ કરી બહાર આવ્યો ત્યારે ચાર વેપારીઓએ જણાવ્યું કે, 'રાજન્ ! કુબેરદત્ત અપુત્રિયો મરણ પામ્યો છે તેથી અપુત્રિયાનું ધન રાજાનું બને છે. તો આપ અત્યારે જ પધારો અને એ ધનને રાજખજાના ખાતે મોકલાવો.'

રાજા મંત્રીઓ વગેરેની સાથે ત્યાં ગયો. તેણે તેના પરિગ્રહની નોંધ વાંચી, દેરાસર જોયું (જૂઓ પ્રક. ૪૧, પૃ. ૫૧૪). ધન પુષ્કળ હતું. પરંતુ શેઠની માતા અને પત્ની છાતીફાટ રુદન કરતી હતી. એક તો ઘરનો ચલાવનાર ગયો અને તેનું ધન પણ રાજાને ઘેર જશે, આ વસ્તુ પણ રુદનનું એક કારણ હતી. રાજા તેમનું રુદન સાંભળી ગળગળો થઈ ગયો અને કહ્યું કે, 'મારે આવું ધન ન જોઈએ. જે બીજાનું ધન લે છે તે તેનો પુત્ર થાય છે. રાજા સિદ્ધરાજે પુત્ર માટે સોમનાથની પગપાળા યાત્રા કરી હતી. એક તો પુત્ર ન હોય તેનું દુઃખ હોય અને તેનું ધન ઉઠાવી જાય ત્યારે સ્ત્રીની શી દશા થાય ? સ્ત્રીનું ધન લેવું એ તો સમસ્ત નારીજાતિનું અપમાન છે, સભ્યતાનું કલંક છે. હું આ ધન લેવા ઇચ્છતો નથી. જૂઓ, અનાજનો વેપારી દુકાળને, કુલટા નારી પતિના મરણને, વૈદ્યરાજ(ડોકટર) ઘનિકોમાં રોગોત્પાતને, નારદજી કજિયાને, દુર્જન પારકા છિદ્રને, રાક્ષસ છલ-ભેદને અને રાજા વાંજિયાના મરણને ઇચ્છે છે – આ બધાં અનિષ્ટો છે, નરી દુષ્ટતા છે.'

ભારતના રાજાઓ સ્મૃતિશાસ્ત્ર (મનુસ્મૃતિ અ.૯, શ્લો.૧૮૯), અર્થશાસ્ત્ર (અર્થશાસ્ત્ર અ. ૩, અ. ૫, પ્રક. ૫૦) અને બીજાં પ્રમાણો (અભિજ્ઞાન શાકુંતલ અંક : ૬)ને આધારે સ્ત્રીઓને રોતી મૂકી વાંજિયાનું ધન લેતા હતા. કુમારપાલે

એ રીતને હલકી માની તેમાં કાનૂની ક્રાંતિ કરી. લગભગ ૭૨ લાખના વાર્ષિક ધનની આવકવાળો **રુદતીધન**નો પટ્ટો પાણીમાં નાખી દીધો અને નારીજાતિને પુરુષના સમાન હક્કવાળી માની તેને પતિ વગેરેનું ધન મળે એવો નવો કાયદો બનાવ્યો. ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રીના સમાન હક્કનો પહેલ-વહેલો કાયદો એ સમયે થયો. આ કાયદો થવાથી ગુજરાતમાં ખોળે લેવાનો રિવાજ પણ બંધ થયો જ્યારે બીજા રાજ્યોમાં રુદતીધન લેવાનો અને છોકરો ખોળે લેવાનો રિવાજ ચાલુ છે.

વર્તમાન ભારત સરકારે સં. ૨૦૧૩માં નવો કાયદો ઘડી સ્ત્રીને સર્વ રીતે પુરુષની સમોવડી બનાવી છે, પણ આ કાયદાનું મૂળ ઠેઠ કુમારપાલના સમયથી જણાય છે. કુમારપાલે આ કાયદો ઘડ્યો ત્યારે તેનું કવિઓએ અભિનંદન કરતાં કહ્યું હતું કે–

"अपुत्रीणां धनं गृह्णन् पुत्रो भवति पार्थिवः ।
त्वं तु संतोषतो मुञ्चन् सत्यं राजपितामहः ॥"

સૌકોઈએ રાજા કુમારપાલને રાજપિતામહ તરીકે બિરદાવ્યો.

(જૂઓ, મોહરાજપરાજયનાટક, અંક : ૩, શ્લો. ૩૯ થી ૪૨; ઉપદેશસાર-સટીક, ઉપ. ૭)

ભારતમાં વિક્રમની બારમી શતાબ્દીમાં ઘણા નવા સંવતો શરૂ થયા હતા.[૧] એક દિવસે રાજાને પણ પોતાનો સંવત્ ચલાવવાની ઇચ્છા થતાં આચાર્યશ્રીને તે અંગે વિનંતિ કરતાં તેમણે જણાવ્યું કે, 'રાજન્ ! પૃથ્વીને અનૃણી કરે તેનો સંવત્ ચાલે, એ કામ ધનથી થાય છે. બીજી તરફ ધન પણ આખરે તો અનર્થનું મૂળ છે. રાજાને વધુ ધન મળે તો વધુ લડાઈ ખેડે. વેપારીને વધુ ધન મળે તો તે વેપારને એકહથ્થુ કરવાનો પ્રયાસ કરે. શુદ્રને ધન મળે તો તે વેશ્યા આદિ વ્યસનોમાં ફસાય. શિકારીને ધન મળે તો તે બાણને તીક્ષ્ણ બનાવે, મોટી જાળ બનાવે અને ઘણા જીવોનો સંહાર કરે. કસાઈને ધન મળે તો તે વધુ પાડા અને બકરાનો વધ કરે. વેશ્યાને ધન મળે તો 'તે ભારે ભભકો રાખી પુરુષોને ફસાવે. એટલે માત્ર ધન દેવાથી પ્રજા ઉન્નત થતી નથી. પ્રજાને આદર્શ બનાવવી હોય તો સૌમાં માનવપ્રેમ, પ્રાણીમૈત્રી, ક્ષમાભાવ, જ્ઞાન, ઉદારતા, સેવાભાવ, સ્વાર્થત્યાગ,

---

૧. કલ્યાણના વીર વિક્રમાદિત્ય સોલંકીનો સં. ૧૧૩૨ થી ચૈત્રી ચૌલુક્ય સંવત્, ખુરાસાનના બાદશાહ સુલતાન જલાલુદ્દીનનો સં. ૧૧૪૮ થી પારસી જલાલ સંવત્, ગુજરાતના રાજા સિદ્ધરાજ જયસિંહનો અથવા શિવસિંહનો (અથવા સોરઠના મંડલેશ્વર સિંહનો)સં. ૧૧૭૧ થી કાર્તિકી સિંહ સંવત્, બંગાલના રાજા લક્ષ્મણસેનનો સં. ૧૧૭૮થી કાર્તિકી લક્ષ્મણસેન સંવત્, સંભવ છે કે રાજા કુમારપાલે સં. ૧૨૧૮ કે સં. ૧૧૯૯થી પોતાનો સંવત્ ચલાવ્યો હોય. (જૂઓ, જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૧૦૦)

પરગજુપણું અને પરોપકારવૃત્તિ વધે એ જ ઉત્તમોત્તમ માર્ગ છે. આવા પ્રજા ઘડનાર રાજા ઇતિહાસમાં અમર બને છે.'

રાજાએ રુદતીધનનો પટ્ટો રદ કરી બીજા પણ કરો માફ કર્યા અને કાર્તિક સુદિ ૧ થી 'સિદ્ધહેમકુમાર સંવત્' ચલાવ્યો. આ સંવતના ઉલ્લેખો શત્રુંજયતીર્થ પર ચૌમુખની ભ૦ શાંતિનાથની ધાતુપ્રતિમા, અભિધાનચિંતામણિ કાંડ : ૬, શ્લો. ૧૭૧, ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર પર્વ ૧૦, સં. : ૧૨, શ્લો. ૭૭ વગેરેમાં મળે છે. તેનો પ્રારંભ કઈ સાલથી થયો છે તેનું કોઈ સ્પષ્ટ પ્રમાણ મળતું નથી. (જૂઓ, જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૯૩, ૯૪, ૯૮, ૧૦૯)

કુમારપાલે મંત્રી આંબડને શિલાહારના રાજા રાજપિતામહ મલ્લિકાર્જુનને જીતવા માટે મોકલ્યો. તે કાવેરી નદી ઊતરી પોતાની સેનાને વ્યવસ્થિત કરતો હતો, એવામાં શત્રુઓએ હુમલો કરી તેને હરાવ્યો. રાજાએ તેને ફરી વાર સં. ૧૨૧૭ લગભગમાં મોકલ્યો. તેની સાથે પરમાર ધારાવર્ષા, ચૌહાણ સોમેશ્વર વગેરે હતા. મંત્રીએ કાવેરીનો પુલ બાંધી, સામે પાર જઈ મલ્લિકાર્જુનને હરાવી તેનું માથું, રાજ્યની કીમતી ચીજો, દંડની મોટી રકમ વગેરે લાવીને પાટણમાં રાજા પાસે ધર્યું. રાજાએ મંત્રીને 'રાજપિતામહ' બિરુદ આપ્યું. કોંકણના ૩૨ સ્વર્ણકળશોમાંથી ૩ કળશ ઉદાયન ચૈત્ય, શકુનિકાવિહાર અને રાજઘટીઘર પર ચડાવ્યા. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૧૪૨-૧૪૩)

કર્ણાટક અને કોંકણની એકગાંઠ મનાતી હતી. કુંતલના રાજા તૈલપે કોંકણનો બદલો લેવા ગુજરાત તરફ પ્રયાણ કર્યું, પણ રાજા કુમારપાલ વૃદ્ધ બની ગયો હતો. ચોમાસામાં યુદ્ધ કરતો નહોતો. તેથી સામંતો ચોમાસું વીતાવવા પોતપોતાના રાજ્યમાં ચાલ્યા ગયા હતા અને સેના પણ છૂટી છૂટી વીખરાઈને પડી હતી. આથી રાજા કુમારપાલ તૈલપ આવે છે એ સાંભળી વિમાસણમાં પડી ગયો અને ગુરુદેવ પાસે જઈ સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. આચાર્યશ્રીએ જણાવ્યું, 'રાજન્ ! ચિંતા ન કર, સૌ સારાં વાનાં થશે.' ખરેખર, સાતમે દિવસે રાજા કુમારપાલને પાકા સમાચાર મળ્યા કે, રાજા તૈલપ એકાએક મરણ પામ્યો છે. આ ઘટના સં. ૧૨૨૨ લગભગમાં બની હતી. કર્ણાટકના નવા રાજા પરમર્દીએ પોતાની પુત્રી રાજાના ભત્રીજા અજયપાલને પરણાવી.

આ૦ મેરુતુંગે આ ઘટના કર્ણના નામે ચડાવી છે. અહીં 'કર્ણ' શબ્દથી કર્ણાટકનો રાજા લેવો ઠીક છે. ત્યાં તેનો સમય સં. ૧૨૨૫ લગભગ બતાવ્યો છે.[1] (જૂઓ, પ્રબંધચિંતામણિ, પ્રક. ૫; પ્રબંધકોશ, પ્રક. ૧૧)

---

૧. એક એવો પણ ઉલ્લેખ મળે છે કે, આ૦ ધર્મશેખરસૂરિએ કર્ણાટકની રાજસભામાં 'નમુત્થુણં કલ્પ'નો પ્રભાવ બતાવ્યો હતો. સંભવ છે કે, રાજા કુમારપાલના પ્રતાપનું આ ફળ હોય. (જૂઓ, પ્રક. ૨૮, પૃ. ૩૭૬; પ્રક. ૪૩, પૃ. ૫૬૭ – વિજ્જલરાય)

એક વાર કાશીનો પંડિત કવિ વિશ્વેશ્વર આચાર્ય હેમચંદ્રસૂરિની પંડિતસભામાં આવ્યો. તેણે 'વ્યાષિદ્ધા' અને 'શૃંગાગ્રેણ' એમ બે સમસ્યા મૂકી. મંત્રી કપર્દી તથા આ૦ રામચંદ્રસૂરિએ તે સમસ્યા પૂરી કરી. પંડિતે આ સરસ્વતીની પદરચના છે એમ જણાવી, મંત્રીના ગળામાં ૫૦ હજારનો હાર પહેરાવ્યો. રાજાએ પંડિતને ૧૦ ઘોડા તથા ૫૦ લાખ દ્રમ્મથી સત્કાર કરી, પાટણમાં રહેવા વિનંતિ કરી; પણ કવિરાજ આત્મકલ્યાણ માટે સોમનાથ પાટણ જઈ વસ્યો.

પ્રભાસપાટણના મહંત ભાવ બૃહસ્પતિએ સુરાપાન વગેરે વ્યવહારથી શિવાલયને અપવિત્ર બનાવ્યું હતું, આથી આ૦ હેમચંદ્રસૂરિ નાખુશ થયા. રાજાએ મહંતને ગાદીએથી ઉતારી નાખ્યો. મહંતે પાટણમાં આવી આચાર્યશ્રી પાસે ચાર મહિના રહી ભૂલની માફી માગી એટલે રાજાએ તેને ફરીવાર ગંડની પદવી આપી. આ ઘટના સં. ૧૨૨૫માં બની હતી.[૧]

પં૦ વામરાશિએ પણ રાજા સિદ્ધરાજના સમયે આચાર્યશ્રીની ખૂબ નિંદા કરી હતી. રાજાએ તેની આજીવિકા બંધ કરી અને માફી માગતાં તેને પણ ફરીવાર આજીવિકા બાંધી આપી.

એક વાર સૌરાષ્ટ્રના એક ચારણે આચાર્યશ્રીની વાસ્તવિક પ્રશંસાવાળું કાવ્ય બનાવ્યું. રાજાએ તેને ત્રણ લાખનું ઈનામ આપ્યું.

તે સમયે સાલપુર પંજાબ કે કાશ્મીર તરફથી પૂજાના મુગટા આવતા હતા, પણ ત્યાંનો રાજા નવા મુગટાને પ્રથમ પોતે પહેરી પછી રાજ્ય બહાર જવા દેતો હતો. રાજા કુમારપાલે તેની પાસેથી અબોટ શુદ્ધ મુગટા મંગાવ્યા, પણ તેણે દેવાની આનાકાની કરી. પરિણામે રાજા કુમારપાલે ત્યાં સેના મોકલી તેને પોતાનો તાબેદાર બનાવ્યો અને ત્યાંથી શુદ્ધ મુગટા મેળવ્યા. હજારો સાલવી કુટુંબોને બોલાવી પાટણમાં વસાવ્યા. સાળવીઓ જૈન બન્યા. પાટણમાં આજે પણ સાળવીપાડો પ્રસિદ્ધ છે.

રાજાએ આચાર્યશ્રીના ઉપદેશથી વીતભયનગરમાં જીવિતસ્વામીની પ્રતિમા હોવાનું જાણ્યું ત્યારે માણસો મોકલીને તે પ્રતિમા મંગાવી લીધી અને નવું દેરાસર બનાવી તેમાં વિરાજમાન કરી.

(જૂઓ, ત્રિષષ્ટિશલાકા પુ. ચ., અષ્ટાહ્નિકાવ્યાખ્યાન)

---

૧. રાજા કુમારપાલે સં. ૧૨૨૫ માં મહંત ભાવ બૃહસ્પતિને બ્રહ્મપુરી ગામ આપી ફરીવાર આજીવિકા બાંધી આપી.

(જૂઓ, પાટણના ભદ્રકાળી મંદિરમાં રહેલો લેખ–
શિલાખંડ, ભાવનગર ઈન્સ્ક્રીપ્શન, પૃ. ૧૮૭)

રાજા કુમારપાલના સોમનાથ પાટણના હાકેમ કક્કના પુત્ર ગુમદેવે અહીર રાજાને હરાવ્યો હતો અને ધર્માદિત્ય સૂર્યમંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. (શિલાલેખ)

રાજાને કાશીરાજ જયચંદ સાથે મૈત્રી હતી. તેનો મંત્રી **પદ્માકર** પાટણના સાળવીની બાળવિધવા **સુહડદેવી**ને પદ્મિની જાણી, કુમારપાલની આજ્ઞા મેળવી કાશી લઈ ગયો અને તેને રખાત બનાવી. આ રાણી નાલાયક હતી, મિજાજી હતી. તેણે પોતાના પુત્રને રાજ્ય અપાવવાની જીદથી મુસલમાનોને બોલાવી વિ. સં. ૧૨૪૯ (હી. સં. ૫૮૯)માં કાશી રાજ્યનો વિનાશ કરાવ્યો. રાજા **જયચંદ્ર**ના આશ્રિત **કવિ શ્રીહર્ષ** 'નૈષધીયમહાકાવ્ય' બનાવ્યું. શાહબુદ્દીન ઘોરીએ સં. ૧૨૪૯ માં પૃથ્વીરાજ ચૌહાણને મારી નાખી દિલ્હી જીતી લીધું.

(જૂઓ, પ્રબંધચિંતામણિ, પ્રક. ૫; પ્રબંધકોશ, પ્રક. ૧૧; તબકાત ઈ. નાસીરી, પૃ. ૬૬૪ થી ૬૬૯)

મંત્રી આંબડે સં. ૧૨૨૨ માં ભરૂચમાં શકુનિકાવિહારનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને આ૦ હેમચંદ્રસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી. રાજા કુમારપાલ આ મહોત્સવમાં ભરૂચ ગયો હતો. આજે તો આ મંદિર મસ્જિદ તરીકે ઊભું છે.

રાજાએ સં. ૧૨૨૬માં શત્રુંજયતીર્થનો છ'રી પાળતો **મોટો સંઘ** કાઢ્યો. આ સંઘમાં આ૦ હેમચંદ્રસૂરિ વગેરે આચાર્યો, મુનિવરો, મહારાણી **ભોપાલદેવી**, ચૌલુક્યની પુત્રી લીલુદેવી, પાલનપુરનો રાણો **પ્રહ્‌લાદન**, **શેઠ આભડ**, તેની પુત્રી **ચાંપલદેવી**, કવિચક્રવર્તી **શ્રીપાલ**, કવિ સિદ્ધપાલ, મંત્રી કપર્દી, રાજાનો દૌહિત્ર પ્રતાપમલ, ૯૯ લાખનો સ્વામી શેઠ **છેડો**, મંત્રી આંબડની માતા **માઉ** અને બીજા કોટિધ્વજો વગેરે સાથે હતાં. (ચતુર્વિંશતિપ્રબંધ, પ્રક. ૧૦)

આ૦ મહેન્દ્રસૂરિ લખે છે કે, આ સંઘ સં. ૧૨૧૯ માં નીકળ્યો હતો. (શતપદીપદ, ૧૦૫.) સંઘ ધંધુકામાં ઝોલિકાવિહારની યાત્રા કરી વલભીનગર થઈને પાલીતાણા પહોંચ્યો.

વલભીનગરથી આગળ ચોગઠ પાસે **થાપો** અને ઈસાવલ એમ બે પહાડીઓ છે. આચાર્યશ્રીએ તેની તળેટીમાં પ્રતિક્રમણ વગેરે ધર્મવિધિ કરી હતી. રાજાએ સંઘની યાદગીરીમાં તે પહાડીઓ પર ભ૦ આદીશ્વર તથા ભ૦ પાર્શ્વનાથનાં દેરાસર બનાવવાને આજ્ઞા કરી. આજે ત્યાં આ દેરાસરના પથ્થરો નજરે પડે છે. ત્યાં એ પથ્થરોમાં કોઈએ શિવાલય બનાવ્યું છે.

રાજાએ શત્રુંજયતીર્થ ઉપર ભ૦ આદીશ્વરનાં દર્શન, પૂજન-મહોત્સવ કર્યાં. પછી સંઘ ગિરનારતીર્થ પર ગયો. અહીંનો ચડાવ કઠિન હતો અને રાજા ઘણો

વૃદ્ધ હતો. તેથી રાજાએ ઉપર ન ચડતાં તળેટીમાં જ ભગવાન નેમિનાથની પૂજા કરી તીર્થને વધાવ્યું. પછી સંઘ ત્યાંથી પાટણ આવ્યો.

સં. ૧૨૨૭ માં આ૦ હેમચંદ્રસૂરિના હાથે પાટણમાં મોટો પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. રાજા કુમારપાલે તેમાં મોટો લાભ લીધો.

રાજા કુમારપાલનો દૌહિત્ર **પ્રતાપમલ** હતો. તે નીતિશાળી, બહાદુર, ધર્મપ્રેમી અને પ્રજાપ્રિય હતો. તે રાજા કુમારપાલની સાથે જ રહેતો હતો. રાજાએ કાઢેલા શત્રુંજયના સંઘમાં પણ સાથે હતો. તે રાજા થવાને લાયક હતો. રાજપુરોહિત સોમેશ્વર તેને સમર્થ રાજ્યરક્ષક બતાવે છે.[૧]

આચાર્યશ્રી માનતા હતા કે, હવે સિદ્ધરાજ નથી અને કુમારપાલ વૃદ્ધ છે એટલે સોલંકી રાજ્ય તપવાનું નથી. આથી કોઈ યોગ્ય ક્ષત્રિય ગુજરાતનો રાજા બને તેમાં હરકત જેવું નથી. રાજા કુમારપાલની ઇચ્છા હતી કે, તેના પછી **પ્રતાપમલ** રાજા બને. સૌકોઈ એ વાતમાં ખુશ હતા, પરંતુ **અજયપાલ** આ વિચારો સાંભળીને સમસમી ગયો હતો. પણ શેઠ **આભડે** સલાહ આપી કે, 'ગમે તેવો પણ પોતાનો હોય તે સારો.' અને સૌએ અજયપાલને રાજા બનાવવાની આ સલાહ માન્ય રાખી.

રાજા કુમારપાલનો પૂર્વભવ આ પ્રમાણે જાણવા મળે છે – મેવાડની પહાડીમાં પરમારપલ્લીમાં જયતાક નામે રાજા હતો. તેણે એક વણજારાને લૂંટી લીધો. વણજારાએ ગુસ્સામાં આવી, માળવાના રાજાની મદદથી પરમારપલ્લીનો વિનાશ કર્યો. જયતાકની ગર્ભવતી સ્ત્રીને તથા ગર્ભને મારી નાખ્યાં. વણજારો બાવો બની, મરી ગયો ને સિદ્ધરાજરૂપે જન્મ્યો. જયતાક ત્યાંથી નાસી ગયો. સંડેરગચ્છના આ૦ યશોભદ્રસૂરિના ધર્મોપદેશથી તે શુદ્ધ જીવન ગાળવા લાગ્યો. તિલંગના ઉરંગલનગરમાં સાર્થવાહ ઓઢારને ઘેર નોકર બનીને રહ્યો. આ૦ યશોભદ્રના ઉપદેશથી ઓઢાર પણ જૈન બન્યો. ઓઢાર અને જયતાક હમેશાં જિનપૂજા કરતા હતા. ઓઢારે પજુસણમાં પ્રભુની પુષ્પપૂજા કરી. જયતાકે પણ પોતાનાં પાંચ કોડીનાં ૧૮ ફૂલ લઈ જિનવરને ચડાવ્યાં, ઉપવાસ કર્યો અને પારણે મુનિવરોને આહાર આપ્યો. આ જયતાક મરીને કુમારપાલ થયો. સિદ્ધરાજે પૂર્વભવમાં રાણીના ગર્ભનો નાશ કર્યો હતો તેથી તે વાંજિયો રહ્યો અને તેને કુમારપાલ સાથે વૈરભાવના બની રહી. જયતાકે અઢાર ફૂલથી પૂજા કરી હતી તેથી કુમારપાલ ૧૮ દેશનો રાજા થયો.

કુમારપાલે પોતાના પૂર્વભવની ખાતરી કરવા માટે ઉરંગલમાં તપાસ કરાવી

---

૧. આમશર્મા, જગદેવ અને પ્રતાપમલ ન રહેતાં રાજા ભીમદેવનું રાજ્ય છિન્નભિન્ન થઈ ગયું. (–કીર્તિકૌમુદી, સર્ગ. ૨, શ્લો. ૯૭ થી ૧૦૦)

હતી. તેના વંશની સ્થિરદેવી પણ આ વૃત્તાંત જાણતી હતી.

(જૂઓ, પ્રબંધકોશ, પ્રક. ૧૦)

એવો પણ ઉલ્લેખ મળે છે કે, રાજા કુમારપાલ થોડા ભવો કરીને મોક્ષે જશે.

(૧) ગુજરાત, (૨) લાટ, (૩) સૌરાષ્ટ્ર, (૪) ભંભેરી (બંબેરગઢ), (૫) કચ્છ, (૬) સિંધ, (૭) ઉચ્ચા (તક્ષશિલા પાસેનો પ્રદેશ), (૮) જાલંધર (સતલજનો પ્રદેશ), (૯) કાશી, (૧૦) સપાદલક્ષ (સાંભર-અજમેરનો પ્રદેશ), (૧૧) અન્તર્વેદી, (આનર્ત કે દીવબેટ, પીરમબેટ), (૧૨) મરુ (મારવાડ), (૧૩) મેવાડ, (૧૪) માળવા, (૧૫) આભીર (કીર-મેરઠનો કે ગિરનો પ્રદેશ), (૧૬) મહારાષ્ટ્ર, (૧૭) કર્ણાટક અને (૧૮) કોંકણ – એ **અઢાર દેશો**નો કુમારપાલ રાજા હતો. આ નોંધમાં મિત્રરાજ્યો પણ સામેલ છે.[૧]

(જૂઓ, ઉપ૦ કલ્પવલ્લી, મન્નહ જિણાણંની પ્રથમ ગાથાની ટીકા-કથા, શ્લો. ૪ થી ૭)

---

૧. વડગચ્છના આ૦ વિનયચંદ્રે ચોવીશ તીર્થંકરોનાં ચરિત્રો તથા ૨૦ પ્રબંધો, કવિશિક્ષા વગેરે સં. ૧૨૮૬ માં રચેલ છે, તે પૈકી તેમની કવિશિક્ષામાં ૮૪ **દેશો**ની માહિતી આ પ્રકારે મળે છે –

चतुरशीतिदेशाः– गौड-कान्यकुब्ज-कौल्लाक-कलिङ्ग-अङ्ग-बङ्ग-कुरङ्ग-आचाल्य-कामाक्ष-औष्ट्र-पुण्ड्र-उडीश-मालव-लोहित-पश्चिम-काछ-वालम-सौरास्ट्र-कुङ्कण-लाट–श्रीमाल-अर्बुद-मेदपाट-मरु-वरेन्द्र-यमुना-गङ्गातीर-अन्तर्वेदि-मागध-मध्य-कुरु-काहल-कामरूप-काञ्ची-अवन्ती-पापान्तक-किरात-नेपाल-टक्क-तुरुष्क-ताइकार-बर्बर-जर्जर-काश्मीर-हिमालय-लोहपुरुष-श्रीराष्ट्र-दक्षिणापथ-सिन्धल-चौल-कौशल-पाण्डु-अन्ध्र-विन्ध्य-कर्णाट-द्रविड-श्रीपर्वत-विदर्भ-धारा-उरलाजी-तापी-महाराष्ट्र-आभीर-नर्मदातट-द्वीपदेशाश्चेति ॥

हिरुयाणी इत्यादि षट्कम् । पत्तनादिद्वादशकम् । मातरादिश्चतुर्विंशतिः । वडू इत्यादि षट्त्रिंशत् । भालिजादिश्चत्वारिंशत् । हर्षपुरादिद्विपञ्चाशत् । श्रीनारप्रभृतिषट्पञ्चाशत् । जम्बूसरप्रभृति षष्टिः । पडवाणप्रभृति षट्सप्ततिः । दर्भावतीप्रभृति चतुरशीतिः । पेटलापद्रप्रभृति चतुरुत्तरशतम् । षदिरालुकाप्रभृति दशोत्तरं शतम् । भोगपुरप्रभृति षोडशोत्तरं शतम् । धवलक्कप्रभृति पञ्चशतानि । माहणवासाद्यमर्धाष्ट शतम् । कोङ्कणप्रभृति चतुर्दशाधिकानि चतुर्दशशतानि । चन्द्रावतीप्रभृति अष्टादशशतानि ।

द्वाविंशतिशतानि महीतटम् । नवसहस्राणि सुराष्ट्राः । एकविंशतिसहस्राणि लाटदेशः । सप्ततिसहस्राणि गूर्जरो देशः । पारतश्च । अहुडलक्षाणि ब्राह्मणपाटकम् । नवलक्षाणि डाहलाः। अष्टादशलक्षाणि द्विनवत्यधिकानि मालवो देशः । षट्त्रिंशल्लक्षाणि कान्यकुब्जः । अनन्तमुत्तरापथं दक्षिणापथं चेति ॥

(જૂઓ, સ્વ. ચીમનલાલ દલાલનો 'પાટણના ભંડોરો અને ખાસ કરીને તેમાં રહેલું અપભ્રંશ તથા પ્રાચીન ગુજરાતી સાહિત્ય' લેખ – જૂઓ, પાંચમી ગુજરાતી સાહિત્ય પરિષદનો અહેવાલ; મો.દ. દેસાઈનો જૈ.સા.સં.ઈ. પારા ૫૬૪, ટિ. પારા ૪૦૫, પૃ. ૩૯૪, વિભાગ ૨, પ્ર. ૪)

આ૦ હેમચંદ્રસૂરિ રાજા કુમારપાલે જીતેલા દેશોની સાધારણ નોંધ આ પ્રકારે આપે છે –

जिष्णुश्चेदि-दशार्ण-मालव-महाराष्ट्राऽपरान्तान् कुरून्
सिन्धूनन्यतमांश्च दुर्गविषयान् दोर्वीर्यशक्त्या हरिः ।
चौलुक्यः परमार्हतो विनयवान् श्रीमूलराजान्वयी
तं नत्वेति कुमारपालपृथ्वीपालोऽब्रवीदेकदा ॥

(–त्रिषष्टिशलाका पु. च. प्रशस्ति पर्व : १०)

આ૦ હેમચંદ્રસૂરિ જણાવે છે કે, કુમારપાલના રાજ્યની સરહદ ઉત્તરમાં તુર્કસ્થાન, પૂર્વમાં ગંગા નદી, દક્ષિણમાં વિંધ્યાચલ અને પશ્ચિમમાં સમુદ્ર સુધી હતી.* (-જૂઓ, ત્રિ.શ.પુ.ચ. પર્વ ૧૦, સર્ગ : ૧૨, શ્લો. ૫૨)

ગુજરાતના શિલાલેખોમાં **સાત ચક્રવર્તી** માનવામાં આવેલા છે–

(૧) ભીમદેવ, (૨) કર્ણદેવ, (૩) સિદ્ધરાજ, (૪) કુમારપાલ, (૫) અજયપાલ, (૬) મૂળરાજ અને (૭) ભોળો ભીમદેવ.

(ગુજરાતનો ઐતિહાસિક લેખસંગ્રહ, લેખાંક : ૧૬૬ થી ૨૦૬)

બીજી રીતે સાત ચક્રવર્તીઓની ગણતરી આવી પણ છે – (૧) સિદ્ધરાજ,

★ કર્નલ જેમ્સ ટોડ લખે છે કે - કુમારપાલની આજ્ઞાને પૃથ્વી પરના સર્વ રાજાઓએ પોતાના મસ્તકે ચડાવી. તેણે શાકંભરીના રાજાને પોતાના ચરણમાં નમાવ્યો. ખુદ હથિયાર ધારણ કરી સપાદલક્ષ પર્યંત ચડાઈ કરીને સર્વ ગઢપતિઓને નમાવ્યા. સાલપુર (પંજાબ) સુદ્ધાંને તેણે તે પ્રમાણે વશ કર્યું. (-ટોડ રાજસ્થાન)

કુમારપાલના શાસનકાળમાં પાટણના જૈનો હિંદ બહાર ગિઝની સુધી પહોંચીને ત્યાં ધમધોકાર વ્યાપાર ચલાવતા હતા. (જામેઉલ હિકાયત)

સ્વ. ગૌ.હી. ઓઝાજી લખે છે કે, કુમારપાલ ઘણો પ્રતાપી અને નીતિનિપુણ હતો. તેના રાજ્યની સીમા દૂર દૂર સુધી ફેલાયેલી હતી અને માળવા તથા રાજપૂતાનાના કેટલાએક ભાગો તેને આધીન હતા. (-રાજપૂતાનેકા ઇતિહાસ, ભા.૧, પૃ.૨૧૯)

દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી લખે છે કે, કુમારપાલને સિદ્ધરાજ પાસેથી ઘણું વિશાળ અને અત્યંત સમૃદ્ધ રાજ્ય મળ્યું હતું અને કુમારપાલે તેને સ્થિર કર્યું એટલું જ નહીં પણ, કોંકણનો વિજય ધ્યાનમાં લેતાં કંઈક વધાર્યું હોવાનો સંભવ છે.

(-ગુજ.મ.રા.ઈ. પ્ર. ૧૩, પૃ. ૩૨૮)

સિદ્ધરાજ અને કુમારપાલે એવું સારું રાજતંત્ર ગોઠવ્યું હતું કે, મૂળરાજ જેવો બાળ રાજા પણ મુસલમાન હુમલાને સામંતોની મદદથી પાછો હટાવી શક્યો. ખરી રીતે ભીમદેવ બીજા જેવા નબળા રાજાના રાજ્યકાળમાં પણ ઘણા વખત સુધી સિદ્ધરાજ અને કુમારપાલે ગોઠવેલું રાજતંત્ર જળવાઈ રહ્યું હતું.

(-ગૂજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ, પ્ર. ૧૫, પૃ. ૩૪૨)

(૨) કુમારપાલ, (૩) અજયપાલ, (૪ બીજો મૂલરાજ, (૫) વિશલદેવ, (૬) અર્જુનદેવ અને (૭) સારંગદેવ.

(સં. ૧૩૩૩ નો આમરણ ગામનો લેખ, પુરાતત્ત્વ, પુ. ૧, અંક : ૧)

આથી સ્પષ્ટ થાય છે કે, ઇતિહાસ કુમારપાલને ગૂર્જરચક્રવર્તી માને છે.

રાજા કુમારપાળના ગુણ-અવગુણની પણ ચોક્કસ કસોટી મળે છે. તેણે એક વાર વૃદ્ધ મંત્રી આલિગદેવને પૂછ્યું કે, ''સિદ્ધરાજ અને મારામાં શો તફાવત છે તે બતાવો.'' મંત્રીએ 'સાચી હકીકત કહેવામાં ગુનો થાય તો માફ કરવો' એવો બચાવ કરીને જણાવ્યું કે, 'સિદ્ધરાજમાં ૯૬ ગુણો હતા અને ૨ દોષો હતા, જ્યારે આપનામાં ૨ ગુણો અને ૯૬ દોષો છે.'

રાજાએ પોતાને અવગુણી માની પોતાની આંખમાં છરી ભોંકવાની તૈયારી કરતાં, મહામાત્ય વિના વિલંબે ખુલાસો કરતાં બોલી ઊઠ્યાઃ 'સિદ્ધરાજમાં અસુભટતા અને સ્ત્રીલંપટતા એ બે અવગુણો હતા જેથી તેના ૯૬ ગુણો દબાઈ ગયા હતા. આપનામાં યુદ્ધની શૂરવીરતા અને પરસ્ત્રીસહોદરપણું એ બે ગુણો છે જેથી તમારા ૯૬ દોષો દબાઈ ગયા છે.' રાજા આ ખુલાસો સાંભળી શાંત પડ્યો, સ્વસ્થ થયો. આ ઘટના ઉપરથી કુમારપાલના સ્વભાવનો કંઈક પરિચય મળી રહે છે.

સામાન્ય રીતે જોઈએ તો રાજાએ ચાહડને હદ ઉપરનું દ્રવ્ય આપવાની મનાઈ કરી. સોલ્લાક ગવૈયાને માત્ર ૧૧૬ દ્રમ્મ આપ્યા. મંત્રી આંબડને ભરૂચમાં દાન કરતો રોક્યો અને કાન્હડદેવ-બનેવી સાથેનો આકરો વર્તાવ વગેરે તેના જીવનની ઊણપો છે અને ઉપકારી પ્રત્યે કૃતજ્ઞતા, ફૂટેલા સામંતોને પણ માફી આપવી, કપર્દી જેવાના મીઠા ઠપકાને પણ હિતકર માનવો વગેરે તેના જીવનની ગુણ-વિશેષતા છે.

શિલાલેખો તથા ઐતિહાસિક ગ્રંથો કુમારપાલને વિવિધરૂપે ઓળખાવે છે તેનાં કેટલાંક ઉદાહરણો આ પ્રમાણે છે —

(૧) कुमारपालश्चौलुक्यो राजर्षिः परमार्हतः ।
मृतस्वमोक्त्र धर्मात्मा मारिव्यसनवारकः ॥
(આ૦ હેમચંદ્રસૂરિકૃત અભિધાનચિંતામણિ,
કાંડ : ૩, શ્લો. ૩૭૬, ૩૭૭)

(૨) दोर्वीर्यशक्त्या (स) हरिः चौलुक्यपरमार्हतः ॥
(-ત્રિષષ્ટિ શ.પુ.ચ. પ્રશસ્તિ)

(૩) कृतयुगप्रवर्त्तकहरिरिति ज्ञातः प्रभावाज्जने ।
शुद्धाचारनवावतारतरणिः सद्धर्मकर्मक्रम-

प्रादुर्भावविशारदो नयपथप्रस्थानसार्थाभिधः ॥१४॥
यः कृतयुगं संप्रत्यवातारयत् ॥
(–સં. ૧૨૦૮ની વડનગર કિલ્લાની પ્રશસ્તિ)

(૪) त्रैलोक्यरक्षाक्षमः विक्रमः, लोकम्पृणैरात्मगुणैरलङ्ध्यः ॥
(–શ્રીધરકૃત પ્રભાસપાટણની પ્રશસ્તિ)

(૫) तेजोविशेषोदयी, अचिन्त्यमहिमा, बल्लालधराधिपजाङ्गलनरेशविजेता, त्रैलोक्यकल्पद्रुमः ॥१०-११॥
(–ગંડ ભાવબૃહસ્પતિની પ્રભાસપાટણની પ્રશસ્તિ)

(૬) ત્રૈલોક્યકુલકલ્પદ્રુમ, વિચારચતુરાનન વગેરે
(અભિનવ સિદ્ધરાજ જયસિંહનું તામ્રપત્ર)

(૭) वीतरागरतेर्यस्य मृतवित्तानि मुञ्चतः ।
देवस्य नृदेवस्य युक्ताऽभूदमृतार्थता ॥
(–કવિ સોમેશ્વરકૃત 'કીર્તિકૌમુદી' સર્ગ : ૨, શ્લો. ૪૩)

(૮) તટસ્થ રીતે જોનારને પણ એકંદર રીતે કુમારપાલ લોકપ્રિય અને સારો રાજા હતો એમ કબૂલ કરવું પડશે.
(–દુર્ગાશંકર શાસ્ત્રીનો ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ, પ્રક. ૧૩, પૃ. ૩૩૦)

(૯) રાજા કુમારપાલને પ્રૌઢપ્રતાપ, વિજયોદયી, તેજોવિશેષોદયી, અવંતીનાથ, વિચારચતુરાનન, રાજર્ષિ, રાજપિતામહ અને ચક્રવર્તી વગેરે બિરુદો હતાં, જેનો ઉલ્લેખ તે તે પ્રસંગે આવી ગયો છે.

આ પ્રમાણોથી સહેજે તારવી શકાય છે કે, રાજા કુમારપાલ જનતાને સન્માર્ગે દોરનાર, નીતિનો પ્રચારક, રક્ષણસમર્થ, પ્રતાપી વિચારક, બહાદુર, પ્રજાવત્સલ, ગુણવાન, લોકપ્રિય અને વિદેહી રાજા હતો.

રાજા કુમારપાલને ૨ ભાઈઓ, ૨ બહેનો, ભોપાલદેવી, જલ્હણા (ચંદ્રલેખા) તથા પદ્માવતી એ ૩ રાણીઓ, લીલુદેવી વગેરે સાત પુત્રીઓ, પ્રતાપમલ દૌહિત્ર અને કાન્હડદેવનો પુત્ર ભોજરાજ ભાણેજ હતાં. મંત્રી આલિગ, આશુક, બાહડ, મહાદેવ નાગર, યશોધવલ, કુમારસિંહ, ગલ્લકકુલનો વાધૂયન, પૃથ્વીપાલ, કપર્દી, શોભ નાગરનો પુત્ર વલ્લ, દાનશાળાનો ઉપરી શેઠ અભય, ધરણીધર (કર્ણાવતી) વગેરે મહામાત્યો તથા જુદા જુદા ખાતાના મંત્રીઓ હતા. આમિગ તથા સર્વદેવ પુરોહિત હતા. બ્રાહ્મણ રુદ્રરાજ જ્યોતિષી હતો. મંત્રી ઉદાયન, આંબડ, સજ્જન, આંબાક, જગદેવ શ્રીમાલી (સૌરાષ્ટ્ર), ચાહડ, વૈજલદેવ, સહજિગ ગુહિલ સીસોદિયા, (સૌરાષ્ટ્રના) ગોહિલોનો આદિ પુરુષ અને વોસિરિ

દંડનાયકો હતા. પરમાર ધારાવર્ષ, વિક્રમસિંહ, વાપનદેવ, સોમેશ્વર, આલ્હણ, કેલ્હણ વગેરે નાના-મોટા ૭૨ રાણા હતા, સામંતો હતા. ક.સ.આ૦ શ્રીહેમચંદ્ર-સૂરિ, આ૦ રામચંદ્રસૂરિ વગેરે તેમનો શિષ્યપરિવાર, કવિ ચક્રવર્તી શ્રીપાલ, સિદ્ધપાલ, કપર્દી, બાહડ વગેરે તેમની પંડિતસભાના વિદ્વાનો હતા. સોલ્લાક વગેરે ગવૈયા હતા.

[મહાપ્રચંડ દંડનાયક વોસિરિ સં. ૧૨૨૮ના જેઠ સુદિ ૧૪ના દિવસે લાટદેશ મહીદમનકના વચલા પ્રદેશનો મહાદંડનાયક હતો.

(જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પુષ્પિકા : ૬૯)

મહામાત્ય શ્રીકુમાર. (–જૈ.પુ.પ્ર.સં., પુષ્પિકા : ૮૯)

મહં૦ વાધૂયન (પાલાઉદ્રગામ). (–જૈ.પુ.પ્ર.સં., પુષ્પિકા : ૯૧)]

સં. ૧૨૨૯માં આ૦ હેમચંદ્રસૂરિ સ્વર્ગે ગયા. રાજા કુમારપાલ પણ તે જ સાલમાં તેમની પછી છ મહિને **સ્વર્ગસ્થ** થયો.

આ૦ મેરુતુંગસૂરિ રાજાનું મૃત્યુ સં. ૧૨૨૯ પોષ સુદિ ૧૨, તા. ૨૮-૧૨-૧૧૭૨માં બતાવે છે. (–વિચારશ્રેણિ)

ગુજરાતના રાજવંશોમાં કુમારપાલ સોલંકીનું રાજ્ય બહુ તપ્યું હતું, એ વાત અનેક પ્રાચીન-અર્વાચીન પુરાવાઓથી સ્પષ્ટ થાય છે.

ગ્રંથકારો રાજા કુમારપાલની ખૂબ **પ્રશંસા** કરે છે, તેનાં કેટલાંક ઉદાહરણો આ પ્રમાણે છે –

सत्त्वानुकम्पा न महीमुंजां स्याद् इत्येष क्लृप्तो वितथप्रवादः ।
जिनेन्द्रधर्मं प्रतिपद्य येन श्लाघ्यः स केषां न कुमारपालः ? ॥

(આ૦ સોમપ્રભસૂરિનો 'કુમારપાલપડિબોહો' પૃ. ૪૭૫)

स्वर्गे न क्षितिमण्डले न वडवावक्त्रे न लेभे स्थितिं
त्रैलोक्यैकहितप्रदाऽपि विधुरा जीयाद्दया या चिरम् ।
चौलुक्येन कुमारपालविभुना प्रत्यक्षमावासिता,
निर्भीका जिनमानसौकसि वरे केनोपमीयेत सः ? ॥

(–મોહપરાજય, રચના સં. ૧૨૩૨)

(જૂઓ, ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર, પર્વ ૧૦, સર્ગ : ૧૨, સંસ્કૃત-પ્રાકૃત દ્વ્યાશ્રયમહાકાવ્ય, કુમારપાલપડિબોહો, પ્રભાવકચરિત્ર, પ્રબંધચિંતામણિ, મોહપરાજયનાટક, પ્રબંધકોશ, કુમારપાલપ્રબંધ, કુમારપાલચરિત્ર, ગુજરાતનો ઈતિહાસ, શિલાલેખો, ભારતીય વિદ્યા પુ.૧, અંક : ૧, પરમાર્હત મહારાજા શ્રીકુમારપાલ, જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૪૫)

૯. અજયપાલ (સં. ૧૨૨૯ થી ૧૨૩૨) :

રાજા કુમારપાલ પછી તેના મોટાભાઈ મહીપાલનો પુત્ર અજયપાલ ગુજરાતનો રાજા થયો. તે અયોગ્ય રાજા હતો. તેના અમલમાં ગુજરાતના રાજ્યનું પતન થવું શરૂ થયું. તેણે શરૂઆતથી જ પોતાને 'કલિકાલનિષ્કલંકાવતાર' તરીકે જાહેર કરી બર્બરશાહી ચલાવી. તેણે મહારાજા કુમારપાલે બંધાવેલાં અને સમરાવેલાં પાટણ, મોઢેરા, ગાંભૂ વગેરે સારસ્વતમંડલનાં સઘળાં મંદિરો તોડવા માંડ્યાં. મંત્રી કપર્દીને એક દિવસે મહામાત્ય બનાવી તે જ રાતે તેલની કડકડતી કડાઈમાં જીવતો તળાવ્યો (જૂઓ, પ્રક. ૪૧, પૃ. ૫૧૯). મંત્રી આંબડને લશ્કર દ્વારા ઘેરી લઈ મારી નંખાવ્યો. આ૦ રામચંદ્રસૂરિને તાંબાની તપાવેલી પાટ ઉપર બેસાડી ભુંજાવ્યા, જૈનોને દબાવ્યા, ગ્રંથભંડારો બળાવી નાખ્યા, મ્લેચ્છ જેવું વર્તન ચલાવ્યું.[૧] તેણે તારંગા, જાલોર વગેરે દૂરનાં જિનાલયોને તોડવા જવાની તૈયારી કરી. શેઠ આભડ અજયપાલને રાજા બનાવવાની તરફેણમાં હતો, તે પણ જુલમથી દુઃખ પામ્યો. તેણે બીજાં જિનમંદિરોને રાજાના કોપથી બચાવવા **શીલણ ભાંડને** તૈયાર કર્યો. તેણે એક યુક્તિ રચી (જૂઓ, પ્રક. ૪૧, પૃ. ૫૦૬). પરિણામે, રાજા અજયપાલે દેરાસરો તોડવાનું કામ સદંતર બંધ કર્યું. આથી બાકીનાં દેરાસરો બચી ગયાં અને જૈનો પોતપોતાના અધિકારપદે કાયમ રહ્યા.

રાજાએ પોતાના મિત્ર આ૦ બાલચંદ્રનો પોતાના ગચ્છના દ્રોહી અને ગુરુદ્રોહી તરીકે ખૂબ તિરસ્કાર કર્યો.

---

૧. કર્નલ જેમ્સ ટોડ લખે છે કે - અજયપાલ મુસલમાન થઈ ગયો હતો (વેસ્ટર્ન ઇન્ડિયા, પૃ. ૯૧). જો કે અજયપાલ મુસલમાન થયો નહોતો, પણ મુસલમાન લાગે તેવું તેનું વર્તન હતું. આ રાજાના કારણે મંત્રી ઉદાયન તથા શેઠ આભડની સંતતિમાં ધર્મપરાવર્તન થવાનું મનાય છે.

દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી લખે છે કે, 'અજયદેવ જૈનધર્મનો કટ્ટર વિરોધી હોવાની વાતમાં શંકા નાખે છે.' (ગુજ.મ.રા.ઈ. પૃ.૩૩૩) એટલે જૈનોનાં મંદિરો, ગ્રંથભંડારો, મુનિવરો અને જૈનમંત્રીઓનો વિનાશ તથા નિષ્કલંકાવતાર બનવાનો દાવો તો શાસ્ત્રીને મન કંઈ જ ઐતિહાસિક ઘટના લાગતી નથી.

અજયદેવ ધર્માંધ શૈવ હતો.(-રા.બ.મહી.રૂપ.નીલકંઠનો ગુજ.સં.ઇતિ. પૃ. ૧૬)

રા.બ.ગોવિંદભાઈ હાથીભાઈ લખે છે કે, 'અજયપાલે ગાદી પર બેસતાં જ જૈનો પર જુલમ કરવા માંડ્યો.

અજયપાલે ક્રૂર, ઉન્મત્ત અને દંશીલી ચાલ ચલાવી છે એમાં કંઈ શક નથી. આ જુલમી રાજાનું રાજ્ય ઘણાં વર્ષ ટકી શક્યું નહીં.

(-ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ, પ્ર. ૨૦૩-૨૦૪)

અજયપાલે જૈનોનો વિરોધ કરવામાં મૌન ધારણ કર્યું; પણ તેનો ઉન્મત્ત સ્વભાવ સુધર્યો નહોતો. રાજપુરોહિત જણાવે છે કે, તે રાજાઓને ઘણો દંડ દેતો અને હમેશાં નવી નવી સ્ત્રીને પોતાના અંતઃપુરમાં દાખલ કરતો (કીર્તિકૌમુદી, સર્ગ : ૨, શ્લોક : ૫૨થી ૫૫). તેને એક એવી કુટેવ હતી કે, તે ગમે તે સ્ત્રીને પકડી લેતો અને તેમના પુત્રો સાથે તે સ્ત્રીઓને વિદ્રોહ કરાવતો. આથીયે ઘણાઓને રાજા અજયપાલ પ્રત્યે રોષ હતો.

તેણે અજમેરના રાજા સોમેશ્વર (સં. ૧૨૨૬ થી ૧૨૩૬)ને ખૂબ દંડ દીધો. મેવાડનો રાણો સામંતસિંહ (સં. ૧૨૨૮ થી સં. ૧૨૩૬)તેની સામે થયો, યુદ્ધ થયું અને અજયપાલ ઘવાયો. પાલનપુરના રાજા પ્રહ્‌લાદને તેને બચાવ્યો, જ્યારે રાજ્યનું શાસન ચલાવનાર આહ્‌લણદેવનો પુત્ર કીર્તિપાલ આ યુદ્ધમાં મરાયો.

અજયપાલનો અંગરક્ષક વૈજલ હતો, જેની માતા કુલટા હતી. રાજાએ તેણીને પોતાના મહેલમાં રાખી અને તેની પાસે તેના મતવાળા પુત્રને મોકલ્યો. વૈજલે ગુસ્સામાં આવીને ઘાંગાને તથા રાજાને મારી નાખ્યા. ગુજરાતના એક નાલાયક રાજાનો નાશ કર્યો. આ ઘટના સં. ૧૨૩૨ના ફાગણ સુદિ ૨ (માર્ચ, સને ૧૧૭૬)ના દિવસે બની. આ રાજાથી સોલંકી રાજવંશની અવનતિ શરૂ થઈ.[૧]

રાજા અજયપાલને નાયકીદેવી રાણી હતી, જે કર્ણાટકના રાજા પરમર્દીની પુત્રી હતી. તેને મૂલરાજ અને ભીમદેવ નામે પુત્રો હતા, અને રાણો લૂણપસાક

---

૧. સં. ૧૪૦૫ના 'પ્રબંધકોશ'માં ઉલ્લેખ છે કે, દિલ્હીના બાદશાહે ગુજરાત પર હલ્લો કર્યો, જેને મંત્રી **વસ્તુપાલે** હઠાવી પાછો કાઢ્યો. આ ઉલ્લેખ 'કીર્તિકૌમુદી' અને 'સુકૃતસંકીર્તન'માં નથી, છતાં સાચો છે. 'કીર્તિકૌમુદી', સં. ૧૨૮૮નો રેવંતગિરિરાસુ અને પ્રબંધચિંતામણિમાં ઉલ્લેખ છે કે, સિદ્ધરાજે સોરઠ પર ચડાઈ કરી હતી. આ ઉલ્લેખ 'દ્વ્યાશ્રય' તથા 'વડનગરપ્રશસ્તિ'માં નથી, છતાં એ હકીકત સાચી છે. 'સત્યપુરમંડનમહાવીરોત્સાહ'માં સોમનાથના ભંગનો ઉલ્લેખ છે, બીજે નથી, પણ તે સત્ય છે. એ જ રીતે પ્રબંધચિંતામણિ, પ્રબંધકોશમાં અજયપાલની બર્બરતાનો ઉલ્લેખ છે બીજે આ ઉલ્લેખ નથી, છતાં તે સત્ય છે. કોઈ કોઈ ઘટના સમકાલીન ગ્રંથોમાં ન લખાઈ હોય અને બીજા પુરાવાઓથી પુષ્ટ થતી હોય તો તે ઘટના સાચી મનાય.

દુર્ગાશંકર શાસ્ત્રી પણ કબૂલ કરે છે કે, ગમે તે ખૂણે પડેલ શિલાલેખ પણ ઐતિહાસિક કસોટીએ પાર ઊતરતો હોય તો તે માનવામાં વાંધો નથી.

(ગુજ.મધ્ય.રાજ. ઈ.ના પ્રબંધાત્મક સાધનો)

તેઓ આમ કબૂલ કરે છે પણ અજયપાલની અયોગ્યતા વિશે કંઈ જ જણાવતા નથી. ઐતિહાસિક વિશિષ્ટ હકીકતને પણ કબૂલ કરવામાં સાંપ્રદાયિક વ્યામોહ કેવો ભાગ ભજવે છે તેનું આ પ્રમાણ છે.

સોલંકી તથા વયજલદેવ વગેરે દંડનાયકો હતા, કુમારદેવ પુરોહિત હતો અને નાગડમલ્લ વોસિરિ વગેરે મહામાત્યો-મંત્રીઓ હતા.

(જૂઓ, પ્રબંધચિંતામણિ, પ્રબંધકોશ, પુરાતન પ્રબંધસંગ્રહ, આભડપ્રબંધ)

૧૦. બાલ મૂલરાજ (સં. ૧૨૩૨ થી ૧૨૩૪) :

અજયપાલ પછી તેનો પુત્ર મૂળરાજ ગાદીએ આવ્યો, જે સગીર વયનો હતો. દંડનાયક સજ્જન શ્રીમાલી રાજ્ય ચલાવતો હતો. અફઘાનિસ્તાનના બાદશાહ **મહમ્મુદ શાહબુદ્દીન** ઘોરીએ ગિઝનીથી મુલતાનના રસ્તે થઈ સં. ૧૨૩૪ (હિ.સં. ૫૭૪, ઈ. સ. ૧૧૭૮)માં ગુજરાત પર હલ્લો કર્યો. તેનું સૈન્ય અને ગુજરાતનું સૈન્ય આબૂની નીચે કાયંદ્રા પાસે **બનાસને કાંઠે ગાડર અરઘટ્ટમાં** ગાડરિયાઘાટમાં સામસામે ગોઠવાયું.[૧] રાણી નાયકીએ દંડનાયક **સજ્જન**ની વ્યૂહરચના પ્રમાણે બાળ રાજાને ખોળામાં બેસાડી ઊંચે સ્થાને બેસીને યુદ્ધનું શાસન કર્યું. ગુજરાતના સામંતો કેલ્હણ વગેરે તૈયાર હતા, પરંતુ ઓચિંતો વરસાદ પડવાથી ઘોરી હાર્યો અને બાલ રાજા સાથે સંધિ કરીને ચાલ્યો ગયો. રાજનીતિવિશારદો માને છે કે, આ વિજય રાજા સિદ્ધરાજ અને કુમારપાલે ગોઠવેલી સુરાજ્યવ્યવસ્થાને આભારી હતો.

(જૂઓ, તબકાત ઈ. નસીરી, પૃ. ૪૫૧, ૪૫૨)

રાજા મૂળરાજના સમયે મોટો દુકાળ પડ્યો ત્યારે પુરોહિત કુમાર **નાગરે** રાજાને સમજાવી પ્રજાનો કર માફ કરાવ્યો.

(જૂઓ, 'સુરથોત્સવ' સર્ગ : ૧૫, શ્લો. ૩૩)

મૂળરાજ સં. ૧૨૩૪ના ચૈત્ર માસમાં મરણ પામ્યો.

(–પ્રબંધચિંતામણિ, કીર્તિકૌમુદી, સુકૃતસંકીર્તન, મીનરાજ ઉ. સિરાજ, ઈ. ફિરસ્તા, સં. ૧૨૬૬નું તામ્રપત્ર, જામે ઉલ હિકાયત)

ફારસી ઇતિહાસ કહે છે કે, મૂળરાજ તો બાલ્યાવસ્થામાં હતો, પણ તેની માતાએ સૈન્ય એકત્ર કરી ભારે પરાક્રમથી દુશ્મન લશ્કરને નસાડી મૂક્યું. એ યુદ્ધમાં શાહબુદ્દીનને ભારે નુકસાન પહોંચ્યું. હાર ખાઈને તે પાછો ગિઝની આવ્યો.

એ સમયે **ગિઝની**માં પાટણનો એક ધનાઢ્ય વેપારી રહેતો હતો. એની પાસે એટલી મિલકત હતી કે, યુદ્ધનું બધું જ નુકસાન તેની એકલાની પાસેથી વસૂલ થઈ શકે. આથી **શાહબુદ્દીન**ના કેટલાક દરબારીઓએ બાદશાહને કહ્યું કે, 'આ વેપારીને લૂંટી લો, તેથી યુદ્ધનું બધું નુકસાન ભરપાઈ થઈ શકશે.' પરંતુ શાહબુદ્દીને એમ કરવાની ના પાડી અને જવાબ આપ્યો કે, 'આવી રીતે જો

---

૧. થરપારકર પાસે પણ એક ગુડરગિરિ છે, જેની ઉપર ભ૦ ઋષભદેવનું દેરાસર હતું. (આ૦ મહેન્દ્રસૂરિકૃત અષ્ટોત્તરીશત તીર્થમાલા, ગાથા : ૮૩)

હું પરદેશી વેપારીઓને લૂંટી લઈશ તો મારા રાજ્યમાં વેપાર કરવા કોણ આવશે ? યુદ્ધનું નુકસાન તો જ્યાં થયું છે ત્યાંથી જ હું વસૂલ કરીશ.'

(જૂઓ, જામેઉલ હિકાયત; ભો.જ. સાંડેસરાનું 'વસ્તુપાલનું વિદ્યામંડલ અને બીજા લેખો' પૃ. ૧૧૦, ૧૧૧)

આ ઉલ્લેખથી સ્પષ્ટ થાય છે કે, પાટણના જૈનો ધનાઢ્ય હતા, મોટા વેપારી હતા અને ગિઝની સુધી પહોંચતા હતા. તેમજ ધર્માંધ રાજાઓ પણ પોતાના રાજ્યમાં વસતા દુશ્મન રાજ્યના વેપારીના રક્ષણ માટે પૂરી કાળજી રાખતા હતા.

૧૧. ભોળો ભીમદેવ (સં. ૧૨૩૫ થી ૧૨૯૮) :

રાજા મૂળરાજ પછી તેનો નાનો ભાઈ ભીમદેવ ગુજરાતનો રાજા થયો, તે સગીર વયનો હતો. વિકલ હતો પણ પુણ્યશાળી હતો. તે આખો દિવસ સોઢુ અને મોઢુ એ બે ગાડરણોને રમાડતો, નવરાવતો, ધોવરાવતો અને લડાવતો હતો. તે સહસ્રકલા વેશ્યાને અંતઃપુરમાં રાખી બેઠો હતો. તેને રાજ્યની જવાબદારીનું ભાન નહોતું, તેથી તેના સામંતો સ્વતંત્ર થઈ ગયા.[૧] રાજા અજયપાલથી રાજ્યની અવનતિ શરૂ થઈ હતી, તેમાં કંઈક વધારો થયો, પણ **રાજા સિદ્ધરાજ** અને **કુમારપાલે** જે **નક્કર રાજ્યતંત્ર** ગોઠવ્યું હતું તેના આધારે તે ટકી રહ્યો. કુમારપાલનો માસો ધવલ વાઘેલો નામે હતો. તેના સંતાનોમાં આનાક (અર્ણોરાજ), લૂણપસાક (લવણપ્રસાદ), વીરધવલ અને વિશલદેવ એ મંડલેશ્વરો હતા. તેઓ શરૂઆતમાં વાઘપુર કે વાગસીનના ગરાસદારો હતા પછી ભીલડીના રાજા બન્યા અને છેવટે ધોળકાના રાજા રાણક તથા મહામંડલેશ્વર બન્યા. તેમની વફાદારીથી રાજા ભીમદેવને ઘણી મદદ મળી.[૨] વીરમદેવને કુમારભુક્તિમાં ધોળકા મળ્યું હતું.

ભીમદેવ વિકલ હતો, તેથી તેને શરૂઆતમાં ગાદી આપવામાં પણ સૌનો એકમત નહોતો, પણ આનાક વાઘેલાએ રણસિંહને મારી નાખ્યો અને ભીમદેવને ગાદીએ બેસાડ્યો.

---

૧. દુ.કે. શાસ્ત્રી લખે છે કે, 'સુકૃતસંકીર્તન, કીર્તિકૌમુદી, પ્રબંધચિંતામણિ વગેરે પ્રબંધોએ જૈન મંત્રી વસ્તુપાલની તથા એના આશ્રયદાતા વાઘેલાઓની વાત કરવાના વેગમાં બિચારા ભીમદેવને અન્યાય કર્યો છે.' સાથોસાથ શાસ્ત્રીજી એ પણ જરૂર સમજતા હશે કે, જે બબ્બેવાર ગાદી ઉપરથી ઊતરી ગયો એ કઠપૂતળી જેવા રાજાના વર્ણન માટે પ્રબંધોએ સકારણ **મૌન** સેવ્યું હશે.

૨. તામ્રપત્રોમાં આનાક, લૂણપસાક અને વીરમ એ પણ રાજા ભીમદેવની વફાદાર સોલંકી પરંપરા મળે છે. આ સોલંકી પરંપરાના અને ધવલની વાઘેલા પરંપરાના લૂણપસાક વગેરે એક જ હોય તો તત્કાલીન ઈતિહાસમાં એક નવું અજવાળું પાડે. ખાસ ધ્યાન ખેંચે એવી એક બીના એ છે કે, બંને પરંપરામાં લૂણપસાકને પરમ શિવોપાસક અને ભીમદેવનો અંગત પુરુષ બતાવ્યો છે.

સં. ૧૨૩૯માં અજમેરનો ચૌહાણ સોમેશ્વર ગુજરાત સામે પડ્યો અને તેમાં તે મરાયો, ત્યારથી ભીમદેવ અને પૃથ્વીરાજ ચૌહાણ (સં. ૧૨૩૯ થી ૧૨૪૯) વચ્ચે વૈર વધતું ગયું. એટલે કે ચૌહાણો સ્વતંત્ર થયા. મેવાડ પણ સ્વતંત્ર થયો હતો, પણ રાણા સામંતસિંહના ભાઈ કુમારસિંહે ગુજરાતની મદદ લઈ આહડનું રાજ્ય ફરી વાર સ્થાપ્યું. **દિલ્હીનો બાદશાહ ઐબક** સં. ૧૨૫૩માં મેરવાડાના મેરો ઉપર ચડી આવ્યો, પણ ગુજરાતની મદદ પહોંચવાથી તે હારી જઈ કિલ્લામાં ભરાઈ ગયો. તે સં. ૧૨૫૪ (હી.સં. ૫૯૩, ઈ.સ. ૧૧૯૭)માં ફરીવાર ચડી આવ્યો. આબૂના ઘાટમાં પરમાર ધારાવર્ષદેવ તથા ગુજરાતની સેનાને જીતી લઈ પાટણ આવ્યો અને તેણે ત્યાં પોતાની સત્તા જમાવી. આ યુદ્ધમાં ગુજરાતનો સેનાપતિ **જીવન** માર્યો ગયો હતો. ઐબક કુતબૂદ્દીન ગિઝનીના હુકમથી દિલ્હી ચાલ્યો ગયો (તજઉલમ આસીર, તબકાત ઈ. નાસીરી, પૃ. ૫૨૦, ૫૨૧). માળવાના પરમાર રાજા વિંધ્યવર્મા, સુભટવર્મા (સં. ૧૨૬૬) અને અર્જુનવર્મા (સં. ૧૨૬૭ થી ૧૨૭૩)એ ગુજરાત પર ચડાઈ કરી. અર્જુનવર્માએ સં. ૧૨૭૦માં માળવાને સ્વતંત્ર બનાવ્યો અને ભરૂચનો પ્રદેશ પણ પોતાને આધીન કર્યો.

સામંત જયસિંહ સોલંકી સં. ૧૨૭૮માં રાજા ભીમદેવને ઉઠાડી પાટણનો રાજા બની બેઠો. તે ભરૂચનો પ્રદેશ પાછો મેળવવામાં નિષ્ફળ નીવડ્યો હતો. આ દરમિયાન લૂણપસાક સોલંકીએ ગંભૂતા પંથકમાં પોતાની માતાના નામથી **સલખણપુર** વસાવ્યું, આનલેશ્વર મહાદેવ તથા સલખણેશ્વરનાં મંદિરો બંધાવ્યાં અને તે અંગે ભૂમિદાન કર્યું, ત્યારે એકંદરે ગુજરાતમાં સર્વથા અરાજકતા વર્તતી હતી.

લવણપ્રસાદ તથા **વીરધવલ** વાઘેલાએ દાદાના નામથી **ધોળકા**ને આબાદ કર્યું ને ત્યાં પોતાની રાજગાદી સ્થાપી. તેને ચાહડ નામનો બ્રાહ્મણ મંત્રી હતો. દેવગિરિના યાદવ રાજા સિંઘણ તથા ભરૂચના રાજા શંખ વચ્ચે લડાઈ ચાલતી હતી ત્યારે વીરધવલે ઓચિંતો છાપો મારી ખંભાત સુધીનો પ્રદેશ પોતાને તાબે કર્યો. તેણે એક નાનકડું રાજ્ય બનાવ્યું.

હવે વીરધવલે માંડલના ૩ લાખની મૂડીવાળા વેપારી અને રાજા ભીમદેવના મહેતા વસ્તુપાલ-તેજપાલને, તેઓ જ્યારે શત્રુંજયની યાત્રા કરીને પાછા ફર્યા ત્યારે, સં. ૧૨૭૭માં પોતાના મહામાત્ય બનવાને જણાવ્યું. એમ કરવામાં વીરધવલે એવી શરત પણ કબૂલ કરી કે, 'જો અમે ગુસ્સો કરીને કાઢી મૂકીએ તો તમારા ત્રણ લાખ રૂપિયા અમે પાછા આપીએ.' રાજાએ તથા મહામાત્યોએ સલાહ કરીને ગોહિલવાડ, વંથલી, વાજામા, નગજેન્દ્ર, ચૂડાસમ, વાલાક, દીવબેટ અને કચ્છ-ભદ્રેશ્વર પર પોતાની સત્તા બેસાડી. રાજા, અમલદારો અને વેપારીઓ પાસેથી પુષ્કળ ધન એકઠું કરી મોટું સૈન્ય ઊભું કર્યું. બંને મંત્રીઓને મોકલી

ખંભાતના ચાંચિયા સદીકને મરાવ્યો; વડુઆ બંદર તથા ભરૂચના રાજા શંખને નસાડી મૂક્યો. ગોધરાના લૂંટારુ રાજા વિક્રમ ધુંધલને મરાવ્યો અને પોતે નાડોલ, આબૂ, જાલોર તથા આહડના રાજાઓ સાથે ભીમદેવને વફાદાર રહેવા પૂરતી સંધિ કરી. સં. ૧૨૭૯માં મંત્રી વસ્તુપાલના પુત્ર જયંતસિંહને ખંભાતનો દંડનાયક નીમ્યો. દેવગિરિના સિંઘણ સાથે સંધિ કરીને પાટણની સત્તા મહારાષ્ટ્ર સુધી વિસ્તારી[1] અને સં. ૧૨૮૩માં જયસિંહ સોલંકીને હઠાવી, ભીમદેવને ફરી વાર ગાદીએ બેસાડ્યો. ગુજરાતનું રાજતંત્ર વ્યવસ્થિત બન્યું અને રાજા ભીમદેવે મંડલેશ્વર લવણપ્રસાદને રાજ્યનો સર્વેશ્વર તથા મંત્રી વસ્તુપાલ-તેજપાલને મહામાત્ય બનાવ્યા.

આ સર્વેશ્વરનો અર્થ એવો સમજાય છે કે, રાજાએ મુકુટ પહેરવો અને રાજા તરીકેની સહી કરવી, એ સિવાયનો સર્વ અધિકાર સર્વેશ્વર લવણપ્રસાદના હાથમાં હશે. ગણતંત્ર રાજ્યના રાષ્ટ્રપતિ અને વડા પ્રધાનની જેમ રાજા અને સર્વેશ્વરના સ્થાનો-પદવીઓ હશે. આથી કેટલાએક લવણપ્રસાદ તથા વીરધવલને મહારાજાધિરાજ અને વસ્તુપાલ-તેજપાલને મહામાત્ય પણ કહેતા હતા.

લવણપ્રસાદ પાટણમાં અને વીરધવલ ધોળકામાં રહેતા તેમજ બંને મંત્રીઓ બંને સ્થાનોનું કાર્ય સંભાળતા હતા.

રાજા ભીમદેવે કચ્છમાં ભદ્રેશ્વરનો કિલ્લો બંધાવ્યો હતો. થરપારકરના રાજા પીઠદેવે કચ્છ પર ચડાઈ કરીને તે કિલ્લો તોડી પાડ્યો એટલે દાનવીર જગડૂ શાહે રાજા લવણપ્રસાદ સોલંકી પાસેથી સૈન્યની મદદ મેળવી ભદ્રાવતીનો કિલ્લો ફરીથી બંધાવ્યો. (-જગડૂચરિત્ર)

સિંધની મુસલમાન સેનાએ સં. ૧૨૮૦માં નાગદાને બાળ્યું ત્યારે રાણા જૈત્રસિંહે તે સેનાને હઠાવી મૂકી હતી. સંભવ છે કે એમાં ગુજરાતની સેનાએ પણ મદદ કરી હોય.

દિલ્હીના બાદશાહ અલ્તમશ શમસુદ્દીન (સં. ૧૨૬૬ થી ૧૨૯૩), અમીર શિકાર (મીલચ્છીકાર)ના સેનાપતિ ઘોરી ઈસપે સં. ૧૨૮૩-૮૪માં ગુજરાત ઉપર ચડાઈ કરી હતી. મંત્રી વસ્તુપાલે આબૂની ઘાટીમાં એક તરફ ગુજરાતની સેના અને બીજી તરફ આબૂની સેના—આમ બંને સેના વચ્ચે ભીડીને તેના સૈન્યનો વિનાશ કર્યો હતો. ગુજરાત તથા મારવાડના રાજાઓના સંગઠને જ આ વિજય અપાવ્યો હતો. પછી મંત્રીએ નાગોરના સંઘપતિ શેઠ પૂનડ, જેને બાદશાહની

---

૧. યાદવ સિંઘણે ગુજરાત પર ચાર વાર ચડાઈ કરી : (૧) શંખને ભગાડ્યો. (૨) શંખને માર્યો. (૩) લવણપ્રસાદ સાથે સંધિ કરી અને (૪) સં. ૧૨૯૫માં તેનો સેનાપતિ મરાયો અને રાજા વિશલદેવનો જય થયો.

બેગમ **પ્રેમકલા** ભાઈ તરીકે માનતી હતી તે તથા બાદશાહની માતા તેમજ ધર્મગુરુનો પ્રેમ મેળવી તેઓ દ્વારા દિલ્હીના બાદશાહ અને ગુજરાતના રાજાઓ સાથે મૈત્રીસંબંધ જોડાવ્યો હતો (જૂઓ, પ્રક. ૩૭, પૃ. ૨૨૩-૨૨૪; પ્રક. ૪૫, પૃ. ૩૦૪-૩૦૫). આ રીતે સં. ૧૨૮૬થી ગુજરાતને દિલ્હીના બાદશાહનો ભય ટળી ગયો અને ગુજરાતમાં આનંદ પ્રવર્ત્યો. મંત્રીઓએ આ સાનુકૂળ સમયમાં શત્રુંજયતીર્થ વગેરેના મોટા યાત્રા-સંઘો કાઢ્યા; શત્રુંજય, ગિરનાર તથા આબૂ ઉપર ભવ્ય જિનપ્રાસાદો વગેરે બંધાવ્યા.

રાજાએ પણ પં૦ આશાધરને ભૂદાન કર્યું હતું. રાણી લીલાના નામથી લીલાપુર વસાવી ત્યાં ભીમેશ્વર તથા લીલેશ્વરનાં મંદિરો સ્થાપન કરી સં. ૧૨૬૩માં તે મંદિરોના નિભાવ માટે ઈંદલા ગામ આપ્યું હતું. સં. ૧૨૭૩માં સોમનાથમાં મેઘનાદમંડપ કરાવ્યો હતો.

રાજા તથા રાણીએ માંડલના મૂલેશ્વરના મંદિરના મહંત વેદગર્ભરાશિને સં. ૧૨૮૩, સં. ૧૨૮૭, સં. ૧૨૮૮, સં. ૧૨૯૫ અને સં. ૧૨૯૬માં આનલેશ્વર તથા સલખણેશ્વરની પૂજા તથા બ્રહ્મભોજન માટે વિવિધ દાનપાત્રો આપ્યાં હતાં.

રાજા વીરધવલે ધોળકામાં વીરધવલ નારાયણપ્રાસાદ બનાવ્યો હતો.

સં. ૧૨૯૪માં તે મરણ પામ્યો. તે એવો પ્રજાવત્સલ્ય હતો કે, તેની ચિતામાં ચડીને ૧૨૦ માણસો તેની સાથે મરણ પામ્યાં. મંત્રી તેજપાલે મસાણ ઉપર ચોકી મુકાવી બીજાઓને મરતા બચાવી લીધા. તેને જયતલ રાણી તેમજ વીરમદેવ (પ્રતાપમલ) તથા વીશલદેવ પુત્રો હતા. વીરમદેવ ઉગ્ર સ્વભાવનો હોવાથી ગાદીને લાયક નહોતો, તેથી વીરધવલે તેને નાલાયક જાહેર કર્યો હતો. મંત્રી વસ્તુપાલે વીશલને તેની ગાદીએ બેસાડ્યો અને મહામંડલેશ્વર બનાવ્યો.

એક વાર આ રાજા અને મંત્રી વસ્તુપાલ વચ્ચે રાજાના મામા સિંહ જેઠવાની ઉદ્ધતાઈના કારણે ખટપટ ઊભી થઈ હતી પણ સર્વેશ્વર રાજા લવણપ્રસાદ તેમજ પુરોહિત સોમેશ્વરે વચ્ચે પડી તેનું સુખદ સમાધાન કરાવ્યું હતું. સર્વેશ્વર સં. ૧૨૯૬ સુધી વિદ્યમાન હતો.

સં. ૧૨૯૭-૯૮માં મંત્રી વસ્તુપાલ અને સં. ૧૨૯૮માં રાજા ભીમદેવ મરણ પામ્યા.

રાજા ભીમદેવને લીલાવતી તેમજ સુમલદેવી નામે રાણીઓ હતી અને ત્રિભુવનપાલ નામે પુત્ર હતો. લીલાવતી જાલોરના સોનગરા ચૌહાણ કીર્તિપાલ (સં. ૧૨૩૬ થી ૧૨૩૯)ના પુત્ર સમરસિંહ (સં. ૧૨૩૯ થી ૧૨૬૨)ની પુત્રી હતી. ભીમદેવની તે પટ્ટરાણી હતી.

સુમલદેવી લૂણપસાક સોલંકીની પુત્રી હતી. તેણે ઘુસડીમાં સુમલેશ્વર તથા

વરમેશ્વરનાં મંદિરો બંધાવી, સં. ૧૨૯૫માં દાનપત્ર આપ્યું હતું. તે સં. ૧૨૯૬માં મરણ પામી.

ચંદ વરદાઈએ 'પૃથ્વીરાજરાસા'માં ભીમદેવની ત્રીજી પત્ની મંદોદરી નામે બતાવી છે અને ઈચ્છનકુમારની ઘટના આપી છે; પરંતુ પુરાતત્ત્વના અભ્યાસીઓ એ વિધાનને સાચું માનતા નથી.

રાજા ભીમદેવના શોભનદેવ (સં. ૧૨૪૭ લાટ) અને ગલ્લકકુલનો અહ્‌લાદન (સં. ૧૨૯૬) દંડનાયકો હતા. મંત્રી રત્નસિંહ (સં. ૧૨૪૭ લાટ), રાણિગ ચાચિગદેવ (સં. ૧૨૬૪ તળાજા), શ્રીઠાબૂ (સં. ૧૨૬૫ ચંદ્રાવતી), રત્નસિંહ (સં. ૧૨૬૬, સિંહ સં. ૯૬ વંથલી) અને ગલ્લક કુલનો આંબડ (સં. ૧૨૯૬) મહામાત્યો હતા. મોઢ વયજલદેવનો પુત્ર શ્રીકુંવર (સં. ૧૨૫૬), તેનો પુત્ર વોસિરિ (સં. ૧૨૬૩), કાયસ્થ સોમસિંહ (સં. ૧૨૮૩ થી ૧૨૯૬) મહાક્ષપટલિકો હતા અને ઠ૦ ભીમાક (સં. ૧૨૫૬), ઠ૦ શ્રીસૂ. (સં. ૧૨૬૩), ઠ૦ વહુદેવ (સં. ૧૨૮૩ થી ૧૨૮૮), ઠ૦ વયજલદેવ (સં. ૧૨૯૫-૯૬) દૂત-મહાસંધિપાલકો હતા.

(-પ્રબંધચિંતામણિ, પ્રબંધકોશ, સુકૃતસંકીર્તન, કીર્તિકૌમુદી, તામ્રપત્રો, ગ્રંથપુષ્પિકાઓ, પ્રબંધાવલી, તેમજ મૌલાના મીહાજઉદ્દીન અબુઉમર (સં. ૧૨૫૦ થી ૧૩૩૧)ની તબકાત ઈ. નાસીરી પૃ. ૫૧૬; ૫૨૦, ૫૨૧, એક ઐતિહાસિક શ્રુતપરંપરા અને તેની પરીક્ષા જૈ. સા. સં. ખંડ : ૩, અંક : ૧)

૧૨. ત્રિભુવનપાલ (સં. ૧૨૯૮ થી ૧૩૦૦) :

ત્રિભુવનપાલ ગુજરાતનો છેલ્લો સોલંકી રાજા હતો.[૧] તેના મરણ પછી સર્વેશ્વર રાજા વીરધવલ **વાઘેલાના વંશજો** ગુજરાતના રાજા બન્યા; જેમનાં નામ નીચે પ્રમાણે છે –

૧. **વીશલદેવ** – (વીરધવલનો નાનો પુત્ર) સં. ૧૨૯૪ થી ૧૩૧૮. મહામાત્યો વસ્તુપાલ-તેજપાલ, નાગડ નામે બ્રાહ્મણ મંડલેશ્વર સં. ૧૩૧૦ થી ૧૩૧૭ સુધી.

૨. **અર્જુનદેવ** – (વીશલદેવનો પુત્ર) સં. ૧૩૧૮ થી ૧૩૩૧. મહામાત્ય-રાણક શ્રીમાલદેવ.

---

૧. 'ધોળકાના રાજા વીશલદેવે તેને (ત્રિભુવનપાલને)ગાદીથી ઉઠાડી મૂક્યો (પૃ. ૧૮). નવા રાણાએ વાણિયા કનેથી વજીરાત લઈ નાગડ નામના બ્રાહ્મણને સોંપી. ઈ.સ. ૧૨૪૪માં અણહિલવાડ ઉપર સવારી કરી ત્યાંના નબળા રાજા ત્રિભુવનપાલને કાઢી મૂકીને પોતે ગુજરાતનો ધણી થયો.' (પૃ. ૧૯)

(રા. મહીપતરામ રૂપરામ નીલકંઠનો 'ગુજરાતનો સંક્ષિપ્ત ઇતિહાસ')

૩. **સારંગદેવ** – ( ) સં. ૧૩૩૧ થી ૧૩૬૦. મહામાત્યો– કાન્હ સં. ૧૩૩૨, મધુસૂદન સં. ૧૩૪૯ અથવા ૧૩૪૩, વાધૂયન સં. ૧૩૫૦.

૪. **કરણ વાઘેલો** – ( ) સં. ૧૩૫૩ થી ૧૩૬૦. મહામાત્ય– માધવ નાગર.

નાગર મંત્રી **માધવે** સં. ૧૩૫૬ થી ૧૩૬૦માં દિલ્હીના બાદશાહ અલ્લાઉદ્દીનના ભાઈ **અલફખાન** તથા વજીર **નસરતખાનને** સૈન્ય સાથે લઈ આવી ગુજરાતના હિંદુ રાજ્યનો મૂળથી વિનાશ કરાવ્યો. રાણી કમલાદેવી બાદશાહની બેગમ બની. સૂબા અલફખાને પાટણ તથા આશાવલમાં કિલ્લા બનાવ્યા અને પાટણમાં મસ્જિદ બનાવી. ગુજરાત પરાધીન બન્યું.

''માધવ મહિતઈ કર્યું અધર્મ,
નવિ છૂટીઈ જેઅ આગિલ્યા કર્મ.''
(–નાગર કવિ પદ્મનાભનો 'કાન્હડદે પ્રબંધ', સં. ૧૫૧૨)

વનરાજ ચાવડાએ ગુજરાતનું સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું હતું. ચાવડા, સોલંકી અને વાઘેલાઓએ તેના ઉપર શાસન કર્યું. ગુજરાતમાં સોલંકીયુગ ખૂબ ફૂલ્યોફાલ્યો હતો. એ સુવર્ણકાળ હતો. કેમકે એ સમયે ગુજરાતમાં રાજસત્તા, મહાજન-વ્યવસ્થા અને ગ્રામપંચાયતો પોત પોતાની ફરજ અદા કરતાં હતાં. જૈનધર્મ અને પૌરાણિક ધર્મનો પ્રચાર હતો. એ સમયે વ્યાકરણ વગેરે વિવિધ વિષયોનું સાહિત્ય સર્જાયું. ગુજરાતનો સાચો અને સળંગ ઇતિહાસ ઘડી શકાય તેવા પ્રબંધો અને ચરિત્રો લખાયાં. આબૂ, ગિરનાર, રુદ્રમાલ અને સોમનાથનાં મંદિરો જેવાં ધર્મસ્થાનો અને અનુપમ કળાધામો ઊભાં થયાં. મંદિરોને તોડનારા બાદશાહો (સં. ૧૩૬૯)ના જ શાસનકાળમાં શત્રુંજય (સં. ૧૩૭૧), આબૂ (સં. ૧૩૭૮) વગેરે સ્થળોનાં મંદિરો ફરી વાર તૈયાર થયાં, એવી કુનેહ અને સમયસૂચક બુદ્ધિ ખીલેલી હતી. તરવારથી કે સાહસથી સાધી ન શકાય એવાં કાર્યો સધાવનારી વ્યવહારકુશળતા વિકસી હતી. વેપાર વધ્યો હતો. ધનની રેલમછેલ હતી. એ સમયથી જ ગુજરાતને સદાને માટે વેપારી બુદ્ધિનો વારસો મળતો રહ્યો. જૈનમંદિરો, શૈવમંદિરો, બ્રાહ્મણો અને વિદ્વાનોને દાન અપાતાં હતાં. આ બધું જોતાં એ સમયે ગુજરાત ધી, શ્રી અને ધર્મથી સમૃદ્ધ હતો.

ગુજરાત શરૂઆતમાં સારસ્વતમંડલ પૂરતો જ હતો. તે સોલંકી રાજ્યના પ્રારંભમાં ઉત્તર-દક્ષિણે ૫૦ માઈલ અને પૂર્વ-પશ્ચિમે ૪૦ માઈલના વિસ્તારવાળો બન્યો. અને સિદ્ધરાજ તેમજ કુમારપાલના સામ્રાજ્યકાળમાં ઉત્તરમાં સિંધ-પંજાબ, પૂર્વમાં ભિલ્સા-ઉજ્જૈન, દક્ષિણમાં મહારાષ્ટ્ર અને પશ્ચિમમાં અરબી સમુદ્ર સુધીનો મહાગુજરાત બની ગયો. એક નાનકડો છોડ ચાર સૈકામાં વેધુર વડલો બની ગયો.

આ વિકાસ સાધનામાં જૈન મંત્રીઓનો મોટો ફાળો હતો. એક ઐતિહાસિક વાણી સંભળાય છે –

गौर्जरात्रमिदं राज्यं वनराजात् प्रभृत्यभूत् ।
स्थापितं जैनमन्त्र्याद्यैः तद्‌द्वेषी नैव नन्दति ॥
(-વનરાજપ્રબંધ, પ્રબંધચિંતામણિ, પ્રબંધકોશ, વસ્તુપાલપ્રબંધ)

– આ ગુજરાતનું રાજ્ય વનરાજ ચાવડાથી શરૂ થયું છે; જે જૈન મંત્રીઓએ સ્થાપન કર્યું છે. તેમની ઈર્ષ્યા કરનાર કદી સમૃદ્ધ થતો નથી.

(જૂઓ, પ્રક. ૩૧, પૃ. ૪૧૦)

મંત્રી જાંબ, (ચાંપો), લહીર, વીર, વિમલ, શાંતૂ, મુંજાલ, આલિગ, સજ્જન, ઉદાયન, આંબડ, વાહડ, યશોધવલ, આભડ, કપર્દી, વસ્તુપાલ, તેજપાલ, રત્નસિંહ, આંબડ, આહ્‌લાદન, વાઘૂયન વગેરે મંત્રીઓએ ગુજરાતને સ્વતંત્ર અને સમૃદ્ધ બનાવવાના ખૂબ પ્રયાસ કર્યા. એકંદરે જૈનોએ ગુજરાતને વસાવ્યો, વિકસાવ્યો એમ કહીએ તો તેમાં અતિશયોક્તિ નથી.[૧]

---

૧. સ્વ. મણિભાઈ નભુભાઈ દ્વિવેદી લખે છે કે –

'તે વખતે ઘણાખરા કવિઓ, વિદ્વાનો થઈ ગયા અને તેમાં પણ જૈન પંડિતોએ તો સરસ્વતીની અપૂર્વ સેવા બજાવી છે.' (-'પ્રિયંવદા' જુલાઈ, સને ૧૮૮૭)

સ્વ. મોહનલાલ દલીચંદ દેસાઈ લખે છે કે –

'સં. ૧૧૭૫માં શ્રીમાલમાં દુકાળ પડ્યો તેથી ત્યાંના શ્રીમાલો અને પોરવાડોનાં અનેક કુટુંબો પાટણમાં આવી કાયમને માટે વસી ગયાં અને સજ્જન મંત્રી સૌરાષ્ટ્રનો દંડનાયક બન્યો એટલે શ્રીમાલીઓ સૌરાષ્ટ્રમાં જઈને વસ્યા.'

(જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ, પારા. ૩૦૮)

શ્રી ક.મા.મુનશી તા. ૨૧-૨-૧૯૨૨ના દિવસે ભાવનગરમાં આપેલ 'હિંદુ કે જૈન' વિષયક ભાષણમાં એકરાર કરે છે કે –

'જૈન અને બૌદ્ધ ધર્મના સંસ્કારો વડે જ હિંદુ સંસ્કૃતિ અને હિંદુ રાષ્ટ્રિયતાનું ગૌરવ આટલું ઊંચું છે અને ખાસ કરીને ગુજરાતના ઈતિહાસના વિજયી દિવસોમાં સત્તાપ્રભાવ અને વિદ્વત્તા જૈનોમાં જ હતાં. તે જોઈ તેમની પાછલી કારકીર્દિ મને શૃંગાર સમી લાગે છે. ગુજરાતનું ગૌરવ એટલે જૈનોનો જ ઈતિહાસ ×× ચોથો વિભાગ કુમારપાલનો કે જ્યારે જૈનમત પાટણના સિંહાસન ઉપર બિરાજ્યો.'

(તા. ૨૪-૧૨-૧૯૨૨નું 'જૈન', પૃ. ૬૨૧)

દુર્ગાશંકર શાસ્ત્રી લખે છે કે –

'આ સમય દરમિયાન ×× જૈનધર્મ – વિશેષતઃ શ્વેતાંબર જૈનધર્મનો પ્રચાર થયો છે (પૃ. ૨૨૨). જૈન આચાર્ય દ્રોણાચાર્ય ભીમદેવના મામા હતા. ××× એ વખતે અનેક ક્ષત્રિય કુટુંબોએ જૈનધર્મ સ્વીકાર્યો એવી પ્રસિદ્ધિ છે. એટલે એમાં કંઈ ➡

ઉપર્યુક્ત શ્લોકનું ચોથું ચરણ જૈનોને નામે ગુજરાત પર આક્ષેપ કરનારા રાજા ભોજ, રાજા આનાક અને રાજા અજયપાલ વગેરેને લાગું પડે છે. ખરેખર, રાજા અજયપાલ સોલંકીએ અવિચારીપણે બુદ્ધિપ્રધાન ગુજરાતીઓનો વિનાશ કરી ગુજરાતના વિકાસના મૂળમાં કુહાડો માર્યો ત્યારથી ગુજરાતના પતનના શ્રીગણેશ બેઠા. જો કે તે તેના પ્રતિહારની કટારથી માર્યો ગયો પણ પોતાના ત્રણ વર્ષના રાજકાળમાં ગુજરાતને પતનને માર્ગે ધકેલી ગયો. પરિણામ સ્પષ્ટ છે કે, ગુજરાત ભારતની સ્વતંત્રતાના યુગમાં પણ પોતાની સ્વતંત્રતાને મેળવી શક્યો નહીં. જો અજયપાલે ભૂલ ન કરી હોત તો આજનું ગુજરાત કોઈ નવા સ્વરૂપે જ જગતના ચોકમાં ઊભું હોત.[1]

સંક્ષેપમાં કહી શકાય કે, સોલંકી રાજયુગ એટલે ગુજરાતનો ઉન્નતિકાળ.

૨. ચૌલુક્ય રાજાવલી (ભિન્નમાલ)

સં. ૨૦૨માં ભિન્નમાલમાં અજિતસિંહ સોલંકી નામે રાજા થયો હતો. એ સમયે મીર મોરચાએ હલ્લો કરી ભિન્નમાલ ભાંગ્યું. પછી ૩૦૦ વર્ષની રાજવંશાવલી મળતી નથી.

૧. સિંહ – સં. ૫૦૩માં ભિન્નમાલમાં સિંહ નામે સોલંકી રાજા હતો. એ સમયે ભિન્નમાલમાં ૩૧ હજાર બ્રાહ્મણોનાં ઘર હતાં. એ પ્રમાણે બીજી કોમો પણ મોટી સંખ્યામાં હતી. રાજાને કોઈ સંતાન નહોતું તેથી તેણે જઈયાણ કુમારને ખોળે લઈ લીધો હતો.

૨. જઈયાણ – તે સિંહ રાજાના ખોળે બેઠો અને સં. ૫૨૭માં ભિન્નમાલની ગાદીએ આવ્યો.

◆ અસંભવિત નથી. ભીમદેવનું મોસાળ નડૂલમાં હતું અને ત્યાં જૈનધર્મનું જોર હતું એ પણ સુવિદિત છે. વળી, મૂળરાજનો મંત્રી વીર મહત્તમ, ભીમનો મંત્રી વિમળ અને કર્ણના મંત્રીઓ મુંજાલ તથા શાંતૂ એ પણ જૈનો જ હતા. ધીરે ધીરે જૈનધર્મનું જોર વધતું ગયું અને કુમારપાલના રાજ્યમાં એની ટોચ આવી ગઈ એમ કહેવામાં વાંધો નથી (પૃ. ૨૨૩). સાહિત્યની બાબતમાં જોઈએ છીએ તો છેલ્લાં સો વર્ષોને બાદ કરતાં બાકીના વખતમાં જૈનોની જ સાહિત્યપ્રવૃત્તિ જોવામાં આવે છે.... બ્રાહ્મણોની ગ્રંથરચના પ્રવૃત્તિ તો સં. ૧૨૭૫ પછી જોવામાં આવે છે (પૃ. ૪૪૮). સિદ્ધરાજ–કુમારપાલના વખતમાં એ સોલંકી સામ્રાજ્યની પરમ ઉન્નતિ વખતે પાટણ શહેરે પણ ઉન્નતિની ટોચ જોઈ હશે. (પૃ. ૪૫૩)

(-ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ,
ભા. ૨, પરિ. ૧, પૃ. ૪૪૪ થી ૪૪૫)

૧. જૂઓ, ગુજરાતના મુસલમાન સુલતાનો તથા સૌરાષ્ટ્રના ગોહિલવંશનો ઇતિહાસ, ભાગ : ૩, પ્રક. ૪૪.

૩. શ્રીકિરણ – સં. ૫૮૧માં તેનો રાજ્યાભિષેક થયો.

૪. મૂળજી – રાજ સં. ૬૦૫.

૫. ગોપાલજી – રાજ સં. ૬૪૫.

૬. રામદાસ – રાજ સં. ૬૭૫. તેને જયંત અને વિજયવંત નામે પુત્રો હતા. તે પૈકીનો જયંત ભિન્નમાલનો રાજા થયો. વિજયવંતને લોહિયાણનો ગરાસ મળ્યો.

૭. વિજયવંત – તે લોહિયાણનો રાજા બન્યો, પણ મોટાભાઈ જયંતે તેનું રાજ્ય ખૂંચવી લીધું. આથી પોતાના મોસાળ બેન્નાતટ (બેણપ) મદદ લેવા ગયો પણ ચોમાસું આવી જવાથી તે શંખેશ્વરતીર્થમાં રહ્યો. અહીં આ૦ સર્વદેવસૂરિના ઉપદેશથી સં. ૭૨૩માં જૈનધર્મપ્રેમી બન્યો. પછી મામા વજ્રસિંહે જયંતને સમજાવ્યો, આથી વિજયવંતને લોહિયાણનું રાજ્ય પાછું મળ્યું. તેણે આ૦ સર્વદેવસૂરિને લોહિયાણમાં પધરાવી, તેમનો ઉપદેશ સાંભળી, જૈન ધર્મ સ્વીકાર્યો. શ્રાવકનાં બાર વ્રત લીધાં અને ભ૦ ઋષભદેવનું મંદિર તથા પોષાળ બંધાવ્યાં. તેને આઠ રાણીઓ હતી અને જયમલ, જાદવ, જોગો અને જયવંત એમ ચાર પુત્રો હતા. એક પછી એક ત્રણ પુત્રો ગાદીએ આવ્યા.

૮. જયમલ – રાજ સં. ૭૩૫.

૯. જોગાજી – રાજ સં. ૭૪૧.

૧૦. જયવંત – રાજ સં. ૭૪૯. તેને ત્રણ રાણીઓ હતી અને શ્રીમલ્લ અને વનાજી એમ બે પુત્રો હતા. તેમાંના શ્રીમલ્લે નાગેંદ્રગચ્છમાં દીક્ષા લીધી અને સોમપ્રભ નામના આચાર્ય બન્યા. અને વનાજી પિતાજીની હયાતીમાં પાણીમાં ડૂબી મરણ પામ્યો.

૧૧. **ભાણજી** – તે સં. ૭૬૪ માં લોહિયાણની ગાદીએ આવ્યો અને તે પછી જયવંત રાજા નિર્વંશ જવાથી તેને ભિન્નમાલની ગાદી મળી. તેને કંઈ સંતાન નહોતું, તેથી તે ઓસિયાના શેઠ જયમલ ઓસવાલની પુત્રી **રત્નાવતી**ને 'પુત્ર થશે તો તેને રાજ્ય આપીશ' એવી છૂપી શરત જયમલ શેઠ સાથે કરીને પરણ્યો. **રત્નાવતી**એ બે પુત્રોને જન્મ આપ્યો – ૧. રાણો અને ૨. કુંભોજી.

રાજા ભાણજીએ તથા રાણી રત્નાવતીએ સં. ૭૯૫માં માગસર સુદિ ૧૦ ને રવિવારે શંખેશ્વરગચ્છીય **આ૦ ઉદયપ્રભસૂરિ** પાસે **બાર વ્રત** સ્વીકાર્યાં અને બીજાઓને જૈનધર્મી બનવામાં ઘણી મદદ કરી.

૧૨. રાણાજી તથા કુંભોજી – રાજ સં. ૮૦૦ લગભગ.

તે પછી પડિહારવંશ ભિન્નમાલ અને કનોજની ગાદીએ આવ્યો; જેનો પહેલો

રાજા નાગાવલોક સં. ૮૧૩માં ગુજરાતનો તથા માળવાનો રાજા બન્યો. (જૂઓ પ્રક. ૩૨, પૃ. ૪૪૩ થી ૪૪૮; અંચલગચ્છની ગુજરાતી મોટી પટ્ટાવલી)

૩. ચૌલુક્ય રાજાવલી (જાલોર)

૧. રાજા કાન્હડદે – સં. ૭૧૩. તે જાલોરનો સોલંકી રાજા હતો. આ૦ સ્વાતિસૂરિના ઉપદેશથી તે જૈન બન્યો. જાલોરમાં તેણે શ્રીચંદ્રપ્રભ ભગવંતનું દેરાસર બંધાવ્યું.

૨. રાયધન. ૩. વાલ્હ – તે પાલનપુર જઈ વસ્યો.

૪. વ્યાસદે. ૫. વાહડ.

૬. લુંગોજી – તેને સહજા અને આશધર નામે પુત્રો હતા.

૭. આશધર. ૮. પુણ્યપાલ.

૯. જીણોજી. ૧૦. ધરણ.

૧૧. પદ્માજી – તેણે જૈન ધર્મ છોડી દીધો.

૧૨. ગેહોજી.

૧૩. પર્વત – તેને પેથોજી, નાગજી અને વીરોજી એમ ત્રણ પુત્રો હતા. એ ત્રણે ભાઈઓની ગરાસ-ભૂમિ પિલુડીમાં હતી, તેથી તેઓ થરપારકરમાં આવેલ પિલુડીમાં જઈને વસ્યા.

૧૪. ઠા૦ પેથોજી – તે પોતાની પત્ની જમ્માજી સાથે પિલુડીમાં રહેતો હતો.

૧૫. ઠા૦ રાવજી – સં. ૧૨૨૯. તેને સારાદેવી નામે પત્ની હતી. રાણાજી અને કાનજી નામે બે પુત્રો હતા. બીજી પત્ની રૂપાદેથી લખધીરજી અને લાલનજી નામે બે પુત્રો થયા. લાલજીના શરીરે કોઢ-રોગ ફૂટી નીકળ્યો; જે આ૦ જયસિંહસૂરિની કૃપાથી શમી ગયો. ઠા૦ રાવજી, ઠ૦ રૂપાદેવી તથા કુમાર લાલણ સં. ૧૨૨૯માં જૈન બન્યા. રાજાએ સો સોનામહોર ખરચી પિલુડીમાં દેરાસર બંધાવ્યું.

૧૬. ઠા૦ રાણાજી તથા લખધીરજી – એમના સમયમાં લાલન રીસાઈને કચ્છમાં આવેલા પોતાના મોસાળ ડોણ ગામમાં જઈને વસ્યો. તેણે ત્યાં પાદરમાં તળાવને કાંઠે પોતાની માતાની સમાધિ સ્થાને દેરી બનાવી, જે આજે 'આઈના સ્થાન' તરીકે પ્રસિદ્ધ છે. (જૂઓ, અંચલગચ્છની ગુજરાતી મોટી પટ્ટાવલી, પૃ. ૧૬૭ થી ૧૭૩)

૪. ચૌલુક્ય રાજાવલી (કર્ણાટક-કુંતલ)

૧. તૈલપદેવ – તે રાષ્ટ્રકુટના રાજાને જીતી દક્ષિણનો રાજા થયો. તેનો સેનાપતિ મહામંડલેશ્વર બારપ લાટમાં રહેતો હતો.

૨. સત્યાશ્રય – સં. ૧૦૫૪. ૩. વિક્રમાદિત્ય પાંચમો.

૪. જયસિંહ – સં. ૧૦૭૪ થી ૧૦૯૬.

૫. સોમેશ્વર પહેલો – સં. ૧૦૯૬ થી ૧૧૨૫. તેણે **કલ્યાણનગર** વસાવી ત્યાં પોતાની રાજગાદી સ્થાપી.

૬. સોમેશ્વર બીજો – સં. ૧૧૨૫ થી ૧૧૩૧.

૭. વિક્રમાદિત્ય છઠ્ઠો – સં. ૧૧૩૨ થી ૧૧૮૨.

૮. સોમેશ્વર ત્રીજો – સં. ૧૧૮૨ થી ૧૧૯૩.

૯. પર્મ૦ – સં. ૧૧૯૩ થી ૧૨૦૬.

૧૦. નુર્મદી૦ તૈલપ – સં. ૧૨૦૬ થી ૧૨૨૧.

તેની પછી કલચૂરીવંશના બીજલે (વિજ્જલે) સં. ૧૨૧૨ થી ૧૨૧૬ સુધી અને તેના પુત્રે સં. ૧૨૧૬ થી ૧૨૩૯ સુધી રાજ્ય કર્યું.

(જૂઓ, પ્રક. ૪૩, પૃ. ૫૬૭)

૧૧. સોમેશ્વર ચોથો – સં. ૧૨૩૯ થી ૧૨૪૫.

(૧) સેનાપતિવંશ (લાટ)

૧. બારપ ચૌલુક્ય તે તૈલપનો મહામંડલેશ્વર હતો. ૨. .....

૩. કીર્તિરાજ – સં. ૧૦૭૫. ૪. ત્રિલોચનપાલ – સં. ૧૧૦૭.

(૧) રાઠોડવંશ (હત્થુંડી)

૧. રાજા હરિવર્મા. ૨. વિદગ્ધરાજ – સં. ૯૭૩.

૩. મમ્મટરાજ – સં. ૯૮૮. ૪. ધવલરાજ – સં. ૧૦૫૩.

૫. બાલપ્રસાદ – સં. ૧૧૧૩, સં. ૧૧૧૭.

(વિશેષ માટે જૂઓ, પ્રક. ૩૪, પૃ. ૪૯૧ થી ૪૯૪)

૫. ચૌલુક્ય રાજાવલી (કર્ણાટક)

૧. તૈલપદેવ – તે રાઠોડ રાજાને હરાવી દક્ષિણનો રાજા બન્યો. તેનો સેનાપતિ બારપ લાટનો મહામંડલેશ્વર હતો.

૨. સત્યાશ્રય – સં. ૧૦૫૪.

૩. વિક્રમાદિત્ય પાંચમો – મૃત્યુ સં. ૧૦૭૪.

૪. જયસિંહ – મૃ. સં. ૧૦૯૬.

૫. સોમેશ્વર પહેલો – મૃ. સં. ૧૧૨૫. તેણે કલ્યાણ વસાવી, પોતાની રાજગાદી ત્યાં સ્થાપન કરી.

૬. સોમેશ્વર બીજો – મૃ. સં. ૧૧૩૧.

૭. વિક્રમાદિત્ય છઠ્ઠો – મૃ. સં. ૧૧૮૨.

૮. સોમેશ્વર ત્રીજો – મૃ. સં. ૧૧૯૩.

૯. પર્મ – મૃ. સં. ૧૨૦૬. તેણે ભાવાચાર્યગચ્છના આ૦ વીરસૂરિને ૫ હાથી આપ્યા. આચાર્યશ્રીએ તેની રકમ જિનાલયમાં વાપરી.

(-રાજગચ્છ પટ્ટાવલી, પૃ. ૬૫)

૧૦. તૈલપ – મૃ. સં ૧૨૨૧.

તે પછી રાજા બિજલ કલચૂરીએ અને તેના પુત્રે કલ્યાણનું રાજ્ય કર્યું. સં. ૧૨૩૯. (જૂઓ, પ્રક. ૪૩, પૃ. ૫૬૭)

૧૧. સોમેશ્વર ચોથો – મૃ. સં. ૧૨૪૫.

કલચૂરી વંશ (ત્રિપુરી-ચેદી)

૧. કોક્કલ – સં. ૯૩૨. ૧૦. કરણ – સં. ૧૦૯૭. ૧૧. યશઃકરણ– સં. ૧૧૭૭. ૧૨. ગજકરણ – સં. ૧૨૦૭.

૧. પરમારવંશ (ચંદ્રાવતી)

૧. સિન્ધુરાજ – રાજા ધ્રુવનો બીજો પુત્ર ઇન્દ્રદેવ સં. ૮૬૦માં ગુજરાતનો રાજા બન્યો. આ અરસામાં પરમારવંશ ઉદયમાં આવ્યો. તેનો મૂલ પુરુષ ધૂમરાજ હતો. તેના વંશનો સિંધુલ પરમાર ચંદ્રાવતીનો પહેલો રાજા હતો.

(જુઓ, પ્રક. ૩૬, પૃ. ૧૭૮)

૨. ઉત્પલરાજ – દુઃશલ્ય.

૩. અરણ્યરાજ – તેનું મૂળ નામ પાલ્હણ હોવાનું સંભવે છે. તે સં. ૧૦૦૧ લગભગમાં રાજા થયો. ત્યાર પછી તેને અરણ્યમાં રહેવું પડ્યું. તેણે એક વાર અચલગઢની તળેટી (માઉન્ટ આબૂ)ના જૈન દેરાસરની પિત્તલની જૈન પ્રતિમાને ગળાવી નાખી તેનો નંદી બનાવ્યો અને તે દેરાસરને શિવાલય બનાવી દીધું.[1] આથી તેને કોઢ-રોગ ફૂટી નીકળ્યો. તેણે શાંતિ માટે કરેલા સઘળા ઉપાયો નિષ્ફળ ગયા. જંગલમાં તેણે આ૦ શીલધવલ* મળ્યા. તેણે તેમને પોતાની ભૂલ જણાવી અને પ્રાયશ્ચિત્ત માગ્યું. આચાર્યશ્રીએ તેને ઉપદેશ આપ્યો. તેને આશ્વાસન

---

૧. અચલેશ્વર મહાદેવનું મોટું દેવાલય છે તે મૂળ જૈનમંદિર હતું એવું અનુમાન થાય છે. જ્યારે સં. ૨૦૦૩ના ફાગણ માસમાં હું (લેખક) આબૂ ઉપર ગયો ત્યારે આ દેવાલય મેં બરાબર નિહાળેલું છે. આ દેવાલયના ગર્ભગૃહની ત્રણ બાજુએ ફરી શકાય એવો બહુ સાંકડો માર્ગ રાખેલો છે. પાછલી દીવાલે મધ્યમાં એક આડો પથ્થર મૂકેલો છે, જેની નીચે થઈને ફરનાર નીકળી શકે છે. ગભારાનું બારશાખ અને બહારના મંડપનું બારશાખ જોતાં દેવળ પુરાણું જૈન દેવળ જ છે. ગર્ભાગારમાં શિવલિંગ નીચાણની ભૂમિ ઉપર છે અને છેક દીવાલની નજીકમાં ઊંડો ખાડો છે, જેમાં પાણી હોય એમ જણાય છે. જગ્યાના માપની દ્રષ્ટિએ આ જિનમૂર્તિ નીચેની કૂર્મની જગા છે. ➧

આપતાં કહ્યું : 'તું નવી જિનપ્રતિમા બનાવી; તેની પૂજા કર, એના ન્હવણ જળથી તારો રોગ શમી જશે.' રાજાએ એ પ્રમાણે કર્યું અને તેનો રોગ શમી ગયો. શરીર નવપલ્લવ જેવું બની ગયું. રાજાએ સં. ૧૦૧૧માં ઘાંઘાર પ્રદેશમાં **પાલનપુર** વસાવ્યું, દરબારગઢ વસાવ્યો, તેની બારીમાંથી ભગવાનનાં દર્શન થઈ શકે એ રીતે રાજવિહાર બંધાવ્યો અને તેમાં ભ૦ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી. તેના નિભાવ ખર્ચ માટે નવા નવા લાગા બાંધી આપ્યા. અને રાજા પણ ઘણો સમય અહીં રહેવા લાગ્યો. આ સ્થાન આજે પાલનપુરમાં પલ્લવિયા પાર્શ્વનાથ નામથી પ્રસિદ્ધ છે. (જૂઓ, પ્રક. ૩૬, પૃ. ૧૮૯-૧૯૦)

તેના મંત્રી **કુંકણે ચંદ્રાવતીમાં જિનાલય** બંધાવ્યું હતું અને વડગચ્છના **આ૦ સર્વદેવસૂરિ પાસે દીક્ષા** લીધી હતી.

(જૂઓ શ્રીહીરસૌભાગ્યકાવ્ય; હીરસૂરિરાસ; સોહમકુલપટ્ટાવલી, ઉ. ૪; પાલનપુર ગઝલ; આત્માનંદપ્રકાશ, વર્ષ : ૫૨, અંક : ૬, ૭, સં. ૨૦૧૨નો પોષ-માહ અંક; ગુર્વાવલી.)

આ ઉલ્લેખથી સ્પષ્ટ થાય છે કે, સં. ૧૦૦૧ લગભગમાં અચલગઢ (માઉન્ટ આબૂ)માં ભ૦ પાર્શ્વનાથનું મંદિર અચલેશ્વરનું મંદિર બન્યું હતું અને સં. ૧૦૧૧માં પાલનપુરમાં પલ્લવિયા પાર્શ્વનાથનું મંદિર બન્યું હતું.

૪. **કૃષ્ણરાજ** – બીજું નામ કાન્હડદે.

૫. **ધરણીવરાહ** – તે હત્થુંડીના રાજા ધવલ રાઠોડને શરણે ગયો, પણ સોલંકી મૂળરાજે તેને હરાવ્યો. આબૂનો તે પ્રદેશ (સં. ૧૦૫૩) ગુજરાતના તાબે ગયો. (જૂઓ, પ્રક. ૩૪, પૃ. ૪૯૩)

૬. **દેવરાજ** – બીજું નામ મહિપાલ. સં. ૧૦૫૯.

૭. **ધંધૂક** – આ સમયે ચંદ્રાવતીમાં ૪૪૪ જૈન દેરાસરો, ૯૯૯ શિવાલયો હતાં, જે લાકડાનાં બનેલાં હતાં. મહમ્મુદ ગિઝનીએ સં. ૧૦૮૦માં ચંદ્રાવતી,

---

◆ સ્તંભો સુંદર છે અને મંડપ વિશાળ છે. તેમાં જમણી બાજુએ ઘણા રાજાઓની મૂર્તિઓ છે અને તેની ઉપર લેખો પણ છે. આ દેવળની પાછળ એક વાવ છે અને આજુબાજુ નાનાં-મોટાં શિવાલયોથી ચોગાન રોકાઈ ગયું છે. તેમાંથી બે-ત્રણ શિવાલયો સુંદર છે. અચલેશ્વરનું દેવાલય ઘણું પુરાતન છે અને પુરાણની વાત મુજબ તે પાર્શ્વનાથનું જ હતું. આ દેવળને શૈવદેવળમાં કોણે ફેરવ્યું તેનો લેખિત પુરાવો બતાવવો મુશ્કેલ છે.

(–'ગુજરાત' માસિક, પુ. ૧૨, અંક : ૨, અચલગઢ; આત્માનંદપ્રકાશ, પુ. ૫૩, અંક : ૭, સં. ૨૦૧૨ માહ). (જૂઓ, પ્રક. ૩૭, પૃ. ૨૪૯-૨૫૦)

★ આ૦ શીલાંકસૂરિ સં. ૯૩૩ (જૂઓ પ્રક. ૩૪, પૃ. ૪૬૬), આ સમયમાં જાબાલિગચ્છમાં પણ એક શીલસૂરિ થયા હતા.

દેલવાડા, સોમનાથ તથા પાટણ ભાંગ્યાં. આ સમયે રાજા ભીમદેવ કંથકોટમાં ભરાઈ બેઠો, એટલે રાજા ઘંઘૂકે સ્વતંત્ર થવા માથું ઊંચક્યું; પણ મંત્રી વિમલે સૈન્ય સાથે ચડાઈ કરીને ચંદ્રાવતીનો કબજો લીધો. ઘંઘૂક ભોજદેવને શરણે ચાલ્યો ગયો, ત્યાંથી તેને બોલાવી, સમજાવી ફરીવાર ગુજરાતનો મહામંડલેશ્વર બનાવ્યો.

૮. **પુણ્યપાલ** – સં. ૧૦૯૯ થી ૧૧૦૨.

૯. **કૃષ્ણરાજ બીજો** – તે પુણ્યપાલનો ભાઈ હતો. તેણે સ્વતંત્ર થવા પ્રયાસ કર્યો. આથી રાજા ભીમદેવે તેને પકડીને કેદમાં નાખ્યો પણ નાડોલના રાજા બાલપ્રસાદ ચૌહાણના કહેવાથી તેને છોડ્યો. તેનાથી કિરાડુની શાખા નીકળી, જેમાં ૧૦. સોછરાજ, ૧૧. ઉદયરાજ, ૧૨. સોમેશ્વર સં. ૧૨૧૮માં થયા.

૧૦. **ધ્રુવભટ.**

૧૧. **રામદેવ.**

૧૨. **વિક્રમસિંહ** – તે રામદેવનો ભાઈ હતો. તે અજમેરના રાજા અર્ણોરાજની મદદથી ખટપટ કરીને યશોધવલને હઠાવી આબૂનો રાજા બન્યો. રાજા **કુમારપાલે** સં. ૧૨૦૭માં અજમેર પર ચડાઈ કરી ત્યારે તેણે વિશ્વાસઘાત કરેલો, આથી કુમારપાલે તેને હઠાવી યશોધવલને ગાદી ઉપર બેસાડ્યો હતો.

૧૩. **યશોધવલ** – તે રામદેવનો પુત્ર હતો. સં. ૧૨૦૨માં ગુજરાતનો મહામંડલેશ્વર હતો. તેને સૌભાગ્યદે રાણી હતી, જે ચૌલુક્ય કન્યા હતી. રાજા યશોધવલે ગુજરાત તરફથી રાજા બલ્લાલને હરાવ્યો હતો.

૧૪. **ધારાવર્ષાદેવ** – સં. ૧૨૨૦ થી ૧૨૭૬. તે રાજા કુમારપાલનો પ્રીતિપાત્ર હતો. મંત્રી આંબડે કોંકણપતિ મલ્લિકાર્જુનને માર્યો ત્યારે તે સાથે હતો. અફઘાનનો મહમ્મુદ શાહબુદ્દીન ઘોરી સં. ૧૨૩૨-૩૪માં ગુજરાત પર ચડી આવ્યો અને હાર્યો ત્યારે તેને હરાવવામાં પણ ધારાવર્ષની પૂરી મદદ હતી. જો કે શાહબુદ્દીનના સૂબા કુતબુદ્દીન ઐબકે સં. ૧૨૫૪માં આબૂની તળેટીમાં તેને હરાવ્યો હતો, ત્યારે ઐબક પાટણ જઈ પાછો ચાલ્યો ગયો હતો. આ રાજાના સમયના ૧૪ શિલાલેખો મળે છે.

કછોલીગચ્છના આ૦ ઉદયસિંહે સં. ૧૨૬૩માં ચંદ્રાવતીમાં આ રાજાની અધ્યક્ષતામાં મંત્રવાદીને હરાવ્યો હતો. આબૂ ઉપર ત્રણ પાડાને એક જ બાણ વડે વીંધતી આ રાજાની સં. ૧૫૩૬ની મૂર્તિ વિદ્યમાન છે. આ રાજાએ સં. ૧૨૪૫ના ભાદરવા સુદિ ૧ ને બુધવારે આબૂ પહાડના ફીલણી ગામના વશિષ્ઠાશ્રમની રક્ષા માટે શિલાલેખીય હુકમ બહાર પાડ્યો હતો, જે પથ્થર આજે પણ આબૂ રોડથી પશ્ચિમમાં મંડાર જતી સડક ઉપર વિદ્યમાન છે.

તેને ગીગાદેવી અને શૃંગારદેવી નામે બે રાણીઓ હતી. શૃંગારદેવીએ ભ૦

પાર્શ્વનાથના દેરાસરના નિભાવ માટે જમીન આપી હતી.

(જૂઓ, શ્રી વિશ્વેશ્વરનાથ રેઉનો 'આબૂ કે પરમાર' નામનો લેખ)

રાણી શૃંગારદેવી નાડોલના મંડલેશ્વર કેલ્હણ ચૌહાણ (સં. ૧૨૨૧થી ૧૨૪૯)ની પુત્રી હતી. પીંડવાડા પાસેનું ઝાડોલી[1] તેને કાપડામાં મળ્યું હતું. કામદાર નાગડ તેના તરફથી ત્યાં વહીવટ કરતો હતો. ગોઠિયોએ સં. ૧૨૩૪ના વૈશાખ વદિ ૧૩ ને રવિવારે ઝાડોલીના ભ૦ મહાવીરસ્વામીના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને તેને છ ચોકીવાળું ત્રિલોકપ્રાસાદ દ્વાર બનાવ્યું. તેમાંની બે ચોકીનો ખર્ચ કામદાર નાગડે આપ્યો હતો અને રાણી શૃંગારદેવીએ સં. ૧૨૫૫ના આસો સુદિ ૭ ને બુધવારે ભ૦ મહાવીરસ્વામીની પૂજા માટે મોટી આવકની કૂવાવાળી જમીન ભેટ આપી. (–પ્રાચીન જૈનલેખસંગ્રહ, ભા. ૨, લેખાંક : ૪૩૦; જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૧૫૮)

૧૫. સોમસિંહ – તે રાજા ભીમદેવ બીજાનો મહામંડલેશ્વર હતો ત્યારે મહામાત્ય તેજપાલે સં. ૧૨૮૭માં આબૂ ઉપર લુણિગવસહી જિનપ્રાસાદ બંધાવ્યો હતો, જે આજે પણ તેની સ્થાપત્યકળા વડે દિગ્‌દિગંતમાં ગવાય છે. રાજાએ લુણિગવસહી અને વિમલવસહીને **કરમુક્ત** જાહેર કર્યાં હતાં અને લુણિગવસહીના નિભાવ માટે ડબાણી ગામ આપ્યું હતું.

૧૬. કૃષ્ણરાજ – તેનું બીજું નામ કાનડદે હતું. તે લુણિગવસહીના ઉત્સવમાં હાજર હતો. તે રાજા થતાં મેવાડના રાણા જૈત્રસિંહે ચંદ્રાવતીને પોતાના કાબૂમાં લીધું પરંતુ રાજા તથા યુવરાજે તેને પાછું વાળ્યું.

૧૭. પ્રતાપસિંહ – અલ્લાઉદ્દીન ખિલજીએ સં. ૧૩૬૮માં ચંદ્રાવતી ભાંગ્યું, લૂંટ્યું અને તેનો નાશ કર્યો ત્યારથી ચંદ્રાવતીનું પતન શરૂ થયું. આજે તેનું અસ્તિત્વ છેક ભુંસાઈ જવા આવ્યું છે.

---

૧ **ઝાડોલી** – પીંડવાડા અને બ્રાહ્મણવાડા તીર્થની વચ્ચે ઝાડોલી ગામ છે, જેનાં દુંદુભિ, ઝાદવલી, ઝાડવલી, ઝાડઉલી, ઝાદપલ્લી, ઝાડોલી વગેરે નામો મળે છે. અહીં ભ૦ મહાવીરસ્વામીનું પ્રાચીન મંદિર છે, તેમાં કેટલાક શિલાલેખો વિદ્યમાન છે, જેમ કે – સં. ૧૧૪૫ના જેઠ વદિ ૨ના રોજ ભ૦ ઋષભદેવની પ્રતિમા પ્રતિષ્ઠિત થઈ; સં. ૧૨૩૬ના શેઠ સોઢાએ ભરાવેલાં ભ૦ ઋષભદેવ અને ભ૦ પાર્શ્વનાથની પ્રતિમાની આ૦ દેવભદ્રસૂરિએ પ્રતિષ્ઠા કરી (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૨૦); ગોઠીઓએ સં. ૧૨૩૪માં ભ૦ મહાવીરસ્વામીના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને દેરાસરની આગળ છ ચોકીવાળું ત્રિલોકપ્રાસાદ દ્વાર બંધાવ્યું. રાણી શૃંગારદેવીએ ભ૦ મહાવીરસ્વામીની પૂજા માટે વિશાળ વાડી અર્પણ કરી તેનું શાસન લખી આપ્યું, જેમાં દાણિક વગેરેની સાક્ષી છે. આ૦ તિલકભદ્રસૂરિએ **દાનશાસનને શ્લોકબદ્ધ** રચ્યું અને સલાટોએ પથ્થરમાં ઉત્કીર્ણ કર્યું.

(–પ્રાચીન જૈનલેખસંગ્રહ, ભા. ૨, લે. ૪૩૦; જૈનસત્યપ્રકાશ, ક્ર. ૧૫૮)

સંભવ છે કે, ચંદ્રાવતી, પાલનપુર અને જગાણાનો આ રાજવંશ સૌરાષ્ટ્ર તરફ ચાલ્યો ગયો હશે. તેમાંથી **મૂળીનો પરમારવંશ** જન્મ્યો લાગે છે.

૨. પરમારવંશ (જાલોર)

૧. વાક્પતિરાજ, ૨. ચંદનદેવ, ૩. દેવરાજ, ૪. અપરાજિત, ૫. વીજડ– તેનું સં. ૧૧૬૫નું દાનપત્ર મળે છે. ૬. તિહુઅણદેવ તથા ધારાવર્ષ. ૭. વીશલદેવ – સં. ૧૧૭૪. (જાલોરના કિલ્લામાં સં. ૧૧૭૪નો શિલાલેખ છે.)

(જૂઓ, જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૧૧૪)

૩. પરમારવંશ (માળવા)

૧. કૃષ્ણરાજ – તેનું બીજું નામ ઉપેન્દ્ર હતું. તે ખેડામંડલમાં હરસોલ (હર્ષપુર)નો રાજા હતો, માળવાનો માંડલિક હતો.

૨. વૈરિસિંહ.

૩. સીયક – સં. ૧૦૦૫ થી ૧૦૩૦. તેનાં બીજા નામો સિંહદંત, સિંહભટ્ટ અને શ્રીહર્ષ મળે છે. **ખેડામંડલ** પ્રથમ કનોજના પડિહારોના તાબામાં હતું અને સં. ૯૬૦ લગભગમાં માલખેડના રાષ્ટ્રકૂટોના તાબામાં આવ્યું. તેમાં હરસોલ, વાઘાસા, કપડવંજ વગેરે ૭૫૦ ગામો હતાં. ત્રીજા કૃષ્ણરાજ (સં. ૯૯૩ થી ૧૦૨૩)ના સમયે સીયક ખેડામંડલનો મહામાંડલિક હતો. તેણે માળવા જઈ ઉજ્જૈનમાં ગાદી સ્થાપન કરી. સં. ૧૦૨૯માં રાષ્ટ્રકૂટોની ધૂંસરીને ફગાવી દીધી. માળવાનો આ પહેલો પરમાર રાજા હતો. તેણે દત્તક પુત્ર મુંજને રાજ્ય આપ્યું અને પુત્ર સિંધુરાજને યુવરાજ બનાવ્યો. મૃત્યુ સં. ૧૦૩૦.

૪. મુંજદેવ – સં. ૧૦૩૧ થી ૧૦૫૨. તેનું બીજું નામ વાક્પતિરાજ હતું. તે બહુ રૂપાળો હતો. રાજા સીયકને તે મુંજ ઘાસમાંથી મળ્યો હતો, તેથી તેને મુંજ નામ આપી માળવાની ગાદી આપી. મુંજે પોતાના જન્મની વાત છુપાવવા માટે રાણીને મારી નાખી, સિંધુરાજને દેશવટો આપ્યો અને પાછો આવતાં કેદમાં પૂરી રાખ્યો. મુંજદેવ યુદ્ધકુશળ હતો. તેણે આહડ ભાંગ્યું આથી મેવાડનો રાણો ખુમાણ (શાલિવાહન) અને ગુજરાતનો રાજા મૂલરાજ હથુંડીના રાજા ધવલ રાઠોડ (સં. ૧૦૫૩)ને શરણે ગયા હતા. તેણે તિલંગ દેશ પર ચડાઈ કરી પણ ત્યાં તે પકડાયો અને કેદી બન્યો. માળવાના મંત્રીઓએ તેને લઈ જવા સુરંગનો રસ્તો તૈયાર કર્યો પણ મુંજ જેલમાં તૈલપના કાકા દેવલની રખાતની પુત્રી અને શ્રીપુરના રાજા ચંદ્રની વિધવા મૃણાલના પ્રેમમાં ફસાયો હતો. રાજા તૈલપે તેની દ્વારા સુરંગની વાત જાણી મુંજને રીબાવી રીબાવીને મારી નાખ્યો.

તે અને તહનગઢનો રાજા રાજગચ્છના આ૦ ધનેશ્વરને ગુરુ તરીકે માનતા હતા. (જૂઓ, પ્રક. ૩૨, પૃ. ૪૨૧)

તે વિદ્વાન હતો. તેનો રચેલો કોઈ ગ્રંથ મળતો નથી પણ તેના ગ્રંથનાં અવતરણો ક્ષેમેન્દ્રની રચનામાં મળે છે. તેનાં પ્રાસંગિક પદ્યો 'પ્રબંધચિંતામણિ' તથા 'ભોજપ્રબંધ'માં પણ મળે છે.

કવિ ધનપાલ (સં. ૧૦૨૯), કવિ પદ્મગુપ્ત પરિમલ, કવિ ધનંજય (દશરૂપકર્તા), આ૦ અમિતગતિ (સં. ૧૦૫૦ તથા સુભાષિત રત્નસંદોહ-કર્તા), પં૦ હલાયુધ (પિંગલસૂત્ર-વૃત્તિકાર) વગેરે તેની સભાના વિદ્વાનો હતા. તેને તિલંગપતિ તૈલપદેવની બહેન કુસુમવતી રાણી હતી. રુદ્રાદિત્ય નામે દિવાન હતો. તેણે હારિજ પાસે મુંજપર વસાવ્યું. તે તિલંગની જેલમાં સં. ૧૦૫૨માં મરણ પામ્યો. તૈલપે તેનું માથું રાજચોકમાં શૂલી ઉપર પરોવ્યું. તેને તે હમેશાં દહીં ચડાવતો હતો. પંડિતોએ મુંજના મરણ પછી એક જ ઉચ્ચાર કર્યો – " गते मुञ्जे यशःपुञ्जे निरालम्बा सरस्वती ॥ "

૫. સિંધુરાજ – તે સીયકનો સાચો પુત્ર હતો. મુંજે તેને દેશવટો આપ્યો ત્યારે તેણે આબૂ પાસે કાસહ્રદ ગામ વસાવ્યું. તે પાછો આવ્યો ત્યારે મુંજે તેને માળવાનો પ્રાંત સોંપ્યો પણ પ્રસંગ મળતા કેદમાં પૂર્યો, તે માળવાનો રાજા બન્યો નથી પણ ભોજ નાનો હતો તેથી માળવાનું તંત્ર તેણે ચલાવ્યું. તેના ત્રણે પુત્રો માળવાના રાજા બન્યા હતા. આથી સિંધલનું નામ રાજાવલીમાં દાખલ થયેલું મળે છે. તેણે ગુજરાત પર ચડાઈ કરી ત્યારે યુવરાજ ચામુંડે તેને પાછો હઠાવ્યો હતો. તે તપસ્વી કૃષ્ણર્ષિનો ભક્ત હતો. તેના રાવત કૃષ્ણે શ્રીખીમા ઋષિ પાસે દીક્ષા લીધી હતી. તેમની દીક્ષામાં કુદરતી રીતે પુષ્પવૃષ્ટિ થઈ હતી (જૂઓ, પ્રક. ૩૪, પૃ. ૪૮૦). તે સં. ૧૦૭૫માં મરણ પામ્યો. કવિ પરિમલ આ રાજાનો આશ્રિત કવિ હતો, જેણે 'નવસાહસાંકચરિત' રચ્યું છે; જે ત્રીજો કાલિદાસ કહેવાય છે.[૧]

---

૧. **કાલિદાસ** અનેક થયા છે અને રાજશેખર પણ એક કરતાં વધુ થયા છે-

(૧) पुरन्दरबलो विप्रः शूद्रकः शस्त्रशास्त्रवित् ।
धनुर्वेदं चौरशास्त्रं रूपके द्वे तथाऽकरोत् ।
तस्याभवन्नरपतेः कविरात्मवर्णः श्रीकालिदास इति योऽप्रतिमप्रभावः ।
दुष्यन्तभूपतिकथां प्रणयप्रतिष्ठां रम्याभिधेयचरितां सरसां चकार ॥

વિ. સં. ૨૦૦ની આસપાસમાં શાલિવાહન ગૌતમીપુત્ર શૂદ્રક રાજા થયો હતો. તેણે ધનુર્વેદ, ચૌરશાસ્ત્ર, મૃચ્છકટિક તથા પદ્મપ્રાભૃત બનાવ્યાં તેની સભાના બ્રાહ્મણ કવિ કાલિદાસે 'અભિધાનશાકુંતલ' વગેરે (ત્રણ નાટ્યો) રચ્યાં.

(જૂઓ, સમ્રાટ ચંદ્રગુપ્તનું 'કૃષ્ણચરિત્ર')

(૨) સમ્રાટ ચંદ્રગુપ્તનો સભાકવિ હરિષેણ, જેને કાલિદાસની ઉપાધિ હતી તેણે રઘુવંશ, કુમારસંભવ, મેઘદૂત, નલોદય તથા ઋતુસંહાર (પાંચ કાવ્યો) બનાવ્યાં. ➡

૬. **ભોજદેવ** – (સં. ૧૦૫૨ થી ૧૧૧૨) તે સીયકનો સાચો પૌત્ર અને સિંધુલનો મોટો પુત્ર હતો. મુંજદેવે સિંધુલરાજને કનડ્યો હતો અને ભોજની જન્મકુંડલીમાં ૫૦ વર્ષનો રાજયોગ જાણીને તેના પુત્રને રાજ્ય મળશે નહીં એવી દહેશતથી ભોજને મરાવી નાખવા પેંતરો રચ્યો હતો, પણ તે બચી ગયો. તે યુવરાજ બન્યો અને અંતે માળવાનો રાજા પણ બન્યો, તેણે ધારાનગર વસાવીને પાટનગર બનાવ્યું.

ભોજદેવ શૂરવીર, વિલાસી, વિદ્યારસિક, વિદ્વાન અને દાનવીર રાજા હતો. તે સમયે ગુજરાતમાં ભીમદેવ (સં. ૧૦૭૮ થી ૧૧૨૦), કર્ણાટકમાં વિક્રમાદિત્ય સોલંકી પાંચમો (સં. ૧૦૬૫ થી ૧૦૭૪), જયસિંહ (સં. ૧૦૭૪ થી ૧૦૯૬) તથા સોમેશ્વર (સં. ૧૦૯૬ થી ૧૧૨૫), ડાહલદેશ (કલચૂરી) ચેદીની ત્રિપુરીમાં ગાંગેય કલચૂરી (સં. ૧૦૭૪ થી ૧૦૯૪) તથા કરણદેવ રાજાઓ હતા. ભોજદેવને તે દરેક સાથે વૈર હતું.

એક વાર ભોજે ગુજરાત પર ચડાઈ કરવાની રચના કરી. પહેલા પડાવમાં 'રાજવિડંબના' નાટક ભજવાયું, ત્યારે ગુજરાતનો સંધિપાલ **દામોદર** ત્યાં આવ્યો હતો. શરીરે તે કૂબડો હતો પણ તે ચતુર બુદ્ધિવાળો હતો. ભોજદેવે તેને મશ્કરીમાં પૂછ્યું : 'ભીમદેવ પાસે સંધિપાલો કેટલા છે ?' દામોદરે ઠાવકાઈથી જવાબ આપ્યો : 'મહારાજ ! ઘણા છે. તેના ઉત્તમ, મધ્યમ અને અધમ એવા ત્રણ વિભાગ છે. જેવો રાજા હોય તેવો સંધિપાલ તેની પાસે મોકલવામાં આવે છે.' રાજા તેની આવી હાજરજવાબીથી ઘણો ખુશ થયો. ભોજે પૂછ્યું : 'ભીમડિયો

◆ તે રઘુકાર તરીકે વિખ્યાત છે. તેણે સમ્રાટ ચંદ્રગુપ્તને (સં. ૪૪૨) કૃષ્ણચરિત્ર બનાવવામાં ઉત્સાહિત કર્યો હતો. (–સમ્રાટ સમુદ્રગુપ્તનું કૃષ્ણચરિત્ર)

આ૦ હરિષેણ કાલિદાસે મેઘદૂતમાં "शापान्तो मे भुजगशयनादुत्थिते शार्ङ्गपाणौ" પદ્ય આપ્યું છે. તેથી વિદ્વાનો કાર્તિક સુદિ ૧૧ ના દિવસે જયંતી મનાવે છે. વિક્રમની વિદુષી પુત્રી પ્રિયંગુમંજરી વિદ્યોત્તમા તેની પત્ની હતી, જે અંગે 'अस्ति कश्चिद् वाग्विशेषः' એ વાક્યની ઘટના પ્રસિદ્ધિ પામેલી છે. તે સમુદ્રગુપ્ત સં. ૪૪૨, ચંદ્રગુપ્ત ૪૭૦ અને સ્કંદગુપ્ત ૫૨૫ના સમય સુધી જીવિત હતો. તેણે છેલ્લો 'જ્યોતિર્વિદાભરણ' નામનો ગ્રંથ બનાવેલો છે.

(૩) તે ભોજરાજના પિતા સિન્ધુલ વિક્રમ પરમારનો સભાકવિ હતો. તેણે 'નવ-સાહસાંકચરિત' રચ્યું છે, જેમાં સિન્ધુલ વિક્રમનું વર્ણન છે. તેનું બીજું નામ કવિ પદ્મગુપ્ત પરિમલ પણ હતું. ભોજની સભાનો મહાકવિ રાજશેખર જણાવે છે કે –

नैकोऽपि जीयते हन्त ! कालिदासो न केनचित् ।
शृङ्गारे ललितोद्गारे कालिदासत्रयी किमु ! ॥

શૃંગારવર્ણનમાં એક કાલિદાસ પણ જિતાય એવો નથી તો પછી ત્રણ કાલિદાસોની તો વાત જ શી ?

હજામ શું કરે છે ?' દામોદરે મીઠો જવાબ વાળ્યો : 'તેણે ઘણા રાજાઓનું માથું મૂંડી નાખ્યું છે, એકનું પલાળી રાખ્યું છે તેને હવે મૂંડશે.' ભોજદેવ આ જવાબ સાંભળીને થીજી ગયો.

રાજાએ નાટકમાં જ્યારે તૈલપદેવનું પાત્ર આવ્યું ત્યારે દામોદરને પૂછ્યું: 'નાટકમાં રસ તો સરસ ઊતર્યો છે ને ?' દામોદરે તેનો સમયોચિત જવાબ વાળ્યો : 'રસ ખૂબ ઊતર્યો છે, પણ નાટકકારને નાટકનાં પાત્રોનું વાસ્તવિક જ્ઞાન નથી. જેમકે, તિલંગરાજ તૈલપદેવ તો મુંજરાજનું માથું હાથમાં હોય તો જ ઓળખાય. નટ અજ્ઞાની છે તેથી તેણે તેમ કર્યું નથી.' રાજાના દિલમાં આ માર્મિક શબ્દોએ ઘા કર્યો. તેના દિલમાં વૈર ભભૂકી ઊઠ્યું. તેણે યુદ્ધની દિશા બદલી તિલંગનો રસ્તો લીધો. દામોદરે જાહેર કર્યું કે, ગુજરાતનો રાજા પોતાના સૈન્ય સાથે માળવાના સીમાડે આવી ઊભો છે. ભોજે દામોદરને એક હાથી-હાથણીનું યુગલ આપી કહ્યું કે, 'તું તારા રાજાને સમજાવ કે, તે આ વર્ષે માળવા પર ચડી ન આવે.'

સં. ૧૦૯૯માં ભીમદેવે સિંધ પર ચડાઈ કરી, ત્યારે ભોજરાજાના સેનાપતિ દિગંબર ભટ્ટારક **કુલચંદ્રે** પાટણ ઉપર હલ્લો કરી પાટણને ભાંગ્યું. રાજમહેલના ઘંટાઘર પાસે કોડીઓ દાટી જયપત્ર મેળવ્યું, પણ ખંભાતમાં સખત હાર ખમવી પડી, એટલે તે માળવા ચાલ્યો ગયો. ભોજદેવે સર્વ વૃત્તાંત જાણી સેનાપતિને જણાવ્યું કે, 'તેં પાટણમાં કોડીઓ દાટી તે ભૂલ કરી છે. આનું પરિણામ સ્પષ્ટ છે કે, એક દિવસ માળવાનું ઉઘરાણું ગુજરાતમાં જશે.' પછી ભોજદેવે કુલચંદ્રને એક કન્યા અને ધન આપી સુખી કર્યો. એક વાર ભીમ વેશપલટો કરી ધારાની સભામાં પહોંચી ગયો, પરંતુ ભોજદેવને ત્યારે તેની ખબર નહોતી પડી. એવી જ રીતે એક વાર ભોજદેવ અને ગુજરાતના સૈનિકોનો મુકાબલો થયો પરંતુ તેમાં ભોજદેવ અણિશુદ્ધ બચી ગયો હતો.

રાજા ભોજની સભામાં **કવીશ્વર ધનપાલ**, વિદ્યાપતિ, વરરુચિ,[1] **રાજશેખર બીજો** વગેરે વિદ્વાનો હતા. એ સભામાં **આ૦ મહેન્દ્રસૂરિ**, વાચનાચાર્ય **શોભન, આ૦ ચંદનાચાર્ય, આ૦ સૂરાચાર્ય, આ૦ વાદિવેતાલ શાંતિસૂરિ,** આ૦ અજિતસેન શિષ્ય **આ૦ જિનેશ્વરસૂરિ** વગેરે જૈનાચાર્યો પધાર્યા હતા. ભોજ આ૦ જિનેશ્વરનો (સં. ૧૦૫૨ થી ૧૧૧૨) ભક્ત હતો.

તે વિદ્વાનો અને વિદુષીઓને માન-સન્માન અને દાન આપતો હતો.

---

૧. ભારતમાં કાલિદાસ, વરરુચિ, વિદ્યાપતિ, રાજશેખર વગેરે નામવાળા કે બિરુદવાળા અનેક વિદ્વાનો થયા છે. કેટલાએક ઐતિહાસિક ઉલ્લેખોથી સમજી શકાય છે કે, વિક્રમની નવમી સદીમાં વૃદ્ધ ભોજ થયો, તેના સમયે કવિ માઘ, **આ૦ માનતુંગસૂરિ, અકાલદ રાજશેખર** વગેરે વિદ્વાનો થયા હતા.

સરસ્વતી કુટુંબની કન્યા તથા વિજયા વગેરે વિદુષીઓને તો તેણે પોતાની રાણી કે રખાત બનાવી હતી.

આ સમયમાં **નીલપટ** નામે એક નવો શૈવમત નીકળ્યો હતો. એક સ્ત્રી-પુરુષ સજોડે એક ધોતી પહેરી સાથે રહેતા હતા. આ મતમાં વામપંથની પ્રધાનતા હતી. ભોજપુત્રી તેની ભક્તા બની. ભોજે એ મતનો વૃત્તાંત જાણી તે પંથને માનનારા ૪૯ માણસોને મરાવી નાખ્યા અને તેમની સાથેની ૪૯ સ્ત્રીઓને ભગાડી મૂકી, આ મતનો નાશ કર્યો. (–પ્રબંધાવલી)

રાજમૃગાંક જ્યોતિષ, રાજમાર્તણ્ડ જયોતિષ, સરસ્વતી કંઠાભરણ, અલંકાર રાજમાર્તંડ, યોગશાસ્ત્ર, પૂર્તમાર્તંડ ધર્મશાસ્ત્ર, સમરાંગણ શિલ્પશાસ્ત્ર, ચમ્પૂ રામાયણ, શૃંગારમંજરી-કથા વગેરે ગ્રંથો ભોજદેવની રચના મનાય છે. આ ગ્રંથો તેના છે કે તેના નામે ચડેલા છે તેનો નિર્ણય થઈ શકે એમ નથી.

ભોજરાજ ગ્વાલિયરના રાજા નરવર્મની પુત્રી સુભદ્રાને રાધાવેધથી પરણવાની ઇચ્છાએ રાધાવેધ શીખતો હતો.

ભોજે એક વાર ધનુર્વિદ્યાનો અભ્યાસ કરતાં એક શિલાને વીંધી નાખી ત્યારે ત્યાં આવેલા એક વૃદ્ધ સરસ્વતી **બિરુદવાળા ચંદનાચાર્ય** એક શ્લોક બનાવીને બોલ્યા. ભોજદેવ તે સાંભળીને ખુશ થયો, પણ બીજી પળે જ તે શ્લોકના 'ધ્વસ્તા ધારા ધરિત્રી' પદનો બીજો અર્થ કલ્પીને ચિંતિતભાવે બોલ્યો કે, આપ શાસ્ત્રોના પારગામી છો છતાં આપે ધ્વસ્તા ધારા પ્રયોગ કર્યો જે ધારાના વિનાશની આગાહીરૂપ છે. કેમકે જૈન નિર્ગ્રંથોની વાણી કદાપિ અસત્ય હોતી નથી. સૂરાચાર્યે પણ એક પ્રસંગે ભોજદેવને એ જ શ્લોક સંભળાવ્યો હતો.

ભોજદેવે કરેલી અટકળ સાચી હતી. એક દિવસે કવિ કર્પૂરે ચેદીના **કરણદેવ**ની પ્રશંસાનું કાવ્ય બનાવ્યું; જેમાં તેણે કરણને બદલે વિધિની પ્રધાનતા વર્ણવી હતી, એટલે કવિને ઈનામ મળ્યું નહીં. હવે કવિએ કવિ નાચિરાજનું પ્રશંસાકાવ્ય બનાવ્યું. તેમાં વર્ણન હતું કે, સરસ્વતીની આંખો છે મુંજ અને ભોજ. તે ચાલ્યા જતાં સરસ્વતી આંધળી બની છે, પણ તેની ટેકા-લાકડી કવિ નાચિરાજ છે. નાચિરાજે આ સાંભળી **કવિ કર્પૂર**ને ઈનામ આપ્યું, પરંતુ રાજા કર્ણે આ શ્લોકમાંથી ભવિષ્યવાણી તારવી કે, કવિ કર્પૂર જીવતા ભોજને મરેલો લખે છે તેથી ભોજરાજ હવે મરી જશે એ નક્કી વાત છે. તેણે દૂત મોકલી ભોજરાજને કહેવરાવ્યું કે, 'ધારાનગરમાં તમારાં ૧૦૪ મંદિરો છે, ૧૦૪ ગીતપ્રબંધો છે, ૧૦૪ બિરુદો છે પણ હું ૧૩૬ રાજાઓનો સ્વામી છું. આપણે બંને દ્વન્દ્વયુદ્ધ, ચતુરંગ સેનાયુદ્ધ, વિદ્યાવાદ કે દાનસામર્થ્ય ખેલીએ; કાંતો તમે મને જીતીને ૧૦૫ બિરુદધારી બનો અને કાંતો હાર ખાઈને મને ૧૩૭ રાજાઓનો રાજેશ્વર બનાવો.'

ભોજદેવ હવે યુદ્ધપ્રિય રહ્યો નહોતો. તે વિલાસી બન્યો હતો. તેનો ખજાનો પણ ખાલી થવા આવ્યો હતો. તેણે યુદ્ધ ટાળવા કરણદેવ આગળ એક શરત મૂકી કે, 'હું ઉજ્જૈનમાં અને તમે કાશીમાં એક જ દિવસે એક જ મુહૂર્તમાં મંદિરનો પાયો નાખીએ અને એકેક મંદિર ૫૦ હાથનું બનાવીએ. જે રાજા તેમ કરીને પહેલો કળશ ચડાવશે તે વિજેતા મનાશે. પરાજિત રાજાએ એ કળશ ચડાવવાના ઉત્સવમાં હાથી ઉપર બેસી છત્ર-ચામર છોડી હાજર થવું.'

કરણદેવે આ શરત કબૂલ રાખી. તેણે તે પ્રમાણે કર્યું પણ ભોજરાજા તેના ઉત્સવમાં આવ્યો નહીં. આથી કરણદેવે કર્ણાટકના રાજા સોમેશ્વર વગેરેનો સાથ લઈ ધારા પર હલ્લો કર્યો. અને બીજી તરફ 'તમને માળવાનું અર્ધું રાજ્ય આપીશ.' એવી કબૂલાત આપી ભીમદેવને પણ ધારા ઉપર ચડી આવવા કહેણ મોકલ્યું. ભોજદેવ આ બંને તરફની ભીંસમાં મૂંઝાઈ ગયો. તેનું દિલ તૂટી ગયું અને સં. ૧૧૧૨માં મરણ પામ્યો. કરણ રાજાએ ધારાને લૂંટી ખજાનો હસ્તગત કર્યો અને તેમાંથી ભીમદેવને માત્ર ધર્મવિભાગ આપ્યો. આ યુદ્ધમાં ભીમદેવને માળવા તથા ગુજરાતની વચ્ચેનો પ્રદેશ મળ્યો.[૧]

ધારાનગરીના વિનાશ પછી અમુક સમય જતાં માંડવગઢ માળવાની રાજધાની બની હતી.

૭. જયસિંહ – (સં. ૧૧૧૨ થી ૧૧૧૮) તે સિંધુરાજનો બીજો પુત્ર હતો. તેના સેનાપતિ જગદેવે ગુજરાતના સૈન્યને હરાવ્યું હતું. (–જૈનદનો શિલાલેખ)

૮. ઉદયાદિત્ય – (સં. ૧૧૧૮ થી ૧૧૪૩) તે સિંધુરાજનો ત્રીજો પુત્ર હતો. તેને ત્રણ પુત્રો હતા. ૧ લક્ષ્મદેવ, ૨ નરવર્મ અને ૩ જયદેવ.

૯. લક્ષ્મદેવ – (સં. ૧૧૪૩ થી ૧૧૬૦).

૧૦. નરવર્મ – (સં. ૧૧૬૧ થી ૧૧૯૦) તે વિદ્વાન રાજા હતો. તે રાજગચ્છના આ૦ ધર્મઘોષ, આ૦ સમુદ્રઘોષ તથા આ૦ જિનવલ્લભને બહુ માનતો હતો. વારાહીના શ્રીમાલી યશોધવન ભંડારીના પુત્ર બાલકવિ બિરુદવાળા જગદેવે તેની સભામાં શૈવવાદીને હરાવ્યો હતો.

(–જૂઓ, પ્રક. ૩૨, પૃ. ૪૨૬-૪૨૭ તેમજ જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' પારા : ૩૭૪)

૧૧. યશોવર્મા – (સં. ૧૧૯૦ થી ૧૧૯૨) આ સમયે માળવા ગુજરાતને તાબે થયો.

---

૧. આ૦ મેરુતુંગ (સં. ૧૩૬૧), પં૦ શુભશીલગણિ (સં. ૧૪૦૦ પછી), રાજ-વલ્લભ (સોળમી સદી), પં૦ રત્નમંડનગણિ (સં. ૧૫૦૭) અને કવિ બલ્લાલ વગેરેએ મુંજદેવ તથા ભોજદેવનાં ચરિત્રો વિવિધ શૈલીથી આલેખ્યાં છે, તે દરેકમાં ઘણી વિગતો એકસરખી મળે છે.

૧૨. જયવર્મા – અજયવર્મા.

૧૩. લક્ષ્મીવર્મા – (સં. ૧૨૦૦) તે વિંધ્યવર્માનો ભાઈ હતો.

૧૪. હરિશ્ચંદ્ર – (સં. ૧૨૩૬).

૧૫. વિંધ્યવર્મા – તે હરિશ્ચંદ્રનો કાકો હતો. તેણે ગુજરાતથી સ્વતંત્ર થવા પ્રયત્ન કર્યો. રાજપુરોહિત કુમારે તેને પાછો કાઢ્યો અને તેનું ગોગા-ગામ દબાવ્યું.

૧૬. સુભટવર્મા – તેણે ગુજરાત પર ચડાઈ કરી, પર્વપર્વત (પાવાગઢ) પાસે યુદ્ધ થયું ને તે હારીને ચાલ્યો ગયો.

૧૭. અર્જુનવર્મા – (સં. ૧૨૬૭, સં. ૧૨૭૨) તેણે ગુજરાતમાં ભરૂચ સુધી પોતાની સત્તા જમાવી. ગુજરાતનો સામંત જયસિંહ તેની સામે ગયો પણ ભાગી આવ્યો. આથી સૌરાષ્ટ્રની સેનાએ જઈ રાજા અર્જુનવર્માને આગળ વધતો રોકી રાખ્યો.

૧. ચૌહાણ રાજાવલી (નાડોલ)

ચૌહાણો ચૌદશિયા આચાર્યના ભક્ત જૈનો હતા. કહ્યું છે કે –

''સીસોદિયા સાંડેસરા, ચૌદશિયા ચૌહાણ;
ચૈત્યવાસિયા ચાવડા, કુલગુરુ એહ પ્રમાણ.''

નાડોલ રાજ્યના ચૌહાણો પ્રાચીન કાળથી જૈનધર્મપ્રેમી હતા. આ૦ દ્રોણાચાર્ય, આ૦ સૂરાચાર્ય ચૌહાણો હતા અને નાડોલ તેમજ નાડલાઈ એ પ્રાચીન કાળથી જૈનોનું તીર્થધામ હતું. આજે પણ એ તીર્થસ્વરૂપ છે અને એ પ્રદેશમાં જૈનો વિદ્યમાન છે.

નાડોલના ચૌહાણોની રાજાવલી નીચે પ્રમાણે છે –

૧૩. વાક્પતિરાજ પહેલો – તેને ત્રણ પુત્રો હતા.

૧૪. લક્ષ્મણરાજ – (સં. ૧૦૨૪ થી ૧૦૨૯) શાકંભરીનો લક્ષ્મણ ચૌહાણ આજીવિકા માટે પરદેશ જતો હતો ત્યારે એક રાતે નડૂલની બહાર તળાવના કાંઠે દેવાલયમાં રહ્યો. એ સમયે નડૂલમાં બ્રાહ્મણો વસતા હતા. મેવાડીઓ નડૂલમાં આવી અવારનવાર ધાડ પાડીને લૂંટતા હતા. આથી લક્ષ્મણ ચૌહાણે તેઓને મારી ભગાડી નાડોલનું રક્ષણ કર્યું. આ કારણે બ્રાહ્મણોએ તેને બહાર ગામ જતાં અહીં રોકી રાખ્યો. લક્ષ્મણ ચૌહાણે આસપાસનો પ્રદેશ જીતી લઈ નાડોલનું રાજ્ય સ્થાપ્યું. તે અહીં એક જૈન શેઠની પુત્રીને પરણ્યો. તેનાથી તેને આસલ વગેરે ત્રણ પુત્રો થયા. આ જૈન રાણીનો પરિવાર ઓસવાલ બન્યો અને તેમનું ભંડારીગોત્ર બન્યું.

૧૫. શોભિજ.

૧૬. બલિરાજ – રાજા મુંજનો સમકાલીન.

૧૭. વિગ્રહપાલ – તે લક્ષ્મણનો પુત્ર હતો.

૧૮. મહેંદ્ર – તે હથુંડીના રાજા ધવલની મદદથી રાજા બન્યો. (જૂઓ, પ્રક. ૩૪, પૃ. ૪૯૩)

૧૯. અણહિલ્લ[1] – તેને અહિલ નામે ભત્રીજો હતો.

૨૦. બાલપ્રસાદ – ભીમદેવ અને ભોજરાજનો સમકાલીન.

૨૧. જયેંદ્ર – તેનું બીજું નામ જિંદ હતું.

૨૨. પૃથ્વીપાલ – રાજા કરણનો સમકાલીન, પુત્ર રત્નપાલ.

૨૩. જોજ્જલ – (સં. ૧૧૪૭) તેનું બીજું નામ જોજક હતું.

૨૪. અશ્વરાજ – (સં. ૧૧૬૭ થી ૧૨૦૦) તે જિંદનો પુત્ર હતો. તે રાજા સિદ્ધરાજનો સામંત હતો ત્યારે યુવરાજ કટુક, મંત્રી યશોવીર (જૂઓ; પ્રક. ૪૧, પૃ. ૬૭૭), મંત્રીપૌત્ર થલ્લક વગેરે હયાત હતા. એ વખતે યુવરાજોનું ભુક્તિનગર સેવાડી હતું.

૨૫. રાયપાલ – (સં. ૧૧૮૯ થી ૧૨૦૨) તે રાજા પૃથ્વીપાલના પુત્ર રત્નપાલનો પુત્ર હતો. તેની પત્ની મીનલદે તથા પુત્રો રુદ્રપાલ અને અમૃતપાલે સં. ૧૧૮૯માં નાડુલાઈ તીર્થમાં દાન કર્યું હતું.

૨૬. કટુકરાજ – (સં. ૧૨૦૦ થી ૧૨૦૯) તે રાજા અશ્વરાજનો યુવરાજ હતો ત્યારે તેણે સં. ૧૧૭૨માં સેવાડીના ભ૦ મહાવીરસ્વામીના દેરાસરને દર સાલ ૮ દ્રમ્મનો ખર્ચ બાંધી આપ્યો. તે જૈનધર્મપ્રેમી હતો, તેને સામંતસિંહ નામે યુવરાજ હતો. (જૂઓ, પ્રાચીન જૈન લેખ સંગ્રહ, ભા. ૨, લે. ૩૨૩-૩૨૪)

૨૭. **આહ્‌લણદેવ** – (સં. ૧૨૦૯ થી ૧૨૧૮) તે કટુકરાજનો નાનો ભાઈ હતો. રાજગચ્છના આ૦ ધર્મઘોષનો તે ઉપાસક હતો. તેને આહ્‌લણદેવી નામે પત્ની તથા કેહ્‌લણ, ગજસિંહ વગેરે પુત્રો હતા. તેને કુમારપાલનું

---

૧. પિતાની હયાતીમાં જ રાજકુમારો પણ રાજા મનાતા હતા, એ હિસાબે આ રાજાવલીમાં નામો વધેલાં છે. વાસ્તવમાં નાડોલના ચૌહાણોમાં અનુક્રમે – ૧૩. વાક્‌પતિ, ૧૪. લક્ષ્મણ, ૧૭. વિગ્રહ, ૧૮. મહેંદ્ર, ૧૯. અણહિલ્લ, ૨૧. જિંદ, ૨૪. અશ્વરાજ, ૨૬. કટુકરાજ, ૨૭. આહ્‌લણ, ૨૮. કેહ્‌લણ, ૨૯. જયંતસિંહ રાજાઓ થયા હતા એમ સેવાડી વગેરેના શિલાલેખોમાં ક્રમ મળે છે.

'પુરાતન પ્રબંધ સંગ્રહ' (પૃ. ૧૦૧-૧૦૨)માં નાડોલની રાજાવલી નીચે પ્રમાણે બતાવી છે – વાસુદેવ, નરદેવ, વિક્રમ, વલ્લભરાજ, દુર્લભરાજ, ચાંદન, ગોઊ, અજયરાજ, વીધરા, સિંધરા, ૧૪ રાવલ લાખણ, બલિરાજ, સોહી, માહિંદ, અણહિલ, જિંદરાજ, આસરાજ, આલ્હણ, કીતૂ (કીર્તિપાલ), સમરસિંહ, ઉદયસિંહ, ચાચિગદેવ, સામંતસિંહ, કાન્હડદેવ ઇત્યાદિ.

અમારિશાસન સાંભળી સં. ૧૨૦૯ના માહ વદિ ૧૪ ને શનિવારે કિરાડુ વગેરે ત્રણ ગામોમાં ૮, ૧૧, ૧૪ તિથિઓ માટે **અમારિશાસન** પ્રવર્તાવ્યું હતું, જેમાં રાજા અને ઉપર્યુક્ત બંને રાજકુમારોએ સહી કરેલી છે. રાણી **આનલદે** રાષ્ટ્રકૂટ સહુલની પુત્રી હતી. તેણે સં. ૧૨૨૧ના માહ સુદિ ૨ના રોજ સાંડેરાવના જૈન મંદિરમાં ભ૦ મહાવીરસ્વામીના જન્મોત્સવ માટે વાર્ષિક લાગો આપ્યો હતો.

(જિનવિજયજી, પ્રા. જૈ. લે. સં. ભા. ૨, લેખાંક : ૩૪૬, ૩૪૯)

૨૮. કેહ્લણદેવ – (સં. ૧૨૨૧ થી ૧૨૪૯) તે રાજા આહ્લણનો મોટો પુત્ર હતો. રાજા કુમારપાલનો પ્રીતિપાત્ર હતો. રાજગચ્છના આ૦ સાગરચંદ્રના ઉપદેશથી તે જૈન બન્યો હતો.

તેને માતા આહ્લણદે, રાણી જહ્લણા, પુત્રો કીર્તિપાલ, લાખણપાલ, અભયપાલ, મોઢલદેવ અને જયંતસિંહ તેમજ શૃંગારદેવી (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૧૧૫) નામે પુત્રી હતી. વાલ્હણ નામે મહામાત્ય હતો. તે સૌ જૈનધર્મ-પ્રેમી હતા.

તેણે પિતાના રાજ્યમાં ૮, ૧૧, ૧૪ની તિથિઓમાં અમારિ પ્રવર્તાવી હતી. માંસનું બલિદાન સદંતર બંધ કરાવ્યું હતું. તે આજ્ઞાનો ભંગ કરનાર પ્રત્યે સખત વલણ દાખવતો. (જૂઓ, પ્રભાવકચરિત્ર, હેમપ્રબંધ, મુંબઈ ગેઝેટિયર ગ્રં. ૧, ભા. ૧, પૃ. ૧૯૩)

રાણી જહ્લણાદેવીએ સં. ૧૨૩૬માં ભ૦ પાર્શ્વનાથના દેરાસરમાં સ્તંભ કરાવી આપ્યો, સાલિયાણું પણ બાંધી આપ્યું. રાજકુમાર મોઢલે સં. ૧૨૪૧માં ઘંઘાણક (ઘંઘાણી) તીર્થના ભ૦ મહાવીરસ્વામીના દેરાસરની સાલગીરા માટે જકાત આવકમાંથી ખર્ચ બાંધી આપ્યો.

(પ્રાચીન જૈ. લે. સં. ભા.૨, લેખાંક : ૩૪૬ થી ૩૫૦, ૪૨૪ થી ૪૩૦)

તેને કીર્તિપાલ નામે પુત્ર હતો (લેખાંક : ૩૪૭, ૩૪૮). કોઈ કોઈ તેને તેનો ભાઈ માને છે. કીર્તિપાલ જાલોરનો રાજા બન્યો, આથી એનો વંશ સોનગરા ચૌહાણ કહેવાયો.

૨૯. જયંતસિંહ – (સં. ૧૨૪૯ થી ૧૨૫૧) તેની પરંપરામાં રાજા ધાંધલદે (સં. ૧૨૬૫ થી ૧૨૮૩) થયો હતો.

૨. ચૌહાણ રાજાવલી (જાલોર સોનગિરા)

૨૭. આહ્લણદેવ – (સં. ૧૨૦૯ થી ૧૨૧૮) તે નાડોલનો રાજા હતો. તેને કેહ્લણદેવ, ગજસિંહ અને કીર્તિપાલ એ ત્રણ પુત્રો હતા. શિલાલેખો (નં. ૩૪૭, ૩૪૮)માં કીર્તિપાલને રાજા કેહ્લણનો પુત્ર બતાવ્યો છે. કીર્તિપાલ જાલોર ગયો અને ત્યાંનો રાજા બન્યો.

૨૮. **કીર્તિપાલ** – (સં. ૧૨૩૬ થી ૧૨૩૯).

૨૯. **સમરસિંહ** – (સં. ૧૨૩૯ થી ૧૨૬૨) તેણે જાલોર-સોહનગઢ સમરાવ્યો ત્યારથી તેના વંશજો સોનગિરા ચૌહાણ કહેવાયા. તેના ભંડારી પાર્શ્વવીરના પુત્ર યશોવીર તથા અજયપાલ મંત્રી હતા. (જૂઓ, પ્રક. ૪૫, પૃ. ૩૭૬-૩૭૭) સમરસિંહના બીજા પુત્ર મહણસિંહના વંશજો આબૂના અને પછી સિરોહીના રાજા બન્યા. તેની પુત્રી લીલાદેવી રાજા ભીમદેવની રાણી બની હતી.

૩૦. ઉદયસિંહ – (૧૨૬૨ થી ૧૩૦૬) તેના ખજાનાનો મંત્રી યશોવીર શિલ્પશાસ્ત્રનો મોટો જાણકાર હતો. (જૂઓ, પ્રક. ૪૫, પૃ. ૩૭૭ થી ૩૭૯)

દુઃસાધવંશનો ઉદયસિંહ અને તેનો પુત્ર યશોવીર પણ આ રાજાના માનીતા જૈન મંત્રીઓ હતા. તેમણે અનેક સ્થળે જિનમંદિરો બંધાવ્યાં હતાં.

(જૂઓ, ભાગ-૩, પ્રક. ૪૫, પૃ. ૩૮૧-૩૮૨)

૩૧. **ચાચિગદેવ** – (સં. ૧૩૦૯ થી ૧૩૩૪) તેણે સં. ૧૩૨૧ના ચૈત્ર વદિ અમાવસ્યા ને સોમવારે અથવા સં. ૧૩૨૬માં સેવાડી પાસે કરેડા ગામમાં ભ૦ પાર્શ્વનાથના દેરાસરમાં પૂજા માટે લાગો બાંધી આપ્યો તેમજ સં. ૧૩૩૩ ના આસો સુદિ ૧૪ ને સોમવારે થારાપદ્રગચ્છના આ૦ પૂર્ણચંદ્રના ઉપદેશથી તેમની નિશ્રામાં ભ૦ મહાવીરસ્વામીના મંદિરમાં યાત્રા-ઉત્સવ માટે દર સાલ અનાજ તથા દ્રમ્મોનો લાગો બાંધી આપ્યો, જેમાં મંત્રી ગજસિંહ અને તે દેશના વહીવટદાર તેમજ કર્મસિંહનાં નામો છે.

(-પ્રાચીન જૈ.લે.સં. ભા. ૨, લેખાંક : ૩૩૦; જૈ.સ.પ્ર. ક્રમાંક : ૧૧)

૩૨. સામંતસિંહ – (સં. ૧૩૩૮ થી ૧૩૫૩).

૩૩. **કાન્હડદે** – અલાઉદ્દીન ખિલજીએ સં. ૧૩૬૬માં જાલોરમાં લડાઈ કરી તેમાં આ કાન્હડદે અને વીરમદે માર્યા ગયા હતા. પદ્મનાભ કવિએ સં. ૧૫૧૨માં તેના વિશે 'કાન્હડદે પ્રબંધ' રચ્યો હતો.

૩૪. માલદેવ – તે કાન્હડદેનો નાનો ભાઈ હતો.

૩૫. વણવીર. ૩૬. રણવીર.

૩. ચૌહાણ રાજાવલી (સિરોહી)

૩૨. સમરસિંહ – સં. ૧૨૩૯ થી ૧૨૬૨.

૩૩. **મહણસિંહ** – તે આબૂનો રાજા થયો.

૩૪. પ્રતાપમલ.

૩૫. વીજડ – સં. ૧૩૩૩. તેનાં બીજાં નામો વીરમદે અને દશરથ હતાં. તેને લુણિગ, લૂંઢ, લક્ષ્મણ અને લૂણવર્મા નામે પુત્રો હતા.

૩૬. **લુંભાજી** – સં. ૧૩૩૭ થી ૧૩૭૮. તેનાં બીજાં નામો લૂંઢ, લુંભ, લુંભો, લાલિગ વગેરે હતાં.

૩૭. તેજસિંહ – તેના સમયે સં. ૧૩૭૮માં આબૂ ઉપર શા૦ લાલિગ, વીજડ વગેરે દ્વારા વિમલવસહીનો જીર્ણોદ્ધાર થયો (જૂઓ, પ્રક. ૩૭, પૃ. ૨૪૧) અને તેજસિંહના ભાઈ તિહુણકે વશિષ્ઠનું મંદિર બંધાવ્યું.

૩૮. **કાન્હડદે** – સં. ૧૩૯૩ થી ૧૪૦૦.

૩૯. સામંતસિંહ.

૪૦. સલખણ.

૪૧. મહારાવ રણમલ્લ.

૪૨. શિવભાણ – તેણે સં. ૧૪૬૨માં કિલ્લા સાથે સિરણવાવ ગામ વસાવ્યું.

૪૩. **સહસ્રમલ્લ** – તેણે સં. ૧૪૮૨ના વૈશાખ સુદિ ૨ના દિવસે સિરણવાવ **પાસે સિરોહી વસાવ્યું.** તે તપા. આ૦ શ્રી મુનિસુંદરસૂરિનો ભક્ત હતો.

(જૂઓ, ભા. ૩, પ્રક. ૫૧, પૃ. ૫૧૫)

૪. ચૌહાણ રાજાવલી (શાકંભરી-અજમેર)

૧૩. વાક્પતિરાજ પહેલો – તેને ત્રણ પુત્રો હતા.

૧૪. સિંહરાજ – સં. ૧૦૧૩.

૧૫. વિગ્રહરાજ બીજો – સં. ૧૦૩૦.

૧૬. તેનો ભાઈ દુર્લભરાજ.

૧૭. તેનો ભાઈ ગોવિંદ.

૧૮. વાક્પતિરાજ બીજો.

૧૯. વીર્યરાજ – સં. ૧૦૮૨.

૨૦. તેનો ભાઈ ચામુંડ.

૨૧. દુર્લભરાજ (રાજા કરણનો સમકાલીન).

૨૨. વિગ્રહરાજ ત્રીજો.

૨૩. પૃથ્વીરાજ પહેલો.

૨૪. **અજયદેવ** – તેણે **અજમેર** વસાવ્યું.

૨૫. અર્ણોરાજ – તેને પુત્ર જગદેવે સં. ૧૨૦૮માં મારી નાખ્યો.

૨૬. જગદેવ.

૨૭. વિગ્રહરાજ ચોથો – સં. ૧૨૧૨ થી ૧૨૨૦.

૨૮. અમરગંગ.

૨૯. પૃથ્વીરાજ બીજો.

૩૦. **સોમેશ્વર** – સં. ૧૨૨૬ થી ૧૨૩૬. તે અર્ણોરાજ-કંચનદેવીનો પુત્ર અને સિદ્ધરાજનો દૌહિત્ર હતો.

૩૧. **પૃથ્વીરાજ ચૌહાણ ત્રીજો** – સં ૧૨૩૬ થી ૧૨૪૯. તેને શહાબુદ્દીન ઘોરીએ સં. ૧૨૪૬માં મારી નાખ્યો.[૧]

૩૨. હરિરાજ – તે સોમેશ્વરનો બીજો પુત્ર હતો.

ચૂડાસમા રાજાવલી (જૂનાગઢ)

ઇતિહાસ કહે છે કે, ગુજરાતના ચાવડા ચાંચિયાપણું કરતા હતા પણ વનરાજ ચાવડાએ તેને સદંતર બંધ કરાવ્યું.

સોરઠના ચૂડાસમાની ગાદી ગિરનારની તળેટીમાં જૂનાગઢમાં હતી. તેઓ પણ ગિરનાર, કોડિનાર અને સોમનાથના યાત્રિકોને લૂંટતા અને રંજાડતા હતા. દરિયાના વેપારી વહાણોને લૂંટવાની ચાંચિયાગીરી કરતા. તેઓ માંસ ખાતા, દારૂ પીતા, વ્યભિચાર કરતા અને સ્ત્રીઓની લાજ લૂંટતા હતા. તેમના પાશવી જીવનનો ચિતાર 'દ્વ્યાશ્રયમહાકાવ્ય'માંથી જાણવા મળે છે. તેઓ યાદવ હતા પરંતુ આ ધંધાથી આભીર કહેવાતા હતા.

કચ્છનો રાવ અને સિંધના મ્લેચ્છો તેમના સાગરીત હતા. મોટા ભાગે લૂંટારા રાજા માટે તિરસ્કારસૂચક 'હમ્મીર' શબ્દ વપરાય છે.

ચૂડાસમાનો રાજવંશ નીચે પ્રમાણે જાણવા મળે છે –

૧. **હમ્મીર** – તેણે સં. ૮૯૦ લગભગમાં ગોંડલના સંઘપતિ ધારશીના સંઘને યાત્રા કરતાં રોક્યો અને તેના પુત્રો અને સુભટોને મારી નાખી ધન લૂંટી લીધું. આથી આ૦ બપ્પભટ્ટિ અને રાજા નાગાવલોકે અહીં આવ્યા ત્યારે ગિરનાર તીર્થ પહેલાંની જેમ શ્વેતાંબર જૈનોને અપાવ્યું.

(જૂઓ, પ્રક. ૩૨, પૃ. ૪૪૦-૪૪૧)

૨. મૂળરાજ.

૩. વિશ્વવરાહ (ધરણીવરાહ).

૪. **ગ્રહરિપુ** – તેણે સં. ૯૯૬ લગભગમાં એક યાત્રાસંઘને લૂંટવા ધાર્યું પણ આ૦ બલિભદ્રસૂરિની વિદ્યાથી તેને તેમની આગળ નમવું પડ્યું. તેને માફી માગી અને સંઘે નિર્ભયપણે યાત્રા કરી. (જૂઓ, પ્રક. ૩૪, પૃ. ૪૭૬ થી ૪૭૮)

રા. સા. **મહીપતરામ નીલકંઠ** લખે છે કે, 'સોરઠનો રાજા ગ્રહરિપુ પ્રભાસ-પાટણની યાત્રાએ જનારને લૂંટવા લાગ્યો. ગૂર્જરપતિએ તેને સજા કરવાને ચડાઈ કરી. એ સમયે કચ્છનો રાજા લાખો તથા કેટલાક મિત્ર અને માંડલિક રાજા સોરઠના રાજાની કુમકે ગયા, તેથી તેની કને જબરું લશ્કર થયું. મૂળરાજે તેનો પરાજય કર્યો. ગ્રહરિપુ અને લાખો રણમાં પડ્યા.'

(-ગુજરાતનો સંક્ષિપ્ત ઇતિહાસ, પૃ. ૧૧)

---

૧. જૂઓ, દિલ્હીના મુસલમાન બાદશાહોનો ઇતિહાસ – પ્રક. ૪૪, પૃ. ૪૩-૪૪.

૫. કવાત – સં. ૧૦૩૮.

૬. રા' દયાલ – સં. ૧૦૫૯.

૭. નવઘણ પહેલો – સં. ૧૦૮૦.

૮. ખેંગાર – સં. ૧૧૦૦. તે એક દિવસે શિકારમાં ભૂલો પડ્યો. તેને એક ચારણને માર્ગ પૂછ્યો. ચારણે સાફ સાફ સંભળાવ્યું કે, જીવદયા એ જ ઉત્તમ માર્ગ છે. રા'એ ખુશ થઈ તેને ગરાસ આપ્યો.

૯. નવઘણ બીજો – સં. ૧૧૨૩.

૧૦. **રા'ખેંગાર** – તેણે પાટણના ધનાઢ્ય યાત્રાસંઘને લૂંટવાનો ઈરાદો કર્યો. તેમાંથી તેને પુષ્કળ ધન અને સોના-ઝવેરાતના દાગીના મળવાની મોટી આશા હતી. તેણે ત્યાં સંઘપતિને એક દિવસ વધુ રોક્યો પણ રાજમહેલમાં એ જ રાતે અચાનક મોટું મરણ થયું. **મલધારી આ૦ હેમચંદ્રસૂરિ** રાજાનું મન કળી ગયા. તેમણે આ મરણના બહાનાથી રાજમહેલમાં જઈ રા'ને ઉપદેશ આપ્યો અને રા'ને નીતિના માર્ગે વાળ્યો. **રાજા સિદ્ધરાજને** જ્યારે ખબર મળી ત્યારે તેને સોરઠ ઉપર ચડાઈ કરી અને રા'ખેંગારને જીવતો પકડી પાંજરામાં પૂર્યો અને કાયમને માટે એ પાશવીલીલાનો અંત આણ્યો. (જૂઓ, પ્રક. ૩૮, પૃ. ૨૭૭)

(આ૦ ચંદ્રસૂરિકૃત 'મુણિસુવ્વયચરિય' પ્ર. ૩૮)

૧૧. નવઘણ ત્રીજો – સ્વ. સં. ૧૧૯૬.

૧૨. રા' કવાત – સ્વ. સં. ૧૨૦૮.

૧૩. રા' જયસિંહ – સ્વ. સં. ૧૨૨૮.

૧૪. રાયસિંહ.

૧૫. મહીપાલ – સં. ૧૨૩૧ થી ૧૨૫૨.

૧૬. **જયમલ** – સં. ૧૨૫૨ થી ૧૨૮૬.

૧૭. **રા' મેહવો** – જેનાં બીજાં નામો રા'મહીપાલ અને રા'માંડલિક પણ મળે છે.

તપાગચ્છના **આ૦ લક્ષ્મીસાગરસૂરિ** (સં. ૧૪૭૦ થી ૧૪૯૬) બાલ મુનિ હતા ત્યારથી જ બોલવામાં ચતુર હતા. તેમણે **રા'મહીપાલને** રંજિત કર્યો હતો. રા'મહીપાલ તપાગચ્છના **આ૦ સોમદેવસૂરિ**ની સમસ્યાપૂર્તિની કલાથી પણ ઘણો ખુશ હતો.

રા'મહીપાલે વૃદ્ધ તપાગચ્છના **આ૦ રત્નસિંહસૂરિ**ના ઉપદેશથી પાંચમ, આઠમ, અગિયારસ, ચૌદશ, પૂનમ, અમાવસ્યા એ છ પર્વતિથિઓની અમારિ પ્રવર્તાવી હતી. એ સંબંધી સં. ૧૫૦૭ ના માહ સુદિ ૮ ને ગુરુવારનો શિલાલેખ ગિરનારના ઉપરકોટમાં વિદ્યમાન છે.

(મો. દ. દેસાઈનો જૈનસાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, પારા : ૭૧૯)

રા'મહીપાલે આ૦ રત્નસિંહસૂરિના ઉપદેશથી ગિરનારતીર્થમાં ભ૦ નેમિનાથના **જિનપ્રાસાદ**ને સોનાના પતરાંથી મઢાવ્યો. તેનો શિલાલેખ ગિરનાર પર છે, તેમાં આ પ્રકારે ઉલ્લેખ છે –

वंशेऽस्मिन् यदुनामकाम्बरपतेरत्युग्रशौर्यावले-
रासीद् राजकुलं गुणौघविपुलं श्रीयादवख्यातिमत् ।
अत्राभून्नृपमण्डलीनतपदः श्रीमण्डलिकः क्रमात्
प्रासादे गुरुहेमपत्रततिभिर्योऽचीकरन्नेमिनः ॥९॥

આ૦ રત્નસિંહસૂરિના પટ્ટાભિષેકના ઉપલક્ષમાં જૂનાગઢ-ઉપરકોટનો **અમારિ-શિલાલેખ** આ પ્રકારે છે –

स्वस्तश्रीसंवत् १५०७ वर्षे माघसप्तमीदिने गुरुवारे श्रीराणाजीमेलगदेसुत–राउलश्रीमहिपालदेसुत-श्रीमण्डलिकप्रभुणा सर्वजीवकरुणातत्परेण औदार्यगाम्भीर्य–चातुर्यशौर्यादिगुणरत्नरत्नसिंहसूरिणां **पट्टाभिषेकावसरे** स्तंभतीर्थवास्तव्य सा० देवासुत–हांसासुतराजकुलीन.. समस्तजीवाभयदानकरण...कारकेन पञ्चमी-अष्टमी-चतुर्दशीदिनेषु सर्वजीव**अमारिः कारिता** । राजा..... नन्तरं सिंहासनोपविष्टेन श्रीमंडलिकराजाधिपेन श्रीअमारि प्रागूलिखितस्वहस्तलिखितश्रीकरिसहितं समर्थितम् । पुरापि एकादशी–अमावस्ये पाल्यमाने स्तः । संप्रति एतेषु पञ्चमी-अष्टमी-एकादशी-चतुर्दशी-अमावस्यादिनेषु राजाधिराजश्रीमंडलिकेन सर्वश्रेयःकल्याणकारिणी सर्वदुरितदुर्गोपसर्गनिवारिणी सर्वजीवअमारि कार्य...चिरं विजयताम् ॥

આ લેખ પછી રા'માંડલિકની પ્રશંસા સંસ્કૃતમાં લખેલી છે. તેની નીચે પંદર લીટીમાં ગુજરાતી શિલાલેખ આ પ્રકારે છે –

(૧) પ્રથમ શ્રેય જગતિ જીવ તર્પવા સહી,
(૨) બીજા લોક સમસ્તિ જીવ ન વિણાસવા,
(૩) લાવકમાર (લવરાં માર) અનિ ચિડીમાર
સિંચાણકરહિં વિ આહેડાં ન કરવા કરિવા ।
(૪) મોર ન મારિવા ।
(૫) બાબર ખાંટ તુરક એહે દહાડે જી: કોઇ
ન વિણાસઇ, જે મારસિ વધ નિમ લેસિ ।
(૬) કુંભકાર પંચ દિન નિભાડ ન કરઇ ।
(૭) જી કોઇ દીણિ એણવિ આણાભંગ કરઇ, એ હણીઇ, રા'માંડલિક-નાથાણી આણા સવ કણઇ પાલવી, તેહનઇ ગુણ ઘણા હોસિઇ, જિ કો જન ચુકઇ એ દોષની તે હણઇ, અમારિ પ્રવર્તાવણહાર શ્રીમંડલિક પ્રભુકઇ આશાતણાઇ છઇ ।

(–આ૦ વિજયવલ્લભસૂરિ સ્મારકગ્રંથ, હિંદી વિભાગ, પૃ. ૧૩૫)

૧૮. રા'ખેંગાર.

૧૯. રા'મંડલિક – તે સં. ૧૩૧૬માં રાજા થયો. તેણે નરસિંહ મહેતા અને નાગબાઈ ચારણી વગેરેને ઘણો ત્રાસ આપ્યો હતો. રાજવીને ન છાજતા આવા વર્તનથી તે પ્રજાનો પ્રેમ ગુમાવી બેઠો. તેણે ઝાલાવાડના એક રાજ્યના દીવાન ભોજાશાહનું અપમાન કર્યું તેથી તે દીવાન તેનો બદલો લેવા માટે મહમ્મદ સુલતાનને બોલાવી લાવ્યો. (અંચલગચ્છની મોટી ગુજરાતી પટ્ટાવલી, પૃ. ૯૯)

સુલતાન મહમ્મદે પોતાના પુત્ર અહમદને સૌરાષ્ટ્ર ઉપર મોકલ્યો. તેણે દ્વારકાના રાજા ભીમને માર્યો. રા'મંડલિકને જીવતો પકડી લઈ મુસલમાન બનાવ્યો અને તેને ખાનજહાન નામ આપી અમદાવાદ લઈ ગયો અને આખર સુધી ત્યાં જ રાખ્યો. ખાનજહાન અમદાવાદમાં મરણ પામ્યો. તેની કબર અમદાવાદ શહેરના મુખ્ય બજારમાં છે. (–રા. મ. ૩. નીલકંઠે સને ૧૮૬૭ માં લખેલો ગુજરાતનો સંક્ષિપ્ત ઇતિહાસ, આવૃત્તિ : ૬, પૃ. ૨૪, ૨૫)

★ ★ ★

નીના પોરવાડનો મંત્રીવંશ

શ્રીમાલનગરમાં **નરસિંહ પોરવાડ** હતો. તેણે એક દિવસે કાલિકાના દેરામાં બેસી હજામત કરાવી, એટલે દેવીએ તેને કોઢિયો બનાવ્યો. આ૦ **ઉદયપ્રભ-સૂરિએ** તેને કોઢ રોગથી મુક્ત કર્યો અને જૈનધર્મપ્રેમી બનાવ્યો. તેને નાનાગ નામે પુત્ર હતો, જેનું બીજું નામ નીનો શેઠ હતું. સં. ૭૯૫.[૧]

(અંચલગચ્છની મોટી ગુજરાતી પટ્ટાવલી)

પટણાના મંત્રી કલ્પકે મગધના નંદરાજ્યને મંત્રીવંશ આપ્યો તેવી જ રીતે નીનાએ ગુજરાતના ચાવડા તેમજ સોલંકી રાજાઓને ઉદાત્ત અને ધીર એવો મંત્રીવંશ આપ્યો હતો.

ઠક્કુર નીનો શ્રીમાલનગરમાં રહેતો હતો. તે શ્રીમાલનગરથી નીકળેલા **પોરવાડવંશનો** હતો. તેને એક દિવસે લક્ષ્મીદેવીએ પ્રગટ થઈને જણાવ્યું, 'તારો અભ્યુદય **ગાંભૂ** નગરમાં જવાથી થશે.' એટલે તે ગાંભૂમાં આવીને વસ્યો, ત્યાં તે સંપન્ન થયો.

રાજા વનરાજ ચાવડાએ પાટણ વસાવી ગુજરાતના રાજ્યની સ્થાપના કરી હતી. તે યોગ્ય પુરુષોને બોલાવીને પાટણમાં વસવાટ આપતો. તેણે નીના શેઠને ઉત્તમ પુરુષ લેખી પાટણમાં સપરિવાર વસવા આમંત્રણ આપ્યું. આથી તે પોતાનો પરિવાર લઈ પાટણ આવીને વસ્યો. તે વિદ્યાધરગચ્છનો જૈન હતો. તેણે પાટણમાં

---

૧. નીના શેઠે પોતાની માતા નારંગદેવીની યાદમાં નારંગપુર વસાવી, તેમાં સં. ૮૩૬માં નાડોલગચ્છના આ૦ ધર્મસૂરિના હાથે ભ૦ પાર્શ્વનાથનું દેરાસર બનાવી પ્રતિષ્ઠા કરાવી.

જાલ્યોદ્ધારગચ્છ–વિદ્યાધરગચ્છનું ભ૦ ઋષભદેવનું દેરાસર બંધાવ્યું. રાજા વનરાજ તેને પિતા સમાન માનતો અને સન્માનતો હતો.

લહીર –

લહીરનાં બીજાં નામો લહર અને લહરધર પણ મળે છે. તે પાટણનો દંડનાયક હતો. તે હાથીઓની પરીક્ષા કરવામાં નિપુણ હતો. એક દિવસે તે ઉત્તમ પ્રકારના ઘોડાઓ લઈ શ્રેષ્ઠ પ્રકારના હાથીઓ લેવા વિંધ્યાચલ ગયો. તે જ્યારે હાથીઓ લઈ ગુજરાત આવતો હતો ત્યારે શત્રુ રાજાઓએ તે હાથીઓ ખૂંચવી લેવા તેની સાથે યુદ્ધ ખેડ્યું પરંતુ લહીરે વિંધ્યવાસિની દેવીની[1] કૃપાથી શત્રુઓને મારી હઠાવ્યા. વનરાજ ચાવડાએ લહીરને સાંડેર[2] ગામ **ઈનામમાં** આપ્યું. લહીરે સાંડેરમાં મંદિર બનાવી તેમાં વિંધ્યવાસિની દેવીની સ્થાપના કરી અને તે દેવીનું નામ 'ઘણુહાવી' રાખ્યું. તેને લક્ષ્મીદેવી અને સરસ્વતી દેવી બંને પ્રસન્ન હતાં. લક્ષ્મીએ તેને પ્રસન્ન થઈ વિત્તપટયંત્ર આપ્યો અને લહીરે તે પટને ટંકશાળામાં સ્થાપન કર્યો, તેમજ લક્ષ્મીદેવીને મુદ્રાઓમાં (ચલણી નાણામાં) સ્થાપન કરી. એની પરંપરામાં બે-એક પેઢી પછી મંત્રી વીર થયો. વચલી બે-એક પેઢીનાં નામો મળતાં નથી. લહીરનો પૌત્ર, પ્રપૌત્ર લહધર અને તેનો પુત્ર વીર હશે. પાછળના લેખકોએ નામસામ્યથી તે બંનેને એક ગણી લીધા લાગે છે. મંત્રી વીરની વંશપરંપરા નીચે મુજબ મળે છે –

૧. વીર મહત્તમ – તે સોલંકી રાજા મૂળરાજ, ચામુંડરાજ, વલ્લભરાજ અને દુર્લભરાજનો મહામાત્ય હતો. તેને વીરમતી નામે પત્ની હતી. નેઢ, વિમલ અને ચાહિલ્લ એમ ત્રણ પુત્રો હતા. તે વડગચ્છના આચાર્ય વિમલચંદ્રસૂરિનો શિષ્ય (ભક્ત) હતો તેમજ આ૦ વીરગણિનો પણ ભક્ત હતો (જૂઓ, પ્રક. ૩૪, પૃ. ૫૮૫). તે મંત્રી હોવા છતાં અંતરંગથી વૈરાગી હતો. પાછલી વયમાં તેણે દીક્ષા લીધી હતી અને સં. ૧૦૮૫માં સ્વર્ગગમન કર્યું.

૨. **નેઢ** અને **વિમલ** – એ બંને સરસ્વતી અને લક્ષ્મીના નિવાસસ્થાન જેવા હતા. તેમને **વાહિલ** નામે ત્રીજો ભાઈ હતો એમ આ૦ રાજશેખરસૂરિ બતાવે છે. નેઢ ગુજરાતના રાજા પ્રથમ **ભીમદેવ**નો મહામાત્ય હતો અને વિમલ દંડનાયક હતો.[3] મંત્રી વિમલે ભારતની શિલ્પકલાને અમર બનાવી તેથી ઇતિહાસમાં તેનું નામ સુવર્ણાક્ષરે લખાયેલું છે.

---

૧. બનારસથી લગભગ ૧૦ માઈલ દૂર મીરજાપુર પાસે ૬ માઈલ દૂર વિંધ્યાવાસિની દેવીનું મૂળ સ્થાન છે. અહીંથી વિંધ્યાચલ પહાડી શરૂ થાય છે. તે મંદિરમાં પશુહિંસા ઘણી થાય છે.

૨. સાંડેર માટે જૂઓ પ્રક. ૩૭, પૃ. ૨૫૮.

૩. મંત્રી નેઢને ધવલ તેમજ લાલિગ નામે બે પુત્રો હતા. મંત્રી વિમલને કોઈ સંતાન નહોતું.

વિમલ - વીર મહત્તમનો બીજો પુત્ર હતો. તેની પત્નીનું નામ **શ્રીદેવી** હતું. તે નાનપણથી તીક્ષ્ણ બુદ્ધિવાળો, શૂરવીર અને લડવૈયો હતો. તેનું બાણ કદી નિષ્ફળ જતું નહીં તેથી તે અમોઘ બાણાવલી કહેવાતો. રાજા ભીમદેવ તેની એ કલાથી ખૂબ પ્રસન્ન હતો. તે વડો **સેનાપતિ** પણ હતો. તેણે યુદ્ધો કરી, વિજય મેળવીને ગુજરાતની સીમા વધારી હતી. એના સમયમાં ચંદ્રાવતીનો રાજા **ધંધૂક** પરમાર ગુજરાતનો ખંડિયો રાજા હતો. તે ધીરે ધીરે ગુજરાતની ધૂંસરી ફગાવી દઈ સ્વતંત્ર થવાની તૈયારીઓ કરી રહ્યો હતો. રાજા **ભીમદેવે** તેને પોતાના તાબે રાખવા માટે સેનાપતિ વિમલને સૈન્ય સાથે ચંદ્રાવતી મોકલ્યો. ધંધૂક તો વિમલનું નામ સાંભળીને જ માળવાના રાજા **ભોજદેવ** પરમારને શરણે મેવાડમાં નાસી ગયો. **વિમલ શાહે** ચંદ્રાવતીને હાથમાં લઈ ભીમદેવની આણ પ્રવર્તાવી. રાજા ભીમદેવે પણ વિમલને ચંદ્રાવતીનો **દંડનાયક** બનાવ્યો. નાડોલના રાજાએ વિમલને સુવર્ણજડિત સિંહાસન આપ્યું અને દિલ્હીપતિએ છત્ર ભેટ કર્યું.

(જૂઓ, જિનહર્ષકૃત 'વસ્તુપાલચરિત' પ્રસ્તાવ ૮)

તેણે સિંધ પરની લડાઈમાં રાજા ભીમદેવને ભારે મદદ કરી અને રસ્તામાં નગરઠટ્ટાના રાજાને ત્રણ દિવસમાં જ બાંધી લીધો હતો.

દંડનાયક **વિમલે** ચંદ્રાવતીમાં રહીને રાજા ધંધૂકને કુનેહથી સમજાવી ફરી વાર ભીમદેવના શાસન તળે મૂક્યો અને આબૂનો રાજા બનાવ્યો.

મંત્રી વિમલ વૃદ્ધ થવા આવ્યા એટલે તે પાછલા સમયમાં ચંદ્રાવતીમાં જ રહેવા લાગ્યા. વિદ્યાધરકુલના જાલીહરગચ્છના આ૦ સર્વાનંદસૂરિના શિષ્ય આ૦ **ધર્મઘોષસૂરિ** એ સમયે ચંદ્રાવતીમાં ચતુર્માસ રહ્યા હતા. મંત્રીએ નિયમિત રીતે ચાર માસ સુધી તેમનો ધર્મોપદેશ સાંભળ્યો. આચાર્યશ્રીના ઉપદેશથી તે ખૂબ પ્રભાવિત થયા. તેમને ધર્મધ્યાન તરફ વિશેષ રુચિ પ્રગટી અને પોતે યુદ્ધમાં માનવજાતનો ભારે સંહાર કર્યો હતો તેનો પશ્ચાત્તાપ કરતાં આચાર્યશ્રી પાસે પ્રાયશ્ચિત્ત માગ્યું. આચાર્યશ્રીએ કહ્યું કે, 'તું આબૂતીર્થનો ઉદ્ધાર કર. એ સામર્થ્ય તારામાં છે. એમ કરવાથી પ્રાયશ્ચિત્ત પૂરું થશે.' તેમની પત્ની શ્રીદેવીને પણ એ વાત પસંદ પડી. પ્રાંતે મંત્રી વિમલે આબૂ ઉપર જમીન મેળવી વિશાળ, ભવ્ય અને મનોહર દેરાસર બંધાવ્યું.

(જૂઓ, પ્રક. ૩૭, **વિમલવસહી** : પૃ. ૨૩૫ થી ૨૪૨)

મંત્રી વિમલ શાહે તેના પ્રતિષ્ઠા પ્રસંગે મહારાજા, રાણા, માંડલિક, જૈન-અજૈન સૌને આદરભર્યું આમંત્રણ આપ્યું. નાગેંદ્ર, ચંદ્ર, નિર્વૃતિ તેમજ વિદ્યાધર એમ ચાર પ્રધાન ગચ્છોના જૈનાચાર્યોને અહીં પધરાવ્યા હતા. આ ચાર ગચ્છો પૈકી તે વિદ્યાધરગચ્છનો ઉપાસક હતો અને તે ગચ્છના આચાર્ય ધર્મઘોષસૂરિના ઉપદેશથી જ તેમણે આ તીર્થ સ્થાપન કર્યું હતું. ચંપાના ઝાડ નીચે ભ૦

આદિનાથની જે પ્રતિમા પ્રગટ થઈ હતી તેને તેમણે ચોપન દેરીઓ પૈકીની ૨૦મી દેરીમાં સામાન્ય રીતે સ્થાપન કરી હતી. સ્થાપનાના દિવસે અતીવ શુદ્ધ અને શુભ મુહૂર્ત હતું. તે મૂર્તિને તેમાં સ્થાપન કર્યા પછી મંદિરનું કાર્ય બહુ સારી રીતે ઝડપથી થવા લાગ્યું એટલે તે મૂર્તિને ત્યાંથી ન ઉઠાવતાં ત્યાં જ કાયમ રાખી અને મૂળનાયક તરીકે ભ૦ આદીશ્વરની ધાતુની નવી પ્રતિમા તૈયાર કરાવી. તેની સં. ૧૦૮૮માં રાજગચ્છના આ૦ **વર્ધમાનસૂરિ** વગેરે ચાર ગચ્છોના આચાર્યોના કરકમલ વડે પ્રતિષ્ઠા કરાવી. 'આબૂરાસ' (સં. ૧૨૮૯)માં જણાવ્યું છે કે –

'चहुं आयरियेहिं पइट्ठिय बहुभाव भरंत ॥'

તે દિવસે આબૂપર્વત પર સોનાનો સૂર્ય ઊગ્યો હતો. સર્વત્ર આનંદ અને ઉલ્લાસ છવાયો હતો. મંત્રી વિમલ અને મહં૦ શ્રીદેવીના દિલમાં હર્ષનો મહેરામણ ઊછળતો હતો. તેમણે પ્રભુની પ્રતિષ્ઠા કરી અભિષેક કર્યો. ગુરુમહારાજોને ભક્તિભરી અંજલિ અર્પી. આગંતુક સર્વ જનોનું ભાવભર્યું સ્વાગત કર્યું. યાચકોને મોંમાગ્યું દાન આપ્યું. એ દિવસ ધન્ય હતો. આવેલા સૌ પોતે ગૌરવ અનુભવતાં હતાં અને સૌ ભાગ્યશાળીઓ પોતાને ત્યાં પણ આવો દિવસ અને ઘડી આવે એવી અભિલાષા રાખતાં વિસર્જિત થવા લાગ્યાં. ભાટ-ચારણોએ પણ પોતાના આશીર્વાદના કોશમાં 'विमलश्रीसुप्रभातम्'ની પુણ્ય નામાવલી ઊમેરી. આ તીર્થ આજે પણ અજોડ શિલ્પધામ ગણાય છે. એ જ કારણે વિમલ મંત્રી ઇતિહાસમાં અમર નામના નોંધાવી ગયેલ છે. સોમધર્મગણિએ 'ઉપદેશસપ્તતિકા'માં લખ્યું છે કે, એ મંદિરનો મંડપ તેમના નાના ભાઈ **ચાહિલે** બંધાવ્યો હતો. મંત્રી વિમલે શ્રીદેવીના નામથી શ્રીપુર (સરોતરા) વસાવી તેમાં જૈન મંદિર બંધાવ્યું, જેનાં ખંડિયેરો આજે ત્યાં ગામબહાર છે. આબૂ તીર્થની સ્થાપના પછી મહામાત્ય વીરના વંશજો પોતાને વીરવંશના તથા વિમલવંશના બતાવે છે.

(જૂઓ, અર્બુદ પ્રાચીન જૈનલેખસંદોહ, લેખાંક : ૫૩, ૯૨)

વિમલ મંત્રીએ શત્રુંજયનો સંઘ કાઢ્યો હતો, જેમાં ચાર કરોડ સોનામહોરો ખરચાઈ હતી.

વિમલ મંત્રીએ આબૂ, શત્રુંજય, આરાસણ (કુંભારિયા) અને પાટણમાં વિમલવસહી મંદિરો બંધાવેલાં હતાં, તે આજે પણ વિદ્યમાન છે. તેમના વંશજોએ હમીરપુરતીર્થની સ્થાપના કરી હતી.

(–પ્રબંધચિંતામણિ, પ્રબંધકોશ, જિનહર્ષનું વસ્તુપાલચરિત પ્ર. ૮, ઉપદેશ સપ્તતિકા ઉપ. ૪, વિમલપ્રબંધ, દ્વ્યાશ્રયમહાકાવ્ય, આ૦ જિનભદ્રનો પુરાતન પ્રબંધસંગ્રહ)

વીર મહત્તમનો ત્રીજો પુત્ર મહં૦ ચાહિલ્લ હતો. તેની પરંપરાના અનુક્રમે (૨) ચાહિલ્લ, (૩) રાણાક અને (૪) નરસિંહ થયા. ઠ. નરસિંહે સં. ૧૨૦૦ના જેઠ વદિ ૧ ને શુક્રવારે વિમલવસહી (દેરી નં. ૧૧)માં બૃહદ્ગચ્છના આ૦ નેમિચંદ્રસૂરિના હાથે ભ૦ મુનિસુવ્રતસ્વામીની પરિકરવાળી પ્રતિમા ભરાવી, સ્થાપન કરેલી છે. મહં૦ **ચાહિલના વંશજો** પોતાને શેઠ નીનાના વંશના, મંત્રી વીરના વંશના કે મં૦ વિમલના વંશના બતાવે છે.

(જૂઓ, અર્બુદ પ્રાચીન જૈનલેખસંગ્રહ, લેખાંક : ૫૩, ૯૨)

એ જ વંશમાં અભયસિંહ, તેના પુત્રો જગસિંહ, લખમીસિંહ, કુરસિંહ તથા જગસિંહનો પુત્ર ભાણસિંહ નામે થયા. તેઓએ સં. ૧૩૯૪માં વિમલવસહીમાં અંબિકાદેવીની પ્રતિમા ભરાવી હતી.

મહં૦ ચાહિલના વંશના શેઠ વલ્લભદાસ વિક્રમની અઢારમી સદીમાં પાટણની પોરવાલ જ્ઞાતિમાં અગ્રેસર હતા. તેમના પુત્ર શેઠ માણેકચંદે સં. ૧૭૮૫ના માગસર સુદિ ૫ના દિવસે ચોવીશ જિનના ચોવીશવટ્ટા બનાવીને તેની ભ૦ વિદ્યાસાગરજીના હાથે પ્રતિષ્ઠા કરાવી હતી.

(અંચલગચ્છની ગુજરાતી મોટી પટ્ટાવલી)

૩. ધવલ અને લાલિગ – આ બંને ભાઈઓ ગુજરાતના રાજા કર્ણદેવના મંત્રીઓ હતા. ધવલ મહામાત્ય હતો. તેને આનંદ નામે પુત્ર હતો.

મંત્રી લાલિગ કામદેવ જેવો રૂપાળો હતો. તેને **મહેંદુ** નામે પુત્ર હતો, તે પણ મંત્રી હતો. તે દેખાવડો, શીલવાન, જિન-ગુરુ-ભક્ત અમાત્ય હતો. તેને **હેમરથ** અને **દશરથ** નામે પુત્રો થયા. હેમરથ વિવેકી, શાંત, ધર્મિષ્ઠ અને જીવ-અજીવ આદિનો વિચાર કરનારો, પાપભીરુ અને બુદ્ધિમાન હતો. **દશરથ** પણ ગંભીર, સરળ, ક્ષમાશીલ, દાક્ષિણ્યવાળો, સંતોષી અને બુદ્ધિમાન હતો. તેને **અંબિકાદેવી** પ્રસન્ન હતી. તેણે સં. ૧૨૦૧ના જેઠ સુદિ ૧ ને શુક્રવારે આબૂ ઉપર વિમલવસહીમાં મંત્રી **પૃથ્વીપાલ**ની સ્નેહભરી દૃષ્ટિથી નં. ૧૦ની દેરીનો જીર્ણોદ્ધાર કર્યો. (જૂઓ, પ્રક. ૩૭, પૃ. ૨૪૦-૨૪૧)

૪. આનંદ – મંત્રી આનંદને પદ્માવતી અને સલૂણા નામે બે પત્નીઓ હતી. મહં૦ પદ્માવતીએ પૃથ્વીપાલને અને સલૂણાએ નાનૂને જન્મ આપ્યો. નાનૂને ત્રિભુવનદેવી નામે પત્ની હતી અને નાગાર્જુન તથા નાગપાલ નામે પુત્રો હતા. નાગાર્જુન દંડનાયક બન્યો હતો.

મહામાત્ય આનંદે સં. ૧૨૧૨માં વિમલવસહીમાં દંડનાયક નાગાર્જુનના શ્રેય માટે ભ૦ સંભવનાથની પ્રતિમા ભરાવી અને રાજગચ્છના આ૦ વજ્રસ્વામીના હાથે સ્થાપન કરી. નાગપાલે પણ સં. ૧૨૪૫માં વિમલવસહીમાં પોતાની માતા

ત્રિભુવનદેવીના શ્રેય માટે ભ૦ મહાવીરસ્વામીની અંજનશલાકા તથા પ્રતિષ્ઠા કરાવી હતી. નાગપાલને આસવીર નામે પુત્ર હતો.

(-અર્બુદ પ્રાચીન જૈનલેખસંદોહ, લે. ૧૬૯, ૧૫૩)

મંત્રી આનંદ પર સૂર્યપુત્ર રેવંત અને ધણુહાવી દેવી પ્રસન્ન હતાં. તેમના કારણે જ તે સમૃદ્ધ બન્યો હતો. ઉપસર્ગો આવતાં તે બધા તેમના પ્રભાવથી શાંત થઈ જતા.

તેનો દિન-પ્રતિદિન પ્રભાવ વિકસતો ગયો. મહં૦ પદ્માવતી પણ સુરૂપા, સુશીલા, ગુણિયલ, ગુરુભક્ત અને ધર્મરાગિણી શ્રાવિકા હતી. તેનું પિયર સાયણવાદમાં અને મોસાળ ચંદ્રાવતીમાં હતું.

૫. પૃથ્વીપાલ – મંત્રી પૃથ્વીપાલને નામલદેવી નામે પત્ની હતી અને ઠ. જગદેવ અને ધનપાલ નામે પુત્રો હતા. જગદેવ ભરયુવાનીમાં મરી ગયો. તેની પત્નીનું નામ માલદેવી હતું.

પૃથ્વીપાલ પ્રતાપી અને ઉદાર હૃદયનો હતો. તે રાજા સિદ્ધરાજ જયસિંહ અને રાજા કુમારપાલનો મહામાત્ય હતો. તેનું સમસ્ત કુટુંબ રાજગચ્છના આ૦ ચંદ્રસૂરિનું ભક્ત હતું. તેણે સં. ૧૨૦૧ના જેઠ વદિ ૬ ને રવિવારે પાલીના ભ૦ મહાવીરસ્વામીના મંદિરમાં ભ૦ અનંતનાથનું જિનયુગલ સમર્પણ કર્યું હતું.

(જૂઓ, પ્રાચીનજૈનલેખસંગ્રહ, ભા. ૨, લેખાંક : ૩૮૧)

મંત્રી પૃથ્વીપાલે પણ વિમલવસહીની ઘણીખરી દેરીઓનો જીર્ણોદ્ધાર કરાવ્યો, નવી હસ્તીશાળા બંધાવી અને તેમાં પોતાના પૂર્વજોની તેમજ પોતાની મૂર્તિ બનાવી સ્થાપન કરાવી.[1] (જૂઓ પ્રક. ૩૭, પૃ. ૨૪૧)

તેણે પિતાના કલ્યાણ માટે દંડનાયક શેઠ નીનાએ પાટણમાં બંધાવેલા જાલિહરિય-વિદ્યાધરગચ્છના ભ૦ ઋષભદેવના મંદિરમાં રંગમંડપ કરાવ્યો. માતાના કલ્યાણ માટે પાટણમાં પંચાસરા પાર્શ્વનાથના દેરાસરનો રંગમંડપ કરાવ્યો. નાની માના કલ્યાણ માટે ચંદ્રાવતીના વિદ્યાધરગચ્છના દેરાસરમાં રંગમંડપ કરાવ્યો. નાના બોલ્હણના કલ્યાણ માટે રોહ વગેરે બાર ગામવાળા રોહમંડલના સાયણવાદપુરમાં ભ૦ શાંતિનાથનું દેરાસર બંધાવ્યું.

---

૧. આ સમય લગભગ સં. ૧૨૦૬માં રાજગચ્છના આ૦ ચંદ્રસૂરિની સાથે વિમલ મંત્રીના વંશજો સંઘ લઈને આબૂ ઉપર આવ્યા હતા અને તેમણે જીર્ણોદ્ધારનો ઉત્સવ કર્યો હતો.

સં. ૧૨૦૬ ।। શ્રીશીલભદ્રસૂરીણાં શિષ્યૈઃ શ્રીચન્દ્રપ્રભસૂરિભિઃ ।
વિમલાદિસુસંઘેન યુતૈસ્તીર્થમિદં સ્તુતમ્ ।।૧।।
અયં તીર્થસમુદ્ધારોઽત્યદ્‌ભુતોઽકારિ ધીમતા ।
શ્રીમદાનન્દપુત્રેણ શ્રીપૃથ્વીપાલમન્ત્રિણા ।।૨।।

(-અર્બુદ પ્રાચીન જૈનલેખસંદોહ, લેખાંક : ૭૨; પ્રક. ૩૫, પૃ. ૧૮)

મંત્રી પૃથ્વીપાલ નરપરીક્ષા, નારીપરીક્ષા, ગજપરીક્ષા, અશ્વપરીક્ષા અને રત્નપરીક્ષામાં નિપુણ હતો. તે મહાદાની હતો. તેણે પાટણમાં વડગચ્છના સંવિજ્ઞવિહારી આ૦ હરિભદ્રસૂરિને વિનંતિ કરી તેમની પાસે ચોવીશ તીર્થંકરોનાં પ્રાકૃત ચરિત્રો બનાવ્યાં હતાં. (જૂઓ, પ્રક. ૩૬, પૃ. ૧૭૬)

૬. **ધનપાલ** – તે મંત્રી પૃથ્વીપાલનો નાનો પુત્ર હતો. તે ગૂર્જરેશ્વર કુમારપાલનો મહામાત્ય હતો. તેને મોટો ભાઈ જગદેવ, પત્ની રૂપિણી અને પુત્ર નરપાલ હતો. રૂપિણીનું બીજું નામ પિણાઈ હોવાનું પણ જાણવા મળે છે. નાગેન્દ્રગચ્છના આ૦ હરિભદ્રસૂરિએ મંત્રી ધનપાલની વિનતિથી 'ચંદ્રપ્રભ-ચરિત'ની રચના કરી હતી. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૫)

તેણે આબૂના વિમલવસહીના જીર્ણોદ્ધારનું અધૂરું કાર્ય પૂરું કર્યું હતું. સં. ૧૨૩૭માં પોતે બે ભાઈઓ અને પુત્ર એમ ત્રણની મૂર્તિઓ હસ્તિશાળામાં સ્થાપી હતી. સં. ૧૨૪૫માં જીર્ણોદ્ધાર કરી દેરીઓમાં ૨૪ નવી જિનપ્રતિમાઓ પોતાના સદ્ગત અને વિદ્યમાન કુટુંબીજનો વતી શ્રેય અર્થે ભરાવી, તેની અંજનશલાકા–પ્રતિષ્ઠા કરાવી હતી. મોટાભાઈ જગદેવના શ્રેય માટે કાસહ્રદના જિનાલયમાં બિરાજમાન મૂળનાયક ભ૦ શાંતિનાથની પ્રતિમાની તેમજ ઉપરોક્ત દરેક જિનપ્રતિમાઓની અંજનશલાકા-પ્રતિષ્ઠા તેણે કાસહ્રદગચ્છના આ૦ સિંહસૂરિના વરદ્ હસ્તે કરાવી હતી. (જૂઓ, પ્રક. ૩૭, પૃ. ૨૪૧)

૭. **નરપાલ** – સં. ૧૨૪૫.

(-સં. ૧૨૨૩ લગભગમાં શ્રીહરિભદ્રસૂરિકૃત 'ચંદપ્પહચરિયં'ની પ્રશસ્તિ, તે જ આચાર્યકૃત 'મલ્લિનાહચરિયં'ની પ્રશસ્તિ, સં. ૧૩૬૧માં શ્રીમેરુતુંગસૂરિરચિત 'પ્રબંધચિંતામણિ', સં. ૧૪૦૫માં શ્રીરાજશેખરકૃત 'પ્રબંધકોશ' પૂ. જયંતવિજયજી સંપાદિત 'અર્બુદ પ્રાચીન જૈનલેખ-સંદોહ'માંના વિમલવસહીના લેખો, સત્તરમા સૈકાના કવિવર લાવણ્યસમયકૃત 'વિમલપ્રબંધ', પં૦ લા. ભ. ગાંધીનો 'ગુજરાતનો પ્રાચીન મંત્રીવંશ' લેખ, જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૨૦૩)

શ્રી શત્રુંજય તીર્થના ઉદ્ધારો

શ્રી શત્રુંજય તીર્થના આજ સુધી મોટા મોટા ઉદ્ધારો થયા તેની **સોળ** (૧૬) અને **સાત** (૭) એમ બે સંખ્યા મળે છે, જે આ પ્રમાણે છે –

(૧) ભરત ચક્રવર્તીનો. (૨) તેની જ પરંપરાના રાજા દંડવીર્યનો.

(૩) ઈશાનેન્દ્રનો. (૪) માહેન્દ્ર (ચોથા સ્વર્ગના ઇન્દ્ર)નો.

(૫) બ્રહ્મેન્દ્ર (પાંચમા સ્વર્ગના ઇન્દ્ર)નો.

(૬) ચમરેન્દ્ર (ભવનપતિના સ્વર્ગના ઇન્દ્ર)નો.

(૭) સગર ચક્રવર્તીનો. (૮) વ્યંતરેન્દ્રનો.

(૯) ચંદ્રયશા રાજાનો. (૧૦) ભ૦ શાંતિનાથના પુત્ર ચક્રાયુધનો.

(૧૧) રામચંદ્રજીનો. (૧૨) પાંડવોનો.

(૧૩) વિ. સં. ૧૦૮માં જાવડશાનો. પ્રતિષ્ઠા યુ.પ્ર.આ૦ વજ્રસ્વામી.

(૧૪) વિ. સં. ૧૨૧૩ માં ગુજરાતના **મંત્રી બાહડનો**. પ્રતિષ્ઠા ક. સ. આ૦ હેમચંદ્રસૂરિ.

(૧૫) વિ. સં. ૧૩૭૧ મહા સુદ ૭ ગુરુવારના રોજ પાટણના સં. **સમરાશાહ** ઓસવાલનો. પ્રતિષ્ઠા આ૦ કક્કસૂરિ.

(૧૬) વિ. સં. ૧૫૮૭ વૈ. વદ ૬ના રોજ ધનલગ્નમાં, શુદ્ધનવાંશમાં ચિત્તોડના **દોશી કર્માશાહનો**. પ્રતિષ્ઠા તપાગચ્છના આ૦ વિદ્યામંડનસૂરિ, આ૦ હેમસોમસૂરિ તથા આ૦ સોમજયસૂરિ, આ૦ વિજયદાનસૂરિ.

(ચંદ્રકુલના રાજગચ્છના આ૦ **ધનેશ્વરસૂરિ**એ સં. ૪૭૭માં વલભીરાજ્યના ૧૮મા શિલાદિત્ય રાજાની વિનંતિથી વલભીમાં બનાવેલ 'શ્લોકબદ્ધ શ્રી શત્રુંજય માહાત્મ્ય' સર્ગ ૧૫, સર્ગ ૧ + ૧૧ થી ૧૫, ૧૫ + ૨૮૭, ૨૮૯, ૧૫ + ૩૪૯.

–તપાગચ્છ રત્નશાખાના ભ૦ દાનરત્નસૂરિના આજ્ઞાધારી ઉ૦ માનરત્ન ગણિના શિષ્ય પં૦ **હંસરત્ને** સં. ૧૭૮૨ વૈ. સુ. ૩ના રોજ ભ૦ પાર્શ્વનાથની કૃપાથી **રાજદ્રંગમાં** ગદ્ય સંસ્કૃતમાં 'શત્રુંજય માહાત્મ્ય' અધિકાર ૧૫, ગ્રં. ૮૫૫૦ બનાવ્યું.

–વૃદ્ધ તપા. ભ૦ ધનરત્નસૂરિના ઉપા૦ ભાનુમેરુ ગણિના શિષ્ય પં૦ **નયસુંદર ગણિએ** સં....માં બનાવેલ શત્રુંજય ઉદ્ધાર રાસ.

–કવિ પં૦ વીરવિજયરચિત નવ્વાણું પ્રકારી પૂજા.)

સાત (૭) મોટા ઉદ્ધારો –

(૧) ભરત ચક્રવર્તીનો.

(૨) સગર ચક્રવર્તીનો.

(૩) પાંડવરાજ યુધિષ્ઠિરનો.

(૪) સં. ૧૦૮માં જાવડશાહનો.

(૫) સં. ૧૨૧૩માં મંત્રી બાહડદેવનો.

(૬) સં. ૧૩૭૧માં સં. સમરાશાહનો.

(૭) સં. ૧૫૮૭માં દોશી કર્માશાહનો.

(૧. શત્રુંજય ઉપરની દોશી કર્માશાહના ઉદ્ધારની પં૦ લાવણ્યસમય ગણિકૃત પ્રશસ્તિ. ૨. મૂળનાયકની જિનપ્રતિમાનો પ્રતિમાલેખ. ૩. કવિ લાવણ્યસમયકૃત શત્રુંજય ઉદ્ધાર સ્તવન આદિનાથ ભાસ, કડી-૨૧, તેમાં વૈ. વદ ૫ ની પ્રતિષ્ઠા

બતાવી છે. ૪. કવિ દેપાળકૃત જાવડ–ભાવડરાસ પ્રાચીન સ્તવનમાળા સંગ્રહ, તેમાં જણાવ્યું છે કે, પોરવાડ જાવડે ચોથો ઉદ્ધાર કરાવ્યો.)

[શ્રી શત્રુંજય તીર્થના છેલ્લા ત્રણ મોટા ઉદ્ધારો અનુક્રમે મંત્રી બાહડ, સં. સમરાશાહ અને દોશી કર્માશાહે કરાવ્યા હતા. આ વિગતો આ જ પ્રકરણમાં તેમના પરિચયોમાં આપવામાં આવી છે. જૂઓ, **મહામાત્ય ઉદાયન શ્રીમાળી**માં તેના પુત્ર મહામાત્ય બાહડનો પરિચય પૃ. ૧૪૪ થી ૧૪૭, **વેસટશાહવંશ–દેશલહરાવંશ**માં સં. દેશલના પુત્ર સમરા શાહ(સમરસિંહ)નો પરિચય પૃ. ૧૫૦ થી ૧૫૪ અને **દોશીવંશ**માં દોશી તોલાશાહના પુત્ર કર્માશાહનો પરિચય પૃ. ૧૫૭ થી ૧૬૦. – **સંપાદક**]

મહામાત્ય ઉદાયન શ્રીમાળી અને તેના વંશજો

મારવાડમાં જાલોર અને રામસેન વચ્ચે આવેલા વાઘરા ગામમાં શેઠ બોહિત્થની પરંપરામાં અનુક્રમે શેઠ અશ્વેશ્વર, શેઠ યક્ષનાગ, શેઠ વીરદેવ અને શેઠ ઉદાયન થયા હતા. શ્રીમાળીવંશના આ કુટુંબમાં ઉદયન (ઉદા) મહેતા પ્રથમ ઘીનો વેપાર કરતા હતા. તેમને સુહાદેવી નામે પત્ની હતી.

ઉદા મહેતાએ એક રાતે એક ખેતરમાં કેટલાક પાણી-વાળિયાને જોયા અને તેઓને પૂછ્યું, 'તમે કોણ છો ?' તેઓએ પોતે અમુકના મજૂર છીએ એમ જણાવ્યું ત્યારે મહેતાએ ફરી વાર પૂછ્યું, 'મારા મજૂરો ક્યાં છે ?' તેમણે ઉત્તર વાળ્યો કે, 'કર્ણાવતીમાં.' એ જ અરસામાં મહારાજા કર્ણદેવે સાબરમતીના કાંઠે કર્ણાવતી વસાવી હતી.

ઉદા મહેતા મજૂરોના ઉપર્યુક્ત જવાબને શકુન માની પત્ની સુહાદેવી અને પુત્રો ચાહડ ને બાહડ વગેરે કુટુંબને લઈ કર્ણાવતીમાં આવીને વસ્યો.

અહીં આવતાં તે સર્વપ્રથમ વાયડગચ્છના જૈન દેરાસરમાં પ્રભુદર્શને ગયા. એ જ સમયે શાલાપતિ ત્રિભુવનસિંહની પત્ની **લચ્છી** છીપણ (**લક્ષ્મી** ભાવસાર) પોતાનાં દાસ-દાસીઓ સાથે પ્રભુદર્શન માટે ત્યાં આવી હતી. તેણે ઉદા મહેતાને પરદેશી આગંતુક સાધર્મી જાણી પૂછ્યું, 'ભાઈ ! તમે કોના મહેમાન છો ?' ઉદયને જણાવ્યું કે, 'બહેન ! અમે પરદેશી છીએ તો તમે માની લો કે અમે તમારા જ મહેમાન છીએ.' લચ્છીએ ઉત્સાહથી કહ્યું, 'મારે ત્યાં સાધર્મિક ભાઈ મહેમાન હોય એવાં મારાં અહોભાગ્ય કયાંથી ? તમે સૌ મારે ત્યાં ચાલો.' ઉદયન સહકુટુંબ તેને ત્યાં ગયો અને તેણે આપેલા ઘરમાં તે રહેવા લાગ્યો.

ઉદયને ત્યાં વેપાર ખેડ્યો અને તેને ધન મળવા લાગ્યું, તેણે કાચા મકાનને પાડી પાકું ઈંટોનું બનાવવાનો ઈરાદો કર્યો. ત્યારે પાયો ખોદતાં તેને અઢળક

ધન મળ્યું. તેણે તરત જ લાછીને બોલાવી બે હાથ જોડી કહ્યું, 'આ ધન તારા મકાનમાંથી નીકળ્યું છે માટે એ તારું ધન છે, તે તું લઈ જા.'

લાછીએ ઉત્તર વાળ્યો કે, 'ભાઈ ! એ તો તારા નસીબનું છે માટે એ ધન તારું છે. તે તું રાખ.'

બસ, આજથી ઉદયન શ્રીમાલીના ભાગ્યનો સિતારો ચમકવા લાગ્યો. તે ધીરે ધીરે આગળ વધ્યો ને કર્ણાવતીનો નગરશેઠ બન્યો. સં. ૧૧૭૬ પછી તે રાજા સિદ્ધરાજનો મંત્રી બન્યો. રા'ખેંગારને માર્યા પછી તે 'રાણિગ' ઉપાધિથી પ્રસિદ્ધિ પામ્યો. પ્રબંધકારો ઉદયનને 'રાણક' તરીકે સંબોધે છે.

(-પુરાતન પ્રબંધસંગ્રહ, પૃ. ૩૨, ૪૦; પ્રબંધકોશ પૃ. ....)

છેવટે તે ખંભાતનો **દંડનાયક** બન્યો.[૧] તેણે રાજમાતા **મીનલદેવી**ની આજ્ઞાથી ભાલોદનો **યાત્રિકવેરો** માફ કર્યો. તેણે સં. ૧૧૫૦માં ખંભાતમાં આ૦ હેમચંદ્રસૂરિને **દીક્ષા** અપાવી હતી.

નુરુદ્દીન **મહમ્મુદ શાફી**એ લખ્યું છે કે, 'ઉદયનના અમલ વખતે ખંભાતમાં બ્રાહ્મણો તથા અગ્નિપૂજકોએ સુન્ની મુસલમાનો પર કેર વર્તાવ્યો હતો, ૮૦ મુસલમાનોને મારી નાખવામાં આવ્યા હતા અને મસ્જિદને બાળી નાખવામાં આવી હતી. આ પ્રસંગે મંત્રી ઉદયને ઘણા સમભાવથી કામ લીધું હતું. એ સમયે રાજા સિદ્ધરાજે ગુપ્ત રીતે ખંભાત આવી સાચી બાતમી મેળવી, બ્રાહ્મણો તેમજ અગ્નિપૂજકોનો દંડ કર્યો હતો.

(-નુરુદ્દીન મહમ્મુદ શાફી કૃત 'જમે ઉલ હિકાયત'; ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ, પૃ. ૨૭૦; જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૭૦-૭૧)

ઉદયન રાજા સિદ્ધરાજનો વિશ્વાસપાત્ર સૂબો હતો. સિદ્ધરાજે કુમારપાલને શત્રુ તરીકે જાહેર કર્યો અને તે પછી કુમારપાલ સં. ૧૧૯૨માં ખંભાતમાં આવ્યો ત્યારે કુમારપાલે વોસિરિ બ્રાહ્મણને મહામાત્ય ઉદયન પાસે મોકલ્યો હતો. મહામાત્યે ત્યારે સાફ સાફ કહ્યું હતું કે, 'તે રાજાનો શત્રુ છે. અહીં આવશે તો તેને પકડી લેશે.' એમ જણાવીને રાજ્યની **વફાદારી** વ્યક્ત કરી હતી.

રાજા સિદ્ધરાજ મરણ પામ્યો ત્યારે મહામાત્યે સેનાપતિ, રાણી, મંડલેશ્વર, સામંતો અને રાણકોની સમ્મતિથી કુમારપાલને ગુજરાતનો રાજા બનાવ્યો. રાજા કુમારપાલે તેને ખંભાતનો સૂબો કાયમ રાખ્યો અને તેના પુત્રો પૈકી બાહડને પોતાનો મહામાત્ય અને આંબડને દંડનાયક બનાવ્યો.

રાજા કુમારપાલે સં. ૧૨૦૮માં વડનગરનો કિલ્લો બંધાવ્યો, તે મહામાત્ય ઉદયન કે મહામાત્ય બાહડની દેખરેખ નીચે બન્યો હતો. કેમકે તે કિલ્લાના

---

૧. દંડનાયકનો પરિચય, જૂઓ પ્રક. ૩૫, પૃ. ૫૫.

જૂના ભાગોમાં મહં૦ ઉદલ એવા શબ્દો કોરાયેલા છે.

(-રાસમાલા, ભા. ૩, પૃ. ૩૫૧)

રાજા કુમારપાલે સોરઠના ઉદ્ધત બહારવટિયા **સુંવર** (સાંગણા ડોડીયા)ને દબાવવા માટે વૃદ્ધ મંત્રી ઉદયનને મેગલપુર મોકલ્યો, તેમની સાથે રાજાનો ભ્રાતા કીર્તિપાલ, નાડોલનો રાજા આહ્લણ ચૌહાણ વગેરે હતા.

એ સમયે મહામાત્ય **ઉદયને** જતાં જતાં વચલા ગાળામાં સમય મેળવી શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરી હતી. એ સમયે ત્યાં મૂળ મંદિર લાકડાનું હતું. તેણે ત્યાં પ્રભુનાં દર્શન-પૂજન કર્યાં અને ચૈત્યવંદન કર્યું. તે સમયે તેણે જોયું કે, એક ઉંદર દીવેટમાંથી એક સળગતી વાટ લઈને દોડાદોડ કરી રહ્યો હતો. તે દરમાં પ્રવેશ કરે તે પહેલાં દેરાસરના રખેવાળોએ તેની પાસેથી વાટ છોડાવી લીધી. આ ઘટના જોઈને મહામાત્યે વિચાર્યું કે, જો ઉંદર કોઈક વાર બળતી વાટને દરમાં લઈ જશે તો આગ લાગી જશે અને મંદિરનો નાશ થશે; તેથી અહીં જીર્ણોદ્ધાર કરી પથ્થરનું નવું દેરાસર બનાવવું જોઈએ. મહામાત્યે ત્યારે ત્યાં જ મનથી પ્રતિજ્ઞા કરી કે, હું આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવીશ.

મહામાત્ય યાત્રા કરીને લાંબું પ્રયાણ આરંભી સેના સાથે મળી ગયો. તેણે યુદ્ધ કરી સુંવરને જીતી લીધો. પણ યદ્ધમાં શરીરે ઘણા ઘા પડવાથી અને વૃદ્ધાવસ્થાના કારણે તે અશક્ત બની ગયો. તે સેના સાથે **વઢવાણ**ની છાવણીમાં આવી પહોંચ્યો. તેને લાગ્યું કે, હવે મારું આયુષ્ય તૂટી રહ્યું છે. તેણે રાજભ્રાતા કીર્તિપાલ તથા સામંતોને એકઠા કરીને જણાવ્યું કે, 'હવે હું જીવી શકું એમ લાગતું નથી, એટલે મેં જે પ્રતિજ્ઞા કરી છે તે પૂરી નહીં થાય તો હું દેવઋણમાંથી મુક્ત નહીં થાઉં. એ કામ મારા પુત્રોએ કરવાનું છે. તમે મારા પુત્રો બાહડ અને આંબડ વગેરેને સંદેશો પહોંચાડજો કે, તેઓ **શત્રુંજય** તીર્થનો મોટે પાયે જીર્ણોદ્ધાર કરાવે. ભરૂચના **શકુનિકાવિહાર**નો પણ જીર્ણોદ્ધાર કરાવે અને શત્રુંજય તીર્થ ઉપર ચડવાને માટે **પાજ** બંધાવે. બીજી મારી એ ઇચ્છા છે કે, અત્યારે કોઈ મુનિરાજ આવી મને મૃત્યુની અંતિમ આરાધના કરાવે.'

કીર્તિપાલ વગેરેએ જવાબ વાળ્યો કે, 'મહામાત્ય ! આપ ચિંતા ન કરશો, અમે તમારો સંદેશો તમારા પુત્રોને પહોંચાડીશું, અને તેઓ તમારી ઇચ્છા જરૂર પાર પાડશે; એટલું જ નહીં, અમે પણ એ કાર્યમાં અમારો પૂરેપૂરો સહયોગ આપીશું.'

મહામાત્યની ઇચ્છા મુજબ અહીં તાત્કાલિક સાધુને બોલાવાય એમ હતું નહીં, તેથી સામંતોએ એક યુવાન બહુરૂપીને જૈન સાધુનો વેશ પહેરાવી બનાવટી સાધુ બનાવી થોડી ઘણી શિખામણો આપી મહામાત્ય સામે હાજર કર્યો. મહામાત્ય

ઉદયને તેને નમસ્કાર કરી સ્વયં દશ પ્રકારની મરણસંબંધી આરાધના કરી અને હસતે ચહેરે સં. ૧૨૦૭-૧૨૦૮માં વઢવાણમાં સ્વર્ગવાસ કર્યો.

આ તરફ તે યુવાનને પણ વિચાર આવ્યો કે, 'મારા જેવો નાનો માનવી જૈન સાધુનો વેશ પહેરવા માત્રથી મહામાત્યને પૂજ્ય બન્યો તો હવે સાચો **સાધુ** બનું તો મને ઘણો જ લાભ થશે. મારા આત્માનું કલ્યાણ થશે.' આમ વિચાર કરી તે સાચો **જૈન** સાધુ બન્યો. ભાવ સાધુ થયો અને શુદ્ધ સાધુજીવન પામી તેણે અંતે ગિરનાર તીર્થમાં જઈને અનશન કર્યું.

મહામાત્ય ઉદયને ત્રણ જિનમંદિરો બંધાવ્યાં હતાં. (૧) મંત્રીએ સં. ૧૧૪૯ લગભગમાં કર્ણાવતી (આશાવલ)માં બહોંતેર દેરીઓવાળો **ઉદયનવિહાર** બંધાવ્યો, જેમાં ચૈત્યવાસીઓને હાથે ભૂત-ભવિષ્ય અને વર્તમાન ચોવીશીની જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી હતી (પ્રબંધચિંતામણિ). તેનાં ખંડિયેરો આજે નર-ઉદા-**નરોડા**માં તપોધનવાસમાં વિદ્યમાન છે.

ખરતરગચ્છના **આ૦ જિનપતિ** (સં. ૧૨૨૩ થી ૧૨૭૮)એ આશાવલના ઉદયનવિહારનાં જિનબિંબોને અપૂજનીય ઠરાવવા સવાલ ઊભો કર્યો હતો. આથી **વાદિ દેવસૂરિ**ના પ્રશિષ્ય આ૦ **પ્રદ્યુમ્નસૂરિ**એ સં. ૧૧૪૮માં શાસ્ત્રાર્થ કરી 'વાદસ્થલ' નામે ગ્રંથ રચ્યો. આ૦ જિનપતિએ ખરતરગચ્છીય માન્યતાના આધારે તેની સામે 'પ્રબોધ્યવાદસ્થલ' ગ્રંથ રચ્યો.

આશાવલમાં સંસ્કૃત **વિદ્યાપીઠ** પણ બન્યું હતું, જેમાં સં. ૧૨૨૧માં પં૦ **વયરસિંહ** વગેરે અધ્યાપકો હતા. (જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૨૨૫)

(૨) મહામાત્ય ઉદયને ધોળકામાં 'ઉદાવસહી' નામે મંદિર બંધાવ્યું હતું. તેમાં સં. ૧૧૭૫માં આ૦ **વાદિદેવસૂરિ**ના હાથે ભ૦ સીમંધરસ્વામીની ભવ્ય પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી. તે પછી તે ગુજરાતનો મંત્રી બન્યો હતો. (–પ્રભાવકચરિત, પ્ર. ૨૧, શ્લો. ૪૮ થી ૫૨)

ક. સ. આ૦ **હેમચંદ્રસૂરિ**ના ઉપદેશથી મંત્રી આંબડે ઉદાવસહીમાં ૨૪ દેરીઓ બંધાવી 'ઉદયનવિહાર' નામ આપ્યું. ધોળકાના શેઠ **ધવલ**ના પુત્ર તથા મંત્રી આંબડના મિત્ર શેઠ **વૈરિસિંહે** આચાર્યશ્રીની આજ્ઞાથી તેની ઉપર ૩૧ સ્વર્ણકળશ ચડાવ્યા હતા. પ્રબંધશતકર્તા આ૦ **રામચંદ્રે** તેની પ્રશસ્તિ શ્લો. ૧૦૪ની બનાવી છે. ધોળકાના રણછોડ મંદિરની પાછલી દીવાલમાં એક શિલાખંડ છે, તેમાં આ લેખના શ્લો. ૭૦ થી ૧૦૪ સુધીના શ્લોકો છે. (–જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૨૨૨)

(૩) મહામાત્ય ઉદયને **ખંભાત**માં પણ સુંદર જૈન મંદિર બંધાવ્યું હતું. તેમાં તે પ્રતિદિન દર્શન-પૂજન કરતો હતો. થારાપદ્રગચ્છના આ૦ **વિજયસિંહે**

સં. ૧૩૧૫માં ખંભાતમાં ઉદયનવિહારમાં તીર્થંકરોના ચોવીશવટાની પ્રતિષ્ઠા કરી હતી.

મંત્રી ઉદયનને બે પત્નીઓ હતી. પહેલી પત્ની પદ્મા(સુહાદેવી)એ આંબડ અને બાહડ (વાહડ) એ બે પુત્રોને જન્મ આપ્યો હતો; અને તે પછી મરણ પામી હતી. મંત્રી બાહડે ૭૦ વર્ષના પિતાને બીજું લગ્ન કરવા વિનંતિ કરી પણ પિતાએ ઈન્કાર કર્યો. એટલે બાહડે સ્વજનો દ્વારા દબાણ લાવી તેમને ફરીથી પરણવાને કબૂલ કરાવ્યું અને પોતે જ વાયડની **માઉ** નામની મોટી ઉંમરની વણિક કન્યાને શોધી લાવી તેમની સાથે પરણાવી. મહં૦ માઉ ગૂર્જરેશ્વર કુમારપાલે શત્રુંજયનો છ'રી પાળતો સંઘ કાઢ્યો ત્યારે તેમાં યાત્રાર્થે ગઈ હતી.

મંત્રી ઉદયનને કુલ ચાર પુત્રો હતા. તેની વંશાવલી નીચે મુજબ છે–

(૧) દંડનાયક આંબડ – તે મહામાત્ય ઉદયનનો મોટો પુત્ર હતો. મહામાત્ય ઉદયનના સ્થાને તે મહામાત્ય અને દંડનાયક બન્યો. તે કવિ હતો, મોટો પરાક્રમી હતો. તે ઉદાર અને મોટો દાની હતો.

તેમના નામનું તત્કાલીન ભાષાનું એક સૂક્ત મળે છે–

રે રક્ખઇ લહુ જીવ, ચડવિ રણઇ મયગલ મારઇ,
ન પીઇ અણગલ નીર, હેલિ રાયહ સંહારઇ;
અવર ન બંધઇ કોઇ, સધર રયણભર બંધઇ,
પરનારી પરહરઇ, પર રાયહ લચ્છી રુંધઇ.
એ કુમારપાલ કોપઈ ચડિઓં, ફોડઇ સત્ત કડાહ જિમ ।
જે જિણધમ્મ ન મન્નસીઇં, તીહ વિચાડિસુ તિમ ॥

(પં૦ કુલસાગરગણિનો 'ઉપદેશસાર-સટીક' ઉપ. ૩૨, સં. ૧૬૬૨; પ્રક. ૩૫, પૃ. ૭૭)

મંત્રી આંબડને દ્રઢ સંકલ્પ હતો કે, દેવ તરીકે વીતરાગને, ગુરુ તરીકે આ૦ હેમચંદ્રસૂરિને અને સ્વામી તરીકે ગૂર્જરેશ્વર કુમારપાલને જ નમવું.

સં. ૧૨૧૩ માં શત્રુંજયના મોટા જીર્ણોદ્ધાર પ્રસંગે તેણે શત્રુંજયની પશ્ચિમ દિશાની પાજ બંધાવી હતી, જે આજે **ઘેટીની પાગ** તરીકે પ્રસિદ્ધ છે.

મહામાત્ય આંબડ રાજા કુમારપાલની આજ્ઞાથી કોંકણના શિલાહાર કુલનો રાજા મલ્લિકાર્જુન, જેને રાજપિતામહનું બિરુદ હતું, તેને જીતવા માટે સૈન્ય લઈ કાવેરી નદીને પાર કરીને સામે કિનારે પહોંચ્યો, પણ તેની સેના વ્યવસ્થિત થઈ પડાવ નાખે તે પહેલાં જ મલ્લિકાર્જુને તેની ઉપર ઓચિંતો હલ્લો કરી, તેની સેનાને છિન્નભિન્ન કરી મૂકી. આથી મંત્રી આંબડ હાર પામીને પાટણ પાછો આવ્યો.

રાજાએ સં. ૧૨૧૭માં ફરીથી મલ્લિકાર્જુનને જીતવા માટે મહામાત્ય આંબડને મોકલ્યો. તેની સાથે પરમાર ધારાવર્ષદેવ વગેરે માંડલિકો તથા સામંતોને પણ મોકલ્યા. તેણે કાવેરી ઉપર પૂલ બાંધીને સેનાને પાર ઉતારી, વ્યવસ્થિત રીતે ગોઠવી મલ્લિકાર્જુનની સાથે યુદ્ધ કર્યું. પોતે જાતે જ સાહસ કરીને મલ્લિકાર્જુનના હાથી ઉપર ચડી જઈ મલ્લિકાર્જુનને નીચે પાડ્યો અને તેનું મસ્તક લઈ તે પાટણ આવ્યો ને સાથે સાથે કોંકણ રાજ્યમાંથી દંડ તરીકે તથા લૂંટમાં ૧ સાડી, ૧ ખેસ, ૧ હાર, ૧ માંગલિક છીપ, ૩૨ સોનાના કળશો, ૬ મોતીની માળાઓ, ૧ ચાર દાંતવાળો હાથી, ૧૨૦ પાત્ર તથા ૧,૪૫,૦૦,૦૦૦ ધન લઈને આવ્યો.

રાજા કુમારપાલે તેને ૭૨ રાણાઓની વચ્ચે **મહામંડલેશ્વર** તથા **રાજપિતામહ**નાં બિરુદ બક્ષ્યાં. તે કોંકણમાંથી ૩૨ સુવર્ણના કળશો લાવ્યો હતો તે પૈકીના ૩ કળશો – ૧ ઉદયન ચૈત્યમાં, ૨ શુકનિકાવિહારમાં અને ૩ રાજાના ઘટીઘર (ટાવર) ઉપર ચડાવ્યા.[૧]

મંત્રી આંબડે સં. ૧૨૧૬ પછી પિતાની આજ્ઞા મુજબ ભરૂચના અત્યંત જીર્ણ થયેલા **શુકનિકાવિહાર**નો જીર્ણોદ્ધાર શરૂ કર્યો ત્યારે આ તીર્થ ખપુટાચાર્યના સંતાનીય આ૦ વિમલસિંહસૂરિને આધીન હતું. તેમાં મંત્રીને ઘણી અડચણો નડી હતી પણ આ૦ હેમચંદ્રસૂરિ અને તેમના શિષ્ય, જેઓ અંગવિજ્જાના પ્રકાંડ અભ્યાસી અને મંત્રીવાદી એવા પં૦ યશશ્ચંદ્ર ગણિના પ્રયાસથી અને પોતાના સાહસથી તે અડચણો દૂર થતાં તેણે મોટો જીર્ણોદ્ધાર કરાવ્યો અને તેમાં સં. ૧૨૨૨ માં કલિકાલસર્વજ્ઞ આ૦ હેમચંદ્રસૂરિના હાથે ભ૦ મુનિસુવ્રતસ્વામી વગેરે તીર્થંકરોની પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી.

મંત્રીએ આ પ્રસંગે આનંદમાં મસ્ત બની દરવાનને ઘોડો, બંદીજનને હાથીનું કંકણ વગેરેનું મોટું દાન આપ્યું અને કોંકણથી લાવેલો સ્વર્ણકળશ મંદિરના શિખર ઉપર સ્થાપન કર્યો. આરતી ઉતારવા પ્રસંગે તેને રાજા કુમારપાલે તિલક કર્યું અને ૭૨ સામંતોએ ચામર ઢોળ્યા.

કલિકાલસર્વજ્ઞ આ૦ હેમચંદ્રસૂરિએ આજ સુધીમાં કદી પણ મનુષ્યની સ્તુતિ નહોતી કરી, પણ તેઓ આંબડની ઉદારતાથી પ્રસન્ન થતાં એકાએક બોલ્યા :

કિં કૃતેન ન યત્ર ત્વં યત્ર ત્વં તત્ર કઃ કલિઃ ।
કલૌ ચેદ્ ભવતો જન્મ કલિરસ્તુ કૃતેન કિમ્ ?॥

---

૧. મંત્રી આંબડે કોંકણના કાદંબરાજા મલ્લિકાર્જુનને હરાવી, મારી નાખ્યો. (જૂઓ, આ૦ બાલચંદ્રનું 'વસંતવિલાસકાવ્ય', સર્ગ : ૫, શ્લો. ૩૩ અને પં૦ અરિસિંહનું 'સુકૃતસંકીર્તન' સર્ગ : ૨, શ્લો. ....)

– હે આંબડ ! જ્યાં તું નથી ત્યાં કૃતયુગ ફોગટ છે, જ્યાં તું છે ત્યાં કલિયુગ હોય તોયે શું ? તારો જન્મ થવાથી કલિયુગ પણ શ્રેષ્ઠ છે, કૃતયુગનું શું કામ છે ?

આ જીર્ણોદ્ધારમાં બે કરોડની રકમ ખરચાઈ હતી. (હસ્ત. પ્રબંધચિંતામણિ)

તે પછી મંત્રી આંબડે સં. ૧૨૨૫ પછી પાટણના કુમારવિહારમાં ભ૦ શ્રી ઋષભદેવની ચાંદીની પ્રતિમા ભરાવી સ્થાપન કરી હતી. તેમજ ધોળકામાં પોતાના પિતાની ઉદાવસહીમાં ૨૪ દેરીઓ વધારી 'ઉદયનવિહાર'ને મોટો બનાવ્યો હતો.

રાજા કુમારપાલ પછી અજયપાલ સં. ૧૨૩૦ માં ગુજરાતનો રાજા બન્યો. તે દુષ્ટ રાજા હતો. તેણે સામંતોની ભંભેરણીથી રાજપિતામહ મંત્રી આંબડને હુકમ કર્યો કે, 'તું જેમ કુમારપાલને નમતો હતો તેમ તારે મને પણ નમન કરવું જોઈશે, નહિતર યુદ્ધ માટે તૈયાર થઈ જા.' મંત્રી આંબડે રાજાને દુષ્ટ સ્વભાવનો સમજીને રાયાભિયોગ થી પણ લાભ ન જોયો ત્યારે મૌન સેવ્યું. રાજાએ તેને મારવા માટે તેના ઘેર માણસો મોકલ્યા. મંત્રીએ પણ પોતાને ઘેર જઈ તીર્થંકરની પૂજા કરી અનશન સ્વીકાર્યું, અને પોતાના માણસોને સાથે લઈ લડવા માટે સામે આવ્યો. એ રાજાના માણસોને વિખેરતો વિખેરતો ઘટીઘર સુધી પહોંચ્યો અને ત્યાં જ મરણ પામ્યો. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૯૮)

ડાહ્યા માણસોએ મંત્રીનું મરણ સાંભળી એટલું જ કહ્યું કે, 'હવે ધન જોઈએ તો ભાટ બનજો, વ્યભિચારી બનજો, વેશ્યાના ઉસ્તાદ બનજો, દગાખોર બનજો પણ કોઈ રીતે પંડિત ન બનજો, કારણ કે ઉદયનનો પુત્ર મંત્રી આંબડ સ્વર્ગમાં ચાલ્યો ગયો છે.'

(૨) મહામાત્ય બાહડ (વાહડ)–

તે મહામાત્ય ઉદયનનો બીજો પુત્ર હતો. રાજા સિદ્ધરાજનો મંત્રી અને કુમારપાલનો મહામાત્ય તેમજ રાણક બન્યો હતો.

(–પુરાતન પ્રબંધસંગ્રહ, પૃ. ૩૯ થી ૪૨, પ્રબંધકોશ, પૃ. ૪૮,
કુમારપાલચરિત, સર્ગ : ૯, શ્લો. ૩૬૪)

કાંટેલાના શિલાલેખમાં તેને ગંભીર શ્રીબાહડ તરીકે સંબોધ્યો છે. તેણે સિદ્ધરાજના પ્રતિપન્નપુત્ર રજપૂત ચાહડનું સ્થાન પૂર્યું હતું. તે મુત્સદ્દી અને ગંભીર હતો. કાંટેલા શિલાલેખનું વિશેષણ તેને માટે ઉપયુક્ત જ હતું.

રાજા સિદ્ધરાજે સં. ૧૧૮૫ માં સંતાન–કામનાથી પગપાળા તીર્થયાત્રા કરી ત્યારે મહામાત્ય આલિગ અને મંત્રી વાહડ તેની સાથે હતા. ગૂર્જરેશ્વર કુમારપાલે સોમનાથના શિવાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યો તેનો સમસ્ત પ્રબંધ મંત્રી વાહડને આધીન હતો.

મહામાત્ય વાહડે પાટણમાં સુંદર જિનાલય બંધાવ્યું હતું. નેવું લાખના આસામી શેઠ છદ્દકે તે દેરીમાં એક ગોખલો બનાવી તેમાં આ૦ હેમચંદ્રસૂરિ-પ્રતિષ્ઠિત ભ૦ અજિતનાથની પ્રતિમા પધારાવી હતી. મંત્રીએ આ દેરાસર રાજા કુમારપાલને આપ્યું અને રાજવીએ મંત્રી વાહડની દેખરેખ નીચે વિસ્તાર કરી કુમારવિહાર બંધાવ્યો.

મંત્રી વાહડે પિતાની આજ્ઞા અનુસાર રાજા કુમારપાલની આજ્ઞા લઈ રાજ્ય-ભંડારના દ્રવ્યની મદદથી સં. ૧૨૦૦માં શત્રુંજય તીર્થના મૂળ દેરાસરનો મોટો જીર્ણોદ્ધાર શરૂ કર્યો. મહામાત્ય વાહડે શત્રુંજય પર્વતની તળેટીમાં પહાડપુર વસાવ્યું. સં. ૧૨૧૧માં દેરાસર તૈયાર થઈ ગયું, પણ ભમતીમાં પહાડી તોફાની હવાનું દબાણ આવવાથી તે દેરાસર એકદમ ઘસી પડ્યું અને તૂટી ગયું.

મંત્રી વાહડને પ્રથમ દેરાસર તૈયાર થઈ જવાની ખબર મળી ત્યારે તેણે ખબર આપનારને ખુશાલીમાં સોનાની ૧૬ જીભનું ઈનામ આપ્યું અને બીજે દિવસે દેરાસર ઘસી પડવાની ખબર લાવનારને ૩૨ જીભનું ઈનામ આપ્યું, કેમકે મંત્રી બુદ્ધિપ્રધાન હતો; તેણે બીજા ઈનામ વિશે ખુલાસો કર્યો કે, ''મારી હયાતીમાં દેરાસર પડી જવાની ખબર પડી તેથી ફરીવાર પણ તેને બનાવીશ, પણ મારા મરણ બાદ તે નાશ પામ્યું હોત તો તે ક્યારે બને એ શંકાની વાત રહેત.''

મંત્રીએ પોતાનો શ્રીકરણમુદ્રાનો અધિકાર થોડાએક દિવસો માટે મંત્રી કપર્દીને સોંપ્યો અને પોતે ચાર હજાર ઘોડેસવારના સેન્ય સાથે પાલીતાણા જઈને વસ્યો. તેણે ત્યાં વાગ્ભટપુર વસાવ્યું. તેણે સલાટો પાસેથી જાણી લીધું કે, દેરાસરની ભમતીમાં પહાડી હવાનું દબાણ વધવાથી દેરાસર ઘસી પડ્યું છે. કદાચ ભમતી ન બનાવવામાં આવે તો દેરાસર બચી જાય પણ તેવું દેરાસર બનાવનારનો વંશવેલો નાશ પામે. મંત્રીએ દીર્ઘદ્રષ્ટિ વાપરી ભમતીવાળું દેરાસર તૈયાર કરાવ્યું અને પછી ગભારાની દીવાલ તેમજ ભમતીની દીવાલ વચ્ચેનો ગાળો ચૂના-પથ્થરથી ભરીને પુરાવી દીધો. આથી એ દીવાલ લગભગ પાંચ ગજ પહોળી બની ગઈ. આ રીતે મજબૂત દેરાસર તૈયાર થયું. તેણે ભ૦ ઋષભદેવની આરસની ભવ્ય પ્રતિમા ભરાવી તથા કળશ અને ધ્વજા તૈયાર કરાવ્યાં.

સં. ૧૨૧૩માં શત્રુંજયતીર્થમાં કલિકાલસર્વજ્ઞ આ૦ હેમચંદ્રસૂરિના વરદ હસ્તે ભ૦ ઋષભદેવ વગેરે જિનપ્રતિમાઓની બહુ ધામધૂમથી તેણે પ્રતિષ્ઠા કરાવી.

આ પ્રતિષ્ઠા મહોત્સવમાં ટીમાણાનો એક નિર્ધન જૈન નામે **ભીમો** ફાટ્યાં-તૂટ્યા કપડાં પહેરીને આવ્યો. તેને મહામાત્યને જોવાની ઇચ્છા હતી પણ સંકોચના કારણે તે તેમની પાસે જઈ શકતો નહોતો. મંત્રીએ આ હકીકત

જાણી ત્યારે તેને સ્નેહભાવથી બોલાવ્યો અને પોતાની ગાદી ઉપર બેસાડીને કહ્યું, 'તું મારો ધર્મબંધુ છે. મારા યોગ્ય જે કંઈ કામ હોય તે જણાવ.' આ રીતે મંત્રીએ પોતાના સાધર્મિકપ્રેમનો મીઠો પરિચય કરાવ્યો.

તીર્થના જીર્ણોદ્ધાર માટે ટીપ ચાલતી હતી તેમાં તે ભીમાએ સાત દ્રમ્મની મૂડી આપી દીધી ત્યારે મહામાત્યે આવી નિઃસ્પૃહતા અને ભક્તિ માટે તેના પ્રત્યે લાગણીભર્યો આનંદ વ્યક્ત કર્યો અને ભીમાનું નામ જીર્ણોદ્ધારની ટીપની વહીમાં સર્વપ્રથમ લખાવ્યું.

તીર્થમાલાની બોલી બોલાતી હતી ત્યારે રાજા કુમારપાલ, મહામાત્ય વાહડ વગેરે હતા. મહામાત્યે ચાર લાખ દ્રમ્મ બોલીને ચડાવાનો પ્રારંભ કર્યો. બોલી વધવા લાગી. મહુવાના શેઠ **જગડૂ સોરઠિયા પોરવાડે** સવા કરોડ દ્રમ્મની બોલીથી આદેશ લઈ પોતાની માતાને તીર્થમાલા પહેરાવી. જે જગડૂ શાહ પાસે સવા-સવા કરોડની કીમતના પાંચ માણેક હતાં, તેમાંથી એક શત્રુંજય તીર્થમાં, બીજું ગિરનાર તીર્થમાં અને ત્રીજું પ્રભાસ તીર્થમાં આપ્યું, શ્રીસંઘે સોનાનો કંઠો બનાવી તે બોલીમાં અપાયેલું માણેક તેમાં ગોઠવ્યું અને તે કંઠો ભ૦ ઋષભદેવને પહેરાવ્યો; સંઘમાં આનંદ વર્ત્યો.

મંત્રી વાહડે આ રીતે શત્રુંજય તીર્થનો **ચૌદમો** મોટો જીર્ણોદ્ધાર કરાવ્યો. વળી, વાગ્ભટપુરમાં ત્રિભુવનપાલવિહાર બંધાવી તેમાં ભ૦ પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. તેની પૂજા માટે ૨૪ વાડીઓ આપી. એ નગરને ફરતો કિલ્લો બંધાવ્યો. દેવમંદિરોને ગરાસ બાંધી આપ્યા અને મકાનો બંધાવ્યાં. મંત્રી વાહડે તીર્થોદ્ધાર વગેરેમાં મળીને ૧,૬૦,૦૦,૦૦૦ ખરચ્યા.[૧]

ગૂર્જરેશ્વર કુમારપાલે સં. ૧૨૨૩માં શત્રુંજય, ગિરનાર વગેરે તીર્થોનો મોટો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો. ગિરનાર તીર્થનો ચઢાવ કઠિન હતો. રાજા કુમારપાલની ઇચ્છા હતી કે, અહીં બીજી પાજ બંધાવવી. મહામાત્ય વાહડે રાજાની આજ્ઞાથી મહં૦ રાણિગ શ્રીમાલીના પુત્ર વાહડ પાસે સં. ૧૨૨૨-૧૨૨૩માં ગિરનાર ઉપર ત્રેસઠ લાખના ખર્ચે નવી સુગમ પાજ બંધાવી. આ રસ્તો **'સાંકળી પાજ'** નામે પ્રસિદ્ધ છે.

મહામાત્ય વાહડને મહં૦ પદ્મસિંહ નામે પુત્ર હતો. તેને પ્રથિમીદેવીથી મહણસિંહ, મંત્રી સામંતસિંહ અને દંડનાયક **સલખણસિંહ** એમ ત્રણ પુત્રો થયા.

---

૧. મહામાત્ય વાહડે શત્રુંજય તીર્થનો ૧૪મો મોટો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો, તેમ સમરા શાહે ૧૫મો અને દોશી કર્માશાહે ૧૬મો મોટો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

(જૂઓ પ્રક. ૩૫, પૃ. ૧૫૩ તથા ૧૫૯-૧૬૦)

મહામાત્ય તેજપાલે સં. ૧૨૮૭માં વાગ્ભટપુરને સ્થાને તેજલપુર વસાવ્યું હતું.

(જૂઓ, પ્રક. ૩૭, પૃ. ૨૨૫)

રાજા વિશલદેવે (સં. ૧૩૦૨ થી ૧૩૧૮) સલખણસિંહને સૌરાષ્ટ્રની વ્યાપાર-મુદ્રા (શ્રીકરણમુદ્રા લાગે છે) પહેરાવી અને પછીથી તેને **દંડનાયક** નીમ્યો હતો. મંત્રી સલખણે સં. ૧૩૦૫ના વૈશાખ સુદિ ૩ ને શનિવારે પોતાના પિતાના કલ્યાણ માટે ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા ભરાવી તેની વડગચ્છના આ૦ વાદિદેવસૂરિ-સંતાનીય (૪૩) આ૦ પ્રદ્યુમ્નસૂરિના પટ્ટધર (૪૪) આ૦ માનદેવ-સૂરિ, તેમના પટ્ટધર (૪૫) આ૦ જયાનંદસૂરિના હાથે ગિરનાર તીર્થમાં પ્રતિષ્ઠા કરાવી હતી. આ પ્રતિમા આજે વસ્તુપાલના દેરાસરમાં વિદ્યમાન છે. તે પછી ત્રણ-ચાર વર્ષમાં જ તે મરણ પામ્યો.

(જૂઓ, પ્રક. ૪૧, પટ્ટા. ૮મી, પૃ. ૪૫૯)

મંત્રી સામંતસિંહે દંડનાયક સલખણસિંહના કલ્યાણ માટે કૃષ્ણની **સલક્ષણ નારાયણ** પ્રતિમા બનાવી સ્થાપન કરી હતી અને ગિરનાર શિખર ઉપર ભ૦ નેમિનાથના પ્રાસાદ પાસે ભ૦ પાર્શ્વનાથનો **જિનપ્રાસાદ** બંધાવ્યો હતો. રાજા વિશલદેવ તથા રાજા અર્જુનદેવના શાસન (સં. ૧૩૧૮ થી ૧૩૩૧)માં સામંતસિંહ સોરઠનો **દંડનાયક** હતો. તેણે માતા પ્રથિમીદેવીના શ્રેય માટે સમુદ્ર કિનારે દ્વારકા પાસે આવેલા રેવતીકુંડનો **જીર્ણોદ્ધાર** કરાવ્યો. નવા પગથિયાં બંધાવ્યાં અને તેમાં ગણેશ, ક્ષેત્રપાલ, **સૂર્ય**, ચંડી, માતૃકા, શિવ, કૃષ્ણ, રેવતી તથા બલદેવની પ્રતિમાઓ બનાવી બેસાડી. કૂવો, હવાડો બનાવ્યાં. તેનું અમી જેવું પાણી ગાયો પીતી હતી. આ દરેકની સં. ૧૩૨૦ના જેઠ સુદિ ૪ ને બુધવારે પ્રતિષ્ઠા કરાવી હતી. આ મંદિરની પ્રશસ્તિ મંત્રી સામંતસિંહના કુટુંબના માનીતા અને મોક્ષાકરના પુત્ર કવિ હરિહરે લખી છે.[1]

(–પ્રક. ૩૭, પૃ. ૨૩૪; ગુજરાતના ઐતિહાસિક લેખો,
ભા. ૩, લેખાંક : ૨૧૩, ૨૧૬; પૃ. ૨૦૬, ૨૦૭)

(૩) **મંત્રી ચાહડ** – તે મહામાત્ય ઉદયનનો ત્રીજો પુત્ર હતો. તેનાં બીજાં નામ આહડ અને આસ્થળ મળે છે. તેની માતાનું નામ માઉ હતું. તે બહુ પરાક્રમી અને દાની હતો. તેને 'રાજઘરટ્ટ'નું બિરુદ મળ્યું હતું. તે માળવાનો દંડનાયક હતો.

કેટલાક વિદ્વાનો નામની એકતાના કારણે આ મંત્રી ચાહડને સિદ્ધરાજનો પ્રતિપન્નપુત્ર માને છે પણ તે ભૂલ છે. એ સમયે એક બીજો ચાહડ હતો, તે

---

૧. સં. ૧૩૩૩ના જેઠ સુદિ ૫ ને રવિવારે સારંગદેવના રાજ્યમાં ચાવડાવંશના ભોજદેવના પુત્ર રાણકે માતા સોયનાના કલ્યાણ માટે **આંબરણ** ગામમાં દધિમતીના કિનારે સૌરાષ્ટ્રના અધિકારી પાલ્હ વગેરે પંચની સમક્ષ ભ૦ **શ્રીસુમતિનાથ**ની પૂજા માટે એક વાડીનું દાન કર્યું.

(–ગુજરાતના ઐતિહાસિક લેખો, ભા. ૩, લેખાંક : ૨૨૦, પૃ. ૨૨૧)

માળવાનો રાજપૂત હતો. રાજાની હસ્તિશાળાનો અધ્યક્ષ હતો; હાથીસેનાનો સેનાપતિ હતો. રાજા સિદ્ધરાજ તેને ગુજરાતનો રાજા બનાવવા ઇચ્છતો હતો. તેણે સં. ૧૨૦૨માં રાજા કુમારપાલના રાજ્યમાં અજમેરના વિગ્રહરાજને હરાવ્યો; પણ અંદરખાનેથી તે તેનો મિત્ર બની ગયો. પછી રાજા કુમારપાલ સાથે ઝગડો થવાથી તે સાંભર ગયો અને રાજા અર્ણોરાજને રાજા કુમારપાલના વિરોધમાં ઊભો કર્યો. પરિણામે રાજા કુમારપાલે ત્યાં જઈ સાહસપૂર્વક અર્ણોરાજને જીતી લીધો, અને ત્યાં પોતાની આણ પ્રવર્તાવી. એટલે આ રાજપૂત ચાહડ અને મંત્રી ચાહડ બંને ભિન્ન વ્યક્તિઓ હતી, પણ ઇતિહાસમાં આ બંને ચાહડની કેટલીક ઘટનાઓ સેળભેળ થઈ ગઈ છે. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૭૨, ૭૬ થી ૭૮)

મંત્રી ચાહડને સાત પુત્રો હતા. તેમાંના છઠ્ઠા પુત્ર કુમારસિંહને રાજા કુમારપાલે કોઠારી તરીકે નીમ્યો હતો. એક ગ્રંથપુષ્પિકામાં ઉલ્લેખ છે કે, સં. ૧૨૨૫માં કુમારસિંહ રાજા કુમારપાલનો મહામાત્ય હતો.

(–શાંતિસૂરિરચિત 'પૃથ્વીચંદ્ર ચરિત'ની પુષ્પિકા)

(૪) મંત્રી સોલ્લાક – તે મહામાત્ય ઉદયનનો ચોથો પુત્ર હતો. તેનું બીજું નામ સોલ્હાક મળે છે. તેને 'સામંતમંડલી-સત્રાગાર'નું બિરુદ હતું. તેણે તથા મંત્રી સામંતસિંહે મંત્રી વસ્તુપાલની જેમ વિષ્ણુ મંદિર વગેરે બંધાવ્યાં હતાં. તેથી કોઈ કોઈ વિદ્વાનો તેને માહેશ્વર માને છે. બનવાજોગ છે કે, તેણે રાજા અજયપાલના દબાણથી આવું મિશ્ર વલણ અખત્યાર કર્યું હોય. ઘોળકાના રણછોડજીના મંદિરમાં ઉદયવિહારનો લેખ છે એ પણ એક સૂચક ઘટના છે.

(પ્રભાવકચરિત્ર, પ્રબંધચિંતામણિ, પ્રબંધસંગ્રહ, પ્રબંધકોશ, ઉપદેશસાર-સટીક, કુમારપાલપ્રબંધ, પ્ર. ૪૧; જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૨૨૨, ૨૨૫)

વેસટશાહવંશ–દેશલહરાવંશ

૧. વેસટ – તે ઓસિયાનો જૈન નગરશેઠ હતો. તેને વેપારીઓ સાથે વિરોધ થતાં તે ઓસિયા છોડી કિરાટકૂપ (કિરાડુ) આવીને વસ્યો. ત્યાં રાજા જૈત્રસિંહનો મંત્રી બન્યો અને તેને ઉપદેશ આપી દયાપ્રેમી બનાવ્યો.

૨. વરદેવ – તે કિરાટકૂપનો **નગરશેઠ** બન્યો. **૩. જિનદેવ.**

૪. નાગેન્દ્ર – તેનું બીજું નામ નાયંદ હતું. તે અરડકમલ ઓશવાલ હતો.

૫. સલ્લક્ષણ – તે એક સાર્થવાહ પાસેથી ગુજરાતની પ્રશંસા સાંભળીને પાલનપુર આવી વસ્યો. તેણે અહીં ભગવાન પાર્શ્વનાથનું જિનાલય બંધાવ્યું.

૬. આજડ – કોઈ ઉલ્લેખ આજડને સલ્લક્ષણના પિતા બતાવે છે.

૭. **સં૦ ગોસલ** – તે નિર્ધન થઈ ગયો અને મરણ પામ્યો. તે સાત તીર્થોમાં પ્રસિદ્ધ હતો. તેને **ગુણમતી** પત્ની અને ૧. **આશાધર**, ૨. સં૦ **દેશલ** અને ૩. લાવણ્યસિંહ નામે પુત્રો હતા.

(૧) **સં૦ આશાધર** – તે ગોસલનો મોટો પુત્ર હતો. તેને રત્નશ્રી નામે પત્ની હતી. તેણે દેવગિરિમાં જઈ વેપાર ખેડ્યો, ધન કમાયો અને યશ મેળવ્યો તથા સં. ૧૩૫૨માં **પાલનપુર**માં ઉપકેશગચ્છના ક્કુદાચાર્ય સંતાનીય આ૦ **સિદ્ધસૂરિ**ના ઉપદેશથી પોતાના પિતાના કલ્યાણ માટે 'ઉત્તરજ્ઝયણસુત્ત'ની વૃત્તિ લખાવી, જેને આ૦ દેવગુપ્તના શિષ્ય **પં૦ પાસમૂર્તિ**એ વાંચી સંભળાવી. શેઠ આશાધરની પુસ્તકલેખન વિશેની માન્યતા એવી હતી કે –

" श्रुताधीनः कलौ धर्मः नैव स पुस्तकं विना ।
पुस्तकानि तु लिख्यन्ते लेखकैर्लब्धवेतनैः ॥ "

(જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્રશસ્તિ : ૩૪)

સં૦ **આશાધર** નાની વયમાં મરણ પામ્યો. તેને પુત્ર નહોતો; પણ માણિકદેવી, સોહગદેવી, કાશ્મીરીદેવી અને માઉકાદેવી એમ ચાર પુત્રીઓ હતી. તેની ગાદીએ દેશલ શાહનો મોટો પુત્ર **સહજપાલ** આવ્યો.

(૨) સં૦ **દેશલ** – તેની વિગત આગળ જણાવીશું.

(૩) **લાવણ્યસિંહ** – તેનું બીજું નામ લૂણસિંહ હતું. તેની પત્નીનું નામ લાછી હતું. તે ન્યાયસંપન્નવિભવ હતો અને દેખાવે રૂપાળો હતો. નાની વયમાં જ તે મરણ પામ્યો. તેને બે પુત્રો (૧) સામંત અને (૨) સાંગણ નામે હતા.

(૧) **સામંત** – તેને માટે કોઈ ઉલ્લેખ મળતો નથી.

(૨) **સાંગણ** – સંભવતઃ તેનું નામ **સારંગ** હતું અથવા તેને સારંગ નામે પુત્ર હતો. સારંગ દિલ્હી રહેતો હતો. તે રાજમાન્ય હતો. સં૦ **સમરાશાહ** અને **સારંગ** વચ્ચે ગાઢ સ્નેહ હતો, એ જ કારણે ઇતિહાસમાં **સમરા-સારંગ**ની જોડી વિખ્યાત બનેલી છે.

૮. **સં૦ દેશલ શાહ** – તે બુદ્ધિમાન હતો. તેણે મોટાભાઈ આશાધરના મરણ પછી કુટુંબનો સમગ્ર ભાર ઉપાડી લીધો. તેણે પોતાના ત્રણ પુત્રો તેમજ લૂણસિંહના પુત્રોને શિક્ષણ અને સંસ્કારથી આગળ વધારવાની ચીવટભરી વ્યવસ્થા કરી. તેણે **દેવગિરિ**માં ભ૦ **પાર્શ્વનાથ**નું જિનમંદિર બંધાવ્યું અને આ૦ સિદ્ધસેન-સૂરિના વાસક્ષેપથી પ્રતિષ્ઠા કરાવી. પછી તે પાલનપુર આવ્યો અને ત્યાંથી ખાસ કારણે **પાટણ**માં આવી વસ્યો. તેણે **શત્રુંજયતીર્થનો સંઘ** કાઢી સં. ૧૩૭૧ના માહ સુદિ ૭ ને ગુરુવારે પોતાના પુત્ર સમરા શાહના હાથે શત્રુંજયનો જીર્ણોદ્ધાર

કરાવ્યો. તે **સંઘપતિ** બન્યો હતો. તેના વંશજો **દેશલહરા** નામથી ખ્યાતિ પામ્યા. તેને (૧) સહજપાલ, (૨) સાહણપાલ (સાજનપાલ) અને (૩) **સમરસિંહ** તેમજ (૪) જનકુદેવી નામે પુત્રી વગેરે સંતાનો હતાં.

(૧) **સહજપાલ** – તે પિતાની આજ્ઞાથી **દેવગિરિ**માં દાદા **આશાધર**ની ગાદીએ જઈને બેઠો. ત્યાંના રાજાએ પ્રસન્ન થઈ તેને કર્પૂરવાળું પાનનું બીડું આપ્યું તેથી ભાટોએ તેને 'કર્પૂરધારાપ્રવાહ'[૧] બિરુદથી નવાજ્યો. પિતાની આજ્ઞા મળતાં તેણે વિશાળ ભૂમિ ઉપર **ભ૦ પાર્શ્વનાથ**નો જિનપ્રાસાદ બનાવ્યો, જેમાં શિખરવાળો ગભારો, રંગમંડપ, ભમતી અને કિલ્લો બનાવ્યાં. ભમતીમાં ૨૪ જિનની દેરીઓ બનાવી અને બીજી ચાર નાની દેરીઓ બનાવી. આ૦ સિદ્ધસેનસૂરિના વાસક્ષેપથી પિતાના હાથે ૧ પાર્શ્વનાથ, ૨૪ તીર્થંકરો, **સચ્ચિકાદેવી, અંબિકાદેવી, સરસ્વતીદેવી** અને **ગુરુમૂર્તિ**ની પ્રતિષ્ઠા કરાવી.

(–નાભિનંદન જિનોદ્ધારપ્રબંધ, પ્ર. ૨, શ્લો. ૯૪૦)

તેની પત્નીનું નામ સહજલદેવી હતું. કોઈ લેખક તેને સારંગ નામે પુત્ર હોવાનું જણાવે છે.

(૨) **સાજનપાલ** – તેની પત્નીનું નામ રાજિમતી હતું. તેને તેના પિતાએ ખંભાત મોકલ્યો. તેના વંશજોનો ઉલ્લેખ મળતો નથી. સંભવ છે કે **સાધુ સજ્જનસિંહ** તેની ગાદીએ આવ્યો હોય.

૯. **સં૦ સમરસિંહ (સમરા શાહ)** – તે દેશલ શાહનો નાનો પુત્ર હતો. તેની પત્નીનું નામ **રંભોલી** હતું. સમરસિંહ પિતાની સાથે જ રહેતો હતો. તે પિતાની સાથે **પાટણ** આવી વસ્યો. એ સમયે દીલ્હીના બાદશાહ અલ્લાઉદ્દીન ખિલજીએ **અલફખાન**ને સૈન્ય આપી ગુજરાત જીતી લેવા મોકલ્યો. તેણે ગુજરાત જીતી લીધું અને ત્યાંનો સૂબો થઈ બેઠો. તે પાટણમાં સર્વમાન્ય સમરસિંહના શુદ્ધ વ્યવહારને દેખી તેના ઉપર ખૂબ પ્રસન્ન હતો. તે સમરસિંહની દરેક વાતને બરાબર સાંભળતો, માન્ય કરતો અને તે અમલમાં મૂકવા પ્રયત્નશીલ રહેતો.

---

૧. આ૦ કક્કસૂરિ કર્પૂરધારાપ્રવાહ માટે લખે છે કે –

સહજઃ શ્રીદેવગિરૌ રામદેવનૃપં ગુણૈઃ ।
તથા નિજવશં ચક્રે યથા નાન્યકથામસૌ ॥૯૩૫॥
કર્પૂરપૂરસુભગં તામ્બૂલં યસ્ય યચ્છતઃ ।
કર્પૂરધારાપ્રવાહબિરુદં બન્દિનો દદુઃ ॥૯૩૬॥

(સં. ૧૩૯૩નો શત્રુંજયતીર્થોદ્ધારપ્રબંધ, પ્રસ્તાવ બીજો, પૃ. ૧૦૧)

આથી સમજાય છે કે મધ્યયુગમાં ભારતના રાજા-મહારાજાઓ જેને કપૂરવાળું પાન-બીડું આપતા તેને જનતા 'કર્પૂરધારાપ્રવાહ' એવા બિરુદથી નવાજતી હતી.

સં. ૧૩૬૯માં મુસ્લિમ સૈન્યે ગુજરાત અને સૌરાષ્ટ્રમાં હિંદુ તીર્થો ઉપર વિનાશ વેર્યો. મૂર્તિઓ તોડી નાખી. એ વેળા શત્રુંજય તીર્થમાં પણ ઘણી તોડફોડ કરી અને મૂળનાયક શ્રીઆદીશ્વર ભગવાનની મૂર્તિને ખંડિત કરી.

આ અંગે છૂટાછવાયા એવા ઉલ્લેખો મળે છે કે, મુસલમાનો મૂર્તિઓ ભાંગે છે એવી દહેશતથી લોકો ભ૦ ઋષભદેવની પ્રતિમાને **પીરમબેટ** લઈ ગયા અને ત્યાં સુરક્ષિત સ્થળે છુપાવી દીધી. સાધારણ જનતાએ માની લીધું કે તીર્થની રખેવાલ દેવીએ તે પ્રતિમાને ગુપ્ત સ્થાને છુપાવી છે. શેઠ દેશલને તીર્થનો ભંગ થયેલો જાણી ભારે આઘાત લાગ્યો. તેણે આ૦ સિદ્ધસેન પાસેથી શત્રુંજયતીર્થના અગાઉના ઉદ્ધારોનો ઇતિહાસ સાંભળી પુત્ર સમરા શાહને આજ્ઞા કરી કે, 'તું શત્રુંજયતીર્થનો ઉદ્ધાર કરાવ.'

સમરા શાહે ગુરુ પાસે જઈ **પ્રતિજ્ઞા** કરી કે, 'જ્યાં સુધી શત્રુંજય તીર્થનો ઉદ્ધાર ન થાય ત્યાં સુધી હું પ્રતિદિન બે વખત ભોજન, તૈલાભ્યંગ સ્નાન, એક વિગઈનો ત્યાગ કરીશ અને ભૂમિસંથારો કરીશ.'

સમરસિંહ સમય જોઈને સૂબા પાસે ગયો. સૂબો આનંદમાં હતો. સમરસિંહને જોઈ ખુશ થયો. સમરસિંહે લાગ જોઈ કહેવા માંડ્યું, 'ખુદાવિંદ ! હિંદુઓનાં તીર્થોનો નાશ થવાથી ધર્મકાર્યો અટકી પડ્યાં છે, તો મને રજા આપો કે, હું શત્રુંજયતીર્થને ફરીવાર તૈયાર કરું. તોડજોડ એ વિધિના હાથમાં છે. તીર્થને બનાવવું અને તોડવું એ તમારા હાથમાં છે. તો તમે આનો વિધિ બનો અને મને ફરમાન લખી આપો.' આ વાતથી પ્રસન્ન થઈ સૂબાએ સમરસિંહને ફરમાન લખી આપ્યું એટલું જ નહીં પણ સૌરાષ્ટ્રના હાકેમ મલિક **બહેરામ**ને આજ્ઞા કરી કે, શેઠને તીર્થ બાબતમાં સર્વ પ્રકારની સગવડ કરી આપવી.'

સમરા શાહે બહેરામશાહને ખુશ કરી તેની સમ્મતિ પણ મેળવી લીધી.

સમરા શાહની ઇચ્છા હતી કે, મંત્રી વસ્તુપાલે મૂર્તિ માટે છુપાવી રાખેલ મમ્માણી પથ્થરમાંથી નવી પ્રતિમા બનાવવી; પણ પાટણમાં ભ૦ અરિષ્ટનેમિના મંદિરમાં **આ૦ સિદ્ધસેન**ની મુખ્યતામાં સંઘ મળ્યો; સંઘે ગંભીર વિચારણા કરી આજ્ઞા આપી કે, મંત્રી વસ્તુપાલવાળી ફલહી હાલ એમ ને એમ રાખવી અને આરાસણથી નવી ફલહી મંગાવવી ને તેમાંથી નવી પ્રતિમા ઘડીને સ્થાપન કરવી.

સમરા શાહે પિતાની આજ્ઞા મેળવી માણસોને **ત્રિસંગમકર** મોકલ્યાં. તેમણે ત્યાં જઈ ત્યાંના રાજા મહીપાલની આજ્ઞા મેળવી ખાણમાંથી મોટી શિલા કઢાવી અને શિલ્પીઓ પાસે નવી મૂર્તિ ઘડાવી તૈયાર કરાવી. આ તરફ સમરા શાહે મૂળ આદીશ્વર પ્રાસાદનો પાયાથી તે કળશ સુધીનો ઉદ્ધાર કરાવ્યો. બીજા તે

શ્રીવત્સકુળના[1] શેઠ સ્થિરદેવના પુત્ર લૂંઢક વગેરે શ્રાવકોએ બીજી બીજી દેરીઓનો ઉદ્ધાર કરાવ્યો. દરમિયાન ઘડાયેલી નવી પ્રતિમા ભાંડુ, પાટણ, પીપરાળી થઈ પાલીતાણા પહોંચતી કરવામાં આવી. છ દિવસમાં તે પ્રતિમાને શત્રુંજયગિરિ ઉપર ચડાવી દેવામાં આવી.

સર્વવિદ્યાવિશારદ **મુનિ બાલચંદ્રજી** પહેલેથી જ સાથે હતા. તેમણે નવી મૂર્તિને મૂળ ગાદી ઉપર સ્થાપન કરાવી.

સંઘવી દેશલે ગુરુની આજ્ઞા લઈ, મુહૂર્ત જોવરાવી, દેશોદેશ આમંત્રણ મોકલી, શુભ દિવસે પાટણથી શત્રુંજયનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો. ગુજરાતના સૂબા **અલફખાને** સંઘની રક્ષા માટે મોટું સૈન્ય સાથે મોકલ્યું. આ સંઘમાં ભોજન-પાંગરણ વગેરેની દેખરેખ સં૦ સમરા શાહ રાખતા હતા અને શેઠ સોમપાલ સંઘની દેખરેખ રાખતા હતા. સંઘે પીપરાળી ગામ પાસે આવી દૂરથી શત્રુંજય તીર્થનાં દર્શન કર્યાં. પાલીતાણા આવીને શ્રીસંઘે મંત્રી વસ્તુપાલનાં ધર્મપત્ની લલિતાદેવીના નામથી બંધાયેલા **લલિતા** સરોવરના કિનારે પડાવ નાખ્યો.

એ જ સમયે ખંભાતથી **સાજનપાલ** અને દેવગિરિથી **સહજપાલ** સંઘ સાથે પાલીતાણા આવી પહોંચ્યા. પિતા, પુત્ર અને ભાઈઓનો કુટુંબમેળાવડો પાલીતાણામાં શરૂ થયો અને સૌ હર્ષ પામ્યા.

આ સંઘમાં[2] ઉપકેશગચ્છના આ૦ દેવગુપ્તસૂરિ, આ૦ સિદ્ધસેનસૂરિ અને કક્કસૂરિ (ઉપકેશગચ્છ પટ્ટાવલી, પ્રક. ૧), નાગેંદ્રગચ્છના આ૦ પ્રભાનંદસૂરિ,

---

૧. શ્રીવત્સવંશ –

(૧) છાહડના વંશમાં (૪૩) આ૦ માણિક્યપ્રભ તેમજ (૪૯) આ૦ કમલપ્રભસૂરિ થયા.

(૨) યશોભટના વંશમાં (૪૨) આ૦ શ્રીપ્રભ થયા તેમજ (૪૬) આ૦ પ્રજ્ઞાતિલકસૂરિ થયા. (૪૭) આ૦ રત્નપ્રભ થયા.

(૪) શ્રીકુમાર - તેણે વૃદ્ધ ગામમાં આ૦ કમલપ્રભને આચાર્યપદ અપાવ્યું. પત્ની અભયશ્રી, પુત્રો શોભાક, બોડાક, સાલ્હાક.

(૯) જસાક - તેણે તથા બેન વીંઝીયાએ પોતાના વંશના આ૦ **રત્નપ્રભ**ના ઉપદેશથી ઉપદેશમાળા લખાવી. (જૈ.પુ.પ્ર.સં. પ્રશસ્તિ : ૮૬)

સ્થિરપાલના પૂર્વજો- (૧) ધનદેવ પોરવાડ (જાલોર), સહજલદેવી, (૨) બ્રહ્માક, (૩) ઝાંઝણ, (૪) આશાધર, (૫) ગોગિલ, (૬) પદ્મ (સુરલક્ષ્મી), (૭) સ્થિરપાલ (દેવિકા) સં. ૧૪૧૮ કાર્તિક વદિ ૧૦. (જૈન પુસ્તક પ્રશસ્તિ સંગ્રહ, પ્ર. ૮૬)

૨. સં. ૧૩૬૮માં શત્રુંજયતીર્થનો ભંગ થયો અને સં. ૧૩૭૧ના મહા સુદિ ૭ ને ગુરુવારે તીર્થનો ઉદ્ધાર કરાવ્યો. આ પ્રસંગે ઘણા ગચ્છના આચાર્યો વિદ્યમાન હતા. આ આચાર્યોના વિશેષ પરિચય માટે જૂઓ આ૦ દેવગુપ્તસૂરિ, આ૦ સિદ્ધસેનસૂરિ,➡

ભાવડારગચ્છના આ૦ વીરસૂરિ, હેમસૂરિસંતાનીય આ૦ **વજ્રસેન**, થારાપદ્રગચ્છીય આ૦ સર્વદેવસૂરિ, બ્રહ્માણગચ્છના આ૦ જગત્‌ચંદ્રસૂરિ, નિર્વૃતિગચ્છના આ૦ આમ્રદેવસૂરિ, નાણકગચ્છના આ૦ સિદ્ધસેનસૂરિ, બૃહદ્‌ગચ્છના આ૦ **ધર્મઘોષસૂરિ** (પ્રક. ૪૬), વૃદ્ધ પોષાળગચ્છના આ૦ રત્નાકરસૂરિ (પ્રક. ૪૪, પૃ. ૧૪) વગેરે મુખ્ય આચાર્યો આ સંઘમાં પધાર્યા હતા.

સમરા શાહે શત્રુંજયતીર્થનો **૧૫મો** ઉદ્ધાર કરી સં. ૧૩૭૧ના મહા સુદિ ૭ ગુરુવારે ભ૦ આદીશ્વરની નવી પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી.

સંઘ **વીશ દિવસ** ગિરિરાજ ઉપર રહ્યો. સં. સહજપાલે આચાર્યો, વાચનાચાર્યો, ઉપાધ્યાયો, મુનિઓ વગેરે ૨૦૦ સાધુઓનો સત્કાર કર્યો.

સંઘમાં ૭૦૦ ચારણ, ૩૦૦૦ ભાટ, ૧૦૦૦થી વધુ ગાયકો હતા. તેઓને ખુશ કર્યા, યાત્રીઓ તેમજ શિલ્પીઓ વગેરેને રાજી કર્યા.

સંઘ ત્યાંથી **ગિરનાર તીર્થ**માં ગયો. ત્યાં દશ દિવસ રોકાયો. ત્યાંથી **પ્રભાસપાટણ**, વણથલી, દેવપાટણ, **અજારા**, કોડીનાર અને **દીવબંદર** થઈ પાલીતાણા ગયો.

આ૦ સિદ્ધસૂરિએ ઉ૦ મેરુગિરિને સં. ૧૩૭૧ના મહા સુદિ પના રોજ **આચાર્યપદ** આપી આ૦ **કક્કસૂરિ** બનાવ્યા. સંઘ પાટડી, હારિજ, મોઈલા થઈને **પાટણ** આવ્યો. નગરજનોએ સંઘનો સત્કાર કર્યો.

સં. દેશલે સં. ૧૩૭૫માં ૭ લઘુ આચાર્યો વગેરે સાથે શત્રુંજયનો બીજી વાર છ'રી પાળતો સંઘ કાઢ્યો.

આ૦ **સિદ્ધસેન** સં. ૧૩૭૬ના ચૈત્ર સુદિ ૧૪ના રોજ પાટણમાં સ્વર્ગસ્થ થયા.

સમરા શાહે શત્રુંજય ઉપર અષ્ટાપદચૈત્ય તથા દેશલવસહી જિનાલયો

◆ આ૦ કક્કસૂરિ (પ્રક. ૧, ઉપકેશગચ્છ પટ્ટાવલી, પટ્ટાંકઃ ૬૪,૬૫,૬૬, પૃ.૨૭); આ૦ વિબુધપ્રભ, પટ્ટધર આ૦ પ્રભાનંદ, બીજું નામ આ૦ પદ્મચંદ્ર (પ્રક. ૩૫, નાગેંદ્રગચ્છ પટ્ટાવલી ત્રીજી, પટ્ટાંક : ૫, પૃ. ૬); આ૦ વીરસૂરિ (પ્રક. ૩૪, ભાવાચાર્યગચ્છ-પટ્ટાવલી, પટ્ટાંક : ૭, પૃ. ૪૬૨); આ૦ વર્ધમાનસૂરિ શિષ્ય આ૦ સર્વદેવસૂરિ (પ્રક. ૩૫, થારાપદ્રગચ્છીય પટ્ટાવલી, પટ્ટાંક : ૧૨, પૃ....); આ૦ જગત્‌ચંદ્રસૂરિ (પ્રક. ૩૫, બ્રહ્માણગચ્છ, પૃ. ૪૮); આ૦ વજ્રસેન, આ૦ હેમતિલકસૂરિ (પ્રક. ૪૧, પૃ. ૪૬૪, વાદિદેવસૂરિ સંતાનીય); આ૦ આમ્રદેવસૂરિ (પ્રક. ૩૫, નિર્વૃતિકુલ, પૃ. ૩૪); આ૦ સિદ્ધસેન (પ્રક. ... નાણાવાલગચ્છ, પટ્ટાંક : ...); આ૦ રત્નાકર (પ્રક. ૪૪, તપાગચ્છ વડીપોષાળ, પટ્ટાંક : ૪૯); આ૦ ધર્મઘોષ (પ્રક. ૪૬, વડગચ્છ-તપાગચ્છ-લઘુપોષાળ પટ્ટાંક : ૪૬, પૃ. ૪૦૬)

અહીં **નોંધપાત્ર** હકીકત એ છે કે, આ સંઘમાં અને જીર્ણોદ્ધાર પ્રસંગમાં ખરતરગચ્છ તથા પૂનમિયાગચ્છના આચાર્યો સામેલ ન હતા.

બંધાવ્યાં. દેશલવસહીમાં આ૦ સિદ્ધસેન, સં૦ શેઠ આશાધર, સં૦ દેશલ, શેઠ લૂણસિંહ વગેરેની અંજલિમુદ્રામાં મૂર્તિઓ સ્થાપન કરી, જે આજે પહેલી ટૂંકમાં છૂટીછવાયી ચોડેલી વિદ્યમાન છે.

દિલ્હીના બાદશાહ **કુતબુદ્દીને** સમરા શાહને દિલ્હી બોલાવી તેનો આદર કર્યો અને દિલ્હીમાં વેપારીઓના વડા તરીકે તેમની નિમણૂંક કરી.

સમરસિંહ મહાદાની હતો. તેણે એક **ગવૈયા**ને એક ધ્રુવપદથી ખુશ થઈ ૧૦૦૦ ટંકા આપ્યા હતા.

ગયાસુદ્દીને પણ સમરા શાહનો ભારે સત્કાર કર્યો. ટૂંકમાં દિલ્હી દરબારમાં સમરા શાહની લાગવગ ઘણી વધી ગઈ.

બાદશાહે પાંડુ દેશના રાજા વારવલ્લને કેદમાં પૂર્યો હતો, સમરસિંહે તેને છોડાવી પાંડુ દેશની ગાદીએ બેસાડ્યો, આથી સમરસિંહને 'રાજસ્થાપનાચાર્ય' તરીકેનું બિરુદ મળ્યું. સમરસિંહે સં. ૧૩૭૫માં ફરીવાર છ'રી પાળતો શત્રુંજયનો યાત્રાસંઘ કાઢ્યો.

સમરા શાહે બાદશાહનું ફરમાન મેળવી આ૦ જિનપ્રભસૂરિ સાથે મથુરા, હસ્તિનાપુર વગેરે તીર્થોની યાત્રા કરી.

સમરા શાહ દેવગિરિ ગયો. ત્યાં ગયાસુદ્દીનનો નવાબજાદો ઉલુઘખાન નામે હતો. તેણે સમરસિંહને પોતાનો ભાઈ જાહેર કરી ખૂબ સન્માન કર્યું. તેને તિલંગનો રાજા બનાવ્યો. તે તેને તિલંગનો સરદાર તથા ચાચા કહીને બોલાવતો હતો.

મુસલમાન સૈન્યે પાંડુ દેશના રાજા-પ્રજા વગેરે ૧૧ લાખને કેદમાં પૂર્યા હતા. સમરસિંહે તેને છોડાવી મૂક્યા અને દેવગિરિમાં નવા જૈનોને વસાવી **રામરાજ્ય** પ્રવર્તાવ્યું. ઉરંગલમાં નવું જિનમંદિર બંધાવ્યું. સમરા શાહ સં. ૧૩૯૩માં મરણ પામ્યો. આ૦ કક્કસૂરિએ તે જ સાલમાં પાટણમાં 'નાભિનંદન-જિનોદ્ધારપ્રબંધ'ની રચના કરી શત્રુંજયઉદ્ધારપ્રબંધ બનાવ્યો.

(જૂઓ, નાભિનંદનજિનોદ્ધાર **પ્રબંધ**, શત્રુંજય ઉદ્ધાર પ્રબંધ, રચના સં. ૧૩૯૩, પ્રબંધ-પ્રસ્તાવ ૫, ગ્રં. ૨૨૪૩ વગેરે)

સમરા શાહની પત્નીનું નામ રંભોલી હતું. તેમને ૧ સાલ્હ, ૨ સત્ય, ૩ ડુંગર, ૪ સાલિક, ૫ સ્વર્ણપાલ અને ૬ સાધુ સજ્જનપાલ એમ છ પુત્રો હતા. તે પૈકીના બીજા પુત્ર **સત્યસિંહે** શત્રુંજયતીર્થનો છ'રી પાળતો સંઘ કાઢ્યો હતો તથા બાવન જિનાલયવાળો મોટો **જિનપ્રાસાદ** બંધાવ્યો હતો. ત્રીજો પુત્ર **ડુંગરસિંહ** દિલ્હીમાં બાદશાહનો માનીતો હતો. ચોથા પુત્ર **સાલિક શાહે** મોટા જીર્ણોદ્ધારો કરાવ્યા હતા. પાંચમા પુત્ર સ્વર્ણપાલે શત્રુંજયતીર્થનો છ'રી પાળતો સંઘ કાઢ્યો હતો, જેમાં સાથે ચોવીશ જિનાલયો હતાં. છઠ્ઠો પુત્ર **સજ્જનસિંહ** અત્યંત સાધુવૃત્તિનો હતો.

૧૦. **સાધુ સજ્જનસિંહ** – તે સં૦ સમરા શાહનો છઠ્ઠો સૌથી નાનો પુત્ર હતો. સમરા શાહના મોટાભાઈનું નામ **સજ્જનપાલ** હતું અને આ છઠ્ઠા પુત્રનું નામ પણ સજ્જનસિંહ મળે છે. આ રીતે મોટા કાકા અને ભત્રીજાનું એક જ નામ હોય એ સમજાતું નથી. પણ એક નામ હોવાથી બંનેની જીવનઘટનાઓને અલગ કરવાનું કામ અશક્ય છે. શિલાલેખોમાં સાધુ સજ્જનસિંહ 'સાધુ' બિરુદવાળો અને જગતના જીવોનું કલ્યાણ કરનારો હતો.

ઇતિહાસ કહે છે કે તે સમયે **સલક્ષણપુર** નગર, જે આજે શંખલપુર નામથી પ્રસિદ્ધ છે, તેમાં વીશા પોરવાડ જ્ઞાતિના શેઠ વીદા શાહ, તેમની પત્ની વીરમદે અને તેમનો પુત્ર **કોચર શાહ** રહેતા હતા. કોચર નાનપણથી જ ધર્મશીલ અને દયાળુ હતો. એ શંખલપુર પાસેના બહુચરાજીના મંદિરમાં મોટો પ્રાણીસંહાર થતો હતો. એવી લોકવાયકા છે કે, મ્લેચ્છોએ બહુચરાજીનો કૂકડો મારી ખાધો. તે કૂકડો સવાર થતાં તેઓના પેટમાં કૂકડુક કૂકડુક કરવા લાગ્યો. આથી તે દેવીનું માહાત્મ્ય વધી ગયું. અહીં થતો જીવવધ જોઈ કોચર શાહને ભારે દુઃખ થતું હતું. તે એકવાર વ્યાપારના કારણે ખંભાત ગયો. ત્યાં ચૌદશના દિવસે શ્રીદેવસુંદરસૂરિના પટ્ટધર આ૦ **સાધુરત્નસૂરિ**ના વ્યાખ્યાનમાં ગયો. વ્યાખ્યાનમાં મોટા મોટા ધનાઢ્ય શ્રેષ્ઠીઓ બેઠા હતા. સૌએ કોચર શાહને સાધર્મિક બંધુના હિસાબે સૌથી આગળ બેસાડ્યો. તે સમયે ખંભાતમાં સુલતાનનું રાજ્ય હતું. દેશલહરા-વંશનો અરડકમલ સાધુ સજ્જનસિંહ ઓસવાલ રાજમાન્ય મોટો જૈન હતો. તે પણ આ વ્યાખ્યાનસભામાં હાજર હતો. આચાર્યશ્રીએ સ્વાભાવિક રીતે જ જીવદયા પર સચોટ વ્યાખ્યાન આપ્યું. આ સાંભળી કોચર શાહે બહુચરાજીમાં થતા પ્રાણીસંહાર વિશે સભા સમક્ષ નિવેદન કર્યું અને તેને અટકાવવા સૌને વિનંતિ કરી. આચાર્યશ્રીના કહેવાથી સાધુ સજ્જનસિંહ કોચર શાહને પોતાના ઘેર લઈ ગયો. તેમને જમાડ્યા પછી તે સુલતાન પાસે લઈ ગયો. સુલતાનને સમજાવી કોચર શાહને શંખલપુરના બાર ગામનો **ફોજદાર** બનાવ્યો. કોચર શાહે શંખલપુરમાં જતાં જ બાર ગામ – ૧. સલખણપુર, ૨. હાંસલપુર, ૩. વડાવલી, ૪. સીતાપુર, ૫. નાવિયાણી, ૬. બહિચર, ૭. ટૂઅડ, ૮. દેલવાડુ, ૯. દેનમાલ, ૧૦. મોઢેરા, ૧૧ કાલહરિ અને ૧૨. છમીછું–માં **અમારિપટહ** વગડાવ્યો અને જીવહિંસા બંધ કરાવી. આ ગામોમાં તળાવમાં નંખાતી જાળ બંધ કરાવી. શિકારી પ્રાણીઓને ઉડાડવા માટે ટોયા ગોઠવ્યા. પશુ-પંખીઓ માટે અનાજ તથા પાણીનાં કૂંડાં મુકાવ્યાં અને પરબોમાં પાણી ગળાવવાનો પ્રબંધ કર્યો.

દિલ્હીના રાજમાન્ય **સારંગ શાહ** તથા ડુંગર શાહનો કવિ ઠક્કુર **દેપાલ** ફરતો ફરતો શંખેશ્વરની યાત્રાએ જતાં શંખલપુર આવ્યો. અહીં તેણે અમારિ પળાતી જોઈ. તે ખંભાત ગયો અને ત્યાં તેણે ચૌદશના વ્યાખ્યાનમાં કવિત્ત

કરી કોચર શાહની ખૂબ પ્રશંસા કરી. ત્યાંથી તે શત્રુંજયતીર્થની યાત્રાએ ગયો. આ તરફ, તેણે કોચર શાહનાં કરેલાં વખાણનું ફળ ઊલટું આવ્યું.

સાધુ સજ્જનસિંહને ઈર્ષ્યા થઈ આવી કે, કોચર શાહને ઊંચે લાવનાર હું છતાં મારું નામ પણ નહીં અને કોચર શાહનાં આટલાં વખાણ ! ઠીક છે, જોઈ લઈશ. તેણે સુલતાનને અવળી પાટી ભણાવી અને તરત જ કોચર શાહને પકડાવી જેલમાં પુરાવ્યો. આથી લોકમાં સજ્જનસિંહની નિંદા થવા લાગી અને શંખલપુર-બહુચરાજીમાં જીવહિંસાનો દોર છૂટો થયો-ખૂબ હિંસા થવા લાગી.

ઠક્કુર દેપાલ ફરી ખંભાત આવ્યો ત્યારે તેને પોતાની ભૂલ સમજાઈ. તેને સ્પષ્ટ થયું કે સજ્જનસિંહને ચીડવવામાં હું જ નિમિત્ત થયો છું. તેને ભારે દુઃખ થયું. સજ્જનસિંહને રીઝવવાનો તેણે ઈરાદો કર્યો. તે સજ્જનસિંહ પાસે ગયો અને કવિતોની ઝડી વરસાવવા લાગ્યો. આખરે તેને ખુશ કર્યો અને સાથોસાથ જણાવી દીધું કે, 'તારી કૃપાથી બહુચરાજીના પૂજારીઓ પાડાઓ કાપે છે. તારી મહેરબાની છે કે અવળી મૂંઠે અમારિ પળાય છે.' સજ્જનસિંહ આ સાંભળીને શરમાયો. તેણે કોચરને છોડી મૂકી ફરીથી બાર ગામનો હાકેમ બનાવ્યો. કોચર શાહે શંખલપુરમાં ફરીથી બાર ગામોમાં અમારિ પ્રવર્તાવી.

આ ઘટના ઉપરથી સમજી શકાય છે કે, સાધુ સજ્જનસિંહે કોચર શાહને ઊંચે લાવી બાર ગામોમાં અમારિ પળાવી હતી. માટે જ શિલાલેખમાં ઉલ્લેખ મળે છે કે, સં. ૧૪૪૨માં તે જગતના જીવોના કલ્યાણ માટે થયો. સંભવ છે કે આ ઘટના સં. ૧૪૪૨માં બની હોય. સજ્જનસિંહે પછી શત્રુંજય તીર્થ ઉપર આ ભૂલનું પ્રાયશ્ચિત્ત કર્યું હતું અને સંભવતઃ બ્રહ્મચર્યવ્રત સ્વીકાર્યું હતું. એ રીતે તેણે શિલાલેખમાં જણાવ્યા મુજબ તીર્થપદ મેળવ્યું, આથી તે 'સાધુ' તરીકે પ્રસિદ્ધિ પામ્યો.

> (–નિર્વૃતિગચ્છના આ૦ આમ્રદેવનો 'સમરરાસ' સં. ૧૩૭૧; આ૦ કક્કસૂરિનો નાભિનંદનજિનોદ્ધારપ્રબંધ; દેશલહરા શેઠ શિવશંકરની પત્ની દેવલદેવીએ સં. ૧૫૧૬ ચૈત્ર સુદિ ૮ ને રવિવારે ઉપકેશગચ્છના આ૦ કક્કસૂરિના વાચનાચાર્ય વિત્તસારને વહોરાવેલ સ્વર્ણાક્ષરી કલ્પસૂત્રની લેખનપ્રશસ્તિ, શ્લો. ૬ થી ૧૭; આ૦ વિજયસેનસૂરિ પ્રશિષ્ય મુનિ ગુણવિજયજીકૃત 'કોચર વ્યવહારિયાનો રાસ' સં. ૧૬૮૭, ડીસા; 'ઐતિહાસિક રાસ-સંક્ષિપ્તસાર')

મહાકવિ **દેપાલ** – તે ભોજક જ્ઞાતિનો જૈન હતો. કવિ ઋષભદાસ તેના વિશે જણાવે છે કે – **'હંસરાજ વાછો દેપાલ'** (કુમારપાલરાસ). એટલે તે સમયે ગણાતા મહાકવિઓમાં તેની ગણના થતી હતી. જૈન ભોજકો પોતાને ઠાકુર તરીકે ઓળખાવે છે એ રીતે તે પોતાને ઠાકુર બતાવે છે.

ઠ૦ દેપાલ દેશલહરાવંશના સં૦ **સમરા શાહ**ની નિશ્રામાં દિલ્હીમાં જ રહેતો હતો. તેણે '૧ સ્થૂલચંદ્ર કક્કાવલી, ૨ ચંદનબાલા ચોપાઈ, ૩ હરિયાળી, ૪ સં૦ ૧૫૨૨માં રચેલી વજ્રસ્વામીની ચોપાઈ, ૫ આર્દ્રકુમારસૂડ, ૬ રોહિણિયા ચોરનો રાસ, ૭ જાવડ શાહ રાસ, ૮ શ્રેણિક-અભયકુમારચરિત, ૯ સં૦ ૧૫૨૨ના અષાડ સુદિ ૧૫ના રોજ રચેલો 'જંબૂસ્વામી પાંચ ભવ રાસ, ૧૦ સ્થૂલિભદ્ર ફાગ (ટૂંક : ૨૭), ૧૧ મંગલદીવો' વગેરે રાસ આદિ ગ્રંથો રચ્યા છે.

દોશી (કોઠારી) વંશ : તોલાશાહ અને કર્માશાહ

૧. સરણદેવ – ગ્વાલિયરનો રાજા નાગાવલોક, જેનું બીજું નામ આમ રાજા હતું, તે આ૦ બપ્પભટ્ટિસૂરિનો ઉપાસક હતો. તેને એક રાણી વણિકપુત્રી હતી, જે જૈનધર્મી હતી. (જૂઓ, પ્રક. ૩૨, પૃ. ૪૪૮)

આમ રાજાને તે વૈશ્ય રાણીથી એક પુત્ર થયો, તેનું નામ સરણદેવ હતું. સરણદેવ ઓસવાલ જ્ઞાતિમાં દાખલ થયો. આમ રાજાએ તેને રાજ્યનો કોઠારી બનાવ્યો, તેનાથી **કોઠારીવંશ** ચાલ્યો. તે ચિત્તોડમાં રહેતો હતો. તેની પરંપરા આ રીતે મળે છે –

૨. રામદેવ, ૩. લક્ષ્મીસિંહ, ૪. ભુવનપાલ, ૫. ભોજદેવ (ભોજરાજ), ૬. ઠક્કુરસિંહ (અમરસિંહ), ૭. ખેતાક (ખેતોજી), ૮. નરસિંહ.

૯. **દોસી તોલાશાહ** – તે મેવાડના સાંગા રાણા (સં. ૧૫૬૫ થી ૧૫૮૫)નો મિત્ર હતો. તે કાપડનો વેપારી બન્યો, એટલે દોશી કહેવાયો. તોલાશાહ માટે શિલાલેખોમાં 'દો૦' શબ્દ વપરાયો છે. તેને ૧. તારાદેવી, ૨. લીલૂદેવી નામે બે પત્નીઓ હતી. સં૦ તોલાશાહ અને લીલૂદેવીને ૬ પુત્રો તથા ૧ પુત્રી એમ સાત સંતાનો હતાં. પુત્રોનો પરિચય આ પ્રમાણે છે –

(૧) દોશી **રત્નાશાહ** – તેને રજમલદે નામે પત્ની હતી તથા શ્રીરંગ નામે પુત્ર હતો. દોશી રત્નાશાહે ચિત્તોડના કિલ્લામાં મોટો જિનપ્રાસાદ બનાવ્યો હતો.

(૨) **પોમો** – તેને પદ્મા અને પાટમદે નામે પત્નીઓ હતી તેમજ માણેક અને હીરા નામે પુત્રો હતા.

(૩) **ગુણરાજ** – તેને ગુરાંદે કે ગારવદે નામે પત્ની હતી અને દેવરાજ નામે પુત્ર હતો.

(૪) **દશરથ** – તેને દેવલદે અને કરમદે નામે પત્નીઓ તથા કેહલો નામે પુત્ર હતો.

(૫) **ભોજક** – તેનું બીજું નામ સોસાગ મળે છે. તેને ભાવલદે અને હર્ષદેવી નામે પત્નીઓ તથા મંડન નામે પુત્ર હતો.

કર્માશાહ – તે દોશી તોલાશાહ તથા સં૦ લીલૂદેવીનો સૌથી નાનો છઠ્ઠો

પુત્ર હતો. દોશી તોલાશાહના સમયે ચિત્તોડની ગાદી પર સાંગા રાણો હતો અને દોશી કર્માશાહના સમયે કુંભા રાણાની પાટે રાણો રાજમલજી, તેનો પુત્ર રાણો સંગ્રામસિંહ, તેનો પુત્ર રાણો રત્નસિંહ રાજા હતો.

આ સમયે અમદાવાદમાં સુલતાન મહમ્મદ બેગડા (સં. ૧૫૧૬ થી ૧૫૭૦)નું રાજ્ય હતું. મહમ્મદ બેગડાના પુત્ર અહમ્મદ સિકંદરે સં. ૧૫૨૫-૨૭માં સૌરાષ્ટ્ર પર સવારી કરી. સોમનાથ પાટણ, ગિરનાર, દ્વારિકા, શત્રુંજય વગેરે તીર્થોનો વિનાશ કર્યો. મંદિરો ભાંગ્યાં, પ્રતિમાઓ તોડી. આ વાત સાંભળીને દો૦ તોલા શાહને ઘણું દુઃખ થયું. આ અરસામાં તપાગચ્છની વડી પોષાળના નં. ૫૭મા આ૦ રત્નસિંહસૂરિ અને આ૦ ધર્મરત્નસૂરિ રણથંભોરના મહામંત્રી સંઘપતિ **ધનરાજ**ના છ'રી પાળતા યાત્રાસંઘ સાથે આબૂ વગેરે તીર્થોની યાત્રા કરી ચિત્તોડ પધાર્યા.[1] સાંગા રાણાએ તેઓનું ઘણું માન-સમ્માન કર્યું. દો૦ તોલા શાહે આ૦ રત્નસિંહસૂરિ (અને આ૦ ધર્મરત્નસિંહ) પાસે જઈ જણાવ્યું કે, 'ભગવન્ ! મુસલમાનોએ શત્રુંજય મહાતીર્થ ભાંગ્યું છે. સં૦ **સમરા શાહે** સં. ૧૩૭૧માં શત્રુંજય મહાતીર્થનો મોટો ઉદ્ધાર કરાવ્યો હતો, તે મૂળ પ્રતિમાને પણ તોડી નાંખી છે તો કૃપા કરીને એ જણાવો કે, આ મહાતીર્થની સ્થાપના હવે કઈ રીતે થશે ? મારો આ મનોરથ પૂરો થાય તેવો રસ્તો બતાવો.' આચાર્યશ્રીએ દોશીને શાંત પાડી જણાવ્યું કે, 'મહાનુભાવ ! જિનશાસન જયવંતુ છે. તું ભાગ્યશાળી છે. તારા પુત્ર કર્માશાહના હાથે જ આ ઉદ્ધાર થવાનો છે અને તારા કુળને જ આ લાભ મળવાનો છે. એટલે તારા પુત્રના હાથે જ તારો આ મનોરથ પુરાશે.'

દોશી તોલાશાહ ગુરુમહારાજના મુખેથી આ ભવિષ્યવાણી સાંભળીને ઘણો ખુશ થયો. તે પછી આચાર્યશ્રીએ કાર્યની સિદ્ધિ માટે ઉપા૦ વિનયમંડનને ચિત્તોડમાં રાખી તેમણે આગળ વિહાર કર્યો. તે પછી દોશી તોલાશાહ સ્વર્ગવાસી થયા અને ગુજરાતમાં મહમ્મદ બેગડાના મરણ પછી મુજફ્ફરશાહ, અહમ્મદ સિકંદર તથા લઘુ મહમ્મદ સુલતાનો થઈ ગયા. (જૂઓ પ્રક. ૪૪, પૃ. ૧૯૪ – ગુજરાતના બાદશાહો.) તે પછી સં. ૧૫૮૩ ના માહ સુદિ ૧૪ ના રોજ બહાદુરશાહ ગુજરાતનો સુલતાન (સને ૧૫૨૬ થી ૧૫૩૭) બન્યો. તે પહેલાં પોતાના પિતા મુજફ્ફરશાહથી રીસાઈને ચિત્તોડ ગયો હતો અને ત્યાં દોશી તોલાશાહનો અતિથિ બન્યો હતો. આ સમયે શાહજાદા બહાદુરશાહ અને કર્માશાહ વચ્ચે ગાઢ મૈત્રી થઈ હતી. તેણે ગુજરાત જતાં પહેલાં દો૦ કર્માશાહ પાસેથી વાટખરચીની રકમ માગી હતી. કર્માશાહે તેને વિના શરતે એક લાખ રૂપિયા આપ્યા હતા.

---

૧. સં૦ ધનરાજ માટે જૂઓ, ભા. ૩, પ્રક. ૪૫, શેઠ અભયસિંહનો વંશ - પૃ. ૩૬૭.

૧૦. **કર્માશાહ** – તે દોશી તોલાશાહનો સૌથી નાનો અને છઠ્ઠો પુત્ર હતો, ધર્મપ્રેમી હતો, ભાગ્યશાળી હતો, બુદ્ધિમાન હતો. તેને આ૦ રત્નસિંહસૂરિની ભવિષ્યવાણી મુજબ પિતાની આજ્ઞાથી શત્રુંજય મહાતીર્થનો મોટો ઉદ્ધાર કરવાની ઉત્કટ ભાવના હતી. ઉપા૦ વિનયમંડન કર્માશાહને આ માટે વારંવાર ઉપદેશ દેતા હતા. એવામાં તપાગચ્છના **આ૦ વિજયદાનસૂરિ** ચિત્તોડ પધાર્યા. તેમણે પણ દો૦ કર્માશાહને તીર્થોદ્ધાર માટે ઉપદેશ આપી વધુ પ્રોત્સાહિત કર્યો.

(જૂઓ, શત્રુંજય–નંદિવર્ધનજિનપ્રાસાદ પ્રશસ્તિ)

બહાદુરશાહ ગુજરાતનો સુલતાન બન્યો છે એમ જાણીને કર્માશાહ અમદાવાદ ગયો અને સુલતાનને મળ્યો. સુલતાને તેને એક લાખ રૂપિયા પાછા આપી પ્રેમભાવે પૂછ્યું કે, 'મારા યોગ્ય બીજું કામ હોય તો બતાવ.'

કર્માશાહે જણાવ્યું કે, 'તમે આજ્ઞા આપો તો મારે શત્રુંજયતીર્થમાં મારા ભગવાનની પ્રતિમાઓ બેસાડવી છે તો મને રજા આપો.' સુલતાને પ્રસન્ન થઈ કર્માશાહને ફરમાન લખી આપી શત્રુંજય ઉપર તીર્થસ્થાપના કરવાની પરવાનગી આપી.

કર્માશાહ અમદાવાદથી ખંભાત ગયો અને ત્યાં ઉપા૦ વિનયમંડનને હકીકત જણાવી અને શત્રુંજય તીર્થ પર પધારવાની વિનંતિ કરી. કર્માશાહ પણ સંઘ સાથે પાલીતાણા ગયો અને સોરઠના સૂબા ખાન **મઝદખાં**ને મળ્યો અને તેને સુલતાનનું ફરમાન આપ્યું. સૂબો શત્રુંજયતીર્થ સ્થપાય એમાં રાજી નહોતો, પણ સુલતાનનો હુકમ હોવાથી તે નિરુપાય હતો. તે મૌન રહ્યો. તેને રવિરાજ અને નરસિંગ નામે મંત્રીઓ હતા. કર્માશાહે બંને મંત્રીઓને ધન-માનથી સંતુષ્ટ કરી પોતાના કામમાં મદદગાર બનાવ્યા.

ઉપા૦ વિનયમંડન સાધુ-સાધ્વીના પરિવાર સાથે પાલીતાણા પધાર્યા. એક તરફ મૂળ જિનપ્રાસાદનો જીર્ણોદ્ધાર ચાલ્યો અને બીજી તરફ મહામાત્ય વસ્તુપાલે મૂકી રાખેલી મમ્માણી પાષાણની શિલાને બહાર કઢાવી ઉપા૦ વિનયમંડન અને પં૦ વિવેકધીરગણિની દેખરેખ નીચે શાસ્ત્રાનુસાર ભ૦ ઋષભદેવની જિનપ્રતિમા તૈયાર કરાવી.

સં૦ કર્માશાહ છ'રી પાળતો યાત્રસંઘ લઈને પાલીતાણા આવ્યો. સંઘે લલના (લલિતા) સરોવરને કિનારે પડાવ નાખ્યો. કર્માશાહે અહીં જૈનાચાર્યોના વરદ હસ્તે જિનપ્રતિમાની અંજનશલાકાનો મોટો વિધિ કરાવ્યો અને સંઘજમણ કર્યું.

સં૦ કર્માશાહે સં. ૧૫૮૭, શાકે ૧૫૪૩ના વૈશાખ વદિ ૬ ને રવિવારે ધનલગ્નમાં, શુદ્ધ નવાંશમાં, શત્રુંજયતીર્થમાં જીર્ણોદ્ધાર કરેલ પ્રાચીન જિન-પ્રાસાદમાં તપાગચ્છની વડી પોષાળના આ૦ વિજયધર્મરત્નસૂરિના શિષ્ય આ૦

વિદ્યામંડનસૂરિના હાથે ભ૦ આદીશ્વરની નવી જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી અને શત્રુંજય મહાતીર્થનો ૧૬મો મોટો ઉદ્ધાર કરાવ્યો. (દોશી કર્માશાહે આ ઉદ્ધારમાં ભ૦ આદીશ્વરની અને ગણધર પુંડરિકસ્વામીની પણ નવી પ્રતિમાઓ બનાવી બેસાડી હતી.)

શત્રુંજયતીર્થના ૧૬મા મોટા ઉદ્ધારની પ્રશસ્તિ તપાગચ્છના આ૦ સમયરત્નના શિષ્ય પં૦ લાવણ્યસમયગણિએ બનાવી અને પં૦ વિવેકધીરગણિએ શિલા ઉપર લખી હતી. આ પ્રશસ્તિમાં એક શ્લોક આ પ્રકારે છે –

यत् कर्मराजेन कृतं सुकार्यमन्येन केनापि कृतं हि तन्नो ।
यन्मलेच्छराज्येऽपि तदाज्ञयैवोद्धारः कृतः षोडशम येन ॥३५॥
(શત્રુંજય તીર્થ પરનો પ્રશસ્તિ શિલાલેખ)

સં૦ કર્માશાહે કરેલ આ તીર્થ પ્રતિષ્ઠાના ઉત્સવમાં આ૦ સોમજય વગેરે ૧૦ આચાર્યો હાજર હતા. તે સૌએ સર્વાનુમતે ઠરાવ કર્યો કે, આ શત્રુંજય મહાતીર્થ છે અને ૮૪ ગચ્છોનું શ્વેતાંબર જૈનતીર્થ છે.

પ્રકરણ છત્રીશમું

આચાર્ય સર્વદેવસૂરિ

આ૦ સર્વદેવસૂરિ (સં. ૯૮૮ થી ૧૦૬૧) – આ૦ ઉદ્યોતનસૂરિની પાટે આ૦ સર્વદેવસૂરિ થયા. તે સમયે આ સમુદાયમાં આ૦ માનદેવ, આ૦ અજિતદેવ, પં૦ યશોદેવ, આ૦ દેવ, પં૦ આમ્રદેવ, એમ દેવાન્ત નામવાળા ઘણા આચાર્યો થયા હતા. તે પછી પણ ત્રણ પાટ સુધી દેવાંત નામોવાળા આચાર્યો થયા. આ સૌ આચાર્યોમાં **આ૦ દેવ** ખૂબ પ્રસિદ્ધ હતા, જે **સર્વદેવસૂરિ**ના નામથી ખ્યાતિ પામ્યા. તેમના પટ્ટધર પણ **આ૦ દેવસૂરિ** નામે હતા.

આ૦ સર્વદેવસૂરિ સં. ૯૯૪માં તેલી ગામમાં વડ નીચે પોતાના ગુરુદેવના હાથે આચાર્યપદ પામ્યા. આચાર્યપદનું મુહૂર્ત સર્વોત્તમ હતું અને આ૦ સર્વદેવની શિષ્યપરંપરા લાંબી ચાલી, જે આજે પણ એ જ પરંપરાના મુનિવરો વિદ્યમાન છે.

આ૦ સર્વદેવસૂરિ સૂરિમંત્રના પ્રભાવે ઋદ્ધિધારી હતા. શુદ્ધ ચારિત્રશીલ અને સમર્થ પ્રતિબોધક હતા. ગૌતમસ્વામીની જેમ શિષ્યલબ્ધિવાળા હતા. તેમણે જૈન શાસનની ઉન્નતિ કરી અને સં. ૧૦૫૫ લગભગમાં સ્વર્ગસ્થ થયા હતા. (ગુર્વાવલી)

તીર્થ –

તેમના ઉપદેશથી રાજા **રઘુસેને** રામસેનના પ્રાચીન જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવી 'રાજવિહાર'ની સ્થાપના કરી હતી અને તેમાં સં. ૧૦૧૦ માં આચાર્યશ્રીના હાથે ભ૦ ચંદ્રપ્રભ, ભ૦ અજિતનાથ વગેરે ઘણી પ્રતિમાઓની અંજનશલાકા અને પ્રતિષ્ઠા કરાવી હતી. તે સમયથી આ સ્થાન રઘુનાથના મંદિર તરીકે અને તીર્થ તરીકે પ્રસિદ્ધિ પામ્યું છે. (જૂઓ પ્રક. ૩૬, પૃ. ૧૮૨)

ધર્મપ્રચાર –

આચાર્યશ્રીએ સં. ૯૮૮માં હથુંડીના રાવ જગમાલને સપરિવાર જૈન બનાવ્યો અને **ઝામડ** ગોત્રની સ્થાપના કરી. સં. ૧૦૨૧માં આબૂ પાસે ઢેલડિયાના પંવાર સંઘરાવને સપરિવાર જૈન બનાવ્યો. તેના પુત્ર વિજયરાવે સંઘપતિ બની યાત્રાસંઘ કાઢ્યો, તેનું **સિંઘી (સંઘવી)** ગોત્ર સ્થાપન કર્યું. તેમના વંશજો આજે સોજતમાં વિદ્યમાન છે.

દીક્ષા –

ચંદ્રાવતીના રાજા **અરણ્યરાજ** પરમારના મંત્રી કુંકુણે ચંદ્રાવતીમાં વિશાળ

જિનપ્રાસાદ બનાવી, તેની સં. ૧૦૧૦ માં આચાર્યશ્રીના હાથે પ્રતિષ્ઠા કરાવી હતી અને આચાર્યશ્રીના ઉપદેશથી વૈરાગ્ય પામી તેમની પાસે દીક્ષા લીધી હતી.

(–ગુર્વાવલી, તપાગચ્છ પટ્ટાવલી, પટ્ટાવલીઓ, વહીવંચાની વહીઓ, અંચલગચ્છની (ગુજરાતી) મોટી પટ્ટાવલી પૃ. ૭૪, શંખેશ્વર મહાતીર્થ પૃ. ૪, ૫)

(૩૬) **આ૦ સર્વદેવસૂરિ** – 'ઉપદેશમાલા'ની પ્રશસ્તિમાં એવો ઉલ્લેખ છે કે, આ૦ સર્વદેવસૂરિએ ધર્માણ સંનિવેશ પાસે વડની નીચે સાત ગ્રહોના યોગમાં શુભલગ્ને વડગચ્છને જન્મ આપ્યો.

તે પ્રશસ્તિનો સાર એ છે કે, આબૂની પવિત્ર છાયામાં આવેલા ધર્માણ સંનિવેશ પાસે મોટું વડનું ઝાડ હતું, જેને સેંકડો ડાળીઓ હતી. તેની નીચે મોટા મોટા સંઘો, સાર્થવાહો આવીને સુખેથી આરામ કરી શકતા હતા. લગભગ ૫૦૦ ગાડાં છોડી શકાય એવી વિસ્તારવાળી જગા હતી.

આ૦ સર્વદેવસૂરિએ પોતાના જ્ઞાનબળથી લગ્નમાં સર્વકાર્યસાધક ગ્રહનો યોગ જાણીને આચાર્યો બનાવ્યા ત્યારથી ચંદ્રગચ્છ વૃદ્ધિ પામી વડગચ્છ બન્યો. આ ગચ્છમાં શ્રીસીમંધરસ્વામીનું વર્ણન કરનારા (૩૭) આ૦ જિનચંદ્રસૂરિ થયા, જે ધોળકાના ચૈત્યમાં હતા. તેમની પાટે નયના વિદ્વાન (૩૮) આ૦ આમ્રદેવ થયા. તેમનું વ્યાખ્યાન શુદ્ધ હતું. તેઓ શુદ્ધ ગ્રંથની રચના કરનારાઓમાં તીવ્ર બુદ્ધિવાળા અને પ્રભાવશાળી હતા. તેમની પાસે અંબિકાદેવી આવતી હતી. તેમની પાટે (૩૯) આ૦ નેમિચંદ્ર થયા, જે ધર્મના આધારરૂપ હતા. તેમણે બે તીર્થંકરોનાં ચરિત્રો રચ્યાં, તેથી વધુ ખ્યાતિ પામ્યા. તેમનાથી ત્રીજા (૪૦) આ૦ **યશોદેવસૂરિ** થયા, જે સચ્ચારિત્રપાત્ર હતા. તેમનો મહિમા પ્રસિદ્ધ હતો. શુદ્ધ ધારણાવાળા હતા. ચંદ્રસમા અમી ઝરાવતા હતા. શાંત સ્વભાવી અને હસમુખા હતા. તેઓ વ્યાકરણ, સાહિત્ય વગેરેના વિદ્વાન હતા. તેમણે **મારા અંધારભર્યા હૃદયમાં પ્રકાશ** રેલાવ્યો હતો.

આ૦ યશોદેવસૂરિ તે જ પં૦ યશોદેવગણિ હોવાનો સંભવ છે.

(–ખંભાતના શ્રીશાંતિનાથજીના જ્ઞાનભંડારની તાડપત્રી ઉપદેશમાલાની વૃત્તિ–પ્રશસ્તિ – જૂઓ, શ્રીપ્રશસ્તિસંગ્રહ, પ્ર. ૩૪, પૃ. ૨૬)

આ અરસામાં અનેક જૈન આચાર્યો, **પ્રભાવકો**, જૈન રાજાઓ થયા તેમજ શાસ્ત્રો, તીર્થો અને **જૈન સ્તૂપો**ની રચના થઈ.

પ્રભાવકો –

અલ્લટ રાજાના ગુરુ **આ૦ પ્રદ્યુમ્નસૂરિ**, આ૦ નન્નસૂરિ, મુંજ રાજાના ગુરુ **આ૦ ધનેશ્વર**, સામંતસિંહ ચાવડાના ગુરુ આ૦ બલભદ્ર, આ૦ વાસુદેવ,

આ૦ મલ્લવાદી, ચામુંડરાયના ગુરુ આ૦ વીરગણિ (તેમનો પરિચય અગાઉ પ્રક. ૩૨, પૃ. ૪૧૯, ૪૨૦; પ્રક. ૩૪, પૃ. ૪૭૦ થી ૪૮૭માં આવી ગયો છે તે) થયા હતા.

યુગપ્રધાન જ્યેષ્ઠાંગ ગણિ – તેમનો યુગપ્રધાનકાળ સં. ૯૯૦ થી ૧૦૬૧ છે, તેઓ જ આ૦ વીરગણિ હોવાનો સંભવ છે. (પ્રક. ૩૪, પૃ. ૪૮૭)

મહાકવિ જંબૂનાગ – તેઓ ચંદ્રગચ્છના હતા. વિદ્વાન હતા. તેમણે સં. ૧૦૦૫માં 'મણિપતિચરિય, જિનશતકકાવ્ય અને ચંદ્રદૂતકાવ્ય' વગેરે રચ્યાં છે. નાગેંદ્રગચ્છના પં૦ સાંબ મુનિએ સં. ૧૦૨૫માં જિનશતકની વૃત્તિ રચી છે.

આ૦ જયદેવસૂરિ –

તેમણે 'જયદેવછંદસ્' નામે ગ્રંથ રચ્યો છે, તેમાં પિંગલસૂત્રની જેમ ૮ અધ્યાયો છે. તેમાં વૈદિક છંદોનો પણ વ્યવસ્થિત સમાવેશ કર્યો છે. મંગલાચરણમાં ભ૦ મહાવીરદેવની સ્તુતિ કરી છે. તેની ઉપર ભટ્ટ મુકુલના પુત્ર હર્ષટે વૃત્તિ બનાવી છે. 'જયદેવછંદસ્'ની સં. ૧૧૮૧માં લખાયેલી તાડપત્રી પ્રતિ મળે છે. તેના ઉપર આ૦ વર્ધમાને વૃત્તિ રચી છે અને શ્રીચંદ્રસૂરિએ એ વૃત્તિ ઉપર ટિપ્પણની રચના કરી છે.

પં૦ હલાયુધ ભટ્ટે 'પિંગલછંદ'ની ટીકામાં, સુલ્હણે કેદાર ભટ્ટના 'વૃત્તરત્નાકર'ની ટીકામાં,[1] અલંકારશાસ્ત્રી અભિનવગુપ્તે 'નાટ્યશાસ્ત્ર'ની અભિનવભારતી ટીકામાં, નાગવર્મા (ઈ. સ. ૮૯૦)એ કાનડી 'છંદોમ્બુધિ'માં, કવિ સ્વયંભૂ (આઠમી સદી)એ 'છંદશ્ચૂડામણિ'માં, શ્રીનમિ સાધુએ રુદ્રટના 'કાવ્યાલંકાર' પર સં. ૧૧૨૨ લગભગમાં રચેલા ટિપ્પનમાં, ક. સ. હેમચંદ્રસૂરિએ 'છંદોનુશાસન'ની સ્વોપજ્ઞ-વૃત્તિમાં, મહાકવિ વાગ્ભટે રચેલા 'કાવ્યાનુશાસન' પરની સ્વોપજ્ઞ વૃત્તિમાં, આ૦ અમરચંદ્રે રચેલ 'છંદોરત્નાવલી'માં **જયદેવ-છંદસ્**નાં અવતરણો આપ્યાં છે અને તેની ઉપર પોતાનો અભિપ્રાય દર્શાવ્યો છે.

રાજા મુંજ (સં. ૧૦૩૧ થી ૧૦૫૨)ની સભાના વિદ્વાન પં૦ હલાયુધ ભટ્ટ તથા પં૦ સુલ્હણ આ૦ જયદેવને શ્વેતાંબર જૈનાચાર્ય બતાવે છે. આથી સ્પષ્ટ છે કે, આ૦ જયદેવ વાસ્તવમાં વિક્રમની નવમી સદી પહેલાં થયા હતા.

કર્ણાટકમાં દિગંબર આ૦ જયકીર્તિ તથા તેમના શિષ્ય અમલકીર્તિ થયા. તેમાં જયકીર્તિએ આ 'જયદેવછંદસ્'ના આધારે 'છંદોનુશાસન' આઠ અધ્યાયમાં બનાવ્યાનું લખ્યું છે, જે સં. ૧૧૯૨માં તાડપત્રી પર લખેલું છે. આ૦ અમલ-

---

૧. રાજા કરણદેવના પુરોહિત વર્ધમાનના શિષ્ય ત્રિવિક્રમે નહીં પરંતુ રાઘવાચાર્યના પુત્ર ત્રિવિક્રમે 'વૃત્તરત્નાકર'ની સૌથી પહેલી ટીકા રચી છે.

કીર્તિની પણ સં. ૧૧૯૨માં લખાયેલી તાડપત્રીય 'યોગસાર'ની પ્રતિ મળે છે એટલે બારમી સદીમાં જયદેવછંદસ્‌ના આધારે બનેલા 'છંદોનુશાસન'થી જણાય છે કે તે ગ્રંથ તેથીયે પ્રાચીન અને લોકપ્રિય ગ્રંથ છે.[૧]

(–જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૧૮૧, પૃ. ૮૪; શ્રીમદ્ વિજયરાજેન્દ્રસૂરિ અર્ધશતાબ્દી ગ્રંથ, પૃ. ૬૮૧)

શ્રીમાન્ નેમિકુમારનો પુત્ર મહાકવિ વાગ્ભટ 'કાવ્યાનુશાસન'ની ટીકામાં નીચે પ્રમાણે આ૦ જયદેવની પ્રશંસા કરે છે –

" (ટીકા–)છન્દોનૈપુણ્યં યથા–

સદ્યતિસેવિતપાદં વરગણધરમૂર્જિતપ્રવરવૃત્તમ્ ।
શ્રીવર્ધમાનમાદૌ જયદેવં ભક્તિતો વન્દે ॥ "

૧. સુવિહિતશાખા–વડગચ્છ પટ્ટાવલી

આ૦ વર્ધમાનસૂરિની પરંપરાના આચાર્યો પોતાને ગ્રંથોમાં અને શિલાલેખોમાં ચંદ્રકુલીન, બૃહદ્ગચ્છીય, સુવિહિત, અપ્રતિબદ્ધવિહારી તરીકે ઓળખાવે છે.[૨] તેમની અનેક શિષ્યપરંપરાઓ મળે છે, તે આ પ્રમાણે (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૫૧)–

૩૫. **આ૦ ઉદ્દ્યોતનસૂરિ** – સં. ૯૯૪.

૩૬. **આ૦ વર્ધમાનસૂરિ** – સં. ૧૦૮૮.[૩]

વિક્રમની દશમી શતાબ્દીના અંતમાં સપાદલક્ષ દેશમાં ચિત્તોડના રાજવી અલ્લટરાજનો પુત્ર ત્રિભુવનપાલ નામે રાજા હતો. તે સમયે આભોહર દેશના કુચેરા નગરમાં ચૈત્યવાસી જિનચંદ્રાચાર્ય હતા. તેમની આજ્ઞામાં ૮૪ ચૈત્યો હતાં. તેમને વર્ધમાન નામે શિષ્ય હતો. તેમણે ચૈત્યોનો ત્યાગ કરી વનવાસીગચ્છના સુવિહિત આ૦ ઉદ્દ્યોતનસૂરિ પાસે દીક્ષા લીધી અને શાસ્ત્રાભ્યાસ કર્યો.

---

૧. મુંબઈ વિલ્સન કોલેજના પ્રાધ્યાપક હરિદામોદર વેલનકરે આ૦ જયદેવ, આ૦ જયકીર્તિ, પં૦ કેદારભટ્ટ અને આ૦ હેમચંદ્રે રચેલા છંદગ્રંથોનો સંગ્રહ 'જયદામન્' એ નામથી પ્રકાશિત કર્યો છે.

૨. ચંદ્રકુલીન, સુવિહિત, અપ્રતિબદ્ધવિહારી.
(–આ૦ અભયદેવસૂરિકૃત 'ઠાણંગ' ટીકા-પ્રશસ્તિ, 'નાયાધમ્મકહાઓ' ટીકા પ્રશસ્તિ, 'મહાવીરચરિય')

વડગચ્છમાં આ૦ જિનચંદ્ર. (–આ૦ હરિભદ્રકૃત 'મલ્લિનાથચરિય', 'નેમિનાથચરિયં', 'મહાવીરચરિયં')

ચંદ્રકુલમાં આ૦ જિનચંદ્ર, આ૦ દેવભદ્ર, આ૦ દેવાનંદ વગેરે.
(–સં. ૧૨૯૪ માં રચાયેલ મુનિસુવ્રતસ્વામિચરિત્ર)

ચંદ્રકુલમાં આ૦ જિનવલ્લભસૂરિ થયા. (–સંઘપટ્ટક વૃત્તિ)

૩. વર્ધમાનસૂરિવરો. (જૂઓ, પ્રક. ૩૨, પૃ. ૪૨૧)

આ૦ ઉદ્દ્યોતનસૂરિએ સં. ૯૯૪ માં પોતાના **સર્વદેવ** વગેરે આઠ શિષ્યોને આચાર્યપદ આપ્યું અને તે પછી તેમને પણ અજારીમાં **ભ૦ મહાવીરસ્વામીના મંદિરમાં આચાર્યપદ** આપ્યું. તે શાસ્ત્રાનુસાર મુનિજીવન ગાળતા હતા, તેથી તેમની પરંપરા સુવિહિત તરીકે વિશેષ પ્રખ્યાત છે. આ૦ **જિનેશ્વર** અને આ૦ બુદ્ધિસાગર તેમના પટ્ટધરો હતા. તે સં. ૧૦૮૮ માં પત્યપદ્રમાં અનશન કરી સ્વર્ગે ગયા. **આ૦ અભયદેવસૂરિ** તેમનો પરિચય આ પ્રમાણે આપે છે –

'तच्चन्द्रकुलीन-प्रवचनप्रणीताप्रतिबद्धविहारहारिचरितवर्धमानाभिधानमुनिपति ।'
(–ठाणंगसुत्त' वृत्ति)

૩૭. **આ૦ જિનેશ્વરસૂરિ, આ૦ બુદ્ધિસાગરસૂરિ–બનારસમાં પં૦ કૃષ્ણગુપ્ત** નામે બ્રાહ્મણ હતો. તેને **શ્રીધર** અને **શ્રીપતિ** નામે પુત્રો હતા. તે બંને બુદ્ધિમાન હતા. તેથી તેઓ વેદ-વેદાંતના પારગામી થયા. એકદા તેઓ તીર્થયાત્રાએ નીકળ્યા અને ફરતાં ફરતાં માલવાની ધારાનગરીમાં આવ્યા. બંને જણ ભિક્ષા દ્વારા જીવનનિર્વાહ કરતા. તે સમયે ધારામાં ભોજદેવ (સં. ૧૦૫૭ થી ૧૧૧૨) રાજા હતો અને લક્ષ્મીપતિ નામે ધનાઢ્ય જૈન શ્રાવક રહેતો હતો. તે શ્રીધર અને શ્રીપતિને હમેશાં ભિક્ષા આપતો હતો. તેના ઘરમાં ભીંત પર વીશ લાખ ટકાનો લેણદેણનો હિસાબ નોંધાયેલો હતો. બંને ભાઈઓ એ હિસાબને રોજ જોતા હતા, તેથી બંનેને તે મુખપાઠ જેવો થઈ ગયો હતો. એક વેળા શેઠના ઘરમાં આગ લાગી, તેમાં એ હિસાબ નાશ પામ્યો. આથી શેઠ ગમગીન બની ગયો. બીજે દિવસે બંને ભાઈઓ રોજિંદા નિયમ પ્રમાણે ભિક્ષા માટે શેઠને ઘેર આવ્યા. શેઠને શોકગ્રસ્ત થયેલો જોઈ વસ્તુસ્થિતિ પામી ગયા. તેમણે શેઠ પાસે આવીને પોતાની યાદ પ્રમાણે નોંધ કરાવી દીધી. આથી શેઠ તે બંને ઉપર ખુશ થઈ ગયો. તેણે બંનેને આવા બુદ્ધિશાળી જાણી, જો તેઓ જૈન સાધુ બને તો સાચે જ પ્રભાવક થાય અને જૈનશાસનની ઉન્નતિ કરે. આમ વિચારી તેઓનો પરિચય આ૦ વર્ધમાનસૂરિને કરાવ્યો. તે બંનેએ આ ગુરુ પરમતારક લાગે છે એમ જાણીને તેમની પાસે દીક્ષા લીધી. ધીમે ધીમે જૈન શાસ્ત્રોનો અભ્યાસ કરી છેવટે આચાર્યપદ મેળવ્યું ગુરુમહારાજે તેઓનું નામ આ૦ જિનેશ્વર અને આ૦ બુદ્ધિસાગર રાખ્યું. બંનેને ગુજરાત તરફ વિહાર કરવા આજ્ઞા આપી. 'બૃહદ્ગુર્વાવલી'માં આ૦ વર્ધમાનસૂરિ વગેરે ૧૮ સાધુઓ હતા, એવો ઉલ્લેખ કર્યો છે.

વનરાજ ચાવડાનો રાજ્યાભિષેક જૈનાચાર્ય **શીલગુણસૂરિ** અને આ૦ **દેવચંદ્રસૂરિ**ના વાસક્ષેપથી થયો હતો. વનરાજે ત્યારે એ ગુરુઓને શિષ્યપરંપરાના હકમાં તામ્રપત્ર-**ફરમાન** લખી આપ્યું કે, 'આ આચાર્યોને માનનારા ચૈત્યવાસી યતિઓને સમ્મત મુનિરાજો જ પાટણમાં રહી શકે, બીજાઓ રહી શકશે નહીં.' ગુજરાતના રાજાઓએ આ ફરમાનનું આજ સુધી અખંડ પાલન કર્યું હતું.
(જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૫૮)

આ ફરમાનના આધારે પાટણમાં ચૈત્યવાસીઓનું વર્ચસ્વ હતું. સંવેગી, વનવાસી, વિહરુક કે બીજા સાધુઓને રહેવા માટે પાટણમાં સ્થાન મળતું નહોતું. સં. ૧૦૮૦ માં પાટણનો રાજા **ભીમદેવ** હતો અને તેનો રાજપુરોહિત સોમેશ્વર હતો, જે આ૦ જિનેશ્વર અને આ૦ બુદ્ધિસાગરનો મામો થતો હતો. આચાર્યોએ તેમને ત્યાં જઈ વેદ, ઉપનિષદ્ અને જૈનાગમ સમ્મત આશીર્વાદ આપ્યો તે આ પ્રમાણે– 'જે હાથ, પગ અને મન વિના સ્વીકારે છે, આંખ વિના જૂએ છે, કાન વિના સાંભળે છે અને વિશ્વને જાણે છે પણ તેને કોઈ જાણતું નથી એવા નિરંજન, નિરાકાર મહાદેવ એ જ જિનેશ્વર છે તે તમારું કલ્યાણ કરો.'

પુરોહિત આ સાંભળીને ચમક્યો. સોમેશ્વર અને આચાર્યો વચ્ચે વાર્તાલાપ થયો. વાતવાતમાં જાણવામાં આવ્યું કે, બંને આચાર્યો તેમના ભાણેજો થતા હતા અને ચૈત્યવાસીઓના કારણે તેઓને ઊતરવા યોગ્ય સ્થાન મળ્યું નથી. આથી તેણે તરત જ આચાર્યોને અતિ આદરપૂર્વક પોતાના મકાનના મેડા ઉપર ઉતારો આપ્યો. યાજ્ઞિક, સ્માર્ત, દીક્ષિત, અગ્નિહોત્રી વગેરે કેટલાયે વિદ્વાનો આચાર્ય-શ્રીનો સત્સંગ કરવા આવ્યા અને તેમની વિદ્વત્તા જોઈ-જાણીને ખુશ થઈ ગયા.

જૈનાચાર્યોની વિદ્વત્તાની વાત નગરમાં ફેલાઈ ગઈ. ચૈત્યવાસીઓના માણસો સાંજે તપાસ કરવા આવ્યા અને તેઓએ આચાર્યોને જણાવ્યું, 'આ ચૈત્યવાસીઓનું ક્ષેત્ર છે અને તમે ચૈત્યવાસી નથી માટે તરત પાટણમાંથી ચાલ્યા જાઓ.' પુરોહિતે તેઓને કહ્યું : 'આનો નિર્ણય રાજસભામાં થશે' એમ સમજાવીને તેઓને પાછા મોકલ્યા. બીજે દિવસે પુરોહિતે રાજસભામાં જઈને જણાવ્યું કે, 'દેવ ! જૈનાચાર્યો મારા અતિથિ છે. જૈનોએ તેમને ઊતરવા યોગ્ય સ્થળ આપ્યું નથી. મેં તેમને ગુણગ્રાહકદ્રષ્ટિએ જ મારે ત્યાં ઉતારો આપ્યો છે. જો આમાં મારી ભૂલ થઈ હોય તો મને દંડ આપશો.'

રાજાએ જવાબ આપ્યો કે, મારા રાજ્યમાં કોઈ પણ ગુણવાન પરદેશી રહી શકે છે. એને રહેવાની મના કેમ કરાય ?'

ચૈત્યવાસીઓએ પોતાનો મુદ્દો રજૂ કર્યો : 'ચૈત્યવાસીઓને સમ્મત મુનિરાજો જ પાટણમાં રહી શકે, બીજાઓ ન રહી શકે – આ ફરમાનનો અમલ આજ પર્યંત બરાબર થતો રહ્યો છે અને હવે પછી પણ તેનો બરાબર અમલ થવો જોઈએ, અસલ વસ્તુ આ છે. હવે આપ જણાવો તેમ કરીએ.'

રાજાએ કહ્યું : 'અમે પહેલાંના રાજાઓની આજ્ઞાને દ્રઢતાથી પાળવાને તૈયાર છીએ, પરંતુ સાથોસાથ અમે એમ પણ ઇચ્છીએ છીએ કે, ગુણીજનોનું સન્માન રુંધાવું ન જોઈએ. તમારા જેવા ઉત્તમ પુરુષોના આશીર્વાદથી જ રાજાઓ પોતાના રાજ્યને આબાદ બનાવે છે, એ વાત પણ ધ્યાન બહાર જવી ન જોઈએ. હવે

અહીં એટલું જ બની શકે કે, આપ મારી આગ્રહભરી વિનંતીથી આજ્ઞા આપો જેથી એ આચાર્યો પાટણમાં રહી શકે.'

ચૈત્યવાસીઓએ રાજાની માગણીને કબૂલ રાખી સંવેગી મુનિવરોને પાટણમાં રહેવાની સમ્મતિ આપી. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૫૮)

શૈવાચાર્ય જ્ઞાનદેવ તેમજ પુરોહિત સોમેશ્વરદેવે **નવા ઉપાશ્રયનો પાયો** નાખ્યો અને સં. ૧૦૮૦થી પાટણમાં સુવિહિત સાધુઓને યોગ્ય **ઉપાશ્રય** બન્યો.

તે પછી બંને આચાર્યો માલવા તરફ વિહાર કરી ગયા અને ત્યાં જઈ અભયકુમારને દીક્ષા આપી. ત્યારબાદ ગુરુદેવની સેવામાં આવ્યા. તેઓની બેને પણ દીક્ષા લઈને **મહત્તરાપદવી** પ્રાપ્ત કરી, જેનું નામ **કલ્યાણશ્રી મહત્તરા** હતું, તથા **મરુદેવી ગણિની** વગેરે સાધ્વીઓ પણ હતી.

તેમની પાટે (૧) આ૦ **જિનચંદ્ર**, (૨) આ૦ **અભયદેવ** અને (૩) આ૦ **ધનેશ્વર** એમ ત્રણ આચાર્યો થયા.[૧] તેમજ ઉપાધ્યાય ધર્મદેવ, ઉપા૦ સુમતિ અને ઉપા૦ વિમલ એમ ત્રણ ઉપાધ્યાયો થયા. આ પૈકી આ૦ ધનેશ્વરનું બીજું નામ આ૦ જિનભદ્રસૂરિ પણ હતું. તેમણે સં. ૧૦૯૫ માં ચંદ્રાવતીમાં 'સુરસુંદરીચરિય' રચ્યું છે. તેમને મુનિ યશઃપાલ નામે શિષ્ય હતો.

શ્રી જિનવલ્લભગણિ પણ આ૦ જિનેશ્વરસૂરિના જ શિષ્ય હતા.[૨] (જૂઓ, પ્રક. ૪૦, પૃ. ૩૪૦)

આ૦ જિનેશ્વરસૂરિએ સં. ૧૦૮૦માં જાલોરમાં હારિભદ્રીય અષ્ટકપ્રકરણ વૃત્તિ, છક્કાણ-પગરણ ગાથા-૧૧૧, પંચલિંગીપ્રકરણ ગાથા-૧૦૧, પ્રમાલક્ષ્મ મૂળશ્લોક ૪૦૫, તેની વૃત્તિ ગ્રંથાગ્ર : ૪૦૦૦, સં. ૧૦૯૨ માં આશાવલ (અમદાવાદ)માં 'લીલાવઈકહા' ગ્રંથાગ્રઃ ૧૮૦૦૦, સં. ૧૦૯૨માં જાવાલિપુરમાં ચૈત્યવંદન-વિવરણ ગ્રંથાગ્ર : ૧૦૦૦, સં. ૧૧૦૮ માં ડીંડુઆણકમાં ચોમાસામાં કહાકોસપગરણ ગાથા : ૩૦, તેની કહાવિવરણવૃત્તિ વગેરે ગ્રંથો રચ્યા છે.

આ૦ બુદ્ધિસાગરસૂરિએ સં. ૧૦૮૦માં જાબાલીનગરમાં બુદ્ધિસાગર ગ્રંથાગ્ર

---

૧. ખરતરગચ્છ પટ્ટાવલીમાં આ ત્રણે ગુરુભાઈઓને એક પછી એક ક્રમશઃ પટ્ટધર બતાવ્યા છે.

૨. શ્રીમાન નેમિકુમાર ભાંડાગારી પોરવાલે સં. ૧૧૩૮ના પોષ વદિ ૭ના રોજ કોટ્યાચાર્યાની 'વિશેષાવશ્યક ભાષ્ય ટીકા' ગ્રંથાગ્ર : ૧૩૭૦૦ની પુષ્પિકામાં લખ્યું છે કે, પુસ્તકં चेदं विश्रुतश्रीजिनेश्वरसूरिशिष्यस्य जिनवल्लभगणेरिति ।

(–જૈન લિટરેચર એન્ડ ફિલોસોફી, પુસ્તક નં૦ ૧૧૦૬ ની પુષ્પિકા, પ્રશસ્તિસંગ્રહ ભા૦ ૩, ભાંડારકર ઑરિએન્ટલ રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટ, પૂના. મોહનલાલ દલીચંદનો 'જૈનસાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ' પૃ૦ ૨૧૯)

'સપ્તસહસ્રકલ્પમ્' ૭૦૦૦ રચ્યો. એ વ્યાકરણનો ગ્રંથ પદ્યમાં હતો. 'શબ્દલક્ષ્ય-લક્ષ્મ' અને 'પંચગ્રંથી' એ તેનાં બીજાં નામો છે.

આ૦ અભયદેવસૂરિ એ બંને આચાર્યોનો પરિચય નીચે મુજબ આપે છે–

આ૦ જિનેશ્વરસૂરિ પ્રમાણશાસ્ત્ર, પ્રકરણો અને પ્રબંધોના રચનારા, જ્ઞાનીઓને માન્ય, સમર્થ વ્યાખ્યાતા, પ્રવચનનો શુદ્ધ અર્થ બતાવનાર, **સુવિહિત મુનિશિરોમણિ** હતા તેમજ આ૦ **બુદ્ધિસાગરસૂરિ** તેમના નાના ભાઈ, વ્યાકરણ-શાસ્ત્ર વગેરેના રચયિતા છન્દોયુક્ત મિષ્ટભાષી, શ્રુતસાહિત્યના ભંડાર, સુવિહિત અને ચારિત્રનિષ્ઠ હતા. (-ઠાણંગસુત્ત-વૃત્તિ, નાયાધમ્મકહાઓ-વૃત્તિ પ્રશસ્તિ)

તે બંને આચાર્યોએ પુરોહિત સોમેશ્વર, યાજ્ઞિકો, શૈવાચાર્ય જ્ઞાનદેવ, રાજસભા અને ચૈત્યવાસીઓ ઉપર જે પ્રભાવ પાડ્યો છે તે તેઓની વિદ્વત્તા અને સમજાવવાની શૈલીનો પરિચાયક છે. તેઓ શાંતિથી સર્વ કાર્યોને સાધી શકતા હતા.

૩૮. **આ૦ અભયદેવસૂરિ** – ધારાનગરમાં શેઠ **મહીધર**ને ધનદેવી નામે પત્ની હતી, તેને અભયકુમાર નામે પુત્ર હતો.[૧] તે બહુ બુદ્ધિશાળી હતો. આ૦ જિનેશ્વરસૂરિ તેમજ આ૦ બુદ્ધિસાગરસૂરિનો ઉપદેશ સાંભળી વૈરાગ્ય પામ્યો અને નાની ઉંમરમાં જ ધારાનગરીમાં દીક્ષા લીધી. ગુરુએ તેને ગ્રહણ અને આસેવનરૂપ શિક્ષા આપી, તેમજ આગમો ભણાવી યોગ્યતા પ્રાપ્ત થતાં આચાર્યપદવી આપી. આ૦ અભયદેવસૂરિ પહેલેથી જ તપસ્વી અને જ્ઞાની હતા. તે સૌને આગમની વાચના આપતા હતા.

આ સમયે પણ ચૈત્યવાસીઓ અને સંવિજ્ઞવિહારી સાધુઓ વચ્ચે સંઘર્ષ ચાલુ હતો.

આચાર્યશ્રીને આયંબિલ અને લૂખાસૂકા આહાર તેમજ અતિપરિશ્રમના કારણે રક્તદોષ લાગુ પડ્યો હતો. આ રોગની જાણ થતાં તોફાની તત્ત્વોએ વાત વહેતી મૂકી કે, આ૦ અભયદેવ ઉત્સૂત્રપ્રરૂપક છે તેથી તેમના શરીરે કોઢ-રોગ ફાટી નીકળ્યો છે. આ સાંભળીને આચાર્યશ્રીને ભારે દુઃખ થયું. તેમણે ધરણેંદ્રનું ધ્યાન કર્યું તેમાં ધરણેંદ્ર પાસેથી રોગશમનનો ઉપાય મળી આવ્યો. દૈવી સૂચના મુજબ આચાર્યશ્રી ત્યાંથી વિહાર કરીને સેઢી નદીના કિનારે થામણા ગામમાં પધાર્યા.

કાંતિનગરના શેઠ **ધનપતિ**ને સમુદ્રમાંથી અતિ પ્રાચીનકાળમાં ભરાવેલી ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા મળી હતી, તે તેણે લાવીને પોતાના ઘરદેરાસરમાં સ્થાપન

---

૧. તેમનો જન્મ સં. ૧૦૭૨માં, દીક્ષા સં. ૧૦૭૭માં થઈ હતી. આ૦ જિનેશ્વરસૂરિએ ગુજરાતથી અહીં આવીને તેમને દીક્ષા આપી હતી, એટલે દીક્ષા સં. ૧૦૮૦ માં મનાય અને આ૦ વર્ધમાનસૂરિની હયાતીમાં આચાર્યપદ આપ્યું હોય તો આચાર્યપદ સં. ૧૦૮૮ સુધીમાં મળ્યું ગણાય.

કરી હતી. રસસિદ્ધ યોગીશ્વર **નાગાર્જુને** આ૦ પાદલિપ્તસૂરિ પાસે તેનું માહાત્મ્ય સાંભળી, તેને ચોરી લાવી, નદી કિનારે છુપાવી તેની સમ્મુખ **રસસિદ્ધિ** કરી હતી. આ પ્રતિમા ગુપ્ત હતી. **થામણા**ના પટેલ મહીયલની ગાય નિરંતર ત્યાં જઈ તેની ઉપર દૂધ ઝરી આવતી હતી.[૧]

આ૦ અભયદેવસૂરિએ ત્યાં આવી, તે સ્થાનની પાકી ભાળ મેળવી ખાતરી કરી. તેમણે તેની સામે બેસીને ધ્યાન ધર્યું; 'જય તિહુઅણવરકપ્પ'થી શરૂ થતા બત્રીશ ગાથાના સ્તોત્ર વડે શ્રીપાર્શ્વનાથપ્રભુની સ્તુતિ કરી. પરિણામે અધિષ્ઠાયક-દેવ પ્રસન્ન થતાં શ્રીપાર્શ્વનાથની પ્રતિમા પ્રગટ થઈ. તેના ન્હવણ જળથી આચાર્યશ્રીનો રોગ શમી ગયો.

શ્રી અભયદેવસૂરિએ વ્યાખ્યાગ્રંથો અને મૌલિક ગ્રંથો જે રચ્યા છે તેની યાદી નીચે મુજબ છે –

૧. ઠાણંગસુત્ત-ટીકા ગ્રંથાગ્ર : ૧૪૨૫૦, સં. ૧૧૨૦.
૨. સમવાયાંગસુત્ત-ટીકા ગ્રંથાગ્ર : ૩૫૭૫, સં. ૧૧૨૦.
૩. વિવાહપણ્ણત્તિસુત્ત-ટીકા ગ્રંથાગ્ર : ૧૮૬૧૬, સં. ૧૧૨૮.
૪. નાયાધમ્મકહાઓ-ટીકા ગ્રં. : ૪૨૫૨ (૩૮૦૦), સં.૧૧૨૦ આસો સુદિ ૧૦ (પાટણ)
૫. ઉવાસગદસાંગ-ટીકા ગ્રંથાગ્ર : ૯૦૦.
૬. અંતગડદસાંગ-ટીકા ગ્રંથાગ્ર : ૧૩૦૦.
૭. અણુત્તરોવવાઈદસાંગ-ટીકા ગ્રંથાગ્ર : ૧૦૦.
૮. પણ્હાવાગરણઅંગ-ટીકા ગ્રંથાગ્ર : ૪૬૦૦.
૯. વિવાગસુય-ટીકા ગ્રંથાગ્ર : ૯૦૦.
૧૦. ઉવવાઈસુત્ત-ટીકા ગ્રંથાગ્ર : ૩૧૨૫, સં. ૧૧૨૦.
૧૧. પન્નવણાસુત્ત, તઈયપયસંગ્ગહણી, ગાથા : ૧૩૩.
૧૨. હારિભદ્રીય પંચાસગ-ટીકા ગ્રં. :...., સં. ૧૧૨૪ (ધોળકા)
૧૩. છટ્ઠાણપગરણ (જિણેસરીય)ભાષ્ય ગ્રંથાગ્ર :
૧૪. પંચણિગ્ગંથી પગરણ ગ્રંથાગ્ર :
૧૫. આરાહણાકુલયં ગ્રંથાગ્ર : ૮૬.

---

૧. નાગાર્જુને તે પ્રતિમાની સામે રસસિદ્ધિ કરી હતી. તે રસ ઘૂંટવાને માટે રાજા શાલિવાહનની રાણી ચંદ્રલેખાને હમેશાં અહીં લાવતો હતો. રસસિદ્ધિ થતાં જ ચંદ્રલેખાના પુત્રોએ વિશ્વાસ જમાવી નાગાર્જુનને મારી નાખ્યો અને તે પુત્રો પણ વિશ્વાસઘાતના ફળરૂપે મરણ પામ્યા. એ રસ કોઈને મળ્યો નહીં.

(–પ્રભાવકચરિત્ર, પ્ર. ૧૯, પ્રબંધચિંતામણિ-પરચૂરણપ્રબંધ, પ્રબંધકોશ, પ્ર. ૧૭; પ્રક. ૧૧, પૃ. ૧૯૯)

૧૬. જયતિહુઅણથયં ગાથા : ૩૦, સં. ૧૧૧૧.
૧૭. આ૦ જિનચંદ્રકૃત નવતત્ત્વપ્રકરણ ભાષ્યવૃત્તિ.
૧૮. સત્તરી-ગ્રંથભાષ્ય.
૧૯. મહાવીરથયં (જઈજ્જા સમણો૦) ગાથા : ૨૨.
(-જૈનસ્તોત્રસંદોહ, પૃ. ૧૯૭)
૨૦. શતારિપ્રકરણવૃત્તિ-ગાથાબદ્ધ.
૨૧. નિગોદષટ્ત્રિંશિકા.
૨૨. પુદ્ગલષટ્ત્રિંશિકા.
૨૩. સાહમ્મિયવચ્છલકુલયં ગાથા : ૨૯.
૨૪. વંદણયભાસં ગાથા : ૩૩.

આ૦ અભયદેવસૂરિ તેમના સમયમાં સમર્થ શાસ્ત્રકાર હતા, તે આ ઉપરથી સમજાય છે. તેઓ પોતાનો પરિચય આ રીતે આપે છે –

'तद्चान्द्रकुलीनप्रवचनप्रणीताप्रतिबद्धविहारहारिचरितश्रीवर्धमानाभिधानः मुनिपतिपादोपसेविनः, प्रमाणादिव्युत्पादनप्रवणप्रकरणप्रबन्धप्रणयिनः प्रबुद्धप्रतिबन्ध-प्रवक्तृप्रवीणाप्रतिहतप्रवचनार्थवाक्प्रसरस्य **सुविहितमुनिजन**मुख्यस्य **श्रीजिनेश्वराचार्यस्य** तदनुजस्य च व्याकरणादिशास्त्रकर्तुः श्रीबुद्धिसागराचार्यस्य चरणकमलचञ्चरीककल्पेन श्रीमदभयदेवसूरिनाम्ना मया महावीरजिनराजसन्तानवर्त्तिना महाराजवंशजन्मनेव **संविग्नमुनि**वर्ग–श्रीमदजितसिंहाचार्यान्तेवासि–**यशोदेव**गणिनामधेयसाधोरुत्तरसाधकस्येव विद्याक्रियाप्रधानस्य साहाय्येन समर्थितम् ।''
(–ઠાણંગસુત્ત-ટીકા-પ્રશસ્તિ, સં. ૧૧૨૦)

સ્પષ્ટ છે કે, આ૦ અભયદેવસૂરિ ચંદ્રકુલના સંવિજ્ઞવિહારી આ૦ વર્ધમાન-સૂરિના પ્રશિષ્ય હતા. સમર્થ જ્ઞાની સુવિહિત આ૦ જિનેશ્વરસૂરિ તથા આ૦ બુદ્ધિસાગરસૂરિના શિષ્ય હતા. ભ૦ મહાવીરસ્વામીથી ઊતરી આવેલી પરંપરાના હતા. મહારાજવંશમાં જન્મ્યા હોય એમ ઉત્તમ **મુનિવંશ**ના હતા અને તેમને સહાયક **સંવિજ્ઞવિહારી** આ૦ અજિતસિંહસૂરિના શિષ્ય વિદ્વાન અને ક્રિયાપ્રધાન પં૦ **યશોદેવ**ગણિ હતા. 'મહારાજવંશજન્મનેવ' એ શબ્દપ્રયોગ બહુ સૂચક છે. સંભવ છે કે, તેમણે ઉપકેશગચ્છ, રાજગચ્છ કે ચૈત્યવાસીની હરોલમાં પોતાના મુનિવંશની ઉત્તમતા બતાવવા માટે આ પ્રયોગ કર્યો હોય.

તીર્થસ્થાપના –

થામણામાં સેઢી નદીના કિનારે શ્રીપાર્શ્વનાથની પ્રતિમા આ૦ અભયદેવ-સૂરિએ પ્રગટ કરી તે સમયે મલ્લવાદીગચ્છના આચાર્ય વિદ્યમાન હતા. આ૦ અભયદેવસૂરિ અહીં પધાર્યા ત્યારે સંઘ એકઠો થયો અને સંઘે ગામજમણ કર્યું

હતું. પ્રતિમા માટે જિનપ્રાસાદ બાંધવાનો નિર્ણય થતાં એક લાખ દ્રમ્મનો ફાળો કર્યો હતો. મલ્લવાદીગચ્છના આચાર્યના ઉપદેશથી શ્રાવકોએ મહિષપુરમાં શિલ્પી આમ્રેશ્વર પાસે ભવ્ય જિનાલય તૈયાર કરાવ્યું અને આ૦ અભયદેવસૂરિના કરકમલથી તેની પ્રતિષ્ઠા કરવામાં આવી. તે સમયથી **થામણા** તીર્થ બન્યું.

'જય તિહુઅણ૦' સ્તોત્રની રચના સં. ૧૧૧૧ માં થયેલી મનાય છે.[૧] એટલે આ ઘટના પછી નવાંગ **વૃત્તિઓ** રચાઈ એમ સંભવે છે. આચાર્યશ્રીએ 'જય તિહુઅણ'ની બે ગાથાઓ ધરણેંદ્રની સૂચનાથી ગુપ્ત રાખી છે, તેથી આજે તેની ૩૦ ગાથાઓ જ વિદ્યમાન છે.

ટીકારચના –

નિર્વૃતિગચ્છના **આ૦ શીલાંકસૂરિ**એ સં. ૯૩૩ ની આસપાસમાં આયરંગસુત્ત, સુયગડાંગસુત્ત અને વિવાહપણ્ણત્તિસુત્તની ટીકાઓ રચી હતી. બીજાં અંગસૂત્રો ઉપર સુબોધ ટીકાઓની ઘણી જરૂર હતી. આ૦ અભયદેવસૂરિએ શાસનદેવીની દૈવી પ્રેરણાથી આયંબિલની તપસ્યા ચાલુ રાખીને સહયોગથી નવ અંગસૂત્રો પર ટીકા રચી, જેમાં સંવિજ્ઞવિહારી આ૦ અજિતદેવસૂરિના શિષ્ય ક્રિયાનિષ્ઠ વિદ્વાન પં૦ **યશોદેવગણિ**એ મોટી મદદ કરી હતી. તે સમયના **વૃદ્ધ શ્રુતધર** નિર્વૃતિકુલના **આ૦ દ્રોણાચાર્ય** વગેરે ગુણવાન શાસ્ત્રજ્ઞોએ તે વૃત્તિઓને શુદ્ધ કરી હતી અને તે પછી શ્રાવકોએ તેની પ્રતિઓ લખાવી હતી.

આચાર્યશ્રીને એક દૈવી આભૂષણ મળેલું, જેને રાજા ભીમદેવે ત્રણ લાખ દ્રમ્મ આપીને ખરીદી લીધું હતું. તે રકમ નવાંગવૃત્તિઓની નકલ કરાવવામાં ખપ લાગી હતી. પાટણ, ખંભાત, આશાવલ અને ધોળકાના જૈનોએ નવાંગ-વૃત્તિની ઘણી નકલો લખાવી હતી.

ધોળકાનો **જીણા શાહ** બહુ નિર્ધન હતો. તે આચાર્યશ્રીની આજ્ઞાથી પૂજા-પાઠ અને જાપ કરવાથી સુખી થયો હતો. તે સોરઠનો **દંડનાયક** બન્યો હતો. તેણે આ૦ અભયદેવસૂરિને ધોળકામાં પધરાવી તેમના કરકમલથી પોતે તૈયાર કરેલાં બે જિનાલયોમાં ભ૦ આદિનાથ તથા ભ૦ પાર્શ્વનાથની (કસોટીની) પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. ધોળકામાં યતિઓની **જકાત** બંધ કરાવી. નવાંગવૃત્તિની ઘણી પ્રતિઓ લખાવી તથા શત્રુંજ્યતીર્થનો **સંઘ** કાઢ્યો હતો.

(–ભક્તામરવૃત્તિ, સં. ૧૪૨૬, જૂઓ, પ્રક. ૩૮, પૃ. ૨૯૬ થી ૨૯૮)

તે પછી આચાર્યશ્રી સં. ૧૧૩૫ કે સં. ૧૧૩૯માં સમાધિપૂર્વક કાળધર્મ

---

૧. જૂઓ પિટર્સનનો રિપોર્ટ ત્રીજો, પૃ. ૨૫, એપેન્ડિક્સ પૃ. ૨૪૫; જૈન ગૂર્જર કવિઓ-ભાગ ૨, પૃ. ૬૭૪, ૭૧૨.

પામ્યા. આ૦ અભયદેવસૂરિના સ્વર્ગવાસના સમય અને સ્થાનના વિવિધ ઉલ્લેખો મળે છે.

તેમના સ્વર્ગવાસની સાલ સં. ૧૧૩૫ અને સં. ૧૧૩૯ મળે છે. તેમના સ્વર્ગવાસનું સ્થાન 'પ્રભાવકચરિત્ર' માં પાટણ, મહો૦ ક્ષમાકલ્યાણની 'પટ્ટાવલી'માં કપડવંજ અને 'વીર વંશાવલી' પૃ. ૧૯૫ માં ગોપનગર સ્વર્ગભૂમિ બતાવેલ છે.

તેમની પાટે આ૦ **પ્રસન્નચંદ્રસૂરિ** આચાર્ય થયા. તેમને ઉ૦ **વિમલગણિ** નામે શિષ્ય હતા એવો ઉલ્લેખ પણ મળે છે.

એકંદરે આ૦ અભયદેવસૂરિ વિક્રમની બારમી શતાબ્દીના પૂર્વાર્ધમાં થયેલા મહાન પ્રભાવક હતા.

ઉપા૦ સજ્જનના શિષ્ય **આ૦ મહેશ્વર** આ૦ અભયદેવસૂરિને શ્રુતગુરુ અને **યુગપ્રધાન** તરીકે નવાજે છે. તેઓ જણાવે છે કે –

" નમિઊણ અભયસૂરિં સુયગુરું જુગપ્પહાણં ચ ।
સેયંવરકુલતિલયં તવલચ્છી-સરસ્સઇનિલયં ॥
સજ્જણગુરુસ્સ સીસો પુપ્ફવઇયં કહં કહઇ ॥ "

આ૦ મહેશ્વરસૂરિએ સં. ૧૧૦૯ 'નાણપંચમીકહા' તથા 'પુષ્પ-વતીકથા' રચી છે.

૩૯. **આ૦ પ્રસન્નચંદ્રસૂરિ**, આ૦ વર્ધમાનસૂરિ – તેઓને માટે વિભિન્ન ચાર ઉલ્લેખો મળે છે –

(૧) આ૦ પદ્મસૂરિ સં. ૧૨૯૪ માં કહે છે –

' चक्रे श्रीजिनचन्द्रसूरिगुरुभिर्धुर्यः प्रसन्नाभिध-
स्तेन ग्रन्थचतुष्टयी स्फुटमतिः श्रीदेवभद्रः प्रभुः ॥३॥ '
(–મુનિસુવ્રતસ્વામિચરિત્ર-પ્રશસ્તિ)

આ૦ જિનચંદ્રસૂરિએ પ્રસન્નચંદ્રસૂરિને મોટા બનાવ્યા અને તેમણે પણ બુદ્ધિમાન દેવભદ્રસૂરિને પોતાની પાટે સ્થાપન કર્યા, જેમણે ચાર ગ્રંથો રચ્યા છે.

આથી સ્પષ્ટ છે કે, આ૦ **પ્રસન્નચંદ્ર** મોટા હતા. આ૦ **વર્ધમાનસૂરિ** અને આ૦ **અશોકચંદ્ર** તેમનાથી નાના હતા.

આ૦ **પ્રસન્નચંદ્રસૂરિ** આ૦ જિનચંદ્રસૂરિના શિષ્ય હતા અને આ૦ અભયદેવ-સૂરિના વિદ્યાશિષ્ય હતા. ન્યાય અને આગમના જ્ઞાતા હતા. આ જિનચંદ્રે પોતાની પાટે આ૦ હરિસિંહને અને આ૦ અશોકચંદ્રે આ૦ અભયદેવની પાટે આ૦ પ્રસન્નચંદ્રને સ્થાપન કર્યા. તે પછી આ૦ અભયદેવે પોતાના દીક્ષા-શિક્ષાશિષ્ય આ૦ **વર્ધમાન**ને પોતાની પાટે સ્થાપન કર્યા. આથી આ૦ અભયદેવની પાટે બે આચાર્યો થયા.

(૨) **આ૦ વર્ધમાનસૂરિ** – સં. ૧૧૭૨ માં 'ધર્મકરંડવૃત્તિ'માં સંશોધનકાર તરીકે ઉપા૦ પાર્શ્વચંદ્ર અને અશોકચંદ્રગણિનું નામ આપ્યું છે.

આથી સ્પષ્ટ છે કે, આ૦ અશોકચંદ્ર સં. ૧૧૭૨ પછી આચાર્ય થયા, જે આ૦ વર્ધમાનસૂરિથી નાના હતા.

(૩) એક ઉલ્લેખ એવો મળે છે કે, આ૦ **અશોકચંદ્રે** આ૦ અભયદેવની પાટે આ૦ જિનચંદ્રના શિષ્ય આ૦ **પ્રસન્નચંદ્રસૂરિને** અને તે જ સમયે ઉપા૦ સુમતિના શિષ્ય આ૦ દેવભદ્રને આચાર્યપદ આપ્યું હતું.

આ વિગતથી સમજાય છે કે, આ૦ અશોકચંદ્ર મોટા હતા અને આ૦ પ્રસન્નચંદ્ર નાના હતા. (–પટ્ટાવલીસમુચ્ચય ભા. ૨, પુરવણી, પૃ. ૨૨૩)

(૪) આ૦ જિનેશ્વરસૂરિના શિષ્ય ઉપા૦ **ધર્મદેવગણિ**ના ભ્રાતા પં૦ **સહદેવગણિ**ના શિષ્ય પં૦ અશોકચંદ્ર હતા. આ૦ જિનચંદ્રે તેમને પોતાની પાટે સ્થાપીને તેમનું નામ આ૦ હરિસિંહ આપ્યું. (–યુગપ્રધાન ગુર્વાવલી)

આ ચાર ઉલ્લેખોમાંથી એટલું જ તારવી શકાય છે કે, આ૦ જિનચંદ્રે અને આ૦ હરિસિંહે (અશોકચંદ્રે) આ૦ પ્રસન્નચંદ્રસૂરિને આ૦ અભયદેવસૂરિની પાટે પ્રથમ સ્થાપ્યા. પછી આ૦ અભયદેવે આ૦ વર્ધમાનસૂરિને પોતાના હાથે પોતાની પાટે સ્થાપન કર્યા અને આ૦ અશોકચંદ્ર સં. ૧૧૭૨ પછી આ૦ જિનચંદ્રસૂરિની પાટે સ્થાપિત થયા. સંભવ છે કે, આ૦ પ્રસન્નચંદ્રસૂરિ અલ્પ-આયુષી હશે.

૪૦. આ૦ **દેવભદ્રસૂરિ** – તેઓ આ૦ પ્રસન્નચંદ્રસૂરિના શિષ્ય ઉપાધ્યાય સુમતિગણિ અને તેમના શિષ્ય ગુણચંદ્રગણિ નામે હતા. આ૦ પ્રસન્નચંદ્રસૂરિએ તેમને સં. ૧૧૩૯ માં આચાર્યપદવી આપી આ૦ દેવભદ્ર નામ રાખી પોતાની પાટે સ્થાપન કર્યા.

ગુણચંદ્રગણિએ સં. ૧૧૨૫ માં 'સંવેગરંગશાલા'નું સંશોધન કર્યું. તેમણે સં. ૧૧૩૯માં 'મહાવીરચરિયં', સં. ૧૧૫૮ માં ભરૂચમાં 'કહારયણકોસો', સં. ૧૧૬૮ માં ભરૂચની આંબડ વસતિમાં 'સિરિપાસનાહ-ચરિયં, પ્રમાણપ્રકાશ, આરાહણા, અણંતજિણથયં, થંભણપાસનાહથયં, વીતરાગસ્તવન' વગેરે ગ્રંથો રચ્યા છે. તેમણે સં. ૧૧૬૭ માં ચિત્તોડમાં આ૦ **જિનવલ્લભને** અને સં. ૧૧૬૯ ના વૈશાખ વદિ ૬ દિને **આ૦ જિનદત્તને** આચાર્યપદ આપ્યું.

તેમની પાટે આ૦ પ્રભાચંદ્ર, આ૦ તિલક, આ૦ દેવાનંદસૂરિ થયા. આ૦ પ્રભાચંદ્રે 'વીતરાગસ્તોત્ર' નું વિવરણ રચ્યું છે. આ૦ તિલકસૂરિએ 'ગૌતમપૃચ્છા' રચી છે.

૪૧. આ૦ દેવાનંદ – તેઓ શુદ્ધ ચારિત્રપાત્ર હતા.

૪૨. આ૦ દેવપ્રભ.

૪૩. આ૦ પદ્મપ્રભસૂરિ–તેમણે સં. ૧૨૯૪ માં 'મુનિસુવ્રતસ્વામિચરિત્ર' રચ્યું છે. (–પ્રભાવકચરિત્ર, પ્રબંધકોશ, નવાંગવૃત્તિપ્રશસ્તિ, શિલાલેખો, મુનિસુવ્રતસ્વામિચરિત્ર-પ્રશસ્તિ, વીતરાગસ્તોત્રવિવરણ-પ્રશસ્તિ, પટ્ટાવલી સમુચ્ચય ભા. ૨, પૃ. ૨૨૧ થી ૨૨૩)

૨. સુવિહિત પટ્ટાવલી

૩૮. **આ૦ અભયદેવસૂરિ.**

૩૯. **આ૦ વર્ધમાનસૂરિ** – તે આ૦ અભયદેવના દીક્ષા-શિક્ષા શિષ્ય હતા. આ૦ અભયદેવસૂરિએ તેમને પોતાના હાથે પાટે સ્થાપન કર્યા હતા. તેમણે સં. ૧૧૪૦ માં 'મણોરમાકહા', સં. ૧૧૬૦માં ખંભાતમાં 'આદિનાહચરિયં' અ૦ ૫ અને સં. ૧૧૭૨ માં 'ધર્મકરંડક' સ્વોપજ્ઞવૃત્તિ સહિત રચ્યાં છે. 'ધર્મકરંડક'નું ઉપા૦ પાર્શ્વચંદ્ર, પં૦ અશોકચંદ્રગણિએ સંશોધન કર્યું હતું, તેમાં નેમિચંદ્ર (આ૦ આમ્રદેવના શિષ્ય) અને ધનેશ્વરનાં નામોનો ઉલ્લેખ છે.

૩. સુવિહિત પટ્ટાવલી

૩૬. આ૦ વર્ધમાનસૂરિ.

૩૭. આ૦ જિનેશ્વરસૂરિ.

૩૮. આ૦ **જિનચંદ્રસૂરિ** – તેમને ૧૮ નામમાલાઓ મુખપાઠે હતી. તેમણે આ૦ અભયદેવની વિનતિથી સં. ૧૧૨૫ માં 'સંવેગ-રંગસાલાકહા' ગ્રં. : ૧૮૦૦૦, 'દિનચર્યા' ગાથા : ૩૦, '–વિવરણ' ગ્રં. ૩૦૦ અને 'ઉપદેશસંગ્રહ' રચ્યા છે. 'સંવેગરંગસાલા' નું સંશોધન પં૦ પ્રસન્નચંદ્રગણિ, પં૦ ગુણચંદ્રગણિ અને પં૦ જિનવલ્લભગણિએ કર્યું હતું.

તેમને (૧) **આ૦ આમ્રદેવ**, (૨) **આ૦ ચંદ્રસૂરિ**, (૩) **આ૦ અશોકચંદ્ર** વગેરે અનેક શિષ્યો હતા. આ૦ અશોકચંદ્રની પાટે આ૦ હરિસિંહ થયા.

૩૯. **આ૦ આમ્રદેવ** – તેમણે સં. ૧૧૯૦ માં ધોળકામાં વડગચ્છના આ૦ નેમિચંદ્રસૂરિએ રચેલા 'આખ્યાનમણિકોશ'ની વૃત્તિ ગ્રં. : ૧૪૦૦૦ રચી છે; જેમાં પં૦ નેમિચંદ્રગણિ, પં૦ ગુણાકરગણિ અને પં૦ પાર્શ્વદેવગણિએ સહાય કરી હતી. તેમની પાટે આ૦ વિજયસેન, આ૦ નેમિચંદ્ર અને આ૦ યશોદેવ થયા.

૪૦. **આ૦ નેમિચંદ્ર** – તેઓ સં. ૧૧૯૦ થી ૧૨૦૦ના ગાળામાં આચાર્ય થયા. તેમણે 'અણંતસામિચરિયં' તથા 'પૂયગઠ્ઠં', ગ્રં. : ૧૮૭૦, 'માણુસજમ્મકુલયં' ગાથા : ૨૨ રચ્યાં છે. તેમને (૪૧) જયાનંદગણિ શિષ્ય હતા, જેમણે સં. ૧૨૦૧ માં તીર્થંકરોનાં ૧૨૦ કલ્યાણકો, દેહવર્ણ, દીક્ષાતપ, કેવલિતપ, મોક્ષતપ અને દેહમાનના ઉલ્લેખવાળો ગદ્ય-પદ્ય પ્રાકૃત ભાષામાં આરસપટ્ટ તૈયાર કરાવ્યો હતો,

જે આબૂ ઉપર વિમલવસહીની દશમી દેરીની બહાર ડાબી બાજુની દીવાલ પર ગોઠવેલો આજે પણ વિદ્યમાન છે. તેમાં ભ૦ મહાવીરસ્વામીનાં છ નહીં પણ શાસ્ત્રાનુસારી પાંચ કલ્યાણકો બતાવ્યાં છે. આ પટ્ટથી એ માન્યતા અચૂક સિદ્ધ થાય છે કે, આ૦ વર્ધમાનસૂરિ, આ૦ જિનેશ્વરસૂરિ, આ૦ જિનચંદ્રસૂરિ, આ૦ અભયદેવસૂરિની શિષ્ય-પરંપરા ભ૦ મહાવીરદેવનાં પાંચ કલ્યાણકો માને છે.

(–જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૧૪૫; પૂ૦ જયંતવિજયજીનો
અર્બુદ પ્રાચીન જૈનલેખસંદોહ, લેખાંક : ૫૨)

૪૧. આ૦ શાંતિચંદ્રસૂરિ, પં૦ જયાનંદગણિ – આ૦ શાંતિસૂરિએ વિ. સં. ૧૧૬૧માં 'પુહવીચંદચરિયં' રચ્યું છે.

૪૨. આ૦ મુનિચંદ્રસૂરિ – તે આ૦ આમ્રદેવના શિષ્ય હતા.

૪. સુવિહિત પટ્ટાવલી

૩૮. આ૦ જિનચંદ્ર. ૩૯. આ૦ આમ્રદેવ.

૪૦. **આ૦ યશોદેવ** – શિલાલેખોમાં તેમના નામ સાથે 'આરાસણસત્ક' શબ્દ વપરાયો છે.[૧]

૪૧. આ૦ દેવચંદ્રસૂરિ – તેમણે સં. ૧૨૪૫માં આબૂ ઉપરની વિમલવસહીમાં ઘણી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી.

(–પ્રાચીન જૈનલેખસંગ્રહ, ભા. ૨; પૂ. જયંતવિજયજીનો
અર્બુદ પ્રાચીન જૈનલેખસંદોહ, લે. ૧૨૪ થી ૧૪૪)

૪૨. **આ૦ વર્ધમાનસૂરિ** – તે મહાન તપસ્વી હતા. તેમણે આબૂતીર્થમાં સં. ૧૩૧૯ માં જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી.

(–અર્બુદ પ્રાચીન જૈનલેખસંદોહ, લે. ૧૩૫)

તેમના ઉપદેશથી મંત્રી વસ્તુપાલે શંખેશ્વરતીર્થનો સંઘ કાઢ્યો અને જીર્ણોદ્ધાર કરાવ્યો.

જ્યારે **મંત્રી વસ્તુપાલ** અને મંત્રી તેજપાલ મરણ પામ્યા ત્યારે આચાર્યશ્રી જૈનશાસનનો મહાન સ્તંભ તૂટી પડ્યો હોય એમ ખેદ પામ્યા અને વિશિષ્ટ વૈરાગ્યથી આયંબિલનું અખંડ **વર્ધમાનતપ** કરવા લાગ્યા. સંઘે પારણા માટે વિનંતિ કરવા છતાં શંખેશ્વર શ્રીપાર્શ્વનાથનાં દર્શન કરી પારણું કરીશ એવો અભિગ્રહ લીધો. આ તપ પંદર વર્ષ સુધી તેમણે ચાલુ રાખ્યું હતું.

તેમણે સં. ૧૩૧૯ લગભગમાં તપ પૂરું કરી આબૂની પ્રતિષ્ઠા કરી હતી. શ્રીસંઘ સાથે શંખેશ્વરતીર્થમાં જવા વિહાર કર્યો. તેઓ વૃદ્ધ હતા, તપસ્વી હતા, ઘોમ ધખતો હતો એટલે રસ્તામાં વિસામો લેવા એક ઝાડની છાયામાં નીચે બેઠા

---

૧. આ૦ નેમિચંદ્રના પટ્ટધર આ૦ યશોદેવ માટે જૂઓ, પ્રક. ૩૬, પૃ. ૧૬૨.

અને તે જ સ્થળે શંખેશ્વરજીના ધ્યાનમાં એકતાન થઈ જતાં આયુષ પૂરું થવાથી સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા અને મરીને શંખેશ્વરતીર્થમાં જ તીર્થાધિષ્ઠાયક તરીકે ઉત્પન્ન થયા. અધિષ્ઠાયકરૂપે તીર્થમાં વિવિધ પરચા પૂરવા લાગ્યા. આ અધિષ્ઠાયકે શ્રીસીમંધરસ્વામી પાસે જઈને મંત્રીના ભવો જાણી લીધા. એક વાર નાગોરનો શેઠ સુભટ ઓશવાલ શંખેશ્વરની યાત્રાએ આવતાં રસ્તામાં લૂંટાયો ત્યારે અધિષ્ઠાયકદેવે તેને મદદ કરી અને લૂંટાયેલો માલ પાછો અપાવ્યો.

આ આચાર્યશ્રી વડગચ્છના હતા.

(–શ્રીજિનહર્ષગણિનું 'વસ્તુપાલચરિત' પ્ર. ૮, શ્લો. ૫૯૦ થી ૬૩૩; પ્રબંધકોશ પૃ. ૧૨૮, પુરાતનપ્રબંધસંગ્રહ, પૃ. ૬૮, શંખેશ્વરમહાતીર્થ, ભા. ૧, પૃ. ૬૫, ૬૬; ભા. ૨, પૃ. ૪૬ થી ૪૯)

૫. સુવિહિત પટ્ટાવલી

૩૮. **આ૦ જિનચંદ્રસૂરિ.**

૩૯. **આ૦ ચંદ્રસૂરિ** – તેઓ વ્યાકરણના પારંગત, સાહિત્યના સાગર, વાદિવિજેતા, કામવિજેતા અને શાસ્ત્રસિદ્ધાંતના પારગામી હતા.

(–મલ્લિનાહચરિય-પ્રશસ્તિ)

આરાસણાના એક લેખમાં તેમને નવાંગવૃત્તિકાર આ૦ અભયદેવસૂરિના સંતાનીય તરીકે ઓળખાવ્યા છે. (–પ્રાચીન જૈનલેખસંગ્રહ, ભા. ૨, લે. ૨૮૩)

૪૦. **આ૦ હરિભદ્રસૂરિ** – તેમણે સં. ૧૧૭૨માં પં૦ જિનવલ્લભગણિ રચિત 'આગમિકવસ્તુવિચાર'ની વૃત્તિ ગ્રં. ૮૫૦ રચી છે, ગૂર્જરેશ્વર કુમારપાલના **મહામાત્ય પૃથ્વીપાલ**ની વિનંતિથી પ્રાકૃત-અપભ્રંશ ભાષામાં ચોવીશ તીર્થંકરોનાં ચરિત્રો રચ્યાં છે; તેમાંનાં સં. ૧૨૧૬ના કાર્તિક સુદિ ૧૩ ને સોમવારે પાટણમાં રચેલ અપભ્રંશ ભાષાનું 'નેમિનાહચરિયં', 'સણયકુમારચરિયં', સં. ૧૨૧૩ લગભગમાં રચેલ 'ચંદપ્પહચરિય' ગ્રં. ૮૦૩૨ તથા પ્રાકૃત ભાષાનું 'મલ્લિનાહ-ચરિય' આજે ઉપલબ્ધ છે.

૪૧. **આ૦ સર્વદેવગણિ** – તેમણે પોતાના ગુરુને ચોવીશ તીર્થંકરોનાં ચરિત્રો રચવામાં સહાય કરી હતી.

૪૧. આ૦ યશોભદ્રસૂરિ – તેઓ ચંદ્રગચ્છીય આ૦ હરિભદ્રના શિષ્ય હતા. તેમનો સં. ૧૩૦૦ના વૈશાખ વદિ ૧ ને બુધવારની પ્રતિમા લેખ મળે છે.

(–પ્રાચીન લેખસંગ્રહ, ભા. ૨, લે. : ૫૪૫)

૪૧. આ૦ અજિતસિંહસૂરિ – શ્રાવક રામદેવ પોરવાલે લખાવેલી આ૦ નેમિચંદ્રસૂરિની પ્રશસ્તિ-પુષ્પિકામાં અનુક્રમે આ૦ અભયદેવસૂરિ, આ૦ હરિભદ્રસૂરિ, આ૦ અજિતસિંહસૂરિ–એવો ક્રમ આપ્યો છે. એ પરિવારના મુનિવરો પોતાને આ૦ અભયદેવસૂરિના સંતાન બતાવતા હશે તેથી આ ક્રમ અપાયેલો સંભવે છે.

૪૨. આ૦ હેમસૂરિ.

૪૩. **આ૦ મહેન્દ્રસૂરિ** – તેમના ઉપદેશથી શ્રાવક રામદેવ પોરવાલે આ૦ નેમિચંદ્રસૂરિએ રચેલ 'મહાવીરચરિયં' લખાવી પં૦ ભુવનચંદ્રગણિને વહોરાવ્યું. (–જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્ર. ૬)

જૈન રાજાઓ, શ્રેષ્ઠીઓ અને તીર્થો

શેઠ શિવનાગ, રાજા અલ્લટ, સં. ૧૦૧૦ ભુવનપાલ, મિહિરભોજ, ધવલ, સં. ૧૦૫૩ જૈન રાજા સુધાનધ્વજ, સુહિલધ્વજ સં. ૧૦૫૮[1] વગેરેનો પરિચય પ્રક. ૩૪ (પૃ. ૪૮૮ થી ૪૯૭)માં આવી ગયો છે.

રાજા **ચામુંડરાયે** થરામાં અપાતાં બલિદાન બંધ કરાવ્યાં અને જિનાલયને તામ્રશાસન આપ્યું તે બીના પણ (પ્રક. ૩૫, પૃ. ૫૬માં) આવી ગઈ છે.

ચણક શ્રેષ્ઠી – ચણક વેપારીએ આ૦ ઉદ્દ્યોતનસૂરિના ઉપદેશથી 'ભક્તામરસ્તોત્ર'નો પાઠ ચાલુ કર્યો એટલે તે સુખી થયો. તેણે પાટણમાં ભ૦ આદીશ્વરનું જિનાલય કરાવ્યું, લક્ષ્મીદેવીના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને તીર્થયાત્રાના સંઘો કાઢ્યા. રાજા વૃદ્ધ ભીમદેવ તેને બહુ માનતો હતો. તે વિક્રમની ૧૧મી સદીની મધ્યમાં થયો હતો. (–આ૦ ગુણાકરની 'ભક્તામરસ્તોત્ર' શ્લો. ૨૬ની વિવૃતિ)

બાંઠિયા, **ઝામડગોત્ર, સિંધીગોત્ર**નો પરિચય પ્રક. ૩૪, પૃ. ૬૦૦ માં આવી ગયો છે. (તથા જૂઓ, પ્રક. ૩૬, પૃ. ૧૬૧)

ભંડારીગોત્ર – શાકંભરીના લક્ષ્મણ ચૌહાણે નડૂલમાં આવીને ત્યાંનું રાજ્ય જમાવ્યું. (સં. ૧૦૨૪ થી ૧૦૨૯.) તેની રાણી નડૂલના શેઠની પુત્રી હતી. તે જૈન હતી. તે રાજાને ૩૨ પુત્રો હતા. રાજાએ તેમને ભંડાર ઉપર નીમ્યા. આ ૩૨ પુત્રો ઓશવાલવંશમાં દાખલ થયા અને તેમનું ભંડારીગોત્ર જાહેર થયું. (–પુરાતનપ્રબંધસંગ્રહ, પૃ. ૧૦૨)

ભંડારી અસલથી જૈન હતા. તે પહેલાં સાંડેરકગચ્છના શ્રાવકો હતા. પછી તપાગચ્છના શ્રાવકો થયા. આજે સમસ્ત ભંડારીગોત્રવાળા તપાગચ્છના ઉપાસકો જ મનાય છે. (જૂઓ, પ્રક. ૩૪, પૃ. ૪૯૮)

---

૧. રાજા **સુહિલદેવે** સં. ૧૦૮૦ લગભગમાં કટિલા નદીના કિનારે ગોંડાથી અગ્નિકાંડમાં રહેલ નરાવગંજ ખાતેની ઐતિહાસિક લડાઈમાં મહમ્મુદ ગિજનવીના સિપાહસાલાર, સૈયદ સાલાર, મસઉદ ગાજીને હરાવી મારી નાખ્યો હતો. આ જૈન રાજવંશ હતો.

(–અવધ ગેઝેટિયર વૉ. ૨, પૃ. ૩૦૮; વૉ. ૩, પૃ. ૨૮૩-૨૮૪ તથા પ્રક. ૩૪, પૃ. ૪૯૭; પ્રક. ૪૪ દિલ્હીના બાદશાહો)

ચંદ્રાવતી –

આબૂની તળેટીમાં ચંદ્રાવતી નામે મોટું નગર વસેલું હતું. તેનાં ચડાવલી, ચન્દ્રાવલી, ચડાઉલી વગેરે નામો મળી આવે છે.

જ્યારે સં. ૮૪૦ માં કનોજમાં વત્સરાજ પ્રતીહાર અને સં. ૮૬૦ માં યશોવર્મા પ્રતીહાર રાજા હતા ત્યારે ગુજરાત તેના તાબામાં હતું. સં. ૮૬૦ માં માલખેડના રાજા ગોવિંદ રાઠોડે ગુજરાત જીતી લઈ ત્યાં પોતાના ભાઈ ઇન્દ્રને ગાદીએ બેસાડ્યો. એ સમયના સંઘર્ષમાં પરમારવંશનો ઉદય થયો અને તેમણે ચંદ્રાવતી વસાવ્યું. તેમાં પાંચ સદી સુધી પરમારવંશે રાજ્ય કર્યું અને ચંદ્રાવતી તેમના શાસનમાં જાહોજલાલીની ટોચે પહોંચ્યું.

રાજા ધંધૂક પરમારના સમયે અહીં ૪૪૪ જિનાલયો હતાં, ૯૯૯ શિવાલયો હતાં, જે લાકડાનાં બનેલાં હતાં. એ સિવાય વાવો, ધર્મશાળાઓ વગેરે ઘણાં હતાં. આ સમયમાં જ મંત્રી વિમલશાહે આબૂ ઉપર 'વિમવસહી' જિનપ્રાસાદ બંધાવ્યો હતો. ચંદ્રાવતીના કિલ્લામાં ૩૬૦ કરોડપતિ વસતા હતા. તેઓ વારાફરતી હમેશાં આબૂ ઉપર પૂજા ભણાવતા અને ચંદ્રાવતીમાં સાહમ્મીવચ્છલ જમાડતા હતા. તેઓ નવા આગંતુક જૈનને પોતાના તરફથી એકેક ઈંટ, નળિયું, થાળી અને રૂપિયો આપીને એક જ દિવસમાં ધનાઢ્ય બનાવી દેતા. તેઓ એવા ઉદાર હતા.

આ૦ **ધનેશ્વરે** સં. ૧૦૯૫માં અહીં 'સુરસુંદરીચરિયં' રચ્યું હતું. મંત્રી કુંકુણે અહીં સં. ૧૦૧૦માં જિનાલય બંધાવ્યુ અને તે પછી દીક્ષા લીધી. કચ્છોલીગચ્છના આ૦ ઉદયસિંહે સં. ૧૨૬૩માં અહીંની રાજસભામાં મંત્રવાદીને હરાવ્યો હતો. માંડવગઢના મંત્રી પેથડકુમાર તથા ગયાસુદ્દીન ખિલજીના મંત્રી સંગ્રામ સોનીએ અહીં જિનાલયો બંધાવ્યાં હતાં.

મહમ્મુદ ગિઝનવીએ સં. ૧૦૮૦માં તથા અલ્લાઉદ્દીન ખિલજીએ સં. ૧૩૬૮ માં પ્રતાપસિંહ પરમારના રાજ્યમાં ચંદ્રાવતી ભાંગ્યું અને લૂટ્યું હતું. તેના વંશજ **સહસ્રમલ ચૌહાણે** સં. ૧૪૮૨ના વૈશાખ વદિ ૨ ના રોજ સિરોહી વસાવ્યું તેથી ચંદ્રાવતીનું મૂલ્ય ઘટ્યું અને અમદાવાદના બાદશાહ અહમદશાહે સં. ૧૫૦૦ પછી ચંદ્રાવતી તોડીને તેને ઘરાશયી બનાવ્યું અને તેના પથ્થરો તે અમદાવાદ લઈ ગયો.

કર્નલ જેમ્સ ટોડે ઈ. સ. ૧૮૨૨ (સં. ૧૮૭૯)માં ચંદ્રાવતીનાં ખંડિયેરોનાં ચિત્રો 'ટ્રાવેલ્સ ઈન વેસ્ટર્ન ઇન્ડિયા'માં છપાવ્યાં છે.

સર ચાર્લ્સ કોલ્વિલ્સ ઈ.સ. ૧૮૨૪ (સં. ૧૮૮૧)માં ચંદ્રાવતી આવ્યો ત્યારે અહીં ૨૦ જૈન મંદિરોના અવશેષ સ્પષ્ટ હતા. રેલ્વે વિભાગના કાર્યવાહકોએ પણ અહીંથી રેલ્વે લાઈન નીકળ્યા પછી પથ્થરો અને નકસી કામના પથ્થરના

નમૂનાઓ લઈ જઈ જુદા જુદા સ્ટેશનોમાં ગોઠવ્યા. સિરોહી રાજ્યે આ અંગે કાયદા દ્વારા પથ્થરો લઈ જવાની મનાઈ કરી ત્યારે તો અહીંના પથ્થરો દૂર દૂર લઈ જવાયા હતા.

અમે પણ અહીં સં. ૧૯૯૨માં ચંદ્રાવતીનાં ખંડિયેરો જોવા ગયા હતા, ત્યારે અહીં ૩૭ જૈન મંદિરોના ટીલા (ટેકરાઓ) વિદ્યમાન હતા અને એક જ પથ્થરમાં બે બાજુએ ઘડેલી દ્વિશરીરી એક જિનપ્રતિમા અમને મળી હતી, જે પાછળથી સિરોહીના મ્યુઝિયમમાં મૂકવામાં આવી હતી.

જાલોરગઢ –

મારવાડમાં જોધપુરથી દક્ષિણે ૭૦ માઈલ અને એરનપુરારોડથી પશ્ચિમમાં ૩૮ માઈલ દૂર સુકડી નદીના કિનારે પહાડની તળેટીમાં જાલોરનગર વસેલું છે. તેનાં જાબાલિપુર, જાલુર વગેરે બીજાં નામો પણ મળે છે.

નગરની પાસે જ ૧૨૦૦ ફીટ ઊંચો પહાડ છે. જે સ્વર્ણગિરિ, કનકાચલ, સોહનગઢ વગેરે નામોથી ઓળખાય છે. પ્રથમ રાજા નાહડે અહીં કિલ્લો બંધાવ્યો હતો અને વિ. સં. ૨૭૦માં અહીં યક્ષવસતિપ્રાસાદ બંધાવી તેમાં આ૦ પ્રદ્યોતનસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી હતી. બીજા ઉલ્લેખ મુજબ શેઠ ધનપતિએ એ પ્રાસાદ બંધાવી પ્રતિષ્ઠા કરાવી હતી. (જૂઓ, ભાગ-૧, પ્રક. ૧૭, પૃ. ૨૮૯.) એ સમયે કરોડપતિઓ આ કિલ્લા ઉપર રહેતા હતા અને લખપતિઓ વગેરે આ કિલ્લાની બહાર વસતા હતા.

રાજા અમરસિંહ ચૌહાણે વિક્રમની બારમી સદીમાં આ કિલ્લા (સોહનગઢ)નો જીર્ણોદ્ધાર કરાવ્યો. આથી તેના વંશજો સોનગરા ચૌહાણ તરીકે ખ્યાતિ પામ્યા. આ કિલ્લો ૧૨૦૦ ફીટ ઊંચી ટેકરી પર છે, ૮૦૦ વાર લાંબો-પહોળો છે. તેમાં સૂરજપોળ, ધ્રુવપોળ, ચાંદપોળ અને લોહપોળ એવા ચાર દરવાજા છે. અંદર ત્રણ જૈન દેરાસરો છે, જે પૈકી ચૌમુખજીનું દેરાસર બે માળનું છે.

આ પ્રદેશનું પ્રાચીન નામ પિલ્વાહિકામંડળ હોવાનું જણાય છે. આજે તેને જાલોર પરગણું કહે છે.

અહીં પ્રતીહારો અને સિસોદિયાઓનું વિક્રમની નવમી સદી સુધી, પરમારોનું સં. ૧૧૭૮ સુધી, ચૌહાણોનું સં. ૧૩૩૬.સુધી, ખિલજીવંશ, મેવાડના રાણાઓ, ચૌહાણો, વિહારી પઠાણો અને રાઠોડોનું વિક્રમની સત્તરમી સદી અને તે પછી જોધપુરના નરેશોનું રાજ્ય હતું. અહીં સં. ૧૬૮૬માં રાજા ગજસિંહ અને સં. ૧૭૪૨માં અજિતસિંહ વગેરે રાજાઓ થયા હતા.

આ૦ જિનેશ્વરસૂરિએ સં. ૧૦૮૦માં અહીં આ૦ હરિભદ્રસૂરિનાં અષ્ટકો ઉપર ટીકા રચી અને આ૦ બુદ્ધિસાગરે 'બુદ્ધિસાગરવ્યાકરણ' (ગ્રં. ૭૦૦૦) અહીં રચ્યાં હતાં.

જગદ્‌ગુરુ **શ્રીહીરવિજયસૂરિ**ના શિષ્ય **ઉદયવર્ધનગણિ**, તેમના શિષ્ય પં૦ કુશલવર્ધનગણિ, તેમના શિષ્ય **પં૦ નગર્ષિગણિ**એ અહીં સં. ૧૬૫૧માં ચાતુર્માસ કરીને 'જાલુર પંચચૈત્યપરિપાટી' અને 'વરકાણા પાર્શ્વનાથસ્તોત્ર' રચ્યાં છે.[૧] તે સમયે જાલોરમાં (૧) ભ૦ આદીશ્વર, (૨) ભ૦ શાંતિનાથ, (૩) ભ૦ નેમિનાથ, (૪) ભ૦ પાર્શ્વનાથ અને (૫) ભ૦ મહાવીરસ્વામીનાં મંદિરો હતાં, જે પૈકીનું ભ૦ પાર્શ્વનાથનું દેરાસર ખરતરવાસમાં હતું.

જોધપુરના મહાદાનેશ્વરી **મંત્રી જયમલ મુહણોતે**[૨] અહીં પર્વત પર કિલ્લામાં સં. ૧૬૮૧ના પ્રથમ ચૈત્ર વદિ ૫ ને ગુરુવારે તપાગચ્છના આ૦ **શ્રીવિજયદેવ-**

---

૧. પં૦ **નગર્ષિગણિ**એ સં. ૧૬૪૯માં રામસીતા રાસ, અલ્પબહુત્વ વિચારગર્ભિત ભ૦ મહાવીરસ્વામીનું સ્તવન, ગા. ૪૯, દંડકઅવચૂર્ણિ સં. ૧૬૫૧ના શ્રાવણ સુદિ ૩ના રોજ જાલોરમાં, વરકાણા પાર્શ્વનાથ સ્તવન સં. ૧૬૫૧ના ભાદરવા વદિ ૩ના રોજ, 'જાલુરપંચ ચૈત્યપરિપાટીસ્તવન' અને સ્થાનાંગદીપિકા ગ્રં. ૧૮૦૦૦ સં. ૧૬૫૭ના વૈશાખ સુદિ ૭ના રોજ તેમજ સં. ૧૬૫૭માં ગુજરાતીમાં કડીબંધ 'કલ્પાન્તર્વાચ્ય' વગેરે ગ્રંથો રચ્યા હતા. તેમનાથી નગવર્ધનશાખા નીકળી છે. (જૂઓ, પ્રક. ૫૮) (–જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૧૧૪)

૨. રાવ **જોધાજી** રાઠોડે જોધપુર અને તેના પુત્ર રાવ વીકાજી રાઠોડે સં. ૧૫૪૫માં **બિકાનેર** વસાવ્યાં છે. જોધપુરના રાવસિંહ રાઠોડના વંશમાં આસથાન, ધૂહડ અને રાયમલ થયા. રાયમલ રાઠોડને ૧૩ પુત્રો હતા. તે પૈકી બીજો પુત્ર **મોહનસિંહ** તપાગચ્છીય જૈન બન્યો અને તેનાથી મુહણોત ગોત્ર શરૂ થયું.

સૂજા મોહણોતને અચલાજી નામે પુત્ર હતો અને સેજાજી નામે પૌત્ર હતો. સેજાજીને જયવંતી નામે પત્ની હતી; તેનાથી સં. ૧૬૩૮ના મહા વદિ ૮ ના દિને **જયમલ** નામે પુત્ર થયો. જયમલ મુહણોતને સરૂપદેવી પત્નીથી **નેણશી**, સુંદરદાસ, આસકરણ તથા સોહાગદે પત્નીથી નરસિંહ અને જગમાલ એમ કુલ પાંચ પુત્રો હતા. તે પૈકીના **નેણશી** મુહણોતે 'નેણસીરી ખ્યાત' નામે ગ્રંથ રચ્યો, જે આજે મારવાડના ઇતિહાસ માટે પ્રામાણિક હકીકતો પૂરી પાડે છે.

શા. **જયમલે** રાજકારણમાં પ્રવેશ કર્યો. તે ફલોધિ અને જાલોર પરગણાનો **હાકેમ** બન્યો. ત્યાં તેની કારકીર્દિ સફળ નીવડી. જોધપુરના રાજા સુરસિંહજીના પુત્ર **રાજા ગજસિંહ રાઠોડે** તેને જોધપુર બોલાવી સં. ૧૬૮૬માં પોતાનો **દીવાન** બનાવ્યો. સં. ૧૬૮૭માં ગુજરાત તથા મારવાડમાં ભયંકર **દુકાળ** પડ્યો ત્યારે દીવાન જયમલજીએ ઘણું ધન વાપરી જનતાને કીમતી રાહત આપી હતી. તેને જનતાએ 'જગડૂશાહ' તરીકે બિરદાવ્યો હતો. તેણે સં. ૧૬૮૧માં પં૦ **જયસાગર ગણી**ના હાથે અને સં. ૧૬૮૬માં **આ૦ વિજયદેવસૂરિ**ના હાથે અંજનશલાકા અને પ્રતિષ્ઠા કરાવ્યાં, નવું દેરાસર બંધાવ્યું. તેની સ્ત્રીઓએ પણ સં. ૧૬૮૩માં પ્રતિષ્ઠા કરાવી હતી. દીવાન જયમલજીએ જાલોરના કિલ્લા પરના ભ૦ મહાવીરસ્વામીના **કુમારવિહાર**, ચૌમુખજીનું મંદિર તેમજ ત્રીજા મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. ➧

સૂરિના આજ્ઞાવર્તી અને મહોપાધ્યાય **વિદ્યાસાગરગણિ**, તેમના શિષ્ય પં૦ **સહજ-સાગરગણિ**, તેમના શિષ્ય પં૦ **જયસાગર**ના હાથે નવા જિનાલયમાં અંજનશલાકા અને પ્રતિષ્ઠા કરાવ્યાં તેમજ સં. ૧૬૮૬ ના પ્રથમ અષાડ વદિ (ગુજરાતી જેઠ વદ) ૫ ને શુક્રવારે આ૦ વિજયદેવસૂરિના હાથે જિનબિંબોની અંજનશલાકા કરાવી હતી. તેની પત્નીએ સં. ૧૬૮૩ માં નવા મંદિરમાં પ્રતિમાઓ સ્થાપન કરાવી હતી.

આજે જાલોરમાં લગભગ ૨૦૦૦ શ્વેતાંબર જૈનોની વસતી છે, ૧૪ જૈન દેરાસરો છે, તે પૈકીનાં ૧-૩ ગઢ ઉપર, ૪-૭ ભ૦ આદીનાથ, ભ૦ શાંતિનાથ, ભ૦ નેમિનાથ, ભ૦ મહાવીરસ્વામીનાં તપાવાસમાં, ૮ ભ૦ પાર્શ્વનાથનું ખરતરવાસમાં, ૯ ભ૦ મુનિસુવ્રતસ્વામીનું ખાનપુરવાસમાં, ૧૦ ભ૦ વાસુપૂજ્યનું ફોફલિયાવાસમાં, ૧૧ ભ૦ પાર્શ્વનાથનું કાંકરિયાવાસમાં, ૧૨ જીરાવલા પાર્શ્વનાથનું માણેકચોકની પાસે લહુડીપોષાળમાં અને ૧૩-૧૪ દેરાસરો શહેરની બહાર આવેલાં છે.

(–જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૧૧૪, વ. ૫, પૃ. ૪૩૭; ભા. ૧, પ્રક. ૧૭, પૃ. ૨૮૮; ભા. ૪, પ્રક. ૬૦, મુહણોત વંશ : પૃ. ૩૧૭ થી ૩૨૨)

ભોપાવર તીર્થ –

મહી નદીના કિનારે ભોપાવર ગામ છે. તેનું પ્રાચીન નામ ભોજકટ હતું. કૃષ્ણ વાસુદેવની રાણી રુક્મિણીના ભાઈ રુક્મણકુમારે આ નગર વસાવ્યું હતું. તેણે સુમેરુ શિખરવાળો જિનપ્રાસાદ બંધાવ્યો હતો અને તેમાં શ્રીશાંતિજિનની ખડ્ગાસનવાળી શ્યામ રંગની પ્રતિમા પધરાવી હતી. કૃષ્ણ વાસુદેવે આ ભોપાવર પાસેના અમકાઝમકાદેવીના સ્થાનથી રુક્મિણીનું હરણ કર્યું હતું.

આજે અહીં ભ૦ શાંતિનાથની પ્રતિમા વિરાજમાન છે. તે ૧૨ ફીટ ઊંચી છે. તેમાં પ્રભુના બંને હાથોની નીચે દેવીઓની સુંદર આકૃતિઓ છે. પ્રતિમા પ્રાચીન, ભવ્ય અને મનોહર છે.

આ સ્થાન આજે ભોપાવરતીર્થ તરીકે વિખ્યાત છે.

(–જૈન તીર્થોનો ઈતિહાસ, ભોપાવરતીર્થનો રિપોર્ટ)

◆ નાડોલના ભ૦ પદ્મપ્રભના દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. જાલોર, સાચોર, જોધપુર અને શત્રુંજયતીર્થમાં નવાં જિનાલયો બંધાવ્યાં અને તેમાં ઉપર્યુક્ત અંજનશલાકા કરેલી પ્રતિમાઓ બેસાડી. સં. ૧૬૮૬ના ભ૦ પદ્મપ્રભ આજે નાડોલના **રાજવિહાર**માં મૂલનાયક તરીકે વિરાજમાન છે. તેમણે જાલોરના તપાવાસમાં ઉપાશ્રય બંધાવ્યો હતો અને બીજાં અનેક ધર્મકાર્યો કર્યાં હતાં.

(જૈન સત્યપ્રકાશ, વ. ૫, પૃ. ૪૩૭, ક્રમાંક : ૧૧૪)

રામસેન તીર્થ –

ભ૦ ઋષભદેવનું આ પ્રાચીન તીર્થ છે. આ૦ બપ્પભટ્ટિસૂરિ અહીં વિરાજતા હતા ત્યારે ભિન્નમાલના પ્રતીહાર રાજા યશોવર્માની બીજી રાણીએ આમ રાજાને અહીં જન્મ આપ્યો હતો. એ રાણી તથા રાજકુમાર આચાર્યશ્રી પાસે આવ્યા હતા. (પ્રક. ૩૨, પૃ. ૪૩૫-૪૩૬, ૪૪૪)

રામસેનના રાજા **રઘુસેને** આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને સં. ૧૦૧૦માં વડગચ્છના પ્રસિદ્ધ આ૦ **સર્વદેવસૂરિ**ના હાથે તેમાં ભ૦ ચંદ્રપ્રભ, ભ૦ અજિતનાથ વગેરે પ્રતિમાઓની અંજનશલાકા તથા પ્રતિષ્ઠા કરાવી, ત્યારથી આ મંદિર 'રઘુસેનના મંદિર' તરીકે પ્રસિદ્ધિ પામ્યું અને વિશેષ જાહોજલાલીમાં આવ્યું.

મુસલમાન બાદશાહે રામસેનતીર્થનો વિનાશ કર્યો હતો. સં. ૧૬૨૯ માં જગદ્‌ગુરુ આ૦ હીરવિજયસૂરિની વિદ્યમાનતામાં અહીંની જમીનમાંથી ભ૦ ઋષભદેવની ભવ્ય પ્રતિમા નીકળી આવી હતી તેને ભોંયરામાં પધરાવી હતી. આ૦ વિજયસેનસૂરિ સં....માં તેની યાત્રાએ પધાર્યા હતા.

રામસેનથી એક માઈલ દૂર ટીંબાઓ છે, તેમાંથી એક સર્વધાતુનું પરિકર મળી આવ્યું છે. તેમાં ઉત્કીર્ણ થયેલા લેખમાં જણાવ્યું છે કે, આ૦ વટેશ્વરસૂરિથી થારાપદ્રગચ્છ નીકળ્યો. તેમાં અનેક આચાર્યો થયા. આ૦ વાદિવેતાલ શાંતિસૂરિના શિષ્ય આ૦ પૂર્ણભદ્રે સં. ૧૦૮૪ ના ચૈત્ર સુદિ ૧૫ના રોજ રઘુસેનના જિનાલયમાં ભ૦ આદિનાથની પ્રતિષ્ઠા કરી હતી. (જૂઓ, પ્રક. ૩૧, પૃ. ૩૯૧)

આજે આ સ્થાન નદી કિનારે વિદ્યમાન છે. ચમત્કારી મનાય છે. જૈન-અજૈન સૌ કોઈ અત્યંત શ્રદ્ધાથી તેને આરાધે છે. આ સ્થાનનો ઓગણીસમી શતાબ્દીમાં જીર્ણોદ્ધાર થયો છે.

યક્ષ –

આ મંદિરમાં **ક્ષેમસિંહ** નામે યક્ષરાજની મૂર્તિ છે, તેની સ્તુતિ આ રીતે કરેલી મળે છે –

" શ્રીનાભેયજિનાધિપાંઘ્રિયુગલીસેવાનિબદ્ધાદરો
ભૂદેવાહ્વયસંભવો વિજયતે યક્ષાધિનાથો ભુવિ ।
ક્ષુદ્રોપદ્રવવિદ્રુતિવ્યતિકરાધ્યક્ષપ્રભાવોદયઃ
સ્ફાતેર્ધામ સ રામસીતિ મુકુટઃ શ્રીક્ષેમસિંહાહ્વયઃ ॥ "

(–આ૦ મુનિસુંદરસૂરિની ગુર્વાવલી, વડગચ્છાચાર્ય ગુણસમુદ્રની સં. ૧૪૧૪ માં લખાયેલી શાંતિનાથચરિત્રની પુષ્પિકા, જૈન તીર્થોનો ઇતિહાસ, જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૭૫)

ભોરોલ –

ગુજરાતની ઉત્તર દિશામાં વાયડ ગામ છે, જ્યાંથી વાયડગચ્છ અને વાયડજ્ઞાતિની ઉત્પત્તિ થયેલી છે. અહીં પ્રાચીનકાળમાં ભ૦ મહાવીરસ્વામીનું ભવ્ય દેરાસર હતું. વાયડ પંથકના મંત્રી નીંબાએ તેનો જીર્ણોદ્ધાર કરાવી સં. ૬ (વનરાજ સંવત્)માં વાયડગચ્છના આચાર્ય શ્રીજીવદેવસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી હતી.[૧] તે જ આચાર્યશ્રીના ઉપદેશથી મહાસ્થાનના શેઠ લલ્લે જૈનધર્મ સ્વીકારી પિપ્પલકનગરમાં મોટો જિનપ્રાસાદ બંધાવ્યો હતો અને તેની એક દેરીમાં કનોજની રાજકુમારી મહણીકદેવી કૂવામાં પડીને વ્યંતરી થઈ હતી તેની ભવનદેવી તરીકે સ્થાપના કરી હતી.

વડગચ્છના **વાદિદેવસૂરિ** આચાર્ય થયા પછી **પિપ્પલકનગર** પધાર્યા હતા, ત્યારે ત્યાં આસપાસમાં ભયંકર જંગલ હતું. ત્યાં વિહારમાં તેમને સિંહ સામે મળ્યો, પણ આચાર્યશ્રીની તપસ્યાના પ્રભાવથી તે ઉપસર્ગ ટળી ગયો. (–પ્રભાવકચરિત્ર)

સંભવ છે કે ત્યારથી અહીં ભયરોલ નામે ચોકી ગામ વસ્યું હોય.

થારાપદ્રગચ્છના આ૦ વાદિવેતાલસૂરિના સંતાનીય આ૦ **શાંતિસૂરિ**એ સં. ૧૨૨૨ માં પાટણમાં શેઠ સિદ્ધપાલના દેરાસરમાં પોતાના આઠ શિષ્યોને આચાર્ય બનાવ્યા અને **પિપ્પલકગચ્છ**ની સ્થાપના કરી. એટલે કે તેમણે પોતાના ગચ્છની મુખ્ય ગાદી થારાપદ્રને બદલે પિપ્પલકમાં રાખી. આથી સમજાય છે કે, વિક્રમની તેરમી સદી સુધી પિપ્પલકનગર આબાદ હતું. તે પછી મહમ્મદ ઘોરી કે બીજા કોઈ મુસ્લિમ હુમલાથી એ નગર અને જૈન દેરાસરનો વિનાશ થયો. આજે આ બંને સ્થાનો રાજમહેલ અને દેવતભેડા તળાવના નામથી પ્રસિદ્ધ છે. આ૦ વાદિદેવસૂરિવાળી સિંહની ઘટના દેવતભેડાના સ્થાને બની હોય એવું અનુમાન થાય છે.

ભોરોલથી પશ્ચિમમાં ૨॥ માઈલ દૂર રાજમહેલનો ટીંબો છે. ત્યાંથી પ્રાચીન ઈંટો નીકળે છે. ભોરોલથી પૂર્વમાં ગણેશપુરને રસ્તે ૧॥ માઈલ દૂર જૂનું **દેવતભેડા** તળાવ છે. ત્યાં આજે બાવન દેરીવાળા જિનપ્રાસાદના અવશેષો દેખાય છે.

---

૧. संवत्सरे प्रवृत्ते सषट्सु वर्षेसु पूर्वतः ।
गतेषु सप्तमस्यान्तः प्रतिष्ठा ध्वजकुम्भयोः ॥
–પ્રભાવકચરિત-જીવદેવસૂરિ પ્રબંધ

સં. ૬થી વનરાજ સંવત્ (વિ. સં. ૮૨૭) અથવા વિ. સં. ૧૦૦૬ લેવાય છે. આ૦ જીવદેવસૂરિ મુસલમાનોએ સં. ૭૮૦ અથવા સં. ૮૩૨માં ગુજરાત પર હુમલો કર્યો તે પછી અને કવીશ્વર ધનપાલ વિ. સં. ૧૦૭૮ની પહેલાં વિદ્યમાન હતા.
(–પ્રક. ૩૪, પૃ. ૪૫૨ થી ૪૬૧)

તળાવની પાસે જ 'વાણિયાકેરું ખેતર' છે ત્યાં અગાઉ વાણિયાવાસ, વાણિયાઓની દુકાનો કે દેરાસરના નિભાવ માટે આપેલું જૈન ખેતર હશે.

પિપ્પલકનગર નાશ પામ્યું અને ભોરોલનગર આબાદ થયું. તેનું બીજું નામ ભરલ પણ મળે છે. ભરલના **શેઠ મુંજા** શાહ શ્રીમાલીએ સં. ૧૨૦૨(૧૩૦૨)માં ભરલમાં મોટો જિનપ્રાસાદ બંધાવી, તેની વલભીગચ્છના **આ૦ પુણ્યતિલકસૂરિ** (સં. ૧૨૦૭ થી સં. ૧૨૫૯)ના હાથે પ્રતિષ્ઠા કરાવી અને વાવ બંધાવી.

(–અંચલગચ્છની (ગુજરાતી) મોટી પટ્ટાવલી, પૃ. ૮૯, ૧૦૦, ૨૮૧)

આ મુંજા શાહનું દેરાસર પણ કાળાંતરે નાશ પામ્યું.

ભોરોલથી વાયવ્યખૂણામાં ૭૨ દેરીવાળો અને ૧૪૪૪ થાંભલાવાળો એક જિનપ્રાસાદ હતો તે પણ નાશ પામ્યો. અહીં જમીનમાંથી નકશીદાર પથ્થરો તેમજ થાંભલાઓ નીકળી આવે છે. તેની પાસે મુંજા વાવ છે; તેથી આ દેરાસર શેઠ મુંજા શાહે બંધાવેલું હોય એવું સંભવે છે.

ભોરોલ એ આજે થરાદથી ૧૩ માઈલ, વાવથી ૧૨ માઈલ અને પિપ્પલકના ટીંબાથી ૨॥ માઈલ દૂર રહેલું ગામ છે, જે જુદા જુદા ત્રણ વાસમાં વહેંચાયેલું છે. અહીં આજે ૩૦૦ ઘરો વિદ્યમાન છે, તેની વસ્તી કુલ ૧૨૦૦ માણસોની છે. તેમાં શ્રાવકોનાં ૨૦ ઘર છે. દેરાસર, પાઠશાળા અને ધર્મશાળા પણ છે.

ભોરોલ પાસે **મોદલા** તળાવ છે, જેમાં પહેલાં ૧ વાવ હતી, ૧૫૦ કૂવા હતા; પણ આજે ત્યાં ૧૫ કૂવાઓ દેખાય છે.

સં. ૧૯૫૬માં 'વાણિયાકેરું ખેતર'માંથી ખેડતાં ખેડતાં એક ખેડૂતને ખંડિત ૪ જિનપ્રતિમાઓ મળી આવી હતી. જૈનોએ તેને ઘનતળાવમાં લઈ જઈ પધરાવી દીધી. સં. ૧૯૬૨ માં ઘણો વરસાદ પડતાં તેની માટી ધોવાઈ ગઈ અને પ્રતિમાઓ દેખાવા લાગી. ભોરોલના ઠાકોરે જૈનોને આ પ્રતિમાઓ લઈ જવા જણાવ્યું, આથી સંઘે તે પ્રતિમાઓ લઈ આવીને ભ૦ આદીશ્વરના દેરાસરમાં બેસાડી, પણ ત્યાં હમેશાં નવા નવા ચમત્કારો થવા લાગ્યા. આથી જૈનસંઘે સં. ૧૯૯૯ ના ફાગણ સુદિ ૩ના દિવસે તેમાંની ભ૦ નેમિનાથની પ્રતિમાને મૂળ ગાદીએ મૂળનાયક તરીકે બિરાજમાન કરી છે. આ પ્રતિમા ૪ ફૂટ ઊંચી, શ્યામ રંગની, પ્રાચીન અને ચમત્કારી છે. ભોરોલ ત્યારથી તીર્થ તરીકે ઓળખાય છે.

સં. ૨૦૧૪ ના ભાદરવા વદિ ૬ તા. ૨૩-૧૦-૧૯૫૮ ને બુધવારે દેરાસરના ચોકના ખૂણામાં ખોદકામ કરતાં ૩૨ જિનપ્રતિમાઓ નીકળી આવી છે. કોઈ કોઈ ઉપર સં. ૧૩૫૫ પિપ્પલકગચ્છના આચાર્ય અને પીંપલપુર-પાટનના ઉલ્લેખો છે. [વિ. સં. ૨૦૨૦માં ત્રેવીસ દેવકુલિકાની અને વિ. સં. ૨૦૫૨માં સંપૂર્ણ જિનાલયની જીર્ણોદ્ધારપૂર્વક પ્રતિષ્ઠા થઈ છે.]

અહીં બે દેવીની મૂર્તિઓ નીચે મતલબવાળા લેખો કોરેલા છે કે–

૧. **હીંગલાજ દેવી** – 'સં. ૧૬૬૯ ના જેઠ સુદિ ૧૪ હીંગલાજ મૂર્તિ.' સંભવ છે કે, **મહણીકદેવી**ને બદલે આ મૂર્તિ બની હશે, તેનું અસલ નામ ભુલાઈ જવાથી લોકોએ આ નામ રાખ્યું હશે. શત્રુંજયતીર્થમાં પહાડના ચડાવમાં વચ્ચે રસ્તા ઉપર હીંગલાજ દેવીનું સ્થાન છે. કિંવદંતી એવી છે કે, આ દેવીને થરપારકરથી લાવીને અહીં સ્થાપન કરેલી છે.

૨. **કાલિકા દેવી** – 'સં. ૧૩૫૫ વૈશાખ પિપ્પલકગામમાં ભ૦ નેમિનાથની અધિષ્ઠાયિકાદેવી અંબિકાદેવીની મૂર્તિ.'

શિલાલેખ મુજબ તો આ અંબિકાદેવીની જ મૂર્તિ છે પણ ભુલાઈ જવાથી લોકોએ તેનું નામ કાલિકાદેવી રાખ્યું હશે.

આ પ્રમાણોથી સિદ્ધ થાય છે કે પિપ્પલકનગર, ઢીમાગામ અને ભોરોલગામ એ વાસ્તવમાં એક જ છે અને પ્રાચીન જૈનતીર્થ છે.

(–પ્રભાવકચરિત્ર, અંચલગચ્છની પટ્ટાવલી, જૈન તીર્થોનો ઈતિહાસ, 'કલ્યાણ' માસિક, વ૦ ૧, અંક : ૨ નો વિશેષાંક)

ભીલડિયા તીર્થ –

ભીલડિયા એ ભ૦ પાર્શ્વનાથનું પ્રાચીન તીર્થ છે, તેનું સંસ્કૃત નામ ભીમપલ્લી હતું. અહીં ભ૦ મહાવીરસ્વામીના દેરાસરમાં સં. ૧૨૧૮ ફાગણ વદિ ૧૦ ના આ૦ જિનચંદ્રની દીક્ષા થઈ હતી. આ ભીલડિયા વિક્રમની તેરમી સદીમાં લવણપ્રસાદ વાઘેલાના તાબામાં હતું. વડગચ્છના આચાર્ય શતાર્થી **આ૦ સોમપ્રભસૂરિ**, આ૦ જગચ્ચંદ્રસૂરિ વગેરેએ સં. ૧૨૭૩ માં ભીલડિયાની યાત્રા કરી હતી. આ૦ અભયતિલકસૂરિએ સં. ૧૩૦૭ માં અહીં 'મહાવીરરાસ' ની રચના કરી હતી. સં. ૧૩૧૭ માં ભ૦ મહાવીરસ્વામીના દેરાસરનો જીર્ણોદ્ધાર થયો. શેઠ ભુવનપાલ ઓસવાલે તેનો ધ્વજાદંડ ચડાવી, તેને **મંડલિકવિહાર** નામ આપ્યું તેમજ 'ધન્નાશાલિભદ્રચરિત્ર' અને 'કૃત-પુણ્યકચરિત્ર' લખાવ્યાં. આ૦ જિનપ્રબોધે સં. ૧૩૩૪ માં શ્રીગૌતમસ્વામીની પ્રતિમા પધરાવી.

સં. ૧૩૩૩ના ચાતુર્માસમાં છેલ્લા ચોથા (કાર્તિક) મહિનાની વૃદ્ધિ હતી, અર્થાત્ સં. ૧૩૩૪ માં કાર્તિક બે હતા, તેમ જ પોષ મહિનાનો ક્ષય હતો અને ચૈત્ર કે ફાગણ મહિના બે હતા. આ સમયે ભીલડિયા આબાદ હતું. ખરતરગચ્છના આ૦ જિનપ્રબોધસૂરિએ સં. ૧૩૩૪ માં અહીં જિનપ્રાસાદમાં **શ્રીગૌતમસ્વામી**ની પ્રતિમા પધરાવી હતી. ત્યારબાદ સં. ૧૩૫૩ માં પણ બે કાર્તિક હતા, પોષનો ક્ષય હતો અને બે ચૈત્ર કે ફાગણ હતા. સં. ૧૩૫૨ માં અહીં ૧૨ જૈનાચાર્યો ચોમાસુ રહ્યા હતા. ચોમાસું (સં. ૧૩૫૩ના) બીજા કાર્તિકની પૂર્ણિમાએ પૂરું થાય, પરંતુ તપાગચ્છના (નં. ૪૭) આ૦ **સોમપ્રભસૂરિ**એ (સં. ૧૩૩૨થી ૧૩૭૩) આકાશ દર્શનથી જાણ્યું કે, નજીકના દિવસોમાં ભીલડિયાનો

વિનાશ થવાનો છે, આથી તેમણે અપવાદને આશ્રયી પહેલા કાર્તિકની પૂર્ણિમાએ ચોમાસું પૂરું કર્યું અને તરત જ ત્યાંથી વિહાર કર્યો. બીજા સાધુ-સાધ્વીઓ પણ ત્યાંથી નીકળી ગયાં અને જૈનો ભીલડિયાથી ઉચાળો ભરી ગયા. તેઓએ એક સ્થાને જઈને નિવાસ કર્યો. એ સ્થળે **રાધનપુર** શહેર વસ્યું. પછી તો ભીલડિયામાં આગ સળગી ઊઠી, આગે પોતાના નગ્ન સ્વરૂપે તાંડવ માંડ્યું અને તેમાં ભીલડિયા તારાજ થઈ ગયું. ત્યાં રહેલા જૈનાચાર્યો તેમજ જનતા સર્વ કોઈ એ આગમાં ભરખાઈ ગયાં. જાન-માલની ભારે ખુવારી થઈ. ત્યારબાદ બાદશાહ અલાઉદ્દીન ખીલજીના સેનાપતિ અલફખાને પણ સં. ૧૩૫૫-૫૬ માં ભીલડિયા ભાંગ્યું હતું.

(જૂઓ, ભા. ૩, પ્રક. ૪૭, પૃ. ૪૧૭-૪૧૮)

તે પછી ભીલડિયા ફરી વસ્યું. લખપતિઓ આવી વસ્યા ને આબાદ પણ થયું (જીવાભિગમ પુષ્પિકા). સં. ૧૫૫૭માં તપાગચ્છના આ૦ **હેમવિમલસૂરિ**ના સમુદાયના ઉપા૦ **જિનમાણિક્યગણિ**ના શિષ્ય **અનંતહંસગણિ** અહીં વિચર્યા હતા. તેમના ઉપદેશથી અહીંના ચોકસી પાસવીર પોરવાલે અહીં ગ્રંથભંડાર સ્થાપ્યો. તેમાં ૬,૩૬,૦૦૦ શ્લોકપ્રમાણ સિદ્ધાંત ગ્રંથો લખાવ્યા હતા, જે દરેક ગ્રંથનું પં૦ **શુભભૂષણે** સંશોધન કર્યું હતું. (ભા. ૩, પ્રક. ૫૫, પૃ. ૪૬૨; પટ્ટાવલી ભા. ૨, પૃ. ૨૫૩) ખરતરગચ્છના આ૦ જિનોદયની અહીં દીક્ષા થઈ હતી.

સમય જતાં ભીલડિયાની આબાદી ઘટવા લાગી.

તે પછી છેવટે રામસેનથી ૧૨ કોશ દૂર સં. ૧૮૭૨ માં ભીલડિયા ગામ ફરી વસ્યું. આજે અહીં શ્રાવકોનાં ૫ ઘર છે. સં. ૧૮૯૨ માં એક નાનું ઘરદેરાસર બનાવેલું તે વિદ્યમાન છે.

ગામની બહાર મોટું દેરાસર તીર્થધામ છે. તેમાં તીર્થનાયક તરીકે ભીલડિયા પાર્શ્વનાથની નાની શ્યામ પરિકરવાળી પ્રતિમા છે, પણ તે ગાદીમાં મૂળનાયકના સ્થાને નથી પણ પડખે ભારવટાની નીચે અને મૂળનાયકના સ્થાને ભ૦ નેમિનાથની પ્રતિમા વિરાજમાન છે. [આ જિનાલયનો સંપૂર્ણ જીર્ણોદ્ધાર કરી વિ. સં. ૨૦૨૮માં અને બાવન જિનાલયની પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૩૭માં થઈ છે.]

મુસ્લિમ સમયમાં તીર્થનાયકની રક્ષા કરવા માટે આ વ્યવસ્થા કરવામાં આવેલી છે.

ભીલડિયા આ રીતે પ્રાચીન જૈન **તીર્થધામ** છે.

પાવાગઢ –

વનરાજ ચાવડાએ સં. ૮૦૨ માં પાટણ વસાવી ગુજરાતનું રાજ્ય સ્થાપન કર્યું ત્યારે તેના મંત્રી ચાંપા શાહે ચાંપાનેર વસાવ્યું ને પાવાગઢ ઉપર કિલ્લો બાંધ્યો. તેણે અહીં જૈન દેરાસર પણ બંધાવ્યું.

અહીં ઘણાં જૈન મંદિરો બન્યાં હતાં, તેમાંના કેટલાકના ઉલ્લેખો નીચે મુજબ મળી આવે છે –

(૧) શ્રીસંઘનું બાવન દેરીવાળું ભ૦ અભિનંદનસ્વામીનું પ્રાચીન મંદિર હતું, જેનો જીર્ણોદ્ધાર અને પ્રતિષ્ઠા આ૦ ગુણસાગરસૂરિએ સં. ૧૧૧૨ ના વૈશાખ સુદિ ૫ ને ગુરુવારે કરાવ્યાં હતાં. આ પ્રતિષ્ઠા–ઉત્સવથી સંઘમાં હર્ષોલ્લાસનું વાતાવરણ ફેલાયું હતું.

(૨) જીરાવલા પાર્શ્વનાથનું મંદિર હતું, તેની પ્રતિષ્ઠા પણ શ્રીસંઘે આ૦ ગુણસાગરના હાથે સં. ૧૧૧૨ના વૈશાખ સુદિ ૫ ને ગુરુવારે કરી હતી.

મહમ્મદ બેગડાએ ચાંપાનેર ભાંગ્યુ ત્યારે શ્રીસંઘે આ મંદિરના મૂળનાયકની પ્રતિમા જમીનમાં ભંડારી હતી. તપાગચ્છની સાગરશાખાના ભટ્ટારક શ્રીશાંતિસાગરે પોતાને આવેલા સ્વપ્નદર્શન મુજબ સં. ૧૮૮૯ ના મહા વદિ ૧૧ ના રોજ તે મૂર્તિ જમીનમાંથી પ્રગટ કરી હતી અને સં. ૧૮૯૬ ના મહા સુદિ ૧૩ ના રોજ વડોદરામાં મામાની પોળમાં દેરાસર કરાવી તેમાં તે મૂર્તિને સ્થાપન કરવામાં આવી, જે આજે જીરાવલા પાર્શ્વનાથ તથા કલ્યાણ પાર્શ્વનાથના નામથી વિખ્યાત છે.

(૩) ભ૦ મહાવીરસ્વામીનું મંદિર હતું. આ૦ આર્યરક્ષિતસૂરિ અહીં આવ્યા ત્યારે આ મંદિર પણ વિદ્યમાન હતું. આ૦ મહેન્દ્રસૂરિ 'તીર્થમાલા'માં ભ૦ મહાવીરસ્વામીને આ રીતે નમસ્કાર કરે છે –

" पावयगिरिवरसिहरे दुहदवनीरं थुणे वीरं ॥ "

(૪) મહામંત્રી તેજપાલે ગોધરાના રાજા ઘૂઘલને જીતી આવી અહીં ઉત્સવો કર્યા તે પછી અહીં ભ૦ મહાવીરનું સર્વતોભદ્ર નામે મંદિર બંધાવી પ્રતિષ્ઠા કરાવી હતી. તેમાં આબૂ જેવી ઝીણી નકસી પણ કરાવી હતી. મુસલમાનોએ તે મંદિરને તોડી નાખી જુમા મસ્જિદના રૂપે પરિવર્તિત કરી નાખ્યું.

(૫) શ્રીસંભવનાથનું મંદિર હતું, તેમાં ખંભાતના શેઠ મેઘાશાહે સં. ૧૪૫૭ થી સં. ૧૪૯૯ સુધીમાં ૮ દેરીઓ બનાવી હતી અને તેની આ૦ સોમસુંદરસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી હતી. આ૦ સોમસુંદરસૂરિના શિષ્ય આ૦ ભુવનસુંદરસૂરિ, જેમણે 'મહાવિદ્યાવિડંબન' ઉપર ટિપ્પનની રચના કરી છે, તેમણે 'સંભવનાથનું સ્તોત્ર' રચ્યું છે. તેમાં પાવાગઢને શત્રુંજયતીર્થનો અવતાર બતાવ્યો છે. માંડવગઢના સંઘપતિ વલ્હાકે પાવાગઢતીર્થનો સંઘ કાઢ્યો અને ભ૦ સંભવનાથની પૂજા કરી પરમશાંતિ મેળવી હતી. (–ગુરુગુણરત્નાકરકાવ્ય)

(૬) ભીડભંજન પાર્શ્વનાથનું મંદિર હતું, જેની મૂળ પ્રતિમા વડોદરાના દાદા પાર્શ્વનાથના દેરાસરમાં વિરાજમાન છે.

(૭) પાટણનિવાસી શેઠ છાડાના વંશજ સંઘવી ખીમસિંહ અને સં. સહસાએ સં. ૧૫૨૭ ના પોષ વદિ ૫ ના રોજ પાવાગઢમાં જિનમંદિર બંધાવી, મોટા બિંબની પ્રતિષ્ઠા કરાવી હતી. (જૂઓ, પ્રક. ૪૧, પૃ. ૫૧૫-૫૧૬)

(૮) ચાંપાનેરના શેઠ જયવંતે સં. ૧૬૩૨ના વૈશાખ સુદિ ૩ના રોજ અહીં પાવાગઢમાં જિનાલય બંધાવી તેનો આ૦ વિજયસેનસૂરિના હાથે પ્રતિષ્ઠા-મહોત્સવ કરાવ્યો હતો. (–વિજયપ્રશસ્તિ, સર્ગ : ૮, શ્લો. ૪૦ થી ૪૫)

(૯) સં. ૧૭૪૬ માં પં૦ શીલવિજયજીએ રચેલી 'તીર્થમાલા'માં ભ૦ નેમિનાથના મંદિરનો ઉલ્લેખ આ રીતે કર્યો છે –

'ચાંપાનેરી નેમિ જિણંદ, મહાકાલી દેવી સુખકંદ.'

(૧૦) **કાલિકાનું મંદિર** – ચોથા તીર્થંકર ભ૦ શ્રીઅભિનંદનસ્વામીની શાસનદેવી કાલીદેવી છે. ભ૦ અભિનંદનસ્વામીના મંદિરમાં તેનું મંદિર હતું અને તેમાં જૈન શિલ્પ પ્રમાણે મૂર્તિ બનાવીને સ્થાપન કરી હતી, જે પાવાગઢની કાલીદેવી તરીકે ગુજરાતના ગરબામાં માનભેર ગવાય છે. નગારખાનાના દરવાજે ૨૨૬ પગથિયાં ચડવાથી કાલિકા માતાનું મંદિર આવે છે. આ૦ **આર્યરક્ષિતે** તેની આરાધના કરી સં. ૧૧૬૯ માં વિધિપક્ષગચ્છ (અંચલગચ્છ)ની સ્થાપના કરી હતી અને કાલિકાદેવીને અંચલગચ્છની અધિષ્ઠાયિકા દેવી મુકરર કરી હતી. આ દેવી પ્રભાવક અને ભક્તોની ઇચ્છા પુરનારી મનાઈ છે. પૃથ્વીરાજ ચૌહાણના વંશજો પાવાગઢના રાજવીઓ હતા ત્યારે તેઓ આ દેવીને રાજ્યની રખેવાળી કરનારી માનતા હતા. પંદરમી શતાબ્દી સુધી પાવાગઢનો ઉન્નત કાળ હતો. પાવાગઢના પતાઈ રાવલને દુર્બુદ્ધિ સૂઝી અને તેણે સખીઓ સાથે ગરબામાં સાક્ષાત્ આવેલી કાલિકા માતાનો હાથ પકડી તેને પોતાની દુર્ભાવના જણાવી. દેવીએ રાજાને ઘણો સમજાવ્યો પણ તે માન્યો નહીં, એટલે દેવીએ શાપ આપ્યો. પરિણામે મહમ્મુદ બેગડો અહીં ચડી આવ્યો, ચાંપાનેર ભાંગ્યું, પાવાગઢનું પતન થયું, જૈન મંદિરો લૂંટાયાં. આ સમયે જૈનસંઘે ઘણી જિનપ્રતિમાઓને ભૂમિમાં ભંડારી દીધી. મહમ્મુદે સં. ૧૫૪૧ માં રાજા જયસિંહ, પતાઈ રાવલ, ડુંગરશી પ્રધાન વગેરેને મારી નાખી પાવાગઢ જીતી લીધું અને ત્યારથી ચાંપાનેરનું રાજ્ય ખાલસા બન્યું.

(જૂઓ, ભા. ૩, પ્રક. ૪૪, પૃ. ૨૦૯ થી ૨૧૨)

આ ઘટના માટે 'પાવાગઢથી ઊતર્યા મહાકાલી રે' એ ગરબો લોકવિશ્રુત બન્યો. ભદ્રેશ્વરના શેઠ **વર્ધમાન** અને પદમશીએ આ મંદિરનો મોટો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

પાવાગઢમાં અનેક જૈન શ્વેતાંબર મુનિવરો વિચર્યા હતા. આ૦ ગુણસાગર, નાગેંદ્રગચ્છીય આ૦ વિજયસેનસૂરિ, આ૦ સોમદેવસૂરિ, આ૦ વિજયસેનસૂરિ (તપા૦) વગેરેએ અહીં પ્રતિષ્ઠાઓ કરી હતી. આ૦ આર્યરક્ષિતસૂરિએ અહીં જ મહાકાલીદેવીની સાધના કરી હતી અને અંચલગચ્છનો સૂત્રપાત કર્યો હતો.

તપાગચ્છની અણસૂરશાખાના આ૦ વિજયરાજને અહીં સં. ૧૭૦૧માં પંન્યાસપદ આપવામાં આવ્યું હતું. (જૂઓ, પ્રક. ૫૮)

(–પટ્ટાવલી સમુચ્ચય ભા. ૨, પૃ. ૨૬૫)

આ૦ ભુવનસુંદરસૂરિએ ભ૦ સંભવનાથનું સ્તોત્ર (શ્લો. ૯૨) રચ્યું છે.

આ૦ ભુવનસુંદરસૂરિ, પં૦ શીલવિજયગણીએ અહીંની યાત્રા કરી હતી. અંચલગચ્છના આ૦ ઉદયસાગરસૂરિએ સં. ૧૭૯૭ માં સાચા દેવની તથા પાવાગઢનાં મહાકાલીની યાત્રા કરી હતી. અહીં અનેક શ્રાવકો સંઘ લઈને યાત્રા કરવા આવ્યા હતા.

પાવાગઢમાં એક સુંદર જિનમંદિર છે, તેની દીવાલમાં ત્રણ શ્વેતાંબર જિનપ્રતિમાઓ છે, જેમના હાથે કંકણ છે, ભુજાઓમાં બાજુબંધ છે અને એકના હાથમાં હાથીનું ચિહ્ન છે.

અહીં સ્થાને સ્થાને જિનમૂર્તિઓના ખંડિત ભાગો ચોડી દીધેલા છે. તેમાં લંગોટ પણ સ્પષ્ટ દેખાય છે.

અહીં એક બાવન દેરીવાળું વિશાળ મંદિર ઘરાશાયી જોવાય છે. નગારખાના પાસે ૫ દેરાસરો, દૂધિયા તળાવ પાસે ૩ દેરાસરો અને છાશિયા તળાવ પાસે ૧ દેરાસર વગેરેનાં સ્થાનો દ્રષ્ટિગોચર થાય છે.

પંચમહાલ જિલ્લાના કલેક્ટરે એક સ્થળે જણાવ્યું છે કે, આ બધાં ખંડિયેરો શ્વેતાંબર જૈનોનાં મંદિરો હતાં.

મેજર જે. ડબ્લ્યુ. વૉટ્સને ઈ. સ. ૧૮૭૭ માં અને મિ. બર્જેસે ઈ. સ. ૧૮૮૫ માં પાવાગઢના શિખર ઉપર કિલ્લામાં પ્રાચીન જૈન મંદિરોનો જથ્થો હોવાનું લખ્યું છે.

આ દરેક ઉલ્લેખો પરથી પાવાગઢના મધ્યકાલીન વૈભવનું અને પતનનું દિગ્દર્શન મળે છે. સ્પષ્ટ છે કે, પાવાગઢ એ જૈન શ્વેતાંબરોનું મધ્યકાલીન જૈન તીર્થધામ હતું. (પં૦ શ્રીલાલચંદ ગાંધીનું 'પાવાગઢથી વડોદરામાં પ્રગટ થયેલા જીરાવલા પાર્શ્વનાથ'; જૈન તીર્થોનો ઇતિહાસ)

પલ્લવિયા પાર્શ્વનાથ –

ગુજરાતની ઉત્તરે **પાલનપુર** શહેર છે. તેનાં બીજાં નામો પ્રહ્લાદનપુર, પાહ્લનપુર, પર્ણવિહારનગર વગેરે પણ મળે છે. અહીં પલ્લવિયા પાર્શ્વનાથનું વિશાળ જૈન તીર્થસ્થાન છે. તે અંગે બે પ્રકારના ઉલ્લેખો જાણવા મળે છે.

(૧) ચંદ્રાવતીનો રાજા પાલનસિંહ નામે પરમાર હતો. તે જંગલમાં વિશેષ ફર્યા કરતો તેથી તેની **અરણ્યરાજ** નામે પ્રસિદ્ધિ હતી. તેણે ધર્માંધતાના કારણે

અચલગઢની તળેટીમાં રહેલા જૈન દેરાસરમાં મહાદેવનું લિંગ સ્થાપન કરી દીધું અને ત્યાંની ધાતુની પ્રતિમાને ગળાવી નાખી તેનો નંદી બનાવ્યો. આ અકૃત્યના પરિણામે તેના આખા શરીરે કોઢ રોગ ફૂટી નીકળ્યો. તેણે રોગશમન માટે અનેક ઉપચારો કર્યા પણ તે બધા નિષ્ફળ નીવડ્યા. કંટાળીને તે જંગલમાં ચાલ્યો ગયો. ત્યાં તેને રસ્તામાં વિહાર કરતા આ૦ શીલઘવલસૂરિ મળ્યા અને તેમનો ઉપદેશ સાંભળી પોતાની થયેલી ભૂલ જણાવી પ્રાયશ્ચિત્તની માગણી કરી. આચાર્યશ્રીએ તેને સાંત્વન આપી જણાવ્યું કે, 'તું નવી પ્રતિમા ભરાવી, તેની પૂજા કરીને તેનું ન્હવણ જળ આખા શરીરે લગાડીશ તો તારો રોગ શમી જશે.' રાજાએ તે પ્રમાણે કર્યું તેથી તેનો રોગ શમી ગયો. તેનું આખુંયે શરીર નવપલ્લવ જેવું બની ગયું. જૈનધર્મ પ્રતિ તેને દ્રઢ શ્રદ્ધા થઈ. આથી તેણે સં. ૧૦૧૧ માં તે જ (ધાંધાર) પ્રદેશમાં પાલનપુર નગર વસાવ્યું, તેમાં દરબારગઢ બનાવ્યો અને પાસે જ રાજવિહાર જૈનમંદિર બંધાવી તેમાં તે નવી બનાવેલી જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. તેણે રાજમહેલ અને રાજવિહાર સામસામે એવી રીતે બંધાવ્યા કે રાજા સવારે પોતાની બારીમાંથી પ્રભુનાં દર્શન કરી શકે. રાજાએ દેરાસરના નિભાવ માટે લાગો બાંધી આપ્યો. તે સ્થાન **પલ્લવિયા પાર્શ્વનાથ**ના નામે ખ્યાતિ પામ્યું. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૧૧૨-૧૧૩)

(૨) ચંદ્રાવતીના રાજા **ધારાવર્ષદેવ** પરમારનો નાનો ભાઈ **પ્રહ્લાદન** હતો. તે પરાક્રમી, કવિ, શાસ્ત્રનો જાણકાર, પરોપકારી અને મોટો દાની હતો.[1] તેને કુર્ચાલ સરસ્વતીનું બિરુદ હતું (પ્રબંધકોશ). ગૂર્જરેશ્વર કુમારપાલના પુરોહિત આમિગના પુત્રો સર્વદેવ તથા કુમારદેવ તેના વિદ્યાર્થીઓ હતા. કવિ સોમેશ્વર પણ આ જ કારણે તેને પોતાના પિતાના ગુરુ તરીકે ઓળખાવે છે. તેણે 'પાર્થ-પરાક્રમવ્યાયોગ' નામે નાટકવિશેષની રચના કરેલી છે અને રાજા મુંજદેવ તથા ભોજદેવ અંગે કરુણ રસવાળી કથા બનાવી હતી, જે આજે મળતી નથી. તેણે બીજા ગ્રંથો પણ બનાવ્યા છે. ગુજરાતનો રાજા અજયપાલ (સં. ૧૨૨૯ થી ૧૨૩૨) મેવાડના રાણા સામંતસિંહ સાથે યુદ્ધમાં ઘવાયો ત્યારે પ્રહ્લાદને વીરતાથી તેના પ્રાણોની અને રાજ્યની રક્ષા કરી હતી. તેણે સં. ૧૨૭૪ માં પાલનપુર વસાવ્યું. કેટલાએક લેખકો આ અંગે રાજા **અરણ્યરાજ** ની જેમ રાજા પ્રહ્લાદનનો ઇતિહાસ આપે છે. તેનો સાર એ છે કે, રાજા પ્રહ્લાદને લોભથી જિનપ્રતિમાને

---

૧. देवी सरोजाननसंभवा किं कामप्रदा किं सुरसौरभेयी ।
प्रह्लादनाकारधरा धरायां आयातवत्येष नु निश्चयो मे ॥३९॥
–પં૦ સોમેશ્વરકૃત લેખપ્રશસ્તિ
श्रीप्रह्लादनमन्तरेण विरतं विश्वोपकारव्रतम् ॥
(–સુત્થોત્સવ, સર્ગ : ૧૫, શ્લો. ૫૨)

ગળાવી નાખી તેથી તેને કોઢ રોગ થયો. આ૦ શીલઘવલના[1] ઉપદેશથી તેણે ભ૦ પાર્શ્વનાથની નવી જિનપ્રતિમા ભરાવી, જેની પૂજાથી તેનો કોઢ દૂર થયો. આથી તેણે પાલનપુર વસાવી, ત્યાં રાજવિહાર–જૈનમંદિર બંધાવી, તેમાં પલ્લવિયા પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવી, તેના નિભાવ માટે જુદા જુદા લાગા બાંધી આપ્યા વગેરે વગેરે.

અહીં કલ્પના થઈ શકે છે કે, રાજા પ્રહ્લાદને રાજા અજયપાલની શિખવણીથી પ્રતિમાને તોડી હશે. (જૂઓ, પ્રક. ૩૭, પૃ. ૨૫૦) પરંતુ ચંદ્રાવતીમાં જૈનોનું પ્રભુત્વ, રાજા કુમારપાલ, રાજા ધારાવર્ષ, રાણા પ્રહ્લાદનનો અરસ-પરસનો સ્નેહસંબંધ, રાણી શૃંગારદેવીની જૈનધર્મ પ્રત્યેની અભિરુચિ, જૈનમંદિરોને આપેલાં દાન તેમજ કુમારપાલે કાઢેલા સંઘમાં રાજા પ્રહ્લાદને સંઘ સાથે યાત્રા કરવી અને પ્રહ્લાદનનું પરાક્રમ, વિદ્વત્તા, ઉદારતા વગેરે જોતાં તેના હાથે આવું અનાડીપણું થાય એ સંભવિત નથી એટલે આનો સ્પષ્ટ નિર્ણય લાવવા વધુ આધારોની અપેક્ષા રહે છે.

અહીં એટલું સંભવિત છે કે, પ્રહ્લાદને જૂના પાલનપુરને ફરીથી આબાદ કર્યું હશે, રાજવિહારનો જીર્ણોદ્ધાર કરી ફરીથી નવી પ્રતિમા પ્રતિષ્ઠિત કરાવી હશે અને મંદિરના નિભાવ માટે લાગા બાંધી આપ્યા હશે; અથવા પાલનપુર તેમજ રાજવિહાર નવેસર બનાવ્યાં હશે.

(–હીરસૌભાગ્યકાવ્ય, હીરસૂરિરાસ, પાલનપુર ગઝલ–
આત્માનંદ જૈન પ્રકાશ, વર્ષ : ૫૩, અંક : ૬-૭)

મહમ્મુદ ગિજનીએ સં. ૧૦૮૦ માં અને અલ્લાઉદ્દીન ખીલજીએ સં. ૧૩૬૮ માં ચંદ્રાવતી અને પાલનપુર ભાંગ્યાં.

પાલનપુરમાં પલ્લવિયા પાર્શ્વનાથનું ત્રણ માળનું વિશાળ દેરાસર છે. અસલમાં અહીં મૂળનાયકની પ્રતિમા સોનાની હતી પરંતુ સંઘે આશાતનાના ભયથી તેને ભંડારી દીધી અને આરસની પ્રતિમા પધરાવી એવી લોકવાયકા છે.

અહીં ઉપકેશગચ્છના આ૦ કક્કસૂરિ(પંદરમા)એ સં. ૧૨૭૪ના કાર્તિક સુદિ ૫ ને ગુરુવારે અંજનશલાકા કરેલી સફેદ આરસની ૧॥ ફૂટ ઊંચી પ્રતિમા આજે વિરાજમાન છે. આ સમયે દેરાસરના નિભાવ માટે જુદા જુદા લાગા બાંધી આપ્યા હતા, જેથી હમેશાં ૧૬ મણ સોપારી અને ૧ મૂડો ચોખા વગેરેની મોટી આવક થતી હતી.

પાલનપુરમાં આ મંદિર સૌથી પ્રાચીન છે. સં. ૧૨૮૪ માં ભ૦ મહાવીર-

---

૧. એ સમયે વડગચ્છમાં [૪૧] આ૦ ધર્મઘોષસૂરિની પાટે [૪૨] આ૦ શીલગુણ થયા હતા. (–જૂઓ, પ્રક. ૩૮, પૃ. ૨૬૦)

સ્વામીનું દેરાસર બન્યું હતું તે આજે મસ્જિદરૂપે ઊભું છે. તેમાં સં. ૧૨૮૫, સં. ૧૩૪૭ના શિલાલેખો વિદ્યમાન છે.

પાલનપુરમાં આજે (૧) પલ્લવિયા પાર્શ્વનાથ, (૨) ભ૦ શાંતિનાથ (ત્રણ માળનું), (૩) ભ૦ આદિનાથ, (૪) ભ૦ નેમિનાથ વગેરે મંદિરો છે.

અહીં સં. ૧૦૭૧ થી ૧૦૮૮ના ગાળામાં નાણાવાલગચ્છના આ૦ વીરચંદ તથા નાડોલગચ્છના આ૦ સોમપ્રભ એક સાથે ચતુર્માસ રહ્યા હતા. તે બંને શિથિલ બન્યા અને અહીંથી પાલખીમાં બેસવાનું શરૂ કર્યું. અહીં સં. ૧૨૭૭ માં આ૦ જિનપતિ સ્વર્ગે ગયા. સં. ૧૨૮૪ માં મહાતપસ્વી આ૦ જગચ્ચંદ્રસૂરિએ અહીં ચતુર્માસ કર્યું. સં. ૧૨૯૯ માં અંચલગચ્છના આ૦ દેવેન્દ્રસૂરિ જન્મ્યા. સં. ૧૩૧૨માં આ૦ જિનેશ્વરના શિષ્ય ઉપા૦ અભયતિલકે સંસ્કૃત 'દ્વયાશ્રયમહાકાવ્ય' ની વૃત્તિ (ગ્રં. : ૬૦૦૦) રચી. સં. ૧૩૦૪ અથવા સં. ૧૩૨૩માં તપાગચ્છના વિદ્યાનંદ આચાર્ય બન્યા. તે સમયે પલ્લવિયા પાર્શ્વનાથના દેરાસરમાં કેસરની વૃષ્ટિ થઈ હતી. શેઠ કુમાર ઓસવાલની પત્ની પદ્મશ્રીએ સં. ૧૩૧૩ના ચૈત્ર સુદિ ૮ ના અહીં 'પંચમીકહા' લખાવી અને તે સાધ્વી જિનસુંદર ગણિની-શિષ્યા લલિતાસુંદરી ગણિનીને વહોરાવી. સં. ૧૩૧૩ માં ખરતરગચ્છના આ૦ જિનેશ્વરે 'શ્રાવકધર્મ પ્રકરણ' રચ્યું. ઉપા૦ લક્ષ્મીતિલકે સં. ૧૩૧૭ માં તેની ટીકા (ગ્રં. ૧૫૦૦૦) રચી. તેમના દાંડાના અહીં બે ટુકડા થવાના સૂચનથી સં. ૧૩૧૩માં તેમના ગચ્છમાં બે વિભાગ પડ્યા. સં. ૧૩૭૫માં ખરતરગચ્છના આ૦ જિનોદય-સૂરિ જન્મ્યા. સં. ૧૪૩૦માં તપાગચ્છના આ૦ સોમસુંદર જન્મ્યા. સં. ૧૫૦૩માં ખરતરગચ્છના આ૦ જિનરાજસૂરિશિષ્ય પં૦ જયસાગરગણિએ માલહા શ્રાવકની વસતિમાં રહી પં૦ રત્નચંદ્ર ગણિની મદદથી 'પૃથ્વીરાજરાજર્ષિચરિત્ર' રચ્યું. આ જ અરસામાં સોનગરા મંત્રી ઝાંઝણ શ્રીમાળીએ પાલનપુરમાં ભ૦ શાંતિનાથનું મંદિર બંધાવ્યું. સં. ૧૫૩૩ પછી પાલનપુરવાસી શા. જીવા ઓશવાલની વિનતિથી આ૦ **લક્ષ્મીસાગરે** આગમમંડનને અમદાવાદમાં વાચકપદ આપ્યું.

(–ગુરુગુણરત્નાકરકાવ્ય)

પલ્લવિયા – વરહુડિયાવંશનો નેમડ પલ્લીવાલ પાલનપુરમાં આવી વસ્યો હતો. તેના વંશજો ત્યાંથી નીકળીને વીજાપુર જઈ વસ્યા હતા.

(પ્રક. ૩૮, પૃ. ૩૧૦)

વેસટવંશનો **સલક્ષણ** ઓસવાલ પાલનપુર આવીને વસ્યો હતો. તેણે અહીં ભ૦ પાર્શ્વનાથનો જિનપ્રાસાદ બંધાવ્યો હતો તથા એ જ વંશના સં૦ આશાધરે સં. ૧૩૫૨માં પાલનપુરમાં 'ઉત્તરજ્ઝયણસુત્ત'ની ટીકાની પ્રતિ લખાવી હતી.

(પ્રક. ૩૫, પૃ. ૧૪૮-૧૪૯)

રાણપુરા નગરશેઠનો પૂર્વજ સં. ૧૧૭૨ માં પાલનપુર આવી વસ્યો હતો. (પ્રક. ૫૮)

કચ્છોલીગચ્છના (૪૨) આ૦ શ્રીપ્રભ, (૪૩) આ૦ આણંદ, (૪૪) આ૦ અમરપ્રભે સં. ૧૩૧૫ ના ફાગણ સુદિ ૪ ને બુધવારે અંબિકાદેવીની મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી હતી જે આજે પાલનપુરના વિશલરાયવિહારમાં ભ૦ સુપાર્શ્વનાથના જિનાલયની ભમતીમાં વિરાજમાન છે.

કોરંટગચ્છના આ૦ સર્વદેવની સં. ૧૨૭૪ના ફાગણ સુદિ ૫ ને ગુરુવારની પ્રતિમા પાલનપુરમાં વિદ્યમાન છે.

ભ૦ સીમંધરસ્વામીની સં. ૧૩૩૧ની પ્રતિમા કોરંટગચ્છના ચૈત્યમાં વિરાજમાન છે. કોરંટગચ્છના ઉપા૦ મુનિપ્રભ ગણિના શિષ્ય મુનિ હંસરાજે સં. ૧૩૨૫ ના ફાગણ સુદિ ૪ ને બુધવારે ગણધર શ્રીપુંડરીકસ્વામીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી.

તપાગચ્છના આ૦ **હેમવિમલસૂરિ** (સં. ૧૫૪૮ થી સં. ૧૫૮૩)ની શિષ્ય-પરંપરા 'પાલનપુરશાખા' તરીકે પ્રસિદ્ધિ પામી હતી.

તપાગચ્છના દેવસૂરસંઘ શાખાના ભ૦ **વિજયરત્નસૂરિ** સં. ૧૭૧૧માં પાલનપુરમાં જન્મ્યા હતા. ઉ૦ વિમલવિજયગણી તેમના ભાઈ-ગુરુભાઈ હતા. (જૂઓ, પ્રક. ૫૮, વિજયદેવસૂરસંઘ)

તપાગચ્છની સંવેગશાખાના (૬૯) મુનિ તપસ્વી કીર્તિવિજયજી ગણિવર સં. ૧૮૩૭ માં પાલનપુરમાં જન્મ્યા હતા. પાલનપુરના ઉપાશ્રયમાં પં૦ જિતવિજયગણિના નામનો સં. ૧૮૫૭ ના વૈશાખ સુદિ ૧૩ ને રવિવારનો કાષ્ઠલેખ વિદ્યમાન છે. (પ્રક. ૫૮)

સં. ૧૫૮૩માં જગદ્‌ગુરુ હીરવિજયસૂરિ અહીં જન્મ્યા. અહીં શાંતમૂર્તિ મુનિવર શ્રીમોહનલાલજી મહારાજે તપાગચ્છની સામાચારી અંગીકાર કરી. ખરતરગચ્છના વિદ્વાન કવીંદ્રસાગર અહીં જન્મ્યા.

આ રીતે પાલનપુર અનેક ઐતિહાસિક પ્રસંગોનું ધામ બની રહેલું છે.

માલવામાં આવેલું આગર પાસેનું પર્ણવિહાર (પાનવિહાર) આનાથી જૂદું સ્થળ છે. (—ગુરુગુણરત્નાકરકાવ્ય)

પાલનપુરમાં આજે શ્વેતાંબર જૈનોનાં ૫૦૦ ઘર અને સ્થાનકમાર્ગી જૈનોનાં ૩૦૦ ઘર છે. બંનેમાં સારો સંપ છે. અહીં ૧૩ દેરાસરો છે. ઘણા ઉપાશ્રયો છે, પુસ્તકાલય છે, ઉદ્યોગમંદિર વગેરે સ્થાનો છે.

ઈડરગઢ –

ગુજરાતના ઈશાન ખૂણામાં ઈડર શહેર છે. તેનું સંસ્કૃત નામ ઈલાદુર્ગ મળે છે. અહીં સમ્રાટ સંપ્રતિના સમયનું જૈન દેરાસર હતું.

અહીં સંઘપતિ વત્સરાજ ઓસવાલને રાણીદેવીથી ચાર પુત્રો (૧) ગોવિંદ, (૨) વીસલ, (૩) અક્રૂરસિંહ અને (૪) હીરો થયા. શેઠ ગોવિંદ રાજમાન્ય હતો. તેણે આ૦ સોમસુંદરસૂરિના ઉપદેશથી મોટો યાત્રસંઘ કાઢ્યો અને તારંગા તીર્થનો જીર્ણોદ્ધાર કરી, તેમાં ભ૦ અજિતનાથની નવી પ્રતિમા પધરાવી.

(જૂઓ, પ્રક. ૪૨, પૃ. ૫૫૦; ભા. ૩, પ્રક. ૫૦, પૃ. ૪૪૫, ૪૭૪-૪૭૫)

સંઘવી વિસલ ચિત્તોડના રાણાનો માનીતો હતો. તેણે આ૦ સોમસુંદર-સૂરિના ઉપદેશથી ચિત્તોડમાં ભ૦ શ્રેયાંસનાથનું દેરાસર અને દેલવાડામાં નંદીશ્વરપટ બનાવી પ્રતિષ્ઠા કરાવી.

ઈડરમાં આ૦ **મુનિસુંદરસૂરિ**એ ઋષભદેવસ્તોત્ર બનાવ્યું. આ૦ ગુણરત્ને સં. ૧૪૬૬માં ક્રિયારત્નસમુચ્ચય' રચ્યો. આ૦ લક્ષ્મીસાગરે સં. ૧૫૩૩ માં ભ૦ અજિતનાથની પ્રતિષ્ઠા કરી અને સં. ૧૫૧૮માં આ૦ સુમતિસાધુ વગેરે ત્રણને આચાર્યપદ આપ્યું. આ૦ સોમવિમલની આચાર્યપદવી થઈ. શેઠ મેઘા શાહની પત્ની માણેકદેવીએ સં. ૧૫૪૭ માં મહાક્રિયોદ્ધારક આ૦ આણંદવિમલસૂરિને જન્મ આપ્યો. સમ્રાટ અકબરને 'કૃપારસકોશ' વડે અહિંસક બનાવનાર મહોપાધ્યાય શાંતિચંદ્રગણિએ નારાયણ રાજાની સભામાં દિગંબરવાદી ભૂષણને હરાવ્યો. તપગચ્છના આ૦ વિજયદેવસૂરિ સં. ૧૬૩૪ ના પોષ સુદિ ૧૩ ને રવિવારે જન્મ્યા. તેમણે ત્રણ પ્રતિષ્ઠાઓ કરી. સં. ૧૬૮૧ ના વૈશાખ સુદિ ૬ ને સોમવારે ઉપા૦ કનકવિજયને આચાર્યપદ આપીને આ૦ વિજયસિંહસૂરિ નામ આપ્યું. ઈડરનરેશ કલ્યાણમલે આ૦ વિજયદેવસૂરિના ઉપદેશથી પહાડ પર રણમલચોકી સ્થાપન કરી અને ત્યાં ભ૦ નેમિનાથનું દેરાસર બંધાવ્યું. ટેકરીઓ પર શત્રુંજયાવતાર અને ગિરનારાવતાર બન્યા. ઉપા૦ ગુણવિજયે 'વિજય-પ્રશસ્તિમહાકાવ્ય'ની ટીકા રચવાનો પ્રારંભ કર્યો. આ૦ વિજયદેવસૂરિએ ૬૪ સાધુઓને પંન્યાસ બનાવ્યા. તે જ ચોમાસામાં પં૦ પદ્મસાગરગણિએ રાજા કલ્યાણની સભામાં વાદી બ્રાહ્મણોને હરાવ્યા.

તપાગચ્છની શાખા કમલકળશાગચ્છના આ૦ સુધાનંદને 'જલ્પમંજરી' અને 'ઈડર ચૈત્યપરિપાટી' બનાવી હતી. (જૂઓ, પ્રક. ૫૩)

મહો૦ વિનયવિજયગણિએ પોતાના 'ઇન્દ્રદૂત' કાવ્યમાં ઈલાદુર્ગનું વર્ણન કર્યું છે.

આ રીતે ઈડરગઢ શ્વેતાંબર જૈનોનું તીર્થધામ છે. (–જૈન તીર્થોનો ઇતિહાસ)

આઘાટ નગર (આહડ-આયડ તીર્થ) –

ઉદયપુરને અડીને આવેલું આ નગર ઇતિહાસ પ્રસિદ્ધ મેવાડનું પૂર્વે પાટનગર હતું. મેવાડના મિત્રવંશી રાણાઓમાં ઘણાએક જૈન હતા. ચિત્તોડના રાણા

અલ્લટરાજ (સં. ૯૨૨ થી ૧૦૧૦) છેલ્લાં વર્ષોમાં વધુ પ્રમાણમાં આહડ નગરમાં જ રહેતા હતા, એ કારણે એના વંશજો 'આહડિયા રાવલ' નામથી પ્રસિદ્ધિ પામ્યા. એ રાજાએ અહીં દેરાસર બંધાવી તેમાં સંડેરકગચ્છના આ૦ યશોભદ્રના હાથે ભ૦ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવી હતી. વડગચ્છના અંતિમ આ૦ જગચ્ચંદ્રસૂરિ બાર વર્ષથી આયંબિલનું તપ કરતા હતા. તેઓ સં. ૧૨૮૫ માં આઘાટ નગર પધાર્યા. ત્યાં તેઓ નદી કિનારે આતાપના લેતા હતા. રાણો જૈત્રસિંહ (સં. ૧૨૭૦ થી ૧૩૦૯) તેમની પ્રશંસા સાંભળી આઘાટ આવ્યો અને આચાર્યશ્રીનું અદ્‌ભુત તપસ્તેજ જોઈને તેમના ચરણોમાં મસ્તક ઝુકાવ્યું. તેને પ્રશંસાના ઉદ્‌ગારો કાઢ્યા : 'ભગવન્ ! આપ તો મહાન્ તપસ્વી છો.'

બસ, આ સમયથી સં. ૧૨૮૫ થી આ૦ જગચ્ચંદ્રસૂરિના શિષ્ય 'તપાગચ્છ' તરીકે પ્રસિદ્ધિ પામ્યા છે. એટલે આઘાટ નગર તપસ્યાનું તીર્થ છે, તપા બિરુદનું પુનિત ધામ છે અને તપાગચ્છના આ૦ જગચ્ચંદ્રસૂરિની તપસ્યાનું પ્રતિક છે. મેવાડના રાણાઓ ત્યારથી તપાગચ્છના આચાર્યોને પોતાના ગુરુ માને છે. તપાગચ્છનું બહુમાન કરે છે, રાજવીઓ તપાગચ્છના ભટ્ટારકોને પછેડી ઓઢાડી સમ્માન આપે છે. (જૂઓ, પ્રક. ૪૪, સિસોદિયાવંશ)

શેઠ હેમચંદે અહીં રાણા જૈત્રસિંહના રાજકાળમાં સર્વ આગમો તાડપત્ર ઉપર લખાવ્યાં હતાં. આમાંનાં ઘણાં આગમો ખંભાતના ભ૦ શાંતિનાથજીના જૈન ગ્રંથભંડારમાં વિદ્યમાન છે. તે ચિત્તોડનો વતની અને આ૦ દેવેન્દ્રસૂરિનો ભક્ત હતો.

અહીં પ્રાચીન ચાર જિનાલયો છે.[૧] રાણા ઉદયસિંહે વિ. સં. ૧૬૨૪માં ઉદયપુર વસાવ્યું અને તેને રાજધાની બનાવી. તે પછી આહડની જાહોજલાલી ઓસરી હોય એમ લાગે છે.

(–પૂ૦ મુનિરાજ શ્રીવિદ્યાવિજયજીનો 'ઉદયપુરનાં મંદિરો'નો લેખ, જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૧૦, પૃ. ૩૧૮, ૩૧૯)

---

૧. (૧) સમ્રાટ સંપ્રતિએ બંધાવેલ અને આર્ય સુહસ્તિસૂરિના હાથે પ્રતિષ્ઠિત થયેલ ભ૦ આદીશ્વરનું જિનાલય. (૨) રાજા અલ્લટરાજે બંધાવેલ ભ૦ પાર્શ્વનાથનું (બાવન) જિનાલય. (૩) ભ૦ શાંતિનાથ અને (૪) ભ૦ સુપાર્શ્વનાથનાં ૧૨મા સૈકાનાં જિનાલયો.

ભ૦ સુપાર્શ્વનાથના મોટા જિનાલયમાં કલિકાલસર્વજ્ઞ આ૦ હેમચંદ્રસૂરિ, આ૦ જગચ્ચંદ્રસૂરિ અને આ૦ હીરસૂરિની ચરણપાદુકા આવેલ છે. તેની પ્રતિષ્ઠા સં. ૧૬૯૨માં ઉપા૦ ભાનુચંદ્રવિજયના વરદ્ હસ્તે થઈ હતી.

અહીં ભ૦ મહાવીરસ્વામીનું એક ગૃહમંદિર પણ છે, જે કર્માશાહના વંશજ દોશી ભેરુલાલે બંધાવ્યું હતું.

કરહેડા તીર્થ (સં. ૧૦૩૯) –

મેવાડમાં ચિત્તોડ અને ઉદયપુરની વચ્ચે કરહેડા (ભોપાલસાગર) સ્ટેશનનું ગામ છે. એ કરહેડા પાર્શ્વનાથનું પ્રાચીન તીર્થધામ છે. અહીં બાવન દેરીવાળું મોટું દેરાસર છે. તેમાં પાટ ઉપર સંડેરકગચ્છના આ૦ યશોભદ્રસૂરિના સંતાનીય આ૦ શ્ય.પાચાર્યનો સં. ૧૦૩૯નો શિલાલેખ છે.

માંડવગઢના મંત્રી પેથડના પુત્ર મં૦ ઝાંઝણે આ૦ દાદા શ્રીધર્મઘોષસૂરિના ઉપદેશથી આ દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવ્યો ને સાત માળનું મંદિર બંધાવ્યું. (સુકૃતસાગર, તરંગ : ૮મો) (વિશેષ વિગત જૂઓ, પ્રક. ૩૨, પૃ. ૪૪૯-૪૫૦)

રાવણા પાર્શ્વનાથ –

અલવર શહેરથી ૪ માઈલ દૂર આવેલી એક પહાડી નીચે રાવણા પાર્શ્વનાથનું પ્રાચીન તીર્થ હતું. આજે તો તેનાં માત્ર ખંડિયેરો જ નજરે પડે છે.

એક વાર રાજા રાવણ અને રાણી મંદોદરી વિમાન દ્વારા અહીં આવી ઊતર્યા. રાણી જિનપૂજા કર્યા વિના અનાજ લેતી નહોતી અને તેઓ પોતાની સાથે મૂર્તિ રાખવાનું ભૂલી ગયા હતા તેથી તેઓએ અહીં વેળુની પ્રતિમા બનાવી, તેમાં તીર્થંકરદેવનું આહ્વાન, સંનિધીકરણ, સ્થાપન વગેરે કરી મંદોદરી રાણીએ એ મૂર્તિની પૂજા કર્યા પછી ભોજન કર્યું. આ પ્રતિમા રાણીના શીલના પ્રભાવથી નક્કર બની ગઈ અને ત્યાં રાવણા પાર્શ્વનાથનું તીર્થ બન્યું. આજે આ વિચ્છેદ તીર્થ છે.

આ માટે એવી કલ્પના છે કે, મેવાડના મિત્રવંશી રાણાઓ રાવલ તરીકે ઓળખાતા હતા. તેમાં ઘણાં રાજાઓ અને રાણીઓ જૈનધર્મી થયાં હતાં. રાણા અલ્લટ રાવલે (સં ૯૨૨ થી ૧૦૧૦) પોતાના નામથી અલ્લટપુર વસાવ્યું અને તેમાં રાવલા પાર્શ્વનાથની સ્થાપના કરી, અથવા એ પ્રાચીન તીર્થનો જીર્ણોદ્ધાર કર્યો ત્યારથી આ તીર્થ તરીકે પ્રસિદ્ધિ પામ્યું.

(જૂઓ, પ્રક. ૩૪, પૃ. ૪૮૮ થી ૪૯૦; જૈન તીર્થોનો ઇતિહાસ)

કાંગડા –

પંજાબનું આ પ્રાચીન તીર્થ છે. અહીં શેઠ સિદ્ધરાજના પુત્ર ઢંગને જ્યેષ્ઠ નામે પુત્ર હતો. તેણે રતી નામની પત્નીથી કુંડલીક અને કુમાર નામે પુત્રો થયા. કુમાર રાજગચ્છીય આ૦ વાદિ અભયદેવસૂરિના શિષ્ય આ૦ અમલચંદ્રનો ઉપાસક હતો. તેણે આચાર્યશ્રીના ઉપદેશથી સં. ૧૦૩૦માં કાંગડાના કિલ્લામાં જિનપ્રતિમા ભરાવી તેની પ્રતિષ્ઠા કરાવી હતી. (–કાંગડાનો પ્રતિમાલેખ, પ્ર. ૩૨, પૃ. ૩૦૮)

◆ આ નગરની ચારે બાજુ ઘાટ આવેલા હોવાથી પૂર્વે આ નગરનું નામ આઘાટપુર હતું. કાલાંતરે આઘાટપુર આહડપુર નામે અને પછી આયડ નામે પ્રસિદ્ધિ પામ્યું છે.

– આ વિગત તાજેતરમાં (સં. ૨૦૫૦ પછી) આયડ તીર્થના જીર્ણોદ્ધાર-અર્થે પ્રગટ થયેલ પત્રિકાના આધારે આપી છે. –સંપાદક

પ્રકરણ સાડત્રીશમું

આચાર્ય દેવસૂરિ

આ૦ સર્વદેવસૂરિની પાટે આ૦ દેવસૂરિ થયા. ગુજરાતી 'પટ્ટાવલી'માં તેમનું બીજું નામ અજિતદેવ પણ મળે છે. તેમના જીવન વિશે કોઈ નોંધ મળતી નથી. તેઓ બહુ રૂપાળા હતા તેથી ગુજરાતના રાજા કર્ણદેવે તેમને 'રૂપશ્રી'નું બિરુદ આપ્યું હતું. રાજાએ એ બિરુદ પોતાની નાની ઉંમરમાં આપ્યું હોય તો આચાર્યશ્રીનો સ્વર્ગગમનકાળ સં. ૧૧૧૦ લગભગ ગણાય અને રાજા થયા પછી આપ્યું હોય તો સં. ૧૧૨૫ લગભગમાં મનાય.

આ૦ ફલ્ગુમિત્ર –

તેઓ યુગપ્રધાન હતા. તેમનો યુગપ્રધાનકાળ સં. ૧૦૬૧ થી ૧૧૧૦ હતો. આ યુગમાં રાજગચ્છના આ૦ શીલભદ્ર કે વડગચ્છના આ૦ દેવસૂરિ યુગપ્રધાન હોય એવો સંભવ છે, કેમકે તેઓ એ સમયના સૌમ્યમૂર્તિ આચાર્યો હતા.

આ અરસામાં ઘણા પ્રભાવક આચાર્યો થયા હતા. આબૂતીર્થની સ્થાપના આ સમયમાં જ થઈ હતી.

આ૦ વર્ધમાનસૂરિ –

આ નામના સમકાલીન ત્રણ આચાર્યો જાણવા મળે છે.[૧]

(૧) રાજગચ્છના આ૦ અજિતસિંહના પટ્ટધર સં. ૧૦૫૫.
(પ્રક. ૩૫, પૃ. ૧૪)

(૨) વડગચ્છના સુવિહિત આચાર્ય સં. ૧૦૮૮. (પ્રક. ૩૬, પૃ. ૧૬૪)

---

૧. વર્ધમાનસૂરિ નામના ઘણા આચાર્યો થયાનું જણાય છે–
(૧) રુદ્રપલ્લીયગચ્છના આચાર્ય, જેમણે 'સ્વપ્નપ્રદીપ' શ્લો. ૧૬૭ રચ્યો છે.
(૨) ખરતરગચ્છના આચાર્ય જેમણે 'આચાર દિનકર' ગ્રંથ બનાવ્યો છે.
(૩) નવાંગવૃત્તિકાર આ૦ અભયદેવસૂરિના પટ્ટધર સં. ૧૧૪૦, ૧૧૭૨.
(૪) પૂર્ણતલ્લગચ્છના આચાર્ય સં. ૧૧૭૫. (પ્રક. ૩૫, પૃ. ૧૦)
(૫) નિર્વૃતિકુલના આ૦ ગોવિંદના પટ્ટધર સં. ૧૧૯૭. (પ્રક. ૩૫, પૃ. ૩૪)
(૬) નાગેંદ્રગચ્છના આ૦ વિજયસિંહસૂરિના પટ્ટધર સં. ૧૨૯૯. (પ્રક.૩૫, પૃ.૪)
(૭) ક૦ સ૦ આ૦ હેમચંદ્રસૂરિના શિષ્ય વર્ધમાન જેમણે 'કુમારવિહારશતક' રચ્યું.
(૮) વડગચ્છના સંવિજ્ઞવિહારી આ૦ દેવચંદ્રના પટ્ટધર સં. ૧૩૧૯.
(૯) મડાહડગચ્છના આ૦ સોમપ્રભના પટ્ટધર સં. ૧૩૩૫.
(૧૦) રાજગચ્છ કે વડગચ્છના આ૦ શાંતિપ્રભના પટ્ટધર સં. ૧૩૩૨.
(૧૧) સુવિહિત આચાર્ય. (પ્રક. ૩૬, પૃ. ૧૭૫)

(૩) નાગેંદ્રગચ્છના આ૦ વીરના પટ્ટધર સં. ૧૦૮૮. (પ્રક. ૩૫, પૃ. ૪)

ઉપાધ્યાય આમ્રદેવ –

તેઓ આ૦ ઉદ્દ્યોતનસૂરિના શિષ્ય હતા. આ૦ નેમિચંદ્રસૂરિ તેમના શિષ્ય હતા. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૩)

આ૦ ધર્મઘોષ –

તેઓ વિદ્યાધરગચ્છની જાલીહર શાખાના હતા, સં. ૧૦૮૮.

આ૦ સિદ્ધસૂરિ, પં૦ જંબૂનાગ –

તેઓ ઉપકેશગચ્છના હતા. તેમના શિષ્ય પં૦ જંબૂનાગે લોદ્રવામાં ભ૦ મહાવીરસ્વામીના મંદિરની સ્થાપના કરાવી હતી. તેમની પરંપરામાં અનુક્રમે દેવપ્રભ મહત્તર, કનકપ્રભ મહત્તર અને ઉપા૦ પદ્મપ્રભ થયા હતા. (પ્રક. ૧, પૃ. ૨૩)

આ૦ નન્નસૂરિ –

તેઓ ઉપકેશગચ્છના આચાર્ય હતા. તેમણે ૩૯ વંશોને જૈન બનાવ્યા હતા. (પ્રક. ૧, પૃ. ૨૩)

આ૦ વિજયસિંહ –

તેઓ શીઘ્રકવિ હતા. કોંકણના રાજા નાગાર્જુને તેમના ખડ્ગકાવ્યથી પ્રસન્ન થઈ તેમને 'ખડ્ગાચાર્ય'નું બિરુદ આપ્યું હતું. મહાકવિ સોઢલ, તેમની 'ઉદય-સુંદરી'માં આ આચાર્યશ્રીને આશુ કવિ અને પોતાના મિત્ર તરીકે સંબોધે છે.

આ૦ વીરાચાર્ય –

તેમણે સં. ૧૦૭૮માં 'આરાધનાપતાકા' રચી છે. સંભવ છે કે, 'જીવાનુ-શાસન'ના કર્તા આ૦ દેવસૂરિ તેમના શિષ્ય હશે. પં૦ વીરગણિ આનાથી જૂદા હતા. (પ્રક. ૩૪, પૃ. ૪૮૦)

વાદિવેતાલ આ૦ શાંતિસૂરિ (સ્વ. સં. ૧૦૯૬) –

યુગપ્રધાન આ૦ **હારિલસૂરિ**ના ગચ્છમાં થયેલા આ૦ **વટેશ્વરસૂરિ**થી 'થારાપદ્રગચ્છ' નીકળ્યો, જેમાં અનેક વિદ્વાન આચાર્યો થયા.

થારાપદ્રગચ્છમાં વિજયસિંહ નામે આચાર્ય હતા. તેઓ ચૈત્યવાસી હતા. તે સંપત્કર (શાંતુ) મહેતાના ચૈત્યમાં રહેતા હતા. એક દિવસ રાધનપુર પાસેના **ઊણ** ગામમાં તેઓ ગયા. ત્યાંના દેરાસરનાં દર્શન કર્યા પછી તેમની નજર એક છોકરા ઉપર પડી, તેના લક્ષણોમાં પ્રભાવકતાનાં સ્પષ્ટ ચિહ્નો વરતાતાં હતાં.

એ છોકરો ઊણનિવાસી શ્રીમાલી **શેઠ ધનદેવ** અને પત્ની ધનશ્રીનો **ભીમ** નામે પુત્ર હતો. ભીમ બચપણથી જ તીક્ષ્ણ બુદ્ધિવાળો હતો. તેનું વિશાળ ભાલ, ઢીંચણ સુધીના લાંબા હાથ અને બીજાં અનેક લક્ષણોથી એ તેજસ્વી લાગતો હતો.

આચાર્યશ્રી ધનદેવ શેઠ પાસે ગયા અને સંઘના કલ્યાણ માટે એમના પુત્રની માગણી કરી. શેઠે મોટો લાભ થતો જાણીને પોતાનો પુત્ર તેમને સોંપ્યો. આચાર્યશ્રીએ તેને દીક્ષા આપી મુનિ શાંતિભદ્ર નામ રાખ્યું. તેમને શાસ્ત્રો-સિદ્ધાંતો ભણાવીને આ૦ શાંતિસૂરિ નામથી પ્રસિદ્ધ કર્યા. છેવટે તેમને ગચ્છનો ભાર સોંપી અનશન લઈ સ્વર્ગવાસ કર્યો.[૧]

આ૦ શાંતિસૂરિએ રાજગચ્છીય મહાતાર્કિક આ૦ **અભયદેવસૂરિ** પાસે તર્કશાસ્ત્ર અને થારાપદ્રીયગચ્છના **આ૦ સર્વદેવસૂરિ** પાસેથી જિનાગમનું જ્ઞાન મેળવ્યું હતું. પાટણ જઈ રાજા ભીમદેવ (સં. ૧૦૭૮ થી સં. ૧૧૨૦)ની રાજસભામાં પોતાની પ્રતિભા વડે 'કવીન્દ્ર' અને 'વાદિચક્રવતી'નાં માનદ બિરુદો મેળવ્યાં હતાં.

---

૧. પ્રત્યેક ગચ્છમાં અનેક આ૦ શાંતિસૂરિ (આ૦ શાંતિભદ્રસૂરિ) થયેલા જાણવા મળે છે –

(૧) નાગેંદ્રગચ્છમાં આ૦ મહેંદ્રના શિષ્ય સં. ૧૧૫૦ લગભગમાં થયા.

(૨) થારાપદ્રગચ્છમાં (૧) જ્યેષ્ઠાચાર્યના શિષ્ય (પ્રક. ૩૧, પૃ. ૩૯૧), (૨) વાદિવેતાલ સ્વ. સં. ૧૦૯૬, (૩) આ૦ નેમિચંદ્રના શિષ્ય સં. ૧૨૨૨માં પિપ્પલકગચ્છના સંસ્થાપક.

(૩) રાજગચ્છમાં (૧) આ૦ શીલભદ્રના ત્રીજા પટ્ટધર આ૦ ધનેશ્વરના શિષ્ય (પ્રક. ૩૫, પૃ. ૧૬), (૨) આ૦ હરિભદ્રના શિષ્ય. (પ્રક. ૩૫, પૃ. ૧૭)

(૪) સાંડેરકગચ્છમાં આ૦ શાંતિસૂરિ. (પ્રક. ૩૪, પૃ. ૪૭૧)

(૫) ભાવાચાર્યગચ્છમાં આ૦ શાંતિસૂરિ થયા. તેમણે શૌર્યપુરના રાજાની રાણીની વ્યંતરપીડા હઠાવી. આથી રાજા, રાણી અને પ્રજાજનોમાંના કેટલાક જૈન થયા. રાજાએ ત્યાં જૈનમંદિર બંધાવી પ્રતિષ્ઠા કરાવી. રાણીએ પાંચમના તપની આરાધના કરી.

(આ૦ ગુણાકરની 'ભક્તામરસ્તોત્ર' શ્લો. ૨૫ની ટીકા)

(૬) પૂર્ણતલ્લગચ્છમાં આ૦ વર્ધમાનના શિષ્ય મહાન કાવ્ય-ટીકાકાર થયા.

(૭) તિલકમંજરીના ટિપ્પણકાર સં. ૧૧૭૫ થી ૧૧૮૦.

(૮) પલ્લીવાલગચ્છમાં થયેલા આચાર્ય શાંતિસૂરિ.

(૯) વડગચ્છમાં (૧) સુવિહિત આ૦ અભયદેવના શિષ્ય (આરાસણાનો લેખ) (૨) વાદિદેવસૂરિના શિષ્ય સં. ૧૨૨૬ લગભગ.

(૧૦) નાણાવાલગચ્છમાં સં. ૧૨૬૫ ના લેખવાળા.

(૧૧) મડાહડગચ્છમાં આ૦ યશોદેવસૂરિની પ્રતિમાના પ્રતિષ્ઠાપક.

(૧૨) તપાગચ્છમાં (૧) આ૦ વિજયશાંતિસૂરિ (આબૂવાળા), (૨) આ૦ વિજય-શાંતિસૂરિ (કચ્છવાળા).

(૧૩) નાણાવાલગચ્છમાં મૌની શાંતિસૂરિ, જેમણે ૧૮,૦૦૦ બ્રાહ્મણોને જૈન બનાવ્યા. (–રાજગચ્છ પટ્ટાવલી, પૃ. ૬૪)

ધારામાં **ભોજરાજ**ની પંડિતસભાના પ્રધાન કવિ **ધનપાલે** 'તિલકમંજરી-કથા'ની રચના કરી હતી તે માટે તેમણે મહેન્દ્રસૂરિને પૂછ્યું કે, 'આ કથાનું સંશોધન કોણ કરી શકે ?' આચાર્યશ્રીએ **વાદિવેતાલ શાંતિસૂરિ**નું નામ આપ્યું. કવિશ્રી એ માટે પાટણ આવ્યા અને સર્વપ્રથમ એમના એક શિષ્ય સાથે વાર્તાલાપ કરવા લાગ્યા. વાર્તાલાપથી તેમને ખાતરી થઈ કે, આવા વિદ્વાન શિષ્યોના ગુરુ વિદ્યાસાગર હોય એમાં નવાઈ નથી જ. તેમણે આચાર્યશ્રીને ધારા પધારવા વિનંતિ કરી અને પોતે સાથે રહીને તેમને સં. ૧૦૮૩ લગભગમાં ધારા નગરી તરફ લઈ ગયો.

એક રાતે સરસ્વતીએ આચાર્યશ્રીને આશીર્વાદ આપ્યો કે, 'તમે તમારો હાથ ઊંચો કરી વાદ કરશો તો તમને દરેક સ્થાને વિજય મળશે.'

ધારા પહોંચતાં અગાઉના મુકામે રાજા ભોજરાજે તેમની સામે આવીને જણાવ્યું કે, 'ધારાની સભામાં ઉદ્‌ભટ વાદીઓ છે, તેમાંના જેટલા વાદીઓને આપ જીતશો તેટલા લાખ માલવી દ્રમ્મ તમને આપીશ. જોઉં છું કે ગુજરાતના જૈન સાધુઓમાં વિદ્વત્તાનું કેટલું સામર્થ્ય છે ?'

આચાર્યશ્રીએ ભોજની સભાના ૮૪ જેટલા વાદીઓને જીતી લીધા.[૧]

પછી તો બીજા ૫૦૦ વાદીઓ શાસ્ત્રાર્થ માટે ધારામાં આવી ચડ્યા. શ્રીશાંતિસૂરિ આ બધા વાદીઓને જીતી લેશે એવા વિચારથી દ્રવ્યનો આંકડો ગણતાં રાજા વિમાસણમાં પડી ગયો. કવીશ્વર ધનપાલે રાજાનું મન પારખી તોડ કાઢ્યો કે, આચાર્યશ્રીનું નામ શાંતિ છે, પણ તે વાદીઓની સામે વેતાલ જેવા

---

૧. ૮૪ વાદો – તે चેમે चतुरशीतिवादिनः –

८ ९ १८
बंभ अट्ठ नव बुद्ध नग अट्ठारह जितीय ।
१६ १० ७
सैव सोल दहमट्ठ सत्त गंधव्व विजितीय ॥
७ ४ २
जित्त दिगंबर सत्त पुण खत्तिय चार दु जोई ।
१ १ १
एक धीवर एक मिल्ल अरु एक हि भोई ॥
८४
इत्येतेषां योगेन चतुरशीतिः भवन्ति ।

(–મહો૦ ક્ષમાકલ્યાણનો 'ફલવર્ધિસ્થાપના–વાદિદેવસૂરિસંબંધ'; 'પર્વકથાસંગ્રહ' સં. ૧૮૬૦ ફાગણ વદિ ૧, બિકાનેર)

૧ જૈન, ૨ નૈયાયિક, ૩ સાંખ્ય, ૪ બૌદ્ધ, ૫ વૈશેષિક અને ૬ ચાર્વાક એ છ દર્શનોના ૧૭ પેટાભેદો મળીને કુલ ૧૦૨ મતો છે.

(–જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૧૨૨, પૃ. ૧૪૨)

છે તેથી હવે વધુ વાદ કરવાની જરૂર નથી. રાજાએ આચાર્યશ્રીને ૮૪ લાખ માલવી દ્રમ્મ આપવાના હતા, જેનું ગુજરાતી નાણું ૧૨ લાખ થાય. તે દ્રવ્યથી ધારામાં જૈનમંદિરો બાંધવામાં આવ્યાં. કવીશ્વરે પોતાના તરફથી ૬૦૦૦ દ્રમ્મ આપ્યા. તે આચાર્યશ્રીની આજ્ઞાથી થરાદના જૈનમંદિર માટે મોકલવામાં આવ્યાં. થરાદના સંઘે તે દ્રમ્મમાંથી આદિનાથના દેરાસરમાં ડાબી તરફ એક દેરી કરાવી અને રથ બનાવ્યો.

આચાર્યશ્રીએ 'તિલકમંજરી'માં ઉત્સૂત્રપ્રરૂપણા ન રહે એટલા પૂરતું સંશોધન કરી આપ્યું. રાજાએ આચાર્યશ્રીને 'વાદિવેતાલ'નું માનવંતુ બિરુદ આપી ગુજરાતના સમર્થ વિદ્વાનની કદર કરી.

આ૦ શાંતિસૂરિ રાજા ભીમદેવની વિનતિથી ધારાથી વિહાર કરીને કવિ ધનપાલની સાથે પાટણ પધાર્યા. અહીં પાટણમાં શેઠ જિનદેવે પોતાના પુત્ર પદ્મદેવને સાપ કરડવાથી તેને જમીનમાં દાટી રાખ્યો હતો. આચાર્યશ્રીએ તેને બહાર કઢાવી અમૃત ચિંતવી હાથથી સ્પર્શ કર્યો અને પદ્મદેવનું ઝેર ઊતરી ગયું. શેઠ જિનદેવે આચાર્યશ્રીને ભારે ઉત્સવપૂર્વક પોતાને ઘેર પધરાવી ઉપાશ્રયે પહોંચાડ્યા.

આચાર્યશ્રી પોતાના ૩૨ શિષ્યોને પાટણમાં ન્યાયનો અભ્યાસ કરાવતા હતા. વડગચ્છના **આ૦ મુનિચંદ્રસૂરિ** નાડોલથી વિહાર કરી પાટણની ચૈત્યપરિપાટી કરવા માટે પાટણ પધાર્યા. તેઓ એક દિવસે ભ૦ ઋષભદેવનાં દર્શન કરી આ૦ શાંતિસૂરિ પાઠ આપી રહ્યા હતા ત્યારે તેમની પાસે આવી, નમસ્કાર કરીને બેસી ગયા. એ સમયે બૌદ્ધ દર્શનના પ્રમેયોનો પાઠ ચાલતો હતો. આ૦ મુનિચંદ્રે અહીં ૧૦ દિવસ રહી, પાઠ સમયે હાજરી આપી એ પાઠને વિના પુસ્તકે એકાગ્રતાથી અવધારણ કરી લીધો, પરંતુ આચાર્યશ્રીના શિષ્યો એ પાઠને ધારી ન શક્યા, આથી આચાર્યશ્રીને ભારે ખેદ થયો. આ૦ મુનિચંદ્રે આ જોઈ આચાર્યશ્રીની આજ્ઞા મેળવી એ દશ દિવસનો પાઠ અનુક્રમે કહી સંભળાવ્યો. આ સાંભળી આચાર્યશ્રીએ એકદમ ઊભા થઈ ઉત્સાહથી તેમને આલિંગન કર્યું અને કહ્યું : 'ખરેખર, તું તો ધૂળમાં ઢંકાયેલું રત્ન છે, તું મારી પાસે રહીને અભ્યાસ કર.' આચાર્યશ્રીને ખ્યાલ હતો કે, પાટણમાં સંવેગી મુનિઓને રહેવા માટે સ્થાન મળતું નથી, તેથી તેમણે આ૦ મુનિચંદ્રને ટંકશાળની પાછળ એક ઘરમાં રાખ્યા અને તેમણે છયે દર્શનોનો અભ્યાસ કરાવ્યો. આ૦ મુનિચંદ્રે વિના પરિશ્રમે તે ધારી લીધો. એ દિવસથી પાટણમાં ચૈત્યવાસીઓ તરફથી સુવિહિત સાધુઓને સુલભતાથી વસતી મળવા લાગી. આ ઘટના સં. ૧૦૯૪ લગભગમાં બની હોય એવો સંભવ છે.

કૌલ મતના આ૦ ધર્મ પંડિત કવીશ્વર ધનપાલની સૂચના મુજબ વાદિવેતાલ આ૦ શ્રીશાંતિસૂરિ પાસે પાટણ આવ્યો. તેમની સાથે વાદ કરવાની શરૂઆત કરી. તેણે પ્રથમ પ્રશ્નચક્ર ચલાવ્યું, આચાર્યશ્રીએ પોતાને દેવ અને પંડિતને કૂતરો બનાવે એવો જવાબ આપ્યો. પછી તો પંડિતે વિતંડાવાદ શરૂ કર્યો. આચાર્યશ્રીએ તે પાઠને અક્ષરશઃ સંભળાવ્યો. તેમજ તેના યોગપટ વગેરે લઈ હૂબહૂ તેની નકલરૂપે અંગચેષ્ટા કરી બતાવી. પંડિતે તેમના ચરણમાં મસ્તક ઝુકાવીને કહ્યું: ''કવીશ્વર ધનપાલે જેવા કહ્યા હતા તેવા જ તમે વિદ્વાન છો.'' આચાર્યશ્રી સ્વભાવતઃ શાંત હતા. તેથી તે પણ શાંત બની ગયો.

આચાર્યશ્રીએ એક દ્રવીડના વિદ્વાનને પણ જીતી લઈ શાંત બનાવ્યો હતો.

ધર્મપ્રચાર –

આચાર્યશ્રીએ ૪૧૫ રાજકુમારોને જૈન બનાવ્યા. ધૂળનો કોટ પડી જવાની ભવિષ્યવાણી કહી સંભળાવી, ૭૦૦ શ્રીમાલી કુટુંબને બચાવી લીધા અને તેઓને દ્રઢ જૈનધર્મી બનાવ્યા.

આ૦ શાંતિસૂરિના ઉપદેશથી ડીડક શ્રીમાલી જૈન બન્યા હતા. તેમણે ભ૦ આદીશ્વરનું ચૈત્ય બંધાવ્યું હતું અને તે મહીરોલ ગોત્રના હતા. સમય જતાં તેઓ પલ્લીવાલગચ્છના બન્યા હતા. (–જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્ર. ૩૫)

તેમણે જે ગ્રંથો બનાવ્યા છે તેની નોંધ નીચે મુજબ છે –

(૧) ઉત્તરજ્ઝયણ-પાઈયટીકા – તેમણે અન્ય પ્રવૃત્તિઓ છતાં પૂર્ણતલ્લ-ગચ્છના આ૦ ગુણસેનની વિનતિથી પાટણમાં ભિન્નમાલવંશીય મહામાત્ય શાંતૂના ચૈત્યગૃહમાં રહી સ્વાધ્યાયવ્યાસંગથી વાદશક્તિના કિલ્લા સમી ઉત્તરાધ્યયનની ટીકા બનાવી છે, જેનું બીજું નામ 'પાઈય-ટીકા' છે. આ૦ વાદિદેવસૂરિએ આ ટીકાના આધારે જ સિદ્ધરાજની સભામાં દિગંબરાચાર્ય કુમુદચંદ્રને હરાવ્યો હતો.

(૨) જીવવિયારપયરણ – ગાથા : ૫૧.

(૩) સંઘાચારચૈત્યવંદનભાષ્ય – તેનું બીજું નામ 'સંઘસામાચારભાષ્ય' પણ છે. ગાથા : ૯૧૦.

(૪) ધમ્મરયણપયરણ – (ધર્મશાસ્ત્ર).

(૫) પર્વપંજિકા (અર્હદભિષેકવિધિ) – તેનું સાતમું પર્વ 'બૃહત્શાંતિ' છે.

(૧) અંગવિજ્જા – તેનો ઉદ્ધાર કર્યો.

(૨) તિલકમંજરી – કવિ ધનપાલે રચેલી આ કથાનું સંશોધન કર્યું.

આચાર્યશ્રીના વ્યાખ્યાનમાં નાગિની દેવી આવતી હતી અને ગુરુએ વાસક્ષેપ નાખેલા પાટલા પર બેસતી હતી. એક દિવસ આચાર્યશ્રી વાસક્ષેપ નાખવાનું ભૂલી ગયા, ત્યારે દેવીએ તરત જણાવ્યું કે, 'ભગવન્ ! હવે આપ છ મહિના જીવશો, તે પહેલાં આપે ગચ્છની વ્યવસ્થા અને પરભવની સાધના કરી લેવી જોઈએ.'

આચાર્યશ્રીને ૩૨ શિષ્યો હતા. તેમાંથી મુનિ વીરભદ્ર, મુનિ શાલિભદ્ર અને મુનિ સર્વદેવને બીજે દિવસે તેમણે આચાર્ય બનાવ્યા. આમાં આ૦ વીરભદ્ર તો રાજપુરીમાં જ કાલધર્મ પામ્યા. તેમની શિષ્યપરંપરા ચાલી નહીં; પરંતુ તે સિવાયના બંને આચાર્યોની શિષ્યપરંપરા લાંબા કાળ સુધી ચાલી છે.

અંતે આ૦ શાંતિસૂરિ શેઠ યશના પુત્ર સોઢે કાઢેલા ગિરનાર તીર્થના યાત્રાસંઘ સાથે ગિરનાર પધાર્યા. ત્યાં તેમણે ભૂખ, તરસ અને ઊંઘનો ત્યાગ કરી ૨૫ દિવસનું અનશન કર્યું અને સં. ૧૦૯૬ ના જેઠ સુદિ ૯ ને મંગળવારે કૃતિકા નક્ષત્રમાં સમાધિપૂર્વક કાલધર્મ પામી સ્વર્ગગમન કર્યું. ટૂંકમાં તેઓ અનશન સ્વીકારીને દેવ થયા.

પેટાગચ્છો –

આ૦ શાંતિસૂરિની શિષ્યપરંપરામાંથી **થારાપદ્રગચ્છ, આરાસણગચ્છ,** મડાહડાગચ્છ અને પિપ્પલકગચ્છ એ નામે ઉપગચ્છો અને ભિન્ન શાખાઓ નીકળી છે, તે આ પ્રકારે છે –

આરાસણગચ્છ –

૪. આ૦ વાદિવેતાલ શાંતિસૂરિ. ૫. આ૦ પૂર્ણભદ્રસૂરિ.
૬. આ૦ શાલિભદ્રસૂરિ. ૭. આ૦ વર્ધમાનસૂરિ.
૮. આ૦ યશોદેવસૂરિ – તેઓ આરાસણના હતા. તેમનાથી 'આરાસણગચ્છ' નીકળ્યો.

મડાહડગચ્છ–થારાપદ્રગચ્છ –

આબૂરોડથી દક્ષિણે પશ્ચિમ તરફ ૬॥ માઈલ દૂર મુંડસ્થલ અને ફીલણી ગામો છે. જ્યારે ૨૫ માઈલ દૂર મડાર ગામ છે. મડારથી ૪ માઈલ દૂર કુસુમા, વરમાણ ગામો છે. તેમાંનાં કેટલાંએક તો વિક્રમની સાતમી સદી પહેલાંનાં વસેલાં છે.

ફીલણી ગામ આબૂ પર્વતના દક્ષિણ ઢાળ પર હતું. તે ગામની ઉત્તરમાં વશિષ્ઠાશ્રમ હતો. અહીં ઉમરણી (અમરાવતી) ગામના રાજા અંબરીશે ઋષિકેશનું મંદિર બંધાવ્યું અને તેની રાણી તારાદેવીએ મધુસૂદનનું મંદિર બંધાવ્યું ત્યારથી એટલે સં. ૧૨૮૮ પછી ફીલણી ગામનું બીજું નામ 'મધુવાજી' જાહેર થયું.

આબૂરોડથી પશ્ચિમ તરફ મંડાર જતી મોટરની સડક પર આશરે છ માઈલ દૂર **એક પથ્થર** ઊભો છે તેમાં ઉલ્લેખ છે કે, 'માંડલિક સુરશંભુ પરમાર ધારાવર્ષદેવની સં. ૧૨૪૫ના ભાદરવા સુદિ ૧ ને બુધવારના રોજની આજ્ઞા છે કે, ફીલણીના વશિષ્ઠાશ્રમની રક્ષા કરવી. નુકસાન કરે તેને દંડ દેવો.'

(–જૈનપત્ર, વર્ષ : ૫૮, અંક : ૩; પ્રક. ૩૫, પૃ. ૧૫૬)

અહીં આજે મધુવાજી ઋષિકેશ અને કોડિધ્વજ ધામો છે. **મધુવાજી**ના મંદિર પાસેની ભૂમિમાં પ્રાચીન જૈન દેરાસરનું તોરણ તથા થાંભલા આજેય વિદ્યમાન છે. (–જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૨૬૮)

મુંડસ્થલ પણ પ્રાચીન જૈન તીર્થ છે. (જૂઓ, પ્રક. ૧, પૃ. ૫૬)

મંડાર ગામનાં બીજાં નામો મડ્ઢાહડા, મદાહત, માધુહડા, મઢાર, મંઢાર, મડાર મળી આવે છે. આજે અહીં જૈનોનાં ૨૦૦ ઘર વિદ્યમાન છે. તપાગચ્છ, અંચલગચ્છ, મડાહડાગચ્છ અને લોંકાગચ્છના ઉપાશ્રયો છે. ભ૦ ધર્મનાથ તેમજ ભ૦ મહાવીરસ્વામીનાં દેરાસરો છે.

વડગચ્છના આ૦ **વાદિદેવસૂરિ** (જન્મ સં. ૧૧૪૩), થારાપદ્રગચ્છના આ૦ **ચક્રેશ્વરસૂરિ** (સં. ૧૧૮૪-૧૨૨૧), ઉપકેશગચ્છના આ૦ સિદ્ધસૂરિના સંતાનીય આ૦ **દેવગુપ્તસૂરિ** (સં. ૧૪૮૬) અહીં જન્મ્યા હતા; કેમકે તેમના નામની પહેલાં મડાહડીય, મડ્ઢારીય વિશેષણો લગાડેલાં જોવાય છે.

(–અર્બુદ પ્રાચીન જૈનલેખસંદોહ, લેખાંક : ૧૧૪, ૬૨૨)

મડારથી મડાહડાગચ્છ નીકળ્યો તે આ૦ **ચક્રેશ્વરસૂરિ**થી શરૂ થયો હતો. પ્રતિમાલેખોમાં આ૦ ચક્રેશ્વરસૂરિને વડગચ્છની સંવિજ્ઞવિહારી શાખાના આ૦ **વર્ધમાનસૂરિ**ના શિષ્ય બતાવેલા છે, પણ તેઓ કોણ અને ક્યારે થયા તેનો નિર્ણય કરવો એ એક જટિલ સમસ્યા છે. કેમકે ઇતિહાસના પરિશીલનથી જણાય છે કે, વિક્રમની બારમી સદીના ઉત્તરાર્ધમાં વડગચ્છમાં સંવેગી વર્ધમાનસૂરિઓ બે થયેલા છે. તે આ પ્રકારે –

૧. વડગચ્છના આ૦ ઉદ્દ્યોતનસૂરિના શિષ્ય આ૦ વર્ધમાનસૂરિની સુવિહિત પરંપરાના નવાંગીવૃત્તિકાર **આ૦ અભયદેવસૂરિ**ના બીજા પટ્ટધર આ૦ વર્ધમાનસૂરિ (સં. ૧૧૪૦–સં. ૧૧૭૨) હતા.

૨. આમ તો વટેશ્વરગચ્છ પ્રાચીન છે પણ તે વડગચ્છ પછી નીકળ્યો છે. બંને ગચ્છોની શબ્દસામ્યતા અને સામાચારીની એકતાથી કેટલાએક વિદ્વાનો બંનેને એક માની વટેશ્વરગચ્છમાંથી નીકળેલા થારાપદ્રગચ્છને વડગચ્છનો પેટાગચ્છ બતાવે છે. (પ્રક. ૩૧, પૃ. ૩૯૨)

આ સાધારણ માન્યતા અનુસાર થારાપદ્રગચ્છના **આ૦ શાલિભદ્ર**ની પાટે સંવિજ્ઞવિહારી **આ૦ વર્ધમાનસૂરિ** (સં. ૧૧૫૦ લગભગ) થયા. આથી અહીં

એવી ભ્રમણા થાય છે કે, આ૦ ચક્રેશ્વરસૂરિ આ બંનેમાંથી કયા આચાર્યના શિષ્ય હતા ? આનો ખુલાસો આપણને થારાપદ્રીયગચ્છના શેઠ સિદ્ધદેવની સં. ૧૧૮૭ માં લખાયેલ 'ભગવતીસૂત્ર'ની વિશેષ વૃત્તિની પુષ્પિકામાંથી મળે છે. તેમાં લખ્યું છે કે, 'શેઠ સિદ્ધદેવે આ પુસ્તક આ૦ **શાલિભદ્રસૂરિના પટ્ટધર આ૦ વર્ધમાન-સૂરિના** આ૦ ચક્રેશ્વરસૂરિને અર્પણ કર્યું.' (–જૈન પુસ્તક પ્ર. સં., પ્ર. ૩)

૧. મડાહડગચ્છ પટ્ટાવલી

આ૦ ચક્રેશ્વરસૂરિ અને શેઠ સિદ્ધદેવ બંને થારાપદ્રગચ્છના અને બંને મડાહડ (મંડાર)ના હતા. આથી માનવું પડે છે કે, થારાપદ્રગચ્છના આ૦ વર્ધમાનસૂરિના શિષ્ય આ૦ ચક્રેશ્વરસૂરિથી મડાહડગચ્છ શરૂ થયો.

પ્રતિમાલેખોને આધારે જણાય છે કે, મડાહડગચ્છ એ વટેશ્વરગચ્છની એક શાખા છે. સાધારણ રીતે વડગચ્છ અને વટેશ્વરગચ્છ એક મનાય છે, તેથી તે વડગચ્છની શાખારૂપે નોંધાયો છે. ખાસ નોંધપાત્ર ઘટના એ છે કે, આ સંવિજ્ઞવિહારી ગચ્છ (સં. ૧૧૮૭, સં. ૧૩૩૫, સં. ૧૩૩૭, સં. ૧૩૩૮) હતો. સં. ૧૩૩૫ અને સં. ૧૩૭૦, સં. ૧૩૭૧, સં. ૧૩૮૭ ના પ્રતિમાલેખોમાં મડાહડીય અને મડાહડીયગચ્છના સ્પષ્ટ ઉલ્લેખો મળે છે. એટલે એ વાત ચોક્કસ થાય છે કે, વટેશ્વરગચ્છના આ૦ ચક્રેશ્વરસૂરિથી મડાહડગચ્છ શરૂ થયો.

(–પ્રાચીન જૈનલેખસંગ્રહ ભા. ૨, લેખાંક : ૧૮૪, ૨૮૪, ૨૯૧, ૨૯૨, ૫૫૦; અર્બુદ પ્રાચીન જૈનલેખસંદોહ, લેખાંક : ૧૧૪, ૨૯૭, ૫૪૩)

મડાહડગચ્છની ઘણી પરંપરાઓ ચાલી છે. તેમજ તેમાંથી રત્નપુરા, જાખડિયા, જાલોર વગેરે શાખાઓ નીકળી છે.

ચંદ્રગચ્છના આ૦ હારિલસૂરિથી હારિલશાખા નીકળી, જેનું બીજું નામ હારિજગચ્છ સંભવે છે. (પ્રક. ૨૭, પૃ. ૩૬૯ થી ૩૭૪)

તે પરંપરાના આ૦ વટેશ્વર ક્ષમાશ્રમણે ગુજરાતમાં આવીને નવા જૈનો બનાવ્યા અને તેમનો પરિવાર 'વટેશ્વરગચ્છ' નામથી જાહેર થયો. આ ગચ્છની એક શ્રમણપરંપરા થારાપદ્રમાં વિચરતી હતી, જે થારાપદ્રગચ્છ તરીકે વિખ્યાત થઈ હતી.

થારાપદ્રગચ્છની એક પરંપરા આ પ્રમાણે મળે છે –

૧. જ્યેષ્ઠાર્ય. ૨. આ૦ શાંતિભદ્રસૂરિ.

૩. સિદ્ધાંતમહોદધિ આ૦ સર્વદેવસૂરિ.

૪. આ૦ શાલિભદ્રસૂરિ–તેમનું પ્રસિદ્ધ નામ વાદિવેતાલ શાંતિસૂરિ (સ્વ સં. ૧૦૯૬) હતું.

૫. આ૦ પૂર્ણભદ્રસૂરિ–તેમણે ગુરુદેવ આ૦ શાંતિસૂરિની આજ્ઞાથી સં. ૧૦૮૪માં થરાદમાં રામસેન નગરના રાજા રઘુસેનના જિનપ્રાસાદમાં ભ૦ આદીશ્વરની પ્રતિષ્ઠા કરાવી. (પ્રક. ૩૧, પૃ. ૩૯૧)

૬. આ૦ શાલિભદ્રસૂરિ–તેઓ વાદિવેતાલ આ૦ શાંતિસૂરિના હાથે આચાર્ય થયા હતા. તેમણે 'સંગ્રહણીવૃત્તિ' બનાવી છે.

૭. આ૦ વર્ધમાનસૂરિ–તેમણે ચૈત્યવાસ છોડી, ક્રિયોદ્ધાર કરી, સંવેગીપણું સ્વકાર્યું હતું; આથી તેઓ સંવિજ્ઞવિહારી તરીકે વિખ્યાત થયા હતા.

(–પ્રા. જૈ. લે. સં., લેખાંક : ૨૮૪, ૨૯૨, ૫૫૦)

આ કારણે તેમની પરંપરાના આચાર્યો પોતાને વર્ધમાનસૂરિના સંતાનીય ઓળખાવવામાં ગૌરવ માનતા હતા. (–પ્રા. જૈ.લે.સં., લેખાંક : ૧૧૪, ૨૯૭)

આ૦ વર્ધમાનસૂરિથી ઘણી શિષ્યપરંપરાઓ ચાલી છે –

સં. ૧૧૮૪ માં આ૦ વર્ધમાનસૂરિના આ૦ ચક્રેશ્વરસૂરિ, આ૦ પરમાનંદસૂરિ, આ૦ યશોદેવસૂરિ, આ૦ પ્રભસૂરિ વિદ્યમાન હતા. (–જૈનપુસ્તકપ્રશસ્તિસં., પ્ર.૨)

આ૦ વર્ધમાનસૂરિની પાટે આ૦ પદ્મસૂરિ અને તેમની પાટે આ૦ ભદ્રેશ્વરસૂરિ થયા. તેમણે સં. ૧૧૮૭ના ફાગણ વદિ ૪ ને સોમવારે આબૂતીર્થમાં ભદ્રસિણકના શેઠ બાહડ પોરવાલે ભરાવેલ ભ૦ ઋષભદેવની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

(–પ્રા. જૈ.લે.સં., લેખાંક : ૧૮૪)

૮. **આ૦ ચક્રેશ્વરસૂરિ** – તેઓ મડાહડમાં જન્મ્યા હતા. તેમનાંથી 'મડાહડ-ગચ્છ' નીકળ્યો. તે તથા તેમના શિષ્ય આ૦ પરમાનંદસૂરિના ઉપદેશથી શેઠ દેશલ પોરવાલે ભ૦ મહાવીરસ્વામીનું દેરાસર બંધાવ્યું. સં. ૧૧૮૪ ના માહ સુદિ ૧૧ ને રવિવારે પાટણમાં રાજા સિદ્ધરાજના રાજ્યમાં 'જ્ઞાતાધર્મ-કથાંગ' વગેરે સૂત્રો તથા ટીકાઓ વગેરે ચાર પુસ્તકો લખાવ્યાં. શેઠ સિદ્ધરાજ પોરવાલ તથા તેની પત્ની રાજિમતીએ સં. ૧૧૮૭ના કાર્તિક સુદિ ૨ ના રોજ પાટણમાં આગમ, નિર્યુક્તિ, ચૂર્ણિ, ભાષ્ય વગેરે આગમનાં પુસ્તકો લખાવ્યાં. તે શ્રાવકે સં. ૧૨૧૨માં ચંદ્રાવતીમાં ગૂર્જરેશ્વર રાજા કુમારપાલના પ્રીતિપાત્ર રાજા ધારાવર્ષદેવના રાજકાળમાં 'રયણચૂડા-કહા' લખાવી.

(–જૈન.પુ.પ્ર.સં., પુષ્પિકા : ૬૯)

સં. ૧૧૮૭ના ફાગણ વદિ ૪ ને સોમવારે આબૂ તીર્થમાં ભ૦ ઋષભ-દેવના બિંબની પ્રતિષ્ઠા કરી.

તેમની પાટે આ૦ પરમાનંદસૂરિ,[1] આ૦ જયસિંહસૂરિ, આ૦ પદ્મચંદ્ર, આ૦

---

૧. રાજગચ્છની દેવેન્દ્રશાખામાં આ૦ પરમાનંદના શિષ્ય આ૦ રત્નપ્રભ સં. ૧૩૧૦ માં થયા. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૨૨)

જિનદત્ત, આ૦ ધર્મઘોષ વગેરે આચાર્યો થયા હતા.

(–જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પુષ્પિકા : ૨, ૩; જૈ.સા.સં. ઇતિહાસ, પારા ૪૦૦, ટિ. પા. ૩૩૭, પૃ. ૨૧૮)

૯. આ૦ જયસિંહસૂરી. ૧૦. આ૦ સોમપ્રભસૂરિ.

૧૧. **આ૦ વર્ધમાનસૂરિ** – તેમના સં. ૧૩૩૫, સં. ૧૩૩૭, સં. ૧૩૩૮ના પ્રતિમાલેખો મળે છે. તેમના ઉપદેશથી આરાસણામાં 'સમલિકાવિહાર'નો આરસપટ્ટ બનાવવામાં આવ્યો હતો.

(–પ્રા. જૈ. લે. સં., લેખાંક : ૨૮૪, ૨૯૧, ૨૯૨)

૧૨. **આ૦ સર્વદેવસૂરિ** – સમરા શાહે સં. ૧૩૭૧ના માહ સુદિ ૭ ગુરુવારે શત્રુંજ્ય તીર્થનો મોટો ઉદ્ધાર કરાવ્યો ત્યારે તે ત્યાં વિદ્યમાન હતા.

૨. મડાહડગચ્છ પટ્ટાવલી

૮. **આ૦ ચક્રેશ્વરસૂરિ.** ૯. આ૦ પદ્મપ્રભસૂરિ.

૧૦. આ૦ જયચંદ્રસૂરિ. ૧૧. યશોદેવસૂરિ.

૧૨. આ૦ શાંતિસૂરિ – સં. ૧૩૭૦, સં. ૧૩૭૧, સં. ૧૩૭૩, સં. ૧૩૮૭, સં. ૧૪૦૩. (અર્બુદ પ્રા. જૈ. લે. સંદોહ, લેખાંક : ૫૪૩; પ્રા. જૈ. લે. સંગ્રહ, લેખાંક : ૫૦૮)

૧૩. આ૦ હેમસૂરિ – સં. ૧૩૮૧. (અર્બુદ પ્રા. જૈ. લે. સં., લે. ૫૫૧)

૧૪. આ૦ રત્નસાગરસૂરિ – સં. ૧૩૮૯. (અર્બુદ પ્રા. જૈ. લે. સં., લેખાંક : ૫૫૮)

૧૫. આ૦ સોમતિલકસૂરિ – સં. ૧૩૫૧, સં. ૧૩૯૧.

૩. મડાહડગચ્છ પટ્ટાવલી

૮. આ૦ ચક્રેશ્વરસૂરિ. ૯. આ૦ જિનદત્તસૂરિ.

૧૦. આ૦ દેવચંદ્રસૂરિ. ૧૧. આ૦ ગુણચંદ્રસૂરિ.

૧૨. આ૦ ધર્મદેવસૂરિ.

૧૩. આ૦ જયદેવસૂરિ – આ૦ દેવસૂરિ સં. ૧૩૮૯.

૧૪. આ૦ પૂર્ણચંદ્રસૂરિ – સં. ૧૪૨૦.

૧૫. આ૦ હરિભદ્રસૂરિ – સં. ૧૪૪૧, ૧૪૬૨.

૧૬. **આ૦ કમલપ્રભસૂરિ** – તેમના ઉપદેશથી સિરોહી નગરમાં ભ૦ અજિતનાથના દેરાસરમાં મડાહડગચ્છમાં ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથનો ભદ્રપ્રાસાદ બન્યો; અને આચાર્યે તેમાં સર્વધાતુની પરિકરવાળી તે પ્રતિમાની પ્રતિષ્ઠા કરી, આવો લેખ એક કાઉસગ્ગિયા મૂર્તિ નીચે છે. (જૂઓ, ભા. ૩, પ્રક. ૫૧, પૃ. ૫૧૬)

આ૦ કમલપ્રભના શિષ્ય પં૦ અમરચંદ્રે સં. ૧૫૧૭માં કલ્પસૂત્રનો બાલાવ-બોધ રચ્યો.

૧૭. આ૦ ગુણકીર્તિસૂરિ – તેમણે 'કાલિકાચાર્યકથા' રચી.
આ૦ ધર્મપ્રભસૂરિ – સં. ૧૫૨૦.

૧૮. આ૦ દયાનંદસૂરિ. ૧૯. આ૦ ભાવચંદ્રસૂરિ.

૨૦. આ૦ કર્મસાગરસૂરિ, પં૦ મનકચંદ્ર.

૨૧. **આ૦ જ્ઞાનસાગર** – કવિ સારંગ તેમનો શ્રાવક હતો, જેણે સં. ૧૬૩૮માં જાલોરમાં 'બિલ્હણપંચાશિકાચોપાઈ', સં. ૧૬૫૧માં 'ભોજપ્રબંધ-ચોપાઈ', સં. ૧૬૭૮માં પાલનપુરમાં 'કૃષ્ણ-રુક્મિણીવેલી' ની સંસ્કૃત ટીકા રચી. તે આચાર્યશ્રી માટે લખે છે કે –

''**વડગચ્છશાખા ચંદ્ર** વિચાર, **મડાહડગચ્છ** ગચ્છસિણગાર;
સૂરિપદિ જયવંતા જાણ, **જ્ઞાનસાગર** સૂરીશ વખાણ.''

૨૨. આ૦ સૌભાગ્યસાગર. ૨૩. ભ૦ ઉદયસાગર.
૨૪. ભ૦ દેવસાગર. ૨૫. ભ૦ કમલસાગર.
૨૬. ભ૦ હરિભદ્ર. ૨૭. ભ૦ વાગસાગર.
૨૮. ભ૦ કેસરસાગર. ૨૯. ભ૦ ગોપાળજી.
૩૦. ભ૦ યશકરણજી. ૩૧. મ૦ લાલજી–સં. ૧૭૮૭
૩૨. મહાત્મા હુકમચંદ. ૩૩. મ૦ ઇન્દ્રચંદ્ર.
૩૪. મ૦ ફૂલચંદ્ર. ૩૫. મ૦ રતનચંદ્ર

૪. મડાહડગચ્છના અન્ય આચાર્યો

★ આ૦ ધર્મઘોષસૂરિની પાટે આ૦ સોમદેવ રત્નપુરીય – સં. ૧૩૫૦.
★ આ૦ ચંદ્રસિંહસૂરિની પાટે આ૦ રવિકર – સં. ૧૩૬૭.
★ આ૦ આનંદપ્રભ – સં. ૧૩૫૮.
★ આ૦ ઉદયપ્રભ – સં. ૧૪૩૫, ૧૪૬૯, ૧૪૮૧.
★ આ૦ ધર્મચંદ્ર રત્નપુરીય – સં. ૧૪૮૦, સં. ૧૪૮૫, સં. ૧૫૦૧, તેમની પાટે આ૦ કમળચંદ્ર – સં. ૧૫૪૧.
★ આ૦ પાસચંદ્ર – સં. ૧૪૬૬.
★ આ૦ મુનિભદ્ર – સં. ૧૪૪૬, સં. ૧૪૬૬.
★ આ૦ સોમદેવની પાટે આ૦ ધનચંદ્ર–સં. ૧૪૫૩, સં. ૧૪૬૩.
★ આ૦ મુનિદેવ સં. ૧૪૧૧, તેમની પાટે આ૦ સોમચંદ્ર – સં. ૧૪૫૩.
★ આ૦ સોમદેવની પાટે આ૦ જ્ઞાનચંદ્ર – સં. ૧૪૯૩.
★ આ૦ સોમપ્રભની પાટે આ૦ શ્રીસૂરિ – સં. ૧૫૧૬.

★ આ૦ મુનિપ્રભ – સં. ૧૪૫૮, સં. ૧૪૭૩.
★ આ૦ નયનકીર્તિ – સં. ૧૫૦૭.
★ આ૦ મતિસુંદર – સં. ૧૫૫૯.
★ આ૦ **વીરપ્રભ**ની પાટે આ૦ ગુણચંદ્ર – સં. ૧૫૫૭.
★ આ૦ રવિચંદ્ર – સં. ૧૫૩૫.
★ આ૦ પૂર્ણચંદ્રની પાટે ઉપા૦ આનંદમેરુ જાખડિયા – સં. ૧૫૫૭.
★ આ૦ કમલચંદ્ર જાખડિયા – સં. ૧૫૩૫, સં. ૧૫૫૭.
ભ૦ માણિકરત્ન – સં. ૧૬૨૦. (–અર્બુદ પ્રા. લે. સં., લે. ૬૪)
★ ભ૦ દેવચંદ્ર, ભ૦ લાલજીએ સં. ૧૭૮૭માં **માણિભદ્ર** વીર તથા આ૦ ચક્રેશ્વરસૂરિની ચરણપાદુકાની સ્થાપના કરી.

વિક્રમની અઢારમી સદી સુધી મડાહડગચ્છના ભટ્ટારકો, મહાત્માઓ વિદ્યમાન હતા. (–શિલાલેખો, મડાહડાગચ્છ પટ્ટાવલી, જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૨૩૩, ૨૩૮, ૨૪૨, ૨૪૩, ૨૪૯).

મડાહડીય –

ઉપકેશગચ્છના આ૦ સિદ્ધસૂરિના સંતાનીય મડ્ડારીય આ૦ **દેવગુપ્તસૂરિ**ના ઉપદેશથી સં. ૧૪૮૬ના વૈશાખ સુદિ ૫ ને ગુરુવારે ઉપકેશગચ્છના મંત્રી ખેતસીએ ભ૦ વિમલનાથની પંચતીર્થી પ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

(–અર્બુદ પ્રાચીન જૈનલેખસંદોહ, લેખાંક : ૬૨૨)

૧. પિપ્પલકગચ્છની પટ્ટાવલી

૬. આ૦ **શાંતિભદ્રસૂરિ** – તેઓ ચંદ્રકુળના થારાપદ્રગચ્છના હતા.

૭. આ૦ નેમિચંદ્રસૂરિ.

૮. **આ૦ શાંતિભદ્રસૂરિ** (આ૦ શાંતિસૂરિ) –

તેમને આ૦ સર્વભદ્રે દીક્ષા આપી. આ૦ ચંદ્રસૂરિએ સાહિત્ય, ન્યાય અને આગમ ભણાવી આચાર્યપદ આપ્યું. તેમનું બીજું નામ આ૦ શાંતિસૂરિ પણ મળે છે. તેઓ રૂપાળા, પરમ શાંત, દાક્ષિણ્યતાવાળા, ક્ષમાશીલ અને મિષ્ટભાષી હતા. તેઓ પરમસંવેગી અને ચારિત્રચૂડામણિ હતા. બહુ યશસ્વી, મોટા વાદી અને મહાકાવ્યકાર હતા.

તેમને ચક્રેશ્વરીદેવી પ્રસન્ન હતાં, તેથી તેઓ વધુ પ્રભાવક બન્યા હતા. તેમની ઉપાસના કરવાથી મડાર ગામનો થારાપદ્રગચ્છનો સિદ્ધરાજ પોરવાલ જૈન સંઘને માન્ય અને ગૌરવ કરવાયોગ્ય બન્યો હતો.

તેમણે વીર સં. ૧૬૩૧ (વિ. સં. ૧૨૨૧)ના કાર્તિક સુદિ ૧૫ના કૃત્તિકા નક્ષત્રમાં શિષ્ય **મુનિચંદ્ર**ની વિનતિથી 'પૃથ્વીચંદ્રચરિત્ર' (ગ્રં. ૭૫૦૦) રચ્યું

તેમજ જીવવિચાર પ્રકરણ, ધર્મરત્નપ્રકરણ-મૂળ, તેની સ્વોપજ્ઞ ટીકા વગેરે ગ્રંથો રચ્યા છે.

તેમણે વિ. સં. ૧૨૨૨ માં શુભ મુહૂર્તે શેઠ સિદ્ધનાગ પોરવાલના વંશના શેઠ સિદ્ધરાજ પોરવાલે બંધાવેલા ભ૦ નેમિનાથ (અથવા ભ૦ મહાવીરસ્વામી)ના જિનપ્રાસાદમાં એકીસાથે પોતાના આઠ શિષ્યોને આચાર્ય બનાવ્યા. ૧. આ૦ મહેન્દ્રસૂરિ, ૨. આ૦ વિજયસિંહસૂરિ, ૩. આ૦ દેવેન્દ્રસૂરિ અથવા દેવચંદ્રસૂરિ, ૪. આ૦ પદ્મદેવસૂરિ, ૫. આ૦ પૂર્ણદેવ કે પૂર્ણચંદ્રસૂરિ, ૬. આ૦ જયદેવસૂરિ, ૭. આ૦ હેમપ્રભ, ૮. આ૦ જિનેશ્વર.

આ૦ શાંતિસૂરિએ ઉપર મુજબ પોતાના શિષ્યોને આચાર્યપદ આપ્યા પછી પોતાના થારાપદ્રગચ્છને 'પિપ્પલકગચ્છ' એવા નામથી જાહેર કર્યો. સંભવ છે કે, ત્યારે **પિપ્પલક નગર** જાહેર ક્ષેત્ર અને જૈન તીર્થસ્થાન હશે.

થરાદ, પિપ્પલક, સાચોર તીર્થ એ પિપ્પલકગચ્છનાં ક્ષેત્રો હતાં.

આ૦ **પૂર્ણદેવ (૫)**થી પૂર્ણચંદ્રશાખા ચાલી. જે પરંપરામાં (૧૫) આ૦ પદ્મતિલક, (૧૬) આ૦ ધર્મસાગર, (૧૭) રાજપાલ થયા. રાજપાલે સં. ૧૬૪૨ ના માહ વદિ ૭ના રોજ 'જંબૂકુમારરાસ' બનાવ્યો.

૯. આ૦ **વિજયસિંહસૂરિ** – તેમણે સં. ૧૨૦૮માં ડીડલા ગામમાં જિન-પ્રતિમાની પ્રતિષ્ઠા કરી અને સં. ૧૧૮૩ ના ચૈત્ર માસમાં 'શ્રાદ્ધપતિક્રમણ-ચૂર્ણિ' (ગ્રં. ૪૫૯) રચી છે.

૧૦. આ૦ **દેવભદ્ર** – રાજાઓ અને રાણાઓ તેમને બહુમાન આપતા હતા.

૧૧. આ૦ ધર્મઘોષ – તેમની પાટે બે આચાર્યો થયા.

૧૨. આ૦ **શીલભદ્ર**, આ૦ **પરિપૂર્ણદેવ.**

૧૩. આ૦ વિજયસેન – તેમણે ભ૦ પાર્શ્વનાથના પટ્ટનો ઉદ્ધાર કરાવ્યો.

૧૪. આ૦ **ધર્મદેવ** – તેમને દેવી પ્રસન્ન હતાં. તેઓ દેવી મારફત બીજાઓના ત્રણ ભવની વિગત જાણી શકતા હતા, આથી તેઓ 'ત્રિભવિયા' તરીકે પ્રસિદ્ધ થયા. તેમની શિષ્યપરંપરા 'ત્રિભવિયા શાખા' તરીકે પ્રસિદ્ધિ પામી. તેમણે ગુજરાતના રાજા [1]સારંગદેવને ત્રણ ભવો બતાવવાથી તે તથા થરાદના ધૂધલ વગેરે તેમના ભક્તો બન્યા. બીજા પણ ઘણા રાજાઓ તેમને મળવા આવતા હતા. તેમની કૃપાથી ધૂધલ રાણો બન્યો હતો. રાણા ધૂધલે સરસ્વતીમંડપ બનાવ્યો.

---

૧. આ અરસામાં ત્રણ સારંગદેવ થયા હતા. (૧) સારંગદેવ વાઘેલો સં. ૧૩૩૧ થી ૧૩૫૩. (પ્રક. ૩૫, પૃ. ૧૦૬) (૨) સારંગદેવ ગોહેલ સં. ૧૫૩૧, (૩) સારંગદેવ ગોહેલ બીજો, કાનાજી ગોહેલનો પુત્ર.

૧૫. **આ૦ ધર્મચંદ્ર** – તેઓ ચૌદશની પાખીની સ્થાપના ઘણી યુક્તિથી કરી શકતા હતા. રાજા મેખ તેમના ઉપદેશથી સંઘપતિ બન્યો હતો. તેઓ સં. ૧૩૧૧માં વિદ્યમાન હતા.

૧૬. **આ૦ ધર્મરત્ન**– આ આચાર્ય સુધીની પિપ્પલ(પિપ્પલક)ગચ્છની રચાયેલી ગુરુ-સ્તુતિ સંસ્કૃતમાં (શ્લો.૧૫) મળે છે.

૧૭. **આ૦ ધર્મતિલક** – તે પિપ્પલગચ્છના પ્રભાવક આચાર્ય હતા. સં. ૧૪૩૭.

૧૮. **આ૦ ધર્મસિંહ** – તેઓ કવિ હતા. તેમની વાણીમાં અમોઘ શક્તિ હતી. તેમના તથા આ૦ ધર્મપ્રભસૂરિના ઉપદેશથી ગુંદીમાં મોટો જિનપ્રાસાદ બન્યો અને અમુક દિવસો માટે અમારિ પળાવવાનો નિર્ણય થયો હતો.

૧૯. **આ૦ ધર્મપ્રભ** – તેઓ શેઠ ધિરરાજ અને પત્ની શ્રીદેવીના પુત્ર હતા. શેઠ પાલ્હ અને શેઠ પેથડ સોદાગરે તેમનો પાટમહોત્સવ કર્યો હતો. તેઓ વ્યાકરણ, સાહિત્ય, છંદ, પિંગલ અને આગમોના વિદ્વાન હતા, ગુણવાળા હતા અને ત્રિભવિયા શાખાના પ્રભાવક હતા.

એ સમયે સારંગદેવ રાજા હતો અને ગુંદીનો સૂબો ઠાકર સાધુ હતો એ સૂબાનો મંત્રી **શેઠ હેમચંદ જૈન** હતો. શેઠ હેમચંદે સં. ૧૪૪૭માં આ૦ ધર્મપ્રભના હાથે શ્રીચંદ્રપ્રભના જિનપ્રાસાદની પ્રતિષ્ઠા કરાવી અને આચાર્યશ્રીને ચોમાસું રાખી તેમની પાસે 'કલ્પસૂત્ર' સાંભળ્યું તથા શ્રીચંદ્રપ્રભના જિનપ્રાસાદમાં મહાવીર-સ્વામીનો જન્માભિષેક-મહોત્સવ કર્યો.

૨૦. **આ૦ ધર્મશેખર** – તે મિષ્ટભાષી હતા. તેમની વ્યાખ્યાનકળા આકર્ષક હતી.

૨૧. **આ૦ ધર્મસાગર** – તેમને રાજા અને રાણાઓ બહુમાન આપતા હતા. તેમની શિષ્યપરંપરામાં (૨૨) આ૦ વિમલપ્રભ, (૨૩) સૌભાગ્યસૂરિ શિષ્ય (૨૪) રાજસાગર થયા. પં૦ રાજસાગરજીએ થરાદમાં સં. ૧૬૪૭માં 'પ્રસન્ન-ચંદ્રરાસ' અને સં. ૧૬૭૨ જેઠ વદિ અમાસના 'લવ-કુશરાસ' બનાવ્યા છે.

૨૨. **આ૦ ધર્મવલ્લભ.**

૨૩. **આ૦ ધર્મવિમલ.**

૨૪. **આ૦ ધર્મહર્ષ** – સં. ૧૬૭૦.

આ શાખાના યતિઓ મોટે ભાગે થરાદ, પિપ્પલકનગર અને સાચોર તરફ વિચરતા હતા.

૨. પિપ્પલકગચ્છની પટ્ટાવલી

શિલાલેખો, પ્રતિમાલેખો, ગ્રંથપ્રશસ્તિઓ વગેરેના આધારે પિપ્પલકગચ્છના જૂદા જૂદા આચાર્યોનાં નામો નીચે મુજબ છે –

આ૦ વીરદેવસૂરિ – (સં. ૧૪૧૪ થી ૧૫૦૩) તેમની પાટે ત્રણ આચાર્યો થયા.

૧. આ૦ સુમતિપ્રભ – સં. ૧૪૫૪.

૨. આ૦ વીરપ્રભ – સં. ૧૪૮૫ થી ૧૪૮૯.

૩. આ૦ હીરાનંદસૂરિ, હીરસૂરિ – (સં ૧૪૮૫ થી ૧૫૦૩.) તેમણે સં. ૧૪૮૫માં 'વિદ્યાવિલાસપવાડો', સં. ૧૪૯૪માં 'વસ્તુપાલ-તેજપાલરાસ,' દશાર્ણ-ભદ્રરાસ, જંબૂવિવાહલો', સં. ૧૪૮૯માં 'કલિકાલરાસ, સ્થૂલિભદ્ર બારહમાસ' વગેરે બનાવ્યા છે.

આ૦ ગુણરત્નસૂરિ – (સં. ૧૫૦૭ થી ૧૫૧૭.) આ સમયે આણંદમેરુએ 'કાલિકાચાર્યકથાભાસ' બનાવ્યો. તેઓ અસલમાં તળાજાના હતા. તેમની પાટે આ૦ ગુણસાગર (સં. ૧૫૨૪ થી ૧૫૨૮) અને તેમની પાટે આ૦ શાન્તિસૂરિ (સં. ૧૫૪૬) થયા.

આ૦ ધર્મઘોષસૂરિ – તેના ઉપદેશથી સં. ૧૪૮૩માં જીરાવલા તીર્થમાં એક દેરીનો જીર્ણોદ્ધાર થયો. (–જીરાવલાલેખ)

આ૦ લલિતચંદ્ર – તેમણે સં. ૧૪૯૧ના ફાગણ વદિ ૨ ને સોમવારે ભ૦ સંભવનાથ વ. પ્રતિમાઓની અંજનશલાકા કરાવી. તેમાંની એક જામનગરના શેઠ રાયશી શાહના જિનાલયમાં અને બીજી મહેસાણાના જિનાલયમાં વિદ્યમાન છે.

ભ૦ વિજયદેવ, ભ૦ શાલિભદ્ર – સં. ૧૫૧૦માં થયા. (જૈ.સ.પ્ર.ક. ૨૨૫)

પિપ્પલકગચ્છમાં આ૦ વીરપ્રભ સં. ૧૪૩૫, આ૦ સુમતિપ્રભ સં. ૧૪૫૪-માં થયા. મહાહડગચ્છમાં પણ આ નામના આચાર્ય થયા છે.

આ૦ **ગુણસેનસૂરિ**, આ૦ **દેવચંદ્રસૂરિ** – તેઓ પૂર્ણતલ્લગચ્છના પ્રસિદ્ધ આચાર્યો હતા. (પ્રક. ૩૫, પૃ. ૯)

નમિ સાધુ – તેઓ આ૦ શાંતિસૂરિના શિષ્ય હતા. તેમણે સં. ૧૧૨૨માં આવશ્યકવૃત્તિ, ચૈત્યવંદનવૃત્તિ તથા રુદ્રટના કાવ્યાલંકાર પર ટિપ્પન રચ્યાં છે. તે ટિપ્પનમાં તેઓ **અપભ્રંશ ભાષા** માટે લખે છે કે, 'અપભ્રંશ ભાષા પ્રાકૃતમાંથી ઊતરી આવી છે. તેના દેશભેદે અનેક ભેદો છે. તેનાં વિવિધ લક્ષણો છે, તે જાણવા માટે તે તે દેશની જનતાનો સંપર્ક સાધવો જોઈએ.'

મહામાત્ય શાંતૂ મહેતા, વસ્તુપાલ-તેજપાલ વગેરે

મંત્રી શાંતૂ (ધર્કટવંશ) –

सत्पत्रराजी शुभपर्वरम्यः छायी सुशाखी सरलः सुवर्णः ।
सद्धर्मकर्मा क्षितिभृत्प्रतिष्ठः वंशो भुविधर्कटनामधेयः ॥

सद्वृत्तिर्विनिर्मिताऽखिलजनप्रीतिप्रकर्षोदयः
प्रोद्भूतोन्नतिभासुरः सरलताशालीसुपर्वव्रजः ।
धर्माय प्रवरेण भूरिविलसत्संपद्भरेणाञ्चितः
स श्रीमान् जगतीतले विजयतां वंशश्चिरं धर्कटः ॥
(જૈન પુસ્તક પ્રશસ્તિસંગ્રહ, પ્ર. ૮૨)

વટપદ્રમાં શ્રીમાલીજ્ઞાતીય ધરકટ ગોત્રનો **વરણાગ** નામે શ્રેષ્ઠી હતો. તે થારાપદ્રગચ્છનો હતો. તેને સંપૂરી નામે પત્ની હતી અને શાંતૂ નામે પુત્ર હતો. શાંતૂનાં સંતૂક, શાંતિ, સંપત્, સંપત્કર વગેરે નામો મળે છે. તેને શીલાદેવી નામે પત્ની તથા નિન્નો અને ગીગો નામે પુત્રો હતા તેમજ વયજૂ નામે પુત્રી હતી. ગીગાનું બીજું નામ મહં૦ દેવલ પણ મળે છે.[૧]

શાંતૂએ રાજા ભીમદેવના સમયે રાજકારણમાં પ્રવેશ કર્યો. પ્રથમ તે પાંચ હજાર ઘોડેસવારોનો સેનાપતિ થયો અને તે પછી તેણે ક્રમશઃ મંત્રી, દંડનાયક અને મહામાત્યની પદવીઓ મેળવી. રાજા સિદ્ધરાજે સં. ૧૧૫૦માં પાટણમાં ગાદીએ બેસતાં જ અત્યાચારોને દબાવવા મંત્રી શાંતૂની સલાહથી કામ લીધું. તેણે સર્વપ્રથમ પોતાના મામા મદનપાલને મરાવી નાખ્યો. સિદ્ધરાજે સં. ૧૧૯૧ લગભગમાં માલવા પર ચડાઈ કરી ત્યારે તેની સામે પંચમહાલના ભીલોએ લડાઈનો મોરચો ગોઠવ્યો હતો. મહામાત્ય શાંતૂએ આસપાસના ગામોમાંથી સૈન્ય એકઠું કરીને એ મોરચો તોડી નાખ્યો. તે પછી શાંતૂ ભરૂચનો **દંડનાયક** બન્યો હતો.

તેણે પાટણમાં **શાંતૂવસહી** ચૈત્ય, થરાદમાં થારાપદ્રગચ્છનું દેરાસર, પોતાના મોસાળ મંકા ગામમાં[૨] પોતાની માતાના કલ્યાણ માટે સં. ૧૧૨૬ના વૈશાખ વદિ ૧૧ ને શનિવારે મૂળનાયકનું પરિકર તથા ૧૬૦ જિનેશ્વરનો પટ્ટ, આબૂ ઉપર વિમલવસહીની ૧૩મી દેરીમાં સં. ૧૧૧૯માં પોતાના પુત્રના કલ્યાણ માટે જિનપ્રતિમા ભરાવી અને આશાવલમાં શાંતૂવસહી બંધાવી.[૩] મલ૦ આ૦

---

૧. थारापद्रीयसन्ताने भीमभूपालवल्लभः ।
शान्तामात्यो महीख्यातोऽजनि श्रावकसत्तमः ॥
भार्या तस्य शिवादेवी श्रेयसे प्रतिमामिमाम् ।
निन्ना-गीगाख्ययोः (तयोः) कारयामास निर्मलाम् ॥ सं. ११११ ॥
(–પ્રાચીન જૈન લેખ સંગ્રહ, ભા. ૨, પૃ. ૧૨૬)

૨. હારીજથી ચાણસ્મા જતાં ૫ કોશ દૂર જતાં વચ્ચે મંકા ગામ આવે છે. આજે અહીં એકે શ્રાવક નથી તેમ દેરાસર પણ નથી. અહીં સં. ૧૯૩૪માં જમીનમાંથી ૭૫ જિનપ્રતિમાના પરિકરો નીકળ્યાં હતાં, તેમાંનાં કેટલાંક હારીજ, જમણપુર, કંબોઈ વગેરે તીર્થોમાં વિદ્યમાન છે. (જૈનસત્યપ્રકાશ, ક્ર. ૧૫, પૃ. ૧૨૪)

૩. ગુજરાતનું પાટનગર **અમદાવાદ**, પૃ. ૧૯.

અભયદેવના ઉપદેશથી ભરૂચમાં સમળીવિહાર પર સ્વર્ણકળશ ચડાવ્યો. તેમણે વાંકા અને નિહાણા ગામમાં બે મોટા જૈન દેરાસરો બંધાવ્યાં. એ બંને ગામ વચ્ચે એક ગાઉની સુરંગ બનાવી હતી, તે દ્વારા શ્રાવકો એક દેરાસરમાં પૂજા કરી બીજા દેરાસરમાં પૂજા માટે જઈ શકતા હતા. રાજગચ્છના તપસ્વી આ૦ **ભદ્રેશ્વરસૂરિ**, જેઓ એકાંતર ઉપવાસ કરતા હતા, તેમના ઉપદેશથી મંત્રી શાંતૂ અને દંડનાયક સજ્જને **વડઉદય** (વડોદરા)માં મોટી રથયાત્રા કાઢી હતી.

(જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૧૯)

પં૦ મોખદેવે સં. ૧૧૯૭ના ચૈત્ર વ. ૮ ને મંગળવારે જ્યારે રાજા જયસિંહના મહામંત્રી શાંતૂ ગુજરાતના **દંડનાયક** તરીકે વડોદરામાં હતા ત્યારે ઓસલંબ માટે 'પંચવત્થુકમ્મથવ'ની ટીકા લખી હતી. (જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્ર. નં. ૬૫)

એક વાર મંત્રી હાથણી ઉપર બેસીને ફરતો ફરતો શાંતૂવસહીમાં પ્રભુદર્શને આવ્યો, ત્યારે ત્યાં એક ચૈત્યવાસી યતિ વેશ્યાના ખભે હાથ રાખીને ઊભો હતો. મંત્રીએ તેને વિધિપૂર્વક વંદન કર્યું અને થોડી વાર પછી તેને ફરી નમન કર્યું. એ યતિને ખૂબ શરમ આવી. એને મનમાં થયું કે, જમીન જગા આપે તો તેમાં સમાઈ જાઉં. તેણે મંત્રીના ગયા પછી વૈરાગ્ય જાગવાથી બધુંયે છોડી મલધારી આ૦ હેમચંદ્રસૂરિ પાસે દીક્ષા લીધી અને શત્રુંજય તીર્થમાં જઈ તપ આદર્યું. એમનાં એ રીતે બાર વર્ષ વીતી ગયાં.

મંત્રી એક વાર શત્રુંજયની યાત્રાએ ગયા. ત્યાં તેમણે આ તપસ્વીને જોયા પણ ઓળખ્યા નહીં. મંત્રીએ તેમને તેમના ગુરુ વગેરેનું નામ પૂછ્યું. તપસ્વીએ તરત કહ્યું કે, 'મારો સાચો ગુરુ મહામાત્ય છે.' શાંતૂએ પોતાના કાને હાથ દઈને કહ્યું કે, 'આપ એમ કેમ બોલો છો ?' તપસ્વીએ વિગતવાર ખુલાસો કર્યો અને મંત્રીને ધર્મમાં વધુ સ્થિર બનાવ્યો.

મંત્રી થારાપદ્રગચ્છના **આ૦ શાંતિસૂરિ**, મલધારી આ૦ અભયદેવ, આ૦ હેમચંદ્રસૂરિ, રાજગચ્છના આ૦ ભદ્રેશ્વર, વડગચ્છના આ૦ **વાદિદેવસૂરિ**, કલિકાલસર્વજ્ઞ આ૦ હેમચંદ્રસૂરિ વગેરેનો ઉપાસક હતો. વાદિવેતાલ આ૦ શાંતિસૂરિએ મંત્રીની વસહીમાં 'ઉત્તરજ્ઝયણ'ની પાઈય-ટીકા રચી હતી.

ઉપાશ્રય –

મંત્રીએ ૮૪ હજાર સોનૈયા ખરચી પાટણમાં એક નવું **ઘર** બંધાવ્યું. સૌ કોઈ તે ઘરના વખાણ કરતાં હતાં. મંત્રીએ આ૦ **વાદિદેવસૂરિ**ને સપરિવાર અહીં પધારવાનું આમંત્રણ આપ્યું અને એ મકાન બતાવ્યું. મંત્રીને એવો ખ્યાલ હતો કે, આચાર્યશ્રી આ ઘરની પ્રશંસા કરશે જ; પરંતુ આચાર્યશ્રી મકાન જોયા પછી મૌન જ રહ્યા. મંત્રીએ પૂછ્યું 'ગુરુજી ! સૌ કોઈ આ ઘર જોઈ તેની પ્રશંસા

કરે છે. આપને આ ઘરમાં કંઈ વાંધો દેખાયો કે શું ? આપ એ વિશે કેમ કંઈ કહેતા નથી ?'

આ૦ માણેકચંદ્રસૂરિએ જવાબ આપ્યો કે, 'મંત્રીશ્વર ! આ તો ગૃહસ્થનું ઘર છે; આરંભ-સમારંભનું કેન્દ્ર ગણાય. સાધુ તેની પ્રશંસા કરે નહીં. હા, તમે પોષાળ બનાવી હોત તો આચાર્યશ્રી તેની યોગ્ય પ્રશંસા જરૂર કરત.'

આ સાંભળી મંત્રીએ તે ઘરનો ઉપાશ્રય બનાવ્યો અને તેમાં પુરુષ જેવડાં મોટાં બે દર્પણો ટંગાવ્યાં અને સર્વપ્રથમ આ૦ વાદિદેવસૂરિને પધરાવ્યા, ત્યારથી એ મુખ્ય **પોષાળ** બની.

કવિ બિલ્હણ – કાશ્મીરનો **કવિ બિલ્હણ** મંત્રીનો આશ્રિત કવિ હતો. તેણે 'કર્ણસુંદરીનાટિકા' (અંક : ૪) રચી, તેમાં મંત્રી શાંતૂને રાજા વત્સરાજના મહામાત્ય **યોગંધરાયણ** સાથે સરખાવ્યો છે ને મહામાત્ય તરીકે વર્ણવ્યો છે. એ નાટિકાના મંગલાચરણમાં **તીર્થંકરની સ્તુતિથી** શરૂઆત કરી છે. પાટણમાં ભ૦ આદિનાથના યાત્રામહોત્સવ પ્રસંગે શાંતિ ઉત્સવગૃહમાં આ નાટિકા ભજવાઈ હતી.

મહાકવિ બિલ્હણ (ઈ. સં. ૧૦૬૬ થી ૧૦૮૫) –

૧. **મુક્તિકલશ** – તે અગ્નિહોત્રી બ્રાહ્મણ હતો. મધ્યપ્રદેશમાંથી કાશ્મીરના શ્રીનગરથી ૩ માઈલ દૂર ખોનમુખ (જયવત) ગામમાં આવી વસ્યો.

૨. **રાજકલશ** – તે અગ્નિહોત્રી હતો. દાની, પરાક્રમી અને વિદ્વાન હતો. તે વેદવિદ્યાનો પારંગત હતો. તેણે માનવોના હિત માટે વ્યાખ્યાનસભાઓ રચી હતી અને કૂવા તેમજ પરબો વગેરે બંધાવ્યાં હતાં.

૩. **જ્યેષ્ઠકલશ** – તેણે પાણિનિ વ્યાકરણ ઉપર રચાયેલ 'પાતંજલમહાભાષ્ય' ઉપર ટીકા રચી. તેને નાગદેવી નામે પત્ની હતી અને ૧. ઈષ્ટરામ, ૨. બિલ્હણ અને ૩. આનંદ એમ ત્રણ પુત્રો હતા. ત્રણે વિદ્વાનો અને કવિઓ હતા.

૪. **બિલ્હણ** – તે વ્યાકરણ, સાહિત્ય, વેદ-વેદાંગ વગેરેનો મોટો પંડિત હતો. તેની વિદ્વત્તા માટે તે સર્વત્ર પંકાતો હતો. તે રાજકલશની વિદ્યમાનતામાં રીસાઈ ને કાશ્મીર છોડી ગયો; ને મથુરા, વૃંદાવન, પ્રયાગ અને કાશી જઈને ત્યાંના વિદ્વાનો સાથે શાસ્ત્રાર્થ કરી ડાહલ, ધારા, ગુજરાત, પાટણ, રામેશ્વર થઈ કલ્યાણપુર ગયો.

કલ્યાણપુરના રાજા વિક્રમાદિત્ય સોલંકીએ કવિ બિલ્હણને કલ્યાણપુરમાં રોકી ઘણું સન્માન કરી પોતાની વિદ્વત્સભાનો વિદ્યાપતિ બનાવ્યો.[૧] (વિક્રમાંકદેવચરિત)

---

૧. આ સિવાય બીજો પણ કવિ બિલ્હણ થયો છે, જેનું ખંડકાવ્ય બિલ્હણ પંચાશિકા (ચૌર પંચાશિકા) શ્લોક ૫૦ પ્રસિદ્ધ છે. કેટલાક વિદ્વાનોએ બંને બિલ્હણોની ઘટનાઓ એકની સમજીને જુદી જુદી કલ્પનાથી બિલ્હણના જીવન વિશે લખ્યું છે.

તેણે નીચે મુજબના ગ્રંથો રચ્યા છે–

(૧) પાર્શ્વનાથસ્તોત્ર, (૨) પાર્શ્વનાથઅષ્ટક, શ્લો. ૯. અષ્ટકનો અંતિમ શ્લોક આ પ્રમાણે છે :

इति जिनपतेः स्तोत्रं चित्रं महाकविबिल्हण-
ग्रथितमखिलत्रैलोक्यैकप्रकाशनभास्वतः ।
पठति सततं यः श्रद्धावान्न मज्जति सज्जनो
भवजलनिधौ द्युम्नः स प्रद्युम्नस्थितिमाश्रितः ॥९॥

આ શ્લોકમાં દ્યુમ્ન અને આ૦ પ્રદ્યુમ્નસૂરિનાં નામ છે, એટલે સંભવ છે કે, કવિને મલધારી આ૦ હેમચંદ્રસૂરિ અને આ૦ ચંદ્રસૂરિ સાથે પરિચય થયો હોય. (જૈનસ્તોત્રસંદોહ, ભા. ૨, સ્તોત્ર નં. ૫૩, પૃ. ૧૯૪)

(૩) કર્ણસુંદરીનાટિકા – (જેમાં નાંદીમાં તીર્થંકરનું મંગલાચરણ છે.)

(૪) વિક્રમાંકદેવચરિત – સં. ૧૧૪૨ (દક્ષિણના સોલંકીઓનો ઇતિહાસ છે.)

મંત્રી શાંતૂ પરાક્રમી, બુદ્ધિશાળી, ચતુર રાજનીતિજ્ઞ, ધર્મપ્રેમી જૈન હતો. તેણે પોતાના જીવનમાં દેવ, ગુરુ અને રાજવી માટે નિશ્ચિત મર્યાદા બાંધી લીધી હતી. એ મુજબ દેવ તરીકે તીર્થંકરોને, ગુરુ તરીકે સુસાધુઓને અને રાજા તરીકે જયસિંહદેવને જ માનતો હતો અને નમસ્કાર કરતો હતો. બીજાને તે એવી મહત્તા આપતો નહોતો.

એક વાર સિદ્ધરાજ જયસિંહથી રીસાઈને તે માલવા ચાલ્યો ગયો પણ ત્યાંના રાજવીને નમ્યો નહીં. તેણે જણાવ્યું કે, 'રાજવી તરીકે જયસિંહ સિવાય બીજાને હું મારું માથું નહીં નમાવું.' આ રાજભક્તિની હકીકત સાંભળીને જયસિંહે તેને પ્રેમથી ગુજરાત બોલાવ્યો. પ્રાંતે મેવાડ-માળવાના સંધિ જેવા આહડ ગામમાં છેલ્લે પહોરે તે અનશન લઈ સ્વર્ગસ્થ થયો. મંત્રી શાંતૂ દીર્ઘાયુષી હતો. માળવાના જય પછી એટલે સં. ૧૧૯૫ લગભગમાં તે મરણ પામ્યો.

ચંડપ મંત્રીવંશ : વસ્તુપાલ-તેજપાલ વગેરે

૧. ચંડપ – તે પોરવાડ જૈન હતો. તેને ચાંપલદેવી નામે પત્ની હતી. રાજા ભીમદેવનો તે ભંડારી હતો.

૨. ચંડપ્રસાદ – તે રાજા કર્ણદેવનો મંત્રી હતો. તેની પત્નીનું નામ જયશ્રી હતું. તેને શૂર અને સોમ નામના બે પુત્રો હતા. બંને ભાઈઓ રાજા સિદ્ધરાજના મંત્રી હતા. બુદ્ધિશાળી, શૂરવીર અને ધર્મપ્રેમી હતા.

૩. સોમ – તેને **સીતાદેવી** નામે પત્ની હતી. તે દાની, સદ્‌ગુણી, ગુરુ-આજ્ઞાપાલક અને ધર્માત્મા હતો. (જૈ.સ.પ્ર. વર્ષ : ૨, પૃ. ૬૭) તે **તીર્થંકર**

ભગવંતને દેવ, નાગેંદ્રગચ્છના આ૦ હરિભદ્રને ગુરુ તેમજ **સિદ્ધરાજ જયસિંહને** રાજા માનતો હતો; એ સિવાય બીજાને નમતો નહોતો.તે સિદ્ધરાજનો **ખજાનચી** મંત્રી હતો. તેણે સં. ૧૨૫૪માં પાટણમાં રાજગચ્છના આ૦ પૂર્ણચંદ્ર કે આ૦ વાદિદેવસૂરિના શિષ્ય આ૦ પૂર્ણભદ્ર પાસે 'પંચતંત્ર' ગ્રંથનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.[1] તેણે સં. ૧૨૮૪માં દેરાસરમાં સ્તંભદાન કર્યું હતું.

પાટણના શેઠ કર્પૂરપટ્ટાધીશનો પુત્ર સોમ પોરવાડ (સં. ૧૨૧૬માં) આ જ સમયે થયો હતો.

૪. **આસરાજ** (અશ્વરાજ) – તે માતૃભક્ત વિવેકી જૈન હતો. તેણે સાત તીર્થોની સાત વાર યાત્રા કરી હતી. છેલ્લી યાત્રામાં બાળકો વસ્તુપાલ-તેજપાલ સાથે હતા. તે પાટણમાં રાજકાર્યમાં નિયુક્ત હતો. એક વખત તે માલાસણ ગયો ત્યારે ત્યાં મલધારગચ્છના કલિકાલગૌતમાવતાર આ૦ હરિભદ્રસૂરિ પાસેથી પ્રાસંગિક રીતે [પોરવાડ **સાંબસિંહ** (સામંતસિંહ) **વંશ**ના ક્રમે શાંતિ, બ્રહ્મનાગ, નાગ પછીના વંશજ, મલધારગચ્છના શ્રાવક] શેઠ આભૂ પોરવાલની પુત્રી બાલવિધવા કુમારદેવીને સુલક્ષણી જાણી તેની સાથે લગ્ન કર્યું અને તે સુંહલાક (સોપારક) ચાલ્યો ગયો. તેને ત્યાં ચાર પુત્રો અને સાત પુત્રીઓ થઈ. તે પરિવાર નીચે મુજબ હતો–

(૧) **લુણિગ** – તે રાજકાર્યમાં કુશળ હતો. તેને લૂણાદેવી નામે પત્ની હતી. તે યુવાનીમાં આવતાં જ મરણ પામ્યો. એ સમયે એનું કુટુંબ ગરીબ દશામાં હતું તેથી ઘરના માણસોએ તેને પરભવ માટે ત્રણ લાખ નવકાર મંત્રો આપ્યા, પણ વસ્તુપાલે તેને મરતી વેળા પૂછ્યું કે, 'મોટાભાઈ ! તમારી કોઈ ઇચ્છા હોય તો જણાવો.' લુણિગે જવાબ આપ્યો કે, 'ભાઈ ! મને આબૂ તીર્થમાં ભગવાનની એકાદ દેરી બનાવવાની ઉત્કટ ભાવના હતી પણ મારા ભાગ્યમાં નહીં તેથી એ ભાવના તે ભાવનારૂપે જ રહી છે. જો તમને અનુકૂળતા થાય તો મારી એ ભાવનાને સફળ બનાવજો.' સૌના મનમાં એ વાત રમી ગઈ પણ પરિસ્થિતિ આગળ સૌ લાચાર હતા તેથી સૌ મૌન રહ્યા. વસ્તુપાલ-તેજપાલના દિલમાં આ ભાવનાનું બીજ રોપાયું, તેથી તેઓ ગુજરાતના મંત્રી બન્યા તે પછી એ બીજમાંથી જાણે કલ્પવૃક્ષ ઊભું થયું. આજે આબૂ ઉપરનું 'લુણિગવસહી' નામનું દર્શનીય અને વિશાળ જૈનમંદિર ઊભું છે તેનું શ્રેય આ લુણિગની ભાવનાને ફાળે જાય છે.

---

૧. (૧) વડગચ્છના આ૦ વાદિદેવસૂરિના શિષ્ય આ૦ પૂર્ણભદ્ર સં. ૧૨૫૪, સં. ૧૨૮૫. (૨) રાજગચ્છના આ૦ ચંદ્રના શિષ્ય પૂર્ણભદ્ર સં. ૧૨૩૯ (પ્રક. ૩૨, પૃ. ૪૨૨, પ્રક. ૩૫, પૃ. ૧૮). (૩) ખ. આ૦ જિનપતિના શિષ્ય પૂર્ણભદ્રની તથા સુમતિગણિની નાની દીક્ષા સં. ૧૨૬૦ ના જેઠ સુદિ ૬ના રોજ થઈ હતી.

(૨) **મલ્લદેવ** – તે મહાજનમાં વડો હતો. મંત્રી હતો. તેને લીલાદેવી અને પ્રતાપદેવી નામે પત્નીઓ હતી. લીલાદેવીથી પૂર્ણસિંહ, સહજલદેવી તથા સજમલદેવી નામે સંતાન હતાં. પૂર્ણસિંહને પણ અહ્લણાદેવી તથા મહણદેવી નામે પત્નીઓ હતી. અહ્લણાદેવીથી પેથડ નામે પુત્ર તથા **બલ્લાલ** નામે પુત્રી હતાં. તેને માટે એક શ્લોક 'પુરાતનપ્રબંધસંગ્રહ'માં નોંધાયેલો મળે છે –

धर्मविधाने भुवनच्छिद्रपिधाने विभिन्नसंधाने ।
सृष्टिकृता न हि सृष्टः प्रतिमल्लो मल्लदेवस्य ॥

(૩) **વસ્તુપાલ** – તે ગુજરાતનો મહામાત્ય હતો. આ૦ વિજયસેનસૂરિના ઉપદેશથી ધર્મપ્રેમી બન્યો હતો. તેને ઠ૦ કાન્હડ, ઠ૦ રાણુદેવી પોરવાડની બુદ્ધિશાળી પુત્રીઓ લલિતાદેવી તથા વેજલદેવી નામે પત્નીઓ હતી. લલિતાદેવીને જયંતસિંહ નામે પુત્ર હતો. તે રાજકાર્યમાં કુશળ હતો, જે સં. ૧૨૭૯માં ખંભાતનો દંડનાયક બન્યો હતો. તેને જયતલ, જમ્મણ અને રૂપા તથા સુલહદેવી નામે પત્નીઓ હતી.

તેની વિનતિથી આ૦ જિનભદ્રે સં. ૧૨૯૦માં 'પ્રબંધાવલી'ની રચના કરી હતી. દંડનાયક જયંતસિંહે પોતાની આધેડ વયમાં પત્ની સુલહદેવીથી જન્મેલ પુત્ર પ્રતાપસિંહના કલ્યાણ માટે પુસ્તક રચાવીને લખાવ્યું હતું.

(–જૈ.પુ.પ્ર.સં. પુષ્પિકા : ૭)

મંત્રી વસ્તુપાલે સં. ૧૨૯૦માં 'ધર્માભ્યુદયમહાકાવ્ય' લખ્યું હતું.[૧]

(જૂઓ વિગતે, પ્રક. ૩૭, પૃ. ૨૨૮ થી ૨૩૧)

(૪) **તેજપાલ** – તે ગુજરાતનો કુશળ મહામાત્ય હતો. ભારે લડવૈયો હતો. તેને ચંદ્રાવતીના શેઠ ગાંગજી પોરવાડના પુત્ર ધરણિગની પુત્રી અનુપમાદેવી તથા પાટણના ઠ૦ ઝાલણ, ઠ૦ રાણી મોઢની પુત્રી સુહડાદેવી નામે પત્નીઓ હતી. અનુપમાદેવીને બુદ્ધિશાળી, પ્રતાપી અને ઉદારદિલ લૂણસિંહ નામે પુત્ર હતો. લૂણસિંહને રતના તથા લખમી નામે પત્નીઓ હતી ને ગૌરદેવી નામે પુત્રી હતી. સુહડાદેવીથી સુહડસિંહ નામે પુત્ર અને બકુલા નામે પુત્રી હતાં. સુહડસિંહને સુહડાદે તથા સુલખણ નામે પત્નીઓ હતી. સુહડસિંહ સં. ૧૨૯૭માં મરણ પામ્યો.

તેજપાલની પત્ની **અનુપમાદેવી**નું એના સમયમાં ભારતીય નારીઓમાં સ્થાન ઊંચું હતું. તે ચંદ્રાવતીના શેઠ ધરણિગ અને પત્ની ત્રિભુવનદેવીને ખીમો, આંબો,

---

૧. संवत् १२९० वर्षे चैत्र शुदि ११ रवौ स्तंभतीर्थवेलाकुलमणुपालयता महं० वस्तुपालेन श्रीधर्माभ्युदयमहाकाव्यमिदमलेखि ॥ठ॥
शुभमस्तु श्रोतृ-व्याख्यातृणाम् ॥ठ॥ (–श्रीप्रशस्तिसंग्रह, प्र. ७०, पृ. ५०)

ઉદ્દલ એમ ત્રણ પુત્રો અને અનુપમા નામની આ પુત્રી હતી. અનુપમા બુદ્ધિશાળી છતાં કદરૂપી હતી. તેજપાલે તેની સાથે સગપણ થયા પછી તે તોડવાને ઘણો પ્રયત્ન કર્યો હતો. છેવટે ભ૦ ચંદ્રપ્રભના યક્ષ વિજયને આઠ દ્રમ્મ ચડાવવાની માનતા પણ માની હતી, પણ ભાવિભાવને કોણ ફેરવી શકે ? તે તેજપાલના ઘરમાં આવી ત્યારથી જ તેનાં કુંકુમ પગલાંથી કુટુંબની ઉન્નતિ થવા લાગી. આથી થોડા દિવસોમાં જ તે સૌને પ્રિય થઈ પડી. ઘરનું એક પણ કામ તેની સલાહ વિના થતું નહોતું. આબૂ ઉપર લુણિગવસહીના નિર્માણમાં તેનો જ સક્રિય ફાળો હતો. તે પોતાના ભાઈ ઉદ્દલને સાથે રાખી ઘણા કાળ સુધી આબૂ ઉપર રહી હતી અને પોતાની જાતદેખરેખ નીચે આ કાર્ય પૂરું કરાવ્યું હતું. સ્વભાવે તે શાંત અને ઉદાર હતી.

ઉલ્લેખ મળે છે કે, એક વાર તે યતિઓને વહોરાવતી હતી ત્યારે તેમના હાથમાંનું ઘીનું પાત્ર અચાનક મહં૦ અનુપમાદેવી ઉપર પડ્યું. તેનાં કપડાં ઘીથી તરબોળ થઈ ગયાં. આથી મંત્રી તેજપાલ ગુસ્સે થઈ ગયો પણ અનુપમાદેવીએ તરત જ શાંત મગજથી જવાબ આપ્યો કે, 'જો ઘાંચીના ઘેર જન્મી હોત તો શું દશા હોત ? પણ મારાં અહોભાગ્ય છે કે, મારા ઉપર બીજા કોઈનું નહીં પણ પૂજ્ય ગુરુદેવના પાત્રનું ઘી ઢળ્યું છે.' મંત્રી આ સાંભળી શાંત થઈ બોલ્યો, 'મીઠી વાણી સાથેનું દાન, અભિમાન વગરનું જ્ઞાન, ક્ષમા સાથેનું સામર્થ્ય અને ત્યાગભાવના સાથેનો પૈસો– આ ચારે વસ્તુ અત્યંત દુર્લભ છે.'

મહં૦ અનુપમાદેવી સૌને છૂટે હાથે દાન આપતી હતી, તેથી તે ષટ્દર્શન-માતા તરીકે ખ્યાતિ પામી હતી. તેનું કંકણ કાવ્ય હતું કે, અવસર વીત્યા પછી અપાય કે બીજાઓ મારફત અપાય, તેનું ફળ મળે કે ન મળે, પણ અવસરે અને વિવેકથી પોતાના હાથે અપાય તેનું ફળ મળે જ છે.

તેણે નંદીશ્વર તપના ઉજમણામાં જિનપ્રાસાદ પૂરો ન થાય ત્યાં સુધી એકાસણાં કરી વામદેવ સલાટ દ્વારા શત્રુંજયતીર્થમાં નંદીશ્વર જિનપ્રાસાદ બનાવ્યો અને તે જ તીર્થમાં અનુપમસરોવર બંધાવ્યું.

તેણે સં. ૧૨૯૨ માં પંચમીતપનું ઉજમણું કર્યું, ત્યારે ૨૫ સમવસરણ બનાવ્યાં, શત્રુંજયતીર્થની તળેટીમાં ૩૨ વાડીઓ, ગિરનારતીર્થની તળેટીમાં ૧૬ વાડીઓ બનાવી. **તેજલપુર**માં જિનાલય, પોષાળ, તેની સાથે કુમાર સરોવર બનાવ્યાં. ઝાઝરિયા ગામમાં જિનપ્રાસાદ, વાવ અને તળાવ બનાવ્યાં હતાં. તેણે લુણિગવસહીના નિભાવ માટે ડાક અને ડમાણી ગામ અપાવ્યાં, તપોધનના ઉપકરણો માટે તે તે નામનાં પાત્ર, દોરૂ, ઝોલી, દાંડા વગેરે **ગામ** આપ્યાં.

(પ્રબંધાવલી, પુરા. પ્ર. સ., પૃ. ૬૩, ૬૫)

સમકાલીન કવિઓએ **મહં૦ અનુપમા**ની ખૂબ પ્રશંસા કરી છે, જેમકે –

'લક્ષ્મી ચંચળ છે, પાર્વતી ચંડી છે, ઇન્દ્રાણી શોક્યવાળી છે, ગંગા નીચે વહેનારી છે, સરસ્વતી તો કેવળ વાણીના સારવાળી છે, પણ અનુપમા અનુપમ છે.'

એટલે ભારતીય નારીઓના ઇતિહાસમાં અનુપમાનું સ્થાન અનુપમ છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી.

અનુપમાદેવીએ સં. ૧૨૯૩ ના પોષ સુદિ ૧૩ ના રોજ વડગચ્છના આ૦ મદનચંદ્રસૂરિને 'ઓઘનિર્યુક્તિ' વહોરાવી હતી. તેની પુષ્પિકામાં તેને માટે મહં૦ વગેરે વિશેષણો વાપરેલાં છે.

(૫-૧૧) **સાત પુત્રીઓ** – ૧. જાલ્હુ (ભાઉ), ૨. માઉ, ૩. સાઉ, ૪. ધન્ના, ૫. સોહગા, ૬. વયજુ અને ૭. પરમલદેવી (પદમલદેવી).

વસ્તુપાલ-તેજપાલ :

આસરાજના ૧૧ સંતાનોમાં વસ્તુપાલ અને તેજપાલ એ બંને ભાઈઓ ગુજરાતના ઇતિહાસના અમર પુરુષો છે.

તેમનો જન્મ સં. ૧૨૩૫ થી ૧૨૪૦ લગભગમાં થયો હતો. તે સૌ ભાઈ-બેનો (માતા-પિતાના મરણ બાદ) સં. ૧૨૫૦ પછી માંડલ આવી વસ્યાં. વ્યાપાર કરતાં તેઓના ભાગ્યનો સિતારો ચમક્યો. ધન વધ્યું. ત્રણ લાખ દ્રમ્મ થયા અને સૌનાં લગ્ન પણ થયાં. તેઓ રાજા ભીમદેવના મહેતા પણ હતા. તેમને મંડલેશ્વર વીરધવલ સાથે ગાઢ મૈત્રી હતી. કવિ સોમેશ્વર મંત્રી તેજપાલને વીરધવલનો અદ્વિતીય બંધુ બતાવે છે. (આબૂપ્રશસ્તિ, શ્લો. ૬૪)

વસ્તુપાલ-તેજપાલે પોતાની નાની ઉંમરમાં સં. ૧૨૪૯ માં માતા-પિતા સાથે શત્રુંજયતીર્થની યાત્રા કરી હતી. તેઓએ અહીં ધન વધ્યા પછી બાવળા ગામમાં દેરાસર બંધાવ્યું અને સં. ૧૨૭૬ માં નાનકડો શત્રુંજયનો યાત્રાસંઘ કાઢ્યો. તેઓને હડાલા ગામે જતાં માલુમ પડ્યું કે, રસ્તાના રજવાડાઓ મુસાફરોને લૂંટી લે છે. આથી તેઓએ કોઈ ન જાણે એવા સ્થાનમાં ૧ લાખ દ્રમ્મ દાટી રાખવાનો નિર્ણય કર્યો. પરંતુ તેઓ રાતે જ્યાં ધન દાટવા ગયા ત્યાંથી જ ખાડો ખોદતાં તેઓને સોનાનો ચરુ મળ્યો. અનુપમાદેવીએ તેઓને સલાહ આપી કે, આપણા ભાગ્યનો સિતારો ચમકે છે. ધનને ભૂમિમાં દાટવાની જરૂર નથી. ભૂમિમાતા તો આપણને સામેથી ધન આપે છે. માટે આ ધનને હવે પહાડ ઉપર ગોઠવો, એટલે કે પહાડો ઉપર વિશાળ ધર્મસ્થાનો બનાવો.

તેમણે શત્રુંજયની યાત્રા કરી. ત્યાં લલિતા સરોવર, નવાં મંદિરો તથા જીર્ણોદ્ધારો શરૂ કરાવ્યા. ત્યાંથી નીકળી ગિરનાર તથા પ્રભાસપાટણની યાત્રા કરી ધોળકા આવ્યા. ત્યારે ગુજરાતનો રાજા ભોળો ભીમદેવ હતો. તે ઘેલો

અને ઉડાઉ હતો. તેથી તેના સામંતો સ્વતંત્ર થવા લાગ્યા હતા. ગુજરાત-સૌરાષ્ટ્રની સ્થિતિ કથળવા લાગી હતી. તેને સ્વ. પિતામહ કુમારપાલે સ્વપ્નમાં સૂચવ્યું કે, 'તું લવણપ્રસાદને સર્વેશ્વર બનાવ. તે રાજ્યને બચાવી શકશે.' (–સુકૃતસંકીર્તન)

લવણપ્રસાદ અને તેના પુત્ર વીરધવલ વાઘેલાએ તે સમયે ધોળકાને પોતાનું પાટનગર બનાવી, ખંભાત સુધીનો પ્રદેશ જીતી લઈ પોતાનું રાજ્ય સ્થાપ્યું હતું. ગુજરાતની દેવી **મહણદેવી**એ પિતા-પુત્રને સ્વપ્નમાં જણાવ્યું કે, 'તમે ગુજરાતનો ઉદ્ધાર કરો. વસ્તુપાલ-તેજપાલને મહામાત્ય બનાવો. આથી તમારો પ્રતિદિન ઉદ્ધાર થશે.' આ પિતા-પુત્રે રાજપુરોહિત સોમેશ્વરની સલાહથી અને ગુજરાતના રાજા ભીમદેવની સમ્મતિથી વસ્તુપાલ-તેજપાલને સં. ૧૨૭૭ માં પોતાના મહામાત્ય બનાવ્યા. તેઓ મહામાત્ય બન્યા તે પહેલાં રાજા વીરધવલ તથા રાણી જયતલ તેમને મળવા ગયાં હતાં. ત્યારે અનુપમાદેવીએ પોતાના પિયરથી લાવેલો ઝવેરાતનો હાર રાણીને પહેરાવ્યો હતો, પણ રાજાએ તે પાછો આપી દીધો. વસ્તુપાલ-તેજપાલે મહામાત્ય બનતા પહેલાં સૌ જનતા સમક્ષ રાજા પાસેથી વચન માગી લીધું કે, 'આજે અમારી પાસે ત્રણ લાખ દ્રમ્મ છે. તમારી સાથે અમારે વાંધો પડે ત્યારે તમારે અમારા આ ધનને સ્પર્શ કરવો નહિ.' રાજાએ આ શરત કબૂલ રાખી તેઓને પ્રધાન બનાવ્યા. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૧૦૨)

મંત્રીઓએ સં. ૧૨૭૭ માં શ્રીસંઘ સાથે શત્રુંજયનો યાત્રાસંઘ કાઢ્યો. લલિતા-સરોવર આગળ પડાવ નાખ્યો હતો. દાદાની યાત્રાપૂજા કરી તેમણે ત્યાં સ્વર્ણકળશો, ચોકીઓ, આરાધ્યમૂર્તિઓ, ઈન્દ્રમંડપો તથા દેરાસર બનાવ્યાં અને શત્રુંજયની યાત્રા માટે કુમારપાલના હડા સુધીની પાજ બંધાવી. આ પ્રસંગે અહીં 'કરુણાવજ્રાયુધ-નાટક' ભજવાયું હતું. સંઘ શત્રુંજય, ગિરનાર તથા પાટણની યાત્રા કરી ધોળકા આવ્યો.

આ૦ સોમપ્રભસૂરિ, પં૦ જગચ્ચંદ્રગણિ વગેરે આ સંઘમાં સાથે હતા.

દશા-વીશા વગેરે જ્ઞાતિઓ –

સંભવ છે કે, આ અરસામાં દશા–વીશાના ભેદ પડ્યા હોય. એ વિશે એવો ખુલાસો મળે છે કે, મહાજનની ૮૪ જ્ઞાતિઓ ગણાતી તે સમયે તે મોટે ભાગે **જૈનધર્મ** પાળતી હતી. આ જ્ઞાતિઓમાં ક્યાંક ક્યાંક વિધવાવિવાહ પણ પ્રચલિત હતો. એવા વિવાહ કરનારા છૂટાછવાયા હતા, તેમની કોઈ એક વ્યવસ્થિત જ્ઞાતિ નહોતી.[1] મંત્રી વસ્તુપાલના સમયે તેણે જ્ઞાતિનું સ્વરૂપ લીધું હોય એમ લાગે છે.

એક વાર વસ્તુપાલ-તેજપાલે સાધર્મિકવાત્સલ્ય કર્યું. સૌને નોતરું દેવામાં આવ્યું, પણ એક શેઠનો પુત્ર, જે નિર્ધન બની ગયો હતો તેને નોતરું આપવાનું

---

૧. જૂઓ, અંચલગચ્છની (ગુજરાતી) મોટી પટ્ટાવલી, પૃ. ૯૧.

ભૂલી જવાયું. તે શેઠના પુત્રે ૮૪ જ્ઞાતિની વિશાળ સભામાં યુક્તિપૂર્વક વાત મૂકી કે, 'અમે કુલીન છીએ પણ ગરીબ થયાના કારણે અમારી ટાલ (ઉપેક્ષા) કરવામાં આવી છે. વસ્તુપાલ-તેજપાલ વિધવાના પુત્રો છે પણ ધનાઢ્ય છે અને રાજ-સત્તામાં મહામાત્યપદે છે. તમને જમણ મળે છે એટલે તમને અમારા ગરીબની શી પડી હોય ?'

શેઠના પુત્રના આ શબ્દોએ સભામાં વીજળી જેવો આંચકો પેદા કર્યો. હોહા થવા લાગી. પછી તો આ સભામાંથી કેટલાક ઊઠીને ચાલવા માંડ્યા. જે ગયા તે 'વીશા' કહેવાયા અને જેઓ મંત્રીની સાથે રહ્યા તે 'દશા' કહેવાયા.

ચોરાશી જ્ઞાતિઓમાં આ ભેદો પડ્યા. આ જ્ઞાતિભેદનું એ પરિણામ આવ્યું કે, વીશા અને દશામાં એક રોટી-વ્યવહાર ચાલુ રહ્યો પણ બેટી-વ્યવહાર બંધ થઈ ગયો. જો કે દશા એ વિધવાના સંતાનને પોતાના વર્ગમાં મેળવી લેનારો સમુદાય છે, પણ વિધવાવિવાહનો હિમાયતી નથી. એટલે દશામાં પણ વિધવા-વિવાહ થતો તો નથી જ. પછી તો એમાં પણ જે વિધવાવિવાહ કરનારા નીકળ્યા તે તેનાથી જુદા પડ્યા અને સમય જતાં તેઓ પાંચા, અઢિયા, સવાયા તરીકે જાહેર થયા. આજે ગુજરાતના ભાલેજ ગામમાં **પાંચા**ની જ્ઞાતિ વિદ્યમાન છે. કર્ણાટકમાં દિગંબરોમાં ચતુર્થ-પંચમ જ્ઞાતિ વિદ્યમાન છે.

વરહુડિયા શા૦ નેમડના વંશજોમાં બીજી જ્ઞાતિઓની કન્યા વધુ પ્રમાણમાં આવી તેથી તેના વંશજો 'નેમા' કહેવાયા. તેમાં પણ દશા-વીશાના ભેદો પડ્યા.

શેઠનો પુત્ર વગેરે લાટના (મહી અને દમણ વચ્ચેના પ્રદેશના) હતા. તેના મિત્રો અને પરિવાર ગુજરાતની દક્ષિણમાં ઠેઠ તાપી નદી સુધી ચાલ્યા ગયા તે 'લાડવા શ્રીમાલી' કહેવાયા.

★ ★ ★

મંડલેશ્વર **લવણપ્રસાદ** અને વીરધવલે બંને મંત્રીઓની મદદથી ગુજરાતની બગડેલી સ્થિતિને સુધારવા પ્રયત્ન શરૂ કર્યો. તેમણે સર્વપ્રથમ સૌરાષ્ટ્રનાં નાનાં-મોટાં રજવાડાંઓને કાબૂમાં લીધાં. જૂના અમલદારો તથા વેપારીઓ પાસેથી ઘણું ધન એકઠું કરીને મોટું સૈન્ય ઊભું કર્યું. મહામાત્ય વસ્તુપાલે ખંભાતના ધનિક ચાંચિયા સદીકને મારીને તેનો તેજંતુરીનો કરંડિયો હાથ કર્યો અને તેનું ધન રાજભંડારમાં દાખલ કર્યું. તેનો સાગરીત ભરૂચના રાજા સિંધુરાજાનો પુત્ર **શંખ** હતો, જેણે મંત્રી વસ્તુપાલને ખંભાતના હાકેમ બનાવવાની લાલચ આપી હતી.

(–જૈનસત્યપ્રકાશ, વર્ષ : ૩, પૃ. ૪૩૫)

મંત્રી વસ્તુપાલે શંખની એ લાલચને મહાપાપ માની તેની સાથે લડાઈ આદરી. શંખને હરાવી નસાડ્યો અને પોતાના પુત્ર જયતલ (જયંતસિંહ)ને સં. ૧૨૭૯માં

ખંભાતનો દંડનાયક નીમ્યો. મંત્રી તેજપાલે ગોધરાના લૂંટારુ રાજા ધૂઘલને માર્યો અને એ રીતે ખંભાતનો દરિયામાર્ગ, લાટ અને ગોધરાનો પ્રદેશ વેપારીઓ અને વટેમાર્ગુઓ માટે નિર્ભય બનાવ્યો.

વસ્તુપાલે સં. ૧૨૮૨માં ખંભાતના આ૦ મલ્લવાદીના વ્યંગ્ય ઉપદેશથી પોતાની ચાંદીની પાલખી દાનમાં આપી. તે ચાંદીમાંથી જિનપ્રતિમા બનાવી સ્નાત્રપૂજા માટે ભરૂચના શકુનિકાવિહારમાં અર્પણ કરી.

દિલ્હીના બાદશાહ **અલ્તમશ શમશુદ્દીન** (સં. ૧૨૬૬ થી ૧૨૯૩) અમીર શીકાર (મીલમચ્છીકાર)નો સેનાપતિ ઘોરી **ઈસપ** સં. ૧૨૮૩-૮૪માં ગુજરાત ઉપર ચડી આવ્યો ત્યારે હિંદુ રાજાઓનું સંગઠન સફળ બન્યું હતું, તેથી મહામાત્ય વસ્તુપાલ મહણ્ણલદેવીને આરાધી, વરદાન મેળવી, એક લાખ ઘોડેસવારો સાથે પાટણથી નીકળ્યો. તે પાલનપુર થઈ આબૂ ગયો અને યુદ્ધનો વ્યૂહ ગોઠવી તૈયાર રહ્યો. તેની સામે બાદશાહના સૈન્યે આબૂની ઘાટીમાં આવી પડાવ નાખ્યો કે તરત જ વસ્તુપાલે દક્ષિણ દિશામાંથી મારો ચલાવ્યો, અને **ધારાવર્ષદેવ** વગેરે ખંડિયા રાજાઓએ પાછળથી ઉત્તર દિશામાંથી મારો ચલાવ્યો અને એ રીતે બાદશાહી સૈન્યનો ઘાટીમાં જ વિનાશ કર્યો. મંત્રી વસ્તુપાલ વિજય મેળવી, પાટણ થઈ **ધોળકા** આવ્યો. પ્રજાએ તેનું ઉમળકાથી સ્વાગત કર્યું. તે દિવસે એક ફૂલની કિંમત ૧ સિક્કા દ્રવ્યની થઈ હતી. પ્રજાએ એવાં મોંઘાં પુષ્પોની માળાથી મંત્રીનું સ્વાગત કર્યું હતું.[1]

મંત્રીએ આ વિજયના ઉપલક્ષમાં **તારંગાતીર્થ**માં ભ૦ અજિતનાથના દેરાસરમાં ગોખ કરાવ્યો હતો, જેમાં સં. ૧૨૮૪ ના ફાગણ સુદિ ૨ ને રવિવારે ભ૦ આદિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી. (જૈ.સ.પ્ર. વર્ષ : ૨, પૃ. ૬૭)

મંત્રીને હજી મોટો ડર હતો કે, **કુતબુદ્દીન ઐબક**ની જેમ બાદશાહ **અલ્તમશ** પણ ગુજરાત પર ફરી વાર ભયંકર હુમલો કરશે. આથી તે એના ઉપાય શોધી રહ્યો હતો.

નાગોરનો સંઘપતિ **શેઠ પૂનડ** જૈન હતો. બાદશાહ **અલ્તમશ**ની પ્રિય બેગમ **પ્રેમકલા** તેને પોતાનો ધર્મબંધુ માનતી હતી. તે મોટો સંઘ લઈ શત્રુંજય તીર્થની યાત્રાએ જતો હતો. સં. ૧૨૮૬ માં તે **માંડલ** આવ્યો એટલે મંત્રી વસ્તુપાલ તેને ત્યાંથી ધોળકા લઈ આવ્યો અને સંઘવીનું દબદબાભર્યું સ્વાગત કર્યું. તે પછી બાદશાહની માતા **કુશીદા બેગમ** મક્કા શરીફની યાત્રા માટે નીકળી, તેનો

---

૧. ભરૂચના મંદિરમાં આ૦ જયસિંહસૂરિએ આ વિજયને ઉદ્દેશી સં. ૧૨૮૫ લગભગમાં 'હમ્મીરમદમર્દન' નામક નાટક રચ્યું અને તે નાટક ખંભાતમાં ભીમેશ્વર મહાદેવના યાત્રા-ઉત્સવ પ્રસંગે ભજવવામાં આવ્યું હતું.

ધર્મગુરુ આલમ પણ તેની સાથે હતો. તે સમુદ્ર રસ્તે જવા માટે ખંભાત બંદરે આવી પહોંચી, ત્યારે વસ્તુપાલે ઘડેલી યોજના પ્રમાણે લૂંટારાઓએ તે બેગમ માતાને લૂંટી લીધી. માતાએ મંત્રી આગળ ફરિયાદ કરી. મંત્રી વસ્તુપાલે ત્યાં આવીને પાઈએ પાઈનો સમસ્ત માલ પાછો અપાવ્યો. તેનો બહુ સત્કાર કર્યો. તે યાત્રા કરીને પાછી ફરતાં ફરી ખંભાત આવી. ત્યારે પણ મંત્રીએ તેનું ઘણું સમ્માન કર્યું. બાદશાહની માતા કુશીદા બેગમે મંત્રી વસ્તુપાલને પોતાનો ધર્મપુત્ર કહી પોતાની સાથે દિલ્હી લઈ ગઈ અને માતાએ બાદશાહ આગળ મંત્રી વસ્તુપાલની ભારે પ્રશંસા કરી. આથી બાદશાહ અને મંત્રી વસ્તુપાલ વચ્ચે ગાઢ મૈત્રીસંબંધ બંધાયો. મંત્રી વસ્તુપાલ દિલ્હીથી પાછો ફર્યો તે પહેલાં બાદશાહ પાસેથી પાકું વચન લીધું કે, 'હું જીવનપર્યંત ગુજરાત પર ચડાઈ નહીં કરું.' એ રીતે મંત્રી વસ્તુપાલે ગુજરાતને દિલ્હીના બાદશાહથી નિર્ભય બનાવ્યું. (જૂઓ, ભાગ-૩, પ્રક. ૪૫, પૃ. ૩૦૫) વળી, બાદશાહની સમ્મતિથી આરસનો પથ્થર મેળવી ભ૦ આદિનાથની પ્રતિમા ઘડાવી **શત્રુંજય તીર્થ** ઉપર સ્થાપન કરી.

હવે ગુજરાતમાં સર્વથા શાંતિ હતી. મંત્રીઓએ શાંતિપર્વ તથા શિવપુરાણ વગેરેના શ્લોકો અને ઉદાહરણો વડે રાજા **વીરધવલને** માંસ, શિકાર અને મદિરાથી વિમુખ બનાવ્યો અને મલ૦ **આ૦ દેવપ્રભ**ના ઉપદેશો સંભળાવી, ધર્મનો તાત્ત્વિક પ્રેમી બનાવ્યો.

મંત્રી વસ્તુપાલે સં. ૧૨૮૭માં શત્રુંજય તીર્થનો મોટો યાત્રાસંઘ કાઢ્યો. વઢવાણના નગરશેઠે તેને સત્કારમાં દક્ષિણાવર્ત શંખ આપ્યો. મંત્રી વસ્તુપાલે તે ભેટણું સ્વીકારી તેના બદલામાં તેને પોતાનો પ્રભાવશાળી **શંખ** આપી સાધર્મિક પ્રેમનો દાખલો બેસાડ્યો.

આ સંઘમાં નાગેન્દ્રગચ્છના આચાર્યો આ૦ **વિજયસેન**, આ૦ ઉદયપ્રભ, આ૦ વર્ધમાન, મલધારગચ્છના **આ૦ નરચંદ્ર**, નાગેન્દ્રગચ્છના આ૦ મલ્લવાદી, આ૦ વર્ધમાનસૂરિ, વાયડગચ્છના આ૦ **જિનદત્ત**, રાજગચ્છના આ૦ **બાલચંદ્ર**, ચૈત્રવાલગચ્છના આ૦ ભુવનચંદ્રસૂરિ, વડગચ્છના આ૦ જગચ્ચંદ્રસૂરિ વગેરે ૭૦૦ આચાર્યો, ૨૧૦૦ સાધુઓ, ઘણી સાધ્વીઓ, ૧૧૦૦ દિગંબર શ્રમણો, ઘણા લઘુ સંઘપતિઓ, ૧૩૪ જિનપ્રતિમાઓ, ૧૯૦૦ શ્રીકરી, ૭૦૦ પાલખીઓ, ૪૦૦૫ સેજવાલાં, ૪૫૦ જૈન ભોજકો, ૧૦૦૦ ચારણો, ૩૩૦૦ ભાટ, ૧૦૦૦ કંદોઈ, ૧૦૦૦ સુથાર, ૧૦૦૦ લુહાર, ૨૦૦૦ પોઠિયા, ૪૫૦૦ ગાડાં, ૭૦૦ ઊંટ, ૪૦૦૦ ઘોડા, ૧૮૦૦ વાજાં, ૪ રાજસુરંગ, ૭ લાખ મનુષ્યોની મોટી સેના અને એ જ હિસાબે તંબૂ, પાણીની ટાંકીઓ અને સરસામાન હતો.

એ મંત્રીઓએ સં. ૧૨૭૭ તથા સં. ૧૨૮૭ માં પાલીતાણામાં લલિતા સરોવર, ઉપાશ્રય તથા પરબ બંધાવ્યાં હતાં. શત્રુંજય તીર્થમાં શકુનિકાવતાર,

સત્યપુરાવતાર, સ્તંભનતીર્થાવતાર તથા અંબા, શાંબ, પ્રદ્યુમ્ન અને અવલોકન એ ચાર શિખરોયુક્ત ઉજ્જયંતાવતારનાં નવાં મંદિરો તેમજ પોતે, પોતાના પૂર્વજો, ભાઈઓ તથા બંને રાજાઓની મૂર્તિઓ, મોઢેરપુરાવતારમાં પોતાની આરાધક મૂર્તિઓ, ભ૦ આદીશ્વરનું મંદિર વગેરેના ઇન્દ્રમંડપો, તોરણો, સ્વર્ણકળશો તથા સુવર્ણનું રત્નજડિત પૂંઠિયું, સરસ્વતીની પ્રતિમા, કપર્દી યક્ષનો મંડપ અને અનુપમાતળાવ વગેરે બંધાવ્યાં. ગુજરાતના મહામંત્રી બાહડદેવના દેવદાયમાં વધારો કર્યો. તથા અહીં તીર્થની સંભાળ માટે ચાર જૈન કુટુંબોને વસાવ્યા. એકંદરે અહીં ૧૮,૯૬,૦૦,૦૦૦ દ્રવ્ય વાપર્યું હતું.

તેજલપુર –

મંત્રીઓએ શત્રુંજયની તળેટીમાં લલિતાસરોવરના કાંઠે, જ્યાં સંઘનો પડાવ હતો ત્યાં **તેજલપુર** વસાવ્યું. તેને કોટ કરાવ્યો અને તેમાં ભ૦ પાર્શ્વનાથ અને મહાદેવના મંદિરો બંધાવ્યાં. ત્યાં નવા જૈનો વગેરેને વસાવ્યા.

તપાગચ્છીય આ૦ દેવસુંદરસૂરિના શ્રાવક ઘોઘાના સં. સરવણે લલિતા-સરોવરને સુધરાવ્યું અને તેના નાનાભાઈ ધાંધે ભ૦ પાર્શ્વનાથના જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યો. (જૂઓ, પ્રક. ૪૯, પૃ. ૪૪૦-૪૪૧)

આ નગરનો મહમ્મુદ બેગડાની સેનાએ નાશ કર્યો આથી ત્યાંના વતનીઓ પાલીતાણામાં જઈ વસ્યા.

સમ્રાટ અકબરના શેખ અબુલફજલે સૌરાષ્ટ્રના મહેસૂલી વિભાગ પાડ્યા. તેના ત્રીજા વિભાગમાં લખે છે કે, 'તેનો ત્રીજો વિભાગ શત્રુંજયની ડુંગરીની તળેટીમાં છે, તેમાં એક જૂનું પડતી દશાનું શહેર છે. (સૌરાષ્ટ્રનું ઇતિહાસદિગ્દર્શન)

આ સ્થાન આજે શત્રુંજય પહાડની ઉત્તરમાં અને જય તળેટીથી પૂર્વમાં ભૂતેશ્વર મહાદેવના નામથી વિખ્યાત છે.

સંઘ શત્રુંજય, પ્રભાસપાટણ, ગિરનાર, વંથલી થઈને ધોળકા આવ્યો. ત્યાં રાજા વીરધવલ, મંત્રી તેજપાલ તથા શહેરના આગેવાનોએ સંઘનો સુંદર સત્કાર કર્યો.

મંત્રી વસ્તુપાલ વિચારશીલ જૈન હતો. તે ધર્મપ્રભાવના માટે જૈન ધર્મ-સ્થાનોની માફક જૈનેતર ધર્મસ્થાનો પણ બંધાવતો હતો; પણ બીજો કોઈ જૈન એના પગલે ચાલી જૈનેતર ધર્મસ્થાનને ઉત્તેજન આપે તો તે વાત તેને પસંદ નહોતી. આ સંઘના એક યાત્રિકે જૈન તીર્થમાં થોડું દાન કર્યું અને સોમનાથમાં વિશેષ ધન આપ્યું. આ હકીકત જાણીને મંત્રીએ જણાવ્યું કે, 'આ સંઘમાં આવેલા બીજે સ્થળે વધુ દાન આપી ન શકે અને કોઈ એવી ભૂલ કરે તો તેણે પ્રાયશ્ચિત્ત લેવું જોઈએ. કોઈ પણ વ્યક્તિ પોતે સ્વતંત્ર સંઘ કાઢી તેની ઇચ્છા મુજબ વર્તી

શકે.' તે યાત્રિકે મંત્રીની વાતને ન્યાયી માનીને જૈન તીર્થમાં મોટી રકમનું દાન કર્યું.

મલધાર આ૦ **નરચંદ્રસૂરિ** આ (૧૨૮૭) સાલમાં ભાદરવા વદિ ૧૦ ના રોજ સમાધિપૂર્વક સ્વર્ગસ્થ થયા. તેમણે મંત્રી વસ્તુપાલને ભવિષ્યવાણીરૂપે કહ્યું હતું કે, 'આજથી દશ વર્ષે તારું મરણ થશે.'

મંત્રી **તેજપાલે** સં. ૧૨૮૬ માં આબૂ ઉપરના **દેલવાડામાં વિમલવસહી**ની પાસે નવી જમીન ખરીદી તેમાં **લુણિગવસહી**નું કામ શરૂ કર્યું. તેમાં સં. ૧૨૭૮માં ભ૦ મલ્લિનાથનો ગોખલો ભાઈ મલ્લદેવના કલ્યાણ માટે બાંધવામાં આવ્યો. મંત્રીએ સં ૧૨૮૭ના ફાગણ વદિ ૩ ને રવિવારે આ૦ વિજયસેનસૂરિના હાથે લુણિગવસહીના મંદિરમાં ભ૦ નેમિનાથ વગેરેની પ્રતિષ્ઠા કરાવી. આ ઉત્સવમાં ૪ મહાધરો, ૧૨ માંડલિકો, ૮૪ રાણા, ૮૪ જ્ઞાતિઓના મહાજનો વગેરે હાજર હતા. જેની કોરણી આજે જગતભરમાં અદ્વિતીય મનાય છે તે લુણિગવસહી મંદિર ઉપર સં. ૧૨૯૨માં ધજાદંડ ચડાવ્યો. સં. ૧૨૯૩ અને સં ૧૨૯૭માં પણ અહીં પોતાનાં માતા, પિતા, બહેનો, લલિતાદેવી, સુહડાદેવી, પુત્રીઓ વગેરેના નામથી દેરીઓ બનાવેલી છે. એટલે આ મંદિરનિર્માણનું કાર્ય સં. ૧૨૯૭ સુધી ચાલતું હતું. અહીંના દરેક કાર્યમાં મળીને ૧૨,૫૩,૦૦,૦૦૦ દ્રવ્ય ખરચાયું છે. (જૂઓ, પ્રક. ૩૭, પૃ. ૨૪૨ થી ૨૪૬)

મંત્રી **વસ્તુપાલે** ગિરનાર તીર્થ ઉપર પોતાના તથા પરિવારના કલ્યાણ માટે **તીર્થોદ્ધાર** કર્યો. શત્રુંજયાવતાર, અષ્ટાપદાવતાર, સમેતશિખરાવતાર, સ્તંભનતીર્થાવતાર, સત્યપુરાવતાર અને કાશ્મીરાવતાર, સરસ્વતી વગેરે પ્રાસાદો બનાવ્યાં. તે દરેકની સં. ૧૨૮૪ના ફાગણ સુદિ ૧૦ ને બુધવારે આ૦ વિજયસેનસૂરિ પાસે પ્રતિષ્ઠા કરાવી. આસરાજવિહાર, કુમારદેવીસરોવર અને ઉપાશ્રય બનાવ્યાં. વૃદ્ધ યાત્રાળુઓ માટે ડોળીઓ વસાવી. અહીંના ભટ્ટો યાત્રિકો પાસેથી કર લેતા હતા તે કર માફ કરાવ્યો. અહીં ૧૨,૮૦,૦૦૦ દ્રવ્ય વાપર્યું. પ્રભાસપાટણમાં અષ્ટાપદાવતાર પ્રાસાદ બંધાવ્યો અને આસપાસ બીજાં લૌકિક તીર્થો પણ બંધાવ્યાં.

બંને ભાઈઓ આ૦ **જગચ્ચંદ્રસૂરિ**, ઉપા૦ દેવભદ્ર, આ૦ દેવેન્દ્રસૂરિના તપત્યાગભર્યા વૈરાગ્યના ઉપદેશથી પ્રભાવિત હતા. તેમના મહેતાએ આ૦ જગચ્ચંદ્રસૂરિ પાસે દીક્ષા લીધી હતી. મંત્રી વસ્તુપાલે આ૦ દેવેન્દ્રસૂરિ ખંભાત હતા ત્યારે તેમના વ્યાખ્યાનમાં સૌને મુહપત્તિની પ્રભાવના કરી હતી.

સં. ૧૨૯૪માં રાણો **વીરધવલ** મરણ પામ્યો. મંત્રી વસ્તુપાલે તેની ઇચ્છા મુજબ તેના બીજા પુત્ર વીશલદેવને ધોળકાની ગાદીએ બેસાડ્યો. વીશલદેવે સત્તાના મદમાં નાગડ બ્રાહ્મણને મહામાત્ય બનાવ્યો અને બંને મંત્રીઓને તેના

હાથ નીચેના નાના મંત્રીઓની જગા આપી. સમરાક પ્રતીહારની ભંભેરણીથી બંને મંત્રીઓ પાસે ધનની માગણી કરી અને ધન ન હોય તો તેની ખાતરી કરવા ઘટસર્પનું દિવ્ય માગ્યું. દાદા લવણપ્રસાદે તેને તેમ કરતાં વાર્યો પણ તેણે પોતાની હઠ છોડી નહીં, એટલે રાજપુરોહિત સોમેશ્વરે તેને સમજાવી આ અકૃત્યથી રોક્યો.

એક દિવસે એક ક્ષુલ્લકે ઉપાશ્રયનો કચરો ભૂલથી નીચે ફેંકયો. તે રસ્તામાં જતા રાજાના મામા સિંહ જેઠવા ઉપર પડ્યો. મામાએ ગુસ્સે થઈ તે ક્ષુલ્લકને માર્યો અને ગાળો આપી. આ સાંભળી મંત્રી વસ્તુપાલે રાજપુત્ર ભૂણપાલને મોકલી મામાનો હાથ કપાવી મંગાવી પોતાના રાજમહેલની આગળ લટકાવ્યો. બંનેની સેનાઓ લડવા માટે તૈયાર થઈ. રાજા વિશલદેવને ત્યારે વિમાસણ થઈ કે હવે શું કરવું ? અંતે પુરોહિત **સોમેશ્વરે** રાજા, મામા તથા મંત્રીઓને સમજાવી શાંત પાડ્યા. રાજાએ મામા પાસે મંત્રીની માફી મંગાવી અને મંત્રી તથા તેમના ધર્મનું ગૌરવ વધાર્યું.

મંત્રી **વસ્તુપાલે** વિચાર કર્યો કે, આ૦ નરચંદ્રસૂરિના ભવિષ્યકથન મુજબ હવે મારું આયુષ્ય ઓછું છે. તેથી સં. ૧૨૯૭-૯૮માં તે શત્રુંજય તીર્થની યાત્રા કરવા માટે સંઘ સાથે નીકળ્યો અને રસ્તામાં અંકેવાલિયા ગામમાં ગુરુદેવો પાસે નિર્યામણા કરી સમાધિપૂર્વક મરણ પામ્યો અને **મહાવિદેહ ક્ષેત્રમાં** રાજાના ઘેર તેનો જન્મ થયો.

મંત્રી તેજપાલ અને મંત્રી જયંતસિંહે **અંકેવાલિયા**માં તળાવ ખોદાવ્યું તથા વસ્તુપાલના શબને શત્રુંજયના પ્રદેશમાં લાવીને અગ્નિસંસ્કાર કર્યો. અહીં **સ્વર્ગારોહણ-પ્રાસાદ** બંધાવ્યો અને અંકેવાલિયા ગામમાં જિનપ્રાસાદ, સરોવર તથા દાનશાલા બંધાવ્યાં. મહામાત્ય તેજપાલ પણ સં. ૧૩૦૮માં શંખેશ્વરતીર્થ પાસેના **ચંદ્રૂર ગામમાં** છેલ્લે પહોરે સમાધિપૂર્વક મરણ પામ્યો. ત્યાં તેના પુત્રે જિનપ્રાસાદ બંધાવ્યો જે આજે પણ વિદ્યમાન છે.

મંત્રી વસ્તુપાલ-તેજપાલે ઘણાં ધર્મકાર્યો કર્યાં છે. તેમાંના કેટલાકની યાદી નીચે મુજબ છે[૧] –

જિનપ્રાસાદો ૧૩૦૪ ધોળકા વગેરેમાં, જીર્ણોદ્ધારો ૨૩૦૦ પંચાસરા પાર્શ્વનાથ, સ્તંભન પાર્શ્વનાથ વગેરેના; સવા લાખ જિનબિંબો, ૯૮૪ ઉપાશ્રયો, ૫૦૦ આચાર્યનાં સિંહાસનો, ૫૦૦ કપડાના સમવસરણ મંડપો, ૭૦૦ બ્રહ્મ-શાળાઓ, ૭૦૦ પાઠશાળાઓ, ૩૦૦૨ વીરધવલ, નારાયણ વગેરે કૃષ્ણાલયો

૧. આ અંગે પ્રબંધકોશ, સુકૃતસંકીર્તનમાં નાની નાની નોંધો મળે છે અને જિનહર્ષકૃત 'વસ્તુપાલચરિત્ર'માં તેની વિગતવાર નોંધ મળે છે.

અને શૈવાલયો, ૭૦૦ મઠો, ૭૦૦ અન્નશાળાઓ સ્થાપન કરી. પ્રતિદિન ૫૦૦ વેદપાઠીઓના કુટુંબોના નિર્વાહની વ્યવસ્થા કરાવી. દર સાલ ત્રણવાર સંઘપૂજા, ૩૨ પથ્થરના નવા કિલ્લાઓ, ૬૪ મસ્જિદો, ૮૪ તળાવો, ૬૩૪ વાવો, ૭૦૦ કૂવાઓ, અનેક વેપારી મંડીઓ, દવાખાનાં, પરબો વગેરે બંધાવ્યાં. તેઓએ ૫૩ યુદ્ધોમાં વિજય મેળવ્યો. પોતાની પત્નીઓનાં તપનાં મોટાં ઉજમણાં કરાવ્યાં. પાંચમ અને અગિયારસના ઉજમણા માટે પાંચ તથા અગિયાર નિર્ધન જૈનોને ધન આપી લખપતિ બનાવ્યા. સાત કરોડનું દ્રવ્ય ખરચી જ્ઞાનભંડાર બનાવ્યા. સર્વસિદ્ધાંતની એકેક નકલ સોનાની શાહીથી અને બીજી નકલ તાડપત્ર અને કાગળ ઉપર લખાવી (ઉપ.૨૬). પંડિતોને બક્ષીસ તેમજ ગરીબોને ઘણું દાન આપ્યું. શત્રુંજય, ગિરનાર અને આબૂ ઉપર મળીને અબજોનુ દ્રવ્ય ખરચ્યું. તેમણે ૧૮ વર્ષમાં કુલ ૨૦,૭૩,૧૮,૦૦,૦૦૦ દ્રવ્ય ખરચ્યું હતું એવી માહિતી મળે છે.

વસ્તુપાલની કૃતિઓ અને પ્રશસ્તિ –

મંત્રી વસ્તુપાલ પોતે વિદ્વાન હતો તેમજ વિદ્વાનોનો પરીક્ષક અને પોષક હતો. તેણે 'નર-નારાયણનંદ મહાકાવ્ય' (સર્ગ : ૧૬), શત્રુંજયમંડન–આદિનાથ-સ્તોત્ર–મનોરથમય (શ્લો. ૧૨), ગિરનારમંડન, શ્રીનેમિનાથસ્તોત્ર, અંબિકાદેવીસ્તોત્ર તથા આરાધના (શ્લો. ૧૦) વગેરે રચેલી કૃતિઓ મળે છે.

મહામાત્ય વસ્તુપાલે નર-નારાયણાનંદ મહાકાવ્યમાં અર્જુન તથા કૃષ્ણ વાસુદેવે ગિરનાર ઉપર પરિભ્રમણ કર્યું તેનું વર્ણન કર્યું છે.

મહામાત્યે શત્રુંજયમંડન-આદિનાથ સ્તોત્રમાં પોતાના મનોરથો આ રીતે વ્યક્ત કર્યા છે –

संसारव्यवहारतो रतिमतिव्यावर्त्य कर्तव्यता-
वार्तामप्यपहाय चिन्मयतया त्रैलोक्यमालोकयन् ।
श्रीशत्रुञ्जयशैलगह्वरगुहामध्ये निबद्धस्थितिः
श्रीनाभेय ! कदा लभेय गलितज्ञेयाभिमानं मनः ? ॥५॥

–સંસારવ્યવહારમાંથી પ્રીતિ પાછી ખેંચી લઈને, કામકાજની વાત છોડી દઈને, ચિન્મયપણે ત્રણ લોકનું અવલોકન કરીને શત્રુંજયપર્વતની એકાદ ગુફામાં રહીને, હે નાભિના પુત્ર ઋષભદેવ ભગવાન ! મારા મનને હું અભિમાન રહિત ક્યારે બનાવી શકીશ ?

आस्यं कस्य न वीक्षितं क्व न कृता सेवा ? न के वा स्तुताः ?।
तृष्णापूरपराहतेन विहिता केषां न चाभ्यर्थना ॥
तत् त्रातर् ! विमलाद्रिनन्दनवनीकल्पैककल्पद्रुम ! ।
त्वामासाद्य कदा कदर्थनमिदं भूयोऽपि नाहं सहे ॥९॥

—કોના મુખ સામે નથી જોયું ? ક્યાં સેવા નથી કરી ? કોની સ્તુતિ નથી કરી ? તૃષ્ણાના પુરમાં અટવાઈને હે તારક ? કોની અભ્યર્થના કરી નથી ? હે વિમલાદ્રિ-શત્રુંજય રૂપી નન્દનવનમાં કલ્પવૃક્ષ સમા પ્રભો ! હું તને ક્યારે પ્રાપ્ત કરીશ ? અને મારી કદર્થનાનો અંત ક્યારે આવશે ?

મહામાત્ય વસ્તુપાલ 'આદિનાથસ્તોત્ર'ના ૧૨મા શ્લોકમાં તેમજ અંબિકા-સ્તુતિના ૧૦મા શ્લોકમાં પોતાને [1]ગુર્જરચક્રવર્તીનો સચિવ બતાવે છે.

મહામાત્ય ભ૦ નેમિનાથને આ રીતે વર્ણવે છે –

जयत्यसमसंयमः शमितमन्मथप्राभवो
भवोदधिमहातरिर्दुरितदावपाथोधरः ।
तपस्तपनपूर्वदिक् कलुषकर्मवल्लीगजः
समुद्रविजयाङ्गजस्त्रिभुवनैकचूडामणिः ॥१॥

—અસમ સંયમવાલા, મન્મથને શાંત કરનાર, ભવોદધિ માટે મોટા નાવસમા, પાપરૂપી દાવાનલ માટે મેઘસમા, તપરૂપી સૂર્ય માટે પૂર્વદિશા સમા, અને કલુષિત કર્મવલ્લીનો નાશ કરવા માટે ગજ સમાન, ત્રિભુવનના એક માત્ર ચૂડામણિ, સમુદ્રવિજયરાજાના સંતાન **શ્રીનેમિનાથ** જય પામે છે.

મહામાત્ય વસ્તુપાળ નેમિનાથસ્તોત્રના ૯મા શ્લોકમાં પોતાને 'શારદાધર્મસૂનુ' (સરસ્વતીપુત્ર) બતાવે છે.

તેણે ''આરાધના''માં વૈરાગ્યમય સાદાં કાવ્યો રજૂ કર્યાં છે.

આરાધના ગ્રંથના પ્રારંભમાં જ તે આ રીતે કહે છે –

न कृतं सुकृतं किञ्चित् सतां संस्मरणोचितम् ॥१॥

—સજ્જન પુરુષોનાં સ્મરણને યોગ્ય એવું કોઈ સુકૃત મેં કર્યું નથી.

આ કૃતિઓ તેમની કવિપ્રતિભાની સાક્ષી પૂરે છે. તેમણે રચેલાં પ્રાસંગિક સૂક્તો પણ મળે છે. દાખલા તરીકે –

'શિયાળો, ઉનાળો અને ચોમાસુ એ ઋતુઓ એક પછી એક આવે પણ આજે ઉનાળો અને ચોમાસુ એ બંને ઋતુઓનો એકીસાથે અનુભવ થઈ રહ્યો છે, કેમ કે મહારાજા વીરધવલના મરણથી જનતાના દિલમાં ઉનાળાનો તાપ સળગી રહ્યો છે જ્યારે આંખોમાં ચોમાસુ ઊમટી રહ્યું છે.'

તેમણે 'ધર્માભ્યુદયમહાકાવ્ય'ની સં. ૧૨૯૦ માં પોતાના હાથે કરેલી નકલની પ્રતિ મળી આવે છે. વિદ્વાનો આવા વિદ્યાસેવીને 'સરસ્વતીપુત્ર' કહે તો તેમાં કશી અતિશયોક્તિ નથી.

અનેક વિદ્વાનોએ મંત્રી વસ્તુપાલની વિવિધરૂપે **પ્રશંસા** કરી છે –

---

૧. चक्रे गूर्जरचक्रवर्तिसचियः श्रीवस्तुपालः कविः ॥ (अंबिकास्तुति)

'તમારામાં જુવાની છે પણ મદનવિકાર નથી, લક્ષ્મી છે પણ ગર્વ નથી, સજ્જન-દુર્જનની પરીક્ષા કરવાની બુદ્ધિ છે પણ કપટ નથી, તમારી આવી આકૃતિ કોણે ઘડી ? (–વીરધવલના વસ્તુપાલ પ્રતિ ઉદ્‌ગારો)

पीयूषादपि पेशला शशधरज्योत्स्नाकलापादपि,
स्वच्छा नूतनचूतमञ्जरिभरादप्युल्लसत्सौरभाः ।
वाग्देवीमुखसीमसूक्तविशदोद्‌गारादपि प्राञ्जलाः,
केषां न प्रथयन्ति चेतसि मुदं श्रीवस्तुपालोक्तयः ॥
(–ઉપદેશતરંગિણી, તરંગ ૧લો; પ્રબંધકોશ;
પં૦ જિનહર્ષકૃત 'વસ્તુપાલચરિત્ર')

सूरो रणेसु चरणप्रणतेषु सोमः वक्रोऽतिवक्रचरितेषु बुधोऽर्थबोधे ।
नीतौ गुरुः कविजने कविरक्रियासु मन्दोऽपि च ग्रहमयो नहि वस्तुपालः ॥

–હે વસ્તુપાલ ! તું રણમાં સૂર્ય, આશ્રિતો પ્રત્યે ચંદ્ર, દુષ્ટો પ્રત્યે મંગલ, જ્ઞાનમાં બુધ, નીતિમાં ગુરુ, કવિઓમાં શુક્ર અને પાપમાં મંદ છે – એ રીતે ગ્રહ જેવો હોવા છતાં ગ્રહમય નથી. (–અજ્ઞાત, ઉપદેશતરંગિણી)

श्रीवस्तुपाल ! तव भालतले जिनाज्ञा
वाणी मुखे हृदि कृपा करपङ्कजे श्रीः ।
देहे द्युतिर्विलसतीति रुषैव कीर्तिः
पैतामहं सपदि धाम जगाम नाम ॥ (–ઉપદેશતરંગિણી)

दक्षः शस्त्रे च शास्त्रे च धने च प्रधने च यः ।
वस्तुपाल-यशोवीरौ सत्यं वाग्देवतास्तुतौ ॥
(વામનસ્થલીનો પં૦ યશોધર-સુકૃતસંકીર્તન, સર્ગ : ૩, શ્લો. ૪૩)

सूत्रे वृत्तिः कृता पूर्वं दुर्गसिंहेन धीमता ।
विसूत्रे तु कृता तेषां वस्तुपालेन मन्त्रिणा ॥
अन्नदानैः पयोदानैः धर्मस्थानैश्च भूतलम् ।
यशसा वस्तुपालेन रूद्धमाकाशमण्डलम् ॥ (–રાજપુરોહિત કવિ સોમેશ્વર)

विरचयति वस्तुपालः चौलुक्यसचिवेषु कविषु च प्रवरः ।
न कदाचिदर्घ्यहरणं श्रीकरणे काव्यकरणे वा ।
अन्वयेन विनयेन विद्यया विक्रमेण सुकृतक्रमेण च ।
क्वापि कोऽपि न पुमानुपैति मे वस्तुपालसदृशो दृशोः पथि ॥
(–રાજપુરોહિત સોમેશ્વરકૃત આબૂપ્રશસ્તિ)

नानर्च भक्तिमान् नेमौ नेमौ शङ्कर-केशवौ ।
जैनोऽपि यः स वेदानां दानाम्भः कुरुते करे ॥
(–રાજપુરોહિત સોમેશ્વરકૃત કીર્તિકૌમુદી)

विभुता-विक्रम-विद्या-विदग्धता-वित्तविकरणविवेकैः ।
यः सप्तभिर्विंकारैः कलितोऽपि बभार न विकारम् ॥
(–મલધાર આ૦ નરચંદ્રસૂરિકૃત ગિરનારતીર્થ જિનાલય-
પ્રશસ્તિ, જૈન પુસ્તક પ્રશસ્તિ સંગ્રહ, પુષ્પિકા : ૭)

क्षत्रियाः समरकेलिरहस्यं जानते न वणिजो भ्रम एषः ।
अम्बडो वणिगपि प्रधने किं मल्लिकार्जुननृपं न जघान ?॥
दूत रे वणिगहं रणहट्टे विश्रुतोऽसि तुलया कलयामि ।
मौलिमाण्डपटलानि रिपूणां स्वर्गवेपतनमथो वितरामि ॥
(–આ૦ બાલચંદ્રકૃત 'વસંતવિલાસ', સર્ગ : ૫, શ્લોક : ૪૩-૪૪)

वज्रं वज्रभवे वनं वनसवे पुष्पं वसन्तर्तवे,
वासः स्वस्तरवे वचः सुगुरवे दीपो यथा भानवे ।
धूपं चागरवे सितेक्षुपरवे राप्राभृतं मेरवे,
इत्थं ते सचिवेन्द्र ! काव्यकरणं रोचिष्णवे जिष्णवे ॥
(–આ૦ ઉદયપ્રભસૂરિ વચન, ઉપદેશસાર, ઉપ. ૩૬)

बौद्धैर्बौद्धः वैष्णवैर्विष्णुभक्तः शैवैः शैवो योगिभिर्योगरङ्गः ।
जैनैस्तावज्जैन एवेतिकृत्वा सत्त्वाधारः स्तूयते वस्तुपालः ॥ (–પ્રબંધાવલી)

મહામાત્ય વસ્તુપાલને ૨૪ બિરુદો હતાં, જેમાં સરસ્વતીકંઠાભરણ, સચિવ-ચૂડામણિ, સરસ્વતીધર્મપુત્ર, લઘુ ભોજરાજ, દાતૃચક્રવર્તી, ચતુરચાણક્ય, મજ્જાજૈન, સર્વજનમાન્ય અને ઋષિપુત્ર વગેરે મુખ્ય બિરુદો હતાં.

એકંદરે તે દાનવીર, નૃપપ્રીતિપાત્ર, પ્રજાનો માનીતો, ગુજરાતનો ચતુર મહામાત્ય, રણમેદાનમાં લડવૈયો, ધર્માત્મા તેમજ લક્ષ્મીનો લાડીલો અને સરસ્વતીનો પુત્ર હતો.

તેણે **શત્રુંજય તીર્થ**માં ભ૦ ઋષભદેવની યાત્રા કરી તેમાં એક જ માગણી કરી છે કે –

यद् दाये द्युतकारस्य यत् प्रियायां वियोगिनः ।
यद् राधावेधिनो लक्ष्ये तद् ध्यानं मेऽस्तु ते मते ॥ (–પ્રબંધાવલી)

મંત્રી વસ્તુપાલ-તેજપાલના જીવનચરિતનાં સાધનો –

૧. નર-નારાયણાનંદકાવ્યપ્રશસ્તિ, વસ્તુપાલચરિત.

૨. કીર્તિકૌમુદી (સં. ૧૨૮૨ લગભગ), 'ઉલ્લાસરાઘવ'માંના દરેક સર્ગના અંતિમ શ્લોકો, સુરથોત્સવનો છેલ્લો સર્ગ, આબૂની સં. ૧૨૮૭ની પ્રશસ્તિ, ગિરનારની સં. ૧૨૮૮ની પ્રશસ્તિ, નં. ૧, ૩, કર્તા-રાજપુરોહિત કવીશ્વર ઠ૦ **સોમેશ્વરદેવ.**

૩. સં. ૧૨૮૮ની ગિરનાર પ્રશસ્તિ (નં. ૨, ૪, ૫), કર્તા– મલધારી આ૦ **નરચંદ્રસૂરિ.**

૪. સુકૃતસંકીર્તન (સર્ગ : ૧૧) સં. ૧૨૮૫, કર્તા– અરિસિંહ.

૫. ધર્માભ્યુદયકાવ્ય (સર્ગ : ૧૬), સુકૃતકીર્તિકલ્લોલિની, ગિરનારની સં. ૧૨૮૮ની (નં. ૬) પ્રશસ્તિ, કર્તા – આ૦ **ઉદયપ્રભસૂરિ.**

૬. હમ્મીરમદમર્દન નાટક સં. ૧૨૮૫, કર્તા – આ૦ વીર શિષ્ય આ૦ **જયસિંહસૂરિ.**

૭. શકુનિકાવિહાર પ્રશસ્તિ, કર્તા – આ૦ ભદ્રેશ્વરસૂરિ, સં. ૧૨૯૦. (–પ્રબંધાવલી)

૮. વસંતવિલાસ સં. ૧૨૯૭, કર્તા – આ૦ **બાલચંદ્રસૂરિ.**

૯. પ્રબંધચિંતામણિ સં. ૧૩૬૧, કર્તા – આ૦ મેરુતુંગસૂરિ.

૧૦. વિવિધતીર્થકલ્પ સં. ૧૩૮૭ થી ૧૩૯૯, કર્તા – આ૦ **જિનપ્રભસૂરિ.**

૧૧. ચતુર્વિંશતિપ્રબંધ (પ્રબંધકોશ) સં. ૧૪૦૫, કર્તા – આ૦ **રાજશેખરસૂરિ.**

૧૨. વસ્તુપાલચરિત્ર સં. ૧૪૯૭, કર્તા – આ૦ જિનહર્ષસૂરિ.

૧૩. ઉપદેશસાર-સટીક સં. ૧૬૬૨, કર્તા – પં૦ **કુમારસાગરગણિ.**

૧૪. વસ્તુપાલ-તેજપાલરાસ સં. ૧૪૮૪, કર્તા – **હીરાનંદ.**

૧૫. વસ્તુપાલ-તેજપાલરાસ સં. ૧૫૫૦, કર્તા–મલધાર આ૦ લક્ષ્મીસાગર.

૧૬. વસ્તુપાલ-તેજપાલરાસ સં. ૧૫૬૫, કર્તા – પાર્શ્વચંદ્રસૂરિ.

૧૭. વસ્તુપાલ-તેજપાલરાસ સં. ૧૬૮૨, કર્તા – ઉપા૦ સમયસુંદર.

૧૮. વસ્તુપાલ-તેજપાલરાસ સં. ૧૭૨૧, કર્તા – આનંદસૂરિગચ્છીય પં૦ મેરુવિજય ગણિ.

૧૯. વીરવંશાવલી, જૈનસાહિત્યસંશોધક, ખંડ ૧, અંક : ૩.

૨૦. જૈનસાહિત્યસંશોધક, ખંડ : ૩, અંક : ૧, પૃ. ૧૦૫.

મંત્રી વસ્તુપાલનું વિદ્વદ્ મંડલ –

મંત્રી વસ્તુપાલ વિદ્વાનોનો પ્રેમી હતો. મોટા વિદ્વાનોને પોતાની રાજસભામાં રાખતો હતો. આથી બીજા રાજ્યોની વિદ્વત્ સભાઓમાં પણ ગુજરાતના વિદ્વાનોની મોટી કીમત અંકાતી. એ જ કારણે ગુજરાત **વિદ્યાપ્રેમી** મનાતું હતું.

મહામાત્ય વસ્તુપાલના વિદ્વદ્મંડલમાં અનેક ધર્માચાર્યો, બ્રાહ્મણ-વિદ્વાનો વગેરેનાં નામો મળે છે. તે પૈકીના કેટલાએક **જૈનાચાર્યોનો પરિચય** અગાઉ છુટો છુટો આવી ગયો છે (અને કેટલાકનો પરિચય હવે પછીના પ્રકરણમાં આવશે) તે નામ આ પ્રમાણે –

નાગેન્દ્રગચ્છના આચાર્યો : આ૦ વિજયસેનસૂરિ, આ૦ વિજયઉદયપ્રભસૂરિ, આ૦ મલ્લિષેણસૂરિ, આ૦ જિનભદ્રસૂરિ. (-પ્રક. ૩૫, પૃ. ૫, ૬)

આ૦ મલ્લવાદી. (–પ્રક. ૨૩, પૃ. ૩૧૪)

આ૦ વર્ધમાન. (પ્રક. ૩૫, પૃ. ૪, પટ્ટાંગ : ૯)

મલધારગચ્છના આ૦ દેવભદ્ર (દેવપ્રભ) સૂરિ, નરચંદ્રસૂરિ, નરેન્દ્રપ્રભસૂરિ, પં૦ ગુણવલ્લભ. (–પ્રક. ૩૮, પૃ. ૨૮૨–૨૮૩)

ચંદ્રગચ્છના આ૦ જયસિંહસૂરિ. (પ્રક. ૩૭, પૃ. ૨૩૨; પ્રક. ૪૩, પૃ. ૫૬૩)

આ૦ ભદ્રેશ્વરસૂરિ. (પ્રક. .....)

રાજગચ્છના આ૦ બાલચંદ્રસૂરિ, આ૦ માણેકચંદ્ર. (–પ્રક. ૩૫, પૃ. ૨૩, ૨૭)

વાયડગચ્છના વેણીકૃપાણ આ૦ અમરચંદ્ર. (–પ્રક. ૩૪, પૃ. ૪૫૩; પ્રક. ૪૩, પૃ. ૫૬૧)

તપગચ્છના આ૦ જગચ્ચંદ્રસૂરિ, આ૦ દેવેન્દ્રસૂરિ, આ૦ વિજયચંદ્રસૂરિ, ઉ૦ દેવભદ્રસૂરિ, આ૦ ક્ષેમકીર્તિસૂરિ. (–પ્રક. ૪૪, પૃ. ૩ (૫), ૮, ૯, ૧૩; પ્રક. ૪૫, પૃ. ૨૮૨)

મંત્રી વસ્તુપાલના વિદ્યામંડળમાં જૈનાચાર્યો ઉપરાંત પુરોહિત **સોમેશ્વર** વગેરે ઘણા પંડિતો હતા; જેમનાં નામો અને પરિચય ટૂંકમાં નીચે મુજબ છે –

પુરોહિત સોમેશ્વર – ઇતિહાસમાં ગુજરાતના સોલંકીવંશ અને વાઘેલાવંશની સાથોસાથ **મંત્રીવંશ** અને **પુરોહિતવંશ** પણ વ્યવસ્થિત રીતે મળી આવે છે. અમે મંત્રીવંશ વિશે અગાઉ વર્ણન આપ્યું છે. (પ્રક. ૩૫, પૃ. ૧૩૦; પ્રક. ૩૭, પૃ. ૨૧૬.) હવે અહીં પુરોહિતવંશ વિશે જણાવીએ –

પુરોહિતવંશ – રાજા મૂળરાજનો પુરોહિત વડનગરના ગુલેચા શાખાનો[૧] વિદ્વાન બ્રાહ્મણ **સોમ** નામે હતો. તેના વંશમાં અનુક્રમે ચામુંડરાયનો લલ્લશર્મા, દુર્લભરાજનો મુંજ, ભીમદેવનો સોમશર્મા, કર્ણદેવનો વર્ધમાન, સિદ્ધરાજનો કુમારશર્મા તથા સર્વદેવ, કુમારપાલનો આમિગ, અજયપાલનો સર્વદેવ, ભીમદેવનો કુમારશર્મા (સર્વદેવનો નાનો ભાઈ) તથા મહાદેવ અને વીરધવલ તેમજ વીસલદેવના પં૦ સોમેશ્વર તથા ભલ્લશર્મા નામે પુરોહિતો થયા.

કુમારશર્મા પ્રજાવત્સલ હતો. તેને મહાદેવ, સોમેશ્વર અને વિજય એમ ત્રણ પુત્રો હતા. તે પૈકી **સોમેશ્વરે** ઇતિહાસમાં ''અમર'' નામના નોંધાવી છે. તેને મહામાત્ય વસ્તુપાલ સાથે ''ગાઢ મૈત્રી'' હતી. તેણે મંત્રીના આશ્રયમાં વિકાસ સાધ્યો. આ બંનેની એકતાથી ગુજરાતે સંસ્કૃતનાં ઊંચાં શિખરો સર કર્યાં. તેણે 'કીર્તિકૌમુદી' સર્ગ : ૯; 'સુરથોત્સવ' સર્ગ : ૧૫; 'ઉલ્લાસરાઘવ, રામશતક, લૂણિગવસહિ–પ્રશસ્તિ'; 'ગિરનારમંદિર પ્રશસ્તિ'; ધોળકાના 'વીરધવલ નારાયણ

૧. શ્વેતાંબર જૈનોની ઓશવાલ જ્ઞાતિમાં ગોલેચા-ગોલેચ્છા નામે એક ગોત્ર પણ છે.

પ્રાસાદની પ્રશસ્તિ' શ્લો. ૧૦૮; નાટક, પ્રશંસા કાવ્યો અને પ્રાસંગિક કાવ્યો રચ્યાં હતાં.[૧]

આ ગ્રંથો પૈકી 'કીર્તિકૌમુદી'માં સં. ૧૨૮૭ સુધીનું ઐતિહાસિક વર્ણન છે. 'સુરથોત્સવ'માં દેવીપુરાણના સુરથ રાજાનું વર્ણન છે. અને સાથોસાથ ગુજરાતના ડગમગતા શાસનને સ્થિર કરવાનું માર્મિક સૂચન પણ છે, એટલે રાજા વીરધવલ અને મંત્રી વસ્તુપાલની અન્યોક્તિદ્વારા પ્રશંસા કરી છે.

કવિ હરિહર – તે ગૌડદેશથી આવ્યો હતો. 'નૈષધ'કાર પં૦ હર્ષના વંશનો હતો. ધોળકામાં આવતાં જ પં૦ સોમેશ્વર સાથે તેણે શોક્ય જેવું વર્તન રાખ્યું. બંને વચ્ચે મોટો સંઘર્ષ ચાલ્યો; મંત્રી વસ્તુપાલે વચ્ચે પડી બંનેને સમજાવી શાંત કર્યા અને બંને વચ્ચે મૈત્રી કરાવી. મંત્રીએ પં૦ હરિહર પાસેથી 'નૈષધકાવ્ય' વાંચવા માટે લાવીને રાતોરાત નકલ કરાવી લીધી; અને એ સમયથી 'નૈષધકાવ્ય'નો પ્રચાર શરૂ થયો. પં૦ હરિહર ગર્ભશ્રીમંત હતો. માત્ર મંત્રીનો વિદ્યાપ્રેમ સાંભળીને અહીં આવ્યો હતો. તેણે સં. ૧૩૨૦માં ઉદાયનના વંશના મંત્રી સામંતસિંહે કરાવેલા રેવતી કુંડના જીર્ણોદ્ધારની 'પ્રશસ્તિ' રચી હતી.

(–ગૂજરાતના ઐતિહાસિક લેખો, ભા. ૩, લેખાંક : ૨૧૬; પ્રક. ૩૫, પૃ. ૧૪૭)

મદન – તે અજમેરનો રહેવાસી હતો. મહાકવિ હતો. પં૦ હરિહર અને પં૦ મદન વચ્ચે પણ 'સાક્ષરઃ સાક્ષરં દ્રષ્ટવા' જેવી ખૂબ રસાકસી ચાલી હતી. બંને મળે કે, તરત જ લડી પડતા; એવી સ્થિતિ હતી. મંત્રી વસ્તુપાલે તે બંનેને સમજાવી, મૈત્રી કરાવી હતી; અને બંનેનો સત્કાર કર્યો હતો.

સુભટ – તેણે ત્રિભુવનપાલના રાજ્યમાં 'દૂતાંગદનાટક' રચ્યું હતું. પં૦ સોમેશ્વરે 'સુરથોત્સવ'ની પ્રશસ્તિમાં તેનો સત્કાર કર્યો છે.

નાનાક – તે વડનગરનો નાગર બ્રાહ્મણ હતો. વિદ્વાન હતો. વેદ, શ્રુતિ અને સ્મૃતિનો જાણકાર હતો. તેણે મંત્રી વસ્તુપાલનાં સ્તુતિકાવ્યો રચ્યાં હતાં. વિસલદેવની પંડિતસભાનો એ વડો હતો. તેણે આ૦ **અમરચંદ્રસૂરિ**ની કવિત્વ-શક્તિની પરીક્ષા કરી હતી. (–પ્રક. ૪૩, પૃ. ૫૬૧)

---

૧. જેમ ઈસ્વી.ની સાતમીથી નવમી સદીના કવિ મુરારિએ 'અનર્થરાઘવ' સપાંકી નાટક રચ્યું, માથુરાજે 'ઉદાત્તરાઘવ' રચ્યું, જયદેવ કવિએ 'પ્રસન્નરાઘવ' રચ્યું અને કવિ ભાસ્કરે 'ઉન્મત્તરાઘવ' રચ્યું તેમ ગૂજરાતના કવિ પં૦ સોમેશ્વરે 'ઉલ્લાસરાઘવ'ની રચના કરી હતી.

જનસમુદાય સમક્ષ નાટક ભજવવાની પરંપરા ગૂજરાતમાં ઓછામાં ઓછી ૧૫ મા સૈકા સુધી ચાલુ રહી જ હતી, સને ૧૪૪૯ના અરસામાં ચાંપાનેરમાં મહાકાલના મંદિરના પટાંગણમાં 'ગંગદાસ પ્રતાપવિલાસ' ભજવાયું હતું.

(–ડો. ભો. જ. સાંડેસરાનો 'જૈનયુગ'માં લેખ, નવું વર્ષ : ૨, અંક : ૯)

પંઠ અરિસિંહ – તે ઠ૦ લાવણ્યસિંહનો પુત્ર હતો. પૈસેટકે સુખી હતો. વાયડગચ્છના આ૦ જીવદેવસૂરિનો ભક્ત શ્રાવક હતો. (–પ્રક. ૩૪, પૃ. ૪૫૩)

તેમના શિષ્ય **વેણીકૃપાણ આ૦ અમરચંદ્રસૂરિ**નો કલાગુરુ હતો, તેણે મંત્રી વસ્તુપાલ વિશે 'સુકૃતસંકીર્તન મહાકાવ્ય' સર્ગ : ૧૧ રચ્યું હતું.[1]

(–પ્રક. ૪૩, પૃ. ૫૬૦–૫૬૧)

કવિ અરિસિંહે તેમાં ચાવડા, સોલંકી અને વાઘેલાવંશનો ઇતિહાસ રજૂ કર્યો છે. તેણે ''કવિ રહસ્ય'' નામે ગ્રંથ પણ રચ્યો છે. આ૦ અમરચંદ્રસૂરિએ રચેલી ''કવિકલ્પલતા'' અને તેમની કવિશિક્ષાવૃત્તિમાં પંઠ અરિસિંહે મદદ કરી હતી. કવિ જલ્હણ મોઢે પોતાની સૂક્તમુક્તાવલીમાં આરસી (અરિસિંહ) નામથી તેનું સ્મરણ કર્યું છે.

કવિ પાલ્હણ – તેણે સં. ૧૨૮૯ માં આબૂરાસની રચના કરી છે.

આબૂ તીર્થ – દેલવાડાનાં જગપ્રસિદ્ધ જિનાલયો

नागेन्द्र-चन्द्र-निर्वृति-विद्याधरप्रमुखसंघेन ।
अर्बुदकृतप्रतिष्ठो युगादिजिनपुङ्गवो जयति ॥
(–વીર વંશાવલી, વિવિધગચ્છીય પટ્ટાવલી, પૃ. ૧૮૮)

આબૂ પર્વત પર દેલવાડા, ઓરિયા અને અચલગઢમાં જૈન દેરાસરો છે. દેલવાડામાં પાંચ દેરાસરો છે. (તેનો વહીવટ સીરોહીની શેઠ કલ્યાણજી પરમાનંદજીની પેઢી કરે છે.) તેમાં વિમલવસહી અને લુણિગવસહી મુખ્ય છે. પાંચે મંદિરો ભવ્ય અને વિશાળ છે. તે તીર્થસ્થાન મનાય છે. આબૂના રાજાઓએ અવારનવાર ફરમાનો બહાર પાડી દેલવાડાનાં દેરાસરોને કરમુક્ત જાહેર કર્યાં છે.

૧. વિમલવસહી (વિમલવસતિ) –

ગુજરાતના મહામાત્ય વીરને (૧) નેઢ, (૨) વિમલ અને (૩) ચાહિલ એમ ત્રણ પુત્રો હતા, તે પૈકી મંત્રી વિમલ ભારે બાહોશ હતો. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૧૮૦ થી ૧૮૪) તેણે પોતાની જિંદગીનાં છેલ્લાં વર્ષો શાંતિ માટે ચંદ્રાવતીમાં વીતાવ્યાં. ત્યાં વિદ્યાધરગચ્છના જાલીહર શાખાના આ૦ ધર્મઘોષને ચાતુર્માસ કરાવ્યું. તેમનું વ્યાખ્યાન સાંભળીને યુદ્ધમાં લાગેલાં પાપોનું તેણે

---

૧. ડો. બુહલરે સને ૧૮૮૭ માં વિયેનાની ઈમ્પીરિયલ એકેડેમી ઓફ સાયંસીઝમાં સીટ જુન બેરીશના વોલ્યુમ : ૧૧૯ માં 'ડાશ સુકૃતસંકીર્તન' શિર્ષક લેખ લખ્યો છે. અને તેનું અંગ્રેજી ભાષાંતર 'ઇન્ડિયન એંટીક્વેરી'ના વોલ્યુમ : ૩૧ ના પૃ. ૪૭૭ થી ૪૯૫ માં છપાયું છે.

આ૦ જીવદેવસૂરિ અને આ૦ અમરચંદ્રસૂરિ માટે (જૂઓ, પ્રક. ૩૪, પૃ. ૫૪૬; પ્રક. ૪૩, પૃ. ૫૬૦–૫૬૧)

પ્રાયશ્ચિત્ત માગ્યું. આચાર્યશ્રીએ જણાવ્યું કે, 'તું આબૂ તીર્થનો ઉદ્ધાર કર. તું એ માટે સમર્થ છે. એમ કરવાથી તારા પાપોની શુદ્ધિ થશે.'

એ પછી તેણે અઠ્ઠમ કરી અંબિકાની આરાધના કરી ત્યારે અંબિકાએ પ્રસન્ન થઈ વર માગવા કહ્યું. મંત્રીએ જણાવ્યું : 'મને પુત્ર પ્રાપ્ત થાય અને આબૂ તીર્થનો ઉદ્ધાર કરવાનું સામર્થ્ય મળે.' દેવીએ કહ્યું: 'તારી બે મહેચ્છાઓમાંથી એક જ પૂરી થઈ શકશે, માટે એ બેમાંથી એકની માગણી કર.' વિમલ મંત્રીએ પોતાની પત્ની શ્રીદેવી સાથે વિચાર કરીને તીર્થોદ્ધાર કરવાની માગણી કરી. અંબિકા 'તથાસ્તુ' કહીને અંતર્ધ્યાન થઈ ગઈ.

મંત્રી વિમલે મહારાજા ભીમદેવ (સં. ૧૦૭૮ થી સં. ૧૧૨૦), આબૂના રાજા ધંધૂક (સં. ૧૦૮૦) અને મોટાભાઈ નેઢની આજ્ઞા લઈ આબૂ ઉપર દેરાસર કરાવવાનું નક્કી કર્યું. એ સમયે આબૂ ઉપર બ્રાહ્મણોની વસતી હતી, બધી જમીન બ્રાહ્મણોના તાબામાં હતી. તે બધા ત્યાં જૈનમંદિર બંધાવવા માટે વિરોધ કરતા હતા, એટલે જમીન મેળવવાનું કામ ઘણું મુશ્કેલ હતું. મંત્રી ધારે તો રાજસત્તાથી મફતમાં જમીન લઈ શકે તેમ હતું, પણ ધર્મકાર્યમાં રાજસત્તાના પ્રભાવ કે દબાવનો ઉપયોગ કરવાની તેની ઇચ્છા નહોતી. તે જમીનના માલિકોને સંતુષ્ટ કરીને ધર્મનું કાર્ય કરવામાં માનતો હતો.

એ સમયે લોકોની એવી માન્યતા હતી કે પ્રાચીન કાળે આબૂ (**નંદિવર્ધન**ના સમયમાં) જૈન તીર્થ હતું, પણ તેનાં કોઈ એંધાણ કે નોંધ મળતાં નહોતાં. એવું કોઈ પ્રમાણ મળે તો બ્રાહ્મણોનો વિરોધ હળવો કરી શકાય. એક દિવસે મંત્રીને સ્વપ્ન આવ્યું કે, 'પહાડ ઉપર ચંપાના ઝાડ નીચે ખાડો ખોદતાં લોકમાન્યતાને સમર્થક એવું પ્રાચીન પ્રમાણ મળી આવશે.' મંત્રીએ સ્વપ્ન મુજબ કરી જોયું તો ત્યાં ભ૦ ઋષભદેવની પ્રાચીન પ્રતિમા નીકળી આવી. લોકવાયકા સાચી પડી.

બ્રાહ્મણો એ જોઈ-જાણીને નરમ પડ્યા. પછી તો તેઓએ જમીનની કિંમત આપી ન શકે એવી કિંમતનો તુક્કો અજમાવ્યો કે, 'જેટલી જમીન જોઈએ તેટલી જમીન ઉપર સોનામહોર પાથરીને લઈ લો. જમીન લેવા માટે આ એક જ માર્ગ છે.'

મંત્રી તો બ્રાહ્મણો માગે તે કરતાંયે વધુ કિંમત આપવા તૈયાર હતા એટલે તેમણે બ્રાહ્મણોને વધુ સંતુષ્ટ કરવા જણાવ્યું : 'સોનામહોર તો ગોળ હોય છે એટલે વચ્ચે જગા ખાલી રહે, તે પુરાય એ રીતે કિંમત આપવાની મારી ઇચ્છા છે.'

એ ખાતર મંત્રીએ ચોરસ સોનામહોરો બનાવીને બ્રાહ્મણોને ૧૪૦ ફૂટ લાંબી અને ૯૦ ફૂટ પહોળી જમીનના ૪,૫૩,૬૦,૦૦૦ રૂપિયા આપી ધરબી દીધા. બ્રાહ્મણો તો માલામાલ થતાં મંત્રીને હર્ષભેર આશીર્વાદ આપીને અન્યત્ર રહેવા ચાલ્યા ગયા.

મંત્રીએ અહીં આરસનું ૫૪ દેરીઓવાળું વિશાળ અને ભવ્ય દેરાસર બંધાવ્યું. આબૂ ઉપર દર છ મહિને ધરતીકંપ થતો હોવાને કારણે મંદિરનું શિખર નાનું બનાવ્યું. તેમાં રંગમંડપ, દેરીઓ અને છતમાં મોટી મોટી ગુમ્મજો ઉતારી છે. છતોમાં મનુષ્ય-સ્ત્રી, પશુ-પક્ષી, દેવ-દેવી, હંસવાહિની સરસ્વતી, અભિષેક કરાવતી લક્ષ્મી, ગજવાહિની, પાંચ કલ્યાણકો, ચૌદ સ્વપ્નો, છપ્પન દિગ્કુમારી ઉત્સવ, અભિષેક, દીક્ષાનો વરઘોડો, લોચ, કાયોત્સર્ગધ્યાન, સમવસરણ, ત્રણ ગઢો, સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા, અયોધ્યા, તક્ષશિલા, ભરતબાહુબલિનાં છ યુદ્ધો, દીક્ષા, ભ૦ શાંતિનાથનો મેઘરથનો ભવ, ભ૦ નેમિનાથની જાન, વિવાહ, નેમિજીવનચરિત, આર્દ્રકુમારનો ગજઉપદેશ, નમસ્કારમુદ્રા, ચૈત્યવંદનમુદ્રા, કાયોત્સર્ગમુદ્રા, પંચાંગ નમસ્કાર, અષ્ટાંગ પ્રણિપાત, પૂજાર્થે ગમન, ફૂલમાળા, ગુરુજી, ગુરુવંદન, ગુરુભક્તિ, ગુરુઉપદેશ, વ્યાખ્યાનસભા, ઠવણી, અવનતમુદ્રા, વાસક્ષેપદાન, કૃષ્ણજીવનની ઘટનાઓ, નાગ-નાગિણી, કાલીય અહિદમન, ચાણૂરમલ્લયુદ્ધ, નૃસિંહાવતાર, શેષશય્યાશયન વગેરે અનેક ઘટનાઓ આરસમાં કોતરીને ગોઠવી છે. આરસને એવી રીતે કંડાર્યો છે કે, તે જોનારને જાણે કોતરેલો કાગળ જ લાગે. તેની નકસી એવી ઝીણવટવાળી છે કે, સારામાં સારો ચિત્રકાર પણ તેની નકલ ન કરી શકે. આકૃતિઓ પણ હૂબહૂ ઉતારેલી લાગે છે. જાણે અજોડ ભારતીય કળાશિલ્પ-આકૃતિશાળા ઊભી કરેલી જોવાય. આ મંદિર તૈયાર કરવામાં એ સમયે ૧૮,૫૩,૦૦,૦૦૦ રૂપિયાનો વ્યય થયો હતો. આ કાર્ય તૈયાર થવામાં ત્યાંનો ક્ષેત્રપાલ વાલીનાહ અડચણો ઊભી કરતો હતો. મંત્રીએ તેને નૈવેદ્ય ધરાવીને સાત્ત્વિક બળથી અનુકૂળ કર્યો હતો.

મંત્રી વિમલે ભ૦ ઋષભદેવની પિત્તલની ભવ્ય પ્રતિમા તૈયાર કરાવી તેને મૂળનાયકના સ્થાને સ્થાપન કરી અને ભ૦ ઋષભદેવની જે પ્રાચીન પ્રતિમા જમીનમાંથી નીકળી હતી તેને ભમતીની ૨૦મી દેરીમાં સ્થાપન કરી.

મંત્રી વિમલે આ પ્રતિષ્ઠા માટે ચાર સંઘને આમંત્રણ આપ્યું ત્યારે જૈન સમાજમાં ચૈત્યવાસ ચાલુ હતો. નાગેંદ્ર, ચંદ્ર, નિર્વૃતિ અને વિદ્યાધર એ ચારે ગચ્છ તથા તેના પેટાગચ્છના આચાર્યો એકત્ર મળીને પ્રતિષ્ઠા કરી રહ્યા હતા. વિમલ મંત્રીનો વંશ વિદ્યાધરગચ્છનો હતો. તેણે નાગેંદ્રગચ્છના આ૦ વીર, આ૦ વર્ધમાન, ચંદ્રગચ્છના રાજગચ્છીય આ૦ શીલભદ્ર, વિદ્યાધરગચ્છના આ૦ ધર્મઘોષ વગેરે આચાર્યોના કરકમલથી સં. ૧૦૮૮ માં વિમલવસહીમાં ભ૦ શ્રીઋષભદેવ વગેરે પ્રતિમાઓની **પ્રતિષ્ઠા** કરાવી. શ્રીસંઘમાં જયજયકાર વર્ત્યો.[૧]

---

૧. 'चिहुं आयरिएहिं पइट्ठिय बहुभाव भरंत ।' (કવિ પાલ્હણનો 'આબૂરાસ' સં. ૧૨૮૯)

આ સિવાય સં. ૧૪૦૫માં રચાયેલો 'પ્રબંધકોશ', સં. ૧૪૬૬ની 'ગુર્વાવલી' શ્લો. ૫૨, સં. ૧૪૮૦નો 'અર્બુદકલ્પ' શ્લો. ૧૦, સં. ૧૬૬૨નો 'ઉપદેશસાર' ➡

આ દિવસ એવો આનંદમય હતો કે સૌના મન ઉપર એ અવિસ્મરણીય છાપ મૂકતો ગયો. સૌ કોઈ પોતાને માટે 'વિમલશ્રીસુપ્રભાતમ્' એવી ભાવના લઈ વિદાય થયા અને આ સ્થાન દેવકુલપાટક-દેલવાડા નામથી જાહેર થયું.[1]

(પ્રક. ૩૫, પૃ. ૧૩૨–૧૩૩)

◆ વગેરે ગ્રંથોમાં સં. ૧૦૮૮માં ચાર આચાર્યોના હાથે થયેલી વિમલવસહીની પ્રતિષ્ઠાના ઉલ્લેખો મળે છે. સં. ૧૪૭૯ની 'ઉપદેશતરંગિણી'માં આ૦ ધર્મસિંહ અને જિનહર્ષના 'વસ્તુપાલ-ચરિત્ર' પ્રકાશ ૮માં આ૦ રત્નસિંહને વિમલવસહીના પ્રતિષ્ઠાપક બતાવ્યા છે. ચાર કુળના આચાર્યો એકત્ર મળીને પ્રતિષ્ઠા વગેરે કરે એ તત્કાલીન સંઘવાદ અને જૈન એકતાનું સૂચક પ્રતીક ગણાય. વિક્રમની બારમી સદીથી નવા નવા મતો નીકળ્યા ત્યારથી આ એકતા જોખમાઈ છે. પરિણામે ચૈત્યવાસી અને ખરતરગચ્છ કે ઉપકેશગચ્છ અને ખરતરગચ્છ એકસાથે બેસીને પ્રતિષ્ઠા આદિ કરે એ અસંભવિત જેવું બની ગયું છે. વિધિચૈત્ય-અવિધિચૈત્યની કલ્પના, ઉદયનવિહારની ચર્ચા અને બીજા ગચ્છમાં કન્યા ન આપવી વગેરેની ભેદનીતિએ આ સંગઠનને તોડી નાખ્યું છે, જે આજ સુધી જોડાયું નથી.

૧. શાંતમૂર્તિ ઇતિહાસજ્ઞ પૂજ્ય શ્રીજયંતવિજયજી મહારાજે આ પ્રદેશમાં વિચરીને 'આબૂતીર્થનો ઇતિહાસ' પાંચ ભાગોમાં લખ્યો અને સંકલિત કર્યો છે. તેમણે 'આબૂની વિમલવસહીના પ્રતિષ્ઠાપક કોણ' એ સંબંધે સ્વતંત્ર લેખ લખી સુંદર પ્રકાશ પાડ્યો છે.

તેઓ જણાવે છે કે, ખરતરગચ્છની કેટલીક પટ્ટાવલીઓમાં સંવિજ્ઞવિહારી વડગચ્છના સુવિહિતશાખાના આ૦ **વર્ધમાનસૂરિ**ના ઉપદેશથી અને કરકમલથી વિમલવસહીની પ્રતિષ્ઠા બતાવી છે; પરંતુ નીચેના પ્રમાણોથી જણાશે કે તે વાત સાચી નથી.

(૧) ખરતરગચ્છની એ પટ્ટાવલીઓ વિક્રમની પંદરમી સદી પછીની બનેલી છે. બનવાજોગ છે કે, ગચ્છની મમતાના કારણે ઉપર મુજબનો ઉલ્લેખ થયો હોય, પણ ભૂલવું ન જોઈએ કે, 'અંચલગચ્છની (ગુજરાતી) મોટી પટ્ટાવલી' પૃ. ૧૭૦માં પણ લખ્યું છે કે, 'અંચલગચ્છના (પેટાગચ્છ) શંખેશ્વરગચ્છ તથા વલભીગચ્છ શાખાના આ૦ સોમપ્રભે સં. ૧૦૮૮માં વિમલવસહીની પ્રતિષ્ઠા કરાવી છે', એ જ રીતે ખરતરગચ્છની પટ્ટાવલીઓએ આ૦ વર્ધમાનસૂરિનું નામ દાખલ કરી દીધું છે.

(૨) ખરતરગચ્છના પં૦ રામલાલજીગણિ 'મહાજનમુક્તાવલી'માં લખે છે કે, બિકાનેરના મહાત્મા, કુલગુરુ અને વહીવંચાઓએ આ૦ જિનચંદ્રના સ્વાગતમાં ભાગ ન લીધો, આથી મંત્રી કર્મચંદ્ર બછાવતે તેઓનાં ચોપડા અને વંશાવલીઓનો નાશ કરાવ્યો અને નવી પટ્ટાવલીઓ, નવી વહીઓ તૈયાર કરાવી. આ ઘટના સાચી હોય તો તે સમય પછી બનેલી ખરતરગચ્છની પટ્ટાવલીઓ પ્રાચીન પ્રમાણોના આધારે નહીં પણ સમકાલીન ગુરુપરંપરાની મૌખિક વાતો અને દંતકથાઓના આધારે લખેલી મનાય.

(૩) એ પટ્ટાવલીઓમાં વિમલવસહીના મૂળનાયકની પ્રતિમા શાની છે એ અંગે એકવાક્યતા નથી. તેમજ વિમલ શાહને નવો જૈન બનાવવામાં આવ્યો હોય એવી ઢબે ચીતર્યો છે, એ પણ ઠીક નથી. ◆

વિમલવસહીનું મંદિર આજે પણ આત્મશાંતિના શોધકો અને ભારતીયકલાના ઉપાસકો માટે તીર્થધામ બની ગયું છે. જૈનાચાર્યો તેને ખૂબ કવે છે અને કલાધરો પણ આ મંદિરની પ્રશંસા કરતાં થાકતા નથી.[૧]

---

(૪) ખરતરગચ્છ સિવાયના કોઈ પણ પ્રબંધ, પટ્ટાવલી કે ઐતિહાસિક ગ્રંથમાં આ૦ વર્ધમાનસૂરિએ વિમલવસહીની પ્રતિષ્ઠા કર્યાનો ઇશારો પણ નથી.

(૫) આ૦ ઉદ્યોતનસૂરિએ સં. ૯૯૪માં આઠ આચાર્યો બનાવ્યા અને મંત્રી વિમલ શાહે સં. ૧૦૮૮માં પ્રતિષ્ઠા કરાવી તો શું આ૦ વર્ધમાનસૂરિ ૯૨ વર્ષ સૂરિપદે રહ્યા કે જીવ્યા ?

(૬) ખરતરગચ્છના સમર્થ ઇતિહાસકાર આ૦ જિનપ્રભસૂરિએ પોતાના 'વિવિધતીર્થકલ્પ'ના 'અર્બુદકલ્પ'માં આ૦ વર્ધમાનસૂરિએ મંત્રી વિમલને ઉપદેશ કર્યો કે વિમલવસહીની પ્રતિષ્ઠા કરી એવું લખ્યું જ નથી.

(૭) શ્રી અગરચંદજી નાહટાના 'ઐતિહાસિકકાવ્યસંગ્રહ' પૃ. ૪૫માં આપેલી ખરતરગચ્છ પટ્ટાવલીની ગાથા ૧૪,૧૫,૧૬માં લખ્યું છે કે, વિ.સં. ૧૦૨૪માં રાજા દુર્લભની સભામાં આ૦ જિનચંદ્રને 'ખરતર' બિરુદ મળ્યું, તો આચાર્યશ્રી ૬૪ વર્ષ વિદ્યમાન રહ્યા ? (જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૪૪)

(૮) આગરાના વિજયધર્મલક્ષ્મી જ્ઞાનમંદિરની એક હસ્તલિખિત પટ્ટાવલીમાં આ૦ વર્ધમાનનું વર્ણન છે તેમાં પણ મંત્રી વિમલ કે વિમલવસહી અંગે કંઈ જ લખ્યું નથી.

આ તથા બીજાં અનેક પ્રમાણોથી તારવી શકાય એમ છે કે આ૦ વર્ધમાનસૂરિએ વિમલવસહીની પ્રતિષ્ઠા કરી નથી. જ્યારે બીજા સબળ પુરાવા મળે છે કે, ચાર ગચ્છના આચાર્યોએ તે પ્રતિષ્ઠા કરી છે. ચંદ્રગચ્છ તરફથી રાજગચ્છના આચાર્યો વિદ્યમાન હતા. (–જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૪)

એક મુદ્દાની વાત તો એ છે કે, ચૈત્યવાસી આચાર્યો અને સુવિહિત આચાર્યો એકત્ર થઈ પ્રતિષ્ઠા કરાવે એ ત્યારે સંભવિત નહોતું.

૧. "The design and execution of this shrine, and all its accessories are on the model of the preceeding, which, however, as a whole, it surpasses. It has more simple majesty, the fluted columns sustaining the Mandap (portico) are loftier, and the vaulted interior is fully equal to the other in rechness of sculpture and superior to it in execution, which is more free and in finer taste.

"The dome in the centre is the most striking feature and a magnificent piece of work, and has a pendant, cylindrical in from and about three feet it length, that is a perfect gem," and "which where it drops from the ceiling appears like a cluster of the half closed lotus, whose cups are so thin, so transparent and so accurately wrought, that it fixes the eyes in admiration."

Col. Tod.

વિમલવસહીના જીર્ણોદ્ધારો ઘણા થયા છે. મહામાત્ય વીરના વંશના દશરથે સં. ૧૨૦૧માં દશમી દેરીનો જીર્ણોદ્ધાર કર્યો હતો. તેમાં ભ૦ શ્રીનેમિનાથની નવી પ્રતિમા પધરાવી એક મોટા આરસમાં પોતાના પૂર્વજ શેઠ નીન્નાથી લઈને

Amongst all this lavish display from the sculptor's chisel, two temples viz, those of Adinath and Neminath, stand out as pre-eminent and specially deserving of notice and praise, both being entirely of white marble and carved with all the delicacy and richness of ornament which the resources of Indian art at the time of their creation could devise. The amount of ornamental detail spread over these structures in the minutely carved decoration of ceilings, doorways, pillars, panels and niches, is simply marvellous, while the crips thin transculent shall like treatment of the marble surpasses anything seen elsewhere, and some of the designs are just dreams of beauty. The general plan of the temples, too, with its recesses and corridor, lends itself very happily in bright and shade with every change in the Sun's position.

Col. Erskin.

It hangs from the centre more like a lustere of crystal drops then a solid mass of marble, and is finished with a delicacy of detail and appropriateness of ornament which is probably unsurpassed by any similar example to be found anywhere else. Those introduced by the Gothic Architects in Henry the Seventh's Chapel at Westminister, or at Oxford, are coarse clumsy in comparision.

Mr. Ferguesson
(The Eminent Archeologist)

There are two places, Umeer (Amber) and Jaipur, surpassing all which I have seen of the Kremlin, or heard of the alhambra..... and the Jain temples of Aboo..... ..... rank above them all.

Bishop Heber

Architectural style is perfect and complete in all parts when we first practically meet with it in the early part of 11th century at Abu or at Girnar. From that point it progresses during one or two centuries towards greater richness but in doing so, it looses its purity and perfection. It has attained in the earlier period and from that culminating point its downward progress can be traced through abundant examples to the present day."

(.....)

મંત્રી લહર, મંત્રી વીર, મંત્રી નેઢ, મંત્રી લાલિગ, મંત્રી મહિંદુ, હેમરથ તથા દશરથની (પોતાની) મૂર્તિઓ કોતરાવી અને બીજા પથ્થરમાં ગજારોહી મંત્રી વિમલ શાહ તથા અશ્વારોહી દશરથની મૂર્તિઓ કોતરાવી.* એ જ વંશના મંત્રી **પૃથ્વીપાલે** સં. ૧૨૦૪ થી સં. ૧૨૦૬માં રાજગચ્છના આ૦ **ચંદ્રસૂરિ**ના ઉપદેશથી ત્યાંની ઘણી દેરીઓનો ઉદ્ધાર કરાવ્યો. નવી **હસ્તિશાળા** બનાવી, જેમાં સં. ૧૨૦૪માં ઘોડા ઉપર મંત્રી વિમલની મૂર્તિ અને પાછલા સાત હાથીઓ ઉપર શેઠ નીન્નાથી લઈને મંત્રી લહર, મંત્રી વીર, મંત્રી નેઢ, મંત્રી ધવલ, મંત્રી આનંદ અને પૃથ્વીપાલની (પોતાની) મૂર્તિઓ બનાવી સ્થાપન કરી. તેના પુત્ર **ધનપાલે** સં. ૧૨૩૭માં હસ્તિશાળામાં ૩ હાથીઓ ઉપર પોતાની, મોટાભાઈ જગદેવની અને પુત્ર નરદેવની મૂર્તિઓ બનાવી સ્થાપન કરી. તેણે વિમલવસહીનો જીર્ણોદ્ધાર અધૂરો હતો તે પૂર્ણ કર્યો. મંત્રી ધનપાલે સં. ૧૨૪૫ના વૈશાખ સુદિ ૫ ને ગુરુવારે જીર્ણોદ્ધાર કરી દેરીઓમાં નવી ૨૪ જિનપ્રતિમાઓ—પોતાના તેમજ દાદા આનંદ, દાદી પદ્માવતી, પિતા પૃથ્વીપાલ, માતા નામલદેવી, કાકા નાનૂ, કાકી ત્રિભુવનદેવી, કાકાનો પુત્ર નાગપાલ, મોટાભાઈ જગદેવ, ભાભી માલદેવી, પત્ની રૂપિણી, પુત્ર નરપાલ વગેરેના શ્રેય માટે ભરાવી—પ્રતિષ્ઠિત કરાવી.

આ બધી પ્રતિમાઓની પ્રતિષ્ઠા કાસહ્રદગચ્છના આ૦ સિંહસૂરિ વગેરે ભિન્ન ભિન્ન ગચ્છના આચાર્યોના હાથે થઈ હતી.

અલ્લાઉદ્દીન ખિલજીએ સં. ૧૩૬૮માં જાલોરથી આબૂ આવી વિમલવસહી અને લુણિગવસહીનાં મંદિરો તોડી નાખ્યાં. જિનપ્રતિમાઓને ખંડિત કરી અને અનેક નકશીકામનો વિનાશ કર્યો.

આથી ધર્મઘોષગચ્છના **આ૦ જ્ઞાનચંદ્ર**ના ઉપદેશથી મંડોવરના **શેઠ જેલ્હાના વંશજ ગોસલના પૌત્ર વીજડ** વગેરે છ ભાઈઓ તથા મહણસિંહના પુત્ર **લાલિગ** વગેરે ૩ ભાઈઓએ મળીને સં. ૧૩૭૮ના જેઠ સુદિ ૯ ને સોમવારે વિમલ-વસહીનો જીર્ણોદ્ધાર કર્યો. તેમાં ગભારો અને ગૂઢમંડપ સાદા જ બનાવ્યા. શેઠ ગોસલ, તેની પત્ની ગુણદેવી, શેઠ મહણસિંહ અને તેની પત્ની મીણલદેવીની મૂર્તિઓ બનાવીને સ્થાપન કરી. (જૂઓ, ભા. ૩, પ્રક. ૪૫, પૃ. ૩૮૮-૩૮૯)

★ શ્રીશ્રીમાલકુલોદ્ભવવીરમહામન્ત્રિસન્મંત્રી ।
શ્રીનેઢપુત્રલાલિગ-તત્સુતમહિન્દુકસુતેનેદમ્ ॥
નિજપુત્રકલત્રસમન્વિતેન સન્મન્ત્રિદશરથેનેદમ્ ।
શ્રીનેમિનાથબિમ્બં મોક્ષાર્થં કારિતં રમ્યમ્ ॥

(આબૂ-વિમલવસહી ભમતીની દેરી નં. ૧૦ના ત્રણ શિલાલેખો, અર્બુદ પ્રાચીન જૈન લેખ સંદોહ, લેખાંક : ૪૭, ૫૦, ૫૧; ગુજરાતના ઐતિહાસિક લેખો ભા. ૩, લેખાંક : ૨૩૯, પૃ. ૨૫૧)

વિમલવસહી અને લુણિગવસહીનો છેલ્લો જીર્ણોદ્ધાર અમદાવાદની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ કર્યો છે.

વિમલવસહીમાં ઘણી જ જિનપ્રતિમાઓ અને બીજી મૂર્તિઓ પણ છે. સં. ૧૩૯૬ની આ૦ જ્ઞાનચંદ્રના પટ્ટધર આ૦ મુનિશેખરની, સં. ૧૬૬૧ની મહો૦ **લબ્ધિસાગર** પ્રતિષ્ઠિત **જગદ્‌ગુરુ આ૦ હીરવિજયસૂરિ**ની પરિકરવાળી ગુરુ-પ્રતિમાઓ છે. જગદ્‌ગુરુની પરિકરવાળી ગુરુપ્રતિમાના પરિકરમાં બે બાજુએ બે મુનિવરો છે. તેમની નીચે બે શ્રાવકો બેઠા છે. મંત્રી વિમલના વંશના મંત્રી શા. અભયસિંહના પુત્ર મંત્રી જગસિંહના પુત્ર મંત્રી ભાણકે સં. ૧૩૯૪માં સ્થાપન કરેલી **અંબિકાદેવી**ની મૂર્તિ તેમજ **લક્ષ્મી**ની મૂર્તિ પણ છે. હસ્તિશાલામાં ગજારૂઢ તથા અશ્વારોહી શ્રાવકની મૂર્તિઓ છે અને છતમાં વિવિધતાભરેલું સુંદર સ્થાપત્ય છે.

વિમલવસહીમાં વિક્રમની બીજી સહસ્રાબ્દીના ઐતિહાસિક ઘણા શિલાલેખો-પ્રતિમાલેખો છે. ભમતીની ૧૦મી દેરીની બહાર ડાબી તરફ એક **કલ્યાણક પટ્ટ** છે, જેને બૃહદ્‌ગચ્છની સુવિહિત શાખાના આ૦ વર્ધમાનસૂરિની પરંપરાના **આ૦ નેમિચંદ્રના શિષ્ય** પં૦ જયાનંદગણિએ સં. ૧૨૦૧માં ગદ્ય-પદ્ય પ્રાકૃત લેખ તૈયાર કરીને દાખલ કરાવ્યો છે, તેમાં આરસ પર ચોવીશ તીર્થંકરોનાં ૧૨૦ કલ્યાણકો, દેહવર્ણ, દીક્ષાતપ, કેવલિતપ, નિર્વાણતપ અને દેહમાન કોરેલાં છે, તેમાં ભ૦ મહાવીરસ્વામીનાં **પાંચ કલ્યાણકો** બતાવ્યાં છે. આ પટ્ટથી અચૂક રીતે સિદ્ધ થાય છે કે, ત્યાં સુધી સમસ્ત જૈનસંઘ વડગચ્છ અને આ૦ વર્ધમાનસૂરિના શ્રમણો ભ૦ મહાવીરસ્વામીના સિદ્ધાંત મુજબના પાંચ કલ્યાણકો જ માનતા હતા.

૨. લુણિગવસહી (લૂણવસહી) –

શેઠ **આશરાજ પોરવાલ**ને ચાર પુત્રો અને સાત પુત્રીઓ હતાં. તેમાં સૌથી વધુ તેજસ્વી **વસ્તુપાલ** અને **તેજપાલ** નામની બંધુબેલડીએ ગુજરાતના તેરમા સૈકાના રાજકારણના ઇતિહાસમાં વિશિષ્ટ આદર અને પ્રસિદ્ધિ મેળવ્યાં હતાં. તેઓ માત્ર જૈન સંસ્કૃતિના જ નહીં પણ ગૂર્જર સંસ્કૃતિના રક્ષણહાર અને સૂત્રધાર હતા.

તેમને **લુણિગ** નામે મોટો ભાઈ હતો. તે ભરયુવાનીમાં સ્વર્ગસ્થ થયો. તેમણે મરણ સમયે આ ભાઈઓના આગ્રહથી મનની વાત જાહેર કરી કે, 'મને આબૂ તીર્થમાં એક દેરી બનાવવાની તીવ્ર ઇચ્છા હતી, પણ મારા ભાગ્યમાં એ લાભ લેવાનું નહીં હોય. હવે તમારાથી બની શકે તો તમે એ લાભ અવશ્ય લેશો.'

વસ્તુપાલ અને તેજપાલ સં. ૧૨૭૬માં મહામાત્ય બન્યા. તેમના દિલમાં મોટા ભાઈ લુણિગે જે ભાવનાનાં બીજ રોપ્યાં હતાં તેમાંથી ઘટાદાર વૃક્ષ બનાવવાનો તેમણે સંકલ્પ કર્યો; અને સં. ૧૨૮૬માં **રાજા ભીમદેવ, રાજા**

સોમસિંહ પરમારની આજ્ઞા મેળવી આબૂ ઉપર દેલવાડામાં વિમલવસહીની પાસેની ભૂમિમાં 'લુણિગવસહી' નામે વિશાલ અને ભવ્ય જિનપ્રાસાદ ઊભો કર્યો.

તેમાં વિમલવસહીના ઘોરણે મોટું દેરાસર, નાનું શિખર, ભમતીમાં ૪૮ દેરીઓ, છતમાં આરસનું કોરણીભર્યું શિલ્પ, હસ્તિશાલા, હસ્તિશાલામાં હાથીઓ, હાથીઓ પાસેની દીવાલના આરસમાં આ૦ વિજયસેન, આ૦ ઉદયપ્રભ અને પોતાના પૂર્વજોની વગેરેની રચના કરી છે.

વિમલવસહીમાં જે જે ઘટનાઓ કોતરી છે તે તે અહીં પણ આરસમાં ઉતારી છે. આ ઉપરાંત ભ૦ નેમિનાથ તથા કૃષ્ણ-વાસુદેવના જીવનની **વિશિષ્ટ ઘટનાઓ** પણ દાખલ કરી છે.

કાર્યપદ્ધતિ :

દેરાસર માટેના પથ્થરો વગેરે ઓરિયા તરફના રસ્તે પર્વત પર ચડાવવામાં આવતા હતા. દરેક કોશ પર પાણી, ભોજન અને દુકાનોની વ્યવસ્થા હતી. આથી મજૂરો અને શિલ્પીઓને પૂરી અનુકૂળતા રહેતી હતી. દેરાસરનું કામ થયા પછી શત્રુઓ પણ આ રસ્તે ચડી ન આવે એવી અગમચેતી દાખવી આ રસ્તાને સદંતર બંધ કરી પહાડી ભાગને વિષમ બનાવી દીધો. આબૂમાં ઠંડી ઘણી રહે છે. એ ઠંડી કારીગરોને ન નડે તે માટે સગડીઓની આગ કારીગરની નજીક તપતી રહે અને કારીગર તેની હૂંફમાં મસ્ત રહી આરસને કંડારતો રહે, એવી પાકી વ્યવસ્થા કરી હતી.

મંત્રીઓએ દેરાસરને સર્વાંગસુંદર બનાવવા માટે કલાધરોને ઉત્તરોત્તર ચાર વાર સક્રિય પ્રોત્સાહન આપ્યું હતું. દેરાસર પૂરું બની રહ્યું અને ભાવવાહી કોરણી તૈયાર થઈ એટલે બીજી વાર તેમાં નવી કોરણી કરનારને કોરણી કરતાં નીકળેલા ચૂરાની ભારોભાર ચાંદી આપી, ત્રીજી વાર કોરણી કરતાં નીકળેલા ચૂરાના ભારોભાર સોનું આપ્યું અને ચોથી વાર કોરણી કરતાં નીકળેલા ચૂરાના ભારોભાર મોતીઓ આપી શિલ્પીઓની કદર કરી હતી. એ કારણે તેમણે આ શિલ્પકળાને છેલ્લી ટોચે પહોંચાડી દીધી છે.

મંત્રીઓ રાજ્યના કારોબારમાંથી ફુરસદ મેળવી શકે એમ નહોતા છતાં તેઓ અવારનવાર આવીને તપાસ કરી જતા અને યોગ્ય સલાહ-સૂચન આપતા. બાકી તો આ કામની સંપૂર્ણ જવાબદારી મંત્રી તેજપાલની પત્ની **મહં૦ અનુપમાદેવી**ને શિરે હતી. અનુપમાદેવીએ પોતાના ભાઈ **ઉદલ**ને સાથે રાખીને આ જવાબદારીને ઘણી સફળતાપૂર્વક પાર કરી. આ લુણિગવસહી તે પોતાના મોટાભાઈ લુણિગ, મહં૦ અનુપમાદેવી અને પુત્ર લુણસિંહના શ્રેય માટે બનાવી અને તેમાં બે ગોખલા તેજપાલની બીજી પત્ની **સુહડાદેવી**ના શ્રેય માટે બનાવ્યા છે. આ બે ગોખલાઓ

એટલે બે દેરીઓ શિલ્પકળાના અદ્‌ભુત નમૂનારૂપે આજે પણ પ્રતીતિ કરાવતા વિદ્યમાન છે.

મંત્રીઓએ નાગેંદ્રગચ્છના આ૦ **વિજયસેનસૂરિ**ના હાથે સં. ૧૨૮૭ના ફાગણ વદિ ૩ (હિંદી ચૈત્ર વદિ ૩)ને રવિવારે લુણિગવસહીમાં ભ૦ **નેમિનાથ વગેરે પ્રતિમા**ઓની મોટા મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા કરાવી.

આ ઉત્સવમાં આબૂનો રાજા **સોમસિંહ** પરમાર, અમલદારો, પંચ, ૪ મહાધરો, ૧૨ **માંડલિકો**, ૮૪ **રાણા**, ૮૪ જ્ઞાતિના મહાજનો અને દૂર દૂરના જૈન, જૈનેતર ભાઈઓ વગેરે આવ્યા હતા. સૌએ એકીઅવાજે લુણિગવસહીની પ્રશંસા કરી. જાલોરના દીવાન યશોવીર, જેઓ શિલ્પસ્થાપત્યના મહાવિદ્વાન મનાતા હતા, તેઓ મંત્રી વસ્તુપાલના આગ્રહથી અહીં આવ્યા હતા. તેમણે મંદિરના શિલ્પસ્થાપત્યને નિહાળી મુખ્ય શિલ્પી શોભનદેવની પ્રશંસા કરી અને આવાં ધર્મસ્થાનો રચાવવા માટે મંત્રી તેજપાલની પણ અત્યંત પ્રશંસા કરી; સાથોસાથ જેના પરિણામે મંત્રી કુટુંબને કે લુણિગવસહીને નુકસાન થાય એવી નાની-મોટી ૧૩ ભૂલો હતી તે શિલ્પી શોભનદેવને નીચેની વિગતે કહી સંભળાવી–

(૧) તેં કીર્તિસ્તંભ ઉપર ''તારી માતાનો હાથ'' કોતર્યો છે, જેની એક આંગળી ઊંચી રાખી છે, ''માથે છત્ર'' લગાડ્યું છે, **તે તારી ભૂલ છે;** કેમકે આ દેરાસર તો **મંત્રી તેજપાલે** બંધાવ્યું છે. એટલે અહીં **તેની માતાનો હાથ જોઈએ.** તું તો પૈસાથી કામ કરે છે. તારી માતાનો હાથ ન જોઈએ.

(૨) મંદિર વિશાળ છે. તે હિસાબે પગથિયાં મોટાં જોઈએ, જ્યારે આનાં પગથિયાં ટૂંકાં બનાવ્યાં છે, તે ઠીક નથી.

(૩) થાંભલામાં 'જિનપ્રતિમા' બેસાડી છે, તેમાં આશાતના થવાનો ભય છે.

(૪) ગભારાના દરવાજે તોરણમાં **વાઘ** બનાવ્યા છે, તેથી અહીં 'વિશેષ પૂજાનો અભાવ' થશે.

(૫) પૂર્વજોની મૂર્તિઓ 'પ્રભુની પાછળ' બેસાડી છે તેથી ભવિષ્યમાં સંતતિ તથા **ધન** ઘટશે.

(૬) છતમાં જૈન સાધુઓની મૂર્તિઓ બેસાડી છે, તેથી **બીજા ધર્મવાળા** અહીં ઓછી પૂજા કરશે.

(૭) **ગહુલી** 'કાળા રંગ'ની બનાવી છે, જે **અમંગળરૂપ** છે.

(૮) ભારવટિયા ૧૨ હાથ લાંબા છે. તે તૂટશે ત્યારે મંદિરને નુકસાન થશે; અને કોઈ બીજો અહીં એવા ભારવટિયા ગોઠવી શકશે નહીં.

(૯) રંગમંડપમાં 'પૂતળીઓની જોડી' વિશાળ બનાવી છે, તેવી તે જૈન-મંદિરમાં નિષિદ્ધ માની છે.

(૧૦) બહારના દરવાજે કસોટીના થાંભલા મૂક્યા છે તે પણ ઠીક નથી, કેમકે મંદિર તૂટવાનો ભય રહેશે.

આ સિવાય પણ અહીં બીજી નાની-મોટી – 'મોટો દરવાજો' શહેર બહાર છે, 'ઘંટ મોટો છે', સિંહની આગળ 'હરણો' છે, પહેલો રતિમંડપ છે વગેરે (૧૩) ભૂલો છે.

મંદિર ઉત્તમ બન્યું છે પણ નાની-મોટી ભૂલો છે, તે ઠીક નથી. આમાં ગભારાનું વાઘનું તોરણ, પ્રભુની પાછળ પૂર્વજોનો હસ્તિમંડપ અને પૂતળીઓના જોડકાના મોટા ઘાટ આ ત્રણ એવી ભૂલો થઈ છે કે, જે હવે સુધારી શકાય તેમ નથી જ.

જાણકાર શિલ્પી છતાં આ દોષો બન્યા છે, તો ''આમાં ભાવિભાવની પ્રબળતા જ સમજવી રહી.'' જો કે મંદિર ઉત્તમ જ બન્યું છે અને તેનો પરમ સંતોષ પણ છે જ.

મંત્રીઓએ આ ઉત્સવમાં રાજા, પ્રજા, જૈનો, અજૈનોની હાજરીમાં પોતાના કુટુંબની તથા ચંદ્રાવતીના જૈન સંઘની અમુક વ્યક્તિઓની વ્યવસ્થાસમિતિ બનાવી તે સમિતિને આ લુણિગવસહીનો વહીવટ સોંપ્યો હતો અને એ પણ નક્કી કરવામાં આવ્યું હતું કે, દેલવાડાનો સંઘ લુણિગવસહીની સારસંભાળ રાખે અને ચંદ્રાવતી, ઊમરણી, કિસરઉલી, કાસદ્રહ, વરમાણ, ધઉલી, મહાતીર્થ મુંડસ્થલ, હંડાઉદ્રા, ડબાણી, મડાહડ તથા સાહિલવાડનો જૈન સંઘ દર સાલ પ્રતિષ્ઠાની સાલગીરી ઉપર આવીને એકેક દિવસ વહેંચી દઈ અષ્ટાહ્નિકા મહોત્સવ કરે.

આ રીતે તીર્થની રક્ષાનો પ્રબંધ કરવામાં આવ્યો અને વિમલવસહી તેમજ લુણિગવસહીને કરમુક્ત જાહેર કરવામાં આવ્યાં.

રાજા સોમસિંહ પરમારે ભગવાનની પૂજા માટે ડબાણી ગામ ભેટ આપ્યું.

લુણિગવસહીનો સં. ૧૨૮૬માં પ્રારંભ થયો. સં. ૧૨૮૭માં પ્રતિષ્ઠા થઈ, સં. ૧૨૮૯માં ધ્વજા-કળશની પ્રતિષ્ઠા થઈ; સં. ૧૨૮૭ થી સં. ૧૨૯૩ સુધી દેરીઓની પ્રતિષ્ઠા અને સં. ૧૨૯૭માં પ્રસિદ્ધ કલામય ગોખલાઓની પ્રતિષ્ઠા થઈ. લુણિગવસહીના નિર્માણ અને ઉત્સવમાં એ સમયે કુલ મળીને ૧૨,૫૩,૦૦,૦૦૦ દ્રવ્યનો ખરચ થયો હતો.

લુણિગવસહી આજે શિલ્પકળાનું પ્રદર્શનગૃહ છે. વિમલવસહીની કોટિનું આ બીજું મંદિર છે. પ્રેક્ષકો, સ્થાપત્યરસિકો, ચિત્રકારો અને કળાધરો તેને ફરી ફરી વાર જૂએ તો પણ ધરાતા નથી.

લુણિગવસહીના જીર્ણોદ્ધારો ઘણા થયા છે.

અલ્લાઉદ્દીન ખિલજીએ સં. ૧૩૬૮માં જાલોરથી આબૂ આવી વિમલવસહી અને લુણિગવસહીનાં મંદિરમાં તોડફોડ કરી, જિનપ્રતિમાઓને ખંડિત કરી, ઘણીએક કોરણીનો નાશ કર્યો અને હસ્તિશાલાના હાથીઓને પણ ખંડિત કર્યા.

આવા સુંદર અને કળામય મંદિરને અસ્તવ્યસ્ત જોઈ ચંડસિંહ પોરવાલના પુત્ર સં૦ **પેથડ શાહે** સં. ૧૩૭૮માં ઘણું સમારકામ કરાવ્યું અને મોટા મંદિરનો પૂરો **જીર્ણોદ્ધાર** કરી ભ૦ નેમિનાથની ફરી પ્રતિષ્ઠા કરાવી. **બેણપ** બંદરના શેઠ જગદેવના પુત્રો સોમચંદ્ર તથા ગુણભદ્ર વિજાપુર જઈ વસ્યા હતા. તેમને પણ લુણિગવસહીના આ જીર્ણોદ્ધારમાં ભારે સહયોગ આપ્યો હતો.[૧]

લુણિગવસહીમાં ઘણી જિનપ્રતિમાઓ વિરાજમાન છે. ઉપરાંત, આ૦ વિજયસેનસૂરિ, આ૦ ઉદયપ્રભસૂરિની પ્રતિમા, મંત્રીઓના પૂર્વજોની મૂર્તિઓ, આરાસણના આસપાલ પોરવાલે ૧૯મી દેરીમાં સં. ૧૩૩૮માં અશ્વાવબોધ સમલિકાવિહારનો પટ્ટ સ્થાપ્યો હતો. ગૂઢમંડપમાં સં. ૧૫૧૫ની સતી રાજિમતીની કલાપૂર્ણ પ્રતિમા છે અને છતમાં સુંદર કોરણીભર્યું શિલ્પ છે. સ્થાને સ્થાને ઐતિહાસિક શિલાલેખો પણ લાગેલા છે.[૨]

ઉજ્જયંતાવતાર – લુણિગવસહીના મોટા દરવાજા પાસે ઉત્તર તરફ નાનો દરવાજો છે. ત્યાં આગળ જતાં ઊંચા ભાગ પર ગિરનારતીર્થની ૪ ટૂંકોની સ્થાપનાની ૪ દેરીઓ છે.

૩. મહાવીરસ્વામીનું દેરાસર –

વિમલવસહીની બહાર હસ્તિશાળા પાસે ભગવાન મહાવીરસ્વામીનું દેરાસર છે, જે વિક્રમની અઢારમી સદીના પ્રારંભમાં બન્યું છે.

૪. પિત્તલહરનું (ભીમાશાહનું) મંદિર –

સંભવતઃ **કુંભલમેરુ** દુર્ગના શેઠ **ભીમા શાહ** પોરવાડે દેલવાડામાં ભ૦ આદીશ્વરનું દેરાસર બંધાવ્યું અને તેમાં ૫૧ આંગળની પ્રતિમા બનાવવા

---

૧. બેણપ બંદરના શેઠ જગદેવે રાજા સાથે જકાતનો ઝગડો પડવાથી ૧૮ લાખ દ્રવ્યનો ખરચ કરી બંદરનો સાત ગાઉનો કિનારો પથ્થર અને કચરો ભરી પુરાવી દીધો. એટલે તે સમયથી બેણપનું બંદર બંધ પડ્યું. વેપારી વહાણો આવતાં બંધ થયાં, નગર પણ ઉજ્જડ થવા લાગ્યું અને સ્થાનિક વેપારીઓ પણ બેણપને છોડી બીજે ચાલ્યા ગયા. આ સમયે શેઠ જગદેવના પુત્રો સોમચંદ્ર અને ગુણભદ્ર વિજાપુર જઈ વસ્યા. તેમણે લુણિગવસહીનો જીર્ણોદ્ધાર કરાવ્યો.

(–અંચલગચ્છની ગુજરાતી મોટી પટ્ટાવલી, પૃ. ૯૯)

૨. મેવાડના કુંભા રાણાએ સં. ૧૫૦૬ના અષાડ સુદિ ૨ના રોજ ડુંગર ભોજાની વિનતિથી આબૂના યાત્રિકોનો મુંડકાવેરો માફ કર્યો હતો, જેના શિલાલેખો લુણિગવસહીના દરવાજા પાસે વિદ્યમાન છે.

પિત્તલનો ઉત્તમ રસ તૈયાર કર્યો. પાલનપુરના **શેઠ ધનાશાહે** તેમાં પોતાનો ભાગ રાખવા વિનતિ કરી, પણ ભીમા શાહે ના પાડી. આથી તેણે પોતાના હાથમાં સોનું છુપાવી લાવી ભઠ્ઠી પર જ તે રસનું સોનું મેળવી દીધું. પ્રતિમાજી તૈયાર થઈ પણ ભીમા શાહ મરણ પામ્યો. પોતાના ગોત્રબંધુના એ કાર્યને પૂરું કરવાની ભાવનાથી આબૂ પોરવાલના વંશજ ચંડસિંહના પુત્ર સં૦ પેથડ શાહે તે પ્રતિમાને સોનાથી રસાવી મજૂબત બનાવી, પણ તેને અહીં પધરાવવામાં મુસલમાનોના હુમલાનો ભય હતો. આથી **કુંભલમેરના તપાગચ્છીય શ્રીસંઘે** દુર્ગમાં ચૌમુખજીનું મંદિર બંધાવી, તેમાં મુખ્ય દિશામાં સં. ૧૫૧૮ની પહેલાં આ પ્રતિમાને બેસાડ્યાં અને બાકીની ત્રણ દિશામાં બીજી પ્રતિમાઓ બેસાડી હતી. આ પ્રતિમાઓ સોનાવાળી હોવાથી કાળી પડતી નથી.

ત્યાર બાદ અમદાવાદના મહમ્મુદ બેગડાના રાજા-પ્રજા માન્ય **દીવાન સુંદર** તથા તેના પુત્ર **બીજા દીવાન ગદા** ગૂર્જર શ્રીમાલીએ સં. ૧૫૧૫માં મોટા યાત્રાસંઘ સાથે આવી મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો. ભ૦ ઋષભદેવની ૧૦૮ મણની ધાતુની પ્રતિમા (૧૨૦ મણ પિત્તળની) બનાવી અને તેની સં. ૧૫૨૫માં તપાગચ્છીય આ૦ લક્ષ્મીસાગરસૂરિના હાથે તે મંદિરમાં પ્રતિષ્ઠા કરાવી. (જૂઓ, પ્રક. ૫૩)

મંત્રી ગદાના પુત્ર **શ્રીરંગે** પણ સં. ૧૫૨૫માં અહીં ઘણી પ્રતિમાઓ ભરાવી, તે પછી અહીં સં. ૧૫૩૧માં બંને ગોખલાની અને સં. ૧૫૪૭ સુધીમાં બીજી દેરીઓની પ્રતિષ્ઠા થયેલી છે. અહીં કુલ ૨૦ દેરીઓ છે.

આ મંદિરમાં પિત્તલની પ્રતિમાઓ છે તેથી આ મંદિર 'પિત્તલહર મંદિર' અથવા 'ભીમાશાહનું મંદિર' કહેવાય છે.

પિત્તલહર મંદિરની બહાર મણિભદ્રવીરનું મંદિર છે, સુરહીલેખ છે, સતીનો પાળિયો છે અને સં. અસુનો લેખ છે.

(–ઉપદેશતરંગિણી, અર્બુદ પ્રાચીનજૈનલેખસંદોહ, લેખાંક : ૪૬૭)

૫. ચૌમુખનું મંદિર –

આ મંદિર ત્રણ માળનું છે. દરેક માળમાં ચૌમુખ પ્રતિમા વિરાજમાન છે. દરડાગોત્રમાં શા૦ મંડલિક ઓસવાલ તથા તેના પરિવારે સં. ૧૫૧૫માં આ મંદિરમાં ખરતરગચ્છીય આ૦ જિનચંદ્રસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી હતી. એ સમયે મૂળનાયક શ્રીપાર્શ્વનાથ હતા.

સંભવ છે કે, આ મંદિરના નિર્માણમાં વિમલવસહી અને લુણિગવસહીમાંથી બચેલો માલસામાન વપરાયો હોય. શિલ્પીઓ-સલાટો વગેરેએ કંઈક અવૈતનિક કામ કર્યું હશે, તેમાંના સ્તંભો બનાવ્યા હશે. આથી આ મંદિર 'સલાવટોના મંદિર' તરીકે પણ પ્રસિદ્ધિ પામ્યું છે. બે-ત્રણ થાંભલાઓમાં સલાટોનાં નામ કોતરેલાં મળે છે પણ એટલા ઉપરથી તેને સલાટોનું મંદિર કહી ન શકાય.

આ મંદિરને ચૌમુખજીનું મંદિર અને 'ખરતરવસહી' પણ કહે છે.

ઓરિયા –

આબૂ ઉપર દેલવાડાથી ઈશાન ખૂણામાં ૩ માઈલ દૂર ઓરિયા ગામ છે. અહીં નાનું જિનાલય છે. તેમાં પંદરમી શતાબ્દીમાં ભ૦ શાંતિનાથની પ્રતિમા વિરાજમાન હતી, પણ આજે ભ૦ આદિનાથ વિરાજમાન છે.

અહીં શાલિગામમાં જૈન દેરાસર હતું પણ આજે નથી.

અચલગઢ –

દેલવાડાથી ૬ માઈલ દૂર આવેલ છે. અહીં ચાર દેરાસરો છે.

૧. **ચૌમુખજીનું મંદિર –**

સંઘવી રત્ના અને સં૦ ધરણા એ સરહડિયાગોત્રના પોરવાલ હતા. તેમના વંશમાં અનુક્રમે સં૦ **સાલિગ** અને સં૦ **સહસા** થયા. સં૦ સહસા માંડવગઢના બાદશાહ **ગયાસુદ્દીન**નો દીવાન હતો. તેણે તપાગચ્છની કમલકલશ શાખાના **આ૦ સુમતિસુંદરસૂરિ**ના ઉપદેશથી સં. ૧૫૫૪માં સિરોહીના **રાજા જગમાલ** (સં. ૧૫૪૦ થી ૧૫૮૦)ના રાજ્યમાં અચલગઢના મોટા શિખર ઉપર ચૌમુખજીના બે માળના દેરાસરનો પાયો નાખ્યો. ભવ્ય પ્રાસાદ તૈયાર થયો, આથી સં૦ સહસાની **પત્ની સંસારદે** અને અનુપમાદે; પુત્રો **ખીમરાજ, દેવરાજ;** પૌત્રો– જયમલ અને મનજી વગેરે પરિવાર તથા **આ૦ જયકમલસૂરિ** વગેરે ચતુર્વિધ સંઘ સાથે અહીં આવ્યો. તેણે તે મંદિરમાં ઉત્તરની ગાદીએ સં. ૧૫૬૬ના ફાગણ વદિ ૧૦ના રોજ તપાગચ્છીય કમલકલશ શાખાના આ૦ જયકમલસૂરિના હાથે ભ૦ ઋષભદેવની પ્રતિમા ભરાવી વિરાજમાન કરાવી. (જૂઓ, પ્રક. ૪૫)

સં. ૧૫૧૮ના વૈશાખ સુદિ ૪ ને શનિવારે તથા સં. ૧૫૨૯ના વૈશાખ સુદિ ૪ ને શુક્વારે **આ૦ લક્ષ્મીસાગરસૂરિ**ના હાથે **ડુંગરપુર**માં મહાઅંજનશલાકા થઈ હતી, જેમાં ડુંગરપુર, કુંભલમેરુ વગેરેના સંઘે, ડુંગરપુરના **રાવલ સોમદાસના મંત્રી સાલ્હા** વગેરેએ ઘણી પ્રતિમાઓ ભરાવી હતી. (જૂઓ, પ્રક. ૫૩)

સં૦ સહસા તેમાંની પ્રતિમાઓ અહીં લાવ્યો અને ચૌમુખજીની બીજી ત્રણ ગાદીઓમાં વિરાજમાન કરાવી અને છૂટા છૂટા સ્થાનોમાં પોતાની અંજનશલાકા-વાળી પ્રતિમાઓ બેસાડી. મંત્રી સહસાએ સંઘભક્તિ કરી, યાચકોને ખુશ કર્યા અને વિવિધ રીતે તીર્થપ્રભાવના કરી, જેમાં પાંચ લાખની રકમ વાપરી હતી.

સં૦ રત્નાના પુત્ર સં૦ સોના, તેનો પુત્ર સં૦ આશા પણ આ યાત્રાસંઘમાં સાથે આવ્યો હતો. તેણે આ પ્રતિષ્ઠા-ઉત્સવનો લાભ લીધો હતો.

ચૌમુખજીની ચાર પ્રતિમાઓ પિત્તલ-સોનાના મિશ્રણની બનેલી છે અને તેનું વજન ૧૪૪૪ મણ છે. દર્શકો તેને સાવ સોનાની બનેલી માને છે.

(ગુરુગુણરત્નાકરકાવ્ય, સર્ગ : ૩; પ્રક. ૪૫, પૃ. ૩૭૪–૩૭૫)

બાદશાહના દીવાનનું આ દેરાસર છે તેથી લોકો તેને **'બાદશાહનું મંદિર'** કહે છે. અહીં બીજી એવી પણ લોકવાયકા છે કે, મોવાડના સણા કુંભાજીના **દીવાને** આ મંદિર બંધાવેલું છે, અને રાણો પોતાના અચલગઢના રાજમહેલમાં બેસીને ચૌમુખજીના દર્શન કરતો હતો.[1]

અહીં પં૦ રૂપવિજયજી ગણિએ સં. ૧૮૮૮ના માહ સુદિ ૫ ને સોમવારે પ્રતિષ્ઠિત કરેલું ગુરુમંડલ છે, જેમાં વચ્ચે જંબૂસ્વામીની અને આઠ દિશાઓમાં આ૦ વિજયદેવસૂરિ વગેરે આઠ પટનાયકોની પાદુકાઓ છે.

૨. **શ્રીઋષભદેવનું મંદિર** –

અમદાવાદના શેઠ શાંતિદાસ શ્રીમાલીએ આ મંદિરના મૂળનાયક ભ૦ ઋષભદેવની પ્રતિષ્ઠા કરેલી છે. ભમતીમાં ૨૪ દેરીઓ છે. અહીં સરસ્વતી અને ચક્રેશ્વરીની મૂર્તિઓ પણ વિરાજમાન છે.

૩. **શ્રીકુંથુનાથનું મંદિર** –

તપાગચ્છના આ૦ લક્ષ્મીસાગરસૂરિએ સં. ૧૫૨૩ના વૈશાખ સુદિ ૮ના રોજ અંજનશલાકા કરેલી ભ૦ કુંથુનાથની મનોહર ધાતુપ્રતિમા મૂળ ગાદી ઉપર વિરાજમાન છે. સંભવ છે કે, આ દેરાસર સં૦ ખેતા શાહે બંધાવ્યું હોય.

અહીં પાસે જ જૈન કારખાનું-સંઘની પેઢી છે. તેમાં ગાદીની છત્રી પાસે અષ્ટારોહી ત્રણ મૂર્તિઓ છે, જે ડુંગરપુરમાં બનેલી છે. તેમનું વજન ૨૩ મણ છે અને કીમત ૧૦૧ મહમૂદી લાગેલી છે. તેમાં એક કલંકીના પુત્ર ધર્મરાજા દત્તની છે, જેને ચૌમુખજીના ભક્ત શા૦ પન્નાના પુત્ર શાર્દૂલે સં. ૧૫૬૬ના માગસર સુદિ ૧૫ના રોજ બનાવેલી છે. બીજી બે મૂર્તિઓ સિરોહીના રાજા જગમાલની છે, જેને સિરોહીના દેરાસરના પૂજારીએ સં. ૧૫૬૬માં બનાવી છે.

૪. **શ્રીશાંતિનાથનું મંદિર** (કુમારવિહાર) –

અચલગઢની તળેટીનું અચલેશ્વરનું મંદિર તથા અચલગઢની પગથીની જમણી બાજુની ટેકરી પરનું રાજા કુમારપાલનું મંદિર– આ બંને અંગે જુદા જુદા છતાં એક સૂચનાવાળા અને અનેક ઐતિહાસિક ઉલ્લેખો મળે છે, જેમાંથી બે મુદ્દાઓ તારવી શકાય છે –

---

૧. રાણા કુંભાજી જૈનધર્મપ્રેમી હતો. તેના રાજ્યમાં ઘરણા શાહ પોરવાલ થયો. તેણે શત્રુંજય વગેરે તીર્થોના મોટા યાત્રાસંઘ કાઢ્યા હતા. અજારી, પિંડવાડા, સાલેરા વગેરે સ્થાનોમાં મંદિરો બંધાવ્યાં હતાં. ઘણા જીર્ણોદ્ધારો, પદસ્થાપનામહોત્સવો, દાનશાલાઓ, સંઘભક્તિ, તીર્થયાત્રા, દુષ્કાળો વગેરે ધર્મકાર્યોમાં મદદ કરી હતી. રાણા કુંભાએ વસાવેલા રાણકપુરમાં સં. ૧૪૯૬માં ચૌમુખજીનું ત્રૈલોક્યદીપક મંદિર બનાવી, તેમાં આ૦ સોમસુંદરસૂરિના વરદ હસ્તે ભ૦ ઋષભદેવ વગેરે જિનપ્રતિમાઓની અંજનશલાકા-પ્રતિષ્ઠા કરાવી હતી. (જૂઓ, પ્રક. ૪૫, પૃ. ૩૭૧થી ૩૭૩; પ્રક. ૫૦, પૃ. ૪૭૮)

(૧) પહેલી ઘટના એ છે કે, આબૂના રાજા અરણ્યરાજ પરમારે અચલપાર્શ્વનાથના મંદિરનું અચલેશ્વર મંદિર બનાવ્યું અને સં. ૧૦૧૧માં પાલનપુર વસાવી ત્યાં પલ્લવિયા પાર્શ્વનાથનું મંદિર બંધાવ્યું.

(૨) બીજી ઘટના એ છે કે, રાજા પ્રહ્લાદન પરમારે અચલગઢના જિનાલયની જિનપ્રતિમાને ગળાવી, તેનો નંદી બનાવ્યો અને સં. ૧૨૭૪ની આસપાસમાં પાલનપુર વસાવી ત્યાં પલ્લવિયા પાર્શ્વનાથનું મંદિર બંધાવ્યું.

(જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૧૧૨-૧૧૩; પ્રક. ૩૬, પૃ. ૧૮૯થી ૧૯૧)

અચલેશ્વરમાં દેવળમાં આજે શિવલિંગ છે. શિલાલેખોથી જાણવા મળે છે કે, મંત્રી વસ્તુપાલે સં. ૧૨૯૦માં આ દેવળનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. આ મંદિરમાં આજે સં. ૧૪૬૪માં બનેલો પોઠિયો છે. સં. ૧૬૮૬માં બનેલી કવિ દુરાશા ચારણની મૂર્તિ છે. દેવળની માંડણી, પ્રદક્ષિણાની ભમતી અને પબાસન વગેરે અસલમાં આ જૈન દેરાસર હોય એમ પુરવાર કરે છે. લોકો અસલની ઘટનાને ભૂલી ગયા અને એક જૈન મંત્રીએ તેનો જીર્ણોદ્ધાર કર્યો, એટલી એ પુરાણી ઘટના છે. અહીં એક કાળે નંદિવર્ધન તીર્થ હતું એવી હકીકત માત્ર પટ્ટાવલીઓમાં પણ કવચિત્ લખેલી મળતી હતી. શ્રી દુર્ગાશંકર કેવલરામ શાસ્ત્રી આ મંદિરના ઇતિહાસ ઉપર પ્રકાશ પાડતાં જણાવે છે કે, 'અચલેશ્વર મહાદેવનું મોટું દેવાલય છે તે મૂળ જૈન મંદિર હતું એવું અનુમાન થાય છે.

(-અચલગઢનો લેખ, ગુજરાત માસિક, વર્ષ : ૧૨, અં. ૨; આત્માનંદ જૈન પ્રકાશ, સં. ૨૦૧૨, વર્ષ : ૫૩, અંક ૬-૭)

અંચલગચ્છના ભટ્ટારક અમરસાગરના શિષ્ય વાચક વિનયશીલ સં. ૧૭૪૨માં લખે છે કે, રાજા પ્રહ્લાદને રાજા કુમારપાલના ભ૦ શાંતિનાથ જિનચૈત્યની ત્રણ જિનપ્રતિમાઓને ગાળી નાખી નંદી બનાવ્યો, આથી તેને કોઢ રોગ થયો. એ રોગની શાંતિ માટે તેણે પાલનપુરમાં જૈનપ્રાસાદ બંધાવ્યો અને ખંભાતથી ભ૦ શાંતિનાથની પ્રતિમા લાવીને કુમારવિહારમાં સ્થાપન કરી.

(અંચલગચ્છીય વા. વિનયશીલરચિત 'અર્બુદચૈત્યપરિપાટી સ્તવન' ઢાળ : ૫, ગાથા : ૬ થી ૧૨)

અચલેશ્વર અને કુમારવિહાર અંગેના આ ઉલ્લેખો પાલનપુરનો ઇતિહાસ સર્જે છે, પણ તે બંનેમાં વાસ્તવિક ઘટના કયી છે તે એ વિષયના અભ્યાસીઓ જ નિર્ણય લાવે એ ઇચ્છવા યોગ્ય છે.

કુમારવિહાર આજે અચલગઢમાં ભ૦ શાંતિનાથના દેરાસર તરીકે વિદ્યમાન છે. અહીં મૂળનાયકની ગાદી ઉપર પ્રથમ ભ૦ નેમિનાથની પ્રતિમા હતી. સં. ૧૩૮૦ પછી ભ૦ મહાવીરસ્વામીની પ્રતિમા હતી અને આજે ભ૦ શાંતિનાથની પરિકરવાળી પ્રતિમા વિરાજમાન છે.

આ૦ જિનપ્રભસૂરિએ 'વિવિધતીર્થકલ્પ'માં, આ૦ સોમસુંદરસૂરિએ 'અર્બુદ-કલ્પ'માં તથા આ૦ જ્ઞાનવિમલસૂરિએ સં. ૧૭૫૫માં રચેલી 'તીર્થમાલા'માં અહીં ભ૦ મહાવીરસ્વામીનું મંદિર બતાવ્યું છે અને સં. ૧૮૭૯ માં રચાયેલી એક અપ્રગટ તીર્થમાળામાં અહીં ભ૦ શાંતિનાથનું ચૈત્ય દર્શાવ્યું છે એટલે સમજી શકાય છે કે, કુમારવિહારમાં મૂળનાયક જિનપ્રતિમાઓનો ઉપર મુજબ ફેરફાર થતો રહ્યો હતો.

દર્શનીય સ્થળો અને તીર્થો – આબૂ ઉપર જૈન-અજૈન તીર્થધામો વિદ્યમાન છે. ઘણાં દર્શનીય સ્થાનો વગેરે છે, તે આ પ્રમાણે છે–

વિમલવસહી, લુણિગવસહી, દેલવાડાનાં જૈનમંદિરો અને અચલગઢનાં જૈનમંદિરો, ગુરુશિખર, અચલેશ્વર મહાદેવ, મંદાકિની કુંડ, ભર્તૃહરિગુફા, ગોપીચંદગુફા, કોટેશ્વર, શ્રીમાતા-કન્યાકુમારી, રસિયો વાલમ, નલગુફા, પાંડવગુફા, અર્બુદાદેવી (અંબિકાદેવી-અધરદેવી), પાપકટેશ્વર, રઘુનાથ મંદિર, ચંપાગુફા, રામઝરુખો, હસ્તિગુફા, રામકુંડ, ગોરક્ષિણીદેવી, વશિષ્ઠાશ્રમ, ગોમુખીગંગા, ઋષિકેશ, દૂધવાવડી, નખીતળાવ, ટૉડરોક, શ્રાવણ-ભાદરવો, અચલગઢનો કિલ્લો, હરિશ્ચંદ્રગુફા, રેવતીકુંડ, ભૃગુઆશ્રમ, ભીમગુફા, ગુરુશિખર, ટ્રેવર તળાવ, ક્રૅગ પોઈન્ટ, મૌનબાબાકી ગુફા, સંતસરોવર, નન્‌રૉક, સનસેટ પોઈન્ટ, શાંતિઆશ્રમ, જ્વાલાદેવી ગુફા, જૈનમંદિરનું ખંડેર, ગુરુગુફા, જમદગ્નિઆશ્રમ, ગૌતમઆશ્રમ, માધવાશ્રમ, ક્રોડીધ્વજ વગેરે.

પ્રશંસા ઉલ્લેખો –

વીસમી સદીના **ઇતિહાસ વિવેચકો**એ વિમલવસહી તથા લુણિગવસહીની ઘણી પ્રશંસા કરી છે. તેમાંના કેટલાક ઉચ્ચકોટિના વિદ્વાનોના અભિપ્રાયો અહીં નોંધીએ છીએ –

મિ. **ફરગ્યુસન** લખે છે કે, આ મંદિરોમાં કે જે આરસનાં બનેલાં છે તે હિંદુઓના અતિપરિશ્રમ કરનારાઓના ટાંકણાંએ ફૂટપટ્ટી જેવી સૂક્ષ્મતાથી એવી મનોહર આકૃતિ બનાવી છે કે, જેની નકલ કાગળ ઉપર ઉતારવામાં ઘણો સમય અને ઘણી મહેનત કરવા છતાં હું સફળ બન્યો નથી.

(–પિક્ચર્સ ઈલસ્ટ્રેશન ઓફ ઈનોસંટ આર્કિટેક્ચર ઈન ઇન્ડિયા, હિસ્ટ્રી ઓફ ઇન્ડિયન આર્કિટેક્ચર, મો. દ. દેસાઈકૃત જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, પૃ. ૨૧૪).

કર્નલ **જેમ્સ ટૉડ** લખે છે કે, હિંદુસ્તાનભરમાં આ મંદિર શ્રેષ્ઠ છે. તાજમહાલ સિવાય બીજું કોઈ (સ્થાપત્ય) એની સરખામણીમાં ઊભું રહી શકે તેમ નથી.

(–ટ્રાવેલ્સ ઈન વેસ્ટર્ન ઇન્ડિયા)

ફાર્બસ જણાવે છે કે, આ મંદિરની કોતરણીના કામમાં સ્વાભાવિક નિર્જીવ પદાર્થોનાં ચિત્રો બનાવ્યાં છે, એટલું જ નહીં પરંતુ સાંસારિક જીવનનાં દ્રશ્ય, વ્યાપાર તથા નૌકાશાસ્ત્ર સંબંધી વિષય તો શું પણ રણક્ષેત્ર સુદ્ધાનાં ચિત્રો પણ કોતરવામાં આવ્યાં છે. છતોમાં જૈનધર્મની અનેક કથાઓનાં ચિત્રો પણ અંકિત છે.

(–ફાર્બસરાસમાળા; મો. દ. દેસાઈકૃત જૈ. સા. સં. ઇ., પારા ૨૮૯)

રા૦ બ૦ **गौरीशंकर** ओझा अपने इतिहासमें उल्लेख करते हैं कि, 'ऐतिहासिक द्रष्टिसे भी आबू उल्लेखनीय और प्रशंसनीय है, परंतु आबूकी इतनी प्रसिद्धि और यशस्वितामें खास कारण तो और ही है, और वह है 'आबू-देलवाडाके जैनमंदिर' । (–सिरोहीराज्यका इतिहास, राजपूतानेका इतिहास)

कारीगरीमें विमलवसहीकी समता करनेवाला दूसरा कोई मंदिर हिन्दुस्ताानमें नहीं है । (राजपूतानेका इतिहास, खंड : १, पृ. १९३)

દુર્ગાશંકર કેવલરામ શાસ્ત્રી નોંધે છે કે, વિમલવસતિના મંદિરની કોતરણી વિશે તજજ્ઞો કહે છે કે આ દેવળ એના અણિશુદ્ધ નકસીકામથી પ્રેક્ષકને વિચારણામાં ગરક કરી દે છે. એ એટલું તો પૂર્ણ છે કે, તેમાં કંઈ પણ ફેરફાર ન જ થઈ શકે. ખાસ કરીને મંદિરમાં સફેદ આરસ પર જે નકસી કામ કર્યું છે તેની ઝીણવટ અદ્‌ભુત છે, પણ આ બધી શોભા અંદરના ભાગમાં જ છે. બહારથી તો આ મંદિરો તદ્દન સાદાં લાગે છે. ફર્ગ્યુસનના કહેવા પ્રમાણે સ્થાપત્યકળાની ટોચનો આ નમૂનો છે.[૧]

અને તે પછીના બે-એક સૈકામાં (લુણિગવસહીમાં) એ (કળા) અમુક બાબતમાં થોડીક ચડે છે, પણ પૂર્ણતા અને શુદ્ધિની બાબતમાં તો ધીમે ધીમે આ દેશની સ્થાપત્યકળા એ પછી ઊતરતી ગઈ છે.

(–ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ,
ભા. ૧, પ્રક. ૧૧, પૃ. ૨૨૪)

ગુજરાતના રાજાઓ, મંત્રીઓ અને શ્રીમંત વેપારીઓએ ઘણું ઉત્તેજન આપ્યું હતું અને શિલ્પના નહીં પણ સ્થાપત્યકળાના તો ઉત્તમ નમૂના એ કાળે સર્જાયા હતા. (–ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ,
ભા. ૨, પરિશિષ્ટ : ૧, પૃ. ૪૪૮)

---

૧. જૂઓ, ફરગ્યુસનની 'હિસ્ટ્રી ઑફ ઇન્ડિયન આર્કિટેક્ચર', હાવેલનું 'એન્શ્યન્ટ આર્કિટેક્ચર ઑફ ઇન્ડિયા', સુરતની સાહિત્ય પરિષદના છપાયેલા રિપોર્ટમાં ગજાનન વિશ્વનાથ પાઠકનો 'ગુજરાતનું સ્થાપત્ય' નિબંધ તથા 'ગુજરાતના તીર્થસ્થાનો' પૃ. ૧૪૧ થી ૧૫૩.

આબૂ તીર્થનાં વિવરણ સાધનો –

૧. અર્બુદ પ્રાચીન જૈન લેખ સંદોહ, પૂ૦ મુનિ શ્રીજયંતવિજયજી. વિમલવસહીના સં. ૧૨૦૧, સં. ૧૩૫૦, સં. ૧૩૭૮ વગેરેના પ્રતિમાલેખો; લુણિગવસહીના સં. ૧૨૮૭ વગેરેના પ્રતિમાલેખો.
૨. તિલકમંજરી, ધનપાલ કવિ.
૩. દ્વ્યાશ્રયમહાકાવ્ય, સં. ૧૨૧૬, ક. સ. આ૦ હેમચંદ્રસૂરિ.
૪. ચિત્તોડના કિલ્લાનો સં. ૧૨૦૮નો કુમારપાલનો લેખ.
૫. હમ્મીરમદમર્દન, સં. ૧૨૮૫, આ૦ જયસિંહસૂરિ.
૬. સુકૃતસંકીર્તન, સં. ૧૨૮૭, કવિ અરિસિંહ.
૭. સંઘપતિચરિત્ર, સં. ૧૨૯૦, આ૦ ઉદયપ્રભસૂરિ.
૮. સુકૃતકીર્તિકલ્લોલિની, આ૦ ઉદયપ્રભસૂરિ.
૯. આબૂરાસ, સં. ૧૨૮૯, કવિ પાલ્હણ.
૧૦. પ્રબંધાવલી (પુરાતનપ્રબંધસંગ્રહ), સં. ૧૨૯૦, આ૦ જિનભદ્રસૂરિ.
૧૧. વસંતવિલાસ, સં. ૧૨૯૬, આ૦ બાલચંદ્રસૂરિ.
૧૨. વિવિધતીર્થકલ્પ, સં. ૧૩૮૯, આ૦ જિનપ્રભસૂરિ.
૧૩. પ્રબંધચિંતામણિ, સં. ૧૩૬૧, આ૦ મેરુતુંગસૂરિ.
૧૪. પ્રબંધકોશ, સં. ૧૪૦૫, આ૦ રાજશેખરસૂરિ.
૧૫. ગુર્વાવલી, સં. ૧૪૬૬, આ૦ મુનિસુંદરસૂરિ.
૧૬. અર્બુદકલ્પ, સં. ૧૪૮૦, આ૦ સોમસુંદરસૂરિ.
૧૭. કુમારપાલપ્રબંધ, સં. ૧૪૯૨, ઉપા૦ જિનમંડનગણિ.
૧૮. વસ્તુપાલચરિત, સં. ૧૪૯૭, પં૦ જિનહર્ષ.
૧૯. ઉપદેશતરંગિણી, સં. ૧૪૯૭, પં૦ રત્નમંડનગણિ.
૨૦. ગુરુગુણરત્નાકરકાવ્ય, સં. ૧૫૪૧, પં૦ સોમચારિત્રગણિ.
૨૧. હીરસૌભાગ્યકાવ્ય-સટીક, સં. ૧૬૫૬, પં૦ દેવવિમલગણિ.
૨૨. ઉપદેશસાર, સં. ૧૬૬૨, પં૦ કુલસાગર.
૨૩. વિમલપ્રબંધ, કવિ લાવણ્યસમય.

આરાસણ (કુંભારિયાજી) –

થારાપદ્રગચ્છના આ૦ **યશોદેવસૂરિ** (સં. ૧૧૮૪)થી **આરાસણગચ્છ** નીકળ્યો છે.

મંત્રી વિમલ શાહે આબૂ ઉપર સં. ૧૦૮૦ માં વિમલવસહી સ્થાપન કર્યું તે પછી તરતમાં એના વંશજોએ કે ચંદ્રાવતીના ધનાઢ્ય જૈનોએ આરાસણમાં વિમલવસહી જેવી સુંદર કોતરણીવાળા વિમલવસહીના કારીગરો પાસે વિશાળ

જૈનમંદિરો બંધાવ્યાં. આ દરેકની રચનાનો ચોક્કસ સમય મળતો નથી પરંતુ આ મંદિરો તે સમયનાં મનાય છે. આજે અહીં પાંચ જૈનમંદિરો છે.

(૧) ભ૦ નેમિનાથનું મંદિર – એ પ્રાચીન મંદિરની આ૦ **વાદિદેવસૂરિ**ના હાથે મોટી પ્રતિષ્ઠા થઈ હતી.[૧] પાછળથી મૂળનાયકની પ્રતિમા ખંડિત થવાથી વોરા રાજપાલે આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવી, બીજી નવી પ્રતિમા ભરાવી આ૦ **વિજયદેવસૂરિ**ના હાથે તેની પ્રતિષ્ઠા કરાવી. આ મંદિરમાં સં. ૧૩૧૦ થી ૧૩૪૫ સુધીના શિલાલેખો મળે છે, જેમાં પ્રતિષ્ઠાપક તરીકે આ૦ જિનભદ્ર, આ૦ પરમાનંદ, નવાંગીવૃત્તિકાર આ૦ અભયદેવસૂરિના સંતાનીય આ૦ ચંદ્ર, આ૦ સોમપ્રભના પટ્ટધર આ૦ વર્ધમાન, આ૦ ચક્રેશ્વર અને વડગચ્છના આ૦ વિજયસિંહસૂરિનાં નામો મળે છે. આ મંદિરમાં વિમલવસહી જેવું કોરણીકામ છે.

(૨) ભ૦ મહાવીરનું મંદિર – આ મંદિરમાં મૂળનાયકની બેઠક પર સં. ૧૧૧૮ ના ફાગણ સુદિ ૯ ને સોમવારનો લેખ છે. ફરતી ૨૪ દેરીઓ છે. અહીં પણ મૂળનાયકની પ્રતિમા ખંડિત થવાથી સં. ૧૬૭૫ ના માહ સુદિ ૪ ને શનિવારે આ૦ વિજયદેવસૂરિએ પ્રતિષ્ઠા કરેલી પ્રતિમા મૂળનાયક તરીકે વિરાજમાન છે. મંદિરના રંગમંડપમાં છત પર સુંદર કોરણી કરેલી છે. નકસીમાં વિવિધ જીવનઘટનાઓ ઉપસાવી છે.

(૩) ભ૦ શાંતિનાથનું મંદિર – આ મંદિરમાં કુલ ૧૬ દેરીઓ છે. સં. ૧૧૩૮ થી સં. ૧૧૪૬ સુધીના શિલાલેખો મળે છે. ઘુમ્મટ અને તોરણો સુંદર નકસીથી ભરેલાં છે.

(૪) ભ૦ પાર્શ્વનાથનું મંદિર – આ મંદિર સૌથી મોટું વિશાળ અને પ્રાચીન છે. અહીંના એક ગોખલાની વેદી ઉપર લેખ છે કે, આ૦ વાદિદેવસૂરિએ સં. ૧૨૧૬ના વૈશાખ સુદિ ૨ ના રોજ ગોખલામાં ભ૦ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી. મંદિરની બેઠકમાં સં. ૧૨૫૯નો આ૦ ધર્મઘોષસૂરિનો લેખ પણ છે. બીજી બેઠકમાં સં. ૧૩૬૫ નો લેખ છે. અહીં પણ આજે તો મૂળનાયક તરીકે આ૦ વિજયદેવસૂરિએ સં. ૧૬૭૫ માં પ્રતિષ્ઠા કરેલી મૂર્તિ વિરાજમાન છે. આ મંદિરમાંની કમાનો, તોરણો અને છતમાં અદ્‌ભુત કોરણી કરેલી છે.

(૫) ભ૦ સંભવનાથનું મંદિર – આ મંદિરમાં ભમતી નથી અને તેથી દેરીઓ બનેલી નથી તેમજ કોરણી પણ નથી.

સામાન્ય માન્યતા એવી છે કે, મંત્રી વિમલ શાહે જ આ મંદિરો બંધાવ્યાં છે. વિમલવસહી બનાવતાં પથ્થરો બચ્યા હતા, આરસની ખાણ પણ પાસે જ હતી. સિદ્ધહસ્ત કારીગરોને જ કામે લગાડ્યા હતા અને મુસલમાનોના હુમલાથી

---

૧. પાસિલ શ્રેષ્ઠીએ આ જિનાલય બંધાવ્યું હતું. (જૂઓ, પ્રક. ૪૧, પૃ. ૪૪૯, ૫૧૬)

બચી શકે એવું એકાંત સ્થાન નજીકમાં આ જ હતું. એટલે સંભવ છે કે, મંત્રી વિમલ શાહે આ બધાં દેરાસરો બંધાવ્યાં હોય. આજ સુધી આ મંદિરો ટકી શક્યાં છે તે ઉપરનાં કારણોને આભારી છે.

મંત્રી વિમલ શાહને આરાસણની પહાડીઓમાંથી સોનાની ખાણો મળી આવી હતી. એ ખાણોનું ખનિજ લાવીને ભઠ્ઠીમાં ગળાવી સોનું એકઠું કર્યું હતું. તેનાથી જિનપ્રતિમાઓ અને ઉપર્યુક્ત દેવાલયો બનાવ્યાં હતાં. આજે પણ કુંભારિયામાં એ ખનિજ ગાળવાની ભઠ્ઠીઓનાં નિશાનો દેખાય છે.

એ ભઠ્ઠી બનાવનારા કુંભારોનું નિવાસસ્થળ સમજાતાં **કુંભારિયા**ના નામથી વિખ્યાત થયું છે.

આબૂ પ્રદેશના જિનાલયોમાં શાસનદેવ તરીકે મોટે ભાગે બ્રહ્મશાંતિદેવ અને અંબિકાદેવીની પ્રતિમાઓ મળે છે.

બીજી રીતે પણ મંત્રી વિમલ શાહને અંબિકાદેવી પ્રસન્ન હતાં. એટલે તેણે આ મંદિરોના ઘેરાવાના પ્રવેશ ભાગમાં જ ભ૦ નેમિનાથના મંદિરની અધિષ્ઠાયિકા તરીકે અંબિકાનું પણ ભવ્ય મંદિર બંધાવ્યું, જે આજે અંબાજીના સ્થાનથી પ્રસિદ્ધ છે. દેવીના મૂળ સ્થાનમાં सत्तरिसययंत्र– ૧૭૦ નો વિજયમંત્ર છે. અસદ્‌ભુત સ્થાપના છે. તેની ઉપર બનાવટી ખોળું ચડાવેલું છે.

શ્રીમાલી વાણિયા, પોરવાલ વાણિયા અને જૈનોનું આ પવિત્ર ધામ છે. (આ કુંભારિયાજી તીર્થનો વહીવટ હાલ અમદાવાદની શેઠ આણંદજી કલ્યાણજી પેઢી હસ્તક છે.)

હમીરગઢ (મીરપુર) :

આબૂની પૂર્વ દિશામાં જુદી પહાડી ઉપર આરાસણ તીર્થ છે તેમ આબૂ પહાડની પશ્ચિમ દિશામાં આબૂના ઢોળાવમાં જ **હમીરપુર** તીર્થ છે. આ સ્થાન બહુ પ્રસિદ્ધ નથી. અહીં નાનાં-મોટાં ચાર દેરાસરો છે. એક દેરાસરના એક પથ્થર ઉપર વિમલવસહીના નમૂનાની જ સુંદર કોરણી છે. મંત્રી વિમલના ભાઈના વંશજોએ આ તીર્થની સ્થાપના કરેલી છે.

સિરોહીથી નૈઋત્યમાં ૯ માઈલ દૂર, સિંદરથથી દક્ષિણ દિશામાં ૩ માઈલ દૂર અને અણાદરાથી ઈશાન ખૂણામાં ૧૩ માઈલ દૂર હમીરગઢ આવેલું છે. હમીર દેવડાએ સં. ૮૦૮માં હમીરગઢ વસાવ્યો. આ વંશના દેવડાઓએ ચંદ્રાવતી અને સિરોહીમાં રાજ્ય કર્યું હતું. મુસલમાની આક્રમણો વખતે હમીરગઢ તૂટ્યું અને તે સ્થળે પાછળથી **મીરપુર** વસ્યું.

અહીં સં. ૧૫૭૩માં આ૦ પાર્શ્વચંદ્રસૂરિ, જેમણે 'પાર્શ્વચંદ્રગચ્છ'ની સ્થાપના કરી છે તે જન્મ્યા હતા. સં. ૧૫૭૬માં તપાગચ્છની કુતુબપુરા શાખાના આ૦

સૌભાગ્યનંદીએ 'મૌન એકાદશીની કથા' રચી હતી. સં. ૧૭૫૫માં આ૦ જ્ઞાનવિમલસૂરિએ ચાર દેરાસરોની યાત્રા કરી હતી.

અહીં આજે પણ ચાર દેરાસરો વિદ્યમાન છે :–

(૧) આરસનું મંદિર – સંભવ છે કે મંત્રી વિમલ શાહના ભાઈના વંશજોએ આ તીર્થની સ્થાપના કરી હોય. ભવ્યતા, કલા અને કોરણીમાં આ મંદિર વિમલવસહીના દેરાસરની યાદ કરાવે છે. દીવાલોમાં તીર્થંકરો, ગુરુમહારાજો, દેવ-દેવીઓ, શેઠ-શેઠાણીઓની મોટી મોટી મૂર્તિઓ કોતરેલી છે. મંદિરના થરોમાં પણ વિવિધ ભાવના દ્રશ્યો છે. મેઘરથ રાજાનું દાન, ૧૪ સ્વપ્નો, ગુરુદેવની વ્યાખ્યાનસભા, મુનિના હાથમાં દોરાવાળી તરપણી, હાથમાં મુહપત્તિ એમ વિવિધ ભાવો કંડારેલા છે.

આ મંદિર પાયાથી શિખર સુધી આરસનું બનેલું છે, જેમાં સં. ૧૨૧૯નો આ૦ ચંદ્રસિંહસૂરિ, સં. ૧૩૪૬નો આ૦ પૂર્ણચંદ્રસૂરિ અને સં. .....નો આ૦ વર્ધમાનસૂરિનો પ્રતિમાલેખ મળે છે. તેમજ સં. ૧૫૫૨, સં. ૧૫૫૬ના તપાગચ્છના આ૦ ધર્મરત્નસૂરિ, આ૦ ઉદયસાગરસૂરિ, આ૦ હેમવિમલસૂરિના ઉપદેશથી દેરીઓના જીર્ણોદ્ધાર થયાના લેખો છે.

આ દેરાસરનું અસલ નામ 'જગન્નાથપ્રાસાદ' છે. તેમાં પ્રથમ જીરાવલા પાર્શ્વનાથની પ્રતિમા મૂળનાયક તરીકે હતી. તે પછી ગોડી પાર્શ્વનાથની પ્રતિમા મૂળનાયક તરીકે હતી. તે જ પ્રતિમા આજે મુંબઈમાં ગોડીજીના મંદિરમાં મૂળનાયક તરીકે વિદ્યમાન છે.

(૨-૩) આરસના મુખ્ય મંદિરથી થોડે દૂર બે નાની ટેકરીઓ છે. તેની ઉપર બે નાનાં સાદાં મંદિરો છે, પણ તે મૂર્તિ વિનાનાં ખાલી પડેલાં છે. સંભવ છે કે, જોધપુરના ઓશવાલ દીવાને આ મંદિરો બંધાવ્યાં હોય.

(૪) રસ્તા પર એક સાદું મંદિર છે, જે બીજા-ત્રીજા મંદિરો પહેલાં બન્યું હોય એમ લાગે છે.

આ રીતે મીરપુરમાં ચાર જિનાલયો છે. અહીંનો વહીવટ સિરોહીની શેઠ કલ્યાણજી પરમાનંદજીની પેઢી કરે છે.

કલાપ્રેમી અને શાંતિના ઇચ્છુકો માટે આ સ્થાન દર્શનીય છે.

(પૂ. જયંતવિજયજીકૃત 'હમીરગઢ' પુસ્તિકા)

સાંડેરાવ તીર્થ –

શંકરાચાર્યના ત્રાસથી જૈનો મગધથી હિજરત કરી રાજપૂતાનામાં ચાલી આવ્યા, એનો ઇતિહાસ અગાઉ (પ્રક. ૩૨, પૃ. ૪૧૬ થી ૪૧૮માં) આવી ગયો છે. જૈનોએ ત્યાંની પ્રાચીન જિનપ્રતિમાઓ લાવીને રાજપૂતાનામાં સ્થાપન

કરી છે. શબ્દસામ્યથી તારવી શકાય છે કે, ક્ષત્રિયકુંડ ભ૦ મહાવીરની જન્મભૂમિની નંદીવર્ધન પ્રતિષ્ઠિત પ્રતિમા નાંદિયામાં, તેમના દીક્ષાસ્થાનની પ્રતિમા મુંડસ્થલમાં, ઋજુવાલુકાની પ્રતિમા નાણામાં, નિર્વાણસ્થાન પાવાપુરીની પ્રતિમા દિયાણામાં, કોટિવર્ષનગરના કોટિકગચ્છની કોટ્યાર્કમાં, બ્રાહ્મણકુંડની પ્રતિમા બ્રાહ્મણવાડામાં સ્થાપન કરી છે અને આ૦ પ્રદ્યુમ્નસૂરિએ ત્યાં (પૂર્વદેશમાં) જઈને નવાં જિનાલયો બંધાવી તે તે સ્થળે પાદુકાઓ સ્થાપન કરેલી છે.

ઇતિહાસ કહે છે કે, ભ૦ મહાવીરને સુષમિણી ગામ બહાર ખીલાનો ઉપસર્ગ થયો હતો. ત્યાં લોકોએ ભ૦ મહાવીરનું મંદિર બંધાવ્યું હતું. આ પ્રતિમા ક્યાં સ્થાપન કરી હશે એ સંશોધનનો વિષય છે. ઐતિહાસિક દ્રષ્ટિએથી વિચારીએ તો આર્ય કાલકની શિષ્યપરંપરા ખંડિલગચ્છ તરીકે પ્રસિદ્ધ હતી. સંભવ છે કે, સંડેરકગચ્છ તેનું જ અપભ્રંશ નામાંતર હશે. સંડેરગચ્છનો ઇતિહાસ પ્રથમ (પ્રક. ૩૪, પૃ. ૪૭૧ થી ૪૮૮) આવી ગયો છે. આ રીતે જોઈએ તો સંડેરગચ્છના આચાર્યોએ સુષમિણીની એ પ્રતિમા લાવીને સંડેરકમાં સ્થાપન કરી હોય તો તે બનવાજોગ છે.

મારવાડનું સાંડેરાવ એ સાંડેરકગચ્છનું કેન્દ્રધામ છે. ત્યાં ભ૦ મહાવીર-સ્વામીનું પ્રાચીન જિનાલય છે, જેમાં સં. ૧૧૧૫, સં. ૧૧૯૩ના શિલાલેખો વિદ્યમાન છે.

"श्रीसांडेरकचैत्ये

पण्डितजिनचन्द्रेण गोष्ठियुतेन धीमता ।
देवनागगुरोर्मूर्तिः कारिता मुक्तिवाञ्छता ॥

॥ सं. ११९३ वैशाख वदि ३ ॥"

આ લેખવાળી ગુરુમૂર્તિ ત્યાં વિદ્યમાન છે. તેના ગળા પાછળ ઓઘો છે. પાછળ ભામંડળ છે. ભામંડલની ઉપર તીર્થંકરની પ્રતિમા છે. મૂર્તિની નીચે ચાર ભક્તોની મૂર્તિઓ છે.

(૧) પ....ન્નઃ, જેમના હાથમાં કપડું છે.

(૨) પં૦ જિનચન્દ્ર, જે ગુરુદેવના પગ દાબે છે, તેને ડાબી બગલમાં ઓઘો છે.

(૩) થિરપાલ, જે હાથ જોડીને ઊભો છે.

(૪) શુભઙ્કર, જેના હાથમાં ફૂલછાબ છે.

અહીં સુષમિણીની જિનપ્રતિમા આવેલી છે તેને પુરવાર કરતો શિલાલેખ છે. ભ૦ મહાવીરસ્વામીના દેરાસર સામે જૈન ઉપાશ્રય છે. તેમાં પહેલી લાઈનની પાંચ ચોકીમાંની બીજી, ત્રીજી, ચોથી ચોકીના પાટડા ઉપર બીજી પંક્તિ, ત્રીજી ચોકીના પહેલા થાંભલા ઉપર શિલાલેખ છે, તે લેખ આ પ્રકારે છે –

"(૧) ૯॥ संवत् १२३९ वर्षे फागुण सुदि ४ गुरौ अद्येह
श्रीसांडेरकनिवासिश्रेष्ठिगुणपाल-
(૨) पुत्री कल्याणा-गोला-चम्पाः सुषमिणी-
स्वामिकाया श्रीमहावीरचैत्ये खत्तिका कारापिता ॥"

આ શિલાલેખથી સ્પષ્ટ થાય છે કે, સુષમિણી ગામની બહાર ભ૦ મહાવીર-સ્વામીને ખીલાનો ઉપસર્ગ થયો હતો. ત્યાંની પ્રતિમાને જૈનો હિજરત સમયે અહીં સંડેરકમાં લાવ્યા અને વિરાજમાન કરી. આ પ્રદેશમાં જે જીવિતસ્વામીની પ્રતિમાઓ કહેવાય છે તે વાસ્તવમાં હિજરત સમયમાં અહીં લાવીને સ્થાપન કરેલી લાગે છે. એટલે સાંડેરાવ અતિ પ્રાચીન જૈનધામ છે. દેરાસરમાં ભમતીના મોટા દરવાજાની ચોકીના પાટડા ઉપર ત્રણ લીટીનો પડિમાત્રામાં સંસ્કૃત શિલાલેખ છે, તેનો સાર એવો છે કે, સં. ૧૨૨૧ના માહ વદિ ૨ ને શુક્રવારે અહીંના રાજા આલ્હણદેવના રાજ્યમાં તેની મહારાણી આનલદેવીએ સાંડેરાવના મૂળનાયક ભ૦ મહાવીરદેવના ચૈત્ર સુદિ ૧૩ના કલ્યાણકના વાર્ષિક ઉત્સવ માટે અમુક જારનું દાન કર્યું છે. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૧૨૪)

ભોંયરાના દરવાજા ઉપર શિલાલેખ છે–

'સં. ૧૨૬૮ના માહ વદિ ૫ ને સોમવારે નડૂલના મહારાજા સંગ્રામસિંહના રાજ્યમાં શેઠ કર્મસિંહ વગેરેએ દાન કર્યું.'

સાંડેરાવના દેરાસરમાં ડાબી બાજુએ એક સાપની આકૃતિ (મૂર્તિ) બનાવેલી છે અને ત્યાં ઘીનો અખંડ દીવો પ્રજ્વલિત રહે છે.

સાંડેરાવમાં સંઘની શ્રીશાંતિનાથ જૈન પેઢી છે. તેમાં ૧૮૦ પુરાણા સિક્કાઓ છે, જેમાં ખરોષ્ટ્રી લિપિ અને વચ્ચે રાજાનું મહોરું છે, તથા પાછળ ૦૦૦ વગેરે છે.

સંડેર :

પાટણથી ૬ કોશ દૂર સંડેર નામે ગામ છે. ત્યાં ગામની વચ્ચે એક મોટા પડથાલ ઉપર એક શિવ મંદિર અને એક દેવીમંદિર છે.

વનરાજ ચાવડાએ શેઠ નીનાના પુત્ર મંત્રી લહીરને આ ગામ ઈનામમાં આપ્યું હતું. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૧૩૧)

મંત્રી લહીર વિંધ્યાચલની પહાડીમાંથી વિંધ્યવાસિની દેવીને અહીં લાવ્યો હતો અને ઘણુહાવી નામ આપી સ્થાપન કરી હતી. એ દેવી મંત્રી લહીર અને તેના વંશજોને પ્રસન્ન હતી. એવું કહેવાય છે કે, મંત્રી લડાઈ કરવા જતો ત્યારે આ દેવી કાળી ચકલી રૂપે તેના ભાલા ઉપર આવીને બેસતી અને મંત્રી લહીરને વિજય મળતો.

સંડેરના દેરાસરમાં મૂળનાયક ભ૦ ચંદ્રપ્રભ જિનેશ્વરની પ્રતિમા છે. તેની નીચે બીજા પરિકરમાંથી છૂટી પડી ગયેલી ગાદી બેસાડેલી છે. તેમાં એક લેખ છે, તેનો સાર એ છે કે, સં. ૧૩૦૨ના માહ સુદિ ૧૫ ને શુક્રવારે હારિજગચ્છના શ્રીમહેંદ્રસૂરિના શિષ્ય આ૦ શ્રીગુણભદ્રના ઉપદેશથી પિતૃવ્ય નાગદેવી વગેરેની સમ્મતિથી તેના પુત્ર ક્ષેમસિંહે શેઠ જયતાના શ્રેય માટે દેરી કરાવી, તેમાં ભ૦ મહાવીરની પ્રતિમા પધરાવી.

દેરાસરમાંની પાદુકા ઉપર ત્રણ લીટીનો લેખ છે તેનો સાર એ છે કે, સં. ૧૯....ના શ્રાવણ સુદિ ૬ના રોજ સકલપંડિતશિરોમણિ પં૦ માણેક-વિજયના શિષ્ય પં૦ શાંતિવિજય, તેના શિષ્ય પં૦ રવિવિજયની પાદુકા છે.

અહીં ધાતુમૂર્તિઓ ઉપર નીચે મુજબના લેખ છે –

★ સં. ૧૫૦૭, શાંતિનાથ, પ્રતિષ્ઠાપક તપા૦ આ૦ રત્નશેખરસૂરિ.

★ સં. ૧૫૬૪ના જેઠ સુદિ ૧૨ શુક્રવાર, સંભવનાથ, પ્ર૦ આ૦ લબ્ધિ-સાગરસૂરિ.

★ સં. ૧૪૮૦ જેઠ સુદિ ૧૩, પોરવાડ જયતાક, જયતલદેએ મુનિસુવ્રત-સ્વામીનું બિંબ કરાવ્યું. પ્ર૦ તપા૦ આ૦ સોમસુંદરસૂરિ.

★ સં. ૧૫૨૧ પોષ સુદિ ૧૧ શનિ, નેમિનાથ, દ્વિવંદનીક વૃદ્ધશાખાના આ૦ સિદ્ધસૂરિ, ઉનાઉઆ-વાસ્તવ્ય.

શ્રુતકેવલિકલ્પ મહોપાધ્યાય યશોવિજયજીગણિની આજ્ઞા પ્રમાણે છેવટે સં. ૧૭૪૯ માં આ૦ જ્ઞાનવિમલસૂરિએ ક્રિયોદ્ધાર કરી અહીં સંવેગી માર્ગ સ્વીકાર્યો.

પ્રકરણ આડત્રીશમું

આચાર્ય સર્વદેવસૂરિ

આ૦ દેવસૂરિની પાટે આ૦ સર્વદેવસૂરિ થયા. આ આચાર્યશ્રીના જીવન વિશે કોઈ ઉલ્લેખ મળતો નથી. માત્ર તેમણે આ૦ વિજયચંદ્ર, આ૦ યશોભદ્ર, આ૦ જયસિંહ, આ૦ નેમિચંદ્ર, આ૦ રવિપ્રભ, આ૦ ચંદ્રપ્રભ વગેરે આઠને આચાર્યપદવી આપી હતી, એટલી હકીકત જાણવા મળે છે. આ૦ નેમિચંદ્ર સં. ૧૧૨૯ અને સં. ૧૧૩૯ના ગાળામાં આચાર્ય થયા હતા એટલે સંભવ છે કે, આ૦ સર્વદેવસૂરિ સં. ૧૦૩૭ માં સ્વર્ગસ્થ થયા હશે, પરંતુ બીજી રીતે સં. ૧૧૯૫ પણ મળે છે.

વડગચ્છ

આ૦ જયસિંહસૂરિની પટ્ટાવલી આ પ્રકારે મળે છે –

૩૯. આ૦ જયસિંહસૂરિ – તેઓ વડગચ્છના આચાર્ય હતા. આ૦ સર્વદેવ-સૂરિના હાથે આચાર્ય બન્યા હતા.[1]

૪૦. આ૦ ચંદ્રપ્રભ, ૪૧. આ૦ ધર્મઘોષ, ૪૨. આ૦ શીલગુણ.

૪૩. આ૦ માનતુંગસૂરિ – તેમણે 'સિદ્ધજયંતી' ગ્રંથ રચ્યો છે. તેમાં 'ભગવતીસૂત્ર'માં નિર્દિષ્ટ કૌશાંબીની રાજકુમારી જયંતીના પ્રશ્નોત્તરોનો સંગ્રહ કર્યો છે.

૪૪. આ૦ મલયપ્રભસૂરિ – તેઓ પોરવાડજ્ઞાતીય શેઠ શુભંકરના વંશના સેવાકપુત્ર યશોધન, તેમના પુત્ર સુમદેવના પુત્ર હતા. આ વંશમાંથી આ૦ મલયપ્રભ, આ૦ વાદિદેવસૂરિ પરંપરાના આ૦ નં. ૪૩, આ૦ મદનચંદ્ર, આ૦ ઉદયચંદ્ર, આ૦ લલિતકીર્તિ, આ૦ જયદેવ, પં૦ ધનકુમારગણી, સાધ્વી જિનસુંદરી ગણિની, સાધ્વી ચંદનબાલા ગણિની વગેરે દીક્ષિત થયાં હતાં.

આ૦ મલયપ્રભસૂરિએ સં. ૧૨૬૦માં 'સિદ્ધજયંતી' ગ્રંથની વૃત્તિ રચેલી છે. તેની સં. ૧૨૬૧માં પોરવાડજ્ઞાતીય શેઠ યશોદેવની પત્ની શ્રાવિકા નાઉએ પં૦ મુંજાલ પાસે મુંશિકા ગામમાં પ્રતિ લખાવી અને તે આ૦ અજિતપ્રભસૂરિને તેણે વહોરાવી હતી. (–પિટર્સનનો રિપોર્ટ ૩, પૃ. ૩૭, ૪૩, ૪૫; જૈનપુસ્તક પ્રશસ્તિસંગ્રહ, પુષ્પિકા : ૧૩, ૨૩)

---

૧. તેમની પટ્ટપરંપરા અને પૂનમિયા-ત્રિસ્તુતિક મતની પરંપરામાં નામની સામ્યતા જોવાય છે.

૪૫. આ૦ સમંતભદ્રસૂરિ – સં. ૧૨૮૬ ના ફાગણ સુદિ ૩ ના ઉલ્લેખમાં તેઓ પોતાને ચંદ્રગચ્છના બતાવે છે.

વડગચ્છના આ૦ માનતુંગના વંશના આ૦ ધર્મચંદ્રના પટ્ટધર આ૦ વિનયચંદ્રના ઉપદેશથી સં. ૧૪૪૩ ના કાર્તિક વદિ ૧૪ ને શુક્રવારે રાજા વનવીર ચૌહાણના સમયમાં નાડલાઈના ગિરનાર અર્થાત્ ઉજ્જયંતાવતાર તીર્થનો જીર્ણોદ્ધાર થયો હતો. (–પ્રક. ૩૪, પૃ. ૫૦૧)

૩૮. **આ૦ સર્વદેવસૂરિ** – આ૦ સર્વદેવસૂરિએ સં. ૧૦૨૩ ના[1] માહ સુદિ ૧૦ ના રોજ શંખેશ્વરતીર્થમાં લોહિયાણના રાજાને ઉપદેશ આપી જૈન બનાવ્યો. તે બાર વ્રતધારી શ્રાવક થયો પણ સંયોગવશાત્ બદલાઈ ગયો. છેવટે પાંચેક વર્ષ પછી ફરીથી એ જ તીર્થમાં તેને દ્રઢ વ્રતધારી બનાવ્યો. આ રાજાએ જૈનધર્મનાં સારાં કાર્યો કર્યાં.

૩૯. આ૦ રવિપ્રભસૂરિ – તેમને આ૦ સર્વદેવે આચાર્યપદવી આપી હતી.

૪૦. **આ૦ રત્નસિંહસૂરિ** – તેમને સૈદ્ધાંતિક આ૦ મુનિચંદ્રસૂરિએ આચાર્યપદવી આપી હતી.

૪૧. **આ૦ વિનયચંદ્રસૂરિ** – તેમણે ચોવીશ તીર્થંકરોનાં ચરિત્રો, વીશ પ્રબંધો, સં. ૧૨૮૫ માં 'પાર્શ્વનાથચરિત્ર', સં. ૧૨૮૬ માં 'મલ્લિનાથચરિત્ર', તે પછી 'મુનિસુવ્રતચરિત્ર' સર્ગ : ૮, આ૦ બપ્પભટ્ટિસૂરિની 'કવિશિક્ષા'ના આધારે 'કવિશિક્ષા' વગેરે ગ્રંથો રચ્યા છે; જેમાં ભારતના ૮૪ દેશોની માહિતી આપી છે. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૯૩.) તેમણે કચ્છુલીવાલગચ્છના આ૦ **ઉદયસિંહે** સં. ૧૨૮૬માં રચેલી 'ધર્મવિધિ-વૃત્તિ'નું સંશોધન કર્યું હતું. સં. ૧૩૨૫માં 'કલ્પદુર્ગપદ નિરુક્ત', સં. ૧૩૪૫માં 'દીપાલિકાકલ્પ, નેમિનાથચતુષ્પદિકા (ચોપાઈ ૪૦), આનંદસંધિ, ઉપદેશમાલાકથાનકછપ્પય' વગેરે ગ્રંથો રચેલા છે.

આ૦ મહેન્દ્રસૂરિ અને વાચનાચાર્ય શોભન –

આ૦ મહેંદ્રસૂરિ ચંદ્રગચ્છના હતા. પ્રાસુક વસતીમાં ઊતરનારા વિહરુક આચાર્ય હતા. તેઓ વિદ્વાન હતા. તેમની ઉપદેશશક્તિ અમોઘ હતી. તેઓ

---

૧. પૂજ્ય જયંતવિજયજી મહારાજ જણાવે છે કે, અંચલગચ્છની પટ્ટાવલીમાં આ ઘટનાનો સં. ૭૨૩ આપ્યો છે અને એ સાલમાં ૩૦૦ વર્ષ **ઉમેરવાથી** બરાબર વિક્રમ સંવત સાથે મેળ મળી રહે છે. એ રીતે આ ઘટના સં. **૧૦૨૩** માં બની હતી. (–**શંખેશ્વર** મહાતીર્થ)

પરંતુ અમને તો આ સં. ૭૨૩ તે વહી લખવાના પ્રારંભનો ચૈત્યવાસી સંવત લાગે છે એટલે આમાં ૪૭૨ વર્ષ ઉમેરવાથી વિક્રમ સંવત બનશે. આ રીતે આ ઘટના સં. ૧૧૯૫ માં બની છે, એમ મનાય.

અંગવિજ્જા અને ચૂડામણિશાસ્ત્રના જાણકાર હતા. બીજી રીતે પણ તેઓ નિઃસ્પૃહ હતા. એક વેળા તેઓ વિહાર કરતા કરતા ધારાનગરીમાં પધાર્યા.

મધ્ય ભારતના સાંકાશ્ય નગરનો પંડિત દેવર્ષિ, જે ધારામાં આવીને વસ્યો હતો, તેણે પોતાનું ધન ગુપ્ત રીતે ભૂમિમાં દાટી રાખ્યું હતું. તેનો પુત્ર સર્વદેવ તે ધનની ભાળ મેળવવા પ્રયત્નશીલ હતો. સર્વદેવ બ્રાહ્મણ ધર્મનો ઉપાસક હતો, છતાં વિદ્વત્તા, ત્યાગ, સત્યવાદિતા અને વિશિષ્ટ જ્ઞાનશક્તિના કારણે જૈન મુનિઓ પ્રતિ તેને આકર્ષણ હતું. તેને ધનપાલ અને શોભન નામે બે વિદ્વાન પુત્રો હતા.

ધારામાં આવેલા આ૦ મહેન્દ્રસૂરિની વિદ્વત્તા વિશે તેણે જાણ્યું. ચૂડામણિ-શાસ્ત્રના જાણકાર તે આચાર્યશ્રી પાસે સર્વદેવ ગયો અને એકાંતમાં તેમને વિનંતિ કરી કે, 'મારા પિતાએ મારા ઘરમાં ધન દાટેલું છે. આપ કૃપા કરીને મને એ સ્થાન બતાવશો તો મને ભારે આનંદ થશે. એ ધનમાંથી આપને અડધું ધન આપીશ. આપને પણ લાભ થશે.'

ગુરુએ જણાવ્યું કે, 'તારા ઘરની સઘળી વસ્તુઓમાંથી હું માગું તે અડધું તારે મને આપવું.' પંડિતે તે કબૂલ કર્યું અને આચાર્ય મહારાજે બતાવેલા સ્થાનકમાંથી પુષ્કળ ધન મેળવ્યું. તે આચાર્યશ્રીને ધન દેવા માટે ગયો પણ આચાર્યશ્રીએ ધન લેવાની ના પાડી ને જણાવ્યું કે, 'તારે આપવું હોય તો ઘરની વસ્તુઓ પૈકી તારા બે પુત્રોમાંથી મને એક પુત્ર આપ.'

આ સાંભળી પંડિત વિમાસણમાં પડી ગયો, પણ તેણે પોતાની કબૂલાત પાળવા માટે બંને પુત્રોને એક પછી એક બોલાવી જણાવ્યું કે, 'તું આચાર્યનો શિષ્ય બની મને ઋણમાંથી છોડાવ–મને આ સંકટમાંથી મુક્ત કર.'

પિતાનું આ વચન સાંભળી ધનપાલ ધમધમી ઊઠ્યો : તેણે ઉત્તર વાળ્યો કે, 'પિતાજી ! હું બ્રાહ્મણનો પુત્ર છું, ભૂદેવ છું, મુંજરાજનો માનીતો અને ભોજરાજનો મિત્ર છું. હું જૈન સાધુ બનું એ ત્રણે કાળમાં બનવાનું નથી. તમારું તમે જાણો. આ વાત મને પૂછશો નહીં.'

બીજો પુત્ર શોભન પિતાજીને ખૂબ વહાલો હતો. પિતા તેને આપવા નાખુશ હતા. આમ છતાં તેમણે શોભનને પૂછ્યું ત્યારે શોભને એ વાતનો સહર્ષ સ્વીકાર કરતાં જણાવ્યું : 'પિતાજી ! હું જૈન સાધુ થવાને તૈયાર છું. આપની આજ્ઞા માથે ચડાવું છું. મને ગુરુજીના ખોળામાં બેસાડો, હું તેમનો ભક્ત બનીશ. મારું જીવન પવિત્રપણે ગાળીશ.'

બસ, પંડિતજીની આશા ફળીભૂત થઈ. તેઓ શોભનને લઈને ઉપાશ્રયે ગયા અને આચાર્યશ્રીને શોભન અર્પણ કર્યો. તેમણે ગળગળા અવાજે આચાર્યશ્રીને વિનંતિ કરી કે, 'મહારાજ ! આ મારો પુત્ર મને ખૂબ વહાલો

છે. આપને પણ પ્રિય લાગે એવો છે. તેને દીક્ષા આપી મારું કુળ અજવાળે અને આપનું નામ દિપાવે એવું ઘડતર કરજો.' આચાર્યશ્રીએ શોભનને દીક્ષા આપી અને ત્યાંથી ગુજરાત તરફ વિહાર કર્યો.

પં૦ ધનપાલે જ્યારે શોભનની દીક્ષાનો પ્રસંગ સાંભળ્યો ત્યારે તેને ખૂબ ગુસ્સો આવ્યો. તેણે મુંજરાજ અને ભોજરાજ પાસે જઈને કહ્યું : 'જૈન સાધુઓ શાંતિના બહાના હેઠળ કુમળા બાળકોને ફોસલાવીને લઈ જાય છે' એમ સમજાવી રાજ-આજ્ઞા દ્વારા માળવામાં જૈન શ્વેતાંબર સાધુનો વિહાર બંધ કરાવ્યો. ધારાનગરીના જૈનસંઘે આ૦ મહેન્દ્રસૂરિને આ ખબર પહોંચાડી.

શોભન મુનિને આ ઘટનાની જાણ થતાં એમણે વિચાર કર્યો કે, મારા કારણે આ કપરી ઘટના બની છે તો તેના નિવારણનો ઉપાય પણ મારે જ કરવો જોઈએ. તેઓ વાચનાચાર્ય બન્યા પછી ગુરુની આજ્ઞા મેળવીને ધારાનગરીમાં પધાર્યા. તેમના શિષ્યો કવિ ધનપાલને ત્યાં ભિક્ષા અર્થે ગયા. તેમના ઘરમાં ત્રણ દિવસનું દહીં હતું. દહીંમાં ત્રસ જીવો ઉત્પન્ન થઈ ગયા છે એમ જણાવી દહીં લેવાની ના પાડી. કવિ ધનપાલે ત્યાં નજીક આવી પૂછ્યું : 'આમાં જીવો ક્યાં દેખાય છે ?' ·

મુનિઓએ ધનપાલને અળતાનો ભૂકો મંગાવવા જણાવ્યું. એ ભૂકો દહીં ઉપર ભભરાવ્યો. દહીંમાં ઉત્પન્ન થયેલા જીવો ઉપર તરી આવ્યા તે બતાવ્યા. ધનપાલને મુનિઓ ઉપર શ્રદ્ધા બેઠી. તેને જૈન સિદ્ધાંત વિજ્ઞાનસિદ્ધ હોવા માટેનો વિશ્વાસ ઉત્પન્ન થયો. તેઓ બપોરે શોભન મુનિ પાસે આવ્યા. તેમને નમસ્કાર કરીને જૈન ત્યાગની પ્રશંસા કરી અને જૈન સિદ્ધાંતો વિશે વિશેષપણે જાણવાની ઇચ્છા દર્શાવી.

વા૦ શોભને તેને સુદેવ-કુદેવ, સુગુરુ-કુગુરુ, સુધર્મ-કુધર્મનું સ્વરૂપ સમજાવ્યું અને તેને સાચો જૈન બનાવ્યો. એ પછી કવિએ રાજાને સમજાવી, જૈન સાધુઓને માળવામાં વિહાર કરવાની છૂટ અપાવી. કવિ ધનપાલ આ૦ મહેન્દ્રસૂરિને ધારામાં મહોત્સવપૂર્વક લઈ આવ્યો ને તેણે જૈનધર્મનું સર્વતોમુખી જ્ઞાન પ્રાપ્ત કર્યું.

વા૦ શોભન મુનિએ એક વાર યમકાલંકારમાં ચોવીશ તીર્થંકરોની સ્તુતિઓ (પદ્ય-૯૬) બનાવી. ગુરુએ તેની ભારે પ્રશંસા કરી. કવિને પણ પોતાના ભાઈ માટે ગૌરવ ઊપજ્યું. કવિએ તે સ્તુતિઓની ટીકા રચી અને તેમાં શોભન મુનિનો આ રીતે પરિચય આપ્યો–

'પંડિત દેવર્ષિના પૌત્ર અને પં૦ સર્વદેવના પુત્ર શોભન (જૈન)મુનિ થયા (૧-૨). તેમની આંખો કમળ જેવી વિસ્તૃત છે, શરીર રૂપાળું અને ગુણોથી

તેઓ પૂજનીય છે. તેઓ તેમના નામથી જ નહીં પણ શરીરથીયે શોભન છે (૩). તેઓ તેમના સર્વ દર્શનોના જાણકાર છે. સાહિત્યના પારગામી છે. મહાકવિઓના નમૂનારૂપે છે (૪). તેઓ બાલબ્રહ્મચારી છે, કામવિજેતા છે. સર્વ પાપક્રિયાઓથી રહિત છે (૫). જે મોટા ધર્મમૂર્તિ સ્વરૂપ છે, જેમણે સહજપણે કદાપિ કોઈ જીવનેય માર્યો નથી વગેરે (૬).

કવિ ધનપાલ તથા આ૦ મહેન્દ્રસૂરિ સં. ૧૦૯૦ પછી સ્વર્ગસ્થ થયા હતા. (–પ્રભાવકચરિત્ર, પ્રબંધચિંતામણિ, શોભન સ્તુતિ-ટીકા.)

આ૦ દ્રોણાચાર્ય અને આ૦ સૂરાચાર્ય –

નાડોલના પ્રદેશમાં જે ચૌહાણ ક્ષત્રિયો વસતા હતા તેઓ પ્રથમ તો નિર્વૃતિગચ્છના ચૈત્યવાસીઓને અને પછીથી ચતુર્દશીપક્ષના શ્રીપૂજ્યોને પોતાના કુળગુરુ માનતા હતા.

નાડોલના પ્રદેશમાં સંગ્રામસિંહ અને દ્રોણસિંહ નામે બે ચૌહાણ ભાઈઓ વસતા હતા. દ્રોણસિંહે નિર્વૃતિગચ્છમાં દીક્ષા લીધી. તેઓ ચૈત્યવાસી હતા. તેઓ આગમના પારગામી પંડિત હતા, જેઓ ઇતિહાસમાં દ્રોણાચાર્યના નામે ખ્યાતિ પામેલા છે. તેઓ ગુજરાતના રાજા ભીમદેવ (સં. ૧૦૭૮ થી સં. ૧૧૨૦)ના મામા થતા હતા. રાજદરબારમાં તેમની ઘણી પ્રતિષ્ઠા હતી. રાજવંશો સાથેનો ઘનિષ્ઠ સંબંધ, વિદ્વત્તા અને ત્યાગ એ ત્રિવેણી સંગમ જ્યાં હોય ત્યાં તીર્થ-ગુણ પ્રગટે છે. તેમનામાં એવી તીર્થરૂપતા હતી.

ચંદ્રકુળના સુવિહિત આ૦ અભયદેવસૂરિએ સં. ૧૧૨૦ લગભગમાં મૂળ નવ અંગો, પંચાસગ વગેરેની વૃત્તિઓ બનાવી છે જેનું સંશોધન શ્રી દ્રોણાચાર્ય પાસે કરાવ્યું હતું. એવા એ વિશ્રુત શ્રુતધર હતા. શ્રી દ્રોણાચાર્યે સં. ૧૧૪૯ માં 'ઓઘનિર્યુક્તિ'ની વૃત્તિ રચેલી છે તેમાં તેમની વિદ્વત્તાનો પરિચય મળે છે.[1] તેમણે ઘણાયે ચૌહાણો અને સોલંકીઓને જૈન બનાવ્યા હતા.

---

૧. 'ઓહણિજ્જુત્તિ'ની ગ્રંથાગ્ર સંખ્યાની નોંધ જુદી જુદી મળે છે તે આ પ્રમાણે –

(અ) ગ્રંથાગ્ર : ૧૧૬૪ (૧૧૭૦) – પ્રક. ૬, પૃ. ૧૦૨

(આ) ગ્રંથાગ્ર : ૧૧૩૨, સં. ૧૧૫૪માં લખાયેલી પ્રતિ. (જૂઓ, જૈન પુસ્તક પ્રશસ્તિસંગ્રહ, પુષ્પિકા : ૭)

(ઇ) एक्कारसहिं सएहिं अट्ठहि अइएहिं सम्मत्ता ।
ग्रन्थाग्रं प्रत्येकाङ्कतः । गाथा ।। संवत् ११८१ ज्येष्ठ, कृष्ण १३ शनौ
मुनिचन्द्रसाधुना लिखितेति । (–જૈન પુસ્તક પ્રશસ્તિસંગ્રહ, પુષ્પિકા : ૨૬)

આ સ્થિતિમાં ગ્રંથાગ્ર ચોક્કસ થઈ શકે એમ નથી. અમે સમકાલીનતાનો વિચાર કરી અનુમાન કર્યું છે કે ઓઘનિર્યુક્તિની રચના સં. ૧૧૪૯ છે.

આચાર્યશ્રીના જીવન વિશે વિશેષ હકીકત જાણવા મળતી નથી, પણ એટલું ચોક્કસ છે કે, તેઓ એમના સમયમાં બહુમાન્ય આચાર્ય હતા. તેમનો સમય સં. ૧૦૬૦ થી સં. ૧૧૪૫ સુધીનો કલ્પી શકાય. તેમની પાટે પ્રસિદ્ધ વાદી આ૦ સૂરાચાર્ય થયા, જેઓ સંસારી સંબંધમાં તેમના ભત્રીજા થતા હતા.

(–પ્રભાવકચરિત્ર, નવાંગીવૃત્તિની પ્રશસ્તિઓ)

ગુજરાતના રાજા દુર્લભરાજ અને નાગરાજ–બંને ભાઈઓ નાડોલના ચૌહાણ રાજા મહેંદ્રની બે સગી બહેનોને પરણ્યા હતા, એટલે નાડોલના ચૌહાણ રાજાને ત્યાં ભીમદેવનું મોસાળ ગણાય. ત્યાં સંગ્રામસિંહ અને દ્રોણસિંહ નામે બે ચૌહાણ ભાઈઓ હતા. તે પૈકી દ્રોણસિંહ તો બચપણથી જ જૈન સાધુ બની દ્રોણાચાર્યની ખ્યાતિ મેળવી ચૂક્યા હતા. સંગ્રામસિંહનો પુત્ર મહીપાલ તીવ્ર બુદ્ધિશાળી અને ઉત્તમ લક્ષણવાળો હતો. સંગ્રામસિંહના મરણ બાદ તેની પત્નીએ આ બાળક દ્રોણાચાર્યને સોંપી દીધો હતો. આચાર્યશ્રીએ તેને વ્યાકરણ, ન્યાય, સાહિત્ય તથા સિદ્ધાંત શાસ્ત્રોનો પારગામી વિદ્વાન બનાવીને દીક્ષા આપી હતી. તેમણે તેને આચાર્યપદને યોગ્ય બનાવી સૂરાચાર્ય નામ આપીને પોતાની પાટે સ્થાપન કર્યો હતો.

શ્રીદ્રોણાચાર્ય રાજા ભીમદેવના મામા થતા હતા અને સૂરાચાર્ય મામાઈ ભાઈ થતા હતા. આથી પણ તે તેમને ખૂબ માનતો હતો.

એકવાર રાજા ભોજે પાટણના રાજપંડિતોની પરીક્ષા કરવા માટે સંધિપાલ મંત્રી સાથે નીચેની ગાથા લખી મોકલાવી –

"हेला निद्दलिय गइंदकुंभपाडयपयावपसरस्स ।
सीहस्स मियेण समं निग्गहो नेह संधाणं ।।"

– જે રમત રમતમાં હાથીઓના કુંભસ્થળને તોડવામાં પ્રતાપી છે એવા સિંહને હરણ સાથે લડાઈ કરવાનું કે મૈત્રી કરવાનું ન શોભે.

ગુજરાતના પંડિતોએ તેનો ઉત્તર ઘડ્યો પણ રાજા ભીમદેવને તે પસંદ ન પડ્યો. આથી રાજાએ આ૦ ગોવિંદાચાર્યને રાજસભામાં બોલાવી આ ગાથાનો ઉત્તર આપવા વિનંતિ કરી. ત્યારે સાથે રહેલા આ૦ સૂરાચાર્યે તરત જ તેના ઉત્તરરૂપે નીચેની ગાથા બનાવી, કહી સંભળાવી –

"अंधयसुयाण कालो भीमो पुहवीम्मि णिम्मिओ विहिणा ।
जेण सयंपि न गणियं का गणना तुज्झ एक्कस्स ।।"

– વિધાતાએ અંધકના સો પુત્રોના વિનાશ માટે ભૂમિ ઉપર એક ભીમને બનાવ્યો, જેણે સોનેય ન ગણ્યા તો તેની આગળ તારા જેવા એકની શી ગણના ?

રાજા ભીમ તો આ ચમત્કારભરી રચનાથી ખૂબ ખુશ થયો, જ્યારે રાજા ભોજ આ ગાથા સાંભળી ચૂપ બની દાંત કચકચાવવા લાગ્યો. તેણે આવા ઉત્તરના રચયિતા સામે યુક્તિથી કામ લેવાનો વિચાર કર્યો.

સં. ૧૦૮૪ પછીનો આ પ્રસંગ હતો. **શ્રીસૂરાચાર્ય** વાચનાચાર્ય પણ હતા. તેઓ શિષ્યોને ભણાવતા હતા. તેમને એવો ગર્વ હતો કે મારા શિષ્યોને મારા જેવા ઉચ્ચ કોટિના વિદ્વાન બનાવું. પણ સૌની બુદ્ધિ એકસરખી હોતી નથી. તેથી શિષ્યો અર્થનું બરાબર અવધારણ ન કરે તો આચાર્યશ્રી તેમને ઓઘાથી શિક્ષા કરતા. આ રીતે મારતાં મારતાં ઓઘાની દાંડી વારંવાર તૂટી જતી. આથી આચાર્યશ્રીએ એક શ્રાવકને લોઢાની દાંડી લાવવા જણાવ્યું. આ૦ દ્રોણાચાર્યને આ વાતની ખબર પડી ત્યારે તેમણે સ્નેહથી શ્રીસૂરાચાર્યને જણાવ્યું : 'લોઢાની દાંડી એ તો યમરાજનું શસ્ત્ર છે. સાધુને એ તો પરિગ્રહરૂપ છે. આથી એવી દાંડી ત્યાજ્ય ગણાય. તું એવી ભૂલ કરીશ મા.'

શ્રીસૂરાચાર્યે નમ્રતાથી જવાબ વાળ્યો કે, 'પૂજ્યશ્રી ! આપનો હાથ મારા ઉપર છે તો મારામાં એવી નિર્દયતા આવવાની નથી. લોહદંડ બતાવવા માટે છે, મારવા માટે નહીં અને એ પણ મારા શિષ્યોમાં મારા ગુણો ઊતરે એ માટેનો જ પ્રયત્ન છે.'

ગુરુજીએ કહ્યું : 'વત્સ ! તારામાં કયા ગુણો છે ? થોડું ભણ્યો ત્યાં અભિમાન આવી ગયું ?'

સૂરાચાર્યે વિનમ્રપણે કહ્યું : 'પ્રભો ! મને ગર્વ નથી પણ મેં પ્રતિજ્ઞા કરી છે કે, મારે એવા વિદ્યાર્થીઓ તૈયાર કરવા છે કે જે સર્વ સ્થળે વાદીઓને જીતી લે, આપનું નામ વધારે અને જૈનશાસનને ઉન્નત બનાવે.'

ગુરુ મહારાજે હસીને જવાબ આપ્યો : 'ઓછી બુદ્ધિવાળા શિષ્યો પાસેથી આવી આશા ન રખાય. તારે જૈનશાસનની ખરેખર પ્રભાવના કરવી જ હોય તો માળવામાં જઈ ભોજરાજાની પંડિતસભાને જીતી આવ.'

પોતાની વિદ્વત્તા માટે જેને આત્મવિશ્વાસ હતો એવા સૂરાચાર્યે ગુરુના આ ટોંણાને આજ્ઞારૂપે વધાવી લીધો. તેમણે ગુરુનો આશીર્વાદ માગતાં પ્રતિજ્ઞા કરી કે, 'હું જ્યાં સુધી ભોજરાજની પંડિતસભાને જીતી ન લઉં ત્યાં સુધી હું છ વિગયનો ત્યાગ કરીશ.'

ગુરુએ સૂરાચાર્યની પીઠ થાબડી 'શાબાશ' કહી માથે હાથ મૂકીને આશીર્વાદ આપ્યો.

આ તરફ ભોજરાજે તેમની ગાથાના ઉત્તરદાયક શ્રીસૂરાચાર્યને માળવા બોલાવવા દૂત મોકલ્યો. દૂતે રાજા ભીમદેવ પાસે આવીને શ્રીસૂરાચાર્યને મોકલવા વિનંતિ કરી.

શ્રીસૂરાચાર્યને ગુરુના આશીર્વાદ ઉપર આ કહેણ ઈષ્ટાપત્તિ જેવું લાગ્યું. તેમણે ધારા તરફ પ્રયાણ કર્યું. ભોજરાજે શ્રીસૂરાચાર્યને હાથી ઉપર બેસાડી ધારામાં પ્રવેશ કરાવ્યો. તેઓ જિનમંદિરમાં દર્શન કરી ચૈત્યવાસી આચાર્ય ચૂડ સરસ્વતીના ઉપાશ્રયમાં આવી ઊતર્યા.

એક દિવસે ભોજરાજને જુદાં જુદાં દર્શનોના વિવિધ વિધાનો જોઈ તેઓને એક કરવાનું સૂઝ્યું. તેણે છયે દર્શનોના તેમજ ઉપદર્શનોના હજારેક ધર્માચાર્યોને બોલાવી એક વાડામાં પૂર્યા અને જણાવ્યું કે,'તમે સૌ જુદો જુદો ધર્મવિધિ બતાવી જનતાને ભ્રમમાં નાખો છો તો તમે સૌ મળીને એક એવું દર્શન બનાવો કે જનતાને ભ્રમણા ન રહે. તમે આવી વ્યવસ્થા કરશો તો જ અહીંથી છૂટી શકશો.'

સૌએ મળીને શ્રીસૂરાચાર્યને આ વાતની જાણ કરી અને તેમને વિનંતિ કરી કે, 'ગુજરાત એના વિવેક અને વ્યવહારકુશળતા માટે ખ્યાત છે, આપ ગુજરાતના વિદ્વાન છો, બુદ્ધિમાન છો તો એવો ઉપાય યોજો કે રાજવીની આવી જીદ મટે.' શ્રીસૂરાચાર્યે તે ધર્માચાર્યોને આશ્વાસન આપ્યું અને તેઓ ભોજરાજને મળ્યા.

આચાર્ય : 'રાજન્ ! તેં આ પંડિતોને વાડામાં પૂર્યા છે તેથી મને બહુ દુઃખ થાય છે. હું ગુજરાત તરફ જવાને તારી અનુજ્ઞા લેવા આવ્યો છું. ત્યાં જઈને આ ઘટના વિશે હું રાજા ભીમદેવને જણાવીશ.'

ભોજરાજ : 'તમે અમારા અતિથિ છો તેથી હું તમને કંઈ પણ કહી શકું તેમ નથી, પણ તમે એ વાત મને સમજાવો કે આ દર્શનો જુદાં જુદાં કેમ છે ?'

આચાર્ય : 'રાજન્ ! ધારાનગરમાં ૮૪ પ્રાસાદ, ૮૪ ચૌટાં, ૮૪ બજાર વગેરે અલગ અલગ કેમ છે ? તમારા હિસાબે તો એ દરેકને એક સ્થાને એક કરી દેવાં જોઈએ, એમ કરવાથી ઘરાકોને ભમવાનું દુઃખ ટળી જશે.'

ભોજરાજ : 'સૌને જુદો જુદો માલ જોઈતો હોય છે, તે જો એક સ્થાને એકઠા થઈ જાય તો મોટી ગરબડ મચી જાય. આથી જરૂરિયાત મુજબ જુદી જુદી દુકાનો ગોઠવેલી છે. શહેરની વ્યવસ્થા જાળવવા માટે પણ એમ કરવું બહુ જરૂરી છે.'

આચાર્ય : 'હે રાજન્ ! પ્રજાની ભિન્ન ભિન્ન રુચિને પૂરી કરવા માટે જેમ જુદી જુદી દુકાનો ગોઠવી છે તેમ અલગ અલગ ધર્મવ્યવસ્થા પણ જરૂરી છે. એનો નાશ કઈ રીતે ઈષ્ટ ગણાય ? જૂઓ, સાંભળો–

'દયાપ્રેમી હોય તે જૈનધર્મ પાળે, ખાવા-પીવાનો શોખીન કૌલધર્મને

સેવે, વ્યવહારને ઇચ્છનાર વેદોને માને અને મોક્ષ મેળવવાની ઇચ્છાવાળો નિરંજનદેવની ઉપાસના કરે.'

'આવા માનવસંસ્કારો ચિરકાળથી જામેલા છે. તો સ્વાભિમાની માનવી પોતે માનેલા દર્શનને એકદમ કેમ છોડી શકે ?'

રાજાએ આચાર્યશ્રીની યુક્તિથી સંતોષ માન્યો અને બધા ધર્માચાર્યોને છોડી દીધા. ધારાનગરમાં સૌ કોઈ આચાર્યશ્રીની પ્રતિભાથી પ્રભાવિત થયા.

એકવાર આચાર્યશ્રી ધારાના સંસ્કૃતવિદ્યાલયમાં ગયા. ત્યાં 'ભોજવ્યાકરણ'નો અભ્યાસ ચાલતો હતો. તેમાં આ પ્રકારે મંગલાચરણ કરેલું હતું –

" चतुर्मुखमुखाम्भोजवनहंसवधूर्मम ।
मानसे रमतां नित्यं सर्वशुक्ला सरस्वती ॥ "

આચાર્યે આ શ્લોક સાંભળીને કહ્યું, 'માળવામાં શું આવા વિદ્વાનો વસે છે ? સૌ કોઈ સરસ્વતીને કુમારી, બ્રહ્મચારિણી માને છે જ્યારે આ શ્લોકમાં તેનું વધૂરૂપે વર્ણન કર્યું છે તે આશ્ચર્ય છે. દક્ષિણીઓ મામાની પુત્રીને પરણે છે, સૌરાષ્ટ્રવાસીઓ ભાભીને પણ પરણે છે તેમ માળવામાં શું પારકી સ્ત્રી માટે માનસે રમતાં મમ એવી છૂટ છે ? ખરેખર, આ શ્લોક માળવાની વિશેષતા દર્શાવે છે.'

અધ્યાપકે રાજા આગળ આ વૃત્તાંત કહ્યો અને તેને પણ વિચાર કરતો કરી મૂક્યો.

રાજવીએ સૂરાચાર્યને રાજસભામાં બોલાવી તેમનું મહામૂલું સમ્માન કર્યું અને કવીશ્વર ધનપાલે પણ તેમની અસાધારણ બુદ્ધિની પ્રશંસા કરી.

એક વાર ભોજરાજે પોતાની રાજસભાના ૫૦૦ પંડિતોને જણાવ્યું કે, તમે સૂરાચાર્યને શાસ્ત્રાર્થમાં હરાવો તો ઠીક થાય. પરંતુ કોઈ પંડિત આગળ આવ્યો નહીં, સૌ ચૂપ રહ્યા. પણ એક ચતુર પંડિતે રાજાની સમ્મતિ મેળવી એક એવો તાગડો રચ્યો કે, એક ચતુર બુદ્ધિમાન ૧૬ વર્ષના ભોળા બાળકને ન્યાયના ખાસ ફકરાઓ ગોખાવી પોપટ પંડિત બનાવ્યો. આચાર્યશ્રીએ તેને વચમાં રોકીને પૂછ્યું : 'તું ખોટું પદ કેમ બોલ્યો ?' બાલ સરસ્વતીએ બેધડક કહ્યું : 'મહારાજ ! મને ખાતરી છે કે, મારી પાટીમાં એ જ પ્રમાણે લખેલું છે.'

સૂરાચાર્ય હસીને બોલ્યા : 'જેવો ભોજવ્યાકરણનો મંગલપાઠ એવો જ ભોજસભાનો આ શાસ્ત્રાર્થ ! માળવો જોયો અને માંડા પણ ખાધા. માલવરાજ! બસ, હવે હું જાઉં છું.' એમ કહી તે ઉપાશ્રયે ચાલ્યા ગયા.

રાજાના દિલમાં ક્રોધ અને શરમ માતાં નહોતાં. તેને એ દર્દ હતું કે,

એ શૈવ નહીં પણ જૈન, બ્રાહ્મણ નહીં પણ ક્ષત્રિય, પંડિત નહીં પણ ભિક્ષુ, સાધારણ માનવી નહીં પણ એક શત્રુ રાજાનો ભાઈ અને તે પણ અંધય૦ ગાથાથી મારી બેઈજ્જતી કરનાર ગુજરાતી યુવાન ધારાની સભાને જીતીને માળવામાંથી જીવતો ચાલ્યો જાય છે.

આ કેમ બની શકે ?

આ૦ ચૂડ સરસ્વતીએ સૂરાચાર્યને ચેતવી દીધા કે, 'તમે શાસનની પ્રભાવના માટે આ કરો છો તે સારી વાત છે પણ આ સભામાં જય કે પરાજય બંને સરખા છે. ભોજરાજ પોતાની સભાને જીતનારને જીવતો જવા દેતો નથી. મને દુઃખ થાય છે કે, તમારા માટે પણ એવો જ પ્રયત્ન થશે.'

સૂરાચાર્યે કહ્યું કે, 'આપની કૃપાથી સૌ સારાં વાનાં થશે.'

કવીશ્વર ધનપાલે સૂરાચાર્યને જણાવ્યું કે, 'આપ ગુપચુપ મારે ત્યાં આવી જાઓ.'

બીજે દિવસે સવારે આ૦ ચૂડસરસ્વતીના ચૈત્ય અને ઉપાશ્રયની ચારે તરફ ઘોડેસવારોની પાકી ચોકી મૂકવામાં આવી. ઊપરી ઘોડેસવારે આ૦ ચૂડસરસ્વતીને જણાવ્યું કે, 'ભોજરાજા સૂરાચાર્યને વિજયપત્ર આપવા બોલાવે છે તો તેમને સત્વર મોકલો.'

સૂરાચાર્ય પરિસ્થિતિને પામી ગયા. તેઓ ખરેબપોરે પ્રચંડ ગરમીમાં સુભટો ઓળખી ન શકે એ રીતે મેલું અને ફાટેલું વસ્ત્ર પહેરી હાથમાં ઘડો લઈ કવીશ્વરને ઘેર ચાલ્યા ગયા. કવિએ પોતાના ઘરના ભોંયરામાં તેમને છુપાવી રાખ્યા. તે પછી કવીશ્વરનો જીવ હેઠો બેઠો કે, હવે આચાર્ય બચી જશે. કવીશ્વરે એક પાનના વેપારીને દશ સોનામહોર આપી તેની સાથે આચાર્યશ્રીને ગુપ્તવેશમાં ગુજરાત તરફ મોકલી દીધા. આ ઘટના સં. ૧૦૮૪ પછી બની હતી.

આ તરફ ધારામાં સુભટોએ ત્રીજો પહોર થતાં એક પુષ્ટ દેહવાળા સાધુને પકડીને ભોજરાજાની સભામાં હાજર કર્યો. ભોજરાજા એને જોઈ આભો જ બની ગયો અને તેને સમજાઈ ગયું કે ગુજરાતી સાધુ મારી સભાને જ નહીં પણ મારી ચાલાકીને પણ જીતી ગયો છે.

રાજા ભીમદેવને આ સમાચાર મળતાં જ શ્રીદ્રોણાચાર્ય અને કેટલાક રાજપુરુષો શ્રીસૂરાચાર્યની સામે ગયા. પોતાનો શિષ્ય હેમખેમ પાછો આવી રહ્યો છે એ સમાચારે ગુરુજીને અપાર આનંદ થઈ રહ્યો હતો. શિષ્યે દૂરથી આવતા ગુરુજીને જોયા અને હાથ જોડ્યા. નજીક આવીને તે ગુરુજીના ચરણમાં નમી પડ્યા. દ્રોણાચાર્યે શિષ્યના માથે હાથ ફેરવતાં કહ્યું : 'પુત્ર ! મારી

આશા સફળ થઈ છે. તારી માતાની આશા તેં પૂર્ણ કરી છે. તારા આવવાના સમાચારથી સંઘમાં આનંદ વર્તી રહ્યો છે.'

સૂરાચાર્યે નમ્રતાથી કહ્યું : 'ભગવન્ ! હું ઉતાવળો ઉતાવળો ધારામાં ગયો અને આપની કૃપાથી ભોજની સભાને જીતીને આવ્યો છું. આ શિષ્યોએ આપને ફરિયાદ ન કરી હોત અને મેં ગર્વથી સભાને જીતવાની પ્રતિજ્ઞા લીધી ન હોત તો મારે માથે આપનો વરદ હાથ છે એનું કદાપિ જ્ઞાન થયું ન હોત.'

ગુરુએ કહ્યું : 'એ પ્રતિજ્ઞા દુષ્કર હતી જ. તું ગયો ત્યારથી આજ સુધી સૌ સાધુઓ તેમજ શ્રીસંઘે આયંબિલનું તપ ચાલુ રાખ્યું છે. આથી શાસનદેવીએ તારી રક્ષા કરી છે અને તારું મુખ જોવા સૌ ભાગ્યશાળી થયા છે. તું સાચે જ આપ્તજન છે, તું જ એ પ્રતિજ્ઞાને પૂરી શકે.'

રાજાએ કહ્યું કે, 'આપ સમર્થ છો તેથી જ ત્યાંથી સુખરૂપ અહીં આવી ગયા છો. શું ભોજને કોઈ સંતાન છે ?'

આચાર્યે જવાબ આપ્યો કે, 'રાજન્ ! આ જીભ ભીમદેવ સિવાય બીજાની પ્રશંસા કરતી નથી. મેં ભોજરાજને હિતશિક્ષા આપી કે, આબૂનો પરમારવંશ ભેદાશે અને ધારા ધરાતલમાં ઘસી પડશે.'

રાજા સહર્ષ બોલી ઊઠ્યો : 'મારો ભાઈ ભોજને જીતી આવ્યો છે ત્યારે હું પણ ભોજને અવશ્ય જીતી શકીશ.'

રાજા અને **શ્રીસૂરાચાર્યે હાથી ઉપર** બેસીને ધામધૂમથી પાટણમાં પ્રવેશ કર્યો.

શ્રીસૂરાચાર્યે લાગેલા દોષોનું ગુરુ પાસે પ્રાયશ્ચિત્ત લીધું અને શુદ્ધ થયા. તેમણે સં. ૧૦૯૦માં ગદ્ય-પદ્યમય 'નેમિનાથચરિત્ર'ની રચના કરી. તે પછી 'નાભેય-નેમિ દ્વિસંધાનકાવ્ય' રચ્યું. પોતાના શિષ્યોને વાદીન્દ્ર બનાવ્યા. નવા શિષ્યો વધાર્યા, શાસનની વિવિધ રીતે સેવા કરીને છેવટે ૩૫ દિવસનું અનશન કરી સ્વર્ગગમન કર્યું.

તેમના 'નાભેય-નેમિ દ્વિસંધાન'નું સંશોધન કવીશ્વર ધનપાલે કર્યું હતું.

શ્રીસૂરાચાર્ય સમર્થ વાદી, પ્રૌઢ પ્રજ્ઞાવાળા અને ધર્મપ્રચારની ધગશવાળા પ્રભાવક આચાર્ય હતા. તેમનો સમય સં. ૧૦૭૦ થી સં. ૧૧૫૦નો કલ્પી શકાય. (–પ્રભાવકચરિત્ર, પ્ર. ૧૮, પ્રબંધચિંતામણિ)

આ૦ ગોવિંદસૂરિ, આ૦ વર્ધમાનસૂરિ –

શ્રીગોવિંદાચાર્ય નિર્વૃતિકુલના ચૈત્યવાસી **વાચનાચાર્ય** હતા. તેમનું બીજું નામ આ૦ વિષ્ણુસૂરિ જાણવા મળે છે. તેમની પાસે ચૈત્યવાસી અને સંવેગી

એ દરેક શ્રમણો ભણતા હતા. આચાર્ય પણ દરેકને પુત્ર જેવા વાત્સલ્યથી ભણાવતા હતા. ઇતિહાસ તેમના ચરિત્રના માત્ર ત્રણ પ્રસંગો રજૂ કરે છે. સંભવ છે કે આ આચાર્યે 'કર્મસ્તવ'ની ટીકા રચી હોય.

(૧) ધારાના રાજા ભોજદેવ ગુજરાતના રાજા પ્રથમ ભીમદેવના પંડિતોની પરીક્ષા કરવા માટે હેલા૦વાળો શ્લોક મોકલ્યો. ત્યારે રાજા ભીમદેવે વાચનાચાર્ય ગોવિંદને રાજસભામાં બોલાવી આ ગાથાનો સણસણતો જવાબ આપવાની વિનતિ કરી હતી. પાસે બેઠેલા સૂરાચાર્યે તેના ઉત્તરમાં તરત જ અંધય૦ ગાથા બનાવી આપી. પરિણામ એ આવ્યું કે, માળવા અને ગુજરાતની વચ્ચે તરતમાં ઝગડો થયો હતો તે અટકી ગયો અને ભોજરાજાએ આમંત્રણ મોકલી શ્રીસૂરાચાર્યને માળવામાં બોલાવ્યા હતા. (પ્રક. ૩૮, પૃ. ૨૬૫)

(૨) તેઓ ગુજરાતના રાજા કર્ણદેવના બાલમિત્ર હતા. (પ્રબંધ ૨૦)

(૩) રાજા સિદ્ધરાજના સમયે સાંખ્યમતનો વાદી સિંહ આવ્યો હતો, જે અજેય મનાતો હતો, રાજાએ ગોવિંદાચાર્યને વિનતિ કરી. ગોવિંદાચાર્યની સૂચના મુજબ તેમના જ વિદ્યાશિષ્ય અને ભાવદેવાચાર્યગચ્છના આ૦ વીરસૂરિએ મત્તમયૂરછંદમાં અને અપહ્નુતિ અલંકારમાં વાદની સ્થાપના કરી. વાદી સિંહ તો આ કવિતા સાંભળીને જ મૌન બની ગયો અને ગુજરાતની પંડિતસભાને યશ મળ્યો.

આ ઉલ્લેખો પરથી સ્પષ્ટ છે કે, ગુજરાતના રાજાઓ ભીમદેવ, કર્ણદેવ અને સિદ્ધરાજદેવ ગોવિંદાચાર્યના ભક્તો હતા. વીરાચાર્ય જેવા તેમના વિદ્યાશિષ્યો હતા. તેમનો સમય વિ. સં. ૧૦૮૦ થી ૧૧૮૦ના મધ્યગાળામાં કલ્પી શકાય એમ છે. આ૦ ગોવિંદસૂરિનું બીજું નામ આ૦ વિષ્ણુસૂરિ હોય તો તેઓ નિર્વૃતિકુલના અને કામ્યગચ્છના હતા. તેમના પટ્ટધર આ૦ વર્ધમાન-સૂરિ હતા. આ ગોવિંદાચાર્ય વાચકવંશના આ૦ ગોવિંદસૂરિથી જુદા હતા. (–પ્રક. ૮, પૃ. ૧૫૪; પ્રક. ૩૫, પૃ. ૩૪)

આ૦ વર્ધમાનસૂરિ – તેઓ ગોવિંદસૂરિના શિષ્ય હતા. તેમણે સં. ૧૧૯૭ માં શાકટાયનના વ્યાકરણ પર 'ગણરત્નમહોદધિ' નામનો ગ્રંથ સ્વોપજ્ઞવૃત્તિ સાથે રચ્યો છે. તેમાં મૂળરૂપે શ્લોકબદ્ધ નામગણો આપ્યા છે અને તેની ટીકામાં ગણોના પ્રત્યેક પદની વ્યાખ્યા કરી છે. ઉદાહરણો તેમજ વિવિધ વૈયાકરણોના મતો આપી તેને બહુ વિશદ બનાવી છે.[૧] 'ગણરત્નમહોદધિ' અને 'સિદ્ધહેમન્યાસ'ની રચના સમકાલીન મનાય છે. આ આચાર્યે સિદ્ધરાજના વર્ણનરૂપે કોઈ ગ્રંથની રચના કરી હોય એમ માનવામાં આવે છે.

---

૧. આ ગ્રંથ ઈ. સ. ૧૮૭૯ થી ૧૮૮૧ સુધીમાં એગ્ગલિંગે સંશોધન કરી છપાવ્યો છે.

આ૦ અભયદેવસૂરિ – તેમનો પરિચય અગાઉ (પ્રકરણ ૩૬, પૃ. ૧૬૮માં) આવી ગયો છે.

આ૦ મહેશ્વરસૂરિ – તેઓ પ્રસિદ્ધ મોટા જ્ઞાની અને યશસ્વી હતા. તેઓ સં. ૧૧૦૦ ના ભાદરવા વદિ ૨ ને સોમવારે શ્રીપથાપુરીમાં શ્રીવિજય રાજાના રાજ્યકાળમાં સ્વર્ગે ગયા. તેમને સાધુ દેવ નામે શિષ્ય હતા. આ વિશેનો એક શિલાલેખ રાજપૂતાના (રાજસ્થાન)ના બ્યાના ગામમાં વિદ્યમાન છે. (જૂઓ, પ્રાચીન જૈનલેખસંગ્રહ, ભા. ૨, લે. ૫૪૪)

કલકત્તામાં શ્રીપૂરણચંદજી નહારના જિનાલયમાં–

'સં૦ ૧૧૫૦ જેઠ શુ૦ ૧૦ મહેશ્વરાચાર્યશ્રાવક ।' એવો પ્રતિમાલેખ છે.
(–નહારજીનો જૈનલેખસંગ્રહ, લે. ૩૮૭)

બીજા આ૦ મહેશ્વર માટે જૂઓ, પ્રક. ૩૯, પૃ. ૩૩૩.

શ્રીચંદનાચાર્ય – આ આચાર્ય સંબંધી વિશેષ હકીકત મળતી નથી. પ્રાસંગિક વર્ણનોથી એટલું સમજાય છે કે, તેઓ માળવામાં વિક્રમની બારમી શતાબ્દીના પ્રારંભમાં વિદ્યમાન હતા. તેઓ **શીઘ્ર કવિ** હતા, **વૃદ્ધ સરસ્વતી** બિરુદવાળા હતા. તેમણે સુલલિતપદોવાળી **'અશોકવતી-કથા'** રચેલી છે. મહાકવિ **સોઢલ**ની 'ઉદયસુંદરી-કથા'માં તેમને **મહાકવિ** તરીકે અને પોતાના મિત્રરૂપે ઓળખાવ્યા છે.

માલવરાજ **ભોજ** (સં. ૧૦૫૨ થી સં. ૧૧૧૨) એક દિવસ સવારે શિલાનું નિશાન કરીને ધનુર્વેદનો અભ્યાસ કરતો હતો, ત્યારે શ્રીચંદનાચાર્ય પધાર્યા અને બોલ્યા કે –

વિદ્ધા વિદ્ધા શિલેયં ભવતુ પરમતઃ કાર્મુકક્રીડિતેન
રાજન્ ! પાષાણવેધવ્યસનરસિકતાં મુઞ્ચ દેવ ! પ્રસીદ ।
ક્રીડેયં ચેત્ પ્રવૃદ્ધા કુલશિખરિકુલં કેલિલક્ષ્યં કરોષિ
ધ્વસ્તાઽઽધારા ધરિત્રી નૃપતિલક ! તદા યાતિ પાતાલમૂલમ્ ।

'હે રાજન્ ! શિલા તો વીંધાઈ ગઈ, હવે ધનુષની રમતથી બસ થયું. હે નૃપતિલક ! જો આ આદત વધતી જાય અને તું કુળપર્વતોને નિશાન બનાવી વીંધવા લાગે તો આ પૃથ્વી આધાર રહિત બની પાતાળના તળિયે ચાલી જાય. માટે હે નરદેવ ! પથ્થરોને વીંધવા માટેની વધતી જતી આ આદતને તું છોડી દે, પ્રસન્ન થા.'

ભોજરાજ આ રીતની પોતાની પ્રશંસા સાંભળીને પ્રસન્ન થયો પરંતુ બીજી જ પળે આ શ્લોકનો બીજો કલ્પિત અર્થ ગોઠવીને નિરાશાપૂર્વક બોલ્યો કે,

'તમને સર્વ શાસ્ત્રોનું જ્ઞાન હોવા છતાં તમે આ રચના 'ધ્વસ્તા ધારા'નો પ્રયોગ કર્યો છે તો ધારાનગરીનો નિકટમાં **વિનાશ** થવાનું સૂચવે છે. કેમકે, પ્રાચીન નિર્ગ્રન્થોની સહજ રીતે નીકળેલી વાણી કદી જૂઠી પડતી નથી.'

રાજા ભોજની આ અટકળ સાચી પડી અને ધારા ઉપર નાશની નોબત ગગડી.

ડાહલપતિ કલચૂરી રાજા **કર્ણદેવ**, ગુજરાતનો સોલંકી રાજા **ભીમદેવ** અને કર્ણાટકનો રાજા **સોમેશ્વર**–એ ત્રણેએ એકીસાથે ધારા ઉપર હલ્લો કર્યો. ભોજ રાજા આથી ગભરાઈ ગયો અને સં. ૧૧૧૨ માં તે જ રાતે મરણ પામ્યો ને ધારા નગરી ધ્વસ્ત થઈ. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૧૨૧)

ધારા નાશ પામી અને ચંદનાચાર્યની અકસ્માત નીકળી પડેલી વાણી સાચી પડી. સંભવ છે કે, આ ચંદનાચાર્ય **ચૈત્યવાસી** હશે. તેઓ શીઘ્ર કવિ હતા એ વાત ચોક્કસ છે.

મલધારગચ્છ

ચિત્તોડના સુપ્રસિદ્ધ રાજા અલ્લટે અલવર વસાવ્યું અને રાણી હરિયદેવીના નામથી હર્ષપુર વસાવ્યું. પુષ્કરની પાસેનું હાંસોટ એ જ હર્ષપુર હતું. ત્યાં શ્રી જૈનસંઘે આ૦ પ્રિયગ્રંથસૂરિની મજ્ઝિમા શાખાના પ્રશ્નવાહનકુલના આચાર્યોને પધરાવ્યા અને ત્યારથી એ પ્રશ્નવાહનકુલના શ્રમણોનું 'હર્ષપુરીયગચ્છ' નામ પડ્યું. તેમાં વિક્રમની બારમી સદીમાં આ૦ વિજયસિંહસૂરિ થયા. તેમના શિષ્ય આ૦ અભયદેવસૂરિથી ગુજરાતના રાજા કર્ણદેવ (સં. ૧૧૨૦ થી સં. ૧૧૫૦)ના સમયમાં હર્ષપુરીયગચ્છનું નામ 'મલધારગચ્છ' પડ્યું. આ ગચ્છની પરંપરા ઘણાં વર્ષો સુધી ચાલી હતી. તેના આચાર્યો કે શ્રીપૂજોની પરંપરાનો વિચ્છેદ થતાં તેમની ગાદીએ તપાગચ્છના શ્રીપૂજો બેસતા હતા. (જૂઓ, પ્રક. ૩૪, પૃ. ૪૭૧)

મલધારગચ્છની **પટ્ટાવલી** આ પ્રકારે મળે છે –

(૧) **આ૦ અભયદેવસૂરિ** – તેઓ **હર્ષપુરીયગચ્છ**ના આ૦ **વિજયસિંહસૂરિ**ના શિષ્ય હતા. તેઓ શરીર પ્રત્યે એકદમ નિઃસ્પૃહ હતા. વસ્ત્રોમાં માત્ર એક ચોલપટ્ટો અને એક પછેડી (ઉપરનું ઓઢવાનું કપડું) પહેરતા હતા. તેઓ નિરંતર છઠ્ઠ-અઠ્ઠમનું તપ કરતા હતા. જાવજ્જીવ સુધી પાંચ વિગયનો ત્યાગ કર્યો હતો. તેઓ મહાવિદ્વાન હતા. તેમને **ચક્રેશ્વરીદેવી** પ્રસન્ન હતાં.

ગૂર્જરેશ્વર **કર્ણદેવ** એક દિવસે બહાર જતો હતો. યુવરાજ (સિદ્ધરાજ) **જયસિંહ** પણ તેની સાથે હતો. ત્યારે તેમણે મેલા શરીર અને મેલાં કપડાંવાળા આ૦ અભયદેવસૂરિને જોયા. તે આચાર્યશ્રીની કડક નિઃસ્પૃહતાથી પ્રસન્ન થઈ

તેમને મલધારી (ઓલિયા)નું બિરુદ આપ્યું. (સં. ૧૧૨૦ થી ૧૧૫૦)[૧]

વિદ્વાન **વીરાચાર્યે** તેમને **સૂરિમંત્ર** આપ્યો. તેઓ સૂરિમંત્રની આરાધનાથી દિન-પ્રતિદિન વધુ પ્રભાવક બન્યા. શાકંભરીના રાજા **વિશલદેવ** (ત્રીજા વિગ્રહરાજ)ના પુત્ર પ્રથમ **પૃથ્વીરાજે** (સં. ૧૧....) આ૦ અભયદેવસૂરિના પત્રથી **રણથંભોર**ના જૈન દેરાસર પર સોનાનો **કલશ** સ્થાપન કર્યો. આચાર્યશ્રીએ ગ્વાલિયરમાં રાજા **ભુવનપાલને** ઉપદેશ આપી અહીંના અધિકારીઓએ ભ૦ મહાવીરના દેરાસરનો દરવાજો બંધ કરાવ્યો હતો તે ખોલાવ્યો. આચાર્યશ્રીએ ચંદ્રવંશી રાજા **એલક શ્રીપાલની** વિનતિથી **શ્રીપુર** પધારી સં. ૧૧૪૨ના માહ સુદિ ૫ ને રવિવારે ભ૦ **અંતરિક્ષ પાર્શ્વનાથની** પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. રાજાએ અંતરિક્ષ પાર્શ્વનાથની પૂજા માટે **સિરપુર** ગામ વસાવી આપ્યું અને પ્રતિમાજી જે સ્થળેથી પ્રગટ થયાં હતાં તે સ્થળે જળકુંડ બનાવી આપ્યો. (જૂઓ, પ્રક. ૩૮, પૃ. ૩૨૪-૩૨૫) આચાર્યશ્રીએ ત્યાંથી **કુલ્પાક તીર્થની** યાત્રા કરી અને **દેવગિરિમાં** આવીને ચતુર્માસ કર્યું.

આચાર્યશ્રીએ મેડતાના કડમડયક્ષ તથા હજારો બ્રાહ્મણોને પ્રતિબોધી ત્યાં ભ૦ મહાવીરસ્વામીનું મંદિર કરાવ્યું. ગુજરાતના રાજવી સિદ્ધરાજ જયસિંહે તેઓશ્રીના ઉપદેશથી પોતાના દેશમાં શ્રાવણ વદિ ૧૨ થી ભાદરવા સુદિ ૪ સુધીના પર્યુષણાપર્વ અને અગિયારસ વગેરે દિવસોમાં અમારિ પ્રવર્તાવી હતી, પશુવધબંધ કરાવ્યો હતો અને એ અંગેનું રાજફરમાન આપ્યું હતું.[૨]

તેમણે અનશન કર્યું ત્યારે તેરમા દિવસના ઉપવાસ વખતે પાટણના મુખ્ય **શ્રાવક સીયકે** ભરમાંદગીમાં મરતાં પહેલાં આચાર્યશ્રીના દર્શનની અભિલાષા

---

૧. શ્રીકર્ણો બિરુદં તસ્ય મલધારીત્યઘોષયત્ ॥૫॥
(મલ૦ આ૦ રાજશેખરકૃત 'ન્યાયકંદલી ટીકા'ની પ્રશસ્તિ,
તથા પ્રાકૃત દ્વયાશ્રયવૃત્તિ-પ્રશસ્તિ, સં. ૧૩૮૭)

જસ્સ મલહારી ણામં દિન્નં કન્નેણ નરવઇણા ।
(–આ૦ પદ્મદેવકૃત સદ્‌ગુરુપદ્ધતિ)

જયસિંહરાયેણ...ગયખંધાઓ ઓસરિઊણ દુક્કરકારઓ ત્તિ દિન્નં મલધારીતિ નામં ॥ (–જિનપ્રભસૂરિકૃત 'વિવિધતીર્થકલ્પ', કલ્પ : ૪૦)

૨. જેણ જયસિંહદેવો રાયા ભણિઊણ સયલદેસમ્મિ ।
કારાવિઓ અમારિં પઞ્ચોસવણાઇસુ તિહિસુ ॥
એકાદશીમુખ્યદિનેષ્વમારીમકારયત્ શાસનદાનપૂર્વમ્ ।
(–ધર્મોપદેશમાલા વિવરણ, પ્રક. ૩૫, પૃ. ૬૯)

દર્શાવી. આચાર્યશ્રીએ ત્યાં જઈને તેને ઉપદેશ આપ્યો. તેની પાસે યોગ્ય ક્ષેત્રોમાં ૨૦ હજાર દ્રમ્મનું દાન કરાવ્યું. આચાર્યશ્રીએ કુલ ૪૭ દિવસનું **અનશન પાળી** સં. ૧૧૬૮ લગભગમાં **પાટણ**માં સમાધિપૂર્વક સ્વર્ગગમન કર્યું. રાજા **સિદ્ધરાજ** અનશનમાં તેમના ખાસ દર્શન માટે ગયો હતો. આચાર્યની અંતિમ યાત્રાની પાલખી નીકળી ત્યારે રાજા તથા તેમના પરિવારે ગઢની પાછલી અટારીએ આવીને તેના દર્શન કર્યાં હતાં. લોકો આચાર્યશ્રીના અગ્નિસંસ્કારના સ્થાનેથી **રાખ** લઈ ગયા, ત્યાં સુધી કે રાખ ન રહી ત્યારે ત્યાંની **માટી** પણ લઈ ગયા અને એ રીતે ત્યાં મોટો **ઊંડો ખાડો** બની ગયો. તેમના શરીરની રાખ પણ પ્રભાવશાળી હતી.

આચાર્યશ્રી પરમ શાંત હતા. સૌ કોઈ તેમને જોતાં શાંત બની જતા હતા. તેમને રાજા-મહારાજાઓ બહુ માનતા હતા. કેટલાયે મંત્રીઓ તો તેમના શિષ્ય જેવા પરમભક્ત બની ગયા હતા.

(– આ૦ જયસિંહસૂરિકૃત 'ધર્મોપદેશમાલા-વિવરણ' પ્રશસ્તિ, સં. ૧૧૯૧; આ૦ રાજશેખરસૂરિકૃત 'પ્રાકૃત દ્વ્યાશ્રયમહાકાવ્ય-વૃત્તિ' પ્રશસ્તિ, સં. ૧૩૮૭; આ૦ રાજશેખરસૂરિકૃત 'ન્યાયકંદલીપંજિકા' પ્રશસ્તિ, સં. ૧૩૮૫; આ૦ પદ્મદેવસૂરિકૃત 'સદ્‌ગુરુપદ્ધતિ'; આ૦ ચંદ્રસૂરિકૃત 'મુણિસુવ્વયચરિયં' પ્રશસ્તિ, સં. ૧૧૯૩; આ૦ જિનપ્રભસૂરિકૃત 'વિવિધતીર્થકલ્પ' સં. ૧૩૨૭ થી ૧૩૮૯; મહોપાધ્યાય ભાવવિજયગણિકૃત 'અંતરીક્ષતીર્થમાહાત્મ્ય' સં. ૧૭૨૫; પિટર્સનનો રિપોર્ટ, પૃ. ૧૦, ૧૧, ૮૯, ૯૬)

(૨) **આ૦ હેમચંદ્રસૂરિ** – તેઓ આ૦ અભયદેવસૂરિના શિષ્ય હતા. એ સમયે એટલે ગુજરાતના રાજા **સિદ્ધરાજ** અને **કુમારપાલ**ના સમયે જૈન-શાસનમાં આ૦ હેમચંદ્રસૂરિ નામના ત્રણ સમર્થ આચાર્યો વિદ્યમાન હતા. મલધારી આ૦ હેમચંદ્રસૂરિ એ સૌમાં ઉમ્મરથી મોટા હતા. શાંત અને પ્રભાવક હતા.

આ૦ અભયદેવસૂરિના ઉપદેશથી **મહામાત્ય પ્રદ્યુમ્ન** વૈરાગ્ય પામ્યો ત્યારે લાખોની મિલકત, રૂપાળી સ્ત્રીઓ-પત્નીઓ, સાહ્યબી અને મંત્રીપદને છોડી દઈ દીક્ષા લીધી અને શાસ્ત્રો ભણી-ગણીને ગુરુમહારાજના હાથે આચાર્યપદ પ્રાપ્ત કર્યું, તે જ અંતે **મલધાર હેમચંદ્રસૂરિ**ના નામથી ખ્યાતિ પામ્યા.

આ૦ હેમચંદ્રસૂરિ સ્વભાવથી જ નમ્ર, વિનયશીલ, પરમ શાંત, બહુશ્રુત, સત્યપ્રિય અને સ્થિતપ્રજ્ઞ હતા. તેમની જીવન ઘટનાઓ અને ગ્રંથોમાં તેમના આ ગુણોની ઝલક મળે છે. તેઓ વધુ પ્રમાણમાં 'ઉપમિતિભવપ્રપંચાકથા'નું વ્યાખ્યાન આપતા હતા, ત્યારથી જ એ કથા વધુ પ્રસિદ્ધિ પામી. રાજા સિદ્ધરાજ તેમના નૈસર્ગિક ગુણોથી આકર્ષાયો હતો. તે તેમના વ્યાખ્યાનમાં પોતાના

પરિવાર સાથે ઘણી વાર જતો હતો અને ચિત્તને સ્વસ્થ બનાવી વ્યાખ્યાન સાંભળતો હતો. તેમના દર્શન માટે અવારનવાર આવતો હતો, આલાપ-સંલાપ પણ કરતો હતો અને કોઈ કોઈ વાર આચાર્યશ્રીની રાજમહેલમાં પધરામણી પણ કરાવતો હતો.

રાજાએ એક વાર આચાર્યશ્રીને **રાજમહેલમાં** પધરાવ્યા. ઊંચે બેસાડી ડાભ વગેરે વસ્તુઓથી આચાર્યશ્રીની ત્રણ વાર **આરતી** ઉતારી અને આચાર્યશ્રીના ચરણમાં પડીને તેમને પંચાંગ નમસ્કાર કર્યા. પોતાને માટે પિરસાઈને આવેલા થાળમાંથી આચાર્યશ્રીને ચાર પ્રકારનો **આહાર** વહોરાવ્યો.

જાણે પોતાનું જીવન સફળ થયું એમ માનીને તેણે સહર્ષ જાહેર કર્યું કે, 'હું માનું છું કે, આજે **ભ૦ મહાવીર સાક્ષાત્ મારા આંગણે પધાર્યા છે.**'

રાજાએ આચાર્યશ્રીના ઉપદેશથી ગુજરાતના જિનમંદિરો ઉપર સોનાના કળશ ચડાવ્યા.[૧]

ભરૂચના દંડનાયક શાંતૂ મહેતાએ આચાર્યશ્રીના ઉપદેશથી સમળીવિહાર ઉપર સોનાનો કળશ ચડાવ્યો.

ધંધુકા, સાચોર વગેરેના અજૈનો જૈનોને કનડતા હતા. જૈનોની રથયાત્રાના ઉત્સવમાં વિઘ્ન નાખતા હતા. રાજા સિદ્ધરાજે આચાર્યશ્રીના ઉપદેશથી આ કનડગત દૂર કરાવી. રથયાત્રા નિર્વિઘ્ને નીકળી શકે એવો પાકો પ્રબંધ કરાવ્યો. રાજ્યના અમલદારોએ સત્તાના મદથી જિનમંદિરના **લાગા** બંધ કરાવ્યા હતા તે રાજાએ ફરીથી ચાલુ કરાવ્યા. કોઈ કોઈ ગામોમાં તો લાગાની રકમ રાજખજાનામાં દાખલ થઈ હતી તે પણ **જૈન દેરાસરોને** પાછી અપાવી. (–પિટર્સન રિપોર્ટ, પાન : ૧૪-૧૬)

એક દિવસે રાજા સિદ્ધરાજે આચાર્યશ્રીના ઉપદેશથી ખુશ થઈ દર સાલ માટે વર્ષના ૮૦ દિવસોમાં **અમારિશાસન** કર્યું. તે શાસન **તામ્રપત્ર** પર લખાવી આચાર્યશ્રીના ચરણમાં અર્પણ કર્યું.

આ૦ **દેવપ્રભસૂરિ** સિદ્ધરાજના એ શાસનને ટૂંકાક્ષરીમાં આ રીતે રજૂ કરે છે– 'મલધારી આ૦ અભયદેવના પટ્ટરૂપી આકાશમાં આ૦ **હેમચંદ્રરૂપી**

---

૧. प्रतिबोध्य सिद्धभूधवमुद्दण्डकनककलशैर्यः ।
उत्तंसितवान् परितः स्वदेश-परदेशचैत्यानि ॥९॥
(–प्राकृत द्व्याश्रयकाव्यवृत्ति-प्रशस्ति, सं. १३८७; न्यायकंदली-पंजिका-प्रशस्ति, सं. १३८५; पिटर्सनનો રિપોર્ટ, પાન ૧૪, ૧૬)

सकलनिजधरित्रीमध्यमध्यासितानां जिनपतिभवनानां तुङ्गशृङ्गावलीषु ।
अनधयदुपदेशात् सिद्धराजेन राज्ञा स्फुरदविरलभासः स्थापिता स्वर्णकुम्भाः ॥
(–પિટર્સન રિપોર્ટ, પાન : ૮૯)

ચંદ્ર ઊગ્યો. રાજા સિદ્ધરાજે તેના વચનરૂપી અમીનું પાન કર્યું અને રાજ્યના સૌ પ્રાણીઓ દીર્ઘાયુષી બન્યા.[૧]

આ૦ હેમચંદ્રના ઉપદેશથી પાટણથી ગિરનારતીર્થ અને શત્રુંજયતીર્થનો છ'રી પાળતો **યાત્રાસંઘ** નીકળ્યો. આચાર્યશ્રી પણ સાથે જ હતા. શ્રીસંઘે **વણથલી**માં પડાવ નાખ્યો. સંઘના પુરુષો અને સ્ત્રીઓ નાહી-ધોઈ શરીરે કેસર ચોળી, બહુમૂલ્ય વસ્ત્રો પહેરી, રત્નજડિત દાગીના ધારણ કરી દેરાસરમાં દર્શન-પૂજા-પ્રભાવના કરી રહ્યા હતા. સંઘપતિ પાસે પણ ઘણું ધન સાથે હતું. આ બધું જોઈ સોરઠના રાજા **રા'ખેંગાર**ની દાનત બગડી.

" खंगारस्स सुरट्ठापहुणो जायं मणं दुट्ठं ॥ ६८ ॥ "

પાસવાનોએ પણ રાજાને ચડાવ્યો કે, 'રાજન્ ! સમજી લે કે ગુજરાત-પાટણનું ઘણું ધન તારા પુણ્યપ્રતાપે તારે આંગણે આવ્યું છે. માન કે, લક્ષ્મી તને ચાંલ્લો કરવા આવી છે.'

" ता गिण्ह तुम्हं एयं भंडारो होइ तुह जहा पोढो ।
संभाविज्जइ णाणं एकाए दव्वकोडीए ॥ ७० ॥ "

—રાજન્ ! આ સંઘને લૂંટી લે, તારો ખજાનો છલકાઈ જશે. એક કરોડનું લેખું સંભવે છે.

આ સાંભળી રાજાનું મન પીગળી ગયું. તેણે સર્વસ્વ લૂંટી લેવાનો મનસૂબો કરી લીધો પણ તેને રાજમર્યાદાનો ભંગ અને અપયશનો મોટો ડર હતો, તેથી શું કરવું એની વિમાસણમાં તે પડી ગયો. તેણે સંઘને જાણી-જોઈને એક દિવસ અહીં વધુ રોકાણ કરાવ્યું. એક દિવસ તે સંઘપતિને મળ્યો જ નહીં. બીજે દિવસે રાજકુટુંબમાં કોઈ મોટું મરણ થયું. **આ૦ હેમચંદ્રે** રાજા ખેંગારનું મન પારખી લીધું હતું તેથી તેમણે આ મરણના બાનાથી રાજમહેલમાં જઈ રાજાને ઉપદેશ આપ્યો. રાજવીને નીતિના માર્ગે દોરવણી આપી. રાજાએ પણ ઉપકાર માની પ્રસન્ન થઈને સંઘને આગળ પ્રયાણ કરવાની રજા આપી. સંઘ ત્યાંથી રવાના થઈ **શત્રુંજયતીર્થ**ની યાત્રા કરી **પાટણ** ગયો.

શ્રીસંઘે ગિરનારતીર્થને ૫૦,૦૦૦ અને શત્રુંજયતીર્થને ૩૦,૦૦૦ પારુત્થયની ભેટ ધરી હતી.

(આ૦ ચંદ્રસૂરિકૃત મુણિસુવ્વયચરિયં, ગાથા : ૬૩ થી ૭૬)

---

૧. રાજા રાજ્યના કેવળ મનુષ્યોનો જ નહીં પણ સઘળાં પ્રાણીઓનો રક્ષક બને છે ત્યારે તેનું રાજ્ય બહુ તપે છે. રા'ખેંગાર, રાજા સિદ્ધરાજ, રાજા કુમારપાલ, બાદશાહ અકબર, કચ્છનરેશ અને મોરબીનરેશ વાઘજી ઠાકોર વગેરે અનેક દાખલાઓ એ અંગે મળે છે.

મલધાર શ્રીહેમચંદ્રસૂરિએ નીચે પ્રમાણેના ગ્રંથોની રચના કરી છે, જેનું પ્રમાણ લગભગ લાખ શ્લોક જેટલું થાય છે–[૧]

૧. આવસ્સય ટિપ્પણક–આવશ્યકપ્રદેશવ્યાખ્યા, ગ્રં. ૫૦૦૦.
૨. સયગ કમ્મગ્ગંથ વિવરણ, ગ્રં. ૪૦૦૦.
૩. અણુઓગદારસુત્તવિત્તી, ગ્રં. ૬૦૦૦.
૪. ઉવએસમાલા-પુષ્પમાલાપગરણ મૂલ, ગ્રં. .....
૫. પુષ્પમાલા સ્વોપજ્ઞવૃત્તિ, ગ્રં. ૧૪૦૦૦.
૬. જીવસમાસ વિવરણ, ગ્રં. ૭૦૦૦, સં. ૧૧૬૪ના ચૈત્ર સુદિ ૪ ને સોમવાર, પાટણ. (તેમણે સં. ૧૧૬૪ માં રચેલા આ વિવરણની તાડપ્રતિ આજે **ખંભાત**માં વિદ્યમાન છે. એટલે ગ્રંથકારના **હાથે જ** લખાયેલી આ પ્રતિ ગણાય છે.)[૨]
૭. ભવભાવના-મૂલ, સં. ૧૧૭૦, મેડતા અને છત્રાપલ્લી.
૮. ભવભાવના સ્વોપજ્ઞવૃત્તિ, ગ્રં. ૧૩૦૦૦, સં. ૧૧૭૦, મેડતા–છત્રાપલ્લી.
૯. નંદિસુત્ત ટિપ્પન.
૧૦. વિસેસાવસ્સય-બૃહદ્વૃત્તિ, ગ્રં. ૨૮૦૦૦, સં. ૧૧૭૫.

તેમને 'વિસેસાવસ્સય' વૃત્તિ રચવામાં ૧. **પં૦ અભયકુમાર**, ૨. **પં૦ ધનદેવ ગણિ**, ૩. **પં૦ જિનભદ્ર ગણિ**, ૪. **પં૦ લક્ષ્મણ ગણિ**, ૫. મુનિ **વિબુધચંદ્ર** તથા ૬. સાધ્વી **આણંદશ્રી** મહત્તરા અને ૭. સાધ્વી **વીરમતી** ગણિનીએ સહાય કરી હતી.

તેમના ગ્રંથોમાં ભવભીરુતાનો પરિચય આ પ્રકારે મળે છે–

'મને ગુરુજનોએ જ્ઞાન આપ્યું છે. હું તેમાંથી જે જે સમજ્યો છું તેને આત્મસ્મરણ માટે મેં અહીં ગોઠવ્યું છે. આમાં જે જે દોષો હોય તે મુનિજનોએ મારા ઉપર પ્રસન્ન બનીને શોધવા. કેમકે જગતમાં સૌ કર્મને આધીન છે. **સૌ છદ્મસ્થ** છે અને મારા જેવા તો સદ્બુદ્ધિવિહોણા છે, ને મતિવિભ્રમ તો કોને થતો નથી ?' (–આવસ્સય ટિપ્પન)

તેમના શિષ્યોમાં ચાર બહુ પ્રસિદ્ધ હતા.

---

૧. ग्रन्थलक्षविनिर्माता निर्ग्रन्थानां विशेषकः ॥८॥
(–न्यायकंदलीपंजिका-प्रशस्ति)
येन ग्रथितग्रन्थस्य लक्षमेकं मनाक् सनम् ॥
(–आ० जयसिंहसूरिकृत 'धर्मोपदेशमाला विवरण')

૨. જૂઓ, **જૈન પુસ્તક પ્રશસ્તિ સંગ્રહ**, પુષ્પિકા : ૧૪.

૧. **આ૦ વિજયસિંહસૂરિ** – તેમણે સં. ૧૧૯૧ના માહ વદિ ૩ ના રોજ કૃષ્ણર્ષિના શિષ્ય આ૦ જયસિંહસૂરિની 'ધર્મોપદેશમાલા' ગાથા : ૯૮નું વિવરણ ગ્રં. ૧૪૪૭૧ રચ્યું, જેમાં તેમના ગુરુભાઈ પં૦ **અભયકુમાર** ગણિએ સહાય કરી હતી. આ આચાર્ય ઘણા કૃપાળા અને શાંત હતા.

૨. **આ૦ ચંદ્રસૂરિ** – તેઓ લાટદેશના **નાણાપ્રધાન મંત્રી** હતા.

૩. **આ૦ વિબુધચંદ્ર** – તે પણ લાટદેશના **મંત્રી** હતા. તેમણે મંત્રીપદ તજી દઈ દીક્ષા લીધી. તેમણે ગુરુદેવની 'વિસેસાવસ્સય'ની બૃહદ્‌વૃત્તિનું તથા આ૦ ચંદ્રસૂરિએ રચેલા 'મુણિસુવ્વયચરિયં'નું સંશોધન કર્યું હતું. તેમના શિષ્ય ઉપાધ્યાય **પદ્મચંદ્ર** હતા.

૪. **પં૦ લક્ષ્મણ ગણિ** – તેમણે સં. ૧૧૯૯ના માહ સુદિ ૧૦ ના રોજ ગુર્જરેશ્વર કુમારપાલના રાજ્યમાં માંડલમાં 'સુપાસનાહચરિયં' ગ્રંથાગ્રઃ ૧૦૦૦૦ પ્રમાણ રચ્યું છે.

આ૦ હેમચંદ્રસૂરિએ ઘણી ધર્મપ્રભાવના કરી હતી. ગિરનાર તીર્થનો કબજો અપાવ્યો હતો. **અમારિ** પ્રવર્તાવી હતી. સાધુઓનો થતો પરાજય નિવાર્યો હતો. ચૈત્યવાસનો ફેલાવો ન થાય એ માટે તેમણે સક્રિય પ્રયત્ન કર્યો હતો. જિનમંદિરો માટે થતાં વિઘ્નો દૂર કરાવ્યાં હતાં. લગભગ **એક લાખ શ્લોક** પ્રમાણ ગ્રંથોની રચના કરેલી છે.

તેઓ સાત દિવસનું અનશન કરી **પાટણ**માં સ્વર્ગે ગયા. રાજા **સિદ્ધરાજ** તેમની સ્મશાન યાત્રામાં થોડાએક માર્ગ સુધી સાથે ગયો હતો અને એ રીતે પોતાનો આચાર્યશ્રી પ્રત્યેનો હાર્દિક પૂજ્યભાવ વ્યક્ત કર્યો હતો.

આચાર્યશ્રી પરમનૈષ્ઠિક પં૦ **શ્વેતાંબરાચાર્ય ભટ્ટારક** તરીકે પ્રસિદ્ધ હતા. એકંદરે તેઓ વિક્રમની બારમી શતાબ્દીના પ્રભાવક આચાર્ય હતા.

(જૂઓ, જીવસમાસની સ્વલિખિત પ્રત)

(–આ૦ ચંદ્રસૂરિકૃત 'સણયકુમારચરિયં' અને 'મુણિસુવ્વયચરિયં' પ્રશસ્તિઓ; આ૦ વિજયસિંહસૂરિકૃત 'ધર્મોપદેશમાલાવિવરણ' પ્રશસ્તિ; પં૦ લક્ષ્મણગણિકૃત 'સુપાસનાહચરિયં' પ્રશસ્તિ; આ૦ દેવપ્રભસૂરિકૃત 'ન્યાયાવતાર-ટિપ્પન' આ૦ દેવભદ્રકૃત 'પાંડવાયન'; આ૦ રાજશેખરસૂરિકૃત 'ન્યાયકંદલીપંજિકા-પ્રશસ્તિ અને પ્રાકૃત દ્વ્યાશ્રયમહાકાવ્યવૃત્તિ' પ્રશસ્તિ; પિટર્સન રિપોર્ટ પા. ૮૯ થી ૯૬; 'જૈનસત્યપ્રકાશ' ક્રમાંક ૧૩૬; 'જૈન' અંક તા. ૨-૧૦-૧૯૨૭, પાન ૬૯૭)

આ૦ હેમચંદ્રસૂરિ પોતે 'જીવસમાસની વૃત્તિ'માં પોતાનો પરિચય આપે છે કે, 'યમ, નિયમ, સ્વાધ્યાય અને પદસ્થધ્યાનાનુષ્ઠાનરત, પરમનૈષ્ઠિક પંડિત

શ્વેતાંબરાચાર્ય ભટ્ટારક શ્રી હેમચંદ્રાચાર્યે સં. ૧૧૬૪ ના ચૈત્ર સુદિ ૪ ને સોમવારે પાટણમાં જયસિંહના રાજ્યમાં 'જીવસમાસવૃત્તિ' (ગ્રં. ૭૦૦) લખી છે.' આ પ્રતિ આજે ખંભાતના ભંડારમાં વિદ્યમાન છે. (–પ્રશસ્તિ : ૧૪)

આ૦ હેમચંદ્રસૂરિના ચાર શિષ્યો પ્રસિદ્ધ હતા. આ સિવાય બીજા શિષ્યો પણ હતા. તેમની પણ જે શિષ્યપરંપરા ચાલી તે આ પ્રકારે છે –

૩. **મલધારી ભટ્ટારક માધવચંદ્રસૂરિ** – તેઓ ધર્મ, ઉપશમ અને દમની પ્રત્યક્ષ મૂર્તિ હતા.

૪. **ભ૦ અમૃતચંદ્રસૂરિ** – તેઓ ભરત પોરવાલના વંશજ પદ્મસિંહ પોરવાલની પુત્રી મોહિણીદેવી, જે કટુકરાજ પોરવાલની પત્ની હતી, તેના અમૃતલાલ નામે પુત્ર હતા. તેઓ ભ૦ માધવચંદ્રના શિષ્ય થયા અને ભટ્ટારક બન્યા. (જૂઓ, પ્રક. ૩૮, પૃ. ૩૦૮)

તેઓ નૈષ્ઠિક બ્રહ્મચારી, મોટા તપસ્વી, મહાત્યાગી, વિદ્વાન્, મોટા વાદી અને સર્વ વિદ્યામાં પ્રવીણ હતા. જૈનશાસનની રક્ષામાં સમર્થ હતા. તેઓ જંગમ સરસ્વતી સ્વરૂપ હતા. એક વાર તેઓ વિહાર કરતા કરતા [1]બંભણવાડુ-પાટણમાં પધાર્યા. ત્યારે અહીંનો શાસક રાજા રણધીરનો પુત્ર બલ્લાલનો માંડલિક ભૂલો નામે ઠાકોર હતો, તે ઠા૦ ગોહિલનો પુત્ર હતો. એ સમયે બંભણવાડુમાં શ્રીમાલીજ્ઞાતિની શાખા ગુર્જરવંશના જૈનો હતા, તે સૌ ભ૦ અમૃતચંદ્રસૂરિના ભક્તો હતા. તેમાંનો એક ગુર્જરવંશનો શેઠ રલ્હણ(દેવણ) નામે વિદ્વાન હતો. સંસ્કૃત અને પ્રાકૃતભાષાનો જાણકાર હતો અને વિવેકી જૈન હતો. તેને પંપાઈ નામે પત્નીથી ત્રણ પુત્રો થયા. તે આ પ્રમાણે –

(૧) **સિંહ** – શુદ્ધ સમ્યકત્વધારી શ્વેતાંબર જૈન હતો. તે અભણ હતો પણ ભ૦ અમૃતચંદ્રસૂરિની કૃપાથી સરસ્વતીદેવીનું વરદાન મેળવી સિદ્ધ સારસ્વત બન્યો. તે ચાર ભાષાનો વિદ્વાન હતો. પં૦ સિંહે સં.... માં બંભણવાડુમાં અપભ્રંશભાષામાં 'પજ્જુન્નકહા' (પજ્જુન્નચરિયં)ની રચના કરી હતી. તેણે આ કથામાં દરેક સંધિના છેડે શાર્દૂલવિક્રીડિત છંદમાં બનાવેલો એકેક શ્લોક જોડ્યો છે, જેમાં તેણે જરૂરી બાબત તથા પોતાનો અને પોતાના વંશનો પરિચય રજૂ કર્યો છે.

(૨) **શુભંકર** – તે પ્રેમાળ હતો અને સજ્જનોને પ્રિય હતો. વિદ્વાન અને જ્ઞાની હતો. રાજાના જેવો પ્રભાવશાળી હતો.

---

૧. આ બંભણવાડુ તે બ્રાહ્મણવાડા તીર્થ કે વરમાણ સંભવે છે અને બલ્લાર તે ગૂર્જરેશ્વર કુમારપાલનો વિરોધી રાજા બલ્લાલ સંભવે છે.
(જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૭૮)

(૩) **સાધારણ** – તે દેખાવડો હતો અને અત્યંત જૈનધર્મપ્રેમી હતો. (–પજ્જુન્નકહા)

(૩) **આ૦ ચંદ્રસૂરિ** – તેઓ રાજા સિદ્ધરાજના **લાટદેશ** ખાતેના **નાણાપ્રધાન** હતા. તેમણે રાજમુદ્રા છોડી દઈ સાધુમુદ્રા ગ્રહણ કરીને જૈનધર્મની પ્રભાવના કરી હતી.

તેમણે નીચે મુજબના ગ્રંથો બનાવ્યા છે–

૧. **મુણિસવ્વયચરિયં** – ગ્રંથાગ્ર : ૧૦૯૯૪. તેઓ જ્યારે ધોળકામાં આવ્યા અને શેઠ **ધવલ પોરવાડ**ના ભરુચવસહીના નામથી ઓળખાતા ભ૦ મુનિસુવ્રતસ્વામીનાં દર્શન કરવા પધાર્યા ત્યારે શેઠે તેમને 'મુનિસુવ્રતચરિત્ર' રચવાની વિનંતિ કરી. આથી આચાર્યશ્રીએ **આશાવલ**માં શેઠ નાગિલ શ્રીમાલીના પુત્રોની વસતિમાં ચતુર્માસ નિર્ગમન કર્યું અને સં. ૧૧૯૩ ના આસો વદિ અમાવાસ્યાના દિવસે આ ચરિત્રની રચના પૂર્ણ કરી. 'સણંકુમાર-ચરિયં' તેનો જ અવાંતર ભાગ છે.

૨. **સંગહણીસુત્ત** – આ૦ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણના 'સંગ્ગહણીસુત્ત'ના આધારે આ ગ્રંથની રચના કરી.

૩. **લઘુસમાસ** – મોટા 'ક્ષેત્રસમાસ'માંથી ઉદ્ધારરૂપે આ ગ્રંથની રચના કરેલી છે. તેની પ્રારંભગાથા આ પ્રકારે છે –

'नमित्तुं वीरं सयलत्थमासगं ।'

આ૦ ચંદ્રસૂરિની પાટે બે આચાર્યો થયા.

(૧) **આ૦ મુનિચંદ્રસૂરિ**. (જુઓ, પટ્ટાંક ૪)

(૨) **આ૦ દેવપ્રભસૂરિ** – તેઓ એમના સમયના પ્રતિષ્ઠિત વિદ્વાન હતા. આ૦ મુનિચંદ્રસૂરિએ તેમને આચાર્યપદવી આપી હતી. તેમણે પોતાના ગુરુએ રચેલા 'સંગહણીસુત્ત' અને 'ખિત્તસમાસ' ની વૃત્તિઓ રચી છે. જેમાં આગમ-ગ્રંથો, ટીકાઓ વગેરેના આધારે ભૂગોળ-ખગોળનું વિશદ પ્રતિપાદન કરેલું છે. તેમણે 'ન્યાયાવતાર' પર **આ૦ સિદ્ધર્ષિ**એ રચેલી વૃત્તિ ઉપર ટિપ્પન રચેલું છે.

(૪) **આ૦ મુનિચંદ્રસૂરિ** – જેમણે ચૌલુક્યવંશી રાજા **આનલ**ને દીક્ષા આપી હતી. તેમના વિશે પ્રસંગ એવો બન્યો કે, એક દિવસ રાજા આનલ શિકારે ગયો હતો ત્યાં તેને ભારે કષ્ટનો અનુભવ થયો. આ૦ મુનિચંદ્રસૂરિનાં દર્શને જઈને તેણે પોતાની વીતક કથા કહી. તે ઉપરથી તેમણે ઉપદેશ આપ્યો અને તે વૈરાગ્યવાસિત થતાં સંસારની માયા તજી દઈ આ૦ મુનિચંદ્રના ચરણે ગયો અને દીક્ષા અંગીકાર કરી.

આ૦ મુનિચંદ્રસૂરિની પાટે ત્રણ આચાર્યો (૧) **આ૦ દેવાનંદસૂરિ**, (૨) **આ૦ દેવપ્રભ(દેવભદ્ર)સૂરિ**, (૩) **આ૦ યશોભદ્રસૂરિ** થયા.

(૫) **આ૦ દેવભદ્રસૂરિ** – તેમના ઉપદેશથી ધોળકાનો રાજા **વીરધવલ** ધર્મનો સાત્ત્વિક અને તાત્ત્વિકપ્રેમી બન્યો હતો. (–પ્રબંધચિંતામણિ)
(જૂઓ, ભા. ૩, પ્રક. ૪૫, પૃ. ૩૦૪)

આચાર્યશ્રીએ પાંડવાયન તથા ધર્મસાર (મૃગાવતીચરિત્ર) ગ્રંથો રચ્યા છે. આ પાંડવાયનને **આ૦ યશોભદ્રસૂરિ** જોઈ ગયા હતા અને **જ્ઞાનમૂર્તિ આ૦ નરચંદ્રસૂરિએ** પોતાની બુદ્ધિ અનુસાર તેનું સંશોધન કર્યું હતું. તેઓ પોતાને કોટિક ગણ, વૃક્ષસમાન ફેલાતી મધ્યમા શાખા, પ્રશ્નવાહન કુલ, સુમનોથી શોભતા હર્ષપુરીયગચ્છ અને મલધારગચ્છના બતાવે છે.

(–પાંડવાયન પ્રશસ્તિ)

(૬) **આ૦ નરચંદ્રસૂરિ** – આ૦ દેવાનંદસૂરિ અને આ૦ દેવપ્રભસૂરિની પાટે આ૦ નરચંદ્રસૂરિ થયા.[૧] તે જ્ઞાનમૂર્તિ હતા. રાજગચ્છના આ૦ પ્રદ્યુમ્ન-સૂરિએ આ૦ નરચંદ્રસૂરિ પાસે 'ઉત્તરાધ્યયનસૂત્ર'નું અધ્યયન કર્યું હતું. **રાજપુરોહિત સોમેશ્વરદેવે** આ૦ નરચંદ્રને 'કીર્તિકૌમુદી'માં મહાકવિ તરીકે નવાજ્યા છે.

આ૦ નરચંદ્રસૂરિ ભારે બુદ્ધિશાળી હતા. તેમને **સરસ્વતી** પ્રસન્ન હતાં. તેઓ **મંત્રીશ્વર વસ્તુપાલના મોસાળ પક્ષના** ધર્માચાર્ય હતા. તેઓ મંત્રી વસ્તુપાલના ગાઢ સંબંધમાં હતા. મંત્રીશ્વર તેમને ખૂબ માનતા હતા. તેમણે તેમના સંબંધથી જ સં. ૧૨૭૬-૭૭માં શત્રુંજયતીર્થનો છ'રી પાળતો સંઘ કાઢ્યો હતો. આચાર્યશ્રીએ મંત્રી વસ્તુપાલના માથે હાથ મૂક્યો હતો. પોતે છેલ્લા બિમાર પડ્યા ત્યારે મહામંત્રી વસ્તુપાલને જણાવ્યું કે, 'હવે મારું આયુષ્ય પૂરું થયું છે અને તું પણ અગિયારમે વર્ષે સ્વર્ગવાસી બનીશ.'

આ૦ નરચંદ્રસૂરિએ નીચે પ્રમાણેના ગ્રંથો રચેલા જાણવા મળે છે–

(૧) યમકમય ચતુર્વિંશતિ જિનરાજસ્તોત્ર, સ્તુતિકાવ્યો સુભાષિતો.
(૨) કથા ૧૫ રત્નસાગર, મંત્રી વસ્તુપાલની પ્રેરણાથી રચના કરી.
(૩) જ્યોતિષ્સાર (નારચંદ્ર જૈન જ્યોતિષ્).

---

૧. देवानन्दमुनीश्वरपदपङ्कजसेवनैकषट्चरणः ।
ज्योतिःशास्त्रमकार्षीद् नरचन्द्राख्यो मुनिप्रवरः ॥ (–नारचंद्र ज्योतिष्)
तत्क्रमिको देवप्रभसूरिः किल पाण्डवायनचरित्रम् ॥१३॥
तदीयसिंहासनसार्वभौमः सूरीश्वरः श्रीनरचन्द्रनामा ॥१४॥
(–न्यायकंदली प्रशस्ति)

(૪) શ્રીધરકૃત 'ન્યાયકંદલી' ઉપર ટિપ્પન.[૧]

(૫) મુરારિકૃત 'અનર્ઘરાઘવ' પર ટિપ્પન (ગ્રં. ૨૩૫૦) આ૦ વિમલસૂરિની પ્રેરણાથી રચ્યું.

(૬) સિદ્ધહેમ-પ્રાકૃતદીપિકા, ગ્રં. ૧૫૦૦.

(૭) સંબોહપંચાસિયા ઉપદેશ.

(૮-૯) ગિરનાર પર મંત્રી વસ્તુપાલે બંધાવેલા જિનમંદિરની બે પ્રશસ્તિઓ સં. ૧૨૮૮.

(૧૦) વસ્તુપાલ પ્રશસ્તિ, શ્લો. ૨૬.

આ ઉપરાંત તેમણે **આ૦ દેવપ્રભ**ના 'પાંડવાયન' તથા **આ૦ ઉદયપ્રભ**-સૂરિના 'ધર્માભ્યુદયમહાકાવ્ય' (સં. ૧૨૮૮)નું સંશોધન કર્યું હતું.

આ૦ નરચંદ્રના[૨] શિષ્યે રચેલા ગ્રંથો નીચે મુજબ જાણવા મળે છે–

(૧) આ૦ નરેંદ્રપ્રભસૂરિ – તેઓ આ૦ નરચંદ્રના પ્રિય શિષ્ય હતા. મોટા તપસ્વી અને પ્રકાંડ વાદી હતા. તેમણે ઘણા વાદીઓને જીત્યા હતા, રાજાઓને પ્રતિબોધ્યા હતા. મહામાત્ય વસ્તુપાલના આગ્રહથી તેમણે 'અલંકારમહોદધિ' (પ્રકાશ : ૮) નામે ગ્રંથની રચના કરેલી છે. તેના ઉપર સ્વોપજ્ઞવૃત્તિ પણ રચી છે. **'કાકુસ્થકેલિ'** (ગ્રં. ૧૫૦૦), 'વિવેકપાદપ, વિવેકકલિકા' અને ગિરનાર પર મંત્રી વસ્તુપાલે બંધાવેલા જૈન મંદિરની પ્રશસ્તિઓ (સં. ૧૨૮૮) વગેરે રચ્યાં છે.

તેમણે રચેલું 'કાકુસ્થકેલિ' એમના સમયમાં ભજવાયું હતું.

(૨) આ૦ પદ્મદેવસૂરિ.

(૩) પં૦ ગુણવલ્લભ – તેમણે આ૦ નરચંદ્રની પ્રેરણાથી સં. ૧૨૭૧માં 'વ્યાકરણચતુષ્કિકા' રચી છે.

(–વસ્તુપાલચરિત્ર, ન્યાયકંદલીપંજિકાપ્રશસ્તિ, જ્યોતિષ્-સાર-પ્રશસ્તિ, દિનશુદ્ધિદીપિકા પ્રસ્તાવના, જૈનસત્યપ્રકાશ, ક્ર. : ૨૪, પૃ. ૪૦૩; ડૉ. ભોગીલાલ સાંડેસરાકૃત 'વસ્તુપાલનું વિદ્યામંડલ')

હર્ષપુરીયગચ્છના મલધારી આચાર્યની આજ્ઞાપાલક સાધ્વી અજિતસુંદરી

---

૧. મહર્ષિ કણાદના 'તર્કસંગ્રહ' ઉપર પ્રશસ્તપાદે ભાષ્ય રચ્યું છે, તેના ઉપર ચાર ટીકાઓ બની છે – ૧. વ્યોમશિવાચાર્યની વ્યોમવતી, ૨. શ્રીધરાચાર્યની ન્યાય-કંદલી, ૩. ઉદયનાચાર્યની કિરણાવલી અને ૪. શ્રીવત્સાચાર્યની લીલાવતી.

આ૦ નરચંદ્રસૂરિએ 'ન્યાયકંદલી' પર ટિપ્પન રચ્યું છે અને આ૦ રાજશેખર-સૂરિએ 'પંજિકા' રચી છે.

૨. કાસહ્રદગચ્છના આ૦ નરચંદ્રસૂરિ માટે જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૩૬.

ગણિનીએ સં. ૧૨૫૮ ના શ્રાવણ સુદિ ૭ ને સોમવારે પાટણમાં 'ત્રિષષ્ટિ-ભાષ્ય' લખ્યું.

(૭) **આ૦ પદ્મદેવસૂરિ** – એમના સમયમાં થયેલા આ૦ પ્રભાનંદસૂરિનો સં. ૧૩૨૧ નો પ્રતિમાલેખ મળે છે.

(૮) આ૦ તિલકસૂરિ – તેમનો સં. ૧૩૭૮નો પ્રતિમાલેખ મળે છે.

(૯) **આ૦ રાજશેખરસૂરિ** – તેમણે શ્રીધરની 'ન્યાયકંદલી' ઉપર પંજિકા સં. ૧૩૮૫, પ્રાકૃત દ્વ્યાશ્રયમહાકાવ્યવૃત્તિ સં. ૧૩૮૭, વિનોદાત્મક ચતુરશીતિપ્રબંધકથાકોશ (૮૪ કથા), સ્યાદ્વાદકલિકા, દાનષટ્ત્રિંશિકા, ષડ્દર્શનસમુચ્ચય (શ્લો. ૧૮૦), પ્રબંધકોશ (ચતુર્વિંશતિપ્રબંધ) સં. ૧૪૦૫ જેઠ સુ. ૭, નેમિનાથફાગ સં. ૧૪૦૫ વગેરે ગ્રંથોની રચના કરી છે. તેમાં 'પ્રબંધકોશ'ની રચના તેમણે કટ્ટારવીર દુઃસાધ્યવંશ[1]ના શેઠ મહણસિંહની વિનતિથી દિલ્હીમાં જગત્સિંહની વસતિમાં રહીને કરી છે. (જૂઓ, પ્રક. ૪૫, પૃ. ૩૮૬)

તેમણે આ૦ મેરુતુંગસૂરિના 'સ્તંભનેંદ્રપ્રબંધ'નું સંશોધન કર્યું હતું. 'રાજગચ્છ પટ્ટાવલી'માં તેમને વાદિગંધહસ્તિ બતાવ્યા છે. (પૃ. ૬૫)

તેમના સં. ૧૩૮૭, સં. ૧૪૧૮ના શિલાલેખો મળે છે.[2]

તેમણે સં. ૧૦૧૦ માં વડગચ્છના આ૦ મુનિભદ્રસૂરિએ રચેલા 'શાંતિનાથચરિત્રમહાકાવ્ય'નું સંશોધન કર્યું હતું. આ કાવ્યકર્તા તેમને સૌમ્યમૂર્તિ તરીકે નવાજે છે. (–શાંતિનાથચરિત્ર પ્રશસ્તિ, શ્લો. ૧૧)

સાર્ધ પુનમિયાગચ્છના આ૦ પં૦ જ્ઞાનચંદ્રે 'રત્નાકરાવતારિકા' ઉપર ટિપ્પણ રચેલું છે તેનું પણ તેમણે જ સંશોધન કર્યું હતું. આ સિવાય તેમણે 'સૂરિમંત્રવિચાર' નામે કૃતિ રચેલી છે.

મલધારગચ્છના આ૦ રાજશેખરસૂરિના શિષ્ય પં૦ સુધાકલશ ગણિએ સં. ૧૩૮૦ (ઈ. સ. ૧૩૨૪)માં 'સંગીતોપનિષદ્', સં. ૧૪૦૬ (ઈ. સ. ૧૩૫૦)માં 'સંગીતોપનિષદ્ સાર' અ૦ ૬ તથા 'એકાક્ષરનામમાલા'ની રચના કરી હતી.

(૧૦) આ૦ મુનિશેખરસૂરિ – તેમનો સં. ૧૪૨૮ ના વૈશાખ વદિ ૧ નો પ્રતિમાલેખ મળે છે.

---

૧. દુઃસાધ્યવંશ માટે જૂઓ, પ્રક. ૪૫, પૃ. ૩૮૪ થી ૩૮૮.

૨. પ્રતિમાલેખો માટે જૂઓ, પૂજ્ય શ્રીજયંતવિજયજીનો 'અર્બુદ પ્રાચીન જૈનલેખસંદોહ, શ્રીજિનવિજયજીનો 'પ્રાચીન જૈન લેખસંગ્રહ' ભા. ૨ અને 'જૈન'ના તા. ૧૩-૧-૧૯૫૪, સં. ૨૦૧૦ જેઠ સુદિ ૯ના અંકનો પ્રતિમાનો લેખ.

(૧૧) આ૦ મુનિસાગરસૂરિ – તેમના સં. ૧૫૫૪, સં. ૧૫૫૫ના પ્રતિમાલેખો મળે છે.

(૧૨) આ૦ ગુણસાગરસૂરિ – ભ૦ ગુણસુંદરના (?) સં. ૧૫૨૨ના પ્રતિમાલેખો મળે છે.

આ૦ ગુણસાગરજીની પાટે આ૦ લક્ષ્મીસાગરસૂરિ થયા. તેઓ સં. ૧૫૪૮માં આચાર્ય થયા, સં. ૧૫૭૫માં સ્વર્ગસ્થ થયા. તેમણે 'વસ્તુપાલરાસ'ની રચના કરેલી છે.

મલધારગચ્છના જૈનો –

મલધારગચ્છના આચાર્યોએ બનાવેલાં જૈનગોત્રોનાં નામો નીચે મુજબ મળે છે–

૧. પગારિયા (ગોલીયા, કોઠારી, સીંધી), ૨. કોઠારી, ૩. ગિરિયા, ૪. બંબ, ૫. ગંગ, ૬. ગહેલડા અને ૭. ખીમસરા.

આ ગોત્રો મલધારગચ્છના મુનિવરો અને શ્રીપૂજોની પરંપરાનો વિચ્છેદ થતાં તપગચ્છના શ્રીપૂજોની સત્તામાં આવ્યાં છે. એટલે આજે આ ગોત્રો તપગચ્છનાં મનાય છે. (–મલધારગચ્છના કુલગુરુઓની વહીઓના આધારે)

કવિઓ, મંત્રીઓ, શ્રેષ્ઠીઓ અને તેમની વંશાવલીઓ

મહાકવિ ધનપાલ –

મધ્યદેશના સાંકાશ્યનગરનો બ્રાહ્મણ દેવર્ષિ પોતાના પરિવાર સાથે ધારાનગરીમાં આવીને વસ્યો હતો. તે વસ્તુતઃ –

'शास्त्रेष्वधीती कुशलः कलासु बन्धे च बोधे च गिरां प्रकृष्टः ।'–

ની ઉક્તિ મુજબ હતો. તે શાસ્ત્રજ્ઞ, કલાકુશલ, જ્ઞાની, તાર્કિક અને મિષ્ટભાષી હતો. દેવર્ષિ પોતે બૃહસ્પતિ જેવો વિદ્વાન, પુણ્યશાલી, રાજમાન્ય અને મોટો દાની હતો. તે ધારાનગરીમાં ઉત્કર્ષ પામ્યો. તેણે એકઠું કરેલું ધન ભૂમિમાં દાટી રાખ્યું હતું, પણ તેની કોઈને માહિતી નહોતી. તેને સર્વદેવ નામે પુત્ર હતો. તેની પત્નીનું નામ સોમશ્રી હતું. તેમને ધનપાલ અને શોભન નામે બે પુત્રો હતા.

પં૦ સર્વદેવે પોતાના પિતાએ દાટેલા ધનનું સ્થાન આ૦ મહેન્દ્રસૂરિ પાસેથી જાણી લઈ પુષ્કળ ધન પ્રાપ્ત કર્યું હતું અને તેના બદલામાં તેણે આચાર્યશ્રીને પોતાનો નાનો પુત્ર શોભન સોંપ્યો હતો. શોભનનો મોટોભાઈ કવિ ધનપાલ, જે મુંજરાજ અને ભોજરાજનો પુરોહિત હતો, તેણે રાજાના કાન ભંભેરીને માળવામાં જૈન શ્વેતાંબર સાધુઓના વિહાર માટે પ્રતિબંધ

મુકાવ્યો હતો. શોભનમુનિ વાચનાચાર્ય બન્યા પછી ધારામાં આવ્યા અને તેમણે કવિ ધનપાલને જૈન સિદ્ધાંતોનો ખ્યાલ આપીને જૈન બનાવ્યો. તેમજ આ૦ મહેન્દ્રસૂરિને ધારામાં પધરાવી માળવામાં જૈન સાધુઓના વિહારનો પ્રતિબંધ દૂર કરાવ્યો. (પ્રક. ૩૮, પૃ. ૨૬૩)

કવિ ધનપાલ અને શોભનાચાર્ય એ બંને પ્રકાંડ વિદ્વાનો હતા. તેમની પ્રથમ મુલાકાત કડક શબ્દોથી થઈ હતી અને છેવટે મિષ્ટભાષામાં પરિણમી હતી. એ રમુજી મુલાકાત જાણવા જેવી છે–

ધનપાલ – गर्दभदन्त ! भदन्त ! नमस्ते ।

શોભનાચાર્ય – कपिवृषणास्य ! वयस्य ! सुखं ते ?

ધનપાલ – અહો ! તમે પણ વિદ્વાન માલમ પડો છો. તમે તો બોલવાની છટામાં મને પણ જીતી લીધો, પણ બતાવો કે તમે અહીં કોના અતિથિ થયા છો ?

શોભન – મહાકવિ ધનપાલના.

ધનપાલ – બહુ ખુશીની વાત છે. તો પધારો મારે ઘેર જમવા.

શોભન – અમે એક ઘેરથી ભિક્ષા લેતા નથી. માધુકરી વૃત્તિથી જ આહાર કરીએ છીએ.

ધનપાલ – એમાં શું દોષ છે ?

શોભન – ઋષિઓએ કહેલું છે કે, માધુકરીવૃત્તિથી મ્લેચ્છકુળનું પણ અન્ન લેવું પણ બૃહસ્પતિ જેવાનું એકલાનું ન લેવું–ન જ ખાવું. આ૦ શય્યંભવસૂરિએ કહ્યું છે કે, જ્ઞાની પુરુષો ભમરા જેવા છે. તેઓ એક સ્થળે સ્થિર રહેતા નથી, એક ઘરનું અન્ન ખાતા નથી અને ઇન્દ્રિયોને છૂટો દોર આપતા નથી. આ પ્રમાણે વર્તે તે જ સાચો સાધુ છે.

ધનપાલ – હું જૈન મુનિઓના આવા ત્યાગથી ખુશ થાઉં છું.

પછી તો લાંબી વાતચીતને અંતે કવિ ધનપાલને પોતાના ભાઈ તરીકે શોભનાચાર્યની જાણ થતાં ભારે આનંદ થાય છે અને તેમની વિદ્વત્તા જોઈને હર્ષ પામે છે.

શોભનાચાર્યે જૈન સિદ્ધાંતો વિશેની ભૂમિકા પૂર્વે રચી જ હતી અને જૈન સાધુઓના સંપર્કમાં આવવાથી તેમના વિશે કવિ ધનપાલનો ઊંચો ખ્યાલ બંધાયેલો જ હતો ત્યાં ત્રણ દિવસના દહીંમાં જીવોત્પત્તિ થાય છે તેની પ્રતીતિ થતાં આ પ્રત્યક્ષ જીવવિજ્ઞાને તેના ઉપર ક્રાંતિકારી અસર નિપજાવી. તેને જૈન સિદ્ધાંતોની સચ્ચાઈ વિશે સંદેહ ન રહ્યો. (જૂઓ, પ્રક. ૩૮, પૃ. ૨૬૩.) તેણે જૈનધર્મ સ્વીકારવા માટે મનોમન નિશ્ચય કરી લીધો :

'મેં આજ સુધી થોડા ગામોના ધણી અને માગ્યું ન આપે એવા રાજાઓની મોહવશ ખુશામત કરી; પણ હવે તો આજથી ત્રણ ભુવનના નાયક અને મોક્ષદાતા એવા વીતરાગદેવની ભક્તિથી સેવા કરીશ.' કવીશ્વર ધનપાલ આજથી જૈન બન્યો. તેણે પોતાની વિદ્વત્તાનો પ્રવાહ જૈનશાસનના ધોરી માર્ગે વહાવ્યો.

કવિ ધનપાલ મોટો વિદ્વાન હતો. મુંજ રાજાએ તેને પોતાના પુત્ર જેવો માન્યો હતો અને પોતાના ખોળામાં બેસાડી 'કુર્ચાલસરસ્વતી' (દાઢી-મૂછવાળી ભારતી)ના બિરુદથી શોભાવ્યો હતો. ભોજ રાજાએ પણ તેને પોતાનો બાલમિત્ર, વડીલ, હિતૈષી અને રાજ્યનો વફાદાર વિદ્વાન માન્યો હતો. તેણે તેને 'કવીશ્વર' અને 'સિદ્ધસારસ્વત' એવાં બે બિરુદોથી અલંકૃત કર્યો હતો.

કવીશ્વર ધનપાલ વિદ્વાન, સત્યવાદી અને નિડર વક્તા હતો. તે ભોજ રાજાની સભાનો મુખી હતો. ભોજ તેને પોતાની સાથે જ રાખતો હતો.તે તેની કાવ્યકળાથી આનંદ મેળવતો હતો. ભોજરાજ તેને પ્રસંગોચિત જુદી જુદી વસ્તુઓનું વર્ણન કરવા કહેતો ત્યારે તે ચમત્કારિક, શબ્દલલિત, પ્રાસાદિક અને અર્થગંભીર વાણીમાં વર્ણન કરતો. કવીશ્વરનાં સૂક્તોની મહાવિદ્વાનો પણ પ્રશંસા કરતા હતા. તેમનાં કેટલાંક સૂક્તો સુંદર અને જાણવા જેવાં છે –

શંકર = ભોજરાજ ! શંકર અને પાર્વતી સાથે બેઠેલા છે તેથી જ તેના દર્શનમાં મને શરમ આવે છે. હું બાલક હોત તો જુદી વાત હતી પણ હવે ત્યાં કેમ જવાય ?

ભૃંગી = મારા સ્વામી શંકર છે. તે દિગંબર છે તો તેમને ધનુષ્યની શી જરૂરત છે ? શસ્ત્ર રાખે છે તો ભસ્મની શી જરૂરત છે ? ભસ્મ લગાવીને રહેવું છે તો સ્ત્રીની શી જરૂર છે ? અને સ્ત્રી રાખવી છે તો કામ પર દ્વેષ શા માટે રાખે છે ? ભૃંગી સેવક પોતાના સ્વામીની આવી પરસ્પર વિરોધી ચેષ્ટાથી હાડપિંજર જેવો બની ગયો.

કામદેવ = જે વિરહના કારણે સ્ત્રીને શરીરમાં જ ધારણ કરી રાખે છે એ શંકરે મને જીત્યો હતો એમ હસતો અને રતિના હાથમાં તાલી દેતો કામદેવ જયવંત છે.

યાજ્ઞવલ્કયસ્મૃતિ = રાજન્ ! શ્રુતિમાં વિષ્ટા ખાનારી ગાયનો સ્પર્શ, ઝાડની પૂજા, બકરાનો વધ, પૂર્વજોને તર્પણ, બ્રહ્મભોજન, અગ્નિમાં બલિઅર્પણ, માયાવીને માનવા વગેરે ધર્મમાર્ગ બતાવેલા છે તેને સાચા કેમ મનાય !

ગાય = ગાય પશુ છે, વિષ્ટા ખાય છે, પતિ-પુત્રીનો ભેદ રાખતી નથી, ખરીથી જીવોને મારે છે, બીજાને શીંગડું મારે છે આવી ગાયને નમસ્કાર

શા માટે કરવો ? એ દૂધ આપે છે માટે જ જો વંદનીય હોય તો ભેંશ પણ વંદનીય ગણાય.

યજ્ઞપશુ = નાહં સ્વર્ગફલોપભોગતૃષિતો નાભ્યર્થિતસ્ત્વં મયા
સંતુષ્ટસ્તૃણભક્ષણેન સતતં સાધો ! ન યુક્તં તવ ।
સ્વર્ગં યાન્તિ યદિ ત્વયા વિનિહતા યાગે ધ્રુવં પ્રાણિનો
યજ્ઞં કિં ન કરોષિ માતૃ-પિતૃભિઃ પુત્રૈસ્તથા બાન્ધવૈઃ ॥

શિકાર = હે દેવ ! તારા અસ્ત્રથી ભય પામી પ્રાણીઓ પોતાની જાતના રક્ષણ માટે બળવાનનું શરણ લે છે. જેમ હરણ ચંદ્રમામાં રહેલા હરણ તરફ દોડે છે અને ભૂંડ આદિવરાહની તરફ નીચે જમીન ખોતરે છે.

રસાતલં યાતુ યદત્ર પૌરુષં દુર્નીતિરેષા ધરણીભૃતાનામ્ ।
નિહન્યતે યદ્ બલિના હિ દુર્બલો હહા ! મહાકષ્ટમરાજકં જગત્ ॥

આ૦ મેરુતુંગસૂરિ કહે છે કે, રાજાએ આ વચન સાંભળીને દયા ઉપજતાં આજીવન પશુ શિકારનો ત્યાગ કર્યો.

તળાવ = એષા તટાકમિષતો વરદાનશાલા
મત્સ્યાદયો રસવતી પ્રગુણા સદૈવ ।
પાત્રાણિ યત્ર વત સારસ-ચક્રવાકાઃ
પુણ્યં કિયદ્ ભવતિ તત્ર વયં ન વિદ્મઃ ॥

આ રીતનાં કવિનાં અનેક સૂક્તો ઉત્તમ મનાયાં છે. તેની સમસ્યા-પૂર્તિ પણ પ્રૌઢ પાંડિત્યવાળી ગણાતી હતી.

એક વાર ભોજરાજાની સભામાં એક વહાણવટીએ રામેશ્વરના શિવાલયની પ્રશસ્તિની મીણના પાટિયાથી ઉતારેલી નકલ મૂકી, તેમાં ઘણા શ્લોકો ત્રુટક હતા. રાજપંડિતોએ ત્રુટક પાઠના સ્થાનમાં નવાં નવાં ચરણો બનાવ્યાં. રાજાને તેનાથી સંતોષ ન થયો. તેણે સિદ્ધ-સારસ્વત પં૦ ધનપાલને તે ચરણોની પૂર્તિ કરવા નિવેદન કર્યું.

કવિશ્રીએ 'સ્નાતા તિષ્ઠતિ૦' પદ્યનાં ત્રણ ચરણ હતાં તેમાં ચોથું ચરણ ઉમેર્યું. વળી 'હરશિરસિ૦' પદ્યનાં બે ચરણો હતાં તેમાં બે ચરણો નીચે મુજબ ઉમેરી બતાવ્યાં–

હરશિરસિ શિરાંસિ યાનિ રેજુઃ હરિહરિતાનિ લુઠન્તિ ગૃધ્રપાદૈઃ ।
અયિ ! ખલુ વિષમઃ પુરાકૃતાનાં વિલસતિ જન્તુષુ કર્મણાં વિપાકઃ ॥

– રાવણના શિર પર જે માથાં શોભતાં હતાં તે (લક્ષ્મણના હાથે કપાતાં) ગીધોના પગ તળે કચરાય છે. ખરેખર, પ્રાણીઓમાં પહેલાંનાં કર્મોનું વિષમ ફળ વિલસે છે.

એક પંડિતે આ સમસ્યાને કલ્પનાનું રૂપ બતાવ્યું. આથી ભોજરાજાએ તે મંદિરની પ્રશસ્તિની બીજી નકલ મંગાવીને જોયું તો તેમાં આ રીતે જ શ્લોક હતો. કવિ ધનપાલની આ શક્તિ જોઈ રાજા પ્રસન્ન થયો અને કવિને ઘણા આદર-માનથી જોવા લાગ્યો.

કવિની સ્પષ્ટવાદિતાથી રાજા પ્રસન્ન હતો, પણ તે ક્યારેક નારાજ પણ થઈ જતો. સમય જતાં તેને સિદ્ધસારસ્વત આગળ નમતું જોખવું પડતું. રાજા તેને સવિનય વિનવતો.

એક વાર રાજાએ વિચાર કર્યો કે આ કવીશ્વર યજ્ઞહિંસા અને શિકાર વગેરેની નિંદા કરે છે તો આનું કાસળ કાઢી નાખવું જોઈએ. કવિ પણ રાજાના આ ભાવને કળી ગયો હતો. એક વાર એક બાલિકા સાથે રાજમાર્ગમાં ઊભેલી ડોશીએ ૯ વાર માથું ધુણાવ્યું ત્યારે રાજાએ કવિશ્રીને પૂછ્યું કે, 'બોલો, આ ડોશી શાની મના કરે છે ?'

કવિએ કહ્યું, 'રાજન્ ! એ બાલિકાએ ૯ પ્રશ્નો કર્યા છે અને એ ડોશીએ તેનો ૯ વાર નિષેધ કર્યો છે તે આ પ્રકારે હશે એમ માનું છું –

કિં નન્દી કિં મુરારિઃ કિમુત સુરપતિઃ કિં નલઃ કિં કુબેરઃ
કિં વા વિદ્યાધરોઽસૌ કિમુ રતિરમણઃ કિં વિધુઃ કિં વિધાતા ।
નાયં નાયં ન ચાયં ન ખલુ નહિ નવા નાપિ નાસૌ ન ચૈષઃ
ક્રીડાં કર્તું પ્રવૃત્તઃ સ્વયમિહ હિ હલે ! ભૂપતિર્ભોજદેવઃ ॥

– બાલિકા પૂછે છે કે શું આ મહાદેવ છે ? વિષ્ણુ છે ? ઇન્દ્ર છે ? નલ છે ? કુબેર છે ? વિદ્યાધર છે ? કામદેવ છે ? ચંદ્ર છે કે બ્રહ્મા છે ? ડોશીમાએ તેનો ઉત્તર આપ્યો કે, હે ભોળી બાલિકા ! આ તેમાંનો કોઈ નથી પણ ક્રીડા કરવાને જઈ રહેલો આ ભોજદેવ છે.

રાજા મનમાં ખુશ થયો અને બોલ્યો, 'કવિરાજ ! મને વિષ્ણુ વગેરેની ઉપમા અપાય તે યોગ્ય નથી. આમાં તો અતિશયોક્તિ રહેલી છે.

કવિશ્રીએ તરત જવાબ આપ્યો કે, તમને વિષ્ણુની ઉપમા આપી છે તે બરાબર છે, તેનું કારણ સાંભળો –

અભ્યુદ્યતા વસુમતી દલિતં રિપૂરઃ
ક્રોડીકૃતા બલવતા બલિરાજલક્ષ્મીઃ
એકત્ર જન્મનિ કૃતં તદનેન યૂના
જન્મત્રયે યદકરોત્ પુરુષઃ પુરાણઃ ॥

– વિષ્ણુએ પૃથ્વીનો ઉદ્ધાર, શત્રુની છાતી ચીરવી અને બલિરાજની

લક્ષ્મીને ગ્રહણ કરવાનાં કાર્યો ત્રણ જન્મ લઈને કર્યાં હતાં જ્યારે તમે એક જ જન્મમાં એ ત્રણે કર્મો કર્યાં છે.

ભોજરાજે આ શીઘ્ર કવિત્વથી પ્રસન્ન થઈ કહ્યું, 'કવિરાજ ! જે ઇચ્છા હોય તે માગો, જરૂરથી આપીશ.'

કવિશ્રીએ બીજું કંઈ ન માગતાં પોતાના જીવિતવ્યનું વરદાન માગ્યું, ત્યારે રાજાએ તેની આ મનોવિજ્ઞાનકળાથી અચંબો પામી તેને ન મારવાની પ્રતિજ્ઞા લીધી.

ભોજરાજે 'સરસ્વતીકંઠાભરણ' નામે રાજમહેલ બનાવ્યો હતો. તેના દરવાજાના ગોખમાં રતિ સાથે હાથતાળી દેતી કામદેવની મૂર્તિ બેસાડી હતી. કવિ ધનપાલે મહેલની પ્રશસ્તિ રચી શિલામાં કોતરાવી. તેમાં આ શ્લોક પણ દાખલ કર્યો હતો. રાજાએ એ પ્રશસ્તિના ઉપલક્ષમાં સ્વર્ણકળશ પારિતોષિક તરીકે આપ્યો હતો.[૧]

એક વાર ભોજરાજે કહ્યું : 'કવિરાજ ! તમે તમારી મનોવિજ્ઞાન-કળાથી જણાવો કે, હું આજે આ સરસ્વતી મહેલમાંથી ક્યા દરવાજેથી બહાર નીકળીશ ?'

કવિશ્રીએ એક ભોજપત્ર પર 'તોડેલી છતમાંથી' એવા શબ્દો લખીને એ ભોજપત્ર એક દાબડામાં મૂક્યું અને તે દાબડો રાજાના અંગરક્ષકોને આપ્યો. રાજાએ કવિશ્રીને ખોટા પાડવા માટે ઉપરની છત તોડાવી નાખી અને તે રસ્તે બહાર નીકળ્યો. પછી કવિશ્રીનો જવાબ જોવા માટે જ્યારે તેણે દાબડો ખોલ્યો અને વાચ્યું ત્યારે તો તે કવિશ્રીની આ અદ્‌ભુત શક્તિ ઉપર મુગ્ધ થઈ ગયો.

એક વાર ભોજરાજે કવિશ્રીને દેવોની પૂજા કરવાની આજ્ઞા કરી. કવિ તો સ્નાન વગેરેથી શુદ્ધ થઈ એક પછી એક કાલિકા, વિષ્ણુ, શિવ અને જિનેશ્વરનાં મંદિરોમાં ગયો. પ્રથમનાં ત્રણ મંદિરોમાંથી તો પૂજા કર્યા વિના દુખાતા દિલે પાછો ફર્યો. ચોથા જિનમંદિરમાં ગયો અને ત્યાં પૂજા કરી પ્રસન્નવદને બહાર આવ્યો.

રાજાએ ગુપ્તચર મારફત આ ઘટના વિશે જાણી લીધા પછી કવિશ્રીને પૂછ્યું, 'કહો, કોની કોની પૂજા કરી ?'

---

૧. સંભવ છે કે, મુસલમાનોએ એ મહેલની જ મસ્જિદ બનાવી હોય. એ મસ્જિદની દીવાલમાંથી ભોજરાજે રચેલ કોદંડછત્ર લખેલી શિલાઓ મળી આવી છે. તેની પ્રતિલિપિ દિલ્હીના મ્યુઝિયમમાં છે. શ્રીમાન્ દયારામ સહાનીએ સં. ૧૯૮૯માં અમારી પાસે તેની પ્રતિલિપિનો પાઠ વાંચીને તેની નકલ તૈયાર કરી હતી.

કવિએ નિખાલસપણે જવાબ આપ્યો, 'હું પ્રથમ મહાકાલિકાદેવીના મંદિરમાં ગયો તો તે દેવી મહિષાસુરને હણવામાં વ્યગ્ર બનેલી હતી. તેના હાથમાં ખોપરી હતી, શસ્ત્રો હતાં. તેનું રૂપ મહારૌદ્ર હતું. એ જોઈને મને લાગ્યું કે, દેવી અત્યારે ક્રોધમાં છે તેથી તેની પૂજા કરવી ન શોભે.

'પછી હું વિષ્ણુમંદિરમાં ગયો ત્યારે વિષ્ણુની પાસે સત્યભામા, રુક્મિણી વગેરે બેઠેલાં હતાં. રાસલીલા ચાલતી હતી એટલે મને થયું કે, એકાંતમાં બેઠેલા દેવ પાસે ન જવાય. બીજાએ પણ અત્યારે ત્યાં જવું ઠીક નથી એટલે હું ત્યાં પડદો નાખીને પાછો વળ્યો.

'પછી હું શિવાલયમાં ગયો. ત્યાં તો મને સમજણ જ ન પડી કે, શિવજીના કયા અંગની પૂજા કરું. કેમ કે જ્યાં કંઠ નથી ત્યાં ફૂલમાળા ક્યાં પહેરાવું ? નાક નથી ત્યાં ધૂપ દેવાનો અર્થ નથી. કાન નથી ત્યાં ગીત કોને સંભળાવવા ? પગ નથી ત્યાં પ્રણામ કોને કરવા ? એટલે મારે અહીં કોનું પૂજન કરવું તેનો વિચાર થઈ પડ્યો.

'પછી જિનાલયમાં ગયો. ત્યાં વીતરાગની સૌમ્ય મૂર્તિનાં દર્શન થયા. તેમની આંખમાં અમી હતું. મુખ પ્રસન્ન હતું. ખોળો સ્ત્રી સંગથી ખાલી હતો, હાથ શસ્ત્રોથી રહિત હતા. અહીં સાચું દેવત્વ દેખી મેં તે દેવાધિદેવની પૂજા કરી. મને ત્યાં ખૂબ શાંતિ મળી. રાજન્ ! તમે મને દેવપૂજાની આજ્ઞા કરી તો મને જ્યાં દેવત્વ જોવાયું ત્યાં મેં પૂજા કરી.'

કવિશ્રીએ આ પ્રમાણે વર્ણન કર્યું. તે પછી કવિએ રાજાને દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વ સંભળાવ્યું. રાજા એ બધું સાંભળીને ખુશ થયો.

એક વાર રાજાએ પૂછ્યું, 'કવિરાજ ! મહાકાલિના મંદિરમાં પવિત્રારોહ મહોત્સવ થાય છે. તારા દેવનો એવો મહોત્સવ કેમ થતો નથી ?'

ધનપાલે જવાબ આપ્યો કે, 'પવિત્રારોહ તો જે અપવિત્ર હોય તેને પવિત્ર બનાવવા માટે છે; જ્યારે જિનેશ્વરદેવ તો સદાય પવિત્ર છે, તેને પવિત્ર કરવાની કશી જરૂરત નથી.'

હવે કવિ ધનપાલે આત્મકલ્યાણ તરફ પોતાનું મન વિશેષપણે લગાડ્યું. તેણે ધારામાં ભ૦ આદીશ્વરનું સુંદર ચૈત્ય બંધાવ્યું. તેમાં આ૦ મહેન્દ્રસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી અને નિરંતર પૂજા ચાલુ રાખી. તેની સ્તુતિરૂપે 'ઋષભપંચાશિકા' રચી. તે ચૂડામણિશાસ્ત્રનો અભ્યાસી હતો, જૈનદર્શનનો જ્ઞાતા અને બાર વ્રતધારી હતો અને સાતે ક્ષેત્રોમાં દાન આપતો હતો.

કવિ ધનપાલે કાવ્યની ચમત્કૃતિઓથી ભરપૂર, અલંકાર અને નવ રસોથી સભર એવી ઋષભદેવની સ્તુતિપ્રધાન ગદ્યકથા (ગ્રં. ૧૨૦૦૦ પ્રમાણ)

બનાવી. ગુજરાતના પ્રદેશમાં વિચરતા આ૦ શાંતિસૂરિને ધારામાં મહોત્સવ-પૂર્વક પધરાવી તેમની પાસે એ કથાનું સંશોધન કરાવ્યું. સૂરિજીએ ઘણા વાદીઓને જીત્યા હોવાથી તેમને રાજાના હાથે 'વાદિવેતાલ'નું માનવંતુ બિરુદ અપાવ્યું. (જુઓ પ્રક. ૩૭, પૃ. ૨૦૦-૨૦૧). કવિ ધનપાલે તે કથા શિયાળામાં રાતના વખતે રાજા ભોજને સંભળાવી. એ સાંભળીને રાજા ઘણો પ્રસન્ન થયો. આવા લાલિત્યભર્યા વર્ણનથી તેનું મન લલચાયું અને કહ્યું, 'મિત્ર ! હું તારી પાસે એ માગણી કરું છું કે આ કથામાં જ્યાં પાતુ જિનઃ ના સ્થાને પાતુ શિવઃ, અયોધ્યા ના સ્થાને અવન્તી (ધારા), શક્રાવતાર ચૈત્યના સ્થાને મહાકાલમંદિર, ઋષભદેવના સ્થાને મહાદેવ અને ઇન્દ્ર ના સ્થાને મોજ એટલું પરિવર્તન કરી દે તો તું માગીશ એ હું આપીશ. તારી આ કથા અમર બની જશે એમાં શંકા નથી.'

કવિરાજે જવાબ આપ્યો કે, 'રાજન્ ! આ રીતે પરિવર્તન કરવું એ તો મારા હૃદયનો ગંભીર અપરાધ છે. એ આત્મઘાતી પગલું છે. દૂધના વાસણમાં સુરાનું એક ટીપું પડે તો તે અપવિત્ર બની જાય. એવું પરિવર્તન કરનાર વિદ્વાન એ વિદ્વાન નથી પણ દ્વિજિહ્વ-ખલ છે એમ મારું માનવું છે. વળી સૂર્ય અને આગિયામાં જે તફાવત છે તે પણ કદાપિ ભૂંસી શકાય તેમ નથી.'

રાજાને આ નગ્ન સત્ય વાત સાંભળીને ભારે ગુસ્સો ચડ્યો. તેણે એ કથાને પાસેની સગડીમાં મૂકીને બાળી નાખી. કવિએ પણ રાજાને કડક શબ્દોમાં ઘણું ઘણું સંભળાવ્યું.

આ પ્રસંગ પછી કવિ ઘેર આવ્યા અને દુખાતા હૃદયે ખાટલામાં સૂઈ ગયા. તેમની નવ વર્ષની નાની પુત્રી તિલકમંજરીએ પિતાની ગમગીની જોઈ તેનું કારણ પૂછ્યું. તિલકમંજરી તેના પિતાની વહાલસોયી પુત્રી હતી. પિતાએ તેને પોતાની વિદ્યાનો વારસો આપ્યો હતો અને નવ વર્ષની વયે પણ તે એક વિદુષી બની ચૂકી હતી. તે પિતાજીની એ કથા રોજ વાંચી જતી અને યાદ કરી લેતી. તિલકમંજરીએ હકીકત સાંભળીને પિતાને આશ્વાસન આપતાં કહ્યું, 'પિતાજી ! રાજાએ તમારી કૃતિને બાળી નાખી તેથી ચિંતા કરવા જેવું નથી. મને તે કથા અક્ષરશઃ યાદ છે.'

પુત્રીની વાત સાંભળી કવિશ્રી આનંદિત થઈ ગયા. તેમણે ભોજન કર્યા પછી બાલિકાના મુખેથી એ કથા-પાઠ સાંભળીને લખી લીધો. એમ કરતાં થોડા દિવસોમાં જ એ કથા ફરીથી લખાઈ ગઈ, જો કે તેમાં કોઈ કોઈ ભાગ બાલિકાએ સાંભળ્યો કે વાંચ્યો ન હતો તેથી તે ભાગ અધૂરો રહી ગયો પણ કવિશ્રીએ ત્યાં નવો પાઠ ઉમેરીને બધો સંબંધ જોડી કથાને અખંડ સ્વરૂપ

આપ્યું. કથા પૂર્ણ રીતે તૈયાર થતાં તેનું નામ 'તિલકમંજરી' રાખ્યું. આ ઘટના વિ. સં. ૧૦૮૪ લગભગમાં બની હતી.

એ ઘટના પછી જ નિર્વૃતિગચ્છના આ૦ સૂરાચાર્ય ધારામાં આવ્યા હતા અને તેમણે ભોજરાજની સભાને જીતી લીધી હતી. કવિ ધનપાલે ત્યારે તેમના મહામોંઘા જીવનને ભોજરાજથી બચાવી લીધું હતું.

પછી તો કવિને પણ લાગ્યું કે હવે ધારામાં રહેવું યોગ્ય નથી. તેઓ ધારાને છોડીને સાચોરમાં આવીને રહ્યા. ત્યાં તેમણે સાચોરના જિનમંદિરમાં મૂળનાયકની મૂર્તિ જોઈને અપભ્રંશમાં સુંદર સ્તુતિ કરી. એ સ્તુતિ ઉપરની ઘટના ઉપર ઝાંખો પ્રકાશ પાથરતી આજે ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે.

ભરૂચનો બ્રાહ્મણપુત્ર કૌલાચાર્ય ધર્મ નામે પંડિત ધારાની રાજસભામાં આવ્યો અને પંડિતોને શાસ્ત્રાર્થ માટે લલકાર્યા. ધારાનો કોઈ વિદ્વાન તેની સામે હામ ભીડી શકે એમ ન હતું. આથી રાજાને કવીશ્વર ધનપાલ યાદ આવ્યા. તેણે સાચોર માણસ મોકલીને કવીશ્વરને આમંત્રણ મોકલ્યું. પણ કવીશ્વર તો પ્રભુભક્તિમાં લીન હતા તેથી આવ્યા નહીં.

ભોજરાજે બીજો માણસ મોકલી કવીશ્વરને વિનંતી કરી કે, 'કવિરાજ! તમે મોટા છો, હું નાનો છું. મોટાએ નાનાના કહેણ ઉપર ગુસ્સો કરવો ન જોઈએ. જો કે તમે તીર્થસેવામાં લીન છો પણ મારા સંતોષની ખાતર એક વાર ધારા આવી જાઓ. માળવો જીતે કે હારે પણ એ તમારી જન્મભૂમિ છે. એક પરદેશી કૌલપંડિત ધારાને જીતી જાય એ તમને ઠીક લાગે છે ? વધુ શું કહું ? તમે વિવેકી છો. તમને ઠીક પડે તેમ કરો.'

કવીશ્વર માતૃભૂમિના પ્રેમ ખાતર ધારા ગયા અને ધર્મ પંડિતને શાસ્ત્રાર્થ માટે પડકાર કર્યો. તરત જ શાસ્ત્રાર્થની યોજના થઈ. ધર્મ પંડિતે મંગલાચરણ કર્યું –

'सारस्वते श्रोतसि मे प्लवन्तां पलालकल्पा धनपालवाचः ।'

– ધનપાલની વાણી મારા સારસ્વત પ્રવાહમાં તણખલાની જેમ તણાતી રહો.

કવિશ્રીએ એ જ શ્લોકનો પદવિચ્છેદ કરી બીજો અર્થ બનાવી પંડિતને ભોંઠો પાડ્યો. એટલે કે આ ધર્મ પંડિત ઇચ્છે છે કે, હે **धनप**–હે ધનપતિ રાજન્ ! मे आलवाचः– મારી શ્રેષ્ઠવાણી, सारस्वते श्रोतसि–સિદ્ધસારસ્વત ધનપાલના સ્વરમાં, पलालकल्पा-તણખલાની જેમ, प्लवन्ताम्-તણાતી રહો.

પછી બંને વચ્ચે શાસ્ત્રાર્થ જામ્યો. તેમાં પંડિત ધર્મ હારી ગયો. કવિ ધનપાલની આગળ તેનો ગર્વ ગળી ગયો; પણ રાજાએ કવિ ધનપાલની

સમ્મતિથી ધર્મ પંડિતને લાખ દ્રમ્મનું દાન કર્યું. પંડિતે જણાવ્યું, 'મને હવે ખાતરી થઈ છે કે કવીશ્વર ધનપાલ બુદ્ધિનિધાન અને અજોડ પંડિત છે.'

કવિએ કહ્યું, 'પંડિતજી ! એમ ન કહો. પૃથ્વી રત્નની ખાણ છે. પાટણમાં આ૦ શાંતિસૂરિ પાસે જાઓ, ત્યાં તમને સાચું પાંડિત્ય જોવા મળશે.'

પંડિતને પરાજય થવાના કારણે બહાર જવું જ હતું તેથી તેણે કવિશ્રીની વાતને વધાવી ગુજરાત તરફ પ્રયાણ કર્યું.

ધર્મ પંડિત ભોજની સભામાં બીજે દિવસે આવ્યો નહીં એટલે કવીશ્વરે જણાવ્યું કે, 'ધર્મ પંડિતે ધર્મ જીતે અને અધર્મ હારે એ કહેવતને ખોટી પાડી છે, પણ ધર્મસ્ય ત્વરિતા ગતિઃની કહેવતને સાચી પાડી છે.'

ભોજરાજે માળવાનું ગૌરવ જળવાયું એમ માનીને આનંદનો દમ ખેંચ્યો.

કવીશ્વરે વૃદ્ધાવસ્થા થવાથી ભોજરાજની આજ્ઞા લઈ આ૦ મહેન્દ્રસૂરિ પાસે સંલેખના કરી શુભ સમાધિથી મરણ પામી પહેલા દેવલોકમાં વાસ કર્યો.

કવીશ્વર દીર્ઘાયુષી હતા, કેમકે સં. ૧૦૨૯ માં માલવેશ સીયકરાજે મન્નખેડ ભાંગ્યું ત્યારે તે તેની સાથે હતો. એ વખતે સીયકની ઉંમર ૨૦–૨૨ વર્ષની હશે જ. સં. ૧૦૮૧ માં મહમ્મુદ ગિજનીએ સોમનાથ તોડ્યું હતું. સં. ૧૦૮૪ લગભગમાં 'તિલકમંજરી'ની રચના કરી અને સૂરાચાર્યને જાનથી બચાવ્યા. તે પછી તે સાચોર તીર્થમાં ગયો. તે પછી પણ તે ઘણાં વર્ષો સુધી જીવ્યો. આ હિસાબે તેનો સં. ૧૦૧૦ માં જન્મ થયો હશે અને સં. ૧૦૯૦ પછી મરણ પામ્યા હશે એમ કલ્પી શકાય.

આ૦ મહેન્દ્રસૂરિ પણ સં. ૧૦૯૦ પછી અનશન લઈ સમાધિપૂર્વક કાળધર્મ પામી સ્વર્ગે ગયા.

કવીશ્વર ધનપાલે સંસ્કૃત અને પ્રાકૃતમાં નીચે મુજબના ગ્રંથોની રચના કરી છે –

૧. પાઈયલચ્છી નામમાલા – (ગાથા : ૨૭૫) કવીશ્વરે સં. ૧૦૨૯ માં આ પ્રાકૃત કોશની રચના મન્નખેડ ભાંગી પાછા વળતાં રસ્તામાં કરી છે. સંભવ છે કે, તેણે આ ગ્રંથ પોતાની પત્ની લક્ષ્મી માટે બનાવ્યો હોય.

૨. ધનંજય કોશ (ગ્રં. ૧૮૦૦) – આ સંસ્કૃત ભાષાના કોશનો ઉલ્લેખ શ્રીહેમચન્દ્રસૂરિના 'અભિધાનચિંતામણિ' અને 'દેશીનામમાલા'ની ટીકામાં આવે છે. સંભવ છે કે આના આધારે જ 'ધનંજયનામમાલા કોશ' (ગ્રં. ૨૦૦) ની રચના થઈ હશે.

૩. **તિલકમંજરી** – આ કથામાં જ કવિશ્રી લખે છે કે, મેં ભોજને જિનાગમની કથા સાંભળવાની ઇચ્છા થતાં તેના માટે આ 'તિલકમંજરી' ગ્રંથ

રચ્યો (શ્લો. ૫). આ કથાના કારણે જ કહેવાયું છે કે, શબ્દસાહિત્યદોષાસ્તુ સિદ્ધસારસ્વતે નુ કિમ્– સિદ્ધસારસ્વતમાં શબ્દવ્યાકરણ અને સાહિત્યના દોષો ક્યાંથી હોય ?

વાદિવેતાલ શાંતિસૂરિએ સં. ૧૦૮૪ માં આ કથામાં ઉત્સૂત્ર કથન ન આવે એટલા પૂરતું જ આ કથાનું સંશોધન કર્યું હતું. આ સંસ્કૃત કથા અદ્‌ભુત નવ રસોથી ભરપૂર અને રોચક છે; એટલું જ નહીં પણ સંસ્કૃત ગદ્ય કથાસાહિત્યમાં જેવી કે, સુબંધુની વાસવદત્તા, બાણની કાદંબરી, દંડીનું દશકુમારચરિત, ત્રિવિક્રમની નવકથા અને સોઢલની ઉદયસુંદરીની જેમ ગૌરવવંતુ સ્થાન ભોગવે છે. ક. સ. શ્રીહેમચન્દ્રસૂરિએ પોતાના 'કાવ્યાનુશાસન' તથા 'છંદોનુશાસન'માં તિલકમંજરીનાં પદ્યો ઉતાર્યા છે.

'તિલકમંજરી' પર પૂર્ણતલગચ્છના આ૦ શાંતિસૂરિએ સં. ૧૧૮૦માં ટિપ્પન, પં૦ પદ્મસાગરગણિએ ટીકા (ગ્રં. ૮૦૦૦) અને વર્તમાનમાં વિજય–લાવણ્યસૂરિએ તેના ઉપર પરાગ નામની વિશદ ટીકા (ગ્રં. ૨૦૦૦૦)ની રચના કરેલી છે.

આ તિલકમંજરીના આધારે – (૧) દિગંબર પં૦ ધનપાલે સં. ૧૨૬૧માં 'કથાસાર', (૨) શ્વેતાંબર પં૦ લક્ષ્મીધરે સં. ૧૨૮૧ માં 'કથાસાર', (૩) પં૦ પદ્મસાગરગણિએ કથાસાર અને (૪) એક વિદ્વાને કથાંશ રચેલા છે.

૪. શોભનકૃત–ચતુર્વિંશતિની ટીકા.

૫. સાવગધમ્મપગરણ (સાવગવિહિપગરણ) – ગા. ૨૪.

(–જૈન સ. પ્ર., ક્રમાંક : ૧૫૫)

૬. ઉસભપંચાસિયા – (ગાથા : ૫૦) આ પ્રાકૃતમાં રચેલી સ્તુતિઓ છે. તેનાં પદ્યો સુલલિત છે. તેના ઉપર એક પ્રાચીન વ્યાખ્યા મળે છે અને બીજી વ્યાખ્યા પં૦ હેમવિજયકૃત મળે છે. મહો૦ ધર્મશેખરગણિએ રચેલ સંસ્કૃત-પ્રાકૃત અવચૂરિ (ગ્રં. ૩૩૬), હારિજગચ્છના આ૦ વીરભદ્રના શિષ્ય 'તરંગવતીસાર'ના રચયિતા આ૦ નેમિચંદ્રસૂરિની અવચૂરિ, તપા૦ ચારિત્રહેમ ગણિની (સં. ૧૫૨૬) સિરોહીમાં રચેલ અવચૂરિ, એક અજ્ઞાત નામની અવચૂરિ વગેરે વિવરણો મળે છે.

૭. વીરથુઈ (ગાથા : ૩૦) વિરોધાલંકારમયસ્તુતિ.

૮. વીરસ્તુતિ (ગાથા : ૧૧) સંસ્કૃત-પ્રાકૃત ચરણોવાળી સ્તુતિ.

૯. સૂરાચાર્યકૃત નાભેય-નેમિ દ્વિસંધાન કાવ્યનું સંશોધન.

૧૦. સત્યપુરીય મહાવીરોત્સાહઃ (ગાથા : ૧૫).

ગ્રંથકારો અને કવિઓ કવિ ધનપાલની આ પ્રકારે પ્રશંસા કરે છે –

(૧) શબ્દ-સાહિત્યદોષાસ્તુ સિદ્ધસારસ્વતે નુ કિમ્ ? ।

(૨) સમસ્યામર્પયામાસ સિદ્ધસારસ્વતઃ કવિઃ ।

(૩) વ્યુત્પત્તિર્ધનપાલતઃ । (આ૦ હેમચંદ્ર, અભિધાનચિંતામણિ-ટીકા)

(૪) વચનં ધનપાલસ્ય ચન્દનં મલયસ્ય ચ ।
સરસં હૃદિ વિન્યસ્ય કોઽમૂન્નામ ન નિર્વૃતઃ ॥
(આ૦ મેરુતુંગ, પ્રબંધચિંતામણિ, પ્ર. ૨)

એકંદર પંડિત ધનપાલ તે કવીશ્વર, કુર્ચાલસરસ્વતી અને સિદ્ધસારસ્વત તરીકે વિખ્યાત અગિયારમી શતાબ્દીનો ધુરંધર વિદ્વાન હતો. તે આશુ કવિ, આદર્શ ગ્રંથકર્તા, સમર્થ વાદી અને પરમ જૈન હતો.

(૫) પરમશ્રાવકેણ ધનપાલેનાપ્યુક્તમ્ । (મહો૦ યશોવિજયજી, ધર્મપરીક્ષા)

ધનપાલ નામના ત્રણ કવિઓ પ્રસિદ્ધ છે –

(૧) કવીશ્વર ધનપાલ તે તિલકમંજરીના કર્તા.

(૨) ધક્કડવંશીય દિગમ્બર પંડિત ધનપાલ – જેણે અપભ્રંશમાં 'ભવિસયત્તકહા' રચી. (જૂઓ, પ્રક. ૩૪, પૃ. ૪૬૪)

(૩) પલ્લીવાલ ધનપાલ – જેણે સં. ૧૨૬૧ના કાર્તિક સુદિ ૮ના દિવસે 'તિલકમંજરી-કથાસાર' રચ્યો છે. કવિએ પોતાનો અને તેમના કુટુંબનો પરિચય ગ્રંથના પ્રારંભમાં જ આપ્યો છે.

તેઓ બધા ધનપાલ નામ હોવા છતાં સાહિત્યપાલ બન્યા હતા.
(–પ્રભાવકચરિત્ર, પ્રબંધચિંતામણિ, ભોજપ્રબંધ, ઉપદેશતરંગિણી)

દંડનાયક જિણાશાહ –

જિણાશાહ શ્રેષ્ઠી ધોળકાનો વતની હતો. તેનું ગોત્ર શ્રીમાલી હતું. એના પિતાનું નામ હતું પાહા શેઠ. જિણાશાહ ઘણો નિર્ધન હતો, પણ તંદુરસ્ત અને બલવાન હતો. ઘી, કપાસ તથા અનાજની ફેરી કરી જાતમહેનતથી પોતાનો તથા કુટુંબનો નિભાવ કરતો હતો. તે શ્રદ્ધાળુ જૈન હતો. પ્રતિદિન જિનપૂજન અને ગુરુવંદન કરતો હતો. એક દિવસે નવાંગીવૃત્તિકાર મહાપ્રભાવક આ૦ અભયદેવસૂરિએ તેને પદ્મદલમાં સ્થાપિત ભ૦ પાર્શ્વનાથની પૂજા તથા 'ભક્તામરસ્તોત્ર'ના પાઠનો વિધિ બતાવ્યો. જિણાશાહે પૂજાપાઠ અખંડ રીતે ચાલુ રાખ્યા.

તેણે એક દિવસે ઘીનો ગાડવો લઈ ફેરીએ જતાં રસ્તામાં તેને મારવાને આવેલા ત્રણ લૂંટારાઓને માત્ર ત્રણ બાણથી જ મારી નાખ્યા. આ વાતની જાણ થતાં ગુજરાતના રાજા ભીમદેવ સોલંકી (સં. ૧૦૭૮ થી ૧૧૨૦)એ તેને પાટણ બોલાવી તરવાર, પટ્ટો તથા સોનાની મુદ્રા આપી ધોળકાનો દંડનાયક બનાવ્યો.

આ સમયે ત્યાં રહેલા સેનાપતિ શત્રુશૈલ્યે કહ્યું, 'અન્નદાતા ! જિણા શેઠને રૂ તથા કાપડના વેપારની આવડત છે. માટે તેને તો ગજ અને કાતર અપાય પણ તરવાર ન અપાય'.

જિણાશાહે તરત જ સંભળાવી દીધું કે, તરવાર, ધનુષ્ય, બાણ, ભાલો અને શક્તિને ઉપાડનારા તો ઘણાયે હોય છે પણ યુદ્ધમાં શૂરા તો વિરલા જ હોય છે.'

સેનાપતિએ તેનો માર્મિક જવાબ સાંભળીને કહ્યું, 'શસ્ત્ર અને શાસ્ત્ર યોગ્ય પુરુષને મેળવીને જ યોગ્ય બને છે.'

જિણાશાહ દંડનાયક બન્યો. તેણે પ્રજાપાલન માટે ખૂબ ધ્યાન આપ્યું. તેણે સર્વપ્રથમ ચોર અને લૂંટારાઓને પકડી લીધા અને એ પ્રદેશમાંથી ચોરનું નામનિશાન ભૂંસી નાખ્યું. એક ચારણે શાહની તાકાતની પરીક્ષા કરવા માટે ઊંટની ચોરી કરી. રાજસૈનિક ચારણને પકડી ધોળકામાં શાહની સામે લઈ આવ્યો. જિણાશાહ તે વખતે દેરાસરમાં પૂજાપાઠ કરતો હતો. દંડનાયકે પહેલાં બાંધેલી વ્યવસ્થા પ્રમાણે રાજસૈનિકે જિણાશાહને દેરાસરની બહાર બોલાવીને પૂછ્યું કે, 'આ ચારણે ઊંટની ચોરી કરી છે તો શું દંડ દેવો ?' શાહે ત્યાં ઊભા ઊભા જ આંગળી ઉપર આંગળી ઘસીને તથા ફૂલનું દીટું કાપીને સંકેતથી જ જણાવ્યું કે, તેનો વધ કરવો.

ચારણ વાત સમજી ગયો, તેણે કહ્યું –

'એક જિણહાને જિણવરહ, ન મિલઈ તારે તાર;
જેહિં અમારણ પૂજઈ, તે કિમ મારણહાર ?'

આ સાંભળી જિણાશાહે કહ્યું, 'જો ફરી વાર ચોરી કરીશ તો માર્યો ગયો સમજજે.' ચારણને છોડી દેવાનો હુકમ કર્યો ત્યારે તે ચારણ બોલ્યો કે –

'इक्का चोरी सा करी जा खोलडइ न माइ ।
बीजी चोरी जु करइ तु चारण चोर न थाइ ।।

'શાહજી ! ચોર કદાપિ ઘરમાં સંતાડી ન શકે એવા ઊંટની ચોરી કરે ખરો ? અને ચારણ કદાપિ ચોરી કરે ખરો ? આ તો તમે જૈન છો એટલે તમે ધાક કઈ રીતે બેસાડો છો એ મારે જાણવું હતું.' શાહે ખુશ થઈ ચારણને સોનામહોરનું ઈનામ આપ્યું.

જિણાશાહે ધોળકામાં બે જિનમંદિરો બંધાવ્યાં. ઘરદેરાસર માટે કસોટીની ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા ભરાવી અને સંઘના દેરાસર માટે ભ૦ આદીશ્વર, ગોમુખ તથા ચક્રેશ્વરીદેવીની પ્રતિમા ભરાવી. તે દરેકની આ૦ અભયદેવસૂરિના

કરકમલથી અંજનશલાકા તથા પ્રતિષ્ઠા કરાવી અને ઘણાં ધર્મકાર્યો કર્યાં. જિણાશાહે ધોળકામાં જૈન યતિઓની જકાત બંધ કરાવી, જે સં. ૧૪૨૬ સુધી બંધ હતી.

(–તપાગચ્છીય પં૦ નંદિરત્નગણિ શિષ્ય પં૦ રત્નમંદિરગણિની 'ઉપદેશતરંગિણી' તરંગ : ૩; આ૦ ગુણાકરની ભક્તામરસ્તોત્ર કાવ્ય ૩૩ ની ટીકા)

શેઠ હેમરાજ –

તે માળવાની **ધારાનગરી**માં રહેતો હતો. ભક્તામરસ્તોત્રનો અખંડ પાઠી હતો. રાજા ભોજે (સં. ૧૦૫૨ થી ૧૧૧૨) એક વાર બ્રાહ્મણોની શિખવણીથી શેઠને બાંધીને કૂવામાં નાખ્યો. શેઠ ભક્તામરસ્તોત્રના જાપના પ્રભાવથી બંધન તોડી કૂવાની બહાર નીકળી આવ્યો. આ જોઈ રાજા પણ ભક્તામરસ્તોત્ર માટે શ્રદ્ધાળુ બન્યો. (–આ૦ ગુણાકરની સં. ૧૪૨૬ની ભક્તામર સ્તોત્રટીકા, કાવ્ય ૧-૨ની વિવૃતિ)

(૧) વરણાગવંશ–

૧. **વરણાગ** – તે રામસેનનો વતની શ્રીમાલી જૈન હતો. મહાદાની હતો. પોતાના ગોત્રીય ભાઈઓ પ્રત્યે અત્યંત વાત્સલ્યવાળો હતો. સંભવ છે કે, મંત્રી શાંતૂ પણ તેમનો જ પુત્ર હોય.

૨. વીસલ.

૩. પદ્મ – તેને સાંગણ, રણસિંહ, અભયડ, કેલ્હણ અને વીલ્હાક નામે પુત્રો હતા.

૪. વીલ્હાક – તેને સંસારદેવી નામે પત્ની હતી. હરિય નામે પુત્ર હતો. બીજી પત્ની મંજુલાદેવીથી મહીપ અને હરિ નામે પુત્રો થયા.

૫. **હરિ** – તે દેખાવડો હતો. સુભટ અને ધર્માત્મા હતો. તેની પત્નીનું નામ હમ્મીરદેવી અને પુત્રોનું નામ રાસિલ તથા નાનુ હતાં. બંને પુત્રો રૂપાળા હતા. તેમાં રાસિલ પુણ્યશાળી, વ્યવહાર-નિપુણ, વિશાળ મનનો, સમૃદ્ધ, ઉદાર, સુમતિ, પરગજુ, પરોપકારી અને ધર્મપ્રેમી હતો. હરિએ વડગચ્છના **આ૦ વાદિદેવસૂરિની પરંપરા**ના **આ૦ ગુણસમુદ્ર** પાસે દીક્ષા લીધી અને **હરિભદ્ર** નામે મુનિ થયા. તે સાધુભક્ત હતા. સાધુવાત્સલ્યમાં સદા તત્પર રહેતા. તેઓ ગુરુની આજ્ઞા મેળવી શત્રુંજય ગયા અને **અનશન** લઈ સ્વર્ગે સંચર્યા.

૬. **નાનુ** – તે હરિનો નાનો પુત્ર હતો. ધર્માત્મા હતો. તેણે રાજગચ્છના આ૦ માણેકચંદ્રસૂરિએ સં. ૧૨૭૬માં રચેલા 'શ્રીશાંતિનાથચરિત્ર'ની પ્રતિ

સં. ૧૪૧૪ના ફાગણ સુદિ ૫ ને ગુરુવારે રામસેનમાં લખાવી, આ૦ ગુણ-સમુદ્રસૂરિને વહોરાવી હતી. એ આચાર્યશ્રીએ જ તેની પુષ્પિકામાં પ્રસ્તુત દાનપ્રશસ્તિ આપી છે. (–જૂઓ, શાંતિનાથચરિત્ર પ્રશસ્તિ; સં. ૧૪૧૪; પ્રક. ૩૫, પૃ. ૨૭)

(૨) વરણાગવંશ – (દાનવીર જગડૂશાહ વગેરે) :

૧. **વરણાગ** – શ્રીમાલીવંશમાં **વિયુદ** નામે બહુ યશસ્વી શેઠ હતો. તેણે સંઘભક્તિ કરવા સાથે દેરાસર, વાવ, દાનશાલા, પરબ વગેરે બંધાવ્યાં હતાં. તે કચ્છના કંથકોટમાં રહેતો હતો. તેને વરણાગ નામે પુત્ર થયો. તે ધર્માત્મા હતો. તેણે શત્રુંજય, ગિરનાર વગેરે તીર્થોના સંઘ કાઢ્યા હતા. ગરીબોને ખૂબ મદદ કરી દાનવીર તરીકે પ્રસિદ્ધિ મેળવી હતા. (રામસેનનો વરણાગ આ કંથકોટના વરણાગથી જુદો સમજવો.)

૨. વાસ – તે મોટો દાની અને સત્યવાદી હતો. તેને ૧. વીસલ, ૨. વીરદેવ, ૩. નેમિ, ૪. ચાંડૂ અને ૫. શ્રીવત્સ નામે પુત્રો થયા.

૩. વીસલ – તે ગુણવાન હતો. તેને ૧. લક્ષ, ૨. સુલક્ષણ, ૩. સોલાક અને ૪. સોહી નામે પુત્રો હતા. શેઠ વીસલ મરીને દેવ થયો. લક્ષ વિદ્વાન હતો. સુલક્ષણ સદ્‌ગુણી હતો. સોલાક યશસ્વી હતો. સોહી પોતાના ગુણોથી લોકપ્રિય બન્યો હતો. તે શાંત અને દાનવીર હતો તેમજ વેપારીઓમાં વડો હતો.

૪. સોલ (સોલાક) – તેની નામના ખૂબ ફેલાયેલી હતી. તેને શ્રી નામે રૂપાળી પત્ની હતી. તે કંથકોટ છોડીને ભદ્રેશ્વર (ભદ્રાવતી) નગરમાં આવી વસ્યો. તે સમયે ભદ્રેશ્વર મોટું નામી નગર હતું. વેપારનું મોટું પીઠું હતું. અહીં ધુર્ધુરા નામે દેવી હતી, જે કામિતદાયિની મનાતી હતી. સોલને જગડૂ, રાજ, પદ્મ–એમ ત્રણ પુત્રો હતા. પહેલા પુત્રને યશોમતી, બીજાને રાજલદે અને ત્રીજાને પદ્મા નામે પત્નીઓ હતી. રાજને વિક્રમસિંહ તથા ધાંધલ નામે બે પુત્રો અને હંસી નામે એક પુત્રી હતી.

૫. **જગડૂશાહ** – તે ત્રણે ભાઈઓમાં વડેરો હતો. દાની હતો. તેને એક બકરીના ગળામાં બાંધેલા હારમાંથી લક્ષ્મીવર્ધક મણિ મળી ગયો ત્યારથી તે ધનપતિ થઈ ગયો. તે છૂટે હાથે ધન દેતો હતો.

તેની પત્નીનું નામ **યશોમતી** હતું. તેને **પ્રીતિમતી** નામે એક પુત્રી હતી. પ્રીતિમતીને શેઠ યશોદેવ સાથે પરણાવી કે તરત જ તે વિધવા બની. પિતાએ તે વિધવાનો વિવાહ કરવાનો વિચાર કર્યો પણ બે વૃદ્ધાઓએ યુક્તિપૂર્વક સમજાવ્યો એટલે તે સમસમી ગયો. તેણે પુત્રીના શ્રેય માટે વાવ, કૂવા વગેરે બંધાવ્યાં.

જગડૂશાહ તથા યશોમતીને પુત્ર ન હોવાના કારણે ભારે ચિંતા રહેતી હતી. જગડૂશાહે સાત ઉપવાસ કરી સમુદ્રના અધિષ્ઠાયક વરુણદેવને પ્રત્યક્ષ કર્યો અને તેની પાસે પુત્રની યાચના કરી. દેવે સ્પષ્ટ જણાવ્યું, 'શેઠ ! તારા ભાગ્યમાં પુત્ર નથી; પણ તારે ત્યાં લક્ષ્મી સ્થિર થઈને રહેશે, તારા ભાઈ રાજને પુત્ર-પુત્રી થશે.' દેવ આ રીતે કહી શેઠને રત્નો આપી ચાલતો થયો.

શાહે પોતાના મુનિમ જયંતસિંહ ઓશવાલને વેપાર માટે સમુદ્રયાત્રાએ મોકલ્યો. જયંતસિંહ આર્દ્રપુરમાં ગયો. ત્યાં મકાન ભાડે રાખી પોતાનું કરિયાણું ઉતાર્યું. અહીં દરિયાકાંઠે એક સરસ શિલા હતી. જયંતસિંહને તે શિલા લઈ જવાનો વિચાર થયો. ખંભાતના તુર્કી જહાજોનો વડો પણ અહીં આવ્યો હતો. તેની નજર પણ આ શિલા ઉપર પડી અને તેને લઈ જવાનો તેણે પણ ઈરાદો કર્યો. આથી બંને વચ્ચે હરીફાઈ ચાલી. શિલા લઈ લેવા માટે બંને વચ્ચે ચડાવો થયો. આખરે જયંતસિંહે ત્યાંના રાજાને ત્રણ લાખ રૂપિયાની રકમ આપી તે શિલા પોતાના કબજે કરી. તેણે ત્યાં જગડૂશાહનો યશ વધાર્યો અને શિલાને વહાણમાં ચડાવી ભદ્રેશ્વર પહોંચાડી. જગડૂશાહે તે શિલા ઓટલા આગળ પગ ધોવાની જગાએ મૂકી.

જગડૂશાહે એક દિવસ એક યોગીના મુખથી સાંભળ્યું કે, 'આ શિલા છુપાવી રાખવા જેવી છે.' એટલે જગડૂશાહે તે શિલાને તોડી નાખી તો તેમાંથી તેને રત્નોનો સંગ્રહ મળી આવ્યો.

એક દિવસે થરપારકરના રાજા પીઠદેવે કચ્છ ઉપર ચડાઈ કરીને રાજા ભીમદેવે બંધાવેલો ભદ્રેશ્વરનો કિલ્લો તોડી નાખ્યો અને જાહેર કર્યું કે, 'હવે તો જો ગધેડાને શીંગડાં ઊગે તો જ ભદ્રેશ્વરનો કિલ્લો બને.'

જગડૂશાહે પાટણથી ગુજરાતના રાજા ભીમદેવના અને અર્ણોરાજ સોલંકીના પુત્ર લવણપ્રસાદ પાસેથી સૈન્યની મદદ મેળવી, સેનાની દેખરેખ નીચે છ મહિનામાં ભદ્રાવતીનો નવો કિલ્લો ઊભો કર્યો. તેના એક ખૂણાના ભાગમાં રાજા પીઠદેવની માતાની મૂર્તિ અને તેની ઉપર શીંગડાવાળો ગધેડો બનાવ્યો. તેના શીંગડાને સોનાથી મઢી લીધાં. રાજા પીઠદેવ આ જોઈ, આઘાત પામી મરણ પામ્યો.

પૂનમિયાગચ્છના આ૦ પરમદેવે શંખેશ્વર તીર્થમાં વર્ધમાનતપ શરૂ કર્યું. સં. ૧૩૦૨ના માહ સુદિ પના દિવસે શ્રવણ નક્ષત્રમાં કડોદમાં શેઠ દેવપાલના ઘરેથી આહાર વહોરી પારણું કર્યું. તેમણે સાત યક્ષ-દેવોને ઉપદેશ આપી શંખેશ્વરના ભક્ત બનાવ્યા. રાજા દુર્જનશલ્યને શંખેશ્વર તીર્થની ઉપાસના કરાવી, કોઢ રોગથી મુક્ત કરાવ્યો અને એ જ રાજા પાસે શંખેશ્વર તીર્થનો

ઉદ્ધાર કરાવ્યો. તે પછી આ૦ પરમદેવ ભદ્રાવતી તીર્થની યાત્રાએ પધાર્યા. તેમના ઉપદેશથી જગડૂશાહ ધર્મપ્રેમી બન્યો.

આ સમય દરમિયાન રાજા ભીમદેવ સોલંકીના મરણ પછી વીરધવલ તથા **વીસલદેવ** (સં. ૧૩૦૨ થી ૧૩૧૮) ગુજરાતના રાજા બન્યા.

જગડૂશાહે રાજા વીસલદેવની આજ્ઞા મેળવી **શત્રુંજય** તથા ગિરનારતીર્થની યાત્રાના છ'રી પાળતા સંઘો કાઢ્યા. **પૂનમિયાગચ્છ** તથા **ચૌદશિયાગચ્છ**ના ઘણા જૈનાચાર્યો તેમાં સાથે પધાર્યા હતા.[૧] આ૦ વીરસૂરિએ સ્થાપન કરેલ ભ૦ મહાવીરસ્વામીના જિનપ્રાસાદને જગડૂશાહે સોનાના દંડ-કળશ ચડાવ્યા, પરકોટો બનાવ્યો, આરસની ત્રણ દેરીઓ, અષ્ટાપદાવતાર જિનાલય, ૧૭૦ જિનાલય બનાવ્યાં. ત્રિખંડેશ શ્રીપાર્શ્વનાથની મૂર્તિ ભરાવી, તેમાં પુત્રી પ્રીતિમતીના કલ્યાણ માટે સ્વર્ણપત્ર તૈયાર કરાવ્યું. રાજા કર્ણદેવની વાવનો જીર્ણોદ્ધાર કરાવ્યો. રાજા મૂલરાજ તથા કુમારપાલનાં તળાવો સમરાવ્યાં. જિનપૂજા માટે મોટી ફૂલવાડી બનાવી ભેટ આપી. કપિલકોટમાં ભ૦ નેમિનાથ તથા કૃષ્ણનાં મંદિરો સમરાવ્યાં. કૂનડામાં શિવાલય તથા વિષ્ણુ મંદિર સમરાવ્યાં. ઢંકામાં શ્રીઋષભદેવનું નવું દેરાસર બંધાવ્યું. વઢવાણમાં ચોવીશ દેરીવાળો વીરજિનપ્રાસાદ બંધાવ્યો, સેવાડીમાં ભ૦ ઋષભદેવનો બાવન દેરીવાળો પ્રાસાદ બનાવ્યો, શત્રુંજયતીર્થ, સલખણપુર તથા દેલવાડામાં નવાં દેરાસરો બનાવ્યાં, ભદ્રેશ્વરમાં આ૦ પરમદેવ માટે ઉપાશ્રય બંધાવ્યો. તેમાં આચાર્યશ્રી માટે તાંબાની પાટ ગોઠવી. આ૦ પરમદેવના શિષ્ય આ૦ શ્રીષેણને આચાર્યપદ અપાવ્યું. તેમને પોતાના વંશના કુલગુરુ સ્થાપન કર્યા. ભદ્રેશ્વરમાં સેંકડો વાવ બંધાવી. તે દેવની યાદગીરીમાં દેરી બનાવી. મુસલમાન વેપારીઓ માટે ખીમલી મસ્જિદ બંધાવી.

એક વાર આ૦ **પરમદેવે** જગડૂશાહને જણાવ્યુ કે, સં. ૧૩૧૩, ૧૩૧૪, ૧૩૧૫માં સમગ્ર દેશમાં ત્રિવર્ષી મોટો દુકાળ પડવાનો છે માટે અનાજનો સંગ્રહ કરી લેજો. શાહે જેટલું મળી શક્યું તેટલું અનાજ એકઠું કર્યું હતું. આચાર્યની ભવિષ્યવાણી સાચી પડી. ત્રિવર્ષી દુકાળ પડ્યો ત્યારે રાજાઓના કોઠારો ખાલીખમ હતા. સર્વત્ર હાહાકાર થવા માંડ્યો. રાજા વીસલદેવે રાજકોઠાર તપાસ્યો ત્યારે તેમાંથી માત્ર ૧૩ દાણા મળ્યા, પરંતુ પાટણમાં જગડૂશાહે ગરીબોને આપવા માટે નક્કી કરેલા અનાજના ૭૦૦ કોઠારો હતા. તેથી રાજાએ નાગડ મંત્રી દ્વારા જગડૂશાહને બોલાવી અનાજની માગણી કરી. જગડૂશાહે કહ્યું કે, 'આ અનાજ તો ગરીબોનું છે, મેં આપી દીધું છે, એટલે

---

૧. राका-चतुर्दशीपक्षसंभूतैर्भूरिसूरिभिः ।
स संघः शुशुभे गङ्गा-यमुनोधैरिवार्णवः ॥ स. ६, श्लो. ३३ ॥

તે મારું નથી.' રાજાએ નમ્રતાથી કહ્યું, 'તો મારી પ્રજાની શી દશા થશે?' એ પછી જગડૂશાહે વીસલદેવને અને બીજા રાજાઓને અનાજ પૂરું પાડ્યું. અનાજ આપ્યાની વિગત આ રીતે મળે છે – જગડૂશાહે રાજા વીસલદેવને ૮૦૦૦ મૂડા, સિંધના હમીરને ૧૨૦૦૦ મૂડા, માળવાના મદનવર્માને ૧૮૦૦૦ મૂડા, દિલ્હીના મોજુદ્દિનને ૨૧૦૦૦ મૂડા, કાશીના રાજા પ્રતાપને ૬૨૦૦૦ મૂડા, (મેવાડના રાણાને ૩૨૦૦૦ મૂડા,) સ્કંદિલને ૧૨૦૦૦ મૂડા અનાજ આપ્યું અને સોરઠ, ગુજરાત તથા રેવા કાંઠામાં ૩૩ દાનશાળાઓ, કચ્છ, મારવાડ તથા ધારામાં ૩૦, મેવાડ, માળવા તથા ઢાળમાં ૪૦ અને બીજી છૂટીછવાયી ૯ એમ કુલ મળીને ૧૧૨ દાનશાળાઓ સ્થાપન કરી. જગડૂશાહે આ દુકાળમાં કુલ ૯૯૯૦૦૦ મૂડા (૮૦૬૦૭૦૫૦૭૨ મણ) અનાજનું દાન કર્યું હતું. ગરીબોને લજ્જાપિંડમાં કરોડો સોનામહોરનું દાન આપ્યું હતું. એ રીતે તેણે સર્વત્ર દાનવીર તરીકેની ખ્યાતિ પ્રાપ્ત કરી.

જગડૂશાહ અને **નાગડ** મંત્રી વચ્ચે ગાઢ મૈત્રી જામી હતી એ સમયે જ રાજા વિસલદેવના ઘોડાનો પ્રસંગ બન્યો હતો. એટલે એ મૈત્રીમાં ઘણો જ વધારો થયો.

આ૦ પરમદેવનો સ્વર્ગવાસ થયો અને **આ૦ શ્રીષેણ** તેમની પાટે આવ્યા. તેઓ પણ મહાપ્રાભાવિક હતા. તેમણે ગારુડી યોગીના સાપનું ઝેર ઉતારી તેને જીતી લીધો. યોગી તે પછી સાપ કરડવાથી સાતમા દિવસે કંથકોટમાં મરણ પામ્યો.

જગડૂશાહ ધર્મધ્યાનમાં મસ્ત બની સં. ૧૩૨૦ થી ૧૩૩૦ના ગાળામાં મરણ પામ્યો. તે ૭૨ વર્ષ જીવ્યો તેના મરણના સમાચાર સાંભળી ભારતભરમાં ખૂણે ખૂણે શોક છવાયો. દિલ્હીના **બાદશાહે** તેના માનમાં પોતાનો મુકુટ ઉતાર્યો. સિંધપતિએ બે દિવસ માટે અન્નત્યાગ કર્યું. રાજા **અર્જુનદેવે** (સં. ૧૩૧૮ થી સં. ૧૩૩૧) ઘણું રુદન કર્યું, તેણે ખાધું પણ નહીં.

આ૦ શ્રીષેણે ઉપદેશ આપી તેમના ભાઈ રાજ અને પદ્મનો શોક મૂકાવ્યો અને બંને ભાઈઓને વિશેષપણે ધર્મમાં પ્રીતિ લગાડી.

(–આ૦ ધનપ્રભસૂરિ શિષ્ય આ૦ સર્વાનંદરચિત જગડૂચરિત મહાકાવ્ય,
સર્ગ : ૭, શ્લોક ૩૮૭; જૈનસત્યપ્રકાશ, ક્ર. : ૧૧૬)

સૌરાષ્ટ્રના દક્ષિણ વિભાગના સમુદ્ર કાંઠાના પ્રદેશમાં સાધારણ જનતાની લોકવાણીમાં શેઠ જગડૂશાહની યશોગાથા છુપાયેલી મળે છે.

સૌરાષ્ટ્રની પશ્ચિમમાં, દક્ષિણમાં અને પૂર્વમાં સમુદ્ર વીંટાયેલો છે. સમુદ્રના વ્યાપારીઓ આ રસ્તે થઈ ઘણી વાર પસાર થાય છે. ભદ્રાવતીથી જળરસ્તે ખંભાત જવું હોય તો સમુદ્ર કિનારે ઘણા બંદરો આવે છે. સૌરાષ્ટ્રમાં દક્ષિણ

છેડે સમુદ્ર કિનારે કોયલા નામે પહાડી છે. તેની ઉપર વિક્રમની ચૌદમી શતાબ્દીમાં દેવીનું મંદિર હતું. એ દેવી તથા મંદિર દક્ષિણાભિમુખ હતાં. મુસાફરો એમ માનતા હતા કે 'મધ્યાહ્ન સમયે આ મંદિરની નીચે દેવીની દ્રષ્ટિએ માર્ગમાં જે વહાણ આવે તે નાશ પામે.'

એક વાર જગડૂશાહ પોતાના દત્તક પુત્ર તથા પરિવારને સાથે લઈ ભદ્રાવતીથી વહાણમાં બેસી ચાલ્યો જતો હતો. મધ્યાહ્ન થવાને થોડીએક વાર હતી અને સામે દેવીનું મંદિર દેખાતું હતું, ત્યારે ખલાસીઓ બોલ્યાઃ 'શેઠજી, આપણા વહાણને હાલ તુરતમાં થોડી ઘડીઓ માટે અહીં જ લંગારવા પડશે, કારણ કે મધ્યાહ્ન સમયે આ દેવીની દ્રષ્ટિમાં જે વહાણ આવે છે તે સર્વથા નાશ પામે છે.

જગડૂશાહે લોકમાન્યતાને જાણી ત્યાં સમુદ્ર કિનારે વહાણ થંભાવ્યા અને આપણે થોડાએક દિવસ અહીં રોકાવું છે એમ જાહેર કર્યું. શેઠ કરુણામૂર્તિ હતા, સાચા દયાભક્ત હતા. તેણે પહાડી ચડી દેવીના મંદિરમાં જઈ આસન જમાવી એક પછી એક ત્રણ ઉપવાસ કર્યા. એ તપથી પ્રસન્ન થઈ દેવીએ પૂછ્યું, 'શું જોઈએ છે ? વરદાન માગી લે.' શેઠે બે હાથ જોડી વિનતિ કરી, 'માતાજી ! સમુદ્રના મુસાફરો બપોરે અહીંથી પસાર થાય તો તેઓ જાનમાલથી જાય છે. માતા એ માતા જ છે, તો તારે તારા આ પુત્રો ઉપર વાત્સલ્યભાવ લાવી આ માનવસંહાર બંધ કરવો જોઈએ એવી આ બાળકની વિનંતિ છે.' દેવી ઘમઘમીને બોલી, 'એ નહીં જ બને, તું તારી હઠ છોડી દે અને ચાલ્યો જા.' શેઠ ખૂબ કરગર્યો એટલે દેવી બોલી કે, 'તારે જો સંહાર બંધ જ કરાવવો હોય તો મારી દેરીએ ચડવાનાં ૧૦૮ પગથિયાં છે, એ દરેક પગથિયે એક એક પાડાનું બલિદાન આપે તો આ માનવસંહાર સદાને માટે બંધ કરીશ. બસ, હવે માત્ર બે જ માર્ગ છે : બલિદાન આપ અથવા ચાલ્યો જા.'

શેઠ દેવીની વાણી સાંભળી વિચારમાં પડ્યો. માનવસંહાર રોકવા માટે પશુઓનો સંહાર ! આ તો કેવળ સંહારલીલા જ છે, પરંતુ શેઠે તરત જ મુનિઓને હુકમ કરી પાડા મંગાવ્યા. ૧૦૮ પાડા આવી ગયા. સારો દિવસ જોઈ બલિદાન દેવાનો પ્રબંધ ગોઠવ્યો. તે દિવસે પહેલે પગથિયે જઈ દેવીને વિનંતિ કરી કે, 'માતાજી ! તું માનવસંહાર બંધ કરે એ માટે ભોગ આપવામાં આવે છે. હું, મારો પુત્ર અને ૧૦૮ પાડા તૈયાર છે, પણ તું માનવસંહાર સદાને માટે બંધ કરજે' એમ કહી શેઠે હાથમાં તલવાર લઈ જય માતા કહી તલવારને પોતાની ગરદન ઉપર ઉગામી પણ એકાએક અજવાળું થયું, સૌ કોઈ પ્રકાશમાં ચકાચોંધ બની ગયા. કોઈ અદ્રશ્ય હાથે આવી શેઠના હાથને પકડી રાખ્યો અને ગેબી અવાજ કર્યો, 'બસ, શેઠ ! માટે તારું સત્ત્વ જોવું

હતું. તારા સાહસ અને પ્રાણી-પ્રેમથી હું પ્રસન્ન થઈ છું. હવે તું એક કામ કર. આ પહાડી પર મારી દક્ષિણમુખી દેરી છે તેને સ્થાને ઉત્તરમુખી બનાવીને મને તેમાં બેસાડજે જેથી દરિયાના મુસાફરોનો ભય આજથી દૂર થાય. હવે એક પણ વહાણ મારા કારણે નાશ નહીં પામે.'

જગડૂશાહે ત્યાં દેવીની ઉત્તરમુખી દેરી બનાવી અને તેમાં દેવીને બેસાડી. લોકોએ આ સાહસવીર ઉપકારી પિતા-પુત્રનાં પૂતળાં બનાવી તે દેરીની બહાર બેસાડ્યાં અને દેવીની આરતી થયા પછી તે બન્નેની આરતી ઉતારવાનું શરૂ કર્યું.

આજે પણ કોયલા પહાડીની દેવીનો મેળો ભરાય છે અને લોકો દેવીની આરતી ઉતાર્યા પછી જગડૂશાહ તથા તેના પુત્રની આરતી ઉતારે છે.

(૧) સિદ્ધનાગવંશ–

૧. શેઠ **સિદ્ધનાગ** – તે પોરવાડ જ્ઞાતિનો હતો. તેને અંબિની નામે પત્ની હતી અને પોઢક, વીરડ, વર્ધન અને દ્રોણક એમ ચાર પુત્રો હતા. તે સાચોરનો વતની હતો, પણ પોતાના પરિવારને લઈને દધિપદ્ર (દઈયા અથવા દાહોદ)પત્તનમાં આવી વસ્યો. તેણે દધિપદ્રના ભ૦ શાંતિનાથના દેરાસરમાં સોના તથા પિત્તળના મિશ્ર દ્રવ્યથી ભ૦ શાંતિનાથની પ્રતિમા ભરાવીને પધરાવી.

૨. **પોઢક** – તેને અંબુદત્ત, અંબુવર્ધન અને સજ્જન નામે પુત્રો હતા તેમજ બે પુત્રીઓ હતી. પોતાના પરિવારને લઈને તે મંડાર આવીને વસ્યો. તેમણે અહીંના મહાવીરસ્વામીના દેરાસરમાં ભ૦ સુપાર્શ્વનાથ તથા ભ૦ પાર્શ્વનાથની પાષાણની પ્રતિમાઓ ભરાવી. તેની બંને પુત્રીઓએ દીક્ષા લીધી હતી, જે યશઃશ્રી ગણિની અને શિવાદેવી મહત્તરા નામે પ્રખ્યાત હતી.

૩. સજ્જન – તેને મહલચ્છિ નામે પત્ની તથા ધવલ, વિસલ, દેસલ, રાહડ અને બાહડ નામે પુત્રો હતા તથા શાંતિ અને ધાંધિકા નામે પુત્રીઓ હતી. ધવલને ભલ્લણી નામે પત્ની, વીરચંદ અને દેવચંદ નામે પુત્રો થયા. શાંતિને શુક્ર વગેરે પુત્રો થયા. વીસલ અને દેસલને કોઈ સંતાન નહોતું. બાહડને જિનમતી નામે પત્ની અને જસહુ નામે પુત્ર થયો.

૪. રાહડ – તે વિદ્વાન, ગુણવાન, સજ્જનપ્રિય, ધર્મપ્રેમી, દાતા અને ઉદાર હતો. તે હમેશાં જિનપૂજા, જિનસ્તવન, ગુરુવંદન, શાસ્ત્રશ્રવણ, દાન-શીલ-તપ વગેરે કાર્યોમાં દિવસ વ્યતીત કરતો હતો. તેને દેમતી નામે પત્ની તેમજ ચાહડ, બોહડિ, આસડ ને આશાધર નામે પુત્રો તથા અશ્વદેવી, મૂંધી, માદૂ, તેજુય અને રાજુય નામે પુત્રવધૂઓ હતી. તેઓને યશોધર, યશોવીર,

યશઃકર્ણ વગેરે પુત્રો તથા ધેઉ, જાસુ, જયંતુ નામે પુત્રીઓ હતી. શેઠ રાહડનું કુટુંબ મોટું હતું. તેમાંથી બોહરિ નામનો પુત્ર એકાએક મરણ પામ્યો. આથી તેને સંસારની અસારતાનું ભાન થયું. ધર્મ પ્રત્યે વધુ પ્રેમ જન્મ્યો.

તેણે પોતાના હાથે કમાયેલા દ્રવ્યમાંથી ઘરમાં પૂજવાયોગ્ય ભ૦ શાંતિનાથની પિત્તલની પ્રતિમા ભરાવી હતી. ઉપરનો પ્રસંગ બનતાં તેણે સં. ૧૨૨૭ના ભાદરવામાં પાટણમાં સુશ્રાવક રાજા કુમારપાલના રાજ્યમાં આ૦ દેવચંદ્રસૂરિકૃત 'શાંતિનાથચરિત્ર' લખાવી આ૦ યશઃપ્રભના પટ્ટધર **આ૦ પરમાનંદસૂરિ**ને વહોરાવ્યું, જે અક્ષરો અને ચિત્રોથી શોભાયમાન હતું. તેની પ્રશસ્તિ આ૦ ચક્રેશ્વરસૂરિના શિષ્ય આ૦ પરમાનંદસૂરિએ રચી છે.

(–જૈ. પુ. પ્ર. સં., પુષ્પિકા : ૫)

(૨) સિદ્ધનાગવંશ–

૧. **સિદ્ધનાગ** – તે પોરવાડ જ્ઞાતિનો હતો. તેણે પોતાની જાતકમાઈમાંથી ઘણાં જિનબિંબો ભરાવ્યાં હતાં. તેને વોઢક, વીરડ, વર્ધન અને દ્રોણક એમ ચાર પુત્રો હતા.

૨. વીરડ – તે જિનભક્ત-અને ગુરુભક્ત હતો. તેની પત્નીનું નામ ધનદેવી હતું. તે મંડારમાં આવીને વસ્યો.

૩. વરદેવ – તે સરળ હતો. જૈનધર્મમાં દ્રઢ અનુરાગી, કૃપાળુ અને જનમાન્ય હતો. તેણે ભ૦ મહાવીરસ્વામીની પિત્તળની પ્રતિમા તેમજ સમવસરણ બનાવ્યાં અને **વાદિવેતાલ** આ૦ **શાંતિસૂરિ**ને વિનંતિ કરી 'ઉત્તરજ્ઝયણ'ની પાઈય ટીકા બનાવરાવી અને જ્ઞાનની અતિભક્તિથી તેની પ્રતિ લખાવી.

તેને સાક્ષાત્ લક્ષ્મી જેવી **લક્ષ્મી** નામે પત્ની હતી અને સિદ્ધરાજ નામે પુત્ર હતો. ચાંપૂશ્રી, અમૃતદેવી, જિનમતી, યશોરાજી અને પાજુકાઅંબા નામે પુત્રીઓ હતી. શેઠ વરદેવે મરતી વેળા સિદ્ધરાજને જણાવ્યું હતું કે, 'તારે મારા શ્રેય માટે તીર્થયાત્રા, સંઘ અને જિનપૂજામાં ધન વાપરવું, છતાં પુસ્તક લખાવવામાં વિશેષ ધન આપવું.'

૪. **સિદ્ધરાજ** – તે પાટણમાં આવી વસ્યો. તે સૌ કોઈને પ્રિય થાય તેવી મીઠી વાણી બોલનારો, ગુણનો પક્ષપાતી, વીર, કૃપાળો, જૈનધર્મમાં અત્યંત રાગી, જિનપ્રાસાદો બંધાવનાર, રાજમાન્ય, દ્રઢ પ્રતિજ્ઞાવાળો, દાક્ષિણ્યશીલ, દાની અને સદાચારી હતો. તેને **રાજિમતી** અને **શ્રીદેવી** એમ બે પત્નીઓ હતી. વીરદત્ત, અંબ, સરણ વગેરે પુત્રો હતા. વીરિકા, જસહિણી વગેરે પુત્રીઓ હતી. તે બધો પરિવાર સદાચારી અને લોકપ્રિય હતો. શેઠાણી રાજિમતીએ મરતી વેળા પોતાના પતિને વિનંતી કરી કે, 'તમે મારા શ્રેય

માટે 'ભગવતીસૂત્ર'ની બે પ્રતિઓ લખાવજો.' શેઠ સિદ્ધરાજે પોતાના પિતા અને પત્નીના શ્રેય માટે નીચે પ્રમાણેની **પ્રતિઓ** લખાવી– ૧. સૂયગડંગસુત્તનિજ્જુત્તિવૃત્તિ, ૨. ઉવાસગદસાઓ અંગવૃત્તિ, ૩. ઉવવાઈસુત્તવૃત્તિ, ૪. રાયપસેણિયસુત્ત, ૫. કપ્પસુત્તભાસ્સ, ૬. કપ્પસુત્તચુણ્ણિ, ૭. દસવેયાલિયસુત્તણિજ્જુત્તિવૃત્તિ, ૮. ઉવએસમાલા, ૯. ભવભાવના, ૧૦. પંચાસગસુત્તવૃત્તિ, ૧૧. પિંડવિસુદ્ધિવૃત્તિ, ૧૨. જસદેવસૂરિ રચિત પ્રથમ પંચાસગચુણ્ણિ, ૧૩. લઘુવીરચરિય, ૧૪. રયણચૂડકહા, ૧૫-૧૬. ભગવતીસુત્તમૂલ, ૧૭. ભગવતીસુત્તવૃત્તિ–એમ ૧૦ આગમો અને બીજા ગ્રંથો મળીને કુલ એક લાખ શ્લોક પ્રમાણથીયે વધુ એવા ગ્રંથો લખાવ્યા. તેમાં ભગવતીસૂત્રની વૃત્તિવાળું પુસ્તક સં. ૧૧૮૭ના કાર્તિક સુદિ ૨ના રોજ પાટણમાં ગૂર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહના રાજ્યમાં લખાવી તૈયાર કરવામાં આવ્યું હતું, જે આ૦ શાલિભદ્ર અને આ૦ વર્ધમાનસૂરિના પટ્ટધર સંવિજ્ઞવિહારી આ૦ ચક્રેશ્વરાચાર્યને વહોરાવ્યું. (જૂઓ પ્રક. ૩૭, પૃ. ૨૦૫)

શેઠ સિદ્ધરાજના પૂર્વજો અસલમાં મડાહડ(મંડાર)ના વતની હતા, તે દધિપદ્ર(દઈયા)માં રહેતા હતા. પોતે પાટણમાં આવીને વસ્યો હતો.

થારાપદ્રગચ્છના આ૦ **શાંતિસૂરિએ શેઠ સિદ્ધદેવ**ના દેરાસરમાં-ઉપાશ્રયમાં સં. ૧૨૨૨માં પોતાના આઠ શિષ્યોને આચાર્ય બનાવ્યા અને પોતાના ગચ્છનું નામ 'પિપ્પલકગચ્છ' રાખ્યું. સંભવ છે કે આચાર્યશ્રીએ પોતાના ગચ્છની ગાદી થરાદને બદલે પિપ્પલક નગરમાં રાખી હોય અથવા તેમણે આ પદવીપ્રદાન પીપળના વૃક્ષ નીચે કર્યું હોય. વડગચ્છ અને પિપ્પલકગચ્છ એ સમાનાંતર સૂચક નામો છે. (–જૈન પુ. પ્રશસ્તિસંગ્રહ, પ્રક. ૩૭, પુષ્પિકા : ૩, ૫; પ્રક. ૩૭, પૃ. ૨૧૦)

સીદવંશ –

૧. સીદ – તે પોરવાડ જ્ઞાતિનો હતો. ચંદ્રાવતીમાં રહેતો હતો. ધનકુબેર હતો. નગરમાં પ્રતિષ્ઠિત વ્યક્તિ તરીકે તેની ગણના થતી. તે યશસ્વી હતો. તેને વીરદેવી નામે પત્ની હતી.

૨. પૂર્ણચંદ્ર – તેનું જીવન પવિત્ર હતું. તેણે નાગેંદ્રગચ્છીય આ૦ વિજયસિંહસૂરિની ઉપાસના, દેરાસર, જિનબિંબો ભરાવવાં, પરોપકાર, પોતાના બે પુત્રોની દીક્ષાના ઉત્સવો વગેરેમાં પુષ્કળ ધનવ્યય કર્યું હતું. તેમને ૧. બ્રહ્મદેવ, ૨. બોહડિ, ૩. બહુદેવ, ૪. આમણ, ૫. વરદેવ, ૬. યશોવીર, ૭. વીરચંદ, ૮. જિનચંદ્ર એમ ૮ પુત્રો હતા. તે પૈકી બ્રહ્મદેવ અને તેની પત્ની પોહિણીએ જગતમાં ભારે ખ્યાતિ મેળવી. તેઓએ આ૦ પદ્મદેવના ઉપદેશથી ત્રિ૦ શ૦ પુ૦ ચરિત્રનું 'આદિનાથ ચરિત્ર' લખાવ્યું, ભગવાન

મહાવીરસ્વામીના બે મોટા જિનપ્રાસાદ બનાવ્યા. (૩) **બહુદેવે** નાગેંદ્રગચ્છના આ૦ વિજયસિંહના ઉપદેશથી પ્રતિબોધ પામી આ૦ વિબુધચંદ્રસૂરિ પાસે દીક્ષા સ્વીકારી અને તે આ૦ **પદ્મદેવસૂરિ** બન્યા. (૬) **યશોવીર** વિદ્વાન અને પંડિતોને પણ માન્ય હતો, તેણે મોટી નામના મેળવી હતી અને રાજગચ્છના દેવેંદ્ર શાખાના (૧૨) આ૦ અભયદેવસૂરિ પાસે દીક્ષા લીધી હતી. તેઓ (૧૩) આ૦ **પરમાનંદસૂરિ** નામે જાહેર થયા. તેમની પાટે (૧૪) આ૦ **રત્નપ્રભસૂરિ** આવ્યા. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૨૧-૨૨)

૩. વોહડિ – તે મોટો ગુણવાળો હતો. તેને આંબી નામે પત્ની હતી.

૪. વિલ્હણ – તેને રૂપિણી નામે પત્ની હતી તથા આશપાલ, સીધુ, જગતસિંહ, પદ્મસિંહ નામે પુત્રો હતા અને વીરીદેવી નામે પુત્રી હતી. તે પૈકીના **જગતસિંહે** રાજગચ્છના આ૦ પરમાનંદસૂરિ પાસે દીક્ષા લીધી અને તે જ આ૦ **રત્નપ્રભસૂરિ** નામથી ખ્યાતિ પામ્યા. વિલ્હણે આ૦ રત્નપ્રભસૂરિના ઉપદેશથી સં. ૧૩૧૦માં આરાસણમાં ભ૦ નેમિનાથના દેરાસરમાં સ્તંભ કરાવ્યો.

૫. **આશપાલ** – તે સૌ ભાઈ-બેનોમાં મોટો હતો. તેને ખેતુકા નામે પત્ની હતી. સજ્જન, અભયસિંહ અને સહજ નામે પુત્રો હતા. તેણે આ૦ **રત્નપ્રભસૂરિ**ના ઉપદેશથી **ડાહાપદ્ર**માં ભ૦ સુમતિનાથનું દેરાસર તથા પ્રતિમા બનાવ્યાં અને મુનિ રામચંદ્ર પાસે 'વિવેકમંજરી'ની વૃત્તિ લખાવી.

(જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૨૨, સાતમી રાજગચ્છ પટ્ટાવલી)

શુભંકરવંશ –

૧. (૧) તે સં. ૧૧૯૩માં સાંડેરાવમાં થયો.

(જૂઓ, પ્રક. ૩૭, પૃ. ૨૫૭)

શુભંકર – તે પોરવાડ જ્ઞાતિનો હતો. **વિધિપક્ષગચ્છ**નો હતો.

(૨) બંભણવાડુમાં શુભંકર ગૂર્જર શ્રીમાલી જૈન થયો છે.

(જૂઓ, પ્રક. ૩૮, પૃ. ૨૮૦)

૨. **સેવાક.**

૩. **યશોધન** – તેને ઉદ્ધરણ, સત્યદેવ, **સુમદેવ**, બાહૂ અને લીલાક નામે પુત્રો હતા. સુમદેવના પુત્ર વડગચ્છના આ૦ **શ્રીમલયપ્રભસૂરિ** થયા છે.

૪. **બાહૂ** – તેને દાહડ, લાડણ, લખમણ, લખમિણીદેવી, સુષમણિદેવી, જસહિણીદેવી અને જેહીદેવી નામે સંતાનો હતા.

૫. **દાહડ** – તેને શ્રીદેવી નામે પત્ની અને સોલાક, વાસલ, **મદન**, વીરુક તથા સાઉક નામે સંતાનો થયાં. તે પૈકીના મદને દીક્ષા લીધી. તે આ૦ **મદનચંદ્રસૂરિ** નામથી પ્રસિદ્ધ થયા.

૬. **સોલાક** – તેને **લક્ષણા** નામે પત્ની હતી. ઉદય, **ચંદ્ર**, ચાંદાક, રત્ન, વાલ્હાકદેવી તથા ધાલ્હીદેવી નામે સંતાનો હતાં. ચંદ્રે દીક્ષા લીધી, જે આ૦ **ઉદયચંદ્રસૂરિ નામે ખ્યાતિ** પામ્યા. વાલ્હાકના પુત્રે દીક્ષા લીધી જે આ૦ **લલિતકીર્તિ** તરીકે પ્રસિદ્ધ થયા. ચાંદાકના પુત્ર પૂર્ણદેવના પુત્ર તથા પુત્રીએ દીક્ષા લીધી, જેનાં નામ પં૦ ધનકુમાર ગણિ અને સાધ્વી **ચંદનબાલા** ગણિની હતાં. ચાંદાકની પુત્રી નાઉલીદેવીએ દીક્ષા લીધી, તેનું નામ સાધ્વી **જિનસુંદરી** ગણિની પડ્યું. તે વિદુષી હતી (સં. ૧૩૧૩, ૧૩૨૯). તેનો સાધ્વીપરિવાર મોટો હતો. તેના ઉપદેશથી સં. ૧૩૧૩ના ચૈત્ર સુદિ ૮ ને રવિવારે, રાજા વિસલદેવ અને નાગડ મંત્રીના રાજકાળમાં, **પાલનપુર**માં, શેઠ વીરજી ઓશવાલનો પુત્ર શ્રીકુમાર અને તેની બીજી પત્ની પદ્મશ્રીએ 'જ્ઞાનપંચમીની કથા' લખાવી. તે પ્રતિ સાધ્વી **લલિતસુંદરી** ગણિનીને વહોરાવી.

૭. **ઉદય** – તેને પાસવીર, બાહડ, છાહડ, વાલીદેવી, દિવતિણીદેવી, વસ્તિણિદેવી વગેરે સંતાનો હતાં. બાહડને વસુંધરી નામે પત્ની હતી. તેમને ગુણચંદ્ર, ગાંગી વગેરે સંતાન થયાં. ગુણચંદ્રનું બીજું નામ કુલચંદ્ર હોવાનો સંભવ છે. ગુણચંદ્રને રુક્મિણી નામે પત્ની હતી.

૮. **પાસવીર** – તેને સુખમતિ પત્ની હતી તથા સેવાક, હરિચંદ્ર (તે આ૦ **જયચંદ્રસૂરિ**), ભોલાદ, લહડીદેવી, ખીંબણીદેવી વગેરે સંતાન હતાં.

૯. **સેવાક** – તેને પાલ્હણદે પત્ની હતી. તેણે સં. ૧૩૨૯ના શ્રાવણ સુદિ ૮ના 'પરિશિષ્ટપર્વ' લખાવ્યું.

ભરતનો વંશ –

૧. શેઠ ભરત – તે **પોરવાડ જ્ઞાતિ**નો હતો. મોટા મોટા રાજાઓ પણ તેને માન આપતા હતા.

૨. યશોનાગ – તે ઘણો સોહામણો અને ગુણવાન હતો.

૩. પદ્મસિંહ – તે રાજમાન્ય હતો. **શ્રીકરણમુદ્રાવાળો** હતો. તેને તિહુણાદેવી પત્ની હતી. યશોરાજ, આસરાજ, સોમરાજ, રાણિગ, સોઢુકા અને માહિણી નામે સંતાનો હતાં. તે પૈકીના **સોમરાજે દીક્ષા** લીધી અને મોહિણીના પુત્ર **અમૃતલાલે** પણ દીક્ષા લીધી હતી. તે મલધારગચ્છના ભટ્ટા૦ **અમૃતચંદ્રસૂરિ** થયા હતા. (જૂઓ, પ્રક. ૩૮, પૃ. ૨૮૦)

રાણિગની પત્ની અને શેઠ કુલચંદ તથા જાસુલદેવીની પુત્રી રાજલદેને સંગ્રામસિંહ નામે પુત્ર હતો. સંગ્રામસિંહની પત્ની અને શેઠ અભયકુમાર તથા સલક્ષણાદેવીની પુત્રી સુહડાદેવીને કોઈ સંતાન નહોતું. સુહડાદેવીએ આ૦

મલધારગચ્છના ગુરુના ઉપદેશથી તેમજ પતિદેવની મદદથી 'પર્યુષણાકલ્પ'નું પુસ્તક લખ્યું.

૪. યશોરાજ – તેને પૃથ્વીસિંહ, પ્રહ્લાદન, પેથુકાદેવી અને સજ્જનદેવી નામે સંતાન હતાં.

૫. પ્રહ્લાદન – તેને માધલા નામે પત્ની હતી અને દેવસિંહ, સોમસિંહ, પદ્માદેવી, સદ્ભાદેવી અને રાણીદેવી નામે સંતાન હતાં.

૬. દેવસિંહ. (–જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પુષ્પિકા : ૧૦)

સોઢી પક્ષીવાલનો વંશ –

૧. **સોઢી** – તે પલ્લીવાલ હતો. તે પુન્યવાન, કૃપાળો અને વિવેકી શ્રાવક હતો. તેને સુહવા નામે પત્ની હતી.

૨. **પાસનાગ** – તેને પદ્મશ્રી નામે પત્ની અને સાજન, રાણક, આહડ, પદ્મી અને જેસલદેવી નામે સંતાન હતાં. રાણક આરાધનાપૂર્વક મરણ પામ્યો.

૩. આહડ – તેને ચંદૂ નામે પત્ની હતી અને આસરાજ, શ્રીપાલ, ધાંધક, **પદ્મસિંહ**, લલતુ અને **વાસ્તુદેવી** નામે સંતાન હતાં. વાસ્તુદેવીની પુત્રી મદનસુંદરી અને પદ્મસિંહની પુત્રી **ભાવસુંદરી** કીર્તિગણિનીની શિષ્યા બની હતી.

૪. શ્રીપાલ – તેને વેલુ નામે પત્ની હતી. તેના પુત્રનું નામ વીલા હતું. તેણે સં. ૧૩૦૩ના કાર્તિક સુદિ ૧૦ ને રવિવારે ભરૂચમાં આ૦ **કુલપ્રભસૂરિ**ના ઉપદેશથી પોતાનું ન્યાયસંપન્ન દ્રવ્ય ખરચી આ૦ હેમચંદ્રસૂરિના ત્રિષષ્ટિશલાકાપુરુષના ભ૦ અજિતનાથથી ભ૦ શીતલનાથ સુધીના તીર્થંકરોનાં ચરિત્રોની પ્રતિ લખાવી અને આ૦ કુલપ્રભસૂરિના પટ્ટધર **આ૦ નરેશ્વરસૂરિ પાસે** તેનું વ્યાખ્યાન કરાવી સાંભળ્યું. તેની પુષ્પિકામાં પલ્લીવાલવંશનું વર્ણન આ પ્રમાણે છે –

तन्वाना सकला कलापमधिकं वर्याजवालंकृतं,
लक्ष्मीर्वंशनटीव यं श्रितवती प्रेङ्खद्गुणाध्यासितम् ।
रङ्गान्नोत्तरणाभिलाषमकरोद् व्यावर्णतामागता
पल्लीवाल इति प्रसिद्धमहिमा वंशोऽस्ति सोऽयं भुवि ॥
(–જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પુષ્પિકા : ૧૧)

વરહુડિયા વંશ–પક્ષીવાલ

अस्तीह श्रेष्ठपर्वपरिचितः क्ष्माभृतामप्रतिष्ठः
सच्छायश्चारुवर्णः सकलसरलतालङ्कृतः शस्तवृत्तः ।

पल्लीवालाख्यवंशो जगति सुविदितस्तत्र युक्तेव साधुः
साधुव्रातप्रणन्ता वरहुडिरिति सत्ख्यातिमान् नेमडोऽभूत् ॥
(–જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પુષ્પિકા : ૨૯)

૧. **વરદેવ** – સં. ૧૧૫૦ પછી પાલીથી શ્વેતાંબર પલ્લીવાલ ગચ્છ નીકળ્યો. એ રીતે પાલીની પ્રજા પાલીની બહાર ગઈ તે પલ્લીવાલ તરીકે પ્રસિદ્ધિ પામી. એમાંનો પલ્લીવાલ શેઠ વરદેવ નાગોરમાં રહેતો હતો. તેનાથી **વરહુડિયા** ગોત્ર થયું. તેને આસદેવ અને લક્ષ્મીધર નામે બે પુત્રો હતા. લક્ષ્મીદેવને થિરદેવ, ગુણધર, જયદેવ અને ભુવન એમ ચાર પુત્રો હતા.

૨. આસદેવ – તેને નેમડ, આભડ, મણિક અને સલખણ એમ ચાર પુત્રો હતા.

૩. નેમડ – તે **પાલનપુર** આવીને વસ્યો. તેને રાહડ, જયદેવ અને સહદેવ–એમ ત્રણ પુત્રો હતા. રાહડને બે પત્નીઓ અને પાંચ પુત્રો હતાં. જયદેવને જાલ્હણદેવી નામે પત્ની હતી. તેનાથી તેને ત્રણ પુત્રો થયા. ૧. વીરદેવ (પત્ની વિજયશ્રી), ૨. દેવકુમાર (પત્ની દેવશ્રી), ૩. હાલૂ (પત્ની હરસિણી). સહદેવને ખે અને ગોસલ નામે બે પુત્રો હતા. ખેડાને કીલખી નામે પત્ની હતી અને [illegible]ડ, હેમચંદ, કુમારપાલ અને પાસદેવ નામે પુત્રો હતા. ગોસલને ગુણદેવી નામે પત્ની, હરિચંદ નામે પુત્ર અને દેમતી નામે પુત્રી હતાં.

નેમડના વંશજો **નેમા વાણિયા** કહેવાયા.

૪. રાહડ – તેને બે પત્નીઓ હતી. તેમાં પ્રથમ લક્ષ્મી નામની પત્નીથી જિનચંદ અને દુલહ નામે પુત્રો થયા અને બીજી પત્ની નાઈકીથી ધનેશ્વર, લાહડ અને અભય નામે પુત્રો થયા. ધનેશ્વરને ધનશ્રી નામે પત્ની હતી અને અરિસિંહ નામે પુત્ર હતો. શેઠ લાહડે સં. ૧૩૦૭માં 'સટીક-ભગવતીસૂત્ર'ની અને સં. ૧૩૦૯ ના ભાદરવા સુદિ ૧૫ ના રોજ 'વ્યવહારસૂત્ર' નો પ્રથમ ખંડ લખાવ્યો. (–જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પુષ્પિકા : ૨૯)

૫. **જિનચંદ** – તેને ચાહિણી નામે પત્ની હતી, ધાહિણી નામે પુત્રી હતી અને સં. દેવચંદ્ર, નામધર, મહીધર, વીરધવલ અને ભીમદેવ નામે પુત્રો હતા. શેઠ જિનચંદ, તેના ભાઈઓ, કાકા ભાઈઓ વગેરે મોટો પરિવાર હતો. તેઓ તપગચ્છના આ૦ દેવેન્દ્ર અને આ૦ વિજયચંદ્રના ઉપાસક હતા. શેઠ જિનચંદનો પરિવાર વિજાપુરમાં રહેતો હતો ત્યારે વીજાપુરમાં સં. ૧૨૯૨ માં પં૦ દેવભદ્ર, પં૦ મલયકીર્તિ, પં૦ અજિતપ્રભ વગેરે અને સં. ૧૨૯૬ માં આ૦ દેવેન્દ્ર, આ૦ વિજયચંદ્ર, ઉપા૦ દેવભદ્ર વગેરે ચાતુર્માસ રહ્યા હતા.
(–જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ, પારા : ૫૬૦)

૬. **વીરધવલ-ભીમદેવ** – વીજાપુરમાં વીરધવલનું લગ્ન થવાનું હતું અને લગ્નમંડપ ઊભો કરવામાં આવ્યો હતો તે જ સમયે આ૦ **દેવેન્દ્રસૂરિ** વીજાપુર પધાર્યા હતા. તેમના વૈરાગ્યજનક ઉપદેશથી વીરધવલ અને ભીમદેવ બંને ભાઈઓ વૈરાગ્યવાસિત બન્યા. લગ્નનો મંડપ દીક્ષાનો મંડપ બની ગયો. આ૦ દેવેન્દ્રસૂરિએ તે બંનેને સં. ૧૩૦૨માં દીક્ષા આપી. તે બંને વિદ્યાધ્યયન કરીને **આ૦ વિદ્યાનંદસૂરિ** અને આ૦ **દાદા ધર્મઘોષસૂરિ** નામથી ખ્યાતિ પામ્યા. (પ્રક. ૪૬)

પ્રતિષ્ઠાઓ –

શા૦ નેમડના વંશજોએ આબૂ ઉપરના લુણિગવસહીમાં દેરીઓ બંધાવી, જિનબિંબો અને પરિકરોની પ્રતિષ્ઠાઓ કરાવી હતી. શત્રુંજય, ગિરનાર, આબૂ, તારંગા, જાલોર, ચારૂપ, પાટણ, વીજાપુર, લાડોલ, પાલનપુર અને નાગોર વગેરે સ્થાનોમાં દેરાસરો, દેરીઓ બંધાવી અને પ્રતિમાઓ, પરિકરોની પ્રતિષ્ઠા કરાવી હતી.

(–અર્બુદ પ્રાચીન જૈનલેખસંદોહ, લેખાંક : ૩૪૫ થી ૩૫૬; જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૧૮, પૃ. ૩૬૮; જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પુષ્પિકા : ૨૯મી; વ્યવહારસૂત્ર-પુષ્પિકા, સં. ૧૩૦૯; સટીક ભગવતીસૂત્ર પુષ્પિકા, સં. ૧૩૦૭)

કર્પૂરપટ્ટાધીશ વંશ –

૧. **કર્પૂરપટ્ટાધીશ** – તે પોરવાડ જ્ઞાતિનો હતો.[૧]

૨. **સોમ** – તેના ઘરમાં સાધુભગવંતો આવીને ઊતરતા હતા. રાજગચ્છના આ૦ ચંદ્રસૂરિએ સં. ૧૨૧૪ માં તેના ઘરમાં રહીને 'સણંકુમાર-ચરિયં' (ગ્રં. ૮૦૦૦)ની રચના કરી હતી. સં. ૧૨૨૬ લગભગમાં તે સ્વર્ગવાસ પામ્યો.

૩. **વાહડ** – તે શેઠ સોમનો પુત્ર હતો. કલિકાલસર્વજ્ઞ આ૦ **હેમચંદ્ર-સૂરિ**નો ભક્ત હતો. તે સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને પિશાચી ભાષાનો

---

૧. આ૦ કક્કસૂરિ કર્પૂરધારાપ્રવાહ માટે લખે છે કે –

सहजः श्रीदेवगिरौ, रामदेवं नृपं गुणैः ।
तथा निजवशं चक्रे, यथा नान्यकथामसौ ॥३५॥
कर्पूरपूरसुभगं ताम्बूलं यस्य यच्छतः ॥
कर्पूरधाराप्रवाहविरुदं वन्दिनो ददुः ॥३६॥
(સં. ૧૩૯૩ શત્રુંજયતીર્થોદ્ધારપ્રબંધ, પ્રસ્તાવ બીજો, પૃ. ૧૦૧)

આથી સમજાય છે કે મધ્યયુગીન ભારતમાં રાજા-મહારાજાઓ જેને કર્પૂરવાળું પાનનું બીડું આપતા તેને જનતા કર્પૂરધારાપ્રવાહ બિરુદ આપતી હતી.

વિદ્વાન હતો. તેણે વાગ્ભટાલંકાર નામે ગ્રંથ રચ્યો હતો. તેણે પાદરામાં 'ઉંદરવસહિકા' નામે જિનમંદિર બંધાવી, તેમાં ભ૦ મહાવીરસ્વામીની પ્રતિષ્ઠા કરાવી હતી. તેના વિશે વાગ્ભટ્ટાલંકાર ગ્રંથના કેટલાએક શ્લોકો તેનો ધર્મ, પિતા, વિદ્યમાનતાકાળ અને અલંકારકલા ઉપર પ્રકાશ પાડે છે, જેમાંના કેટલાક શ્લોકો આ પ્રમાણે છે –

श्रियं दिशतु वो देवः श्रीनाभेयः जिनः सदा ।
मोक्षमार्गं सतां ब्रूते यदागमपदावली ॥ (–પરિ. ૧, શ્લો. ૧)

भर्तुः पार्वति ! नाम कीर्त्तय न चेत् त्वां ताडयिष्याम्यहं,
क्रीडाब्जेन शिवेति सत्यमनघे किं ते शृगालः पतिः ? ।
नो स्थाणुः किमु कीलको न हि पशुस्वामी न गोप्ता गवां
दोलाखेलनकर्मणीति विजया-गौर्योर्गिरः पान्तु वः ॥
(–પરિ. ૪, શ્લો. ૧૬)

जयति प्रतापपूषा जयसिंहः क्ष्माभृदधिनाथः ॥
(–પરિ. ૪, શ્લો. ૪૫)

यस्यास्ति नरकक्रोडनिवासे रसिकं मनः ।
सोऽस्तु हिंसा-ऽनृत-स्तेयतत्परः सुतरां जनः ॥
(–પરિ. ૪, શ્લો. ૭૭)

आः स्यन्दनध्वजधृतोद्धुरताम्रचूडः ।
श्रीकर्णदेवनृपसूनुरयं रणाग्रे ॥ (–પરિ. ૪, શ્લો. ૮૧)
अस्त्वस्तु पौरुषगुणाज्ञयसिंहदेव० (–પરિ. ૪, શ્લો. ૮૫)

अणहिल्लपाटकं पुरमवनिपतिः कर्णदेवनृपसूनुः ।
श्रीकलशनामधेयः करी च रत्नानि जगतीह ॥
(–પરિ. ૪, શ્લો. ૧૩૨)

बंभंडमुत्तिसंपुडमुत्तिअमणिणो पहासमूह व्व ।
सिरिवाहड त्ति तणओ आसि बुहो तस्स सोमस्स ॥
(–પરિ. ૪, શ્લો. ૧૪૮)

વાગ્ભટાલંકારના પાંચ પરિચ્છેદો છે. તેના કુલે ૨૬૦ શ્લોકો છે. તેના ચોથા પરિચ્છેદનો ૧૨ મો શ્લોક ક અક્ષરનો બનેલો છે, જે 'નેમિનિર્વાણ-મહાકાવ્ય'માં[1] રાજિમતીના ત્યાગ પ્રસંગે સમુદ્રના વર્ણનરૂપે છે.[2]

---

૧. કવિ **વાહડ પોરવાડે** પોતાના અલંકારગ્રંથના ચોથા પરિચ્છેદમાં ક અક્ષરવાળો ककाकु० ॥૧૨॥ શ્લોક આપ્યો છે તે 'નેમિનિર્વાણકાવ્ય'નો નહીં પણ 'નેમિનિર્વાણમહાકાવ્ય'નો છે. એટલે હવે એ સંશોધન કરવાનું બાકી રહે છે ➡

શેઠ નેમિકુમારના પુત્ર વાગ્ભટે પોતાના 'કાવ્યાનુશાસન'માં જણાવ્યું છે કે, પં૦ દંડી, વામન અને **વાગ્ભટ** વગેરેએ ૧૦ ગુણો બતાવ્યા છે જ્યારે મેં માત્ર મધુરતા, ઓજસ્ અને પ્રસાદ એ ત્રણ ગુણો જ માન્યા છે, જેમાં ઉપરના ૧૦ ગુણોનો સમાવેશ થાય છે. એટલે કે કાવ્યાનુશાસનકાર વાગ્ભટ અને અલંકારકાર વાગ્ભટ ભિન્ન ભિન્ન છે, એક નથી. 'વાગ્ભટ્ટાલંકાર' ગ્રંથ પર નીચેના વિદ્વાનોએ ટીકાઓ રચેલી મળે છે –

(૧) આ૦ જિનવર્ધન, (૨) પં૦ ક્ષેમહંસ, (૩) પં૦ અનંતભટ્ટપુત્ર ગણેશ, (૪) ઉપા૦ રાજહંસ અને (૫) પં૦ સિંહદેવગણિ.

પં૦ **સિંહદેવ ગણિ**એ પોતાની ટીકામાં આ વાગ્ભટને મહામાત્ય જણાવ્યો છે પણ તે મહામાત્ય નહીં; પણ મહામાન્ય શ્રેષ્ઠી હતો.

૪. **શરણદેવ** – તેને સુહડાદેવી નામે પત્ની હતી અને વીરચંદ, પાસડ, આંબડ તેમજ રાવણ નામે પુત્રો હતા. તેણે સં. ૧૨૭૫ માં આરાસણના દેરાસરમાં બે દાઢાઘર કરાવ્યા. તેની ચાર પુત્રીઓએ સં. ૧૩૧૦ માં આરાસણના દેરાસરમાં ૧૭૦ તીર્થંકરનો પટ કરાવ્યો. આંબડને અભયસિરિ નામે પત્ની અને વીજો, ખેતો નામે પુત્રો હતા. રાવણને હીરુ નામે પત્ની અને બોડસિંહ પુત્ર હતો. બોડસિંહને જયતલદે નામની પત્ની હતી.

૫. **વીરચંદ** – તેને સુખમણિ પત્ની, પૂનો નામે પુત્ર અને સોહગદેવી નામે પુત્રવધૂ હતી. શેઠ વીરચંદે સં. ૧૩૩૮ ના જેઠ સુદિ ૧૪ ને શનિવારે આરાસણમાં ભ૦ વાસુપૂજ્યસ્વામીની પ્રતિમા ભરાવી વડગચ્છના આ૦ પરમાણંદસૂરિના હાથે તેની પ્રતિષ્ઠા કરાવી. સં. ૧૨૪૫ માં સમેતશિખર મહાતીર્થની યાત્રા કરી અને સમેતશિખરનો પટ બનાવી તેની મુખ્ય પ્રતિષ્ઠા કરાવી અને પોસીના તીર્થમાં સ્થાપન કર્યો. (–આરાસણાતીર્થના લેખો, પ્રાચીન જૈનલેખસંગ્રહ, લે. ૨૭૯ થી ૨૯૦)

દેવવંશ –

૧. દેવ – તે પોરવાડ જ્ઞાતિનો હતો.

૨. સંધીરણ.

◆ કે, આ 'નેમિનિર્વાણકાવ્ય' સ્વોપજ્ઞ છે કે અન્યકર્તૃક ?

૨. કવિ વાહડ પોરવાડે પોતાના અલંકારગ્રંથના ચોથા પરિચ્છેદમાં –

અમરનગર૦ ॥ ૨૮॥ રમ્ભારામા૦ ॥૩૦॥ નેમિઃ ॥૩૨॥
યદુપાન્તિ૦ ॥૩૩॥ કાન્તારભૂમૌ૦ ॥૩૪॥ જહુર્વસન્તે૦ ॥૩૯॥
નિજજીવિતે૦ ॥૬૩॥ અધરં મુખેન૦ ॥૬૯॥ –

વગેરે શ્લોકો સંભવતઃ શેઠ નેમિકુમારના પુત્ર કવિ વાહડના 'નેમિનિર્વાણકાવ્ય'ના છે. આથી સંભવ છે કે આ બંને કવિ વાહડો સમકાલીન વિદ્વાનો હશે.

૩. યશોધન – તેને યશોમતી નામે પત્ની તથા અંબ, ગોત, શ્રીધર, આશાધર અને વીર નામે પુત્રો હતાં. આ પાંચ ભાઈઓએ સં. ૧૨૧૨ ના જેઠ વદિ ૮ ને મંગળવારે વિમલવસહીના ગૂઢમંડપના ગોખલામાં પિતાના કલ્યાણ માટે ભ૦ આદિનાથનું બિંબ ભરાવી પધરાવ્યું.

જિનદેવ વંશ –

૧. જિનદેવ – તે પોરવાડ જ્ઞાતિનો હતો. મહાત્મા હતો. ગુણવાન, પ્રતિષ્ઠિત અને વિવેકી જૈન હતો.

૨. સર્વદેવ.

૩. સોમદેવ – તેણે વડગચ્છના આ૦ વિજયસિંહની પાસે દીક્ષા લીધી, જેઓ પ્રસિદ્ધ શતાર્થી આ૦ **સોમપ્રભસૂરિ** તરીકે વિખ્યાત થયા.

(–કુમારપાલપડિબોહો)

જાહિલ મહત્તમ વંશ –

૧. **જાહિલ** – રાજા ભીમદેવનો વ્યયકરણ અમાત્ય (ખરચખાતાનો પ્રધાન) હતો. તે પોરવાડ જ્ઞાતિનો જૈન હતો.

૨. નરસિંહ – તે પણ મહત્તમ હતો.

૩. **દુર્લભરાજ** – તે રાજા કુમારપાલનો મહત્તમ હતો. કવિ હતો. તેણે સં. ૧૨૧૬માં 'સામુદ્રિકતિલક' નામે ગ્રંથ રચ્યો છે. તેના પુત્ર જગદેવે તેમાં મદદ કરી હતી.

૪. **જગદેવ** – તેણે 'સ્વપ્નચિંતામણિ' નામનો ગ્રંથ (અ. ૨, શ્લોક : ૩૧૧) રચ્યો છે.

શેઠ દોહડિનો વંશ –

૧. **દોહડિ** – તે જૈનધર્મનો પ્રેમી હતો. સાધુઓનો ભક્ત હતો. તે પાટણમાં ટંકશાળની પાછળ પોતાની વસતિમાં સાધુઓને ઉતારો આપતો હતો. વાદિવેતાલ આ૦ શાંતિસૂરિ, આ૦ નેમિચંદ્ર અને આ૦ મુનિચંદ્ર વગેરે પ્રતિ આદરભક્તિ રાખતો હતો. તેણે સં. ૧૧૨૯ માં આ૦ નેમિચંદ્રસૂરિએ રચેલી 'ઉત્તરજ્ઝયણસુત્તલઘુવૃત્તિ' (ગ્રં. ૧૪૦૦૦)ની પહેલી પ્રતિ પોતાના હાથે લખી હતી.

૨. શેઠ જાસક – તેની પત્નીનું નામ વસુંધરા. તે બંને જણ મોટા દાનવીર હતા. તેમના આગ્રહથી આ૦ દેવસૂરિએ સં. ૧૧૬૨ માં પાટણમાં તેની વસતિમાં રહી 'જીવાણુસાસણં' (ગાથા : ૩૦૮) તથા શેઠ જાસકના પુત્રો વીર વગેરેના ઉપષ્ટંભથી તેની વૃત્તિ એક જ મહિનામાં રચીને પૂર્ણ કરી હતી.

૩. વીર – સં. ૧૧૦૨.

શેઠ નાનાનો શ્રીમાલવંશ –

તેના પૂર્વજોમાં શેઠ નાડા તે શ્રીમાલનગરનો ભારદ્વાજ ગોત્રી શ્રીમાલી બ્રાહ્મણ હતો. તે શહેરમાં પૂર્વ દરવાજે ભટ્ટવાડામાં રહેતો હતો. પાંચ કરોડનો તે આસામી હતો. તેણે સં. ૭૯૫ માં જૈનધર્મ સ્વીકાર્યો. ચંપકવાડીમાં ભ૦ શાંતિનાથનું ચૈત્ય હતું તેનો ગોષ્ઠિક બન્યો. તેની પરંપરા નીચે મુજબ હતી –

૧ શેઠ નાડા, ભાર્યા સૂરમદે, ૨ ગુણા, ભાર્યા રંગાઈ, ૩ હરદાસ, ભાર્યા માહવી, ૪ ભોલો, ભાર્યા ગંગઈ, ૫ ગોવાલ, ભાર્યા મરઘા, ૬ આશ, ભાર્યા પુહતી, ૭ વજ્રાંગ, ભાર્યા કરમી, ૮ શિવો, ભાર્યા પતી, ૯ મહીરાજ, ભાર્યા કમાઈ, ૧૦ રાજા, ભાર્યા પૂરી, ૧૧ ગણપતિ, ભાર્યા રહી, ૧૨ ઝાંઝણ, ભાર્યા કપૂ, ૧૩ મણોર, ભાર્યા હાપી, ૧૪ કુંયરપાલ, ભાર્યા વાછી, ૧૫ પાસા, ભાર્યા પ્રેમી, ૧૬ વસ્તા, ભાર્યા વનાદે, ૧૭ કાન્હો, ભાર્યા સાંપૂ, ૧૮ નાનો, ભાર્યા પૂગી.

સં. ૧૧૧૧માં ભિન્નમાલ ભાંગ્યું. લાખો મનુષ્યો મરી ગયા, ઘણા કેદમાં પુરાયા. શેઠ નાનો શ્રીમાલી ભિન્નમાલ છોડી નાઠો અને કોલિહારામાં **પાયચી** ગામે જઈ વસ્યો. તેનો વંશ નીચે મુજબ ચાલ્યો–

૧૮ શેઠ નાનો, ભાર્યા પૂગી, ૧૯ અમરો, ભાર્યા આઉ, ૨૦ હરદે, ભાર્યા હાંસલદે, ૨૧ ગોપી, ભાર્યા ગુરીદે, ૨૨ જોગો, ભાર્યા હાપૂ, ૨૩ નાંદિલ, ભાર્યા નાંદલઈ, ૨૪ સારિંગ, ભા૦ નારિંગદેવી. તે સં. ૧૨૨૫ માં પોતાના સાસરે પાટણમાં ફોફલિયાવાડામાં જઈ વસ્યો. ૨૫ શ્રીધર, ભાર્યા સરીયાદે. તે સં. ૧૨૮૫ માં **ગાંભૂ** પાસે **નરોલી**માં સાસરે જઈ વસ્યો. ૨૬ અના, ભાર્યા અનાદે. ૨૭ મૂલો, ભાર્યા માલણદે. તેણે સં. ૧૩૧૬ માં અંચલગચ્છના આ૦ **અજિતસિંહ**ના ઉપદેશથી ભ૦ આદિનાથનો ચોવીશવટો બનાવ્યો. ૨૮ વર્ધમાન, ભાર્યા વયજલદે. શેઠ વર્ધમાનનો નાનો ભાઈ શેઠ **જઈતા** પોતાના સાસરે **ચાણસ્મા** જઈને વસ્યો. તેણે ત્યાં આ૦ **અજિતપ્રભસૂરિ** કે આ૦ ભુવનતુંગસૂરિના ઉપદેશથી સં. ૧૩૧૫ માં ભટેવા પાર્શ્વનાથના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. ૨૯ શેઠ કરમણ, ભાર્યા કરમાદે. તે સાઢૂ મહં૦ દાધેલીયુને ત્યાં **મોઢેરા** જઈને વસ્યો અને સં. ૧૩૯૫ માં મહં૦ (મંત્રી) બન્યો.

આ પરિવારના વંશજો વળાદ, પાટણ, બલદાણા, નાગનેશ, ખંભાત, તારાપુર, માંડવગઢ, વડોદરા વગેરે સ્થળોમાં જઈને વસ્યા.

(–જૈન સા. સંશોધક, ખંડ : ૧, અંક : ૪, પૃ. ૧૬૩ થી ૧૬૬)

સ્તંભન પાર્શ્વનાથ તીર્થ (ખંભાત) –

શ્રીપાર્શ્વનાથ ભગવાનની બે પ્રતિમાઓ અને એક શ્રીનેમિનાથ ભગવાનની પ્રતિમા પ્રાચીનતા અને પ્રભાવકતા માટે ખૂબ પ્રસિદ્ધિ પામી હતી. તે ત્રણે પ્રતિમાઓનો ઇતિહાસ એવો મળે છે કે એ પ્રતિમાઓને સ્વયં ઇન્દ્ર પૂજા કરવા માટે દેવલોકમાં લઈ ગયા હતા. સૂર્યદેવ અને ચંદ્રદેવ પોતાના વિમાનમાં લઈ ગયા હતા. ભુવનપતિ દેવોના ઇન્દ્ર પાતાલમાં લઈ ગયેલા. વરુણ રાજા અને રામચંદ્રજીએ તે પ્રતિમાઓ સમુદ્રકાંઠે રામેશ્વરમાં મૂકી હતી. યાદવોએ દ્વારિકા નગરી સ્થાપન કરી ત્યારે તે પ્રતિમાઓને ત્યાં સ્થાપન કરીને પૂજા કરી હતી. ઋષિ દ્વીપાયને મૂળ દ્વારિકાને બાળી નાખી નષ્ટ કરી મૂકી ત્યારે યાદવોએ એ પ્રતિમાઓને સમુદ્રમાં પધરાવી હતી. પછી કેટલાંયે વર્ષો સુધી એ પ્રતિમાઓ સમુદ્રમાં રહી.

એક વાર શ્રીકાંત નગરનો જૈન **ધનપતિ** (સાગરદત્ત) વેપાર અર્થે વહાણોને લઈને સમુદ્રમાર્ગે જઈ રહ્યો હતો અને તેનાં વહાણો એ પ્રતિમા ઉપર થઈને જવા લાગ્યાં ત્યારે તેનાં વહાણો એકાએક થંભી ગયાં. ઘણો પ્રયત્ન કરવા છતાં તે વહાણો આગળ જઈ ન શક્યાં. શેઠે પૂજાપાઠ કર્યો ત્યારે આકાશવાણી થઈ કે, 'આ સ્થાનમાં પ્રાચીન એવી ત્રણ પ્રતિમાઓ છે. તે પ્રતિમાઓના અધિષ્ઠાયક ભક્ત એવા મેં તારાં વહાણો થંભાવ્યાં છે. માટે એ પ્રતિમાઓને તારા વહાણમાં લઈ લે; તે પછી જ તારાં વહાણો આગળ સફર કરી શકશે.' શેઠે તરત જ ખારવાઓને સમુદ્રની અંદર ઉતારી પ્રતિમાઓ બહાર કઢાવી વહાણમાં પધરાવી. એ પ્રતિમાઓને તે **કાંતિનગર** લઈ ગયો અને પોતાના ઘરદેરાસરમાં પધરાવી પૂજન કરવા લાગ્યો. આથી શેઠને બધી રીતે લાભ થયો.

એ જ અરસામાં **ઢંકગિરિ**ના ક્ષત્રિય રણસિંહની પુત્રી ભૂપાલદેવીનો પુત્ર **નાગાર્જુન** વનસ્પતિવિદ્યાનો પારગામી વિદ્યાસિદ્ધ પુરુષ થયો. તેણે વિદ્યાસિદ્ધ આ૦ **પાદલિપ્તસૂરિ**ની સાદર સેવા કરીને આકાશમાં ઉડ્ડયન કરવાનો પાદલેપ મેળવ્યો હતો. ગુરુજીની સ્મૃતિ માટે તેણે તેમના નામ ઉપરથી પાદલિપ્તપુર (પાલીતાણા) વસાવ્યું હતું. ગિરિરાજ ઉપર ભ૦ મહાવીરસ્વામીનું જિનાલય, ગિરનારની નીચે કિલ્લા પાસે દ્વારકાના રાજમહેલો, દશારમંડપ, રાજા ઉગ્રસેનનો રાજમહેલ, વિવાહવેદિકા, ભ૦ નેમિનાથનું દીક્ષા માટે પ્રયાણ વગેરે રચનાઓ બનાવી હતી (પ્રક. ૧૧, પૃ. ૧૯૯), અને એ જ ગુરુદેવના મુખેથી સાંભળ્યું હતું કે, ભ૦ પાર્શ્વનાથની પ્રતિમાની નિશ્રામાં બનાવેલો રસ કોટિવેધી બને છે. તે મુજબ રસ સિદ્ધ કરવા માટે શ્રીકાંતનગરના શેઠના દેરાસરમાંથી

ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા ઉપાડી લાવીને **સેઢી** નદીના કાંઠે જંગલમાં છુપાવી રાખી હતી. તેની સાંનિધ્યમાં તેણે રસને સિદ્ધ કર્યો અને અહીં થાંભણા (તાલુકો-આણંદ) ગામ વસાવ્યું હતું. એ સમયથી એ પ્રતિમા સેઢી નદીને કાંઠે ખાખરાના ઝાડની ઘટામાંની ભૂમિ નીચે દટાઈ રહી હતી.

વિક્રમની બારમી શતાબ્દીમાં થાંભણાના પટેલ મહીલયની ગાય એ સ્થળે આવીને એ પ્રતિમા ઉપર હમેશાં દૂધ ઝરી જતી હતી.

વડગચ્છના સંવેગી સુવિહિત આ૦ **અભયદેવસૂરિ** ધરણેંદ્રની સૂચના મુજબ અહીં પધાર્યા ત્યારે ગોવાળિયાના મુખેથી ગાયના દૂધ ઝરવાનો વૃત્તાંત સાંભળ્યો. તેમણે એ સ્થળે ધ્યાન મુદ્રામાં બેસીને 'જય તિહુઅણ' સ્તોત્ર (ગાથાઃ ૩૨) બનાવી ભ૦ પાર્શ્વનાથની સ્તુતિ કરી. આથી તે પ્રતિમા ત્યાંથી પ્રગટ થઈ આવી. પ્રતિમા પ્રગટ થયાના સમાચાર સાંભળી શ્રીસંઘ ત્યાં આવ્યો અને તે ખુશાલીના પ્રસંગમાં ગામજમણ કર્યું. જૈનોએ ત્યાં ને ત્યાં લાખેક રૂપિયાનો ફાળો કર્યો. શ્રીસંઘે **મલ્લવાદીગચ્છ**ના આચાર્યના ઉપદેશથી સ્થપતિ આમેશ્વર તથા મહિષ પાસે જિનપ્રાસાદ તૈયાર કરાવ્યો અને તેમાં આ૦ અભયદેવસૂરિના હાથે સારા મુહૂર્તમાં ભ૦ પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી.
(પ્રક. ૩૬, પૃ. ૧૬૯ તથા ૧૭૧)

આ મંદિરનો જીર્ણોદ્ધાર મંત્રી **વસ્તુપાલે** કરાવ્યો હતો. સંભવ છે કે, આ તીર્થ પણ મુસ્લિમ હુમલાથી બચ્યું ન હોય. એટલે એ પ્રતિમાને સમુદ્ર કિનારે વિશાલ જિનાલય બંધાવી તેમાં સ્થાપન કરી, ત્યારથી ખંભાત એ સ્તંભન પાર્શ્વનાથનું તીર્થ બન્યું. સ્તંભનપુર (ખંભાત) પણ સમુદ્રમાં વહાણો સ્તંભી ગયેલાં તે સ્થળે વસ્યું છે.

આ પ્રતિમાજીના પ્રભાવથી શ્રીરામચંદ્રજીએ રામેશ્વરનો સેતુ બાંધ્યો હતો. સિદ્ધયોગી નાગાર્જુને કોટિવેધ રસ બાંધ્યો અને ખંભાતમાં દરિયો બંધાયો તેથી એ સ્તંભન પાર્શ્વનાથના નામે ખ્યાત છે અને ખંભાત સ્તંભન પાર્શ્વનાથના તીર્થ તરીકે લોકમાં પ્રસિદ્ધિ પામ્યું છે.

સ્થપતિ આમ્રદેવ તથા મહિષને મુખ્ય સૂત્રધાર તરીકે નિરંતર એક દ્રમ્મ મળતો હતો. તેમણે પોતાની આવકમાંથી બચત કરીને મોટી રકમ આપી આ મંદિરમાં એક દેરી બનાવી હતી. ધોળકાનો મુખ્ય શ્રાવક પોષદશમીના દિવસે આ પ્રતિમાજીની પહેલી પૂજા કરતો હતો.

આ પ્રતિમા સાથેની બે પ્રતિમાઓ પૈકી એક ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા **ચારૂપ**માં અને બીજી ભ૦ અરિષ્ટનેમિની ગુજરાતના **પાટણ** શહેરમાં વિદ્યમાન છે અને પૂજાય છે.

સ્તંભનક પાર્શ્વનાથની પ્રતિમા પ્રથમ **થાંમણા**માં વિરાજમાન હતી. પછી કોઈ કારણે સમુદ્રકિનારે **તમાલિની** નગરમાં વિશાળ જિનાલય બંધાવીને સ્થાપન કરવામાં આવી હતી. સમય જતાં તે સ્થાન ખંભાત સાથે જોડાઈ જતાં **ખંભાત**-સ્તંભન પાર્શ્વનાથનું **તીર્થ** બન્યું. આ ઘટના સં. ૧૪૪૧ પહેલાં બની હતી.

(પ્રભાવકચરિત્રપ્રબંધ : ૧૯, પ્રબંધચિંતામણિ, પરચૂરણપ્રબંધ, ચતુર્વિંશતિ પ્રબંધ : ૧૭, મુનિ શ્રીનેમિવિજયકૃત સં. ૧૮૧૧નો સ્તંભન પાર્શ્વનાથ આદિ સ્તવનરાસ, ઢાળ ૨૭, જૈન તીર્થોનો ઇતિહાસ, જૈન પરંપરાનો ઇતિહાસ, પ્રક. ૧૧, પૃ. ૧૯૯; જૈન પુસ્તક પ્રશસ્તિસંગ્રહ, પુષ્પિકા : ૪૦)

ચારૂપ મહાતીર્થ –

પાટણથી ૬ કોસ દૂર ચારૂપ નામે ગામ છે, જ્યાં શ્રીશામળા પાર્શ્વનાથ ભગવાનનું તીર્થ છે. (જૂઓ, પ્રક. ૧, પૃ. ૫૧)

ખંભાતના વર્ણનમાં જોયું કે, શ્રીકાંતનગરના શેઠ **ધનપતિ**નાં વહાણો સમુદ્રમાં થંભી ગયાં અને એ જ સ્થળે સમુદ્ર તળિયે રહેલી ત્રણ અતિપ્રાચીન પ્રતિમાઓને શેઠે બહાર કઢાવી ત્યારે જ એ વહાણો આગળ ચાલી શક્યાં. તે પૈકીની એક પ્રતિમા, જે નાગાર્જુન થામણામાં લઈ ગયો હતો તે સ્તંભન પાર્શ્વનાથની પ્રતિમા તરીકે પ્રસિદ્ધિ પામી. બીજી ભ૦ પાર્શ્વનાથતી પ્રતિમા **ચારૂપ**માં આવી અને ત્રીજી શ્રીનેમિનાથ ભ૦ની પ્રતિમા પાટણ શહેરમાં સ્થાપન કરવામાં આવી હતી. આ૦ પ્રભાચંદ્રસૂરિ 'પ્રભાવકચરિત્ર'માં લખે છે કે –

"तेषामेका च चारुपग्रामे तीर्थं प्रतिष्ठितम्"

ઉપર્યુક્ત બંને પ્રતિમાઓ પાટણ વસ્યા પછી પાટણ અને ચારૂપમાં આવી હોય એવો સંભવ છે.

અહીં ચારૂપ મહાતીર્થમાં નાગેંદ્રગચ્છીય આ૦ શીલગુણસૂરિ સંતાનીય આ૦ દેવેંદ્રસૂરિએ ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા સ્થાપન કર્યાનો લેખ મળે છે. આ લેખનો સંવત ઘસાઈ ગયો છે તેથી સમયનો નિર્ણય થઈ શકતો નથી. વળી, દેવેંદ્રસૂરિ નામના અનેક આચાર્યો થઈ ગયા છે. એક આચાર્ય નવમી શતાબ્દીમાં અને એક ચૌદમી શતાબ્દીમાં થયા હતા. એ પૈકીના કયા આચાર્યે ક્યારે આ મૂર્તિ સ્થાપન કરી એ જાણી શકાયું નથી. આમ છતાં ચારૂપનો **મહાતીર્થ** તરીકે ઉલ્લેખ થયો છે એ પાછળ આ તીર્થની મૂર્તિની અતિ પ્રાચીનતા અને પ્રભાવકતા કારણરૂપ હશે.

વરહુડિયા નેમડના વંશજોએ અહીં જિનાલય બનાવ્યું હતું.

(–પ્રક. ૩૮, પૃ. ૩૧૧)

ભાવાચાર્યગચ્છના પ્રસિદ્ધ સિદ્ધ પુરુષ શ્રીવીરાચાર્ય પાલીથી પાટણ જતાં અહીં ચારૂપમાં પધાર્યા હતા. એ સમયે ગૂર્જરનરેશ સિદ્ધરાજ જયસિંહ તેમને પાટણમાં પધારવાની વિનંતિ કરવા ચારૂપમાં આવ્યો હતો.

અહીં મંત્રીશ્વર વસ્તુપાલે ભ૦ આદિનાથના ગૂઢમંડપવાળો પ્રાસાદ કરાવ્યો હતો (આબૂ-લેખ) તેમજ મંત્રી પેથડશાહે ભ૦ શાંતિનાથનું મંદિર બંધાવ્યું હતું અથવા બિંબ પધરાવ્યું હતું. (ગુર્વાવલી, જૈન તીર્થનો ઇતિહાસ)

ચાણસ્મા –

પાટણથી દક્ષિણ દિશામાં ૧૦ કોશ દૂર ચાણસ્મા નામે ગામ છે, જેનું સંસ્કૃત નામ ચંદ્રાવતી છે. એમ કહેવાય છે કે, અહીંની મસ્જિદમાં ચાંદ જોવાને માટે બાર બારીઓ મૂકેલી છે તેથી ગામનું નામ 'ચાંદસમા-ચાણસ્મા' પડ્યું.

અહીં ભટેવા પાર્શ્વનાથનું તીર્થ છે. પ્રતિમા જો કે નાની છે પણ પ્રાચીન છે. એવો સંભવ છે કે, તે અસલમાં મારવાડના ભટેવર ગામથી આવી હોય.

ચાણસ્મા પાસેના **નરોલી** ગામમાં **વર્ધમાન** નામે એક શેઠ રહેતા હતા. તેનો ભાઈ જયતા ચાણસ્મા પરણ્યો હતો. એ જયતા નરોલીથી ઉચાળો ભરીને ચાણસ્મા આવીને વસ્યો. તેણે ભટેવા પાર્શ્વનાથનું મંદિર ફરી બંધાવ્યું અને સં. ૧૩૩૫ (સં. ૧૩૪૫)માં અંચલગચ્છીય આ૦ અજિતપ્રભસૂરિના હાથે કે (આ૦ ભુવનતુંગસૂરિના હાથે) ભટેવા પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવી હતી.

(–અંચલગચ્છીય મોટી પટ્ટાવલી)

એ પછી આ મંદિર ફરીને નાશ પામ્યું અને પ્રતિમાજીને ભૂમિમાં સંતાડવામાં આવી. એક દિવસે **રવચંદ** નામના એક નિર્ધન શ્રાવકને સ્વપ્નમાં અધિષ્ઠાયકદેવે જણાવ્યું કે, 'ભટુઆર ગામની પાસેના ખેતરમાં ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા છે તે લઈ આવ.' શેઠ સ્વપ્ન મુજબ એ ખેતરમાં ગયો અને એ પ્રતિમા લઈ આવ્યો. અધિષ્ઠાયકદેવે તેને ફરીથી સ્વપ્નમાં નિધાનનું સ્થળ બતાવ્યું. શેઠે એ ધનથી ત્યાં જિનમંદિર બંધાવ્યું અને સં. ૧૫૩૫ માં તે મંદિરમાં ભટેવા પાર્શ્વનાથની મૂર્તિ સ્થાપન કરી પ્રતિષ્ઠિત કરાવી.

સં. ૧૭૩૫ માં પં૦ **સત્યવિજય** ગણિના શિષ્ય કર્પૂરવિજયજી અને તેમના શિષ્ય વૃદ્ધિવિજયજીની દીક્ષાવિધિ આ સ્થળે થઈ હતી.

આ મંદિરનો છેલ્લો ઉદ્ધાર સં. ૧૮૭૨ માં થયો હતો.

આ મંદિરના ભોંયરામાં સં. ૧૨૪૭નો હારિજગચ્છનો અને એક જૈન ગણેશમૂર્તિનો લેખ છે. (જૂઓ, પ્રક. [illegible])

ચાણસ્માના શ્રીમાલી શેઠ ભીમજીના પુત્ર હરજીનો સં. ૧૬૮૦ ના ચૈત્ર સુદિ ૧૧ના રોજ જન્મ થયો હતો. તેણે સં. ૧૬૮૯માં ખંભાતમાં દીક્ષા લીધી અને મુનિ **હર્ષસાગર** નામ ધારણ કર્યું. સં. ૧૬૯૨માં અમદાવાદમાં આ૦ રાજસાગરસૂરિની પાટે આવ્યા ને **આ૦ વૃદ્ધિસાગરસૂરિ** નામ રાખવામાં આવ્યું. તેમનો સ્વર્ગવાસ અમદાવાદમાં સં. ૧૭૪૭માં થયો.

(જૂઓ, પ્રક. ૫૮, સાગર પટ્ટાવલી)

અહીં સં. ૧૬૮૨માં વિજયગચ્છ અને સાગરગચ્છના સમાધાન માટે **મુનિસમ્મેલન** ભરાયું હતું, પણ તે નિષ્ફળ નીવડ્યું હતું.

ચાણસ્માથી શંખેશ્વર જતાં વચ્ચે **કંબોઈ** તીર્થ તથા **હારિજ** ગામ આવે છે. આ હારિજ ગામથી **હારિજગચ્છ** નીકળ્યો હતો, એનું બીજું નામ હારિલગચ્છ હોય એવો સંભવ છે. હારિજ ગામની બહાર કેવલાસ્થલીનો ટીંબો છે, જે આચાર્યોની સ્મશાન ભૂમિ હતી. ત્યાંની એક ખાંભી ઉપર સં. ૧૧૩૧ નો આ૦ **સિંહદત્ત**નો લેખ પણ વિદ્યમાન છે.

(જૂઓ, પ્રક. ૧, પૃ. ૨૬; પ્રક. ૨૭, પૃ. ૩૭૪; કડી પ્રાંત સર્વસંગ્રહ, ઐતિહાસિક રાસસંગ્રહ, ભા. ૩ ની પ્રસ્તાવના)

સેરિસા તીર્થ –

ગુજરાતમાં મહેસાણા અને વીરમગામની વચ્ચે કડી ગામની પાસે 'સેરિસા' નામે જૈન તીર્થ છે. ભ૦ પાર્શ્વનાથનું પ્રાચીન અને ચમત્કારી તીર્થ મનાય છે. તેની સ્થાપનાનો ઇતિહાસ જુદા જુદા ગ્રંથોમાં જુદી જુદી રીતે મળે છે.

(૧) આ૦ જિનપ્રભસૂરિ જણાવે છે કે, નવાંગવૃત્તિકાર આ૦ અભયદેવ-સૂરિની શાખાના આ૦ દેવેંદ્રસૂરિએ મંત્રબળે અન્ય સ્થળેથી ચાર મોટી જિનપ્રતિમાઓ લાવીને સેરિસામાં પધરાવી. (–વિવિધતીર્થકલ્પ–અયોધ્યાકલ્પ)

(૨) આ૦ જિનપ્રભસૂરિ બીજી વાર લખતાં નિર્દેશ કરે છે કે, છત્રાપાલીયગચ્છના[1] આ૦ દેવેન્દ્રસૂરિએ[2] સેરિસામાં આવી જમીનમાંથી એક મોટી પાષાણની ફલહી(પાટ) કઢાવી અને તેની જિનપ્રતિમાઓ બનાવવા માટે પદ્માવતીદેવીનું આરાધન કર્યું. દેવીએ જણાવ્યું કે, 'સોપારકના એક અંધ સ્થપતિને બોલાવી લાવી તેની પાસે પ્રતિમાઓ તૈયાર કરાવો. જો તે એક જ રાતમાં પ્રતિમાઓ ઘડીને તૈયાર કરી આપશે તો તે મહાપ્રાભાવિક થશે.'

---

૧. અંચલગચ્છમાં સં. ૧૨૧૭માં છત્રહર્ષ નામની એક શાખા નીકળી હતી.

૨. આ૦ દેવેન્દ્રસૂરિ? (ચંદ્રસૂરિ) તે રાજગચ્છીય પં૦ પાર્શ્વદેવગણિ સંભવે છે. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૧૭ – પટ્ટાવલી : ૩)

સેરિસાના શ્રીસંઘે તે સ્થપતિને બોલાવ્યો અને તેને ફલહી આપવામાં આવી. સ્થપતિએ એક જ રાતમાં શ્રીપાર્શ્વનાથ ભ૦ની પ્રતિમા ઘડીને તૈયાર કરી, પણ પ્રતિમાની છાતીમાં એક મસો રહ્યો હતો. તેને દૂર કરવા સ્થપતિએ તે સ્થળે હળવા હાથે ટાંકણું લગાવ્યું ને ત્યાંથી લોહીની ધારા વછૂટી. આચાર્યશ્રીએ આંગળી દાબી લોહીને રોકી દીધું. તે પછી બીજી ચોવીશ પ્રતિમાઓ તૈયાર કરવામાં આવી. આચાર્યશ્રી તે જ રાત્રે બીજી ચાર પ્રતિમાઓ પોતાની દિવ્ય શક્તિથી બહારથી લાવવાના હતા. ત્રણ પ્રતિમાઓ તો આવી અને સવાર પડી ગઈ. ચોથી પ્રતિમા લાવતાં જ્યાં પ્રભાત થયું તે સ્થળે એટલે પારાચણના ખેતરમાં પધરાવી. પ્રતિમા રાતે બનેલી હોવાથી તેના અવયવો સાફ દેખાતા નથી. ગૂર્જરેશ્વર કુમારપાલે અહીં ચોથી પ્રતિમા ભરાવી ચૌમુખજીની સ્થાપના કરી તે જ પ્રતિમાઓ આજે પણ પૂજાય છે. (–વિવિધતીર્થકલ્પ, પૃ. ૨૪-૨૫)

(૩) પં૦ **રત્નમંદિર ગણિ** જણાવે છે કે, 'ક્ષુલ્લક **દેવચંદ્રે** ચક્રેશ્વરીદેવીનું આરાધન કર્યું અને તેની પાસે એક જ રાતમાં ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા અને વિશાળ એવો જિનપ્રાસાદ બનાવ્યો.

આ રીતે સેરિસા મહાતીર્થ બન્યું. (–ઉપદેશતરંગિણી)

(૪) કવિવર લાવણ્યસમય સૂચવે છે કે, આ૦ વિદ્યાસાગર સેરિસા પધાર્યા. તેમની સાથે ૫૦૦ શિષ્યોનો પરિવાર હતો. તેમાંથી બે શિષ્યોએ છૂપી રીતે મંત્રારાધના કરી બાવન વીરોને સાધ્યા. તેઓએ વીરોને હુકમ કર્યો કે, 'જિનપ્રતિમા સાથેનું વિશાળ જિનમંદિર લઈ આવો.' એ વીરો આકાશમાર્ગે જિનમંદિર લાવી રહ્યા હતા એટલામાં ગુરુમહારાજ જાગ્યા અને તે શિષ્યોનું કામ સમજી ગયા. તેમણે તરત પદ્માવતીદેવીને બોલાવીને જણાવ્યું કે, 'અહીં ભવિષ્યમાં ઉપદ્રવ થવાનો છે તેથી આ પ્રતિમા અહીં ઊતરે એ લાભપ્રદ નથી.' આથી દેવીએ એ જિનપ્રતિમાને અદ્રશ્ય રાખી. તે પછી **આ૦ દેવચંદ્રે** ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા ધરણેન્દ્ર મારફત મંગાવી તેની અહીં સ્થાપના કરી. તે પ્રતિમા પાતાલમાંથી આવી હતી. અધિષ્ઠાયકદેવ તેને પાતાલમાં લઈ જવા ઇચ્છતો હતો, તેથી તે ડોલતી હતી. આથી તેનું નામ 'લોડણ પાર્શ્વનાથ' પડ્યું. આ૦ દેવચંદ્રે બીજી ૨૩ જિનપ્રતિમાઓ લાવી અહીં પધરાવી. પાટણના મંત્રી **ચંડપ્રસાદ** તથા મંત્રી **વસ્તુપાલે** અહીં ભ૦ નેમિનાથની પ્રતિમા પ્રતિષ્ઠિત કરાવી.

આ પ્રમાણોથી એટલું સ્પષ્ટ છે કે, આ૦ દેવેંદ્રસૂરિએ[1] મંત્રબળથી સેરિસાનું તીર્થ સ્થાપન કરેલું છે.

(–સેરિસા સ્તવન સં. ૧૫૮૨, જૈનસત્યપ્રકાશ, ક્ર. : ૩૯)

---

૧. વિક્રમની બારમી, તેરમી શતાબ્દીમાં દેવેન્દ્રસૂરિ અને ધર્મઘોષસૂરિ નામના એક કરતાં વધારે આચાર્યો થયા હતા.

સં. ૧૭૨૧ માં મુસલમાનોએ આ મંદિર તોડી નાખ્યું. આ૦ **વિજય-નેમિસૂરિ** અહીં પધાર્યા ત્યારે તેમણે અહીંનો ટીંબો સાફ કરાવી પ્રતિમાઓને બહાર કઢાવી.

એ સમયે અમદાવાદના **નગરશેઠ** કુટુંબમાં થયેલા શેઠ **સારાભાઈ ડાહ્યાભાઈ** ધનવાન, બુદ્ધિમાન અને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં એક કુશળ વહીવટકર્તા આગેવાન વ્યક્તિ હતા. તપાગચ્છીય બાલબ્રહ્મચારી શાંતમૂર્તિ **આ૦ શ્રીવિજયકમલસૂરિ**ના તેઓ અનન્ય ભક્ત હતા. તેમણે આ૦ નેમિસૂરિના ઉપદેશથી સેરિસામાં વિશાળ જિનપ્રાસાદ તૈયાર કરાવ્યો. તેમનો સ્વર્ગવાસ થવાથી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ સં. ૨૦૦૨ ના વૈશાખ સુદિ ૧૦ ના રોજ એ **જિનપ્રાસાદ**માં આ૦ **શ્રીવિજયનેમિસૂરિ**ના હાથે ત્યાંની પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી. આ મંદિર વિશાળ છે અને પ્રતિમાઓ ભવ્ય છે.

(–જૈન તીર્થોનો ઇતિહાસ)

(૫) તપાગચ્છીય આ૦ ધર્મઘોષસૂરિ (સં. ૧૩૨૮)એ 'પાર્શ્વનાથસ્તોત્ર' રચ્યું છે, તેના છઠ્ઠા શ્લોકમાં જણાવ્યું છે કે, 'શિરીષ (સેરિસા)નગરમાં ભ૦ પાર્શ્વનાથની ઉપસર્ગના પ્રસંગ પછીની નાગરાજથી વીંટાયેલા ચરણોવાળી, ફણાથી શોભતી અને ધ્યાનસ્થ પ્રતિમા છે.' આ વર્ણન ઉપરથી એ પ્રતિમાના સ્વરૂપ ઉપર પ્રકાશ પડે છે.

(૬) જગદ્‌ગુરુ આ૦ **શ્રીહીરવિજયસૂરિ**ની પરંપરાના પં૦ મુનિ **શ્રીનેમ-વિજયજી** જણાવે છે કે, શ્રીકાંતનગર, જેનું બીજું નામ જૈન કુંતી અથવા વડનગર હતું, તેના શેઠ ધનપતિના ઘરમાં ત્રણ પ્રાચીન પ્રતિમાઓ હતી. તેમાંની એક મૂળનાયકની પ્રતિમા વિદ્યાસિદ્ધ નાગાર્જુન લઈ ગયો હતો તેથી શેઠે તેની જગ્યાએ શ્રીવીર ભગવંતની પ્રતિમાને સ્થાપન કરી હતી. એ સમયે એક આચાર્યનો સમુદાય એ નગરમાં યાત્રા કરવા આવ્યો. શેઠનું મંદિર અને મૂર્તિઓ જોઈ સૌને આનંદ થયો. એ સમુદાય ત્યાંથી બીજા નગરમાં ગયો. ત્યાં જિનમંદિર નહોતું. એટલે આચાર્યશ્રીના બે શિષ્યોએ ગુરુ મહારાજને કહ્યા વિના તેમની મંત્રપોથીમાંથી બાવન વીરોને આકર્ષણ કરવાની વિદ્યાનો પ્રયોગ કર્યો. આથી બાવન વીરો હાજર થયા. તે શિષ્યોએ તેઓને જણાવ્યું કે, 'કાંતિનગરમાંથી મૂર્તિ સમેત મંદિર લઈ આવો.' વીરો તે જિનાલય લેવા જતા હતા ત્યારે તેઓએ જણાવ્યું કે, 'કુકડો બોલે તે પહેલાં અમે એ કરી લઈશું પણ કુકડો બોલ્યા પછી કામ થઈ શકશે નહીં.' વીરો ત્યાંથી આકાશમાર્ગે મંદિર લાવી રહ્યા હતા ત્યારે આચાર્યશ્રીએ જાણી લીધું કે આ કામ પેલા બે ચેલાઓનું છે. પરંતુ ભવિષ્યમાં આ નગરમાં ધર્મપ્રવૃત્તિને નુકસાન થવાનું છે એમ ગુરુશ્રીએ જાણીને એ દેરાસર અહીં આવે તે પહેલાં જ કુકડાનો

અવાજ કર્યો તેથી વીરોએ એ મંદિર તે સ્થળે રસ્તામાં જંગલમાં જ ઉતાર્યું. તેમાં મૂળનાયકનું સ્થાન ખાલી હતું.

એક વાર આ૦ ધર્મઘોષસૂરિ અહીં દર્શનાર્થે પધાર્યા. તેમણે પ્રથમ ધરણેંદ્ર અને નાગેંદ્રને આરાધી તેમની પાસેથી ભ૦ પાર્શ્વનાથની બીજી પ્રતિમા મેળવીને અહીં મૂળનાયકની જગાએ સ્થાપન કરી. ધીમે ધીમે ત્યાં ગામ વસ્યું, મૂળનાયકની પ્રતિમા ડોલતી હતી તેથી તેનું નામ 'લોડણ પાર્શ્વનાથ' પડ્યું. પછી આચાર્યશ્રીએ મંત્રો વડે તે પ્રતિમાને સ્થિર કરી. પ્રતિમાના કારણે તે સ્થાનનું માહાત્મ્ય વધ્યું અને તે સ્થળ ૪૮ કોશમાં મોટા નગર રૂપે વસી ગયું. દેરાસરની ચારે બાજુએ ગીચ વસ્તી હતી. ત્યાં જવા માટેની શેરી પણ સાંકડી બની ગઈ હતી. આથી એ સ્થાન **શેરીસા** અને **કડી** નામે વિખ્યાત થયું.

અહીં **શ્રીવંત** નામે એક ધનાઢ્ય શ્રાવક વસતો હતો. સંઘમાં મુખ્ય આગેવાન હતો. જબરો વહાણવટી હતો. ધર્મશ્રદ્ધાળુ પણ હતો. તે ભગવાન પાર્શ્વનાથની નિત્ય પૂજા કરતો. ગુરુભક્તિ કરતો. પર્વ દિવસે ઉપવાસ, પૌષધ વગેરે કરતો હતો. તે ૧૨૦ વર્ષનો થયો.

એક દિવસે તેનાં બધાં વહાણ સમુદ્રમાં ડૂબી ગયાં અને વખારમાં ભરેલો માલ ચોરો ઉપાડી ગયા. આથી તે નિર્ધન બની ગયો. લોકો તેને કંઈ પણ ઉછીનુંયે આપતા નહીં, પણ તેનો ધર્મરંગ જરાયે ઊતર્યો નહોતો.

એક દિવસે પજુસણમાં સૌ કોઈ વ્યાખ્યાનમાં બેઠા હતા એટલામાં શ્રીવંત શેઠની પત્ની આવીને ઉપાશ્રયમાં સૌની આગળ બેસવાને જવા લાગી. ત્યારે એક સ્ત્રીએ મેણું માર્યું કે, 'ઘરમાં પૈસા મળે નહીં અને શેઠાણી થઈને આગળ બેસવું છે ! મોટાઈનું માન લેવું હોય તો સંવત્સરી દાન દે અને પ્રભાવના કર.' શેઠાણી તુરત બોલી કે, 'આજે તો મોટો પર્વ દિવસ છે, ઘરમાં સંપત્તિ હોય તો તેનો લાભ કોણ ન લે ? જો કુદરત કૃપા કરશે તો કાલે જ નવકારશી જમાડીશ.' એમ કહી ઊઠીને તે ચાલતી થઈ.

તેણે ઘેર આવી શ્રીવંત શેઠને બધી વાત કહી, અને તેમને સમજાવીને ઉપાશ્રય મોકલી આવતી કાલની નવકારશીના જમણનું સૌને નોંતરું અપાવ્યું. પરંતુ ઘરમાં ફૂટી બદામ પણ હતી નહીં અને કોઈ ઉધાર આપે તેમ પણ હતું નહીં.

શેઠ રાતે પવિત્ર થઈ, સ્વચ્છ વસ્ત્રો પહેરી, ધૂપ-દીપ કરીને સેરિસા પાર્શ્વનાથનું ધ્યાન કરવા લાગ્યા. થોડો સમય થતાં એક સર્પ નીકળી આવ્યો અને તરત બીલમાં પેસી ગયો. શેઠાણીએ વિચાર કર્યો કે, 'આ બીલમાં

હાથ નાખું તો સાપ કરડશે. આથી આફતમાંથી બચી જવાશે.' તેણે બીલમાં તરત હાથ નાખ્યો ત્યાં તો તેના હાથમાં સોનાની સાંકળ આવી.

એ સાંકળ વેચીને **શેઠે નવકારશી**નું જમણ કર્યું, અને તેમની આબરૂ સચવાઈ ગઈ. જેણે એ સાંકળ વેચાતી લીધી હતી તેણે તે પોતાના ખજાનામાં મૂકી રાખી. જ્યારે તે તેને ફરીથી જોવા ગયો તો તેણે સાંકળને બદલે સાપ જોયો. લોકોએ આ વૃત્તાંત જાણ્યું અને આ કાર્ય અધિષ્ઠાયક દેવનું છે એમ સમજી સર્વત્ર પાર્શ્વનાથ ભગવંતનો ચમત્કાર ફેલાયો.

(–થંભણ પાર્શ્વનાથ સ્તવન, સેરિસા પાર્શ્વનાથ સ્તવન, શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન–રાસ, ઢાળ ૧૫-૨૪, રચના સં. ૧૮૧૧ ફાગણ સુદિ ૧૩ સોમવાર; પ્રક. ૫૮ મહો૦ કલ્યાણવિજય-ગણિની શ્રમણપરંપરા નં. ૬૬, પં૦ નેમિનાથગણિ વીરવંશાવલી)

અંતરીક્ષ પાર્શ્વનાથ તીર્થ (સં૦ ૧૧૪૨)

લંકા નગરીના પ્રતિવાસુદેવ રાજા **રાવણ**ના માનીતા **માલી** તથા **સુમાલી** રાવણની આજ્ઞાથી વિમાનમાં બેસી કોઈ કામ માટે નીકળ્યા.તેઓ તીર્થંકરની પૂજા કર્યા સિવાય ભોજન કરતા નહોતા. કોઈ વેળાએ તેઓ **વિદર્ભ**માં નીચે ઊતર્યા. નોકરે રસોઈ તૈયાર કરેલી પરંતુ તેઓ જિનપૂજાની પેટી લંકામાં જ ભૂલી આવ્યા હતા. એટલે તેમણે શુદ્ધ ભાવથી શ્રીપાર્શ્વનાથ ભગવંતની ફણાવાળી વેળુની પ્રતિમા બનાવીને તેની પૂજા કરી અને નીકળતી વેળાએ તેને પાસેના સરોવરમાં (કૂવામાં) પધરાવી દીધી. એ પ્રતિમા ત્યાં વજ્ર જેવી કઠણ બની ગઈ. કૂવાનો દેવ તેનેં પૂજવા લાગ્યો. એ સ્થળ મત્સ્ય દેશના વિગોલી વિભાગનું વૈરાટ (વૈદર્ભી)નગર હતું તેથી તે વિભાગ વરાડ નામે પ્રસિદ્ધ થયો.

એલિચપુરમાં **શ્રીપાલ** નામે રાજા હતો. તેના શરીરમાં કોઢ રોગ ફૂટી નીકળ્યો એટલે તે રાજપાટ છોડીને અંતઃપુરને સાથે લઈ જંગલમાં જઈ વસ્યો. તેણે એક દિવસે સાંજે તે જ સરોવરમાં હાથ-પગ ધોયા અને પાણી પીધું તેથી તેને તે રાત આરામમાં પસાર થઈ. રાણીએ જોયું તો રાજાનો કોઢ રોગ શમી ગયો હતો. તેણે રાજા પાસેથી ગઈ કાલની સર્વ હકીકત જાણી અને તળાવ પાસે જઈને ધૂપ-દીપ કર્યા. રાણીને તે રાતે સ્વપ્ન આવ્યું કે, 'અહીં ભગવાન પાર્શ્વનાથની પ્રતિમા છે. તેના પ્રભાવથી રાજાને આરામ થયો છે. હવે તમે આ પ્રતિમાને બહાર કાઢી તમારા સ્થાને લઈ જાઓ. સાત દિવસના જન્મેલા ગાયના વાછરડાંની જોડીથી જોતરેલા રથમાં પ્રતિમાજીને પધરાવો અને તમે આગળ ચાલજો. રથ આપોઆપ તમારી પાછળ આવશે; પણ યાદ રાખજો કે, તમારે પાછા વળીને જોવું નહીં અને પાછળ રથ આવે

છે કે નહીં તેની શંકા પણ કરવી નહીં, જ્યારે તમને શંકા થશે ત્યારે તે સ્થળે પ્રતિમાજી સ્થિર થઈ જશે.'

રાણીએ સવારે સ્વપ્નની બધી વાત જણાવી. રાજાએ સ્વપ્ન અનુસાર બધી વ્યવસ્થા ગોઠવી અને તે એલિચપુર તરફ ચાલ્યો. પરંતુ વડ નીચે જતાં જતાં રાજાને શંકા થઈ કે રથ આવે છે કે નહીં ? રાજાએ પાછળ વળીને જોયું એટલે પ્રતિમા ત્યાં જ સ્થિર થઈ ગઈ અને રથ નીચેથી નીકળી ગયો. પ્રતિમાજી ત્યાં એટલાં અધર હતાં કે નીચેથી પનિહારી હેલ લઈને નીકળી જાય. પછી કાળના પ્રભાવે તે ધીમે ધીમે નીચે આવતી ગઈ. આજે તે એટલી અધર છે કે, તેની પાછળ રાખેલા દીવાનો પ્રકાશ આગળ સુધી આરપાર નીકળી આવે. આથી એ અધર હોવાને કારણે 'અંતરીક્ષ પાર્શ્વનાથ' નામથી ખ્યાતિ પામી.

રાજા શ્રીપાલે ત્યાં **શ્રીપુર નગર** વસાવ્યું અને તેમાં વિશાળ જિનાલય બંધાવ્યું, પણ તેના મનમાં ગર્વ થયો એટલે પ્રતિમાજી મંદિરમાં બેઠાં નહીં. પછી શ્વેતાંબર જૈન સંઘે ત્યાં જ બીજું મંદિર તૈયાર કરાવ્યું અને મલધારી આ૦ **અભયદેવસૂરિ**એ સં. ૧૧૪૨ના મહા સુદિ ૫ ને રવિવારે તે મંદિરમાં ભ૦ અંતરીક્ષ પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. આ સમયે પ્રતિમા ચાર આંગળ અધર હતી. રાજાએ પૂજા માટે શ્રીનગર ભેટ આપ્યું.

(જૂઓ, પ્રક. ૩૮, પૃ. ૨૭૪; પ્રક. ૩૯, પૃ. ૩૩૪)

તપાગચ્છીય આ૦ વિજયદેવસૂરિના આજ્ઞાધારક મહોપાધ્યાય **ભાવવિજય-ગણિ** પૂર્વ કર્મના ઉદયથી આંખે આંધળા થઈ ગયા હતા. તેમને મનમાં વિશ્વાસ હતો કે, અંતરીક્ષ પાર્શ્વનાથ ભગવંતની યાત્રા કરવાથી લાભ થશે એટલે તેઓ પાટણના શ્રીસંઘ સાથે અહીં યાત્રાએ પધાર્યા. તેમણે અહીં પ્રભુ સામે બેસી એકાગ્રતાથી અને ઉલ્લાસથી સ્તોત્ર ગાયું. એ રીતે ભક્તિ કરતાં આંખનાં પડળ ઊઘડી ગયાં અને તેમને પ્રભુનાં દર્શન થયાં. તેમણે ત્યાં જ પ્રભુનું જે સ્તોત્ર બનાવ્યું છે તે ઉપલબ્ધ છે. પછી તો તેઓ ગુજરાતમાં પધાર્યા, તેમને મહામહોપાધ્યાયની પદવી મળી. તેમણે 'ઉત્તરાધ્યયનસૂત્ર'ની ભાવવાહી ટીકા બનાવી. સ્તોત્રમાં અંતરીક્ષ પાર્શ્વનાથનો ઐતિહાસિક પરિચય આપેલો છે. તેમના ઉપદેશથી શ્વેતાંબર સંઘે સં. ૧૭૧૫માં અંતરીક્ષજી તીર્થનો **જીર્ણોદ્ધાર** કરાવ્યો અને મંદિરમાં આ૦ વિજયદેવસૂરિ તથા મહો૦ ભાવવિજય ગણિની **ચરણપાદુકા** પધરાવી. અહીં **માણિભદ્રવીર**ની પ્રાચીન સ્થાપના છે. મૂળનાયકજીની અઢીસો વર્ષ પુરાણી **ચાંદીની આંગી** વિદ્યમાન છે, જે એટલા પુરાણા સમયમાં આંગી બનતી હતી તેનો પુરાવો આપે છે. આજે પણ મૂળનાયકજીની પ્રતિમા નીચેથી અંગલૂછણું નીકળી જાય એટલી તે અધર છે.

(જૂઓ, પ્રક. ૫૮, મહો૦ વિમળહર્ષ ગણિની પરંપરા)

એક વાર એક લૂંટારાએ અહીં પાસેના એક ગામમાં લૂંટ ચલાવી ગામ ભાંગ્યું. તે ગામના એક જૈન દિગંબર મંદિરમાં તીર્થંકરની દિગંબર પ્રતિમાઓ હતી. શ્વેતાંબર સંઘે **ભાઈચારાથી** તે પ્રતિમાઓને શ્રીપુર(શિરપુર)માં લાવી મંદિરમાં રાખી અને તે સમયથી દિગંબર જૈન ભાઈઓ પણ અહીં યાત્રાર્થે આવવા લાગ્યા પરંતુ એનું પરિણામ એ આવ્યું કે, દિગંબર જૈનોને લાલચ લાગી અને તીર્થને પોતાનું બનાવવા તેઓએ ઝગડો શરૂ કર્યો, પરંતુ તેમાં તેમને કોરી નિષ્ફળતા જ મળી.

આ તીર્થનો વહીવટ આજે બાલાપુરના શેઠ હરખચંદ હોંસીલાલ, પાનાચંદ વગેરે તપાગચ્છનો શ્રીસંઘ કરે છે.

(–મહો૦ ભાવવિજયજી રચિત 'અંતરીક્ષ પાર્શ્વનાથમાહાત્મ્ય' શ્લો. ૧૪૪, તીર્થમાલાઓ, અજાતશત્રુ આ૦ વિજયકમલસૂરિકૃત અંતરીક્ષ પાર્શ્વનાથ માહાત્મ્ય, સં. ૧૯૬૪ ચૈત્ર સુદિ ૮, મુ. : અંતરીક્ષ)

દક્ષિણમાં ચાર શ્વેતાંબરી તીર્થો વિદ્યમાન છે.

(૧) **કુલ્પાકજી**, જેનો પરિચય અગાઉ (પ્રક. ૨૮, પૃ. ૩૭૬માં) આવી ગયો છે.

(૨) **અંતરીક્ષ પાર્શ્વનાથ**, જેનો પરિચય ઉપર આવી ગયો છે,

(૩) **મુક્તાગિરિ** એ શામળિયા પાર્શ્વનાથનું પ્રાચીન શ્વેતાંબર જૈન તીર્થ છે. એનું પ્રાચીન નામ ગજપદ કે મેઢગિરિ હતું. (જૂઓ, પ્રક. ૧, પૃ. ૫૪)

પં૦ **શીલવિજયજી** પાંચ તીર્થોમાં મુક્તાગિરિને પણ ગણાવે છે. અહીંનો વહીવટ શ્વેતાંબર જૈનોના હાથમાં હતો. સં. ૧૯૩૮ સુધીમાં **શેઠ માણેકચંદ ડાહ્યાભાઈ** શ્વેતાંબર જૈન ઓશવાલ અહીંનો વહીવટ કરતા હતા. પછી તેમણે આસપાસમાં દિગંબર જૈનો વધુ હોવાથી દિગંબર જૈન ભાઈઓ પણ તીર્થભક્તિનો લાભ લે એવી સદ્‌ભાવનાથી અને ભાઈચારાના હેતુથી એનો વહીવટ દિગંબર ભાઈઓને સોંપ્યો અને દિગંબર તીર્થરક્ષક કમિટીના એકતરફી વલણના કારણે તેમણે આ તીર્થને પૂર્ણ રીતે દિગંબર તીર્થ બનાવવાના પ્રયત્નો ચાલુ રાખ્યા છે.

(૪) **કુંભોજતીર્થ – કોલ્હાપુર** અને સાંગલીની વચ્ચે એક નાનકડી પહાડી પર જગવલ્લભ પાર્શ્વનાથનું ત્રણ માળનું ઊંચું અને ભવ્ય દેરાસર છે. નીચેથી ઉપર ૧. ભ૦ અજિતનાથ, ૨. ભ૦ જગવલ્લભ પાર્શ્વનાથ, ૩. ભ૦ ચંદ્રપ્રભસ્વામી મૂળનાયક છે. ચોકમાં ચાર દેરીઓ છે. બે દેરીઓમાં જિનપ્રતિમા, ત્રીજી દેરીમાં પદ્માવતી દેવી અને ચોથી દેરીમાં **માણિભદ્ર** વીરની મૂર્તિઓ છે.

પહાડ નીચે ધર્મશાળા છે. પહાડથી ગામ દૂર છે. અહીં તપાગચ્છના ભટ્ટારક શ્રીપૂજ વિજયાનંદસૂરિના ઉપદેશથી સં. ૧૭૯૧ માં જીર્ણોદ્ધાર થયો હતો.

નાશિક – આ શ્વેતાંબર જૈનોનું પ્રાચીન તીર્થ છે. અહીં **પલ્લીવાલ** સાહુ ઈસરનો પુત્ર માણિક્ય, તેની પત્ની નાઉદેવી, તેના પુત્ર સાહુ કુમારસિંહે ભ૦ ચંદ્રપ્રભ જિનપ્રાસાદનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. તેણે પાયાથી શિખર સુધી નવો જિનપ્રાસાદ બંધાવ્યો હતો.

સાધુ પેથડ કુમારે નાશિકમાં ભ૦ ચંદ્રપ્રભ જિનેશ્વરનું, દેવગિરિમાં ભ૦ મહાવીરસ્વામીનું, સેતુબંધમાં ભ૦ નેમિનાથનું જિનાલય વગેરે બંધાવ્યાં હતાં. ઓંકારનગરમાં ભવ્ય તોરણ ચડાવ્યું હતું.

(જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૪૬; આ૦ જિનપ્રભસૂરિકૃત ગુર્વાવલી, વિવિધતીર્થકલ્પ)

અત્યારે નાશિકમાં ઉપર્યુક્ત સ્થાનો નથી.

કોલ્હાપુર – ચંદ્રકુળના કૃષ્ણર્ષિગચ્છના આ૦ **નન્નસૂરિ**ના ઉપદેશથી ધર્કટગોત્રના શા૦ દેવધર ઓશવાલની પુત્રી **મૂલુ** અને તેના પુત્ર વૈરાકે સં. ૧૩૬૮ માં કોલ્હાપુરમાં પોતાના માતા-પિતાના શ્રેય માટે 'શ્રીમહાવીરચરિત્ર' ખરીદીને આ૦ નન્નસૂરિને વહોરાવ્યું અને આચાર્યશ્રીએ એ મહાવીરચરિત્ર વ્યાખ્યાનમાં વાંચી સંભળાવ્યું. (–જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્રશસ્તિ ૩૬)

કેદાર – પ્રતિવાસુદેવ રાજા રાવણના અધિકારી કેદારે અષ્ટાપદ તીર્થની પાસે **કેદાર પાર્શ્વનાથ**નું તીર્થ સ્થાપ્યું હતું. આજે આ તીર્થ વિદ્યમાન નથી.

ઘોઘા તીર્થ –

ઘોઘા સૌરાષ્ટ્રમાં આવેલું પ્રાચીન બંદર છે. અહીંના શા૦ હીરા નાણાવટી શ્રીમાલીએ સં. ૧૧૬૮ માં વિશાળ જિનપ્રાસાદ બંધાવી તેમાં ભ૦ પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા આ૦ મહેંદ્રસૂરિના હાથે કરાવી હતી.

સુલતાન મહમ્મદ બેગડાના બીજા પુત્ર અહમદ સીકંદરે સં. ૧૫૩૧ (સને ૧૪૭૪)માં રાણાજી ગોહિલનું રાણપુર ભાંગ્યું. તેથી રાણાજી ગોહિલની પરંપરાના **મોખડજી**એ ઘોઘામાં આવી પોતાની ગાદી સ્થાપન કરી. તે પીરમ-બેટનો બાદશાહ કહેવાતો હતો. એ દરિયાના વેપારી વહાણોને લૂંટતો હતો. દિલ્હીના બાદશાહ મહમ્મુદ બિન તઘલખે (સને ૧૩૨૫ થી ૧૩૫૧) તેની આ ચાંચિયાગીરીના ઘંઘાથી ક્રોધે ભરાઈને ઘોઘા ઉપર મુસલમાની સેના મોકલી અને મોખડજી ગોહિલ સને ૧૩૪૭ માં મુસલમાન સેનાપતિના હાથે ખેદડપુર પાસે મરણ પામ્યો. તે પછી તેનો પુત્ર ડુંગરજી ગોહિલ ઘોઘાનો રાજા બન્યો.

બાદશાહ મહમ્મુદની સેનાએ ઘોઘામાં શ્રીપાર્શ્વનાથની ઉપર્યુક્ત પ્રતિમાને તોડીને નવ ટુકડા કરી નાખ્યા હતા. આ નવ ટુકડા લાપસીમાં દાબી રાખવાથી જોડાઈ ગયા હતા પણ તેના સાંધા સ્પષ્ટ દેખાતા હતા, તેથી આ પ્રતિમા **નવખંડા પાર્શ્વનાથ** નામે ઓળખાવા લાગી. આજે પણ ઘોઘાનું તીર્થ નવખંડા પાર્શ્વનાથના નામથી પ્રસિદ્ધ છે. એ અને એની મૂર્તિઓને અનુલક્ષીને પ્રાચીન જૈનાચાર્યોએ એ નામનાં સ્તોત્રો પણ રચ્યાં છે.

એ પછીના સમયમાં ઘોઘાબંદરના રહેવાસી શેઠ સાંડા શ્રીમાલીના પુત્ર સં. સરવણે તપાગચ્છીય આ૦ દેવસુંદરસૂરિ (સં. ૧૪૨૦ થી ૧૪૬૬)ના પરિવારના મુનિવરોના ઉપદેશથી અહીં નવાં જિનાલયો બંધાવ્યાં અને શત્રુંજય તથા ગિરનાર તીર્થના છ'રી પાળતા યાત્રા સંઘો કાઢ્યા. તેણે પાલીતાણામાં લલિતાસરોવરનું સમારકામ કરાવ્યું હતું.

શેઠ સાંડા શ્રીમાલીના બીજા પુત્ર **ધાંધે** દુકાળમાં દાનશાલાઓ ખુલ્લી મૂકી જનતાનો મોટો ઉપકાર કર્યો હતો. પાલીતાણામાં મંત્રી તેજપાલે બંધાવેલા ભ૦ પાર્શ્વનાથના જિનાલયનો જીર્ણોદ્ધાર તેણે કરાવ્યો હતો. બીજા પણ ઘણાં ધર્મસ્થાનો બંધાવ્યાં હતાં. સં. સરવણના પુત્રે 'નાયાધમ્મકહાઓ' સટીકની પ્રતિ લખાવી હતી. (–જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્ર. ૫૭)

ઘોઘાના મંત્રી તેજા શ્રીમાલીનો પુત્ર મેઘો મંત્રી હતો. તેને ધર્મિણી પત્ની અને કડુઓ, ધાંગો નામે પુત્રો હતા ધર્મિણી વગેરેએ સં. ૧૪૯૧ ભાદરવા વદિ ૧ ના આ૦ સોમસુંદરસૂરિના ઉપદેશથી 'ચંદપન્નત્તિવૃત્તિ' ગ્રં. ૯૫૦ તાડપત્રી ઉપર લખાવી. (શ્રી પ્રશસ્તિસંગ્રહ, પૃ. ૯૫)

ઘોઘાનિવાસી શા૦ સોમજી આ૦ વિજયદેવસૂરિનો શ્રાવક હતો. તે મરીને દેવ થયો. પછી તેના કુટુંબીઓ વિધર્મી બની ગયા. સોમજી દેવે એ વાત જાણીને સૌને ઉપદેશ આપ્યો તેમજ ચમત્કાર બતાવ્યો. તે પછી તે બધા આ૦ વિજયદેવસૂરિના ભક્ત બન્યા. (તપાગણગુણપદ્ધતિ)

તપાગચ્છના મહોપાધ્યાય કલ્યાણવિજય ગણિની પરંપરાના ઉપા૦ કુઅરવિજયે સં. ૧૭૨૦ માં ઘોઘામાં ચતુર્માસ કર્યું હતું અને તીર્થપટ્ટની સ્થાપના કરી હતી. (જૈનસત્યપ્રકાશ, પૃ. ૫૯, ક્રમાંક : ૧૧૭)

સં. ૧૭૮૧ ના કાર્તિક સુદિ ૧૩ના રોજ ઘોઘામાં ભ૦ પાર્શ્વનાથના જિનપ્રાસાદના ભોંયરામાં શેઠ મીઠા સુંદરજીની શેઠાઈમાં તપાગચ્છના ભટ્ટારક વિજયરત્નસૂરિના શિષ્ય આજ્ઞાધારક ભ૦ રાજસાગરસૂરિના શિષ્ય પં૦ દેવવિજય ગણિએ ભ૦ સુવિધિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

(ભોંયરાનો શિલાલેખ; પ્રક. ૫૮)

રાજા અખેરાજજી ગોહિલે સં. ૧૭૧૯ના વૈશાખ સુદિ ૩ના રોજ વડવા પાસે ભાવનગર વસાવ્યું અને તેને બંદર બનાવ્યું. ઘોઘા બંદર ત્યારથી બંધ પડ્યું.

પીરમબેટ – ઘોઘાબંદરથી ૭ કોશ દૂર ખરસલિયા ગામના પૂર્વ કિનારે પીરમબેટમાં જૈનોનાં ઘણાં ઘરો હતાં અને જિનાલય હતું. અલ્લાઉદ્દીન ખિલજીના સૂબા અલફખાન સં. ૧૩૬૯માં શત્રુંજય તીર્થને તોડવા આવ્યો ત્યારે પીરમબેટના શ્રાવકોએ શત્રુંજય તીર્થની ભ૦ આદીશ્વરની પ્રતિમાને ઉપાવી લાવી પીરમબેટમાં છુપાવી હતી. આ પ્રતિમાનો પછીનો ઇતિહાસ મળતો નથી. પીરમબેટમાંથી જિનપ્રતિમાઓના અવશેષો મળી આવ્યા છે.

શિયાલબેટ (સૌરાષ્ટ્ર) – આ૦ વાદિદેવસૂરિની પરંપરાના (૪૭) આ૦ નયનચંદ્રસૂરિએ સં. ૧૩૪૩ના મહા સુદિ ૧૦ ને ગુરુવારે શિયાલબેટમાં ભ૦ નેમિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી. (–પ્રક. ૪૧, પૃ. ૪૬૧(૪૭))

દીવબેટ – દીવના ઠ૦ મદન, ઠ૦ આલ્હણ, ઠ૦ જયંત, ઠ૦ જેતા, ઠ૦ રાજા, ઠ૦ પદમસિંહ વગેરેએ સં. ૧૩૦૬ મહા શુદિ ૧ના રોજ મહુવાના ગ્રંથભંડારને મોટી મદદ કરી હતી. (–પ્રક. ૪૫)

વિ. સં. ૧૫૯૩માં ફીરંગીઓએ દીવબેટને પોતાને કબજે કર્યો.

પ્રભાસ પાટણનો શેઠ **અભયરાજ** દીવબંદરમાં આવી વસ્યો. તેની પાસે ચાર પાંચ વ્યાપારી વહાણો હતાં.

તે (૧) અભયરાજ, (૨) તેની પત્ની અમરાદેવી, (૩) તેના ભાઈની પત્ની, (૪) પુત્ર મેઘકુમાર, (૫) પુત્રી ગંગાદેવી, (૬-૭-૮-૯) ચાર મુનિઓ, એમ નવ જણાએ ખંભાત જઈ જ૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરિની પાસે, ખંભાતના કંસારીપુરમાં રાયણનાં ઝાડ નીચે, આચાર્યદેવના વરદ હસ્તે દીક્ષા લીધી હતી. (સૂરીશ્વર ઔર સમ્રાટ, પૃ. ૨૧૩ થી ૨૧૬)

જ૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરિ, આ૦ વિજયસેનસૂરિ, આ૦ વિજયદેવસૂરિ, આ૦ વિજયપ્રભસૂરિ વગેરેએ દીવના ફીરંગીઓને ઉપદેશ આપી દયાપ્રેમી તથા ધર્મપ્રેમી બનાવ્યા હતા.

અંચલગચ્છના આ૦ **ધર્મમૂર્તિસૂરિ** (સં. ૧૬૦૨ થી ૧૬૧૦)ના ઉપદેશથી દીવબંદરના શેઠ **નાનચંદ ભણસાલી**એ ભ૦ શીતલનાથની પોખરાજની પ્રતિમા ભરાવી તેની પ્રતિષ્ઠા કરાવી હતી.

આ૦ વિજયસેનસૂરિ અને તેમના શિષ્ય મહો૦ નંદિવિજય ગણિવરે દીવના ફીરંગી રાજ્યના અધિકારીઓ, ગુરુ કાજી, કપ્તાન, મંત્રી કલાસ અને પાદરી વગેરેની વિનતિથી વહાણ દ્વારા દીવ જઈ તેઓને ઉપદેશ આપ્યો હતો.

જ૦ ગુ૦ આ૦ હીરવિજયસૂરિએ સં. ૧૬૫૦માં ચોમાસું કર્યું હતું આ૦ વિજયપ્રભસૂરિના ઉપદેશથી દીવના સં. નેમિદાસે શત્રુંજય તીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો. દીવમાં ૯ જિનાલયો હતાં. ઉનાના જૈન સંઘે નવમી સદીમાં દીવના ૩ જિનાલયોનો જીર્ણોદ્ધાર કરી તેમાં ૯ જિનાલયોની જિનપ્રતિમાઓ પધરાવી.

આજે ગિરનાર તીર્થની પંચતીર્થી કરનારા જૈન યાત્રિકો ઉના શહેર, જગદ્‌ગુરુસ્તૂપ અજારાતીર્થ અને દીવબંદરની યાત્રા કરે છે.

(જૂઓ, વિજયપ્રશસ્તિ મહાકાવ્યની ટીકા, સર્ગ ૨૦મો, શ્લોક ૪૬ તથા ૪૭ થી ૫૨; સર્ગ ૨૧મો, શ્લોક : ૧૧ થી ૨૦)

પ્રકરણ : ઓગણચાલીશમું

આચાર્ય યશોભદ્રસૂરિ, આચાર્ય નેમિચંદ્રસૂરિ

(સંવત્ ૧૧૬૯)

આ૦ સર્વદેવસૂરિની પાટે આ૦ યશોભદ્રસૂરિ[૧] અને આ૦ **નેમિચંદ્રસૂરિ** થયા. સંભવ છે કે, આ૦ યશોભદ્રસૂરિ સં. ૧૧૪૮ સુધી વિદ્યમાન હોય અને તેમની પાટે અથવા આ૦ **જયસિંહસૂરિ**ની પાટે આ૦ **પ્રભાચંદ્રસૂરિ** આવ્યા હોય.

આ૦ **નેમિચંદ્ર** તે આ૦ ઉદ્દ્યોતનસૂરિના શિષ્ય ઉપાધ્યાય **આમ્રદેવ**ના હસ્તદીક્ષિત શિષ્ય હતા. આ૦ નેમિચંદ્રસૂરિ 'પ્રવચન-સારોદ્ધાર'ની પ્રશસ્તિમાં જણાવે છે કે, આ૦ **જિનચંદ્રસૂરિ**ના શિષ્ય આ૦ **આમ્રદેવસૂરિ**ના ત્રણ શિષ્યો (૧) આ૦ વિજયસેનસૂરિ, (૨) આ૦ નેમિચંદ્રસૂરિ, (૩) આ૦ યશોદેવસૂરિ થયા (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૫૧-પરંપરા બીજી; પ્રક. ૩૬, પૃ. ૧૬૨, ૧૭૪). આચાર્ય થયા પહેલાં તેમનું પં૦ **દેવેન્દ્રગણિ** નામ હતું. આ૦ સર્વદેવસૂરિએ આ૦ **યશોભદ્ર**, આ૦ **જયસિંહ**, આ૦ **નેમિચંદ્રજી**, આ૦ **રવિપ્રભ**, આ૦ પ્રભાચંદ્ર વગેરે આઠને આચાર્યો બનાવ્યા. આ૦ નેમિચંદ્રજી સં. ૧૧૨૯ અને સં. ૧૧૩૯ના ગાળામાં થયા હતા. તેમણે તે જ ગાળામાં આ૦ **મુનિચંદ્ર**ને આચાર્યપદ આપી પોતાની પાટે સ્થાપન કર્યા. આ૦ નેમિચંદ્ર સં. ૧૧૬૯ પછી સ્વર્ગે ગયા.

સંભવ છે કે આ૦ યશોભદ્ર કે આ૦ જયસિંહની પાટે આ૦ પ્રભાચંદ્ર અને આ૦ નેમિચંદ્રની પાટે આ૦ મુનિચંદ્ર આવ્યા હોય. આ૦ મુનિચંદ્રે આ૦ આનંદ, આ૦ માનદેવ, આ૦ અજિત, આ૦ વાદિદેવ વગેરેને આચાર્યપદે આરૂઢ કર્યા હતા. તેમની વિદ્યમાનતામાં જ આ૦ **પ્રભાચંદ્રે** પૂનમિયા મતની સ્થાપના કરી હતી.

ગ્રંથ લેખન અને સંશોધન :

આ૦ નેમિચંદ્રે આચાર્ય થયા પહેલાં અને પછી ઘણા ગ્રંથો રચ્યા છે તે આ પ્રકારે હોવાનું જણાય છે :

૧. રયણચૂડ-તિલયસુંદરીકહા (ગ્રં. ૩૦૦૦) – તેઓ ગણિ હતા ત્યારે આ કથા રચી છે. વડગચ્છના પં૦ **યશોદેવગણિએ** તેની પહેલી પ્રતિ લખી છે. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૫૧-૫૨)

૨. ઉત્તરજ્ઝયણસુત્ત-વૃત્તિ – ગ્રં. ૧૨૦૦૦ (? ૧૪૦૦૦). પં૦ **દેવેન્દ્ર-ગણિએ** સં. ૧૧૨૯માં પાટણમાં દોહડિ શેઠની વસતિમાં રહીને ગુરુભ્રાતા

---

૧ આ૦ વિજયચંદ્રના શિષ્ય આ૦ યશોભદ્રસૂરિ હતા અને તેમના શિષ્ય આ૦ દેવપ્રભ થયા.

મુનિચંદ્રના વચનથી વાદિવેતાલ શાંત્યાચાર્યની પાઇય-ટીકાના આધારે એક પાઠ દર્શાવતી **લઘુવૃત્તિ** રચી છે. પં૦ સર્વદેવગણિએ તેને પ્રથમ પાટી પર લખી અને ગુરુભક્ત શેઠ **દોહડિએ** તેની પહેલી પ્રતિ લખી છે.

(જૂઓ, પ્ર. ૩૮, પૃ. ૩૧૪)

૩. આખ્યાનકમણિકોશ – તેમણે આચાર્યપદ પ્રસંગે આ ગ્રંથ યોજ્યો હતો. સુવિહિત આ૦ આમ્રદેવે તેની ટીકા બનાવી હતી. (જૂઓ, પ્રક. ૩૬, પૃ. ૧૭૪)

૪. મહાવીરચરિય (ગ્રં. ૩૦૦૦) – આ૦ નેમિચંદ્રે સં. ૧૧૩૯માં રાજા **કર્ણદેવ**ના રાજ્યમાં પાટણમાં શેઠ દોહડિની વસતિમાં રહી પોતાના કર્મમળ ધોવા માટે આ ચરિત્ર બનાવ્યું.

૫. **પ્રવચનસારોદ્ધાર** – આ૦ નેમિચંદ્રસૂરિએ શિષ્યોની વિનંતિથી 'આગમરત્નાકર'માંથી રત્નો જેવો 'પ્રવચનસારોદ્ધાર' (ગ્રં. ૧૫૯૯) બનાવ્યો છે, અર્થાત્ આમાં જૈન આગમોમાંથી ઉપયોગી પ્રાકૃત ગાથાનો સંગ્રહ કર્યો છે. તેઓએ 'પ્રવચન-સારોદ્ધાર'ના ૨૭૬ના દ્વારમાં 'જીવસંખ્યા કુલક' બનાવીને જોડ્યું છે. (જૂઓ, ગાથા : ૧૨૪૮)

'પ્રવચનસારોદ્ધાર'ની ઉપર અન્ય આચાર્યાદિએ વિવિધ વિવરણો બનાવ્યાં છે, તે આ પ્રમાણે –

(૧) રાજગચ્છના આ૦ ઉદયપ્રભસૂરિએ આ૦ મુનિચંદ્ર વગેરેની પ્રેરણાથી 'પ્રવચનસારોદ્ધાર'નું ટિપ્પન રચ્યું છે. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૩૧-૩૨)

(આનું પ્રકાશન ૐકારસૂરિ આરાધના ભવન, સુરતથી થયું છે.)

(૨) રાજગચ્છના આ૦ સિદ્ધસેને સં. ૧૨૪૮ કે સં. ૧૨૭૮ના ચૈત્ર સુદિ ૮ ને રવિવારે 'પ્રવચનસારોદ્ધાર-ટીકા' બનાવી. (પ્ર. ૩૫, પૃ. ૨૦)

(૩) પં૦ પદ્મમંદિર ગણિએ પ્રવચનસારોદ્ધારનો ગુજરાતી બાલબોધ અર્થ બનાવ્યો. (જે છપાઈ ગયો છે.)

આ૦ નેમિચંદ્રસૂરિએ સં. ૧૧૬૨માં આ૦ દેવસૂરિના 'જીવાણુસાસણ-સટીક' (ગ્રં. ૨૨૦૦) તથા સં. ૧૧૬૦માં ચંદ્રકુલીન સરવાલગચ્છના વાચનાચાર્ય વીર ગણિની 'પિંડનિજ્જુત્તી'ની 'શિષ્યહિતા' નામની વૃત્તિ (ગ્રં. ૭૬૭૧)નું પાટણમાં સંશોધન કર્યું હતું. (પ્રક. ૩૫, પૃ. ૧૨-૧૩)

આ અરસામાં અનેક પ્રભાવકો થયા હતા : નવાંગીવૃત્તિકાર **આ૦ અભયદેવસૂરિ** (પ્ર. ૩૬, પૃ. ૧૬૮), આ૦ આમ્રદેવસૂરિ (પ્ર. ૩૬, પૃ. ૧૭૪) વગેરે.

(૧) **આ૦ મહેશ્વરસૂરિ** – નિર્વૃતિકુળના કામ્યક્રગચ્છમાં આ૦ વિષ્ણુસૂરિની પાટે **આ૦ મહેશ્વરસૂરિ** થયા.

(જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૩૪; પ્રક. ૩૮, પૃ. ૨૭૨)

(૨) **આ૦ મહેશ્વરસૂરિ** – તે ઉપાધ્યાય સજ્જનના શિષ્ય હતા, આ૦ અભયદેવસૂરિના વિદ્યાર્થી હતા. તેમણે 'નાણપંચમીકહા' તથા 'પુપ્ફવઈકહા' રચેલી છે. (પ્રક. ૩૬, પૃ. ૧૭૨)

'નાણપંચમીકહા'ની પ્રતિ ઉપર લેખન સંવત ૧૦૦૯ કે સં. ૧૧૦૯ અંક સંદિગ્ધ છે, જે સં. ૧૧૦૯ હોવો જોઈએ. તેનો ખુલાસો મળે છે કે 'પુપ્ફવઈકહા'માં તપ અને જ્ઞાનના ભંડાર **આ૦ અભયદેવને** પોતાના શ્રુતગુરુ બતાવ્યા છે. એ હિસાબે તેમનો સં. ૧૧૦૯ વધુ સાચો લાગે છે.

(પ્રક. ૩૪, પૃ. ૪૬૪)

આ૦ **હરિભદ્રસૂરિ** – સં. ૧૧૭૨, સં. ૧૧૮૫.

(જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૫૨ – પરંપરા ચોથી, નં. ૩૮)

આ૦ **સિદ્ધસૂરિ**, આ૦ **કક્કસૂરિ** (સં. ૧૧૫૨) – આ૦ સિદ્ધસૂરિએ દીક્ષા લીધી ત્યારે તેમનું નામ **સાધારણ** કવિ હતું. એ સમયે તેમણે સં. ૧૨૧૩માં 'સમરાઈચ્ચકહા'ની એક ઘટનાના આધારે 'વિલાસવઈકહા' (સંધિઃ૧૧)ની રચના કરી હતી. આચાર્યપદવી આપવામાં આવી ત્યારે **સિદ્ધસૂરિ** નામ રાખવામાં આવ્યું. એ પછી તેમણે કેટલાંક સ્તુતિ-સ્તોત્રોની રચના કરી હતી.

તેમની પાટે આ૦ **કક્કસૂરિ** (સં. ૧૧૫૨થી ૧૨૧૨) આવ્યા. તેઓ ક્રિયાપાત્ર, મોટા તપસ્વી અને ચમત્કારી હતા. તેમણે સં. ૧૧૫૫માં **ક્રિયોદ્ધાર** કર્યો અને તેમનો પરિવાર 'કકુદાચાર્યગચ્છ' નામથી પ્રસિદ્ધિ પામ્યો.

(જૂઓ, પ્રક. ૧, પૃ. ૨૪)

આ૦ **દેવસૂરિ** (સં. ૧૧૬૨) – આ૦ વીરસૂરિના શિષ્ય વિમલદિલવાળા આ૦ દેવસૂરિએ સં. ૧૧૬૨માં પાટણમાં 'જીવાણુસાસણયં' (ગા. ૩૨૩) તથા તે ગ્રંથ ઉપર એક જ મહિનામાં સ્વોપજ્ઞ વૃત્તિ (ગ્રં. ૨૨૦૦)ની રચના કરી છે.

(પ્રક. ૩૮, પૃ. ૩૧૪)

આ ગ્રંથમાં તેમણે એ સમયે નવા નીકળેલા ૩૮ **મતભેદો**ની શાસ્ત્રાધારે આલોચના કરેલી છે. આ મૂળ ગ્રંથનું સંશોધન સપ્તનિગ્રહનિવાસી સકલ ગુણોની ખાણ જેવા તથા સિદ્ધાંતરહસ્યવેદી **આ૦ જિનદત્તસૂરિએ** કર્યું હતું અને આ૦ **મહેંદ્રસૂરિ** વગેરેએ સમ્મતિ આપી હતી.

આ ગ્રંથ વડગચ્છના નાયક શુદ્ધ સિદ્ધાંત વ્યાખ્યાકાર, સિદ્ધાંતમહોદધિ શ્રીનેમિચંદ્રસૂરિના ઉપદેશથી મધ્યસ્થભાવમાં રહીને બનાવ્યો અને તેમણે જ આ

ગ્રંથ તથા તેની ટીકાનું સંશોધન કર્યું હતું.

इयसिरिसिद्धंतमहोयहीण सिरिनेमिचंदसूरीणं ।
उवएसाओ मज्झत्थयाए सिरिदेवसूरिहिं ॥ ३०७ ॥

આ આ૦ જિનદત્તસૂરિ ચંદ્રાવતીના **ચૈત્યવાસી** આચાર્ય હતા. તેમણે **સકલાગમરહસ્યવેદી** તરીકે નામના મેળવી હતી. આ૦ મહેંદ્રસૂરિ નાગેંદ્રગચ્છના આચાર્ય હતા અથવા સરવાલગચ્છના આ૦ સમુદ્રઘોષસૂરિના પટ્ટધર આ૦ મહેન્દ્રસૂરિ હતા **અને** આ૦ નેમિચંદ્રસૂરિ તે પાટણમાં વિરાજમાન વડગચ્છના વયસ્થવિર, શ્રુતસ્થવિર અને ચારિત્રસ્થવિર આચાર્ય હતા. વાચનાચાર્ય સમુદ્રઘોષ, વા૦ વીરગણિ (સં. ૧૧૬૦)નો પરિચય પહેલાં (પ્રક. ૩૫, પૃ. ૧૨માં) આવી ગયો છે.

રાજા એલક શ્રીપાલ – એલિચપુરના આ રાજાએ સં. ૧૧૪૨માં અંતરીક્ષ પાર્શ્વનાથ તીર્થની પ્રતિષ્ઠા અને એલિચપુરની પાસે આવેલા ગજપદ **તીર્થ** – મુક્તાગિરિ નામક તીર્થનો જીર્ણોદ્ધાર વગેરે કરાવ્યાં.

(પ્રક. ૩૮, પૃ. ૨૭૪ તથા ૩૨૪-૩૨૫)

પ્રકરણ : ચાલીશમું

આચાર્ય મુનિચંદ્રસૂરિ

श्रीमुनिचन्द्रमुनीन्द्रो ददातु भद्राणि संघाय ॥ (–ગુર્વાવલી, શ્લોક ૭૨)

આ૦ યશોભદ્રસૂરિ અને આ૦ નેમિચંદ્રસૂરિની પાટે સૈદ્ધાંતિક આ૦ મુનિચંદ્રસૂરિ થયા. તેમનું બીજું નામ ચંદ્રસૂરિ હોવાનું પણ જાણવા મળે છે. તેઓ બાલબ્રહ્મચારી હતા. તેમનું નામ જ શાંતિક મંત્ર મનાતો હતો.

(મુનિ માલની બૃહદ્‌ગચ્છ-પદ્ય-ગુર્વાવલી)

તેમનો જન્મ **ડભોઈ**માં થયો હતો. તેમના પિતાનું નામ **ચિંતક** અને માતાનું નામ **મોંઘીબાઈ** હતું. તેમનું ચિંતયકુળ હતું. તેમણે લઘુવયમાં જ **આ૦ યશોભદ્રસૂરિ** પાસે દીક્ષા લીધી હતી. દીક્ષાના દિવસથી જિંદગીપર્યંત માત્ર ૧૨ વસ્તુઓ જ આહારમાં લીધી હતી. સૌવીરનું પાણી પીધું હતું. છ વિગય અને બીજાં ખાવાનાં દ્રવ્યોનો સર્વથા ત્યાગ કર્યો હતો અને **આયંબિલ**નું તપ ચાલુ રાખ્યું હતું. તેઓ ઉપાધ્યાય **વિનયચંદ્ર**ના વિદ્યાશિષ્ય હતા.

સં. ૧૦૯૪ લગભગમાં તેઓ પોતાના ગુરુદેવની સાથે **પાટણ**માં ચૈત્યપરિપાટી માટે પધાર્યા. આ સમયે પાટણમાં ચૈત્યવાસીઓનો ભારે પ્રભાવ હતો. સંવેગી સાધુઓ માટે ઊતરવાને ત્યાં યોગ્ય સ્થાન નહોતાં. **પોષાળો** બની ન હતી. મુનિશ્રી એક દિવસ **થારાપદ્રગચ્છ**ના ચૈત્યમાં ભ૦ ઋષભદેવનાં દર્શન કરવા પધાર્યા ત્યારે પાસેના સ્થાનમાં નિવાસ કરતા આ૦ **વાદિવેતાલ શાંત્યાચાર્ય** (શાંતિસૂરિ) પોતાના ૩૨ શિષ્યોને બૌદ્ધ દર્શનના પ્રમેયવાદનો વિષય ભણાવતા હતા, ત્યાં જઈ તેમને નમસ્કાર કરીને બેસી ગયા. પછી તો એ વિષયનો રસ લાગતાં તેઓ નિરંતર દશ દિવસ સુધી ત્યાં ગયા. તેમણે તે પાઠ એકાગ્રતાથી વિના પુસ્તકે અવધારણ કરી લીધો પરંતુ આચાર્યશ્રીના શિષ્યોમાંથી કોઈ એ વિષયને ધારી શક્યો નહીં. આથી આચાર્યશ્રીને ભારે ખેદ ઊપજ્યો. આ જોઈ-જાણી પં૦ મુનિચંદ્રે આચાર્યશ્રીની આજ્ઞા મેળવી દશ દિવસનો આપેલો પાઠ ક્રમબદ્ધ કહી સંભળાવ્યો. એ સાંભળી આચાર્યશ્રીએ હર્ષાવેશમાં ઊભા થઈને મુનિશ્રી મુનિચંદ્રને આલિંગન કર્યું ને કહ્યું: 'ખરેખર, તું તો ધૂળમાં ઢંકાયેલું બહુમૂલું રત્ન છે. તું મારી પાસે રહીને ન્યાયશાસ્ત્રનો અભ્યાસ કરી લે.' આચાર્યશ્રી જાણતા હતા કે, પાટણમાં સંવેગી મુનિઓને ઊતરવા માટે યોગ્ય સ્થાન નથી તેથી તેમણે ટંકશાળની પાછળ આવેલા **શેઠ દોહડિ**ના ઘરમાં ઊતરવાની વ્યવસ્થા કરાવી

અને તેમણે છયે દર્શનોનો અભ્યાસ આ૦ શાંતિસૂરિ પાસે કર્યો. મુનિશ્રીએ પરિશ્રમ વિના છયે દર્શનોને અવધારણ કરી લીધાં. બસ, એ સમયથી સંવેગી સાધુઓને સુલભતાથી વસતિ મળવા લાગી. (જૂઓ, પ્ર. ૩૭, પૃ. ૨૦૧)

તેમણે **સાંભર**માં રાજા **અર્ણોરાજ**ની સભામાં શૈવ વાદીને હરાવ્યો હતો અને દિગંબરવાદી ગુણચંદ્રની સાથે રાજગચ્છના આ૦ **ધર્મઘોષસૂરિ**ના થયેલા વાદમાં આ૦ ધર્મઘોષસૂરિને મદદ કરી હતી અને ગુણચંદ્રને હરાવ્યો હતો.

આ૦ મુનિચંદ્ર શાંત, ત્યાગી, નવકલ્પવિહારી, નિર્દોષ વસતિ અને આહારના ગવેષક તેમજ શ્રીસંઘમાં સૌને માનનીય વિદ્વાન હતા.[૧]

આ૦ **નેમિચંદ્ર** અને આ૦ મુનિચંદ્ર એ બંનેની વય, દીક્ષાપર્યાય તથા પદસ્થપર્યાયમાં નજીવું આંતરું હોય એમ જણાય છે. ઉપા૦ **આમ્રદેવ** એકના દીક્ષાગુરુ તો બીજાના દીક્ષાદાયક હશે. બંનેમાં ગુણસામ્યતા અને ગાઢ પ્રેમ હોવો જોઈએ, તેથી જ આ૦ **નેમિચંદ્રસૂરિ** પોતાની પાટે સ્થાપન કરેલા આ૦ **મુનિચંદ્ર**ને પોતાના **ગુરુભાઈ** તરીકે ઉલ્લેખે છે. તેમના આ પ્રેમના કારણે જ આ૦ પ્રભાચંદ્રના દીલમાં ઈર્ષ્યાનું બીજ આરોપાયું હશે એમ લાગે છે.

આ૦ નેમિચંદ્રસૂરિ સં. ૧૧૨૯થી સં. ૧૧૩૯ની વચ્ચે આ૦ **સર્વદેવ**ના હાથે આચાર્ય બન્યા અને તેમણે એ જ વર્ષમાં આ૦ મુનિચંદ્રને પોતાની પાટે આચાર્ય તરીકે સ્થાપન કર્યા. આ૦ મુનિચંદ્રે આ૦ નેમિચંદ્રની આજ્ઞામાં રહીને પોતાના ગુરુભાઈ આ૦ આનંદ, આ૦ દેવપ્રભ, આ૦ માનદેવ[૨] તથા શિષ્યો આ૦ અજિતપ્રભ, આ૦ દેવ તેમજ આ૦ રત્નસિંહ વગેરેને દીક્ષા, શિક્ષા તથા આચાર્યપદવીથી અલંકૃત કર્યા.[૩]

આ બંને આચાર્યોએ આચાર્યપદ પ્રાપ્ત કર્યા અગાઉ અને પછી અનેક

---

૧. આ૦ મુનિચંદ્રસૂરિ નવકલ્પવિહારી હતા. (-પર્યુષણાવિચાર)

આ૦ મુનિચંદ્રસૂરિ સાધુ નિમિત્તે બનાવેલી વસતિમાં રહેતા નહોતા, પણ દરેક વેળા પાટણમાં જુદા જુદા પાડામાં જુદી જુદી જગોએ રહેતા હતા (પદ : ૧૦૫મું). તેઓ વડગચ્છના હતા. તેઓ પોતાને ચૈત્યવાસીઓમાંથી નીકળેલા નહીં પરંતુ પહેલેથી જ વસતિવાસી માનતા હતા. કેમ કે દેરાસર, પ્રતિમા, પોષાળ અને જૈન વંશો તો ચૈત્યવાસી પરંપરાનાં હતાં. (– આ૦ મહેંદ્રસૂરિની સં. ૧૨૯૪ની શતપદી, પદ : ૧૦૫ તથા ૧૦૮)

૨. પટ્ટપરંપરામાં ૪૦ આ૦ મુનિચંદ્રસૂરિ, ૪૧ આ૦ માનદેવસૂરિ, ૪૨ આ૦ **યશોદેવસૂરિ**, તેમના ઉપદેશથી નાગપાલપુત્ર શેઠ શ્રીધર, તેમના પુત્ર આનંદે 'દશવૈકાલિકસૂત્રવૃત્તિ' લખાવી. (– જૈન પુ. પ્રશસ્તિસંગ્રહ, પ્રશસ્તિ ૧૦૦)

૩. આ૦ મુનિચંદ્રે સં. ૧૧૭૦માં સુહુમત્થવિયારલવ' – સૂક્ષ્માર્થ સાર્ધશતકની ચૂર્ણિ બનાવી છે અને આ૦ **ધનેશ્વરે** તેના ઉપર સં. ૧૧૭૧માં વૃત્તિની રચના કરી છે, જેમને પં૦ મુનિચંદ્ર, પં૦ વિમલચંદ્ર વગેરે શિષ્યો હતા.

ગ્રંથોની રચના કરેલી જાણવા મળે છે. આ બંને આચાર્યો સૈદ્ધાંતિક તરીકે પ્રસિદ્ધ હતા. મહાધ્યયની વીરગણિના સંતાનીય **આ૦ યશોદેવ**ની સં. ૧૧૭૬માં રચેલી 'પિંડવિસોહી'ની 'સુબોધા' નામક ટીકા (ગ્રં.૨૮૦૦)માં **'શ્રુતહેમ નિકષ પૂજ્ય મુનિચંદ્રસૂરિ'** એ પ્રકારના વિશેષણથી તેમને ઓળખાવે છે. એટલે તે યુગમાં આ૦ મુનિચંદ્રસૂરિ શ્રુતની બાબતે સંઘમાં આધારસ્તંભ હતા.[૧] તે સમયનો શ્રીસંઘ આ૦ મુનિચંદ્રસૂરિથી પ્રભાવિત હતો અને પ્રભાવનાનાં કાર્યો આ૦ મુનિચંદ્રસૂરિની અધ્યક્ષતામાં કરતો હતો.

એક શ્રાવકે સં. ૧૧૪૯માં પ્રતિષ્ઠા કરાવી ત્યારે તેણે **વાદીભ આ૦ ચંદ્રપ્રભ** વગેરે મોટા આચાર્ય વિદ્યમાન હોવા છતાં આ૦ મુનિચંદ્રસૂરિને પ્રતિષ્ઠા માટે લઈ જવાની માગણી કરી. આ૦ ચંદ્રપ્રભને આમાં પોતાનું અપમાન લાગ્યું. તેથી તેમણે સાધુઓ પ્રતિષ્ઠા ન કરાવે અને પૂનમે પાખી પાળે વગેરે નવી પ્રરૂપણાવાળો 'પૂનમિયામત' ચલાવ્યો. આ૦ મુનિચંદ્રસૂરિએ 'આવસ્સયસત્તરી' બનાવીને સંઘને સન્માર્ગની પ્રરૂપણા કરી.[૨]

આ૦ મુનિચંદ્રસૂરિ ખંભાતથી નાગોર સુધીના પ્રદેશમાં વિચર્યા હતા. તેમના પરિવારમાં ૫૦૦ સાધુઓ હતા, ઘણી સાધ્વીઓ હતી. તેઓ સં. ૧૧૭૮ ના કાર્તિક વદિ ૫ ના રોજ પાટણમાં સમાધિપૂર્વક કાલધર્મ પામી સ્વર્ગે સંચર્યા. તેમના શિષ્ય આ૦ **વાદિદેવસૂરિ** પોતાના પરિવાર સાથે અંબિકાદેવીની સૂચનાથી આ પ્રસંગે હાજર હતા. તેમણે તે સમયે **ગુરુવિરહવિલાપ** તથા **મુણિચંદસૂરિ** થુઈ રચ્યાં હતાં.

(– પ્રભાવકચરિત્ર, પ્રબંધચિંતામણિ, પ્રબંધકોશ, શાંતિનાથ-મહાકાવ્યપ્રશસ્તિ, કલાવઈચરિત્રપ્રશસ્તિ, બૃહદ્‌ગચ્છ ગુર્વાવલી, ગુરુવિરહવિલાપ, મુણિચંદ્રસૂરિથુઈ, ગચ્છાચારપઈન્નયની વિજયવિમલીયા વૃત્તિ–પ્રશસ્તિ, ગુર્વાવલી, તપાગચ્છ પટ્ટાવલી)

ગ્રંથરચના :

આ૦ મુનિચંદ્રસૂરિએ ઘણા ગ્રંથો રચ્યા છે, તેમાંથી જેનાં નામ જાણવા મળે છે તે આ પ્રકારે છે :

---

૧. આ૦ **આનંદસૂરિ** ગૃહસ્થાવસ્થામાં આ૦ મુનિચંદ્રના સગા હતા. આ૦ **રત્નસિંહ**ના પટ્ટધર આ૦ **વિનયચંદ્રે** રચેલા 'મલ્લિનાથ ચરિત્ર'ની પ્રશસ્તિમાં આ૦ મુનિચંદ્રને સૈદ્ધાંતિક બતાવ્યા છે.

૨. આ૦ **મણિભદ્રે** સં. ૧૩૮૪માં 'કલાવઈચરિયં' રચ્યું છે તેમાં આ૦ મુનિચંદ્રને સૈદ્ધાંતિક બતાવ્યા છે. તેમના જ પ્રપટ્ટધર આ૦ મુનિભદ્ર પણ આ૦ મુનિચંદ્રને સં. ૧૪૧૦માં રચેલા 'શાંતિનાથ-મહાકાવ્ય'માં જણાવે છે કે – સન્માર્ગ પ્રકટીચકાર ભગવાન્ યો જીવમૈત્રીં શ્રયન્ ॥

૧. પ્રાભાતિક સ્તુતિ (વસંતતિલકા, શ્લો. ૯).
૨. અંગુલસત્તરિ, ગાથા : ૭૦, સ્વોપજ્ઞવૃત્તિ સહિત.
૩. વણસ્સઈસત્તરિ, ગાથા : ૭૦.
૪. આવસ્સયસત્તરિ, ગાથા : ૭૦.
૫. ઉવએસપંચાસિયા, ગાથા : ૫૦.
૬. મોક્ષોપદેશ પંચાશક, ગ્રં. ૫૧.
૭. ઉવએસ પંચવીસિયા, ગાથા : ૨૫, જેમાં દયા વગેરેનું સ્વરૂપ છે.
૮. હિઓવએસ, ગાથા : ૨૫.
૯. વિસયનિંદા કુલયં, ગાથા : ૨૫.
૧૦. સામણ્ણગુણોવએસ, ગાથા : ૨૫. (સામાન્ય ગુણોપદેશક કુલક)
૧૧. અણુસાસણંકુસં, ગાથા : ૨૫.
૧૨. ઉવએસામયં, ગાથા : ૩૨, જેનો પ્રારંભ-વરહેમસમસરીરો થી થાય છે. ઉવએસામયં બિઈયં કુલકં.
૧૩. સોગહરોવએસ, ગાથા : ૩૩.
૧૪. રયણત્તયકુલયં, ગાથા : ૩૧.
૧૫. બારસવયં અથવા **સાવયવયસંખેવો**, ગાથા ૯૪, સં. ૧૧૮૬ આષાઢ સુદિ ૩ ને સોમવારના દિવસે રચના થઈ છે.
૧૬. કાલસયગં, ગાથા : ૧૦૦.
૧૭. તિત્થમાલાથયં, ગાથા : ૧૧૨.
૧૮. પર્યુષણાપર્વવિચાર, શ્લોક : ૧૨૫, જેના આધારે 'પર્યુષણાદિ-વિચાર' લખાયો છે.
(જૂઓ, ભાંડારકર ઓરિયંટલ રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટ, જૈનવિભાગ; પ્રશસ્તિસંગ્રહ, ભાગ ૨, નં. ૫૬)
૧૯. ગાહાકોસો (રસાઉલ, ગાથા : ૩૦૪).
૨૦. પ્રશ્નાવલી.
૨૧. સમ્મત્તુપાયવિહિ, ગાથા : ૨૯.
૨૨. સુહુમત્થવિયારલવ (અપ્રાપ્ય), ગ્રં. ૧૫૦ ની ચૂર્ણિ. સં. ૧૧૭૦માં આ૦ ધનેશ્વરસૂરિએ તેની વૃત્તિ રચી.
૨૩. ઉવએસપદ (ઉપદેશપદસુખ સંબોધિની ટીકા) ગ્રંથાગ્રઃ ૧૪૦૦૦, સં. ૧૧૭૧, નાગોરથી પાટણ. આ ગ્રંથમાં પં૦ રામચંદ્રગણિએ સહાય કરી હતી.
૨૪. કમ્મપયડી ટિપ્પન, ગ્રં. ૧૯૫૦ (કર્મપ્રકૃતિ-વિશેષવૃત્તિ).
૨૫. ધર્મબિંદુવિવૃતિ, ગ્રં. ૩૦૦૦, સં. ૧૧૮૧.

૨૬. યોગબિંદુવૃત્તિ (?)
૨૭. લલિતવિસ્તરાપંજિકા, ગ્રં. ૧૮૦૦.
૨૮. અનેકાંતજયપતાકોદ્દ્યોતદીપિકા-ટિપ્પનકમ્.
૨૯. શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન, શ્લો. ૧૦.
૩૦. કલિકુંડ પાર્શ્વનાથ સ્તવન, શ્લો. ૧૦.
ઉદયપ્રભસૂરિ-રચિત વિષમપદાર્થાવબોધના ટિપ્પનનું સંશોધન કર્યું.
(જુઓ, પ્રક. ૩૫, પૃ. ૩૧-૩૨)

આ૦ મુનિચંદ્રસૂરિવરો :

આ નામના ઘણા જૈનાચાર્યો થયા છે તે આ પ્રમાણે :

૧. વડગચ્છપ્રતિષ્ઠાપક આ૦ ઉદ્દ્યોતનના શિષ્ય (આ૦ યશોદેવના મોટાભાઈ), સં. ૧૧૭૮. (પ્રક. ૩૫, પૃ. ૫૨, પરંપરા પાંચમી)
૨. સુવિહિત આ૦ આમ્રદેવના શિષ્ય તથા આ૦ શાંતિચંદ્રના પટ્ટધર શ્રુતહેમનિકષપટ્ટ વિશેષણવાળા. (પ્રક. ૩૬, પૃ. ૧૭૫)
૩. વડગચ્છના સૈદ્ધાંતિક ૪૦મા પટ્ટધર આચાર્ય, સ્વ. સં. ૧૧૭૮.
૪. વડગચ્છના આચાર્ય ધનેશ્વરસૂરિના શિષ્ય.
૫. મલધારગચ્છના આ૦ ચંદ્રસૂરિના પટ્ટધર, સં. ૧૨૫૦.
(પ્રક. ૩૮, પૃ. ૨૮૧)
૬. સં. ૧૩૧૮માં થયેલા આચાર્ય, તેમણે નાગાનંદકાવ્ય તથા 'નૈષધીય-કાવ્યટીકાસાર' ગ્રં. ૧૨૦૦ની રચના કરી છે.
૭. પુનમિયાગચ્છના આ૦ ચારિત્રચંદ્રના પટ્ટધર, સં. ૧૫૭૮.
૮. 'મદ્રસ્ત્રી પરિપૃચ્છતી દમુદિતા' વાળી પ્રશ્નાવલી (શ્લો. ૧૫)ની રચના કરી છે તે.
૯. પિપ્પલકગચ્છના આ૦ શાંતિભદ્રના શિષ્ય, સં. ૧૨૧૧.
(પ્રક. ૩૭, પૃ. ૨૦૯)
૧૦. રાજગચ્છના આ૦ સિદ્ધસેન, આ૦ ધર્મઘોષના પટ્ટધરો.
(પ્રક. ૩૫, પૃ. ૨૦, ૨૬)
૧૧. પાયચંદગચ્છના ભટ્ટારક, સ્વર્ગવાસ સં. ૧૭૫૦.
(પ્રક. ૪૧, પૃ. ૪૬૭, ટિપ્પણ નં. ૬૦)

આ૦ દેવપ્રભસૂરિ :

તેઓ આ૦ વિજયચંદ્રસૂરિના શિષ્ય આ૦ યશોભદ્રના શિષ્ય હતા. આ૦ મુનિચંદ્ર હસ્તક તેઓ આચાર્યપદ પામ્યા હતા.

આ સમયમાં એક ધર્કટગોત્રીય **જાવડ** નામે શેઠ હતા. તેમને ત્રણ પત્નીઓ હતી. બીજી પત્ની સર્વદેવીથી તેને ૧. દેવનાગ અને ૨. ઉજ્જિલ નામે બે

પુત્રો થયા. આંખુયે પરિવાર સત્યનું અનુરાગી અને વિધિનું પક્ષપાતી હતી. ઉજ્જિલે **આ૦ જિનવલ્લભસૂરિ** (સ્વ. સં. ૧૧૬૭) પાસે સમ્યક્ત્વધર્મ સ્વીકાર્યો. તે સાધુભક્ત, સત્યવાદી, આગમશ્રોતા, બોધવાળો, દાની અને જિનેંદ્રભક્ત હતો. તેણે ભ૦ નેમિનાથ પ્રભુનું દેરાસર બંધાવ્યું. તેને ઉત્તમચારિત્રપાત્ર, ગીતાર્થ–ચૂડામણિ, વિદ્યાના ભંડાર, પુણ્યપ્રભાવક આ૦ **મુનિચંદ્રસૂરિ** પાસે દીક્ષા લેવાની ભાવના હતી પણ તે એકાએક સ્વર્ગવાસી થયો. તેને લક્ષ્મી નામે પત્ની હતી. તેનાથી તેને છ પુત્રો થયા. ત્રીજા પુત્ર રામદેવને **મહેંદ્ર** નામે પુત્ર થયો. મહેંદ્રની પત્ની રાજશ્રીએ **આ૦ દેવચંદ્રસૂરિએ** રચેલું 'શાંતિનાથચરિત્ર' લખાવી આ૦ દેવપ્રભસૂરિને વહોરાવ્યું હતું. (જૂઓ, જૈન પુસ્તક પ્રશસ્તિસંગ્રહ, પ્રશસ્તિ : ૫૧)

૩૭. **આ૦ જિનેશ્વરસૂરિ :**

તે વડગચ્છની સુવિહિત પરંપરાના આચાર્ય હતા. સં. ૧૦૮૦.

(જૂઓ, પ્ર. ૩૬, પૃ. ૧૬૫)

૩૮. **આ૦ જિનવલ્લભસૂરિ :**

વિક્રમની બારમી શતાબ્દીમાં જૈન સંઘમાં ચૈત્યવાસીઓની પ્રધાનતા હતી. તેઓ વિદ્વાન, શક્તિસંપન્ન અને જૈનધર્મના રાગી હતા. ધર્મની રક્ષા તથા તેના ઉત્થાનમાં તત્પર રહેતા હતા પણ તેઓ આચારથી શિથિલ રહેતા. ખરતરગચ્છની પટ્ટાવલીઓમાં ચૈત્યવાસીઓનો ચૈત્યવાસી, મૂદુપક્ષીય, કૌમલ્ય, કંવલા વગેરે નામોથી પરિચય મળે છે.

તેઓની જુદા જુદા નગરોમાં મુખ્ય ગાદીઓ હતી. ચિત્તોડના ચૈત્યવાસી મઠની એક શાખા કૂર્ચપુર (કૂચેરા-મારવાડ)માં હતી. આસીકાદુર્ગનિવાસી આ૦ જિનચંદ્ર (જિનેશ્વર) તેના અધ્યક્ષ હતા. તેમને **જિનવલ્લભ** નામે શિષ્ય હતો, જે ૫૦૦ દ્રમ્મથી લીધેલો. ગુરુએ તેને વ્યાકરણ, કાવ્ય, ન્યાય વગેરે શાસ્ત્રોનો અભ્યાસ કરાવ્યો હતો. સર્પાકર્ષણી, સર્પમોચિની વિદ્યાઓ આપી **વાચનાચાર્ય**પદ આપ્યું. તેને તથા **જિનશેખર**ને આગમ ભણાવવા માટે પાટણમાં આ૦ **અભયદેવસૂરિ** પાસે મોકલ્યા. અહીં તે બંનેને વિવેકપૂર્વક જિનાગમ ભણતાં સાચા માર્ગનું સાચું જ્ઞાન થયું. તેમણે જ્યોતિષનું જ્ઞાન પણ મેળવ્યું. અંતે તે ગુરુની આજ્ઞા મેળવી વડગચ્છની સંવેગી શાખાના આ૦ વર્ધમાનસૂરિના પટ્ટધર પરમસંવેગી **આ૦ જિનેશ્વર**ના **શ્રીજિનવલ્લભ** નામે શિષ્ય બન્યા. તેઓ પોતાને તથા સમકાલિન લેખકો તેમને આ૦ **જિનેશ્વરના શિષ્ય** તથા આ૦ અભયદેવસૂરિના **વિદ્યાશિષ્ય** બતાવે છે.[૧]

---

૧. ખરતરગચ્છની પટ્ટાવલીના રચયિતા પં૦ જિનવલ્લભગણિને આ૦ અભયદેવસૂરિના શિષ્ય બતાવે છે તે તો માત્ર કલ્પના જ છે. વાસ્તવમાં તેઓ આ૦ જિનચંદ્રસૂરિના જ શિષ્ય હતા. ➡

તેમણે ચૈત્યવાસીઓ સામે મોટી ઝુંબેશ ઉઠાવી હતી. ચિત્તોડમાં જઈને **ચંડિકાદેવી**ની સાધના કરી હતી. 'વૃદ્ધાચાર્યપ્રબંધાવલી'માં જણાવ્યું છે કે, તેમણે **ચંડિકા**ના નામથી પોતાનો ગચ્છ ચલાવ્યો હતો. વાગડમાં ૯૧૦૦૦૦ ઘરોના માણસોને નવા જૈન બનાવ્યા હતા. એક શ્રીમાલી જ્ઞાતિનો સાધારણ નામનો શ્રાવક નિર્ધન હતો. તેને પરિગ્રહપરિમાણનું મોટું વ્રત કરાવ્યું તેથી તે ધનવાન બની ગયો. તેણે ચિત્તોડમાં ભ૦ મહાવીરસ્વામીનું નવું દેરાસર બંધાવ્યું. માળવાનો **રાજા નરવર્મ** આચાર્યશ્રીને ખૂબ માનતો હતો. (જયંતવિજય-કાવ્ય)

આ૦ **અભયદેવસૂરિ** એ સમયે જૈન સિદ્ધાંતોના પારગામી વિદ્વાન હતા. ચૈત્યવાસી અને સંવેગી બધાયે આચાર્યો તેમને માનતા હતા. આવી સમર્થ શક્તિવાળાની પાટે બેસવાને સૌ કોઈ ઇચ્છે એ સ્વાભાવિક હતું.

(જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૧૬૮)

આ૦ અભયદેવસૂરિની પાટે આ૦ પ્રસન્નચંદ્રસૂરિ તથા આ૦ વર્ધમાનસૂરિ (સં. ૧૧૭૨) આવ્યા. જિનવલ્લભગણિ પણ તેમની પાટે બેસવાને ઉત્સુક હશે

◆ અ પં. નેમિકુમાર પોરવાલ 'આવસ્સયવિસેસભાસ'ની પુષ્પિકામાં લખે છે કે –

લિખિતં પુસ્તકં चेदं नेमिकुमारसंज्ञिना ।
प्राग्वाटकुलजातेन शुद्धाक्षरविलेखिना ॥

सं. ११३८ पोष वदि ७ ॥ कोट्याचार्यकृता टीका समाप्तेति । ग्रन्थाग्रमस्यां त्रयोदशसहस्राणि सप्तशताधिकानि ॥ १३७०० ॥ पुस्तकं चेदं विश्रुतश्रीजिनेश्वरसूरिशिष्यस्य जिनवल्लभगणेरिति ॥

पुष्पिका – विस्फूर्जितं यस्य गुणैरुपात्तैः शाखायितं शिष्यपरम्पराभिः ।
पुष्पायितं यद्यशसा स सूरिर्जिनेश्वरोऽभूद् भुवि कल्पवृक्षः ॥४॥
शाखाप्ररोह इव तस्य विवृद्धशुद्ध–बुद्धिच्छदप्रचयवञ्चितजात्यतापः ।
शिष्योऽस्ति शास्त्रकृतधीर्जिनवल्लभाख्यः
सख्येन यस्य विगुणोऽपि जनो गुणी स्यात् ॥५॥
(–જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્ર. ૧; જૈન લિટરેચર એન્ડ ફિલોસોફી, પુ. નં. ૧૧૦૬ની પુષ્પિકા; ભાંડારકર ઓરિયંટલ રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટ પૂના-પ્રકાશિત પ્રશસ્તિસંગ્રહ, ભા. ત્રીજો; જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ, પારા : ૨૧૯)

આ બ્રૂહિ શ્રીજિનવલ્લભસ્તુતિપદં कीदृग्विधाः के सताम् ॥૧૫૯॥
अवचूरिः– मद्गुरवो-ऽजिने-ऽश्व-रस-ऊ-रयः । मद्गुरवो जिनेश्वरसूरयः ।
(–પ્રશ્નોત્તર ષષ્ટિશતક)

इ लोकार्च्यकूर्चपुरगच्छमहाधनोत्थ–मुक्ताफलोज्ज्वलजिनेश्वरसूरिशिष्यः ।
प्राप्तः प्रथां गणिर्जिनवल्लभोऽत्र, यस्योपसंपदमवाप्य ततः श्रुतं च ॥
(–અષ્ટસપ્તતિકા)

પણ તે શક્ય નહોતું. તેમની આચાર્યપદવીનો પ્રશ્ન આ૦ અભયદેવસૂરિના સ્વર્ગગમન પછી ઘણા વર્ષે ઊઠ્યો પણ ચતુર્વિધ સંઘે તેમને 'આ પારકા છે. કોમલ પક્ષના છે' વગેરે જણાવી આચાર્યપદ આપવાનો વિરોધ કર્યો પરંતુ સુવિહિત **આ૦ દેવભદ્રે** આવા શક્તિસંપન્ન સાધુને બીજે જવા ન દેવાના વિચારથી અને દીર્ઘદૃષ્ટિએ જોઈને (હિંદી) સં. ૧૧૬૭ ના અષાઢ સુદિ ૬ ના દિવસે ચિત્તોડમાં તેમને **આચાર્યપદ** આપ્યું. 'વૃદ્ધાચાર્ય પટ્ટાવલી'માં તો આ૦ અભયદેવસૂરિએ પોતે જ સં. ૧૧૬૭માં તેમને આચાર્યપદવી આપી એમ જણાવ્યું છે.

ચિત્તોડનાં દેરાસરો ચૈત્યવાસીઓના તાબામાં હતાં. આ૦ **જિનવલ્લભસૂરિ**ને કલ્યાણકોના દિવસોમાં તેમાં પ્રવેશ મળતો નહોતો, પરંતુ તેમાં પ્રવેશ કરવો જરૂરી હતો આથી આ૦ **જિનવલ્લભે** ભાદરવા વદિ ૧૦ ના રોજ ભગવાન મહાવીરસ્વામીની **ગર્ભાપહારતિથિ**ને કલ્યાણક તરીકે જાહેર કરી, ભ૦ મહાવીરના દેરાસરમાં પ્રવેશ કર્યો. આમ દેરાસરમાં પ્રવેશ કરવામાં સફળતા મળી પણ તેમણે **છઠ્ઠું કલ્યાણક** ચલાવી તીર્થંકરોમાં પાંચને બદલે છ કલ્યાણકોની પ્રરૂપણા કરી. આથી તેમનો **ગચ્છ** જુદો થયો.[૧]

તે સમયે જૈન શ્રમણોમાં આ૦ જિનવલ્લભનું સ્થાન ઊંચું હતું. તેમના ગ્રંથો પણ માન્ય લેખાતા હતા. પરંતુ છઠ્ઠા કલ્યાણકની પ્રરૂપણા કર્યા પછી તેમાં તફાવત પડી ગયો. આ૦ **જિનદત્તસૂરિએ** 'ઉપદેશરસાયન' ગાથા : ૨૧ માં સંઘબાહ્યનો કટાક્ષ કર્યો છે. તે ઉપર્યુક્ત ઘટનાનું સૂચક છે.

આચાર્ય જિનવલ્લભસૂરિ તે દિવસથી જૈનધર્મના સેવકને બદલે એક સ્વતંત્ર ગચ્છના પ્રતિષ્ઠાપક બની ગયા. તેમની શિષ્યપરંપરામાંથી મધુકરગચ્છ, ખરતરગચ્છ અને રુદ્રપલ્લીયગચ્છો નીકળ્યા. એ જ કારણે તે ગચ્છોની સામાચારીઓ ભિન્ન ભિન્ન મળે છે.

આ૦ જિનવલ્લભસૂરિ આચાર્ય થયા પછી માત્ર છ મહિના જીવ્યા હતા. સં. ૧૧૬૭ ના કાર્તિક વદિ ૧૨ ના રોજ કાલધર્મ પામ્યા હતા. 'વૃદ્ધાચાર્ય પ્રબંધાવલી' માં લખ્યું છે કે, તેઓ સ્વર્ગે ગયા ત્યારે એ ગચ્છમાં આઠ આચાર્યો હતા.

આ૦ જિનવલ્લભસૂરિએ ગણિપદ અને આચાર્યપદ મળ્યા પછી ઘણા ગ્રંથોની રચના કરી હતી.

---

૧. આ૦ મહેંદ્રસૂરિ સં. ૧૨૯૪ માં લખી જણાવે છે કે, આ૦ જિનવલ્લભે છઠ્ઠું કલ્યાણક સ્થાપન કર્યું. એકહરી મુહપત્તિ કરાવી અને ચૈત્યવાસીઓની નિંદા કરી. 'સંઘપટ્ટક'માં તેમણે જિનપ્રતિમાને બિડિશ તથા પિશિતની ઉપમા આપી અને વાંદણાના કરપરાવર્ત કરાવ્યા. (શપ્તપદીપદ : ૧૦૭)

આ૦ મેરુતુંગસૂરિએ સં. ૧૪૩૮ની **વિચારશ્રેણિ**માં સં. ૧૧૪૪માં ખરતરગચ્છની ઉત્પત્તિ બતાવી છે. સંભવ છે કે આ સાલ કલ્યાણક પ્રરૂપણાની પણ હોય.

૧. પિંડવિસોહિપગરણ, સં. ૧૧૪૪.
૨. સૂક્ષ્માર્થસિદ્ધાંતવિચાર (સાર્ધશતક), ગાથા : ૧૫૦.
૩. ષડશીતિ-આગમિકવસ્તુવિચાર.
૪. **પોસહવિધિપ્રકરણ**, શ્લો. ૪૦ (જેમાં પ્રથમ ઈરિયાવહી પડિક્કમીને પોસહ લેવાનું વિધાન છે).
૫. સંઘપટ્ટક.
૬. પ્રતિક્રમણ સામાચારી.
૭. ધર્મશિક્ષા.
૮. ધર્મોપદેશ-દ્વાદશકુલકસંગ્રહ.
૯. પ્રશ્નોત્તર ષષ્ટિશતક, શ્લો. ૧૬૦.
૧૦. શૃંગારશતક.
૧૧. સ્વપ્નાષ્ટકવિચારસંગ્રહ.
૧૨. ચિત્રકાવ્ય.
૧૩. લઘુ-અજિતશાંતિસ્તવ.
૧૪. ભાવારિવારણસ્તોત્ર.
૧૫. પંચકલ્યાણકસ્તોત્ર, ગાથા : ૨૬
૧૬. જિનસ્તોત્ર.
૧૭. પાર્શ્વસ્તોત્ર, શ્લો. ૯.
૧૮. વીરસ્તવ.
૧૯. સ્તોત્રો.
૨૦. અષ્ટસપ્તતિકા.
૨૧. પાસણાહથુત્તં, ગાથા : ૨૨.

આ૦ જિનવલ્લભે ચિત્તોડ, નાગોર, નરવર અને મરુપુરમાં સં. ૧૧૬૪માં અષ્ટસપ્તતિકા, સંઘપટ્ટક તથા ધર્મશિક્ષા આદિ ગ્રંથો શિલાપટ્ટમાં ખોદાવ્યા હતા. તેમણે સં. ૧૧૨૫માં આ૦ જિનચંદ્રસૂરિએ રચેલી 'સંવેગરંગશાલા'નું સંશોધન કર્યું હતું.

પિંડવિસોહિપગરણ (રચના સં. ૧૧૪૪) – તેના ઉપર સં. ૧૧૭૬ માં ચંદ્રકુલના **આ૦ યશોદેવે** વિવરણ રચ્યું છે. સં. ૧૧૯૨ માં કચ્છુલીવાલગચ્છના આ૦ ઉદયસૂરિએ દીપિકા રચી છે. પલ્લીવાલગચ્છના **આ૦ અજિતસિંહે** દીપિકા રચી અને બીજા આચાર્યોએ અવચૂરિકા, પંજિકા રચી છે. વિક્રમની સોળમી સદીમાં તપાગચ્છીય **પં૦ સંવેગદેવે** બાલાવબોધ રચ્યો હોવાનું જાણવા મળે છે.

સૂક્ષ્માર્થસિદ્ધાંતવિચાર (કર્મગ્રંથ, ગાથા : ૧૫૦) – તેના ઉપર ભાષ્ય રચાયું છે. સં. ૧૧૭૦માં **આ૦ મુનિચંદ્રે** ચૂર્ણિ રચી, સં. ૧૧૭૧માં ચંદ્રકુલના **આ૦**

ધનેશ્વરસૂરિએ વૃત્તિ રચી. આ૦ જિનવલ્લભસૂરિશિષ્ય **આ૦ રામદેવે** વિવરણ રચ્યું અને આ૦ ચક્રેશ્વરે ટિપ્પણ બનાવ્યાં છે.

ષડશીતિ–આગમિકવસ્તુવિચાર (ગાથા : ૮૬) – તેની ઉપર આ૦ મુનિચંદ્રે સં. ૧૧૭૦માં ચૂર્ણિ રચી. સં. ૧૧૭૩માં ચંદ્રકુલના આ૦ રામદેવે ટિપ્પણ રચ્યું. સં. ૧૧૭૬ માં ચંદ્રકુલના આ૦ યશોદેવે વિવરણ રચ્યું. સુવિહિત વડગચ્છીય આ૦ હરિભદ્રે વૃત્તિ (ગ્રં. ૮૫૦) રચી. નિર્વૃતિકુલના આ૦ મલયગિરિએ વૃત્તિ રચી અને ઉપા૦ મેરુપ્રભે પણ વૃત્તિ વગેરેની રચના કરેલી છે.

પોસહવિધિ (શ્લો. ૪૦) – જેમાં પ્રથમ ઈરિયાવહી પડિક્કમીને પછી પોસહ લેવાનું વિધાન છે તેની ઉપર સં. ૧૬૧૭માં **આ૦ જિનચંદ્રે** વૃત્તિ બનાવી.

સંઘપટ્ટક ઉપર (સં. ૧૨૨૩ થી ૧૨૭૮માં) આ૦ જિનપતિએ બૃહદ્વૃત્તિ બનાવી. ઉપા૦ **હર્ષરાજે** લઘુવૃત્તિ રચી, સં. ૧૫૧૩ માં શેઠ વીરદાસના પુત્ર શેઠ હમીરના પુત્ર પં૦ લક્ષ્મીસેને લઘુવૃત્તિ રચી. સં. ૧૬૧૯માં પં૦ **સાધુકીર્તિએ** અવચૂરિની રચના કરી.

'દ્વાદશકુલક' ઉપર સં. ૧૨૯૩માં **ઉપા૦ જિનપાલે** વૃત્તિ રચી છે. તેમણે સ્વપ્નાષ્ટક ઉપર સં. ૧૨૯૨માં ભાષ્ય રચ્યું છે.

પ્રશ્નોત્તરશતક ઉપર સં. ૧૪૮૩માં તપાગચ્છીય આ૦ **સોમસુંદરસૂરિશિષ્ય** ..... ટીકા રચી છે. સં. ૧૬૪૦ માં ઉપા૦ પુણ્યસાગરે વૃત્તિ રચી છે.

સ્તોત્રો ઉપર જુદા જુદા વિદ્વાનોએ વૃત્તિઓ બનાવી છે.

આ રીતે આ૦ જિનવલ્લભસૂરિના ગ્રંથો પ્રતિષ્ઠા પામ્યા હતા.

તેમના શિષ્ય પં૦ રામદેવગણિએ સં. ૧૧૭૩ લગભગમાં 'ષડશીતિ'નું ટિપ્પન, 'સત્તરી'નું ટિપ્પન તથા 'સિદ્ધાંતવિચાર'નું પ્રાકૃત વિવરણ રચ્યું છે.[૧]

પં૦ નેમિકુમાર પોરવાલે સં. ૧૧૩૮ માં પં૦ જિનવલ્લભગણિ માટે કોટ્યાચાર્યના 'આવસ્સયભાષ્ય' ઉપરની ટીકા લખેલી છે અને નેમિચંદ્ર ભાંડાગારિકે 'સટ્ઠિસયપગરણ' બનાવ્યું છે તથા સં. ૧૨૪૫માં જૂની ગુજરાતીમાં આ૦ જિનવલ્લભસૂરિનું ગીત બનાવ્યું છે. નેમિકુમાર અને નેમિચંદ્ર ભાંડાગારિક એ બંને જુદી જુદી વ્યક્તિઓ છે. નેમિકુમારે વિશેષભાસની અંતે જોડેલી પુષ્પિકાથી આ૦ જિનવલ્લભના ગુરુનો નિર્ણય થઈ જાય છે અને તેમની ઉંમરનો અંદાજ પણ મળી રહે છે.

---

૧. આ૦ મહેંદ્રસૂરિ લખે છે કે, ષડશીતિ ટિપ્પણમાં અનાયતનની ચર્ચા છે. પરંતુ પ્રતિમામાં મારા-તારાનો ભેદ રાખવો એ સર્વજ્ઞની અભક્તિ છે. અરિહંતને પરાયા માનવાથી પથ્થર અને પિત્તલ જ પોતાનાં રહે છે. ગુણોનો પક્ષપાત ઊડી જાય છે. ચૈત્યમાં વિઘ્ન નાખવાથી મહામિથ્યાત્વ લાગે છે. ગ્રંથિભેદનો અસંભવ થઈ જાય છે વગેરે વગેરે. (શતપદી પદ : ૧૦૭)

મધુકરગચ્છ–રુદ્રપલ્લીયગચ્છ :

આ૦ જિનવલ્લભસૂરિની પટ્ટાવલી નીચે મુજબ મળે છે, જેનું નામ **મધુકર-ગચ્છ** હતું. અને ૪૨ નંબરના આ૦ **અભયદેવસૂરિ** પછી તેનું બીજું નામ **રુદ્રપલ્લીય** (રુદ્રેલીયા) ગચ્છ પડ્યું.

ગ્રંથપુષ્પિકાઓ સ્પષ્ટ નિર્ણય આપે છે કે, ગંગા નદીના દક્ષિણ કિનારે વડહર દેશમાં રુદ્રપલ્લી નગર[1] આવેલું હતું. તેમાં સં. ૧૨૦૭, ૧૨૦૮માં **ગોવિંદદેવ** નામે રાજા હતો.

૩૮. **આ૦ જિનવલ્લભસૂરિ** – તેમના ચૈત્યવાસી ગુરુ તથા સંવેગી ગુરુ એ બંનેના નામો **'જિન'** શબ્દથી શરૂ થાય છે, તેથી આચાર્ય થયા પછી આ૦ વલ્લભસૂરિના નામમાં પણ 'જિન' શબ્દ ગોઠવવામાં આવ્યો અને તેમના પટ્ટધરોમાં પણ 'જિન' શબ્દ કાયમી બની ગયો.

૩૯. **આ૦ જિનશેખરસૂરિ** – તેઓ પણ કૂર્ચપુરીય ચૈત્યવાસી આ૦ જિનેશ્વર-સૂરિના શિષ્ય હતા. તે ગુરુની આજ્ઞાથી પં૦ જિનવલ્લભગણિની સાથે જ આ૦ **અભયદેવસૂરિ** પાસે સિદ્ધાંત ભણવા આવ્યા અને સંવેગી થતાં આ૦ જિન-વલ્લભના શિષ્ય બન્યા હતા. તેઓ આ૦ જિનવલ્લભની પાટે આવ્યા. તેમણે **સમ્યક્ત્વસપ્તતિ, શીલતરંગરિણી, પ્રશ્નોત્તરમાલા**ની વૃત્તિ વગેરે ગ્રંથોની રચના કરી છે. તેઓ ખરતરગચ્છની સામાચારીને માનતા નહોતા.

૪૦. **આ૦ પદ્મચંદ્રસૂરિ** – સંભવ છે કે તેમના સમયે સં. ૧૨૦૪માં 'મધુકર' અને 'ખરતર' એમ બે ગચ્છો જુદા પડ્યા હોય.

૪૧. **આ૦ વિજયસિંહસૂરિ** – તેમના બીજાં નામો આ૦ વિજયચંદ્ર અને આ૦ વિજયેન્દુ પણ મળે છે.

૪૨. **આ૦ અભયદેવસૂરિ** – તેમણે કાશીની રાજસભામાં મોટા વાદીને હરાવ્યો, તેથી કાશીરાજે તેમને **'વાદિસિંહ'**નું બિરુદ આપ્યું હતું. તેમણે સં. ૧૨૭૮માં શ્રીઅંકિત 'જયંતવિજયમહાકાવ્ય' બનાવ્યું છે. તેમનાથી મધુરકગચ્છનું **રુદ્રપલ્લીયગચ્છ** એવું બીજું નામ પડ્યું.

---

૧. कातन्त्रोत्तरापरनाम-विद्यानन्द (व्याकरण) सं. १२०८.

इति विजयानन्दविरचिते कातन्त्रोत्तरे विद्यानन्दापरनाम्नि तद्धितप्रकरणं समाप्तम् ॥
(पाटण, खेतरवसहीपाटकावस्थितभाण्डागार)

दिनकर-शतमिति संख्येऽष्टाधिकाब्दयुक्ते श्रीमद्गोविन्दचन्द्रदेवराज्ये जाह्नव्या दक्षिणकूले श्रीमद्विजयचन्द्रदेवे वडहरभुज्यमाने श्रीनामदेवदत्तजहमपुरीदिग्विभागे पुरराहपुरस्थितिपौषमासे षष्ठ्यां तिथौ शौरिदिने वणिग्जल्हणेनात्मजस्यार्थे तद्धितविजयानन्दं लिखितमिति यथा द्रष्टं तथा लिखितम्, शुभं भवतु । पं० विजयानन्दकृतं कातन्त्रसंबन्धिकारक-समास-तद्धितपादपञ्जिकायाः कातन्त्रोत्तरः ॥ (જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્રશસ્તિ : ૬૨, ૬૩)

રુદ્રપલ્લી આ૦ સિંઘતિલકસૂરિ લખે છે કે –

પટ્ટે તદીયેऽભયદેવસૂરિરાસીદ્ દ્વિતીયોऽપિ ગુણાદ્વિતીયઃ ।
જાતો યતોऽયં જયતીહ રુદ્રપલ્લીયગચ્છઃ સુતરામતુચ્છઃ ॥[1]

(-સમ્યક્ત્વસપ્તતિવૃત્તિ-પ્રશસ્તિ)

આ૦ દેવેન્દ્રસૂરિ સ્પષ્ટ જણાવે છે કે –

યસ્માદાસીદસીમપ્રશમમુખગુણૈરદ્વિતીયો વરેણ્યઃ
ષટ્તર્કગ્રન્થવેત્તાऽભયપદપુરતો દેવનામા મુનીન્દ્રઃ ।
યસ્માત્ પ્રાલેયશૈલાદિવ ભુવનજનવ્રાતપાવિત્ર્યહેતુ-
ર્જજ્ઞે ગઙ્ગપ્રવાહઃ સ્ફુટદુરુકમલો **રુદ્રપલ્લિયગચ્છઃ** ॥

(-પ્રશ્નોત્તર૨૨ત્નમાલિકા-વૃત્તિ)

૪૩. **આ૦ દેવભદ્રસૂરિ** (સં. ૧૩૦૨) – આ૦ દેવપ્રભના શિષ્ય આ૦ કમલપ્રભે પ્રાકૃત ભાષામાં 'પાર્શ્વનાથસ્તવન' ગાથા : ૭, 'જિનપંજરસ્તોત્ર' ગાથા ૨૫ રચ્યાં.

૪૪. **આ૦ પ્રભાનંદસૂરિ** – તેમની પાટે આ૦ મહાનંદ, આ૦ ચંદ્ર, આ૦ વિમલચંદ્ર, આ૦ ગુણશેખર વગેરે ઘણા આચાર્યો થયા હતા. તે પછી આ ગચ્છની ઉત્તરોત્તર વૃદ્ધિ થઈ. આ૦ ચંદ્રની પાટે **આ૦ જિનભદ્રસૂરિ** થયા હતા.

૪૫. **આ૦ સંઘતિલકસૂરિ** – તેમનું બીજું નામ આ૦ જગતતિલક પણ છે. તેમણે સં. ૧૪૨૨ માં 'સમ્યક્ત્વસપ્તતિ'ની વૃત્તિ રચી છે. તેમની પાટે ત્રણ આચાર્યો થયા.

(૧) **આ૦ સોમતિલકસૂરિ** – તેમણે સં. ૧૩૯૨માં આ૦ **જયકીર્તિરચિત** 'શીલોપદેશમાલા' ઉપર શીલતરંગિણીવૃત્તિ, વીરકલ્પ, ષટ્દર્શનસૂત્ર-ટીકા, લઘુસ્તવ-ટીકા અને **કુમારપાલદેવચરિત** (ગ્રં. ૭૪૦)ની રચના કરી છે. તેમની પાટે આ૦ **હેમચંદ્રસૂરિ** આવ્યા.

(૨) આ૦ દેવેન્દ્રસૂરિ – તેમણે વિમલચંદ્રની 'પ્રશ્નોત્તરમાલિકા' ઉપર વૃત્તિ, 'દાનોપદેશમાલા', તેની સ્વોપજ્ઞ ટીકા અને મુનિ **હેમચંદ્રની** વિનતિથી 'ત્રિંશત્ ચતુર્વિંશતિ'નાં ૧૦ સ્તવનોની રચના કરી છે.

---

૧. ખરતરગચ્છની સં. ૧૫૮૨ની 'પદ્ય-પટ્ટાવલી'માં સં. ૧૧૬૯માં અને ગદ્ય-પટ્ટાવલીઓમાં સં. ૧૨૦૪-૧૨૦૫માં આ૦ જિનશેખરથી રુદ્રપલ્લીયગચ્છની ઉત્પત્તિ બતાવી છે. પરંતુ રુદ્રપલ્લીયગચ્છના આચાર્યના ઉક્ત ઉલ્લેખથી પટ્ટાવલીઓનું કથન નિરાધાર બની જાય છે. એટલે સં. ૧૧૬૯માં મધુકર, સં. ૧૨૦૪માં ખરતર અને તે પછી રુદ્રપલ્લીયગચ્છ ઉત્પન્ન થયો એ ઉક્તિસંગત લાગે છે. એ પણ પ્રતીતિકર વાત છે કે રુદ્રપલ્લીયગચ્છના આચાર્યો પોતાના નામ સાથે પૂર્વમાં 'જિન' શબ્દ જોડતા નથી. આ બધાં કારણોથી રુદ્રપલ્લીયગચ્છ તેમજ ખરતરગચ્છ બંને જુદા જુદા ગચ્છો છે. એ બંનેની સામાચારી ભિન્ન ભિન્ન છે.

૪૬. (૩) **આ૦ ગુણચંદ્રસૂરિ** – તેમનું નામ ગુણપ્રભ હોવાનું પણ જણાય છે. તેઓ સં. ૧૪૧૫માં વિદ્યમાન હતા. તેમના શિષ્ય **મુનિ ગુણાકરે** સં. ૧૪૨૬ માં આ૦ અભયદેવસૂરિના રાજ્યમાં 'ભક્તામરસ્તોત્ર-વૃત્તિ' રચી. આ૦ ગુણપ્રભના સં. ૧૪૧૦, ૧૪૧૫ ના પ્રતિમાલેખો મળી આવે છે. તેમની પાટે (૧) આ૦ અભયદેવ અને (૨) આ૦ ધનપ્રભ આવ્યા. આ૦ ધનપ્રભના સં. ૧૫૧૮, સં. ૧૫૨૫ ના પ્રતિમાલેખો પ્રાપ્ત થાય છે. તેમની પાટે આ૦ ચારિત્રપ્રભ થયા, જે સં. ૧૫૮૦માં વિદ્યમાન હતા.

૪૭. **આ૦ અભયદેવસૂરિ** – તેઓ બહુ વિખ્યાત હતા. સં. ૧૪૨૬ માં વિદ્યમાન હતા.

૪૮. **આ૦ જયાનંદસૂરિ** – તે સં. ૧૪૬૮ માં વિદ્યમાન હતા, જે ઉગ્ર-વિહારી હતા.

૪૯. **આ૦ વર્ધમાનસૂરિ** – તે આ૦ અભયદેવના શિષ્ય હતા. આ૦ જયાનંદસૂરિના હાથે આચાર્યપદ મેળવી, તેમની પાટે આવ્યા હતા. તેઓ તીવ્રબુદ્ધિવાળા અને શાંત હતા. તેમણે સં. ૧૪૬૮ ના કાર્તિક સુદિ ૧૫ ના રોજ જાલંધર પ્રદેશના નંદનવન નગરમાં રાજા અનંતપાલના રાજકાળમાં 'આચારદિનકર' (ઉદય : ૪૧) રચ્યો છે. તેની પ્રશસ્તિના શ્લો. ૩૨ માં પોતાની પટ્ટાવલી આપી છે. તે પોતાને કોટિકગણ, વજ્રશાખા, ચંદ્રકુલના અને **રુદ્રપલ્લીયગચ્છ**ના બતાવે છે.

આ૦ જયાનંદના શિષ્ય મુનિ તેજસકીર્તિએ 'આચારદિનકર'ની પહેલી પ્રતિ લખી હતી. આ૦ વર્ધમાનસૂરિએ 'સ્વપ્નપ્રદીપ' (ઉદ્દ્યોત : ૫, શ્લોક ૧૬૭)ની પણ રચના કરી છે.

રુદ્રપલ્લીયગચ્છના ઉ૦ નરચંદ્રગણિના શિષ્ય ઉ૦ દેવચંદ્રગણિએ સં. ૧૫૦૧ના જેઠ સુદિ ૧૪ ને ગુરુવારે 'ભર્તૃહરિશતકત્રય' લખ્યાં.

(શ્રીપ્રશસ્તિસંગ્રહ, ભાગ બીજો, પ્રશસ્તિ નં. ૨૯)

ખરતરગચ્છ

છેલ્લાં ૮૦૦ વર્ષોમાં વડગચ્છ, દેવાચાર્યગચ્છ, તપગચ્છ, અંચલગચ્છ અને ખરતરગચ્છમાં અનેક પ્રભાવક આચાર્યો અને મુનિવરો થયા. તેમાં જૈનધર્મના સંરક્ષણમાં ખરતરગચ્છનો ફાળો પણ કીમતી છે, પરંતુ ઐતિહાસિક ગ્રંથો, તે ગચ્છના આચાર્યોના ગ્રંથો તથા ખરતરગચ્છની પટ્ટાવલીઓમાં ઘણીએક ઐતિહાસિક વિગતોમાં એકતા નથી. એ એક જટિલ વસ્તુ છે. તેમાંના કેટલાએક વિસંવાદો નીચે મુજબ છે[૧] –

---

૧. પૂરણચંદજી નાહરે 'ખરતરગચ્છ પટ્ટાવલી સંગ્રહ' પ્રકાશિત કર્યો છે. તેમાં સં. ૧૫૮૨ ની એક પદ્ય પટ્ટાવલી અને ત્રણ ગદ્ય પટ્ટાવલીઓ છપાવી છે. ➧

૧. ખરતરગચ્છની જુદી જુદી પટ્ટાવલીઓમાં ગુરુપરંપરા જુદી જુદી જોવા મળે છે. ખરતરગચ્છની પદ્યપટ્ટાવલીમાં અને **મહો૦ ક્ષમાકલ્યાણ**ની પટ્ટાવલીમાં પણ પટ્ટાનુક્રમ વિભિન્ન છે.

૨. આ૦ **અભયદેવસૂરિ** પોતાની નવાંગીવૃત્તિમાં પોતાને આ૦ જિનેશ્વર તથા આ૦ બુદ્ધિસાગરના પટ્ટધર બતાવે છે, જ્યારે પટ્ટાવલીકારો તેમને જિનચંદ્રની પાટે ગોઠવે છે અને દર ચોથી પેઢીએ આ૦ જિનચંદ્રનું નામ રાખવાનું જોડે છે. (જૂઓ, પ્ર. ૩૬, પૃ. ૧૭૦)

૩. આ૦ **અભયદેવસૂરિ** નવાંગીવૃત્તિઓમાં, આ૦ દેવપ્રભકૃત 'મહાવીર-ચરિયં'માં, આ૦ **ચક્રેશ્વર** તથા આ૦ વર્ધમાનસૂરિના પ્રતિમાલેખોમાં પોતાને **ચંદ્રકુલના, વડગચ્છના** અને **સુવિહિતશાખાના** જણાવે છે, જ્યારે પટ્ટાવલીકારો તેમને ખરતરગચ્છના લખે છે અને આ૦ જિનહંસ તો આ૦ ઉદ્દ્યોતનસૂરિને પણ ખરતરગચ્છમાં ગોઠવે છે.

૪. નેમિકુમાર પોરવાલ સં. ૧૧૩૮ની 'વિસેસાવસ્સયભાષ્ય'ની ટીકાની પુષ્પિકામાં આ૦ જિનવલ્લભને અને આ૦ જિનવલ્લભ પોતાના 'પ્રશ્નોત્તરષષ્ટિ-શતક' તથા 'અષ્ટસપ્તતિ'માં પોતાને આ૦ જિનેશ્વરના શિષ્ય બતાવે છે. વળી, સુવિહિત આ૦ **દેવભદ્ર** તેમને સં. ૧૧૬૭ માં આચાર્યપદ આપે છે, ત્યારે આ૦ અભયદેવસૂરિની પાટે તેઓના હાથે સ્થાપેલા આ૦ **વર્ધમાનસૂરિ** વિદ્યમાન હતા (પ્રક. ૩૬, પૃ. ૧૭૩). એટલે તેમની પાટે બીજા આચાર્યોની જરૂરત નહોતી છતાં પટ્ટાવલીકારો આ૦ જિનવલ્લભને આ૦ અભયદેવની પાટે ગોઠવે છે.

૫. 'પ્રભાવકચરિત'ના ઉલ્લેખથી સ્પષ્ટ છે કે, સુવિહિત સાધુ-પરંપરા પ્રાચીન કાળથી ચાલુ હતી જ. તે સાધુઓનો માત્ર પાટણમાં પ્રવેશ થતો નહોતો. આ૦ જિનેશ્વર તથા આ૦ બુદ્ધિસાગરે પાટણમાં આવી વાદ-વિવાદ કરીને નહીં પરંતુ પોતાના ત્યાગ, તપ અને જ્ઞાનના ઓજસ્થી પાટણના રાજા તથા પ્રજાના દિલમાં સુવિહિત પરંપરાની પ્રતિષ્ઠા જમાવી હતી. માજી દુર્લભરાજે પણ શાસ્ત્રાર્થ કે તેના વિજયના કારણે નહીં, પરંતુ તેઓની પવિત્ર જીવનચર્યાના કારણે ચૈત્યવાસીઓને બહુમાનથી સમજાવી તેઓની સમ્મતિ મેળવી ઉપાશ્રય બનાવવાની

◆ 'જૈન શ્વેતાંબર કોન્ફરન્સ હેરલ્ડ' પુસ્તક : ૧૪, અંક : ૪, ૫, ૬, પૃ. ૧૬૩ વગેરેમાં નાહરજીના ભંડારની હસ્તલિખિત ખરતરગચ્છની પટ્ટાવલીનો પરિચય છે.

શ્રી અગરચંદજી નાહટાએ ઐતિહાસિક 'જૈન કાવ્ય સંદોહ' પ્રકાશિત કર્યો છે. તેમાં અનેક ભાષામાં પટ્ટાવલીઓ છપાવી છે.

સિંઘી જૈન ગ્રંથમાળાએ સં. ૨૦૧૩માં 'ખરતરગચ્છ બૃહદ્ પટ્ટાવલી' પ્રકાશિત કરી છે, જેમાં સં. ૧૩૦૫ની યુગપ્રધાનાચાર્ય પટ્ટાવલી અને સં. ૧૫૮૨ લગભગની 'વૃદ્ધાચાર્ય પ્રબંધાવલી' છપાવી છે.

આજ્ઞા આપી. (જૂઓ પ્ર. ૩૫, પૃ. ૫૭-૫૮), જ્યારે પટ્ટાવલીકારોએ આ પ્રસંગે શાસ્ત્રાર્થ કર્યાનું જણાવ્યું છે અને એ વિજયના ઉપલક્ષમાં 'ખરતર' બિરુદ ગોઠવી દીધું છે.

૬. ઇતિહાસ કહે છે કે, પાટણમાં સં. ૧૦૭૮ થી સં. ૧૧૨૦ સુધી **ભીમદેવ** પહેલાનું રાજ્ય હતું, છતાં પટ્ટાવલીકારોએ સં. ૧૦૮૦માં રાજા **દુર્લભ**ની સભામાં શાસ્ત્રાર્થ તથા ખરતર બિરુદને વર્ણવ્યાં છે.

૭. શ્રીનાહરજીની પદ્યપટ્ટાવલીમાં સં. ૧૦૨૪માં દુર્લભરાયની સભામાં[૧], વૃદ્ધાચાર્ય પટ્ટાવલીમાં સં. ૧૦૨૪માં દુર્લભરાજાના રાજ્યમાં[૨], પહેલી અઢારમી સદીની ગદ્યપટ્ટાવલીમાં સં. ૧૦૮૦માં દુર્લભરાજાની સભામાં, બીજી સં. ૧૮૩૦ની મહો૦ **ક્ષમાકલ્યાણ**ની પટ્ટાવલીમાં સં. ૧૦૮૦માં દુર્લભરાજાની સભામાં, ત્રીજી સં. ૧૬૮૦ની પટ્ટાવલીમાં પ્રાકૃત કવિતના આધારે સં. ૧૦૨૪ માં દુર્લભરાજની સભામાં[૩], શ્રીયુત નાહટાજીના 'ઐતિહાસિક જૈન કાવ્યસંદોહ'ના પૃ. ૪૫, ગાથા : ૧૪, ૧૫, ૧૬માં સં. ૧૨૦૪માં દુર્લભરાજની સભામાં, સં. ૧૨૦૭માં ૮૪ વાદજય, ખરતર બિરુદ, નાહરજીના ભંડારની પ્રતિમાં સં. ૧૨૦૪ માં પાટણમાં ખરતર બિરુદ મળ્યાનો ઉલ્લેખ છે. આ રીતે પટ્ટાવલીઓમાં મોટો વિસંવાદ છે. **યુગપ્રધાનાચાર્ય ગુર્વાવલી**માં આ૦ જિનેશ્વરસૂરિને ખરતર બિરુદ મળ્યાનો ઉલ્લેખ નથી.

૮. સં. ૧૨૮૦ નો આબુરાસ, સં. ૧૨૯૦ ની પ્રબંધાવલી, સં. ૧૪૦૫ નો આ૦ રાજશેખરનો પ્રબંધકોશ, સં. ૧૪૬૬ની આ૦ મુનિસુંદરસૂરિની ગુર્વાવલી, સં. ૧૪૮૦ નો આ૦ સોમસુંદરસૂરિનો અર્બુદકલ્પ, સં. ૧૬૨૨ નો પં૦ કુલસાગરગણિનો ઉપદેશસાર વગેરે ઐતિહાસિક ગ્રંથોમાં ઉલ્લેખ છે કે, ચાર ગચ્છના આચાર્યોએ આબૂ ઉપર સં. ૧૦૮૮માં વિમલવસતિની પ્રતિષ્ઠા કરી હતી (જૂઓ, પ્ર. ૩૫, પૃ. ૧૩૧; પ્રક. ૩૭, પૃ. ૨૩૭થી ૨૩૯–ટિપ્પણી). ખરતરગચ્છીય મહો૦ જિનપાલગણી 'યુગપ્રધાનાચાર્ય-ગુર્વાવલી'માં, આ૦ જિનપ્રભસૂરિ 'વિવિધતીર્થકલ્પ'માં વિમલવસતિના પ્રતિષ્ઠાપક તરીકે આ૦ વર્ધમાનસૂરિને બતાવતા નથી જ, છતાં પટ્ટાવલીકારો તેના પ્રતિષ્ઠાપક તરીકે આ૦ વર્ધમાનસૂરિને ગોઠવે છે. એ જ રીતે અંચલગચ્છના પટ્ટાવલીકારો તેના પ્રતિષ્ઠાપક તરીકે વલભીગચ્છના **આ૦ સોમપ્રભસૂરિ**ને બતાવે છે.

૯. ખરતરગચ્છની પટ્ટાવલીઓમાં ફલોધિતીર્થની પ્રતિષ્ઠા તાદ્યકૃત્

---

૧. વર્ષાબ્ધિ-પક્ષાગ્ર-શશિપ્રમાણે લેભેऽપિ યૈઃ ખરતરબિરુદઃ ॥૩૮॥

૨. દસસયચઉવીસે વચ્છરે ॥

૩. દસસયચિહુવીસેહિ, નયર પાટણ અણહિલ્લપુરિ,
સુવિહિતખરતરગચ્છબિરુદ ॥૧॥

બતાવી છે. મહો૦ ક્ષમાકલ્યાણકે પર્વકથામાં આ૦ વાદિદેવસૂરિના વાસક્ષેપથી ફલોધિતીર્થની સ્થાપના જણાવી છે. છતાં કોઈ કોઈ લેખક એનો યશ ખરતરગચ્છને આપે છે.

૧૦. આઈન ઈ અકબરી, બાદશાહી ફરમાનો, અકબર બાદશાહે આ૦ જિનચંદ્રને આપેલું મુલતાનનું ફરમાન અને તત્કાલીન ગ્રંથોના આધારે નક્કી છે કે, પૂ. આ૦ **જગદ્‌ગુરુ શ્રીહીરવિજયસૂરિએ** સમ્રાટ અકબરને પ્રતિબોધ કર્યો અને દયાપ્રેમી બનાવ્યો, જ્યારે પટ્ટાવલીકારોએ આ૦ જિનચંદ્રે સમ્રાટ અકબરને પ્રતિબોધ કર્યાનું જણાવ્યું છે.

૧૧. તુજકે **જહાંગીર**ના ઉલ્લેખથી સ્પષ્ટ થાય છે કે, બાદશાહ જહાંગીર આ૦ જિનચંદ્રના પટ્ટધર ઉપા૦ માનસિંહ (આ૦ જિનસિંહ) પ્રત્યે નારાજ હતો અને તેથી તેણે આગરામાં તેમના યતિઓનો વિહાર બંધ કરાવ્યો હતો (જૂઓ, પ્ર. ૪૪, જહાંગીર). આ૦ જિનચંદ્રે મહો૦ વિવેકહર્ષગણિ, પં૦ મહાનંદ, પં૦ પરમાનંદ વગેરેના સહયોગથી તે વિહાર ખુલ્લો કરાવ્યો હતો જ્યારે કોઈ કોઈ લેખક વિહાર બંધ કરાવ્યાનો દોષ બીજાઓ ઉપર ઓઢાડવાનો પ્રયત્ન કરે છે.

૧૨. કલિકાલસર્વજ્ઞ **આ૦ હેમચંદ્રસૂરીશ્વર** અને ગૂર્જરેશ્વર **કુમારપાલ**નું સ્વર્ગગમન સં. ૧૨૨૯માં થયું હતું. પટ્ટાવલીકારો સં. ૧૧૭૮ થી ૧૨૩૧ સુધી તેઓની વિદ્યમાનતા બતાવે છે.

૧૩. સં. ૧૬૯૦ ની ખરતરગચ્છીય પટ્ટાવલીમાં આ૦ **ઉદ્‌દ્યોતનસૂરિએ** ગચ્છવર્ધક મુહૂર્તમાં આ૦ વર્ધમાનને જ આચાર્યપદ આપવાનું જણાવ્યું છે. જ્યારે ખરતરગચ્છની બીજી પટ્ટાવલીઓ અને બીજા ગચ્છની વિભિન્ન પટ્ટાવલીઓમાં આ૦ ઉદ્‌દ્યોતનસૂરિએ આ૦ સર્વદેવ વગેરે આઠ આચાર્યોને આચાર્યપદ આપવાનું અને મંત્રી વિમલ શાહને કોઈ સંતાન ન હોવાનું જણાવેલ છે.

૧૪. આ૦ જિનદત્તસૂરિની સ્વર્ગવાસ તિથિ માટે પટ્ટાવલીઓમાં એકમત નથી.

આવી રીતે નાના-મોટા ઘણા **મદભેદો** ઊભા છે, એટલે સત્યતા તારવવામાં ઘણી જ કુશળતા રાખવી પડે તેમ છે. આ **વિસંવાદો** કેમ પડ્યા તે એક નાજુક પ્રશ્ન છે, છતાં ખરતરગચ્છીય મહો૦ યતિવર **રામલાલજી ગણિ**ની રચનામાંથી તે અંગે કંઈક ખુલાસો મળે છે. તેઓ 'મહાજનવંશમુક્તાવલી'માં લખે છે –

બિકાનેરના **કુલગુરુ** મહાત્મા અને વહીવંચાઓએ ખરતરગચ્છના આ૦ **જિનચંદ્રસૂરિ**નું સ્વાગત કર્યું નહીં. આથી ખરતરગચ્છના શ્રાવક બિકાનેરના મંત્રી **કર્મચંદ્ર** બછાવતે તેઓની વહીઓ અને વંશાવલીઓનો બળજબરીથી વિનાશ કર્યો. તે પછીથી નવી વહીઓ, નવી વંશાવલીઓ અને નવી પટ્ટાવલીઓ તૈયાર કરાવી, વગેરે વગરે.

આ વાત સાચી હોય તો સ્પષ્ટ છે કે, ખરતરગચ્છની પટ્ટાવલીઓ સત્યતા પર નહીં કિન્તુ ગચ્છરાગ પર નિર્ભર છે. આવી સ્થિતિમાં ખરતરગચ્છનો ઇતિહાસ લખવામાં બહુ સંભાળ રાખવાની જરૂર છે – ગંભીર પરિશીલનની જરૂર છે.

ગચ્છસ્થાપક કોણ ?

આ સઘળા વિસંવાદોના મૂળમાં ખરતરગચ્છના પહેલા આચાર્ય કોણ ? એ જ મુખ્ય પ્રશ્ન છે. એવો નિર્ણય થતાં આમાંના ઘણા વિસંવાદોનો આપોઆપ નિકાલ આવી જાય તેમ છે, તો આપણે તેનો વિચાર કરીએ.

ખરતરગચ્છના આદિ આચાર્ય કોણ ? એની વિચારણામાં ૧–આ૦ જિનેશ્વર-સૂરિ સં. ૧૦૮૦ અને ૨–આ૦ જિનદત્તસૂરિ સં. ૧૨૦૪, બંને આચાર્યોનાં નામો અપાય છે તો આપણે પહેલાં એ તપાસી લઈએ કે, ખરતરગચ્છની **સંસ્કૃતિ** એ બંનેમાંથી કોના તરફ વધુ ઢળે છે ?

(૧) પં૦ સુમતિગણિએ 'ગણધરસાર્ધશતક'ની બૃહદ્‌વૃત્તિમાં આ૦ જિનશેખરનું ચરિત્ર દર્શાવ્યું છે તેમાં ખરતર બિરુદ મળ્યાનો ઉલ્લેખ નથી.

(૨) મહો૦ જિનપતિએ 'યુગપ્રધાનાચાર્ય ગુર્વાવલી' (ખરતરગચ્છ બૃહદ્‌ગુર્વાવલી) રચી છે, તેમાં આ૦ જિનેશ્વરસૂરિને ખરતર બિરુદ મળ્યાનો ઉલ્લેખ નથી.

(૩) આ૦ **જિનેશ્વર**ની પરંપરાના સુવિહિત આ૦ દેવભદ્ર, આ૦ ચક્રેશ્વર, આ૦ વર્ધમાન, આ પદ્મપ્રભ વગેરે આચાર્યો શિલાલેખોમાં અને ગ્રંથોમાં પોતાને **વડગચ્છ**ના બતાવે છે જ્યારે આ૦ **જિનદત્ત**ની પરંપરાના આચાર્યો પોતાને **ખરતરગચ્છ**ના બતાવે છે.

(૪) આ૦ જિનવલ્લભના શિષ્યો પોતાને 'મધુકરગચ્છ'ના બતાવે છે અને આ૦ જિનદત્તની પરંપરાના આચાર્યો પોતાને ખરતરગચ્છના બતાવે છે.

(૫) આ૦ જિનેશ્વરના શિષ્યો વડગચ્છની સામાચારીને વફાદાર રહે છે. આ૦ જિનદત્તના શિષ્યો ખરતરગચ્છની સામાચારીને વફાદાર રહે છે.

(૬) ખરતરગચ્છવાળા આ૦ જિનેશ્વરને નહીં કિન્તુ આ૦ જિનદત્તસૂરિને જ **દાદા** (ગચ્છના આદિ પુરુષ) માને છે, તેમની મૂર્તિઓ તથા પગલાંની સ્થાપના કરે છે–પૂજા કરે છે, પ્રતિક્રમણમાં તેમની જ આરાધના કરે છે.

(૭) આ૦ જિનેશ્વર જૈન શાસનના કલ્યાણની કામના કરે છે. આ૦ જિનદત્ત વીરો અને યોગિનીઓ પાસે માત્ર ખરતરગચ્છને માટે જ વરદાન માગે છે.

(૮) આ૦ જિનેશ્વરના અનુગામીઓ જૈન સંઘની રક્ષા અને ઉત્કર્ષ તથા જિનાલયો બનાવવા વગેરેને શાસનસેવા માને છે, જ્યારે આ૦ જિનદત્તના

અનુગામીઓ વિશેષતઃ ખરતરગચ્છની રક્ષા અને ઉત્કર્ષ તથા દાદાવાડી બનાવવી વગેરેને શાસનસેવા માને છે.

(૯) આ૦ જિનેશ્વરના શિષ્યોએ કલિકાલસર્વજ્ઞ આ૦ હેમચંદ્રસૂરિ અને પરમાર્હત કુમારપાલ મહારાજાને ધર્મના સ્તંભ માન્યા છે, જ્યારે આ૦ જિનદત્તના સંતાનીઓએ તેઓની વિરુદ્ધ કલમ ચલાવી છે.[1]

(૧૦) ગૂર્જરેશ્વર કુમારપાલે જૈન સંઘનું અને પાટણનું ઐક્ય જોખમાય નહીં એટલા ખાતર નવી સામાચારીવાળા જૈન ગચ્છોને દેશવટો આપ્યો હતો, ત્યારે આ૦ જિનેશ્વરના શિષ્યો ગુજરાતમાં જ રહ્યા હતા અને આ૦ જિનદત્તનો પરિવાર સં. ૧૨૦૪ પછી ગુજરાતની બહાર વિચરતો હતો. આ૦ જિનદત્ત ગુજરાત બહાર જ સ્વર્ગસ્થ થયા. તે પછી પણ વિમલવસહીનો જીર્ણોદ્ધાર, લૂણવસહીની સ્થાપના, વસ્તુપાલનો સંઘ અને પ્રતિષ્ઠા, શત્રુંજયનો મોટો જીર્ણોદ્ધાર વગેરે ધર્મ-ઉત્સવોમાં એ પરિવારની ઉપસ્થિતિ મળતી નથી એ પણ એક સૂચક વસ્તુ છે.

(૧૧) આ૦ જિનવલ્લભે ચિત્તોડ મંદિરની પ્રશસ્તિ અને 'પ્રશ્નોત્તર ષષ્ટિશતક' તેમજ આ૦ જિનદત્તસૂરિએ 'ગણધરસાર્ધકશતક' (ગાથા : ૭૬) વગેરેમાં આ૦ જિનેશ્વરસૂરિના પ્રશંસાકાવ્યો રચ્યાં છે ખરાં, પરંતુ આ૦ જિનેશ્વર-સૂરિથી ખરતરગચ્છ નીકળ્યો એવો ઈશારો પણ કર્યો નથી. સુવિહિત આ૦ દેવભદ્રસૂરિએ તેમના 'મહાવીરચરિયં'માં સ્પષ્ટ લખ્યું છે કે, આ૦ જિનેશ્વરથી ખરતરગચ્છ નહીં પરંતુ વિમલતર એટલે સુવિહિત શ્રમણ-પરંપરા ચાલી છે.

(૧૨) આ૦ જિનદત્તસૂરિ (સં. ૧૧૬૯)ની પહેલાંના કોઈ પણ ગ્રંથ કે શિલાલેખમાં આ૦ જિનેશ્વરથી ખરતરગચ્છ નીકળ્યાનો ઉલ્લેખ મળતો નથી. તે

---

૧. ततः शङ्कितो मनसि हेमाचार्यो न छोटयति, तदा हेमाचार्यभगिनी हेमश्री महत्तराऽस्ति, तयोक्तम्, 'छोटयन्तु' तैरुक्तम्, 'इदं लिखितमस्ति यः छोटयिष्यति तस्य जिनदत्तसूरिणामाज्ञाऽस्ति' तेन बीभेमि । महत्तरयोक्तम्, 'को जिनदतः ? न कोऽपि भवदीयसमो गच्छाधिपः, अहं छोटयामि, कुमारपालेन दत्तम् । तया छोटितमात्रे तत्कालं नेत्रद्वयं पतितम्, अन्धा जाता । पुस्तकं भाण्डागारे मुक्तम्, रात्रौ वह्निर्लग्नः । सर्वं पुस्तकं प्रज्वलितम् । तत् पुस्तकमाकाशमार्गेण बौद्धानां समीपे गतम् ।

(–સં. ૧૬૯૦ સુધીની–સત્તરમી સદીની ખરતરગચ્છ પટ્ટાવલી, થોડા ફેરફાર સાથે મહો૦ ક્ષમાકલ્યાણની ખરતરગચ્છ પટ્ટાવલી)

ખરતરગચ્છની ગદ્ય-પટ્ટાવલીઓમાં આ૦ જિનદત્ત અને આ૦ જિનેશ્વર બીજાને ઊંચા બતાવવા અને કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિ તેમજ ગૂર્જરેશ્વર કુમારપાલને નીચા બતાવવા માટે આવી વાતો જોડી કાઢવામાં આવી છે. પરંતુ આ૦ જિનેશ્વર બીજાનો સમય વિ.સં. ૧૨૭૮ થી ૧૩૩૧ છે. જ્યારે હેમચંદ્રસૂરિ અને ગૂર્જરેશ્વર કુમારપાલનો સમય સં. ૧૧૯૯ થી ૧૨૨૯ છે. સાધ્વી હેમશ્રીનું નામ પણ કલ્પિત છે. આથી નક્કી છે કે પટ્ટાવલીકારોએ ઘણી ઘટનાઓ ગચ્છરાગથી ઊભી કરી છે.

પછીના ગ્રંથોમાં એવો ઉલ્લેખ થયો છે.

(૧૩) ઐતિહાસિક પ્રબંધકારો આ૦ જિનેશ્વરને તેમજ આ૦ અભયદેવને **પ્રભાવક** આચાર્યો માને છે, આ૦ જિનવલ્લભ કે આ૦ જિનદત્તને નહીં.

(૧૪) વૃદ્ધાચાર્ય પ્રબંધાવલી અને બીજી પટ્ટાવલીઓમાં આ૦ જિનેશ્વર-સૂરિના ચરિત્ર અંગે મોટો મતભેદ (વિસંવાદ) છે.

આ અને આ જાતનાં બીજાં પ્રમાણોના આધારે નિર્વિવાદ માનવું પડે છે કે, ખરતરગચ્છની સ્થાપનાનું શ્રેયઃ આ૦ જિનેશ્વરને નહીં પરંતુ આ૦ **જિનદત્ત-સૂરિને ફાળે જાય છે.** જો કે આ૦ જિનવલ્લભે છ કલ્યાણકની પ્રરૂપણા કરી અને આ૦ જિનદત્ત તેમની પાટે બેઠા પરંતુ આ૦ જિનદત્તે આ૦ જિનવલ્લભની સામાચારીથી ભિન્ન સામાચારી રચી ખરતરગચ્છને જન્મ આપ્યો.[૧] આમ છતાં પ્રભાવકચરિત્ર, પ્રબંધચિંતામણિ, પ્રબંધકોશ વગેરે ઐતિહાસિક ગ્રંથોમાં જે સર્વમાન્ય પ્રભાવકોનાં ચરિત્રો છે, તેમાં આ૦ જિનદત્તનો ઉલ્લેખ નથી. પરંતુ તેમનામાં એવું સામર્થ્ય હતું કે, તેમણે ચૈત્યવાસીઓ સામે ટક્કર લીધી અને સં. ૧૨૦૪ માં એક સ્વતંત્ર બળવાન **ગચ્છ** સ્થાપન કર્યો. તેઓ ખરતરગચ્છના સર્વ પ્રથમ **આચાર્ય** હતા અને ખરતરગચ્છ પણ આજ સુધી તેમને વફાદાર રહ્યો છે. એ જ કારણ છે કે, ખરતરગચ્છીઓ તેમનાં મંદિરો બંધાવે છે, તેમની મૂર્તિઓ કે ચરણપાદુકાઓને પૂજે છે અને પ્રતિક્રમણમાં પણ તેમને જ અચૂક રીતે સંભારે છે. કહેવાની જરૂર નથી કે, ખરતરગચ્છ હશે ત્યાં સુધી આ૦ જિનદત્તનું નામ પણ **અમર** રહેશે.

આ૦ જિનદત્તસૂરિએ વિવિધ સ્થાનોમાં જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી તે પ્રતિમાઓ કે પ્રતિમાલેખો આજે મળતા નથી. પરંતુ કેટલાએક યતિઓએ ગુરુભક્તિથી કે ગુરુભક્તો પાસેથી વધુ નકરાની રકમ મેળવવાની લાલચથી આવા પ્રતિમાલેખો કોતરાવ્યા છે. સૌ કોઈ જાણે છે કે, **પં૦ કલ્યાણવિજય ગણિએ** જાહેર લેખો આપી આ પ્રતિમાલેખોનો ભ્રમસ્ફોટ કર્યો છે – તેવા લેખો **બનાવટી** હોવાનું પુરવાર કર્યું છે. (આત્માનંદ પ્રકાશ)

આ જ રીતે કોઈ યતિએ ક૦ સ૦ હેમચંદ્રસૂરિના નામના બનાવટી પ્રતિમા-લેખો કોતરાવ્યા છે. અમે આવા પ્રતિમાલેખો **અજારી**માં જોયા હતા અને ત્યાંના શ્રીસંઘને સાફ જણાવ્યું હતું કે આ લેખો બનાવટી છે.

---

૧ આ૦ જિનવલ્લભની સામાચારીમાં સામાયિક તથા પૌષધમાં ઈરિયાવહી પછી કરેમિ ભંતેનું વિધાન છે. આ૦ જિનદત્તની સામાચારીમાં સામાયિક તથા પૌષધમાં કરેમિ ભંતે પછી ઈરિયાવહીનું વિધાન છે વગેરે તફાવત છે.

(જૂઓ, રુદ્રપલ્લીયગચ્છ સામાચારી)

ખરતરગચ્છની પટ્ટાવલી :

આ૦ જિનદત્તસૂરિ ઉપર મુજબ ખરતરગચ્છના આદિ પુરુષ છે એટલે ખરતરગચ્છની પટ્ટાવલી તેમનાથી શરૂ થાય છે.

ખરતરગચ્છની પટ્ટાવલી સામાન્ય રીતે બે જાતની મળે છે –

(૧) સત્તરમી સદી સુધીના પટ્ટાવલીકારોએ પોતાની પરંપરા 'નંદીસૂત્ર'ના વાચકવંશ સાથે જોડી દીધી છે. સંભવ છે કે, તેમને પોતાની અખંડ ગુરુ-પરંપરાનું જ્ઞાન નહીં હોય.

(૨) ઓગણીસમી સદીના **મહો૦ ક્ષમાકલ્યાણે** આ૦ **મુનિસુંદરસૂરિ**ની 'ગુર્વાવલી'ના આધારે ગુરુપરંપરા જોડી છે. આ પટ્ટાવલી વ્યવસ્થિત છે, તેથી ખરતરગચ્છમાં આજે તે પ્રામાણિક મનાય છે.

અહીં બંને જાતની પટ્ટાવલીઓ આપીએ છીએ –

ખરતરગચ્છની પટ્ટાવલી પહેલી

૧.	ભગવાન મહાવીરસ્વામી	૨.	ગણધર સુધર્માસ્વામી
૩.	આ૦ જંબૂસ્વામી	૪.	આ૦ પ્રભવસ્વામી
૫.	આ૦ શય્યંભવ	૬.	આ૦ યશોભદ્ર
૭.	આ૦ સંભૂતિવિજય	૮.	આ૦ ભદ્રબાહુ
૯.	આ૦ સ્થૂલભદ્ર	૧૦.	આ૦ મહાગિરિ
૧૧.	આ૦ સુહસ્તિસૂરિ	૧૨.	આ૦ વજ્રસ્વામી
૧૩.	આ૦ આર્યરક્ષિત	૧૪.	આ૦ દુર્બલિકાપુત્ર
૧૫.	આ૦ નંદી	૧૬.	આ૦ નાગ
૧૭.	આ૦ રેવતી	૧૮.	આ૦ સમિત
૧૯.	આ૦ ષડિલ્લ	૨૦.	આ૦ હિમવાન્
૨૧.	આ૦ નાગાર્જુન	૨૨.	આ૦ ગોવિંદ
૨૩.	આ૦ સંભૂતિ	૨૪.	આ૦ લોહિત્ય
૨૫.	આ૦ પુષ્યગણિ	૨૬.	**વા૦ ઉમાસ્વાતિ**
૨૭.	આ૦ જિનભદ્ર	૨૮.	આ૦ વૃદ્ધવાદી
૨૯.	આ૦ **સિદ્ધસેન**	૩૦.	આ૦ હરિભદ્ર
૩૧.	આ૦ દેવ	૩૨.	આ૦ નેમિચંદ્ર
૩૩.	આ૦ ઉદ્દ્યોતન	૩૪.	આ૦ વર્ધમાન
૩૫.	આ૦ જિનેશ્વર, સં. ૧૦૨૪.	૩૬.	આ૦ જિનચંદ્ર
૩૭.	આ૦ અભયદેવ	૩૮.	આ૦ જિનવલ્લભ
૩૯.	આ૦ જિનદત્ત	૪૦.	આ૦ જિનચંદ્ર

૪૧. આ૦ જિનપતિ ૪૨. આ૦ જિનેશ્વર
૪૩. આ૦ જિનપ્રબોધ ૪૪. આ૦ જિનચંદ્ર
૪૫. આ૦ જિનકુશલ, સં. ૧૩૯૦. ૪૬. આ૦ જિનપદ્મ
૪૭. આ૦ જિનલબ્ધિ ૪૮. આ૦ જિનચંદ્ર
૪૯. આ૦ જિનોદય ૫૦. આ૦ જિનરાજ
૫૧. આ૦ જિનભદ્ર ૫૨. આ૦ જિનચંદ્ર
૫૩. આ૦ જિનસમુદ્ર ૫૪. આ૦ જિનહંસ, સં. ૧૫૮૨
૫૫. આ૦ જિનમાણિક્ય, સં. ૧૫૮૨.

ખરતરગચ્છની પદ્ય-પટ્ટાવલીઓ અને કેટલીક ગદ્ય-પટ્ટાવલીઓમાં થોડા ફેરફાર સાથે ઉપર મુજબનો પટ્ટાનુક્રમ મળે છે.

ખરતરગચ્છની પટ્ટાવલી બીજી

૩૯. **આ૦ જિનદત્તસૂરિ –**

कल्पद्रुर्मरुमण्डले स जयति श्रीजैनदत्तो गुरुः ॥ (–પટ્ટાવલી)

તેમનો સં. ૧૧૩૨માં ધંધૂકામાં જન્મ, સં. ૧૧૪૧માં દીક્ષા, સં. ૧૧૬૯ માં ચિત્તોડમાં આચાર્યપદ, સં. ૧૨૦૪ માં ગચ્છવ્યવસ્થા અને સં. ૧૨૧૧ના અષાઢ સુદિ ૧૧ ના દિવસે અજમેરમાં સ્વર્ગગમન થયું.[1]

ધંધૂકાના વતની શેઠ વાછિગ (વિવિધ, વાચક) હુંબડની પત્ની **વાહડદેવી**એ એક બાળકને જન્મ આપ્યો અને તેનું નામ **સોમચંદ** રાખ્યું. વાચક ધર્મદેવે (જયદેવે) સાધ્વીની પ્રેરણાથી બાલક સોમચંદને ૯ વર્ષની વયે દીક્ષા આપી. મુનિ સોમચંદ પહેલે દિવસે ગુરુભાઈ પં૦ સર્વદેવગણિ સાથે સ્થંડિલ ગયા અને ત્યાં તેણે ઘાસના તાજા ઊગેલા અંકૂરાઓને ઉખેડી નાખ્યા. પં૦ સર્વદેવે તેને ઠપકો આપતાં જણાવ્યું કે, 'આવું કરીશ તો તારો સાધુવેશ લઈ લઈશું.' બાલમુનિએ પોતાની ભૂલની માફી ન માગતાં સામો કડક જવાબ વાળ્યો કે, 'મારી ચોટલી લાવો અને તમારો વેશ લઈ લો.' પં૦ સર્વદેવે જોયું કે બાલક હાજરજવાબી છે. (–ગણધરસાર્ધશતક-વૃત્તિ)

ભાવડાગચ્છના આચાર્યે મુનિ સોમચંદને પંજિકાનું જ્ઞાન આપ્યું. **આ૦ અશોકચંદ્રે** વડી દીક્ષા આપી. આ૦ **હરિસિંહે** સિદ્ધાંત અને મંત્રપાઠ શીખવ્યો.

આ૦ **દેવભદ્રે** (હિંદી) સં. ૧૧૬૭માં ચિત્તોડમાં સુવિહિત આ૦ જિનેશ્વર-

---

૧. શ્રીપૂરણચંદજી નાહરે પ્રકાશિત કરેલ ચારે પટ્ટાવલીઓમાં આ૦ જિનદત્તસૂરિના પિતાનું નામ, દીક્ષાગુરુનું નામ, આચાર્યપદતિથિ, બિકાનેરમાં દીક્ષિતોની સંખ્યા, ૭ વ્યસન, ૭ વરદાન-વર દેનારા, નિષિદ્ધ વિહારક્ષેત્રો, ચમત્કારો વગેરે ઘણી બાબતોમાં એકમતતા નથી; એટલે સત્ય શું અને કલ્પિત શું તેનો નિર્ણય થઈ શકે તેમ નથી.

સૂરિના શિષ્ય પં૦ જિનવલ્લભને આચાર્યપદ આપ્યું હતું. તેમણે છ કલ્યાણકની પ્રરૂપણા કરી, એ પછી તેઓ માત્ર છ મહિના જીવીને કાળધર્મ પામ્યા હતા. (ખરતરગચ્છ પટ્ટાવલી સંગ્રહ, પૃ. ૪૬)

તેમને **જિનશેખર** વગેરે શિષ્યો હતા, પણ તે મધુર સ્વભાવના હશે, ગુરુની ઝુંબેશને વેગ આપે એવા નહીં હોય એટલે આ૦ જિનવલ્લભની પાટે કોણ બેસે એ પ્રશ્ન ઊભો થયો. દરમિયાન મુનિ **સોમચંદ** વિહાર કરી **ચિત્તોડ** આવ્યા. તેમને પાટે બેસાડવાની વાત ચાલી, પરંતુ આચાર્યના શિષ્યોને બદલે બીજાને પાટે બેસાડવાનો પ્રશ્ન વિકટ હતો. ઝગડો થઈ જવાનો ભય હતો. આચાર્યપદવી માટે ત્રણ મુહૂર્તો લેવાયાં હતાં, એમાં જેમ વિલંબ થાય તેમ લાભ હતો. અંતે સુવિહિત **આ૦ દેવભદ્રે** ત્રીજા મુહૂર્તમાં સં. ૧૧૬૯માં **વૈશાખ** વદિ ૬ (વૈશાખ સુદિ ૧, વૈશાખ સુદિ ૧૦)ની સાંજે સંધ્યા સમયે **ગોરજ** લગ્નમાં મુનિ સોમચંદને આ૦ **જિનદત્તસૂરિ** નામ આપી આ૦ જિનવલ્લભની પાટે સ્થાપન કર્યા. 'વૃદ્ધાચાર્ય પ્રબંધાવલી'માં લખ્યું છે કે, 'આચાર્યપદ જાલોરમાં બીજા મુહૂર્તમાં થયું હતું.' તેમનો રંગ કાળો હતો અને શરીર ઠીંગણું હતું.

એક દિવસ આ૦ જિનદત્તે કડક હાથે કામ લીધું, એટલે ઉપસ્થિત આચાર્યોએ તેમને ગચ્છ બહાર કર્યા અને આ૦ જિનવલ્લભના શિષ્યોએ તેમને અમાન્ય રાખી **પં૦ જિનશેખર**ને આચાર્ય બનાવી સ્વતંત્ર સંઘાડો ચલાવ્યો, જે **'મધુકરગચ્છ'** નામથી જાહેર થયો.

આ૦ જિનદત્ત જ્યોતિષના અભ્યાસી હતા. તેમણે હિંમત ન હારતા ઉત્તરમાં વિહાર લંબાવ્યો, સં. ૧૧૭૦માં નાગોરમાં પ્રવેશ કર્યો. અહીં ધનદેવ નામે શેઠ રહેતો હતો. તે આ૦ જિનવલ્લભનો ભક્ત હતો. તેણે ભ૦ નેમિનાથનું દેરાસર બંધાવ્યું હતું. તેણે આ૦ જિનદત્તને 'આયતન, અનાયતન, વિધિમંદિર, અવિધિમંદિર વગેરે ચર્ચાઓ' તજી દેવા વિનતિ કરી હતી, પણ આચાર્યશ્રીએ તેનો આદર ન કર્યો. આચાર્યે બિકાનેર જઈ શાંતિસ્તોત્ર પાઠથી મરકીનો ઉપદ્રવ દૂર કરાવ્યો. આથી તેમને બિકાનેરમાં ઘણાં સાધુ-સાધ્વીઓનો લાભ થયો.[1] તેમણે નારનોલની એક બાલવિધવાને ચૈત્યવાસી સાધ્વીઓની શિષ્યા બનાવી હતી, તેને નવી બનેલી સાધ્વીઓને સોંપી અને તેને **મહત્તરાપદ** આપ્યું. ઘણા ચૈત્યવાસી યતિઓને પોતાના શિષ્ય બનાવ્યા. તેમણે **મુલતાન** જઈ ત્યાંના ચૈત્યવાસીઓને પોતાના શ્રાવક બનાવ્યા. તેમને સંપન્ન બનાવવા માટે મકરાણામાં સાતે શુદ્ધિથી શુભ લગ્નમાં એક પવિત્ર **જિનપ્રતિમા** તૈયાર કરાવી, પણ તેને

---

૧. આ દીક્ષિતોની સંખ્યા ચારે પટ્ટાવલીઓમાં જુદી જુદી બતાવી છે. A अक्षसप्तगुणितं-७५, B ५०० સાધુ, C ५०० સાધુ અને ७०० સાધ્વીઓ, D ५०० સાધુ અને ૩૦૦ સાધ્વીઓ.

મુલતાન લાવતા વચમાં, નાગોરમાં જ એક ચૈત્યવાસી આચાર્યે તે પ્રતિમાની અંજનશલાકા કરી નાખી. આથી મુલતાનનો લાભ નાગોરને મળ્યો. વળી, તેમણે શ્રાવકોને ભટનેરા દેરાસરની **માણિભદ્ર યક્ષ**ની પ્રતિમા લાવવા માટે મોકલ્યા. મુલતાની શ્રાવકો એ પ્રતિમા ચોરી લાવ્યા, પણ તે પ્રતિમા પંજાબની નદીઓમાં જ રહી ગઈ. આ૦ જિનદત્તે મુલતાનથી ત્યાં જઈ પાંચ નદીઓના કિનારે માણિભદ્ર યક્ષ, મુસલમાની પાંચ પીરો, સોમ વ્યંતર અને સીલેમા પહાડીનો ખોડિયો ક્ષેત્રપાલ (ખોડિયો હનુમાન) વગેરે દેવોની સાધના કરી અને પછી ૬૪ જોગણીઓને પણ સાધી હતી.

ખરતરગચ્છની પટ્ટાવલીઓમાં આ **પીર-સાધના** અને બીજી ચમત્કારની વાતો ઘણા વિસ્તારથી આપી છે, જેમાં વાયડગચ્છના આ૦ **જીવદેવસૂરિ** અને મરેલી ગાયની ઘટના (પ્ર. ૩૪, પૃ. ૪૫૨ થી ૪૬૧) તેમજ **દાદા ધર્મઘોષસૂરિ** અને સાપના ઝેરની ઘટના (પ્ર. ૪૬) વગેરે જેવા ચમત્કારો પણ સામેલ છે. એકંદરે તેમને મોટા ચમત્કારી પુરુષ તરીકે વર્ણવેલા છે.

આ૦ જિનદત્ત સં. ૧૨૦૪માં પાટણમાં હતા ત્યારે એક ધનિકની સ્ત્રીએ જિનમંદિરમાં આશાતના કરી. આચાર્યશ્રીએ તે માટે સખત હાથે કામ લીધું અને સાથોસાથ સ્ત્રીઓને માટે જિનપૂજાનો સર્વથા નિષેધ કર્યો. આ ઘટનાથી પાટણના સંઘમાં મોટો ખળભળાટ મચી ગયો. આચાર્યશ્રી તરત જ અગમચેતી વાપરીને ત્યાંથી નીકળી ગયા અને **ઔષ્ટ્રિકી** વિદ્યાના બળે એકદમ જાલોર પહોંચી ગયા.[૧]

એવો ઉલ્લેખ મળે છે કે, ગૂર્જરેશ્વર મહારાજા કુમારપાલે પાટણના જૈન સંઘની-મહાજનની અને પાટણના રાજ્યની એકતા જોખમાય નહીં એટલા માટે નવી સામાચારીવાળા જૈન ગચ્છોને દેશવટો આપ્યો હતો. પાટણમાં પ્રવેશ તથા વસવાટ નિવાર્યો હતો. આથી પાટણના સંઘમાં શાંતિ પથરાઈ ગઈ.[૨]

મહોપાધ્યાય જિનપાલની 'યુગપ્રધાનાચાર્ય ગુર્વાવલી'ના ઉલ્લેખથી સમજાય છે કે, આ૦ જિનદત્તસૂરિ ગુજરાતથી બહાર ગયા તે પછી પહેલવહેલાં આ૦ **જિનપતિ** સંઘ સાથે **ગુજરાત**માં **તીર્થયાત્રા** માટે આવ્યા પણ તેમણે શત્રુંજય તીર્થની યાત્રા કરી નહીં; કેવલ **ગિરનાર** તેમજ **ખંભાત**ની યાત્રા કરી હતી. આ

---

૧. વેદાભ્રારુણકાલ (૧૨૦૪) ઔષ્ટ્રિકભવઃ-ઔષ્ટ્રિકપક્ષઃ ।
(–રાજગચ્છપટ્ટાવલી, કડુઆમતપટ્ટાવલી-વિવિધગચ્છ પટ્ટાવલીસંગ્રહ)

૨. ખરતરગચ્છની પટ્ટાવલીઓમાં ક. સ. આ૦ હેમચંદ્રસૂરિ અને ગૂર્જરેશ્વર કુમારપાલની વિરુદ્ધમાં બૂઠી કલમ ચલાવી, તેનું આ જ કારણ હશે. એ ગચ્છોનો વિહાર તેરમી સદીમાં ગુજરાતમાં મળતો નથી, તેનું પણ આ જ કારણ હશે. અંચલગચ્છની પટ્ટાવલીમાં જણાવ્યું છે કે, આ૦ જયસિંહ મહારાજા કુમારપાલની સમ્મતિ મેળવી પાટણમાં રહ્યા હતા. (જૂઓ, પ્ર. ૩૫, પૃ. ૧૫૨-૧૫૩)

યાત્રાવર્ણનમાં આ૦ અકલંકે મારવો લોકોऽતિસ્થૂલભાષી (પૃ. ૩૬); આ૦ તિલકપ્રભે ગૂર્જરાત્રાયાં त्वं सिंह इव (પૃ. ૩૮); સાધુ ક્ષેમંધરે ગૂર્જરાત્રામધ્યે भवतः समीपे [૧] (પૃ. ૩૯) વગેરે જે શબ્દો વાપર્યા છે તેથી સ્પષ્ટ થાય છે કે, ત્યારે ગુજરાતના જૈનોને માટે ખરતરગચ્છ અપરિચિત ગચ્છ જેવો બની ગયો હતો. આ૦ જિનપતિ પછી જનતાને નવેસરથી ખરતરગચ્છ મળ્યો. ત્યાં સુધી તે દેશવટાની સ્થિતિમાં હોય એમ લાગે છે.

આ૦ જિનદત્તસૂરિ ગુજરાત બહાર ગયા પણ તેઓ કાર્યક્ષમ હોવાથી તેમણે સં. ૧૨૦૪માં આ૦ જિનવલ્લભે પ્રરૂપેલાં છ કલ્યાણકો, સ્ત્રીઓને જિનપૂજાનો નિષેધ વગેરે માન્યતાઓને પ્રધાનતા આપી, નવા નિયમો બાંધી સ્વતંત્ર ખરતરગચ્છ ચલાવ્યો [૨] અને તે દિવસથી ઉપકેશગચ્છના ચૈત્યવાસીઓનું નામ કોમલગચ્છ (કંવલાગચ્છ) પડ્યું.[૩]

જેમ બૌદ્ધોને ભારત છોડ્યા પછી વધુ લાભ થયો તેમ આ૦ જિનદત્ત-સૂરિને ગુજરાત છોડ્યા પછી વધુ લાભ મળ્યો. તેઓ મારવાડના તો કલ્પવૃક્ષ તરીકે જાહેર થયા.[૪]

તેમણે ખરતરગચ્છને સ્વતંત્ર સામાચારી આપી છે, જેના કેટલાએક નિયમો નીચે મુજબ છે –

ભ૦ મહાવીરનાં છ કલ્યાણક માનવાં, પાંચ નદીની સાધના કરવી, આચાર્ય

---

૧. ભાંડાશાલિક संभवे – कपटबहुला गूर्जरात्रा । कार्पटिकगूर्जरलोकः । (પૃ. ૪૩)

૨. અંચલગચ્છના આ૦ **મહેંદ્રસૂરિ** લખે છે કે, આ૦ જિનવલ્લભે ૬, આ૦ જિનદત્તે ૨૫, આ૦ જિનચંદ્રે ૩, આ૦ જિનપતિએ ૭ જેટલી નવી પ્રવૃત્તિઓ ચલાવી, જેમાં છટ્ઠું કલ્યાણક, સ્ત્રીને પૂજાનો નિષેધ, મંદિરમાં યુવાન વેશ્યાના નાચનો નિષેધ, શ્રાવકની પ્રતિમાઓ બનાવવાનો નિષેધ, પોતાને યુગપ્રધાન પચીસમો તીર્થંકર, ત્રિભુવનગુરુ વગેરે મનાવવા, ગુરુ પ્રતિમાનો પ્રચાર, તેના દ્રવ્યની વ્યવસ્થા, **બીજા ગચ્છવાળાની કન્યા લેવા-દેવાની મનાઈ**, અખંડ ફૂલ નિર્માલ્ય નહીં, ૩ નવકાર અને ૩ કરેમિભંતેથી સામાયિક ઉચ્ચારવું, માસકલ્પ વિચ્છેદ, દેવોનો કુલકુરી પટ્ટ, સાધુ-ઉપધિ મર્યાદા વિચ્છેદ, દેહ-વસ્ત્રની સફાઈ વગેરે. (શતપદી પદ : ૧૦૭)

આ ખરતરગચ્છની જેમ સં. ૧૩૦૮માં ઉપકેશગચ્છની 'ખરા તપા પક્ષ' નામની શાખા નીકળી હતી. (–આબૂ પ્રાચીન લેખસંદોહ, લે. નં. ૬૦)

૩. વિ.સં. ૧૨૦૪ વર્ષે पत्तने पौषधशालिवनवासिनोर्विवादः कवलांगच्छः खरतरगच्छश्चेति नामनी अभूताम् ।

(–પૂરણચંદજી નાહર સંગૃહિત પટ્ટાવલી; જૈન શ્વેતાંબર કોન્ફરન્સ હેરલ્ડ, પુસ્તકઃ ૧૪, અંક : ૪,૫,૬, પાનું ૧૬૩; પટ્ટાવલી સમુચ્ચય, ભા. ૧, પૃ. ૫૬.)

૪. कल्पद्रुर्मरुमण्डले स जयति श्रीजैनदत्तो गुरुः ।
मरुस्थलीकल्पतरुः स जीयाद् युगप्रधानो जिनदत्तसूरिः ॥५१॥ -વૃદ્ધાચાર્ય પ્રબંધાવલી

સિવાય બીજો કોઈ તીર્થંકરની પ્રતિષ્ઠા ન કરે, સ્ત્રી પૂજા ન કરે, દેરાસરમાં નર્તકી નાચે નહીં, ચતુષ્પર્વી સિવાયના દિવસોમાં પૌષધ થાય નહીં, પૌષધમાં આહાર લેવાય નહીં, આયંબિલમાં બેથી વધુ ચીજોનો ઉપયોગ ન થાય.

સામાયિકમાં ૩ કરેમિ ભંતે બોલવાં અને પછી ઇરિયાવહી સૂત્રપાઠ બોલવો.

તિથિ વધે તો પહેલી તિથિને માનવી, ચૌદશ ઘટે તો પૂનમે પાખી કરવી, શ્રાવણ વધે તો બીજા શ્રાવણમાં સંવત્સરી કરવી. ભાદરવો વધે તો પહેલા ભાદરવામાં સંવત્સરી કરવી વગેરે.

(–ઉત્સૂત્રોદ્‌ઘાટનકુલક, ગાથા : ૧૮, સ્વોપજ્ઞ અવચૂરિ)

આ૦ જિનદત્તે પાંચ નદીના પીરોને-દેવોને ખરતરગચ્છના અધિષ્ઠાયક બનાવ્યા. તેઓને સાત વચનો આપ્યાં અને તેઓની પાસેથી સાત વરદાન લીધા,[૧] તે આ પ્રમાણે છે –

સાત વચનો –

(૧) ગચ્છપતિ સિંધમાં જાય તો પાંચ નદીને સાધે.
(૨) ગચ્છપતિ હમેશાં ૨૦૦ (૧૦૦૦) સૂરિમંત્રનો જાપ કરે.
(૩) ગચ્છનો સાધુ હમેશાં ૩૦૦ (૨૦૦૦) નવકાર ગણે.
(૪) ખરતરગચ્છીય શ્રાવક હમેશાં સાત સ્મરણનો પાઠ કરે. (શ્રાવિકા ત્રિશતી ફેરવે.)
(૫) શ્રાવક પ્રતિઘર ૧ (૨) ખીચડીની માળા ફેરવે.
(૬) શ્રાવક દર મહિને બે આયંબિલ કરે.
(૭) ગચ્છપતિ (સાધુ) હમેશાં એકાસણું કરે.

સાત વરદાનો –

(૧) દરેક ગામમાં ખરતરગચ્છનો એક શ્રાવક દીપતો થાય.
(૨) ખરતરગચ્છનો શ્રાવક ગરીબ ન રહે.
(૩) સંઘમાં કુમરણ ન થાય. (સાધુ-સાધ્વી સાપથી મરે નહીં.)

---

૧. 'વૃદ્ધાચાર્ય પ્રબંધાવલી'માં લખ્યું છે કે, કચ્ચોલાચાર્યના જીવ પાસેથી સાત વરદાન મળ્યાં. જે આ વરદાનોથી ભિન્ન છે.

'પદ્ય-પટ્ટાવલી'માં સોમદેવે એક જ વરદાન આપ્યાનો ઉલ્લેખ છે. પછીની ગદ્ય પટ્ટાવલીઓમાં વરદાતા અને વરદાનોની સંખ્યામાં વધારો થયેલો જોવાય છે.

ઉપર્યુક્ત વચનો અને વરદાનોનું બહુધા પાલન થયું નથી. ચોથું વરદાન લેવાનો કે દેવાનો શો હેતું છે તે સમજાતું નથી. શીલપાલનની આવી વિચિત્ર કસોટી તો ન જ હોય.

'યુગપ્રધાનાચાર્ય-ગુર્વાવલી'માં વરદાનનો ઈશારો સરખો નથી.

(૪) ગચ્છની બ્રહ્મચારિણી સાધ્વીને ઋતુધર્મ આવે નહીં.
(૫) ગચ્છનો શ્રાવક સિંધમાં જાય તો ધનવાન થઈને આવે.
(૬) સંઘમાં કોઈને શાકિની છળે નહીં.
(૭) 'જિનદત્ત' નામથી વીજળી ન પડે.

સં. ૧૬૭૪ની પટ્ટાવલીમાં માણિભદ્રે પાંચ વરદાનો ઉપર મુજબ બતાવ્યાં છે, તેમજ જોગણીનાં બીજાં સાત વરદાનો પણ દર્શાવ્યાં છે; જેમાં ખરતરગચ્છનો સાધુ પ્રાયઃ મૂર્ખ ન રહે, વચનસિદ્ધિવાળો બને; સાધ્વી ઋતુમતી ન થાય અને દિલ્હીથી ઉપર આગળ ગયેલો શ્રાવક ધનવાન બને વગેરે વરદાનોની નોંધ છે.

આ૦ જિનદત્તસૂરિએ એ પણ **અભિવચન** આપ્યું છે કે, ''ખરતરગચ્છનો આચાર્ય દિલ્હી, અજમેર, ભરૂચ, ઉજ્જૈન, મુલતાન, ઉચ્ચનગર અને લાહોર એ સાત નગરોમાં જાય નહીં. ખાસ કારણે ત્યાં જાય તો રાતવાસો કરે નહીં.'' સંભવ છે કે તે સમયે તે તે નગરોમાં બીજા ગચ્છોનું જોર વધુ હોય.

આ૦ જિનદત્તે સં. ૧૨૧૧ ના વૈશાખ સુદિ ૬ના રોજ બિકાનેરમાં **આ૦ જિનચંદ્રને** પોતાની પાટે સ્થાપન કર્યા. ખરતરગચ્છમાં આચાર્યોનાં નામો પહેલાં 'જિન' શબ્દ જોડવાનું ત્યારથી ચાલું થયું છે. તેમણે ૧૦ વાચનાચાર્ય અને ૫ મહત્તરાઓ બનાવી હતી. તેમણે ચૈત્યવાસી અને માહેશ્વરીઓને પોતાના જૈન બનાવ્યા હતા.

ગ્રંથો –

તેમણે રચેલા ગ્રંથો નીચે મુજબ જાણવામાં આવ્યા છે –

૧. ગણધરસાર્ધશતક, પ્રાકૃત ગાથા : ૧૫૦ (પાંત્રીશ આચાર્યોની સ્તુતિ).
૨. સંદોહદોલાવલી, પ્રાકૃત ગાથા : ૧૫૦.
૩. ગણધરસપ્તતિ, પ્રા. ગાથા : ૭૦.
૪. સર્વાધિષ્ઠાયિસ્તોત્ર, પ્રા. ગાથા : ૨૬.
૫. સુગુરુપારતંત્ર્ય, પ્રા. ગાથા : ૨૧.
૬. વિઘ્નવિનાશિસ્તોત્ર, પ્રા. ગાથા : ૧૪.
૭. અવસ્થાકુલક, પ્રા. ગાથા : ૬૨.
૮. ચૈત્યવંદનકુલક, પ્રા. ગાથા : ૨૯.
૯. પ્રાકૃતવિંશિકા.
૧૦. ઉપદેશરસાયન, અપભ્રંશ શ્લો. ૮૦.
૧૧. કાલસ્વરૂપ, અપ. શ્લો. ૩૨.
૧૨. ચર્ચરી, અપ. શ્લો. ૪૭.[૧]

---

૧. આ૦ જિનકુશલે સં. ૧૩૮૩માં 'ચૈત્યવંદનકુલક'ની વૃત્તિ ૪૪૦૦ શ્લોકપ્રમાણ રચી. પં૦ સુમતિગણિએ 'ગણધરસાર્ધશતક'ની બૃહદ્વૃત્તિ, સં. ૧૨૯૫ની પં૦ ➡

એમના ઉપદેશથી તહનગઢનો રાજા **કુમારપાલ** યાદવ (સં. ૧૨૧૦ થી ૧૨૫૨) જૈન બન્યો હતો. (ભારતીયવિદ્યા, ભા. ૨, અંક : ૧)

આ આચાર્યના સમયમાં સં. ૧૧૬૯ થી 'મધુકરગચ્છ' નીકળ્યો અને તેમાંથી આ૦ અભયદેવના સમયે 'રુદ્રપલ્લીગચ્છ' નીકળ્યો.

'યુગપ્રધાનાચાર્ય-ગુર્વાવલી'માં તેમનો સ્વર્ગવાસ સં. ૧૨૧૧ ના અષાઢ વદિ ૧૧ ના રોજ થયો એમ જણાવ્યું છે.

આ૦ જિનદત્તસૂરિ ખરતરગચ્છના સ્થાપક, શાસક, પ્રથમ આચાર્ય, કાર્યક્ષમ ગચ્છનાયક અને **દાદા** હતા. તેઓ સં. ૧૨૧૧ ના અષાઢ સુદિ ૧૧ ના દિવસે **અજમેર**માં સ્વર્ગવાસી થયા. શ્રાવકોએ તે સ્થાને સમાધિસ્તૂપ બનાવ્યો, જેની પ્રતિષ્ઠા સં. ૧૨૨૧ માં આ૦ જિનચંદ્રસૂરિએ કરી હતી. આ૦ **જિનપતિસૂરિ**એ સં. ૧૨૩૫ માં અજમેરમાં ચોમાસું કર્યું અને આ૦ જિનદત્તસૂરિના સ્તૂપની મોટા મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા કરી.

તેમના અગ્નિસંસ્કારનું અસલ સ્થાન ભૂલાઈ જવાથી અજમેરના જૈનોએ બીજે સ્થાને ભ૦ **પાર્શ્વનાથ**નું દેરાસર તથા **દાદાવાડી** બનાવ્યાં છે, જે આજે વિદ્યમાન છે.

૪૦. **મણિધારી જિનચંદ્ર** – તેમનો સં. ૧૧૯૭ના ભાદરવા સુદિ ૮ ના રોજ જન્મ, સં. ૧૨૧૮ ના ફાગણ વદિ ૮ ના રોજ અજમેરમાં (દિલ્હીમાં) દીક્ષા, સં. ૧૨૧૧ (૧૨૦૫ ?)ના વૈશાખ સુદિ ૬ ના રોજ બિકાનેરમાં આચાર્યપદ અને સં. ૧૨૨૩ ના બીજા ભાદરવા વદિ ૧૪ ના રોજ **દિલ્હી**માં સ્વર્ગવાસ થયો.

તેમના પિતાનું નામ **રાસલ** અને માતનું નામ દેલ્હણદેવી હતું. તેમણે આ૦ જિનદત્તે પોતાના હાથે આચાર્યપદવી આપી પોતાની પાટે સ્થાપ્યા હતા. તેમને **ખોડિયા ક્ષેત્રપાલ**ની સાધના કરી હતી. તેમણે પૂર્વદેશની યાત્રા કરી પાછા ફરતાં રાજા મદનપાલની વિનતિથી ગુરુદેવનું **અભિવચન** તોડી **દિલ્હી**માં ચોમાસુ કર્યું અને (યોગિનીના છલથી) ત્યાં જ તેમનો સ્વર્ગવાસ થયો.

તેમણે અતિબલ નામે અધિષ્ઠાયક સ્થાપ્યો હતો. તેમના પોતાના કપાળમાં મણિ હતો. કોઈ શ્રાવકની ગફલતથી એક વિદ્યાસિદ્ધ યોગી તેમનો મણિ ઉપાડી ગયો. તેમની માંડવી મુકરર સ્થાને ન પહોંચતાં વચમાં મરઘટમાં (મસાણમાં) ઉતારવાથી વચમાં જ રહી એટલે શ્રાવકોએ તેમનો ત્યાં જ અગ્નિસંસ્કાર કર્યો

◆ કનકચંદ્રગણિકૃત બૃહદ્‌વૃત્તિ, આ૦ જિનેશ્વરશિષ્ય ઉપા૦ પદ્મમંદિરે લઘુવૃત્તિ ગ્રં. ૨૩૮૦, પં૦ ચારિત્રસિંહે 'અંતર્ગત પ્રકરણ' રચ્યું છે. ઉપા૦ જિનપાલે સં. ૧૨૯૪ માં ચર્ચરીની વૃત્તિ, સં. ૧૨૯૨માં 'ઉપદેશરસાયન'ની વૃત્તિ, ઉપા૦ સુરપ્રભે 'કાલસ્વરૂપ'ની વૃત્તિ અને પં૦ પ્રબોધચંદ્રે સં. ૧૩૨૦ માં 'સંદેહદોલાવલી'ની બૃહદ્‌વૃત્તિ રચી છે.

અને તે સ્થાને સ્તૂપ બનાવ્યો. **ખોડિયો ક્ષેત્રપાલ** ત્યાં પરચા પૂરતો હતો. પાછળથી સ્તૂપની ચરણપાદુકા મુસલમાનોએ ઉપાડીને ફેંકી દીધી અને ત્યાં ખાડો બનાવી મૂક્યો છે, તેની પૂજા ભક્તો કરે છે. આ સ્તૂપ ખરતરગચ્છમાં ચમત્કારી મનાય છે. સં. ૨૦૧૩ ના આસો વદિ ૧૧ ને શનિવાર તા. ૧૯-૧૦-'૫૭ અને આ. વ. અમાસ બુધવાર તા. ૨૩-૧૦-'૫૭ના રોજ ત્યાં ચોરી થઈ ત્યારથી ચમત્કાર મનાતો નથી.

એ સમયથી ખરતરગચ્છમાં દરેક ચોથી પાટે 'જિનચંદ્રસૂરિ' નામ રાખવાનો પ્રચાર શરૂ થયો છે.[1]

તેમના શિષ્ય ઉપા૦ **જિનમતે** સં. ૧૨૧૫ માં 'રાક્ષસકાવ્ય'ની ટીકા રચી છે. તેમણે આ. **જિનપતિને** ઉપા૦ **પદ્મપ્રભ** સાથેના 'ગુરુ-કાવ્યાષ્ટક'ના શાસ્ત્રાર્થમાં બહુ મદદ કરી હતી. ઉપા૦ જિનમતનો સ્વર્ગવાસ સં. ૧૨૪૨ માં થયો હતો.

(જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૨૩૫, પૃ. ૧૪૩, ક્રમાંક : ૨૩૯)

૪૧. આ૦ જિનપતિસૂરિ –

तत्पट्टे श्रीजिनपतिसूरिर्जज्ञेऽथ पञ्चलिङ्गीं यः ।
श्री संघपट्टकमलं विवृत्य चक्रे बुधाश्चर्यम् ॥६॥

(–અભયકુમારચરિત્ર-પ્રશસ્તિ)

वाग्मिनां च शिरोरत्नं वन्दे मर्त्येश्वरस्तुतम् ।
भक्त्या सुमेधसां धुर्यं श्रीमज्जिनपतिगुरुम् ॥

તેઓ બિકાનેરમાં શા. યશોવર્ધન માલ્હુ અને સૂહવદેના પુત્ર હતા. તેમનું નામ નરપતિ હતું.

તેમનો સં. ૧૨૧૦ ના ચૈત્ર વદિ ૮ ના રોજ **મૂળ નક્ષત્રમાં** જન્મ થયો હતો. સં. ૧૨૧૮ ના ફાગણ વદિ ૮ (સં. ૧૨૧૭ ના ફાગણ સુદિ ૧૦)ના તેમની દિલ્હીમાં દીક્ષા થઈ હતી. સં. ૧૨૨૩ ના કાર્તિક સુદિ ૧૩ ના રોજ બબ્બેરકમાં આ૦ જયદેવના હાથે આચાર્યપદ અને સં. ૧૨૭૭ના અષાઢ સુદિ ૧૦ (સં. ૧૨૭૮ ના માહ સુદિ ૬)ના રોજ **પાલનપુર**માં તેઓ સ્વર્ગવાસ પામ્યા હતા.

તેમણે ૩૬ વાદ જિત્યા હતા.

તેમણે આસપુરમાં પ્રતિષ્ઠા કરાવી ત્યારે મણિવાળા યોગીએ જિનપ્રતિમાનું સ્તંભન કર્યું હતું. આથી તેમણે વાસક્ષેપ નાખી તે સ્તંભન દૂર કર્યું હતું. આ કારણે યોગી પણ તેમનો ભક્ત બની ભાલ-મણિ તેમજ સ્તંભિની વિદ્યા આપીને ચાલતો થયો. આચાર્યે તે વિદ્યા ગ્રહણ ન કરી.

---

૧. खोडियाक्षेत्रपालस्तत्स्तूपेऽधिष्ठाता । तुर्ये तुर्ये पट्टे श्रीजिनचन्द्रसूरिनाम स्थापनम् ॥
(–સં. ૧૭૧૧ની ખરતરગચ્છ પટ્ટાવલી)

ખેડનો મંત્રી **ઉદ્ધરણ** સાધર્મિકોને વસ્ત્રદાન વગેરે ઘણું દાન આપતો હતો. તેણે નાગોરમાં દેરાસર બંધાવ્યું. તેની પ્રતિષ્ઠા આ૦ જિનપતિએ કરી; અને તે કુટુંબને ખરતરગચ્છનું **ભક્ત** બનાવ્યું. મરોઠના **નેમિચંદ્ર** ભંડારીનો પુત્ર અંબડ (દેવદત્ત) દીક્ષા લેવાને તૈયાર થયો ત્યારે ભંડારીએ આ૦ જિનપતિની પરીક્ષા કરી તેમને પોતાનો પુત્ર સોંપ્યો.

તેમણે સં. ૧૨૩૩ માં કલ્યાણનગરમાં બિકાનેરના શા૦ માનદેવે ભરાવેલ ભ૦ મહાવીરસ્વામીની પ્રતિષ્ઠા કરી. (–વિવિધતીર્થકલ્પ)

આ૦ વાદિદેવસૂરિએ સં. ૧૧૯૯ના ફાગણ સુદિ ૧૦ દિને ફલોધિમાં તીર્થની સ્થાપના કરી ત્યારે ત્યાં ખરતરગચ્છનું વિધિચૈત્ય નહોતું તેથી આ૦ જિનપતિએ સં. ૧૨૩૪ માં ફલોધિમાં ભ૦ પાર્શ્વનાથનું નવું ખરતરગચ્છીય **ચૈત્ય** બનાવ્યું.

તેમણે સં. ૧૨૪૮ લગભગમાં આસાવલ–**કર્ણાવતી** નગરમાં ઉદયનવિહારના ચૈત્યવાસીઓએ પ્રતિષ્ઠા કરેલ જિનબિંબોને અપૂજનીય ઠરાવી ચર્ચા ઊભી કરી. આ ચર્ચાએ મોટું સ્વરૂપ પકડ્યું. એ અંગે ગ્રંથો બન્યા અને સં. ૧૨૪૮માં કર્ણાવતીમાં શાસ્ત્રાર્થ થયો. આ૦ વાદિદેવસૂરિના સંતાનીય આ૦ પ્રદ્યુમ્નસૂરિએ આ અંગે 'વાદસ્થલ' નામે ગ્રંથ રચ્યો અને આ૦ જિનપતિએ તેના ઉત્તરમાં 'પ્રબોધ્યવાદસ્થલ' નામે ગ્રંથ બનાવ્યો. એ સિવાય તેમણે યમકમયચતુર્વિંશતિ-જિનસ્તવન, શ્લો. ૩૦, **તીર્થમાલા**, પંચલિંગીપ્રકરણ વિવરણ અને સંઘપટ્ટકની બૃહત્-ટીકા રચી. આ૦ જિનભદ્રના પરિવારના **પં૦ હર્ષરાજે** આના આધારે સંઘપટ્ટકની નાની ટીકા બનાવી છે.

આ૦ જિનપતિના ઉપદેશથી મરોઠના શેઠ આશપાલ ધર્કટની પત્ની શુષમણિએ સં. ૧૨૮૨માં 'અનેકાર્થઅભિધાનકોશ' લખાવ્યો.

(–જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્રશસ્તિ : ૮)

તેમણે સં. ૧૨૪૪માં પૂનમિયા આ૦ અકલંકદેવ સામે સાધુ સંઘ કઢાવી સાથે જાય એવું નિરૂપણ કર્યું.

ઉપકેશગચ્છના ઉપા૦ **પદ્મપ્રભે** અજમેરમાં વિસલરાજની સભામાં સં. ૧૨૩૯ માં આ૦ જિનપતિને 'ગુરુ કાવ્યાષ્ટક' અંગેના વાદમાં હરાવ્યા. તે પછી પણ એ બંને વચ્ચે બીજી વખત પણ શાસ્ત્રાર્થ થયો હતો.

(ઉપકેશગચ્છ પટ્ટાવલી, પ્ર. ૧, પૃ. ૨૮; જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૨૩૯)

આ૦ જિનપતિએ ખરતરગચ્છને વ્યવસ્થિત રૂપ આપ્યું, તેથી ખરતરગચ્છના પટ્ટાવલીકારો તેમને – વિધિનભોમણિઃ ॥૬૨॥, ખરતરગચ્છ-સૂત્રધારઃ, ગચ્છસૂત્રાણાં સૂત્રધારઃ, ગચ્છસામાચારીપ્રવર્તકઃ, પરમસંવેગી વગેરે વિશેષણોથી નવાજે છે.

આ સમયે ખરતરગચ્છમાં સગોત્રી ૫૪૦ આચાર્યો હતા. આ૦ જિનપતિના ઘણા શિષ્યો વિદ્વાન હતા. તે પૈકી કેટલાકની માહિતી નીચે મુજબ છે–

(૧) મહો૦ **જિનપાલ** – તેમણે સં. ૧૩૦૫ ના અષાઢ સુદિ ૫ ના રોજ 'યુગપ્રધાનાચાર્ય ગુર્વાવલી' (ગ્રં. ૨૦૧૨૪ ?), સં. ૧૨૬૨ માં 'ષટ્સ્થાનક-વૃત્તિ, 'સનત્કુમારમહાકાવ્ય-સટીક', સં. ૧૨૯૨માં 'ઉપદેશરસાયન-વિવરણ', સં. ૧૨૯૩માં આ૦ જિનવલ્લભસૂરિના 'દ્વાદશકુલક'નું વિવરણ, સં. ૧૨૯૪માં 'ચર્ચરી-વિવરણ' તથા 'સ્વપ્ન વિચારભાષ્ય' બનાવ્યાં છે. તેઓ સં. ૧૨૬૯માં જાલોરમાં **ઉપાધ્યાય** બન્યા હતા.

(૨) **પં૦ સુમતિગણિ** – તેમણે સં. ૧૨૯૫માં ખંભાતથી ધારા-નલકચ્છક–માંડવગઢ સુધીના વિહારમાં આ૦ જિનદત્તના 'ગણધરસાર્ધશતક'ની બૃહદ્વૃત્તિ રચી, જેનો પ્રથમ આદર્શ પં૦ કનકચંદ્રે લખ્યો. **પં૦ ચારિત્રસિંહે** તેના આધારે 'ગણધર અંતર્ગત પ્રકરણ' રચ્યું અને **ઉપા૦ સર્વરાજે** (ઉપા૦ પદ્મમંદિર ગણિએ) લઘુવૃત્તિની રચના કરી.

(૩) **પં૦ પૂર્ણભદ્ર** – તેમણે સં. ૧૨૭૫માં ઉપાસકદશાકથા, સં. ૧૨૮૨માં પાલનપુરમાં અતિમુક્તકચરિત્ર, સં. ૧૨૮૫ માં જેસલમેરમાં ધન્ય-શાલિભદ્રચરિત્ર (પરિ. ૬), સં. ૧૩૦૫માં કૃતપુણ્યકચરિત્રની રચના કરી.

(૪) **આ૦ સર્વદેવ** – તેમણે પં૦ પૂર્ણભદ્રને 'ધન્યશાલિભદ્રચરિત્ર' બનાવવામાં સહાય કરી હતી અને સં. ૧૨૮૭માં જેસલમેરમાં 'સ્વપ્નસપ્તતિકા' રચી છે. તેમણે સં. ૧૨૭૮માં જાલોરમાં આ૦ જિનેશ્વરને આચાર્યપદ આપ્યું હતું.

(૫) **ઉપા૦ સૂરપ્રભ** – તેમણે પં૦ પૂર્ણભદ્રના 'ધન્યશાલિભદ્રચરિત્ર'નું સંશોધન કર્યું, કાલસ્વરૂપકુલકવૃત્તિ રચી, સ્તંભનેશ પાર્શ્વસ્તવન બનાવ્યું. તેમણે ખંભાતમાં દિગંબર વાદી યમદંડને હરાવ્યો તથા પદ્યબદ્ધ 'બ્રહ્મકલ્પ' રચ્યો. ઉ૦ ચંદ્રતિલકને વિદ્યાનંદવ્યાકરણ ભણાવ્યું.

૪૨. આ૦ **જિનેશ્વરસૂરિ** – તેઓ મરોઠના નેમિચંદ ભંડારી અને તેમની પત્ની લક્ષ્મીદેવીના **અંબડ** નામે પુત્ર હતા. તેમનો સં. ૧૨૪૫ ના માગસર સુદિ ૧૧ ના રોજ ભરણી નક્ષત્રમાં જન્મ થયો હતો. સં. ૧૨૫૫માં ખેડમાં દીક્ષા થઈ ત્યારે તેમનું નામ મુનિ **વીરપ્રભ** રાખવામાં આવ્યું. સં. ૧૨૭૮ ના માહ સુદિ ૬ ના રોજ જાલોરમાં આ૦ **સર્વદેવ**ના હાથે આચાર્યપદવી થઈ ત્યારે **આ૦ જિનેશ્વર** નામ રાખવામાં આવ્યું અને સં. ૧૩૩૧ ના આસો વદિ ૬ ના રોજ જાલોરમાં તેઓએ અનશનપૂર્વક સ્વર્ગગમન કર્યું.

લગભગ ૩૩ વર્ષની ઉંમરે તેઓ આચાર્ય થયા પણ જ્ઞાનવાળા નહોતા આથી તેમણે **સરસ્વતી** નદી ઓળંગ્યા પછી **પાટણ**માં પ્રવેશ કરતાં પોતાની અજ્ઞતા માટે ખેદ થયો. આથી પોતાનું મરણ થાય તો સારું એવો વિચાર પણ આવ્યો. આ કારણે **સરસ્વતી** દેવીએ પ્રસન્ન થઈ તેમને વિદ્યાનું વરદાન આપ્યું. તેમણે પાટણમાં જઈ 'અર્હન્તો ભગવન્ત' સ્તુતિ-શ્લોક રચ્યો. સરસ વ્યાખ્યાન આપ્યું.

આ ઘટનાનો ઉલ્લેખ 'યુગપ્રધાનાચાર્ય–ગુર્વાવલી'માં છે પણ અર્વાચીન 'વૃદ્ધાચાર્ય–પ્રબંધાવલી'માં નથી.

ખરતરગચ્છના **પટ્ટાવલીકારોએ** આ૦ જિનેશ્વરનું સ્થાન ઊંચું બનાવવા માટે **ક. સ. આ૦ હેમચંદ્રસૂરિ** તથા ગૂર્જરેશ્વર **કુમારપાલ** મહારાજા માટે મનગઢંત ઘટનાઓ જોડી દીધી છે, જે વસ્તુ 'યુગપ્રધાનાચાર્ય-ગુર્વાવલી'માં કે 'વૃદ્ધાચાર્ય-પ્રબંધાવલી'માં નથી. વસ્તુતઃ પટ્ટાવલીકારો ગચ્છના રાગમાં તણાઈને ઐતિહાસિક સત્યોને સર્વથા ભૂલી ગયા છે. આ૦ જિનેશ્વરસૂરિ તો ગૂર્જરેશ્વર કુમારપાલના મરણ બાદ ઘણાં વર્ષો વીત્યા પછી જન્મ્યા હતા અને બીજી તરફ આ૦ જિનેશ્વરના શિષ્યોએ ક. સ. આ૦ હેમચંદ્રસૂરિના ગ્રંથો ઉપર વિવરણો રચ્યાં છે, ત્યારે કબૂલ કરવું પડે છે કે આ૦ જિનેશ્વરના પરિવારને ક. સ. આ૦ હેમચંદ્રસૂરિ પ્રત્યે બહુમાન હતું.

રુદ્રપલ્લીય આ૦ સોમતિલકે 'કુમારપાલદેવચરિત'ની રચના પણ કરી છે.

પાલનપુરમાં આચાર્ય જિનેશ્વરસૂરિના દાંડાના બે ટૂકડા થઈ ગયા. આથી તેમને લાગ્યું કે મારો ગચ્છ બે ભાગમાં વહેંચાઈ જશે, તો મારે મારા હાથે એની વ્યવસ્થા કરવી જોઈએ કે, બે ભાગલા પડે છતાં મોટું નુકસાન ન થાય. એટલે તેમણે પોતાની પાટે પોતાના હાથે બે આચાર્યો સ્થાપન કર્યા.

(૧) આ૦ જિનસિંહસૂરિ સં. ૧૨૮૦ અને (૨) આ૦ જિનપ્રબોધસૂરિ સં. ૧૩૩૧. (વૃદ્ધાચાર્ય-પટ્ટાવલી, પ્ર. ૮)

આ૦ **જિનસિંહસૂરિ** લાડણુના શ્રીમાલી હતા. તેમનાથી સં. ૧૩૧૩ (? સં. ૧૩૩૧)માં **ત્રીજો લઘુ ખરતરગચ્છ** નીકળ્યો, જેનું બીજું નામ **શ્રીમાલી-ગચ્છ** પણ મળે છે. (જૂઓ, પ્રક. ૪૦, પૃ. ૩૬૮)

આ૦ **જિનેશ્વરે** સં. ૧૩૧૩માં પાલનપુરમાં 'શ્રાવકધર્મ પ્રકરણ' રચ્યું. ઉપા૦ **લક્ષ્મીતિલકે** સં. ૧૩૧૭માં તેની ટીકા (ગ્રં. ૧૫૦૦૦) રચી.

આ સાલમાં ભીમપલ્લી (ભીલડિયા)માં ભ૦ મહાવીરસ્વામીનું દેરાસર બન્યું. સં. ૧૩૩૪ના વૈશાખ વદિમાં ભીલડિયામાં ગણધર ગૌતમસ્વામીની પ્રતિમા બિરાજમાન કરવામાં આવી.

આ૦ જિનેશ્વરે 'યમકમય ચતુર્વિંશતિ જિનસ્તવન' શ્લો. ૩૧ તથા 'પાર્શ્વનાથ જિનસ્તવન' શ્લો. ૨૧ ની રચના કરી.

પં૦ સોમમૂર્તિએ સં. ૧૩૩૧માં 'જિનેશ્વરસૂરિ-દીક્ષારાસ' બનાવ્યો છે.

આ૦ જિનેશ્વરે જૈન સંઘને ઘણા વિદ્વાન **શિષ્યો** આપ્યા છે.[1]

---

૧. સૂરિર્જિનરત્ન ઇહ બુદ્ધિસાગરઃ સુધીરમરકીર્તિઃ કવિઃ પૂર્ણકલશો બુધઃ ।
જ્ઞૌ પ્રબોધેન્દુર્ગણિ-લક્ષ્મીતિલકૌ પ્રબોધેન્દુમૂર્ત્યાદયો યદ્વિનેયાઃ ॥૧૦॥
(–શ્રીઅભયતિલકકૃત સંસ્કૃત-દ્વયાશ્રયવૃત્તિ પ્રશસ્તિ)

(૧) ઉપા૦ **વિવેકસમુદ્રગણિ** – તેમનું બીજું નામ ઉપા૦ વિવેકસાગર હતું. શેઠ વાહડના પુત્ર **બોહિત્થ**, તેમના પુત્રે આ૦ **જિનેશ્વર પાસે** દીક્ષા લીધી, જેઓ **વિવેકસમુદ્ર** નામથી વિખ્યાત થયા. તેમણે સં. ૧૩૦૪ના વૈશાખ સુદિ ૧૪ ના રોજ દીક્ષા લીધી. સં. ૧૩૨૩ માં જેસલમેરમાં **વાચનાચાર્યપદ** મળ્યું. સં. ૧૩૪૨ ના વૈશાખ સુદિ ૧૦ ના રોજ જાલોરમાં આ૦ **જિનચંદ્ર**ના હાથે **ઉપાધ્યાયપદ** મળ્યું અને સં. ૧૩૬૯ ના જેઠ સુદિમાં તેમનું સ્વર્ગગમન થયું. તેમણે આ૦ **કુશલસૂરિ**ને ભણાવ્યા હતા, તેમજ પદવી અપાવી હતી. **ઉપાધ્યાયે** 'પ્રત્યેકબુદ્ધ-ચરિત્ર', પિતા બોહિત્થની વિનતિથી ખંભાતમાં દિવાળીના દિવસે 'નરવર્મચરિત્ર' (સર્ગ : ૫, ગ્રં. ૫૪૨૪), સં. ૧૩૩૪ના **પ્રથમ કાર્તિક સુદિ** ૧૫ ના રોજ જેસલમેરમાં 'પુણ્યસાર-કથા' (ગ્રં. ૩૪૨) રચ્યાં છે; તેમણે વિવેકસાગર સમ્યક્ત્વાલંકાર' ગ્રંથની પણ રચના કરી છે. તેમની પુણ્યસાર-કથાનું સંશોધન આ૦ જિનપ્રબોધે કર્યું હતું.

સં. ૧૫૧૮માં તપાગચ્છમાં આ૦ સોમસુંદરસૂરિના શિષ્ય પં૦ વિવેકસમુદ્ર-ગણિ નામે હતા. (પ્રક. ૫૦)

(૨) વા૦ પૂર્ણકલશગણિ – તેઓ આ૦ જિનેશ્વરના દીક્ષાશિષ્ય અને આ૦ જિનરત્નના વિદ્યાશિષ્ય હતા. તેમણે સં. ૧૩૦૭માં ક. સ. આ૦ **હેમચંદ્રસૂરિ**ના 'પ્રાકૃત-દ્વ્યાશ્રયમહાકાવ્ય'ની વૃત્તિ (ગ્રં. ૧૫૦૦) રચી, જેનું ગુરુભાઈ ઉ૦ **લક્ષ્મીતિલકે** સંશોધન કર્યું હતું. વાચકશ્રીએ યંત્ર-મંત્રવાળું 'સ્તંભન-પાર્શ્વનાથ-સ્તોત્ર' (શ્લો. ૩૭) સ્વોપજ્ઞ વૃત્તિ સાથે રચ્યું હતું.

(૩) **ઉપા૦ લક્ષ્મીતિલક** – તેઓ ઉપા૦ જિનરત્ન પાસે વિદ્યા ભણ્યા હતા. તેમણે ઉપા૦ અભયતિલક વગેરેને ભણાવ્યા હતા. સં. ૧૩૧૭ માં 'શ્રાવકધર્મ-પ્રકરણ'ની ટીકા (ગ્રં. ૧૫૦૦૦) રચી તથા સં. ૧૩૧૧ માં 'પ્રત્યેકબુદ્ધ-ચરિત્રમહાકાવ્ય' (સર્ગ : ૧૭)ની રચના કરી.

(૪) **ઉપા૦ અભયતિલક** – તેઓ આ૦ જિનેશ્વરના દીક્ષાશિષ્ય ને ઉપા૦ લક્ષ્મીતિલકના વિદ્યાશિષ્ય હતા. તેમણે ઉપા૦ લક્ષ્મીતિલક પાસે ન્યાયનો અભ્યાસ કર્યો હતો. સં. ૧૩૧૨ માં પાલનપુરમાં આ૦ હેમચંદ્રસૂરિના 'સંસ્કૃત-દ્વ્યાશ્રય મહાકાવ્ય' (સર્ગ : ૨૦)ની વૃત્તિ (ગ્રં. ૬૦૦૦) રચી. તેમણે 'ન્યાયાલંકાર'નું ટિપ્પન (ગ્રં. ૫૪૦૦૦) રચ્યું, જેમાં ૧. અક્ષપાદનું ન્યાયતર્ક, ૨. વાસ્યાયનભાષ્ય, ૩. ભારદ્વાજનું વાર્તિક, વાચસ્પતિની તાત્પર્ય ટીકા, ૪. ઉદયનની ન્યાય-તાત્પર્ય પરિશુદ્ધિ અને ૫. શ્રીકંઠની ન્યાયાલંકારવૃત્તિ– એ ઉત્તરોત્તર પાંચ ગ્રંથો પર પંચપ્રસ્થન્યાયતર્કની વ્યાખ્યા છે. આ પંચપ્રસ્થ લેખનની પ્રશસ્તિ આ૦ જિનેશ્વરના શિષ્ય **કવિ કુમારે** રચી છે. ઉપા૦ અભયતિલકે ઉપા૦ ચંદ્રતિલકના 'અભયકુમાર-ચરિત્ર'નું સંશોધન કર્યું અને ઉપદેશમાલાની બૃહદ્વૃત્તિની પ્રશસ્તિ બનાવી.

(૫) **ઉપા૦ ચંદ્રતિલક** – તેઓ પં૦ નેમિચંદ્ર ગણિ પાસે સામાયિક-શ્રુત ભણ્યા, પળાયા. **મુનિ સિદ્ધસેન** પાસે 'પ્રભાણિ' શીખ્યા. આ૦ જિનેશ્વરના શિષ્ય વાચનાચાર્ય ગુણભદ્ર પાસે 'પંજિકા' શીખ્યા. સૂરપ્રભ પાસે 'વિદ્યાનંદ વ્યાકરણ'[1] ભણ્યા. ત્રૈવેદ્ય આ૦ વિજયદેવસૂરિ પાસે ન્યાય ભણ્યા અને **મહો૦ જિનપાલ** પાસે 'નંદીસૂત્ર' વગેરે મૂલ આગમ ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો. સંભવ છે કે તેમનું દીક્ષાનામ સોમકીર્તિ હશે.

તેમણે સં. ૧૪૧૧માં પાટણમાં સ્વતંત્ર પંજિકા લખી છે. સં. ૧૩૧૨માં ખંભાતમાં 'અભયકુમારચરિત્ર' (ગ્રં. ૯૦૩૬) રચ્યું, જેનું સંશોધન ઉપા૦ લક્ષ્મીતિલક તથા ઉપા૦ અભયતિલકે કર્યું હતું. અમરકીર્તિ **કુમાર** કવિએ 'અભયકુમારચરિત્ર'ની પ્રશસ્તિ બનાવી છે.

(૬) મુનિ સૂરપ્રભ.

(૭) **મુનિ ધર્મતિલક** – તેમણે સં. ૧૩૨૨ માં 'ઉલ્લાસિકસ્મરણ-ટીકા' અને 'અજિતશાંતિસ્તવન-ટીકા' રચ્યાં છે.

(૮) **આ૦ જિનરત્ન** – તેમણે નિર્વાણલીલાવતીસૂત્ર, તેની વૃત્તિ, સિદ્ધાંત-રત્નિકા-વ્યાકરણસૂત્ર, તેની વૃત્તિ અને ન્યાયવિલાસ રચ્યાં છે. તેમણે ઉપા૦ પૂર્ણકલશ અને ઉપા૦ લક્ષ્મીતિલકને ભણાવ્યા હતા. પં૦ પ્રબોધચંદ્ર ગણિની 'સંદોહદોલાવલી'ની બૃહદ્વૃત્તિના સંશોધનમાં તેમણે મદદ કરી હતી.

(૯) **પં૦ પ્રબોધચંદ્ર ગણિ** – તેઓ પં૦ પદ્મદેવ પાસે વ્યાકરણ, સાહિત્ય, ઉપા૦ ગુણભદ્ર પાસે 'કાતંત્ર-પંજિકા', આ૦ વિજયદેવ પાસે ન્યાય, ઉપા૦ જિનપાલ પાસે આગમ શીખ્યા હતા. તેમણે સં. ૧૩૦૧માં 'સંદોહદોલાવલી'ની બૃહદ્વૃત્તિ રચી છે. ઉપા૦ લક્ષ્મીતિલક, ઉપા૦ જિનરત્ન અને ઉપા૦ ચંદ્રતિલકે તેનું સંશોધન કર્યું હતું.

(૧૦) **પ્રબોધમૂર્તિ** – જૂઓ, પૃ. ૩૭૨, નં. ૪૩ના આ૦ **જિનપ્રબોધસૂરિ**.

(૧૧) **ઉપા૦ દેવમૂર્તિ** – તેમણે ઉપા૦ હેમપ્રભની 'પ્રશ્નોત્તર-રત્નમાલા'ની પ્રશસ્તિ રચી છે.

(૧૨) **ઉપા૦ ગુણસમુદ્રગણિ** – તેઓ મોટા વિદ્વાન હતા.

(૧૩) **કવિ કુમાર અમરકીર્તિ** – તે વિદ્વાન હતા. ગ્રંથોનું સંશોધન સારી રીતે કરી શકતા હતા. તેમણે ઉપા. અભયતિલકના પંચસ્થ વ્યાખ્યાની પ્રશસ્તિ અને ઉપા૦ ચંદ્રતિલકના 'અભયકુમારચરિત્ર'ની પ્રશસ્તિ બનાવી હતી.

---

૧. વિદ્યાનંદ વ્યાકરણ બે મળે છે –

(૧) કાતન્ત્રનું બીજું નામ વિદ્યાનંદ. (જૂઓ, પ્રક. ૪૦, પૃ. ૩૪૫–ટિપ્પણ)

(૨) તપાગચ્છના આ૦ દેવેન્દ્રસૂરિના પ્રથમ પટ્ટધર આ૦ વિદ્યાનંદસૂરિએ પણ 'વિદ્યાનંદ વ્યાકરણ' બનાવ્યું હતું. (–ગુર્વાવલી, શ્લો. ૧૭૧; પ્રક. ૪૬)

(૧૪) જગડૂ – તેમણે (સં. ૧૨૭૮ થી ૧૩૩૦ ના ગાળામાં) 'સમ્યક્ત્વ-માઈ-ચઉપઈ' રચી છે. (જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, પારા : ૬૦૭)

(૩) લઘુ ખરતરગચ્છ–શ્રીમાલીગચ્છ પટ્ટાવલી

આ૦ જિનેશ્વરના મુખ્ય પટ્ટધર અને શ્રીમાલીગચ્છના પ્રથમ આ૦ જિન-સિંહરચિત પટ્ટાવલી આ પ્રકારે જોવા મળે છે.

૪૨. આ૦ **જિનેશ્વરસૂરિ** – સ્વર્ગવાસ સં. ૧૩૩૧.

૪૩. આ૦ **જિનસિંહસૂરિ** – તેઓ લાડણુના શ્રીમાળી હતા. તેઓ પદ્માવતીનો મંત્ર પામ્યા. સં. ૧૨૮૦માં ગુરુજીના હાથે આચાર્ય થયા. તેમનાથી સં. ૧૩૩૩ (સં. ૧૩૩૧)માં 'લઘુ ખરતરગચ્છ' નીકળ્યો, જેનું બીજું નામ શ્રીમાલીગચ્છ પણ છે.

તેમણે ગુરુની આજ્ઞા લઈ શ્રીમાલીઓના પ્રદેશમાં વિહાર કર્યો. અહીં તેમણે ઘણા શિષ્યો થયા. તેમણે **હીલવાડીના સુહડપાલને** દીક્ષા આપી અને સં. ૧૩૪૧ માં આચાર્યપદ આપ્યું. પદ્માવતીનો મંત્ર, જે પોતાને સિદ્ધ થતો નહોતો તે પણ તેમને આપ્યો. તે પછી તે સ્વર્ગસ્થ થયા. (વૃદ્ધાચાર્ય પ્રબંધાવલી, પ્ર. ૯)

૪૪. **આ૦ જિનપ્રભસૂરિ** – હીલવાડીમાં તાંબી ગોત્રના શેઠ મહીધરને રત્નપાલ નામે પુત્ર થયો. રત્નપાલને ખેતલદેવીથી પાંચ પુત્રો થયા. એ સૌમાં વચેટ **સુહડપાલ** હતો. આ૦ જિનસિંહે શેઠ પાસેથી તેને માગી લીધો ને સં. ૧૩૨૬માં તેને દીક્ષા આપી. સં. ૧૩૪૧માં કિઢવાણા નગરમાં તેમને **આચાર્યપદ** આપ્યું અને આ૦ **જિનપ્રભ** નામ આપી પોતાની પાટે સ્થાપન કર્યા, તેમજ પદ્માવતીનો વિદ્યાપાઠ પણ આપ્યો.

આ૦ જિનપ્રભસૂરિએ પદ્માવતીની વિધિપૂર્વક સાધના કરી, તેથી દેવીએ પ્રસન્ન થઈ તેમને વરદાન આપ્યું. આચાર્યશ્રીએ દિલ્હી જઈ ઘારાધર જોષી દ્વારા મહમ્મુદ તઘલક (સં. ૧૩૮૨ થી ૧૪૦૭) બાદશાહને ઉપદેશ આપી પોતાનો ભક્ત બનાવ્યો અને જૈનધર્મની મોટી પ્રભાવના કરી. તેમણે દિલ્હીમાં ઘણા ચમત્કારો બતાવ્યા હતા.

આચાર્યશ્રી એક દિવસ સ્થંડિલ જતા હતા ત્યારે મુસલમાનોએ તેમને પથ્થર માર્યા; પણ એ પથ્થર આપોઆપ મારનારાઓને વાગવા લાગ્યા. આચાર્યશ્રીએ બાદશાહની બેગમની વ્યંતર પીડા દૂર કરી, આથી બેગમ તેમને પિતા તુલ્ય માનવા લાગી. કાશીના પંડિત **રાઘવચેતને** બાદશાહની વીંટી આચાર્યશ્રીના ઓઘામાં છૂપાવી દીધી અને બાદશાહે જ્યારે સહુની જડતી લીધી ત્યારે તે વીંટી પંડિતજીની પાઘડીમાંથી નીકળી. આચાર્યશ્રીએ ચોસઠ યોગિનીઓને વ્યાખ્યાનવેળાએ પાટલા ઉપર થંભાવી દીધી હતી. એક સાંઈ-ફકીરે બાદશાહની સભામાં પોતાની

કુલહ (ટોપી) ઉડાડી આકાશમાં અદ્ધર ચડાવી દીધી. આચાર્યશ્રીએ રજોહરણ–ઓઘો મોકલી તે મારફત ટોપીને નીચે ઉતારી દીધી. ફકીરે એક પનિહારીના ઘડાને આકાશમાં થંભાવી દીધો. આચાર્યશ્રીએ તે ઘડાને ત્યાં ફોડી નાખ્યો અને તેમાંનાં પાણીને બરફની જેમ ત્યાં જ થંભાવી રાખ્યું. તે પછી બાદશાહની વિનતિથી તેને નીચે વરસાવ્યું. એક વાર બાદશાહે આચાર્યને પૂછ્યું કે, 'આવતી કાલે મારો રાજપાટિકાએ જવાનો રસ્તો કયો હશે તે જણાવો.' આચાર્યશ્રીએ એક બંધ ચબરખીમાં 'બંદર-બૂરજ'નો રસ્તો લખીને આપ્યો. બીજે દિવસે બાદશાહ તે બૂરજ તોડીને રાજપાટીએ ગયો અને જ્યારે પેલી ચબરખી વાંચી ત્યારે બાદશાહને આચાર્યશ્રી પ્રત્યક્ષ પરમેશ્વર જેવા લાગ્યા. બાદશાહે મુસાફરીમાં એક વડને સાથે લઈ જવાની ઇચ્છા દર્શાવી ત્યારે આચાર્યશ્રીના હુક્મથી (અને વિજયમંત્રના પ્રભાવથી) વડવૃક્ષ બાદશાહ સાથે પાંચ કોશ સુધી ગયું અને આચાર્યશ્રીએ મનાઈ ફરમાવી ત્યારે તે વડ પાછો પોતાને સ્થાને આવી ઊભો.

આ૦ **જિનપતિએ કલ્યાણનગરમાં** સં. ૧૨૩૩માં જે ભ૦ મહાવીરસ્વામીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી તે પ્રતિમાને મુસલમાનો ઉઠાવી લાવ્યા અને સં. ૧૩૮૫ માં દિલ્હીના બાદશાહી મહેલના પગથિયામાં ગોઠવી દીધી. તે પ્રતિમાને આ૦ જિનપ્રભે બાદશાહ પાસેથી મેળવીને તેની કલ્યાણનગરમાં ફરી પ્રતિષ્ઠા કરી. બાદશાહે તેની પૂજા માટે બે ગામ અર્પણ કર્યાં.

બાદશાહ શત્રુંજય તીર્થની યાત્રાએ ગયો ત્યારે આચાર્યશ્રીએ રાયણ વૃક્ષમાંથી દૂધની વૃષ્ટિ કરાવી હતી. આચાર્યશ્રીએ આવા અનેક ચમત્કારો બતાવ્યા હતા.

તેમણે કલાલનો ધંધો કરતા ખંડેલવાલોને તે ધંધો છોડાવી જૈન બનાવ્યા.

(-વૃદ્ધાચાર્ય પ્રબંધાવલી, પ્ર. ૧૦)

આ૦ જિનપ્રભે સં. ૧૩૪૯ના નાગેન્દ્રગચ્છીય આ૦ મલ્લિષેણ પાસે પણ અભ્યાસ કર્યો હતો. તેમને 'ઘૂર્ણ સરસ્વતી' અને 'પ્રત્યક્ષ સરસ્વતી' એમ બે બિરુદો મળ્યાં હતાં.

આ૦ જિનપ્રભને એવી પ્રતિજ્ઞા હતી કે, હંમેશાં ઓછામાં ઓછી પાંચ નવી ગાથાઓ રચ્યા પછી જ આહાર લેવો. આથી તેમણે રચેલા ઘણા ગ્રંથો અને સ્તોત્રો મળે છે.

૧. **વિવિધતીર્થકલ્પ** (સંસ્કૃત-પ્રાકૃત), સં. ૧૩૨૭ થી ૧૩૮૯.
૨. કાતંત્ર-વિભ્રમ-ટીકા (ગ્રં. ૨૬૧), સં. ૧૩૫૨, દિલ્હી.
૩. સંસ્કૃત-દ્વ્યાશ્રયકાવ્ય (શ્રેણિકચરિત્ર), સં. ૧૩૫૬.
૪. વિધિપ્રપા, સં. ૧૩૬૩ના આ. સુ. ૧૦, અયોધ્યા.
૫. સિદ્ધાંત આગમરહસ્ય.
૬. સંદેહવિષૌષધિ, સં. ૧૩૬૪, અયોધ્યા.

૭. ભયહરસ્તોત્ર-ટીકા, સં. ૧૩૬૫.
૮. ઉવસગ્ગહર-વૃત્તિ, સં. ૧૩૬૫, અયોધ્યા.
૯. અજિત-શાંતિ-વૃત્તિ, સં. ૧૩૬૫, અયોધ્યા.
૧૦. સપ્તસ્મરણ-વૃત્તિઓ, સં. ૧૩૬૫, અયોધ્યા.
૧૧. પંચપરમેષ્ઠિસ્તવ.
૧૨. સૂરિમંત્રપ્રદેશવિવરણ (રહસ્યકલ્પદ્રુમ).
૧૩. **વીરસ્તુતિ**-સ્વર્ણસિદ્ધિસ્તવાવચૂરિ (ગ્રં. ૯૦), સં. ૧૩૮૦.
૧૪. સાધુપ્રતિક્રમણ-વૃત્તિ, સં. ૧૩૬૪.
૧૫. સંસ્કૃત-પ્રાકૃત સ્તવનો–સ્તોત્રો.
૧૬. અપભ્રંશ ભાષાના ગ્રંથો-સ્તોત્રો.
૧૭. મદનરેખાસંધિ, સં. ૧૨૯૭ (?).
૧૮. વયરસ્વામીચરિત્ર, સં. ૧૩૧૬.
૧૯. નેમિનાથ-મુનિસુવ્રત-જન્માભિષેક.
૨૦. દ્વ્યક્ષરનેમિસ્તવ.
૨૧. પદ્માવતીચતુષ્પદિકા.

તેમણે આ૦ જિનસેનના શિષ્ય **આ૦ મલ્લિષેણ**ને 'ભૈરવપદ્માવતીકલ્પ' રચવામાં અને આ૦ ઉદયપ્રભના શિષ્ય આ૦ મલ્લિષેણને 'સ્યાદ્વાદમંજરી' રચવામાં મદદ કરી હતી. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૬)

મલધારગચ્છના આ૦ રાજશેખર તેમની 'ન્યાયકંદલી'ના વિદ્યાર્થી હતા. એ જ આ૦ રાજશેખરે 'ન્યાયકંદલી-વૃત્તિ' બનાવી અને આ૦ સંઘતિલક પણ તેમની પાસે જ ભણ્યા હતા.

પં૦ રવિવર્ધનગણિ લખે છે કે, આ૦ જિનપ્રભસૂરિ પાટણ પધાર્યા અને ત્યાં તપગચ્છના આ૦ સોમપ્રભસૂરિ જે પોષાળમાં વિરાજમાન હતા ત્યાં ઊતર્યા. તેમણે કરેલ શાસનપ્રભાવનાની આ૦ સોમપ્રભે પ્રશંસા કરી ત્યારે આ૦ જિનપ્રભસૂરિએ જણાવ્યું કે, 'અમે બાદશાહની સાથે રહીએ છીએ તેથી પરાધીન છીએ. તમે ચારિત્રધર છો, તમારા જેવા વિદ્યમાન છે તેથી જ જૈનશાસનમાં ચારિત્ર વર્તે છે.' બંને આચાર્યો વચ્ચે આટલો વાર્તાલાપ થયો અને બંનેમાં પ્રેમ વધ્યો. આ૦ જિનપ્રભસૂરિએ પોષાળમાં ઉંદરનો ઉપદ્રવ હતો તે મટાડ્યો. (-જિનપ્રભસૂરિકલ્પ)

પં૦ **આદિગુપ્ત** 'સિદ્ધાંતસ્તવન'ની અવચૂરિમાં આ૦ જિનપ્રભસૂરિ માટે લખે છે કે–

येन (जिनप्रभसूरिणा) प्रतिदिनं नव्यस्तोत्रादिकरणानन्तरमेवाहारग्रहणा-भिग्रहेण नैकानि स्तोत्राणि विरचितानि । पद्मावतीदेवीवचनात् तपागच्छमभ्युदयवन्तं समीक्ष्य श्रीसोमतिलकसूरये (सं. १३७३-१४२४) ९०० स्तोत्राणि समर्पितानि ।

બીજો પણ ઉલ્લેખ મળે છે કે–

પદ્માવતીવચનતોऽભ્યુદયં વિભાવ્ય યત્ સૂરયે સ્તવનસપ્તશતીં સ્વકીયામ્ ।
સૂરિર્જિનપ્રભ ઉપપ્રદદે પ્રથાયૈ સોऽયં સતાં તપગણો ન કથં પ્રશસ્યઃ? ॥
(જૂઓ, પ્રક. ૪૮)

આ ઘટનાથી એ પણ તારવી શકાય છે કે, આ૦ જિનપ્રભસૂરિને તપાગચ્છ ઉપર ઘણો પ્રેમ હતો.

આ૦ જિનપ્રભની પાટે આ૦ જિનદેવસૂરિ થયા.

૪૫. આ૦ જિનદેવ – તેમણે 'કાલકાચાર્ય-કથા અને હૈમીનામમાલાશિલોંછ'ની રચના કરેલી છે. આ૦ જિનદેવની પાટે આ૦ સુમતિસૂરિ થયા. તેમણે 'દશ-વૈકાલિકલઘુ-વૃત્તિ' (ગ્રં. ૩૫૦૦) રચી છે.

૪૬. આ૦ જિનમેરુસૂરિ. ૪૭. આ૦ **જિનહિતસૂરિ.**

૪૮. આ૦ જિનસર્વસૂરિ. ૪૯. આ૦ જિનચંદ્રસૂરિ.

૫૦. આ૦ જિનસમુદ્રસૂરિ. ૫૧. આ૦ જિનતિલકસૂરિ.

તેઓ (૫૧) સં. ૧૬૬૧માં શકંધરપુરમાં ચોમાસુ હતા ત્યારે મહો૦ રાજહંસ ગણિ, મહો૦ સમયહંસ ગણિ, પં૦ રત્નસાગર ગણિ વગેરે તેમની સાથે હતા. (પ્રશસ્તિસંગ્રહ, ભા. ૨, પ્ર. ૬૪.)

૫૨. આ૦ **જિનરાજસૂરિ** – મોટા ખરતરગચ્છમાં પણ (૪૯) આ૦ જિનોદયની પાટે (૫૦) આ૦ જિનરાજસૂરિ થયા હતા. તે આ આચાર્યશ્રીથી જુદા સમજવા. (જૂઓ, પ્રક. ૪૦, પૃ. ૩૭૫)

૫૩. આ૦ જિનહિતસૂરિ – સં. ૧૪૭૭, તેમને ઉપા૦ કલ્યાણરાજ નામે શિષ્ય હતા.

૫૪. **આ૦ ચારિત્રવર્ધનસૂરિ** – તેઓ આ૦ જિનહિતસૂરિના શિષ્ય ઉપા૦ કલ્યાણરાજના શિષ્ય હતા. તેઓ સમર્થ વિદ્વાન હતા. તેમણે ઘણી ટીકા-ગ્રંથો વગેરે રચ્યાં છે–

૧. મેઘદૂત-ટીકા (ગ્રં. ૧૧૨), સં. ૧૫૨૪, અરઽક્કમલ શ્રીમાલીની વિનતિથી રચી.
૨. કુમારસંભવની શિશુહિતૈષિણી-વૃત્તિ (સર્ગ : ૭), સં. ૧૪૯૨ ના માહ સુદિ ૮.
૩. રઘુવંશ-વૃત્તિ.
૪. સિન્દૂરપ્રકર-ટીકા (ગ્રં. ૪૮૦૦), સં. ૧૫૦૫ના વૈશાખ સુદિ ૮ ગુરુવાર.
૫. નૈષધીય-ટીકા, સં. ૧૫૧૧ વૈશાખ સુદિ.

૬. શિશુપાલવધ-ટીકા.
૭. કલ્યાણમંદિરસ્તોત્ર-વૃત્તિ.
૮. ભાવારિવારણ-સ્તોત્ર-વૃત્તિ.
૯. રાઘવ-પાંડવીય-વૃત્તિ.

★ ★ ★

૪૩. **આ૦ જિનપ્રબોધસૂરિ** – તેઓ શા૦ શ્રીચંદ અને શ્રીદેવીના પુત્ર હતા. તેમનો સં. ૧૨૮૫ માં જન્મ થયો. તેમનું નામ **પર્વત** પાડવામાં આવ્યું. તેમણે સં. ૧૨૯૬ ના ફાગણ વદિ ૫ ના રોજ થરાદમાં દીક્ષા લીધી ત્યારે તેમનું નામ **પ્રબોધમૂર્તિ** રાખવામાં આવ્યું. સં.... વાચકપદ મળ્યું અને સં. ૧૩૩૧ (સં. ૧૩૩૦)ના આસો વદિ ૫ ના રોજ **આચાર્યપદ** આપ્યું ત્યારે નામ આ૦ જિનપ્રબોધસૂરિ રાખ્યું. સં. ૧૩૩૧ના ફાગણ વદિ ૮ ના રોજ **જાલોર**માં આચાર્યપદમહોત્સવ થયો. સં. ૧૩૪૧માં તેમનો સ્વર્ગવાસ થયો હતો. તેમણે સં. ૧૩૩૪માં જેસલમેરમાં 'પૂર્ણસાર-કથા'નું સંશોધન કર્યું હતું.

તેમણે સં. ૧૩૨૧ માં 'સંદેહદોલાવલી'ની વૃત્તિ રચી, જેનું ઉપા૦ લક્ષ્મીતિલક, ઉપા૦ જિનરત્ન અને ઉપા૦ ચંદ્રતિલકે સંશોધન કર્યું હતું. આચાર્યશ્રીએ સં. ૧૩૨૮માં 'કાતંત્રવ્યાકરણ' પર 'દુર્ગપદપ્રબોધ' રચ્યો હતો.

આ૦ જિનચંદ્રે સં. ૧૩૫૧ માં તેમની પ્રતિમા બનાવેલી, તે ખંભાતમાં વિદ્યમાન છે.

(સં. ૧૩૩૩માં **આ૦ જિનસિંહથી ત્રીજો** શાખાગચ્છ **'લઘુખરતરગચ્છ'** નીકળ્યો, જેની પટ્ટાવલી ઉપર પૃ. ૩૬૮થી ૩૭૧માં આપી છે.)

૪૪. **આ૦ જિનચંદ્રસૂરિ** – તેઓ સમીયાણાના મંત્રી **દેવરાજ** છાજેડ અને તેમની પત્ની કમલાદેવીના પુત્ર હતા. તેમનો સં. ૧૩૨૬ના માહ સુદિ ૪ ના રોજ જન્મ થયો. નામ **ખંભરાય** પાડવામાં આવ્યું હતું. તેમણે સં. ૧૩૩૨ માં જાલોરમાં દીક્ષા લીધી. તેમને સં. ૧૩૪૧ના વૈશાખ સુદિ ૩ ને સોમવારના રોજ જાલોરમાં આચાર્યપદ પ્રાપ્ત થયું. તેમનો સં. ૧૩૭૬માં કોસવાણા ગામમાં કંપ વાથી સ્વર્ગવાસ થયો હતો.

તેમણે ચાર રાજાઓને પ્રતિબોધ પમાડ્યા હતા, આથી તે સમયે ખરતરગચ્છ રાજગચ્છ એવા નામથી પણ ઓળખાવા લાગ્યો. ખરતરગચ્છના પટ્ટાવલીકારો આ૦ જિનચંદ્રને કલિકાલકેવલી તરીકે ઓળખાવે છે.

૪૫. **આ૦ જિનકુશલસૂરિ** – તેઓ સમીયાણાના મંત્રી જિલ્હાગર છાજેડ અને તેમની પત્ની મહં૦ જયશ્રીના પુત્ર હતા. તેમનો જન્મ સં. ૧૩૩૦માં થયો હતો. સં. ૧૩૪૭ માં દીક્ષા લીધી અને સં. ૧૩૭૭ ના જેઠ વદિ ૫ ના રોજ

પાટણમાં **રાજેન્દ્રાચાર્ય**ના હાથે આચાર્યપદ પ્રાપ્ત કર્યું હતું. તેમનો સ્વર્ગવાસ સં. ૧૩૮૯ના ફાગવ વદિ અમાવાસ્યાના દિને દેરાઉરમાં અનશનપૂર્વક થયો હતો.

તેમણે સં. ૧૩૮૦માં શા૦ તેજપાલના સંઘ સાથે શત્રુંજય તીર્થની યાત્રા કરી, નવમી ટૂંકમાં માનતુંગ નામના જિનપ્રાસાદમાં ભ૦ ઋષભદેવની ૨૭ અંગુલપ્રમાણ પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. સં. ૧૩૭૭માં ભીલડિયામાં ભુવનપાલના ૭૨ દેરીવાળા જિનાલયમાં ભ૦ મહાવીરસ્વામીની, જેસલમેરમાં જસવધલે ભરાવેલા ચિંતામણિ પાર્શ્વનાથની અને **જાલોર**માં ભ૦ પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી. તેમણે ચૈત્યવંદનકુલક-વૃત્તિ વગેરે ગ્રંથો બનાવ્યા છે.

તેઓ દેરાઉરમાં, જ્યાં સ્વર્ગસ્થ થયા ત્યાં, સ્તૂપ બનાવવામાં આવ્યો હતો પણ મુસલમાનોએ તોડી નાખતાં હાલ તેનો પત્તો લાગતો નથી. ખરતરગચ્છમાં આ૦ જિનદત્તસૂરિ જેમ દાદા તરીકે પ્રસિદ્ધ છે તેમ આ૦ જિનકુશલ પણ દાદા તરીકે ખ્યાતિ પામ્યા છે. તેઓ પણ ચમત્કારી હતા એમ કહેવાય છે. પણ તેના સ્તૂપનો પત્તો નથી એ પુરાણપ્રેમીઓ અને ખરતરગચ્છના અનુયાયીઓ માટે દુઃખનો વિષય ગણાય છે.

તેમના પરિવારમાં આ૦ જિનપદ્મસૂરિ, ઉપા૦ લબ્ધિનિધાન, ઉપા૦ વિનયપ્રભ, ઉપા૦ વિવેકસમુદ્ર, ઉપા૦ જયસાગર વગેરે ૧૨૦૦ સાધુઓ અને ૧૦૫ સાધ્વીઓ હતી.

ઉપા૦ વિનયપ્રભે સં. ૧૪૧૨માં **'ગૌતમસ્વામીનો રાસ'** રચ્યો, જે આજે ઘેર ઘેર વંચાય છે.

આ૦ તરુણપ્રભ પણ આ સમયે થયા હતા. તે આ૦ જિનચંદ્રના શિષ્ય, આ૦ રાજેંદ્રચંદ્રના વિદ્યાશિષ્ય અને આ૦ જિનકુશલના પટ્ટધર હતા. તેમણે જિનપદ્મ સં. ૧૩૯૦, આ૦ જિનલબ્ધિ સં. ૧૪૦૦, આ૦ જિનચંદ્ર સં. ૧૪૦૬, આ૦ જિનોદય સં. ૧૪૧૫ (૧૪૧૪) વગેરેને આચાર્યપદવી આપી હતી. તેમણે સં. ૧૪૧૧માં આ.વ. અમાસે બાલબોધ– 'શ્રાવક-પ્રતિક્રમણસૂત્ર-વિવરણ' રચ્યું છે.

આ જિનકુશલે સં. ૧૩૮૮માં પં૦ **તરુણકીર્તિ**ને આચાર્યપદ આપી તેમનું આ૦ **તરુણપ્રભ** નામ રાખ્યું.

૪૬. **આ૦ જિનપદ્મસૂરિ** – તેઓ પંજાબના છાજેડ ઓસવાલ હતા. સં. ૧૩૮૨માં જન્મ્યા હતા. તેમને સં. ૧૩૯૦ના જેઠ સુદિ ૬ના રોજ હરપાલના ઉત્સવમાં **દેરાઉર**માં આચાર્યપદ આપવામાં આવ્યું, અને સં. ૧૪૦૦ના વૈશાખ સુદિ ૧૪ના રોજ **પાટણ**માં તેમનું સ્વર્ગગમન થયું.

આ૦ **તરુણપ્રભે** તેમને 'સૂરિમંત્ર' આપ્યો હતો. ખરતરગચ્છના પટ્ટાવલીકારો આ આચાર્યની વિદ્વત્તા માટે પણ આ૦ **જિનેશ્વર** જેવી જ ઘટના બતાવે છે.

એટલે આ૦ જિનપદ્મસૂરિ પંજાબના હોવાથી વિદ્વાન નહોતા. પણ, પાટણમાં સરસ્વતીએ તેમને વરદાન આપ્યું અને પાટણમાં અર્હન્તો ભગવન્ત૦ શ્લોકની રચના કરી, વ્યાખ્યાન પણ સરસ આપ્યું.

'યુગપ્રધાનાચાર્ય પટ્ટાવલી'માં આ ઘટનાનો ઉલ્લેખ નથી.

તેમને 'બાલઘવલ કૂર્ચાલ સરસ્વતી'નું બિરુદ હતું.

આ૦ **જિનભદ્ર**, આ૦ **જિનકુશલ**, આ૦ **જિનપદ્મ** અને આ૦ **જિનેશ્વર** (વેગડ) એ ચારે **છાજેડ** ગોત્રના હતા.

૪૭. **આ૦ જિનલબ્ધિસૂરિ** – તેમને સં. ૧૪૦૦ના અષાડ સુદિ ૧ના રોજ **પાટણ**માં આ૦ તરુણપ્રભસૂરિના હાથે આચાર્યપદવી મળી અને તેઓ સં. ૧૪૦૬માં **નાગોર**માં કાલધર્મ પામ્યા હતા. તેઓ વિદ્વાન હતા, અષ્ટાવધાની હતા. એ સમયે તે ગચ્છમાં ૮૪ શિષ્યો વ્યાકરણના વિદ્વાન હતા. આ અરસામાં મુસલમાનોએ અજમેરમાં હલ્લો કર્યો હતો.

૪૮. **આ૦ જિનચંદ્રસૂરિ** – તેમને સં. ૧૪૦૬ના માહ સુદિ ૫ (૧૦)ના રોજ નાગોરમાં (જેસલમેરમાં) આ૦ **તરુણપ્રભસૂરિ**ના વાસક્ષેપથી આચાર્યપદવી મળી અને સં. ૧૪૧૫ના અષાડ વદિ ૧૩ના રોજ ખંભાતમાં સ્વર્ગસ્થ થયા.

તેઓ પરમસંવેગી હતા. તેમની શિષ્યા સાધ્વી **ગુણસમૃદ્ધિ** મહત્તરાએ સં. ૧૪૦૬માં 'અંજનાસુંદરીચરિત્ર' (ગ્રં. ૫૦૪) રચ્યું હતું.

૪૯. **આ૦ જિનોદયસૂરિ** – પાલનપુરના શા૦ રૂંદપાલ માલૂ અને તેમની પત્ની ધારલદેને ત્યાં સં. ૧૩૭૫માં **સમરો** નામે પુત્રનો જન્મ થયો. સમરાએ ભીલડિયામાં દીક્ષા લીધી ને તેઓ મુનિ **સોમપ્રભ** નામથી ઓળખાવા લાગ્યા. સં. ૧૪૧૫ના અષાડ સુદિ ૨ (૧૩)ના રોજ ખંભાતમાં આ૦ **તરુણપ્રભ**ના હાથે આચાર્યપદવી મેળવી અને આ૦ **જિનોદયસૂરિ** નામ રાખવામાં આવ્યું. સં. ૧૪૩૨ના ભાદરવા વદિ ૧૧ના રોજ પાટણમાં તેમનો સ્વર્ગવાસ થયો. તેઓ પાંચે તિથિએ ઉપવાસ કરતા હતા. તેઓ સૌભાગ્યશાળી હતા. તેમના હાથે ઘણી પ્રતિષ્ઠાઓ, ઘણા પદસ્થો તેમજ સંઘપતિઓ થયા. તેમના સમયમાં તપગચ્છના આ૦ દેવ-સુંદરસૂરિના પટ્ટધર આ૦ **સાધુરત્નસૂરિ**ના ઉપદેશથી શંખલપુરમાં હાકેમ શા૦ **કોચર પોરવાડ** બહુચરાજીના બાર ગામોમાં અમારિ પ્રવર્તાવી હતી. (પ્ર. ૩૫, પૃ. ૧૫૫; કોચર વ્યવહારિયાનો રાસ) આચાર્યશ્રીએ સં. ૧૪૧૫માં 'વિક્રમરાસ' રચ્યો છે.

આ૦ **જિનોદય**ના શિષ્ય ઉપા૦ **મેરુનંદને** 'જિનોદયવિવાહલો' તથા સંસ્કૃત, અપભ્રંશમાં સ્તવનોની રચના વગેરે કરેલી છે. પં૦ જ્ઞાનકલશે સં. ૧૪૧૫માં 'જિનોદયસૂરિપટ્ટાભિષેકરાસ' રચ્યો છે.

તે સમયે જેસલમેરમાં છાજેડ ગોત્રની વેગડશાખાના ઉપા૦ **ધર્મવલ્લભ** વિદ્વાન હતા. આચાર્યશ્રીએ તેમને આચાર્યપદ આપવાનો વિચાર કર્યો પણ તેના દોષો જાણવામાં આવતાં અને શા૦ ઉદયકરણની સલાહ મળતાં તેને આચાર્ય બનાવ્યા નહીં. તેમના કુટુંબીઓ મંત્રી વગેરે અધિકારપદે હતા, ધનવાન હતા. ઉપા૦ ધર્મવલ્લભે સાચોર જઈ 'વારાહી' દેવીની સાધના કરી. રુદ્રપલ્લીયગચ્છના આચાર્યે સં. ૧૪૨૨માં તેમને પાટણમાં આચાર્યપદવી આપી, આ૦ જિનેશ્વર નામ રાખ્યું. તેમણે કુટુંબીઓની મદદથી નવો ગચ્છ ચલાવ્યો. આ રીતે ખરતરગચ્છમાં સં. ૧૪૨૨માં **ચોથો 'વેગડગચ્છ'** નીકળ્યો.

૫૦. **આ૦ જિનરાજસૂરિ** – તેમને સં. ૧૪૩૩ના ફાગણ વદિ ૬ ના રોજ પાટણમાં આચાર્યપદ મળ્યું. સં. ૧૪૬૧માં **દેલવાડા**માં સ્વર્ગગમન થયું. આ૦ જિનવર્ધને સં. ૧૪૬૮માં દેલવાડામાં તેમની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. તેઓ ન્યાયના પ્રકાંડ અભ્યાસી હતા અને સર્વ સિદ્ધાંતના પારગામી હતા. તેઓ ક્ષમાશીલ હતા. તેમણે (૧) આ૦ સ્વર્ણપ્રભ, (૨) આ૦ ભુવનરત્ન અને (૩) આ૦ સાગરચંદ્રને આચાર્યપદવી આપી હતી. આ૦ જિનપ્રભસૂરિની પરંપરામાં આ૦ જિનરાજ થયા છે તે આ સૂરિથી જુદા છે. (જૂઓ, પ્રક. ૪૦, પૃ. ૩૭૧)

તેમના પરિવારમાં ૩ આચાર્યો, ૧૨ ઉપાધ્યાયો, અને ૩૬ વાચનાચાર્યો હતા.

૫૧. **આ૦ જિનભદ્રસૂરિ** – આ૦ સાગરચંદ્રસૂરિએ સં. ૧૪૬૧માં દેલવાડામાં આ૦ જિનરાજની પાટે આ૦ જિનવર્ધનને સ્થાપન કર્યા.[1] આ૦ જિનવર્ધને જેસલમેરમાં ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથના દેરાસરમાં મૂળનાયકની પાસે બેસાડેલ ક્ષેત્રપાલની મૂર્તિને ઉઠાવી બહાર બેસાડી. આથી આચાર્યશ્રી અને ક્ષેત્રપાલ વચ્ચે ઝગડો પડ્યો. ક્ષેત્રપાલે આચાર્યશ્રીને બ્રહ્મચર્યવ્રતના ભંગવાળા ઠરાવ્યા. આથી આ૦ **સાગરચંદ્રે** આ૦ જિનરાજની પાટે આ૦ જિનવર્ધનના બદલે આ૦ જિનભદ્રને બેસાડ્યા. તેમાં ૧ ભાદો નામ, ૨ ભાણસોલ ગામ, ૩ ભણસાલી ગોત્ર, ૪ ભદ્રા કરણ, ૫ ભરણી નક્ષત્ર,[2] ૬ ભદ્રસૂરિ નામ અને ૭ ભટ્ટારક પદ એમ સાત ભકાર મેળવ્યા.

આ૦ જિનભદ્રસૂરિનો સં. ૧૪૫૦માં જન્મ, સં. ૧૪૬૧માં દીક્ષા, સં. ૧૪૭૫ના મહા સુદિ ૧૫ના રોજ ભાણસોલમાં આચાર્યપદ થયું. સં. ૧૫૧૪ના મહા વદિ ૯ના રોજ **કુંભલમેરુ**માં તેમનો સ્વર્ગવાસ થયો હતો. આ રીતે તેઓ ઘણાં વર્ષો જીવ્યા હતા.

---

૧. આ૦ જિનવર્ધને સં. ૧૪૭૪માં શિવાદિત્યરચિત 'સપ્તપદાર્થી'ની ટીકા રચી તેમજ 'વાગ્ભટાલંકાર'ની પણ ટીકા રચી. આ૦ જિનસાગરશિષ્ય પં૦ ધર્મચંદ્રે રાજશેખરની 'કર્પૂરમંજરી'ની ટીકા રચી.

૨. મહા સુદિ ૧૫ના રોજ કદાપિ ભરણીનક્ષત્ર ન જ હોય.

આ૦ જિનભદ્રે જિનસપ્તતરિ ગા. ૨૨૦, અપવર્ગનામમાલા, દ્વાદશાંગીપદ-પ્રમાણકુલક (ગા. ૨૧) વગેરે રચ્યાં છે.

તેમણે ગિરનાર, ચિત્તોડ, મંડોવર વગેરેમાં જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી હતી. માંડવગઢ, જેસલમેર, જાલોર, પાટણ, ખંભાત, નાગોર વગેરે સ્થાનોમાં ગ્રંથભંડારો સ્થપાવ્યા હતા. તેમણે ઘણા શિષ્યો–પ્રશિષ્યો હતા. તેમણે જગતને આચાર્ય, ઉપાધ્યાય, પંન્યાસ વગેરે ૧૮ વિદ્વાન મુનિવરો આપ્યા હતા તે આ પ્રમાણે –

આ૦ ભાવરત્નસૂરિ.

આ૦ કીર્તિરત્નસૂરિ – તેમણે સં. ૧૫૧૫માં કુંભલમેરુમાં આ૦ જિનચંદ્રને આચાર્યપદ-ભટ્ટારકપદ આપ્યાં. આ૦ કીર્તિરત્નના શિષ્ય પં૦ લાવણ્યશીલગણિના ઉપદેશથી સં. ૧૫૦૧ના ચૈત્ર સુદિ ૧ના રોજ પાટણમાં શેઠ નાગરાજ વંશજ શેઠ ઉદયસિંહે સોનેરી શાહીથી નંદીસૂત્ર લખાવ્યું હતું.

(શ્રીપ્રશસ્તિસંગ્રહ, ભા. ૨, પ્ર. ૨૮)

મહો૦ કમલસંયમ ગણિ – તે મોટા વિદ્વાન હતા. તેમણે સં. ૧૪૭૬માં દીક્ષા લીધી હતી. તેમણે સં. ૧૫૨૪માં વૈભારગિરિ તીર્થમાં આ૦ જિનભદ્રની ચરણપાદુકાની પ્રતિષ્ઠા કરી હતી. સં. ૧૫૨૬માં જોનપુરમાં શેઠ મલ્લરાજને ઉપદેશ આપી સિદ્ધાંતો લખાવ્યા. સં. ૧૫૪૪માં 'ઉત્તરજ્ઝયણસુત્ત'ની સર્વાર્થ-સિદ્ધિ કલમસંયમી ટીકા બનાવી. સં. ૧૫૪૯માં કર્મસ્તવ-વિવરણ, સિદ્ધાંતસારોદ્ધાર, સમ્યક્ત્વોલ્લાસ કડી : ૧૩ વગેરે બનાવ્યા છે.

મહો૦ સિદ્ધાન્તરુચિ ગણિ – તેમને જીરાવલા પાર્શ્વનાથ ઉપર ઘણી ભક્તિ હતી. તેમની ઉપર ત્યાંનો અધિષ્ઠાયક પ્રસન્ન હતો. તેમણે તે દેવની મહેરબાની મેળવી માંડવગઢના બાદશાહ મહમ્મુદ ગ્યાસુદ્દિનની રાજસભામાં વાદીઓને હરાવ્યા હતા. તેમણે એક વિધવાના **નાનુ** નામના પુત્રને મંત્રવાળું માદળિયું આપ્યું, આથી તે બાદશાહ ગ્યાસુદ્દિનનો માનીતો બન્યો હતો. સંભવ છે કે, આ નાનુ તે નેણા ભણશાળી શ્રીમાલી હોય. તેના વંશમાં કવિ મંડન, કવિ ધનદ થયા. તેમના શિષ્ય સાધુસોમે સં. ૧૫૧૨માં પુષ્પમાળાપ્રકરણની ટીકા, સં. ૧૫૧૯માં મહાવીરચરિયંની વૃત્તિ, ચરિત્રપંચક-વૃત્તિ, નંદીશ્વરદ્વીપસ્તવન-વૃત્તિ બનાવી છે.

મહો૦ જયસાગર ગણિ – તે આ૦ જિનરાજસૂરિના શિષ્ય હતા અને આ૦ જિનવર્ધનના વિદ્યાશિષ્ય હતા. તેમણે સં. ૧૪૮૪માં સિન્ધમાંથી આ૦ જિનભદ્ર-સૂરિ ઉપર વિજ્ઞપ્તિરૂપે 'વિજ્ઞપ્તિત્રિવેણી' રચીને મોકલી હતી. સં. ૧૪૭૮માં પાટણમાં 'પર્વરત્નાવલી' (ગા.૬૨૧), સં. ૧૪૯૭માં 'નગરકોટચૈત્યપરિપાટી', સં. ૧૪૯૫માં 'સંદેહદોલાવલી-વૃત્તિ' અને 'તીર્થરાજસ્તવન, વિવિધ સ્તોત્ર-વૃત્તિ'

તથા સં. ૧૫૦૩માં પાલનપુરમાં 'શ્રીપૃથ્વીચંદ્રચરિત્ર' (ગ્રં. ૨૬૫૪) વગેરે બનાવ્યાં હતાં.[૧]

મહો૦ જયસાગરના શિષ્ય ઉ૦ રત્નચંદે સં. ૧૫૦૧ના પો. સુ. ૧૧ રવિવારે 'સબીજ-ક્રિયારત્નસમુચ્ચય' લખ્યો. મહો૦ જયસાગર ગણિવરને (૧) ઉ૦ રત્નચંદ્રગણિ, (૨) પં૦ મેઘરાજ, (૩) પં૦ સોમકુંજર, (૪) સત્યરુચિ – એમ ૪ શિષ્યો થયા.

ઉપા૦ રત્નમૂર્તિ ગણિ, તેમના શિષ્ય ઉ૦ મેરુસુંદરે સં. ૧૫૨૫માં માંડવ-ગઢમાં આ૦ તરુણપ્રભના 'આવશ્યક-બાલાવબોધ'ના આધારે બાલાવબોધ બનાવ્યો. આ૦ જિનભદ્રના અન્ય વિદ્વાન મુનિવરોમાં–

ઉ૦ મુનિરાજ...	પં૦ પુણ્યવિમલ ગણિ
પં૦ વિશાલગણિ	પં૦ મતિવિમલ ગણિ
પં૦ લબ્ધિવિશાલ ગણિ	પં૦ મતિરાજ ગણિ
પં૦ સહજશીલ ગણિ	પં૦ પદ્મમેરુ ગણિ
પં૦ સુમતિસેન ગણિ	મુ૦ વિનયતિલકજી
પં૦ ક્રિયાતિલકજી	મુ૦ ભાનુપ્રભ
મુ૦ સમયપ્રભ અને	મુ૦ દયાકમલ વગેરેને–

–રાવલ વૈરસિંહ, રાજા ત્ર્યંબકદાસ વગેરે ભક્તો હતા.

આ૦ જિનભદ્રસૂરિ, આ૦ જિનચંદ્રસૂરિ, મહો૦ કમલસંયમ ગણિ વગેરેના ઉપદેશથી ઘણા ગ્રંથભંડારો બન્યા છે, ગ્રંથો લખાયા છે, સોનાની શાહીથી નંદીસૂત્ર, શ્રીકલ્પસૂત્ર પણ લખાવેલાં મળે છે.

આ૦ જિનભદ્રસૂરિએ સં. ૧૫૦૧ના વૈ. સુદ ૪ ને રવિવારે જેસલમેરમાં પોતાના હાથે સિદ્ધહેમશબ્દાનુશાસન-વૃત્તિ લખી છે.

(શ્રીપ્રશસ્તિસંગ્રહ, ભા. ૨, પ્ર. ૩૧)

આ૦ જિનભદ્રના સમયે ખરતરગચ્છમાં સં. ૧૪૬૧ (સં. ૧૪૬૫)માં પિપ્પલક ગામમાં આ૦ જિનવર્ધનસૂરિથી **પાંચમો 'પિપ્પલક'** નામનો શાખાભેદ નીકળ્યો છે.

---

૧. ઋષિ સજ્જને સં. ૧૭૦૦ ચૈ. વ. ૧ રવિવારે ચિત્રા નક્ષત્રમાં ધ્વજવાટક દુર્ગમાં 'પૃથ્વીચંદ્રચરિત્ર' લખ્યું હતું. ત્યારબાદ ખરતરગચ્છના નં. ૫૨ મા ભ૦ જિન-માણિક્યસૂરિની પરંપરાના (૫૬) પં૦ સુમતિમંદિર ગણિ, (૫૭) પં૦ જયનંદન ગણિ, (૫૮) પં૦ પ્રેમધીર ગણિ, (૫૯) પં૦ દુલીચંદ ગણિ, (૬૦) પં૦ રત્નોદય ગ.ના શિષ્ય (૬૧) પં૦ મલ્લગણિએ સં. ૧૮૩૮ અ.વ. ૫ ગુરુવારે તેના આધારે ખરતરગચ્છના ભ૦ જિનચંદ્રના શાસનમાં લખનૌમાં નવાબ ગાજઉદ્દીન હૈદરના રાજ્યમાં પ્રતિ લખી.

(-શ્રીપ્રશસ્તિસંગ્રહ, ભા. ૨, પ્ર. ૧-૭૭૬)

આ૦ જિનવર્ધને સં. ૧૪૭૪માં શિવાદિત્યની 'સપ્તપદાર્થી'ની વૃત્તિ અને 'વાગ્ભટ્ટાલંકાર'ની વૃત્તિ બનાવી.

આ૦ જિનવર્ધનપટ્ટે, આ૦ જિનચંદ્રપટ્ટે, આ૦ જિનસાગરે (સં. ૧૪૮૯થી ૧૫૫૦) 'હેમલઘુવૃત્તિ-ઢુંઢિકા' તથા 'કર્પૂરપ્રકરણ'ની અવચૂરિ બનાવી.

આ૦ જિનવર્ધનશિષ્ય પં૦ આજ્ઞાસુંદરે સં. ૧૫૧૬માં 'વિદ્યાવિલાસ-નરેન્દ્ર-ચોપાઈ' બનાવી.

આ૦ જિનસાગરશિષ્ય પં૦ ધર્મચંદ્રગણિએ રાજશેખરની 'કર્પૂરમંજરી'ની ટીકા બનાવી.

૫૨. **આ૦ જિનચંદ્રસૂરિ** – તેઓ જેસલમેરના શા૦ વચ્છરાજ **ચમ્મડ** અને તેની પત્ની વાલ્હાદેવીના પુત્ર હતા. તેમનો સં. ૧૪૮૭ માં જન્મ થયો ને સં. ૧૪૯૨માં દીક્ષા થઈ. તેમને સં. ૧૫૧૫ના વૈશાખ વદિ ૨ ના દિવસે કુંભલમેરુમાં **આ૦ કીર્તિરત્ન**ના હાથે આચાર્યપદ મળ્યું. સં. ૧૫૩૦ (૧૫૩૭)માં જેસલમેરમાં સ્વર્ગવાસ થયો.

તેમણે જેસલમેર, આબૂ, ચિત્તોડ વગેરે સ્થાનોમાં જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠાઓ કરી. ચિત્તોડમાં કુંભા રાણાના ભંડારી વેલચંદે ભ૦ શાંતિનાથનું શૃંગારચોકી મંદિર કરાવ્યું, જેની પ્રતિષ્ઠા તેમણે કરી. આ૦ ગુણરત્ન, આ૦ ધર્મરત્ન, **આ૦ જિનસમુદ્ર** વગેરેને આચાર્ય બનાવ્યા.

આ અરસામાં, સં. ૧૫૦૮માં, અમદાવાદમાં લોંકા લહિયાએ પ્રતિમા ઉત્થાપી અને સં. ૧૫૨૪ (૧૫૩૦)માં **'લોંકામત'** ચલાવ્યો. આ મતને બાદશાહ **પીરોજશાહે** ટેકો આપ્યો. (જૂઓ, પ્રક. ૫૩, પૃ. ૫૮૧-૫૮૨)

(ઉપા૦ કમલસંયમકૃત 'સિદ્ધાંતસારોદ્ધારસમ્યક્ત્વોલ્લાસ' કડી : ૧૩)

૫૩. આ૦ **જિનસમુદ્રસૂરિ** – તેઓ બાહડમેરુના પારેખ દેકા શાહ અને તેમની પત્ની દેવલદેવીના પુત્ર હતા. તેમનો સં. ૧૫૦૬માં જન્મ થયો. તેમને સં. ૧૫૧૨ (૧૫૨૧)માં દીક્ષા લીધી. સં. ૧૫૩૩ના મા. સુદિ ૧૩ ના રોજ **પુંજપુર**માં આ૦ જિનચંદ્રસૂરિના હાથે **આચાર્યપદ** મળ્યું અને સં. ૧૫૫૫માં અમદાવાદમાં તેમનો સ્વર્ગવાસ થયો.

તેઓ પરમત્યાગી હતા. તેમણે પંચનદી-પીરની સાધના કરી હતી. તેમણે જેસલમેરમાં સં. ૧૫૩૬માં તેમજ બીજાં સ્થાનોમાં પ્રતિષ્ઠાઓ કરાવી હતી.

જોધપુરના રાજા તથા એક ધનાઢ્ય જાટે સં. ૧૫૪૭માં આ૦ જિનસમુદ્રને મંડોવર પધારવા આમંત્રણ આપી ઘણું સન્માન કર્યું હતું. તેમના શિષ્ય આ૦ જિનસાગરશિષ્ય પં૦ ધર્મચંદ્રે 'સિન્દૂરપ્રકર-ટીકા' રચી છે.

આ૦ જિનસમુદ્રની શિષ્યા સાધ્વી રાજલક્ષ્મી ગણિની સં. ૧૫૨૦ના

માગસર વદિ ૧૦ ના રોજ પાલનપુરમાં હતી.

(-શ્રીપ્રશસ્તિસંગ્રહ, ભા. ૨, પ્ર. ૧૦૬)

૫૪. આ૦ **જિનહંસસૂરિ** – તેઓ સોત્રાવાના શા૦ મેઘરાજ ચોપડા અને તેમની પત્ની કમલાદેના પુત્ર હતા. તેમનો સં. ૧૫૨૪માં જન્મ થયો. તેમણે સં. ૧૫૩૫માં જેસલમેરમાં દીક્ષા લીધી. દીક્ષાનામ **મુનિ ધર્મરંગ** રાખવામાં આવ્યું. તેમને સં. ૧૫૫૫માં અમદાવાદમાં આચાર્યપદ આપવામાં આવ્યું. સં. ૧૫૫૬ ના વૈશાખ સુદિ ૩ દિને (જેઠ સુદિ ૯ રવિવારે) રોહિણી નક્ષત્રમાં **બિકાનેર**માં **આ૦ શાંતિસાગર**ના સૂરિમંત્રથી ભટ્ટારકપદ મળ્યું અને સં. ૧૫૮૨માં **અમદાવાદ**માં ત્રણ દિવસના અનશનપૂર્વક તેમનો સ્વર્ગવાસ થયો.

જ્યારે આચાર્યશ્રી ૧૪ સાધુઓ સાથે આગરા પધાર્યા ત્યારે ત્યાંના શ્રીસંઘે તેમનો નગરપ્રવેશ-મહોત્સવ કર્યો હતો. પરંતુ ત્યાંના બાદશાહ **સીકંદર** લોદીએ (ઈ. સ. ૧૪૮૮થી ૧૫૦૭) કોઈની કાન ભંભેરણીના કારણે આચાર્યશ્રી, ૧૩ સાધુઓ તેમજ ૫૦૦ માણસો વગેરેને ધોળપુરની કેદમાં પૂરી દીધા હતા. એ સ્થિતિમાં ત્રણ વર્ષ પસાર થઈ ગયાં. (જૂઓ, પ્રક. ૪૪, પૃ. ૫૧)

આચાર્યશ્રીએ વિવિધ દેવોનું આરાધન કર્યું પણ કંઈ ન વળ્યું. આખરે આ૦ **અજિતદેવસૂરિ** પ્રતિષ્ઠિત જીરાવલા પાર્શ્વનાથનું આરાધન કર્યું– जीरापल्लीपुरीशपार्श्वनाथकृपया ॥१०१॥ તેમની કૃપાથી તેઓ કેદમાંથી છૂટ્યા. તેમણે ૫૦૦ કેદીઓને પણ છોડાવ્યા અને બાદશાહને ઉપદેશ આપી અમારિ પ્રવર્તાવી.

'વૃદ્ધાચાર્ય પટ્ટાવલી'માં જણાવ્યું છે કે, આ૦ જિનદત્તનું અભિવચન તોડવાથી આવા વધ-બંધન થાય. આ૦ જિનહંસે ઘણી પ્રતિષ્ઠાઓ કરાવી હતી, યાત્રાસંઘો કઢાવ્યા હતા, ઘણા નવા આચાર્યો બનાવ્યા હતા. સં. ૧૫૮૨માં તેમણે 'આયરંગસુત્ત-દીપિકા' રચી.

બાદશાહ **સીકંદર** લોદીએ આ૦ જિનહંસને કેદ પૂર્યા તેથી આ૦ શાંતિસાગરે આ૦ જિનસમુદ્રની પાટે **આ૦ જિનદેવ**ને નવા આચાર્ય બનાવી સ્થાપન કર્યા. ખરતરગચ્છમાં સં. ૧૫૬૪-૬૫માં મારવાડના રૈયા ગામમાં આ૦ જિનદેવથી **છઠ્ઠો 'આચાર્યગચ્છ'** (વડો આચાર્યીયગચ્છ) નીકળ્યો.

આ સમયે સં. ૧૫૮૨ ના માહ સુદિ ૫ ના રોજ અમદાવાદમાં સ્થવિર પરંપરાની પદ્યપ્રશસ્તિ શ્લો. ૧૧૦ની રચના થઈ. ઉપા૦ **સાધુરંગ** ગણિએ સં. ૧૫૯૯માં 'સુયગડંગસુત્ત-દીપિકા' (ગ્રં. ૧૩૪૧૬) રચેલી છે.

૫૫. **આ૦ જિનમાણિક્યસૂરિ** – તેઓ કુકડા ચોપડાગોત્રના શા૦ રાજ (રાઉલ જીવરાજ) તથા તેમની પત્ની રત્નાદેવી (કે રયણાદેવી કે પદ્માદેવી)ના

પુત્ર હતા. તેમનો જન્મ સં. ૧૫૪૯માં થયો. તેમણે સં. ૧૫૬૦માં દીક્ષા લીધી. સં. ૧૫૯૨ ના ભાદરવા વદિ ૯ (માહ સુદિ ૫)ના રોજ પાટણમાં આ૦ જિનહંસના હાથે આચાર્યપદવી મેળવી અને સં. ૧૬૧૨ ના અષાડ સુદિ ૫ ના રોજ અનશનપૂર્વક તેમનો સ્વર્ગવાસ થયો.

તેઓ ગુજરાત, પૂર્વદેશ અને સિંધમાં વિચર્યા હતા. તેમણે પાંચ નદીઓ સાધી હતી. સં. ૧૫૯૩માં બિકાનેરમાં **મંત્રી કર્મસિંહ**ના દેરાસરમાં ભ૦ નેમિનાથની પ્રતિષ્ઠા કરી હતી. તેઓ જેસલમેરમાં ઘણાં વર્ષો સુધી સ્થિર રહ્યા. એટલે ખરતર-ગચ્છના યતિઓ **શિથિલ** બની ગયા અને લોંકાગચ્છ ફેલાવા લાગ્યો. આથી **મંત્રી સંગ્રામસિંહે** આચાર્યશ્રીને શિથિલાચાર છોડી ક્રિયોદ્ધાર કરવા વિનતિ કરી. આચાર્યશ્રીએ જણાવ્યું કે, 'હું દેરાઉરની યાત્રા કરી આવીને પછી **ક્રિયોદ્ધાર** કરીશ.' તેઓ દેરાઉરની યાત્રા કરી જેસલમેર તરફ ૨૫ કોશ સુધી આવ્યા પણ માર્ગમાં પાણી ન મળવાથી ત્યાં (સં. ૧૬૧૨ અ. સુ. ૫ના) અનશન લઈ કાલધર્મ પામ્યા. તે પછી તેમના શિષ્યો **ઉપા૦ કનકતિલક** વગેરેએ **ક્રિયોદ્ધાર** કર્યો.

આ૦ જિનભદ્રસૂરિની પરંપરાના ઉપા૦ રત્નાકર ગણિએ સં. ૧૬૧૦ ના શ્રાવણ વદિ ૮ ના રોજ 'જીવવિચાર'ની પ્રાકૃત વૃત્તિના આધારે સંસ્કૃત-ટીકા રચી.

૫૬. **આ૦ જિનચંદ્રસૂરિ** – તેઓ વડલીના રીહડગોત્રના શા૦ **શ્રીવંત** અને તેમની પત્ની **શ્રીદેવી**ના પુત્ર હતા. તેમનો જન્મ સં. ૧૫૯૫માં થયો હતો. તેમણે સં. ૧૬૦૪માં દીક્ષા લીધી. સં. ૧૬૧૨ના ભાદરવા સુદિ ૯ ના રોજ **જેસલમેર**માં તેમને આચાર્યપદ મળ્યું. સં. ૧૬૭૦ના આસો વદિ ૨ ના દિવસે **બિલાડા**માં તેમનો સ્વર્ગવાસ થયો.

ક્રિયોદ્ધાર :

આ૦ જિનચંદ્રે સં. ૧૬૧૩ના ચૈત્ર સુદિ ૭ ના રોજ **ઉપા૦ કનકતિલક** સાથે પરિગ્રહ છોડી **ક્રિયોદ્ધાર** કર્યો.

એ સમયે બિકાનેરમાં ૮૪ ગચ્છના ઉપાશ્રયો હતા. બીજા ગચ્છના મહાત્માઓ, યતિઓ, કુલગુરુ કે વહીવંચા આ૦ જિનચંદ્રને માનતા ન હતા. સામૈયામાં સામે જતા નહોતા. બિકાનેરના મંત્રી સંગ્રામસિંહના પુત્ર **મંત્રી કર્મચંદ્ર** બછાવત, જે આચાર્યશ્રીના પરમ ભક્ત હતા, તેને આ૦ જિનચંદ્રને ન માનવાના કારણે તે મહાત્માઓ, વહીવંચાઓ વગેરે પ્રતિ ભારે ગુસ્સો આવ્યો. તેણે ગચ્છના દ્રષ્ટિરાગથી બીજા ગચ્છના મહાત્માઓ વગેરેની પટ્ટાવલીઓ અને વહીઓ વગેરેનો નાશ કર્યો. ''પ્રાચીન ઇતિહાસ પર પડદો પડ્યો.'' પાછળથી તેણે **નવી પટ્ટાવલી**ઓ અને વહીઓ તૈયાર કરાવી.[1]

---

૧. વધુ વિવરણ માટે જૂઓ, ખરતરગચ્છીય મહો૦ રામલાલ ગણિની 'મહાજનવંશમુક્તાવલી.'

તે પછી બિકાનેરનો રાજા જયસિંહ તેમજ 'રાજરસનામૃત' બનાવનાર તેના ભાઈ પૃથ્વીરાજ સાથે ખટપટ થવાથી મંત્રી કર્મચંદ્ર આગરા ગયો અને ત્યાં સમ્રાટ અકબરના જનાનખાનાનો ખાનગી મંત્રી બન્યો.

(રાજરસનામૃત, પૃ. ૩૪, ધાર : ૪)

આ૦ જિનચંદ્રે પાટણમાં શાસ્ત્રાર્થ થયો તેમાં આ૦ અભયદેવસૂરિને ખરતરગચ્છના સિદ્ધ કરાવવા સબળ પ્રયત્ન કર્યો હતો. **આ૦ વાદિદેવસૂરિ**ના વાસક્ષેપથી સ્થપાયેલ ફલોધિ તીર્થમાં ખરતરગચ્છીઓએ પ્રવેશ મેળવવા ભારે જહેમત ઉઠાવી હતી.

એ જ અરસામાં મોગલ સમ્રાટ **અકબરે** આ૦ હીરવિજયસૂરિને ગુજરાતથી આગરા બોલાવ્યા. તેમનો ઉપદેશ સાંભળ્યો. છૂટક છૂટક **છ મહિનાની અમારિ પળાવી**, અહિંસાના ફરમાનો લખી મોકલ્યાં, આ૦ **શ્રીહીરવિજયસૂરિને** 'જગદ્‌ગુરુ'નું બિરુદ આપ્યું અને સમય આવતાં તેમને શત્રુંજય વગેરે તીર્થનો **પટ્ટો** લખી આપ્યો. જગદ્‌ગુરુ શ્રીહીરવિજયસૂરિએ અહીં ચાર વર્ષ વિચરીને શાસનપ્રભાવના કરી, ગુજરાત તરફ વિહાર કર્યો. બસ, એ સમયથી મોગલ દરબારમાં જૈન મુનિઓનો પ્રવેશ શરૂ થયો. (જૂઓ, પ્રક. ૫૮)

આ૦ જિનચંદ્રના શિષ્ય પં૦ તિલકગણિએ સં. ૧૫૬૯માં ખંભાતમાં 'પ્રાકૃત-શબ્દસમુચ્ચય' રચ્યો. તેમના પ્રશિષ્ય ધર્મસમુદ્રે સં. ૧૫૬૭માં 'સુમિત્ર-કુમારરાસ'ની રચના કરી.

મંત્રી **કર્મચંદ્રે** આ૦ જિનચંદ્રને આગરા બોલાવ્યા. આચાર્યશ્રીએ સં. ૧૬૪૮ના અષાડ સુદ ૮ના રોજ ખંભાતથી વિહાર કરી જાલોરમાં પર્યુષણા તથા ચોમાસુ પસાર કરી ફા. સુદ ૧૨ના રોજ તેઓ લાહોર પધાર્યા. આચાર્યશ્રી થોડું લાહોરમાં રહ્યા અને પછી હાપુડ પધાર્યા. આચાર્યશ્રીએ લાહોરમાં સમ્રાટ અકબરને ઉપદેશ આપ્યો, અને આ૦ હીરવિજયસૂરિને અમારિના ફરમાન આપ્યાં હતાં તેવાં ચોમાસી અઠ્ઠાઈ માટે ફરમાનોની માગણી કરી ફરમાન મેળવ્યું.[1] ખંભાતના દરિયામાં માછીમારોની જાળ બંધ કરાવી. મંત્રી કર્મચંદ્રે મોટા સમારોહથી આચાર્યશ્રીને **યુગપ્રધાનપદ** આપ્યું. તથા વા૦ માનસિંહને આચાર્યશ્રીના હાથે **આ૦ જિનસિંહ**ના નામથી આચાર્યપદ અપાવ્યું. આ ઉત્સવમાં સમ્રાટે નહીં પણ સમ્રાટના ધર્મગુરુ શેખ અબુલફજલે હાજરી આપી હતી.

મહો૦ શ્રી વલ્લભગણિ લખે છે કે–

તેજઃ શ્રીમદકબ્બરાભિધનૃપઃ શ્રીપાતસાહિર્મુદાડ-
વાદીદ્ યત્ સુયુગપ્રધાન ઇતિ સન્નામ્ના યથાર્થેન વૈ ॥૪॥

---

૧. બાદશાહ અકબરનાં ફરમાનો નં. ૧ થી ૮ ભાગ-૩ના પ્રક. ૪૪માં પૃ. ૧૧૩ થી આપ્યાં છે. તેમાં જૂઓ ફરમાન **પાંચમું** અને ફરમાન **સાતમું**.

श्रीमंत्रीश्वरकर्मचन्द्रविहितोद्यत्कोटिटङ्कव्ययं
श्रीनन्द्युत्सवपूर्वकं युगवरा यस्मै ददौ त्वं पदम् ॥
श्रीमल्लीभपुरे दयाद्रढमतिश्रीपातसाह्याग्रहा-
न्नद्याच्छ्रीजिनचन्द्रसूरिसुगुरुः स स्फीततेजो यतः ॥५॥

(अभिधानचिन्तामणि नाममाला-टीका)

ખરતરગચ્છના (આ૦ નં. ૫૬) જિનચંદ્રના મુખ્ય શિષ્ય (૫૭) મહોપાધ્યાય સકલચંદ્રગણિના શિષ્ય (૫૮) મહો૦ સમયસુંદર ગણિવર થયા. તે પણ આચાર્યશ્રીની સાથે લાહોર પધાર્યા હતા.

મહો૦ સમયસુંદર ગણિવર – તેમનો સં. ૧૬૧૦ કે ૧૬૨૦માં સાચોરમાં શા૦ રૂપશી પોરવાડની પત્ની લીલાદેવીથી જન્મ, સં. ૧૬૨૮માં દીક્ષા, સં. ૧૬૪૦ના મહા સુદિ ૫ ના જેસલમેરમાં ગણિપદ, સં. ૧૬૪૯ના ફાગણ સુદિ ૨ ના લાહોરમાં ઉપાધ્યાયપદ, સં. ૧૬૭૨માં મહોપાધ્યાયપદ અને સં. ૧૭૦૩ ચૈત્ર સુદિ ૧૩ના રોજ અમદાવાદમાં સ્વર્ગગમન થયાં છે.

તેમણે સં. ૧૬૮૭ના સંહારક દુકાળમાં જગતની વિચિત્રતા નિહાળી સંવેગભાવ વધારી સં. ૧૬૯૧માં ક્રિયોદ્ધાર કરી સંવેગીપણું સ્વીકાર્યું હતું. તેમને ૪૨ શિષ્ય-પ્રશિષ્યોનો પરિવાર હતો.

તેમણે સં. ૧૬૪૯-શ્રાવણ સુદિ ૧૩ની સાંજે કાશ્મીરમાં સમ્રાટ અકબરની સભામાં રાજાનો દદતે સૌખ્યમ્ એ એક જ ચરણના ૮ લાખથી વધુ અર્થો ગોઠવી અષ્ટલક્ષી 'અર્થરત્નાવલી' ગ્રંથ બનાવ્યો હતો.

તેમણે સંસ્કૃતમાં સારસ્વત ટીકા, લિંગાનુશાસન અવચૂરિ, અષ્ટલક્ષી અર્થ-રત્નાવલી, રઘુવંશ-ટીકા, માઘના ત્રીજા સર્ગની ટીકા, કલ્પસૂત્રની ટીકા, દશવૈકાલિક સૂત્રની ટીકા, વિશેષશતક, વિચારશતક, ગાથાસહસ્રી, કથાકોશ, ચરિત્રગ્રંથો, ભક્તામરસ્તોત્ર પાદપૂર્તિ, ભક્તામરસ્તોત્ર-ટીકા, કલ્યાણમંદિરસ્તોત્ર-ટીકા, જયતિહુઅણસ્તોત્ર-ટીકા વગેરે રચ્યા.

તથા ગુજરાતી ભાષામાં રાસા, ભાસ, ગીત બોલી, સ્તવન, સજ્ઝાય વગેરે બનાવ્યાં છે.

વિચિત્રતા એ છે કે – કેટલીએક સજ્ઝાયો એવી મળે છે કે જેના કર્તા તરીકે મહો૦ સમયસુંદરગણિવર અને બીજા વિદ્વાન્ કવિ મુનિવરોનાં નામ પણ મળે છે. (સમયસુંદર-કૃતિકુસુમાંજલી)

વિ. સં. ૧૬૮૭માં ગુજરાતમાં અને મારવાડમાં ભયંકર દુકાળ પડ્યો હતો. મહોપાધ્યાયજીએ આ અંગે હિંદીમાં સવૈયા તથા કવિત્ત બનાવ્યાં હતાં. તેમજ તેમણે **શ્રીવિશેષશતક**ની પ્રશસ્તિમાં આ દુકાળનું સંસ્કૃતમાં સ્વરૂપ વર્ણવ્યું છે. તે આ પ્રમાણે –

શ્રીવિશેષશતકપ્રશસ્તિ :

મુનિ-વસુ-ષોડશવર્ષે (૧૬૮૭) ગુર્જરદેશે ચ મહતિ દુઃકાલે ।
મૃતકૈરસ્થિગ્રામે જાતે શ્રીપત્તને નગરે ॥૧॥
ભિક્ષુકભયાત્ કપાટે જટિતે વ્યવહારિમિર્ભૃશં બહુભિઃ ।
પુરુષૈર્માને મુક્તે સીદતિ સતિ સાધુવર્ગેઽપિ ॥૨॥
જાતે ચ પઞ્ચરજતૈર્ધાન્યમણેઃ સકલવસ્તુનિ મહર્ઘ્યે ।
પરદેશગતે લોકે મુક્ત્વા પિતૃમાતૃબન્ધુજનાન્ ॥૩॥
હાહાકારે જાતે મારિકૃતાનેકલોકસંહારે ।
કેનાપ્યદ્રષ્ટપૂર્વે નિશિ કોલિકલુણ્ટિતે નગરે ॥૪॥
તસ્મિન્ સમયેઽસ્માભિઃ કેનાપિ હેતુના ચ તિષ્ઠદ્ભિઃ ।
શ્રીસમયસુન્દરોપાધ્યાયૈર્લિખિતા ચ પ્રતિરેષા ॥

(શ્રીપ્રશસ્તિસંગ્રહ ભા. ૨, પ્ર. નં. ૬૯૭)

વિ.સં. ૧૬૮૬ના દુકાળમાં **દીવાન જયમલજી** મુણોત તથા **નેણસી** મુણોત વગેરે જૈનોએ જોધપુરરાજ્ય અને ગુજરાતમાં પ્રજાને મોટી મદદ કરી હતી. (જૂઓ, પ્ર. ૩૬, પૃ. ૧૮૦; પ્ર. ૬૦, ૩૧૭ થી ૩૨૨)

સમ્રાટ અકબર સં. ૧૬૬૨ના કાર્તિક સુદિ ૧૫ના રોજ મરણ પામ્યો. તે પછી **જહાંગીર દિલ્હી**નો બાદશાહ બન્યો. આ૦ જિનસિંહે એવી ભવિષ્ય-વાણી કરી હતી કે, શાહજાદો ખુશરુ દિલ્હીનો બાદશાહ બનશે. આથી બિકાનેરનો રાજા રાયસિંહ, યુવાન **દલપત** તેમજ મંત્રી કર્મચંદ્ર બછાવત વગેરેએ શહજાદા ખુશરુનો પક્ષ કર્યો હતો. સમ્રાટ જહાંગીરે આ વાત દાઢમાં રાખી સમય આવતાં બિકાનેરના રાજવંશનું અને મંત્રી કર્મચંદ્ર બછાવતના વંશનું યુક્તિથી મૂળથી નિકંદન કાઢી નાખ્યું. તેણે આ૦ **જિનસિંહ** માટે તુજુકે જહાંગીર (જહાંગીરનામા)માં ખૂબ તિરસ્કારભર્યા શબ્દો લખ્યા છે.[1] આ સ્થિતિમાં આગરા પ્રદેશમાં જૈન યતિઓનો, તેમાંયે ખાસ કરી ખરતરગચ્છના યતિઓનો વિહાર સદંતર બંધ થઈ ગયો.

એ જ અરસામાં તપાગચ્છના **મહો૦ ભાનુચંદ્ર ગણીવર** અને તે પછી મહો૦ **વિવેકહર્ષ ગણીવર**, પં૦ મહાનંદ, પં૦ પરમાનંદ વગેરે આગરામાં વિહરતા હતા. આ૦ જિનચંદ્રસૂરિની તીવ્ર ભાવના હતી કે, યતિઓનો વિહાર એ પ્રદેશમાં ચાલુ કરાવવો. એટલે તેઓ વૃદ્ધાવસ્થામાં પણ આગરા પધાર્યા અને મહો૦ વિવેક-હર્ષગણિ તથા પં૦ પરમાનંદ ગણીને સાથે રાખી બાદશાહ જહાંગીરને મળ્યા અને બાદશાહને રાજી કરી સૌ માટે આગરા પ્રદેશ તરફનો વિહાર ખુલ્લો કરાવ્યો.

---

૧. 'તુજુકે જહાંગીર'નો મુંશી દેવીપ્રસાદકૃત હિન્દી અનુવાદ સારાંશ–જહાંગીરનામા, સં. ૧૯૬૨, કાર્તિક સુદિ ૧૧, કલકત્તામાં છપાવેલ, તેના પૃષ્ઠો : ૧૫, ૫૨, ૬૬, ૭૦, ૯૭, ૧૦૮, ૧૫૨, ૧૮૧, ૨૦૯ જૂઓ)

આ આચાર્યશ્રીએ ઘણી પ્રતિષ્ઠાઓ અને શિષ્યોની પદ-સ્થાપના કરી હતી. એ રીતે વિવિધ ધર્મકાર્યો કર્યાં હતાં.

ખરતર૦ પં૦ **જયસોમે** સં. ૧૬૫૦માં લાહોરમાં 'કર્મચંદ્રચરિત્ર' રચ્યું. પં૦ ગુણવિનયે સં. ૧૬૫૫માં 'કર્મચંદ્રચોપાઈ' રચી છે.[૧]

---

૧. **મંત્રી કર્મચંદ્ર બચ્છાવત** – તે પ્રથમ બિકાનેરના રાજા રાયસિંહનો મંત્રી હતો. રાજકુટુંબ સાથે ખટપટ થવાથી આગરા ગયો અને સમ્રાટ અકબરના અંગત ખાતાનો મંત્રી બન્યો. તે આ૦ જિનચંદ્ર અને ઉપા૦ માનસિંહનો પરમ ઉપાસક હતો. તેને ખરતરગચ્છ પ્રત્યે ભક્તિરાગ નહીં પણ દ્રષ્ટિરાગ હતો. આથી તેની સેવા કુસેવા બની ગઈ. પરિણામે તે પોતે, તેનું કુટુંબ, તેનો ગચ્છ કે જૈનશાસન-એ બધાંમાંથી કોઈને કશો લાભ થયો નહીં. તે ઘટના આ પ્રકારે છે –

(૧) ખરતરગચ્છના મહો૦ **રામલાલજી** ગણિ લખે છે કે – બિકાનેરના કુલગુરુઓ વગેરેએ આ૦ જિનચંદ્રનું સ્વાગત ન કરવાથી ખરતરગચ્છના શ્રાવક બિકાનેરના મંત્રી કર્મચંદ્ર બચ્છાવતે તેઓની વહીઓ તેમજ વંશાવલીઓ વગેરેનો બળજબરીથી નાશ કર્યો અને પછી નવી વંશાવલીઓ અને પટ્ટાવલીઓ તૈયાર કરાવી (મહાજન મુક્તાવલી), એટલે જૈન ઇતિહાસને ધક્કો પહોંચ્યો; પણ ખુશીની વાત એ છે કે, તે કુલગુરુઓએ બીજા બીજા શહેરોના ગ્રંથભંડારો તથા ગાદીઓની વહીઓના આધારે વહીઓ અને વંશાવલીઓ વ્યવસ્થિત કરી લીધી. આજે વિભિન્ન ગચ્છોની જે પટ્ટાવલીઓ મળે છે તે આ ઘટના પછીની મળે છે.

(૨) મહત્ત્વાકાંક્ષી આ૦ બાલચંદ્રે જેમ રાજા અજયપાલ સોલંકીની તરફેણ કરી હતી તેમ મંત્રી કર્મચંદ્ર બચ્છાવતે શાહજાદા ખુશરુની તરફેણ કરી હતી પણ તેમાં તેને સફળતા મળી નહીં. બાદશાહ જહાંગીરને આ રમતની ખબર પડી ત્યારે આ રમતના ખેલાડી રાજા રાયસિંહ અને મંત્રી કર્મચંદ્રના વંશનું તેમના અંગત માણસો પાસે જ નિકંદન કઢાવ્યું. તેમજ ખરતરગચ્છના યતિઓનો વિહાર દિલ્હી અને આગરાના પ્રદેશમાં બંધ કરાવ્યો (તુજુકે જંહાંગીર); પણ ખુશીની વાત એ છે કે, આ૦ જિનચંદ્ર, મહો૦ વિવિકહર્ષગણિ, પં૦ મહાનંદ, પં૦ પરમાનંદ વગેરે આગરામાં બાદશાહ જહાંગીરને મળ્યા અને તેમને સમજાવીને યતિવિહાર ખુલ્લો કર્યો.

(૩) ઋષિ રઘુનાથ લખે છે કે, બિકાનેરમાં ૨૭ મહોલ્લાઓ વસેલા છે. તે પૈકીના ૧૩ મહોલ્લાઓ ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથ તરફના છે અને ૧૪ મહોલ્લાઓ ભ૦ મહાવીરસ્વામીના જિનાલય તરફના છે. સં. ૧૬૪૦ સુધીમાં ત્યાં કોઈ ઝગડો નહોતો, પણ મંત્રી કર્મચંદ્રે રાજા જયસિંહના રાજકાળમાં ૧૩ મહોલ્લાઓમાં ખરતરગચ્છના ભટ્ટારકો માટે વાજાં વાગે, બીજાઓ માટે વગાડી ન શકાય એવી મર્યાદા બાંધી હતી અને ઠાકરશી વેદે રાજા સુરસિંહના રાજકાળમાં ૧૪ મહોલ્લામાં કંવલાગચ્છના ભટ્ટારકો માટે વાજાં વાગી શકે, બીજાઓ માટે ન વગાડી શકાય એવી મર્યાદા બાંધી આપી હતી. તપાગચ્છ, લોંકાગચ્છ વગેરેના આચાર્યો આવે ત્યારે ૨૭ મહોલ્લામાં વાજાં વગાડી શકાતાં નહીં. તેઓનો પ્રવેશોત્સવ વાજાં વિના જ થતો હતો. કોઈ આ મર્યાદાને તોડે તો મોટો કલેશ ઊભો થતો હતો.

૫૭. ભ૦ **જિનસિંહ** – તેઓ ગણધર ચોપડા ગોત્રના શા૦ ચાંપસી અને તેમની પત્ની ચતુરાદેના પુત્ર હતા. તેમનો સં. ૧૬૧૫ના માહ સુદિ ૧૫ ના રોજ ખેતાસરમાં જન્મ થયો હતો. તેમનું નામ **માનસિંહ** હતું. સં. ૧૬૨૩ માં તેમણે બિકાનેરમાં દીક્ષા લીધી. તેમને સં. ૧૬૪૦ માં જેસલમેરમાં **વાચકપદ**, સં. ૧૬૪૯ના ફાગણ સુદિ ૨ના રોજ લાહોરમાં આચાર્યપદ મળ્યું અને સં. ૧૬૭૪ના પોષ સુદિ ૧૩ ના રોજ મેડતામાં તેમનો સ્વર્ગવાસ થયો.

આ અરસામાં સ્વયંભૂ પાર્શ્વનાથ પ્રગટ્યા અને કાપરડા તીર્થની સ્થાપના થઈ.

સમ્રાટ જહાંગીર ભ૦ **જિનસિંહસૂરિ** ઉપર ખૂબ નારાજ હતો, જેનું વર્ણન તેણે પોતાના તુજુકે જહાંગીર (જહાંગીરનામા) ગ્રંથમાં પ્રસંગે પ્રસંગે કર્યું છે. જો એ ભમરાલી ઘટના બની ન હોત તો આ ભટ્ટારક મોગલ દરબારમાં સુંદર **ધર્મપ્રભાવના** કરી શક્યા હોત.

તેમની પાટે બે આચાર્યો થયા : (૧) ભટ્ટારક **જિનરાજસૂરિ** અને (૨) આ૦ **જિનસાગરસૂરિ** સં. ૧૬૭૪.

૫૮. ભ૦ **જિનરાજ** – તેઓ શા૦ ધરમશી બોથરા અને તેમની પત્ની રાજલના પુત્ર હતા. તેમનો જન્મ સં. ૧૬૪૭ ના ચૈત્ર સુદિ ૭ ના રોજ થયો

◆ નાગોરી લોંકાગચ્છના ભ૦ સદારંગ સં. ૧૭૬૬માં બિકાનેર પધાર્યા ત્યારે તેમના ભક્તોએ બિકાનેરના રાજાની આજ્ઞા મેળવી આ મર્યાદા તોડીને ભટ્ટારકનો નગરપ્રવેશ કરાવ્યો હતો. (–નાગપુરીયલોંકાગચ્છ પટ્ટાવલીપ્રબંધ, સં. ૧૯૮૯, પટિયાલા; વિવિધગચ્છીયપટ્ટાવલીસંગ્રહ, પૃ. ૯૨; વિશેષ માટે જૂઓ પ્રક. ૫૩)

આ ગચ્છમતાગ્રહ બીજા ગચ્છો માટે જ નહીં, પણ પોતાની ગચ્છની વિભિન્ન શાખાઓના ભટ્ટારકો માટે પણ હતો. જયપુરની ગાદીના ભટ્ટારક બિકાનેર જાય તો તેમના માટે ત્યાં વાજાં વાગી શકતાં નહીં. એ જ રીતે બિકાનેરના ભટ્ટારક જયપુર આવે તો તેમને માટે વાજાંનો પ્રતિબંધ જયપુરની ગાદીના ભટ્ટારકે ત્યાંના રાજાની આજ્ઞા મેળવીને કરાવ્યો હતો. (જૂઓ ભા. ૧, પ્રક. ૩૧, પૃ. ૩૮૯ ટિપ્પણી)

અમારા સામેની જ એક ઘટના બનેલી કે ભ૦ ધરણેંદ્રસૂરિ બિકાનેર જાય તો માન-સન્માન થતું ન હોવાથી શહેરમાં પ્રવેશ કરી શકતા નહીં. એક વાર ભટ્ટારક જિનચારિત્ર-સૂરિ જયપુર આવ્યા અને સ્ટેશન પર જ પુગલીયાની જૈન ધર્મશાળામાં રહ્યા. તેમનો વાજાં વગેરેથી નગરપ્રવેશ થઈ શકતો નહીં. તેથી તે જયપુર શહેરમાં ગયા નહીં.

ખુશીની વાત છે કે, આ૦ વિજયવલ્લભસૂરિ સં. ૨૦૦૪માં તા. ૧૪-૪-૧૯૪૮ ના રોજ પધાર્યા ત્યારે ત્યાંના શ્વેતાબર જૈનસંઘે આ સંકુચિત મર્યાદા સદાને માટે તોડી, તેમનો ધામધૂમથી નગરપ્રવેશ કરાવ્યો.

આજે એ ક્લેશ બિકાનેરમાં નથી. પરંતુ મંત્રી કર્મચંદ્રને ખરતરગચ્છ પ્રત્યે કેવો રાગ હતો તે આ ઘટનાઓ ઉપરથી જાણી શકાય છે. મંત્રીને મોટી મોટી અભિલાષાઓ હશે, પણ કુદરતે તેને સહકાર આપ્યો નહીં.

હતો. સં. ૧૬૫૬ના માહ સુદિ ૩ ના રોજ બિકાનેરમાં તેમણે દીક્ષા લીધી ત્યારે તેમનું નામ **રાજસમુદ્ર** પાડવામાં આવ્યું. સં. ૧૬૬૮માં આશાવલમાં તેમને વાચકપદ આપવામાં આવ્યું. સં. ૧૬૭૫ ના ફાગણ સુદિ ૭ના રોજ **મેડતામાં આચાર્યપદ** મળ્યું ત્યારે તેમનું નામ આ૦ **જિનરાજસૂરિ** રાખવામાં આવ્યું. સં. ૧૬૯૯ના અષાડ સુદિ ૯ના રોજ પાટણમાં તેમનો સ્વર્ગવાસ થયો હતો.

આ૦ **જિનરાજ** અને આ૦ **જિનસાગર** એ બંને સં. ૧૬૭૪માં એક જ દિવસે આચાર્ય થયા હતા. તે બંનેએ સં. ૧૬૭૫ માં **શત્રુંજય** તીર્થ ઉપર સવા સોમજીની ચૌમુખજીની ટૂંકમાં ભ૦ **ઋષભદેવની ચૌમુખ** વગેરે પ્રતિમાઓની પ્રતિષ્ઠા[1] કરી હતી. એ ઉપરાંત તેઓએ ભાણવડ, અમદાવાદ, મેડતા વગેરે સ્થાનોમાં પ્રતિષ્ઠાઓ કરી હતી. (જૂઓ, પ્રક. ૪૦, પૃ. ૩૮૯)

આ૦ જિનરાજ વ્યાકરણ, કાવ્યસાહિત્યના વિદ્વાન હતા. તેમણે 'નૈષધીય-મહાકાવ્ય' ઉપર **જિનરાજીયા** ટીકા રચેલી છે. આ૦ જિનપ્રભસૂરિની પરંપરામાં એક આ૦ જિનરાજસૂરિ થયા છે તે આનાથી જુદા હતા.

એ સમયે પદ્મરાજ ગણિના શિષ્ય પં૦ **જ્ઞાનતિલક ગણિ**એ સં. ૧૬૬૦ માં 'ગૌતમકુલક-વૃત્તિ' રચી છે.

એ સમયે **મહો૦ જયસાગર ગણિ**ની પરંપરાના ઉપા૦ જ્ઞાનવિમલના શિષ્ય વાચનાચાર્ય **ઉપા૦ વલ્લભ ગણિ** વિદ્વાન હતા. તેમણે સં. ૧૬૯૯માં ૧. વિજય-દેવમાહાત્મ્યકાવ્ય, સર્ગ : ૧૯, ૨. ઉપકેશશબ્દવ્યુત્પત્તિ, ૩. સં. ૧૬૫૪માં આ૦ જિનેશ્વરના શિલોંછનામકોશની ટીકા, ૪. સં. ૧૬૬૧માં લિંગાનુશાસન-ટીકા તથા દુર્ગપદપ્રબોધવૃત્તિ, ૫. સં. ૧૬૬૭માં જોધપુરમાં **અભિધાનચિંતામણિ** સારોદ્ધારવૃત્તિ, ૬. અરનાથજિનસ્તુતિકાવ્ય-સ્વોપજ્ઞવૃત્તિ સાથે, ૭. સારસ્વત-પ્રયોગનિર્ણય, ૮. વિદ્વત્પ્રબોધ પરિ૦ ૩, શ્લો. ૧૪૨, બલભદ્રપુર, ૯. ચતુર્દશ-સ્વર-સ્થાપનવાદસ્થલ વગેરે ગ્રંથોની રચના કરી છે. મહો૦ જયસાગર ગણિના શિષ્ય પં૦ રત્નચંદ્રે સં. ૧૫૦૧ પો. સુ. ૧૧ ને રવિવારે બીજ સહિત 'ક્રિયા-રત્નસમુચ્ચય' લખ્યો હતો.

તેમના સમયે સં. ૧૬૯૦માં **'ગદ્ય ખરતરગચ્છપટ્ટાવલી'**ની રચના થઈ. એ જ સમયે ભ૦ **જિનસાગરસૂરિથી આચાર્યીયગચ્છ** નીકળ્યો. (જૂઓ, પૃ. ૩૮૮) આ શતાબ્દીના અંતે એકંદરે ખરતરગચ્છમાં **ચાર ગચ્છો** થયા.

ખરતરગચ્છના પં૦ બનારસીદાસે સં. ૧૬૮૦ માં દિગમ્બર મતમાં ભળી તેરાપંથ ચલાવ્યો.

---

૧. આ પ્રતિષ્ઠા ઉત્સવમાં મહો૦ જયસોમ ગણિ, ઉપા૦ વિજય ગણિ, ઉપા૦ ધર્મ-નિધાન ગણિ, પં૦ આનંદકીર્તિ ગણિ વગેરે મુનિવરો હાજર હતા. આ ઉદ્ધારનો અને પ્રતિષ્ઠાનો લાભ સં. સોમજીના પુત્ર સં. રૂપજી વગેરેએ લીધો હતો. (–શત્રુંજયતીર્થ લેખ)

ખરતરગચ્છમાં સં. ૧૬૮૬માં આ૦ જિનરાજનો આઠમો 'ભટ્ટારકગચ્છ' અને આ૦ જિનસાગરથી નવમો 'લઘુઆચાર્યીયગચ્છ', સં. ૧૭૦૦માં ઉપા૦ રંગવિજયથી દશમો રંગવિજય **'શાખાગચ્છ'** અને તેમાંથી મહો૦ શ્રીસાર-થી અગિયારમો **'શ્રીસારીયગચ્છ'** નીકળ્યો. આ રીતે ખરતરગચ્છમાં એકંદરે **અગિયાર ગચ્છો** થયા.

આ૦ **જિનરંગવિજય**ની શાખા નીકળી ત્યારે તપગચ્છના કેટલાએક શ્રાવકો ઉપા૦ રંગવિજયના પક્ષમાં રહ્યા હતા. તેઓ ત્યાર પછી ખરતરગચ્છના અનુયાયીઓ મનાય છે.

વૈરાટનગરના શેઠ ભારમલજી રાક્યાનના પુત્ર શેઠ **ઇન્દ્રચંદ્રજી** રાક્યાન શ્રીમાલી તપાગચ્છના શ્રાવક હતા, જગદ્‌ગુરુ શ્રીહીરવિજયસૂરિના ઉપાસક હતા. તેમણે સં. ૧૬૪૪માં બંધાવેલું જિનાલય (ઇન્દ્રવિહાર) આજે પણ **વૈરાટનગર**માં શિલાલેખ સાથે વિદ્યમાન છે. તેમના વંશજો શ્રીમાન લાલા **ખેરાતીલાલજી**, લા. બાબુમલજી, લા. જવાહરલાલજી રાક્યાન વગેરે આજે **દિલ્હી**માં વસે છે, જે આજે ખરતરગચ્છનું પાલન કરે છે. પં૦ વિનયવલ્લભે આ૦ જિનરંગના સમયે 'ખરતરગચ્છપટ્ટાવલી' બનાવી છે.

૫૯. ભ૦ **જિનરત્ન** – તેમને વૈરાગ્ય થવાથી માતાની સાથે દીક્ષા લીધી હતી. તેમનો સ્વર્ગવાસ સં. ૧૭૧૧માં અકબરાબાદમાં થયો હતો.

૬૦. ભ૦ **જિનચંદ્ર** – તેમણે મંડોવરમાં પ્રતિષ્ઠા કરી હતી. તેમના સમયે સં. ૧૭૧૧માં 'ગદ્ય-ખરતરગચ્છપટ્ટાવલી' બની. તેમનો સ્વર્ગવાસ સં. ૧૭૬૩માં સુરતમાં થયો હતો.

૬૧. ભ૦ **જિનસૌખ્યસૂરિ** – તેઓ **પ્રભાવક** આચાર્ય હતા. તેમના સમયે **ઘોઘાથી વહાણ દ્વારા** સીધા જ ખંભાત જવાતું હતું. યતિઓ તથા છ'રી પાળતા તીર્થ-યાત્રાસંઘ એ રસ્તે જતા-આવતા હતા. તેમનો સ્વર્ગવાસ સં. ૧૭૮૦ના જેઠ વદિ ૧૦ના રોજ ઋણીનગરમાં થયો હતો.

૬૨. ભ૦ **જિનભક્તિ** – તેમણે સં. ૧૭૭૯માં દીક્ષા લીધી. સં. ૧૭૮૦માં ભટ્ટારકપદ પ્રાપ્ત થયું અને તેમનો સં. ૧૮૦૪માં માંડવી બંદરમાં સ્વર્ગવાસ થયો હતો. તેમણે કેટલીક તીર્થયાત્રાઓ અને પ્રતિષ્ઠાઓ કરી હતી. તેમને **ઉપા૦ રાજસોમ**, ઉપા૦ રામવિજય વગેરેનો મોટો યતિપરિવાર હતો.

૬૩. ભ૦ **જિનલાભ** – તેમને **મોટી મારવાડ, ગોલવાડ, મેવાડ, વઢિયાર,** ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ વગેરે પ્રદેશોમાં વિહાર કરી વિવિધ **તીર્થયાત્રાઓ કરી.** તેમની સાથે યાત્રામાં સો-સો, બસો-બસો યતિઓ **સાથે રહેતા હતા.** તેમનો સ્વર્ગવાસ સં. ૧૮૩૪ના આસો વદિ ૧૦ના રોજ ગૂઢાનગરમાં થયો હતો.

આ સમયે સં. ૧૮૦૭ના માહ સુદિ ૩ ને સોમવારે જોધપુરમાં **ક્ષેમકીર્તિ-શાખા**ના વાચક શાંતિહર્ષ, તેમના શિષ્ય મુનિ **જિનહર્ષ**, તેમના શિષ્ય મુનિ સુખવર્ધન, તેમના શિષ્ય મુનિ દયાસિંહના શિષ્ય વાચક રૂપચંદ્રે 'ગૌતમીયમહાકાવ્ય' (સર્ગઃ૧૧)ની રચના કરી છે.

ભ૦ **જિનલાભે** સં. ૧૮૩૩ ના કાર્તિક સુદિ ૫ના રોજ મનાર બંદરમાં 'આત્મબોધ' (પ્રકાશ :૪) રચ્યો છે. **મુનિ ક્ષમાકલ્યાણે** તેની પ્રથમ પ્રતિ લખી હતી.

૬૪. ભ૦ જિનચંદ્ર – તેમણે નાની-મોટી મારવાડ, પૂર્વદેશ, દક્ષિણ સોરઠ વગેરે પ્રદેશોમાં વિચરી તીર્થયાત્રાઓ કરી હતી. પૂર્વદેશની યાત્રામાં ઉપા૦ અમૃતધર્મ, ઉપા૦ ક્ષમાકલ્યાણ વગેરે તેમની સાથે હતા. તેમણે **લખનૌ**માં ત્રણ ચોમાસાં કર્યાં હતાં. મકસૂદાબાદના શ્રીસંઘે સં. ૧૮૪૫ના માહ સુદિ ૧૧ ને શુક્રવારે **મહિમાપુર**માં બનાવેલા ભ૦ સુવિધિનાથના જિનાલયની પ્રતિષ્ઠા કરી હતી. તેમણે તથા લઘુ આચાર્યીય ભ૦ **જિનચંદ્રસૂરિએ** મળીને પરસ્પરમાં એકતા સ્થાપી હતી. તેમનો સ્વર્ગવાસ સં. ૧૮૫૬ના જેઠ સુદિ ૩ના રોજ સૂરતમાં થયો હતો.

૬૫. ભ૦ **જિનહર્ષ** - તેમણે સૂરત, દેવીકોટ, જાલોર, બિકાનેર વગેરે સ્થાનોમાં જિનપ્રતિષ્ઠાઓ કરી હતી. શત્રુંજય, ગિરનાર, અંતરીક્ષજી, મક્સીજી, કેસરિયાજી, સમેતશિખરજી વગેરે તીર્થોની યાત્રાઓ કરી હતી.

તેમણે સં. ૧૮૭૦માં અને બીજીવાર સં. ૧૮૭૬માં સંઘ સાથે **સમેતશિખર** તીર્થની યાત્રા કરી હતી. સં. ૧૮૬૬ના ચૈત્ર સુદિ ૧૫ ના રોજ સંઘ સાથે શત્રુંજય તીર્થની યાત્રા કરી હતી. તેઓ છેલ્લા જેસલમેરના બાફણા **બાદરમલ ભેરાવરમલ**ના સંઘ સાથે શત્રુંજયતીર્થની યાત્રા માટે નીકળ્યા અને **મંડોવર**માં ચોમાસુ રહ્યા. ત્યાં જ સં. ૧૮૯૨ના કાર્તિક વદિ ૯ના દિવસે મંડોવરમાં અનશન લઈ સ્વર્ગે ગયા.

શેઠ **બાદરમલજી** બાફણાનો સંઘ ચોમાસા પછી મંડોવરથી નીકળી શત્રુંજય તીર્થમાં ગયો. ત્યાં સંઘપતિની **માતાજી**એ ભ૦ ઋષભદેવ દાદાને મોતીનો હાર પહેરાવ્યો પણ ભાટોએ તે હાર તરત જ ઉઠાવી દીધો. ભાટોની આવી જોહુકમીથી **સંઘપતિ**એ તેમની સામે સખત હાથે કામ લીધું અને ભાટો(બારોટો)ની જોહુકમીનો અંત આણ્યો.

આ અરસામાં ભ૦ જિનભક્તિસૂરિના શિષ્ય પં૦ પ્રીતિસાગરશિષ્ય ઉપા૦ અમૃતગણિના શિષ્ય **મહો૦ ક્ષમાકલ્યાણગણિ સમર્થ વિદ્વાન** હતા. તેમણે **ક્રિયોદ્ધાર** કરી **પીળાં** વસ્ત્રો ધારણ કર્યાં હતાં.

તેમણે ચૈત્યવંદન-ચતુર્વિંશતિ, પર્વકથા-સંગ્રહ (સં. ૧૮૬૦ ફાગણ વદિ ૧૧ના બિકાનેર), ખરતરગચ્છપટ્ટાવલી (સં. ૧૮૩૦, જૂનાગઢ), ગૌતમીય-

મહાકાવ્ય-ટીકા (સં. ૧૮૫૨ ભાદરવા સુદિ ૧૧ ને સોમવાર, જેસલમેર) વગેરે ગ્રંથો રચ્યા છે. તેમણે 'ખરતરગચ્છપટ્ટાવલી'માં ભ૦ જિનચંદ્ર અને ભ૦ જિનહર્ષસૂરિના પટ્ટાનુક્રમ પાછળથી વધાર્યા છે. તેમણે ભ૦ જિનચંદ્રની સાથે પૂર્વદેશનાં તીર્થોની યાત્રા કરી હતી. મહિમાપુરના પ્રતિષ્ઠાલેખમાં તેમનું નામ મળે છે. તેઓ સં. ૧૮૭૪માં બિકાનેરમાં સ્વર્ગવાસી થયા હતા અને તેમના શિષ્ય પં૦ ધર્માનંદગણિએ સં. ૧૮૭૪માં બિકાનેરમાં તેમની ચરણપાદુકાની પ્રતિષ્ઠા કરી હતી.

૬૬. ભ૦ **જિનસૌભાગ્ય** – તેમનો જન્મ સં. ૧૮૬૨માં થયો. સં. ૧૮૭૭માં તેમને દીક્ષા લીધી. સં. ૧૮૯૨ના મહા સુદિ ૭ ને ગુરુવારે બિકાનેરમાં તેમનો ભટ્ટારકપદ મહોત્સવ થયો અને સં. ૧૯૧૭માં સ્વર્ગવાસ થયો.

૬૭. ભ૦ **જિનસિંહ** – તેમનો સં. ૧૯૩૫માં બિકાનેરમાં સ્વર્ગવાસ થયો.

૬૮. ભ૦ જિનચંદ્ર.

૬૯. ભ૦ જિનકીર્તિ.

ખરતરગચ્છ પટ્ટાવલી ત્રીજી (લઘુ આચાર્યીયગચ્છ)

૫૭. ભ૦ **જિનસિંહ** – તેમનો સં. ૧૬૭૪માં મેડતામાં સ્વર્ગવાસ થયો. (જૂઓ, પ્રક. ૪૦, પૃ. ૩૮૫)

૫૮. ભ૦ **જિનસાગર** – તેઓ આચાર્યીયગચ્છના પ્રથમ આચાર્ય હતા. ભ૦ જિનરાજ તથા ભ૦ જિનસાગર એ બંનેએ મેડતામાં ભટ્ટારક પદ મેળવ્યું અને સં. ૧૬૭૫માં શત્રુંજયતીર્થ પર સવા સોમજીની ચૌમુખની ટૂંકમાં પ્રતિષ્ઠા કરી (પ્રક. ૪૦, પૃ. ૩૮૬). ભ૦ જિનસાગર કાવ્ય-સાહિત્ય અને ન્યાય વગેરે વિષયોના વિદ્વાન હતા. તેમનો સ્વર્ગવાસ સં. ૧૭૨૦ના જેઠ વદિ ૩ ના રોજ અમદાવાદમાં થયો.

૫૯. ભ૦ **જિનધર્મ** – તેમણે શત્રુંજયની યાત્રામાં છઠ્ઠ-અઠ્ઠમ વગેરે તપ કર્યાં હતાં. તેઓ સર્વદેશોમાં વિચર્યા હતા. તેમનો સ્વર્ગવાસ સં. ૧૭૪૬ના મહા વદિ ૮ના રોજ લૂણકરણસર નગરમાં થયો હતો.

૬૦. ભ૦ **જિનચંદ્ર** – તેમનો સ્વર્ગવાસ સં. ૧૭૯૪ના સુદિ ૧૫ ના રોજ બિકાનેરમાં થયો હતો.

૬૧. ભ૦ **જિનવિજય** – તેમનો સ્વર્ગવાસ સં. ૧૭૯૭ના આસો વદિ ૬ ના રોજ જેસલમેરમાં થયો.

૬૨. ભ૦ **જિનકીર્તિ** – તેમણે પૂર્વદેશની યાત્રાઓ કરી હતી. મકસૂદાબાદમાં ત્રણ ચાતુર્માસ ગાળ્યાં હતાં. તેમનો સ્વર્ગવાસ સં. ૧૮૧૯ના રોજ બિકાનેરમાં થયો હતો.

૬૩. ભ૦ **જિનમુક્તિ** – તેમણે બાર વર્ષની ઉંમરે દીક્ષા લીધી, સોળમા વર્ષે ભટ્ટારકપદ મળ્યું અને એકવીસમા વર્ષે તેમનો સં. ૧૮૨૪ના આસો સુદિ ૧૨ના રોજ જેસલમેરમાં સ્વર્ગવાસ થયો.

૬૪. ભ૦ **જિનચંદ્ર** – તેઓ વ્યાકરણ તથા સિદ્ધાંતના વિદ્વાન હતા. બિકાનેરનો રાજા તેમનો ભક્ત હતો. શ્રીસંઘે આ ભટ્ટારક તથા ભટ્ટારકશાખાના ભ૦ જિનચંદ્ર વચ્ચે મેળ કરાવ્યો હતો. આ ભટ્ટારક ૭૨ વર્ષની ઉંમરે એટલે સં. ૧૮૭૫ના કાર્તિક સુદિ ૧૫ના રોજ જેસલમેરમાં સ્વર્ગે ગયા હતા.

૬૫. ભ૦ **જિનોદય** – તેમણે સં. ૧૮૯૩માં મંદસોરમાં અને સં. ૧૮૯૭ ના વૈશાખ સુદિ ૬ના રોજ બિકાનેરમાં જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી. તેઓ સં. ૧૮૯૭ના વૈશાખ સુદિ ૧૩ના રોજ બિકાનેરમાં સ્વર્ગસ્થ થયા હતા.

૬૬. ભ૦ **જિનહેમસૂરિ** – તેમનો જન્મ સં. ૧૮૬૬ના અષાડ સુદિ ૧ના રોજ પુષ્ય નક્ષત્રમાં સાલિયાણા ગામમાં થયો હતો. સં. ૧૮૮૩ના વૈશાખ સુદિ ૩ના રોજ તેમણે દીક્ષા લીધી હતી. તેમનો સં. ૧૮૯૭ જેઠ સુદિ ૫ના રોજ બિકાનેરમાં ભટ્ટારકપદ મહોત્સવ થયો હતો. તેમણે ઇન્દોરના સંઘમાં ઝગડો હતો તે દૂર કરાવ્યો હતો અને ત્યાં જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી. મણોદમાં ભ૦ પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી. તેમણે સર્વ દેશોમાં વિચરી તીર્થયાત્રાઓ કરી હતી.

પૂનમિયાગચ્છ–પૂર્ણિમાપક્ષ (સં. ૧૧૫૯)

વડગચ્છના આ૦ **સર્વદેવસૂરિ**ની પાટે આઠ આચાર્યો થયા. તેમાં સૌથી મોટા આ૦ **જયસિંહસૂરિ** હતા. તેમની પાટે આ૦ **ચંદ્રપ્રભસૂરિ** (પ્રભાચંદ્રસૂરિ) થયા. તેઓ વિદ્વાન અને વાદી હતા. વડગચ્છમાં વડેરા હતા. તેમણે **વાદીભસૂરિ**નું બિરુદ હતું. (પ્રક. ૩૯, પૃ. ૩૩૧)

તેમનાથી નાના આ૦ મુનિચંદ્રસૂરિ હતા. તેઓ પરમ શાંત, ત્યાગી અને **લોકપ્રિય** હતા. એમની લોકપ્રિયતાએ નવા ગચ્છને જન્મ દેવાનું કારણ આપ્યું. (પ્રક. ૪૦, પૃ. ૩૩૬-૩૩૭)

સં. ૧૧૪૯ નું એ વર્ષ હતું. એક શ્રાવકે મોટા આચાર્યશ્રીને વિનતિ કરી કે, 'મારે પ્રતિષ્ઠા કરાવવી છે માટે આપ આ૦ મુનિચંદ્રસૂરિને આજ્ઞા આપો જેથી તેઓ ત્યાં આવી મારું કાર્ય સિદ્ધ કરી આપે.'

આ૦ ચંદ્રપ્રભસૂરિને આ વિનંતિ પોતાના અપમાન સ્વરૂપ ભાસી. તેમને એમ લાગ્યું કે, આ શ્રાવક આ૦ મુનિચંદ્રને લઈ જવા રાજી છે પણ અમને લઈ જવાની તેની ઇચ્છા નથી. આથી જ અમારે આ૦ મુનિચંદ્રને પણ ત્યાં મોકલવા ન જોઈએ. આચાર્યશ્રીએ શ્રાવકને જવાબ આપ્યો કે, 'મહાનુભાવ !

પ્રતિષ્ઠા એ સાવદ્ય ક્રિયા છે, તે શ્રાવકની ક્રિયા છે, સાધુની એ વિધિ નથી. માટે આ૦ મુનિચંદ્ર ત્યાં નહીં આવે.'

આ૦ ચંદ્રપ્રભે આ રીતે સાધુઓ પ્રતિષ્ઠા કરાવી ન શકે એવી નવી પ્રરૂપણા કરી. બીજા સુવિહિત આચાર્યોએ તેમની આ નવી પ્રરૂપણા સામે વિરોધ ઉઠાવ્યો, આથી આ૦ ચંદ્રપ્રભ સં. ૧૧૪૯માં પોતાના પરંપરાગત ગચ્છથી જુદા પડ્યા. તેમણે સં. ૧૧૫૯થી નવો **'પૂનમિયાગચ્છ'** ચલાવ્યો.* (પ્ર. ૪૦, પૃ. ૩૩૭)

ચંદ્રકુલના વડગચ્છમાંથી 'પૂનમિયાગચ્છ' નીકળ્યો, તેમાં શ્રાવક પ્રતિષ્ઠા કરે, પાખી પૂનમે કરવી, છમાસી ન હોય, છ મહિના પહેલાં ઉપસ્થાપના ન દેવી વગેરે સામાચારી હતી.

પૂર્ણિમાપક્ષના આ૦ દેવાનંદ લખે છે –

दुर्वादिद्विरदाङ्कुशः समयवित् श्रेणीशिरोमण्डनं
श्रीचन्द्रप्रभसूरिराट् स भगवान् प्राचीकशत् पूर्णिमाम् ।
तस्माज्जैनवचोऽमृतं भृशमधुः श्रीधर्मघोषादयः
श्रीभद्रेश्वरसूरितस्त्वचकलत् शाखा द्वितीया प्रथाम् ॥
(–क्षेत्रसमासवृत्ति-प्रशस्ति)

★ हुं नन्देन्द्रियरुद्रकालजनितः (११५९) पक्षोऽस्ति राकाङ्कितो
वेदाग्नारुणकाल (१२०४) औष्ट्रिकभवो विश्वार्ककाले(१२१४)ऽञ्चलः ।
षट्-त्र्यर्केषु (१२३६) च सार्धपूर्णिम इति व्योमेन्द्रियार्केषु (१२५०) च
व त्रिस्तुतिकोऽक्ष-मङ्गल-रवौ (१२८५) गाढग्रहस्तापसः ॥
पाठान्तरे–(काले त्रिस्तुतिकः कलौ जिनमते जातः स्वकीयाग्रहात् ॥
(विविधगच्छीय पट्टावलीसंग्रह, पृ. ९४, पृ. १२५)

वडगच्छाओ पुण्णिम पुण्णिमिओ सड्ढपुण्णिमा गमिआ ।
दोहिं वि आगमनामो कुच्चयराओ खरयरो जाओ ॥

१. પૂર્ણિમાગચ્છ સં. ૧૧૫૯માં, ૨. સં. ૧૧૪૦માં ષટ્કલ્યાણક, ૩. સં. ૧૨૦૪માં ખરતરગચ્છ, ૪. અંચલગચ્છ સં. ૧૨૧૪, ૫. સાર્ધપૂર્ણિમાગચ્છ સં. ૧૨૩૬, ૬. ત્રિસ્તુતિક-આગમિક સં. ૧૨૫૦, ૭. તપાગચ્છ સં. ૧૨૮૫માં થયા.

એ સિવાય ૧. ષટ્કલ્યાણક-મધુકરગચ્છ સં. ૧૨૭૮માં, ૨. લુંપકગચ્છ સં. ૧૫૦૮, ૩. કટુકગચ્છ સં. ૧૫૬૪, ૪. બીજા મત સં. ૧૫૭૦, અને ૫. પાર્શ્વચંદ્રગચ્છ સં. ૧૫૭૨માં નીકળ્યા. (દશમત)

વડગચ્છમાંથી પૂર્ણિમાગચ્છ નીકળ્યો. પૂર્ણિમાગચ્છમાંથી સાર્ધપૂર્ણિમાગચ્છ અને આગમિકગચ્છ નીકળ્યા, અને ખરતરગચ્છ કુચેરાગચ્છમાંથી નીકળ્યો.

जिणदत्ताओ खरतर पुण्णिम चंदसूरिणो जाया ।
पल्लवियषाढायरिए तवोमयं देवभद्दाओ ॥

આ૦ ચંદ્રપ્રભે તેમણે ચૌદશની પાખી પાળનારા પાંચ ચૈત્યવાસીઓને પોતાના પક્ષમાં મેળવી દીક્ષા આપી હતી. તેમના નામ આ પ્રકારે હોવા સંભવે છે.

(૧) **આ૦ ધર્મઘોષસૂરિ** – તેઓ ૫૦૦ દેરાસરો અને ત્રણ લાખ દ્રવ્યની રકમ છોડીને સાધુ થયા. (જૂઓ, પ્રક. ૪૦, પૃ. ૩૯૩)

(૨) **આ૦ ભદ્રેશ્વરસૂરિ** – તેમના બીજા પટ્ટધર આ૦ શ્રીપ્રભથી **'કચ્છૂલીગચ્છ'** નીકળ્યો.[1] (જૂઓ, પ્રક. ૪૦, પૃ. ૪૩૧-૪૩૨)

આ૦ ભદ્રેશ્વરની શિષ્યપરંપરામાં મહાતપસ્વી આ૦ **પરમદેવસૂરિ** થયા. તેમણે વર્ધમાનતપ કરી તેનું પારણું સં. ૧૩૦૨ના માગસર સુદિ ૫ ના શ્રવણ નક્ષત્રમાં કડોદ ગામમાં શેઠ દેવપાલના ઘેર કર્યું, શંખેશ્વરતીર્થમાં ૭ યક્ષોને પ્રતિબોધી સંઘને અનુકૂળ બનાવ્યા. શંખેશ્વર પાર્શ્વનાથનું આરાધન કરી ઝીંઝુવાડાના રાજા દુર્જનશલ્યનો કોઢ રોગ મટાડ્યો અને ઉપદેશ આપી શંખેશ્વરજીના દેરાસરનો મોટો જીર્ણોદ્ધાર કરાવ્યો. દાનવીર જગડૂશાહે તેમનો ધામધૂમથી ભદ્રાવતીનગરમાં પ્રવેશ કરાવ્યો હતો. તેમના શિષ્ય આ૦ શેષસૂરિને મહોત્સવપૂર્વક આચાર્યપદ અપાવ્યું. આ૦ પરમદેવની પાસેથી ત્રણ વર્ષનો દુકાળ પડશે એવું જાણી લઈ જગડૂશાહે અનાજના ભંડારો ભરી દુકાળમાં રાજા-પ્રજા સૌ જનતાને મોટી મદદ કરી હતી. આ૦ પરમદેવની પાટે આ૦ શેષસૂરિ થયા. તેઓ સં. ૧૩૦૨ પહેલાં સ્વર્ગે ગયા.

(આ૦ સર્વાનન્દનું જગડૂચરિત્ર, શંખેશ્વર પાર્શ્વનાથ સ્તોત્ર નં. ૪૦, પૂ. જયંત-વિજયજી મ.નું શંખેશ્વરમહાતીર્થ, પૃ. ૪૭થી ૫૧; પ્રક. ૩૮, પૃ. ૨૯૯)

◆ આ૦ જિનદત્તથી ખરતર, આ૦ ચંદ્રસૂરિથી પૂર્ણિમા, આષાઢાચાર્યથી પલ્લવિક અને આ૦ દેવભદ્રથી તપાગચ્છ નીકળ્યા.

(–સં. ૧૬૬૬ની દસવેયાલિયસુત્ત-ટબો-પ્રશસ્તિ, ભાંડારકર ઓરિયંટલ રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટ, સૂચી ભા. ૨, પૃ. ૭૨૪)

૧. આ૦ મહેંદ્રસૂરિ લખે છે કે, આ૦ શાંતિસૂરિથી પીપળિયાગચ્છ, આ૦ દેવેન્દ્રથી સંગમખેટિયા; આ૦ ચંદ્રપ્રભ, આ૦ શીલગુણ, આ૦ પદ્મદેવ અને આ૦ ભદ્રેશ્વરથી પૂનમિયાગચ્છની (પૂનમિયા, ત્રિસ્તુતિક, આગમિક અને કછોલી) ૪ શાખાઓ; આ૦ મુનિચંદ્ર, આ૦ વાદિદેવસૂરિથી પ્રાચીન વડગચ્છની પરંપરા, આ૦ બુદ્ધિસાગરથી શ્રીમાલગચ્છ અને આ૦ મલયચંદ્રથી આશાપલ્લીયગચ્છ નીકળ્યા છે.

વડગચ્છવાળા પોતાને ચૈત્યવાસી માનતા નથી. શરૂઆતથી જ અસલી વસતિવાસી માને છે પણ દેરાસરો, પ્રતિમાઓ, પોષાળ અને જૈન વંશો તો ચૈત્યવાસી પરંપરાના છે.

આ૦ ચંદ્રપ્રભે સં. ૧૧૪૯માં 'પૂનમિયાગચ્છ' પ્રકાશ્યો અને ઉપા૦ વિજયચંદ્રે સં. ૧૧૬૯માં વિધિપક્ષ પ્રગટ કર્યો. –(શતપદી પદ ૧૦૮)

તેમની શિષ્યપરંપરામાં આ૦ **સર્વાનન્દ** થયા. તેમણે 'જગડૂચરિત્ર' રચ્યું, તેના છઠ્ઠા સર્ગમાં 'પૂનમિયાગચ્છ' તથા 'ચતુર્દશીયગચ્છ'નું સૂચન છે. આ૦ સર્વાનન્દસૂરિએ સં. ૧૪૬૫માં અને સં. ૧૪૯૨માં અંજનશલાકા કરાવી, જે પ્રતિમાઓ આબૂતીર્થમાં વિરાજમાન છે. (અર્બુદ જૈન લેખસંદોહ, લે. ૪૦૨, ૬૨૮)

તેમણે કછોલી ગામમાં ભ૦ શાંતિનાથની પ્રતિમા તથા પરિકરની પ્રતિષ્ઠા કરી. તેમના શિષ્ય ગુણસાગર, તેમના શિષ્ય યતિ યશોવર્ધને (સં. ૧૫૨૧ થી ૧૫૪૦) પ્રતિષ્ઠા કરેલ એક પ્રતિમા સિરોહીના ભ૦ અજિતનાથના દેરાસરમાં છે.

આ૦ ભદ્રેશ્વરની પરંપરામાં અનુક્રમે (૪૧) આ૦ ભદ્રેશ્વરસૂરિ, (૪૨) આ૦ મુનીશ્વર, (૪૩) આ૦ રત્નપ્રભ, (૪૪) આ૦ મહેન્દ્ર અને (૪૫) આ૦ રત્નાકર થયા. આ૦ રત્નાકરે સં. ૧૫૧૨ મહા સુદિ ૫ સોમવારે ભ૦ શાંતિનાથની પ્રતિષ્ઠા કરાવી. આ ધાતુપ્રતિમા મહેસાણામાં ભ૦ મહાવીરસ્વામીના દેરાસરમાં છે.

(૩) **આ૦ વિજયસિંહ** – તેઓ ચૈત્યવાસી હતા. ચંદ્રાવતીના નવગૃહ-ચૈત્યમાં રહેતા હતા. વિદ્વાન હતા. તેમણે 'ઉપદેશમાલા'નું વ્યાખ્યાન કરતાં કરતાં વૈરાગ્ય પામી આ૦ ચંદ્રપ્રભની નિશ્રા સ્વીકારી.[૧]

(૪) **આ૦ શીલગુણ** – તેઓ નાણાવાલગચ્છના ચૈત્યવાસી હતા. તે તથા તેમના પટ્ટધર આ૦ **દેવભદ્ર**થી ''ત્રિસ્તુતિકમત' નીકળ્યો. (જૂઓ, પૃ. ૪૨૫)

(૫) **આ૦ વિજયચંદ્ર** – તેઓ નાણાવાલગચ્છના ચૈત્યવાસી ઉપાધ્યાય હતા. આ૦ શીલગુણ તેમના મામા થતા હતા. તેમણે તેમની સાથે જ પૂર્ણિમા પક્ષ સ્વીકાર્યો અને સં. ૧૧૬૯માં વિધિપક્ષ તથા સં. ૧૨૧૩ (૧૨૧૪)માં અંચલગચ્છ પ્રકટ કર્યો.[૨] (જૂઓ, પ્રક. ૪૦, પૃ. ૪૦૧)

પૂનમિયાગચ્છ પટ્ટાવલી પહેલી

૪૦. **આ૦ ચંદ્રપ્રભસૂરિ** – તેમણે દર્શનવિશુદ્ધિ, પ્રમેયરત્નકોશ તથા સ્તોત્રો વગેરે રચ્યાં.

૪૧. **આ૦ ધર્મઘોષસૂરિ** – તેઓ ચૈત્યવાસી હતા. ૫૦૦ દેરાસરની આવક, વહીવટ તેમજ ૩ લાખ દ્રવ્યની રકમ છોડી દઈ સાધુ થયા. તેમણે પચાસ વર્ષ સુધી એકાંતર ઉપવાસ કર્યા અને પારણામાં પણ માત્ર કાંજી અને ખીચ લેતા હતા. તેઓ વિદ્વાન હતા. નિઃસ્પૃહ–ત્યાગી હતા. તેમને **રાજા સિદ્ધરાજ** બહુ માનતો હતો. તેમણે 'શબ્દસિદ્ધિ' તથા 'મહરિસીકુલયં' (ઋષિમંડલ) રચ્યાં છે. આ૦ યશોઘોષના શિષ્ય આ૦ **હેમપ્રભ** 'પ્રશ્નોત્તરરત્નમાલા-વૃત્તિ' (સં. ૧૨૪૩) માં લખે છે કે–

૧-૨. આ૦ વિજયસિંહ અને આ૦ વિજયચંદ્ર એક જ સંભવે છે. તેમ આ૦ દેવપ્રભ અને આ૦ દેવભદ્ર (સં. ૧૨૨૪) પણ એક જ હોવાનો સંભવ છે.

जज्ञे श्रीजयसिंहभूपतिनतः श्रीधर्मघोषप्रभुः ॥ .....निर्ग्रन्थचूडामणिः ॥

તેમની પાટે થયેલા આચાર્યોના નામો નીચે મુજબ મળે છે–

(૧) **આ૦ ચક્રેશ્વરસૂરિ** – તેઓ ચૈત્યવાસી આ૦ વર્ધમાનના શિષ્ય હતા. મઠાધીશ હતા. પરમશાંત હતા. તેમણે આ૦ ચંદ્રપ્રભની નિશ્રા સ્વીકારી હતી. તેમના ઉપદેશથી ૪૧૫ રજપૂતો જૈન બન્યા હતા. તેમણે આ૦ ચંદ્રપ્રભની 'દર્શનવિશુદ્ધિ' પર ટીકા બનાવવાની શરૂઆત કરી હતી પણ તે ટીકા અધૂરી રહી છે (જૈન સત્યપ્રકાશ, વર્ષ ૭, પૃ. ૧૫૫). વળી, તેમણે 'વર્ધમાન-વિદ્યાસ્તવ' ગા. ૧૨, સાર્ધશતકની પ્રાકૃત વૃત્તિ, શતક-બૃહદ્‌ભાષ્ય ગ્રં. ૧૪૧૩, પૌષધવિધિ પ્રકરણ ગા. ૯૨, સિદ્ધાંતસારોદ્ધાર ગા. ૧૧૩, પદાર્થસ્થાપનસંગ્રહ ગા. ૧૧૯, ઉપધાનપૌષધપ્રકરણ, સૂક્ષ્માર્થસપ્તતિ ગા. ૭૫, ચરણકરણસપ્તતિ ગા. ૫૫, સભાપંચક ગા. ૪૩, સૂક્ષ્માર્થટિપ્પન વગેરે ગ્રંથો બનાવ્યા હતા.

તેમની પરંપરામાં અનુક્રમે ૪૩. શિવપ્રભ, ૪૪. આ૦ **તિલકપ્રભ**, ૪૫. આ૦ પદ્મપ્રભ થયા હતા.

આ૦ તિલકપ્રભે સં. ૧૨૬૧માં પ્રત્યેકબુદ્ધચરિત્ર, પૌષધપ્રાયશ્ચિત્ત સામાચારી, ચૈત્યવંદન-ગુરુવંદન પ્રત્યાખ્યાન લઘુવૃત્તિ, શ્રાવક-પ્રતિક્રમણસૂત્ર-વૃત્તિ, સાધુ-પ્રતિક્રમણ-વૃત્તિ, શ્રાવક પ્રાયશ્ચિત્ત સામાચારી, સં. ૧૨૭૪માં જીતકલ્પવૃત્તિ, સં. ૧૩૦૪માં દસવેયાલિયસુત્ત-ટીકા, સં. ૧૨૭૭માં દર્શનશુદ્ધિની સંપૂર્ણ ટીકા, સં. ૧૨૯૬માં આવસ્સય-લઘુવૃત્તિ (ગ્રં. ૧૨૩૨૫), સં. ૧૩૦૪માં સામાચારી, પ્રતિક્રમણવૃત્તિ, પાક્ષિકસૂત્ર-અવચૂરિ, પાક્ષિક-ખામણા-અવચૂરિ વગેરે રચ્યાં છે.

આ૦ **પદ્મપ્રભે** ગુરુદેવને 'આવસ્સય-લઘુવૃત્તિ' રચવામાં સહાય કરી હતી, અને પં૦ યશસ્તિલકે તેની પ્રથમ નકલ લખી હતી.

(૨) આ૦ **વર્ધમાનસૂરિ** – તેમની પાટે આ૦ ધર્મઘોષના શિષ્ય આ૦ અભયદેવસૂરિ-અભયઘોષસૂરિ થયા અને આ૦ અભયદેવની પાટે **યશશ્ચંદ્ર** થયા. હુંબડ શ્રાવક **ઈલાકે** તેમને સં. ૧૧૯૨માં આવસ્સયસુત્ત વહોરાવ્યું.

(જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ પ્ર. ૯; પ્રક. ૩૫, પૃ. ૮)

આ૦ અભયઘોષના શિષ્ય પં૦ **વિદ્યાકુમાર**ના ઉપદેશથી પાટડીના રાણા સૂરાકના લઘુબંધુ શાંતિપદેવના પુત્ર વિજયપાલ ઝાલાની પત્ની **નીતલ્લદેવીએ પાટડી**માં ભ૦ પાર્શ્વનાથનું ચૈત્ય કરાવ્યું, પોષાળ કરાવી અને યોગશાસ્ત્રના પ્રસ્તાવ ૨ ની (ગ્રં. ૩૩૦૦) પ્રતિ લખાવી. તેને રાણા પદ્મસિંહ નામે પુત્ર, રૂપલાદેવી નામની પુત્રી અને રાણો **દુર્જનશલ્ય** ઝાલો જમાઈ હતો. (પ્રક. ૪૩, પૃ. ૫૬૯)

(જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્ર. ૮૯, પાટણ
ભંડારગ્રંથસૂચી, શંખેશ્વર મહાતીર્થ)

(૩) આ૦ **યશોઘોષસૂરિ** – તેમના શિષ્ય આ૦ **હેમપ્રભે** સં. ૧૨૪૩માં મંત્રી હરિપાલની વિનતિથી આ૦ વિમલસૂરિની 'પ્રશ્નોત્તર-રત્નમાલા'ની વૃત્તિ રચી.

(૪) પં૦ **વિમલગણિ** – તેમણે દર્શનવિશુદ્ધિની નાની ટીકા રચી. તેમના શિષ્ય આ૦ દેવપ્રભસૂરિ હતા.

૪૨. આ૦ **દેવભદ્રસૂરિ** – તેઓ પં૦ વિમલગણિના શિષ્ય હતા. તેઓ આ૦ ધર્મઘોષસૂરિની પાટે બેઠા. તેમણે સં. ૧૨૨૪માં 'દર્શનવિશુદ્ધિ'ની લઘુવૃત્તિ ઉપર વિવરણ રચ્યું, જેમાં તેમના શિષ્ય **શાંતિપ્રભે** સહાય કરી હતી, અને મુનિભદ્રે તેનો પ્રથમ આદર્શ લખ્યો હતો.

આ૦ ચંદ્રપ્રભની પરંપરામાં આ૦ દેવપ્રભ, આ૦ તિલકપ્રભ, આ૦ અજિતપ્રભ થયા હતા. આ૦ અજિતપ્રભે સં. ૧૩૦૭માં 'શાંતિનાથ ચરિત્ર' રચ્યું.

(–જૈન સત્યપ્રકાશ, ક્રમાંક : ૧૦૬)

૪૩. આ૦ **જિનદત્ત**.

૪૪. આ૦ **શાંતિભદ્રસૂરિ** – તેઓ આ૦ દેવભદ્રના શિષ્ય હતા. બહુ ગુણવાન હતા. તેમનું બીજું નામ આ૦ **શાંતિપ્રભ** પણ મળે છે. તેમણે પોતાના ગુરુદેવને 'દર્શનવિશુદ્ધિ-વિવરણ' રચવામાં સહાય કરી હતી.

૪૫. આ૦ ભુવનતિલક.

૪૬. આ૦ રત્નપ્રભસૂરિ – તેઓ આગમના વેત્તા હતા.

૪૭. આ૦ **હેમતિલકસૂરિ** – તેમણે કચ્છના કંથકોટમાં ગોધન યક્ષને પ્રતિબોધી સન્માર્ગમાં સ્થાપન કર્યો. **રાવ સમરસિંહ** (રાવ સુમરો)ને પ્રતિબોધ કર્યો.

૪૮. આ૦ હેમરત્ન – સં. ૧૩૮૬. આ સમયે આ૦ ગુણચંદ્રપટ્ટે આ૦ ગુણપ્રભ, તેમની પાટે આ૦ ગુણભદ્રસૂરિ થયા. સં. ૧૪૨૭.

૪૯. આ૦ હેમપ્રભ.

૫૦. આ૦ રત્નશેખરસૂરિ – તે મોટા વાદી હતા. હમેશાં અભ્યુદય પામતા હતા. સદા પ્રસન્ન રહેતા. સં. ૧૪૩૨.

૫૧. આ૦ રત્નસાગર.

૫૨. આ૦ ગુણસાગર – સં. ૧૪૮૩.

૫૩. ભ૦ ગુણસમુદ્રસૂરિ – સં. ૧૪૯૨ થી ૧૫૧૨. તેઓ કલિયુગના કલ્પતરુ હતા. તેમણે સં. ૧૪૭૫માં જિનદત્તકથા' રચી.

૫૪. આ૦ ગુણસુંદર – સં ૧૫૦૬. તેમના બીજા પટ્ટધર આ૦ ગુણધીર સં. ૧૫૨૪ વૈશાખ સુદિ ૨ ને રવિવારે થયા. ગુણસમુદ્રશિષ્ય પં૦ **સત્યરાજે** સં. ૧૫૧૪માં 'શ્રીપાલચરિત્ર' (શ્લોક ૪૯૮) રચ્યું.

૫૫. ભ૦ **સુમતિપ્રભ** (ભ૦ સિંહપ્રભસૂરિ).

૫૬. ભ૦ **પુણ્યરત્ન** – સં. ૧૫૧૫ થી ૧૫૬૦. તેઓ ભ૦ સુમતિપ્રભના નાના ભાઈ હતા. તેઓ બચપણમાં જ ગચ્છનાયક બન્યા હતા. તેમને પં૦ જયસિંહ નામે શિષ્ય હતા.

૫૭. ભ૦ **સુમતિરત્ન** – સં. ૧૫૬૧ થી ૧૫૮૭. તેઓ મંત્રી મુધાગર શ્રીમાલી અને તેમની પત્ની મહં. જયવીરાના પુત્ર હતા. રૂપાળા, લક્ષણવંત અને ભાગ્યશાળી હતા. તેમનો સં. ૧૫૨૮માં જન્મ, સં. ૧૫૩૫માં દીક્ષા અને સં. ૧૫૪૩ના વૈશાખ સુદિ ૫ ને ગુરુવારે માંડવગઢમાં ગુરુજીના હાથે તેમને ભટ્ટારકપદવી અપાઈ હતી. તેમની વાણી અમીમય હતી. તેમણે સં. ૧૫૬૫ના મહા સુદિ ૫ ને ગુરુવારે ભ૦ ચંદ્રપ્રભસ્વામીની પંચતીર્થીની પ્રતિષ્ઠા કરાવી. (–ભાંદક તીર્થના લેખો)

૫૮. પં૦ **ઉદયસમુદ્ર** – તેમણે સં. ૧૫૮૦માં પૂર્ણિમાગચ્છ ગુર્વાવલી કડી : ૧૮, ગુરુસ્તુતિ કડી : ૨૨, અને કલશ-છપ્પય-૧ રચ્યાં છે.

(જૈનયુગ, પુ. ૫, અંક-૪-૫, સં. ૧૯૮૬ માગ. પોષ, પૃ. ૧૬૭ થી ૧૭૦; ગચ્છમતપ્રબંધ, પૃ. ૫૮; પટ્ટાવલી સમુચ્ચય ભા. ૨, પૃ. ૧૪૫ થી ૧૪૮.)

પૂનમિયાગચ્છ પટ્ટાવલી બીજી

૪૦. આ૦ ચંદ્રપ્રભ (સં. ૧૧૪૯). ૪૧. આ૦ ધર્મઘોષ.

૪૧. આ૦ ભદ્રેશ્વર – તેમના બીજા પટ્ટધર આ૦ શ્રીપ્રભથી 'કચ્છુલીગચ્છ' નીકળ્યો.

૪૨. આ૦ મુનિપ્રભ (આ૦ મુનીશ્વર). ૪૩. આ૦ સર્વદેવ.
૪૪. આ૦ સોમપ્રભ. ૪૫. આ૦ રત્નપ્રભ.
૪૬. આ૦ ચંદ્રસિંહ. ૪૭. આ૦ દેવસિંહ.
૪૮. આ૦ પદ્મતિલક. ૪૯. આ૦ શ્રીતિલક.
૫૦. આ૦ દેવચંદ્ર. ૫૧. આ૦ પદ્મપ્રભ.

૫૨. **આ૦ દેવાનંદ** – તેઓ આ૦ પદ્મપ્રભના શિષ્ય હતા. તેમનું બીજું નામ દેવમૂર્તિ હોવાનું પણ જણાય છે. તેમણે શક સં. ૧૩૨૦ (સં. ૧૪૫૫)માં 'ક્ષેત્રસમાસ' અને તેની સ્વોપજ્ઞ વૃત્તિ રચી.

૫૩. આ૦ અભયચંદ્ર.

૫૪. આ૦ રામચંદ્ર – તેમણે સં. ૧૪૯૦ના મહા સુદિ ૧૪ના રોજ ડભોઈમાં 'વિક્રમચરિત્ર'ની ૩૨ કથા રચી, 'પંચદંડાતપત્રછત્ર પ્રબંધકથા' (ગ્રં. ૨૨૫૦) રચી.

પૂનમિયાગચ્છ પટ્ટાવલી (ભીમપલ્લી શાખા) ત્રીજી

૪૦. આ૦ ચંદ્રપ્રભ. ૪૧. આ૦ ધર્મઘોષ. ૪૨. આ૦ સુમતિભદ્ર.

૪૩. આ૦ જયચંદ્ર – સં. ૧૫૦૩ થી ૧૫૧૬.

૪૪. આ૦ ભાવચંદ્ર – તેમણે સં. ૧૫૩૫માં 'ગદ્ય-શાંતિનાથચરિત્ર' (ગ્રં. ૭૦૦૦) રચ્યું.

૪૫. આ૦ ચારિત્રચંદ્ર – સં. ૧૫૩૬નો પ્રતિમાલેખ મળે છે.

૪૬. આ૦ મુનિચંદ્ર – સં. ૧૫૭૮નો પ્રતિમાલેખ મળે છે.

૪૭. પં૦ વિદ્યારત્ન – તેમનું બીજું નામ આ૦ વિદ્યાપ્રભ પણ મળે છે. તેમણે સં. ૧૫૫૭ (સં. ૧૫૭૮)માં અમદાવાદમાં સંસ્કૃતમાં 'કુર્માપુત્રચરિત્ર' રચ્યું, જેનું પં૦ હર્ષકુલ ગણિએ સંશોધન કર્યું હતું. પં૦ વિદ્યારત્નના ગુરુભાઈ પં૦ જયરાજે સં. ૧૫૫૩માં 'મત્સ્યોદરરાસ' રચ્યો. ૪૬મા આ૦ મુનિચંદ્રની પાટે આ૦ વિનયચંદ્ર થયા. તેમનો સં. ૧૫૯૮નો પ્રતિમાલેખ મળે છે.

આ પટ્ટાવલી પૂર્ણિમાગચ્છની ભીમપલ્લીશાખાની છે. ૪૭મા આ૦ વિદ્યાપ્રભની પાટે સં. ૧૬૫૪ મહા વ. ૧ ના આ૦ લલિતપ્રભ હતા.

પૂર્ણિમા પક્ષના કેટલાએક આચાર્યો –

આ૦ ભદ્રેશ્વરની પરંપરામાં આ૦ પરમદેવ. (જૂઓ, પ્રક. ૪૦, પૃ. ૩૯૨)

આ૦ કમલપ્રભે સં. ૧૩૭૨માં 'પુંડરીકચરિત્ર' રચ્યું.

આ૦ સોમતિલક સં. ૧૪૬૧.

આ૦ મુનિતિલકે સં. ૧૪૭૩માં અંજનશલાકા કરાવી.

(–અર્બુદાચલ પ્રાચીન લેખસંદોહ, લે. ૬૧૨)

આ૦ પાસચંદે સં. ૧૪૭૪માં અંજનશલાકા કરાવી.

(અર્બુદ૦ લેખાંક : ૬૧૩)

આ૦ ભદ્રેશ્વરના સંતાનીય ભ૦ સર્વાનંદસૂરિ. (જૂઓ, પૃ. ૩૯૨-૩૯૩)

યતિ ગુણસાગર, યતિ યશોવર્ધન સં. ૧૫૨૧ થી ૧૫૪૦.

આ૦ મુનિશેખરની પાટે આ૦ સાધુરત્ન સં. ૧૫૦૩ ના જેઠ સુદિ ૭ ને સોમવાર.

આ૦ મલયપ્રભના પટ્ટધર આ૦ ભુવનપ્રભે સં. ૧૫૩૩માં અંજનશલાકા કરાવી, જે પ્રતિમાઓ આજે પાટણ પાસેના રૂપપરના દેરાસરમાં વિદ્યમાન છે.

પૂનમિયાગચ્છમાં અનુક્રમે આ૦ વિવેકસિંહ, આ૦ રામચંદ્ર, આ૦ ધીરસિંહ, આ૦ અભયસિંહ થયા છે. તેમના ઉપદેશથી રોહેલાના સામંત શ્રીમાલીએ સં. ૧૫૩૭માં ત્રિ.શ.પુ.ચ.નું ભ૦ 'નેમિનાથચરિત્ર' લખાવ્યું.

આ૦ ધર્મશેખરના પટ્ટધર આ૦ વિશાલરાજ સં. ૧૫૩૦માં થયા.

(જૈન સત્યપ્રકાશ, ક્રમાંક : ૨૫૬)

આ૦ મહિમાપ્રભશિષ્ય ભ૦ ભાવરત્નસૂરિએ સં. ૧૭૫૬માં ઝાંઝરિયા મુનિ સજ્ઝાય, સં. ૧૭૬૯માં રૂપપરમાં 'હરિબલમાછીરાસ', સં. ૧૭૭૦ના કાર્તિક સુદિ ૬ બુધવારે ચાણસમામાં 'ભટેવા પાર્શ્વનાથ ઉત્પત્તિ સ્તવન', સં. ૧૭૯૭માં પાટણમાં 'સુભદ્રાસતીરાસ', સં. ૧૭૯૯માં પાટણમાં 'બુદ્ધિ-વિમલાસતી રાસ', સં. ૧૮૦૦માં અંબડરાસ, નવવાડ સજ્ઝાય, આષાઢાભૂતિસ્તવન, સ્તુતિ વગેરે રચ્યાં છે.

ભ૦ મહિમાપ્રભના પટ્ટધર **આ૦ ભાવપ્રભે** સં. ૧૭૭૪ના જેઠ સુદિ ૮ ને સોમવારે પિત્તલનું ત્રિગડું રચાવ્યું, જે આજે પાટણના નગરશેઠના ઘરમાં છે. તેમણે મહો૦ યશોવિજયજીના 'પ્રતિમાશતક' પર સં. ૧૭૯૩ના મહા સુદિ ૮ ને ગુરુવારે ટીકા રચી છે. 'ઊઠી સવારે'વાળી અધ્યાત્મસ્તુતિ પણ તેમની રચના છે. તેમનો સં. ૧૭૬૮નો પ્રતિમાલેખ મળે છે.

પૂનમિયાગચ્છની પ્રધાન, ભીમપલ્લીય, ભરુચા, છાપરિયા અને ચતુર્થશાખા એમ વિવિધ શાખાઓના પ્રતિમાલેખો મળે છે.

પૂનમિયાગચ્છના ગોત્રો – ૧ સાંઢ, ૨ સિયાલ, ૩ સાલેચા, ૪ પૂનમિયા, ૫ મેઘાણી, ૬ ધનેરા વગેરે. (–પૂનમિયાગચ્છના મહાત્માની વહીના આધારે)

અંચલગચ્છ

પાછલાં ૮૦૦ વર્ષોમાં વડગચ્છ, દેવાચાર્યગચ્છ, તપગચ્છ, અંચલગચ્છ અને ખરતરગચ્છમાં અનેક પ્રભાવક મુનિવરો થયા છે. અંચલગચ્છે પણ જૈનધર્મના સંરક્ષણ અને સંવર્ધનમાં કીમતી ફાળો આપ્યો છે. આ૦ મેરુતુંગસૂરિએ સં. ૧૪૩૮માં અંચલગચ્છની સંસ્કૃત પટ્ટાવલી રચી છે. તેના આધારે બીજી પટ્ટાવલીઓ તથા જુદી જુદી અનુપૂર્તિઓનો વધારો થયો છે. મુનિ શ્રીધર્મસાગરજીએ સં. ૧૯૮૪માં તે પટ્ટાવલીઓ, અનુપૂર્તિઓ, શિલાલેખો, વહીવંચાની વહીઓ વગેરેના આધારે ગુજરાતીમાં અંચલગચ્છની મોટી પટ્ટાવલી લખી છે, જેમાં અંચલગચ્છીય આચાર્યો, પ્રભાવકો અને તત્કાલીન ઘટનાઓનો સંગ્રહ કર્યો છે. આ૦ ભાવસાગરે સં. ૧૫૮૦માં સંસ્કૃત પટ્ટાવલી બનાવી છે.

અંચલગચ્છની મોટી પટ્ટાવલીમાં શંખેશ્વરગચ્છ અને વડગચ્છ એમ બે ગચ્છોની પરંપરા જોડાયેલી છે, તેમાંથી શંખેશ્વરગચ્છની પટ્ટાવલી નીચે મુજબ તારવી શકાય છે. આ પટ્ટાવલીમાં વહીવંચા સંવત (ભાટસંવત) વપરાય છે.

શંખેશ્વરગચ્છ પટ્ટાવલી – નાણાવાલગચ્છ પટ્ટાવલી

(૧) **આ૦ ઉદ્દ્યોતનસૂરિ** – તેઓ શંખેશ્વરગચ્છના આચાર્ય હતા. તેઓ વિ. સં. ૭૨૩માં વિદ્યમાન હતા.

અંચલગચ્છની પટ્ટાવલીમાં તેમને સં. ૭૦૦માં થયેલ **આ૦ રવિપ્રભ**ની પરંપરાના ચોથા પટ્ટધર બતાવ્યા છે, તેમને **વડગચ્છના સ્થાપક** દર્શાવ્યા છે અને સંવત્ ૭૨૩ નો બતાવ્યો છે, એ વાત બરાબર નથી. આ આચાર્ય શંખેશ્વરગચ્છના ચૈત્યવાસી હતા જ્યારે વડગચ્છના આચાર્ય **વિહરુક** શાખાના સંવેગી આચાર્ય હતા, જેઓ સં. ૯૯૫ માં થયા હતા એટલે એ બંને આચાર્યો જુદા જુદા હતા.[૧] આ આચાર્યની પરંપરામાં થયેલા શંખેશ્વર, લોહિયાણા, નાણા, નાડોલ, વલભી વગેરે ગચ્છના આચાર્યોના મઠો સંભવતઃ ચંદ્રાવતીમાં હતા.

વટેશ્વરગચ્છના દાક્ષિણ્યચિહ્ન આ૦ ઉદ્દ્યોતનસૂરિ વિ.સં. ૮૩૫માં થયા, તે પણ ઉપર્યુક્ત આચાર્યોથી ભિન્ન હતા.[૨] (પ્રક. ૨૭, પૃ. ૩૭૩)

(૨) **આ૦ સર્વદેવસૂરિ** – તેમના ઉપદેશથી લોહિયાણાનો રાજા **વિજયવંત** જૈનધર્મી અને દ્રઢ વ્રતધારી બન્યો હતો. તેણે લોહિયાણામાં જિનાલય અને પોષાળ બંધાવ્યાં. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૧૦૯ : ૨. ચૌલુક્ય રાજાવલી)

આ૦ સર્વદેવસૂરિ સં. ૭૪૫માં સ્વર્ગવાસ પામ્યા. વડગચ્છના મુખ્ય **આ૦ સર્વદેવસૂરિ** ઉપર્યુક્ત સર્વદેવાચાર્યથી જુદા આચાર્ય હતા. તેઓ સં. ૧૦૧૦માં વિદ્યમાન હતા. તેમના પ્રપટ્ટધર અને આ૦ દેવસૂરિના પટ્ટધર **આ૦ સર્વદેવસૂરિ** સં. ૧૦૩૭માં સ્વર્ગસ્થ થયા. (પ્રક. ૩૬ તથા પ્રક. ૩૮)

(૩) આ૦ પદ્મદેવસૂરિ – તેઓ વાદી હતા. તેમણે સાંખ્ય વાદીઓને હરાવ્યા હતા, તેથી તેઓ સાંખ્યસૂરિના નામથી પણ ખ્યાત હતા.

(૪) **આ૦ ઉદયપ્રભસૂરિ** – તેઓ સં. ૭૭૨ માં આ૦ પદ્મદેવની પાટે આવ્યા. તેઓ સમર્થ પ્રભાવક હતા. લોહિયાણાનો રાજા ભાણજી સોલંકી (સં. ૭૬૪) આ૦ ઉદયપ્રભસૂરિ અને આ૦ સોમપ્રભસૂરિનો ભક્ત હતો. સોમપ્રભસૂરિનો તે ભત્રીજો હતો. આ૦ સોમપ્રભસૂરિના ઉપદેશથી તેણે શત્રુંજય અને ગિરનારનો સંઘ કાઢ્યો હતો અને આ૦ ઉદયપ્રભસૂરિ પાસે તેણે અને રાણી રત્નાવતીએ સં. ૭૯૫માં ૧૨ વ્રત અંગીકાર કર્યાં હતાં. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૧૦૯)

આ સમયમાં કુલગુરુની વ્યવસ્થામાં ગડબડ થવાથી તત્કાલીન ચૈત્યવાસી આચાર્યોએ મળીને કુલગુરુની મર્યાદા બાંધી અને વંશાવલીઓ લખવાની શરૂઆત કરી. એ સમયથી **વહીવંચા**નો આરંભ થયો. ઇતિહાસ કહે છે કે, વિ. સં. ૪૭૨થી વહીવંચાનો આરંભ થયો છે. ત્યારથી વહીવંચા સંવત્ કે ભાટ સંવતો હોવાનું લેખી શકાય.

૧-૨. કોઈ કોઈ ગ્રંથકાર ભ્રમથી ગુપ્ત સંવત્, ભાટ સંવત્, શક સંવત્ અને વિક્રમ સંવત્ને એક માની લે છે. તેમજ વટેશ્વરગચ્છને અને વડગચ્છને પણ એક માની લે છે. અહીં પણ તેમ બન્યું હોય તો નવાઈ નહીં.

ધર્મપ્રચાર :

આ૦ ઉદયપ્રભે ભિન્નમાલના શ્રીમાલી તથા પોરવાડનાં સેંકડો કુટુંબોને પ્રતિબોધી જૈન બનાવ્યા.

તેઓ સં. ૮૩૨ માં અનશન સ્વીકારી નાડોલમાં સ્વર્ગે ગયા. તેમની પાટે બે આચાર્યો થયા. (૧) પ્રભાનંદસૂરિ અને (૨) વલ્લભસૂરિ. પ્રભાનંદસૂરિથી **'નાણાવલ્લગચ્છ'** નીકળ્યો અને વલ્લભસૂરિથી **'વલ્લભીગચ્છ'** નીકળ્યો, જેનું બીજું નામ 'નાડોલગચ્છ' હતું. તેનો સમય સં. ૮૩૨ ગણાય.

(૫) આ૦ **પ્રભાનંદસૂરિ** – તેમણે નાણાના રાજા શત્રુશલ્યને ઉપદેશ આપી જૈન બનાવ્યો. તેમના ઉપદેશથી શત્રુશલ્યે શત્રુંજયનો સંઘ કાઢ્યો. સાધર્મિકોને સોનામહોરની લહાણી કરી, ધર્મની પ્રભાવના કરી. આ૦ પ્રભાનંદ સં. ૮૮૦માં પ્રભાસપાટણમાં સ્વર્ગે ગયા. 'વીરવંશાવલી'માં આ આચાર્યનું નામ આપ્યું નથી. આ આચાર્યથી 'નાણાવાલગચ્છ' નીકળ્યો.

(૬) **આ૦ ધર્મચંદ્રસૂરિ** – તેઓ સં. ૮૮૦માં આચાર્ય થયા.

(૭) આ૦ સુવિનયચંદ્રસૂરિ – તેઓ સં. ૯૨૨માં આચાર્ય થયા.

(૮) આ૦ ગુણસમુદ્રસૂરિ – તેઓ સં. ૯૫૭માં આચાર્ય થયા.

(૯) આ૦ વિજયપ્રભસૂરિ – તેઓ સં. ૯૯૫માં આચાર્ય થયા.

(૧૦) આ૦ નરચંદ્રસૂરિ – તેઓ સં. ૧૦૧૩માં આચાર્ય થયા.

(૧૧) આ૦ વીરચંદ્રસૂરિ – તેઓ સં. ૧૦૭૧માં આચાર્ય થયા.

આ સમયે વલ્લભીશાખાના આ૦ સોમપ્રભસૂરિ હતા. તે બંને આચાર્યો એક સાથે પાલનપુરમાં ચોમાસુ રહ્યા. બંને પાલખીમાં બેસતા હતા. તેમના યતિઓમાં શિથિલાચાર વધી રહ્યો હતો. આ૦ વીરચંદ્ર સં. ૧૧૩૩માં વઢવાણમાં સ્વર્ગસ્થ થયા. (જૂઓ, પ્રક. ૪૦, પૃ. ૪૦૨)

આ અરસામાં જ **મહમ્મુદ ઘોરીએ** ભિન્નમાલ ભાંગ્યું.

(૧૨) આ૦ જયસિંહ – તેઓ ઉપા૦ યશોદેવના શિષ્ય હતા. આ૦ વીરચંદ્ર કાલધર્મ પામતાં ગચ્છના આચાર્યોએ તેમને સં. ૧૧૩૩માં સૂરિપદે સ્થાપન કર્યા અને તેમણે નવ શિષ્યોને ચંદ્રાવતીમાં આચાર્યપદવી આપી.

(–શતપદી પદ : ૧૦૮)

ઉપાધ્યાય વિજયચંદ્ર તેમના શિષ્ય હતા.

આ૦ જયસિંહના ગુરુભાઈ **ઉપાધ્યાય મુનિતિલકે** પાટણમાં પોતાના ધનાઢ્ય કાકાની મદદથી સ્વયં આચાર્યપદ લીધું, જેનાથી **'તિલકશાખા'** નીકળી. આ૦ જયસિંહ ઘણા શિથિલ હતા. તેઓ સં. ૧૧૬૯માં વઢવાણમાં સ્વર્ગે સંચર્યા.

આચાર્યશ્રીના નાના ભાઈ તેમના શિષ્ય હતા, જેમનું નામ **મુનિ રાજચંદ્ર** હતું. તે પરકાયપ્રવેશિની વિદ્યાના જાણકાર હતા.

(૧૩) **આ૦ વિજયચંદ્ર** – તેઓ આ૦ જયસિંહના શિષ્ય હતા. ઉપાધ્યાયપદે હતા. તેઓ પ્રથમ આચાર્ય થયા નહોતા. આ૦ યશોભદ્ર–આ૦ નેમિચંદ્રસૂરિ (પ્રક. ૩૯)ના **આ૦ શીલગુણસૂરિ** ઉપા૦ વિજયચંદ્રના મામા થાય. આ૦ શીલગુણસૂરિએ આ૦ ચંદ્રપ્રભની સાથે પૂનમિયાગચ્છ આદર્યો. ઉપા૦ વિજયચંદ્રે પણ સં. ૧૧૬૯માં મામાના ગચ્છની નિશ્રાએ ક્રિયોદ્ધાર કરી **'વિધિમાર્ગ પક્ષ'**ની સ્થાપના કરી. તેઓ જ **અંચલગચ્છ**ના પ્રથમ આ૦ **આર્યરક્ષિતસૂરિ** હતા. શંખેશ્વરગચ્છ, નાણાવાલગચ્છ તથા વલ્લભીગચ્છ તે સમયથી અંચલગચ્છમાં જોડાઈ ગયા. (–શતપદી પદ : ૧૦૮)

આ૦ ભાવસાગરે પ્રાકૃત 'વીરવંશાવલી'માં (૩૫) આ૦ ઉદ્દ્યોતનસૂરિ, (૩૬) આ૦ સર્વદેવસૂરિ, (૩૭) આ૦ પદ્મદેવ, (૩૮) આ૦ ઉદયપ્રભ, (૩૯) આ૦ પ્રભાનંદ, (૪૦) આ૦ ધર્મચંદ્ર, (૪૧) આ૦ સુવિનયચંદ્ર, (૪૨) આ૦ ગુણસમુદ્ર, (૪૩) આ૦ વિજયપ્રભ, (૪૪) આ૦ નરચંદ્ર, (૪૫) આ૦ વીરચંદ્ર, (૪૬) આ૦ મુનિતિલક, (૪૭) આ૦ જયસિંહ, (૪૮) આ૦ આર્યરક્ષિત - આ રીતે નાણાવાલગચ્છની પરંપરા અનુસારે પટ્ટાનુક્રમ આપ્યો છે. (ગાથા : ૩૨ થી ૩૬)

વલ્લભીગચ્છ-નાડોલગચ્છ પટ્ટાવલી

૧. આ૦ ઉદ્દ્યોતનસૂરિ – શંખેશ્વરગચ્છના પ્રથમ આચાર્ય, સં. ૭૨૪.

૨. આ૦ સર્વદેવસૂરિ – સ્વ. સં. ૭૪૫.

૩. આ૦ પદ્મદેવ. ૪. આ૦ ઉદયપ્રભ – સ્વ. સં. ૮૩૨.

૫. આ૦ વલ્લભસૂરિ – તેમને નાડોલમાં સં. ૮૩૨માં આ૦ ઉદયપ્રભસૂરિએ આચાર્યપદ આપ્યું. આ આચાર્ય નાડોલગચ્છના પ્રથમ આચાર્ય હતા. આ સમયે નાણાવાલગચ્છ અને નાડોલગચ્છ (વલ્લભીગચ્છ) એમ બે વિભાગ પડ્યા.

૬. આ૦ ધર્મચંદ્ર – તેઓ સં. ૮૩૭માં આચાર્ય થયા. પાટણના રાજવી વજરાજ ચાવડાના મંત્રી **લહીર** (કે તેના પૂર્વજ શેઠ **નીના**) પોરવાડે પોતાની માતાના નામથી નારંગપુર વસાવી, તેમાં આ આચાર્યશ્રીના ઉપદેશથી સં. ૮૩૬માં ભ૦ પાર્શ્વનાથનું દેરાસર બંધાવ્યું. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૧૩૦)

૭. આ૦ ગુણચંદ્ર – તેમને સં. ૮૬૯માં આચાર્યપદવી મળી.

૮. આ૦ દેવચંદ્ર – તેમને સં. ૮૯૯માં આચાર્યપદવી મળી.

૯. ભ૦ સુમતિચંદ્ર – તેમને સં. ૯૨૫માં આચાર્યપદ મળ્યું.

૧૦. ભ૦ હરિચંદ્ર – તેમને સં. ૯૫૪માં આચાર્યપદ મળ્યું.

૧૧. ભ૦ રત્નસિંહ – તેઓ સં. ૯૭૦માં આચાર્ય થયા. તેમણે સં. ૧૦૦૫માં રણથંભોર પાસેના આછબુ ગામમાં ડીડૂગોત્રના શેઠ ધાંધલને જૈન બનાવી, કાંટિયાગોત્ર સ્થાપ્યું. તે ગોત્રની લીંબડિયા, સોની અને ઝવેરી શાખાઓ થઈ. (અંચલગચ્છ પટ્ટાવલી, પૃ. ૨૦૪)

૧૨. ભ૦ જયપ્રભ – તેઓ સં. ૧૦૦૫માં આચાર્ય થયા. તેમણે સં. ૧૦૦૭માં ભિન્નમાલના રાવત સોમકરણ પરમારને તથા તેના પરિવારને જૈન બનાવી વડેરાગોત્ર સ્થાપ્યું. સં. ૧૩૩૫ના વૈશાખ સુદિ ૫ ના રોજથી વડેરા-ગોત્રથી લઘુશાખા નીકળી.

૧૩. **ભ૦ સોમપ્રભ** – તેઓ સં. ૧૦૫૧માં આચાર્ય થયા. નાણાવાલ-ગચ્છના આ૦ વીરચંદ્ર સાથે પાલનપુરમાં ચતુર્માસ રહ્યા ત્યારથી તેઓ બંનેએ પાલખીમાં બેસવાનું શરૂ કર્યું. તેઓ 'મહાત્મા' બન્યા. મંત્રી વિમલશાહે આબૂ ઉપર બંધાવેલા વિમલવસહી જિનાલયની સં. ૧૦૮૮માં તેમણે પ્રતિષ્ઠા કરી.

૧૪. ભ૦ સુરપ્રભ – તેઓ સં. ૧૦૯૪માં આચાર્ય થયા.

૧૫. ભ૦ ક્ષેમપ્રભ – તેઓ સં. ૧૧૪૫માં આચાર્ય થયા.

૧૬. ભ૦ ભાનુપ્રભ – તેઓ સં. ૧૧૭૭માં આચાર્ય થયા. આ સમયે નાણાવાલગચ્છ, નાડોલગચ્છ-વલ્લભીગચ્છ થયા. તેઓએ અંચલગચ્છની સામાચારી શરૂ કરી.

૧૭. ભ૦ પુણ્યતિલક – તેઓ સં. ૧૨૦૭માં આચાર્ય થયા. તે મહાન પ્રભાવક હતા. તેમણે સં. ૧૨૧૧માં **બેણપનગર**ના રાવ સોમિલ ડોડિયા પરમારને જૈન બનાવ્યો. ચાર લાખ પીરોજીના ખરચથી શત્રુંજયનો સંઘ કઢાવ્યો, બે લાખ પીરોજીની દાનશાલા મંડાવી. સં. ૧૨૪૪માં હથુંડીના રાવ વનવીર ચૌહાણને જૈન બનાવ્યો. ચૌહાણશાખાના ઊંડના શેઠ વનાજીથી 'લઘુ સાજનીશાખા' નીકળી. ભટ્ટારકજીના ઉપદેશથી શા. મુંજા શ્રીમાલીએ સં. ૧૨૦૨માં ભોરોલમાં દેરાસર બંધાવ્યું, વાવ બંધાવી. જુરોલીના શા૦ મુંજાએ આદિનાથનું મંદિર બંધાવ્યું. ભિન્નમાલનો શેઠ સંઘા પોરવાડ પાટણમાં આવીને વસ્યો હતો. તેના વંશજ શેઠ ખેતશી પારેખે સં. ૧૨૫૯માં પાટણમાં આ આચાર્યશ્રીના હાથે ભ૦ પાર્શ્વનાથના મંદિરમાં પ્રતિષ્ઠા કરાવી અને ખેતલવસહીની સ્થાપના કરી.

(–અંચલગચ્છ પટ્ટાવલી, પૃ. ૧૧૩)

૧૮. ભ૦ ગુણપ્રભ – તેઓ સં. ૧૨૫૯માં આચાર્ય થયા. આચાર્ય સિંહપ્રભ અને આ૦ અજિતપ્રભ એ બંને તેમના શિષ્યો હતા.

૧૯. આ૦ સિંહપ્રભ – અંચલગચ્છના આચાર્ય ધર્મઘોષના પટ્ટધર આ૦ મહેંદ્રસૂરિ સં. ૧૩૦૯માં ખંભાતમાં કાલધર્મ પામ્યા ત્યારે ખંભાતના સંઘે ગંધારથી ભ૦ ગુણપ્રભના શિષ્ય વલ્લભીગચ્છના ભ૦ સિંહપ્રભને આમંત્રણ આપી તેમની પાટે સ્થાપન કર્યા. ત્યારથી વલ્લભીગચ્છ અંચલગચ્છમાં ભળી ગયો.

આ વલ્લભીગચ્છના શાખાચાર્ય આ૦ જયચંદે સં. ૧૩૮૨માં બાડમેરમાં સમરથ નામના ક્ષત્રિયને જૈન બનાવી તેનુ મહાજન ગોત્ર સ્થાપન કર્યું.

(–અંચલગચ્છપટ્ટાવલી, પૃ. ૧૧૭-૧૧૮ અને પૃ. ૨૦૩ થી ૨૧૩)

અંચલગચ્છ પટ્ટાવલી (૧)

અંચલગચ્છની મોટી પટ્ટાવલીમાં શંખેશ્વરગચ્છ અને વડગચ્છ એમ બે ગચ્છોની પરંપરા જોડાયેલી છે. તેમાંથી અંચલગચ્છ નીકળ્યો. નાણાવાલગચ્છના આ૦ **આર્યરક્ષિતસૂરિ**એ પૂર્ણિમાગચ્છની નિશ્રામાં દીક્ષા લઈ નાણાવાલગચ્છમાં ક્રિયોદ્ધાર કર્યો અને સં. ૧૧૬૯માં વિધિપક્ષગચ્છ અને સં. ૧૨૧૩માં અંચલગચ્છની સ્થાપના કરી.

૪૦. **આ૦ ચંદ્રપ્રભસૂરિ** – તેઓ વડગચ્છના આ૦ નેમિચંદ્રસૂરિના શિષ્ય હતા. તેમણે સં. ૧૧૫૯માં પૂનમિયાગચ્છ ચલાવ્યો.

૪૧. **આ૦ આર્યરક્ષિતસૂરિ** – આબૂ પાસે દંતાણી ગામમાં શેઠ દ્રોણ પોરવાડ અને તેમની પત્ની દેદીએ સં. ૧૧૩૬માં ગુરુમહારાજના આશીર્વાદથી એક બાળકને જન્મ આપ્યો, જેનું નામ **ગોદુહકુમાર** રાખવામાં આવ્યું.

નાણાવાલગચ્છના આ૦ જયસિંહ તથા તેમના શિષ્ય યતિ રાજચંદ્ર, જેઓ પરકાયપ્રવેશિની વિદ્યાના જાણકાર હતા. તે સાધુપરિવાર સાથે વિહાર કરતા સં. ૧૧૪૧માં દંતાણી ગામમાં આવ્યા. શેઠ દ્રોણે પોતાનો ગોદુહકુમાર તેમને વહોરાવ્યો. સંઘે શેઠ દ્રોણનો અનર્ગલ ધન આપી સત્કાર કર્યો.

આચાર્યશ્રીએ ગોદુહકુમારને લઈ ખંભાત તરફ વિહાર કર્યો. ખંભાતમાં અરબસ્તાનના કરોડપતિ વેપારી સીદિકને આચાર્યશ્રીએ ભોજપત્ર ઉપર યંત્ર લખી આપ્યો હતો. તેનાથી તેને પુત્રની પ્રાપ્તિ થઈ. આથી તેણે આચાર્યશ્રીને ઘણું ભેટણું આપ્યું. સોનાની પાલખી પણ સમર્પણ કરી.

સં. ૧૧૪૬ના પોષ સુદિ ૩ ના દિવસે ખંભાતમાં જ ગોદુહને દીક્ષા આપી તેનું નામ **મુનિ આર્યરક્ષિત** રાખ્યું. ગુરુજીએ તેને વ્યાકરણ વગેરે ભણાવી શાસ્ત્રજ્ઞાન આપ્યું. યતિ રાજચંદ્રે મંત્ર-તંત્ર અને કાયપ્રવેશની વિદ્યા આપી. ગુરુએ સં. ૧૧૫૯ના મહા સુદિ ૩ ના રોજ પાટણમાં આચાર્યપદ આપ્યું. તે પછી તેઓ **આ૦ આર્યરક્ષિતસૂરિ નામથી** પ્રસિદ્ધિ પામ્યા. જ્યારે તેમણે આગમોનું મનન કરવા માંડ્યું ત્યારે તેમને જણાયુ કે, અત્યારનું સાધુજીવન શિથિલ છે. એટલે તેમણે ગુરુની આજ્ઞા મેળવી પોતાના મામા **મુનિ શીલગુણ**ની સાથે પૂનમિયાગચ્છની નિશ્રા સ્વીકારી.

સં. ૧૧૬૯ માહ સુદિ ૫ ના તેઓએ **ક્રિયોદ્ધાર** કર્યો અને ફરી દીક્ષા લઈ **ઉપા૦ વિજયચંદ્ર** નામ રાખ્યું. તેઓ વિહાર કરીને પાવાગઢ આવ્યા, ત્યાં તેમણે તપસ્યા કરી તેથી કુળદેવી તેમને સહાયક થઈ. પછી તેઓ ભાલેજ આવ્યા. ત્યાં શેઠ યશોધવલ ભણશાળી જૈન હોવા છતાં અજૈન જેવો બની ગયો હતો. તેને તેમણે ચમત્કાર બતાવી કુટુંબ સહિત જૈન બનાવ્યો.

સં. ૧૧૬૯ના વૈશાખ સુદિ ૩ના દિવસે તેમણે **ભાલેજ**માં ફરી નાણાવાલ-ગચ્છમાં ભળીને આ૦ જયસિંહસૂરિના હાથે આચાર્યપદ સ્વીકાર્યું અને ફરીથી **આ૦ આર્યરક્ષિત** નામથી ખ્યાતિ પામ્યા. તેઓ આ૦ વિજયચંદ્રના નામથી પણ ઓળખાતા હતા.

સામાચારી :

તેમણે પૂનમે પાખી, અભિવર્ધિત વર્ષમાં શ્રાવણ કે પહેલા ભાદરવામાં સંવત્સરી, ચોથી થોઈનો નિષેધ, સાધુને જિનપ્રતિષ્ઠાનો નિષેધ, શ્રાવકોને દીપપૂજા અને ફલપૂજાનો નિષેધ, મુહપત્તિનો નિષેધ, ગુરુવંદનમાં બીજા ખમાસમણાનો નિષેધ, પર્વ સિવાય પૌષધનો નિષેધ, ઉપધાનમાલારોપણનો નિષેધ, રાતે જિનપૂજા અને રાત્રે નૃત્ય પૂજાનો નિષેધ કર્યો. સાધુ અને શ્રાવકના ચૈત્યવંદનમાં ભેદ કર્યો. નવકારમંત્ર તથા ણમોત્થુ ણં વગેરે સૂત્રોમાં પાઠભેદ કર્યો. આ પ્રકારે લગભગ **૭૦ બોલની** પ્રરૂપણા કરી (જૂઓ, શતપદી). વિધિ-પક્ષગચ્છની સ્થાપના કરી. તે સં. ૧૨૧૪માં અંચલગચ્છ તરીકે ખ્યાતિ પામ્યો.

આ૦ આર્યરક્ષિત, આ૦ જયસિંહસૂરિ, (૪૩) આ૦ ધર્મઘોષે સં. ૧૨૬૩માં રચેલી પ્રાકૃત 'શતપદી' ઉપરથી તેમના શિષ્ય આ૦ મહેન્દ્રસૂરિએ સં. ૧૨૯૪માં સંસ્કૃતમાં 'શતપદી' (ગ્રં ૫૩૪૨) રચી છે. તેમાંના કેટલાક નોંધવાયોગ્ય પદો આ છે –

૩. સાધુ જિનપ્રતિમાની પ્રતિષ્ઠા ન કરાવે.
૪. દીપકપૂજા શાસ્ત્રમાં ઉપદેશી નથી.
૬. ફળપૂજા શાસ્ત્રમાં જણાવી નથી.
૧૫. ત્રણ થોય કહેવી.
૨૦. શ્રાવકો મુહપત્તિ ન રાખે.
૨૨. સાધુને વાંદતાં એક ખમાસમણું દેવું.
૩૬. પર્વ દિવસે જ **પૌષધ** કરવો.
૩૯. સાંજ-સવાર એમ બે સમયે જ **સામાયિક** કરવું.
૮૨. **સંવત્સરી** પચાસમા દિવસે અને અભિવર્ધિત વર્ષમાં વીસમા દિવસે કરવી.
૯૨. શ્રાવકો સાધુની જેમ ચૈત્યવંદન ન કરે.
૯૬. ઉપધાન-માલારોપણ કરવાં નહીં.
૯૭. રાતે જિનપૂજા તેમજ પૂજામાં નૃત્ય ન કરવું.
૯૯. નવકાર અને ણમોત્થુ ણં વગેરે સૂત્રોમાં પાઠફેર કરેલ છે.
૧૧૨. ચોમાસી-પાખી **પૂનમે** કરવી.
૧૧૭. છેલ્લો બોલ છે. (જૂઓ, આ૦ મહેન્દ્રસૂરિકૃત 'શતપદી')

શંખેશ્વરગચ્છ, નાણાવાલગચ્છ અને નાડોલગચ્છના વલભીગચ્છે પણ ઉપર્યુક્ત સામાચારીનો સ્વીકાર કર્યો.

આ૦ આર્યરક્ષિતસૂરિના ઉપદેશથી શેઠ **યશોધને ભાલેજમાં** વિશાળ જિનાલય બંધાવ્યું. તેમાં ક્ષેત્રપાલ વ્યંતર નડતર કરતો હતો. આથી આચાર્યશ્રીએ આકર્ષણી વિદ્યા અને સ્તંભિની વિદ્યાથી તેને કાબૂમાં લીધો અને જિનાલયનાં કાર્યમાં મદદગાર બનાવ્યો. શેઠની સમ્મતિથી દેરાસરના દરવાજામાં ક્ષેત્રપાલની ચાર હાથવાળી મૂર્તિ બનાવીને બેસાડી.

આચાર્યશ્રીના ઉપદેશથી શેઠ યશોધને શત્રુંજયનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો. રસ્તામાં મહાકાલીદેવીએ આચાર્યશ્રીની બે વાર પરીક્ષા કરી. બંને પ્રસંગો ખેડામાં બન્યા. એક વખત જ્યારે આહાર તૈયાર હતો ત્યારે વહોરવા જતાં તેમણે તે દેવપિંડ છે એમ જાણી લઈ તે આહાર ન લીધો અને બીજી વખતે જ્યારે સંઘનો પડાવ ખેડામાં હતો ત્યારે આચાર્યશ્રીની સામે સોનાનો થાળ ધરવામાં આવ્યો. આચાર્યશ્રીએ નિઃસ્પૃહતાથી તે થાળ લીધો નહીં પરંતુ તેમાંથી એક સોનામહોર લઈ કોઈ શ્રાવકને સાધારણખાતામાં વાપરવા આપી દીધી. ત્યારથી દેવીએ વિધિપક્ષગચ્છની રખેવાળી કરવાનું વચન આપ્યું. તે દેવીએ સાથોસાથ એ પણ જણાવ્યું કે, 'તમે એક સોનામહોર લીધી છે તેથી તમારા ગચ્છનો એક શ્રાવક જરૂર લખપતિ બની રહેશે.'

સં. ૧૧૭૨માં તેઓ પારકરના સુરપાટણમાં પધાર્યા. ત્યાં મરકીનો ઉપદ્રવ થયો હતો, તે તેમણે શાંત કરી દીધો. ત્યાંના પરમાર **રાજા મહીપાલને** ઉપદેશ આપી જૈન બનાવ્યો. રાજાએ ભ૦ શાંતિનાથનું દેરાસર બંધાવ્યું અને તેના વંશજો ઓસવાલ બન્યા. તે બધા મીઠડિયાગોત્રના નામથી પ્રસિદ્ધ થયા. તેનો મંત્રી **ધરણ** નામે જૈન હતો.

બેણપના કરોડપતિ **શેઠ કપર્દિ**ની પુત્રી સમયશ્રી (સોમાઈ)એ આચાર્યશ્રીના ઉપદેશથી સંસારને અસાર સમજી પોતાની બહેનપણીઓ સાથે દીક્ષા લીધી. સમય જતાં તે સાધ્વીને મહત્તરાની પદવી પણ મળી. એ કપર્દિ શેઠને ગૂર્જરનરેશ સિદ્ધરાજે પોતાના રાજ્યનો ભંડારી બનાવ્યો અને ૧૮ ગામ બક્ષિસમાં આપ્યાં.

(જૂઓ, અંચલ. મોટી પટ્ટાવલી, પૃ. ૧૦૮, ૧૩૯, ૧૪૦ તથા
પ્રક. ૪૧, પૃ. ૫૧૮ : કપર્દિ–૨)

વિધિપક્ષનું બીજું નામ અંચલગચ્છ કેમ પડ્યું એ અંગે ભિન્ન ભિન્ન ઉલ્લેખ મળે છે–

(૧) **રાજા સિદ્ધરાજે** પુત્રકામેષ્ટિયજ્ઞ આરંભ્યો ત્યારે ત્યાં એક ગાય મરી ગઈ. રાજવીની વિનંતિથી આ૦ આર્યરક્ષિતે પરકાયપ્રવેશિની વિદ્યાના બળે તે ગાયને યજ્ઞશાળાની બહાર કાઢી, આથી રાજાએ તેમને **'અચલ'** એવું બિરુદ આપ્યું.

આ ગાયની ઘટના વાયડગચ્છના આ૦ જીવદેવસૂરિના જીવનમાં પણ બની હતી. આ ઘટના આ૦ આર્યરક્ષિતસૂરિના નામે પણ ચઢી છે.

રાજા સિદ્ધરાજે સં. ૧૧૮૪ પછી પુત્રકામના માટે યાત્રાઓ વગેરે કરી, એ હિસાબે અંચલગચ્છ સં. ૧૧૮૫થી સં. ૧૧૯૯ના ગાળામાં અસ્તિત્વમાં આવ્યો. (જૂઓ, અંચલગચ્છ પટ્ટાવલી)

(૨) ગૂર્જરેશ્વર **કુમારપાલ**ના સમયે (સં. ૧૧૯૯ થી ૧૨૨૯) આ૦ આર્યરક્ષિતસૂરિ પાટણ આવ્યા ત્યારે શેઠ **કપર્દિએ** તેમને ખેસના છેડાથી-અંચલથી વંદન કર્યું તેથી એ ગચ્છ **'અંચલગચ્છ'** નામે પ્રસિદ્ધિ પામ્યો.

(૩) **કર્કર ગામ** પાસે આવેલા બેણપ ગામમાં નાઢા (નાની, નાથી) નામની પૂનમિયાગચ્છની એક ધનાઢ્ય શ્રાવિકા હતી. તે સ્વકુટુંબ, સ્વજન અને સાધર્મિકોને પાળતી હતી. (પ્રક. ૩૫, પૃ. ૧૨)

એકવાર એક પૂનમિયાગચ્છના આચાર્યે શ્રાવકોને ધર્મ અને નિર્વાહ વિશે પૂછ્યું, ત્યારે શ્રાવકોએ જણાવ્યું કે, 'અહીં નાઢાના પ્રસાદથી સૌ વાતે સારું છે.'

આચાર્યે કહ્યું, 'નાઢા કોણ છે ? એના પ્રસાદથી નહીં પણ દેવ-ગુરુ પ્રસાદથી એમ કહો ?'

આ વાત સાંભળીને નાઢાને ગુસ્સો ચઢ્યો. સંઘે આચાર્યશ્રીને દ્વાદશાવર્ત વંદન કર્યું. નાઢાની પાસે મુહપત્તિ નહોતી છતાં આચાર્યે સંઘનું વંદન સ્વીકાર્યું, પણ નાઢાનું વંદન ન સ્વીકાર્યું.

એ જ અરસામાં પૂનમિયાગચ્છના એક નેત્રવાળા મંત્રવાદી **ઉપા૦ નરસિંહે** સં. ૧૧૬૯માં શ્રાવકોને પ્રતિક્રમણનો નિષેધ કર્યો. તેણે 'વિધિપક્ષ-મત' સ્થાપ્યો હતો. પાવાગઢની હિંસાપ્રિય કાલીદેવીનું ૨૧ ઉપવાસથી આરાધન કર્યું અને ચક્રેશ્વરીદેવી હાજરાહજુર છે એમ જાહેર કર્યું. તેમણે **બેણપ**માં આવી શ્રાવકોને મુહપત્તિનો નિષેધ કર્યો. નાઢા તથા સંઘ પાસે અંચલથી વંદન કરાવ્યું. આથી નાઢા ખુશ થઈ અને ૮૦૦૦ રૂા. નો ખર્ચ કરી નડિયાદના ચૈત્યવાસી આચાર્ય પાસે ઉપાધ્યાયને આચાર્યપદ અપાવ્યું અને તેમનું નામ આ૦ આર્યરક્ષિત કાયમ કર્યું. આ રીતે સં. ૧૨૧૩માં મુહપત્તિને બદલે કપડાના છેડાનો વંદનવિધિ ચલાવ્યો, એટલે વિધિપક્ષ **અંચલ નામ**થી જાહેર થયો.

(દશમત....., જૈન ઇતિહાસ, પ્રકાશક : જૈનધર્મ વિદ્યાપ્રચારક વર્ગ, પાલીતાણા, સં. ૧૯૬૪)

તેમના પરિવારમાં ૧૨ આચાર્ય, ૨૦ ઉપાધ્યાય, ૭૦ પંડિત, ૧૦૩ મહત્તરા, ૮૨ પ્રર્વત્તિની અને બીજા સાધુ-સાધ્વી હતાં. તેમણે સં. ૧૨૨૬ (૧૨૩૬)માં ૧૦૦ વર્ષની ઉંમરે આ૦ જયસિંહસૂરિને ગચ્છનો ભાર સોંપી પાવાગઢ ઉપર ૭ દિવસનું અનશન કરી સ્વર્ગવાસ કર્યો.

આચાર્યશ્રીએ શ્રીમાલ અને ઓસવાલનાં અનેક નવાં જૈન ગોત્રો સ્થાપન કર્યાં, જેમાં મીઠડિયા અને ગાંધી વગેરે મુખ્ય ગોત્રો છે.

દશા-વીશાનો ભેદ :

આ સમયે જૈન મહાજનમાં દશા-વીશાના ભેદો હતા. 'અંચલગચ્છ-પટ્ટાવલી'માં લખ્યું છે કે, નાણાવાલગચ્છના આ૦ ઉદયપ્રભસૂરિના ઉપદેશથી કાત્યાયન શ્રીમાલી જૈનો થયા. તેનો આદિપુરુષ ભિન્નમાલનગરનો ભ૦ શાંતિનાથના દેરાસરનો ગોષ્ઠિક શેઠ **શ્રીમલ્લ** નામે હતો. શેઠ મેઘા, શેઠ મુંજા, શેઠ જિનદાસ વગેરે તેના વંશજો હતા. શેઠ જિનદાસ બેણપમાં રહેતો હતો. તે કામદેવ જેવો રૂપાળો હતો. એ સમયે બેણપમાં રાજા ભીમ રાણો હતો. તેને જોગા નામે દીવાન હતો. રાજાને કોઈ સંતાન નહોતું તેથી તેણે જોગાની પુત્રી **માના**ને પોતાની પુત્રી કરીને રાખી હતી.

એક વેળા દિવાળીના દિવસે રાજા **માના**ને પોતાના ખોળામાં લઈ રાજસભામાં બેઠો હતો, તે વખતે શેઠ જિનદાસ જુહાર કરવાને રાજસભામાં આવ્યો. માનાકુમારી તેને જોઈને મોહિત થઈ ગઈ. રાજાએ તેને જિનદાસ સાથે પરણવા માટે પૂછ્યું. ત્યારે માનાએ હા પાડી, પણ જિનદાસે અસંમતી દર્શાવી કે, 'અમે **વીશા** શ્રીમાલી છીએ, જ્યારે જોગો **દશા** શ્રીમાલી છે એટલે તે કન્યાને હું પરણી શકું નહીં.' રાજાએ બળજબરીથી તે બંનેનાં લગ્ન કર્યાં. શેઠ જિનદાસ ત્યાંથી નીકળી આરાસણમાં જઈને વસ્યો અને તેનાથી સં. ૧૧૮૫માં **'લઘુ સાજનશાખા'** નીકળી.

એક સાલ આરાસણમાં ભયંકર મરકી ફાટી નીકળી. આરાસણ ઊજડ થયું. શેઠ જિનદાસના વંશજો ત્યાંથી નીકળી ઈડર જઈને વસ્યા. તેમાંના મંત્રી નાયકે સં. ૧૩૦૧માં ખેરાલુમાં ભ૦ શ્રીઋષભદેવનું મંદિર બંધાવ્યું. આ વંશના શેઠ ભરથાની સ્ત્રી ઝાલીએ સં. ૧૩૧૧માં ભ૦ પાર્શ્વનાથનું દેરાસર તથા ઝાલાસર નામે તળાવ બંધાવ્યું. (અંચલગચ્છ પટ્ટાવલી, પૃ. ૯૧)

નાણાવાલગચ્છનાં ગોત્રો – રણધીરા, કાવડિયા, ઢઢ્ઢા, શ્રીપતિ, તલ્લેરા, કોઠારી વગેરે છે. (-નાણાવાલ મહાત્માઓની વહીઓના આધારે)

અંચલગચ્છનાં ગોત્રો - ૧. ગાલ્હ, ૨. આયગોત્તા, ૩. બુહડ, ૪. સુભદ્ર, ૫. બહોરા, ૬. સિયાલ, ૭. **કટારિયા,** કોટેચા, રાનપુરા બહોરા, ૮. નાગડ, ૯. **મીઠડિયા** વહોરા, ૧૦. ઘરવેલા, ૧૧. વડેર, ૧૨. **ગાંધી,** ૧૩. દેવનંદા, ૧૪. ગૌતમ, ૧૫. દોશી, ૧૬. સોનીગરા, ૧૭. કોટિયા, ૧૮. હરિયા, ૧૯. દેઢિયા, ૨૦. બોરેચા, ૨૧. **લાલન** વગેરે છે.

૪૨. આ૦ જયસિંહસૂરિ – સોપારકના શેઠ **દાહડ** ઓશવાલને નેઢી નામે પત્ની હતી. શેઠાણી નેઢીએ એક દિવસ સ્વપ્નમાં કળશ જોયો. સં. ૧૧૭૯ના

ચૈત્ર સુદિ ૯ ના રોજ તેણે પુત્રને જન્મ આપ્યો. નામ જિનકલશ પાડ્યું. તે બાલવયમાં જ ઊંડા ધર્મસંસ્કાર પામ્યો. એ સમયે ત્યાં પધારેલા આ૦ કક્કસૂરિના વ્યાખ્યાનમાં રોજ જવા લાગ્યો. આચાર્યશ્રી વ્યાખ્યાનમાં જંબૂચરિત્ર વાંચતા હતા. એમના ઉપદેશથી કુમાર જિનકલશના દિલમાં વૈરાગ્યના અંકુરો ઊગી નીકળ્યા. તેનો વૈરાગ્યભાવ વધતાં આ૦ **આર્યરક્ષિતે** તેને સં. ૧૧૯૩ના માહ સુદિ ૩ના રોજ પાટણમાં દીક્ષા આપી, **મુનિ યશશ્ચંદ્ર** નામ આપ્યું. બાલમુનિ તીવ્ર બુદ્ધિશાળી હતા. આચાર્યશ્રીએ તેને વ્યાકરણ, તર્ક, મંત્ર-તંત્ર અને સિદ્ધાંત ભણાવી સં. ૧૧૯૭માં ઉપાધ્યાય બનાવ્યા અને તેમનું નામ ઉપા૦ જયસિંહ રાખ્યું.

ઉપા૦ જયસિંહે સં. ૧૧૮૦ લગભગમાં રાજા **સિદ્ધરાજ**ની સભામાં શ્વેતાંબરાચાર્ય **વાદિદેવસૂરિ** અને દિગંબરાચાર્ય ભ૦ **કુમુદચંદ્ર** વચ્ચે શાસ્ત્રાર્થ થયો ત્યારે શ્વેતાંબર મુનિસંઘને કીમતી **સહયોગ** આપ્યો હતો. આ૦ આર્યરક્ષિતસૂરિએ તેમને સં. ૧૨૦૨માં **માંડલમાં આચાર્યપદ** આપ્યું હતું.

આ૦ મહેન્દ્રસૂરિ જણાવે છે કે, વડગચ્છના આચાર્ય **રામદેવસૂરિ**એ પાવાગઢ પાસે **મંદારપુર**માં સં. ૧૨૦૨માં ઉપા૦ જયસિંહને આચાર્યપદે સ્થાપન કર્યા હતા. તેમના કુલગુરુ **દિગંબર ભટ્ટારક છત્રસેન** હતા. તે મંત્રવાદી હતા. **આ૦ જયસિંહે** તેમને જીતી લઈ પોતાના શિષ્ય બનાવ્યા અને નામ **છત્રહર્ષ** આપ્યું. શાલવીઓ ઘણા શ્વેતાંબર જૈન બન્યા. ઉપાધ્યાય છત્રહર્ષથી સં. ૧૨૧૭માં **'હર્ષશાખા'** નીકળી.

ગૂર્જરેશ્વર **કુમારપાલે** પાટણના સંઘનું તથા રાજ્યનું એકમ જોખમાય નહીં તે ખાતર નવી સામાચારીવાળા જૈન ગચ્છોને **દેશવટો** આપ્યો હતો, એટલે કે પાટણમાં આવવાની અને ત્યાં રહેવાની મનાઈ કરી હતી. એ સમયે **પૂનમિયા-ગચ્છ, ખરતરગચ્છ** વગેરે સાધુઓ બહારગામ ચાલ્યા ગયા પરંતુ આ૦ જયસિંહ યુક્તિપૂર્વક ગૂર્જરનરેશ કુમારપાલની સમ્મતિ મેળવીને પાટણમાં જ રહ્યાં હતા.

પટ્ટાવલીકારે અહીં આ૦ જયસિંહની મહત્તા બતાવવા **આ૦ હેમચંદ્રસૂરિ**ના મુખથી પ્રશંસા વર્ણવી છે અને ગૂર્જરનરેશ કુમારપાલનું મૃત્યુ આ૦ હેમચંદ્રસૂરિની પહેલાં બતાવ્યું છે.

આ આચાર્ય ઉગ્ર વિહારી હતા. તેમણે ઘણાં તીર્થોની યાત્રા કરી હતી. તેમના ઉપદેશથી શેઠ **આંબાકે** પ્રભાસપાટણમાં ભ૦ ચંદ્રપ્રભસ્વામીના દેરાસરનો **જીર્ણોદ્ધાર** કરાવ્યો હતો.

તેઓ સં. ૧૨૫૯માં પ્રભાસપાટણમાં દેવલોક પામ્યા.

તેમણે આ પ્રમાણે **ગ્રંથો** રચ્યા છે : 'કર્મગ્રંથની બૃહદ્ટીકા, કમ્મપયડી-ટીકા, કર્મગ્રંથ વિચાર ટિપ્પન, કર્મવિપાક, સ્થાનાંગસૂત્રની ટીકા, જૈનતર્કવાર્તિક, ન્યાયમંજરી ટિપ્પન' વગેરે. સં. ૧૩૩૦માં 'યુગદિદેવચરિત્ર' રચ્યું જેને આસપની

પુત્રી લક્ષ્મી તથા પુત્ર આંબડે ભક્તિથી લખાવ્યું હતું.

આ૦ જયસિંહે ઘણા નવા જૈન બનાવ્યા હતા.

સં. ૧૨૦૮માં હથુંડીના રાજા **અનન્તસિંહ રાઠોડ**નો જલોદરનો રોગ મંત્રજલથી મટાડી દીધો હતો અને તેને જૈન બનાવ્યો હતો. તે રાજવીએ ભ૦ મહાવીરસ્વામીનું દેરાસર બંધાવ્યું. તેના વંશજો **હથુંડિયા** રાઠોડ ઓશવાલ બન્યા.

(જૂઓ, ભા.૧, પ્રક. ૩૪, પૃ. ૪૯૪)

સં. ૧૨૨૪માં શંખેશ્વરતીર્થ પાસેના **લોલાડા**ના રાવ ફણગર **રાઠોડ**ને જૈન બનાવ્યો હતો.

સં. ૧૨૨૮માં પારકરમાં ઉમરકોટના મોહણસિંહ પરમારને જૈન બનાવ્યો. ઉમરકોટમાં ભ૦ અજિતનાથનું દેરાસર બન્યું. મોહણસિંહ પરમાર વંશથી **નાગડા ગોત્ર** ચાલ્યું. એ જ નાગડા ગોત્રમાં શેઠ **તેજસી**, શેઠ **રાજસી**, **નેણસી** અને શેઠ **નરસી નાથા** થયા.

સં. ૧૨૨૯માં પારકરમાં પીલુઆના ઠા૦ રાવજી સોલંકી, રાણી રૂપાદે, કુમાર લાલન વગેરેને જૈન બનાવ્યા. તેમનાથી લાલનગોત્ર ચાલ્યું.

સં. ૧૨૩૧માં ચોધરી બિહાર ડીડુને જૈન બનાવ્યો.

સં. ૧૨૫૫માં જેસલમેરના રાઉ દેવડા ચાવડાને જૈન બનાવ્યો. તેના પુત્ર ઝામરે જાલોરમાં ભ૦ આદિનાથનું દેરાસર બંધાવ્યું. એ વંશના લોકો દેઢિયા કહેવાયા. આ વંશના જૈનોએ ઘણાં દેરાસરો, ઉપાશ્રયો અને વાવ બંધાવ્યાં, સંઘ કાઢ્યા. તેમાંથી સં. ૧૬૪૫માં **'લઘુસજ્જનશાખા'** નીકળી. આ વંશની ઘણી સ્ત્રીઓ સતી થઈ હતી.

સં. ૧૨૧૧માં શિવ કોટડાના લૂંટારુ રાજા સોમચંદ યાદવને જૈન બનાવ્યો. તેણે એકવાર આ૦ જયસિંહને લૂંટી લીધા હતા. આખરે એ સુધર્યો ત્યારે તેમનો ભક્ત જૈન બન્યો હતો. તેણે ભ૦ પાર્શ્વનાથનું શિખરબંધી દેરાસર બંધાવ્યું. તેનાથી **ગાલ્હાગોત્ર** ચાલ્યું.

સં. ૧૨૪૪માં પૂજવાડાના રાવ કટારમલજી ચૌહાણને ઓશવાલ જૈન બનાવ્યો. તેનાથી **કટારિયા ગોત્ર** ચાલ્યું. રાવ કરોડપતિ હતો. તેણે હથુંડીમાં ભ૦ મહાવીરનું દેરાસર બંધાવ્યું. રોહિડાના વીરજી કટારિયાએ સં. ૧૨૯૬માં રત્નપુરમાં ભ૦ શાંતિનાથનું દેરાસર બંધાવ્યું.

સં. ૧૨૪૪માં કોટડાના લૂંટારુ રાવ રાજસેન પરમારને જૈન બનાવ્યો. તેના વંશજો પોલડિયા ઓશવાલ બન્યા.

સં. ૧૨૫૬માં **ચિત્તોડ**નો ઠા૦ વીરદત્ત ચાવડા જૈન બન્યો.

સં. ૧૨૫૭માં નલવરનો રાવ રણજિત રાઠોડ જૈન બન્યો. તેના વંશજો રાઠોડ જૈન કહેવાયા.

સં. ૧૨૫૯ના માહ સુદિ ૫ ના રોજ કોટડાનો રાઠોડ જૈન બન્યો. તેના વંશજો રાઠોડ ઓશવાલ કહેવાયા.

૪૩. આ૦ ધર્મઘોષસૂરિ :

મારવાડમાં મહાવપુરમાં પોરવાલજ્ઞાતીય શ્રીચંદ નામે શ્રેષ્ઠી હતા. તેને રાજલદે નામે પત્ની હતી. તેણે સં. ૧૨૦૮માં **ધનકુમાર**ને જન્મ આપ્યો. આ૦ જયસિંહસૂરિએ તેને સં. ૧૨૨૬માં દીક્ષા આપી તેનું નામ ધર્મઘોષ મુનિ રાખ્યું. સં. ૧૨૩૦માં તેમને ઉપાધ્યાયપદ આપવામાં આવ્યું અને સં. ૧૨૩૪ માં ભટોહરિ ગામમાં તેઓ આચાર્યપદસ્થ થયા. સાંભરના ક્ષત્રિય સામંતે એ આચાર્યપદ-મહોત્સવમાં હજાર સોનામહોરો ખરચી હતી. આચાર્યશ્રી સં. ૧૨૬૮માં કચ્છના નાડોણ ગામમાં ૬૯ વર્ષની ઉંમરે કાલધર્મ પામ્યા હતા.

તેમણે સં. ૧૨૬૨માં પ્રાકૃતમાં 'શતપદી' નામે ગ્રંથ રચ્યો, જેમાં અંચલગચ્છનું મંતવ્ય રજૂ કર્યું છે.

તેમના સમયે સં. ૧૨૩૬માં બરડા પાસેના ઘુમલી ગામમાં શેઠ જેતાએ દોઢ લાખ ટંકા ખરચીને જેતાવાવ બંધાવી હતી.

ઘુમલીના રાજા વિક્રમાદિત્યે તેમને ઘણું માન આપ્યું હતું. તેમણે સાંભરના સાંભર ક્ષત્રિયને, મોહલના બોહડ ક્ષત્રિયને, બનારસના દિનકર ભટ્ટને, જાલોરના ભીમ ચૌહાણને અને લાખણ ભાલણીના રણમલ્લ પરમારને જૈન બનાવ્યા હતા.

જાલોરના ચૌહાણ ભીમે તેમના ઉપદેશથી સં. ૧૨૬૬માં ડોડ ગામમાં ભ૦ વાસુપૂજ્યસ્વામીનું દેરાસર બંધાવ્યું હતું. એ ડોડિયા-લેચાવંશના શેઠ વીરાએ જાલોરમાં ભ૦ ચંદ્રપ્રભસ્વામીનું દેરાસર બંધાવ્યું હતું.

આ૦ ધર્મઘોષના સમયે ઝાલોડીગચ્છના આ૦ જયપ્રભસૂરિએ અંચલ-ગચ્છનો સ્વીકાર કર્યો હતો.

આ૦ ધર્મઘોષે દિગંબર ભટ્ટારક વીરચંદને જીતી લઈ વલ્લભી શાખાના આચાર્ય બનાવ્યા હતા.

૪૪. આ૦ મહેન્દ્રસિંહસૂરિ :

સરામાં દેવપ્રસાદ નામે ઔદિચ્ય બ્રાહ્મણ પંડિત હતો. તેની પત્નીનું નામ **ક્ષીરદેવી**. તેણે સં. ૧૨૦૮માં **મહેન્દ્ર**ને જન્મ આપ્યો. આ૦ ધર્મઘોષસૂરિ ત્યાં ચાતુર્માસ રહ્યા. પંડિત આચાર્યશ્રીના શિષ્યોને વ્યાકરણ ભણાવતા હતા. પંડિતનો પાંચ વર્ષનો પુત્ર મહેન્દ્ર મુનિઓ સાથે ખૂબ હળી ગયો હતો. તે આચાર્યશ્રીના ખોળામાં જઈને બેસતો, પાત્રાં લેતો. પંડિત અને પંડિતપત્ની બંને જૈન ધર્મનાં અનુરાગી બન્યાં હતાં. પોતાના પુત્રને એક વિશિષ્ટ પંડિત બનાવવા માટે તેમણે આચાર્યશ્રીને પોતાનો પુત્ર વહોરાવ્યો અને શેઠ રુણાકે ખુશી થઈને પંડિતને આજીવિકા માટે પુષ્કળ ધન આપ્યું.

આચાર્યશ્રીએ મહેંદ્રકુમારને સં. ૧૨૩૭માં દીક્ષા આપી. તેમને ભણાવી-ગણાવીને સં. ૧૨૫૭માં ઉપાધ્યાયપદવી આપી અને સં. ૧૨૬૩માં નાડોલમાં આચાર્યપદ આપ્યું ને આ૦ મહેન્દ્રસિંહસૂરિ નામ રાખ્યું.

આ૦ મહેન્દ્રસૂરિએ કિરાડૂના શેઠ આલ્હાકને તેના ઘરમાં બોરડી નીચે દટાયેલું દશ લાખ ટાંકનું ધન બતાવ્યું. તે વખતે શેઠ આલ્હાકે એ ધનનો સદુપયોગ કરી લેવાનો નિર્ણય કર્યો. પરિણામે તેને જ્યાં ત્યાં કૂવાઓ ખોદાવ્યા, દાનશાળાઓ ખુલ્લી મૂકી અને મનુષ્ય તેમજ પ્રાણીઓને ખૂબ જ ઉપયોગી એવી સગવડ કરી આપી. આ ઘટના સં. ૧૨૫૭ થી ૧૨૬૩માં બની હતી.

દહીથલીના વાઘેલા રાજાના મંત્રી હાથીએ ભ૦ ઋષભદેવ મંદિર બંધાવી, સં. ૧૩૦૧માં તેની પ્રતિષ્ઠા આ૦ મહેન્દ્રસૂરિ પાસે કરાવી.

(અંચલગચ્છ પટ્ટાવલી, પૃ. ૧૧૪)

આ૦ મહેંદ્રસિંહસૂરિ થરાદ પધાર્યા ત્યારે **તપાગચ્છના પરમસંવેગી આ૦ દેવેન્દ્રસૂરિ** સં. ૧૩૦૭માં ત્યાં આવ્યા હતા. તેમણે આ૦ મહેન્દ્રસૂરિને મહાવ્રતના અતિચારો સમજાવી જણાવ્યું હતું કે, 'તમે સુવિહિત આચાર્ય છો તેથી સુવિહિતે નિમિત્ત કહેવું કે બતાવવું ન જોઈએ. એટલે થયેલા પાપની તમારે આલોયણા લેવી જોઈએ.' પરંતુ તેઓ કંઈ કરે તે પહેલાં સં. ૧૩૦૯માં પર્યુષણાપર્વમાં ખંભાતમાં કલ્પસૂત્ર વાંચતાં વાંચતાં વાયુના પ્રકોપથી પાટ પર જ કાલધર્મ પામી ગયા. (જૂઓ, ભા. ૩, પ્રક. ૪૫, પૃ. ૨૮૦)

તેમને રૂપચંદ વગેરે ૧૩ શિષ્યો હતા. તેમાં પાટને યોગ્ય કોઈ ન લાગવાથી ખંભાતના સંઘે વલ્લભીશાખાના આ૦ સિંહપ્રભને ગંધારથી બોલાવી તેની પાટે સ્થાપન કર્યા. નાડોલની વલભીશાખા ત્યારથી અંચલગચ્છમાં ભળી ગઈ.

આ૦ મહેંદ્રસિંહસૂરિએ અનેક તીર્થોની યાત્રા કરી હતી. તેમણે પ્રાકૃતમાં 'તીર્થમાલા' (ગ્રં. ૧૧૧) અને તેના ઉપર (ગ્રં. ૩૦૦૦)ની સ્વોપજ્ઞ ટીકા રચી છે. આ૦ ધર્મઘોષની પ્રાકૃત 'શતપદી'નું તેમણે સં. ૧૨૯૪માં સંસ્કૃતમાં વિવરણ (ગ્રં. ૫૩૪૨) રચ્યું છે તેમજ 'ગુરુગુણષટ્ત્રિંશિકા' વગેરે ગ્રંથો રચેલા છે.

૪૫. આ૦ સિંહપ્રભસૂરિ – સં. ૧૨૮૩માં તેમનો વિજાપુરમાં જન્મ થયો હતો. સં. ૧૨૯૧માં દીક્ષા લીધી, સં. ૧૩૦૯માં ખંભાતમાં આચાર્યપદ મેળવ્યું અને સં. ૧૩૧૩માં ભરયુવાનીમાં જ કાળધર્મ પામ્યા.

તેઓ ગુજરાતના વિજાપુર ગામના અરિસિંહ પોરવાડ અને તેમની પત્ની-પ્રીતિમતીના પુત્ર હતા. પાંચ વર્ષની ઉંમર થતાં જ તેના મા-બાપ મરકીમાં મરણ પામ્યાં. કાકા હરિએ તેને વલભીશાખાના ભ૦ ગુણપ્રભને ધનવાન જાણી સો સોનામહોરમાં વેચી નાખ્યો. તેણે દીક્ષા લઈ સિદ્ધાંતો વગેરે ભણીને સમર્થ વાદી

તરીકેની નામના મેળવી. છેવટે ખંભાતના સંઘે તેમને યોગ્ય જાણીને આ૦ મહેંદ્રસૂરિની પાટે સ્થાપન કર્યા, પણ તેઓ યુવાની અને અધિકારને પચાવી ન શક્યા એટલે તેઓ પરિગ્રહધારી શિથિલ ચૈત્યવાસી ભટ્ટારક બન્યા અને ૩૦ વર્ષના યુવાકાળમાં જ કાળધર્મ પામી ગયા.

તેમના ઉપદેશથી સં. ૧૩૦૧માં ઈડરના મંત્રી નાયકે ખેરાલુમાં આદિનાથ ભગવાનનું મંદિર બંધાવ્યું.

૪૬. આ૦ અજિતસિંહસૂરિ –

ડોડ ગામમાં શ્રીમાલી જિનદેવ નામે શ્રેષ્ઠી હતો. તેને જિનદેવી નામે પત્ની હતી. તેણે સં. ૧૨૮૩માં સારંગકુમારને જન્મ આપ્યો. સારંગકુમારના માતાપિતા યાત્રા કરવા ખંભાત ગયા અને ત્યાં બંને તાવના રોગથી મરણ પામ્યા. સાત વર્ષના સારંગકુમાર માટે પ્રશ્ન ઊભો થયો. ખંભાતના શ્રીસંઘે વલભીશાખાના ભ૦ ગુણપ્રભને તે સોંપ્યો. ભટ્ટારકે તેને સં. ૧૨૯૧માં દીક્ષા આપી. અજિતસિંહ મુનિ નામ આપ્યું. તે પણ આ૦ સિંહપ્રભની સાથે ચૈત્યવાસી બની ગયા હતા. પાલખીમાં બેસતા, છડી, ચામર અને સુભેટો રાખતા હતા.

તેઓ રૂપાળા હતા. મંત્રવાદી હતા. તેમણે મહાકાલીની સાધના કરી હતી. પૂરણચંદ સાલવીએ શત્રુંજયનો સંઘ કાઢ્યો ત્યારે તે સાથે ગયા હતા, તેમાં સમરસિંહ ચાવડાએ તેમને લૂંટી લીધા હતા. ભટ્ટારકે મહાકાળીની સહાયથી તેને સ્થંભિત કરી હિંસા તેમજ લૂંટ ન કરવાની પ્રતિજ્ઞા કરાવીને છોડ્યો હતો.

તેઓ સં. ૧૩૧૬માં જાલોરમાં ભટ્ટારક બન્યા. તેમણે પાટણમાં પોતાના ૧૫ શિષ્યોને ઉપાધ્યાય બનાવ્યા.

આ સમયે રૂપા નામના શેઠે ભોંયરામાં કૂવો બનાવ્યો પણ તેમાં પાણી ન આવ્યું. દેવીએ તેના પૌત્ર કાનજીનું બલિદાન માંગ્યું. શેઠ સાંજે મહાજન સાથે કૂવા નજીક ગયા અને સુકુમાર કાનજીને કૂવામાં પારણામાં સૂવાડ્યો. સવારે જોયું તો કૂવો પાણીથી ભરાઈ ગયો અને બાળક તેમાં રમતો જીવતો નીકળ્યો.

(અંચલ. પટ્ટાવલી, પૃ. ૧૦૯)

તેમના ઉપદેશથી નરેલી આદિ ગામના મૂળ વગેરે શ્રાવકોએ સં. ૧૩૧૬માં ભ૦ ઋષભદેવ વગેરે પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. એ વંશના શેઠ વર્ધમાનનો ભાઈ જયતા નરેલીથી ઉચાળો ભરી પોતાના સસરાના ગામ ચાણસ્મા આવીને વસ્યો. તેણે આ૦ અજિતપ્રભના ઉપદેશથી સં. ૧૩૩૫માં ચાણસ્મામાં ભ૦ ભટેવર પાર્શ્વનાથના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને ભ૦ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવી. આ૦ ભુવનતુંગસૂરિ આ વિધિમાં સાથે હતા.

ભટ્ટારક અજિતસિંહ સં. ૧૩૩૯માં આ૦ દેવેન્દ્રને પોતાની પાટે સ્થાપન કરી દેવલોક ગયા.

તેમનાં અજિતસિંહ અને અજિતપ્રભ એવાં બે નામો મળે છે.[૧]

૪૭. આ૦ દેવેન્દ્રસિંહસૂરિ –

પાલનપુરના શેઠ સાંતૂ શ્રીમાલીની પત્ની સંતોષે સં. ૧૨૯૯માં દેવચંદ્ર નામે બાળકને જન્મ આપ્યો. ભ૦ અજિતસિંહે તેને સં. ૧૩૧૬માં પાલનપુરમાં દીક્ષા આપી. સં. ૧૩૨૩માં તિમિરપુરમાં આચાર્યપદ આપ્યું. સં. ૧૩૭૧ના માગસર સુદિ ૧૩ના રોજ તેઓ પાલનપુરમાં સ્વર્ગે ગયા.

તેઓ વિદ્વાન હતા, કવિ હતા. વિદ્વાનો તેમનાં કાવ્યો સાંભળવાને તેમની વ્યાખ્યાનસભામાં આવતા હતા. તેમણે 'જૈન મેઘદૂતકાવ્ય(?)' તેમજ ચિત્રબદ્ધ કાવ્યવાળી જિનસ્તુતિઓ રચી છે.

શેઠ ધોકાશાહે સં. ૧૩૨૫માં કુણગેરમાં ભ૦ આદિનાથનું મંદિર બંધાવી આ૦ દેવેન્દ્રસિંહના હાથે પ્રતિષ્ઠા કરાવી. (અંચલ. પટ્ટાવલી, પૃ. ૮૮)

૪૮. આ૦ ધર્મપ્રભસૂરિ –

ભિન્નમાલમાં લીંબા પોરવાલ નામે શ્રેષ્ઠીને વીજલદેવી નામે પત્ની હતી. તેણે સં. ૧૩૩૧માં એક બાળકને જન્મ આપ્યો. તેણે સં. ૧૩૫૧માં જાલોરમાં દીક્ષા લીધી, સં. ૧૩૫૯માં આચાર્યપદ પ્રાપ્ત કર્યું, સં. ૧૩૯૩ના મહા સુદિ ૧૦ના રોજ આસોટી ગામમાં તેમનું સ્વર્ગગમન થયું. તેમણે સં. ૧૩૮૯માં 'કાલિકાચાર્યકથા' રચી.

તેમણે નગરપારકરના પરમાર ક્ષત્રિયોને જીવહિંસાની પ્રતિજ્ઞા કરાવી હતી.

૪૯. આ૦ સિંહતિલકસૂરિ –

મારવાડમાં એરચપુરના શેઠ આશાધર પોરવાલની પત્ની ચાંપલદેએ સં. ૧૩૪૫માં તિલકચંદને જન્મ આપ્યો. તેમનો બીજો પુત્ર કર્મચંદ્ર જન્મથી જ બહેરો-મૂંગો હતો. ભ૦ ધર્મપ્રભે તેને બધી જ રીતે બોલતો અને સાંભળતો કર્યો. મા-બાપે પુત્ર ગુરુજીને વહોરાવ્યો. ભટ્ટારકે તેને સં. ૧૩૬૧માં શિહોરમાં દીક્ષા આપી. સં. ૧૩૭૧માં આણંદપુરમાં આચાર્યપદવી આપી અને સં. ૧૩૯૩માં પાટણમાં ગચ્છનાયકપદ ભળાવ્યું. તેમણે ખંભાત વગેરે સ્થળોમાં અનેક પ્રતિષ્ઠાઓ અને અંજનશલાકા કરાવી હતી. સં. ૧૩૯૫ના ચૈત્ર સુદિ ૯ના રોજ તેઓ કાળધર્મ પામ્યા.

૫૦. આ૦ મહેન્દ્રપ્રભસૂરિ –

વડગામના શેઠ આસુ શ્રીમાલીની પત્ની જીવનદેવીએ સં. ૧૩૬૩માં મહેન્દ્રને જન્મ આપ્યો. શિશુવયમાં જ તેના મા-બાપ મરી જવાથી મામાએ ભ૦

---

૧. પૂર્ણિમાપક્ષના આ૦ વિજયસિંહસૂરિના સંતાનીય આ૦ અજિતપ્રભે સં. ૧૩૦૭માં 'શાંતિનાથચરિત્ર' રચ્યું છે. (જૈન સત્ય પ્રકાશ, ક્ર. ૧૦૬)

સિંહતિલકસૂરિને વહોરાવી દીધો. ભટ્ટારજીએ તેને સં. ૧૩૭૫માં ઓસિયામાં દીક્ષા આપી, સં. ૧૩૯૩માં પાટણમાં આચાર્યપદ આપી અને સં. ૧૩૯૫ (૧૩૯૮)માં ખંભાતમાં ગચ્છનાયકનું પદ દીધું.

આ૦ મહેંદ્રપ્રભસૂરિ સં. ૧૪૦૯માં મારવાડમાં આવેલા રાણી (નાણી) શહેરમાં ચાતુર્માસ હતા. એ વખતે ૪૦ દિવસ સુધી વરસાદ પડ્યો નહીં. ભટ્ટારકજીએ ધ્યાન કરવા માંડ્યું ને તરત જ વરસાદ પડ્યો. આસો સુદિ ૮ની મધ્ય રાતે તેમને કાળો સાપ કરડ્યો. આઠ-દશ પહોર ધ્યાન કરવાથી તેનું ઝેર પણ ઊતરી ગયું. તેઓ સં. ૧૪૪૪ (સં. ૧૪૪૫)ના માગસર વદિ ૧૧ના રોજ શત્રુંજયમાં સ્વર્ગે ગયા. સંભવ છે કે, તેમણે 'જીરાવલા પાર્શ્વનાથસ્તોત્ર' શ્લોક ૪૫ બનાવ્યું હોય.

તેમણે સાદડી, અયવાડી, વીંછીવાડિયા વગેરેમાં પ્રતિષ્ઠાઓ કરાવી હતી.

તેમણે પોતાની પાટે ત્રણ આચાર્યો બનાવ્યા.

(૧) આ૦ મુનિશેખર – તેમનાથી 'શેખરશાખા' નીકળી.

(૨) આ૦ જયશેખર – તેમણે ખંભાતની રાજસભામાં કવિ ચક્રવર્તીનું બિરુદ મળ્યું. આ૦ જયશેખરે સં. ૧૪૩૬માં નરસમુદ્રમાં 'ઉપદેશચિંતામણિ-સ્વોપજ્ઞ સાવચૂરિ' (ગ્રં. ૧૨૦૦), સં. ૧૪૬૨માં ખંભાતમાં 'પ્રબોધ- ચિંતામણિ', સં. ૧૪૬૨માં 'ધમ્મીલચરિત્ર કાવ્ય, જૈન કુમારસંભવ, શત્રુંજય બત્રીશી, ગિરનાર બત્રીશી, મહાવીર બત્રીશી, આત્મબોધકુલક, ૧૨ કુલક, ધર્મસર્વસ્વ, ઉપદેશ-માલાની અવચૂરિ, પુષ્પમાળા-અવચૂરિ, નવતત્ત્વગાથા-૧૭, અજિતશાંતિસ્તવ, શ્લો. ૧૭, સંબોધસપ્તતિકા, નલ-દમયંતિચંપૂ, કલ્પસૂત્ર-સુખાવબોધ, ન્યાયમંજરી, ગુજરાતી ત્રિભુવનદીપકપ્રબંધ, કડી : ૪૩૨, પ્રબોધચિંતામણિ ચોપાઈ, અંતરંગ ચોપાઈ, નેમિનાથફાગ કડી : ૫૮, સ્તવનો' વગેરે રચ્યાં છે. તેઓ પોતાને 'વાણીદત્તવર' તરીકે ઓળખાવતા હતા.

(૩) આ૦ મેરુતુંગસૂરિ –

મિચ્છત્તતિમિરનાસણ, અહિણવગુરુ મેરુતુંગદિણરાઓ ॥૧૮૨॥ (વીરવંશપટ્ટાવલી)

૫૧. આ૦ મેરુતુંગસૂરિ –

શ્રીધર્મમૂર્તિની પટ્ટાવલીમાં લખ્યું છે કે, મારવાડમાં નાણા ગામના શેઠ વૈરસિંહ મીઠડિયા વહોરાની પત્ની નાહૂણદેવીએ સં. ૧૪૦૫માં ભાલણને જન્મ આપ્યો. તેણે સં. ૧૪૧૮માં દીક્ષા લીધી.

'મેરુતુંગસૂરિરાસ'માં લખ્યું છે કે, મારવાડમાં આવેલા નાણી ગામના શેઠ વૈરસિંહ પોરવાલની પત્ની માલદેવીએ સં. ૧૪૦૩માં મુખમાં સૂર્ય પ્રવેશ કરી

રહ્યો હોય એવું સ્વપ્ન જોયું. એ સ્વપ્નાનુસાર વસ્તિગ નામના પુત્રને જન્મ આપ્યો. સં. ૧૪૧૦માં તેણે દીક્ષા લીધી.[1]

ભ૦ મહેન્દ્રપ્રભે ભાલણ (વસ્તિગ)ને સં. ૧૪૧૮ (સં. ૧૪૧૦)માં નાણામાં દીક્ષા આપી અને સં.૧૪૩૨(૧૪૧૬)માં પાટણમાં આચાર્યપદવી આપી.

આ૦ મેરુતુંગે સં. ૧૪૪૪માં લોલાડા ગામમાં મંત્રના પ્રભાવથી અમદાવાદના બાદશાહ મહમ્મદશાહના સૈન્યનો હલ્લો રોકી રાખ્યો હતો અને ત્યાંના ઠા. મેઘ રાઠોડને જૈન ધર્મનો પ્રેમી બનાવ્યો હતો. સંઘે વિનતિ કરી આચાર્યશ્રી પાસે નક્કી કરાવ્યું કે, લોલાડામાં પ્રતિ સાલ સાધુઓ ચાતુર્માસ માટે પધારે.

આચાર્યશ્રીને સાપ કરડ્યો હતો, તેનું ઝેર તેમણે પોતે ધ્યાનથી ઉતાર્યું હતું.

અહીં એક અજગર બહુ નુકસાન કરતો હતો તે માટે 'જીરાવલા-સ્તોત્ર' નમો દેવદેવાય (ગાથા : ૧૪) રચી ઉપસર્ગ દૂર કરાવ્યો હતો.

(જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૧૦૯)

સં. ૧૪૪૫ના ફાગણ વદિ ૧૧ના રોજ પાટણમાં ગુરુમહારાજે તેમને ગચ્છનાયકપદ આપ્યું અને આ૦ રત્નશેખરને યુવરાજપદ આપ્યું.

આચાર્યશ્રીએ વડનગરમાં નગરશેઠના પુત્રનું ઝેર ઉતારી નાગર બ્રાહ્મણોને જૈન બનાવ્યા હતા. તેમને ઉપદેશ આપી જૈન દેરાસરો અને ઉપાશ્રયો બંધાવ્યાં હતાં.

'જેસાજી પ્રબંધ'માં તેમણે જણાવ્યું હતું કે, તેમના ઉપદેશથી જેસાજી લાલને ઉમરકોટના ૭૨ દેરીવાળો ભ૦ શાંતિનાથનો જિનપ્રાસાદ બંધાવ્યો અને શત્રુંજય આદિ મોટાં તીર્થોનો સંઘ કાઢ્યો. એ સંઘનું વર્ણન પણ તેમાં આપ્યું છે.

શત્રુંજયમાં દીવાથી ચંદરવો બળી રહ્યો હતો તે તેમણે ખંભાતમાં બેઠા હાથમાંની મુહપત્તિને ચોળી નાખીને હોલવ્યો હતો. તેમની પાસે દેવીઓ આવતી હતી એમ પણ કહેવાય છે.

તેમના ઉપદેશથી ઘણી પ્રતિષ્ઠાઓ અને અંજનશલાકાઓ થઈ હતી, તેમજ કેટલીક દાનશાળાઓ પણ ખુલ્લી મુકાઈ હતી.

તેઓ સં. ૧૪૭૧માં (સં. ૧૪૭૩ના માગસર સુદિ ૧૫ના રોજ પાટણમાં) જૂનાગઢમાં આ૦ જયકીર્તિને પોતાની પાટે સ્થાપન કરી સ્વર્ગે ગયા.

તેમણે સં. ૧૪૪૪માં કાતંત્રનું બાલબોધ-વ્યાકરણ, ભાવકર્મપ્રક્રિયા, મેઘદૂતવૃત્તિ, શતકભાષ્ય, જૈનમેઘદૂતકાવ્ય, નાભિવંશસંભવકાવ્ય, યદુવંશ-

---

૧. પટ્ટાવલી અને રાસમાં એવો ફરક મળે છે. એ સિવાય, બીજી બાબતોમાં પણ ફેરફાર જોવાય છે. સંભવ છે કે, પટ્ટાવલીના બીજા આચાર્યોની બાબતમાં પણ આવા ફેરફાર હશે. અન્યાન્ય સાધનોથી તેને ઠીક કરી લેવા જોઈએ.

સંભવકાવ્ય, નેમિદૂતકાવ્ય, ણમોત્થુ ણં-ટીકા, સુશ્રાદ્ધકથા, ઉપદેશમાલાની ટીકા, ષડ્દર્શન નિર્ણય, સં. ૧૪૫૩માં શતપદીસાર, રાયનામાંકચરિત્ર સં. ૧૪૦૯માં, કામદેવકથા સં. ૧૪૧૩માં, સંભવનાથચરિત્ર, ધાતુપરાયણ, લક્ષણશાસ્ત્ર, રાજીમતી-નેમિસંબંધ, સૂરિમંત્રોદ્ધાર (ગ્રં.૫૫૮), સં. ૧૪૪૯માં સત્તરિભાષ્યવૃત્તિ, કંકાલય રસાધ્યાય, (**જસોજી પ્રબંધ**) સં. ૧૪૩૮માં, અંચલગચ્છપટ્ટાવલી તથા વિચારશ્રેણિ રચ્યાં છે.

તેમના સમયમાં પારકરમાં **ગોડી પાર્શ્વનાથની** ઉત્પત્તિ થઈ અને ગુરુભાઈ આ૦ **રત્નશેખરથી** 'મુનિશેખરશાખા' **અને આ૦ ભુવનતુંગથી** 'તુંગશાખા' ચાલી.

આ૦ **મહેંદ્રપ્રભસૂરિના** શિષ્ય **શાખાચાર્ય ભુવનતુંગસૂરિએ** જૂનાગઢમાં રા'ખેંગારની સભામાં ગારુડીને હરા**વી સાપનો** ધંધો છોડાવ્યો તેમજ તેમના ઉપદેશથી ઘાણી, ભઠ્ઠીઓ બંધ થઈ, મચ્છીમારોએ જાળ તોડી.

તેમણે **ઋષિમંડળ,** આઉરપચ્ચક્ખાણ, **ચતુઃશરણની ટીકાઓ** રચી. તેઓ મોટા મંત્રવાદી હતા.

સમર્થ શાખાચાર્ય આ૦ અભયસિંહના ઉપદેશથી સં. ૧૪૩૨માં પાટણમાં શા૦ ખેતા તોડા મીઠડિયાએ ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા ભરાવી, જે **ગોડી પાર્શ્વનાથ** તરીકે પ્રસિદ્ધ થઈ છે.

એ સમયે ભુવનતુંગસૂરિ તથા શાખાચાર્ય આ૦ જયતિલક (સં. ૧૪૭૧) એ બંને મહાપ્રાભાવિક હતા. તેમજ શાખાચાર્ય મહીતિલક (સં. ૧૪૭૧) સમર્થ આચાર્ય હતા.

આ૦ મેરુતુંગસૂરિના પરિવારમાં આ૦ રત્નશેખર, આ૦ મહીતિલક, આ૦ મેરુનંદન, આ૦ **માણેક્સુંદર,** આ૦ ગુણસમુદ્ર, આ૦ જયકીર્તિ વગેરે ૬ આચાર્યો, માણેકશેખર વગેરે ૪ ઉપાધ્યાયો, પંન્યાસ, સાધુ, સાધ્વી મહિમાશ્રીજી મહત્તરા, પ્રવર્તિની વગેરે પરિવારગણ હતો. (રાસ)

૫૨. આ૦ જયકીર્તિસૂરિ –

તિમિરપુરમાં શેઠ ભૂપાલ નામે હતા. તેમને ભ્રમરીદેવી નામે પત્ની હતી. તેમણે સં. ૧૪૩૩માં **જયંતકુમારને** જન્મ આપ્યો. આ૦ મેરુતુંગસૂરિએ તેને સં. ૧૪૪૪માં **દીક્ષા** આપી, સં. ૧૪૬૭માં ખંભાતમાં **આચાર્યપદ** આપ્યું અને સં. ૧૪૭૩માં પાટણમાં તેમણે ગચ્છનાયકપદ પ્રાપ્ત કર્યું.

તેમણે સં. ૧૪૪૭માં બાલવયમાં જ ઝેરથી મૂર્છિત બનેલા કંટલી ગામના સાહસાંક ઓશવાલના કુટુંબને વિષાપહારમંત્રથી બચાવી લીધું હતું. તેઓ સં. ૧૫૦૦માં ચાંપાનેરમાં સ્વર્ગસ્થ થયા.

તેમના ઉપદેશથી ઘણી પ્રતિષ્ઠાઓ થઈ હતી. તેમણે 'ઉત્તરાધ્યયનસૂત્ર-ટીકા, ક્ષેત્રસમાસસટીકા અને સંગ્રહણીટીકા' વગેરે ગ્રંથો રચ્યા છે.

તેમના શિષ્ય ઉપાધ્યાય લાવણ્યકીર્તિથી 'કીર્તિશાખા' નીકળી.

આ૦ જયકીર્તિના શિષ્ય (૧) ઋદ્ધિવર્ધને સં. ૧૫૧૨માં ચિત્તોડમાં 'નલ-દવદંતીરાસ તથા જિનેંદ્રાતિશયપંચાશિકા, ૨૪ ચૈત્યવંદન' વગેરે રચ્યાં છે.

આ૦ જયકીર્તિના શિષ્ય (૨) મહીમેરુએ ક્રિયાગુપ્ત, જિનસ્તુતિપંચાશિકા, કલ્પસૂત્રાવચૂરિ, જૈનમેઘદૂતકાવ્ય-ટીકા વગેરે રચ્યાં છે.

આ૦ જયકીર્તિના શિષ્ય (૩) શીલરત્ને સં. ૧૪૯૧ના ચૈત્ર વદિ ૫ ને બુધવારે પાટણમાં આ૦ મેરુતુંગના મેઘદૂતની ટીકા બનાવી, જેનું સંશોધન આ૦ માણેક્યસુંદરે કર્યું હતું. શીલરત્ને જિનચૈત્યવંદન ચોવીશી, અષ્ટક વગેરે રચ્યાં છે.

આ૦ માણિક્યસુંદરસૂરિ – તેમનું બીજું નામ માણિક્યશેખર પણ મળે છે. તેઓ આ૦ મેરુતુંગસૂરિના શિષ્ય હતા. તેઓ આ૦ જયશેખરસૂરિ પાસે ભણ્યા હતા. તેમણે સં. ૧૪૬૩માં 'શ્રીધરચરિત્ર, ચતુઃપર્વીકથાચંપૂ, શુકરાજકથા, પૃથ્વીચંદ્રચરિત્ર સં. ૧૪૭૮, ગુણવર્માચરિત્ર સં. ૧૪૮૪ સાચોર, ચંદ્રઘવલ ધર્મદત્તકથા, અજાપુત્રકથા, મહાબલ-મલયાસુંદરીચરિત્ર સર્ગ :૪,સંવિભાગવ્રતકથા, કલ્પનિર્યુક્તિઅવચૂરિ, આવસ્સયસુત્તણિજ્જુત્તીટીકા-દીપિકા, ઓઘનિર્યુક્તિદીપિકા, પિંડનિર્યુક્તિદીપિકા, દસવેયાલિયદીપિકા, ઉત્તરજ્ઝયણદીપિકા, આયારંગસુત્ત-દીપિકા, નવતત્ત્વ વિવરણ' વગેરે ગ્રંથો રચ્યા છે, જે દરેક 'માણિક્યાંક'વાળા છે. તેમને શ્રીધરચરિત્ર સર્ગ : ૯, તેના ઉપર સ્વોપજ્ઞ દુર્ગપદવ્યાખ્યા સં. ૧૪૬૩માં દેલવાડામાં રચી છે. મૂળ તથા વ્યાખ્યા મળીને ગ્રંથાંગ્ર ૧૬૮૯ છે. (આ ગ્રંથ ચારિત્રસ્મારક ગ્રંથમાલા તરફથી પ્રકાશિત થયો છે.)

૫૩. **આ૦ જયકેશરિસૂરિ** – તેમનો સં. ૧૪૬૧માં પાંચાલના **થામ** ગામમાં શેઠ **દેવશી** ઓશવાલની પત્ની **લાખણદે**ની કુક્ષિથી જન્મ થયો. તે **ધનરાજ**ની સં. ૧૪૭૫માં દીક્ષા, સં. ૧૪૯૪માં આચાર્યપદ અને સં. ૧૫૪૨માં અમદાવાદમાં તેમણે સ્વર્ગગમન કર્યું.

તેમણે અમદાવાદના બાદશાહને 'જ્વરાપહારસ્તોત્ર' તેમજ મહાકાલીની સહાયથી જ્વરમુક્ત કર્યો હતો. બાદશાહે ઝવેરીવાડમાં તેમના યતિઓ માટે ઉપાશ્રય બંધાવી આપ્યો હતો.

તેમણે દહીયાના રાજપૂત હેમરાજને જૈન બનાવ્યો. તેમણે અનેક પ્રતિષ્ઠાઓ અને અંજનશલાકા કરાવી હતી. તેથી તે પ્રભાવક ભટ્ટારક હતા.

૫૪. આ૦ સિદ્ધાંતસાગરસૂરિ – તેમનો સં. ૧૫૦૬માં પાટણમાં સોની કુટુંબમાં જન્મ થયો હતો. પિતાનું નામ જાવડ, માતાનું નામ પુરલી, પોતાનું

નામ સોનપાલ હતું. તેમણે સં. ૧૫૨૨માં દીક્ષા લીધી, સં. ૧૫૪૧માં આચાર્યપદ મેળવ્યું, સં. ૧૫૪૨માં ગચ્છનાયકપદ પ્રાપ્ત કર્યું અને સં. ૧૫૬૦માં માંડલમાં સ્વર્ગ-ગમન કર્યું..

તેમણે ઘણી પ્રતિષ્ઠાઓ અને અંજનશલાકાઓ કરાવી હતી. તેમણે ચક્રેશ્વરી-દેવીની સહાય હતી. (તે પછી ચક્રેશ્વરીદેવી અહીં આવતા બંધ થયાં હતાં ?)

તેમના સમયે ઉપાધ્યાય ભાવવર્ધનથી 'વર્ધનશાખા', કમલરૂપથી 'કમલશાખા' અને ધનલાભથી 'લાભશાખા' નીકળી હતી.

આ સમયે સં. ૧૫૪૬માં આ૦ ઉદયસાગરે 'ઉત્તરજ્ઝયણસુત્તદીપિકા' રચી. શ્રીકીર્તિવલ્લભ ગણિએ અમદાવાદમાં સં. ૧૫૫૨માં 'ઉત્તરજ્ઝયણવૃત્તિ', વા૦ વિનયહંસે સં. ૧૫૭૨માં દિવાળીના દિવસે 'ઉત્તરજ્ઝયણ-લઘુવૃત્તિ અને દસવેયાલિય-ટીકા' રચી.

૫૫. આ૦ ભાવપ્રભસૂરિ - તેમનો સં. ૧૫૧૬માં તુરમિણિમાં શા૦ સાંગાની પત્ની શૃંગારદેવીથી જન્મ થયો. તેમનું નામ **ભાવડ** રાખવામાં આવ્યું. સં. ૧૫૩૦માં ખંભાતમાં તેમને આ૦ જયકેસરીના હાથે દીક્ષા અપાઈ હતી.

તેમણે સં. ૧૫૬૦માં **માંડલમાં** આચાર્યપદ-ગચ્છનાયકપદ મળ્યું હતું. તેઓ સં. ૧૫૮૩માં ખંભાતમાં સ્વર્ગસ્થ થયા હતા. તેમણે પ્રાકૃતમાં 'વીરવંશાવલી' (ગા. ૨૩૧) બનાવી છે.

તે મોટા પ્રભાવક હતા. તેમના ઉપદેશથી ઘણી અંજનશલાકાઓ અને પ્રતિષ્ઠાઓ થઈ હતી.

તેમના સમયે અંચલગચ્છના બીજા શાખાચાર્યો આ૦ સુવિહિત, **આ૦ સુમતિરત્ન** વગેરે વિદ્યમાન હતા.

પૂર્ણિમાગચ્છની મુખ્ય ગાદી પાટણના ઢંઢેરવાડામાં હતી. તેના ઉલ્લેખો આ પ્રમાણે મળે છે –

(૧) શ્રીભવાનીસહસ્રનામસ્તોત્રમ્ (પ્ર. ૧૧૨૨)

સં. ૧૭૭૫ વર્ષે શાકે ૧૬૪૦ પ્રવર્તમાને શ્રીપૂર્ણિમાપક્ષે પ્રધાનશાખાયાં ઢંઢેરપાટકે મ૦ શ્રી ૫ **શ્રીભાવપ્રભસૂરિણા** લિખિતં મધુમાસે કૃષ્ણપક્ષે ત્રયોદશ્યાં ગુરુવારે પં૦ શ્રીતેજરત્નપાઠનાય । શ્રીરસ્તુ ॥

(૨) શ્રી સચિત્ર સોનેરી બારસાસૂત્ર (પ્ર. ૧૧૨૫)

સંવત્ ૧૭૭૫ વર્ષે ભાદ્રવા સુદિ ચતુર્થ્યાં પર્યુષણાયાં શ્રીઅણહિલ્લપુરપત્તને ઢંઢેરપાટકે ઓસવંશજ્ઞાતીયલઘુશાખાયાં દોસી શ્રીરાજ તત્સુતસારંગસ્તત્સુતૌ દોસી શિવચંદ કાલીદાસ ઇતિ દ્વૌ ભ્રાતરૌ । દોસી શિવચંદસુત લક્ષ્મીદાસ (મુંનબાઇ પુત્રી) લક્ષ્મીદાસભાર્યા જીવાં તત્સુત ચંદ્રભાણ ॥ વિજયસિંગ કપૂરચંદ **પ્રયાગદાસ** ઉત્તમચંદ

દોસી પ્રયાગભાર્યા શ્રીખલ્લસુત નાથાચંદ સાકરચંદ આણંદી દોસીપ્રયાગદાસેન સુવર્ણાક્ષરમયશ્રીકલ્પસૂત્રપુસ્તકં દ્રવ્યેણ ગૃહીતં તદ્‌ભાર્યા શ્રાવિકા શ્રીખલ્લઇતિ નામની શ્રીપૂર્ણિમાપક્ષે ઢંઢેરસંજ્ઞકે ભટ્ટારક શ્રીમહિમાપ્રભસૂરિવરશિષ્ય ભટ્ટારકશ્રી શ્રીભાવપ્રભસૂરિભ્યઃ સપરિવારેભ્યઃ પ્રદત્તં જ્ઞાનવૃદ્ધ્યર્થં પુણ્યપ્રકાશનાય । વાચ્યમાનં ચિરંનન્દ્યાત્ । શ્રીરસ્તુ કલ્યાણમસ્તુ સર્વદા । (શ્રીપ્રશસ્તિસંગ્રહ ભા. ૨, પૃ. ૨૯૦, ૨૯૧, પ્રશસ્તિ નં. ૧૧૨૨,૧૧૨૫)

૫૬. આ૦ ગુણનિધાનસૂરિ – તેઓ પાટણના શેઠ નાગરાજ શ્રીમાલીની પત્ની લીલાદેવીની કૂખે સં. ૧૫૫૮માં જન્મ્યા હતા. તેમનું નામ **સોનપાલ**. તેમને સં. ૧૫૬૨માં દીક્ષા અપાઈ. સં. ૧૫૬૫માં ખંભાતમાં આચાર્યપદ–ગચ્છનાયકપદવી મળી. તેમનું સં. ૧૬૦૨માં અમદાવાદમાં સ્વર્ગગમન થયું હતું. તેમના ઉપદેશથી ઘણી અંજનશલાકાઓ અને પ્રતિષ્ઠાઓ થઈ હતી.

તેમના શિષ્ય **આ૦ ધર્મમૂર્તિએ** સં. ૧૬૧૭માં આ૦ મેરુતુંગસૂરિકૃત 'અંચલગચ્છની પટ્ટાવલી'ની **અનુપૂર્તિ** કરી.

અલવરમાં રહેતો શ્રીરંગ ચૌધરી આ૦ ગુણનિધાનસૂરિનો શ્રાવક હતો. તેની પત્ની શ્રાવિકા રંગશ્રી હતી.

૫૭. આ૦ ધર્મમૂર્તિસૂરિ – ખંભાતના હંસરાજ ઓશવાલની પત્ની હાંસીએ સં. ૧૫૮૫ના પોષ સુદિ ૮ના રોજ **ધર્મદાસને** જન્મ આપ્યો હતો. આ૦ ગુણનિધાને તેને સં. ૧૫૯૯માં દીક્ષા આપી, ધર્મમૂર્તિ મુનિ એવું નામ રાખ્યું. સં. ૧૬૦૨માં અમદાવાદમાં આચાર્યપદ આપ્યું. **અર્બુદાદેવીએ** તેમને નૈષ્ઠિક બ્રહ્મચારી જાણી વિદ્યાઓ આપી. અમદાવાદના શ્રીસંઘે તેમને સં. ૧૬૨૯માં યુગપ્રધાનપદ આપ્યું.

તેઓ ઉગ્ર વિહારી હતા. તેમણે **સમેતશિખર**ની ત્રણ વાર યાત્રાઓ કરી. સં. ૧૬૧૫માં શત્રુંજય ઉપર ક્રિયોદ્ધાર કર્યો.

તેમના ઉપદેશથી ઘણી અંજનશલાકાઓ અને પ્રતિષ્ઠાઓ થઈ હતી. વળી જ્યાં-ત્યાં ઉપાશ્રયો, વ્રતગ્રહણ, ઉત્સવો, દીક્ષાઓ અને છ'રી પાળતા સંઘો પણ નીકળ્યા હતા.

તેમના ઉપદેશથી આગરાના શેઠ **ઋષભદાસ લોઢા**એ સં. ૧૬૧૮માં શિખરજીનો છ'રી પાળતો સંઘ કાઢ્યો હતો. આગરામાં ગ્રંથભંડાર બનાવ્યો હતો. (જૂઓ, ભા. ૩, પ્રક. ૪૫, પૃ. ૩૯૩)

શેઠ **તેજસી**એ સં. ૧૬૨૪ના પોષ સુદિ ૮ના રોજ જામનગરમાં બે લાખ કોરી ખરચી ભ૦ શાંતિનાથનું મંદિર બંધાવી પ્રતિષ્ઠા કરાવી. તે મંદિરને અકબરના સૂબા ખાનઆજમે મુજફર વતી સૈન્ય લાવી તોડી નાંખ્યું. તેથી શા૦ તેજસીએ

સં. ૧૬૪૯ના માગસર સુદિ ૪ના રોજ તેનો ફરી જીર્ણોદ્ધાર કરાવ્યો તથા પાંચ લાખ કોરી ખરચી શત્રુંજયનો છ'રી પાળતો સંઘ કાઢ્યો. દીવના શા૦ **નાનચંદ** ભણશાળીએ ભ૦ શીતલનાથની પોખરાજરત્નની પ્રતિમા ભરાવી. શેઠ મોહણસિંહે સં. ૧૬૪૮ના માહ સુદિ પના રોજ જામનગરમાં સમુદ્રમાંથી મળેલી જીવિતસ્વામી ભ૦ નેમિનાથની પ્રતિમાનું ઘર-દેરાસર બંધાવ્યું. જેસલમેરના શ્રીસંઘે સં. ૧૬૫૭માં મોટો ગ્રંથભંડાર સ્થાપ્યો. એક ગામમાં બાલભક્ષક કાપાલિકનો ઉપસર્ગ હઠાવ્યો. સં. ૧૬૬૯માં પાલનપુરના નવાબની બેગમનો એકાંતરિયો તાવ ઉતારી દીધો. આથી નવાબે પાલનપુરમાં ઉપાશ્રય બંધાવી દીધો.

તેમણે 'ષડાવશ્યક-વૃત્તિ, ગુણસ્થાનક્રમારોહ-વૃત્તિ' અને સં. ૧૬૧૭માં 'અંચલગચ્છ પટ્ટાવલી' વગેરે ગ્રંથો રચ્યા છે.

તેમના પરિવારમાં ૭ મહોપાધ્યાય, ૫ ઉપાધ્યાય, ૯ પ્રવર્ત્તકો, ૮૨ યતિઓ, ૫ મહત્તરાઓ, ૧૧ પ્રવર્ત્તિનીઓ અને ૫૭ સાધ્વીઓ હતાં. એ સૌમાં મહો. રત્નસાગરજી મુખ્ય હતા. તેઓ વિદ્વાન, વાદી અને મધુરભાષી હતા.

તેમના સમયમાં મૂર્તિશાખા, ચંદ્રશાખા, કીર્તિશાખા અને વર્ધમાનશાખા નીકળી.

તેઓ સં. ૧૬૭૦ના ચૈત્ર સુદિ ૧૫ની સવારે પ્રભાસપાટણમાં **પદ્માસન** લગાડીને સ્વર્ગસ્થ થયા.

૫૮. આ૦ કલ્યાણસાગરસૂરિ – લોલાડાના શ્રીમાળી નાનિગ કોઠારીની પત્ની નામિલાદેએ સં. ૧૬૩૩ના અષાડ સુદિ ૨ને ગુરુવારે રાતના આર્દ્રા નક્ષત્રમાં કોડિનકુમારને જન્મ આપ્યો. તે પાંચ વર્ષની ઉંમરે તેના પિતા સાથે શ્રીધર્મમૂર્તિ આચાર્યને વંદન કરવા જતો હતો ત્યારે આચાર્યશ્રીના ખોળામાં બેસી જતો, તેમની મુહપત્તિથી રમતો. આ બધા લક્ષણો જોઈ તેના પિતાએ એ પુત્ર આચાર્યશ્રીને વહોરાવી દીધો. આચાર્યશ્રીએ તેને સં. ૧૬૪૨ના વૈશાખ સુદિ ૩ના દિવસે **ધોળકા**માં દીક્ષા આપી. સં. ૧૬૪૪ના માહ સુદિ પના રોજ પાલીતાણામાં વડી દીક્ષા આપી. સં. ૧૬૪૯ના વૈશાખ સુદિ ૩ના રોજ અમદાવાદમાં આચાર્યપદ આપ્યું. ઉદયપુરના સંઘે સં. ૧૬૬૯માં યુગપ્રધાનપદ આપ્યું.

તેમના ઉપદેશથી શેઠ **વર્ધમાન પદમશી**એ સં. ૧૬૫૦માં ૩૨ લાખ કોરી ખરચી ભદ્રેશ્વરથી શત્રુંજયનો છ'રી પાળતો તીર્થયાત્રા સંઘ કાઢ્યો. શત્રુંજય પર બે દેરાસરનો પાયો નાંખ્યો. સં. ૧૬૭૫માં તથા સં. ૧૬૭૬માં તે બંને– શ્રીશ્રેયાંસનાથ અને શ્રીશાંતિનાથના બે દેરાસરોની અંજનશલાકા અને પ્રતિષ્ઠા કરાવી. જામનગરમાં સં. ૧૬૭૬માં સં. ૧૬૭૮માં ભ૦ **શાંતિનાથ**ના બહોંતેર દેરીઓવાળા દેરાસરમાં અંજનશલાકા અને પ્રતિષ્ઠા કરાવી. ભદ્રેશ્વર વગેરે

તીર્થોના જીર્ણોદ્ધાર કરાવ્યા. પાવાગઢમાં મહાકાલીદેવીના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. સુથરીના શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથના દેરાસરમાં ચાંદીના દરવાજા કરાવ્યા. ભદ્રેશ્વરમાં માણેક અને નીલમની ચાર પ્રતિમાઓ ભરાવી, ઉજમણું કર્યું, સાધર્મિકોનો ઉદ્ધાર કર્યો.

શેઠ રાજશી નાગડાએ સં. ૧૬૫૦માં શત્રુંજય ઉપર દેરાસરનો પાયો નાખ્યો. સં. ૧૬૭૫માં તેમાં દોઢ લાખ ખરચી ભ૦ શાંતિનાથની પ્રતિષ્ઠા કરાવી. સં. ૧૬૫૨માં તેણે શત્રુંજયનો સંઘ કાઢ્યો હતો. શા૦ નેણસીએ જામનગરમાં બે લાખ કોરી ખરચીને તેમના બંધુ શાહ રાજશી તેજશીએ બંધાવેલા મંદિરમાં સં. ૧૬૭૮માં શ્રીસંભવનાથનો ચૌમુખપ્રાસાદ-ગભારો બનાવ્યો.

આગરાના લોઢા ઋષભદાસના પુત્રો અને બાદશાહ જહાંગીરના મંત્રી કુંરપાલ અને સોનપાલે આગરામાં ભ૦ શ્રેયાંસનાથ અને ભ૦ મહાવીરસ્વામીના બે જિનાલયો બંધાવ્યાં. સં. ૧૬૭૧માં અક્ષયતૃતીયા દિને આ૦ કલ્યાણસાગર-સૂરિએ તેમાં ૪૫૦ પ્રતિમાની અંજનશલાકા–પ્રતિષ્ઠા કરી. આ પ્રતિમાઓના ગાદીલેખોમાં બાદશાહ જહાંગીરનું નામ ઉત્કીર્ણ છે. બાદશાહને કોઈએ આ વાત ચઢાવીને કરતાં, તે પ્રતિમાની નીચે પોતાનું નામ દાખલ થયેલું જાણી ગુસ્સે ભરાયો. તે પોતે જોવા આવ્યો. આવીને પ્રતિમાઓ જોઈ; અને તેમાં ભ૦ પાર્શ્વનાથની પ્રતિમાની નાગફણા ઉપર ઊંચે પોતાનું નામ જોઈ શાંત પડ્યો, તેમજ જિનપ્રતિમાઓની ભવ્ય મુદ્રા જોઈ પ્રભાવિત થયો, ભ૦ મહાવીરસ્વામીની પ્રતિમાના આશીર્વાદ સાંભળી ચમત્કૃત થયો, આચાર્યશ્રીની પ્રભાવક મુદ્રા જોઈ ખુશી થયો અને નમસ્કાર કરી પ્રસન્ન પગલે પાછો વળ્યો. આ લોઢા મંત્રીઓએ આગરામાં મોટો ઉપાશ્રય બંધાવ્યો. શત્રુંજયનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો. શિખરજીમાં જિનાલયોનો જીર્ણોદ્ધાર કરાવ્યો. (જૂઓ, પ્રક. ૪૫, પૃ. ૩૯૩-૩૯૪)

ભૂજના રા' ભારમલ્લજીએ આચાર્યશ્રીના મંત્રિત પાણીથી વાયુમુક્ત થતાં માંસાહાર છોડ્યો હતો. અને રાજવિહાર જિનાલય બંધાવ્યું હતું. વળી, કચ્છમાં પર્યુષણના આઠ દિવસ દર સાલ માટે અમારિપટહ વજડાવ્યો. ભૂજના શ્રીસંઘે ભ૦ ચિંતામણિ પાર્શ્વનાથનું મોટું દેરાસર બંધાવ્યું. પાટણના સાળવી સંઘે સં. ૧૭૧૫માં આચાર્ય કલ્યાણસાગરસૂરિની જીવંત પાદુકાઓ બનાવી દેરાસરમાં સ્થાપન કરી.

આ૦ કલ્યાણસાગરસૂરિએ 'શ્રીશાંતિનાથચરિત્ર, સુરપ્રિયચરિત્ર, વિવિધ છંદોમાં ચિત્રમય જિનસ્તોત્રો તેમજ ગોડી પાર્શ્વનાથના સહસ્રનામમય સ્તવન'ની રચના કરી છે.

તેમના પરિવારમાં ૧૧ મહોપાધ્યાયો, ૧૧૩ સાધુઓ, ૨૨૮ સાધ્વીજીઓ હતાં.

તેઓ સં. ૧૭૧૮ના વૈશાખ સુદિ ૩ ના સૂર્યોદય થતાં ભૂજમાં કાળધર્મ પામી ગયા.

૫૯. ભ૦ અમરસાગરસૂરિ – તેમણે સં. ૧૬૯૧ના શ્રાવણ સુદિ ૭ના રોજ ભૂજમાં 'વર્ધમાન-પદ્મસિંહચરિત્ર' સર્ગ : ૯ તથા **'અંચલગચ્છપટ્ટાવલી'** રચ્યાં છે.

આ ભટ્ટારકની એક સંયમધારી યતિશાખા પાલીતાણામાં હતી, જેમાં અનુક્રમે શ્રીમુનિશીલ, શ્રીગુણશીલ, ઉપા૦ વિનયશીલ થયા. ઉપા૦ વિનયશીલે સં. ૧૭૪૨માં વડનગરમાં 'અર્બુદાચલ-ચૈત્યપરિપાટી–અર્બુદકલ્પ' રચ્યો હતો.

સં. ૧૭૬૨ના શ્રાવણ સુદિ ૭ના રોજ ધોળકામાં તેમનો દેહોત્સર્ગ થયો.

૬૦. ભ૦ વિદ્યાસાગર – તેમણે ઘણી પ્રતિષ્ઠાઓ કરાવી હતી. તેમનો સ્વર્ગવાસ સં. ૧૭૯૭ના કાર્તિક સુદિ ૫ના રોજ પાટણમાં થયો.

૬૧. ભ૦ ઉદયસાગર – સં. ૧૭૨૫માં મુસલમાનોએ જામનગર પર ચઢાઈ કરી એ સમયે શ્રીસંઘે બધી જિનપ્રતિમાઓ ભોંયરામાં ભંડારી દીધી હતી અને બધાં મંદિરો બંધ કરી નાખ્યાં હતાં. ખરતરગચ્છના પૂ. **દેવચંદ્રજી** મહારાજની આજ્ઞાથી **મંત્રી તલકશી**એ સં. ૧૭૮૮ના શ્રાવણ સુદિ ૭ ને ગુરુવારે બધાં દેરાસરો ખોલી નાખ્યાં, પ્રતિમાઓને ફરીથી સ્થાપન કરી અને ભ૦ ઉદયસાગરના ઉપદેશથી સં. ૧૭૯૦ માં તે બધાનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો. ભટ્ટારકજીએ સં. ૧૮૦૨ના શ્રાવણ સુદિ ૬ના રોજ 'કલ્યાણસાગરસૂરિ-રાસ, સ્નાત્રપંચાશિકા, કલ્પસૂત્ર-લઘુવૃત્તિ, શ્રાવકવ્રતકથા' વગેરે રચ્યાં છે.

તેમના ચાર શિષ્યો ઉપાધ્યાયપદધારી હતા. (૧) ઉપા૦ કીર્તિસાગર, (૨) ઉપા૦ દર્શનસાગર, (૩) ઉપા૦ જ્ઞાનસાગર અને (૪) ઉપા૦ બુદ્ધિસાગર.

આ પૈકી ઉપા૦ દર્શનસાગર નળિયાના ઔદિચ્ય બ્રાહ્મણ દેવશંકર નામના માણભટ્ટ હતા. તેણે પોતાની પત્ની મરી જતાં દીક્ષા લીધી હતી. તેમણે સં. ૧૮૨૭માં 'આદિનાથરાસ અને સ્તવન-ચોવીશી' રચ્યાં.

ઉપા૦ જ્ઞાનસાગરે સં. ૧૮૨૮માં સુરતમાં 'અંચલગચ્છપટ્ટાવલી' રચી છે અને મુનિ સહજ-સાગરજીએ 'ગુર્વાવલી-સ્તવન' રચ્યું છે.

૬૨. ભ૦ કીર્તિસાગર – તેમનો સ્વર્ગવાસ સં. ૧૮૪૩ના ભાદરવા સુદિ ૬ના રોજ સુરત બંદરમાં થયો. તેમના શિષ્ય શિવરત્ને 'ચૌદ ગુણસ્થાનકસ્તવન' (કડી : ૯૮) રચ્યું છે.

૬૩. ભ૦ પુણ્યસાગર – તેમનો સં. ૧૮૭૦ના કાર્તિક સુદિ ૧૩ ના રોજ પાટણમાં સ્વર્ગવાસ થયો.

૬૪. ભ૦ રાજેન્દ્રસાગર – તેઓ સં. ૧૮૯૨માં માંડવી બંદરે સ્વર્ગ પામ્યા.

૬૫. ભ૦ મુક્તિસાગર – તેમણે સં. ૧૮૮૫માં મુંબઈ - ભાયખલામાં મોતીશાહના દેરાસરની, સં. ૧૮૯૩માં શત્રુંજય ઉપર શેઠ મોતીશાહની ટૂંકમાં ૭૦૦ જેટલી પ્રતિમાઓની, સં. ૧૮૯૭ના માહ સુદિ ૫ના રોજ નળિયામાં નાગડાગોત્રના દશા ઓશવાલ શેઠ **નરશી નાથા**ના ભ૦ ચંદ્રપ્રભના દેરાસરની, શત્રુંજય પર નરશી નાથા ટૂંકની વગેરે ઘણા સ્થાનોમાં અંજનશલાકાઓ અને પ્રતિષ્ઠાઓ કરાવી હતી.

મુંબઈના શાહ સોદાગાર શેઠ **મોતીશાહે** શત્રુંજય ઉપર કુંતાસરની ઊંડી મોટી ખાઈ પુરાવી ટૂંક બંધાવી. શત્રુંજય તીર્થનો સંઘ કાઢ્યો. મુંબઈ-ભાયખલામાં ભ૦ આદીશ્વરનું દેરાસર બંધાવ્યું. મુંબઈ, પાલીતાણા અને અનેક સ્થળોએ ધર્મશાળા, પાંજરાપોળ, દવાખાના વગેરે બનાવ્યાં. તેમનો સં. ૧૮૯૨માં મુંબઈમાં સ્વર્ગવાસ થયો. તેમના પુત્ર **ખીમચંદે** શત્રુંજય ઉપર 'મોતીશાહ ટૂંક'નું અધૂરું કાર્ય પુરું કર્યું અને પોતાની માતા **શેઠાણી દિવાળીબાઈ** સાથે સં. ૧૮૯૩માં શત્રુંજય તીર્થનો સંઘ કાઢી **મોતીશાહની** ટૂંકની પ્રતિષ્ઠા કરાવી.

ભટ્ટારકજી સં. ૧૯૧૪માં સ્વર્ગસ્થ થયા હતા.

૬૬. ભ૦ રત્નસાગર – તેમના સમયમાં કોઠારાના દશા ઓશવાલ ગાંધી **શેઠ કેશવજી નાયકે** સં. ૧૯૨૧ના માહ સુદિ ૭ ને ગુરુવારે શત્રુંજય ઉપર ટૂંક બંધાવી. તેની અંજનશલાકા અને પ્રતિષ્ઠા ભ૦ રત્નસાગરે કરી. શેઠે દશ લાખ રૂપિયા ખરચ્યા. પાલીતાણામાં ધર્મશાળા બંધાવી. ભટ્ટારક સં. ૧૯૨૮ના શ્રાવણ સુદિ ૨ ના રોજ સુથરીમાં સ્વર્ગસ્થ થયા.

૬૭. **વિવેકસાગર** – સં. ૧૯૪૮ ના ફાગણ સુદિ ૩ ને ગુરુવારે મુંબઈમાં સ્વર્ગસ્થ થયા.

૬૮. ભ૦ **જિનેન્દ્રસાગર** – સ્વ. સં. .....

આ અરસામાં સુથરીમાં શેઠ **વસનજી ત્રિકમજી** થયા. તેમણે સાયરામાં દેરાસર બંધાવ્યું. જૈનોને અનેક પ્રકારની મદદો આપી. પાઠશાળા, ધર્મશાળા અને બીજાં ધર્મકાર્યો કર્યાં. (જૈન ઇતિહાસ, પ્રકાશક : જૈનવિદ્યાપ્રચારકવર્ગ)

નોંધ : 'જૈન પરંપરાનો ઇતિહાસ' ભાગ-૩ના પ્રક. ૪૫ (પૃ. ૩૯૨થી ૩૯૫)માં આગરાના ઋષભદાસ તથા મંત્રી કુંરપાલ–સોનપાલની **લોઢા વંશાવલી,** પ્રક. ૪૫ (પૃ.....થી .....)માં શેઠ વર્ધમાન-પદમશીનો **લાલનવંશ** તેમજ પ્રક. ....માં શેઠ મોતીશાહ, શેઠ નરશી નાથા, શેઠ કેશવજી નાયક અને શેઠ વસનજી ત્રિકમજીનો વિશેષ પરિચય આપ્યો છે.

અંચલગચ્છની પટ્ટાવલી બીજી

૫૮. આ૦ કલ્યાણસાગર – સ્વ. સં. ૧૭૧૮.

૫૯. મહો૦ રત્નસાગર – તેમને ચાર શિષ્યો હતા.

૬૦. ઉપા૦ મેઘસાગર – તેમને ત્રણ શિષ્યો હતા.

૬૧. ઉપા૦ વૃદ્ધિસાગર – તેમને ત્રણ શિષ્યો હતા. સ્વ. સં. ૧૭૩૩.

૬૨. ઉપા૦ હીરસાગર – સ્વ. સં. ૧૭૭૩. તેઓ પ્રભાવક હતા. ચમત્કાર બતાવતા હતા. સં. ૧૮૦૪ના કાર્તિક સુદિ ૨ના રોજ સોજિત્રામાં કાળધર્મ પામ્યા.

૬૩. પં૦ સહજસાગર.

૬૪. પં૦ માનસાગર.

૬૫. પં૦ રંગસાગર.

૬૬. પં૦ ફત્તેહસાગર.

૬૭. યતિ દેવસાગર – તેમણે સં. ૧૯૨૫માં દુષ્કાળ પડ્યો ત્યારે મારવાડમાં ૯ શિષ્યો બનાવ્યા. તેઓ સં. ૧૯૨૮માં કાળધર્મ પામ્યા.

૬૮. યતિ સ્વરૂપસાગર.

૬૯. મુનિ ગૌતમસાગરજી – તેઓ પાલીના શ્રીમાલ બ્રાહ્મણના પુત્ર હતા. સં. ૧૯૨૦માં જન્મ્યા, સં. ૧૯૪૦માં યતિના શિષ્ય બન્યા પરંતુ મુનિજીવન વીતાવવા લાગ્યા. સં. ૧૯૪૬ના ફાગણ સુદિ ૧૧ના રોજ પાલીમાં શ્રીપાર્શ્વચંદ્રગચ્છના મુનિ ભાયચંદજીની પાસે ક્રિયોદ્ધાર કરી ગુજરાતમાં આવ્યા. તેઓ પાટણમાં તપગચ્છની સામાચારી મુજબ પ્રતિક્રમણ કરતા હતા.

મુનિ ભાવસાગરજી, મુનિ ભાયચંદજી અને મુનિ ગૌતમસાગરજી એ ત્રણેએ પાટણમાં સં. ૧૯૪૬માં બીજા ભાદરવા સુદિ ઉદય ૪ના રોજ સંવત્સરી પ્રતિક્રમણ કર્યું હતું. તે પછી મુનિ ગૌતમસાગરજી કચ્છમાં એકાકી વિચરતા હતા. તેમને સં. ૧૯૪૯ના મહા સુદિ ૧૦ના રોજ મુનિ ઉત્તમસાગર નામે પ્રથમ શિષ્ય થયા. તે પછીથી તેમનો પરિવાર વધ્યો. તેઓ અંચલગચ્છમાં પ્રભાવક થયા. સં. .....માં સ્વર્ગે ગયા.

તેમના શિષ્ય મુનિ નીતિસાગરના શિષ્ય મુનિ ધર્મસાગરે સં. ૧૯૮૪માં અંચલગચ્છની મોટી પટ્ટાવલી બનાવી.

૭૦. આ૦ દાનસાગરસૂરિ

૭૧. આ૦ નેમસાગરસૂરિ સ્વ. સં. .....

સાર્ધપૂનમિયાગચ્છ (સં. ૧૨૩૬)

જૈન સંઘમાં વિક્રમની બારમી શતાબ્દીના ઉત્તરાર્ધથી નવા નવા મતો નીકળ્યા ત્યારથી જૈન સંઘની એકતા તૂટવા લાગી. ગૂર્જરનરેશ કુમારપાલે પાટણમાં જૈન

સંઘનું એકમ ન જોખમાય એ ખાતર પૂનમિયા, અંચલ, ખરતર વગેરે નવા ગચ્છોને પાટણ બહાર વિહાર કરવા ફરમાન કર્યું હતું. એટલે એ ગચ્છોવાળા મોટે ભાગે ગુજરાત બહાર વિચરતા હતા. ગુજરાતના તત્કાલીન ધર્મોત્સવોમાં પણ એ મતવાળાનું નામ મળતું નથી. એ સમયે પૂનમિયાગચ્છના આ૦ સુમતિસિંહસૂરિ સં. ૧૨૩૬માં પાટણ આવ્યા. તેઓ શાંત સ્વભાવના હતા. શ્રાવકોએ તેમના ગચ્છ વિશે પૂછપરછ કરી ત્યારે તેમણે યુક્તિપૂર્વક જવાબ આપ્યો કે, 'અમે પૂનમિયા નથી પણ સાર્ધ–પૂનમિયા છીએ.' આ રીતે સં. ૧૨૩૬માં આ૦ સુમતિસિંહથી 'સાર્ધપૂનમિયાગચ્છ' નીકળ્યો.

આ મતમાં–શ્રાવક પ્રભુની ધૂપપૂજા, દીપપૂજા કે ફળપૂજા ન કરે. સાધુ જિનપ્રતિમાની પ્રતિષ્ઠા ન કરાવે પણ **પાખી ચૌદશે પાળે** વગેરે સામાચારી હતી. આમાં શ્રાવકને સાધુ જેવો માન્યો છે તેથી એ મતનું **'સાધુ પૌર્ણિમિયક'** એવું બીજું નામ પણ મળે છે. **'ચતુર્દશીયગચ્છ'** પણ આનું જ ત્રીજું નામ હોવાનું સંભવે છે, આ ગચ્છના આચાર્યો જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરતા હતા.

સાર્ધપૂનમિયાગચ્છના આ૦ ગુણચંદ્રના શિષ્ય **જ્ઞાનચંદ્રે** 'રત્નાકરાવતારિકા-ટિપ્પન' રચ્યું છે, જેનું મલધારગચ્છના આચાર્ય **રાજશેખરે** સંશોધન કર્યું હતું.

સાર્ધપૂનમિયાગચ્છમાં અનુક્રમે આ૦ ધર્મતિલક સં. ૧૪૫૭, આ૦ ધન્યતિલક થયા. તેમજ અનુક્રમે આ૦ સાગરચંદ્ર, આ૦ સોમચંદ્ર (સોમસુંદર) સં. ૧૫૦૧, આ૦ રામચંદ્ર સં. ૧૫૦૪, આ૦ પુણ્યચંદ્ર સં. ૧૫૦૬થી ૧૫૧૨, આ૦ વિનયચંદ્ર સં. ૧૫૧૩, આ૦ ઉદયચંદ્ર સં. ૧૫૧૭થી સં. ૧૫૬૧, આ૦ મુનિચંદ્ર સં. ૧૫૭૨, ભટ્ટારક વિદ્યાચંદ્ર સં. ૧૫૯૬માં થયા.

ત્રિસ્તુતિકમત (આગમિકગચ્છ)

૪૦. આ૦ ચંદ્રપ્રભસૂરિ – તેમનાથી સં. ૧૧૫૯માં 'પૂનમિયાગચ્છ' નીકળ્યો.

૪૧. આ૦ શીલગુણસૂરિ – તેઓ ચૈત્યવાસી હતા. તેમણે તથા તેમના ભાણેજ નાણાવાલગચ્છના ચૈત્યવાસી ઉપા. **વિજયચંદ્રે** પૂનમિયાગચ્છમાં પ્રવેશ કરી ક્રિયોદ્ધાર કર્યો. ઉપા. વિજયચંદ્રે તો સં. ૧૧૬૯માં વિધિપક્ષની સ્થાપના કરી અને સં. ૧૨૧૩થી અંચલગચ્છ ચલાવ્યો. આ૦ શીલગુણસૂરિ તથા આ૦ દેવભદ્ર પણ વિધિપક્ષમાં ભળ્યા. તેમણે શત્રુંજયતીર્થમાં બીજા સાત-આઠ ભ્રાંત ચિત્તવાળા યતિઓને પોતાના બનાવ્યા. શ્રુતદેવતાની સ્તુતિનો નિષેધ કર્યો અને અંચલગચ્છના આધારે **'ત્રિસ્તુતિકમત'** ચલાવ્યો.

૪૨. આ૦ દેવભદ્રસૂરિ – તેઓ આ૦ શીલગુણસૂરિના સહચારી હતા. તે તેમની પાટે આચાર્ય બન્યા. તેમણે સં. ૧૨૫૦માં ત્રણ થૂઈવાળો 'આગમિકમત' ચલાવ્યો. તેઓ આગમિકગચ્છના સૂત્રધાર હતા.

૪૩. આ૦ ધર્મઘોષસૂરિ – તેઓ આગમના જાણકાર હતા.

૪૪. આ૦ યશોભદ્રસૂરિ.

૪૫. આ૦ સર્વાનન્દસૂરિ.

૪૬. આ૦ અભયદેવસૂરિ – તેમને શાસનની પ્રભાવના કરી હતી.

૪૭. આ૦ વજસેનસૂરિ – તઓ આગમના જાણકાર હતા.

૪૮. આ૦ જિનચંદ્રસૂરિ – તેઓ મોટા વાદી હતા.

૪૯. આ૦ હેમસિંહસૂરિ – તેમની શિષ્યપરંપરામાં અનુક્રમે (૫૦) આ૦ મુનિસિંહ, (૫૧) પં૦ ઉદયરત્ન થયા. પં૦ ઉદયરત્ને સં. ૧૪૩૦ના ફાગણ સુદિ ૧૩ ને સોમવારે મહુવામાં 'સિદ્ધચક્ર' લખ્યું હતું.

૫૦. આ૦ રત્નાકરસૂરિ – સં. ૧૪૯૪માં વિદ્યમાન હતા. આ૦ જયાનંદપટ્ટે સં. ૧૫૦૮ થી સં. ૧૫૩૧; આ૦ દેવરત્ન સં. ૧૫૭૩, આ૦ સોમરત્ન સં. ૧૫૮૭, આ૦ ઉદયરત્ન થયા.

આ૦ દેવરત્નની પાટે આ૦ શીલવર્ધન થયા.

૫૧. આ૦ વિનયચંદ્રસૂરિ – સં. ૧૪૮૫થી સં. ૧૫૧૨. આ૦ અમરસિંહની પાટે સં. ૧૫૧૪માં આ૦ હેમરત્ન થયા.

૫૨. આ૦ ગુણસમુદ્રસૂરિ.

૫૩. આ૦ અભયસિંહસૂરિ – તેમનું નામ લેવાથી પાપ નાશ પામતું હતું. એવા પવિત્ર હતા.

૫૪. આ૦ સોમતિલકસૂરિ – તેમણે બાલ્યાવસ્થામાં ઉપદેશ આપી મિથ્યાત્વીઓને બુઝવ્યા હતા. તેઓ સમર્થવાદી પણ હતા.

૫૫. આ૦ સોમચંદ્રસૂરિ.

૫૬. આ૦ ગુણરત્નસૂરિ – આ૦ રત્નાકરસૂરિ - સં. ૧૪૯૪.

તેમણે 'આદિનાથ જન્માભિષેક' રચ્યો. ગુણરત્નશિષ્ય દેવરત્ને 'ગજસિંહ-કુમારરાસ' રચ્યો.

૫૭. આ૦ મુનિસિંહસૂરિ – સં. ૧૪૮૫થી સં. ૧૫૧૩. તેઓ શાંત સ્વભાવી હતા તેમજ સંયમી અને દયાની મૂર્તિ હતા. તેઓ અખંડ જિનજાપ કરતા હતા. સં. ૧૪૯૨માં તેમણે પ્રતિષ્ઠા કરાવી હતી (માલપુરના લેખો). તેમનો સં. ૧૪૯૯નો પ્રતિમાલેખ મળે છે.

૫૮. આ૦ શીલરત્નસૂરિ – તેમનુ બીજું નામ ભ૦ શિવરત્ન પણ મળે છે. સં. ૧૫૦ (?) તેઓ વિધિપક્ષગચ્છના મંડનરૂપ હતા. તેમણે સં. ૧૫૦૭માં પ્રતિષ્ઠા કરાવી હતી. તેમણે તથા આ૦ આદિપ્રભે સં. ૧૫૧૨માં પ્રતિષ્ઠિત કરેલી જિનપ્રતિમા બાંદનવાડામાં વિરાજમાન છે.

૫૯. **આ૦ આણંદપ્રભસૂરિ** – સં. ૧૫૧૩ થી સં. ૧૫૭૧. તેઓ વિદ્વાન હતા. તેમનાં બીજાં નામો આ૦ આદિપ્રભ, આ૦ આનંદરત્ન એવાં મળે છે. તેમણે સં. ૧૫૧૨માં પ્રતિષ્ઠા કરાવી હતી.

આ૦ ચારિત્રપ્રભના શિષ્ય આ૦ જયતિલકસૂરિએ 'હરિવિક્રમ-મહોદયકાવ્ય (સર્ગ : ૧૨) અને મલયાસુંદરીચરિત્ર' (સર્ગ : ૪) રચ્યાં.

તેમના જ ભાઈ પં૦ અમરકીર્તિગણિએ સં. ૧૫૦૨ના કા. વ. ૧૩ બુધવારે ઈડરમાં તેની પહેલી પ્રત લખી હતી. (શ્રીપ્રશસ્તિસંગ્રહ, ભા. ૨જો, પ્રશ.નં.૩૫)

પં૦ અમરકીર્તિ મહો૦ અમરસાગર બન્યા હતા. આગમગચ્છમાં સં. ૧૫૧૨માં આ૦ હેમરત્ન હતા. સં. ૧૫૩૬માં પં૦ ઉદયરત્ન હતા.

૬૦. **અ આ૦ અમરરત્નસૂરિ** – સં. ૧૪૭૦ થી ૧૫૪૭.

૬૦. **બ આ૦ મુનિરત્નસૂરિ** – સં. ૧૫૪૨. તેઓ ગંભીર હતા અને અલંકારવાળી મીઠી ભાષા બોલતા હતા.

૬૧. **ઉપા૦ મુનિસાગર** – તેમણે ગુરુકાવ્યનવક, આગમગચ્છ પટ્ટાવલી, ગુરુસ્તુતિ અને પંચતીર્થીસ્તુતિ વગેરે રચ્યાં છે.

(જૈન ગૂર્જર કવિઓ ભા. ૧, પૃ. ૪૧૫ થી ૪૫૨, ૬૧૫, ૭૦૨, ભા. ૨, પૃ. ૨૨૨૪; પટ્ટાવલીસમુચ્ચય ભા. ૨, પૃ. ૧૫૮ થી ૧૬૨)

આ૦ અમરસિંહ – સં. ૧૪૭૫ (જૈન સત્યપ્રકાશ, ક્રમાંક ૧૨૪). આ૦ સાધુરત્ન શિષ્ય આ૦ જયાનંદ, સં. ૧૪૭૬ થી ૧૪૯૬.

આગમગચ્છની બીજી પરંપરા

આગમગચ્છમાં એક જુદી વ્યવસ્થિત પટ્ટપરંપરા મળે છે. સંભવ છે કે તે આ૦ જયતિલકસૂરિની પટ્ટપરંપરા હોય. તે આ પ્રમાણે છે –

(૧) ભ૦ ચારિત્રપ્રભસૂરિ, આ૦ સાધુરત્નસૂરિ.

(૨) આ૦ જયાનંદસૂરિ – તેમણે ચાર ઉપાધ્યાયોને આચાર્ય બનાવ્યા. તેમના ઉપદેશથી સાંડેરના આભૂ પોરવાડના વંશજ સં. મંડલિકે ઘણા તીર્થોનો જીર્ણોદ્ધાર કરાવ્યો. સં. ૧૪૩૮માં દુકાળમાં પ્રજાને અનાજ-પાણીની મદદ કરી. સં. ૧૪૭૭માં શત્રુંજય તીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો.

(જૂઓ, પ્રક. ૪૫, ૫૦, ૩૫૪)

તેમણે પોતાના શિષ્ય દેવરત્ન માટે 'સ્યાદિસમુચ્ચયદીપિકા' રચી.

(૩) આ૦ દેવરત્નસૂરિ તે આગમિકગચ્છના આ૦ જયાનંદસૂરિના દીક્ષા-શિષ્ય અને વિદ્યાશિષ્ય હતા, તે તેમની પાટે આવ્યા હતા. તે વિદ્વાન હતા. નિરુક્તશાસ્ત્રના મોટા અભ્યાસી હતા. તેમણે 'નમો લોએ સવ્વસાહૂણં'ના સવ્વ શબ્દ ઉપર પ્રાકૃત ગાથા : ૪૮નું વિવરણ કરી ઘણા અર્થો કર્યા હતા તેમજ 'ગજસિંહકુમારરાસ' બનાવ્યો હતો.

આ આચાર્ય અને આ૦ વિવેકરત્નસૂરિ સુધીના આચાર્યો ગુરુભાઈઓ હતા. બનવાજોગ છે કે, તેઓ એક પછી એક આચાર્ય બન્યા હોય.

(૪) આ૦ શીલરાજ, આ૦ શીલવર્ધન.

(૫) આ૦ શીલરત્ન.

(૬) **આ૦ વિવેકરત્નસૂરિ** – તેમના ઉપદેશથી આભૂ પોરવાડના વંશજ વ્યવહારી ડુંગર, વ્ય. નરબદે ચોથું વ્રત સ્વીકાર્યું. એક ઉપાધ્યાયને સૂરિપદ અપાવ્યું. વ્ય. પર્વત, વ્ય. કાન્હાએ સૂરિપદનો ઉત્સવ કર્યો. સં. ૧૫૭૧માં જૈન સિદ્ધાંત તથા ગ્રંથો લખાવ્યા. વ્ય. સહસા વીર વગેરેએ વિવિધ ગ્રંથો લખાવ્યા.

(શ્રીપ્રશસ્તિસંગ્રહ ભા. ૨, પ્રશ. ૨૪૧, ૨૬૯ થી ૨૭૨; જૂઓ પ્રક. ૪૫, પૃ. ૩૫૪ થી ૩૫૬)

(૭) ભ૦ **સંયમરત્નસૂરિ.**

આ સમયે આગમગચ્છની લઘુશાખામાં આ૦ સૌભાગ્યસુંદર, આ૦ **ધર્મરત્નસૂરિ,** પ્રવર્તિની હેમશ્રી શિષ્યા સાધ્વી **મહિમાશ્રી** માટે પં૦ જયસુંદરે સં. ૧૬૪૦ના આસો સુદિ ૩ ના રોજ દેકાપુરમાં ગ્રંથ લખાવ્યો હતો.

(શ્રીપ્રશસ્તિસંગ્રહ ભા. ૨, પ્રશ. ૪૨૩, ૬૩૩)

(૮) ભ૦ કુલવર્ધનસૂરિ.

(૯) પં૦ જયરત્નગણિ (પં૦ જયસુંદરગણિ).

(૧૦) ઋષિ દેવરત્નજી.

(૧૧) ઋષિ વિજયરત્નજી તે સં. ૧૬૬૧માં વિદ્યમાન હતા.

(શ્રીપ્રશસ્તિસંગ્રહ, ભા. ૨, પ્રશ. ૬૫૫)

આ૦ સિંહદત્તપટ્ટે આ૦ સોમદેવ (સં. ૧૫૭૩), આગમગચ્છના ભ૦ **સિંહરત્નસૂરિ** – સં. ૧૮૨૧માં પાટણના શેઠ **કચરા કીકાએ** કાઢેલા શત્રુંજયના સંઘમાં સાથે હતા. (જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૯૪ થી ૯૮)

ચતુર્દશી-શાખા

જૈન શ્રમણસંઘના નાગેંદ્ર, ચંદ્ર, નિર્વૃતિ અને વિદ્યાધર એમ ચાર શ્રમણકુળો અને પેટાગચ્છો મોટે ભાગે વિ.સં. ૧૦૦૦ લગભગમાં ચૈત્યવાસી બની ગયા હતા. શ્રી દ્રોણાચાર્ય, સૂરાચાર્ય, ગોવિંદાચાર્ય, શાન્ત્યાચાર્ય, વીરાચાર્ય વગેરેનું ચરિત્ર તપાસીએ તો સ્પષ્ટ થાય છે કે, તેઓ વિદ્વાન, શાસ્ત્રજ્ઞ, અનેકાંતના યથાર્થ વ્યવસ્થાપક, વિવેકી, આપસ-આપસમાં પ્રેમવાળા અને ધર્મરક્ષામાં સદા ઉદ્યમશીલ હતા. ઉત્સવ હોય, યાત્રા હોય કે પ્રતિષ્ઠા હોય તો સૌ મળીને ધર્મપ્રભાવના કરતા હતા. તેથી તેઓ નવા જૈનો બનાવી શકતા અને જૈન થયેલાને વધુ સ્થિર અને દ્રઢ બનાવી શકતા હતા. તેઓ ધર્મ ઉપર થતાં આક્રમણનો એક સાથે મળી સામનો કરતા હતા. તેઓ ૪ સંઘ, ૭ ક્ષેત્રો તથા ધર્મસ્થાનો, ધર્મદાય

વગેરેની પૂરી રક્ષા કરતા હતા. તેઓ બધી રીતે શાસનને વફાદાર રહી ધર્મની રક્ષા કરતા હતા. છેલ્લે તેઓ **અનશન લઈને** આત્મકલ્યાણ પણ સાધતા હતા. તેઓમાં આચારશુદ્ધિ હતી, વિચારશુદ્ધિ પણ રહેતી. માત્ર વ્યવહારશુદ્ધિ નહોતી. એટલે કે તેઓ શિથિલ હતા. એ તેમની મોટી ઊણપ હતી, જેને દૂર કરવાની અનિવાર્ય આવશ્યકતા હતી.

બીજી તરફ ચંદ્રકુલના વનવાસી અને વડગચ્છના શ્રમણો શિથિલ ન હતા. શરૂઆતથી જ તેઓ પવિત્ર **સંવેગી** શ્રમણો હતા. તેઓમાં કે ચૈત્યવાસીઓમાં આચાર, વિચાર કે પ્રરૂપણાનો ભેદ નહોતો. એટલે જ તે બંનેમાં પરસ્પર મેળ રહેતો હતો. સૌ ગચ્છવાળા આવા શુદ્ધ શ્રમણો બને એ સર્વથા જરૂરી હતું. આ૦ ઉદ્દ્યોતન, આ૦ સર્વદેવ, આ૦ વર્ધમાન, આ૦ જિનેશ્વર આ અંગે સાવધાન હતા. સંઘની એકતા તૂટે નહીં અને કાર્ય થાય એ રીતે પ્રયત્નશીલ હતા. માત્ર આટલો ક્રિયોદ્ધાર સર્વથા ઇચ્છનીય હતો.

બારમી શતાબ્દીથી કેટલાએક નવા મતો શરૂ થયા. તેઓએ આયતન, અનાયતનનો ભેદ; વિધિચૈત્ય, અવિધિચૈત્યનો ભેદ; પોસહ માટે પર્વ અને અપર્વનો ભેદ; સામાયિક માટે સંધ્યા, અસંધ્યાનો ભેદ; આરાધના માટે શાસનદેવ અને પીરનો ભેદ; જિનપૂજામાં પુરુષ-સ્ત્રીનો ભેદ; કન્યા પરણાવવામાં **સ્વગચ્છ**, પરગચ્છનો ભેદ, ચોથ-પાંચમનો ભેદ; **ચૌદશ-પૂનમનો ભેદ**—એવી ભેદનીતિ સ્વીકારી પોતાના **વાડા** જમાવ્યા અને જૈનસંઘને છિન્નભિન્ન કરી નાખ્યો, જે આજ સુધી અખંડ બની શક્યો નથી. અખંડ બનાવવાને બહાને નવો મત ઊભો થતો, જેના પરિણામે જૈનસંઘ અનેક પક્ષોથી વિચિત્ર અને અમર્યાદિત બની ગયો છે. વિક્રમની સોળમી શતાબ્દીના નવા મતોએ તો ત્યાં સુધી માઝા મૂકી કે નવા જૈનો બનાવવાનો શુદ્ધમાર્ગ એકાએક રૂંધાઈ ગયો.

આ નવા મતોએ જે શિથિલતા ઉપર કાગારોળ મચાવી મૂકી હતી તે શિથિલતા તો તેમનામાં ચૈત્યવાસીઓ કરતાંયે વિશેષ પ્રમાણમાં હતી. એટલે હવે તો તેઓ પોતાની નવી પ્રરૂપણાની રક્ષા માટે **વાડા બાંધીને** રહ્યા હતા. આ વાડાબંધીએ જૈનેતર વર્ગમાં પણ જૈનધર્મ માટેની ભ્રાંતિ ફેલાવવામાં વિશેષ ભાગ ભજવ્યો. જૈનધર્મ અને આગ્રહ એ બે પરસ્પર વિરોધી વલણોએ ધર્મ ઉપર કુઠારાઘાત કર્યો એટલું જ નહીં પોતાને બેસવાની ડાળી ઉપર ઘા કર્યો છે અને સંઘમાં એક જ સંયુક્ત કુટુંબમાં વિવિધ માન્યતાઓથી ભેદ પાડી નાખ્યો છે. આવી **વાડાબંધી** તૂટે તો જ જૈનધર્મ જગતનું કલ્યાણ કરવાની ક્ષમતા રાખી શકે.

ગૂર્જરનરેશ **કુમારપાલ**ને આવી વાડાબંધીનાં કટુ પરિણામોનો ખ્યાલ આવ્યો કે તરત જ સંઘની એકતાને કાયમ રાખવા નવા મતવાદીઓને બહાર વિહાર કરવાનું ફરમાન કર્યું હતું. એ સમયે તેઓ ગુજરાતની બહાર ગયા અને અવસર

મળતા ગુજરાતમાં ફરી આવીને વસ્યા. તે મતોમાંના કેટલાક નવા મતો પોતાની પ્રરૂપણાને છોડી દઈ થોડેઘણે અંશે અસલ માર્ગે આવી ગયા. એવા મતોમાં **ચતુર્દશીશાખા** પણ એક મત હતો.

નાગેંદ્ર, ચંદ્ર, નિર્વૃતિ, વિદ્યાધર, ચૈત્યવાસી, ષંડેરક, ભાવાચાર્ય, કામ્યક, સંડેસરા, રાજ, ચૈત્રવાલ, નાણાવાલ, વલભી, વનવાસી, કૂચેરા, વડગચ્છ વગેરે સૌ **ચૌદશે** પાખી કરતા હતા. તેમાંથી આ૦ ચંદ્રપ્રભે સં. ૧૧૫૯માં **પૂનમિયાગચ્છ** ચલાવ્યો અને પૂનમે પાખી કરવાની પ્રરૂપણા કરી.

જો કે પ્રાચીન બધાયે ગચ્છો ચૌદશે પાખી પાળતા તેથી તેમાંના કોઈ એકેનું ચતુર્દશીયગચ્છ એવું નામ નહોતું. આથી નવા મતવાળા આ૦ ચંદ્રપ્રભના ગુરુબંધુ આ૦ મુનિચંદ્રને ચતુર્દશીગચ્છના કહેવા લાગ્યા. પણ તેઓ પરમ સૈદ્ધાંતિક અને વડગચ્છના આચાર્ય તરીકે વિખ્યાત હતા.એ પૂનમિયાગચ્છમાંથી ૭૫ વર્ષ બાદ એટલે સં. ૧૨૩૬માં **સાર્ધપૂનમિયાગચ્છ** નીકળ્યો. તેણે ફરીથી ચૌદશે પાખીની સ્થાપના કરી. એટલે સંભવ છે કે, તે ગચ્છ સમય જતાં **ચતુર્દશીગચ્છ** બની ગયો હોય. તેની પટ્ટાવલી આ પ્રમાણે બની શકે–

૪૦ આ૦ ચંદ્રપ્રભસૂરિ – સં. ૧૧૫૯ પૂનમિયાગચ્છ.

૪૧. આ૦ વિજયસિંહસૂરિ – તેઓ અગાઉ તો ચંદ્રાવતીના નવગૃહચૈત્યના ચૈત્યવાસી હતા.

૪૨. આ૦ સુમતિસિંહસૂરિ – તેમણે સં. ૧૨૩૬માં 'સાર્ધપૂનમિયાગચ્છ' ચલાવ્યો. (જૂઓ, પૃ. ૪૨૪)

૪૩. આ૦ ..... તેમણે ચતુર્દશીશાખા નામ રાખ્યું હશે.

૪૪. આ૦ દેવેન્દ્રસૂરિ – તેઓ પોતાને ચતુર્દશીશાખા જ બતાવે છે. તેમનો આબૂ તીર્થમાં રહેલ ભ૦ શાંતિનાથની પ્રતિમા પર આ પ્રમાણે લેખ મળે છે–

સં. ૧૩૩૧ વૈ. શુ. ૭ શુક્રવારે શાંતિનાથબિંબપ્રતિષ્ઠા પૂર્ણિમાપક્ષીય ચતુર્દશીશાખાયાં શ્રીદેવેન્દ્રસૂરિ-ઉપદેશેન કારિતા પ્ર૦ સૂરિભિઃ ॥

(પૂ. જયન્તવિજયજીનું અર્બૂદલેખસંદોહ, લે. ૫૩૦)

સ્પષ્ટ વાત છે કે આ૦ દેવેન્દ્રસૂરિ પૂનમિયાગચ્છના હતા પણ ચૌદશે પાખી માનતા હતા. ચઉદશિયા ચૌહાણ એ કદાચ આ ગચ્છને માટે લખાયું હશે.

તપગચ્છના તપસ્વી આ૦ **જગત્‌ચંદ્રસૂરિ**ના પટ્ટધર **આ૦ દેવેન્દ્રસૂરિ** હતા. (સ્વ. સં. ૧૩૨૭) ઉપા૦ દેવભદ્રગણિ તેમના શિષ્ય નહીં પણ ઉપા૦ હતા અને **વિજયચંદ્ર ગણિ** બીજા ઉપા૦ હતા. **આચાર્યશ્રી**એ ઉપા૦ વિજયચંદ્રને પોતાનો શિષ્ય હોવા છતાં અયોગ્ય જાણી આચાર્યપદ આપ્યું ન હતું અને તેથી જ આ૦ દેવેન્દ્રસૂરિએ પણ તેમને આચાર્યપદ આપ્યું નહીં. એટલે ઉપા૦ **દેવભદ્ર ગણિ**ની

પ્રેરણાથી ચતુર્દશી પક્ષના આ૦ દેવેન્દ્રસૂરિએ ઉપા૦ વિજયચંદ્ર ગણિને સં. ૧૨૯૬માં આચાર્યપદ આપ્યું.

૪૫. આ૦ હેમપ્રભસૂરિ – તેઓ ઝીંઝુવાડાના મહામંડલેશ્વર રાણા દુર્જનશલ્યના ગુરુ હતા. તેમણે સં. ૧૩૦૫ના માહ સુદિ ૧૩ ગુરુવારે 'ત્રૈલોક્યપ્રકાશ' (કેવલાદર્શ) નામનો પ્રસિદ્ધ તાજિક ગ્રંથ (ગ્રં. : ૧૧૬૦) રચ્યો[1] છે, જે જ્યોતિષી વિદ્વાનોમાં ઘણો પ્રામાણિક મનાય છે.

સં. ૧૫૦૬માં ચતુર્દશી પક્ષના ડેડરિયા આ૦ પાર્શ્વચંદ્ર વિદ્યમાન હતા. તેમજ ચતુર્દશી પક્ષના ચૈત્રગચ્છના આ૦ ગુણદેવના પટ્ટે આ૦ **જિનદેવ** વિદ્યમાન હતા. (આ૦ બુદ્ધિસાગરસૂરિકૃત ધાતુ પ્રતિમા લેખસંગ્રહ ભા. ૧-૨.) એટલે કે તેઓ **વૃદ્ધ તપાગચ્છમાં** મળી ગયા હતા.

એક જૂની ભાષા પટ્ટાવલીમાં ઉલ્લેખ છે કે, આ૦ **વિજયદેવસૂરિ**ના સમયે તપગચ્છના ૧૩ બેસણાં હતાં. ૧૩માં ચઉદ્દસીયાગચ્છનું પણ નામ છે. આથી સ્પષ્ટ થાય છે કે ચઉદ્દસીયાગચ્છ અને તપગચ્છની સામાચારી એક હતી. તે શ્રાવકો તપગચ્છમાં મળી ગયા છે. (પટ્ટાવલી સમુ૦ ભા. ૨, પૃ. ૨૫૬)

કચ્છૂલીગચ્છ

પૂર્ણિમાગચ્છના આ૦ ભદ્રેશ્વરસૂરિની એક શિષ્યપરંપરા કચ્છૂલીગચ્છ નામે જાહેર થઈ હતી. કાછોલી ગામ આબૂ ગિરિરાજની તળેટીમાં છે. તેનાં કચ્છૂલી, કછૂલી અને કચ્છોલિકા એવાં નામ પણ મળે છે. આ સ્થળેથી કચ્છૂલીગચ્છ અને કચ્છોલીજ્ઞાતિ નિકળ્યાં, જેનાં બીજાં નામો કચ્છોલીવાલગચ્છ અને કચ્છોલીવાલજ્ઞાતિ એવાં મળે છે. અહીં કચ્છોલીગચ્છનું ભ૦ પાર્શ્વનાથનું ભવ્ય અને વિશાળ મંદિર છે. કચ્છોલીગચ્છના આ૦ ઉદયસિંહસૂરિના સ્વર્ગવાસ પછી સં. ૧૩૦૩માં અહીંના શેઠ શ્રીપાલ વગેરે ગોઠી શ્રાવકોએ ભ૦ પાર્શ્વનાથની પ્રતિમાના જૂના પરિકરને બદલે નવું પરિકર બનાવેલ છે. તે સમયે કોઈ ગચ્છાચાર્ય ન હોવાથી કછોલીગોત્રગુરુણામુપદેશેન એમ લખ્યું છે અને મૂળ બિંબ ખંડિત થઈ જતાં તેના સ્થાને સં. ૧૯૭૮માં એ પુરાણા પરિકરમાં જ ભ૦ સંભવનાથની પ્રતિમા બેસાડવામાં આવી છે.

---

૧. कृत्तोऽयं केवलादर्शस्त्रैलोकस्य प्रकाशकः ।
श्रीमद्देवेन्द्रशिष्येण श्रीहेमप्रभसूरिणा ॥५७॥

इति प्रतिभासर्वज्ञ-त्रैविद्य-वृन्दारक-महामण्डलेश्वर-राणकशल्य-श्रीदुर्जनशल्यदेवगुरुभिः प्रणतपादश्रीश्रीदेवेन्द्रशिष्यैः श्रीहेमप्रभसूरिभिर्विरचिते त्रैलोक्यप्रकाशे ज्ञानदर्पणापरनाम्नि नव्यताजिके दिन-मास-वर्षार्धकाण्डमण्डलपद्धतिः समाप्ता ॥

–પાટણ, જૈન ભં. ડિ. ક્યો. વો. ૨ (ગા૦ ઓ૦ સિ૦)

પૂર્ણિમાગચ્છના આ૦ ભદ્રેશ્વરસૂરિની એક શિષ્યપરંપરા કચ્છોલીમાં આવી તે 'કચ્છૂલીગચ્છ' તરીકે જાહેર થઈ. એ ગચ્છના આચાર્યો કે યતિઓ રહ્યા નહીં ત્યારે શ્રાવકો પૂર્ણિમાગચ્છની આજ્ઞામાં હતા. કાછોલીની જિનપ્રતિમાઓ ઉપર પૂર્ણિમાપક્ષના ભટ્ટારક સર્વાનંદસૂરિ (સં. ૧૪૬૫, સં. ૧૪૯૨)નું નામ મળે છે. સિરોહીમાં ભ૦ અજિતનાથની દેરીઓ પર અને આબૂનાં જૈન મંદિરોમાં પૂર્ણિમાપક્ષે કચ્છુવાલગચ્છે, ભદ્રેશ્વરસૂરિસંતાને ભ૦ સર્વાનંદસૂરિ, ભ૦ ગુણસાગરસૂરિ અને યતિ ઉદયવર્ધન (સં. ૧૫૨૧ થી ૧૫૪૦ સુધી) વગેરે ઉલ્લેખો મળે છે એટલે કચ્છૂલીગચ્છ પૂર્ણિમાગચ્છની શાખા છે એ નક્કી વાત છે.

કચ્છૂલીગચ્છપટ્ટાવલી આ પ્રમાણે છે –

૪૦. આ૦ ચંદ્રપ્રભસૂરિ – સં. ૧૧૫૯.

૪૧. (આ૦ ધર્મઘોષ તથા) **આ૦ ભદ્રેશ્વરસૂરિ** – તેઓ પૂર્ણિમાગચ્છના હતા. તેઓ છ વિગઈના ત્યાગી હતા. તેમની પાટે પટ્ટધર આ૦ શ્રીપ્રભસૂરિ થયા.

પૂનમિયાગચ્છના આચાર્યે રચેલી સંસ્કૃત 'ક્ષેત્રસમાસ'ની વૃત્તિમાં જણાવ્યું છે કે, આ૦ ભદ્રેશ્વરસૂરિથી પૂર્ણિમાગચ્છની બીજી શાખા નીકળી.

૪૨. આ૦ શ્રીપ્રભસૂરિ – તેઓ કચ્છુલીના શ્રીવત્સકુળના[1] શેઠ છાહડ પોરવાલની શાખાના શેઠ જસહડના પુત્ર હતા. તેમણે શ્રીવત્સકુળની મદદથી કચ્છુલીગચ્છ સ્થાપન કર્યો. તેઓ કચ્છુલીગચ્છના આદિ આચાર્ય હતા. ક્રિયાપાત્ર, વિધિમાર્ગી, ગુણવાન અને તપસ્વી હતા. તે છ વિગઈના ત્યાગી હતા. એકાંતરે ઉપવાસ અને આયંબિલ કરતા હતા. તેમની પાસે વ્યાખ્યાનમાં શાંતિદેવી અને રાત્રે બ્રહ્મશાંતિ યક્ષ આવતો હતો. તેમણે કપિલકોટમાં માલારોપણ કરાવ્યું. તેમાં ૫૦૦ શ્રાવક તેમજ શ્રાવિકાઓને બાર વ્રત તથા સમકિત વગેરે આપ્યાં. તેમણે 'ધર્મવિધિ' નામે ગ્રંથ રચ્યો છે. તેઓ આરાસણમાં અનશન કરી કાળધર્મ પામ્યા.

૪૩. આ૦ માણિક્યસૂરિ – તે કપિલકોટના શ્રીવત્સકુલના બીજા ભાઈ યશોભટના વંશના શેઠ છાહડના પુત્ર હતા. તેમણે શ્રીપ્રભસૂરિ પાસે દીક્ષા લઈ વ્યાકરણ, છંદ, ન્યાય અને આગમનું અધ્યયન શરૂ કર્યું. ગુરુએ તેમને ગુણવાન જોઈ કચ્છૂલીમાં ભ૦ પાર્શ્વનાથના દેરાસરમાં આચાર્યપદ આપ્યું. તેઓ નિરંતર આયંબિલ કે નીવી કરતા હતા. મહાન તપસ્વી હતા. તેમના ચરણોદકથી રાજા ધવલ (યશોધવલ સં. ૧૨૨૦)ની રાણી મરવાની અણી ઉપર હતી તે નિરોગી થઈ ગઈ. તેઓ ધર્મપ્રભાવક હતા. તેમણે પોતાનું મરણ નજીકમાં જાણીને કચ્છૂલી જઈ બાસલના પુત્રને દીક્ષા આપી. તેમજ સંઘ મેળવીને ભ૦ પાર્શ્વનાથના

---

૧. શ્રીવત્સ કુળ માટે જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૧૫૨.

દેરાસરમાં તેમને આચાર્યપદવી આપી પોતાની પાટે સ્થાપન કર્યા. તે પછી એ આચાર્ય કાળધર્મ પામ્યા.

૪૨. આ૦ **શ્રીપ્રભસૂરિ**ની બીજી પરંપરામાં ૪૩. આ૦ નેમિપ્રભ, ૪૪. આ૦ લલિતપ્રભ અને ૪૫. આ૦ **સાગરચંદ્રસૂરિ** થયા. તેમણે 'મંત્રાધિરાજકલ્પ' પાંચ પટલમાં શ્લો. ૬૦૦ લગભગ રચ્યા છે.

(જૈનસ્તોત્રસંદોહ ભા. ૨, પૃ. ૨૨૭ થી ૨૮૮)

વળી ૪૨. આ૦ **શ્રીપ્રભસૂરિ**, ૪૩. આ૦ આણંદસૂરિ, ૪૪. આ૦ **અમરપ્રભ** – તેમણે ૧૩૧૫ના ફાગણ સુદિ ૪ ને બુધવારે અંબિકાની મૂર્તિની પ્રતિષ્ઠા કરી. આ મૂર્તિ પાલનપુરમાં વિશલરાય વિહાર – ભ૦ સુપાર્શ્વનાથની ભમતીમાં આજે વિદ્યમાન છે.

૪૪. આ૦ ઉદયસિંહસૂરિ – તેઓ કચ્છૂલીના શેઠ બાસલના પુત્ર હતા. તેઓ અજોડ વાદી, અમોઘ વ્યાખ્યાતા, ત્યાગી અને તપસ્વી હતા. આ૦ માણિક્યસૂરિએ તેમને દીક્ષા આપી હતી અને થોડા દિવસોમાં જ સંઘને મેળવીને આચાર્યપદવી પણ આપી દીધી હતી. આ૦ ઉદયસિંહસૂરિ વિહાર કરતાં કરતાં ચંદ્રાવતી પધાર્યા ત્યારે અહીં રાજા ધંધલ (ધારાવર્ષ : સં. ૧૨૬૩) હતો.[1] તેની સભામાં એક કબાડી ચાખડી પહેરીને આવ્યો. તેણે ઊભા ઊભા જ જાહેર કર્યું કે, 'હું મોટો વાદી છું. મેં મોટા મોટા પંડિતો, બ્રાહ્મણો અને તપસ્વીઓને હરાવ્યા છે. તારી સભામાં કોઈ એવો વિદ્વાન છે કે, જે મારી સાથે વાદ કરે ?'

રાજાએ મનમાં વિચાર કરી નિર્ણય કરી લીધો કે, જો આ૦ ઉદયસિંહસૂરિ અહીં પધારે તો મારી સભાની લાજ રહે તેમ છે. રાજા પોતે ઉપાશ્રયે ગયો અને આચાર્યશ્રીને વિનતિ કરી કે, 'આપ રાજસભામાં પધારો અને ચંદ્રાવતીને વિજયમાળા અપાવો.' આચાર્યે રાજા તથા સંઘ સાથે રાજસભામાં પધારી કબાડિયા સાથે વાદ માંડ્યો. આચાર્યે તેને શાસ્ત્રાર્થમાં હરાવ્યો અને પછી મંત્રવાદમાં પણ આ રીતે હરાવ્યો.

તે કબાડિયાએ ભયંકર કાળો ભોરિંગ સર્પ વિકુર્વ્યો. આચાર્યે ગરુડ મોકલી તેને પકડાવી લીધો. તેણે એક ઘસમસતો વાઘ વિકુર્વ્યો ને રાજસભામાં ખળભળાટ મચી ગયો. આચાર્યશ્રીએ રજોહરણ મોકલી વાઘને દૂર હઠાવ્યો ને સભામાં હર્ષનાદ થયો. તેણે પોતાનું ખપ્પર ઉપર આકાશમાં ઊંચે ઉડાડ્યું ત્યારે આચાર્યશ્રીએ તે ખપ્પર નીચે કબાડિયા ઉપર ઉતાર્યું ને તેના માથે પડતાં તેના ટુકડે ટુકડા થઈ ગયા. આથી કબાડિયાનું મોં શરમથી શ્યામ પડી ગયું. સભાએ

---

૧. સં. ૧૨૬૫ થી ૧૨૮૩ સુધીમાં નાડોલમાં ધાંધલદેવ ચૌહાણ રાજા હતો. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૧૨૪)

બૂમાબૂમ મચાવી દીધી. કબાડિયો દોડતો આવીને આચાર્યશ્રીના ચરણમાં ઝૂકી પડ્યો અને તેમની માફી માગી.

સભામાં મોટો અવાજ ઉઠ્યો કે – 'આચાર્ય જીતા ગયા, જીતી ગયા.'

આચાર્યશ્રીએ એ ખપ્પરના ટુકડા જોડી તેને મંત્રથી સાંધી દઈ મિષ્ટાન્નથી ભરી દીધું ને આચાર્યશ્રીનો જયકાર થયો.

આચાર્યશ્રી ત્યાંથી વિહાર કરી નાગહ્રદ તીર્થની યાત્રા કરી આહડ પધાર્યા. અહીં ટોડર નામે દિગંબર વાદી હતો, જે જાળ, કોદાળી, નીસરણી લઈ, પેટે પાંટો બાંધી ફરતો હતો અને તે કેવલિભુક્તિ તેમજ સ્ત્રીમુક્તિનો નિષેધ કરતો હતો.

આચાર્ય ઉદયસિંહસૂરિએ તેની સાથે વાદ કર્યો. તેમણે જીવમાત્ર સિદ્ધ અવસ્થામાં તથા વક્રગતિના ત્રણ સયમમાં આહાર લેતા નથી, બાકી તો તે નિરંતર આહાર લે જ છે. એટલે કેવલિને આહારનો અભાવ માનવો એ તો ભ્રમણા જ છે. આ વિશે નંદિમુનિ વગેરે અનેક દ્રષ્ટાંતો મળે છે. મરુદેવી માતા હાથીના હોદ્દા ઉપર બેઠેલી અવસ્થામાં મોક્ષે ગયાં. આથીયે એ ચોક્કસ છે કે, સ્ત્રી મોક્ષે જઈ શકે છે. ઈત્યાદિ પ્રમાણો આપી તેને હરાવ્યો.

તેમણે 'પિંડવિસોહીદીપિકા', સં. ૧૨૯૫માં 'ચેઈયવંદણદીપિકા' અને સં. ૧૨૫૩માં શ્રીપ્રભસૂરિએ રચેલા 'ધર્મવિધિ' ગ્રંથ ઉપર ટીકા (ગ્રં. ૫૫૨૦) રચી છે.

આચાર્યશ્રીએ આખરે ચંદ્રાવતી પધારી શ્રાવકોને ભલામણ કરી કે, 'કચ્છૂલીમાં સાજણ શેઠનો એક છ મહિનાનો પુત્ર છે તેને મારી પાટે સ્થાપજો.'

તેઓ સં. ૧૩૦૨માં કાળધર્મ પામ્યા.

તે પછી બીજા વર્ષે એટલે સં. ૧૩૦૩માં ગોઠી શ્રીપાલ વગેરે શ્રાવકોએ ભ૦ પાર્શ્વનાથના દેરાસરમાં મૂળનાયક ભ૦ પાર્શ્વનાથની પ્રતિમાના જૂના પરિકરને સ્થાને નવું પરિકર બનાવ્યું.

૪૫. આ૦ કમલસિંહસૂરિ – તેઓ કચ્છૂલીના શ્રીવત્સકુળના શેઠ છાહડ પોરવાલના વંશના શેઠ સાજનના પુત્ર હતા. તેમનો જન્મ સં. ૧૩૦૧માં, દીક્ષા સં. ૧૩૦૬માં અને સં. ૧૩૦૮ના વૈશાખ સુદિ ૩ના દિવસે તેમને આચાર્યપદ મળ્યું. સંઘે તેમને આ૦ ઉદયસિંહસૂરિની પાટે સ્થાપન કર્યા. તેમણે ગૌતમ-સ્વામીનો મંત્ર સાધ્યો. તેમણે યોગોપધાન કર્યા. અગિયાર અંગોનુ અધ્યયન કર્યું. ગુજરાત, મેવાડ, માલવા, ઉજ્જૈન વગેરે સ્થાને વિહાર કરી ઘણી શાસનપ્રભાવના કરી. તેમણે સં. ૧૩૩૭માં છયણી નગરમાં પોતાની પાટે આ૦ પ્રજ્ઞાતિલકને સ્થાપન કરી અનશન સ્વીકારી આત્મકલ્યાણ સાધ્યું.

૪૬. આ૦ પ્રજ્ઞાતિલકસૂરિ – તેઓ શ્રીવત્સકુળના શેઠ છાહડના વંશના પોરવાડ હતા. તેમણે સં. ૧૩૩૭માં આચાર્યપદ મળ્યું.

૪૭. આ૦ રત્નપ્રભસૂરિ – તેઓ શ્રીવત્સકુળના શેઠ છાહડ પોરવાલના વંશના હતા. તેમણે કોરટા તીર્થમાં સં. ૧૩૬૩માં 'કચ્છૂલી રાસ' બનાવ્યો. જસાકની બહેન વીંઝીએ તેમને 'ઉપદેશમાલા' વહોરાવી. સંભવતઃ આ૦ રત્નપ્રભસૂરિ સં. ૧૩૭૧માં શત્રુંજયોદ્ધારમાં હાજર હતા.

૪૮. આ૦ નરચંદ્રસૂરિ – સં. ૧૪૧૮ના કાર્તિક વદિ ૧૦ના રોજ કચ્છૂલીમાં તેમના ભાઈ ગુણભદ્ર નામે હતા.

(કચ્છુલીરાસ, કાછોલીદેરાસરના શિલાલેખો, પટ્ટાવલીસમુચ્ચય ભા.૨, જૈનસત્યપ્રકાશ ક્રમાંક : ૧૪૫, જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્રશસ્તિ : ૮૬)

કછોલીગચ્છમાં સં. ૧૫૦૦માં આ૦ સકલચંદ્ર અને સં. ૧૫૭૩માં આ૦ વિજયરાજ તથા તેમના પટ્ટધર આ૦ વિદ્યાસાગર થયા હતા.

પ્રકરણ : એકતાલીશમું

આચાર્ય અજિતદેવસૂરિ

આ૦ મુનિચંદ્રસૂરિની પાટે આ૦ અજિતદેવસૂરિ થયા. તેઓ આ૦ મુનિચંદ્ર-સૂરિના શિષ્ય હતા, પટ્ટધર હતા. છયે દર્શનોના ન્યાયગ્રંથોના પારગામી હતા. સંસ્કૃતમાં ગદ્ય-પદ્ય રીતે શીઘ્રતાથી બોલી શકતા હતા. તર્કના સાગર હતા. આથી વાદીઓ તેમનાથી હાર પામી દૂર દૂર ચાલ્યા જતા હતા. (–દ્વિસંધાનકાવ્ય)

તેઓ સૌરાષ્ટ્રમાં ઘણો કાળ વિચર્યા. તેમણે સં. ૧૧૯૧માં **જીરાવલાતીર્થ**ની સ્થાપના કરી.

આ અરસામાં ઘણા પ્રભાવક જૈનાચાર્યો, જૈન રાજાઓ, જૈન વિદ્વાનો, જૈન શ્રેષ્ઠીરત્નો, જૈન સ્ત્રીરત્નો અને વિવિધ સાહિત્યનું નિર્માણ વગેરે થયાં.

યુગપ્રધાનાચાર્ય ધર્મઘોષસૂરિ (સં. ૧૧૮૮) –

તેમનો યુગપ્રધાનકાળ સં. ૧૧૧૦ થી ૧૧૮૮ હતો. તેઓ રાજગચ્છના આ૦ ધર્મઘોષસૂરિ હોવાનો સંભવ છે. (પ્રક. ૩૫, પૃ. ૨૯)

આ૦ હેમચંદ્રસૂરિવરો –

રાજા સિદ્ધરાજ અને રાજા કુમારપાલના રાજકાળમાં આ૦ હેમચંદ્રસૂરિ નામના ત્રણ વિદ્વાનો થયા હતા.

(૧) મલધારગચ્છના આ૦ અભયદેવસૂરિના પટ્ટધર, સં. ૧૧૬૪. (પ્રક. ૩૮, પૃ. ૨૭૫)

(૨) પૂર્ણતલ્લગચ્છના આ૦ દેવચંદ્રસૂરિના પટ્ટધર કલિકાલસર્વજ્ઞ આ૦ હેમચંદ્રસૂરિ, સ્વ. સં. ૧૨૨૯. (પ્રક. ૪૧, પૃ. ૪૭૦)

(૩) વડગચ્છના આ૦ વિજયસિંહસૂરિના પટ્ટધર. (પ્રક. ૪૨, પૃ. ૫૨૪)

આ૦ વિનયચંદ્રસૂરિ (સં. ૧૧૬૬) –

તેઓ વડગચ્છના આ૦ ઉદ્દ્યોતનસૂરિના શિષ્ય ઉપા૦ આમ્રદેવના શિષ્ય હતા, ઉપાધ્યાય હતા. તેમણે સૈદ્ધાંતિક આ૦ મુનિચંદ્રસૂરિને અભ્યાસ કરાવ્યો. સં. ૧૧૬૬માં 'કથાકોશ' નામે ગ્રંથની રચના કરી.

આ૦ યશોદેવસૂરિ (સં. ૧૧૭૭-૧૧૮૨) –

તેઓ પ્રસિદ્ધ આ૦ વીરગણિ મિશ્રના પ્રશિષ્ય હતા. (પ્રક. ૩૪, પૃ. ૪૮૮)

તેમણે ઘણા ગ્રંથો રચ્યા હતા. તે આ પ્રકારે છે –

૧. પંચાસગ વૃત્તિ, સં. ૧૧૭૨.

૨. ઈર્યાપથિકી-ચૈત્યવંદન-વંદનકચૂર્ણિ, સં. ૧૧૭૪.

૩. આ૦ જિનવલ્લભકૃત પિંડવિસોહી'ની લઘુવૃત્તિ (ગ્રં. ૨૮૦૦), સં. ૧૧૭૬માં, જેને વડગચ્છના શ્રુતનિકષપટ્ટ પૂજ્ય મુનિચંદ્રસૂરિએ શોધી હતી. કચ્છૂલીગચ્છના આ૦ ઉદયસિંહે આ વૃત્તિના આધારે સં. ૧૨૯૫માં 'પિંડવિસોહી-દીપિકા' રચેલી છે.

૪. પક્ખિસુત્તની સુખાવબોધિકાવૃત્તિ.

૫. ખામણા–અવચૂરિ ગ્રં. ૩૧૦૦, સં. ૧૧૮૦માં રાજા સિદ્ધરાજના રાજ્યમાં પાટણમાં સોની નેમિચંદની પોષાળમાં રચી.

(પૂના–પ્રશસ્તિસંગ્રહ, પ્રતિ નં. ૧૧૫૫)

૬. પચ્ચક્ખાણ સરૂવં, સં. ૧૧૮૨.

૭. પારકા સંઠિઅં–ચક્રાવલીમાં તેનો ઉદ્ધાર કર્યો. (પ્રક. ૩૪, પૃ. ૪૮૮)

આ૦ દેવગુપ્તસૂરિ –

આ૦ દેવગુપ્તે સવા લાખ દ્રમ્મ છોડી દીક્ષા લીધી. તેમનાં મુનિ ધનદેવ, ઉપા૦ યશોદેવ અને આ૦ દેવગુપ્તસૂરિ એવાં નામો મળે છે.

૧. તેમણે સં. ૧૧૬૫માં પાટણમાં ભ૦ મહાવીરસ્વામીના ઉપકેશગચ્છના દેરાસરમાં પોતાના પૂર્વજ આ૦ દેવગુપ્તે (પ્રક. ૧, પૃ.૨૪) રચેલી 'નવપદપ્રકરણ'ની લઘુવૃત્તિ પર 'બૃહદ્વૃત્તિ' રચી.

૨. સં. ૧૧૭૪માં તે જ સ્થાને તેમણે 'નવતત્ત્વ પ્રકરણ વૃત્તિ' રચી.

૩. સં. ૧૧૭૮માં 'ચંદ્રપ્રભચરિત્ર' રચ્યું, જે આશાપુરમાં શરૂ કરીને પાટણમાં પૂર્ણ કર્યું.

તેઓ સં. ૧૨૩૨ સુધી વિદ્યમાન હતા. તેમણે પોતાની પાટે પોતાના ગુરુભાઈ સિદ્ધસૂરિને સ્થાપન કર્યા અને તેમનું સ્વર્ગગમન થવાથી સં. ૧૨૩૨માં આ૦ કક્કસૂરિને સ્થાપન કર્યા. (–પ્રક. ૧, પૃ. ૨૪, ૨૫)

શ્રીવીરાચાર્ય –

તેઓ ભાવાચાર્યગચ્છના સિદ્ધપુરુષ હતા. રાજા સિદ્ધરાજના ગુરુ હતા. (તેમનો પરિચય જૂઓ, પ્રક. ૩૪, પૃ. ૫૫૭માં.) કલ્યાણના રાજા પરમર્દિએ તેમને પાંચ હાથી ભેટ આપ્યા હતા. (વિ૦ ગ૦ પટ્ટા૦ સં૦, પૃ. ૬૫)

આ૦ અમરચંદ્રસૂરિ, આ૦ હરિભદ્રસૂરિ –

આ૦ અમરચંદ્રસૂરિએ 'સિદ્ધાંતાર્ણવ'ની રચના કરી અને આ૦ હરિભદ્રે સં. ૧૨૫૦માં 'તત્ત્વબોધ' તથા 'ચંદપ્પહચરિત્ર' રચ્યું. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૫)

આ૦ સાગરચંદ્રસૂરિ –

રાજગચ્છના **આ૦ વૈરસ્વામી**ના પટ્ટધર આ૦ નેમિચંદ્રસૂરિના પટ્ટધર આ૦ સાગરચંદ્ર હતા. તેમની પાટે આ૦ **માણિક્યચંદ્ર** આવ્યા.

(જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૨૬)

આ૦ નન્નસૂરિ –

તેમણે સં ૧૧૯૯માં 'ધમ્મવિહી' ગ્રંથ રચ્યો.

શ્રીવર્ધમાનાચાર્ય –

તેઓ નિર્વૃતિકુલના **કામ્યકગચ્છના શ્રીગોવિંદાચાર્ય**ના શિષ્ય હતા. તેમણે સં. ૧૧૯૭માં 'ગણરત્નમહોદધિ' (વ્યાકરણ વિષયક) ગ્રંથ રચ્યો.

(જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૩૪; પ્રક. ૩૮, પૃ. ૨૭૧)

આ૦ જયમંગલસૂરિ –

તેમણે સં. ૧૧૯૦થી સં. ૧૧૯૮ના ગાળામાં પાટણમાં રાજા **સિદ્ધરાજ**ની સભામાં 'કવિશિક્ષા' નામના ગ્રંથની રચના કરી.

જાલોરના દેવાચાર્યગચ્છમાં આ૦ જયમંગલ (સં. ૧૩૧૯થી ૧૩૩૪) થયા છે તે આ આચાર્યથી જુદા છે. (જૂઓ, પ્રક. ૪૧, પૃ. ૪૬૩)

આ૦ પ્રદ્યુમ્નસૂરિ, આ૦ શાંતિસૂરિ –

પૂર્ણતલ્લગચ્છમાં થયેલા ક.સ.આ૦ હેમચંદ્રસૂરિના ગુરુભાઈ આ૦ પ્રદ્યુમ્નસૂરિ સં. ૧૨૨૯ તથા આ૦ શાંતિસૂરિ સં. ૧૧૮૦માં થયા. (–પ્રક. ૩૫, પૃ. ૯-૧૦)

આ૦ સુમતિસૂરિ –

તેઓ સંડેરકગચ્છમાં આ૦ ઈશ્વરસૂરિની ૮મી પાટે થયા. તેમણે 'દસવેયાલિયસુત્ત'ની ટીકા રચી છે, જે સં. ૧૧૮૮માં તાડપત્ર ઉપર લખાયેલી છે.

(પ્રક. ૩૪, પૃ. ૪૭૧)

આ૦ મલ્લવાદીસૂરિ (ત્રીજા) –

તેમનો પરિચય અગાઉ જણાવ્યો છે. (જૂઓ, પ્રક. ૨૩, પૃ. ૩૧૪)

સાધ્વી દેવશ્રી ગણિની –

તેમણે સં. ૧૧૯૨માં ખેડામાં રાજા **સિદ્ધરાજ**ના મંત્રી ગાંગિલના કાળમાં ખેડાના વહીવટદાર રાજ૦ સોમદેવના સમયે આ૦ **મહેશ્વરસૂરિ**એ રચેલી 'પુપ્ફવઈકહા'ની પ્રતિ તાડપત્રમાં લખાવી.

(–જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, પારા : ૩૫૫)

સાધ્વીજી –

પૂજ્ય મૂલચંદજી ગણિવરના સમુદાયના મુનિવર શ્રીયશોવિજયજીના સંગ્રહમાં સં. ૧૨૦૫ની મહત્તરા સાધ્વીજીની મૂર્તિ વિરાજમાન છે.

પાટણના અષ્ટાપદજીના દેરાસરમાં સં. ૧૨૦૫ની સાધ્વીજી **દેમતી ગણિનીની** મૂર્તિ વિરાજમાન છે.

સંભવ છે કે, આ દેમતી ગણિની તે બ્રહ્માણગચ્છના આ૦ વિમલસૂરિની સાધ્વી મીનાગણિનીની શિષ્યા નંદાગણિની, તેમની શિષ્યા લક્ષ્મીદેમતી હોય.
(જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૪૯)

માતરના દેરાસરમાં સં. ૧૨૯૮ની **આર્યા પદ્મશ્રી**ની મૂર્તિ છે.
(–જૈનયુગ (નવું) વર્ષ : ૨, અંક : ૧)

આ૦ મલયગિરિ –

તેઓ વિક્રમની બારમી સદીની સમાપ્તિ સમયના સમર્થ ગ્રંથકાર હતા. આગમિક રહસ્યના સફળ પ્રકાશક હતા. આ આચાર્યશ્રીના જીવન વિશે કોઈ માહિતી મળતી નથી. અંધારામાં દીવા જેવો એક માત્ર ઉલ્લેખ મળે છે કે, આ૦ દેવેન્દ્રસૂરિ, આ૦ હેમચંદ્રસૂરિ અને આ૦ મલયગિરિએ એકીસાથે સરસ્વતીની સાધના કરી હતી અને તેમની પાસેથી વરદાન મેળવ્યું હતું. આ૦ મલયગિરિએ સિદ્ધાંતોની સરળ ટીકા રચવાનું વરદાન માગ્યું હતું; અને દેવીએ 'તથાઽસ્તુ' કહ્યું હતું.

તે પછી તેમણે કીમતી સાહિત્યભંડાર રજૂ કર્યો હતો. એ ગ્રંથોના નામ આ પ્રકારે છે –

૧. ભગવઈસુત્ત શતક બીજાની વૃત્તિ.
૨. ભગવઈસુત્ત શતક વીસમાની વૃત્તિ.
૩. રાયપસેણીસુત્ત-વૃત્તિ (ગ્રં. ૩૭૦૦).
૪. જીવાજીવાભિગમસુત્ત-વૃત્તિ (ગ્રં. ૧૩૦૦૦).
૫. પન્નવણાસુત્ત-વૃત્તિ (ગ્રં. ૧૬૦૦૦).
૬. સૂરપણ્ણત્તિ-વૃત્તિ (ગ્રં. ૯૦૦૦).
૭. ચંદપણ્ણત્તિ-વૃત્તિ (ગ્રં. ૯૪૧૧).
૮. જંબૂદીવપણ્ણત્તિ-વૃત્તિ.
૯. નંદીસૂઅ-વૃત્તિ (ગ્રં. ૭૭૩૫).
૧૦. મહાકપ્પસૂઅ-પેઢિયાવૃત્તિ (ગ્રં. ૧૩૧૪).
આ વૃત્તિ અધૂરી રહી છે. આ૦ ક્ષેમકીર્તિએ તેને પૂરી કરી છે.
૧૧. વવહારસુત્ત-વૃત્તિ (ગ્રં. ૩૩૬૨૫).
૧૨. જોઈસકરંડય-વૃત્તિ (ગ્રં. ૫૦૦૦).
૧૩. આવસ્સયસુત્ત-વૃત્તિ (ગ્રં.૨૨૦૦૦).
૧૪. ઓહનિજ્જુત્તિ-વૃત્તિ (ગ્રં. ૭૫૦૦).
૧૫. પિંડનિજ્જુત્તિ-વૃત્તિ (ગ્રં. ૭૦૦૦).

૧૬. વિસેસાવસ્સય-વૃત્તિ (ગ્રં. .....)
૧૭. કમ્મપયડી-વૃત્તિ.
૧૮. ખિત્તસમાસ-વૃત્તિ.
૧૯. હારિભદ્રીય ધમ્મસંગહણી-વૃત્તિ.
૨૦. ધર્મસાર-વૃત્તિ.
૨૧. ચંદ્રપ્રભ મહત્તરકૃત-પંચસંગહ-વૃત્તિ. (ગ્રં. ૧૮૮૫૦).
૨૨. ષડશીતિ-વૃત્તિ.
૨૩. સપ્તતિકા-વૃત્તિ.
૨૪. **મુષ્ટિ વ્યાકરણ**–(શબ્દાનુશાસન) અ૦ ૧૨, સ્વોપજ્ઞ-વૃત્તિ સાથે સં. ૧૨૦૮.
૨૫. **દેશીનામમાલા**, સં. ૧૨૦૮.

આચાર્યશ્રીએ પોતાના ગ્રંથોમાં શબ્દસિદ્ધિ માટે પોતાના 'મુષ્ટિ વ્યાકરણ'ના જ સૂત્રો ટાંક્યા છે અને પોતાની 'દેશીનામમાલા'નો ઉપયોગ કર્યો છે. આચાર્યશ્રીને રાજા સિદ્ધરાજના સમયે 'મુષ્ટિ વ્યાકરણ' અને રાજા કુમારપાલના સમયે તેની ટીકા બનાવી છે. 'સિદ્ધહેમચંદ્ર શબ્દાનુશાસન' અને 'મુષ્ટિવ્યાકરણ'માં સૂત્ર તથા પ્રયોગોની એવી સામ્યતા છે કે સામાન્ય મનુષ્ય એમાં ભૂલ કરી બેસે. જેમ કે –

" सिद्धिः स्याद्वादात् ॥ लोकात् ॥ ख्याते दृश्ये ॥ अदहदरातीन् कुमारपालः ॥"
(–સિદ્ધહેમચન્દ્ર વ્યાકરણ)

" सिद्धिरनेकान्तात् ॥ लोकाद वर्णक्रमः ॥ ख्याते दृश्ये ॥ अरूणत् कुमारपालोऽरातीन् ॥" (–મુષ્ટિવ્યાકરણ)

'જીવાજીવાભિગમસૂત્ર'ની વૃત્તિમાં **દેશીનામમાલા**ના જે પ્રમાણો આપ્યાં છે તે કવિ **ધનપાલ** અને આ૦ હેમચંદ્રસૂરિની 'દેશીનામમાલા'માં નથી, એટલે માની શકાય એમ છે કે, આ પાઠ પણ વ્યાકરણની જેમ પોતાની જ 'દેશીનામમાલા'ના આપ્યા છે.

તેઓ 'આવસ્સયસુત્ત'ની વૃત્તિમાં ક.સ. આ૦ **હેમચંદ્રસૂરિ**ને 'तथा चाहुः स्तुतिषु गुरवः' કહી સંબોધે છે.

આચાર્યશ્રીએ આ ગ્રંથો રચતાં એક જ કામના રાખી હતી કે, 'મને આ ગ્રંથ બનાવવાથી જે લાભ થાય તે વડે જગતના તમામ જીવો બોધિબીજને પામે, એમ હું ઇચ્છું છું.'

'આ ગ્રંથ–રચનાના ફળરૂપે મારી એ જ અભિલાષા છે કે, સૌ જીવો સમ્યક્ત્વ પામે, આત્મકલ્યાણ સાધે અને મોક્ષ મેળવે.'

તેઓ આ પરહિત ભાવનાથી જ જગતને મોટો ગ્રંથસંગ્રહ આપી ગયા છે.

આ૦ **ક્ષેમકીર્તિસૂરિ** તેમનાં મલય નામ અને સાહિત્યની મીઠાશને મિતાક્ષરીમાં શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં કહે છે કે –

' आगमदुर्गमपदसंशयादितापो विलीयते विदुषाम् ।
यद्वचनचन्दनरसैः मलयगिरिः स जयति यथार्थः ॥ '

(સં. ૧૩૩૨ના જેઠ સુદિ ૧૦ ને રવિવારે 'કલ્પભાષ્ય'ની મોટી ટીકા ગ્રં. ૪૨૬૦૦). (–જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૭૩-૭૪-૭૫ સંયુક્ત અંક)

આ૦ ચંદ્રસૂરિ – તે નાગેંદ્રગચ્છના હતા. તેમણે વિવિધ ગ્રંથો બનાવ્યા હતા. સં. ૧૧૮૦માં રાજા સિદ્ધરાજના રાજ્યમાં તેમણે પાટણમાં સોની નેમિચંદની પોષાળમાં પક્ખિસુત્તની વૃત્તિ (ગ્રં. ૩૧૦૦) રચી હતી. આ વૃત્તિને વિહારી ગીતાર્થ આચાર્યોએ શોધી હતી. (–પૂના, પ્રશસ્તિસંગ્રહ, પ્રતિ નં. ૧૧૫૫; પ્રક. ૧૫, પૃ. ૨૮૨; પ્રક. ૩૫, પૃ. ૪)

આ૦ સિદ્ધસેનસૂરિ –

ઉપકેશગચ્છના મુનિ સાધારણ કવિએ સં. ૧૧૨૩માં ધંધુકામાં 'વિલાસવઈકહા' રચી. તે પછી તેઓ– આ૦ સિદ્ધસેનસૂરિ થયા.

આ૦ વાદિદેવસૂરિ –

ગુજરાતની ઉત્તરે આવેલા આબૂ પહાડથી નૈઋત્ય ખૂણામાં ૨૫ માઈલ દૂર મડાર નામે ગામ છે.[1] ત્યાં વીરનાગ નામે પોરવાલ શ્રેષ્ઠી રહેતો હતો. તેને જિનદેવી નામે પત્ની હતી. એ કુટુંબ આ૦ મુનિચંદ્રસૂરિને ગુરુ તરીકે માનતું હતું.

એક વખત જિનદેવીએ સ્વપ્નમાં પોતાના મુખમાં પેસતા ચંદ્રમાને જોયો ને તેણે સં. ૧૧૪૩ના માઘ માસની વદિ ૬ ને સોમવારે હસ્તનક્ષત્રમાં **પૂર્ણચંદ્ર** નામના બાળકને જન્મ આપ્યો.

એકવાર ભયંકર દુકાળ પડતાં શેઠ વીરનાગ મડાર છોડી ભરૂચ આવી વસ્યો. ત્યાં આ૦ મુનિચંદ્રસૂરિ પધાર્યા હતા. તેમના ઉપદેશથી ત્યાંના શ્રાવકોએ વીરનાગને બધી રીતે સહાય આપી. આઠ વર્ષનો પૂર્ણચંદ્ર પણ મસાલાની ફેરી કરવા લાગ્યો. તે ખાસ નિયત ઘરોમાં જતો હતો. ત્યાંથી તેને દ્રાક્ષ વગેરે ચીજો ખાવાને મળતી. અહીંના એક શેઠના પાપના ઉદયથી ઘરમાંના સૌનેયા અને રૂપિયા કોલસા બની ગયા હતા. તે તેને ઉકરડે નાખ્યા. એવામાં પૂર્ણચંદ્ર ફેરી કરતો કરતો તેને ઘેર ગયો અને ઉકરડે ધન પડેલું જોઈને તે શેઠને કહેવા લાગ્યો : શેઠજી ! તમે આ ધન ઉકરડે કેમ નાખ્યું છે ?' શેઠે પૂર્ણચંદ્રને ભાગ્યશાળી સમજી જણાવ્યું કે, 'ભાઈ ! તું આ ધન વાંસની છાબમાં ભરી ભરીને મને આપ.' સરળ બાળકે તે મુજબ કર્યું એટલે કોલસા સોનું-રૂપું બની ગયા. શેઠે પ્રસન્ન થઈ પૂર્ણચંદ્રને એક સોનામહોર ઈનામમાં આપી.

---

૧. મડાર ગામ અને મડાહડગચ્છ માટે જૂઓ, પ્ર.૩૭, પૃ. ૨૦૩-૨૦૪.

આ૦ **મુનિચંદ્રસૂરિ**એ આ વૃત્તાંત જાણી વીરનાગને કહ્યું : 'મહાનુભાવ ! લક્ષ્મી આ બાળકને વરવા ઇચ્છે છે, એવાં એનાં લક્ષણો છે. એ બાળક ભાગ્યશાળી છે. જો એ સાધુ થાય તો શાસનની ભારે ઉન્નતિ કરે.' આચાર્યશ્રીએ આ પ્રમાણે કહી તેની પાસે પૂર્ણચંદ્રની માગણી કરી. શેઠે વિનીતભાવે જણાવ્યું, 'ગુરુદેવ ! હું વૃદ્ધ થયો છું. તેની મા પણ વૃદ્ધ છે. અંમારે આ એક જ પુત્ર છે. અમારું ભાવિ એના ઉપર જ છે.' છતાં 'ગુરુદેવની આજ્ઞા હું સહર્ષ સ્વીકારું છું. શાસનની ઉન્નતિ માટે હું પુત્રવાત્સલ્યનો ભોગ આપું છું.'

આચાર્યશ્રીએ પૂર્ણચંદ્રના મા-બાપની રજા મેળવી સં. ૧૧૫૨માં તેને દીક્ષા આપી તેનું નામ મુનિ **રામચંદ્ર** રાખ્યું.

શ્રીસંઘે પણ શેઠ વીરનાગ અને જિનદેવીને આનંદથી જીવન ગુજારે અને નિશ્ચિંતપણે ધર્મધ્યાન કરી શકે એવી વ્યવસ્થા કરી દીધી.

મુનિ રામચંદ્રે વ્યાકરણ, સાહિત્ય, ન્યાય અને સિદ્ધાંતનું જ્ઞાન મેળવ્યું. તેમણે થોડા સમયમાં જ વાદશક્તિ કેળવી લીધી. એ શક્તિથી તેમણે ધોળકામાં શિવસુખ બ્રાહ્મણને, સાચોરમાં કાશ્મીરસાગર (કિરપુર)ને, નાગોરમાં દિગંબર ગુણચંદ્રને, ચિત્તોડમાં શિવભૂતિ ભાગવતને, વસુભૂતિ મીમાંસકને, ગ્વાલિયરમાં ગંગાધરને, ધારામાં ધરણીધરને, પુષ્કરિણીમાં પદ્માકરને, ભરૂચમાં કૃષ્ણ બ્રાહ્મણને, નરવરમાં ધીસારને તથા તહનગઢમાં ગેરુઆ વસ્ત્રધારીને હરાવી **વાદી** તરીકેની નામના મેળવી.

એ સમયે ખ્યાતનામ વિદ્વાનો વાદી મુનિ રામચંદ્ર, મહાપંડિત વિમલચંદ્ર, બુદ્ધિશાળી હરિચંદ્ર, પં૦ સોમચંદ્ર, કુલભૂષણ પાર્શ્વચંદ્ર, વિદ્વાન શાંતિચંદ્ર (શાંતિ-કળશ) અને સ્વચ્છ આશયી અશોકચંદ્ર પ્રાજ્ઞ એ દરેકમાં પરસ્પર ગાઢ પ્રેમ હતો.

આ કથનનો વિશાળ અર્થ એ થાય છે કે, પં૦ રામચંદ્ર તે વડગચ્છના આ૦ વાદી દેવસૂરિ, પં૦ વિમલચંદ્ર તે ઉપાધ્યાય વિમલચંદ્ર ગણિ, હરિચંદ્ર તે વડગચ્છના આ૦ હરિભદ્ર (સં. ૧૨૨૩માં ચંદપ્પહચરિયના કર્તા), પં૦ **સોમચંદ્ર** તે ક.સ.**આ૦ હેમચંદ્રસૂરિ**, પં૦ પાર્શ્વચંદ્ર તે રાજગચ્છના આ૦ ચંદ્રસૂરિ, પં૦ શાંતિચંદ્ર તે પિપ્પલકગચ્છસ્થાપક આ૦ શાંતિસૂરિ અને અશોકચંદ્ર તે સુવિહિતશાખાના આ૦ અશોકચંદ્રસૂરિ એ સૌ સમકાલીન વિદ્વાન મુનિવરો હતા. જેઓ આપસઆપસમાં અત્યંત **પ્રેમભાવ**નો વર્તાવ રાખતા.

ગુરુમહારાજે સં. ૧૧૭૪ તપો(મહા)માસ સુદિ ૧૦ના રોજ મહામાત્ય **આશુક** પોરવાડની વિનતિથી પં૦ રામચંદ્રને આચાર્યપદ આપ્યું, જેઓ આ૦ **દેવસૂરિજી**, દેવાચાર્ય, આ૦ દેવચંદ્રસૂરિ તથા આ૦ **વાદિદેવસૂરિ** એમ વિવિધ નામોથી વિખ્યાત થયા.

આ૦ દેવસૂરિએ પોતાની ફોઈને દીક્ષા આપી, તેનું નામ સાધ્વી **ચંદનબાલા** રાખ્યું. આ૦ દેવસૂરિના કુટુંબમાંથી માતા,પિતા, ભાઈ વિજય અને બેન સરસ્વતી તેમજ વિમલચંદ્ર વગેરેએ તો પહેલેથી જ દીક્ષા અંગીકાર કરી હતી.

શેઠ **ઉદયને ધોળકામાં** શ્રીસીમંધરસ્વામીની પ્રતિમા ભરાવી. તેની અંજન-શલાકા કરવા માટે અઠ્ઠમ તપ કરી શાસનદેવીને પૂછ્યું. દેવીએ જણાવ્યું કે, 'આ૦ દેવસૂરિ યુગપ્રધાન છે. તેમના હાથે આ પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવજે.' આ૦ દેવસૂરિએ તે શેઠની વિનતિથી ધોળકામાં આવીને સં. ૧૧૭૫માં તે પ્રતિમાની અંજનશલાકા અને પ્રતિષ્ઠા કરી. જે સ્થાન 'ઉદાવસહી'ના નામથી પ્રસિદ્ધ થયું.[૧]

આ આચાર્યશ્રીએ નાગોર તરફ વિહાર કર્યો. તેઓ સપરિવાર આબૂતીર્થમાં પધાર્યા. પહાડ ઉપર ચડતાં રસ્તામાં મહેતા અંબાપ્રસાદને સાપ કરડ્યો હતો, પણ આચાર્યશ્રીના પાદપક્ષાલન કરેલા પાણીથી તેનું ઝેર ઊતરી ગયું. સૌએ આનંદપૂર્વક ઉપર જઈને ભ૦ ઋષભદેવની યાત્રા કરી.

અહીં **અંબિકાદેવી**એ પ્રત્યક્ષ થઈ આચાર્યશ્રીને જણાવ્યું કે, 'ગુરુદેવનું આયુષ્ય ૮ મહિના બાકી છે, તો તમે પાછા ફરો અને પાટણ પધારો.' આથી આચાર્યશ્રી વિહાર કરી પાટણ પધાર્યા. અને આ૦ **મુનિચંદ્રસૂરિ**એ સં. ૧૧૭૮ના કાર્તિક વદિ ૫ના દિવસે **પાટણ**માં વિધિપૂર્વક અનશન આદરી સ્વર્ગવાસ કર્યો.

આ દરમિયાન ભાગવતદર્શનનો ઉદ્‌ભટ વિદ્વાન **દેવબોધિ** પાટણમાં આવ્યો. તે વાદમસ્ત હતો. તેણે રાજસભાના દરવાજે પાટિયું લટકાવી તેમાં નીચેનો શ્લોક લખ્યો –

'एक-द्वि-त्रि-चतुः-पञ्च-षण्मेनकमनेन काः ? ।
देवबोधे मयि क्रुद्धे षण्मेनकमनेन कः ?॥

છ મહિના પસાર થઈ ગયા પણ કોઈ વિદ્વાન આવી એની સાથે વાદ કરવા તૈયાર થયો નહીં, રાજા **સિદ્ધરાજ** મૂંઝાયો. મંત્રી **અંબાપ્રસાદે** રાજવીને સૂચવ્યું કે, 'આ શ્લોકનો પરમાર્થ આ૦ દેવસૂરિ બતાવી શકશે.'

આ૦ દેવસૂરિ પાસે રાજાની વિનંતિ આવી ત્યારે આચાર્યશ્રીએ આ શ્લોકનો અર્થ આ રીતે કરી બતાવ્યો –

ચાર્વાક, વૈશેષિક, નૈયાયિક, સાંખ્ય, પ્રભાકર અને મીમાંસક એમ ઘણાં દર્શનો છે. તેમાંના કોઈ એક પ્રત્યક્ષ પ્રમાણ, કોઈ પ્રત્યક્ષ સાથે અનુમાન એમ બે પ્રમાણ, કોઈ આગમ સાથે ત્રણ પ્રમાણ, કોઈ ઉપમાન સાથે ચાર પ્રમાણ, કોઈ અર્થાપત્તિ ઊમેરીને પાંચ પ્રમાણ અને કોઈ પ્રત્યક્ષ, અનુમાન, આગમ,

---

૧. મંત્રી આંબડે ધોળકામાં ઉદાવસહીના સ્થાને 'ઉદયવિહાર'ની સ્થાપના કરી હતી. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૧૪૧, ૧૪૪)

ઉપમાન, અર્થાપત્તિ તથા અભાવ એમ છ પ્રમાણ માને છે. માત્ર હું દેવબોધિ રૂહું તો છ દર્શનો કે ઘણાં દર્શનોમાંથી એક પણ ન રહે.

આ ખુલાસાથી દેવબોધિને આશ્ચર્ય સાથે ખુશી થઈ અને રાજવીને પરમ આનંદ થયો.

આ આચાર્યશ્રીના ઉપદેશથી શેઠ **થાહડે** પાટણમાં દેરાસર બંધાવી ભ૦ મહાવીરસ્વામીનું તેજસ્વી બિંબ ભરાવ્યું અને આચાર્યશ્રીએ સં. ૧૧૭૯માં તેની અંજનશલાકા તથા પ્રતિષ્ઠા કરી.

આચાર્યશ્રી વિહાર કરી નાગોર ગયા ત્યારે ત્યાંના રાજા **અર્ણોરાજ ચૌહાણ** તથા મસ્તવાદી **દેવબોધિ**એ આચાર્યશ્રીનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. આચાર્યશ્રી પાટણ આવી ગયા ત્યારે **સિદ્ધરાજે** શાકંભરી પર હલ્લો કરી ત્યાં પોતાની આજ્ઞા પ્રર્વતાવી હતી.

આચાર્યશ્રીએ પાટણમાં ચતુર્માસ ગાળ્યું અને બીજે વર્ષે **કર્ણાવતીમાં સિદ્ધ** શ્રાવકના ઉપાશ્રયમાં ચતુર્માસ વિતાવ્યું. કર્ણાટકના રાજાના ગુરુ **દિગંબરાચાર્ય વાદી કુમુદચંદ્ર**નું પણ તે વર્ષે ચતુર્માસ કર્ણાવતીમાં હતું. તેને આ૦ દેવસૂરિ સાથે વાદ કરવાનું મન થયું. તેણે એક દિવસે વાચાલ ચારણોને શિખવાડીને આ૦ દેવસૂરિ પાસે મોકલ્યા.

એક વાર વાદી કુમુદચંદ્રે એક વૃદ્ધ શ્વેતાંબર સાધ્વી **સરસ્વતીશ્રી**ની ઘણી કદર્થના કરી.. સાધ્વીજીએ આ૦ દેવસૂરિ પાસે આવી એ વૃત્તાંત જણાવ્યો. અને સાથોસાથ ઉત્તેજક વાણીમાં જણાવ્યું કે, 'મોટા મહારાજે તમને આચાર્ય બનાવ્યા તે અમારી વિડંબના જોવા માટે જ કે ? તમારી વિદ્વત્તા શું કામ આવશે ? તમારી મોટાઈ શું કામની ? શત્રુને ન જિતાય તો હથિયાર શા કામનાં ? અક્ષમ્ય પરાભવ વધતો જાય એવી સમતા શા કામની ? અનાજ સુકાઈ જાય એવી સમતા શા કામની ? એને એની દુષ્ટતાનું ફળ જ્યારે મળશે ત્યારે મળશે પણ તમારો આશ્રિત સંઘ તો તમારા આ સમભાવથી પતન પામશે.'

આચાર્યશ્રીએ ખૂબ શાંતિ અને ધીરજથી આ બધું સાંભળ્યું. સાધ્વીજીને શાંત કરી ઉપાશ્રયે મોકલ્યાં અને પાટણના સંઘને પં૦ માણેક્યચંદ્ર પાસે પત્ર લખાવી જણાવ્યું કે, 'અહીં દિગંબર વાદી છે. તે વાદ કરવા ઇચ્છે છે. અમારો વિચાર છે કે તેની સાથે પાટણમાં શાસ્ત્રાર્થ કરવો. આ માટે અમારે પાટણ આવવાનું છે વગેરે વગેરે.'

ખેપિયો નવ કલાકમાં કર્ણાવતીથી પાટણ પહોંચ્યો અને શ્રીસંઘને તે પત્ર આપ્યો.

પાટણના સંઘે આચાર્યશ્રીને તરત જણાવ્યું કે, 'આપ જલ્દી પાટણ પધારો. સંઘની રક્ષા તથા મહત્તા આપના હાથમાં જ છે. આપ સિદ્ધરાજની સભામાં

જ શાસ્ત્રાર્થ કરો. અમે સૌ આપનો વિજય જોવાને ઉત્સુક છીએ. સંઘમાં ૩૦૭ શ્રાવકોએ નક્કી કર્યું છે કે, એ શાસ્ત્રાર્થ ચાલે ત્યાં સુધી આપના વિજય માટે અમે સૌ આયંબિલનું તપ કરીશું.'

પાટણની રાજસભામાં શાસ્ત્રાર્થ –

આ૦ દેવસૂરિએ વાદી કુમુદચંદ્રને જણાવ્યું કે, 'હું પાટણ જાઉં છું. તમે પણ પાટણ આવો. ત્યાં રાજસભામાં શાસ્ત્રાર્થ થશે.'

આ૦ દેવસૂરિએ પાટણ તરફ વિહાર કર્યો. માર્ગમાં ઘણા સારા શકુનો થયા. તેઓ પાટણ જઈને રાજાને મળ્યા.

દિગંબરાચાર્ય કુમુદચંદ્રે પણ પાટણ તરફ વિહાર કર્યો. તેમણે અશુભ શકુનોને પણ શુભ માની પાટણમાં પ્રવેશ કર્યો. તેમણે ખજાનાના મંત્રી ગાંગિલ નાગર, શાસ્ત્રાર્થ સભામાં ત્રણ કેશવ વગેરે સભ્યો અને નવા દર્શનવાળાઓને મળીને ધન અપાવી પોતાના પક્ષમાં લીધા.

શેઠ **થાહડ** અને શેઠ **નાગદેવ** મોઢે આ૦ દેવસૂરિને ઉપરથી ઘટના જણાવીને વિનંતિ કરી કે, 'અમારું ધન ધર્મની રક્ષા માટે જ છે, તો આપણે ધનથી કામ લેવું જોઈએ.'

આચાર્યશ્રીએ હસીને ઉત્તર આપ્યો કે, 'મહાનુભાવો ! ધનથી વિજયને ખરીદવો, એની કોઈ કીમત નથી. એવો વિજય અને પરાજય એક જ સરખા છે. વિજય તો વિદ્યાથી જ મળવો જોઈએ. બીજી ખટપટની જરૂર નથી. દેવ-ગુરુની કૃપાથી સૌ સારાં વાનાં થશે. તમારે કોઈએ આ રસ્તે દ્રવ્યવ્યય કરવો નહીં.'

દિગંબરાચાર્યે પોતાની પત્રિકા સ્થાને સ્થાને ચોડાવી અને યતિઓના વીશ ઉપાશ્રયોમાં વાજતેગાજતે જલ-તૃણ મુકાવ્યાં. શેઠ થાહડે રાજસભામાં દરવાજે લટકતી પત્રિકા ફાડીને ફેંકી દીધી.

રાજા સિદ્ધરાજે કવિચક્રવર્તી **શ્રીપાલ** મારફત આ વૃત્તાંત જાણ્યો.

રાજાના હુકમથી મંત્રી **ગાંગિલ** અને તે પછી તેનો ભાઈ પ્રતિજ્ઞાપત્ર લખાવવા ગયા પણ આચાર્યશ્રીએ તેમને ફૂટેલા જાણી કંઈ જ જવાબ ન આપ્યો, એટલે રાજાએ પં૦ વિજયસેનને મોકલીને બંનેનું પ્રતિજ્ઞાપત્ર લખાવ્યું.

રાજમાતા **મયણલ્લદેવી**ને પિયરના કારણે દિગંબર આચાર્ય તરફ પક્ષપાત હતો એટલે આ૦ હેમચંદ્રસૂરિ તેમને રાજમહેલમાં મળ્યા. તેમણે જણાવ્યું કે, 'માતાજી ! રાજસભામાં શાસ્ત્રાર્થ થશે તેમાં દિગંબરો એવું સિદ્ધ કરવાના છે કે, સ્ત્રીઓએ કરેલો ધર્મ નકામો જાય છે. જ્યારે શ્વેતાંબરો એવું સિદ્ધ કરવાના છે કે, સ્ત્રીઓએ કરેલો ધર્મ નકામો જતો નથી.'

રાજમાતાને પણ તપાસ કર્યા પછી નક્કી થયું કે આ૦ હેમચંદ્રની વાત સાચી છે એટલે તેમણે દિગંબરો તરફનો પક્ષપાત છોડી દીધો.

આ તરફ આ૦ દેવસૂરિ, આ૦ હેમચંદ્રસૂરિના શિષ્યોએ અને પંડિતોએ જુદા જુદા દિગંબરાચાર્ય પાસે જઈ જાણી લીધું કે, દિગંબરાચાર્ય સિદ્ધાંતમાં પૂરા કુશળ નથી.

રાજાએ શાસ્ત્રાર્થ માટે સં. ૧૧૮૧ (સં. ૧૧૮૨)ના વૈશાખ સુદિ ૧૫ નો દિવસ નક્કી કર્યો.

તે દિવસે સૌ રાજસભામાં આવવા લાગ્યા. દિગંબરાચાર્ય તરફથી કુમુદચંદ્ર તથા ત્રણ કેશવ પંડિત આવ્યા. શ્વેતાંબરો તરફથી આ૦ **વાદિદેવસૂરિ, આ૦ હેમચંદ્ર, આ૦ યશોભદ્ર, આ૦ જયસિંહ,** કવિચક્રવર્તી, **શ્રીપાલ, કૈરવરાજ** અને **ભાનુચંદ્ર** (ભાભૂ) વગેરે આવ્યા. રાજસભાના સભાસદો મહર્ષિ, ઉત્સાહ, સાગર અને રામ વગેરે વિદ્વાનો આવ્યા.

હજી શાસ્ત્રાર્થનો સમય થયો નહોતો. તેથી થોડા સમય માટે વિદ્વાનોને યોગ્ય શબ્દાર્થની ગમ્મત ચાલી.

આ૦ કુમુદચંદ્ર – પીતં તક્રમ્ ? છાશ પીધી ને ?

આ૦ હેમચંદ્ર – આપ અસત્ય કેમ બોલો છો ? વૃદ્ધ છો એટલે ? તક્રં તુ શ્વેતં ભવતિ ન તુ પીતમ્ । છાશ તો ધોળી હોય છે પીળી હોતી નથી, સમજ્યા ને?

આ૦ કુમુદચંદ્ર – તું હજી બાળક છે. તારી સાથે શો વાદ કરવો ?

આ૦ હેમચંદ્ર – બાળક કોણ છે ? જેને લંગોટી પણ ન પહેરી હોય તે. આપ જુઓ છો કે મેં તો કપડાં પહેર્યાં છે.

આ૦ કુમુદચંદ્ર – શ્વેતાંબરોએ આ રણાંગણમાંથી સત્વર પલાયન કરવું એ જ ઉચિત માર્ગ છે.

આ૦ દેવસૂરિ – આ શાસ્ત્રાર્થ છે. જ્યાં શાસ્ત્રની કીમત છે, ત્યાં શસ્ત્રો સજાવવામાં આવે અને રણાંગણ બને તો તેઓ જે 'શીઘ્ર પલાયન' કરવાનું કહે છે તેમને જ નાશી જવું ઉચિત છે.

રાજા જયસિંહ – હવે શાસ્ત્રાર્થ શરૂ કરો.

દિગંબરોએ લખાવ્યું કે, આ૦ કુમુદચંદ્રનો આ મત છે –

' केवलि हूओ न भुंजइ चीवरसहियस्स नत्थि निव्वाणं ।
इत्थी हुआ न सिज्झइ मयमेयं कुमुदचंदस्स ॥ '

– કેવળજ્ઞાનવાળો આહાર ન કરે, વસ્ત્રધારી મનુષ્ય મોક્ષે જાય નહીં અને સ્ત્રી મોક્ષને સાધી ન શકે.

શ્વેતાંબરોએ લખાવ્યું કે, આ૦ દેવસૂરિનો મત છે કે –

' केवलि हूओ वि भुंजइ चीवरसहियस्स अत्थि निव्वाणं ।
इत्थी हुआ वि सिज्झइ मयमेयं देवसरीणं ॥ '

– કેવળજ્ઞાનવાળો પણ આહાર કરે, વસ્ત્રધારી પણ મોક્ષે જાય અને સ્ત્રી પણ મોક્ષને સાધી શકે.

બંનેનું પ્રતિજ્ઞાપત્ર આ પ્રમાણે હતું :–

આ શાસ્ત્રાર્થમાં જો દિગંબર હારે તો પાટણ છોડીને ચાલ્યા જાય. શ્વેતાંબર હારે તો તે શ્વેતાંબર ધર્મ છોડી દિગંબર બની જાય અને શ્વેતાંબર ધર્મ હાર્યા પછી અહીં રહે નહીં.

આ હાર-જીતમાં એ પણ મુદ્દો હતો કે, વાદી કુમુદચંદ્રને ગુજરાતમાં વિવેકી વિદ્વાનો છે, રાજા સિદ્ધરાજ ચક્રવર્તી છે, પાટણ નરસમુદ્ર છે વગેરે બિરુદ અંકિત શબ્દો પણ ખટકતા હતા. તે ત્રણેને ખોટા ઠરાવવા હતા. (–પ્રબંધાવલી)

આ૦ કુમુદચંદ્રે મંગલાચરણ કર્યું કે –

खद्योतद्युतिमातनोति सविता जीर्णोर्णनाभालय–
च्छायामाश्रयते शशी मशकतामायान्ति यत्राद्रयः ।
इत्थं वर्णयतो नभस्तव यशो जातं स्मृतेर्गोचरं
तद् यस्मिन् भ्रमरायते नरपते ! वाचस्ततो मुद्रिताः ॥

– ટૂંકમાં હે રાજન્ ! તારા યશના મુકાબલામાં આ અનંત આકાશ પણ ભમરા જેવું દીસે છે, આથી વધુ કહેવાને મારી જીભ ચાલતી નથી.

શ્રોતાઓ સમજી ગયા કે, આ શાસ્ત્રાર્થમાં વાદી કુમુદચંદ્રની જીભ નહીં ચાલે.

આ૦ દેવસૂરિએ મંગલાચરણ કર્યું કે –

नारीणां विदधाति निर्वृतिपदं श्वेताम्बरप्रोन्मिषत्-
कीर्तिस्फातिमनोहरं नयपथप्रस्तारभङ्गीगृहम् ।
यस्मिन् केवलिनो न निर्जितपरोत्सेकाः सदा दन्तिनो
राज्यं तज्जिनशासनं च भवतः चौलुक्य ! जीयाच्चिरम् ॥

હે ચૌલુક્યરાજ ! સ્ત્રીઓને પણ મોક્ષની પ્રાપ્તિનું વિધાન કરનારા શ્વેતાંબરોથી વિકસિત અને સ્ફુરાયમાન કીર્તિ વડે જે મનોહર લાગે છે. વળી, નયમાર્ગના વિવિધ પ્રકારો અને ભંગો જેમાં દર્શાવ્યા છે અને બીજાઓ – પરવાદીઓના ગર્વનો સદા પરાજય કરનારા હાથીઓ જેવા કેવળજ્ઞાનીઓ જેમાં છે, એવું તારું રાજ્ય અને જિનેશ્વર ભગવંતોનું શાસન ચિરકાળ જય પામો.

શ્રોતાઓ સમજી ગયા કે આ મંગલાચરણ જ શ્વેતાંબરોનો વિજય બતાવે છે.

વાદી કુમુદચંદ્રે સ્વપક્ષ રજૂ કર્યો કે, સ્ત્રી એ જૂઠ, સાહસ, કપટ, તુચ્છતા વગેરેનું ઘર છે, તેથી મોક્ષ માટે તે સર્વથા અયોગ્ય છે.

આ૦ દેવસૂરિએ સિદ્ધ કર્યું કે, સ્ત્રી એક મહાન સત્ત્વવાળી શક્તિ છે. તીર્થંકરોની માતા, રાજમાતા મયણલ્લદેવી, સીતા, સુભદ્રા, રાજિમતી, અનસૂયા

વગેરે દેવીસ્વરૂપ નારીઓ સાત્વિકતાનાં પ્રતીકો છે. એટલે કે, સ્ત્રી પણ પોતાના સત્ત્વથી મોક્ષે જવાને યોગ્ય છે. આમાં પ્રથમ ૫૦૦ પ્રશ્નો અને તેના ૫૦૦ ઉત્તરો થયા, તેમાં ૨૫ દિવસ વીતી ગયા.

તે પછી આચાર્યશ્રીએ વાદિવેતાલ આ૦ શાંતિસૂરિની 'ઉત્તરજ્ઝયણ'ની પાઇયવૃત્તિના આધારે સ્ત્રી-મુક્તિ અંગે અનેક વિકલ્પોનો ઉપન્યાસ કર્યો. વાદી કુમુદચંદ્ર આ વસ્તુને બરાબર ધારી શક્યા નહીં એટલે આચાર્યશ્રીએ એ વાદ ત્રણ વાર કહી સંભળાવ્યો.

આ૦ કુમુદચંદ્રે જણાવ્યું કે, 'આ વાદને **વસ્ત્ર પર** લખી લો.'

શાસ્ત્રાર્થસભાના પંડિત **મહર્ષિ**એ જાહેર કર્યું કે, 'વાદી વાદને લખવાનું કહે છે, એટલે મૌખિક વાદ સમાપ્ત થાય છે. મૌખિક વાદમાં દિગંબર હારી ગયા અને શ્વેતાંબર જીત્યા છે. હવે લેખિત વાદ શરૂ થાય છે.'

રાજાની આજ્ઞાથી પં૦ કેશવે આ૦ દેવસૂરિના વાદને લખી લીધો. વાદી કુમુદચંદ્રે તે વાંચ્યો. તેમાં વપરાયેલ કોટાકોટિ શબ્દ ઉપર તેમણે વાંધો ઉઠાવ્યો.

આ સમયે રાજવીની સૂચનાથી રાજ્યના પ્રસિદ્ધ વ્યાકરણજ્ઞાતા પં૦ **કાકલ કાયસ્થે** પાણિનીય તેમજ શાકટાયન વ્યાકરણના ટાપટીપ સૂત્રથી નિર્ણય આપ્યો કે, કોટાકોટિ, કોટીકોટિ, અને કોટિકોટિ એ ત્રણ શબ્દો વ્યાકરણસિદ્ધ અને શુદ્ધ છે.

વાદી કુમુદચંદ્રે પોતાનો પરાજય અનુભવ્યો એટલે હવે મંત્રતંત્રનું શરણ લીધું, પણ તેમાંયે તેને કોરી નિષ્ફળતા જ મળી.

બસ હવે આ૦ કુમુદચંદ્રને કહેવું પડ્યું કે, '**દેવાચાર્ય** મહાન છે, તેઓ મહાવાદી છે.'

સભામાં તરત જ ગર્જારવ થયો કે, 'આ૦ વાદી દેવસૂરિનો વિજય થયો છે.'

રાજવીએ તેને **વાદીન્દ્ર**નું બિરુદ આપ્યું અને વિજયપત્ર લખી આપ્યો.

આચાર્યશ્રીએ રાજવીને જણાવ્યું કે, 'આ શાસ્ત્રીય વાદ છે. તેમાં હું આશા રાખું છું કે, હારનારનો કોઈએ તિરસ્કાર કરવો જોઈએ નહીં.'

રાજાએ તેમની આ વિવેકી માગણીને કબૂલ રાખી.

આ૦ કુમુદચંદ્ર રાજસભામાં પાછલા દરવાજેથી ચાલ્યા ગયા.[૧] આજે પાટણમાંથી જ નહીં; ગુજરાતભરમાંથી દિગંબરોનો પગ સદાને માટે ઊખડી ગયો.

---

૧. આ૦ કુમુદચંદ્ર વિક્રમની બારમી સદીના સમર્થ દિગંબર આચાર્ય હતા. તેમણે દિગંબર સંઘને અનેક વિદ્યાશિષ્યો આપ્યા હતા. દિગંબરાચાર્ય કુંદકુંદાચાર્યના 'પ્રવચનસાર'ની તાત્પર્યવૃત્તિ રચનાર આ૦ **જયસેન** પણ તેમના જ વિદ્યાશિષ્ય હતા. તે પોતાની **પ્રશસ્તિ**માં જણાવે છે કે – " **अज्ञानतमसा लिप्तो मार्गः रत्नत्रयात्मकः ।**
तत्प्रकाशसमर्थाय नमोऽस्तु कुमुदेन्दवे ॥१॥ "

यदि नाम कुमुदचन्द्रं नाजेष्यद् देवसूरिरहिमरुचिः ।
कटिपरिधानमधास्यत् कतमः श्वेताम्बरो जगति ? ॥

– સૂર્ય જેવા તેજસ્વી આ૦ દેવસૂરિએ કુમુદચંદ્ર ઉપર વિજય ન મેળવ્યો હોત તો જગતમાં ક્યો શ્વેતામ્બર કટીપરિધાન કરત ? અર્થાત્ બધાને દિગંબર જ બનવું પડત. (પ્રભાવકચરિત્ર)

જૈનોએ વાજતે-ગાજતે વિજયોત્સવ મનાવ્યો. રાજા **સિદ્ધરાજ** એક ગુજરાતી પંડિતના વિજયમાં **ગુજરાતનો વિજય** માનતો હતો, એવા આનંદનું એને ગૌરવ હતું. તેથી તે આ૦ દેવસૂરિના હાથનો ટેકો ઝીલીને તેમની સાથે ચાલતો હતો. શેઠ થાહડે આ વિજયની ખુશીમાં ભાટ-ચારણ અને માંગણોને ત્રણ લાખ રૂપિયાનું દાન કર્યું. સૌ રાજસભામાંથી વાજતેગાજતે નીકળીને શેઠ થાહડના દેરાસરમાં ભ૦ મહાવીરસ્વામીનાં દર્શન કરી આચાર્યશ્રીને ઉપાશ્રયે લઈ ગયા.

રાજાએ આ વિજયના ઉપલક્ષમાં આચાર્યશ્રીને **છાલા** વગેરે ૧૨ ગામ તથા એક લાખ દ્રવ્ય આપ્યું પણ આચાર્યશ્રી નિઃસ્પૃહ સાધુ હતા. તેમણે એ દાન સ્વીકાર્યું નહીં.

વાદીન્દ્ર દેવસૂરિ તુષ્ટિદાન લેતા નથી એ જાણી **રાજાએ** એ રકમમાંથી પાટણમાં ભવ્ય **જિનાલય** બંધાવ્યું, તથા ભ૦ **ઋષભદેવ**ની ૮૫ આંગળ ઊંચી પિત્તલની ભવ્ય પ્રતિમા ભરાવી અને સં. ૧૧૮૩ના વૈશાખ સુદિ ૧૨ના દિવસે ચારે કુલના આચાર્યોને મેળવી આ૦ દેવસૂરિના હાથે તે દેરાસરમાં તેની અંજન-શલાકા અને પ્રતિષ્ઠા કરાવી. આ સ્થાન 'રાજવિહાર' નામથી ખ્યાતિ પામ્યું.

આ વિજયના ઉપલક્ષમાં રાજા સિદ્ધરાજની પ્રેરણાથી મંત્રી **આલિગે** સિદ્ધપુરમાં **ચતુર્મુખ જિનપ્રાસાદ** બંધાવ્યો.

આ૦ વાદિદેવસૂરિએ સં. ૧૧૭૫માં ધોળકામાં ઉદાવસહીની, સં. ૧૧૭૯માં પાટણમાં શેઠ થાહડના જિનચૈત્યની અને સં. ૧૧૮૩માં પાટણમાં રાજવિહારની પ્રતિષ્ઠા કરી. સં. ૧૧૯૮માં સિદ્ધપુરમાં રુદ્રમહાલયના વ્યવસ્થાપક મંત્રી આલિગના ચતુર્મુખપ્રાસાદ નામના રાજવિહારમાં પ્રતિષ્ઠા કરી.

આરાસણાના મહં૦ ગોગાના પુત્ર **પાસિલ** શ્રેષ્ઠીએ આરાસણા (કુંભારિયા)માં ૪૫ હજાર સોનામહોર ખરચીને ભ૦ નેમિનાથનું ભવ્ય દેરાસર બંધાવ્યું. આ૦ દેવસૂરિએ સં. ૧૧૯૩ના વૈશાખ સુદિ ૧૦ ને ગુરુવારે પ્રતિષ્ઠા કરી. કોઈ કોઈ સ્થાને સં. ૧૨૨૬માં પ્રતિષ્ઠા કર્યાનું લખ્યું છે.

(જૂઓ, પ્રક. ૩૭, પૃ. ૨૫૪(૧); પ્રક. ૪૧, પૃ. ૫૧૬)

આચાર્યશ્રીએ **શાકંભરી** તરફ વિહાર કર્યો ત્યારે મેડતામાં ચાતુર્માસ વીતાવ્યું. **ફલોધિ**માં માસકલ્પ કર્યો. એ અરસામાં ફલોધિમાં ભ૦ પાર્શ્વનાથની ચમત્કારી

પ્રતિમા પ્રગટ થઈ. આચાર્યશ્રીએ પોતાના શિષ્ય પં૦ ધામગણિ તથા પં૦ સુમતિગણિને વાસક્ષેપ આપી મોકલ્યા અને સં. ૧૧૯૯ના ફાગણ સુદિ ૧૦ ને ગુરુવારે તે મૂર્તિનો પ્રવેશ કરાવ્યો. આ૦ જિનચંદ્રને મોકલી સં. ૧૨૦૪ના મહા સુદિ ૧૩ ને શુક્રવારે પ્રતિમાજી, કળશ-ધ્વજા-દંડ વગેરેની પ્રતિષ્ઠા કરાવી. એટલે ફલોધિ પાર્શ્વનાથનું તીર્થ આ૦ દેવસૂરિ-પ્રતિષ્ઠિત મનાય છે. અજમેર, નાગોરના જૈનો અને જાંબડો અહીંના ગોઠી બન્યા હતા. (–પુરાતનપ્રબંધસંગ્રહ)

એકવાર આચાર્યશ્રી **પિપ્પલવાટક**ના જંગલમાં જતા હતા ત્યારે તેમની સામે એક સિંહ દોડતો આવીને ઊભો રહ્યો. તેમણે આડી રેખા ખેંચીને તેને રોકી રાખ્યો. આ જંગલના બાલ તથા વૃદ્ધ મુનિઓને ભૂખનો પરિષહ ઊભો થયો. આચાર્યશ્રીએ મનમાં વિચાર કર્યો એટલામાં તો એક સાર્થવાહ એ માર્ગે થઈને નીકળ્યો. તેણે આહાર-પાણીથી મુનિભક્તિનો લાભ લીધો. સમય જતાં અહીં **ભોરોલ તીર્થ** થયું.[૧]

ધર્મપ્રચાર – તેમના ઉપદેશથી મહામાત્ય સાંતૂએ પોતાના નવા ઘરની પોષાળ બનાવી. ૩૫ હજાર ઘરો એટલે સાડાત્રણ લાખ મનુષ્યોએ જૈન ધર્મ સ્વીકાર્યો. એ જ રીતે કોરટાના **મંત્રી નાહડ, મંત્રી સાલિગ** વગેરેએ પણ જૈનધર્મ સ્વીકાર્યાનું મનાય છે.[૨]

ગ્રંથો – આચાર્યશ્રીએ 'પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર' પરિચ્છેદ : ૮, મૂલસૂત્ર ૩૭૪, તેના ઉપર મોટી ટીકા 'સ્યાદ્વાદરત્નાકર' (ગ્રં. ૮૪૦૦૦) બનાવી છે. 'મુણિચંદ્રસૂરિગુરુથુઈ ગ્રં. ૪૨ (૪૧), ગુરુવિરહવિલાપ, દ્વાદશવ્રતસ્વરૂપ, કુરુકુલ્લાદેવીસ્તુતિ, પાર્શ્વ-ધરણેંદ્રસ્તુતિ, કલિકુંડપાર્શ્વનાથયંત્રસ્તવન શ્લોક ૧૦, જીવા-જીવાભિગમ-લઘુવૃત્તિ, યતિદિનચર્યા, ઉપધાનસ્વરૂપ, પ્રભાતસ્મરણ, ઉપદેશ-કુલક, સંસારોદ્વિગ્ન મનોરથકુલક' વગેરે ગ્રંથો રચ્યા. સં. ૧૧૭૪માં નાગોરમાં, પાટણમાં પોતાના ગુરુદેવને 'ઉવએસપદ-ટીકા' રચવામાં સહાય કરી.

તેઓ આ૦ **ભદ્રેશ્વરસૂરિ**ને પોતાનો ગચ્છ ભળાવી સં. ૧૨૨૬ના શ્રાવણ વદિ ૭ ગુરુવારે ૮૩ વર્ષની વયે સમાધિપૂર્વક કાળ કરી **સ્વર્ગે** ગયા.

(પ્રભાવકચરિત, પ્રબંધ ચિંતામણિ, ઉપદેશતરંગિણી, પટ્ટાવલીઓ, શિલાલેખો, આ૦ શ્રીજયશેખરનું વાદીન્દ્રદેવસૂરિ મહાકાવ્ય, જૈનસત્યપ્રકાશ ક્ર. ૫૬)

---

૧. 'ભારોલતીર્થ' માટે જૂઓ પ્રક. ૩૬, પૃ. ૧૮૩.

૨. ૧૭. આ૦ વૃદ્ધદેવ, ૩૭. આ૦ દેવ કે ૪૧ આ૦ વાદિદેવસૂરિના ઉપદેશથી નાહડ વગેરે જૈન થયાનું મનાય છે. એવું લખાણ મળે છે કે, આ૦ વાદિદેવસૂરિ તેમની વૃદ્ધાવસ્થામાં સં. ૧૨૨૫માં કોરટામાં ચોમાસું કરવા પધાર્યા ત્યારે અહીં મંત્રી નાહડ, મંત્રી સાલિગ વગેરે આચાર્યશ્રીનો ઉપદેશ સાંભળી જૈન થયા. તેઓએ ૭૨ જિનવિહારો બનાવ્યા. મં૦ સાલિગે પ્રતિજ્ઞા કરી હતી કે, જિનપૂજા કર્યા વિના મુખમાં અનાજનો દાણો પણ નાખવો નહીં.

પ્રશંસા –

જૈન લેખકો **વાદિદેવસૂરિ**એ મેળવેલા વાદવિજયને ભારે ગૌરવથી લલકારે છે. એ વિશે કેટલાંક પ્રમાણો આ છે –

(૧) જેમણે દિગંબર વાદીને હિતવાણીથી શમમાર્ગમાં સ્થાપન કર્યો અને રાજાના નિગ્રહથી બચાવ્યો, તેમજ જેઓ સૌને સન્મતિ આપે છે તે દેવસૂરિ સદા આનંદ આપો. (તત્કાલીન રાજવૈતાલિકનું કવિત, પ્રભાવકચરિત્ર)

૨ યદિ નામ કુમુદચન્દ્રં નાજેષ્યદ્ દેવસૂરિરહિમરુચિઃ ।
કટિપરિધાનમધાસ્યત્ કતમઃ શ્વેતામ્બરો જગતિ ? ॥
(આ૦ હેમચંદ્રસૂરિની ઉક્તિ, પ્રભાવકચરિત્ર, પ્રબંધચિંતામણિ, રાજગચ્છાવલી, પૃ. ૬૩)

૩. આસ્થાને જયસિંહદેવનૃપતેર્યેનાસ્તદિગ્વાસસાં ।
સ્ત્રીનિર્વાણસમર્થનેન વિજયસ્તમ્ભઃ સમુત્તમ્ભિતઃ ॥૩॥
(આ૦ રત્નપ્રભસૂરિની ઉપદેશમાલાટીકા-પ્રશસ્તિ)

પાયં પાયં પ્રવચનસુધા પીયતે યા પ્રકામં
સ્વૈરં સ્વૈરં વહતિ કૃતિનાં કીર્તિવલ્લીવનેષુ ।
દોગ્ધ્રી કામાન્ નવનવરસૈઃ સા ભૃશં પ્રીણયન્તી
માદૃગ્ વસ્તાન્ જયતિ જગતિ શ્રીગવી દેવસૂરેઃ ॥૩॥
(આ૦ રત્નપ્રભસૂરિની ઉપદેશમાલા દોઘટ્ટીવૃત્તિ-મંગલાચરણ)

૪. દિગંબર આચાર્યે કીર્તિરૂપી ગોદડી ઓઢીને નગ્નતાનો ભંગ કર્યો અને આ૦ દેવસૂરિએ તો તે ગોદડી ફાડી નાખી, તેને ફરી નિર્ગ્રન્થ બનાવ્યો.
(આ૦ ઉદયપ્રભસૂરિ, પ્રબંધચિંતામણિ)

૫. નગ્નો યત્ પ્રતિધર્માત્ કીર્તિયોગપટં ત્યજન્ ।
હ્રિયેવાઽત્યાજિ ભારત્યા દેવસૂરિર્મુદેઽસ્તુ વઃ ॥
યઃ શ્વેતામ્બરશાસનસ્ય વિજિતે નગ્ને પ્રતિષ્ઠા ગુરુઃ ।
તદ્વેવાદ્ ગુરુતોઽપ્યમેયમહિમા શ્રીદેવસૂરિપ્રભુઃ ॥
(આ૦ મેરુતુંગસૂરિકૃત પ્રબંધચિંતામણિ)

૬. વસ્ત્રપ્રતિષ્ઠાચાર્યાય નમઃ શ્રીદેવસૂરયે ।
યત્પ્રસાદમિવાખ્યાન્તે સુખપ્રશ્નેષુ સાધવઃ ॥

–વસ્ત્રની પ્રતિષ્ઠા કરનારા આ૦ દેવસૂરિને નમસ્કાર હો, ગુરુવંદનમાં 'સ્વામી શાતા છેજી' તે પ્રશ્નના ઉત્તરમાં મુનિવરો 'દેવગુરુપ્રસાદાત્' એમ કહે છે, તે તેમની કૃપાનું પ્રતીક છે. (રાજગચ્છના આ૦ પ્રદ્યુમ્નસૂરિકૃત સં. ૧૩૨૪નો સમરાદિત્યસંક્ષેપ, પ્રબંધચિંતામણિ)

૭. अतिष्ठिपद् निर्वृतिमङ्गनाजने विजित्य यो दिक्पटमागमोक्तिभिः ।
विवादविद्याविदुरं यदा यदा जयन्ति तेऽमी प्रभुदेवसूरयः ॥
श्वेताम्बराणामपि यैश्च दर्शनं स्थिरं कृतं गूर्जरभूमिमण्डले ।
चलाचलं दिक्पटवादवात्यया मनोमुदे ते मम देवसूरयः ॥
(सं. १४१० वादिदेवसूरि संतानीय आ० मुनिभद्रकृत शांतिनाथमहाकाव्य-प्रशस्ति)

૮. પહિરત કો મુનિ વસ્ત્ર તમુ જઇ ઇહુ સુગુરુ ન હોત ।
(-મુની માલની બૃહદ્‌ગચ્છ-ગુર્વાવલી)

૯. વિદ્વાન કવિ યશશ્ચન્દ્રે આ વિજયને અનુલક્ષીને મુદ્રિતકુમુદચન્દ્ર નામક નાટકની રચના કરેલી છે.

પટ્ટપરંપરા :

આ૦ વાદિદેવસૂરિએ પોતાની પાટે આ૦ ભદ્રેશ્વરસૂરિને સ્થાપન કર્યા. બીજા ઘણા શિષ્યો અને પ્રશિષ્યોને આચાર્યપદવી આપી. તેમનાથી વડગચ્છ, દેવાચાર્ય-સંતાનીય, નાગોરી, નાગોરીતપા, સત્યપુરીય, ભિન્નમાલ, જીરાવલા, રામસેન વગેરે શાખાઓ નીકળી અને અનેક પટ્ટપરંપરા આપી, તે આ પ્રમાણે છે –

૧. વડગચ્છ પટ્ટાવલી

૪૧. **આ૦ વાદિદેવસૂરિ** – સ્વ. સં. ૧૨૨૬.

૪૨. **આ૦ ભદ્રેશ્વરસૂરિ** – તેઓ વાદિદેવસૂરિના મુખ્ય પટ્ટધર હતા. સ્વભાવે શાંત હતા. આ૦ મુનિચંદ્રસૂરિએ રચેલા 'સાવયવયસંખેવો'ના આધારે આ૦ વાદિદેવે શ્રાવકોને વ્રત ઉચ્ચરાવ્યાં અને આ૦ ભદ્રેશ્વરે તેના આધારે 'સાવયવયપરિગ્ગહપરિમાણ' (ગાથા : ૯૪) ગ્રંથ સં. ૧૧૮૬ના આસો સુદિ ને સોમવારના રોજ પાટણમાં રચ્યો. તેમણે 'સ્યાદ્વાદરત્નાકર'ના નિર્માણમાં પોતાના ગુરુદેવને પૂરી સહાયતા કરી, એ માટે આ૦ દેવસૂરિ પોતે જ આ૦ **ભદ્રેશ્વરસૂરિ** અને આ૦ રત્નપ્રભસૂરિનો પરિચય આ પ્રકારે આપે છે :

किं दुष्करं भवतु तत्र मम प्रबन्धे
यत्राभिनिर्मलमतिः सततामिमुख्यः ।
भद्रेश्वरः प्रवरसुक्तसुधाप्रवाहो
रत्नप्रभः स भजते सहकारिभावम् ॥

તેમણે આરાસણ વગેરે સ્થાનોમાં જિનપ્રતિષ્ઠાઓ કરાવી હતી. આ૦ રત્નપ્રભસૂરિએ રચેલી 'ઉપદેશમાલાની ઘોટ્ટકી-વૃત્તિ'નું તેમણે સં. ૧૨૩૮માં સંશોધન કર્યું હતું.

૪૩. આ૦ વિજયચંદ્રસૂરિ, આ૦ પરમાનંદસૂરિ –

આ૦ વિજયેંદુસૂરિ આ૦ વાદિ દેવસૂરિના શિષ્ય હતા. તેઓ મોટા વાદી હતા. આ૦ પરમાનંદસૂરિએ 'કાવ્યપ્રકાશ' પર ખંડન-મંડનાત્મક ટિપ્પણ રચ્યું છે.

૪૪. આ૦ માણેકચંદ્રસૂરિ – તેમનાં (૧) આ૦ મણિભદ્રસૂરિ અને (૨) આ૦ માનતુંગસૂરિ એવાં નામો પણ મળે છે. તેઓ આ૦ વિજયચંદ્રસૂરિના શિષ્ય હતા. સમર્થ વાદી હતા. તેમણે 'કલાવઈચરિયં' રચ્યું છે. તેઓ આ૦ મુનિચંદ્ર-સૂરિને **સૈદ્ધાંતિક** તરીકે ઓળખાવે છે. આ૦ અજિતપ્રભસૂરિએ સં. ૧૩૮૪માં રચેલા 'શાંતિનાથચરિત્ર'માં તેમનું નામ આપેલું છે. તેમના ત્રણ શિષ્યો સુપ્રસિદ્ધ હતા. (૧) આ૦ હરિભદ્રસૂરિ, (૨) ગુણભદ્રસૂરિ અને (૩) પં૦ વિદ્યાધર ગણિ.

આ૦ માણેકચંદ્રને ઉપા૦ વિમલચંદ્ર નામે (પણ) શિષ્ય હતા.

૪૫. આ૦ હરિભદ્રસૂરિ – પં૦ વિદ્યાધર ગણિએ સં. ૧૩૬૮માં 'સિદ્ધહેમ-શબ્દાનુશાસન'ની વૃત્તિની દીપિકાનો ઉદ્ધાર કર્યો, તેમાં તેઓ જણાવે છે કે, 'મારા વડિલ ગુરુભાઈ તથા વિદ્યાગુરુ આ૦ હરિભદ્રસૂરિની કૃપાથી હું દીપિકાનો ઉદ્ધાર કરી શક્યો છું.'

૪૬. આ૦ ધર્મચંદ્રસૂરિ – તેમની પ્રેરણાથી પં૦ રત્નદેવ ગણિએ સં. ૧૩૯૩માં શ્વેતાંબર પં૦ જયવલ્લભના પ્રાકૃત 'વિજ્જાલગ્ગ'ની ટીકા રચી છે.

૪૭. આ૦ વિનયચંદ્રસૂરિ – તેમના ઉપદેશથી શ્રીસંઘે સં. ૧૪૪૩ના કાર્તિક વદિ ૧૪ ને શુક્રવારે ચૌહાણ વનવીરદેવના રાજકાળમાં નાડલાઈ તીર્થના ઉજ્જયંતાવતાર તીર્થ જાદવાજીના દેરાસરનો જીર્ણોદ્ધાર કર્યો. (પ્રક. ૩૪, પૃ. ૫૦૧)

૨. વડગચ્છ પટ્ટાવલી

૪૧. આ૦ વાદિદેવસૂરિ. ૪૨. આ૦ ભદ્રેશ્વરસૂરિ.
૪૩. આ૦ વિજયચંદ્રસૂરિ. ૪૪. આ૦ માણેકચંદ્રસૂરિ.

૪૫. આ૦ ગુણભદ્રસૂરિ – તેઓ આ૦ માણેકચંદ્રના શિષ્ય હતા. તેઓ મહાન કવિ હતા. **મહમ્મુદ બાદશાહે** (ઈ. સ. ૧૩૨૬ થી ૧૩૫૧) તેમના એક શ્લોકની રચનાથી ખુશ થઈ તેમના ચરણે દશ હજાર સોનામહોરોની થેલી ધરી હતી, પણ આચાર્યશ્રીએ તે લીધી નહીં. તેમણે બાદશાહની પાસે શુદ્ધ માર્ગની સ્થાપના કરી શુદ્ધ મુનિમાર્ગ બતાવ્યો હતો. તેઓ વ્યાકરણ, છંદ, સાહિત્ય, અલંકાર, નાટક અને ન્યાય વગેરે શાસ્ત્રોના તલસ્પર્શી વિદ્વાન હતા.

૪૬. આ૦ મુનિભદ્રસૂરિ – તેમણે આ૦ મુનિદેવસૂરિએ સં. ૧૩૨૨માં રચેલા સંક્ષિપ્ત 'શાંતિનાથચરિત્રમહાકાવ્ય'[1] ને જોઈને પોતાના હજારો કર્મોના

---

૧. વાદિદેવસૂરિ સંતાનીય આ૦ મદનચંદ્રસૂરિના શિષ્ય આ૦ મુનિદેવે સં. ૧૩૨૨માં પ્રૌઢ સંસ્કૃત ભાષામાં સંક્ષિપ્ત 'શાંતિનાથચરિત્ર' રચ્યું હતું. (જૂઓ, પ્રક. ૪૧, પૃ. ૪૫૮)

વિનાશ માટે સં. ૧૪૧૦માં કાવ્ય-સાહિત્યના લક્ષણો યુક્ત 'શાંતિનાથમહાકાવ્ય' (ગ્રં. ૬૨૭૨) રચ્યું છે.

તેઓ આ કાવ્યમાં ખાસ સૂચના કરે છે કે, જેમ જૈનાચાર્યો હાલ પોતાના શિષ્યોને મિથ્યાત્વથી ભરેલાં પાંચ કાવ્યો ભણાવે છે તેમ તેઓ નવા સાધુઓને સમ્યક્ત્વમાં સ્થિર કરવા માટે તથા શબ્દજ્ઞાનને ખીલવવા આ મહાકાવ્ય જરૂર ભણાવે. આ કાવ્યનું મલધારગચ્છના આ૦ રાજશેખરસૂરિએ સંશોધન કર્યું હતું.

(–શાંતિનાથચરિત્રમહાકાવ્ય-પ્રશસ્તિ, શ્લો. ૧ થી ૧૭)

બાદશાહ પીરોજશાહ (ઈ. સ. ૧૩૫૨ થી ૧૩૮૮)ની રાજસભામાં આ આચાર્યશ્રીની સારી પ્રતિષ્ઠા હતી.

૩. વડગચ્છ પટ્ટાવલી

૪૧. આ૦ વાદિદેવસૂરિ.

૪૨. **આ૦ રત્નપ્રભસૂરિ** – તે આ૦ વાદિદેવસૂરિના વિદ્વાન પટ્ટધર શિષ્ય હતા. મિત્ર મુનિઓ તેમને **રત્નાકર**ના નામથી સંબોધતા. તેમણે સં. ૧૧૮૧માં થયેલા દિગં૦ આ૦ કુમુદચંદ્ર સાથેના શાસ્ત્રાર્થમાં પ્રશ્નચક્રવાલમાં વાદી કુમુદચંદ્રને કૂતરો અને પોતાને દેવ બનાવી તેમની બુદ્ધિની પરીક્ષા કરી હતી. ગુરુદેવ પણ 'સ્યાદ્વાદરત્નાકર'માં આ૦ ભદ્રેશ્વરની જેમ જ આ૦ રત્નપ્રભને પણ અપૂર્વ સહાયક બતાવે છે. (જૂઓ, શ્લોક : પૃ. ૪૫૨, પટ્ટાવલી–૧.)

આ૦ વાદિદેવસૂરિના ભાઈ **વિજયે** દીક્ષા લઈ આ૦ **વિજયસેનસૂરિ** નામથી ખ્યાતિ મેળવી હતી. તેમની પ્રેરણાથી આ૦ રત્નપ્રભસૂરિએ ધર્મદાસગણિની 'ઉપદેશમાલા' ઉપર દોઘટ્ટી (ગ્રં. ૧૧૧૫૦) નામની વૃત્તિ સં. ૧૨૩૬ (૧૨૩૮)માં ભરૂચના અશ્વાવબોધતીર્થના મહાવીર મંદિરમાં રચી હતી. તેમાં અપભ્રંશમાં રચેલા સંદર્ભો પણ છે. **દોઘટ્ટી** એટલે બે હાટવાળા શેઠના સ્થાનમાં કે તેમની પ્રેરણાથી બનાવેલી અથવા બે ભાષામાં બનાવેલી. હટ્ટી શબ્દનો અર્થ **હડો-હાટ** એવો થાય છે. આ દોઘટ્ટી વૃત્તિનું આ૦ ભદ્રેશ્વરસૂરિએ સંશોધન કર્યું છે.

તેમણે 'પ્રમાણનયતત્ત્વાલોક'ની લઘુવૃત્તિ 'રત્નાવતારિકા' (ગ્રં. ૫૦૦૦) રચી છે. તેમાં શબ્દોની રમકઝમક અને પ્રતિભાનો પરિચય મળે છે. ચક્ષુર્વ્યંજનાવગ્રહ (ચક્ષુપ્રાપ્યકારિતા)નો વાદ સો વૃત્તોમાં બનાવીને પોતાના કવિત્વનો ખ્યાલ આપ્યો છે અને શિવસિદ્ધિવિધ્વંસ એટલે જગત્-કર્તૃત્વનિરાસવાદ માત્ર ૧૩ વર્ણો તે – ત થ દ ધ ન પ બ ભ મ ય ર લ વ અને 'તિ તે સિ ટા તસ્' એ પ્રત્યયોવાળા પ્રયોગોમાં ગૂંથીને અદ્‌ભુત વૈયાકરણત્વ અને કવિત્વનો પરિચય કરાવ્યો છે. એ સિવાય તેમણે નેમિનાહચરિયં, મતપરીક્ષા પંચાશત્ (ગ્રં.૫૦૦૦), અંતરંગસંધિ (અપભ્રંશ ભાષામાં ૯ કડવકોમાં), અપભ્રંશ કુલકો (સં. ૧૨૩૨માં) રચેલાં મળે છે.

૪. વડગચ્છ પટ્ટાવલી

૪૧. આ૦ વાદિદેવસૂરિ.

૪૨. **આ૦ ગુણચંદ્રસૂરિ** – તેમણે સટીક 'હેમવિભ્રમ' વ્યાકરણ વિષયક નાનો ગ્રંથ રચ્યો છે. વળી કવિચક્રવર્તી ષટ્દર્શનજ્ઞાતા અને શબ્દાનુશાસનના પારગામી પં૦ કાકલના ઉપદેશથી પં૦ પુંડરીકે રચેલી 'તત્ત્વપ્રકાશિકા'ની વૃત્તિ રચી હતી. (–હેમસમીક્ષા, પૃ. ૪૮)

૫. વડગચ્છ પટ્ટાવલી

૪૧. આ૦ વાદી દેવસૂરિ.

૪૨. **આ૦ પૂર્ણભદ્રસૂરિ** – આ આચાર્યશ્રીએ કે રાજગચ્છના આ૦ ચંદ્રસૂરિના શિષ્ય પૂર્ણભદ્રે[1] સં. ૧૨૫૪ના ફાગણ વદિ ૩ના રોજ પાટણમાં મંત્રી સોમની* વિનતિથી રાજનીતિના વિવેચન માટે 'પંચતંત્ર'નો પાઠોદ્ધાર કર્યો હતો.

(–પ્રો. ભોગીલાલ જ. સાંડેસરાના 'ગુજરાતી પંચતંત્ર'ની પ્રસ્તાવના)

૪૩. **આ૦ પદ્મદેવસૂરિ, આ૦ બ્રહ્મદેવસૂરિ** – તેમનું બીજું નામ આ૦ પદ્મચંદ્ર પણ મળે છે. આ૦ પદ્મદેવસૂરિ આ૦ વાદિદેવસૂરિના શિષ્ય હતા પરંતુ આ૦ પૂર્ણભદ્રે તેમને આચાર્યપદવી આપીને પોતાની પાટે સ્થાપન કર્યા હતા. તેમણે સં. ૧૨૧૫ના વૈશાખ સુદિ ૧૦ ને મંગળવારે ભ૦ શાંતિનાથની પ્રતિમાની અંજનશલાકા કરી ત્યારે તેઓ પાણિનીય પં૦ પદ્મચંદ્ર ગણિ નામથી ઓળખાતા હતા અને સં. ૧૨૮૮, સં. ૧૨૯૩, સં. ૧૨૯૬માં અંજનશલાકા તેમજ પ્રતિષ્ઠાઓ કરાવી તેમાં આ૦ પદ્મદેવ તરીકેની ખ્યાતિ મેળવી ચૂક્યા હતા. તેમણે કવિ આસડે રચેલી 'ઉપદેશકંદલી' વગેરે ગ્રંથોનું સંશોધન કર્યું હતું.

(પ્રાચીન જૈનલેખસંગ્રહ, ભા.૨, લેખાંક : ૩૬૪, ૩૬૫;
અર્બુદાચલ પ્રાચીન જૈનલેખસંદોહ, લેખાંક : ૨૩૧, ૫૨૪, ૧૨૫; પ્રક. ૪૩, પૃ. ૫૬૯-૫૭૦)

આ૦ બ્રહ્મદેવે સં. ૧૩૦૭ના જેઠ વદિ ૫ના રોજ આબૂ તીર્થમાં પ્રતિષ્ઠા કરાવી. (–અર્બુદાચલ પ્રાચીન જૈનલેખસંદોહ, લેખાંક : ૩૩૩)

૪૪. **આ૦ માણેક્યચંદ્રસૂરિ** – તેમનાં આ૦ માનદેવ, આ૦ માણેકદેવ,

---

૧. (૧) વડગચ્છના આ૦ વાદિદેવસૂરિના શિષ્ય આ૦ પૂર્ણચંદ્ર સં. ૧૨૫૪, સં. ૧૨૮૫
(૨) રાજગચ્છના આ૦ ચંદ્રસૂરિશિષ્ય આ૦ પૂર્ણભદ્ર સં. ૧૨૩૯. (પ્રક.૩૫, પૃ.૧૮)
(૩) ખરતરગચ્છના આ૦ જિનપતિસૂરિ (સં. ૧૨૨૩ થી સં. ૧૨૭૮)ના શિષ્ય પૂર્ણભદ્ર, તેમની તથા પં૦ સુમતિ ગણિની નાની દીક્ષા સં. ૧૨૬૦ના જેઠ સુદિ ૬ના રોજ થઈ હતી. (પ્રક. ૪૦, પૃ. ૩૬૪)

★ મંત્રી સોમ માટે જૂઓ, પ્રક. ૩૮, પૃ. ૨૧૬.

આ૦ માણેકચંદ્ર, આ૦ માણેકશેખર વગેરે નામો મળે છે. અમદાવાદના ઝવેરીવાડમાં આવેલા ભ૦ સંભવનાથના જિનાલયમાં ભ૦ મહાવીરસ્વામીની ધાતુપ્રતિમા ઉપર તેમનો લેખ આ પ્રકારે મળે છે –

સં. ૧૩૨૭ ફા.સુ.૮ પલ્લીવાલજ્ઞાતીય ઠ. કુમારસિંઘ ભાર્યા કુમરદેવી સુત ૠમંત ભાર્યા સિંગારદેવી પિત્રોઃ પુણ્યાર્થં ઠ. વિક્રમસિંહ ઠ. લુણા ઠ. સાંગાકેન શ્રીમહાવીરબિંબ કા. પ્ર. વડગચ્છેશશ્રીપદ્મચન્દ્રસૂરિશિષ્યશ્રીમાણિક્યસૂરિભિઃ ॥

લેખનો સાર એ છે કે, આ૦ માણિક્યદેવ તે આ૦ વાદિદેવસૂરિના સંતાનીય આ૦ પદ્મચંદ્રના પટ્ટધર હતા.[1] (આ૦ બુદ્ધિસાગરસૂરિસંકલિત ધાતુપ્રતિમા લેખસંગ્રહ ભા. ૨, લેખાંક : ૧૩૭)

એ જ લેખસંગ્રહમાં લેખાંક : ૯૯૧માં પણ તેમણે સં. ૧૩૭૫માં ભ૦ પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કર્યાનો બીજો ઉલ્લેખ મળે છે.

આ૦ માણિક્યદેવે નવમંગલાંક 'નલાયનચરિત્ર' સ્કંધ ૧૦, સર્ગ : ૯૯, ગ્રં. ૪૦૫૦ રચ્યું છે. તેમાં તેમણે દરેક સ્કંધને અંતે પોતાનો પરિચય આપ્યો છે. એ ઉપરથી તારવી શકાય છે કે – આ૦ માણિક્યદેવ વડગચ્છરૂપી આકાશમાં ચંદ્ર જેવા હતા. તેઓ કવિઓમાં મુખ્ય હતા. કૌતુકરસિક, સુકવિ, સાહિત્યના મર્મજ્ઞ મહાકવિ હતા.

તેમણે 'નલાયન' રચ્યું તે પહેલાં 'યશોધરચરિત્ર' સર્ગ : ૧૪, 'મુનિમનોહર, અનુભવસારવિધિ અને **પાંચ નાટક**'ના ગ્રંથો રચ્યાં છે.★

૬. વડગચ્છ પટ્ટાવલી

૪૧. આ૦ વાદિદેવસૂરિ.

૪૨. આ૦ જિનચંદ્રસૂરિ – તેમનું બીજું નામ આ૦ જિનભદ્રસૂરિ સંભવે છે. તેમણે ગુરુદેવની આજ્ઞાથી સં. ૧૨૦૪ના માહ સુદિ ૧૩ ને શુક્રવારે **ફલોધિ પાર્શ્વનાથ તીર્થ**ની સ્થાપના કરી હતી.

---

૧. જૈન પ્રતિમાલેખો ઘણા પ્રકાશિત થયા છે. શ્રીપૂરણચંદજી નાહરે લેખસંગ્રહ ભા. ૧,૨,૩ પ્રકાશિત કર્યા છે. તેમાં ગચ્છઆગ્રહના કારણે કેટલાએક જરૂરી લેખો પણ લેવાયા નથી. આ૦ હીરસૂરિના લેખો લેવાયા નથી. બીજા લેખોમાં કંઈક શંકાઓ પણ રહે છે.

આ૦ બુદ્ધિસાગરસૂરિએ ધાતુપ્રતિમાલેખસંગ્રહના બે ભાગ પ્રગટ કરાવ્યા છે તેમાં મોટે ભાગે નિશાળના શિક્ષકોને મહેનતાણું આપીને સંગ્રહ કરાવ્યો હશે. તેથી તેમાં અનેક અશુદ્ધિઓ અને સ્ખલનાઓ રહી જવા પામી છે. ભારતભરના સમસ્ત દેરાસરોની પાષાણ તેમજ ધાતુપ્રતિમાઓના લેખો લેવડાવવાની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી જેવી સંસ્થાએ વ્યવસ્થા કરવી જોઈએ.

★ નાટકો માટે જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૨૪ ટિપ્પણ.

૪૩. **આ૦ મદનચંદ્રસૂરિ** – શુભંકર પોરવાડના વંશના દાહડના પુત્ર મદને દીક્ષા લીધી તે આ૦ મદનચંદ્રસૂરિ થયા. (જૂઓ, પ્રક. ૩૮, પૃ. ૩૦૭.) તેઓ આ૦ વાદિદેવસૂરિના સંતાનીય હતા પણ કોના શિષ્ય તે સ્પષ્ટ જાણવા મળતું નથી. મંત્રી તેજપાલની પત્ની **મહં૦ અનુપમાદેવી**એ સં. ૧૨૯૩ના પોષ સુદિ ૧૩ના દિવસે તેમને 'ઓઘનિર્યુક્તિ'ની પ્રતિ વહોરાવી હતી.

(પ્રક. ૩૭, પૃ. ૨૨૦)

૪૪. **આ૦ મહેંદ્રસૂરિ** – તેમના શિષ્ય આ૦ મહેંદ્રસૂરિ તે ભરૂચમાં વિશેષ રહેતા હતા. મોટા જ્યોતિષી હતા અને રાજમાન્ય હતા. તેમણે 'યંત્રરાજાગમ' અધ્યાય ૫, શ્લો. ૧૮૦માં પંચાંગવિષયક જ્યોતિષ્નો ગ્રંથ રચ્યો છે. તેમના શિષ્ય આ૦ મલયચંદ્રસૂરિએ તેના પર ટીકા રચી છે. મંગલાચરણમાં જણાવે છે કે –

श्रीसर्वज्ञपदाम्बुजं हृदि परामृश्य प्रभावप्रदं,
श्रीमन्तं **मदनाख्य**सूरिसुगुरुं कल्याणकल्पद्रुमम् ।
लोकानां हितकाम्यया प्रकुरुते 'सद्यन्त्रराजागमं'
नानाभेदयुतं चमत्कृतिपरं सूरि**महेन्द्रा**भिधः ॥१॥

અંતે તેઓ કહે છે –

अभूद् भृगुपुरे वरे गणकचक्रचूडामणिः,
कृती नृपतिसंस्तुतो मदनसूरिनामा गुरुः ।
तदीयपदशालिना विरचिते सुयन्त्रागमे,
महेन्द्रगुरुणो धृताऽजनि विचारणा यन्त्रजा ॥अ.५, श्लो.६७॥

તેઓ ગુરુદેવની જેમ મોટા **જ્યોતિષી** હતા. **પિરોજશાહ** બાદશાહ અને તેની રાજસભાના જ્યોતિષી પર આ આચાર્યનો પ્રભાવ હતો. તેઓના આગ્રહથી તેમણે આ **'યંત્રરાજ નામક'** ગ્રંથ રચ્યો.

૪૫. **આ૦ મલયચંદ્રસૂરિ** – તેમણે ગુરુએ રચેલા 'યંત્રરાજ' ઉપર સુગમ-ટીકાની રચના કરી છે. તેમણે ટીકામાં શાકે ૧૨૯૨, સં. ૧૪૨૭થી સં. ૧૪૩૫ ના વચલા ગાળાની કેટલીક પૂનમ, અમાસ અને નક્ષત્રોનું સ્પષ્ટ ગણિત આપ્યું છે. તેમજ સં. ૧૪૨૭થી સં. ૧૪૯૪ સુધીનો નક્ષત્રનો કોઠો (કોષ્ટક) આપ્યો છે. આ ગ્રંથના અધ્યાય ૧ના શ્લોક ૪૦ માં જણાવ્યું છે કે – 'अयं ग्रन्थः शाके १२९२ वर्षे निष्पन्नः ।' આથી સ્પષ્ટ થાય છે કે, આ ટીકાગ્રંથ સં. ૧૪૨૭માં બન્યો. આદિમાં તેમણે જણાવ્યું છે કે –

"प्रणम्य सर्वज्ञपदारविन्दं सूरेर्महेन्द्रस्य पदाम्बुजं च ।[1]
तनोति तद्गुम्फितयन्त्रराजग्रन्थस्य टीकां मलयेन्दुसूरिः ॥"

---

१. (१) આ સમયે કૃષ્ણર્ષિગચ્છમાં પણ આ૦ પ્રસન્નચંદ્રસૂરિની પાટે બાદશાહ મહમ્મદ પ્રશંસિત **આ૦ મહેંદ્રસૂરિ** થયા હતા. (જૂઓ, પ્રક. ૩૩, પૃ.૪૩૦) ➡

અંતે તેઓ લખે છે –

શ્રીપીરોજશક્રેન્દ્રસર્વગણકૈઃ પૃષ્ટો મહેન્દ્રપ્રભુ-
જાર્તઃ સૂરિવરસ્તદીયચરણામ્ભોજૈકભૃઙ્ગદ્યુતા ।
સૂરિશ્રીમલયેન્દુના વિરચિતેઽસ્મિન્ યન્ત્રરાજાગમે,
વ્યાખ્યાને પ્રવિચારણાદિકથનાધ્યાયોઽગમત્ પઞ્ચમઃ ॥

(–અ૦ ૫, શ્લોક ૬૭ની ટીકા-પ્રશસ્તિ)

૭. વડગચ્છ પટ્ટાવલી

૪૧. આ૦ વાદિદેવસૂરિ.

૪૨. આ૦ જિનચંદ્રસૂરિ.

૪૩. આ૦ મદનચંદ્રસૂરિ.

૪૪. આ૦ મુનિદેવસૂરિ – તેમણે રાજગચ્છના આ૦ પ્રદ્યુમ્નસૂરિએ રચેલી 'પ્રવ્રજ્યાવિધાન'ની વૃત્તિની પહેલી પ્રતિ લખી અને પોતે રચેલા 'શાંતિનાથચરિત્ર'નું તેમની પાસે સંશોધન કરાવ્યું. (જૂઓ, પ્રક. ૩૪, પૃ. ૪૨૩-૪૨૪)

પોરવાલ શા૦ શક્તિકુમારને આસાહી નામે પુત્ર હતો. તેને શિવાદેવી નામે પત્ની તથા ૧ વોસિરિ, ૨ સાઢલ, ૩ સાંગો અને ૪ પુણ્યસિંહ નામે પુત્રો હતા. વોસિરિ વગેરે ચાર ભાઈઓએ પિતા આસાહીના કલ્યાણ માટે 'અષ્ટાપદ' નામનું ચૈત્ય બનાવ્યું અને તેની આ૦ મુનિદેવસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી. તેમણે આચાર્યશ્રીને 'શાંતિનાથચરિત્ર' રચવાની વિનંતિ કરી.

(શ્રીપ્રશસ્તિસંગ્રહ, પ્રશસ્તિ : ૧૩૪, પૃ. ૮૩)

પૂર્ણતલ્લગચ્છના આ૦ દેવચંદ્રસૂરિએ સં. ૧૧૬૦માં 'સંતિનાહચરિય' (ગ્રં.૧૨૧૦૦) બનાવ્યું હતું. આ૦ મુનિદેવે તેના આધારે સં. ૧૩૨૨ના ફાગણ સુદિ ૨ ને બુધવારે નવું અને સંક્ષિપ્ત 'શાંતિનાથચરિત્ર' (ગ્રં. ૪૯૧) રચ્યું.

(પ્રક. ૩૫, પૃ. ૧૨૦)

આ૦ મુનિદેવે સં. ૧૩૨૪માં કૃષ્ણર્ષિગચ્છના આ૦ જયસિંહસૂરિની 'ધર્મોપદેશમાલા' (ગાથા : ૯૮)નું વિવરણ (ગ્રં. ૬૫૦૦) રચ્યું.

૮. વડગચ્છ પટ્ટાવલી

૪૧. આ૦ વાદિદેવસૂરિ.

૪૨. **આ૦ મહેન્દ્રસૂરિ** – તેમણે 'જીરાપલ્લી પાર્શ્વનાથસ્તોત્ર' રચ્યું છે.

◆ (૨) ચૈત્રગચ્છમાં જંબાહરીશાખામાં સં. ૧૫૨૨માં ચાંદસમીય ભ૦ મલયચંદ્રસૂરિની પાટે ભ૦ લક્ષ્મીસાગર ચાંદસમીય થયા હતા. (–ધાતુપ્રતિમાલેખ, ભા.૧, લે. ૧૫)

(૩) વાડયગચ્છના આ૦ અમરચંદ્રસૂરિ (વેણીકૃપાણ)ના શિષ્ય પં૦ મહેંદ્ર હતા. તેને મદનચંદ્ર (સં. ૧૩૪૯) નામે શિષ્ય હતા. (–પ્રતિમાલેખ)

૪૩. આ૦ પ્રદ્યુમ્નસૂરિ – આશાવલમાં ચૈત્યવાસી ભટ્ટારકે પ્રતિષ્ઠિત કરેલો પ્રાચીન 'ઉદયનવિહાર' હતો, તેની પ્રતિમાઓ વંદનીય નથી એમ ખરતરગચ્છીય આ૦ જિનપતિસૂરિ (સં. ૧૨૨૩ થી ૧૨૭૮)એ જાહેર કર્યું ત્યારે આ૦ પ્રદ્યુમ્નસૂરિએ પોતાના પિતા ક્ષેમંકરના પ્રતિબોધ માટે તે વિચારોનું ખંડન કરતો 'વાદસ્થલ' નામે ગ્રંથ રચ્યો. આ૦ જિનપતિસૂરિએ પોતાના ગચ્છના પ્રતિપાદન માટે 'પ્રબોધ્યવાદસ્થલ' નામનો ગ્રંથ રચ્યો છે.

૪૪. આ૦ માનદેવસૂરિ – તેમના માટે શિલાલેખોમાં પણ પ્રદ્યુમ્નસૂરિ-પટ્ટોદ્ધરણ એવું વિશેષણ મળે છે. એ સમયે ઘણા આ૦ માનદેવસૂરિ અને આ૦ માણિક્યચંદ્ર થયા હતા. તેમનાથી જુદા બતાવવા માટે ઉપર્યુક્ત વિશેષણ આપવામાં આવ્યું હોય એમ જણાય છે.

૪૫. આ૦ જયાનંદસૂરિ – તેમણે સં. ૧૩૦૫ ના વૈશાખ સુદિ ૩ ને શનિવારે ગિરનાર તીર્થમાં ગૂજરાતના મહામાત્ય ઉદાયનના વંશજ પૌત્ર દંડનાયક સલક્ષણસિંહે ભરાવેલી ભ૦ પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

(-ગુજરાતના ઐતિહાસિક લેખો, ભા. ૩, લેખાંક : ૨૧૩)

૯. વડગચ્છ પટ્ટાવલી

૪૧. આ૦ વાદિદેવસૂરિ.

૪૨. આ૦ મહેશ્વરસૂરિ – તેમને આ૦ મુનિસુંદરસૂરિએ રચેલી 'પક્ખિ-સિત્તરી'ની 'સુખબોધિકા' વૃત્તિ રચી; જેમાં પં૦ વજ્રસેનગણિએ મદદ કરી હતી. પં૦ વજ્રસેનના શિષ્ય પં૦ હરિશ્ચંદ્રે 'કર્પૂરપ્રકરણ' તેમજ 'નેમિનાહચરિય' ગ્રંથો રચ્યા છે.

૪૩. આ૦ જયપ્રભસૂરિ – તેમણે સં. ૧૨૬૧ના જેઠ સુદિ ૨ ને રવિવારે બ્રહ્માણગચ્છમાં ભ૦ નેમિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

૪૪. આ૦ રામભદ્રસૂરિ – તેમણે 'પ્રબુદ્ધરોહિણેયનાટક' અંક : ૬, તેમજ 'કાલિકાચાર્ય-કથા' રચ્યાં છે. જાલોરના રાજા સમરસિંહના મંત્રી યશોવીર તથા અજયપાલે જાલોરમાં સં. ૧૨૩૯માં ભ૦ આદિનાથનું દેરાસર તથા રંગમંડપ બંધાવ્યાં, તેના પ્રતિષ્ઠોત્સવમાં 'પ્રબુદ્ધરોહિણેયનાટક' ભજવાયું હતું.

૧૦. વડગચ્છ પટ્ટાવલી

૪૧. આ૦ વાદિદેવસૂરિ.

૪૨. આ૦ વિમલચંદ્રસૂરિ.

મુનિ માલ લખે છે કે –

''વિમલચંદ્ર ઉવજ્ઝાઈ ભાઈ, તસુ પટ્ટિ પ્રબ્ધી;
વ્રતનીચંદ ઉવજ્ઝાયપણૌ, તસુ પછે ન કીધી.''

આથી સમજાય છે કે, આ૦ વાદિદેવસૂરિના ભાઈ વિજયે દીક્ષા લીધી હતી. તે આ૦ વાદિદેવસૂરિના ઉપાધ્યાય હતા. સંભવ છે કે, આ૦ માનદેવસૂરિના પણ ઉપાધ્યાય હોય. તેઓ આચાર્ય થયા પછી આ૦ વિમલચંદ્રસૂરિ નામથી જાહેર થયા. તેમનું બીજું નામ આ૦ વિજયસેનસૂરિ પણ મળે છે. આ૦ વિમલચંદ્ર જ આ ગચ્છના પહેલવહેલા ઉપાધ્યાય હતા. એ પછી તે ગચ્છમાં ઉપાધ્યાય થયા નથી અને સાધ્વીઓમાં પ્રવર્તિની થઈ નથી. સંભવ છે કે, તેમની માતા મહત્તરા કે પ્રવર્તિની હશે. તે પછી બીજી પ્રવર્તિની બની ન હોય.[૧]

સાધારણ વ્યવસ્થા એ હતી કે, મહત્તરા અને પ્રવર્તિની આચાર્યની આજ્ઞામાં રહેતા અને સાધ્વીસમૂહ પ્રવર્તિનીની આજ્ઞામાં રહેતો. આવી ઉત્તમ વ્યવસ્થા હતી. વર્તમાન સાધ્વીઓ પંન્યાસ કે સાધુઓની સીધી આજ્ઞામાં રહે છે. આ વ્યવસ્થા ઉત્તમ ન ગણાય. સાધ્વીસંઘના અભ્યુદય માટે ફરીવાર એવી પ્રાચીન વ્યવસ્થા ચલાવવી જરૂરી છે.

૪૩. આ૦ માનદેવસૂરિ – તેઓ આ૦ વિમલચંદ્રસૂરિના શિષ્ય હતા. તેમનું બીજું નામ આ૦ માણિક્યસૂરિ પણ હતું.

૪૪. આ૦ ધર્મદેવસૂરિ – તેઓ આ૦ માણિક્યસૂરિના શિષ્ય હતા.

૪૫. આ૦ વજ્રસેનસૂરિ – તેઓ આ૦ ધર્મદેવના આજ્ઞાપાલક શિષ્ય હતા. આ૦ વજ્રસેનસૂરિ આ૦ ધર્મદેવના પટ્ટધર હતા અને આ૦ વાદિદેવસૂરિસંતાનીય આ૦ જયશેખરની પાટે પણ ૪૬. આ૦ વજ્રસેનસૂરિ થયા હતા. આ રીતે એક જ નામના બે આ૦ વજ્રસેન હોવાથી કેટલીક બાબતોમાં સત્ય તારવી શકાતું નથી. કોઈ વિદ્વાન તો એક આ૦ વજ્રસેનસૂરિને આ૦ વાદિદેવસૂરિના જ પટ્ટશિષ્ય પણ માને છે. તો આ બંને આચાર્યોની બાબતમાં ઉપલબ્ધ થતાં પ્રમાણોના આધારે નિર્ણય કરવો જોઈએ. અમે મળેલા પ્રમાણોને આધારે પટ્ટાનુક્રમ આપ્યો છે.

આ આ૦ વજ્રસેનસૂરિએ સં. ૧૩૮૪ના આસો સુદિ ૧ ને સોમવારે શ્રીમાલનગરમાં સાધ્વી શ્રીમતી સુંદરી, વિજયલક્ષ્મી, સા૦ પદ્મલચ્છી અને સા૦ ચારિત્રલક્ષ્મીની વિનતિથી પોતાના શ્રેય માટે અને સમસ્ત આચાર્ય, ઉપાધ્યાય, મુખ્ય સાધુઓના વાંચવા માટે 'શ્રીશાંતિનાથચરિત્ર' લખ્યું હતું.

(–શ્રીપ્રશસ્તિસંગ્રહ, ભા. ૨, પ્ર. ૧૦૮, પૃ. ૭૦)

---

૧. ઇતિહાસ કહે છે કે, તીર્થંકર ભગવાનના શાસનમાં સાધુઓ કરતાં સાધ્વીઓની સંખ્યા લગભગ ત્રણ ગણી હતી. મધ્યકાળમાં સાધ્વીઓની સંખ્યા સાધુઓ કરતાં ઓછી હતી. વિક્રમની વીસમી સદીના ઉત્તરાર્ધથી સાધ્વીઓની સંખ્યા વધી છે પણ સંઘમાં તેઓ પ્રત્યેનું આદર-સમ્માન અને તેમને શાસન હિત માટે વિશેષપણે તૈયાર કરવાની ભાવના વધી નથી. સંભવ છે કે, એકવીશમી સદીમાં ભારતના રાજતંત્રમાં સ્ત્રીઓની સંખ્યા મોટી રહેતાં જૈન સંઘતંત્રમાં સાધ્વીઓની સંખ્યા પણ વધે અને બંને તંત્રમાં એ અંગે પલટો આવે.

૧૧. વડગચ્છ પટ્ટાવલી

૪૧. આ૦ વાદિદેવસૂરિ.

૪૨. **આ૦ વિમલચંદ્રસૂરિ** – તેઓ પ્રથમ ઉપાધ્યાય હતા. આચાર્ય થયા પછી તેમણે આ ગચ્છમાં ઉપાધ્યાયપદ અને સાધ્વીનું પ્રવર્તિનીપદ બંધ કર્યાં હતાં.

૪૩. **આ૦ માનદેવસૂરિ.**

૪૪. **આ૦ હરિભદ્રસૂરિ, આ૦ સર્વદેવસૂરિ** – આ૦ સર્વદેવને પં૦ ઉદયચંદ્ર (સં. ૧૩૬૦) નામે શિષ્ય હતા.

૪૫. **આ૦ પૂર્ણચંદ્રસૂરિ, આ૦ હરિપ્રભસૂરિ** – સં. ૧૩૩૧, સં. ૧૩૪૯. (-પ્રાચીન જૈનલેખસંગ્રહ, ભા. ૨, લેખાંક : ૪૮૩,૪૮૮,૪૯૮)

૪૬. **આ૦ નેમિચંદ્રસૂરિ** – તેઓ આ૦ પૂર્ણભદ્રના શિષ્ય હતા.

૪૭. **આ૦ નયનચંદ્રસૂરિ** – તેમણે સં. ૧૩૪૩ના માહ સુદિ ૧૦ ગુરુવારે સૌરાષ્ટ્રના **શિયાલબેટ**માં ભ૦ નેમિનાથની પ્રતિષ્ઠા કરી હતી.

૪૮. **આ૦ મુનિશેખરસૂરિ** – તેઓ ત્યાગી હતા. યુગપ્રધાન હતા. તેઓ જ્યારે ભટ્ટદ્રંગમાં હતા ત્યારે શત્રુંજય ઉપર લાગેલી આગને હોલવી દીધી હતી. તેમણે મુનિનાયક (સં. ૧૪૧૭) નામે શિષ્ય હતા.

૪૯. **આ૦ તિલકસૂરિ, આ૦ ધર્મતિલકસૂરિ** – સં. ૧૩૯૪, સં. ૧૪૩૯.

૫૦. **આ૦ ભદ્રેશ્વરસૂરિ.**

૫૧. **આ૦ મુનીશ્વરસૂરિ** – તેમનાથી આચાર્યશાખા અને ભટ્ટારકશાખાઓ ચાલી.

તેમની પરંપરામાં શિષ્ય (૫૨) ઉ૦ **ભદ્રમેરુ** ગણિશિષ્ય (૫૩) ઉ૦ મનોદય ગણિશિષ્ય (૫૪) મુનિ **જયશેખરે** સં. ૧૫૨૬ના પોષ વદિ ૮ ને રવિવારે ઉત્તરા કર્કને દિવસે બહાદુરપુર (બહુદ્રવ્યપુર)માં કાંકરીઆગોત્રના શા૦ સુદયવચ્છની પત્ની શ્રાવિકા પુણ્યપ્રભાવિકા હેમીને ભણવા માટે તથા પોતાના માટે 'આવશ્યકસૂત્ર' લખ્યું. (શ્રીપ્રશસ્તિસંગ્રહ, ભા. ૨, પ્રશ. ૧૩૧, ૧૪૯)

તેમની ઉપાધ્યાય પરંપરામાં ઉ૦ **કનકહંસ** તથા મુનિ મલયહંસ થયા. તેઓ સં. ૧૫૩૩ના કાર્તિક સુદિ ૧૰ ને શુક્રવાર સ્વાતિ નક્ષત્ર અને આયુષ્યમાનયોગે દિલ્હીમાં હતા. (પ્રશસ્તિ નં. ૧૫૭)

આ સમયે સં. ૧૫૧૯ના જેઠ સુદિ ૯ ના રોજ વડગચ્છના આ૦ ઉદયપ્રભે આબૂ તીર્થમાં ભ૦ સુમતિનાથ અને ભ૦ વિમલનાથની પંચતીર્થીની પ્રતિષ્ઠા કરી હતી. (-અર્બુદ પ્રાચીન જૈનલેખસંદોહ, લેખાંક : ૬૪૩)

આ૦ ઉદયપ્રભસૂરિ વરમાણના રહેવાસી હતા.

૫૨. ભ૦ મહેન્દ્ર, આ૦ રત્નાકર – ભ૦ મહેન્દ્રના પટ્ટધર ભ૦ કમલચંદ્રસૂરિ (સં. ૧૪૮૨માં) થયા. (-અર્બુદ પ્રાચીન જૈનલેખસંદોહ, લેખાંક : ૬૨૦)

૫૩. ભ૦ મેરુપ્રભ, આ૦ રાજરત્ન.

૫૪. ભ૦ મુનિદેવ, આ૦ રત્નશેખર.

૫૫. ભ૦ સુપુણ્યપ્રભ, આ ૦ સંયમરાજ – ભ૦ પુણ્યપ્રભસૂરિના શિષ્ય મુનિ વિજયદેવ (સં. ૧૬૧૩) હતા. (અર્બુદ પ્રાચીન જૈનલેખસંદોહ, લેખાંક : ૩૮૯)

૫૬. ભ૦ ભાવદેવ, આ૦ ઉદયરાજ.

૫૭. ભ૦ શીલદેવ, આ૦ સુરેંદ્ર – ભ૦ **શીલદેવ** તે ભ૦ ભાવદેવસૂરિના શિષ્ય હતા. તેમણે સં. ૧૬૧૯માં મહિમાપુરમાં સટીક 'યતિજીતકલ્પ' 'શ્રાદ્ધજીત-કલ્પ' અને સં. ૧૬૩૬માં 'શ્રીવન્દારુવૃત્તિ' રચી છે તેમજ તેમણે સં. ૧૬૪૪ના વૈશાખ સુદિ પના રોજ ઇન્દુ-મૃગશીર્ષ નક્ષત્રમાં બાદશાહ અકબર લાહોરમાં હતો ત્યારે સરસ્વતીપત્તન (સરસાવા)માં 'વિનયંધરચરિત્ર' (ગ્રં. ૨૨૮૫) રચ્યું છે. તેમના સમયમાં **મુનિ માલદેવે** 'બૃહદ્ગચ્છપટ્ટાવલી' (ભાષા : ૩૮) અને 'જીરણ શેઠની દાનભાવનાસ્તવન' રચ્યાં છે.[1]

મુનિ માલદેવ ગૃહસ્થાવસ્થામાં જ કવિ તરીકે ખ્યાતિ પામ્યા હતા. કવિવર ઋષભદાસે 'કુમારપાલરાસ'માં તેમને મહાકવિની કોટિમાં મૂક્યા છે.

૫૮. ભ૦ માણિક્યદેવ, આ૦ ગુણવંત.

૫૯. ભ૦ દામોદર, આ૦ દેવસૂરિ.

૬૦. ભ૦ નરેંદ્રદેવ – શ્રીસંઘે મળીને આ ભટ્ટારકને ઉપરની બંને શાખા ઉપર સ્થાપ્યા. તેઓ વિદ્વાન હતા. વૈદ્યકમાં નિષ્ણાત હતા. તેમના પગલે પગલે ઋદ્ધિ હતી. પ્રાતઃસ્મરણીય હતા અને યુગપ્રધાન સમા હતા.

(–મુનિ માલની 'બૃહદ્ગચ્છગુર્વાવલી', જૈનસત્યપ્રકાશ ક્રમાંક : ૭૭)

૧૨. વાદિદેવસૂરિગચ્છ–વડગચ્છ પટ્ટાવલી

૪૧. આ૦ વાદિદેવસૂરિ.

૪૨. આ૦ જિનભદ્રસૂરિ – તેમના ઉપદેશથી શેઠ વાહડિ પોરવાડે પાદરામાં ઉંદરવસહી બંધાવી પ્રતિષ્ઠા કરાવી હતી. તેમણે સં. ૧૨૦૪માં 'ઉપદેશમાલા-કથા' રચી છે. સં. ૧૨૧૮માં મંત્રી યશોધવલના અમાત્યપણામાં પાટણમાં તાડપત્ર ઉપર 'કલ્પચૂર્ણિ' લખાવી. તેમના બીજા પટ્ટધર આ૦ રત્નપ્રભસૂરિ થયા. (પટ્ટા. ૧૫મી)

૪૩. આ૦ શાંતિસૂરિ – તે પરમ ત્યાગી હતા. તેમને વાદિદેવસૂરિના હાથે આચાર્યપદવી મળી હતી. તેમની સેવામાં દેવો આવતા હતા.

---

૧. શીલદેવે સં. ૧૬૩૬માં 'શ્રી વન્દારુવૃત્તિ' લખી હતી.
(શ્રીપ્રશસ્તિસંગ્રહ ભા. ૨, પ્રશસ્તિ : ૧, પૃ. ૪૩૩)

૪૪. આ૦ ગુણાકરસૂરિ – તેમનું દેવો પણ સાંનિધ્ય કરતા હતા.

૪૫. આ૦ રત્નપ્રભસૂરિ – તે તીવ્ર બુદ્ધિશાળી હતા અને બોલવામાં ચતુર હતા.

૪૬. આ૦ ગુણસમુદ્રસૂરિ – તે સ્વભાવે સરળ હતા અને શાસન પ્રત્યે અત્યંત રાગવાળા હતા.

૪૭. મુનિ હરિભદ્ર – રામસેનના વરણાગવંશના શેઠ વીલ્હાકના પુત્ર હરિ આ૦ ગુણસમુદ્રસૂરિ પાસે દીક્ષા લઈ મુનિ હરિભદ્ર બન્યા. તેઓ પરમ સાધુભક્ત હતા. તેમણે ગુરુઆજ્ઞા મેળવી શત્રુંજય ઉપર અનસન આદરી સ્વર્ગગમન કર્યું. તેમના પુત્ર નાનુએ 'શાંતિનાથચરિત્ર'ની પ્રતિ લખાવી આ૦ ગુણસમુદ્રસૂરિને વહોરાવી. આચાર્યશ્રીએ તેની પુષ્પિકામાં દાનપ્રશસ્તિ લખી છે.

(જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૨૭; પ્રક. ૩૮, પૃ. ૨૯૮-૨૯૯–વરણાગવંશ)

૧૩. દેવાચાર્યગચ્છ પટ્ટાવલી (જાલોર)

૪૧. આ૦ વાદિદેવસૂરિ – રાજા કુમારપાલે સં. ૧૨૨૧માં જાલોરના સુવર્ણગઢ ઉપર ભ૦ પાર્શ્વનાથનો કુમારવિહાર સ્થાપન કર્યો અને તેમાં સદ્‌વિધિ પ્રવર્તે એ ખાતર વડગચ્છના આ૦ વાદીન્દ્ર દેવાચાર્યના પક્ષમાં તે પ્રાસાદ આચંદ્રાર્ક સમર્પિત કર્યો.

૪૨. આ૦ પૂર્ણદેવસૂરિ – તેમનું બીજું નામ પૂર્ણચંદ્ર હોવાનું જણાય છે. જાલોરના મંત્રી યશોવીરે કુમારવિહારનો જીર્ણોદ્ધાર કરાવી સં. ૧૨૫૬ના જેઠ સુદિ ૧૧ના રોજ આ૦ પૂર્ણચંદ્રસૂરિના હાથે તેના દંડ-કળશ, ધ્વજા-તોરણ વગેરેની પ્રતિષ્ઠા કરાવી હતી. સં. ૧૨૭૯માં તેઓ પોતાને દેવસૂરિગચ્છના બતાવે છે.

(-ધાતુપ્રતિમા લેખસંગ્રહ, ભા. ૨, લે. ૬૨૨)

તેમણે સૂરિમંત્રગર્ભિત-લબ્ધિસ્તોત્ર પ્રાકૃત ગાથા : ૧૫ અને શત્રુંજય ઉપર પાંચ ઉપવાસ કરીને સૂરિમંત્રકલ્પનું 'દુર્ગપદવિવરણ' (ગ્રં. ૨૩૮) રચ્યું છે.

૪૩. આ૦ રામભદ્રસૂરિ – તેમણે સં. ૧૨૬૮માં દિવાળીના દિવસે કુમારવિહારના રંગમંડપ ઉપર સ્વર્ણકળશની પ્રતિષ્ઠા કરી હતી. તેમનું બીજું નામ આ૦ રામચંદ્ર પણ મળે છે.

(–પ્રાચીન જૈનલેખસંગ્રહ, ભા. ૨, લેખાંક : ૩૫૨, જાલોરલેખ)

૪૪. આ૦ જયમંગલસૂરિ – તેમણે દુઃસાધ્ય મંત્રી યશોવીરની પ્રશંસાના શ્લોકો રચ્યા છે. મારવાડમાં આવેલી સુંધાની પહાડી પર જાલોરના રાજા ચાચિગદેવ (સં. ૧૩૦૯ થી ૧૩૩૪)વાળી પ્રશસ્તિ, અપભ્રંશ ગુજરાતીમાં 'મહાવીર જન્માભિષેક' પદ્ય : ૨૭, 'કવિશિક્ષા' ગ્રંથ તથા 'ભટ્ટિકાવ્યની ટીકા' રચી છે.

૪૫. આ૦ સોમચંદ્રસૂરિ – તેમણે સં. ૧૩૨૯ માં 'વૃત્તરત્નાકર'ની સુબોધિનીવૃત્તિ રચી છે.

દેવાનંદિતગચ્છ – ૪૨મા આ૦ શીલભદ્રના સંતાનીય શ્રાવકની સં. ૧૨૧૪ માં જે મૂર્તિ બની હતી તે આજે મહેસાણાના મોટા દેરાસરમાં વિદ્યમાન છે. (વિશેષ માટે જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૪૯-૫૦)

૧૪. નાગોરીવડગચ્છ–નાગોરીતપાગચ્છ પટ્ટાવલી

૪૧. આ૦ વાદિદેવસૂરિ.

૪૨. આ૦ પદ્મપ્રભસૂરિ – તેમણે સં. ૧૨૨૧માં 'ભુવનદીપકગ્રહ ભાવપ્રકાશ' નામે પ્રશ્નગ્રંથ રચ્યો છે. આ૦ સિંહતિલકસૂરિએ તેના ઉપર સં. ૧૩૨૬માં 'ભુવનદીપકવૃત્તિ' રચી છે. આ આચાર્ય નાગોર-સાંભર તરફ વિશેષ વિચરતા રહ્યા હોવાથી તેમની પરંપરા 'નાગોરીશાખા' નામથી વિખ્યાત થઈ.

૪૩. આ૦ પ્રસન્નચંદ્રસૂરિ – તેઓ ક્રિયાશિથિલ હતા.

૪૪. આ૦ ગુણસમુદ્રસૂરિ – તેમને રાજા ત્રિભુવનપાલ બહુ માનતો હતો. તેમનો સ્વર્ગવાસ સં. ૧૩૦૮માં થયો હતો.

૪૫. આ૦ જયશેખરસૂરિ – તેઓ ઉગ્ર વિહારી હતા. તેમણે સં. ૧૩૦૧માં તપાગચ્છના આ૦ જગચ્ચંદ્રસૂરિની નિશ્રામાં **ક્રિયોદ્ધાર** કર્યો હતો, તે સમયથી નાગોરીશાખા **'નાગોરી તપાગચ્છ'** તરીકે પ્રસિદ્ધ થઈ, તેમણે બાર ગોત્રોને જૈન બનાવ્યાં. તેમણે 'વાદીન્દ્રદેવસૂરિમહાકાવ્ય' રચ્યું. (જૈન સત્યપ્રકાશ, ક્રમાંક : ૫૬)

રણથંભોરના રાય **હમીરે** તેમને **કવિરાજ**નું બિરુદ આપ્યુ હતું.

૪૬. આ૦ વજ્રસેનસૂરિ – તેઓ મોટા વિદ્વાન હતા. અમોઘ ઉપદેશની શક્તિવાળા હતા. તેમને **સારંગ** ભૂપતિએ સં. ૧૩૪૩માં ''દેશનાજલધર''નું બિરુદ આપ્યું હતું. **અલ્લાઉદ્દીન ખિલજી**એ તેમના યોગના ચમત્કારોથી ખુશી થઈ મંત્રી સિહડ રાણા મારફત રુણા ગામમાં હાર તથા વિવિધ ફરમાનો આપ્યાં હતાં. તેમણે સં. ૧૩૪૨માં લોઢાગોત્રના ૧૦૦૦ ઘરોને જૈન બનાવ્યાં, 'લઘુ ત્રિષષ્ટિશલાકા પુરુષચરિત્ર' તથા 'ગુરુગુણષટ્ત્રિંશકા' રચી. તેઓ સં. ૧૩૫૪માં આચાર્ય થયા હતા.

આ૦ વજ્રસેનસૂરિના શિષ્ય પં૦ હરિષેણે 'કર્પૂરપ્રકર' અને 'નેમિનાથચરિત્ર'ની રચના કરી છે.

૪૭. આ૦ હેમતિલકસૂરિ – તેમણે સં. ૧૩૮૨માં ભાટીરાજા તથા દુલચી-રાયને ઉપદેશ આપી જૈન બનાવ્યા. તેમણે 'ભુવનદીપક' ગ્રંથની વૃત્તિ રચી છે.

સમરાશાહે સં. ૧૩૭૧ના માહ સુદિ ૭ ને ગુરુવારે શત્રુંજય તીર્થનો મોટો ઉદ્ધાર કર્યો ત્યારે આ૦ હેમાચાર્ય ત્યાં હાજર હતા.

૪૮. આ૦ રત્નશેખરસૂરિ – તેમનો સં. ૧૩૭૨માં જન્મ, સં. ૧૩૮૫માં દીક્ષા, સં. ૧૪૦૦માં બિલાડામાં આચાર્યપદ અને સં. ૧૪૨૮ પછી સ્વર્ગવાસ થયો.

તેમણે ખરતરગચ્છના આ૦ **જિનપ્રભસૂરિ** પાસે અભ્યાસ કર્યો હતો. તેમને 'મિથ્યાંધકારનભોમણિ'નું બિરુદ મળ્યું હતું. તેમણે સં. ....માં 'ગુણસ્થાનક્રમારોહ સ્વોપજ્ઞવૃત્તિ, વીરંજયક્ષેત્રસમાસ સ્વોપજ્ઞવૃત્તિ, ગુરુગુણષટ્ત્રિંશિકાવૃત્તિ, સંબોધસિત્તરી-વૃત્તિ, સં. ૧૪૧૮માં સિરિસિરિવાલકહા, સિદ્ધચક્રલેખનવિધિ, દિણસુદ્ધિદીપિકા ગા. ૧૪૪, છંદોરત્નાવલી અને ષડ્દર્શનસમુચ્ચય' વગેરે ગ્રંથોની રચના કરી છે. આ ગ્રંથના લેખકે (ત્રિપુટી મહારાજે) સં. ૧૯૮૩ના કાર્તિક સુદિ ૫ના રોજ મુંબઈમાં દિનશુદ્ધિ-દીપિકાની ગુજરાતી **વિશ્વપ્રભા** નામે ટીકા રચી છે.

સં. ૧૪૦૭માં **ફિરોજશાહ** તઘલખને આચાર્યશ્રીએ ઉપદેશ આપ્યો અને બાદશાહે તેમને સં. ૧૪૧૪માં વિવિધ ફરમાનો આપ્યાં હતાં.[1]

આચાર્યશ્રીએ ૧૦૦૦ ઘરોના માણસોને નવા જૈન બનાવ્યા.

તેમના શિષ્ય પં૦ **સોમચંદ્રગણિ**એ સં. ૧૫૦૪માં કર્પૂરપ્રકર ગ્રંથ, બાલાવબોધ કથા : ૧૫૭ (ગ્રં. ૨૨૬૦) રચ્યાં છે.

૪૯. આ૦ હેમચંદ્રસૂરિ – તેમણે સં. ૧૪૧૮માં તેમના ગુરુદેવની 'સિરિસિરિવાલકહા'નો પ્રથમ આદર્શ લખ્યો હતો. સં.૧૪૨૪માં પૂર્ણચંદ્ર આચાર્ય થયા હતા.

૫૦. આ૦ હેમહંસસૂરિ – તેમનું બીજું નામ હેમચંદ્ર પણ મળે છે. તેઓ આ૦ પૂર્ણચંદ્રના શિષ્ય હતા. તેમનો સં. ૧૪૩૧માં જન્મ, સં. ૧૪૩૯માં દીક્ષા, સં. ૧૪૫૩માં આચાર્યપદ થયાં.

તેમની પરંપરામાં અનુક્રમે ૫૧. પં૦ લક્ષ્મીનિવાસ, ૫૨. પં૦ પુણ્યરત્ન, ૫૩. પં૦ સાધુરત્ન વગેરે યતિઓ થયા.

૫૧. ભ૦ રત્નસાગર – તેમનું ટૂંકું નામ રત્નાકર હતું. તેમનું બીજું નામ ભ૦ રત્નપ્રભસૂરિ પણ મળે છે. તેમણે સં. ૧૪૯૨માં 'આદિનાથ જન્માભિષેક' તથા સં. ૧૫૦૮માં અમદાવાદમાં 'વસંતલિલાસ' રચ્યો.

તેમની પાટે (૫૨) આ૦ હેમચંદ્રસૂરિના શિષ્ય (૫૩) ઉપાધ્યાય લલિત-કીર્તિગણિએ સં. ૧૫૧૬ના ભાદરવા સુદિ ૯ ને ગુરુવારે ઉજ્જૈનમાં 'ધન્યચરિત્ર-દાન કલ્પદ્રુમ' લખ્યો. (શ્રી પ્રશસ્તિસંગ્રહ, ભા. ૨, પ્રશસ્તિ : ૯૦)

૫૨. ભ૦ હેમસમુદ્ર – તે વિદ્વાન હતા. તેમને પદ્મસુંદર નામે ઉપાધ્યાય હતા, જેઓ પં૦ પદ્મમેરુના શિષ્ય હતા. ઉ૦ પદ્મસુંદર વાદી હતા. તેમની વિદ્વત્તાથી પ્રભાવિત થયેલા સમ્રાટ **અકબરે** તેમને બહુમાનપૂર્વક, ગામ, પાલખી, પહેરામણી વગેરે આપ્યાં હતાં. તેમણે 'પ્રમાણસુંદર ન્યાય, ધાતુપાઠ, જંબૂચરિત્ર, પાર્શ્વનાથ મહાકાવ્ય, રાયમલ્લાભ્યુદય મહાકાવ્ય' વગેરે ગ્રંથો રચ્યા છે. તેઓ

---

૧. આ૦ રત્નશેખરથી આ૦ હેમસમુદ્ર સુધીના આચાર્યોના પટ્ટાનુક્રમ માટે શિલાલેખો, ચંદ્રકીર્તિટીકા તથા પટ્ટાવલીઓમાં વિસંવાદ જોવાય છે.

કાલધર્મ પામતાં તેમનો જ્ઞાનભંડાર સમ્રાટ અકબરે સં. ૧૬૪૨માં જગદ્‌ગુરુ હીરવિજયસૂરિને અર્પણ કર્યો. જગદ્‌ગુરુએ પણ આગરામાં સમ્રાટ અકબરના નામથી જ એ જ્ઞાનભંડારની સ્થાપના કરી હતી.

ઉ૦ વચ્છરાજે 'શાંતિનાથચરિત્ર' તથા 'સમ્યક્‌ત્વકૌમુદી' રચ્યાં છે.

૫૩. ભ૦ હેમરત્ન – તે પં૦ પુણ્યરત્નના ગાઢ મિત્ર હતા.

૫૪. ભ૦ સોમરત્નસૂરિ – સં. ૧૫૪૫ થી સં. ૧૫૭૯. તેમણે પં૦ સાધુરત્નના શિષ્ય યતિ પાર્શ્વચંદ્રને ઉપાધ્યાયપદ આપ્યું. ઉ૦ પાર્શ્વચંદ્રથી સં. ૧૫૭૨માં 'પાયચંદમત' નીકળ્યો.[1] અને પાર્શ્વચંદ્રગચ્છના વિનયદેવથી સં. ૧૬૦૨ના વૈશાખ સુદિ ૩ ને સોમવારથી 'સુધર્મગચ્છ' શરૂ થયો.

૫૫. ભ૦ રાજરત્ન – તેમનું પ્રસિદ્ધ નામ જયસ્વામી હતું. ભ૦ વિનયકીર્તિ અને ભ૦ માનકીર્તિ આ સમયે થયા હતા.

૫૬. ભ૦ ચંદ્રકીર્તિ – તેમણે સં. ૧૬૬૮માં 'સારસ્વત વ્યાકરણ'ની ચંદ્રકીર્તિ

---

૧. ઉપા૦ **પાર્શ્વચંદ્ર** તે (૪૯) આ૦ હેમચંદ્ર, (૫૦) આ૦ હેમહંસ, (૫૧) આ૦ લક્ષ્મીનિવાસ (૫૨) પુણ્યરત્ન, (૫૩) પં૦ **સાધુરત્ન**ના શિષ્ય હતા. ભ૦ **સોમરત્ન**ના ઉપાધ્યાય હતા

૫૪. **આ૦ પાર્શ્વચંદ્રસૂરિ** - આબૂ પાસે આવેલા હમીરપુરમાં શેઠ વેલજી નામે પોરવાડ રહેતા હતા. તેમની પત્નીનું નામ વિમલા. તેણે સં. ૧૫૩૭માં એક બાળકને જન્મ આપ્યો, જે છેવટે આ૦ પાર્શ્વચંદ્રસૂરિ નામે ખ્યાતિ પામ્યા. એટલે તેમનો જન્મ સં. ૧૫૩૭, પં૦ સાધુરત્ન પાસે સં. ૧૫૪૬માં દીક્ષા લીધી. સં. ૧૫૫૪માં નાગોરમાં ઉપાધ્યાયપદવી મેળવી. સં. ૧૫૯૯માં ભટ્ટારકપદ પ્રાપ્ત કર્યું અને સં. ૧૬૧૨ના માગસર સુદિમાં જોધપુરમાં સ્વર્ગવાસ થયો.

તેમણે સં. ૧૫૭૨માં ૧૧ બોલની પ્રરૂપણા કરીને 'પાયચંદ મત' ચલાવ્યો, જે સમય જતાં **પાયચંદગચ્છ** નામથી જાહેર થયો. તેમણે પં૦ જગર્ષિ ગણિ સાથે વાદમાં જોધપુરમાં રાજા માલદેવનું શરણ લીધું. તેમણે ઘણા આગમોના ટબ્બા લખ્યા છે. સં. ૧૫૮૮માં તેમણે 'શ્રેણિકરાસ' રચ્યો. લોંકાગચ્છના વિરોધમાં ૧૨૨ બોલ બનાવ્યા છે. વિવિધ ૨૬ સજ્ઝાયો રચી છે. (આ૦ જયચંદકૃત પાર્શ્વચંદ્રચરિત્ર દૂહા : ૪૭, હીરસૌભાગ્યકાવ્યપ્રશસ્તિ, પાયચંદગચ્છ પટ્ટાવલી વગેરે)

પાયચંદગચ્છની પટ્ટાવલી આ પ્રમાણે મળે છે –

૫૪. આ૦ પાર્શ્વચંદ્રસૂરિ - સ્વ. સં. ૧૬૧૨, જોધપુર.
૫૫. આ૦ સમરચંદ્રસૂરિ - સ્વ. સં. ૧૬૨૬, ખંભાત.
૫૬. આ૦ રાજચંદ્રસૂરિ - સ્વ. સં. ૧૬૬૯ ના જેઠ સુદિ ૬, ખંભાત. તેમની પાટે (૫૭) રત્નસિંહ (૫૮) વચ્છરાજ થયા છે.
૫૭. આ૦ વિમલચંદ્રસૂરિ- સ્વ. સં. ૧૬૭૪ના આસો સુદિ ૧, અમદાવાદ.
૫૮. આ૦ **જયચંદ્રસૂરિ** - સ્વ. સં. ૧૬૯૯ના અષાડ સુદિ ૧૫. ➧

નામે ટીકા, શારદીય નામમાલા, યોગચિંતામણિ અને સં. ૧૬૩૦ માં આ૦ રત્નશેખરના 'પ્રાકૃત છંદઃકોશ'ની ટીકા રચેલી છે.

ભ૦ ચંદ્રકીર્તિસૂરિથી બીજી પણ પટ્ટાવલી મળે છે –

(૫૬) ભ૦ ચંદ્રકીર્તિસૂરિ. (૫૭) ભ૦ માનકીર્તિસૂરિ.

(૫૮) ભ૦ અમરકીર્તિસૂરિ – તેમના શિષ્ય મુનિ ધર્મકીર્તિએ સં. ૧૬૫૭ના આસો સુદિ ૧ ને સોમવારે નાગોરમાં 'શ્રીપાલચરિત્ર' લખ્યું ને તેની પ્રશસ્તિમાં પોતાને કોટિકગણ, વજ્રશાખા ચંદ્રકુળ વડગચ્છ અને નાગપુરીયતપાગચ્છના તેમજ આ૦ દેવસૂરિની શ્રમણપરંપરાના બતાવે છે.

(જૂઓ, શ્રીપ્રશસ્તિસંગ્રહ, ભા. ૨, પ્રશસ્તિ : ૬૨૮)

૫૭. ભ૦ હર્ષકીર્તિ – તેમનું મૂળ નામ મુનિ હર્ષકીર્તિ મળે છે. તેઓ જ્યારે ઉપાધ્યાય હતા ત્યારે તેમનું નામ ઉપા૦ પદ્મચંદ્ર હતું. તેમણે સં. ૧૬૬૮માં 'સારસ્વત-ટીકાની પહેલી પ્રતિ લખી. સં. ૧૬૬૮માં કલ્યાણમંદિરસ્તોત્રની વૃત્તિ,

---

◆ તેમણે સં. ૧૬૫૪માં રાયરત્નરાસ, પાર્શ્વચંદ્રસૂરિદોહા-૪૭, રાજચંદ્રસૂરિ બારમાસા વગેરે રચ્યાં છે. તેમણે સં. ૧૬૫૪ ના 'રાસરત્ન'માં પોતાનો **વડગચ્છ** બતાવ્યો છે. એટલે સંભવે છે કે, સં. ૧૬૫૪ પછી **પાયચંદગચ્છ** નામ પડ્યું હશે.

૫૯. ભ૦ પદ્મચંદ્રસૂરિ - સ્વ. સં. ૧૭૪૪ના આસો સુદિ ૧૦, વીરમગામ.

૬૦. ભ૦ મુનિચંદ્રસૂરિ - સ્વ. સં. ૧૭૫૦ના આસો વદિ ૧૦, વીરમગામ.

૬૧. ભ૦ નેમિચંદ્રસૂરિ - સ્વ. સં. ૧૭૯૭ના વૈશાખ વદિ ૫, બિકાનેર.

૬૨. ભ૦ કનકચંદ્રસૂરિ - સ્વ. સં. ૧૮૧૦ના માહ વદિ ૧૦, બિકાનેર.

૬૩. ભ૦ શિવચંદ્રસૂરિ - સ્વ. સં. ૧૮૨૩ના પ્રથમ ચૈત્ર સુદિ ૯, વડુ.

૬૪. ભ૦ ભાનુચંદ્રસૂરિ - સ્વ. સં. ૧૮૩૭ના કાર્તિક વદિ ૮, વીરમગામ.

૬૫. ભ૦ વિવેકચંદ્રસૂરિ - સ્વ. સં. ૧૮૫૪ના શ્રાવણ વદિ ૧૩, ઉજ્જૈન.

૬૬. ભ૦ **લબ્ધિચંદ્રસૂરિ** - સ્વ. સં. ૧૮૮૩ના કાર્તિક વદિ ૧૦, બિકાનેર.

તેમણે 'સિદ્ધાંતરત્નિકાવ્યાકરણ, જ્યોતિષજાતક' વગેરે ગ્રંથો રચ્યાં છે. તેમના ઉપદેશથી ઉદયપુરના પટવા જોરાવરમલજીએ પચ્ચીસ લાખનો ખર્ચ કરી શત્રુંજયનો છ'રી પાળતો સંઘ કાઢ્યો હતો.

૬૭. ભ૦ હર્ષચંદ્ર - સ્વ. સં. ૧૯૧૩ના ફાગણ વદિ ૧૪, શંખેશ્વર

૬૮. ભ૦ હેમચંદ્ર - સ્વ. સં. ૧૯૬૭ના ચૈત્ર વદિ ૭, બિકાનેર.

૬૯. આ૦ ભાતૃચંદ્ર - તેમણે સં. ૧૯૩૭ના વૈશાખ સુદિ ૧૧ના રોજ માંડલમાં ક્રિયોદ્ધાર કર્યો. સ્વ. સં. ૧૯૭૨ના વૈશાખ વદિ ૮ બુધવાર, રાજનગર.

(પટ્ટાવલીસમુચ્ચય, ભા. ૨, પ્રક. ૫૩, પૃ. ૨૪૮)

૭૦. **આ૦ સાગરચંદ્રસૂરિ** - તે બહુ શાંત હતા, મળતિયા સ્વભાવના હતા. તેમને શ્રમણસંઘની એકતા અને જૈન ધર્મની ઉન્નિત્ત માટે ઘણી ઘગશ હતી. તેઓ સં. ૧૯૯૦માં અમદાવાદમાં અખિલ ભારતવર્ષીય મુનિસમ્મેલન મળ્યું તેમાં આવ્યા હતા અને નિર્ણય આપનારી પ્રવર મુનિસમિતિમાં તે નિમાયા હતા.

સં. ૧૬૫૪ના પોષ વદિ ૪ના રોજ બૃહચ્છાંતિઅવચૂરિ (ગ્રં. ૨૪૫), સિંદૂર-પ્રકરણ-વૃત્તિ અને વૈદ્યકસારોદ્ધાર' વગેરે ગ્રંથો રચ્યા છે.

આ પરંપરાના ભ૦ વિજયસુંદરે સં. ૧૬૭૩માં સિરોહીમાં આ૦ વિજયસેન-સૂરિના શિષ્ય પં૦ રામવિજયને સૂરિપદ આપી તેમનું નામ આ૦ વિજયતિલકસૂરિ રાખ્યું. (જૂઓ, પ્રક. ૫૮, આણંદસૂરિગચ્છ પટ્ટાવલી, નાગોરી તપાગચ્છ પટ્ટાવલી વગેરે)

નાગોરી તપાગચ્છનાં ગોત્રો – ૧. ગોહલાણી, નવલખા, ભૂતેડિયા, ૨. પીપાડા, હિરણ, ગોગડ, સીસોદિયા, ૩. રૂણીવાલ, વેગાણી, ૪. હિંગડ, લાંગા, ૫, રામસોની (રામસેની), ૬. ઝાબક, ઝમડ, ૭. છલાણી, છજલાણી, ઘોડાવત, ૮. હીરાઉ, કેલાણી, ૯. ગોખરુ, ચૌધરી, ૧૦. જોગડ, ૧૧. છોરિયા, છામડા, ૧૨. લોઢા, ૧૩. સૂરિયા, મીઠા, ૧૪. નાહર, ૧૫. જડિયા.

(નાગોરી તપાના મહાત્માની વહીના આધારે)

તપાગચ્છનાં જૈન ગોત્રો – ૧. વરડિયા, બદરિયા, બાહુદિયા, ૨. બાંઠિયા, કવાડ, શાહ, હરખાવત, ૩. છરિયા, ૪. ડફરિયા, ૫. લલવાણી, ૬. ગાંધી, વેદગાંધી, રાજગાંધી, ૭. ખજાનચી, ૮. બૂરડ, ૯. સંઘવી, ૧૦ મુણોત, ૧૧. પગરિયા, ૧૨. ચૌધરી, ૧૩. સોલંકી, ૧૪. ગુજરાણી, ૧૫. કચ્છોલે, ૧૬. મોરડ્યે, ૧૭. સાલેચે, ૧૮. કોઠારી, ૧૯. ખટોલ, ૨૦. બિનકિયા, ૨૧. સરાફ, ૨૨. લૌકડ, ૨૩. મીન્ની, ૨૪. આંચલિયા, ૨૫. ગોલિયા, ૨૬. ઓસવાલ, ૨૭. ગોડી (ગોઠી) ૨૮. માદરેચ, ૨૯. લોલેચ, ૩૦. માલા વગેરે.

તપાગચ્છનાં તેર બેસણાં છે.[1] સૌ એક સામાચારીવાળા છે. તે સર્વ ગચ્છના જૈનો તપાગચ્છમાં સામેલ થયા છે.

ઓસવાલ, પોરવાડ, મારુ, સોરઠિયા, શ્રીમાલી, ગૂર્જરભણસાલી, અગ્રવાલ, પલ્લીવાલ, કપોળ, નાગર વગેરે અનેક જ્ઞાતિઓવાળા તપાગચ્છના જૈનો છે.

૧૫ વડગચ્છ પટ્ટાવલી (આરાસણ)★

૪૧. આ૦ વાદિદેવસૂરિ.

---

૧. તપાગચ્છના ભટ્ટારકોના તાબામાં ૧૩ ગચ્છોની યાદી હતી તે આ પ્રમાણે – ૧. તપાગચ્છ, ૨. સાંડેરક, ૩. ચઉદ્દશીયા, ૪. કમલકલશા, ૫. ચંદ્રગચ્છ, ૬. કોટિકગચ્છ, ૭. કતકપુરા, ૮. કોરંટાગચ્છ, ૯. ચિત્રોડાગચ્છ, ૧૦. કજ્જપુરા, ૧૧. વડગચ્છ, ૧૨. ઉપકેશ-ઓસવાલગચ્છ, ૧૩. મલધારીગચ્છ, આ ૧૩ ગચ્છના જૈનો તપાગચ્છના વિજયદેવસૂરિસંઘના શ્રીપૂજની આજ્ઞા પાળતા હતા. (શ્રીતપગચ્છ શ્રમણવંશવૃક્ષ, પૃ. ૩૬)

★ આરાસણસત્ક આચાર્ય યશોદેવ માટે જૂઓ, પ્રક. ૩૬, પૃ. ૧૭૫.
આરાસણગચ્છ માટે જૂઓ, પ્રક. ૩૭, પૃ. ૨૦૩.
આરાસણ તીર્થ માટે જૂઓ, પ્રક. ૩૭, પૃ. ૨૫૩.

૪૨. આ૦ જિનભદ્રસૂરિ – તેમના ઉપદેશથી શેઠ વાહડ પોરવાડે પાદરામાં ઉંદરવસહી બનાવી પ્રતિષ્ઠા કરાવી હતી. તેમણે સં. ૧૨૦૪માં 'ઉપદેશમાલા-કથા' રચી. સં. ૧૨૧૮માં મંત્રી યશોધવલના મંત્રીપણામાં પાટણમાં 'કલ્પચૂર્ણિ'ની તાડપ્રતિ લખાવી. તેમના બીજા પટ્ટધર આ૦ શાંતિસૂરિ હતા.

(જૂઓ, પટ્ટાવલી ૧૨મી)

૪૩. આ૦ રત્નપ્રભસૂરિ – તેમના ઉપદેશથી શેઠ વાહડના મોટા પુત્ર બ્રહ્મદેવે સં. ૧૨૭૫માં આરાસણના દેરાસરમાં દાઢાધર કરાવ્યો.■

૪૪. આ૦ હરિભદ્રસૂરિ.

૪૫. આ૦ પરમાણંદસૂરિ – તેમના ઉપદેશથી શેઠ વાહડના બીજા પુત્ર શરણદેવ, તેમના પુત્રો વીરચંદ, પાસડ, આંબડ તથા રાવણે સં. ૧૩૧૦માં આરાસણમાં ૧૭૦ તીર્થંકરોનો પટ્ટ કરાવ્યો. શેઠ વીરચંદે સં. ૧૩૩૮માં આરાસણમાં ભ૦ વાસુપૂજ્યની દેરી બનાવી, પ્રતિમા ભરાવી, પ્રતિષ્ઠા કરાવી.

(જૂઓ, પ્રક. ૩૮, પૃ. ૩૧૩)

૧૬. ભિન્નમાલ વડગચ્છ

આ ગચ્છ કયા ગચ્છનો પેટાગચ્છ છે તેનો સ્પષ્ટ આધાર મળતો નથી, પરંતુ એક ઉલ્લેખના આધારે અમે તેને વાદિદેવસૂરિનો સંતાનીય બતાવ્યો છે. તેમાં અનુક્રમે ૧. આ૦ વીરસૂરિ, ૨. આ૦ અમરપ્રભસૂરિ, ૩. આ૦ કનકપ્રભસૂરિ થયા હતા.

શ્રીમાલી વહોરા ગોપાલે તેમના ઉપદેશથી સં. ૧૫૫૧ના વૈશાખ સુદિ ૬ ને શુક્રવારે પુનર્વસુ નક્ષત્રમાં માંડવગઢની દક્ષિણ તળેટીમાં તારાપુર ગામમાં ભ૦ સુપાર્શ્વનાથનો પ્રાસાદ બંધાવ્યો.

(જૈનસત્યપ્રકાશ, ક્ર. ૨૫; પટ્ટાવલીસમુચ્ચય, ભા. ૨, પૃ. ૨૨૫)

અંચલગચ્છમાં પણ ભિન્નમાલગચ્છ એવો શાખાગચ્છ હોવાની પ્રશસ્તિઓ મળે છે.

૧૭. રામસેનીય વડગચ્છ

બૃહદ્ગચ્છમાં રામસેનીયાવટક આ૦ મલયચંદ્રસૂરિ થયા. તેમણે સં. ૧૫૦૯માં પ્રતિષ્ઠિત કરેલ ભ૦ શાંતિનાથની ધાતુપ્રતિમા સરધના (ઉ.પ્ર.)માં વિરાજમાન છે.

■ આ સમયે રાજગચ્છમાં (૧૩) આ૦ પરમાનંદ, (૧૪) આ૦ રત્નપ્રભ થયા. તેમના ઉપદેશથી સં. ૧૩૧૦ના વૈશાખ વદિ ૫ના રોજ શેઠ વીરદેવ પોરવાડના વંશના વીલ્હણે આરાસણમાં ભ૦ નેમિનાથના દેરાસરમાં સ્તંભ કરાવ્યો.

(પ્રક. ૩૫, રાજ. પટ્ટા. સાતમી, પૃ. ૨૩)

૧૮. જીરાવલા વડગચ્છ

આ ગચ્છમાં સં. ૧૬૫૧ના વૈશાખ સુદિ ૫ શુક્રવારે ભ૦ દેવાનંદસૂરિપટ્ટે આ૦ સોમસુંદરસૂરિ થયા.

કલિકાલસર્વજ્ઞ આ૦ હેમચંદ્રસૂરિ (સં. ૧૨૨૯) –

किं स्तुमः शब्दपाथोधेर्हेमचन्द्रयतेर्मतिम् ।
एकेनापि हि येनेदृक् कृतं शब्दानुशासनम् ॥

ગૂજરાતના ધંધૂકા નગરમાં મોઢ જ્ઞાતિનો શેઠ **સાચો** (સાચિગ) રહેતો હતો, તેને **પાહિની** નામે પત્ની હતી. તે જૈનોમાં પ્રસિદ્ધિ પામેલા શ્રેષ્ઠી **નેમિનાગ મોઢ**ની બહેન હતી. તે જૈનધર્મ પાળતી હતી.

એક વેળા તેણે સ્વપ્નમાં ચિંતામણિરત્ન જોયું, જે ગુરુ પાસે જઈને ચમકવા લાગ્યું. એક આંબો જોયો, જે બીજે સ્થળે જઈ ફાલ્યો ફૂલ્યો.[૧]

આ૦ દેવચંદ્રસૂરિએ એ સ્વપ્નના ફળ વિશે જણાવ્યું કે, 'તું એક નરમણિને જન્મ આપીશ, જે મોટો થતાં ગુરુમણિ થશે. તારો એ પુત્ર ધીમે ધીમે વિકાસ સાધી એક મહાન પુરુષ બનશે.

તેણે સં. ૧૧૪૫ ના કાર્તિક સુદિ ૧૫ની રાતે એક તેજસ્વી બાળકને જન્મ આપ્યો. તેના માતા-પિતાએ એ બાળકનું નામ **ચંગદેવ** રાખ્યું. ચંગ એટલે ઉત્તમ.

પૂર્ણતલ્લગચ્છના આ૦ **દેવચંદ્રસૂરિ** એક દિવસ ધંધૂકામાં **મોઢજ્ઞાતિ**ના દેરાસરમાં દર્શને પધાર્યા.[૨] તેઓ ચૈત્યવંદન કરતા હતા ત્યારે પાહિનીદેવી પણ દેરાસરે દર્શન કરવા આવી હતી અને દેરાસરમાં પ્રદક્ષિણા દેતી હતી. એ સમયે બાળક ચાંગો પણ ઉપાશ્રયમાં જઈને આચાર્યશ્રીના આસન પર બેસી ગયો. આચાર્યશ્રી અને માતાએ ત્યાં આવીને જોયું કે બાળક ગુરુપદનો અભિલાષી છે. આચાર્યશ્રીએ પાહિનીને યાદ આપી કે, 'બહેન ! એ ભવ્ય સ્વપ્ન તમને યાદ છે ? આ બાળક જગદ્‌ગુરુ થવાને જન્મ્યો છે. જો, આ તેની જ નિશાની છે, તું જાતે જ જોઈ લે, હવે વિચાર કરી લે. તારે આ બાળક ગુરુમહારાજને વહોરાવવો જોઈએ.'

માતાએ જવાબ આપ્યો કે, 'તેના પિતાજીની આજ્ઞા હોય તો મારી સમ્મતિ છે, પણ તેના પિતા આજ્ઞા આપે તે અશક્ય છે.'

પાહિનીદેવીએ વિચાર કર્યો કે, મારો ચાંગો જો નિશ્ચિતરૂપે સાધુ થવાનો હોય તો પછી મારા પોતાના હાથે તેને યોગ્ય ગુરુને કેમ ન સોંપવો ? તેણે પોતાના ભાઈ નેમિનાગની સાથે સલાહ કરી લીધી અને ચંગદેવ આ૦ દેવચંદ્રસૂરિને સોંપ્યો.

---

૧. સ્વપ્નમાં ચિંતામણિ (પ્રભાવકચરિત), આંબો (પ્રબંધકોશ અને સોહમકુલપટ્ટાવલી)
૨. પૂર્ણતલ્લગચ્છના આ૦ દેવચંદ્રસૂરિ માટે જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૯.

દીક્ષા :

આ૦ દેવચંદ્રસૂરિ ચંગદેવને સાથે લઈ વિહાર કરતા કરતા કર્ણાવતી પધાર્યા. કર્ણાવતીમાં **શેઠ ઉદાયન** રાજમાન્ય શ્રેષ્ઠી હતા. સાચો શેઠ ચાંગને પાછો લઈ આવવા કર્ણાવતી ગયા. તેણે શેઠ ઉદાયનના ભાવભીના સત્કારથી અને યુક્તિભર્યા વચનોથી ખુશ થઈ પોતાનો પુત્ર આચાર્યશ્રીને વહોરાવ્યો.

પછી આચાર્યશ્રીએ ખંભાત તરફ વિહાર કર્યો. ભ૦ પાર્શ્વનાથના દેરાસરમાં (આલિગવસહીમાં) સં. ૧૧૫૦ના માહ સુદિ ૧૪ ને શનિવારે પુષ્ય નક્ષત્રમાં ગોરજના સમયે (ગોધુલિ લગ્નમાં), કન્યાના લગ્નમાં, પહેલા ભુવનમાં ગુરુ, પાંચમા નીતિધર્મભુવનમાં બુધ, છઠ્ઠા ભુવનમાં રવિ, મંગલ; આઠમા ભુવનમાં શુક્ર (વિષ્ણ્ય શુક્ર) નવમા ધર્મભુવનમાં રોહિણીનો શનિ અને અગિયારમા ભુવનમાં પુષ્યનો ચંદ્ર હતો ત્યારે એ **પાંચ વર્ષના બાલક** ચાંગદેવને દીક્ષા આપી અને તેનું નામ **મુનિ સોમચંદ્ર** રાખવામાં આવ્યું. આ દીક્ષાનો ઉત્સવ પિતા સાચા શેઠે કર્યો. (–પ્રબંધચિંતામણિ)

સરસ્વતી સાધના :

મુનિ સોમચંદ્રની બુદ્ધિ તીવ્ર હતી. આચાર્યશ્રીએ તેને વ્યાકરણ અને સાહિત્યનું અધ્યયન કરાવ્યું. મુનિ સોમચંદ્ર વિદ્વાન બન્યા. તેઓ નિરંતર એકાગ્રપણે સરસ્વતીદેવીનું ધ્યાન કરતા હતા. તેમના મનમાં એવી અભિલાષા હતી કે, કાશ્મીર જઈ સરસ્વતીદેવીને પ્રસન્ન કરી ''સિદ્ધ સારસ્વત'' બનવું. આચાર્યશ્રીએ તેમની ભાવનાને પૂર્ણ કરવા કાશ્મીર તરફ વિહાર કર્યો. બાલમુનિએ રૈવતાચલમાં નહીં પરંતુ રૈવતાવતાર તીર્થમાં[1] એકાગ્ર બની **સરસ્વતી**નું ધ્યાન કર્યું. સરસ્વતીએ પ્રત્યક્ષ થઈ તેમને જણાવ્યું, 'વત્સ ! તારી ભક્તિથી હું પ્રસન્ન થઈ છું. તારી વાંછા પૂરી થશે. તારે હવે કાશ્મીર જવાની જરૂર નથી.'

મુનિ સોમચંદ્રે સરસ્વતીના આ વરદાનથી ખુશ થઈ તેમણે કાશ્મીર જવાનું મુલતવી રાખ્યું.

એક એવી માન્યતા છે કે, આ દેવીના વરદાનની ઘટના **અજારી તીર્થ**માં બની હતી.

આ૦ હેમચંદ્રસૂરિને દૈવી સહાય હતી, એ અંગે પણ એક કિંવદંતી મળે છે કે, **આ૦ દેવચંદ્રસૂરિ**, મુનિ **સોમચંદ્ર** અને મુનિ **મલયગિરિ**–એ ત્રણેએ એક ભોંયરામાં નગ્ન રહી કુમારીઆ ગામના શ્રીમાલી શેઠની પદ્મિની સ્ત્રીને પોતાની સામે નગ્ન ઊભી રાખી દેવીનું ધ્યાન કર્યું. ત્યાં શેઠને ખુલ્લી તરવારે ઊભા રાખ્યા અને તેમને સૂચના આપી રાખી કે, 'અમારામાંથી જે કોઈ ચલાયમાન થાય તેનું માથું તારે તરવારથી

---

૧. રૈવતાવતાર તીર્થ તે ખંભાતમાં એ નામનું દેરાસર. જેમ આબૂ-દેલવાડા અને નાડલાઈમાં એ નામની ટેકરીઓ છે.

ઉડાડી દેવું.' તેઓએ ૧૦ દિવસ સુધી એ પ્રકારે ધ્યાન ધર્યું. તેઓના બ્રહ્મતેજથી અને ધ્યાનના આકર્ષણથી અગિયારમા દિવસે દેવ પ્રત્યક્ષ થયા. દેવે વરદાન આપ્યું કે, 'આ૦ **દેવચંદ્રસૂરિ**ને બાવન વીરો વશમાં રહેશે. **મુનિ સોમચંદ્ર** રાજાને પ્રતિબોધ કરી શકશે અને **મુનિ મલયગિરિ** સિદ્ધાંતની વૃત્તિઓ બનાવી શકશે.' આમાં શ્રીમાલી શેઠને કરોડ રૂપિયાનો લાભ થયો અને બધાયે ત્યાંથી વિહાર કરી રૈવતાવતાર તીર્થની યાત્રાએ ગયા. (–સોહમકુલપટ્ટાવલી, વીરવંશાવલી)

એક ગામમાં એક શ્રીમંતનો પુત્ર અંતરાયકર્મના ઉદયથી નિર્ધન બની ગયો હતો. ઘરનું ધન માટી અને કોલસા બની ગયું હતું. આથી તે દુઃખી હતો. મુશ્કેલીથી પોતાનો નિર્વાહ ચલાવતો હતો. તેણે પોતાના ઘરના ભોંયરામાંથી કચરો કાઢી ઘરના ચોકના એક ખૂણામાં રાખી મૂક્યો હતો. એવામાં આચાર્યશ્રી વિહાર કરતા કરતા તે ગામ પધાર્યા અને શેઠના પુત્રના ઘરે ગોચરી માટે પધાર્યા.

શેઠના પુત્રે ઘણા આદરથી આચાર્યશ્રીને ઘેંસ વહોરાવી. બાલમુનિ સોમચંદ્રે ઘરમાં અને ચોકમાં નજર ફેરવી તો તેમને પેલો કચરાનો ઢગલો સોનાનો દેખાયો. તેમને વિચાર આવ્યો કે આ ગૃહસ્થ કરોડપતિ હોવો જોઈએ, પરંતુ ગોચરીમાં ઘેંસ જોઈને તેમને થયું કે, એ લોભી હોવો જોઈએ. તેમણે ગુરુજીને ગુપ્ત સંકેત કર્યો, પણ ગુરુજી કંઈ સમજી ન શક્યા. પરંતુ શેઠનો ચતુર પુત્ર એ હકીકત પામી ગયો. તેણે ઊભા થઈ બાલમુનિને ઊંચકીને તે ઢગલા ઉપર બેસાડી દીધા. એ બાલબ્રહ્મચારી અને ચારિત્રનિષ્ઠ બાલમુનિના ચારિત્રના પ્રભાવથી કચરાનો ઢગલો પ્રગટ રીતે સોનાનો બની ગયો. શેઠના પુત્રે હર્ષ પામીને ગુરુમહારાજને વિનંતિ કરતાં જણાવ્યું કે, 'નાના મહારાજ તો પ્રત્યક્ષ સ્વર્ણપુરુષ છે. એ સોમચંદ્ર નથી પણ **હેમચંદ્ર** છે. ગુરુદેવ ! આપ આ મુનિને આચાર્યપદવીથી અલંકૃત કરો અને તે ઉત્સવમાં આ શ્રાવકને લાભ મળે એવી કૃપા કરો.'

આચાર્ય મહારાજે પણ મુનિ સોમચંદ્રને હેમચંદ્રરૂપે નિહાળ્યા.

(–વીરવંશાવલી, સોહમકુલકપટ્ટાવલી, પટ્ટાવલીસમુચ્ચય, ભા.૨)

આચાર્યપદ :

ગુરુદેવે આ બાલમુનિને કામવિજેતા અને સર્વ રીતે યોગ્ય જાણી સં. ૧૧૬૬ના વૈશાખ સુદિ ૩ના દિવસે મધ્યાહ્ન સમયે કર્ક લગ્નમાં પહેલે ગુરુ, ત્રીજે રાહુ, છઠ્ઠે મંગળ, નવમે શુક્ર-કેતુ, દશમે સૂર્ય-બુધ અને અગિયારમે ચંદ્ર-શનિ હતા–એ યોગમાં ખંભાતનગરે **આચાર્યપદવી** આપી, તેના કર્ણને ચંદન-કર્પૂરથી સુવાસિત કરીને સૂરિમંત્ર આપ્યો અને તેનું નામ આ૦ **હેમચંદ્રસૂરિ** રાખ્યું.

આ સમયે માતા **પાહિની**એ ઘણા ઉલ્લાસથી દીક્ષા લીધી. આ નવા આચાર્યશ્રીની ભાવના અનુસાર આચાર્યશ્રીએ સાધ્વી પાહિનીને **પ્રવર્તિનીપદ** આપ્યું અને સંઘે પ્રવર્તિનીને સિંહાસન ઉપર બેસવાની અનુમતિ આપી.

આ૦ દેવચંદ્રસૂરિ સં. ૧૧૬૭ લગભગમાં સમાધિથી કાલ કરી **સ્વર્ગે ગયા** અને આ૦ હેમચંદ્રસૂરિ સપરિવાર વિહાર કરતા કરતા પાટણ પધાર્યા.

એક દિવસે રાજા સિદ્ધરાજની સવારી બજારમાંથી પસાર થઈ રહી હતી. રાજા હાથી ઉપર બેઠો હતો. આ૦ હેમચંદ્રસૂરિ પણ એ જ અવસરે બજારમાં થઈને જઈ રહ્યા હતા. રાજાએ આચાર્યશ્રી પાસે આવીને પૂછ્યું, 'મહાત્મન્ ! તમારે કંઈ કહેવું છે ?' અવસરજ્ઞ આચાર્યશ્રીએ પ્રસન્નમુખે જણાવ્યું, 'સિદ્ધરાજ! તારા ગજને શંકા રાખ્યા વિના જ આગળ ચલાવ. કદાચ દિગ્ગજો ગભરાઈ જાય તો તેનો તારે વિચાર કરવો નહીં. કેમકે પૃથ્વીને તો તું જ ધારણ કરી રહ્યો છે.' રાજવીએ આચાર્યશ્રી ઉપર મીઠી નજર નાખી.

સિદ્ધરાજના દિલમાં દિગ્યાત્રાના વિચારો ઊઠ્યા હતા. બરાબર એ જ સમયે તેને પ્રસન્નમુખ આચાર્યશ્રીનાં દર્શન થયાં. તેમના જ શ્રીમુખેથી મહામંગલરૂપ **આશીર્વાદ** મળ્યો, એટલે રાજવીએ આ ઘટના મહાશકુનવંતી માની લીધી અને આચાર્યશ્રીને વિનંતિ કરી કે, 'આપ હમેશાં બપોરે મને પ્રમોદ-વિનોદ આપવા પધારજો.'

રાજમહેલમાં પ્રવેશ :

આચાર્યશ્રીએ રાજાના આ આમંત્રણને શુભ શકુન માની લઈ તેઓ આજથી રાજમહેલમાં જવા લાગ્યા. તેઓ પોતાના ચારિત્ર્યબળથી અને પ્રતિભાથી ધીમે ધીમે રાજસભામાં પ્રતિષ્ઠા પામ્યા.

રાજસભામાં આચાર્યશ્રીનો ઉત્કર્ષ જોઈ બીજા પંડિતોના દિલમાં સાક્ષરઃ સાક્ષરં દૃષ્ટ્વા એ ન્યાયે ઈર્ષ્યાએ જન્મ લીધો. પણ આચાર્યશ્રી તો સૌમ્યભાવથી તેમને શાંત કરતા અને પોતાની પ્રતિભાથી પ્રભાવિત કરતા રહેતા.

એક દિવસ એક **ચારણ કવિ** રાજાની સભામાં આવ્યો. તે અપભ્રંશ ભાષામાં કવિત્ત બનાવીને બોલવા લાગ્યો. તે કવિત્તના પ્રારંભમાં આચાર્ય હેમચંદ્રનું નામ હતું તેથી તે સાંભળીને બીજા પંડિતોને ગુસ્સો આવ્યો પણ પછીનાં ચરણો જ્યારે તેમણે સાંભળ્યાં ત્યારે તે બધા ખુશ થયા એટલું જ નહીં પણ તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા. ચારણે આચાર્યશ્રીના કહેવાથી એ કવિત્તને ત્રણ વાર ઊંચે સ્વરે લલકાર્યું. આથી સભ્યોએ આચાર્યના ઉપદેશથી તે ચારણને ત્રીશ હજારનું ઈનામ આપ્યું. ચારણે હર્ષિત થઈ કહ્યું : 'મેં ત્રણ વાર કવિત્ત સંભળાવ્યું છે તે મારા ગજા પ્રમાણે બરાબર છે અને સભ્યોએ મને ત્રીશહજારની રકમ આપી છે તે મારી સાત પેઢી માટે બરાબર છે.'

આચાર્યશ્રી **ચૌમુખજી**ના દેરાસરની પોષાળે રોજ વ્યાખ્યાન આપતા હતા. ભ૦ નેમિનાથનું ચરિત્ર ચાલતું હતું. છએ દર્શનવાળાઓ આવીને તેને ઉત્સાહથી સાંભળતા હતા. બ્રાહ્મણ શ્રોતાઓએ, પાંડવોએ જૈન દીક્ષા લીધી એ વાત ઉપર

વિરોધ ઉઠાવ્યો અને રાજાને વિનંતિ કરી કે, 'આ જૈનાચાર્ય વેદવ્યાસના કથનથી જુદી વાત કરે છે. તેથી સ્મૃતિનો અનાદર થાય છે તો તેમને વિપરીત બોલતા રોકવા જોઈએ.'

સિદ્ધરાજે આચાર્યશ્રીને બોલાવી ખુલાસો માગ્યો. પાંડવોએ જૈન દીક્ષા લીધી છે એ વાતનું પ્રમાણ માગ્યું.

આચાર્યશ્રીએ ગંભીરપણે જણાવ્યું કે, 'રાજન્ ! વ્યાસજી મહાભારતમાં પાંડવોનું હિમાલયગમન જણાવે છે; જ્યારે જૈનાચાર્યો પાંડવોએ દીક્ષા લીધાનું જણાવે છે, પણ તે પાંડવો અને આ પાંડવો એક જ છે એવું શાસ્ત્રમાં સૂચન નથી. પાંડવો ઘણા થયા છે. સાંભળો, 'ગાંગેય પિતામહે પોતાના પરિવારને જણાવ્યું હતું કે, મારું મરણ થાય ત્યારે મારા શરીરને એવી ભૂમિ પર અગ્નિદાહ દેજો કે જ્યાં બીજા કોઈનો અગ્નિદાહ ન થયો હોય.

'ભીષ્મ પિતામહ મરણ પામતાં તેનો પરિવાર એવી ભૂમિની તપાસ કરવા એક પહાડના ઊંચા શિખર પર આવ્યો ત્યારે ત્યાં દેવવાણી થઈ કે –

" अत्र भीष्मशतं दग्धं पाण्डवानां शतत्रयम् ।
द्रोणाचार्यसहस्रं तु कर्णसंख्या न विद्यते ॥ "

–અહીં ૧૦૦ ભીષ્મો, ૩૦૦ પાંડવો, ૧૦૦૦ દ્રોણાચાર્યો અને ગણી ન શકાય એટલા કર્ણોને અગ્નિદાહ દેવાયો છે.

'સ્પષ્ટ વાત છે કે, અહીં પાંડવો ઘણા થયા છે. અમે તો બતાવીએ છીએ કે એ કાળે જૈન પાંડવો થયા હશે. એમાં શંકા કરવાનું કોઈ કારણ નથી. તેમની પ્રતિમાઓ શત્રુંજય તીર્થમાં અને **નાસિક**ના શ્રીચંદ્રપ્રભુના દેરાસરમાં વિદ્યમાન છે. તેમ **કેદારતીર્થ**માં પણ છે. તેથી જેને જ્યાં શ્રદ્ધા હોય તે ત્યાં તેમને પૂજે.

'જ્યાં પ્રગટ જ્ઞાન છે ત્યાં ધર્મ છે. જ્ઞાન ગમે ત્યાં હોઈ શકે. જ્ઞાન અને ગંગા એ કોઈની ઘરોહર નથી.'

બ્રાહ્મણો આ ખુલાસો સાંભળી મૌન રહ્યા. રાજાએ આચાર્યશ્રીને વ્યાખ્યાન ચાલુ રાખવા વિનંતિ કરી.

એક દિવસ પુરોહિત **આમિગે** આચાર્યશ્રીને જણાવ્યું, ''તમારી ઉપદેશસભામાં સ્ત્રીઓ શણગાર સજીને આવે છે અને જૈનો પોતાના માટે તૈયાર કરાવેલો પૌષ્ટિક આહાર તમને આપે છે ત્યારે તમારું બ્રહ્મચર્ય કેવી રીતે ટકી શકે ? કારણ કે પત્રભોજી પારાશર ઋષિ વગેરે પણ સ્ત્રીમાં મોહ પામ્યા, તો પછી દૂધ, દહીં, ઘી વગેરે ખાનારા માનવી પોતાની ઇન્દ્રિયોને કાબૂમાં રાખે એ તો સમુદ્રમાં વિંધ્યાચલ ડૂબ્યા જેવી વાત છે.'

આચાર્યશ્રીએ હસીને જવાબ આપ્યો, 'પુરોહિતજી ! તમારો નિર્ણય વિચારપૂર્વકનો નથી. સાંભળો, સિંહ બળવાન છે, તે હરણ, કુક્કર વગેરેનું માંસ

ખાય છે. છતાં વર્ષભરમાં એક જ વાર વિષયસેવન કરે છે. જ્યારે **કબૂતર** કાંકરા અને ધાન્ય ખાય છે છતાં નિરંતર કામી બની રહે છે તેનું શું કારણ ?'

આ સમયે સિદ્ધરાજે જણાવ્યું કે, 'ઉત્તર દેવાની ત્રેવડ ન હોય છતાં રાજસભામાં ફાવે તેમ બોલે એ ઉતાવળિયો સ્વભાવ કહેવાય.' પુરોહિત આ ઠપકાથી શરમિંદો બની ગયો.

વાદી ગુરુ આ૦ **દેવસૂરિ**એ સિદ્ધરાજની સભામાં સં. ૧૧૮૧ના વૈશાખ સુદિ ૧૫ના રોજ દિગંબરાચાર્ય કુમુદચંદ્રને હરાવી વિજય-પતાકા મેળવી અને શ્વેતામ્બરોએ જૈનધર્મ અને ગુજરાતને ગૌરવવંતુ બનાવ્યું, તેમાં આ૦ હેમચંદ્રસૂરિનો પણ સબળ હાથ હતો. (જૂઓ, આ પ્રકરણનાં પૃ. ૪૪૫-૪૪૬)

એક વાર ભાગવતમતનો આચાર્ય **દેવબોધિ** પાટણમાં આવ્યો, જે 'સિદ્ધ સારસ્વત' વિદ્વાન હતો. રાજાએ તેને રાજસભામાં પધારવા આમંત્રણ આપ્યું. તેણે ઉત્તર વાળ્યો કે, 'કાશીનરેશ અને કનોજના નરેશો જોયા છે તો આ નાનકડા ગુજરાતનો રાજા શી વિસાતમાં છે ?' તેણે રાજવીનું આમંત્રણ પાછું ઠેલ્યું.

રાજા **રાજકવિ શ્રીપાલ**ને સાથે લઈ તેને મળવા ગયો અને પં૦ દેવબોધિની સામે જ જમીન ઉપર બેસી ગયો. દેવબોધિએ કવિચક્રવર્તી શ્રીપાલની મશ્કરી કરી એટલે બંને વચ્ચે ઝગડો થયો. રાજાએ દેવબોધિને કોઈ રકમ ભેટ ન કરી.

સિદ્ધરાજે બંધાવેલા રાજવિહારમાં સં. ૧૧૮૩માં ભ૦ ઋષભદેવનો પ્રતિષ્ઠામહોત્સવ હતો. એ ઉત્સવમાં દેવબોધિએ હાજરી આપી સૌને પોતાના પાંડિત્યથી આશ્ચર્યચકિત કરી નાખ્યા. તેમણે એ વાત તટસ્થપણે સ્પષ્ટ જણાવી કે, '**શંકર** જેવો કોઈ રાગી નથી, કેમકે તે સદા અર્ધનારીશ્વર બની રહે છે. **જિનેશ્વર** જેવો કોઈ વીતરાગ નથી કેમકે તે નારીના સંગથી રહિત છે. બીજાઓ વચગાળાના છે જે વિષયભોગને પૂરો સેવી શકતા નથી અને તેને સર્વથા છોડી શકતા નથી.'

રાજા સિદ્ધરાજે ખુશ થઈ પં૦ દેવબોધિને લાખ દ્રવ્ય આપ્યું. બીજી તરફ તે સુરા પીતો હતો એ વાત કવિરાજ શ્રીપાલે ગુપ્તચરો દ્વારા જાણીને રાજાને પણ વાકેફ કર્યો હતો આથી રાજાએ તેને ધન આપવું બંધ કર્યું. પં૦ દેવબોધિનો ખર્ચ લખલૂંટ હતો એટલે તે ત્રણ વર્ષમાં સાવ નિર્ધન જેવો બની ગયો.

હવે તેણે આ૦ હેમચંદ્રસૂરિને મળવાનું ગોઠવ્યું. કવિરાજ શ્રીપાલે આચાર્યશ્રીને વિનંતિ કરી કે, ''આપે પં૦ દેવબોધિને મળવાની તક ન આપવી. તેનો સત્કાર પણ ન કરવો.''

આચાર્યશ્રીએ ગંભીરપણે કવિરાજ શ્રીપાલને જણાવ્યું કે, 'મહાનુભાવ ! એ અસાધારણ સિદ્ધ સારસ્વત પંડિત છે. એ **નિરભિમાની** બનીને આવે તો તેને સત્કાર આપવો જ જોઈએ.'

એક દિવસે પં૦ દેવબોધિ આ૦ હેમચંદ્રસૂરિને મળવા ઉપાશ્રયે આવ્યો. આચાર્યશ્રીએ તેનો પોતાના **અર્ધઆસન** પર બેસાડી સત્કાર કર્યો. પં૦ દેવબોધિ આચાર્યશ્રી માટે બોલ્યા કે –

" पातु वो हेमगोपालो दण्ड-कम्बलमुद्वहन् ।
षड्दर्शनपशुग्रामाँश्चारयन् जैनवाटके ॥ "

–જે ષડ્દર્શનરૂપ પશુઓને જૈન ગોચરમાં ચારી રહ્યા છે તે દંડ અને કાંબળીવાળા હેમ-ગોપાલ તમારું રક્ષણ કરો.

આચાર્યશ્રીએ ત્યારે જ કવિરાજ **શ્રીપાલ**ને બોલાવી તે બંને વચ્ચે મૈત્રી કરાવી દીધી, કેમકે ઝગડો મટાડવો એ સાધુનો પ્રથમ ધર્મ છે. વળી, રાજા પાસેથી તેને લાખ દ્રવ્ય અપાવ્યું અને તે પછી દેવબોધિ આત્મકલ્યાણ માટે ગંગાકિનારે ચાલ્યો ગયો.

એકવાર રાજાએ યાત્રાએ જતાં આ૦ હેમચંદ્રસૂરિને વાહન ઉપર બેસવાની વિનંતિ કરી, ત્યારે આચાર્યશ્રીએ સાધુ માટે તે અકલ્પ્ય બતાવી ઈન્કાર કર્યો. આથી રાજાએ કહ્યું કે, 'તમે જડ છો.' આચાર્યશ્રીએ ટૂંકો જવાબ આપ્યો, 'હા અમે નિજડ છીએ.'

તે પછી રાજા ચોથા દિવસે ઉપાશ્રયે આવ્યો ત્યારે આચાર્યશ્રી **આયંબિલ** કરતા હતા. રાજાને તે વિશે ખબર નહોતી. રાજાએ પડદો ઊંચકી જોયું તો આચાર્યશ્રી લૂખુસૂકું ભોજન કરી રહ્યા હતા તે તેના પ્રત્યક્ષ જાણવા-જોવામાં આવ્યું. રાજા આચાર્યશ્રીના ત્યાગ, તપસ્યા અને શાંત સ્વભાવથી ખૂબ પ્રભાવિત થયો.

સિદ્ધરાજને **પુત્ર** નહોતો. એનું તેને મોટું દુઃખ હતું. તે પુત્રકામનાથી સં. ૧૧૮૫ માં ઉઘાડે પગે **તીર્થયાત્રા** કરવા નીકળ્યો. તેને આચાર્યશ્રીને પણ સાથે લીધા.

રાજાએ બ્રાહ્મણોને **શિહોર** ગામ આપ્યું. **શત્રુંજયતીર્થ**માં ભ૦ ઋષભદેવની પૂજા માટે ૧૨ **ગામ** આપ્યાં. **ગિરનારતીર્થ**ના જીર્ણોદ્ધારની પૂરી રકમ આપી. તીર્થમાં યાત્રિકોએ પાળવાના નિયમો બનાવ્યા. ભ૦ શ્રીનેમિનાથ, અંબિકાદેવી તથા **અવલોકનશિખર** (પાંચમી ટૂંક)માં ભ૦ નેમિનાથનાં દર્શન-પૂજન કર્યાં, અને **પ્રભાસપાટણ** જઈ સોમનાથ મહાદેવની યાત્રા કરી.

(જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૬૮, ૭૦; પ્રક. ૪૧, પૃ. ૫૦૨)

રાજાએ અહીં ઘણું દાન કર્યું.

આચાર્યશ્રીએ **કોડિનાર** જઈને અઠ્ઠમતપ કરી **અંબિકા**દેવીને આરાધી અને રાજાના સંતાન માટે પૂછ્યું. દેવીએ જણાવ્યું કે, 'રાજાના ભાગ્યમાં પુત્ર નથી; પણ તેના પછી **કુમારપાલ** ગુજરાતનો રાજા થશે, જે રાજ્યને વધારશે, ભોગવશે અને મોટો પરમાર્હત-શ્રાવક થશે.'

આચાર્યશ્રીએ સિદ્ધરાજને આ વિગત જણાવી. રાજા ત્યાંથી નીકળી રાજધાનીમાં આવ્યો. તેણે પાટણના **જ્યોતિષી**, મંત્રવાદી અને નિમિત્તિયાઓ વગેરેને પૂછી ખાતરી કરી તો આચાર્યશ્રીની ભવિષ્યવાણી સર્વથા સાચી હતી. હવે તેને નિર્ણય બંધાયો કે, તેની પછી ત્રિભુવનપાલનો પુત્ર **કુમારપાલ** ગુજરાતનો મહાન રાજા થશે. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૭૨)

આચાર્યશ્રી સં. ૧૧૯૨ની સાલમાં ખંભાતમાં ચતુર્માસ વિરાજમાન હતા ત્યારે **કુમારપાલ** વખાનો માર્યો તેમની પાસે આવ્યો હતો. આચાર્યશ્રીએ તેને ઓળખી લીધો અને સારા આસન પર બેસાડીને આશ્વાસન આપ્યું. તેમને સ્પષ્ટ નિર્ણય આપ્યો કે, 'આજથી સાતમે વર્ષે તું રાજા બનીશ.' શ્રાવકોએ તેને રસ્તાની ખરચી માટે ૩૨ દ્રમ્મ આપ્યા.

રાજા **સિદ્ધરાજે** માળવા પર ચડાઈ કરી ત્યારે તેને આ૦ **વીરસૂરિ** અને આ૦ **હેમચંદ્રસૂરિ**ની મંગલવાણી થઈ હતી. તે જીતીને પાછો વળ્યો. તેમની વાણીને તે આ **વિજય**નું મૂળ શકુન માનતો હતો. રાજાએ સં. ૧૧૯૩માં માળવા જીતીને પાટણમાં ધામધૂમથી પ્રવેશ કર્યો. આ૦ વીરસૂરિ, આ૦ હેમચંદ્રસૂરિ અને બીજા આચાર્યો તેમજ વિદ્વાનોએ રાજાને વિવિધ આશીર્વાદથી વધાવ્યો. ગુજરાત ગૌરવાન્વિત બન્યું.

એક દિવસે રાજસભામાં રાજા અવંતિથી આવેલા ગ્રંથભંડારના ગ્રંથો જોતો હતો. એવામાં તેના હાથે 'ભોજવ્યાકરણ' ચડી ગયું, ત્યારે આચાર્યશ્રીને જણાવ્યું કે, 'ભોજરાજા મહાવિદ્વાન હતો, જેણે આ ગ્રંથ રચ્યો છે.' સિદ્ધરાજે ઉત્કંઠા-પૂર્વક પૂછ્યું, 'શું આપણા ગ્રંથભંડારોમાં આવી કોટિના ગ્રંથો નથી ? શું ગુજરાતમાં એવો કોઈ વિદ્વાન નથી કે આવા મહાન ગ્રંથો રચી શકે ?'

ત્યાં ઉપસ્થિત બધા વિદ્વાનોએ ત્યારે **આચાર્યશ્રી** સામે નજર કેંદ્રિત કરી અને રાજાએ આચાર્યશ્રીને વિનંતિ કરી કે, ''ભગવન્ ! આજે જે 'કાતંત્ર વ્યાકરણ' ભણાવાય છે તે નાનું છે. એનાથી વિદ્યાર્થીને વ્યુત્પત્તિ થતી નથી. બીજી તરફ પાણિનીવ્યાકરણ વૈદિક પ્રક્રિયાથી ક્લિષ્ટ બની ગયું છે, તો હે મુનિવર ! તમે જગતના ઉપકાર માટે સરળ અને સુબોધ એવા રાષ્ટ્રીય વ્યાકરણનું નિર્માણ કરો અને મહાપુણ્યના ભાગીદાર બનો. મને યશનો ભાગી બનાવો અને ગુજરાતને સાહિત્યિક ગૌરવ અપાવો.''

આચાર્યશ્રીએ રાજવીની વિનંતિનો સ્વીકાર કર્યો. તેમણે એમના સમય સુધીના સમસ્ત વ્યાકરણોનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું અને નવું 'સિદ્ધહેમચંદ્ર વ્યાકરણ' રચ્યું. તેમાં ૮ અધ્યાય તથા ૩૨ પાદ રાખ્યાં, દરેક પાદની અંતે એકેક શ્લોક અને છેલ્લે ચાર શ્લોક એમ કુલ ૩૫ શ્લોક જોડી; તેમાં **ચૌલુક્યરાજવંશ**નું લાક્ષણિક દર્શન કરાવ્યું છે. એ વ્યાકરણની સરળતા માટે

પૂર્તિમાં લઘુવૃત્તિ, બૃહદ્‌વૃત્તિ, ધાતુપાઠ, અનુશાસનો, ધાતુપારાયણ, શબ્દકોશો, દ્વ્યાશ્રય કાવ્ય વગેરે જરૂરી અંગોપાંગ ગ્રંથો બનાવ્યા.

રાજપુરોહિત અને વિદ્વાન સભાસદોએ એ વ્યાકરણનું ત્રણ વાર વાચન-મનન કરી તેને **શુદ્ધ વ્યાકરણ** તરીકે જાહેર કર્યું. રાજાએ તે વ્યાકરણને હાથીની અંબાડી ઉપર પધરાવી, નગરમાં ફેરવીને સત્કાર કર્યો. ૩૦૦ લહિયાઓ રોકી તેની ઘણી નકલો લખાવી દેશોદેશ મોકલી. ૨૦૦ નકલો કાશ્મીર મોકલાવી અને પાટણમાં વ્યાકરણના અજોડ વિદ્વાન **કાકલ કાયસ્થ**ની અધ્યક્ષતામાં સિદ્ધહેમચંદ્ર વ્યાકરણનું પઠન-પાઠન શરૂ કરાવ્યું. (પ્રક. ૩૫, પૃ. ૬૯)

આચાર્યશ્રીએ બીજા પણ વિવિધ વિષયના ગ્રંથો રચ્યા છે.

આચાર્યશ્રી સં. ૧૧૯૮ના ચતુર્માસમાં **ખંભાત**માં હતા ત્યારે રાજા સિદ્ધરાજ સં. ૧૧૯૯ના કાર્તિક સુદિ ૩ના રોજ પાટણમાં મરણ પામ્યો. **કુમારપાલ** ખંભાત આવીને શેઠ સાંબની સાથે આચાર્યશ્રી પાસે આવ્યો. તે આશીર્વાદ મેળવી પાટણ ગયો અને સં. ૧૧૯૯માં ગુજરાતનો રાજા બન્યો.

આચાર્યશ્રી વિહાર કરતા કરતા **પાટણ** પધાર્યા. અહીં સં. ૧૨૦૭માં તેમનાં **માતા** પૂ. પ્રવર્તિની **પાહિનીજી**એ અનશન કર્યું. શ્રાવકોએ પુણ્યમાં ૩ કરોડ વાપર્યા અને આચાર્યશ્રીએ ત્રણ લાખ શ્લોકનું પુણ્ય આપ્યું ને પ્રવર્તિનીજી **કાલધર્મ** પામ્યાં. એમના શબની શિબિકા ત્રિપુરુષ-ધર્મસ્થાનના બાવાઓએ તોડી નાખી એટલે આચાર્યશ્રીએ એ વાત રાજા કુમારપાલને જણાવી. રાજવીએ તેઓને યોગ્ય શિક્ષા કરી.

એ જ સમયે રાજવી **કુમારપાલે** આચાર્યશ્રીને પ્રતિદિન રાજમહેલમાં પધારવા વિનંતિ કરી અને આચાર્યશ્રીનો રાજમહેલમાં આદરભર્યો સત્કાર થવા લાગ્યો. રાજા-રાણી હમેશાં તેમનો ઉપદેશ સાંભળતા અને તેમને ગુરુ માનતા.

ગૂર્જરેશ્વર રાજા કુમારપાલે આચાર્યશ્રીના ઉપદેશથી સં. ૧૨૦૭માં પ્રભાસ-પાટણના સોમનાથના મંદિરનો પાયાથી શિખર સુધીનો જીર્ણોદ્ધાર કરવાનો સંકલ્પ કરી **સોમનાથ**ના મંદિરની ધ્વજાઓ ચડે ત્યાં સુધી માંસ-મદિરાનો ત્યાગ કર્યો, પછી સાત વ્યસનો પણ છોડ્યાં. સં. ૧૨૦૮માં સમસ્ત રાજ્યભરમાં **અમારિપટહ** વગડાવ્યો. જુગાર સર્વથા બંધ કરાવ્યો અને સં. ૧૨૧૧માં પ્રભાસપાટણમાં **મહાદેવ**ની પ્રતિષ્ઠા કરાવી.

આચાર્યશ્રી એ પ્રતિષ્ઠાપ્રસંગે પ્રભાસપાટણ પધાર્યા. ત્યાંના પાશુપતાચાર્ય મહંત **ભાવ બૃહસ્પતિ**એ આચાર્યશ્રીનો હાથ ઝાલી તેમને શિવાલયમાં પ્રવેશ કરાવ્યો. આચાર્યશ્રીએ ત્યાં શિવપુરાણની વિધિ મુજબ **મહાદેવ**નું આહ્વાન, અવગૂંઠન, મુદ્રા, ન્યાસ અને વિસર્જન કરી અંતિમ સ્તુતિપાઠ ઉચ્ચાર્યો–

यत्र तत्र समये यथा तथा, योऽसि सोऽस्यभिधया यया तया ।
वीतदोषकलुषः स चेद् भवान् एक एव भगवन् ! नमोऽस्तु ते ॥
(-अयोगव्यवच्छेदिका, श्लो. ३१)

भवबीजाङ्कुरजनना रागाद्याः क्षयमुपागता यस्य ।
ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ॥
(–महादेवस्तोत्र, श्लो. ४४)

–જે તે સમયે, જેવા તેવા, જે તે નામથી જે તે હો, પણ હે ભગવન્ ! તમે જો દોષ રહિત હો તો તમને એકલાને જ નમસ્કાર કરું છું. (૧)

–જેમણે જન્મ-મરણના અંકુરાને ઉગાડનારા રાગ વગેરે દોષોનો નાશ કર્યો છે તેવા બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ કે જિનેશ્વર જે હો તેઓને નમસ્કાર થાઓ. (૨)

મહામાત્ય **વાહડે** સં. ૧૨૧૩માં શત્રુંજય તીર્થનો મોટો ઉદ્ધાર કરાવી આ૦ હેમચંદ્રસૂરિના હાથે ભ૦ ઋષભદેવની પ્રતિષ્ઠા કરાવી. આચાર્યશ્રીએ રાજા કુમારપાલને ઉપદેશ આપ્યો, તેથી સં. ૧૨૧૬માં રાજાએ સમ્યક્ત્વ સાથે શ્રાવકનાં **બાર વ્રત** ઉચ્ચર્યાં. આચાર્યશ્રીએ તેને આશીર્વાદમાં પરમાર્હત અને **રાજર્ષિ** એવા બિરુદો આપ્યાં અને રાજાના આગ્રહથી તેના આધ્યાત્મિક બોધ માટે 'વીતરાગસ્તોત્ર' અને 'સટીક-યોગશાસ્ત્ર'ની રચના કરી.

રાજા કુમારપાલે આચાર્યશ્રીના ઉપદેશથી ઘણા **કુમારપાલવિહારો**–૧૪૪૪ દેરાસરો, ઘણાએક જીર્ણોદ્ધારો, ૨૧ **જ્ઞાનભંડારો** કરાવ્યાં અને ઘણી **દાનશાલાઓ** ખોલી. નિર્ધન જૈનોને–સ્વામી ભાઈઓને ૧૪ કરોડની મદદ કરી. રુદતીધનનો નિયમ ૨૬ કર્યો અને જનતા ઉપર પડેલા ઘણા કરો માફ કર્યા. તે પછી તેણે **સિદ્ધહેમકુમાર સંવત્** ચલાવ્યો.

પં૦ વામરાશિએ રાજા સિદ્ધરાજના સમયે આચાર્યશ્રીને ગાળો આપી હતી તેથી આચાર્યશ્રી નારાજ થતાં તેની આજીવિકા બંધ કરવામાં આવી હતી, તેમજ પ્રભાસપાટણના શિવાલયના મહંત **ભાવ બૃહસ્પતિ**એ શરાબ સેવન વગેરેની ભૂલો કરી હતી તેથી તેમની આજીવિકા બંધ કરવામાં આવી હતી; તે બંનેએ આચાર્યશ્રીના ચરણે આવીને ભૂલોની માફી માગી હતી એટલે રાજા કુમારપાલે તેઓની આજીવિકા ફરીથી ચાલુ કરી હતી. આ ઘટના સં ૧૨૨૫માં બની હતી.[1]

મહામાત્ય **આંબડે** જીર્ણોદ્ધાર કરી ભરૂચના **શકુનિકાવિહાર**માં સં. ૧૨૨૨માં ભ૦ મુનિસુવ્રતસ્વામીની પ્રતિષ્ઠા કરાવી તેમજ મંત્રી આંબડે પોતાના પિતા **ઉદયનવસતિ**નો વિસ્તાર કરી **ઉદયનવિહાર** બંધાવ્યો, તે બંનેની પ્રતિષ્ઠા સં. ૧૨૨૩માં આચાર્યશ્રીના હાથે થઈ હતી.

---

૧. મહંત ભાવ બૃહસ્પતિને સં. ૧૨૨૫માં ફરીવાર આજીવિકા બાંધી આપી તે વિશે જૂઓ, પાટણના ભદ્રકાળી મંદિરમાંનો શિલાલેખ-ખંડ તથા પ્રક. ૩૫, પૃ. ૯૦નું ટિપ્પણ.

રાજા **કુમારપાલે** આચાર્યશ્રીના ઉપદેશથી સં. ૧૨૨૬માં **શત્રુંજયતીર્થ** અને ગિરનાર તીર્થનો છ'રી પાળતો યાત્રા**સંઘ** કાઢ્યો. રાજાએ શત્રુંજયમાં ઘણો લાભ લીધો પણ તે વૃદ્ધાવસ્થાના કારણે ગિરનાર પહાડ ઉપર ચડી શક્યો નહીં.

આચાર્યશ્રીએ સં. ૧૨૨૮માં **પાટણ**માં અંજનશલાકાઓ અને પ્રતિષ્ઠાઓ કરી. તેમના હાથે કરાયેલી આ પ્રતિષ્ઠાઓ છેલ્લી હતી. આચાર્યશ્રીને આ૦ **બાલચંદ્ર** નામે મહત્ત્વાકાંક્ષી શિષ્ય હતા. આ૦ બાલચંદ્રે એવો મનસૂબો કર્યો કે જેમ આ૦ હેમચંદ્રસૂરિ અને રાજા કુમારપાલની જોડી છે તેવી કુમારપાલ રાજા પછીના રાજા અજયપાલ સાથે પોતે જોડાઈને વિખ્યાત થવું.

આચાર્યશ્રીએ લગ્નવેલા સાધવા માટે આ૦ બાલચંદ્રને ઘટીયંત્ર ઉપર બેસાડ્યા. આ૦ બાલચંદ્રે પોતાની સ્વાર્થસાધના માટે મુહૂર્તના સમયમાં ગરબડ કરી વાસ્તવિક લગ્ન આવ્યા પહેલાં જ લગ્ન આવ્યું છે એમ જાહેર કર્યું અને એ જ સમયે ઉપર્યુક્ત પ્રતિમાઓની અંજનશલાકા અને પ્રતિષ્ઠાઓ કરવામાં આવી.

વડોદરાનો વેપારી શેઠ **કાનજી વસો** થોડી વાર પછી હાંફળો-ફાંફળો થતો આચાર્યશ્રી પાસે આવ્યો. તે પોતાના દેરાસરના મૂળનાયકની પ્રતિમાને અંજનશલાકા કરાવવા લાવ્યો હતો, પણ સામગ્રી મેળવવામાં સમય વીતી જવાથી રાજસૈનિકોએ તેને અંદર આવવા દીધો નહોતો. પ્રતિષ્ઠાનું કામ સમાપ્ત થતાં તે આચાર્યશ્રી પાસે આવી પગે પડી રોવા લાગ્યો. કૃપામૂર્તિ આચાર્યશ્રીએ બહાર આવીને આકાશમાં નજર નાખી, સૂક્ષ્મ દ્રષ્ટિએ જોયું ને તરત જ બોલી ઊઠ્યા : 'અરે ! આ શું થયું ? જે સમયે અંજનશલાકા-પ્રતિષ્ઠા થઈ છે તે મુહૂર્ત તો દૂષણવાળું છે, તે પ્રતિષ્ઠાપક અને પ્રતિમાજીને વધુમાં વધુ ત્રણ વર્ષનું આયુષ્ય આપનારું છે.'

આચાર્યશ્રીએ તરત જ સાચું મુહૂર્ત આવતાં શેઠ કાનજીની પ્રતિમાઓની અંજનશલાકા કરી, જે પ્રતિમાઓ અત્યંત પ્રભાવશાળી બની. સંભવતઃ આ ત્રણેય પ્રતિમાઓ તે ૧. **ગોડીપુર**ની, ૨. મહેમદાવાદની અને ૩. તારંગાની છે.

(જૂઓ, પં૦ નેમવિજયગણિનું ગોડીજીપાર્શ્વનાથનું સ્તવન; પ્રક. ૫૮)

આચાર્યશ્રીએ એ ઉત્સવમાં જાહેર કર્યું કે મારું આયુષ્ય હવે માત્ર છ **મહિના**નું બાકી છે અને **કુમારપાલ** પણ મારા પછી છ મહિને મરણ પામશે.

ધર્મપ્રચાર :

આચાર્યશ્રીએ પાંત્રીશ હજાર જેટલાં ઘરોના માનવીઓને જૈન બનાવ્યા, આમ તેઓ બધી રીતે સમર્થ હતા, તેઓ ધારત તો પોતાનો નવો ગચ્છ સ્થાપીને ચલાવી શકત, પણ તેઓ એટલા ગર્વિષ્ટ મહત્ત્વાકાંક્ષી નહોતા, તેઓ સમદર્શી હતા. અધૂરા નહોતા, ઉતાવળિયા નહોતા, સ્થિતપ્રજ્ઞ હતા, જ્ઞાનના સાગર હતા. અહંના પૂજારી નહોતા, વીતરાગના અનુગામી હતા. આથી તેમણે નવો પંથ

ચલાવવાનો સ્વપ્ને પણ ખ્યાલ ન કર્યો અને તીર્થંકરના શાસનની સર્વતોમુખી રક્ષા કરવાને સદા ઉદ્યમશીલ રહ્યા.

વળી, તેમના શરીર અને કાર્યક્ષમતાનું વર્ણન આ પ્રકારે મળે છે–

તેમનામાં સોના જેવી શરીર કાંતિ હતી. કમલની પાંખડી જેવી આંખો હતી. જોનારને હર્ષ ઉત્પન્ન કરે તેવું મુખ હતું. તેમનું ચારિત્ર ચમત્કારી હતું. તેમનામાં બાવીસે પરીષહો જીતવાનું સામર્થ્ય હતું. તપસ્યાની પણ શક્તિ હતી. તેમની બુદ્ધિ વિષયાર્થ શાસ્ત્રને ઉકેલી શકતી. વ્યાકરણ જેવા ગ્રંથો રચવાની કુશળતા હતી. પરવાદીને જીતવાની તીક્ષ્ણ તર્કશક્તિ હતી. ધારી અસર કરે તેવી કવિત્વ શક્તિ હતી. અયોગ્ય અને પતિતને પણ ધર્મમાં સ્થાપવાનું અને તેમાં સ્થિર કરવાનું પ્રભાવબળ હતું. તેમની વાણી મૃદુ અને મધુર હતી.

નિપુણ પુરુષો આ૦ હેમચંદ્રની અપૂર્વ શક્તિ પ્રત્યક્ષ જોઈને પ્રાચીન-કાળમાં થઈ ગયેલા સર્વજ્ઞ તીર્થંકરો ને ગણધરોના વિશિષ્ટ સામર્થ્યમાં વિશ્વાસ કરતા હતા. (–આ૦ સોમપ્રભસૂરિકૃત 'કુમારપાલપડિબોહો, ગાથા : ૨૦ થી ૨૪ અને શ્રી મધુસૂદન મોદીકૃત 'હેમસમીક્ષા')

આચાર્યશ્રી **હેમચંદ્રસૂરિ** સં. ૧૨૨૯માં પાટણમાં સંઘ સમક્ષ આ૦ **રામચંદ્ર**ને પોતાની પાટ સોંપી, સમાધિમાં રહી, **બ્રહ્મરંધ્ર**થી પ્રાણ છોડી કાલ કરી **સ્વર્ગે ગયા** અને તે પછી એ જ સાલમાં રાજા **કુમારપાલ** પણ સ્વર્ગગમન કરી ગયા.

રાજા અને પ્રજાએ આચાર્યશ્રીનો મૃત્યુ-ઉત્સવ મનાવ્યો. રાજા, સામંતો અને પ્રજાએ આચાર્યશ્રીના અગ્નિસંસ્કારના સ્થાનેથી તિલક કરવા માટે રાખ લીધી અને જ્યારે રાખ રહી નહીં ત્યારે જનતાએ ખોદી ખોદીને માટી લીધી. પરિણામે ત્યાં મોટો ખાડો પડ્યો, જે સ્થાન 'હેમખાડ' તરીકે પ્રસિદ્ધ થયું.

રાજપુરોહિત રાજકવિ સોમેશ્વરે આચાર્યશ્રી વિશે એક અર્ધ શ્લોકમાં ઐતિહાસિક તથ્ય બતાવ્યું છે કે –

' વૈદુષ્યં વિગતાશ્રયં શ્રિતવતિ શ્રીહેમચન્દ્રે દિવમ્ । '

(–સુરથોત્સવ, સર્ગ : ૧૫, શ્લો. ૫૨)

શિષ્યપરિવાર :

ક.સ. આ૦ હેમચંદ્રસૂરિના જીવનપ્રસંગોમાં જુદે જુદે સ્થળે તેમના શિષ્ય-પ્રશિષ્યોનાં નામ આવે છે. તેઓનો ટૂંકો પરિચય આ પ્રમાણે છે –

૧. આ૦ બાલચંદ્રસૂરિ – આ૦ હેમચંદ્રસૂરિના તે કુશિષ્ય હતા. તેમને રાજા અજયપાલને પોતાનો બનાવી, પોતે રાજગુરુ બનવાના કોડ હતા. પરંતુ તેમણે ગુરુદ્રોહ કરી છેલ્લી પ્રતિષ્ઠામાં મુહૂર્તની ગડબડ કરી હતી. રાજા અજયપાલે પણ રાજા થયા પછી આ૦ બાલચંદ્રને ગુરુદ્રોહી અને ગચ્છદ્રોહી ઠરાવી મરાવી

નાખ્યા. આ૦ બાલચંદ્રસૂરિ વિદ્વાન હતા, પણ આ૦ રામચંદ્રસૂરિના પ્રખર વિરોધી હતા. તેમણે જ આ૦ રામચંદ્રને મરાવી નાખ્યા હતા. તેમણે રચેલી 'સ્નાતસ્યા૦'ની સ્તુતિઓ ખૂબ જ પ્રસિદ્ધ છે.

૨. **આ૦ રામચંદ્રસૂરિ** – એકવાર રાજા સિદ્ધરાજે આ૦ શ્રીહેમચંદ્રસૂરિને પૂછ્યું કે, 'આપ સરસ્વતીપુત્ર છો, સર્વજ્ઞપુત્ર છો, પણ આપની પાટને શોભાવે એવો અધિક ગુણવાળો વિદ્વાન શિષ્ય કોણ છે ?'

આચાર્ય મહારાજે તે સમયે જણાવેલું કે, 'રાજન્ ! પં૦ રામચંદ્ર મારો ગુણવાન શિષ્ય છે, જે સંઘમાન્ય પણ છે.'

આ સાંભળી રાજા પં૦ રામચંદ્રનાં દર્શન કરીને આનંદિત થયો હતો.

એક દિવસે ઉનાળાના દિવસોમાં રાણીઓને સાથે લઈ ગ્રીષ્મક્રીડા કરવા માટે ઉદ્યાનમાં ગયો. તેણે ત્યાં પં૦ રામચંદ્રને જોઈને એકદમ પૂછ્યું, 'ઉનાળાના દિવસો મોટા કેમ હોય છે ?' શીઘ્રકવિ રામચંદ્રે કાવ્યમાં ઉત્તર આપ્યો કે –

" देव ! श्रीगिरिदुर्गमल्ल ! भवता दिग्जैत्रयात्रोत्सवे
धावद्धीरतुरङ्गनिष्ठुरखुरक्षुण्णक्षमामण्डलात् ।
वातोद्धूतरजोऽमिलत् सुरसरित् सञ्जातपङ्कस्थली-
दूर्वाचुम्बनचञ्चुरा रविहयास्तेनातिवृद्धं दिनम् ॥ "

– હે ગિરનારના વિજેતા, હે નરદેવ ! તારી દિગ્વિજય યાત્રામાં દોડતા ઘોડાઓની ખરીઓથી ઊડેલી ધૂળ આકાશમાં જઈને સુરગંગામાં પડી ને ત્યાં કાદવ થયો. તેમજ ઘરો પણ ઊગી નીકળી. આ તાજી ઘરો ખાવાને માટે સૂર્યના ઘોડાઓ રોકાતા જાય છે તેથી જ દિવસ મોટો થયો છે.

રાજાએ આ ચમત્કારભર્યું કાવ્ય સાંભળી ત્યાં જ સૌની સમક્ષ પં૦ રામચંદ્રને **'કવિકટારમલ્લ'**નું બિરુદ આપ્યું.

કવિ ચક્રવર્તી શ્રીપાલ પોરવાડે સહસ્રલિંગ સરોવરની પ્રશસ્તિ રચી ત્યારે રાજવીએ તેનું સંશોધન કરવા માટે ઉત્તમ કોટિના સર્વ પંડિતોને બોલાવ્યા. આ૦ હેમચંદ્રસૂરિ પોતે ત્યાં પધાર્યા નહીં, પણ પં૦ રામચંદ્રને ત્યાં મોકલ્યા. તેમને સાથોસાથ સૂચના કરી કે, 'જો સૌ વિદ્વાનોની પ્રશસ્તિને સમ્મતિ મળે તો તમારે કશી પંડિતાઈ બતાવવી નહીં.' પં૦ રામચંદ્ર ત્યાં પધાર્યા. પ્રશસ્તિકાવ્યો વંચાયાં, સૌ પંડિતોએ આનંદ વ્યક્ત કર્યો. તેમાં એક નીચે મુજબનું કાવ્ય હતું.

" कोशेनापि युतं दलैरुपचितं नोच्छेत्तुमेतत् क्षमं
स्वस्यापि स्फुटकण्टकव्यतिकरं पुंस्त्वं च धते न हि ।
एकोऽप्येष करोति कोशरहितो निष्कण्टकं भूतलं
मत्वैवं कमला विहाय कमलं यस्यासिमाशिश्रियत् ॥ "

—આ લક્ષ્મીએ કમળને તજી રાજા સિદ્ધરાજની તરવારનું શરણ લીધું છે, કેમકે તે કમળકોશ (દોડવો તથા ખજાના)વાળું છે. અને દળ (પાંદડી તથા લશ્કર)વાળું છે. છતાંય પોતાના કાંટાને હઠાવી શકતું નથી, તેમ કદાપિ પુરુષત્વને પામી શકતું નથી. જ્યારે આ અસિ (તરવાર) કોશ રહિત અને દળ રહિત હોવા છતાં એકલી જ પૃથ્વીના કંટકોને હઠાવે છે તેમજ પુરુષત્વને પણ ધારણ કરે છે.

સૌ પંડિતોએ આ કાવ્યને ખૂબ વખાણ્યું એટલે રાજાએ પં૦ રામચંદ્રનો અભિપ્રાય માગ્યો. તેમણે ધીમેથી વાંધો ઉઠાવ્યો કે, આ કાવ્યમાં દલ શબ્દ સૈન્યના અર્થમાં વાપર્યો છે અને કમલ શબ્દને નિત્ય નપુંસક બતાવ્યો છે. આ પ્રયોગો ખાસ વિચારવા જેવા છે. પંડિતો આ હકીકત સાંભળીને વિચારમાં પડી ગયા. અંતે રાજાના આગ્રહથી સૌ પંડિતોએ તોડ કાઢ્યો કે દલ નો અર્થ રાજાનું સૈન્ય પણ થઈ શકે અને કમલ શબ્દ પુલિંગમાં પણ વપરાય છે. તેથી અહીં 'પુરુષત્વને ધારણ કરી શકતું નથી' તેને બદલે 'કમલ પુરુષત્વને પામે કે ન પામે' એવો શંકા-વિકલ્પ પાઠ લેવો.

સિદ્ધરાજ પં૦ રામચંદ્રની આવી તેજ સ્ફુરણાથી પ્રસન્ન થયો અને તેની સામે અત્યંત સ્નેહભાવે એકીટશે જોઈ રહ્યો. પં૦ રામચંદ્રને ઉપાશ્રયમાં પહોંચતાં જ એક આંખે દર્દ ઊપડ્યું અને તેમની તે આંખ સદાને માટે ચાલી ગઈ. તેમની એક આંખ ગઈ પણ વિચક્ષણ **કાવ્યશક્તિ** તો એવી ને એવી જ સતેજ હતી.

આ૦ હેમચંદ્રસૂરિએ તેમને **આચાર્યપદ** આપ્યું હતું અને પોતાના અંત સમયે તેમને જ પોતાની પાટે સ્થાપ્યા હતા.

આ૦ રામચંદ્રસૂરિ સમર્થ વિદ્વાન હતા. જૈનધર્મમાં અત્યંત શ્રદ્ધાવાન હતા. **ગુરુભક્ત** હતા અને સાચી સ્વતંત્રતાના મોટા પક્ષપાતી હતા. તેમણે એક આંખ જવા છતાં કદાપિ દીનતા બતાવી નહોતી.

તેમણે પોતાની જિનસ્તુતિ બત્રીશીઓ પૈકીની ભ૦ મુનિસુવ્રતસ્વામી બત્રીશી, ઉપમા બત્રીશી, પ્રાસાદ બત્રીશી વગેરેમાં તીર્થંકરોને કરુણાના સાગર અને સર્વ જાતના રોગોના શામક તરીકે વર્ણવ્યા છે. છતાં પોતે તેમની પાસે પોતાની ગયેલી આંખને માગતા નથી. તેમણે સત્તર જિનસ્તુતિ ષોડશકોમાં છેલ્લો એક શ્લોક નીચે મુજબ આપ્યો છે —

'स्वामिन्ननन्तफलकल्पतरोऽभिराम—चन्द्रावदातचरिताञ्चितविश्वचक्र ! ।
शक्रस्तुतांघ्रिसरसीरुह ! दुःस्थस्वार्थे देव ! प्रसीद करुणां कुरु देहि दृष्टिम् ॥'

આથી એટલું નક્કી થાય છે કે, તેમણે પોતાની આંખ ગયા પછી જ આ સ્તુતિઓ રચી છે અને દ્રષ્ટિની માગણી કરી છે પણ તેમણે દ્રષ્ટિ શબ્દનો જે અર્થ કર્યો છે તે ઉપરથી માનવું પડે છે કે, તેમણે આ સ્તુતિથી આંખ નહીં પણ દિવ્યદ્રષ્ટિ માગી છે. આ છે તેમના હૃદયના ઉદ્‌ગારો—

" साक्षात्कारः सकलजगतां स्याद् यतः केवलं तत्
चक्षुः किञ्चद् दिशति कृतिनां देव ! युष्मत्प्रसादः ।
अन्धानां तन्नियतविषयां द्रष्टिसृष्टिं दधानः
केषामेव स्तवनवचसां गोचरे संचरिष्णुः ॥ "
(–प्रसादद्वात्रिंशिका, श्लो. १५)

' स्वतन्त्रो देव ! भूयासं सारमेयोऽपि वर्त्मनि ।
मा स्म भुवं परायत्तस्त्रिलोकस्यापि नायकः ' ॥१५॥

' स्वातन्त्र्यश्रीपवित्राय परमब्रह्ममूर्तये ।
साधिताशेषसाध्याय नमो भगवतेऽर्हते ' ॥१॥ (–षोऽशिका)

તેમના આ શબ્દો તેમના સ્વભાવનો પરિચય કરાવે છે કે, તેઓ **સ્વતંત્રતાના પૂજારી** હતા. તેઓ સ્થૂલ દ્રષ્ટિના નહીં પણ દિવ્યદ્રષ્ટિના એટલે કે કેવળજ્ઞાનના ઇચ્છુક હતા.

આ૦ **રામચંદ્ર** રાજા કુમારપાલની રાજસભાના સમર્થ કવિ હતા. કોઈ પણ બહારનો વિદ્વાન કવિ રાજસભાની પરીક્ષા કરવા અટપટી સમસ્યા મૂકે તો આ૦ રામચંદ્ર પોતાની અદ્‌ભુત શક્તિથી તે સમસ્યા પૂરતા હતા, જે સાંભળીને આગંતુક કવિ માથું ધુણાવી દેતો હતો.

આ૦ બાલચંદ્ર અને આ૦ રામચંદ્ર વચ્ચે કારમું વૈમનસ્ય હતું. સં. ૧૨૩૦માં **અજયપાલ** સોલંકી ગુજરાતનો રાજા થયો ત્યારે તેણે આ૦ બાલચંદ્રની શિખવણીથી આ૦ રામચંદ્રને કહ્યું કે, 'તમે આ૦ હેમચંદ્રની પાટે આ૦ બાલચંદ્રને સ્થાપો.' આચાર્યશ્રીએ સાફ શબ્દોમાં જણાવી દીધું કે, 'તેમ કરવાની ગુરુદેવની આજ્ઞા નથી. એ બનવાનું નથી.'

રાજાએ હુકમ કર્યો કે, 'મારો **રાજહુકમ** છે કે તમે એ પ્રમાણે કરો; નહીંતર રાજાજ્ઞા લોપવાના દંડ તરીકે તપાવેલ તાંબાની પાટ ઉપર બેસી જાઓ.'

આચાર્યશ્રીએ ગુરુદેવની આજ્ઞાના પાલન માટે ત્યાં પોતાનું બલિદાન આપ્યું. તેઓ છેલ્લે એટલું જ બોલ્યા કે –

''જગતને પ્રકાશ આપનારો સૂર્ય પણ આથમે છે માટે જે થવાનું હોય તે જ થાય છે.''

'રઘુવિલાસનાટક'ની પ્રસ્તાવનામાં આ૦ રામચંદ્ર પોતાના વિશે કહે છે –

' पञ्चप्रबन्धमिषपञ्चमुखानकेन विद्वन्मनः सदसि नृत्यति यस्य कीर्तिः ।
विद्यात्रयीचणमचुम्बितकाव्यतन्त्रं कस्तं न वेद सुकृती किल रामचन्द्रम् ॥'

બીજે પણ કહેવાયું છે કે –

' सुक्तयो रामचन्द्रस्य वसन्तकलगीतयः ।
स्वातन्त्र्यमिष्टयोगश्च पञ्चैता हर्षवृष्टयः ॥ '

આ૦ રામચંદ્રના નામથી અપભ્રંશ ભાષામાં કોઈએ જણાવ્યું છે કે –

મહિલા કૂટચરિત્તં, બંભ પુણ પાર ન યાણઈ;
દિન ડરયઈ દોરડઈ, રયણી વિસહર ફેણ મોડઈ.
ઉંદિર દિઠઈ ઉદ્ધસઈ, કાનિ ઘરી વાઘહ રોલઈ;
ઉંબરી ચડતીય ઢલી પડઈ, ચઢિ ડુંગરી અણિયાલઈ;
સાત સમુદ્ર લીલા તરઈ, સુક્કિ નદી બુડવિ મરઈ;
રામ કવીસર ઈમ કહઈ, સ્ત્રી વિશ્વાસ ન કો કરઈ.'
(–કુલસાગરગણિકૃત 'સટીક-ઉપદેશસાર' ઉપ. ૩૨, સં. ૧૬૬૨)

આ૦ રામચંદ્ર એ સમયના શબ્દશાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રના વિદ્વાન, ઉદ્‌ભટ કવિ, સફળ પ્રબંધકાર અને વિશિષ્ટ નાટકકાર હતા. તેમણે રચેલા ગ્રંથો આ પ્રકારે જાણવા મળે છે –

૧. દ્રવ્યાલંકાર-સ્વોપજ્ઞવૃત્તિસહિત–આ૦ રામચંદ્ર અને આ૦ ગુણચંદ્ર એ બંનેએ મળીને રચ્યો છે. તેમાં, ૧. જીવ, ૨. પુદ્‌ગલ અને ૩. ધર્માધર્માદિ એક ત્રણ પ્રકાશ છે.[૧]
૨. નાટ્યદર્પણ-સ્વોપજ્ઞ વૃત્તિસહિત–આ૦ રામચંદ્ર અને આ૦ ગુણચંદ્ર એ બંનેએ મળીને રચ્યો છે. જેમાં ૫૫ નાટક-પ્રબંધોના ઉલ્લેખો અને દશ રૂપકોને બદલે બાર રૂપકો દર્શાવ્યાં છે.[૨]
૩. સત્યહરિશ્ચંદ્ર **નાટક.**
૪. નલવિલાસ **નાટક** (સપ્તાંકી).
૫. કૌમુદીમિત્રાણંદ **નાટક** (દશાંકી, રૂપનાટક, કુતૂહલપૂર્ણ).
૬. રાઘવવિલાસ **નાટક** (રાઘવાભ્યુદય).
૭. યદુવિલાસ **નાટક** (યાદવાભ્યુદય).
૮. નિર્ભયભીમવ્યાયોગ **નાટક.**
૯. મલ્લિકામકરંદ **નાટક.**
૧૦. રોહિણીમૃગાંક પ્રકરણ.
૧૧. વનમાળી **નાટિકા.**
૧૨. કુમારવિહારશતક-પ્રશસ્તિ.
૧૩. સુધાકલશ-સુભાષિતકોશ.
૧૪. હૈમ-બૃહદ્‌વૃત્તિન્યાસ, ગ્રં. ૫૩૦૦૦.
૧૫. ઋષભ દ્વાત્રિંશિકા.
૧૬. વ્યતિરેક દ્વાત્રિંશિકા.

---

૧. દ્રવ્યાલંકારની સં. ૧૨૦૨માં લખાયેલી તાડપત્રીની પ્રતિ જેસલમેરમાં સુરક્ષિત છે.
૨. નાટકો માટે જૂઓ પ્રક. ૩૫, પૃ. ૨૪નું ટિપ્પણ.

૧૭. પ્રસાદ દ્વાત્રિંશિકા.
૧૮. અપહ્નુતિ દ્વાત્રિંશિકા.
૧૯. અર્થાન્તરન્યાસ દ્વાત્રિંશિકા.
૨૦. જિનસ્તુતિ દ્વાત્રિંશિકા.
૨૧. દ્રષ્ટાંતગર્ભા જિનસ્તુતિ દ્વાત્રિંશિકા.
૨૨. શાંતિ દ્વાત્રિંશિકા.
૨૩. ભક્તિ દ્વાત્રિંશિકા.
૨૪. નેમિ દ્વાત્રિંશિકા.
૨૫. મુનિસુવ્રત દ્વાત્રિંશિકા.
૨૬-૩૧. જિનસ્તુતિષોડશક, બત્રીશી.
૩૨. સ્તોત્રો.
૩૩. ધોળકાના ઉદયનવિહારની પ્રશસ્તિ, શ્લો. ૧૦૪.

(જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૨૨૨; વિશેષ માટે જૂઓ, 'નલવિલાસ' પ્રસ્તાવના)

તેમણે ૧૧ નાટકો અને ઘણા પ્રબંધો બનાવ્યા છે, જેમાં તેમની કવિ તરીકેની પ્રતિભા, સ્વતંત્ર, સ્ફુરણા, બીજાનું અનુકરણ કરવાનો અભાવ વગેરે સ્પષ્ટ તરી આવે છે. (પ્રભાવકચરિત્ર, પ્રબંધચિંતામણિ, ઉપદેશતરંગિણી, ઉપદેશસાર)

૩. **આ૦ મહેન્દ્રસૂરિ** – તેમણે સં. ૧૨૪૧માં 'અનેકાર્થકૌમુદી'–અનેકાર્થ કોશની ટીકા રચી, ગુરુદેવના નામ પર ચડાવી છે. આ૦ સોમપ્રભસૂરિએ 'કુમારપાલપડિબોહો' રચીને પ્રથમ આ૦ મહેન્દ્રસૂરિ, પં૦ વર્ધમાનગણિ અને પં૦ ગુણચંદ્રસૂરિને સંભળાવ્યો હતો. તેમની સૂચના મુજબ તેને વ્યવસ્થિત પણ કર્યો હતો.

૪. (પં૦) **વર્ધમાનગણિ** – તેમણે 'કુમારવિહાર-પ્રશસ્તિકાવ્ય' તથા તેમની વ્યાખ્યા રચી છે. તેમજ ૮૭મા શ્લોકના ૧૧૬ અર્થો કરી બતાવ્યાં છે (ગ્રં. ૯૦૦), તે કાવ્ય નીચે મુજબ છે –

" गम्भीरः श्रुतिभिः सदाचरणतः प्राप्तप्रतिष्ठोदयः
सङ्क्रान्तारचत प्रियो बहुगुणो यः साम्यमालम्बते ।
श्रीचौलुक्यनरेश्वरेण विबुधश्रीहेमचन्द्रेण च
श्रीमद्वाग्भटमन्त्रिणा च परिवादिन्या च मन्त्रेण च ॥ "

આ પ્રશસ્તિ કાવ્યના ૩૧મા પદ્યના અર્થમાં રાજા કુમારપાલનું, ૪૧મા પદ્યના અર્થમાં આ૦ હેમચંદ્રસૂરિનું, ૧૦૯મા પદ્યના અર્થમાં મંત્રી વાગ્ભટનું વર્ણન કરેલું છે પણ એ કુમારવિહારની પ્રશસ્તિ મળતી નથી.

પં૦ વર્ધમાનગણિ સં. ૧૨૪૧માં વિદ્યમાન હતા.

૫. **આ૦ ગુણચંદ્રસૂરિ** – સંભવ છે કે તેઓ આ૦ રામચંદ્રસૂરિના શિષ્ય હશે. કેમકે, આ૦ રામચંદ્ર અને તેમણે મળીને સ્વોપજ્ઞવૃત્તિ સાથે દ્રવ્યાલંકાર અને નાટ્યદર્પણ ગ્રંથો રચ્યા છે. તેમને સં. ૧૨૪૧ પછી **આચાર્યપદવી** મળી હતી.

૬. **પં૦ યશશ્ચંદ્રગણિ** – તે મહાન જ્યોતિષી, અંગવિદ્યાના અભ્યાસી અને મંત્રવાદી હતા. તેઓ આચાર્યશ્રીના અનન્ય ભક્ત હતા. તેમણે સં. ૧૨૪૧માં આ૦ **સોમપ્રભસૂરિએ** રચેલો 'કુમારપાલપડિબોહો' પૂરેપૂરો વાંચીને પસંદ કર્યો હતો.

૭. **પં૦ ઉદયચંદ્રગણિ** – તે વ્યાકરણના અજોડ વિદ્વાન હતા. તેઓ રાજા કુમારપાલને 'યોગશાસ્ત્ર'નું વ્યાખ્યાન આપતા હતા. તેમાં પ્રકાશ : ૩, શ્લોક ૧૦૭માં કર્માદાન વિષયક –

' दन्त-केश-नखास्थि-त्वग्-रोम्णां ग्रहणमाकरे । '

એ શ્લોક બોલતાં વારંવાર 'રોમ્ણો' પાઠ બોલ્યા. આચાર્યશ્રીએ પાઠ બદલવાનું કારણ પૂછ્યું. ગણિવરે ઉત્તર આપ્યો કે, 'પ્રાણીઓના અંગો અને વાજિંત્રોને દ્વંદ્વસમાસમાં એકવચન આવે છે.' આ જવાબ સાંભળી રાજા તથા શ્રોતાઓએ તેમની ખૂબ પ્રશંસા કરી. પં૦ ઉદયચંદ્રગણિની પ્રેરણાથી રાજગચ્છના આ૦ ધર્મઘોષસૂરિના પટ્ટધર આ૦ રત્નસિંહ, તેમના પટ્ટધર આ૦ દેવચંદ્ર, તેમના શિષ્ય મુનિ કનકપ્રભે ''સિદ્ધહેમચંદ્રવ્યાકરણ'' પર 'ન્યાસોદ્ધાર' રચ્યો છે.

૮. **મુનિ દેવચંદ્રજી** - તેમણે 'માનમુદ્રાભંજનનાટક' અંક : ૫, તથા 'ચંદ્રલેખાવિજય પ્રકરણ' અંક : ૫ એમ બે નાટક રચ્યાં છે. પહેલા નાટકમાં ચક્રવર્તી સનત્કુમાર તથા વિલાસવતીનું ચિત્રણ છે. બીજામાં કુમારપાલે અર્ણોરાજ સાથેના યુદ્ધમાં બતાવેલી વીરતાનું વર્ણન કર્યું છે. આમાં ચંદ્રલેખાને વિદ્યાધરી બતાવી છે, તે અર્ણોરાજની બેન જલ્હણા છે. આ નાટકની રચનામાં શેષભટ્ટારકે સહયોગ આપ્યો હતો. પાટણના કુમારવિહારમાં ભ૦ અજિતનાથના વસંતોત્સવ પ્રસંગે આ નાટક ભજવાયું હતું.

૯. **પં૦ ઉદયસાગરગણિ** – તેમના શિષ્ય આ૦ દેવેન્દ્રે 'સિદ્ધહેમચંદ્ર વ્યાકરણ' પર દુર્ગપદવ્યાખ્યા રચી છે.

આ૦ હેમચંદ્રસૂરિનું ગ્રંથસર્જન :

આ૦ હેમચંદ્રસૂરિ ભારતીય ગ્રંથકારોમાં મોખરે છે. તેમણે વિવિધ વિષયના મૌલિક અને વિવેચનાપૂર્ણ ગ્રંથો સર્જ્યા છે. એવો ભાગ્યે જ કોઈ વિષય હશે જે આચાર્યશ્રીની કલમથી લખાયો ન હોય. એ જ કારણે ભારતના ગ્રંથ-વિધાતાઓ તેમને **'કલિકાલસર્વજ્ઞ'** માને છે અને પાશ્ચાત્ય વિદ્વાનો તેમને Ocean of the Knowledge કહીને બિરદાવે છે. ડૉ. પિટર્સન તેમને ભારત ભૂમિનો કોહિનૂર ગણાવે છે. આચાર્યશ્રીએ વિદ્વાનોને માર્ગદર્શન કરાવ્યું છે તેથી જ

તેમની પછીનો સંસ્કૃત ભાષા અને ગુજરાતી ભાષાનો કાળ 'હેમયુગ' (સ્વર્ણકાળ) તરીકે મનાય છે.

આચાર્યશ્રી પોતે પોતાના ગ્રંથોની રચનાનું કારણ નીચે મુજબ રજૂ કરે છે– 'મેં સિદ્ધરાજ જયસિંહની વિનતિથી સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસન વ્યાકરણ વૃત્તિસહિત, સાંગોપાંગ અને સુગમ બનાવ્યું છે. તેમજ રાજા કુમારપાલ માટે યોગશાસ્ત્ર, લોકોના ઉપકાર માટે દ્વ્યાશ્રયકાવ્ય, છંદોનુશાસન, અભિધાનચિંતામણિ કોશ વગેરે રચ્યા છે અને રાજા કુમારપાલના અનુરોધથી તેના તથા લોકોના ઉપકાર માટે 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત' રચ્યું છે. (જૂઓ, ત્રિષષ્ટિશલાકાપુરુષચરિતપ્રશસ્તિ)

તેમની પ્રતિભાનું મહાન્ સર્જન તે 'સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસન.' ગુજરાતના ચક્રવર્તી રાજા સિદ્ધરાજ જયસિંહ માલવા ઉપર વિજય મેળવીને ત્યાંનો રાજકીય ગ્રંથભંડાર તે પાટણ લાવ્યો. તેમાં ભોજવ્યાકરણ જોઈ તેને વિચાર ઉદ્ભવ્યો કે, ગુજરાતી વિદ્વાનો આવો ગ્રંથ રચીને ગુજરાતને પણ વિદ્યાસંસ્કારી દેશોની હરોળમાં સ્થાપે એવું કંઈક કરવું જોઈએ. તેણે તરત આ૦ હેમચંદ્રસૂરિને એ અંગે વિનતિ કરી[૧] અને આચાર્યશ્રીએ સર્વાંગસંપૂર્ણ 'સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસન'ની રચના કરી.[૨]

સર્વાંગપૂર્ણ એટલે જેમાં મૂળપાઠ, લઘુવૃત્તિ, બૃહદવૃત્તિ, ન્યાસ, ગણપાઠ, ઉણાદિપાઠ હોય. વળી, તેમણે શબ્દાનુશાસનની માફક લિંગાનુશાસન, કાવ્યાનુશાસન, છંદોનુશાસન, વાદાનુશાસન વગેરે પાંચ અનુશાસનો રચ્યાં. શબ્દકોશ, દ્વ્યાશ્રયગ્રંથ વગેરે સાંગોપાંગ રાષ્ટ્રીય વ્યાકરણ રચ્યું.

આચાર્યશ્રીએ સિદ્ધહેમની સ્વોપજ્ઞ બૃહદ્વૃત્તિમાં યાસ્ક, ગાર્ગ્ય, વેદમિત્ર, શાકલ, ઇન્દ્ર, કશ્કલ, કલાપક, જયાદિત્ય, વામન, ક્ષીરસ્વામી, બૌદ્ધ ચંદ્રગોમી, જયંતીકાર, દુર્ગસિંહ, દેવનંદિ (પૂજ્યપાદ), ભાષ્યકાર પતંજલિ, શેષરાજ, શ્રીશેષ, ભોજ, વામન, વાર્તિકકાર, કાત્યાયન (વરરુચિ), વિશ્રાંતવિદ્યાધર (વામન), શાકટાયન, શ્રુતપાલ અને શિવશર્મા વગેરેના મતો રજૂ કર્યા છે.

જયાદિત્યની કાશિકા (પૂર્વવૃત્તિ), વામનની કાશિકા (ઉત્તરવૃત્તિ), ચંદ્રગોમીનું ચાંદ્ર, પૂજ્યપાદનું જૈનેન્દ્ર, જિનેંદ્રબુદ્ધિનો કાશિકાન્યાસ, પાણિનીય (ઈ. સ. પૂર્વે ૩૬૬) પતંજલિનું મહાભાષ્ય, કાત્યાયનનું (ઈ. સ. પૂર્વે ૨૫૦) વાર્તિક, વિશ્રાંતવિદ્યાધરની કાશિકા-ઉત્તરવૃત્તિ, શાકટાયન, શિવશર્માનું કાતંત્ર, આ૦

---

૧. યશો મમ તવ ખ્યાતિં પુણ્યં ચ મુનિનાયક ! ।
કુરુ લોકોપકારાય નવં શબ્દાનુશાસનમ્ ।। (–પ્રભાવકચરિત્ર)

૨. તેનાતિવિસ્તૃતદુરાગમવિપ્રકીર્ણ - શબ્દાનુશાસનસમૂહકદર્થિતેન ।
અભ્યર્થિતો નિરવમં વિધિવદ્ વ્યધત્ત શબ્દાનુશાસનમિદં મુનિહેમચન્દ્રઃ ।।
(સિદ્ધહેમ૦ પ્રશસ્તિ)

પ્રભાચંદ્રનો શબ્દાંભોજભાસ્કર, આ૦ શ્રુતકીર્તિની જૈનેંદ્ર પંચવસ્તુપ્રક્રિયા, આ૦ બુદ્ધિસાગરનું બુદ્ધિસાગરવ્યાકરણ વગેરેનાં પ્રમાણો ટાંક્યાં છે.

જો કે ઉપર દર્શાવેલાં વ્યાકરણ ગ્રંથોનાં અંગઉપાંગો જુદા જુદા વિદ્વાનોએ જુદા જુદા સમયે જોડ્યાં છે. જ્યારે એકલા આ૦ હેમચંદ્રસૂરિએ જ સિદ્ધહેમચંદ્ર-શબ્દાનુશાસનનાં સમસ્ત અંગ-ઉપાંગો સર્જ્યાં છે ને સાથોસાથ જોડ્યાં છે.

આ વ્યાકરણમાં સૂત્રયોજનાની કુશલતા, શૈલીની સુપાઠ્યતા, ભાષાની સરળતા, રચનાની પૂર્ણતા, વિષયની વ્યાપકતા, વિષયાર્થ જ્ઞાનનું બલાબલ, દ્રષ્ટાંત ગોઠવવાની ચતુરતા, ખાસ ખાસ સિદ્ધાંતોની સુગમ સંકલના અને વિવેચનની તટસ્થતા વગેરે વસ્તુઓ આચાર્યશ્રીની જ્વલંત પ્રતિભાને વ્યક્ત કરે છે.

એ વ્યાકરણ વિશ્વભરમાં અજોડ બન્યું છે. સંસ્કૃત, પ્રાકૃત, શૌરસેની, માગધી, પિશાચી, ચૂલિકાપિશાચી અને અપભ્રંશ ભાષાઓનું સર્વાંગપૂર્ણ વ્યાકરણ બન્યું અને તેનું નામ રાખ્યું 'સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસન.' તેમાં આઠ અધ્યાય અને બત્રીશ પાદ છે.

રાજા સિદ્ધરાજ વિચારશીલ હતો, વિચક્ષણ હતો. તેણે પોતાના રાજપુરોહિત તથા રાજસભાના વિદ્વાનોને બેસાડી આ વ્યાકરણને ચકાસ્યું અને આ વ્યાકરણ સાંગોપાંગ પૂર્ણ અને શુદ્ધ છે એવી ખાતરી થઈ ત્યારે તેણે એ વ્યાકરણને હાથીની અંબાડીમાં પધરાવી, વાજતેગાજતે શહેરમાં ફેરવી, રાજમહેલમાં પધરાવી તેની પૂજા કરી. તેને માટે ૩૦૦ લહિયા બેસાડી તેની ઘણી નકલો લખાવી, જેમાંથી ૨૦ નકલો કાશ્મીરમાં મોકલી અને બીજી નકલો ગુજરાત બહાર જુદા જુદા દેશોમાં મોકલી તેમજ વ્યાકરણના અજોડ અધ્યાપક કક્કલ કાયસ્થને નિયુક્ત કરી પાટણમાં સિદ્ધહેમના પઠન-પાઠનની સુગમ વ્યવસ્થા કરી. આથી સિદ્ધહેમ ખૂબ પ્રસિદ્ધિ પામ્યું. એક વિદ્વાન તો ત્યાં સુધી જણાવે છે કે –

' भ्रातः ! संवृणु पाणिनिप्रलपितं कातन्त्रकन्था वृथा
मा कार्षीः कटुशाकटायनवचः क्षुद्रेण चान्द्रेण किम् ? ।
किं कण्ठाभरणादिभिर्बठरयस्यात्मानमन्यैरपि
श्रूयन्ते यदि तावदर्थमधुराः श्रीसिद्धहेमोक्तयः ॥'

આ૦ હેમચંદ્રસૂરિ વ્યાકરણ રચીને અમર થયા. તે પછી તો તેમણે જુદા જુદા વિષયના અનેક ગ્રંથો રચ્યા છે.

તેઓ એકી સાથે પાંચ, સાત, દશ લહિયાઓને આંતરું ન પડે એ રીતે કુશળતાથી પોતાના રચેલા ગ્રંથોનું આલેખન કરાવતા હતા.

તેમની **અવધાનશક્તિ** અજબ હતી. પોતે જે વિષયને ગૂંથવા ધારે તે તે વિષયના સંસ્કૃત ભાષાના જાણકાર લહિયાઓને એક પંક્તિમાં બેસાડી એકેક વિષયનો નવો નવો શ્લોક બનાવી તેમને ક્રમશઃ લખાવતા હતા. આ કામ એટલું

શીઘ્રતાથી થતું હતું કે, લહિયો પોતાના વિષયનો એક શ્લોક લખે એટલામાં જ આચાર્યશ્રી બીજા લહિયાઓને તેના તેના વિષયના નવા શ્લોકો લખાવી તેને બીજો નવો શ્લોક લખાવતા હતા. તેમણે આવી અવધાનશક્તિથી જગતને મોટો સાહિત્યભંડાર આપ્યો છે.

તેમણે રચેલા ગ્રંથોનાં નામ નીચે મુજબ છે –

૧. સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસન-મૂળ–સંસ્કૃતસૂત્ર–૩૫૬૬, પ્રાકૃતસૂત્ર–૧૧૧૯. કુલ સૂત્ર સંખ્યા : ૪૬૮૫, ગ્રં. ૧૧૦૦ (સં. ૧૧૯૩).
૨. સિદ્ધહેમચંદ્ર-લઘુવૃત્તિ, ગ્રં. ૬૦૦૦.
૩. સિદ્ધહેમચંદ્રબૃહદ્વૃત્તિ, ગ્રં. ૧૮૦૦૦ (સં. ૧૧૯૩)
૪. સિદ્ધહેમચંદ્રબૃહન્ન્યાસ, ગ્રં. ૮૪૦૦૦ (પૂરો મળતો નથી. સં. ૧૧૯૭ પછી).
૫. લિંગાનુશાસન, શ્લોક : ૧૩૮.
૬. લિંગાનુશાસનવૃત્તિ, ગ્રં. ૩૬૮૪ (સં. ૧૧૯૭ પછી).
૭. ગણપાઠ.
૮. ઉણાદિગણપાઠ, સૂત્ર : ૧૦૦૬ (સં. ૧૧૯૩).
૯. ઉણાદિગણપાઠવૃત્તિ, ગ્રં. ૩૨૫૦ (સં. ૧૧૯૭ પછી).
૧૦. ધાતુપાઠ, ધાતુ : ૨૨૦૦ (સં. ૧૧૯૩).
૧૧. ધાતુપારાયણ, ગ્રં. ૫૬૦૦ (સં. ૧૧૯૩ પછી).
૧૨. ધાતુપારાયણ સંક્ષિપ્ત.
૧૩. પ્રાકૃતવ્યાકરણ, પ્રાકૃતસૂત્ર–૯૩૦, શૌરસેનીસૂત્ર–૨૭, માગધીસૂત્ર–૧૬, પિશાચીસૂત્ર–૨૨, ચૂલિકાપિશાચીસૂત્ર-૪, અપભ્રંશસૂત્ર–૨૦; એ છ ભાષાનાં કુલ સૂત્રો : ૧૧૧૯.
૧૪. પ્રાકૃતવ્યાકરણ-લઘુવૃત્તિ, ગ્રં. ૨૨૦૦.
૧૫. પ્રાકૃતવ્યાકરણબૃહદ્વૃત્તિ (અપ્રાપ્ય).
૧૬. બાલભાષાવ્યાકરણ.
૧૭. બાલભાષાવ્યાકરણવૃત્તિ.
૧૮. અભિધાનચિંતામણિકોશ, કાંડ : ૬, શ્લો. ૧૫૪૧, (સં. ૧૨૧૬).
૧૯. અભિધાનચિંતામણિકોશવૃત્તિ, ગ્રં. ૧૦૦૦૦.
૨૦. અભિધાનચિંતામણિશેષ, ગ્રં. ૨૦૪ (આ૦ જિનદેવકૃત પરિશિષ્ટ છે.)
૨૧. અનેકાર્થસંગ્રહ, કાંડ : ૭, શ્લો. ૧૮૨૯.
૨૨. અનેકાર્થસંગ્રહવૃત્તિ-અનેકાર્થકૈરવકૌમુદી, ગ્રં. ૬૦૦૦.
૨૩. નિઘંટુકોશ (અપ્રાપ્ય).
૨૪. નિઘંટુશેષ, કાંડ : ૬, શ્લો. ૩૯૬ (પરિશિષ્ટ છે.)
૨૫. દેશીનામમાલા, વર્ગ : ૮, કુલ શબ્દો : ૩૯૭૮, ગાથા : ૬૩૪.

૨૬. દેશીનામમાલા-ટીકા રત્નાવલી, ગ્રં. ૩૫૦૦.
૨૭. કાવ્યાનુશાસન, અધ્યાય : ૮, સૂત્ર : ૨૦૮ (સં. ૧૧૯૬).
૨૮. કાવ્યાનુશાસનવૃત્તિ-અલંકારચૂડામણિ, ગ્રં. :
૨૯. કાવ્યાનુશાસનવિવેક, કુલ ગ્રં. ૬૮૦૦ (સં. ૧૨૦૦ પછી), (તે છંદોનુશાસન પછી રચાયો).
૩૦. દ્વ્યાશ્રયમહાકાવ્ય,[1] સર્ગ : ૨૦, શ્લો. ૨૪૩૫, ગ્રં. ૨૮૨૮, સંસ્કૃત સં. ૧૨૧૬ (ચૌલુક્યવંશવર્ણન).
પ્રાકૃત, સં. ૧૨૨૬ લગભગ (કુમારપાલચરિય) ગ્રં. ૧૫૦૦.
૩૧. છંદોનુશાસન, અધ્યાય : ૮, સૂત્ર : ૭૬૪ (સં. ૧૧૯૬)
૩૨. છંદોનુશાસનવૃત્તિ-છંદશ્ચૂડામણિ, ગ્રં. ૩૦૦૦.
૩૩. ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત, પર્વ : ૧૦, ગ્રં. ૩૬૦૦૦ (સં. ૧૨૧૬). (આ ગ્રંથની સં. ૧૨૯૪માં લખાયેલી તાડપત્રની પ્રતિમાં આ૦ હેમચંદ્રસૂરિ અને રાજા કુમારપાલનું ચિત્ર અંકિત છે.)
૩૪. પરિશિષ્ટપર્વ, (ઇતિહાસ) સર્ગ : ૧૩, ગ્રં. ૩૫૦૦, (સં. ૧૨૧૬).
૩૫. સકલાર્હત્સ્તોત્ર, ગ્રં. ૨૭ (૨૮).
૩૬. અયોગવ્યવચ્છેદિકા-દ્વાત્રિંશિકા (વીરસ્તુતિ), શ્લો. ૩૨.
૩૭. અન્યયોગવ્યવચ્છેદિકા-દ્વાત્રિંશિકા (વીરસ્તુતિ), શ્લો. ૩૨.
૩૮. પ્રમાણમીમાંસા, અધ્યાય : ૫, (સં. ૧૨૦૦ પછી, છંદોનુશાસન પછી બનાવી છે, અપૂર્ણ મળે છે).
૩૯. પ્રમાણમીમાંસાવૃત્તિ.
૪૦. વાદાનુશાસન (અપ્રાપ્ય).
૪૧. બલાબલવાદનિર્ણય.
૪૨. બલાબલવાદનિર્ણય-બૃહદ્વૃત્તિ.

---

૧. વિ. સં. ૧૯૬ સુધી જૈન આગમો ચાર અનુયોગવાળા હતા. તે પછી એક અનુયોગ-વાળા થયા. આજે પણ એ અનુયોગોનો ખ્યાલ આપતું ઉદાહરણ મળે છે. જેમકે, धम्मो मंगलमुक्किट्ठं० નો સ્વર્ણસિદ્ધિ પરક અર્થ પણ મળે છે. આ૦ પાદલિપ્તસૂરિએ गाहाजुयलेण વીરસ્તુતિ ગાથા : ૫ દ્વારા તે બતાવ્યો છે.

આ૦ હેમચંદ્રસૂરિનું સંસ્કૃત **દ્વ્યાશ્રય** સિદ્ધહેમવ્યાકરણના સાત અયોધ્યાના ક્રમશઃ પ્રયોગો સાધતું રાજા મૂલરાજથી કુમારપાલ સુધીના રાજાઓનું વર્ણન કરે છે, જ્યારે પ્રાકૃત **દ્વ્યાશ્રય** સિદ્ધહેમવ્યાકરણના આઠમા અધ્યાયના ક્રમશઃ પ્રયોગો સાધતું રાજા કુમારપાલનું ચરિત્ર વર્ણવે છે.

આ૦ જિનપ્રભસૂરિએ શ્રેણિક દ્વ્યાશ્રયમાં પણ કાતંત્ર વ્યાકરણની દુર્ગસિંહવૃત્તિના પ્રયોગો સાધવા સાથે મહારાજા શ્રેણિકનું ચરિત્ર વર્ણવ્યું છે. (સં. ૧૩૫૬).

આ ગ્રંથોમાં બે અર્થો દર્શાવ્યા છે. શતાર્થી વગેરે અનેકાર્થના માટે જૂઓ પ્રક. ૪૩, પૃ. ૫૫૭-૫૫૮ (ટિપ્પણી) અનેકાર્થસાહિત્ય.

૪૩. દ્વિજવદનચપેટિકા (વેદાંકુશ), ગ્રં. ૧૦૦૦.
૪૪. વીતરાગસ્તોત્ર, સ્તોત્ર : ૨૦, ગ્રં. ૧૮૯ (સં. ૧૨૧૭)
૪૫. મહાદેવસ્તોત્ર, શ્લો. ૪૪, (સં. ૧૧૮૫)
૪૬. યોગશાસ્ત્ર (અધ્યાત્મોપનિષત્), પ્રકાશ : ૧૨, (સં. ૧૨૧૮).
૪૭. યોગશાસ્ત્રવૃત્તિ, ગ્રં. ૧૨૫૭, (સં. ૧૨૨૦).
૪૮. સપ્તતત્ત્વવિચારણા, શ્લો : ૧૪૦.

આ સિવાય અર્હન્નામસહસ્રસમુચ્ચય, સપ્તસંધાન મહાકાવ્ય, દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકા, નિવૃત્તિ-વ્યાવૃત્તિવ્યાયોગ અને અર્હન્નીતિ વગેરે ગ્રંથો આચાર્યશ્રીની રચના મનાય છે. અર્હન્નીતિ ગ્રંથ પ્રાચીન નથી. વિક્રમની વીસમી સદીમાં બન્યો લાગે છે. બીજા ગ્રંથો અપ્રાપ્ય છે.

સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસનના વિવરણ ગ્રંથો :

બૃહદ્ ન્યાસ (સ્વોપજ્ઞ) - ગ્રં. ૮૪૦૦૦.
લઘુન્યાસ - આ૦ રામચંદ્રકૃત, ગ્રં. ૫૩૦૦૦.
લઘુન્યાસ - આ૦ ધર્મઘોષ રચિત, ગ્રં. ૯૦૦૦.
લઘુન્યાસ - ગ્રં. ૩૦૦૦.
લઘુન્યાસ - પ્રશસ્તિ-અવચૂરિ, મુનિ ઉદયચંદ્ર.
દુર્ગપદવ્યાખ્યા - આ૦ હેમચંદ્રસૂરિના પ્રશિષ્ય.
ન્યાસોદ્ધાર - રાજગચ્છીય આ૦ દેવેન્દ્રસૂરિના શિષ્ય આ૦ કનકપ્રભસૂરિ.
હેમ-લઘુવૃત્તિ - કાયસ્થ કાકલ (સં. ૧૨૦૦).
સિદ્ધહેમ-અવચૂરિ - આ૦ જયાનંદસૂરિશિષ્ય આ૦ અમરચંદ્રસૂરિ.
(સં. ૧૨૬૪).
હૈમ બૃહદ્વૃત્તિ-ઢુંઢિકા - પં૦ સૌભાગ્યસાગર (સં. ૧૫૯૧).
હૈમ ઢુંઢિકા-સંસ્કૃત - આ૦ હેમવિમલસૂરિશિષ્ય પં૦ ઉદયસૌભાગ્યગણિ.
(સં. ૧૫૯૧).
હૈમલઘુવૃત્તિ-ઢુંઢિકા - પં૦ મુનિશેખર.
હૈમલઘુવૃત્તિ - અધ્યાય : ૪, ઢુંઢિકા - ખરતરગચ્છીય આ૦ જિનસાગર.
(સં. ૧૫૦૦).
હૈમ-અવચૂરિ - પં૦ ધનચંદ્ર.
હૈમચતુષ્કપાદવૃત્તિ - પં૦ ઉદયસૌભાગ્ય ગણિ (સં. ૧૫૯૧).
હૈમવ્યાકરણ-દીપિકા - શ્રીરત્નશેખર.
સિદ્ધહેમ-રહસ્યમ્, ગ્રં. ૧૫૦૦.
સિદ્ધહેમ પ્રાકૃત-પ્રકાશ - મલધારી આ૦ નરચંદ્રસૂરિ.
સિદ્ધહેમ પ્રાકૃતદીપિકા – આ૦ હરિપ્રભસૂરિ.

હૈમ દુર્ગપદપ્રબોધ - આ૦ જ્ઞાનવિમલસૂરિ શિષ્ય પં૦ વલ્લભવિમલ ગણિ. (સં. ૧૬૬૧).

હૈમ કારકસમુચ્ચય - આ૦ શ્રીપ્રભસૂરિ (સં. ૧૨૮૦).

હૈમવૃત્તિ - આ૦ શ્રીપ્રભસૂરિ (સં. ૧૨૮૦).

આખ્યાતવૃત્તિ - આ૦ નંદસૂરિ.

આચાર્યશ્રીના બીજા ગ્રંથોનાં વિવરણો -

લિંગાનુશાસન-વૃત્તિ – આ૦ જયાનંદસૂરિ.

લિંગાનુશાસનદુર્ગપદપ્રબોધવૃત્તિ – સં. ૧૬૧૧ (શ્રીવલ્લભગણિ).

ધાતુપાઠ – પં૦ પુણ્યસુંદર ગણિ.

હૈમ-કવિકલ્પદ્રુમ – સ્વોપજ્ઞવૃત્તિ, આ૦ હેમવિમલસૂરિ શિષ્ય શતાર્થી પં૦ હર્ષકુલ ગણિ. (પ્રક. ૫૫)

ક્રિયારત્નસમુચ્ચય – આ૦ ગુણરત્નસૂરિ, ગ્રં. ૫૬૬૧ (સં. ૧૪૬૬, મુ. ઈડર)

હૈમવિભ્રમ-સટીક – આ૦ વાદિદેવસૂરિ સંતાનીય આ૦ ગુણચંદ્રસૂરિ.

હૈમવિભ્રક-સવૃત્તિક – આ૦ જિનપ્રભસૂરિ.

સ્યાદિસમુચ્ચય – ઉલ્લાસ : ૪, શ્લો. ૫૪, ગ્રં. ૧૩૦૦, વાયડગચ્છીય વેણીકૃપાણ આ૦ અમરચંદ્રસૂરિ (સં. ૧૨૪૩થી ૧૨૬૧).

કાવ્યાનુશાસન-અલંકાર-ચૂડામણિવૃત્તિ – આ૦ અમરચંદ્રસૂરિ.

સ્યાદિસમુચ્ચયવૃત્તિ – આ૦ અમરચંદ્રસૂરિ.

સ્યાદિશબ્દદીપિકા – આગમગચ્છીય શ્રીજયાનંદસૂરિ, સં. ૧૪૫૦.

પ્રાકૃતશબ્દસમુચ્ચય – ખર. આ૦ જિનચંદ્રસૂરિ શિષ્ય પં૦ તિલકગણિ, સં. ૧૫૬૯, ખંભાત.

અનેકાર્થવૃત્તિ – આ૦ મહેન્દ્રસૂરિ, ગ્રં. ૧૨૦૦૦ (સં. ૧૨૪૦).

દ્વ્યાશ્રય-કાવ્યવૃત્તિ-સંસ્કૃત – આ૦ જિનેશ્વરશિષ્ય ઉપા૦ અભયતિલક ગણિ, (સં. ૧૩૧૨) મુ. પાલનપુર.

દ્વ્યાશ્રયવૃત્તિ-પ્રાકૃત – આ૦ જિનેશ્વરશિષ્ય પં૦ પૂર્ણકલશ (સં. ૧૩૦૭).

દ્વ્યાશ્રયવૃત્તિ-પ્રાકૃત – મલ૦ આ૦ રાજશેખર (સં. ૧૩૮૭).

વીતરાગસ્તોત્ર-વિવરણ – સુવિહિતશાખાના આ૦ પ્રભાચંદ્રસૂરિ.

સકલાર્હત્ચૈત્યવંદનવૃત્તિ – પં૦ કનકકુશલગણિ, સં. ૧૬૫૪.

સ્નાતસ્યાસ્તુતિ-વૃત્તિ – પં૦ કનકકુશલગણિ, સં. ૧૬૫૮.

અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશકા-ટીકા-સ્યાદ્વાદમંજરી – નાગેંદ્રગચ્છીય આ૦ મલ્લિષેણસૂરિ, ગ્રં. ૩૦૦૦, સં. ૧૩૪૯.

અલંકારચૂડામણિ-વૃત્તિ – મહો૦ યશોવિજય ગણિ. પ્રતિમાશતક શ્લો. ૯ સ્વોપજ્ઞવૃત્તિ, ગ્રં. ૩૨૫૦.

ધાતુરત્નાકર – આ૦ વિજયલાવણ્યસૂરિ.
હૈમધાતુમાલા – શ્રીગુણવિજય.
ન્યાયસંગ્રહ-ન્યાયાર્થમંજૂષા-ન્યાસ – વ્યાકરણ-ન્યાય : ૧૪૧, પં૦ હેમહંસગણિ. સં. ૧૫૧૫-૧૫૧૬, અમદાવાદ.
અભિધાન ચિંતામણિનિર્ણીતિ – મહો૦ ભાનુચંદ્રગણિ.
અભિધાનચિંતામણિ સારોદ્ધારવૃત્તિ – ઉ૦ શ્રીવલ્લભગણિ, સં. ૧૬૬૭.
હૈમીનામમાલા-શિલોંછ – ખરતરગચ્છીય આ૦ જિનપ્રભસૂરિના પટ્ટધર આ૦ જિનદેવસૂરિ.
શિલોંછ નામકોશ ટીકા – ઉ૦ શ્રીવલ્લભગણિ, સં. ૧૬૫૪.
કોટિશઃ વંદન હો એ શબ્દસાગરસમા આ૦ હેમચંદ્રસૂરિને.

સિદ્ધહેમ વ્યાકરણ પરથી અવતારિત વ્યાકરણો –

સિદ્ધસારસ્વત – આ૦ દેવાનંદસૂરિ, (સં. ૧૩૩૪).
હેમલઘુપ્રક્રિયા – મહો૦ વિનયવિજય ગણિ, (સં. ૧૭૧૨).
હૈમપ્રક્રિયાપ્રકાશ (બૃહન્ન્યાસ) – મહો૦ વિનયવિજય ગણિ, ગ્રં. ૩૫૦૦૦.
ચંદ્રપ્રભા (હૈમકૌમુદી) – મહો૦ મેઘવિજયગણિ, ગ્રં. ૭૦૦૦, સં. ૧૭૫૮.
હેમશબ્દચંદ્રિકા – મહો૦ મેઘવિજયગણિ.
હૈમપ્રક્રિયા – મહેન્દ્રસુત વીરસી.
બાલભાષા વ્યાકરણસૂત્ર-વૃત્તિ.
બૃહદ્‌હેમપ્રભા – આ૦ વિજયનેમિસૂરિ.
લઘુહેમપ્રભા – આ૦ વિજયનેમિસૂરિ.
પરમલઘુ હેમપ્રભા – આ૦ વિજયનેમિસૂરિ.
સિદ્ધપ્રભા – આ૦ સાગરાનંદસૂરિ.
પ્રાકૃત વ્યાકરણ – આ૦ જિનકૃપાચંદ્રસૂરિ.
પ્રાકૃત વ્યાકરણ પદ્ય – આ૦ રાજેન્દ્રસૂરિ.
હેમબૃહત્‌પ્રક્રિયા – પં૦ ગિરજાશંકર શાસ્ત્રી.
હેમસંસ્કૃત પ્રવેશિકા (ગુજરાતી) ભા.૧-૨ – પં૦ શિવલાલ નેમચંદ (પાટણ)

પ્રાકૃત ચંદ્રિકા –

વર્ષે જ્ઞાનનવર્તુભૂમિકલિતે (૧૬૯૮) માસે શુભે શ્રાવણે
પક્ષે શુક્લ ઇતિ દ્વિતીયદિવસે બુદ્ધાનગર્યામથ ॥
શિષ્યો દેવનરેન્દ્રકીર્તિગણિનાં નામ્ના જગન્નાથસન્ (?)
પુસ્તં લેખયતિ પ્રશસ્તમનઘં સત્પ્રાકૃતવ્યાકૃતેઃ ॥
શુભં ભવતુ ॥ શ્લોક ૧૫૦૦ ॥ (–શ્રીપ્રશસ્તિસંગ્રહ, ભા. ૨, પ્રશસ્તિ : ૭૫૧, પૃ. ૨૧૦)

આ પુસ્તક છાણીના શ્રીવિજયદાનસૂરિ સં. શાસ્ત્રસંગ્રહમાં છે.

આ૦ હેમચંદ્રસૂરિના વાણીચાતુરીના નમૂના :

क्षुण्णाः क्षोणिभृतामनेककटका भग्नाऽथ धारा ततः
कुण्ठः सिद्धपतेः कृपाण इति रे मा मंसत क्षत्रियाः ।
आरूढप्रबलप्रतापदहनः संप्राप्तधारश्चिरात्
पीत्वा मालवयोषिदश्रुसलिलं हन्तायमेधिष्यते ॥
(–सिद्धहेमशब्दानुशासन-प्रशस्ति)

अकृत्रिमस्वादुपदां परमार्थाभिधायिनीम् ।
सर्वभाषापरिणतां जैनीं वाचमुपास्महे ॥१॥ (–काव्यानुशासन-मंगल)

शब्दमात्रो महादेवो लौकिकानां मते मतः ।
शब्दतो गुणतश्चैव ह्यर्थतो जिनशासने ॥६॥

भवबीजाङ्कुरजनना रागाद्याः क्षयमुपागता यस्य ।
ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ॥४४॥ (–महादेवस्तोत्र)

इमां समक्षं प्रतिपक्षसाक्षिणामुदारघोषामवघोषणां ब्रुवे ।
न वीतरागात् परमस्ति दैवतं न चाप्यनेकान्तमृते नयस्थितिः ॥२८॥
न श्रद्धयैव त्वयि पक्षपातो न द्वेषमात्रादरुचिः परेषु ।
यथावदाप्तत्वपरीक्षया तु त्वामेव वीर ! प्रभुमाश्रिताः स्मः ॥२९॥
यत्र तत्र समये यथा तथा योऽसि सोऽस्यभिधया यया तया ।
वीतदोषकलुषः स चेद् भवान्नेक एव भगवन् ! नमोस्तु ते ॥३१॥
(–अयोगव्यवच्छेद-द्वात्रिंशिका)

स्वयं विवादग्रहिले वितण्डापाण्डित्यकण्डूलमुखे जनेऽस्मिन् ।
मायोपदेशात् परमर्म भिन्दन्नहो ! विरक्तो मुनिरन्यदीयः ॥१०॥
न धर्महेतुर्विहिताऽपि हिंसा नोत्सृष्टमन्यार्थमपोद्यते च ।
स्वपुत्रघातान्नृपतित्वलिप्सासब्रह्मचारि स्फुरितं परेषाम् ॥११॥
प्रतिक्षणोत्पाद-विनाशयोगिस्थिरैकमध्यक्षममीक्षमाणः।
जिन ! त्वदाज्ञामवमन्यते यः स वातकी नाथ ! पिशाचकी वा ॥२१॥
(–अन्ययोगव्यवच्छेद-द्वात्रिंशिका)

कुण्ठाऽपि यदि सोत्कण्ठा त्वद्गुणग्रहणं प्रति ।
ममैषा भारती तर्हि स्वस्त्येतस्यै किमन्यथा ! ॥२–७॥
क्षणं सक्तः क्षणं मुक्तः क्षणं क्रुद्धः क्षमं क्षमी ।
मोहाद्यैः क्रिडयैवाहं कारितः कपिचापलम् ॥१६–८॥
तव चेतसि वर्तेऽहमिति वार्त्ताऽपि दुर्लभा ।
मच्चिते वर्तते चेत् त्वमलमन्येन केनचित् ॥१९–१॥

तव प्रेष्योऽस्मि दासोऽस्मि सेवकोऽस्यस्मि किङ्करः ।
ओमिति प्रतिपद्यस्व नाथ ! नातः परं ब्रुवे ॥२०–८॥
स्वयं ज्ञापयसे तत्त्वं मार्गं दर्शयसि स्वयम् ।
स्वयं च त्रायसे विश्वं त्वत्तो नाथामि नाथ ! किम् ॥ (–वीतरागस्तोत्र)

वने पद्मासनाऽऽसीनं क्रोडस्थितमृगार्भकम् ।
कदाऽऽघ्रास्यन्ति वक्त्रे मां जरन्तो मृगयूथपाः ॥१४५॥
शत्रौ मित्रे तृणे स्त्रैणे स्वर्णेऽश्मनि मणौ मृदि ।
मोक्षे भवे भविष्यामि निर्विशेषमतिः कदा ? ॥१४६॥
(–अडोलभावना, योगशास्त्र, प्र. ३)

अभवाय महेशायाऽगदाय नरकच्छिदे ।
अराजसाय ब्रह्मणे कस्मैचिद् भगवते नमः ॥१३–४॥
यावन्नाप्नोमि पदवीं परां त्वदनुभावजाम् ।
तावन्मयि शरण्यत्वं मा मुञ्च शरणं श्रिते ॥१७–८॥ (–वीतरागस्तोत्र)

ब्राह्मणजातिरद्विष्टो वणिग्जातिरवञ्चकः ।
प्रियजातिरनीर्ष्यालुः शरीरश्च निरामयः ॥७४३॥
विद्वान् धनी गुण्यगर्वः स्त्रीजनश्चापचापलः ।
राजपुत्रः सुचरित्रः प्रायेण न दृश्यते ॥७४४॥
(–त्रिषष्टिशलाकापुरुषचरित, स. १)

આચાર્યશ્રીએ કાવ્યાનુશાસન તથા છંદોનુશાસનની ટીકામાં વિવિધ અવતરણો આપ્યાં છે એથી સ્પષ્ટ સમજી શકાય છે કે, આચાર્યશ્રી સાક્ષરસમાજ, મધ્યમજનતા તથા ગ્રામપ્રજાના લોકસાહિત્યથી પૂરેપૂરી રીતે પરિચિત હતા. તેના કેટલાક આ નમૂના છે –

द्वौ वज्रवर्णौ जगतीपतीनां सदिभः प्रदिष्टौ ननु सार्वजन्यौ ।
यः स्याज्जपाविद्रुमभङ्गशोणो यो वा हरिद्रारससंनिकाशः ॥
(–काव्यानुशासन, रत्नपुण्यम् अ. १, लोकशास्त्रेषु विवेक)

हंहो स्निग्धसखे ! विवेक ! बहुभिः प्राप्तोऽसि पुण्यैर्मया
गन्तव्यं कतिचिद्दिनानि भवता नास्मत्सकाशात् क्वचित् ।
त्वत्सङ्गेन करोमि जन्म-मरणोच्छेदं गृहितत्वरः
को जानाति पुनस्त्वया सह मम स्याद् वा न वा सङ्गमः ॥
(–काव्यानुशासन, अ. १, सतो० विवेक)

सन्ध्यां यत् प्रणिपत्य लोकपुरतो बद्धाञ्जलिर्याचसे
धत्से यच्च नदीं विलज्ज ! शिरसा तच्चापि सोढं मया ।

श्रीजाताऽमृतमन्थने यदि हरेः कस्माद् विषं भक्षितं
मा स्त्रीलम्पट ! मां स्पृशेत्यभिहितो गौर्या हरः पातु वः ।
(–काव्यानुशासन, अ. २, प्रणयेर्षा; टीका, पृ. ७२)
गण्डोल्लासविभावितः पशुपतेर्हास्योद्गमः पातु वः ॥
(–काव्यानुशासन, अ. २, एतत्संक्रमः; टीका, पृ. ७५)
कनककलशस्वच्छे राधापयोधरमण्डले
नवजलधरश्यामामात्मद्युतिं प्रतिबिम्बिताम् ।
असितसिचयप्रान्तभ्रान्त्या मुहुर्मुहुरुत्क्षिपन्
जयति जनितव्रीडाहासः प्रियाहसितो हरिः ॥
(–काव्यानुशासन अ. २, एतत्संक्रमः० टीका, पृ. ७६)
कृष्णेनाम्ब ! गतेन रन्तुमधुना मृद् भक्षिता स्वेच्छया
सत्यं कृष्ण ! क एवमाह मुसली मिथ्याम्ब ! पश्याननम् ।
व्यादेहीति विकाशिते शिशुमुखे माता समग्रं जगत्
द्रष्ट्वा यस्य जगाम विस्मयपदं पायात् स वः केशवः ॥
(–काव्यानुशासन, अ. २, दिव्यदर्शन० टीका, पृ. ८०)
स्वास्थ्यं प्रतिभाऽभ्यासो भक्तिर्विद्वत्कथा बहुश्रुतता ।
स्मृतिर्दार्ढ्यमनिर्वेदः मातरोऽष्टौ कवित्वस्य ॥
(–काव्यानुशासन, अ. १, सतो० विवेक)
जइ स-सणेही तो मुअइ अह जीवइ निन्नेह ।
बिहिं वि पयारेहिं गइअ धण किं गज्जइ मेह ॥४–३६७॥
अम्मीए सत्थावत्थेहिं सुधिं चिंतिज्जइ माणु ।
पीए दिट्ठे हल्लोहल्लेण कोचेयइ अप्पाणु ॥४–३९६॥
पुत्ते जाए कवणु गुणु अवगुणु कवणु मुएण ।
जा बप्पीकी भुंहडी चम्पिज्जइ अवरेण ॥४–३१५॥
सरिहिं सरेहिं न सरवरेहिं न वि उज्जाणवणेहिं ।
देस खण्णा होन्ति वढ ! निवसन्तेहिं सुअणेहिं ॥४–४२२॥
एक्कमेक्कउं जइवि जोएदि हरि सुट्ठु सव्वायरेण ।
तो विद्रेहि जहिं वि राही को सक्कइ संवरिवि द्रढनयणानेहिं प्लुट्ठा॥
एक्ककुडुल्ली पंचहिं रूद्धी, तह पंचहंवि जुअंजुअबुद्धी ।
बहिणु ! एतं धरु कहि किंव नंदउ, जत्थ कुडुम्बउ अप्पण छंदउ ॥४–४२२॥
(–સિદ્ધહેમ૦ અ. ૮, પ્રાકૃત અપભ્રંશ વિભાગ)
मा कुड्डलेवणी धवलकुट्टिमे परवहुं णिएऊण ।
कुसुमालिअ कुरुकुरियं करेसु कुलफंसणो होही ॥
(–દેશીનામમાલા, વર્ગ : ૨, ગાથા : ૪૨)

गंगहे जम्नुहे भीतरु मेल्लइ सरसइ मज्झि हंसु जइ जिल्लइ ।
तय सो वेत्थु रमइ पहुत्तउ जित्थु याइ सो मोक्खु निरुत्तउ ॥
(प्राकृतद्व्याश्रयकाव्य, सर्ग : ८, गाथा : १५)

भल्लतणु जइ म हसि भल्लप्पणु पसमेण ।
जइ करिएव्वउ पसमु विजउ तो करेव्वउं करणहं ॥
(प्राकृतद्व्याश्रयकाव्य, सर्ग : ८, गाथा : ७६)

આ૦ હેમચંદ્રસૂરિના પ્રશંસાકાવ્યો :

જુદા જુદા વિદ્વાનોએ આચાર્યશ્રીની સ્તુતિ કરી છે, તેમાંના કેટલાંક કાવ્યો આ પ્રકારે છે –

किं स्तुमः शब्दपाथोधेर्हेमचन्द्रयतेर्मतिम् ।
एकेनापि हि येनेद्रक् कृतं शब्दानुशासनम् ॥१॥
स्तुमस्त्रिसन्ध्यं प्रभुहेमसूरेरनन्यतुल्यामुपदेशशक्तिम् ।
अतीन्द्रियज्ञानविवर्जितोऽपि यः क्षोणिभर्तुर्व्यधित प्रबोधम् ॥१॥
(–આ૦ સોમપ્રભસૂરિરચિત-કુમારપાલપડિબોહો)

क्लृप्त व्याकरणं नवं विरचितं छन्दो नवं द्व्याश्रया-
ऽलङ्कारौ प्रथितौ नवौ प्रकटितौ श्रीयोगशास्त्रं नवम् ।
तर्कः संजनितो नवो जिनवरादीनां चरित्रं नवं
बद्धं येन न केन केन विधिना मोहः कृतो दूरतः ॥
(–આ૦ સોમપ્રભસૂરિરચિત-શતાર્થી કાવ્ય ૯૩ની ટીકા)

गुरुर्गुर्जरराजस्य चातुर्विद्यैकसृष्टिकृत् ।
त्रिषष्टिनरसद्वृत्तकविर्वाचां न गोचरः ॥
(–આ૦ મુનિરત્નસૂરિરચિત-અમમચરિત્ર)

सन्त्यन्ये कवितावितानरसिकास्ते भूरयः सूरयः
क्ष्मापस्तु प्रतिबोध्यते यदि परं श्रीहेमसूरेर्गिरा ।
उन्मीलन्ति महामहांस्यपि परे लक्षाणि ऋक्षाणि वै
नो राकाशशिना विना बत भवत्युज्जागरः सागरः ।
(ઉપા૦ જિનમંડન કૃત - કુમારપાલપ્રબંધ, પૃ. ૫૩)

शब्द-प्रमाण-साहित्य-च्छन्दोलक्ष्मविधायिनाम् ।
श्रीहेमचन्द्रपादानां प्रसादाय नमो नमः ॥
(આ૦ રામચંદ્રસૂરિ - આ૦ ગુણચંદ્રસૂરિ)

साहित्य-व्याकरणाद्यनेकशास्त्रनिर्माणप्रल्पप्रजापतिः श्रीहेमचन्द्रयतिपतिः।
(–પં૦ પૂર્ણકલશગણિકૃત-પ્રાકૃત દ્વ્યાશ્રય-ટીકાનો પ્રારંભ)

वैदुष्यं विगताश्रयं श्रितवति श्रीहेमचन्द्रे दिवम् ॥
(રાજકવિ સોમેશ્વરદેવચરિત-સુરથોત્સવ, સર્ગ : ૧૫, શ્લો. ૫૨)

सदा हृदि वहेमः श्रीहेमसूरेः सरस्वतीम् ।
सुवत्या शब्दरत्नानि ताम्रपर्णी जिता यया ॥ (–રાજકવિ સોમેશ્વરદેવ)

यः सुज्ञैः सर्ववित् प्रोक्तः कलिकालेऽपि सूरिराट् ।
तस्य श्रीहेमचन्द्रस्य प्रमाणं मेऽत्र वर्तताम् ॥
(–શ્રી મધુસૂદન મોદીકૃત હેમસમીક્ષા-પ્રારંભ)

आचार्या बहवोऽपि सन्ति भुवने भिक्षोपभोगक्षमा
नित्यं पामरद्रष्टिताडनविधावेत्युग्रजाग्रत्करः ।
चौलुक्यक्षितिपालभालदृषदा स्तुत्यः स एकः पुनः
नित्योत्तेजितपादपङ्कजनखः श्रीहेमचन्द्रो गुरुः ॥
(–આ૦ જિનભદ્રસૂરિકૃત-પ્રબંધાવલી)

निःसीमप्रतिभैकजीवितधरौ निःशेषभूमिस्पृशां
पुण्यौघेन सरस्वती-सुरगुरू स्वाङ्गैकरूपौ दधन् ।
यः स्याद्वादमसाधयन्निजवपुर्द्रष्टान्ततः सोऽस्तु मे
सद्बुद्ध्यम्बुनिधिप्रबोधविधये श्रीहेमचन्द्रः प्रभुः ॥२॥

ये हेमचन्द्रमुनिमेतदुक्तग्रन्थार्थसेवामिषतः श्रयन्ते ।
संप्राप्य ते गौरवमुज्ज्वलानां पदे कलानामुचितं भवन्ति ॥३॥
(–આ૦ મલ્લિષેણસૂરિકૃત-સ્યાદ્વાદમંજરી-મંગલાચરણ)

चातुर्वैद्यमहोदधेर्भगवतः श्रीहेमसूरेर्गिरा
गम्भीरार्थविलोकने यदभवद् द्रष्टिः प्रकृष्टा मम ।
द्राघीयः समयादराग्रहपराभूतप्रभूताऽथ यं
तन्नूनं गुरुपादरेणुकपिका सिद्धाञ्जनस्योर्जितम् ॥२॥

येषामुज्ज्वलहेतुहेतिरुचिरः प्रामाणिकाध्वस्पृशां
हेमाचार्यसमुद्भवस्तवनभूरर्थः समर्थः सखा ।
तेषां दुर्नयदस्युसंभवभयास्पृष्टात्मनां संभव-
त्यायासेन विना जिनागमपुरप्राप्तिः शिवश्रीप्रदा ॥१॥
(–આ૦ મલ્લિષેણસૂરિકૃત-સ્યાદ્વાદમંજરીની અંતિમ પ્રશસ્તિ)

सप्तर्षयोऽपि सततं गगने चरन्तो
रक्षुं क्षमा न मृगी मृगयोः सकाशात् ।
जीयाच्चिरं कलियुगे प्रभुहेमसूरि-
रेकेन येन भुवि जीववधो निषिद्धः ॥
(વિવિધગચ્છીય પટ્ટાવલીસંગ્રહ, પૃ. ૬૩)

વિશિષ્ટ રાજાઓ અને શ્રેષ્ઠીઓ

રાજા ભુવનપાલ – વિક્રમની અગિયારમી સદીમાં રાજા અલ્લટ અને રાજા કર્દમ થયા. (પ્રક. ૩૪, પૃ. ૪૮૮, ૪૯૦) એ જ સમયે અલ્લટ રાણાનો પુત્ર **ભુવનપાલ** થયો. તે સપાદલક્ષ (સવાલક)નો રાજા હતો. તે અહીં સગોત્રી તરીકે આવીને ગાદીએ બેઠો. (જૂઓ, પ્રક. ૩૪, પૃ. ૪૯૦-૪૯૧)

રાજા અલ્લટની પરંપરામાં ચિત્તોડની ગાદીએ રાણો રણસિંહ થયો.

રાણો રણસિંહ (સં. ૧૨૧૧) - આ રાણાના સંગ્રામસિંહ અને સમરસિંહ એવા નામો મળે છે. તે સં. ૧૨૧૧માં થયો હતો. આ રાણા રણસિંહથી સીસોદિયા રાજાઓ **'રાણા'** તરીકે ઓળખાવા લાગ્યા. તેને કરણસિંહ નામે પુત્ર અને ધીરસિંહ નામે પૌત્ર હતો.

તે ધીરસિંહે સં. ૧૨૨૯ની આસપાસમાં જૈનધર્મ સ્વીકાર્યો અને તેનાથી **'સીસોદિયા ઓશવાલવંશ'** ચલાવ્યો.

સીસોદિયા ઓશવાલો મેવાડની નૈઋત્યમાં આવેલા ભૂલાનગરમાં રહેતા હતા. ભૂલાનગર દફનપટ્ટન થતાં ત્યાંનું એક સીસોદિયા કુટુંબ અમદાવાદ આવી વસ્યું, જે આજે **નગરશેઠના** કુટુંબ તરીકે પ્રસિદ્ધ છે. ભૂલાનગરની આસપાસના પ્રદેશમાં પાંચમની તિથિ માટે 'પાંચમના કામમાં પંચાત પડે.' એવી માન્યતા છે. એ રીતે નગરશેઠના કુટુંબમાં પણ પાંચમનો દિવસ અશુભ લેખાય છે. તે માટે એવી દંતકથા મળે છે કે, સીસોદિયાવંશની એક કુમારિકા પાંચમના દિવસે શુભ કામ માટે ગઈ હતી. તેની રસ્તામાં ખૂબ પજવણી થઈ અને રસ્તામાં જ તે મરણ પામી. ત્યારથી સીસોદિયા ઓશવાલો પાંચમના દિવસે કોઈ પણ જાતનું શુભ કાર્ય કરતા નથી. પાંચમ માટેની આ માન્યતા ભૂલાનગર અને નગરશેઠના કુટુંબનો પ્રાચીન સંબંધ હોવાનું પુરવાર કરે છે. થોડાએક વર્ષો પહેલાં ભૂલાનગરનું ખોદકામ થયું ત્યારે તેમાંથી ઘણી જિનપ્રતિમાઓ મળી આવી હતી. તે પ્રતિમાઓ આજે રોહિડાના જિનમંદિરમાં વિદ્યમાન છે. (જૂઓ, પ્રક. ૫૮, નગરશેઠવંશ તથા પટ્ટાવલીસમુચ્ચય, ભા. ૨, પૃ. ૨૧૨)

મંત્રી મુંજાલ :

તે કર્ણદેવનો મંત્રી હતો. રાજા સિદ્ધરાજે માળવા ઉપર ચડાઈ કરી ત્યારે તે ધારાનગરીમાં સાંધિવિગ્રહિક તરીકે હતો. તેણે જ બહાર રહેલા રાજા સિદ્ધરાજને ધારાનો કિલ્લો તોડવાનો વ્યૂહ બતાવ્યો હતો.

તેણે પાટણમાં **મુંજાલવસહી** બંધાવી હતી. 'યોગદૃષ્ટિસમુચ્ચય'ની તાડપત્રીની પ્રતિની પુષ્પિકામાં લખ્યું કે, 'સં. ૧૧૪૬માં કર્ણદેવના રાજ્યમાં **પાટણમાં** મહામાત્ય મુંજાલની વસહીમાં રહી આ પ્રતિ લખી છે.' એટલે મુંજાલે એક ઉપાશ્રય બંધાવ્યો હતો.

મુંજાલ એ શૂરવીર, બુદ્ધિમાન્, રાજનીતિનિપુણ અને જૈનધર્મપ્રેમી હતો.
(–પ્રબંધચિંતામણિ, દુર્ગાશંકર શાસ્ત્રીનો ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ, પ્રક. ૧૨, પૃ. ૨૬૬.)

મંત્રી સજ્જન :

सङ्घाधिपत्यादिपदप्रतिष्ठासमन्वितैर्भव्यजनैर्विशालः ।
दानादिपुण्योदयजन्मभूमिः श्रीमालवंशो विदितो जगत्याम् ॥
(જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્ર. ૬૧)

જાંબ વનરાજ ચાવડાના મંત્રી તરીકે પ્રસિદ્ધ હતો. (જૂઓ, પ્રક. ૩૧, પૃ. ૪૧૨.) તે જાંબના વંશમાં શ્રીમાલી મહં૦ રાણિગ થયો. તેને ત્રણ પુત્રો હતા. (૧) સજ્જન, (૨) આંબાક અને (૩) ધવલ.

મંત્રી **સજ્જન** એક વાર ઉંદિરાથી **ખંભાત** જતો હતો. વચ્ચે સકરપુરમાં એક **ભાવસારને ત્યાં** ઊતર્યો. ભાવસારના ઘરમાં કડાઈમાં સોનામહોરો ભરેલી હતી, પણ તે તેને કોલસા સમજતો હતો. સજ્જને પૂછ્યું કે, 'ભાઈ ! સોનામહોરો આમાં કેમ રાખી છે ?' ભાવસારે સજ્જનને ભાગ્યશાળી માની તે બધી સોનામહોરો તેને આપી દીધી; પરંતુ સજ્જનને પ્રતિજ્ઞા હતી કે બીજાની વસ્તુ લેવી નહીં. તેથી સજ્જને તે સોનામહોરો રાજા **સિદ્ધરાજ**ને આપી દીધી. રાજા સજ્જનને શુદ્ધ નૈતિક ભાવનાવાળો અને શુદ્ધ શ્રાવક જાણી ખુશ થયો. તેને રાજ્યમાં ઊંચો હોદ્દો આપવાનો પણ નિર્ણય કર્યો. **રાજા સિદ્ધરાજે** સં. ૧૧૭૦ માં રા'ખેંગારને હરાવ્યો અને તેના મરણ બાદ **મહામાત્ય વાહડ**ના કહેવાથી સજ્જનને સૌરાષ્ટ્રનો **દંડનાયક** નીમ્યો.

તેણે સૌરાષ્ટ્રને ઉન્નત બનાવ્યો. **ગિરનાર**ના પહાડ ઉપર ભ૦ નેમિનાથનું દેરાસર લાકડાનું બનેલું હતું, તે જીર્ણ હાલતમાં હતું. મંત્રી સજ્જને રાજગચ્છના **આ૦ ભદ્રેશ્વરસૂરિ**, જેઓ સદા એકાંતરે ઉપવાસનું તપ કરતા હતા, તેમના ઉપદેશથી એ દેરાસરનો પાયામાંથી **જીર્ણોદ્ધાર** કરાવ્યો અને એ કાર્યમાં સૌરાષ્ટ્રની ઉઘરાણીમાંથી ૭૨ લાખ જેટલું દ્રવ્ય ખરચીને ભવ્ય જિનપ્રાસાદ બંધાવ્યો. રાજા જ્યારે એ ઉપજની રકમ માગે ત્યારે **વણથલી**ના સંઘ પાસેથી એ રકમ મળે એવો પ્રબંધ કર્યો. એ પ્રાસાદ શિલ્પશાસ્ત્રોક્ત 'પૃથ્વીજયપ્રાસાદ' બન્યો હતો. એ પ્રાસાદના ફળ વિશે જણાવ્યું છે કે –

" एवंविधं विधत्ते यः प्रासादं पृथिवीजयम् ।
पृथ्वीं विजयते कृत्स्नां निर्जितारिः स पार्थिवः ॥ "
(–ભોજકૃત સમરાંગણસૂત્રધાર, અ. ૫૭)

રાજા સિદ્ધરાજ સં. ૧૧૮૫માં ગિરનારમાં યાત્રા નિમિત્તે આવ્યો, ત્યારે આ 'પૃથ્વીજય પ્રાસાદ' જોઈને ઘણો જ પ્રસન્ન થયો. તેણે સૌરાષ્ટ્રની ઉપજની

રકમ માંગી ત્યારે મંત્રી સજ્જને યથાસ્થિત વાત જણાવીને ખુલાસો કર્યો કે, 'મહારાજ ! મેં આ પ્રાસાદમાં ઉપજની રકમ ખરચી નાખી છે, છતાં આપ આજ્ઞા કરો તો વણથલીના શ્રીસંઘ પાસેથી એટલી રકમ લાવી આપું.' રાજા તો આ પ્રાસાદ જોઈને ખુશ થયો હતો એટલે તેણે કહ્યું, 'મંત્રીવર ! તમે આ જિનપ્રાસાદ રાજ્યના ખજાનામાંથી બનાવ્યો એ ઉચિત જ થયું છે, કેમકે પૃથ્વીજય પ્રાસાદનો લાભ પૃથ્વીપતિને જ મળવો જોઈએ. હું આ લાભને કેમ જતો કરું ? આ રકમ રાજ્યના ચોપડામાં જિનમંદિર ખાતે ઉધારી દો, વણથલીથી લાવવાની જરૂર નથી.'

તીર્થરક્ષા –

રાજા સિદ્ધરાજે ભ૦ નેમિનાથની પૂજા કરી અને કાયમી પૂજા માટે ૧૨ ગામ ભેટ કર્યાં. તીર્થની પવિત્રતા જળવાઈ રહે તે માટે યોગ્ય **નિયમો** ઘડી આપ્યા :– આ તીર્થમાં કોઈએ (૧) આસન વગેરે ઉપર બેસવું નહીં, (૨) શય્યા ઉપર નિદ્રા લેવી નહીં, (૩) રસોઈ કરવી નહીં, (૪) ભોજન કરવું નહીં. (૫) દહીં વલોવવું નહીં, (૬) સ્ત્રીસંગ કરવો નહીં, (૭) સુવાવડ કરવી નહીં વગેરે. આ નિયમો આજ સુધી પળાય છે.

વણથલીના શેઠ **ભીમ સાથરિયા** વગેરે શ્રીસંઘે ભ૦ નેમિનાથના પ્રાસાદના જીર્ણોદ્ધાર માટે ૭૨ લાખ રૂપિયાની ટીપ કરી રાખી હતી, પણ એ લાભ રાજા સિદ્ધરાજે લીધો તેથી **સંઘે** ૭૨ લાખ ખરચીને વણથલીમાં ભવ્ય **દેરાસર** બંધાવ્યું. શેઠ **ભીમે** ભ૦ નેમિનાથને ઝવેરાતનો **હાર** પહેરાવ્યો.

મંત્રી સજ્જન પાકો જૈન હતો. તે પ્રતિદિન જિનપૂજા અને પ્રતિક્રમણ કરતો હતો. તેણે યુદ્ધવેળાએ પણ પ્રતિક્રમણ છોડ્યું નહોતું.

મંત્રી સાંતૂ તથા મંત્રી સજ્જને રાજગચ્છના તપસ્વી આ૦ **ભદ્રેશ્વરસૂરિ**ના ઉપદેશથી **વડઉદય**(વડોદરા)માં મોટી રથયાત્રા કઢાવી હતી. (–સિજ્જંસચરિય)

રાજા **કુમારપાલે** સં. ૧૨૦૮માં માળવા જીત્યો અને ત્યાંના દંડનાયક તરીકે મંત્રી સજ્જનને નીમ્યો.[1] મંત્રીએ પણ **સમિધેશ્વર**ના મંદિરમાં દીવા માટે એક ઘાણાનું દાન આપ્યું હતું. રાજા કુમારપાલે પાટણમાં સં. ૧૨૧૬-૧૭માં ત્રિભુવનપાલવિહારની પ્રતિષ્ઠા કરી. તે ઉત્સવમાં મંત્રી સજ્જન ત્યાં હાજર હતો. (–ઉપદેશસાર, ઉપ. ૪૮)

સજ્જન સોરાષ્ટ્રનો **દંડનાયક** હતો તે અરસામાં ભિન્નમાલ તેમજ પાટણના શ્રીમાલી જૈનોનાં ઘણાં કુટુંબો સૌરાષ્ટ્રમાં આવીને વસ્યાં હતાં.

---

૧. चतुष्कलाध्यक्षः सेनानीर्दण्डनायकः । (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૫૫)

– હાથી, ઘોડા, રથ, પગપાળી સેના એ ચતુરંગી સેના તથા દંડનીતિથી પ્રદેશનું શાસન કરનાર હોય તે દંડનાયક કહેવાય છે.

મંત્રી સજ્જન **બાલ મૂળરાજ**ના સમયે (સં. ૧૨૩૨ થી સં. ૧૨૩૪) ગુજરાતનો મહામાત્ય હતો. રાજાને તેની વ્યૂહરચના મુજબ બાદશાહ મહમ્મુદ શાહબુદ્દીન સાથે યુદ્ધ કરવાથી જયલાભ થયો હતો. (જૂઓ, પ્રક. ૩૫, પૃ.૧૦૦)

મંત્રી સજ્જન પછી રાજા કુમારપાલે કવિ સિદ્ધપાલની ભલામણથી તેમના બીજાભાઈ **આંબાક**ને સૌરાષ્ટ્રનો દંડનાયક બનાવ્યો. જૂનાગઢથી ગિરનાર પર ચડવાને જો કે પાજ બની હતી પણ તે રસ્તો કઠિન હતો એટલે મહામાત્ય વાહડે રાજા કુમારપાલની આજ્ઞાથી દંડનાયક આંબાક પાસે સં. ૧૨૨૨-૨૩માં ૬૩ લાખ દ્રવ્ય ખરચીને સાંકલી ગામ તરફની **સાંકળીપાજ** બંધાવી.

મંત્રી આંબાકે અંચલગચ્છના આ૦ જયસિંહસૂરિના ઉપદેશથી સોમનાથ પાટણમાં ભ૦ ચંદ્રપ્રભસ્વામીના જિનપ્રાસાદનો જીર્ણોદ્ધાર કરાવ્યો.

(પ્રક. ૪૦, પૃ. ૪૦૮)

ત્રીજા ભાઈ **ધવલે** ગિરનાર તીર્થમાં **પરબ** બેસાડી.

એકંદરે ત્રણે શ્રીમાલી ભાઈઓએ ગિરનાર તીર્થને વિવિધ રીતે શોભાવ્યું છે. મંત્રી આંબાક પછી સૌરાષ્ટ્રનો દંડનાયક **જગદેવ શ્રીમાલી** બન્યો.

મંત્રી સજ્જનને પરશુરામ નામે પુત્ર હતો.

(–પ્રભાવકચરિત્ર, પ્રબંધચિંતામણિ, પુરાતનપ્રબંધસંગ્રહ, પ્રબંધકોશ, કુમારપાલચરિત, સિજ્જંસચરિય, વસંતવિલાસ, ઉપદેશતરંગિણી, ઉપદેશસાર, ગુજરાતના ઐતિહાસિક લેખો, ભા. ૩, લેખાંક : ૧૫૨, ૧૫૩)

મંત્રી આલિગદેવ :

મહામાત્ય આલિગ પણ ઇતિહાસના પાને ચમકે છે. સં. ૧૧૫૨માં રાજા સિદ્ધરાજે સિદ્ધપુર વસાવી ત્યાં સં. ૧૧૮૪માં સિદ્ધવિહાર તથા રુદ્રમાલ બંધાવ્યાં. મંત્રી આલિગે તે જ સમયે સિદ્ધપુરમાં ચતુર્મુખવિહાર કરાવ્યો, આ ચતુર્મુખ-વિહારના ધોરણે શા૦ ધન્નાશાહ પોરવાડે સં. ૧૪૯૬ના ફાગણ વદિ ૫ ના રોજ રાણકપુરમાં ભ૦ ઋષભદેવસ્વામીનો ત્રૈલોક્યદીપક પ્રાસાદ નામનો ચતુર્મુખ-જિનપ્રાસાદ બનાવ્યો.

મંત્રી આલિગદેવે ખંભાતમાં ઉપાશ્રય બનાવ્યો હતો. તેમાં આ૦ સોમ-તિલકસૂરિ સં. ૧૩૭૩ માં સ્વર્ગે ગયા.

સિદ્ધરાજે સં. ૧૧૯૨-૯૩મા માળવા ઉપર ચડાઈ કરી ત્યારે પાટણની રક્ષાનો ભાર મંત્રી આલિગને સોંપ્યો હતો.

રાજા કુમારપાલે એક વાર પૂછ્યું કે, 'મંત્રીવર ! એ બતાવો કે, હું સિદ્ધરાજથી ઊતરતો છું કે તેમના સરખો છું કે તેમનાથી ચડિયાતો છું ? હું વચન આપું છું કે, આના ઉત્તરમાં તમે જે કહેશો તે સાંભળીને હું જરાયે ગુસ્સો નહીં કરું. માટે જે વાસ્તવિક હોય તે જ બતાવજો.'

મંત્રી આલિગે જવાબ આપ્યો, 'રાજન્ ! રાજા સિદ્ધરાજમાં ૯૬ ગુણો હતા અને ૨ દોષો હતા; જ્યારે તમારામાં ૨ ગુણો છે અને ૯૬ દોષો છે.' રાજા કુમારપાલે આ ઉત્તર સાંભળીને પોતાને અધમ પુરુષ માની પોતાની આંખ ફોડી નાખવા માટે છરી હાથમાં લીધી, એ જ વખતે મંત્રીએ તરત જ તેમને રોકીને જણાવ્યું, 'મારો જવાબ પૂરો સાંભળ્યા પહેલાં તમે ઉતાવળ કરી રહ્યા છો, સાંભળો– સિદ્ધરાજમાં અસુભટતા અને પરસ્ત્રીલંપટતા એ બે મોટા દોષો હતા, જે તેમના ૯૬ ગુણોને ઢાંકી દેતા; જ્યારે તમારામાં શૂરવીરતા અને પરસ્ત્રીસહોદરતા એ બે મુખ્ય ગુણો તમારા લોભ વગેરે ૯૬ દોષોને ઢાંકી દે છે.'

આ જવાબ સાંભળી રાજા શાંત થયો-સ્વસ્થ બન્યો.

મંત્રી આલિગ સત્યવાદી, મુત્સદ્દી અને ધર્માનુરાગી જૈન હતો.

અભિનવ સિદ્ધરાજના સમયમાં પણ મંત્રી આલિગ હતો, જેનું એક રાજવિજ્ઞપ્તિપત્ર પણ મળે છે. (–લેખપદ્ધતિ, ગા. ઓ. સી. નં. ૧૯, પ્રબંધચિંતામણિ, ઉપદેશસાર, ઉપ. ૪૮)

શેઠ આભડ વસાહ (સં. ૧૧૭૦ થી ૧૨૫૭) :

પાટણના **કોટિધ્વજ** શેઠ નાગ **શ્રીમાલી**ની પત્ની સુંદરીને **આભડ** નામે પુત્ર હતો. તે દશ વર્ષનો થયો તે દરમિયાન તેનાં માબાપ મરણ પામ્યાં અને ધન પણ નાશ પામ્યું. તે એક કંસારાને ત્યાં ઘૂઘરા ઘસતો હતો અને રોજ વિંશોપક કમાતો હતો. તે જવ ખાતો હતો. બીજી રીતે તે બુદ્ધિશાળી અને ચતુર હતો. તેણે રત્નપરીક્ષાનો અભ્યાસ કર્યો અને ઝવેરીઓને ત્યાં અનુભવ મેળવીને રત્નોનો પારખુ બની ગયો.

તેણે એકવાર ક.સ. **આ૦ શ્રીહેમચંદ્રસૂરિ** પાસે જઈને ૭૦૦ સોનામહોરોના પરિગ્રહ પરિમાણનું **વ્રત** દેવા આચાર્યશ્રીને વિનંતિ કરી. આચાર્યશ્રીએ તેના હાથની રેખાઓ જોઈ તેને ખૂબ સમજાવીને આખરે ત્રણ લાખ સોનામહોરના પરિમાણનો નિયમ કરાવ્યો.

તે મા-બાપની હયાતીમા જ નાની ઉંમરે લાછલદેને પરણ્યો હતો. તેને ચૌદ વર્ષની ઉંમરે પુત્ર થયો. સ્ત્રી નાની ઉંમરની હોવાથી પુત્રને દૂધ ઓછું મળતું હોય તેણે બકરી ખરીદી લાવવાનો વિચાર કર્યો. તે ગામ બહાર ભરવાડ પાસે ગયો. ત્યાં બકરીના ટોળામાં એક બકરીના ગળે લીલો પથ્થર બાંધ્યો હતો. મણિના પારખુ આભડે તે પથ્થર જોઈને બકરી ખરીદી લીધી. એ પથ્થર **નીલમણિ** હતો. તેના પાસા પડાવી રાજા **સિદ્ધરાજ**ને તે મણિ વેચી દીધો. રાજાએ તે મણિ પોતાના મુકુટમાં જડવા માટે લાખ સોનૈયા આપીને ખરીદી લીધો.

આભડે આ દ્રવ્યથી વેપાર ખેડવા માંડ્યો. તેણે એક દિવસે વહાણમાં આવેલી મજીઠની ગુણો ખરીદી લીધી. તેમાં કેટલીક ગુણોમાં વહાણવટીઓએ ચાંચિયાની બીકથી સોનાની લગડીઓ સંતાડી રાખી હતી તે શેઠ આભડને તેના નસીબે પ્રાપ્ત થઈ. આ રીતે આભડ થોડા સમયમાં જ **કરોડપતિ** બની ગયો. તેને તો માત્ર ત્રણ લાખનો નિયમ હતો, એટલે તેણે ખુલ્લે હાથે ધન વાપરવા માંડ્યું.

તેણે ૨૪ વર્તમાન ચોવીશીના **દેરાસર** બંધાવ્યાં. ઘણા દેરાસરોના **જીર્ણોદ્ધારો** કરાવ્યા. ૮૪ **પોષાળો** બંધાવી. સાત ક્ષેત્રોમાં ૯૦ લાખ સોના-મહોરો વાપરી. દેવભક્તિ, ગુરુભક્તિ અને સાધર્મિકભક્તિના લાભો લીધા. સં. ૧૨૨૮માં પાટણમાં તેના ઉપાશ્રયમાં રાજગચ્છના આ૦ **ચંદ્રસૂરિએ** 'નિરયાવલિયાસુત્ત'ની ટીકા રચી.

તે પૂર્ણતલ્લગચ્છનો શ્રાવક હતો. ક.સ.આ૦ શ્રીહેમચંદ્રસૂરિનો ભક્ત હતો. રાજા કુમારપાલનો પ્રીતિપાત્ર હતો. રાજાએ નિરાધાર શ્રાવકોને સહાય કરવાની પ્રતિજ્ઞા લીધી હતી એ મુજબ તેને એ ખાતાનો ઉપરી બનાવ્યો હતો અને આજ્ઞા કરી હતી કે, 'તારે નિરાધાર કુટુંબદીઠ ૧૦૦ સોનામહોર આપવી. આ રીતે સાલભરમાં જે રકમ અપાય તે રાજ્યના ખજાનામાંથી લઈ લેવી.' આભડે પહેલી સાલ જૈનોને કરોડ સોનૈયાની મદદ કરી અને રાજાને જણાવ્યું કે, 'વેપારી પણ રાજાનો જ ખજાનો છે માટે આ દાનનો લાભ મને લેવા દો.' રાજાએ જવાબ આપ્યો કે, 'શું તારે મને લોભી બનવાની આદત પાડવી છે ?' રાજાએ તરત જ ખજાનામાંથી કરોડ સોનૈયા મંગાવીને શેઠ આભડને અર્પણ કર્યા.

એક રાતે આ૦ હેમચંદ્રસૂરિ પાસે રાજા કુમારપાલ, શેઠ **આભડ**, મંત્રી કપર્દિ વગેરે બેઠા હતા. ભવિષ્યમાં ગુજરાતનો રાજા કોણ એ વિશે ચર્ચા ચાલી. આચાર્યશ્રી તો સ્પષ્ટ રીતે માનતા હતા કે, અજયપાલ રાજા તરીકે લાયક નથી. તે ધર્મસ્થાનોનો નાશ કરશે અને આવા વિશાળ રાજ્યને સાચવી નહીં શકે. રાજા બનાવવાને લાયક તો રાજપૌત્ર પ્રતાપમલ્લ જ છે. રાજા કુમારપાલ પણ પ્રતાપમલ્લને જ રાજા બનાવવાને ઇચ્છતો હતો; પરંતુ શેઠ **આભડે** જણાવ્યું કે, 'બધીય વાત સાચી છે પણ જેવો તેવોય પોતાનો જ સારો, એટલે અજયપાલને જ રાજા બનાવવો જોઈએ.'

સં. ૧૨૨૯માં આચાર્યશ્રી સ્વર્ગે ગયા. રાજા કુમારપાલ પણ મરણ પામ્યો અને **અજયપાલ** ગુજરાતનો રાજા બન્યો. તે કુનૃપતિ હતો. તેણે ગાદીએ આવતાં જ કુમારપાલે બનાવેલાં પાટણનાં તથા આસપાસનાં જૈન દેરાસરો તોડી નંખાવ્યાં. આ૦ રામચંદ્ર, મંત્રી કપર્દિ, મંત્રી વાહડ વગેરેને મારી નંખાવ્યા.

શેઠ આભડે આવું ધાર્યું નહોતું પણ તે રાજાની આવી ઉગ્રતા જોઈને મૌનપણે બેસી રહ્યો.

હવે અજયપાલે દૂરનાં **તારંગા** તીર્થ વગેરે સ્થળનાં જૈન દેરાસરો તોડવાનો વિચાર કર્યો. શેઠ આભડે રાજાના કોપમાંથી આવા મંદિરો બચાવવા યુક્તિથી કામ લીધું. રાજાના પ્રીતિપાત્ર **શીલણ ભાંડ**ને ખૂબ દ્રવ્ય આપીને બાકીનાં દેરાસરો બચી જાય એ માટે તૈયાર કર્યો.

શીલણે એક યુક્તિ રચી. તેણે એક સાંઠીનો પ્રાસાદ બંધાવ્યો. તેને ધોળાવ્યો, ચીતરાવ્યો. પછી રાજા અજયપાલને પોતાના ઘરે પધરાવી તેમના હાથમાં તેના પાંચ પુત્રો તથા આ પ્રાસાદ ભળાવ્યા અને બે હાથ જોડી વિનતિ કરી કે, 'મહારાજ ! મારે પુત્રો છે. તેમના માટે બધી વ્યવસ્થા છે. હું હવે વૃદ્ધ થયો છું, આથી હું તીર્થયાત્રાએ જવાની ઇચ્છા રાખું છું, તો મને આજ્ઞા આપો કે હું મારા જીવનનું કલ્યાણ કરું.'

તે રાજાની આજ્ઞા લઈ સૌની પાસેથી વિદાય માગીને એક દિશા તરફ ચાલવા લાગ્યો. શીલણ થોડું આગળ ગયો કે તરત જ તેના પાંચ પુત્રોએ ડાંગ મારીને આ પ્રાસાદને તોડી નાખી જમીનદોસ્ત બનાવ્યો. શીલણ આ ધડાધડના અવાજો સાંભળી પાછો આવ્યો અને પુત્રોને ઉદ્દેશીને તિરસ્કારથી બોલવા લાગ્યો : 'રે અભાગિયાઓ ! આ કુનૃપ છે છતાં સારો છે, કેમકે તેણે પોતાના પિતાના મરણ પછી તેનાં ધર્મસ્થાનો પાડી નાખ્યાં જ્યારે તમે કુપુત્રો તો તેનાથીયે વધુ અધમ છો, કેમ કે તમે તો હું સો ડગ ભરું એટલીયે રાહ જોઈ નહીં.'

આ સાંભળીને રાજા શરમાઈ ગયો. તેણે દેરાસરો તોડવાનું કામ સર્વથા બંધ રાખ્યું. એટલે બાકીનાં દેરાસરો બચી ગયાં. જૈનોએ આ સમયે જૈન ગ્રંથોને બચાવવા જેસલમેર જેવા સુરક્ષિત પ્રદેશમાં મોકલી આપ્યા.

એક વાર આભડ શેઠે એક નાલાયક મહેતાને કાઢી મૂક્યો, તેણે રાજા **ભીમદેવ** (સં. ૧૨૩૫થી ૧૨૯૮)ના કાન ભંભેર્યા. રાજાએ શેઠને ભૂલમાં ફસાવી પૈસો કઢાવવાની યુક્તિ શોધી કાઢી. તેણે એક દાસી સાથે શેઠને ઘરે માંસનો થાળ મોકલ્યો. શેઠ જિનપૂજામાં બેઠા હતા. આથી તેની પુત્રી **ચાંપલદે**એ દાસીનો સત્કાર કર્યો અને દાસીએ ચાંપલદેને થાળ અર્પણ કરીને કહ્યું : 'ઉત્સવ ચાલે છે તેથી રાજાએ તમારા ગૌરવ માટે આ પ્રસાદ મોકલાવ્યો છે.' શેઠપુત્રીએ થાળને માનપૂર્વક લીધો અને ઉપરનો રૂમાલ ઉઘાડીને જ્યારે તેણે જોયું કે તરત જ તે સમજી ગઈ કે નાલાયક મહેતાનું આ કરતૂત લાગે છે. તેણે અગમચેતી વાપરીને પ્રસાદને બીજા થાળમાં લઈ લીધો અને થાળને મોતીએ વધાવી પાછો આપ્યો. રાજા માટે સવા લાખનો હાર મોકલ્યો, અને દાસીને કંઠો પહેરાવી ખુશ કરી રવાના કરી. દાસી તો ખુશી ખુશી થઈ ચાલી ગઈ.

ચાંપલદેએ ભોજન કર્યા બાદ પોતાના પિતાજીને આ વૃત્તાંત જણાવ્યો અને સાથોસાથ જણાવ્યું કે, ''પિતાજી ! તમારા મહેતાની ભંભેરણીથી રાજા તમને

લૂંટવા ઇચ્છે છે. હવે તે આપણું બધું ધન લઈ લેશે તો પહેલેથી આપણે ઉપાય કરવો જોઈએ. તમે એક કામ કરો કે, રાજાને આપણી દોલતની નોંધ બતાવીને કહો કે, 'હે નાથ ! તમારી મરજી હોય તો આ દોલત લઈ લો.' શેઠે એ પ્રમાણે કર્યું. રાજા તો આ નોંધ જોઈને સાશ્ચર્ય લજ્જિત બની ગયો; બીજી રીતે તેને આવા મનપારખુ માનવી માટે આનંદ પણ થયો.

રાજાએ તેના ભંડારીને કહ્યું : 'રે મૂર્ખ ! વિધાતા જેને ધન આપે છે તેને તેના રક્ષણની બુદ્ધિ પણ આપે છે. તો તારે શેઠની ઈર્ષા ન કરવી જોઈએ. ઠીક, જે થયું તે થયું, પણ હવે શેઠના પગમાં પડીને માફી માગી લે.'

મહેતાએ શેઠની માફી માગી અને રાજાએ તેમની એક કોડી પણ લીધી નહીં.

શેઠનાં અનેક સુકૃતો ચાલુ હતાં. તેમના તરફથી **દાનશાળા** ચાલુ હતી. તે ગુરુઓને એક ઘડા જેટલું ઘી રોજ વહોરાવતો હતો. સાધર્મિક વાત્સલ્ય, સંઘપૂજા, જીર્ણોદ્ધાર, ગ્રંથભંડાર અને પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવતો હતો.

શેઠે સં. ૧૨૫૭માં પાટણની પ્રત્યેક પોષાળમાં રહેલા આચાર્યોની ભક્તિ ઘણું **ધન** ખરચીને કરી હતી.

આ રીતે તે શેઠ નીરોગી, સુખી અને લાંબુ આયુષ્ય ભોગવી **સમાધિપૂર્વક** મરણ પામ્યો. તેણે કુલ ૧૦,૮૦,૦૦,૦૦૦ દ્રવ્યનું દાન કર્યું હતું.

શેઠના આસપાલ વગેરે પાંચ **પુત્રો** હતા. શેઠે તેઓના માટે ઘરના ચારે ખુણામાં ચાર **ચરુ** દાટ્યા હતા પણ તે બધા નિર્ભાગી હતા તેથી તે ચરુઓ તેઓને મળ્યા નહીં.

શેઠના બે પુત્રોનો પરિવાર તો રાજા અજયપાલના દબાવથી અજૈન બની ગયો હતો.

પુત્રી **ચાંપલદે** સારી ધર્મારાધન કરી સ્વર્ગે ગઈ. (જૂઓ, પ્રક. ૪૧ પૃ. ૫૧૭)

શેઠ આભડે પાંચ સોલંકી રાજાઓનો રાજકાળ જોયો હતો એટલે નક્કી થાય છે કે, સં. ૧૧૭૦ થી ૧૨૫૮ સુધી તે વિદ્યમાન હતો.

(પ્રબંધચિંતામણિ, પ્રબંધકોશ - પ્રબંધ ૨૩મો, પુરાતન પ્રબંધસંગ્રહ, ઉપદેશતરંગિણી, શતપદીપદ ૧૦૫મું)

કવિ શ્રીપાલનો કવિવંશ :

સન્મર્યાદો ગભીરો ધનરસનિચિતઃ સાધુપાઠીનહેતુ-
ર્નિત્યં લક્ષ્મ્યા નિવાસઃ કુલધરનિલયઃ સદ્વસુસ્થાનમુદ્યૈઃ ।
કુલ્યાધારો ગરિયાન્ પ્રચુરતરલસત્કોટિપાત્રોપશોભી
વંશઃ પ્રાગ્વાટપુંસાં ક્ષિતિતલવિદિતો વર્તતે સિન્ધુકલ્પઃ ॥

(૧) **લક્ષ્મણ** – તે પાટણનો પોરવાડ હતો. તેણે ગૂજરાતને કવિવંશ આપ્યો છે. પ્રજ્ઞાપ્રકર્ષઃ પ્રાग्वाटे એ કહેવતને ચરિતાર્થ કરી બતાવી છે. તેને (૧) શ્રીપાલ અને (૨) શોભિત એમ બે પુત્રો હતા. **શોભિત**ની પત્નીનું નામ શાન્તા હતું. તેણે **આશૂક નામ**ના પુત્રને જન્મ આપ્યો, જે ગૂજરાતના મહામાત્યની પદવીને વર્યો હતો.

(૨) **કવિ શ્રીપાલ** – તે પ્રજ્ઞાચક્ષુ (અંધ) હતો, પણ ઉદ્‌ભટ કવિ અને વિદ્વાન હતો. રાજા સિદ્ધરાજ તેને પોતાનો બાલમિત્ર અને બંધુ માનતો હતો. કપરો પ્રસંગ આવી પડતાં તે કવિ શ્રીપાલને પૂછતો હતો અને કવિશ્રી પણ રાજાના મનોગતભાવને બંધબેસતું કાવ્ય વિના વિલંબે રજૂ કરતો હતો. આથી રાજાએ તેને 'બાલસખા' અને 'કવિચક્રવર્તી'ના બિરુદો આપ્યાં હતાં અને પોતાની પંડિતસભાનો મોવડી બનાવ્યો હતો. વસ્તુતઃ કવિ શ્રીપાલ ષટ્‌ભાષા કવિચક્રવર્તી હતો.[૧]

કવિચક્રવર્તીના બિરુદ વિશે એવી હકીકત જાણવા મળે છે કે, એક વાર સિદ્ધરાજે પોતાની પંડિતસભાના સમસ્ત વિદ્વાનોને એક પ્રાસંગિક પ્રબંધકાવ્ય રચવાને જણાવ્યું ત્યારે કોઈ વિદ્વાને તે માટે હામ ન ભીડી જ્યારે કવિ શ્રીપાલે એક જ દિવસમાં વૈરોચનપરાજયમહાપ્રબન્ધ રચ્યો અને રાજાએ પણ આ અદ્‌ભુતકળાથી પ્રસન્ન થઈને તેને 'કવિચક્રવર્તી'નું બિરુદ આપ્યું હતું.

આવી રીતે રાજા સિદ્ધરાજે બીજી વાર એક સમસ્યા પૂરવાથી કવિ શ્રીપાલને પોતાનો સર્વશૃંગાર પણ આપી દીધો હતો. (–ઉપદેશતરંગિણી)

સં. ૧૧૮૧માં પાટણની રાજસભામાં દિગંબરાચાર્ય કુમુદચંદ્ર અને **આ૦ વાદિદેવસૂરિ** વચ્ચે શાસ્ત્રાર્થ થયો, તેમાં કવિશ્રીએ મુખ્ય ભાગ ભજવ્યો હતો. તે આ૦ વાદિદેવસૂરિનો ઉપાસક હતો, ધર્મશિષ્ય હતો. તે જૈન મુનિવરોને પોતાના બંધાવેલા ઉપાશ્રયમાં ઉતારો આપતો હતો. વડગચ્છના આ૦ શ્રીવિજયસિંહ-સૂરિના પટ્ટધર **આ૦ હેમચંદ્રે** તેના ઉપાશ્રયમાં રહીને 'નાભેયનેમિદ્વિસંધાનકાવ્ય' રચ્યું હતું અને તેનું સંશોધન કવિ શ્રીપાલે જ કર્યું હતું.

---

૧. (અ) एकाहनिष्पन्नमहाप्रबन्धः श्रीसिद्धराजप्रतिपन्नबन्धुः ।
श्रीपालनामा कविचक्रवर्ती प्रशस्तिमेतामकरोत् प्रशस्ताम् ॥
(–રાજા કુમારપાલે સં. ૧૨૦૮ના આસો સુદિ ૨ ગુરુવારે બંધાવેલા વડનગરના કિલ્લાની પ્રશસ્તિ)

(આ) श्रीसिद्धाधिपतिः कवीन्द्र इति च भ्रातेति च व्याहरत् ॥
(આ૦ સોમપ્રભસૂરિએ સં. ૧૨૪૧માં રચેલો કુમારપાલપડિબોહો)

(ઇ) एकाहनिष्पन्न.....सुधीरिमं शोधितबान् प्रबन्धम् ॥
(આ૦ હેમચંદ્રસૂરિકૃત નાભેયનેમિદ્વિસંધાનકાવ્ય)

ભાગવતાચાર્ય દેવબોધિ સિદ્ધ સારસ્વત વિદ્વાન હતો, પણ તે વ્યવહારમાર્ગથી વિરુદ્ધ વર્તન ચલાવતો હતો. તે અને કવિ શ્રીપાલ વચ્ચે સદાચારને ઉદ્દેશીને ઝગડો પડ્યો હતો, પણ કલિકાલસર્વજ્ઞ આ૦ હેમચંદ્રસૂરિએ સં. ૧૧૮૪માં તે બંને વચ્ચેનો ઝગડો દૂર કરાવી મૈત્રી કરાવી દીધી હતી.

(જૂઓ, પ્રક. ૪૧, પૃ. ૪૭૫-૪૭૬)

કવિ શ્રીપાલે રચેલા ગ્રંથો આ પ્રકારે જાણવા મળે છે–

(૧) વૈરોચનપરાજયમહાપ્રબંધ.

(૨) વડનગરદુર્ગપ્રશસ્તિ, શ્લો. ૨૯, સં. ૧૨૦૮ આસો સુદિ ૨ ને ગુરુવાર.

(૩) સહસ્રલિંગસરઃપ્રશસ્તિ. (આ તળાવનાં બીજાં નામો–દુર્લભસાગર સરોવર અને નેમિરાજ સરોવર હતાં એમ પણ જાણવા મળે છે.)

(૪) રુદ્રમાલપ્રશસ્તિ.

(૫) યમકમય ચતુર્વિંશતિ જિનસ્તુતિ, શ્લો. ૨૯.

(૬) શતાર્થીકાવ્ય, શ્લો. ૧.

(૭) નાભેયનેમિદ્વિસંધાનકાવ્યનું તેમણે સંશોધન કર્યું હતું.

કવિ શ્રીપાલનું મૂળ શતાર્થીકાવ્ય આ પ્રકારે છે–

भूभारोद्धरणो रसातलगमः स्वर्गेऽद्य शोभावनः
सारद्योगपरः प्रभावसविता सत्त्यागवेष्टोदितः ।
व्यापन्नोर – सिद्धराजवसुधा मद्द्व्यक्षरामेवली
सन्नागः सहरीरसाहितमहो राज्याय साधूरतः ॥

કવિએ ત્રણ અનેકાર્થ રચનાઓ જોઈ પ્રેરણા પામી આ શતાર્થી કાવ્ય બનાવ્યું છે. આમાં સિદ્ધરાજ વગેરે ૧૦૦ જણ સાથે ૧૦૦ અર્થ ઘટાવ્યા છે, જે સોનો ક્રમ નીચે મુજબ છે –

૧. **સિદ્ધરાજ,** ૨. સ્વર્ગ, ૩. શિવ, ૪. બ્રહ્મા, ૫. વિષ્ણુ, ૬. ભવનપતિ, ૭. કાર્તિકેય, ૮. ગણેશ, ૯. ઈન્દ્ર, ૧૦. વૈશ્વાનર, ૧૧. ધર્મરાજ, ૧૨. નૈર્ઋત, ૧૩. વરુણદેવ, ૧૪. ઉપવન, ૧૫. કુબેર, ૧૬. વશિષ્ઠ, ૧૭. નારદ, ૧૮. કલ્પવૃક્ષ, ૧૯. ગંધર્વ, ૨૦. દિવ્યભ્રમર, ૨૧. દેવાશ્વ, ૨૨. ગરુડ, ૨૩. હર-સમર, ૨૪. **જિનવરેંદ્ર,** ૨૫. બુદ્ધ, ૨૬. **પરમાત્મા,** ૨૭. સાંખ્યપુરુષ, ૨૮. દેવ, ૨૯. લોકાયત-પુરુષ, ૩૦. ગગનમાર્ગ, ૩૧. સૂર્યગ્રહ, ૩૨. ચંદ્ર, ૩૩. અંગારક, ૩૪. બુધ, ૩૫. ગુરુ, ૩૬. શુક્ર, ૩૭. શનિ, ૩૮. વરુણગ્રહ, ૩૯. રેવંત, ૪૦. મેઘ, ૪૧. ધર્મ, ૪૨. સૂર્યદેવ, ૪૩. કામદેવ, ૪૪. મેરુ, ૪૫. કૈલાસ, ૪૬. હિમાલય, ૪૭. મંદરાચલ, ૪૮. ભૂભાર, ૪૯. સમુદ્ર, ૫૦. પરશુરામ, ૫૧. રામ, ૫૨. બલભદ્ર, ૫૩. હનુમાન, ૫૪. પથિ-પાર્થિવ, ૫૫. યુધિષ્ઠિર, ૫૬. ભીમ, ૫૭. અર્જુન, ૫૮. કર્ણ, ૫૯. રસ, ૬૦. રસસિદ્ધ,

૬૧. રસોત્સવ, ૬૨. અવધૂતયોગી, ૬૩. પાશુપતાચાર્ય, ૬૪. બ્રાહ્મણ, ૬૫. કવિ, ૬૬. અમાત્ય, ૬૭. નૌ-દંડાધ્યક્ષ વિજ્ઞપ્તિકા, ૬૮. દૂતવાક્ય, ૬૯. વર્ષરક, ૭૦. વીરપુરુષ, ૭૧. નૃપરાજ, ૭૨. નૃપતુરંગ, ૭૩. વૃષભ, ૭૪. હાથી, ૭૫. જલાશય, ૭૬. દેડકો, ૭૭. આરામ, ૭૮. સિંહ, ૭૯. સદ્વૃક્ષ, ૮૦. સાર્થવાહ, ૮૧. સાંયાત્રિક, ૮૨. સત્પુરુષ, ૮૩. વેશ્યાપતિ, ૮૪. શરદ્સમય, ૮૫. સિદ્ધરાજયુદ્ધ, ૮૬. પ્રતિપક્ષ, ૮૭. વરણાયુધ, ૮૮. ચોર, ૮૯. જાર, ૯૦. દુર્જન, ૯૧. શબર, ૯૨. રસાતલગામી, ૯૩. લૂકમગાધિપ, ૯૪. મહાવરાહ, ૯૫. શેષ, ૯૬. વાસુકિ, ૯૭. કનકચૂલા, ૯૮. બલિદૈત્ય, ૯૯. દિગ્ગજ, ૧૦૦. **સારસ્વત મંત્ર.**

કવિ શ્રીપાલે આ શતાર્થીના આદિ મંગલમાં સિદ્ધરાજ અને અંતિમ મંગલમાં સારસ્વત મંત્રને ગોઠવી આસ્તિકતા વ્યક્ત કરી છે અને અંતિમ પ્રશસ્તિમાં પોતાને કવિરાજ, કવિચક્રવર્તી તથા એક દિવસમાં પ્રબંધના રચયિતા તરીકેનો પરિચય કરાવ્યો છે. (–જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૧૩૧)

આ રીતે કવિ શ્રીપાલ સિદ્ધરાજ જયસિંહની સભાનો અજોડ વિદ્વાન હતો. એવો ઉલ્લેખ મળે છે કે, સં. ૧૨૨૬માં મહારાજા કુમારપાલે શત્રુંજયનો સંઘ કાઢ્યો ત્યારે તેમાં આ કવિ સાથે હતો. આ ઉપરથી તે દીર્ઘાયુષી હતો એમ જણાય છે. તેનો કવિત્વકાળ સં. ૧૧૫૦ થી ૧૨૧૦ સુધીનો મનાય.

(૩) **કવિ સિદ્ધપાલ** – તે કવિ શ્રીપાલનો પુત્ર હતો. તે પણ મહાકવિ હતો. રાજા કુમારપાલનો પ્રીતિપાત્ર અને વિશ્વાસુ મિત્ર હતો. ક્યારેક ક્યારેક રાજાને શાંતરસ તથા વૈરાગ્યરસની વાતો સંભળાવતો હતો એમ 'કુમારપાલ-પડિબોહો'માં એવું એક વ્યાખ્યાન મળે છે. 'સુમતિનાહચરિયં'માં ઉલ્લેખ છે કે, રાજા તેને કવિમંડલીનો મસ્તકમણિ માનતો હતો. રાજાએ તેની જ ભલામણથી મંત્રી આંબડ શ્રીમાલીને સૌરાષ્ટ્રનો દંડનાયક નીમ્યો હતો. તે સં. ૧૨૨૬માં રાજા કુમારપાલે કાઢેલા શત્રુંજય સંઘમાં પણ સાથે હતો.

એકવાર રાજા કુમારપાલે સાધર્મિકની ભક્તિમાં દ્રવ્ય આપ્યું. કવિ **સિદ્ધપાલ** તે પ્રસંગે બોલ્યો –

क्षिप्त्वा वारिनिधिस्तले मणिगणं रत्नोत्करं रोहणो
रेण्वावृत्य सुवर्णमात्मनि दृढं बध्वा सुवर्णाचलः ।
क्षमामध्ये च धनं निधाय धनदो बिभ्यत् परेभ्यः स्थितः ।
किं स्यात् तैः कृपणैः समोऽयमखिलार्थिभ्यः स्वमर्थं ददन् ॥

– બીજાથી ડરીને સમુદ્ર મણિઓને પોતાના તળિયે છુપાવે છે, રોહણાચલ રત્નોને ધૂળ સાથે સેળભેળ કરીને રાખે છે, મેરુ પોતાની સાથે સોનાને દ્રઢપણે

બાંધી રાખે છે, કુબેર ધનને જમીનમાં દાટી રાખે છે. હે રાજન્ ! તું તો **દાનવીર** છે, તો તને એ કંજુસોની ઉપમા કેમ અપાય ?

પૂર્વં વીરજિનેશ્વરે ભગવતિ પ્રખ્યાતિ ધર્મં સ્વયં
પ્રજ્ઞાવત્યભયેઽપિ મન્ત્રિણિ ન યાં કર્તું ક્ષમઃ શ્રેણિકઃ ।
અક્લેશેન કુમારપાલનૃપતિસ્તાં જીવરક્ષાં વ્યધાદ્
યસ્યાસાધ્યવચઃ સુધાંશુપરમઃશ્રીહેમચન્દ્રો ગુરુઃ ॥

– ભગવાન મહાવીર જેવા ગુરુદેવ હતા, અભયકુમાર જેવો મંત્રી હતો છતાં રાજા શ્રેણિક જે જીવરક્ષા ન કરી શક્યો તે જીવરક્ષા આ૦ શ્રીહેમચંદ્રસૂરિ જેવા જેના પરમગુરુ છે એવા કુમારપાલ રાજાએ આચાર્યશ્રીની વાણી સાંભળીને તે સરળતાથી કરી.

આ બીજું કાવ્ય-પદ્ય **પં૦ શ્રીધર**ની ઉક્તિ મનાય છે.

રાજાએ આ કાવ્યોના બદલામાં લાખ લાખ દ્રમ્મ આપ્યા.

(–પ્રબંધકોશ, પ્રબંધ ૧૦ મો)

તે કવિ સિદ્ધપાલ પોતાના ઘર-ઉપાશ્રયમાં જૈન મુનિવરોને પધરાવતો હતો. આ૦ **સોમપ્રભસૂરિ**એ સં. ૧૨૪૧માં સિદ્ધપાલ કવિની વ્યવસ્થાવાળા ઉપાશ્રયમાં રહીને જ 'કુમારપાલપડિબોહો'ની રચના કરી હતી.

(જૂઓ, પ્રક. ૪૩, પૃ. ૫૫૯)

આ કવિરાજ રાજા સિદ્ધરાજ, કુમારપાલ, અજયપાલ અને બાલ મૂળરાજની સભાનો માન્ય વિદ્વાન હતો એટલે તેનો સમય સં. ૧૧૮૦થી સં. ૧૨૪૫ સુધીનો જણાય છે.

(૪) કવિ વિજયપાલ – તે કવિ સિદ્ધપાલનો પુત્ર હતો. તેણે સંસ્કૃતમાં 'દ્રૌપદીસ્વયંવરનાટક' અંક : ૨ રચ્યું છે. રાજા ભીમદેવ (બીજા)ના રાજકાળમાં તેની આજ્ઞાથી વસંતોત્સવમાં ત્રિપુરુષદેવની સામે ભજવાયું હતું, જે સાંભળીને પાટણની જનતા ખૂબ ખુશ થઈ હતી.

(–પ્રભાવકચરિત્ર, પ્રબંધચિંતામણિ, ઉપદેશતરંગિણી, કુમારપાલ-પડિબોહો, સુમતિનાહચરિય, પ્રશસ્તિઓ અને અર્બુદાચલ પ્રાચીન જૈનલેખસંદોહ, લેખાંક : ૨૦૭).

મંત્રી આશુક પોરવાડ :

આબૂ ઉપર વિમલવસહીની હસ્તિશાલા પાસેના સભામંડપના એક સ્તંભની પાછળ એક નાનો પથ્થર ઊભો છે. તેમાં એક તરફ **શોભિત**, તેની પત્ની **શાંતા** અને પુત્ર **આશુક**ની મૂર્તિ કોતરેલી છે. બીજી તરફ શોભિતની ઘોડેસવાર મૂર્તિ કોતરેલી છે. તેની નીચે આ પ્રકારે લેખ કોતરેલો છે–

"प्राग्वाटान्वयवंशमौक्तिकमणेः श्रीलक्ष्मणस्यात्मजः ।
श्रीश्रीपालकवीन्द्रबन्धुरमलप्रज्ञालतामण्डपः ।
श्रीनाभेयजिनाङ्घ्रिपद्ममधुपः त्यागाद्भुतैः शोभितः
श्रीमान् शोभित एष पुण्यविभवैः स्वर्लोकमासेदिवान् ॥
चित्तोत्कीर्णगुणः समग्रजगतः श्रीशोभितः स्तम्भको–
त्कीर्णः शान्तिकया समं यदि तया लक्ष्म्येव दामोदरः ।
पुत्रेणाशुकसंज्ञकेन च धृतप्रद्युम्नरूपश्रिया
सार्धं नन्दतु यावदस्ति वसुधा पाथोधिमुद्राङ्किता ॥

સ્પષ્ટ છે કે, પાટણના શેઠ **લક્ષ્મણ** પોરવાડને બે પુત્રો હતા. (૧) કવીન્દ્ર શ્રીપાલ, (૨) શોભિત. શેઠ શોભિત અહીં પુણ્ય બાંધીને મરણ પામ્યો. આ સ્તંભ તેની યાદગીરીમાં ઊભો કરવામાં આવ્યો છે. આ સ્તંભમાં શ્રીમાન્ શોભિત, શ્રીમતી શાંતિ અને તેનો કૃપાળો પુત્ર આશુક છે.

આશુક સિદ્ધરાજનો **મહામાત્ય** બન્યો. તેની વિનતિથી આ૦ **મુનિચંદ્રસૂરિ**એ સં. ૧૧૭૪માં તેમના શિષ્ય **વાદિદેવસૂરિ**ને આચાર્યપદ આપ્યું હતું. રાજા **સિદ્ધરાજે** સં. ૧૧૮૧માં દિગંબરાચાર્ય કુમુદચંદ્રને વાદમાં જીતવા માટે આ૦ વાદિદેવસૂરિને **વિજયપત્ર** લખી આપ્યું અને મોટી રકમનું ભેટણું કર્યું પરંતુ જૈનોના સિદ્ધાંત મુજબ તે આચાર્યશ્રીએ ધન લીધું નહીં ત્યારે રાજાએ મંત્રી આશુકને એ રકમથી જિનાલય બંધાવવાની આજ્ઞા કરી હતી. મંત્રીએ એ રકમમાં પોતાના તરફથી બીજી વધુ રકમ ઉમેરી ભ૦ ઋષભદેવનું દેરાસર તૈયાર કરાવ્યું અને રાજાએ સં. ૧૧૮૩ના વૈશાખ સુદિ ૧૨ના દિવસે આ૦ વાદિદેવસૂરિ વગેરે ચાર ગચ્છના આચાર્યો પાસે તેની પ્રતિષ્ઠા કરાવી.

રાજા સિદ્ધરાજે સં. ૧૧૮૫માં પુત્રકામનાથી પગપાળા સોમનાથની યાત્રા કરી ારે તેણે ગિરનારમાં દંડનાયક સજ્જને તૈયાર કરાવેલા ભ૦ નેમિનાથના પૃથ્વીજયપ્રાસાદનો ખર્ચ રાજ્યના ખજાનામાંથી આપ્યો. પૂજા માટે ૧૨ ગામોનું શાસન આપ્યું અને શત્રુંજય તીર્થમાં પ્રભુની યાત્રા કરી પૂજા માટે ૧૨ ગામો આપ્યાં હતાં. આ કામ **મહામાત્ય આશુક**ની સલાહથી કર્યાં હતાં.

વનરાજ ચાવડાને પણ **આશુક** નામે મોઢ મંત્રી હતો. (પ્રક. ૨૧, પૃ. ૪૧૩)

(–પ્રભાવકચરિત્ર, પ્ર. ૨૧, ૨૨; ધર્માભ્યુદય-સંઘપતિચરિત્ર, વસંતવિલાસ, અર્બુદ પ્રાચીનલેખસંદોહ, લેખાંક : ૨૦૭)

સં. ૧૧૭૯માં પાટણમાં રાજા જયસિંહદેવના રાજ્યમાં મહામાત્ય આશુકના સમયે પ્રાંતીજના પ્રદ્યુમ્ન જૈન તથા ગોઠીઓએ અર્જિકા **મરુદેવીગણિની** તથા ચેલ્લિકા વાલમતી ગણિનીને ભણવા માટે યક્ષદેવ પાસે તાડપત્ર ઉપર 'ઉત્તર-જ્ઝયણ' લખાવ્યું, તે પ્રતિ પાટણમાં છે. (–જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્ર. ૨૫)

सन्मर्यादो गभीरो धनरसनिचितः साधुपाठीनहेतु–
र्नित्यं लक्ष्म्या निवासः कुलधरनिलयः सद्वसुस्थानमुच्चैः ।
कुल्याधारो गरीयान् प्रचुरतरलसत्कोटिपात्रोपशोभी
वंशः प्राग्वाटपुंसां क्षितितलविदितः वर्तते साधुकल्पः ॥

સં. ૧૧૯૧ના ભાદરવા સુદ ૮ સોમવારે ધવલક્કમાં ખેડાના પં૦ **વામુકે** ગણિની દેવશ્રી માટે 'પુષ્પવતી-કથા' લખી. (જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્ર. ૩૮)

વિમલશાહ (ઘર્કટશ્રીમાલી) –

મંકાનગરમાં શ્રીમાલીવંશનો ઘર્કટગોત્રનો અને થારાપદ્રગચ્છનો શેઠ વજ્જ નામે જૈન રહેતો હતો. તેને બળવાન અને વિમલ દિલવાળો વિમલ નામે પુત્ર હતો. આ વિમલકુમારે સં. ૧૧૨૬ના વૈશાખ વદિ ૧૧ ને શનિવારે પરિકરવાળી જિનપ્રતિમા બનાવી. આ પરિકર આજે જમણપુરના દેરાસરમાં મૂળનાયકની ગાદી નીચે વિદ્યમાન છે. (–જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૧૫, પૃ. ૧૨૨)

શેઠ સજ્જન – તે પાટણનો પોરવાડ હતો. તેણે સં. ૧૧૫૫માં પૂર્ણતલ્લ-ગચ્છના આ૦ દેવચંદ્રસૂરિના ઉપદેશથી શંખેશ્વર તીર્થનો ઉદ્ધાર કરાવ્યો–

पञ्चाशदादौ किल पञ्चयुक्ते एकादशे वर्षशते व्यतीते ।
निवेशितः सज्जनश्रेष्ठिना त्वं वन्दे सदा शङ्खपुरावतंसम् ॥
(શંખેશ્વરતીર્થસ્તોત્ર; પ્રક. ૧, પૃ. ૫૧)

આ શેઠ **સજ્જનને કૃષ્ણ** નામે પુત્ર હતો. શ્રીચંદ્રમુનિએ રાજા મૂળરાજ (સં. ૧૨૩૨થી ૧૨૩૪)ના રાજકાળમાં શેઠ કૃષ્ણના પરિવાર માટે અપભ્રંશ-ભાષાનો 'કથાકોશ' રચ્યો છે. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૩૩)

સેનાપતિ યશોવીર, યુવરાજ કટુકરાજ :

તે નાડોલના રાજા અશ્વરાજ (સં. ૧૧૬૭થી ૧૨૦૦) ચૌહાણનો સેનાપતિ હતો. તેઓ સાંડેરકગચ્છના ઉપાસકો હતા. તેને **બાહડ** નામે પુત્ર હતો અને થલ્લક નામે પૌત્ર હતો. થલ્લક રાજા અશ્વરાજનો કૃપાપાત્ર અને યુવરાજ કટુકનો મિત્ર હતો. મંત્રી યશોવીરે સં. ૧૧૭૨ના માહ વદિ ૧૪ના સેવાડીમાં ભ૦ મહાવીરસ્વામીના દેરાસરમાં એક ગોખ બનાવી તેમાં ભ૦ શાંતિનાથની પ્રતિષ્ઠા કરાવી. યુવરાજ કટુકરાજે સં. ૧૧૭૨ના શિવરાત્રિના દિવસે થલ્લકની પ્રેરણાથી તેની પૂજા માટે દર સાલ ૮ દ્રમ્મનો ખર્ચ બાંધી આપ્યો. તે કટુકરાજ પછી (સં. ૧૨૦૮માં) નાડોલનો રાજા થયો.

(–જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૭૩; પ્રક. ૩૪,
પૃ. ૪૯૨, સેવાડી; પ્રક. ૩૫, પૃ. ૧૨૩)

વાઘૂયનનો મંત્રીવંશ –

૧. **શેઠ વાધૂ** – તે ગલ્લકકુલનો હતો. ગલ્લકકુલ નાગેંદ્રગચ્છનું ઉપાસક હતું. વાધૂએ સંગમખેટક (સંખેડા)માં ભ૦ મહાવીરસ્વામીનું દેરાસર કરાવ્યું અને તેની પૂજા માટે ૧૦૦ હળ જમીન ભેટ આપી, જેમાં ચાર વાડીઓ હતી.

સં. ૧૨૨૬ના બીજા શ્રાવણ સુદિ ૩ ને સોમવારે પાલાઉદ્ર ગામમાં માંડલના જાલ્યોદ્ધારગચ્છના મોઢ પાલ્હણે જાલ્યોદ્ધારગચ્છના આ૦ ગુણભદ્રસૂરિ માટે નંદીસૂત્રની 'દુર્ગપદવ્યાખ્યા' લખી તેમજ સં. ૧૨૨૭માં દંડાજય-પથકના પાલાઉદ્ર ગામમાં તાડપત્ર ઉપર આ૦ શીલાંકસૂરિનું 'મહાપુરિસચરિયં' લખાયું. એ સમયે વાઘૂયન ગૂર્જરેશ્વર કુમારપાલનો મહામાત્ય હતો.

(–જૈન પુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્ર. ૯૦)

૨. **કપર્દી** – તેણે વટેસરમાં ભ૦ આદિનાથનું ચૈત્ય બંધાવ્યું.

૩. **આમ્રદેવ** – તેની પત્નીનું નામ રેણુકા હતું.

૪. **દેવચંદ્ર** – તેની પત્નીનું નામ પદ્મિની હતું. તેને (૧) **આંબડ**, (૨) જહ્લણ, (૩) **આહ્લાદન** અને (૪) પ્રહ્લાદન એમ ચાર પુત્રો હતા. આ ચારે ભાઈઓ રાજ્યના જુદા જુદા ખાતાના મંત્રીઓ હતા.

૫. **આહ્લાદન** – મંત્રી આંબડ સં. ૧૨૯૬માં રાજા ભીમદેવનો મહામાત્ય હતો અને આહ્લાદન દંડનાયક હતો. આંબડ સં. ૧૨૯૬માં મરણ પામ્યો એટલે મંત્રી આહ્લાદન મહામાત્ય બન્યો. મંત્રી આહ્લાદન થરાદમાં રહેતો હતો. તેણે સાચોરમાં વીરચૈત્યમાં ભ૦ ઋષભદેવની તથા થરાદના આદિનાથ ચૈત્યમાં ભ૦ પાર્શ્વનાથ, ભ૦ ચંદ્રપ્રભ, ભ૦ સીમંધરસ્વામી, ભ૦ યુગમંધરસ્વામી, દેવી સરસ્વતી અને અંબાદેવીની મૂર્તિઓ પધરાવી. વટેસર તથા સંખેડામાં જિનમંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો, નવી પ્રતિમાઓ ભરાવી, ફરી પ્રતિષ્ઠા કરાવી. આ૦ વર્ધમાનસૂરિના ઉપદેશથી પાટણના ભ૦ વાસુપૂજ્યના દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. નાગેંદ્રગચ્છના ઉપાશ્રયનો જીર્ણોદ્ધાર કરાવ્યો. વિવિધ ગ્રંથો લખાવ્યા. આ૦ વર્ધમાનસૂરિ પાસે સં. ૧૨૯૯માં વિનંતિ કરીને 'વાસુપૂજ્યચરિત્ર', સર્ગ : ૪ ની રચના કરાવી અને પોતે પણ સંસ્કૃતમાં પાર્શ્વનાથસ્તોત્ર, શ્લોકઃ ૧૦ રચ્યું, જેમાં તેણે જણાવ્યું છે કે, 'आह्लादनमन्त्रिपरमप्रमोद० ।'

(–જૈનસ્તોત્રસંદોહ, ભા. ૨, સ્તોત્ર : ૫૨)

(–વાસુપૂજ્યચરિતપ્રશસ્તિ, મહાપુરિસચરિયપુષ્પિકા,
મંત્રાધિરાજચિંતામણિ, સ્તોત્ર નં. ૫૨; પ્રક. ૩૫, પૃ. ૪)

શેઠ કુબેરદત્ત :

પાટણમાં **કુબેરદત્ત** નામે એક દરિયાઈ વેપારી હતો. તેની પાસે તેના પરિગ્રહની નોંધ મુજબ – ૧૦૦૦ હાથી, ૫૦,૦૦૦ ઘોડા, ૮૦,૦૦૦ ગોકુલ,

૧૦૦૦ રત્ન-હીરા વગેરે ઝવેરાત, ૫૦૦ હળ, ૫૦૦ ગાડી, ૫૦૦ વહાણ, ૫ ઘર, ૫ હાટ, ૨૦૦૦ ધાન્યના કોઠારો, ૬ કરોડ સોનામહોરો, ૬ કરોડ ચાંદી વગેરે દ્રવ્ય હતું.

તેના ઘરમાં રત્નજડિત **જિનચૈત્ય** ઘરદેરાસર હતું, તેમાં ભોંયતળિયે રત્નો જડેલાં હતાં. **જિનપ્રતિમા** પણ ચંદ્રકાંત મણિની હતી.

શેઠ કુબેરદત્તને માતા હતી, પત્ની હતી પણ કંઈ સંતાન નહોતું. એક રાતે તે અચાનક મરણ પામ્યો. એ સમયે અપુત્રિયાનું ધન રાજાને મળે એવો કાયદો હતો. તેથી રાજા **કુમારપાલ** બીજા વેપારીઓના કહેવાથી તેનું ધન લેવા માટે તેના ઘરે આવ્યો. રાજા શેઠના પરિગ્રહની નોંધ વાંચી ખૂબ ખુશ થયો.

પરંતુ શેઠની માતા અને પત્ની એક તો શેઠના મરણથી કલ્પાંત કરતાં જ હતાં તેમાં તેઓનું બધું ધન પણ રાજા લેવા આવ્યો છે એ જાણીને અત્યંત રુદન કરવા લાગ્યાં. રાજા આવી કરુણ સ્થિતિ જોઈને ગળગળો થઈ ગયો. તેણે ત્યાં જ મક્કમ વિચાર કરીને કહ્યુઃ 'આવું ધન લેવું એ તો સ્ત્રીજાતિનું ભયંકર અપમાન છે. મારે આ ધન ન જોઈએ.'

બસ, તે જ દિવસથી તેણે **રુદતીધનનો** જે પટ્ટો હતો તે પાણીમાં નાખ્યો અને ધન મરનારની પત્ની પાસે રહે એવો કાયદો જાહેર કર્યો.

(જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૮૭-૮૮)

શેઠ છિદ્દક (છાડા) વંશાવલી :

તે પાટણનો વીશા પોરવાડ જ્ઞાતિનો જૈન હતો. મોટો વેપારી હતો. ૯૯ લાખ સોનૈયાનો માલિક હતો. તેણે મંત્રી વાહડના દેરાસરના એક ગોખમાં ક.સ.આ૦ હેમચંદ્રસૂરિએ પ્રતિષ્ઠિત કરેલી ભ૦ અજિતનાથની ચમત્કારી પ્રતિમા સ્થાપન કરી હતી. રાજા કુમારપાલને આ પ્રતિમાની માનતા રાખવાથી અજમેરમાં વિજય મળ્યો હતો. શેઠ છાડા સં. ૧૨૧૬-૧૭ના તિહુઅણપાલવિહારના પ્રતિષ્ઠામહોત્સવમાં સામેલ હતો. તેના વંશની **વંશાવલી** આ પ્રકારે મળે છે –

શેઠ છાડાને હાંસીદેવી નામે પુત્રી હતી.

(૧) **શેઠ છાડા,** (૨) કાબો, પત્ની કુદૂ, (૩) સાદો, પત્ની લલતૂ, (૪) દેવો.

(૧) શેઠ છાડા, (૨) કાબો, (૩) રાજડ, પત્ની ગોમતી, (૪) ખીમસિંહ, પત્ની ધનાઈ, (૫) દેતો, પત્ની કનકાઈ, (૬) સોનપાલ, અમીપાલ, **પૂરી,** જાસુ, બાસુ. પૂરીએ દીક્ષા લીધી, તેનું નામ સાધ્વી **શ્રીસાધુલબ્ધિ** પાડવામાં આવ્યું હતું.

(૫) ખીમસિંહ, બીજો પુત્ર નોતો, પત્ની લાલી.

(૬) પૂનપાલ. પૂનાનો નાનો ભાઈ **ઈશ્વર,** પત્ની જીવિણી, બેન મલ્હાઈ, (૬) હેમરાજ; ઘરણ.

(૪) ખીમસિંહ, નાનો ભાઈ **સહસા**, પત્ની વારુ. (૫) સમધર, પત્ની વાધૂ.

શેઠ છાડાના વંશમાં સોળમી સદીમાં **સં૦ ખીમો, સં૦ સહસા** એમ બે ભાઈઓ થયા, તેઓ તપાગચ્છના આ૦ **લક્ષ્મીસાગરસૂરિ** (સં. ૧૫૦૮, સં. ૧૫૧૭) અને આ૦ **સોમજયસૂરિ**ના શ્રાવકો હતા. તેઓએ આ૦ **જયચંદ્રસૂરિ** પાસે પોતાની પૌત્રી પૂરી જે દીક્ષિત થઈ હતી તે સાધ્વી સાધુલબ્ધિને ગણિનીપદ અપાવ્યું હતું અને સંઘપૂજા કરી હતી.

સં. ૧૫૨૭ના પોષ વદિ ૫ના રોજ પાવાગઢ ઉપર મોટા જિનબિંબની પ્રતિષ્ઠા કરાવી. સં. ૧૫૩૩માં **શત્રુંજય** તથા ગિરનાર તીર્થના છ'રી પાળતા યાત્રાસંઘો કાઢ્યા, તથા દાનશાળાઓ સ્થાપન કરી અને સાધર્મિકની ભક્તિ કરી દીનોદ્ધાર કર્યો. સમ્યગ્દર્શન **મોદક** બનાવી તેમાં રૂપાનાણું ગોઠવી લહાણી કરી. ગચ્છની પરિઘાપનિકા, પ્રતિષ્ઠા, ગુરુપદસ્થાપના, પ્રવેશોત્સવ, તીર્થોદ્ધાર અને ઘણાં પરોપકારના કાર્યો કર્યાં. આ૦ **લક્ષ્મીસાગરસૂરિ** અને આ૦ **સોમજય**ના ઉપદેશથી સં. ૧૫૩૮માં **સર્વ જૈન સિદ્ધાંતો** લખાવ્યા, જેનું આ૦ સોમજયે સંશોધન કર્યું અને અપ્રમત્ત પં૦ **જયમંદિર**ગણિએ તેની વ્યવસ્થા કરી.

(જૈનસત્યપ્રકાશ, ક્ર. ૧૩૦-૧૩૧)
(પ્રભાવકચરિત્ર-હેમચંદ્રસૂરિચરિત્ર, ઉપદેશસાર-સટીક, પં૦ લા. ભ. ગાંધીકૃત 'તેજપાલનો વિજય'નું પ્રાસ્તાવિક)
(જૂઓ, ભા. ૩, પ્રક. ૫૩, પૃ. ૫૫૯)

હાંસીદેવી અને શ્રાવક પાસિલ :

તે પાટણના **શેઠ છાડાની વિધવા** પુત્રી હતી. એક વાર તે રાજા સિદ્ધરાજના રાજવિહારમાં જિનદર્શન કરતી હતી ત્યારે સામાન્ય લાગતો **પાસિલ** નામનો શ્રાવક તે દેરાસરનું ખૂબ બારીકાઈથી નિરીક્ષણ કરતો હતો અને મંદિરની લંબાઈ-પહોળાઈ વગેરેનું માપ પણ લેતો હતો. એ જોઈ હાંસીએ મશ્કરીમાં પૂછ્યું કે, 'ભાઈ ! શું કોઈ દેરાસર બંધાવવું છે તે માપ લઈ રહ્યા છો ?' પાસિલે હાજર જવાબ આપ્યો કે, 'બેન ! તારા મોંમાં સાકર. તું એ દેરાસરના પ્રતિષ્ઠા-ઉત્સવમાં આવજે. બોલ, આવીશ ને ?' હાંસીએ 'હા' પાડી.

પાસિલ આરાસણાના મહં૦ ગોગાનો પુત્ર હતો. તેણે આરાસણા જઈને દેવીની સાધના કરી ધન મેળવ્યું અને **આરાસણા** (કુંભારિયાજી)માં ૪૫ હજાર સોનામહોર ખર્ચીને વિમલવસહીના કોરણીકામ જેવું ભ૦ નેમિનાથનું ભવ્ય દેરાસર બંધાવ્યું. હાંસીએ પણ તેમાં ૯ લાખ દ્રવ્ય ખરચીને મેઘનાદ નામે રંગમંડપ બંધાવ્યો. આ૦ વાદિદેવસૂરિએ સં. ૧૧૯૩ના વૈશાખ સુદિ ૧૦ ના રોજ તેની અંજનશલાકા અને પ્રતિષ્ઠા કરી ત્યારે હાંસીદેવી હાજર જ હતી.

(જૂઓ, પ્રક. ૩૭, પૃ. ૨૫૪(૧); પ્રક. ૪૧, પૃ. ૪૪૯)

શ્રીડાહીદેવી :

તે પાટણના શેઠ **સત્યકિની** પુત્રી હતી. તે બચપણથી ક.સ. આ૦ **હેમચંદ્રસૂરિ**ને વંદન કર્યા સિવાય ભોજન લેતી નહોતી. પિતાએ તેનો વિવાહ **ખંભાત**માં કર્યો. ત્યાં પણ તે ભ૦ મુનિસુવ્રતસ્વામીની તથા આચાર્યશ્રીની ચરણ-પાદુકાની પૂજા કરીને જ જમતી હતી. તેણે આ નિયમનું જીવનપર્યંત પાલન કર્યું હતું. (–આ૦ ગુણાકરની ભક્તામરસ્તોત્ર વિવૃતિ, કાવ્ય : ૧૪, સં. ૧૪૨૬)

ચાંપલદે :

પાટણના શેઠ **આભડ વસા**ની એ પુત્રી હતી. બાલવિધવા થવાથી તે તેના પિતાને ત્યાં જ રહેતી હતી. તે ઘરરખુ, ચતુર, વિવેકી, ધર્માત્મા અને સામાના મનની પારખું તેમજ વિદુષી હતી. (જૂઓ, પ્રક. ૪૧, પૃ. ૫૦૬-૫૦૭)

જગડશાહ સોરઠિયો :

મહુવામાં હંસાશાહ સોરઠિયો નામે **પોરવાડ** જૈન હતો. તે વહાણવટાનો વેપારી હતો. તેને **ધારુ** નામે પત્ની અને **જગડ** નામે પુત્ર હતો. તેની પાસે સવા-સવા કરોડની કિંમતનાં પાંચ માણેક હતાં, અને બીજું પણ ઘણું ધન હતું. તેણે મરણ સમયે પોતાના પુત્રને જણાવ્યું હતું કે, 'આ પાંચ માણેક છે તે પૈકી એક **શત્રુંજય**ના મૂળનાયક ભ૦ ઋષભદેવને, બીજું માણેક **ગિરનાર**ના મૂળનાયક ભ૦ નેમિનાથને અને ત્રીજું માણેક **પ્રભાસ પાટણ**ના મૂળનાયક ભ૦ ચંદ્રપ્રભુને ચડાવજે અને બે માણેક તારા માટે રાખજે.'

હંસાશાહ આવી વ્યવસ્થા બતાવી ભ૦ ઋષભદેવનું શરણ સ્વીકારી, અનશન કરીને, સૌ જીવોને ખમાવીને સ્વર્ગસ્થ થયો. જગડ શાહે પિતાની મરણોત્તર ક્રિયા પતાવી.

જગડશાહ તરત જ તેની માતા ધારુને લઈને શત્રુંજય આવ્યો. એ સમયે રાજા કુમારપાલનો છ'રી પાળતો યાત્રાસંઘ ત્યાં આવ્યો હતો. **તીર્થમાલા**ની બોલી બોલાતી હતી ત્યારે આ જગડશાહ સવા કરોડનો ચડાવો બોલ્યો. રાજા અને અમાત્ય તો આ જગડશાહનો વેશ જોઈને આવી મોટી રકમ વસૂલ થશે કે કેમ એની શંકામાં પડી ગયા. પણ શેઠે તરત જ પોતાની પાસેનું સવા કરોડનું માણેક બતાવ્યું ત્યારે સૌએ હર્ષનાદથી તેને આદેશ આપ્યો. જગડશાહે પોતાની માતાને **તીર્થમાલા** પહેરાવી અને મંત્રી વાહડે ભગવાન માટે એક રત્નજડિત કંઠો બનાવી તેમાં તે માણેક ગોઠવ્યું.

જગડશાહે બીજાં બે માણેક ગિરનાર અને પ્રભાસ પાટણમાં જઈને આપ્યાં.

(–પ્રબંધકોશ, હેમચંદ્રસૂરિપ્રબંધ)

આજે પણ શત્રુંજય ઉપર **સાલગીરી**ની ધ્વજા ચડાવવાનો હક **સોરઠિયા જૈનો**નો મનાય છે.

ભદ્રાવતીનો પ્રસિદ્ધ દાનવીર જગડૂશાહ શ્રીમાલી આ જગડશાહથી જુદો અને તેના પછી સં. ૧૩૧૫માં થયો હતો. (જૂઓ, પ્રક. ૩૮, પૃ. ૨૯૯)

સત્તરમી સદીમાં શેઠ વર્ધમાન શાહ લાલનનો પુત્ર જગડૂશાહ થયો હતો. તે પણ મોટો દાની હતો. તે ત્રીજો જગડૂશાહ હતો.

શેઠ કપર્દિ (૧) :

તે પાટણનો વેપારી હતો. તેણે ભ૦ મહાવીરસ્વામીનું દેરાસર બંધાવ્યું. તેમાં સુવર્ણ અને પિત્તલમિશ્રિત અને લાખ-લાખ દ્રવ્યની કીમતના નીલમણિની ચક્ષુવાળી ભ૦ મહાવીરની પ્રતિમા ભરાવી. તેની ઉપકેશગચ્છના આ૦ સિદ્ધસૂરિના હાથે સં. ૧૦૭૨માં પ્રતિષ્ઠા કરાવી. (–ઉપકેશગચ્છની પટ્ટાવલી, પ્રક. ૧, પૃ. ૨૩)

શેઠ કપર્દિ શાહ (૨) :

શેઠ રાંકા શાહના પુત્રનું નામ કપર્દિ હતું. તેને ત્યાં ૫૦૦ ઘોડીઓ હતી. તે પ્રત્યેકે લગભગ એક જ સમયે વછેરાઓને જન્મ આપ્યો. તેથી તેનું નામ 'કુડી વ્યવહારી' પડ્યું. રાજા **સિદ્ધરાજે** આ કપર્દિને **દંડનાયક** નીમ્યો હતો અને ઈનામમાં તેને બાર (અઢાર) ગામ આપ્યાં હતાં. તેણે સં. ૧૧૮૫માં પાટણમાં દેરાસર બંધાવ્યુ અને આ૦ **જયસિંહસૂરિ** પાસે તેમાં પ્રતિષ્ઠા કરાવી.

આ વંશના સોમા શાહની પુત્રી સોમાદેવીએ **આ૦ આર્યરક્ષિતસૂરિ** (સં. ૧૧૫૯) પાસે દીક્ષા લઈ મહત્તરાપદ મેળવ્યું હતું.

આ વંશના શેઠ **નાના** વીસલે પોતાના ૨૧ મિત્રો સાથે આ૦ **ધર્મઘોષસૂરિ** (સં. ૧૨૬૮) પાસે દીક્ષા લીધી હતી. (–અંચલગચ્છીય મોટી ગુજરાતી પટ્ટાવલી, પૃ. ૧૦૮; પ્રક. ૪૦, પૃ. ૪૦૫)

મંત્રી કપર્દિ (૩) :

મંત્રી કપર્દિ મૂળે નિર્ધન હતો. તેણે ગુરુ આજ્ઞાથી 'ભક્તામરસ્તોત્ર'નો પાઠ શરૂ કર્યો. અગિયારમા શ્લોકનો જાપ ચાલુ રાખ્યો. આથી તે ધીરે ધીરે આગળ વધ્યો. તેને **કામદુધા** ગાય મળી હતી અને મંત્રીપદ પણ મળ્યું. તે ક.સ. આ૦ શ્રીહેમચંદ્રસૂરિનો ભક્ત હતો.

તે નાનપણથી કાવ્યકલાનો શોખીન હોય વિવિધ રચના કરતો. તેનાં પ્રાસંગિક સૂક્તો અને સમસ્યાપૂર્તિઓ પ્રબંધોમાં મળે છે. તેણે 'હ રડઇ' ના હકારની વિશેષતા તથા **ઉર્વશી,** વિશ્વલ અને વિગ્રહરાજના નિરુક્ત અર્થો ગોઠવીને સૌને આશ્ચર્યચકિત કર્યા હતા. તે આ૦ હેમચંદ્રસૂરિની વિદ્વત્સભાનો પ્રધાન વિદ્વાન હતો અને રાજા સિદ્ધરાજના સમયે **ભંડારી** તરીકે નિયુક્ત થયો હતો.

રાજા કુમારપાલ અભણ અને રાજનીતિથી પણ અનભિજ્ઞ હતો. તેથી કપર્દિની પ્રેરણાથી તેણે કામંદકીય નીતિશાસ્ત્રનો તેની પાસે અભ્યાસ કર્યો. વળી,

એક જ વર્ષમાં કક્કાથી શરૂ કરી ત્રણ વૃત્તિ અને ત્રણ કાવ્યોનું જ્ઞાન સંપાદન કર્યું. એટલે કુમારપાલ તેને બહુ માનતો હતો. તે રાજા કુમારપાલનો પ્રીતિપાત્ર બન્યો અને છેવટે તેની વિચારસમિતિનો સભ્ય પણ બન્યો. રાજવીએ સાધર્મિક જૈનોને મદદ કરવાનું જે ખાતું ખોલ્યું હતું તેની વ્યવસ્થાનું કામ શેઠ અભય, શેઠ **આભડ** અને **મંત્રી કપર્દિ**ને સોંપ્યું હતું.

મંત્રી વાહડે શત્રુંજય તીર્થમાં દેરાસર બંધાવ્યું અને તે પવનના જોસથી ધસી પડ્યું ત્યારે કપર્દિએ જાતે જઈ બીજી વાર તે દેરાસર તૈયાર કરાવ્યું. એ સમય દરમિયાન મહં૦ **કપર્દિ** પાટણમાં શ્રીકરણમુદ્રાનો અધિકારી બન્યો હતો.

(–પ્રબંધચિંતામણિ)

રાજા કુમારપાલની એવી ઇચ્છા હતી કે, પોતાના મરણ બાદ ગુજરાતનો રાજા પ્રતાપમલ્લ થાય. મંત્રી કપર્દિ પણ એ જ વિચારનો હતો. આથી અજયપાલ તેને મારી નાખવા ઇચ્છતો હતો.

સોલંકી અજયપાલ સં. ૧૨૨૯માં ગૂજરાતનો રાજા બન્યો. તેણે મંત્રી કપર્દિને મહામાત્યનું પદ આપવા બોલાવ્યો. કપર્દિને રાજા પાસે જતાં અપશુકનો પણ થયા છતાં પદવીના લોભમાં તેણે તે ગણકાર્યાં નહીં. રાજાએ તેને જે દિવસે મહામાત્ય બનાવ્યો તે જ દિવસની રાતે તેને પકડાવી બીજાઓ પાસે તિરસ્કાર કરાવી, કકળતી તેલની કડાઈમાં નંખાવ્યો. એટલે તે સં. ૧૨૨૯–૧૨૩૦માં મરણ પામ્યો.

મરતાં મરતાં તે હસતે મુખે બોલ્યો : ''અમે યાચકોને કરોડોનું દાન આપ્યું, વાદમાં વિરોધીઓને પણ હરાવ્યા, રાજાઓને સોગઠાંની જેમ ઉઠાડ્યા ને બેસાડ્યા; એટલે અમે કરવા યોગ્ય બધું કરી લીધું છે. હવે **વિધાતા**ને અમારી જરૂરત હોય તો અમે ત્યાં પણ જવાને તૈયાર છીએ.'

તે વિદ્વાન, શીઘ્રકવિ, રાજનીતિજ્ઞ, ઉદાર અને ગુરુભક્ત હતો.

(–પ્રભાવકચરિત્ર, પ્રબંધકોશ - ૧૦મો પ્રબંધ,
પ્રબંધચિંતામણિ, ભક્તામરસ્તોત્ર-વિવૃતિ)

મંત્રી મકલપ્પનો વંશ :

તેને મહાદેવી નામે પત્ની હતી. રાહડ અને નેમિકુમાર નામે બે પુત્રો હતા. રાહડકુમારે રાહડપુર વસાવ્યું અને ભ૦ ઋષભદેવનો જિનપ્રાસાદ બનાવ્યો.

શેઠ નેમિકુમાર, જે રાહડકુમારનો નાનો લક્ષ્મણ જેવો ભાઈ હતો, તે મારવાડના કરહેડા તીર્થના ભગવાન નેમિનાથનો ભક્ત હતો. તેણે મેવાડમાં ભ૦ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવી અને મોટો યાત્રા-ઉત્સવ ઉજવ્યો તથા રાહડપુરમાં ભ૦ નેમિનાથનું મોટું જિનાલય બનાવ્યું. જાત-મહેનતથી ધન મેળવી નલોટકમાં ભ૦ ઋષભદેવના જિનપ્રાસાદમાં દક્ષિણ દિશા તરફ ૨૨ દેરીઓ બનાવી.

નેમિકુમારને (૧) અભયકુમાર અને (૨) **વાગ્ભટ** (વાહડ) નામે પુત્રો હતા.

૧. **અભયકુમાર** – તેને પદ્મા નામે પત્ની હતી અને હરિચંદ નામે પુત્ર હતો. રાજા **કુમારપાલે** દાનશાલાનું ખાતું તેની દેખરેખ નીચે રાખ્યું હતું. આ૦ **સોમપ્રભસૂરિએ** સં. ૧૨૪૧માં 'કુમારપાલપડિબોહો' રચીને સર્વ પ્રથમ અભયકુમાર વગેરે પરિવારને સંભળાવ્યો હતો. તેમજ અભયકુમારે પણ તે ગ્રંથની ઘણી પ્રતિઓ લખાવી હતી. સંભવ છે કે, શેઠ અભયકુમાર તે જ **શેઠ અભયડ** સં. ૧૨૪૮માં આશાપલ્લીમાં **દંડનાયક** હતો ત્યારે તેની સન્મુખ વાદિ દેવસૂરિ-ગચ્છના આ૦ **પ્રદ્યુમ્નસૂરિ** અને ખરતરગચ્છના આ૦ **જિનપતિસૂરિ** વચ્ચે **ઉદયનવિહાર**ની વંદનિકા બાબતં શાસ્ત્રાર્થ થયો હતો.

(જૈનસત્યપ્રકાશ, ક્ર. ૨૫૫, પૃ. ૫૮૫)

૨. **વાગ્ભટ** – તે મોટો વિદ્વાન હતો. વિવિધ શાસ્ત્રોનો જ્ઞાતા હતો. સર્વકલામાં નિપુણ હતો. મહાકવિ હતો. તેણે સ્વોપજ્ઞ વૃત્તિવાળું કાવ્યાનુશાસન, ઋષભદેવચરિત્રમહાકાવ્ય, નેમિનિર્વાણકાવ્ય (સર્ગ : ૧૫, શ્લો. ૯૮૮), જિનચતુર્વિંશતિ, છંદ, અલંકાર, નાટક, મહાપ્રબંધો વગેરે ગ્રંથો રચ્યાં છે.

તે શ્વેતાંબર, દિગંબર અને અજૈન શાસ્ત્રનો અભ્યાસી હતો. તેના ગ્રંથોમાં આ ત્રણે સાહિત્યની છાપ પડે છે. તેના સાહિત્યમાં કવિ ધનપાલનાં ઘણાં સૂક્તો મળે છે. તેની સાહિત્યપ્રસાદી 'કાવ્યાનુશાસન'માં આ પ્રકારે જોવા મળે છે–

સર્વાર્ધમાગધીં સર્વભાષાસુ પરિણામિનીમ્ ।
સર્વપાં સર્વતોવાચં સાર્વજ્ઞીં પ્રણિદધ્મહે ।। (-કાવ્યાનુશાસન મંગલ)

સદયતિસેવિતપાદં વરગણધરમૂર્જિતપ્રવરવૃત્તમ્ ।
શ્રીવર્ધમાનમાદૌ જયદેવં ભક્તિતો વન્દે ।।

(-કાવ્યાનુશાસન, ટીકા-છંદોનૈપુણ્ય)

એકંદરે વાગ્ભટ એ મોટો જૈન વિદ્વાન હતો.

મંત્રી જગદેવ શ્રીમાલી :

મંત્રી સજ્જન અને મંત્રી આંબાકની પછી મંત્રી **જગદેવ** શ્રીમાલી સૌરાષ્ટ્રનો **દંડનાયક** બન્યો. સં. ૧૨૦૮ લગભગમાં તે કર્ણાવતીનો સૂબો હતો. તે જાણે રાજા કુમારપાલનું જ બીજું તેજ હોય તેવો પ્રતિભાશાળી હતો. તેને મંત્રી **અભયદેવ** નામે પુત્ર અને **વસંતપાલ** નામે પૌત્ર હતો. વસંતપાલ પણ રાજકુમાર જેવો જ દેખાવડો હતો. તેણે દાદા જગદેવની આજ્ઞાથી સં. ૧૨૫૬ ચૈત્ર સુદિ ૧૩ ને શુક્રવારે ગિરનાર તીર્થ ઉપર નંદીશ્વરનો પટ્ટ કરાવ્યો અને તેની રાજગચ્છના આ૦ **દેવેન્દ્રસૂરિ** પાસે પ્રતિષ્ઠા કરાવી.

(–ગુજરાતના ઐતિહાસિક લેખો, ભા. ૩, પૃ. ૧૯૨;
રાજવિજ્ઞપ્તિકા, લેખપદ્ધતિ; પ્રક. ૩૪, પૃ. ૪૨૬)

મંત્રી નાહડ :

વનવાસીગચ્છના (૧૭) આ૦ વૃદ્ધદેવસૂરિ, વડગચ્છના (૩૭) આ૦ દેવસૂરિ કે (૪૧) આ૦ વાદિદેવસૂરિના ઉપદેશથી કોરટાના મંત્રી નાહડ વગેરે જૈન બન્યા હતા એમ મનાય છે. (પ્રક. ૧૭, પૃ. ૨૮૭; પ્રક. ૪૧, પૃ. ૪૫૦)

આ૦ વાદિદેવસૂરિએ કોરટામાં મંત્રી નાહડ, મંત્રી સાલિગ વગેરે ૫૦૦ કુટુંબોને જૈન બનાવ્યાં. આચાર્યશ્રીએ ચંડિકાદેવીને પ્રતિબોધ આપી નાહડને જીવ-હિંસામાંથી મુક્ત કરાવ્યો. મંત્રી નાહડે નાહડવસહી બંધાવી અને તેમાં સં. ૧૨૫૨માં પ્રતિષ્ઠા કરાવી. (–ઉપદેશતરંગિણી, ઉપદેશસાર)

મંત્રી સાલિગને પ્રતિજ્ઞા હતી કે જિનપૂજા કર્યા સિવાય અન્ન વાપરવું નહીં.

ભીમાશાહો

(૧) **ભીમ કુંડલિયો** – મહામાત્ય **વાહડે** સં. ૧૨૧૩માં શત્રુંજય તીર્થમાં મૂળ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. તેનો પ્રતિષ્ઠા-ઉત્સવ ચાલુ હતો તે સમયે **ટીમાણા**નો ચીંથરેહાલ ભીમ નામે જૈન આવ્યો. તે કુંડલાના ઘીનો વેપારી હતો. તેણે પોતાના ગામથી ૬ દ્રમ્મનું ઘી લાવી તેની સંઘમાં ફેરી કરી એક રૂપિયો ને સાત દ્રમ્મની કમાણી કરી. તેમાંથી તેણે એક રૂપિયાના ફૂલ ખરીદી પ્રભુની પૂજા કરી. આવો જીર્ણોદ્ધાર કરાવનાર મંત્રી વાહડ કેવો છે એ જાણવા-જોવાની ઇચ્છાથી મંત્રીના તંબૂ પાસે આવ્યો પણ તેમાં જતાં તેને સંકોચ થતો હતો. મંત્રીએ તેનો ભાવ પારખીને તેને બોલાવી પોતાની પાસે અર્ધઆસન પર બેસાડી બધો વૃત્તાંત જાણી લીધો. મંત્રીએ તેને જણાવ્યું હતું કે, 'તું મારો સાધર્મિક ભાઈ છે તેથી મારા યોગ્ય કંઈ કામ હોય તો જણાવજે.'

એ જ સમયે તીર્થોદ્ધારના **વહીવટદારો** તીર્થોદ્ધારની રકમ પૂરી કરવા માટે ટીપ કરી રહ્યા હતા. **ભીમે** પોતાના બચેલા જે સાત દ્રમ્મ હતા તે સઘળી મૂડી ટીપમાં આપી દીધી. મંત્રીએ તેની આવી નિઃસ્પૃહતા જોઈ, ત્યાગભાવનાથી પ્રસન્ન થઈ તેનું નામ ટીપની વહીમાં મોખરે લખાવ્યું અને બીજા શેઠિયાઓને જણાવ્યું કે, 'ત્યાગ તે આનું નામ. આને કાલે ખાવાને માટે સાધન નથી છતાં ધર્મકાર્યમાં આવો ત્યાગ કરે છે.'

મંત્રીએ ૫૦૦ દ્રમ્મ અને ૩ રેશમી વસ્ત્રો મંગાવી તેને ભેટ ધર્યાં. ભીમે હસીને જવાબ આપ્યો કે, 'મંત્રીવર ! આ નાશવંત ધનના લોભમાં હું મારું પુણ્ય વેચી ન શકું. તમે પૂર્વભવમાં પુણ્ય કર્યું છે તે આજે આ સ્થિતિમાં છો. મારા જેવાને આ રીતે બદલો લેવો એ ધર્મકાર્યમાં **છેતરામણી** કર્યા જેવું કહેવાય.' મંત્રીએ તેનો આવો વિવેક જોઈ-સાંભળી તેને ખૂબ ધન્યવાદ આપ્યો. છેવટે તેને પાનનું **બીડું** આપી અતિ સન્માન કર્યું.

તે સાંજે ઘેર આવ્યો ત્યારે તેની કર્કશા પત્ની આજે જાણે ડાહી ડમરી બની

ગયેલી જોવાઈ. કેમ કે તેને ગમાણમાંથી ગાય બાંધવાનો ખીલો ઠીક કરવા જતાં ચાર હજાર **સોનામહોરો** મળી આવી હતી અને તે વાતની હર્ષભેર ખબર આપવા તે ઉત્સાહિત થયેલી હતી. ભીમાને નક્કી લાગ્યું કે આ પ્રભુપૂજાનું જ ફળ છે.

તેણે બીજા જ દિવસે સંઘમાં આવીને મંત્રી વાહડને આ રકમ આપી જણાવ્યું કે, 'આ રકમનો તીર્થમાં વ્યય કરો.' મંત્રીએ આ રકમ લેવાનો સાફ ઈન્કાર કર્યો. **ભીમે** વિનીતભાવે કહ્યું : 'મંત્રીજી ! મારી પાસે એક **બળદ** છે તે બસ છે. આ ધન રાખીને તો ફોકટનો ક્લેશ જ વહોરવાનો છે.' આમ કહ્યાં છતાં મંત્રીએ તે રકમ સ્વીકારી નહીં. આ રકઝકમાં જ દિવસ પૂરો થયો.

રાત્રે **કપર્દી** યક્ષે આવીને ભીમને સમજાવ્યો કે, 'હું તારી પુષ્પપૂજાથી પ્રસન્ન થયો છું તેથી મેં તને આ ધન આપ્યું છે. એ ધનનો તારે માટે અને દાન દેવામાં ઉપયોગ કર, હવે એ ધન તારે ત્યાં ખૂટવાનું નથી.'

ભીમે ત્રીજે દિવસે સવારે ભ૦ ઋષભદેવની સ્વર્ણ, રત્ન તથા પુષ્પો વડે લાખેણી પૂજા કરી અને કપર્દીયક્ષની પણ પૂજા કરી. પોતાના ઘેર જ્યારે આવ્યો ત્યારે તેનો ભંડાર છલોછલ ભરેલો હતો. આવી ત્યાગભાવનાથી તે સુખી થયો. ભીમે શત્રુંજય ઉપર ભીમકુંડ બંધાવ્યો છે. (–પ્રભાવકચરિત્ર, છેલ્લો પ્રબંધ)

(૨) વણથલીનો નગરશેઠ **ભીમો સાથરિયો** – તેણે સૌરાષ્ટ્રના દંડનાયક **સજ્જન**ની પ્રેરણાથી ગિરનારતીર્થના જીર્ણોદ્ધાર માટે ૭૨ લાખ દ્રવ્યની ટીપ કરી રાખી હતી, પણ રાજા **સિદ્ધરાજે** તેનો ખર્ચ આપ્યો એટલે શ્રીસંઘે એ રકમમાંથી વણથલીમાં દેરાસર બંધાવ્યાં. **શેઠ ભીમે** સં. ૧૧૮૫માં ગિરનારમાં ભ૦ નેમિનાથને હાર ચડાવ્યો, અને ગિરનાર પર **ભીમકુંડ** બંધાવ્યો

(૩) **ભીમાશાહ** – ખંભાતનો વેપારી હતો. તેણે ખંભાતમાં જગા ન મળવાથી શહેરની બહાર હાથીદાંતની **પોષાળ** બંધાવી. વસ્તી વધવાથી તે પોષાળ આજે નગરની અંદર ગણાય છે. (–ઉપદેશતરંગિણી)

(૪) કુંભલમેરુ દુર્ગના **શેઠ ભીમાશાહ** – તે પોરવાલ જૈન હતો. તેણે આબૂતીર્થમાં પિત્તલહર નામનો મોટો પ્રાસાદ બનાવ્યો છે. (પ્રક. ૩૭, પૃ. ૨૪૬)

કવિ યશશ્ચંદ્ર –

શાકંભરીનો ધર્કટવંશીય શ્રીમાલી ધનદેવ ચૌહાણ રાજાનો મહામાત્ય હતો. તેને **પદ્મચંદ્ર** નામે પુત્ર અને યશશ્ચંદ્ર નામે પૌત્ર હતો. તે રાજાનો આશ્રિત કવિ હતો. તેઓ ધર્મઘોષગચ્છના શ્રાવકો હતા.

કવિ યશશ્ચંદ્રે બે મહાકાવ્યો તથા ચાર નાટકોની રચના કરી હતી. નાટકોમાં 'મુદ્રિતકુમુદચંદ્ર' અને 'રાજિમતીપ્રબોધ' એ બે નાટકો જાણીતાં છે.

પાટણની રાજસભામાં સં. ૧૧૮૧માં આ૦ વાદિદેવસૂરિએ દિગંબરાચાર્ય કુમુદચંદ્ર સાથે શાસ્ત્રાર્થ કરી વિજય મેળવ્યો એ ઘટનાને ગૂંથતું ઐતિહાસિક નાટક

'મુદ્રિતકુમુદચંદ્ર' (સર્ગ : ૫) નામે રચ્યું છે. તેની રચના પ્રૌઢ પાંડિત્યનું દર્શન કરાવે છે.

૪૧. **કવિ યશઃપાલ** – તે **મોઢવંશના** મંત્રી **ધનદેવ** અને રુક્મિણીનો પુત્ર હતો, જે મોટો વ્યાપારી હતો, વિદ્વાન હતો. રાજનીતિનો જાણકાર હતો અને અજયપાલના સમયમાં જૈન મંત્રી હતો. તેણે 'મોહપરાજય નાટક' બનાવી રાજા અજયપાલના રાજકાળમાં (સં. ૧૨૨૯ થી ૧૨૩૨) થરાદમાં કુમારવિહારના ભ૦ મહાવીરસ્વામીના ઉત્સવ પ્રસંગે ભજવ્યું હતું. તેમાં ગૂર્જરેશ્વર કુમારપાલે ક.સ.આ૦ હેમચંદ્રસૂરિની હાજરીમાં સં. ૧૨૧૬ના માગસર સુદ ૨ના દિવસે કૃપાસુંદરીનું પાણિગ્રહણ કર્યું તેનું આધ્યાત્મિક વર્ણન છે. (મોહપરાજય નાટક)

શેઠ ધવલ, શેઠ વૈરસિંહ :

તે ધોળકાનો વતની શ્રીમાલી જૈન હતો. તેણે ધોળકામાં ભ૦ મુનિસુવ્રત-સ્વામીનું દેરાસર બંધાવ્યું. તેની વિનતિથી મલધારગચ્છના આ૦ ચંદ્રસૂરિએ 'મુણિસુવ્વયચરિય' રચ્યું. સંભવ છે કે, તેની પત્ની રુક્મિણીએ સં. ૧૨૫૫માં મુનિ સુમતિસિંહને 'તિલકમંજરી' વહોરાવી હોય.

તેમણે **વૈરસિંહ** નામે પુત્ર હતો, જે મંત્રી **વાહડ**નો મિત્ર હતો. તેણે ખંભાતમાં ભ૦ પાર્શ્વનાથનું ચૈત્ય બંધાવ્યું અને સંભવ છે કે, આ૦ હેમચંદ્રસૂરિની આજ્ઞા મેળવી તેણે આશાવલ કે ધોળકાના ઉદયનવિહાર ઉપર ૩૧ સ્વર્ણકળશો ચડાવ્યા હોય. (–મુણિસુવ્વયચરિય, ધોળકાના ઉદયનવિહારની પ્રશસ્તિ, શ્લો. ૯૨; જૈનસત્યપ્રકાશ, ક : ૨૨૨; પ્રક. ૩૫, પૃ. ૧૪૧)

વાયડગચ્છનો વાહડ : (સં. ૧૨૯૭)

ગુજરાતમાં ભોયણી તીર્થથી ૬ કોશ દૂર **સૂરજ ગામ** છે. ત્યાંના સંઘે સં. ૨૦૦૬ના જેઠ સુદિ ૧૫ ને બુધવારે અનુરાધા નક્ષત્રમાં સવારે કલાક ૮ મિનિટ ૪૯ ના સમયે ભ૦ કુંથુનાથના બે માળના પ્રાચીન જિનપ્રાસાદનો જીર્ણોદ્ધાર કર્યો. આ ગ્રંથના લેખકો મુનિ દર્શનવિજય, તેમના ગુરુભાઈ મુનિ જ્ઞાનવિજય અને મુનિ દર્શનવિજયના શિષ્ય મુનિ ન્યાયવિજય ત્રિપુટીના હાથે બે માળમાં ૨૫ જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી હતી. તેમાં એક ત્રિગડું છે. ત્રિગડાના બીજા ગઢમાં એક શિલાલેખ છે તે આ પ્રકારે છે –

સં. ।। ૧૨૯૦ (૭) શ્રીવાયટીયગચ્છે શ્રીજીવદેવમુખ્યસંતાને સૂરયજગ્રામે શ્રે. વાહડેન પિતૃવ્ય શ્રે. દેશ-માતૃ લાહિણીશ્રેયોઽર્થં તત્પુત્ર્યાત્મજસંઘાપાસૂભાર્યાયાઃ પુણ્યાર્થં ચ સમવસરણં કારિતં ।।

એટલે કે, સં. ૧૨૯૭માં વાયડગચ્છના શ્રાવક દેશનો ભત્રીજો અને શેઠાણી લાહિણીનો પૌત્ર **વાહડ** નામે થયો.

★ ★ ★

પ્રકરણ : બેતાલીશમું

આચાર્ય વિજયસિંહસૂરિ

(સંવત્ ૧૨૩૫)

આ૦ અજિતદેવસૂરિની પાટે આ૦ વિજયસિંહસૂરિ થયા. તેઓ અત્યંત રૂપાળા અને સુકોમળ હતા. મિષ્ટભાષી હતા. તેમના એકમાં જ કામદેવનાં પાંચે બાણોની મોહિનીકળા આવી વસી હતી, પણ નૈષ્ઠિક અખંડ બ્રહ્મચારી હતા તેથી તેઓ એક હોવા છતાં તેમને જગત વશ હતું. (–દ્વિસંધાન કાવ્ય)

તેઓ સમર્થવાદી હતા. તેમણે સં. ૧૨૦૬માં પ્રતિષ્ઠા કરી, તેનો એક લેખ આરાસણ તીર્થમાં વિદ્યમાન છે. તેઓ સં. ૧૨૩૫ સુધી વિદ્યમાન હતા.

તેમની પાટે (૧) આ૦ **હેમચંદ્રસૂરિ,** (૨) શતાર્થી આ૦ **સોમપ્રભસૂરિ** અને (૩) આ૦ **મણિરત્નસૂરિ** એમ ત્રણ આચાર્યો થયા. આ૦ **હેમચંદ્રે** પોતાના સંસાર-દુઃખને દૂર કરવા 'નાભેયનેમિદ્વિસંધાનકાવ્ય' રચ્યું છે. કવિ ચક્રવર્તી **શ્રીપાલ** પોરવાલે તેનું સંશોધન કર્યું હતું.[1] આચાર્યશ્રીએ તેમાં આ૦ મુનિચંદ્રસૂરિ તથા આ૦ માનદેવસૂરિથી પોતાની પ્રશસ્તિ આપી છે.

(–પ્રાચીન જૈન લેખસંગ્રહ ભા. ૨, લેખાંક : ૨૮૯;
નાભેયનેમિદ્વિસંધાન મહાકાવ્ય; તપાગચ્છ પટ્ટાવલી)

આ૦ વિજયસિંહસૂરિવરો –

આ૦ **વિજયસિંહ** નામના ઘણા આચાર્યો થયા છે –

૧. આર્ય ખપુટાચાર્યના વંશમાં (અ) જેમણે ભરૂચના શકુનિકાવિહારનો જીર્ણોદ્ધાર કરાવી કાષ્ઠપ્રાસાદ બંધાવ્યો. (આ) જેમણે મંત્રી વાહડ દ્વારા સં. ૧૨૧૬, સં. ૧૨૨૨, સં. ૧૨૪૬માં શકુનિકાવિહારનો જીર્ણોદ્ધાર કરાવી શિલાપ્રાસાદ બંધાવ્યો.

૨. ભાવાચાર્યગચ્છમાં તો આ૦ ભાવદેવ, આ૦ **વિજયસિંહ,** આ૦ વીર, આ૦ જિનદેવ, આ૦ યશોદેવ એ નામના પાંચ પટ્ટધરો થયા હતા.

(અ) આ૦ વિજયસિંહ જેઓ પરમશાંત હતા. સં. ૯૧૨.

(પ્રક. ૩૪, પૃ. ૪૬૧)

---

૧. एकाहनिष्पन्नमहाप्रबन्धः श्रीसिद्धराजप्रतिपन्नबन्धुः ।
श्रीपालनामा कविचक्रवर्ती सुधीरिमं शोधितवान् प्रबन्धम् ।।
(-નાભેયનેમિદ્વિસંધાન મહાકાવ્ય)
વિશેષ માટે જૂઓ, પ્રક. ૪૧, પૃ. ૫૦૮.

(આ) જેઓ પરમવાદી હતા. સં. ૧૧૬૦. (પ્રક. ૩૪, પૃ. ૪૬૨)

(ઇ) સં. ૧૨૩૭ના અષાઢ વદિ ૭ના રોજ ખેડામાં ભાવડારગચ્છના ભ૦ ઋષભદેવના દેરાસરમાં સંઘે બનાવેલા તોરણની પ્રતિષ્ઠા કરી. (-જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૨૧૪)

(ઈ) જેઓ સં. ૧૩૧૨ પછી થયા. (પ્રક. ૩૪, પૃ. ૪૬૩)

(ઉ) સં. ૧૪૨૨, સં. ૧૪૫૩ તથા સં. ૧૪૭૮માં જેમણે પ્રતિમાની અંજનશલાકા કરી, જે પૈકી ભગવાન શીતલનાથની પ્રતિમા અમદાવાદમાં છે.

(ઊ) જેમણે સં. ૧૫૬૬, સં. ૧૫૭૩માં પ્રતિષ્ઠા કરેલી, તે પ્રતિમાઓ ખંભાત વગેરે સ્થળે વિદ્યમાન છે.

૩. નાઈલગચ્છના આ૦ સમુદ્રસૂરિના પટ્ટધર, સં. ૯૭૫. (પ્રક. ૩૪, પૃ. ૪૬૪)

૪. ખડ્ગાચાર્ય બિરુદવાળા. (પ્રક. ૩૭, પૃ. ૧૯૮)

૫. રાજગચ્છમાં (૧૩) આ૦ દેવાનંદસૂરિના પ્રપટ્ટધર અને આ૦ પ્રદ્યુમ્નસૂરિના ગુરુભાઈ, સં. ૧૩૧૪. (પ્રક. ૩૨, પૃ. ૪૨૩)

૬. થારાપદ્રગચ્છમાં આ૦ વિજયસિંહસૂરિ નામના ઘણા આચાર્યો થયા હતા.

(અ) આ૦ વાદિવેતાલ શાંતિસૂરિના ગુરુ, સં. ૧૦૯૬ પહેલાં.

(આ) જેમણે સં. ૧૩૧૫માં ખંભાતમાં ઉદયનવસહીમાં ચોવીશવટાની પ્રતિષ્ઠા કરી.

૭. વડગચ્છમાં (અ) બેતાલીસમા પટ્ટધર. (પ્રક. ૪૨)

(આ) વાદિદેવસૂરિના પ્રપટ્ટધર આ૦ વિજયચંદ્રના શિષ્ય.

૮. હર્ષપુરીયગચ્છમાં છેલ્લા આચાર્ય, જેમના પટ્ટધર મલધારી આ૦ અભયદેવ-સૂરિ થયા. (પ્રક. ૩૪, પૃ. ૪૭૦, પ્રક. ૩૮, પૃ. ૨૭૩)

૯. પિપ્પલકગચ્છમાં આ૦ શાંતિભદ્રસૂરિના શિષ્ય, સં. ૧૧૮૩. (પ્રક. ૩૭, પૃ. ૨૧૦)

૧૦. પૂનમિયાગચ્છમાં આ૦ ચંદ્રપ્રભસૂરિના શિષ્ય. (પ્રક. ૪૦, પૃ. ૩૯૩)

૧૧. રુદ્રપલ્લીય ૪૧મા આચાર્ય, સં. ૧૨૦૪. (પ્રક. ૪૦, પૃ. ૩૪૫)

૧૨. નાગેંદ્રગચ્છમાં આ૦ ધનેશ્વરના પટ્ટધર, સં. ૧૨૧૫. તેમણે કવિવર આસડની 'વિવેકમંજરી'નું સંશોધન કર્યું હતું. (પ્રક. ૩૫, પૃ. ૪; પિટર્સન રિપોર્ટ ૩, પૃ. ૧૦૩)

૧૩. રંડગચ્છ (રાજગચ્છ સંભવે છે)ના આચાર્ય, જેમણે સં. ૧૪૫૨માં ભ૦ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી, જે પાટણના મણિયાતી પાડાના દેરાસરમાં છે.

૧૪. તપાગચ્છમાં આ૦ વિજયદેવસૂરિના મુખ્ય પટ્ટધર. સ્વ. સં. ૧૭૦૮, નવીનપુર–અમદાવાદ. (જૂઓ, પ્રક. ૫૮)

નોંધ :– આ૦ વિજયસિંહસૂરિ ઘણા થયા છે, તેમ આ૦ જયસિંહસૂરિ પણ ઘણા થયા છે. જ્યારે આ૦ જિનસિંહસૂરિ બે થયાના ઉલ્લેખો મળે છે.

(૧) ધર્મઘોષગચ્છના આ૦ મુનિરત્નના પટ્ટધર. (જૂઓ, પ્રક. ૩૨, પૃ. ૪૨૬)

(૨) ખરતરગચ્છના આચાર્ય. (પ્રક. ૪૦, પૃ. ૩૮૫)

શાખાગચ્છો

માનદેવગચ્છ (વડગચ્છ) :

ચંદ્રકુળના વનવાસીગચ્છના વિહરુક આ૦ **માનદેવસૂરિ**ની એક પરંપરા માનદેવગચ્છ તરીકે વિખ્યાત હતી; પણ આ શાખાગચ્છના આચાર્યો મુખ્ય ગચ્છનાયકની આજ્ઞા માનતા હતા.

માનદેવગચ્છની પરંપરા આગળ (પ્રક. ૩૫, પૃ. ૧૦માં) આવી ગઈ છે. આ પરંપરાના આચાર્યો આ૦ પ્રદ્યુમ્નસૂરિ, આ૦ દેવચંદ્રસૂરિ વિ. સં. ૯૯૪માં વિદ્યમાન હતા. તે સૌ વનવાસી વિહરુક ગચ્છનાયક આ૦ ઉદ્દ્યોતનસૂરિની આજ્ઞામાં હતા.

આ૦ નેમિચંદ્રસૂરિ લખે છે કે –

પ્રદ્યુમ્નમાનદેવાદિસૂરિભિઃ પ્રવિરાજિતઃ । (–ઉત્તરજ્ઝયણસુત્ત-વૃત્તિ-પ્રશ.)

જમ્મિ ય ગચ્છે આસી સિરિપજ્જુન્નાભિહાણસૂરિ ત્તિ ।
સિરિમાણદેવસૂરિ સુપસિદ્ધો દેવસૂરિ ય ॥ (–મહાવીરચરિયં)

એટલે કે આ૦ ઉદ્દ્યોતનસૂરિ, આ૦ પ્રદ્યુમ્નસૂરિ, આ૦ માનદેવ, પ્રસિદ્ધ આ૦ સર્વદેવ વગેરે શ્રમણપરિવારથી વરાયેલા હતા. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૧, પૃ. ૫૦)

આ૦ પ્રદ્યુમ્ન, આ૦ માનદેવ તે સમકાલીન શાખાચાર્યો હતા, જે માનદેવ-ગચ્છના હતા.

આ૦ ઉદ્દ્યોતનસૂરિએ સં. ૯૯૪માં વડની નીચે એક સાથે ૮ નવા આચાર્યો બનાવ્યા હતા. (પ્રક. ૩૫, પૃ. ૫૧)

સંભવ છે કે, આ સમયે તેમણે માનદેવવંશના આ૦ દેવચંદ્રના શિષ્ય પં૦ માનદેવને પણ **આચાર્યપદ** આપ્યું હોય અને આ૦ માનદેવનો શ્રમણવંશ પણ નવા ગચ્છનાયક આ૦ **સર્વદેવ**ની આજ્ઞામાં વડગચ્છ તરીકે વિખ્યાત થયો હોય. આ૦ માનદેવસૂરિ પછીની સૂરિપરંપરાની એક ગ્રંથપ્રશસ્તિ મળે છે, તેમાં આ૦ **ધનપ્રભ** પોતાના પૂર્વાચાર્ય માનદેવસૂરિને તથા પોતાને **વડગચ્છ**ના બતાવે છે.

એટલે બનવાજોગ છે કે માનદેવગચ્છ સં. ૯૯૪ થી **વડગચ્છ** બની ગયો હોય. તે ગ્રંથપ્રશસ્તિ આ પ્રમાણે છે –

શ્રીશાંતિનાથચરિત્ર-પ્રશસ્તિઃ –

સં. ૧૫૩૮ વર્ષે આશ્વિનમાસે કૃષ્ણપક્ષે દ્વાદશી સોમવાસરે શુભનક્ષત્રલગ્નયોગે **માલવક**દેશે પાતસાહ ગ્યાસદીનિવિજયરાજ્યે । સાકરીયા ગ્રામે । શ્રીમદ્બૃહદ્ગચ્છે । શ્રીમાનદેવસૂરિ–શ્રીમાનતુંગસૂરિ । શ્રીપદ્મદેવસૂરિ–શ્રીઉદયપ્રભસૂરિ । શ્રીપ્રભાણંદસૂરિ–શ્રીધર્મ્મચંદ્રસૂરિ । શ્રી**વિનય**ચંદ્રસૂરિ । શ્રીવિજયપ્રભસૂરિ–શ્રીનરેન્દ્રસૂરિ । તત્પટ્ટાલંકાર–શ્રીવીરચંદ્રસૂરિશિષ્ય આચાર્યશ્રી**ધનપ્રભ**સૂરિર્ભિર્લિષિતો ॥ સ્વપરોપકારાય ॥

માનદેવગચ્છ–વડગચ્છની સૂરિપરંપરા આ રીતે બને છે –

૧૯. આ૦ માનદેવ.	૨૦. આ૦ માનતુંગ.
૨૧. આ૦ બુદ્ધિસાગર.	૨૨. આ૦ પ્રદ્યુમ્નસૂરિ.
૨૩. આ૦ દેવચંદ્રસૂરિ.	૨૪. આ૦ માનદેવસૂરિ. આ૦ પૂર્ણચંદ્રસૂરિ
૨૫. આ૦ માનતુંગસૂરિ	૨૬. આ૦ પદ્મદેવસૂરિ.

(સં. ૧૨૯૨ના કારતક સુદ ૮ ને રવિવાર ધનિષ્ઠા નક્ષત્ર)

(પુ. પ્ર. સં. પ્રશસ્તિ : ૨૫; પ્રક. ૩૫, પૃ. ૧૦)

૨૪. આ૦ માનદેવસૂરિ સં. ૯૯૪.

૨૫. આ૦ માનતુંગસૂરિ.

૨૬. આ૦ પદ્મદેવસૂરિ, આ૦ ઉદયપ્રભસૂરિ.

૨૭. આ૦ પ્રભાણંદસૂરિ, આ૦ ધર્મચંદ્રસૂરિ.

૨૮. આ૦ **વિનયચંદ્રસૂરિ.**

વડગચ્છના આ૦ માનતુંગસૂરિના વંશના આ૦ ધર્મચંદ્રસૂરિના પટ્ટધર આ૦ વિનયચંદ્રના ઉપદેશથી સં. ૧૧૪૩માં નાડલાઈમાં ઉજ્જયંતાવતાર તીર્થનો જીર્ણોદ્ધાર થયો હતો. (જૂઓ, પ્રક. ૩૪, પૃ. ૫૦૧; પ્રક. ૩૮, પૃ. ૨૬૧)

૨૯. આ૦ વિજયપ્રભસૂરિ, આ૦ નરેન્દ્રસૂરિ.

૩૦. આ૦ વીરચંદ્રસૂરિ.

૩૧. આ૦ **ધનપ્રભસૂરિ** – તે આ૦ વીરચંદ્રસૂરિના શિષ્ય હતા. તેમણે સં. ૧૫૩૮ના આસો વદિ ૧૨ ને સોમવારે શુભ નક્ષત્રમાં શુભ લગ્નમાં માલવાના **સાકરિયા** ગામમાં સુલતાન ગ્યાસુદ્દીનના રાજ્યમાં પોતાના અને બીજાઓના ઉપકાર માટે 'શ્રીશાંતિનાથચરિત્ર' લખ્યું.

(શ્રીસાહિત્ય પ્રદર્શન-પ્રશસ્તિસંગ્રહ, ભા. ૨, પ્રશસ્તિ નં. ૧૭૪)

વિક્રમની બારમી–તેરમી શતાબ્દીમાં અન્ય અનેક શાખાગચ્છો નીકળ્યા છે. કેટલાએક આ પ્રમાણે છે –

કક્કુદાચાર્યગચ્છ – ઉપકેશગચ્છમાં આ૦ કક્કસૂરિ (સં. ૧૧૫૨ થી ૧૨૧૨માં) થયા. તેમણે ક્રિયોદ્ધાર કર્યો અને તેમનો મુનિગણ 'કક્કુદાચાર્યગચ્છ' તરીકે પ્રસિદ્ધિ પામ્યો. (પ્રક. ૧, પૃ. ૨૪)

ખરાતપાગચ્છ (સં. ૧૩૦૮) – ઉપકેશગચ્છમાંથી સં. ૧૩૦૮માં આ શાખા નીકળી.

ત્રિશૃઙ્ગમાખ્યે સદ્ગ્રામે મહીપાલસ્થિતે પ્રભૌ ।
ખરતપેતિ બિરૂદં વસ્વભ્રાગ્ન્યેકવર્ષે ચ ॥

(ઉપકેશગચ્છ ગુર્વાવલી, જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૧૧૯)

ઊએસગચ્છે સિદ્ધાચાર્યસંતાને શ્રીખરતપાપક્ષે મ. શ્રીશ્રીશ્રીકક્કસૂરિશિષ્ય મુનિ મુક્તિહંસ, મુનિ કનકપ્રભ ॥

(અર્બુદાચલ પ્રાચીન જૈન લેખ સંદોહ, લેખાંક : ૬૭)

ઉપકેશગચ્છની દ્વિવંદનીક શાખામાંથી 'તપારત્ન' શાખા નીકળી છે. (જૂઓ, પ્રક. ૧, પૃ. ૩૦, ૩૧)

સંભવ છે કે એ દ્વિવંદનીક શાખામાંથી તપાગચ્છની નિશ્રામાં ક્રિયોદ્ધાર કરી **'ખરતર તપાગચ્છ'** નીકળ્યો હોય. આ બાબતમાં વધુ સંશોધનની જરૂર છે.

ધર્મઘોષગચ્છ – ચંદ્રકુલના રાજગચ્છના યુગપ્રધાન આ૦ ધર્મઘોષસૂરિથી સં. ૧૧૮૯માં 'ધર્મઘોષગચ્છ' નીકળ્યો. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૨૮-૨૯)

ઘોષપુરીયગચ્છ – રાજગચ્છના આ૦ હેમપ્રભસૂરિ પોતાને ઘોષપુરીય-ગચ્છના બતાવે છે. (પ્રક. ૩૫, પૃ. ૨૮)

૧. આ૦ પ્રમાનંદ (પ્રભાનંદ) – તેઓ ઘોષપુરીયગચ્છના સમર્થ આચાર્ય હતા. ગુણવાન હતા અને આદર્શ ચારિત્રવાળા હતા.

૨. આ૦ વિજયચંદ્ર – તેઓ બહુ જ્ઞાની હતા.

૩. આ૦ ભાવદેવસૂરિ – તેઓ મોટા જ્ઞાની હતા અને સમર્થ પંડિત હતા.

૪. આ૦ **જયપ્રભસૂરિ** – તેઓ ઘણા ગુણવાન હતા. હુંડાપદ્રપુરના ભ૦ પાર્શ્વનાથના દેરાસરના ગોઠીવંશના શેઠ ચારુમલ પોરવાલની પરંપરામાં અનુક્રમે ૧. શેઠ ચારુમલ (પત્ની જાસદેવી), ૨. સહદેવ (પત્ની નાગલદેવી), ૩. આમાક (પત્ની રંભા)ને પુત્રો સુહુણ, પુનાક તથા હરદેવ થયા. તે પુત્રોએ માતાના કલ્યાણ માટે આ૦ જયપ્રભને એક 'કલ્પસૂત્ર'ની પ્રતિ વહોરાવી.

(શ્રીપુસ્તકપ્રશસ્તિસંગ્રહ, ભા. ૨, પ્રશસ્તિ ૯૫; પ્રક. ૩૨, પૃ. ૪૨૩)

તપાગચ્છના (૬૨ મા) ભ૦ **વિજયપ્રભસૂરિ** ઘોષા ગોત્રના વીશા ઓશવાલ જૈન હતા.

ઉચ્છિતવાલગચ્છ – આ ગચ્છનું નામ ઓસ્તવાલ પણ મળે છે. વિશેષ પરિચય મળતો નથી. નાગપુરીય લોંકાગચ્છની સં. ૧૯૮૯ની પટ્ટાવલીથી માનવું જોઈએ કે આ ગચ્છ રાજગચ્છના ધર્મઘોષગચ્છનો પેટાગચ્છ હતો.

(જૂઓ, વિ. વિ. પટ્ટા. સં., પૃ. ૮૦)

શોધિતવાલગચ્છ – આ ગચ્છ શુદ્ધદંતી તીર્થમાં થયો હતો, પણ એ અંગે બીજી કોઈ વિગત મળતી નથી. (જૂઓ, આ૦ જિનપ્રભસૂરિનો વિવિધતીર્થકલ્પ)

દેવાચાર્યગચ્છ – આ વડગચ્છની શાખા હતી.

(૧) આ૦ દેવસૂરિ (રૂપશ્રી)ની શ્રમણપરંપરા. (પ્રક. ૩૭, પૃ. ૧૯૭)

(૨) આ૦ વાદિદેવસૂરિની શ્રમણપરંપરા. (પ્રક. ૪૧, પૃ. ૪૬૨-૪૬૩)

દેવાનંદિતગચ્છ. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૪૯-૫૦; પ્ર. ૪૧, પૃ. ૪૬૪)

નાગોરી તપાગચ્છ – વડગચ્છના આ૦ વાદિદેવસૂરિની પરંપરાના આ૦ જયશેખરે તપસ્વી આ૦ **જગચ્ચંદ્રસૂરિ**ની નિશ્રામાં ક્રિયોદ્ધાર કર્યો. તેમનાથી સં. ૧૩૦૧માં નાગોરમાં **નાગોરીતપાગચ્છ** નીકળ્યો.

(પ્રક. ૪૧, પટ્ટા. ૧૪મી, પૃ. ૪૬૪)

જાલોરાગચ્છ – વડગચ્છના દેવાચાર્યગચ્છની આ શાખા હતી.

(જૂઓ, પ્રક. ૪૧, પટ્ટા. ૧૩મી, પૃ. ૪૬૩)

આરાસણગચ્છ – આ વડગચ્છની શાખા હતી.

(પ્રક. ૪૧, પટ્ટા. ૧૫મી, પૃ. ૪૬૮)

ભિન્નમાલગચ્છ – આ વડગચ્છની શાખા હતી. તેમાં અનુક્રમે આ૦ વીર, આ૦ અમરપ્રભ, આ૦ કનકપ્રભ થયા હતા. (જૂઓ, પ્રક. ૪૧, પૃ. ૪૬૯)

જીરાવલાગચ્છ – આ વડગચ્છની શાખા હતી. વડગચ્છના આ૦ દેવેન્દ્રના પટ્ટધર, આ૦ જિનચંદ્રના પટ્ટધર આ૦ રામચંદ્રસૂરિએ સં. ૧૪૧૧, સં. ૧૪૧૫માં જીરાવલા તીર્થમાં નં. ૪૮મી દેરીનો જીર્ણોદ્ધાર કરાવી પ્રતિષ્ઠા કરી.

(આબૂ પ્રદક્ષિણા લેખસંગ્રહ, જીરાવલાનો લેખ, લે. નં. ૧૧૯-૧૨૦;
પ્રક. ૪૧, પૃ. ૪૭૦ તથા પ્રક. ૫૫, પૃ. ૮૩૩-૮૩૪)

સં. ૧૬૫૨ વૈશાખ સુદ ૫ના ભ૦ દેવાનંદ આ૦ સોમસુંદર થયા હતા.

રામસેનગચ્છ – વડગચ્છની આ શાખા હતી. (જૂઓ, પ્રક. ૪૧, પૃ. ૪૬૯)

તેમાં રામસેનીયાવાટક આ૦ મલયચંદ્રસૂરિ થયા હતા.*

★ આ૦ મલયચંદ્રસૂરિ ઘણા થયા છે. તે આ પ્રમાણે –

૧. રાજગચ્છના આ૦ મલયેન્દુ. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૨૬)

૨. મોટા જ્યોતિષી આ૦ મહેન્દ્રસૂરિના પટ્ટધર. (જૂઓ, પ્રક. ૪૧, પૃ. ૪૫૭)

૩. ચૈત્રવાલગચ્છમાં ચાંદસમીય ભટ્ટારક મલયચંદ્ર. (પ્રક. ૪૪, પૃ. ૬)

પિપ્પલકગચ્છ – થારાપદ્રીયગચ્છના વાદિવેતાલ આ૦ શાંતિસૂરિની પરંપરાના (૮મા) આ૦ શાંતિભદ્રસૂરિએ સં. ૧૨૨૨માં શેઠ સિદ્ધરાજના ભ૦ મહાવીરસ્વામીના જિનાલયમાં એકસાથે ૮ શિષ્યોને આચાર્યપદ આપ્યું ત્યારે થારાપદ્રગચ્છ પિપ્પલકગચ્છ એવા નામથી જાહેર થયો. એટલે તે ગચ્છની ગાદી થરાદને બદલે પિપ્પલક નગરમાં સ્થપાઈ ત્યારે પિપ્પલક જૈન તીર્થ હતું.
(વિશેષ પરિચય માટે જૂઓ, પ્રક. ૩૭, પૃ. ૨૦૯)

મડાહડાગચ્છ – થારાપદ્રગચ્છના સંવિજ્ઞવિહારી આ૦ ચક્રેશ્વરસૂરિ મડારના હતા. તેમનાથી સં. ૧૧૯૪માં આ ગચ્છ નીકળ્યો. (જૂઓ, પ્રક. ૩૭, પૃ. ૨૦૫)

શ્રીમાલીગચ્છ – આ૦ જિનદત્તસૂરિથી સં. ૧૨૦૪માં ખરતરગચ્છ નીકળ્યો. તેમાંથી સં. ૧૩૩૧માં પાલનપુરથી 'ઓસવાલગચ્છ' અને 'શ્રીમાલીગચ્છ' એમ બે શાખાઓ જુદી પડી હતી. (જૂઓ, પ્રક. ૪૦, પૃ. ૩૬૫, ૩૬૮)

વૃદ્ધતપા – વડગચ્છના આ૦ જગચ્ચંદ્રસૂરિએ મોટું તપ કર્યું, તેમનાથી સં. ૧૨૮૫માં આહડમાં વડગચ્છનું નામ 'તપાગચ્છ' પડ્યું. એ તપાગચ્છના આચાર્યોની નિશ્રામાં જુદા જુદા ગચ્છના આચાર્યોએ ક્રિયોદ્ધાર કર્યો. તેઓથી નાગોરીતપા, ખરાતપા, કૃષ્ણર્ષિતપા વગેરે ગચ્છો બન્યા. આ૦ જગચ્ચંદ્રસૂરિના શિષ્યોથી સં. ૧૩૧૯માં ખંભાતમાં (૧) લઘુ પોષાળ અને (૨) વૃદ્ધ પોષાળ એમ બે શાખાઓ ચાલી. (જૂઓ, પ્રક. ૪૪-૪૫)

આ ઉપરાંત બીજી પણ સોમશાખા, કમલકલશા, કુતુબપુરા વગેરે શાખાઓ નીકળી છે. (પ્રક. ૪૪ થી ૫૮)

તેર ગચ્છોનું એકમ – તપાગચ્છ પ્રાચીન ગચ્છોની સામાચારીને સર્વ રીતે વફાદાર રહ્યો છે. આથી એક સામાચારીવાલા પ્રાચીન અને સમકાલીન ૧૩ ગચ્છોની ગાદી તપાગચ્છના (૬૦મા) ભટ્ટારક આ૦ વિજયદેવસૂરિગચ્છને આપી છે અને તે તે ગચ્છના જૈનો તપાગચ્છમાં દાખલ થયા છે. તેનાં નામ કોટિક-ગચ્છ, ચંદ્રગચ્છ, ચિત્રોડાગચ્છ, વડગચ્છ, ઉપકેશગચ્છ, કોરંટાગચ્છ, સાંડેરક-ગચ્છ,મલધારગચ્છ, કમલકલશા, કતકપુરા, કજ્જપુરા, ચઉદ્દશીયા તપાગચ્છ છે.
(જૂઓ 'તપગચ્છ શ્રમણવંશવૃક્ષ' પૃ. ૩૯; પ્રક. ૪૧, પૃ. ૪૬૮)

મોઢગચ્છ – આ૦ બપ્પભટ્ટિસૂરિની ગાદી મોઢેરામાં હતી. તેમની પરંપરા મોઢગચ્છ નામે હતી. (જૂઓ પ્રક. ૩૨, પૃ. ૪૩૨.) રાજગચ્છના આ૦ પ્રદ્યુમ્ને સં. ૧૩૨૫માં મોઢગચ્છના આ૦ હરિપ્રભસૂરિની વિનતિથી 'કાલિકાચાર્ય કથા' બનાવી. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૧૭)

નાગરગચ્છ – જૈન મહાજનની ૮૪ જ્ઞાતિઓ છે, તેમાં **નાગર** પણ એક જ્ઞાતિ છે. તે જ્ઞાતિવાળા વડનગર, વીસનગર, મેત્રાણા અને સિદ્ધપુરના પ્રદેશમાં

વસતા હતા. તેઓ વૃદ્ધ તપાગચ્છ અને અંચલગચ્છના જૈન હતા; પણ ગૂજરાતમાં વલ્લભ સંપ્રદાય આવ્યો ત્યારે તેણે શરૂઆતમાં થોડા નાગરોને વૈષ્ણવ બનાવ્યા. ધીમે ધીમે વૈષ્ણવો વધ્યા. તેઓએ એકતા કરી, જૈનો પર કન્યાની લેવડદેવડ અંગે દબાણ મૂક્યું એટલે જૈનો એકદમ ઘટી ગયા. નાગર જૈનોએ અમદાવાદની સમગ્ર જ્ઞાતિ વચ્ચે આજીજી કરી કે અમે જૈન છીએ, અમને જ્ઞાતિમાં મેળવીને બચાવી લો. તપાગચ્છાધિરાજ પૂ. **મૂલચંદજી** ગણિવર, સાગરગચ્છના શ્રીપૂજ ભ૦ શાંતિસાગર, શેઠ પ્રેમાભાઈ વગેરે તેઓને મેળવી લેવા સમ્મત હતા પણ અમદાવાદના જ્ઞાતિના ઠેકેદારો ધર્મપ્રેમી હોવા છતાં તેઓએ જ્ઞાતિપ્રેમને વધુ વજન આપ્યું. એનું પરિણામ એ આવ્યું કે નાગરોએ વિક્રમની વીશમી સદીના મધ્યકાળમાં જૈનધર્મ છોડ્યો અને સૌ વૈષ્ણવ બની ગયા. નાગરો નાગરગચ્છના જૈનાચાર્યોના શ્રાવકો હતા. શિલાલેખમાં નાગરગચ્છનો ઉલ્લેખ મળે છે– નાગરગચ્છના આ૦ પ્રદ્યુમ્નસૂરિ (સં. ૧૩૦૯ થી ૧૩૯૪)એ સં. ૧૩૦૯ના વૈશાખ સુદિ ૩ ને બુધવારે બ્રહ્માણગચ્છના શ્રાવકોએ ભરાવેલી ભ૦ શાંતિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. સં. ૧૩૨૨ના વૈશાખ વદિ ૭ ને બુધવારે ભ૦ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી વગેરે.

નાગરગચ્છનું બીજું નામ 'વડનગરગચ્છ' હતું. મેત્રાણા એ મધ્યકાળમાં નાગરગચ્છનું જૈન તીર્થ હતું.

૧ – નાગરવંશ : ગુજરાતનું **કાવી તીર્થ** પણ નાગર જૈનોએ સ્થાપન કરેલું છે. તેની વંશાવલી આ પ્રકારે મળે છે –

" गूर्जरमण्डलमण्डनमभयं वडनगरमस्ति तत्रासीत् ।
नागरलघुशाखायां भद्रसियाणालघुगोत्रे ॥ "

(૧) ગાંધી દેપાલ શાહ – તે વડનગરમાં રહેતો હતો. તે નાગર જ્ઞાતિ, દશા શાખા અને ભદ્રસિયાણા ગોત્રનો વ્યાપારી હતો અને ધર્મપ્રેમી હતો.

(૨) અલુઓ.

(૩) **લાડકચંદ્ર** – તેને પત્ની નામે પત્ની હતી અને બાડુક (બાહુઆ) તથા ગંગાધર એમ બે પુત્રો હતા.

(૪) **બાડુક** – તે નાગર વ્યાપારીઓ સાથે વડનગરથી નીકળી ખંભાતમાં આવીને વસ્યો. તે જગદ્‌ગુરુ આ૦ **શ્રીહીરવિજયસૂરિ**ના ઉપદેશથી દ્રઢ જૈન બન્યો અને પરિવાર તેમજ ધનથી સંપન્ન થયો. તેને પોપટી અને હીરા નામે બે પત્નીઓ હતી અને ત્રણ પુત્રો હતા. પોપટીથી કુંવરજી અને હીરાથી ધર્મદાસ તથા વીરદાસ નામે પુત્રો હતા. **બાડુકે** કાવીમાં જૂના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવતાં પૂર્વ તથા પશ્ચિમમાં ૯૦ ફૂટ અને ઉત્તર-દક્ષિણમાં ૬૧ ફૂટ પરિમાણ ભૂમિમાં બાવન જિનાલયવાળો ભ૦ ઋષભદેવનો **સર્વજિતપ્રાસાદ** કરાવ્યો. આ૦ વિજયસેનસૂરિએ

જગદ્‌ગુરુની આજ્ઞાથી સં. ૧૬૪૯ ના માગસર શુદિ ૩ના રોજ ખંભાતથી લાહોર તરફ વિહાર કર્યો અને શેઠ બાહુકે પોતાના ત્રણ પુત્રોને સાથે રાખી આચાર્યશ્રીના વાસક્ષેપથી તેમના શિષ્યોના હાથે સં. ૧૬૪૯ ના માહ સુદિ ૧૩ ને સોમવારે **સર્વજિતપ્રાસાદ**ની પ્રતિષ્ઠા કરાવી અને તેમાં પહેલાં અંજનશલાકા કરેલા પ્રાચીન ભ૦ ઋષભદેવ તથા ભ૦ મહાવીરસ્વામીનાં બિંબોની પ્રતિષ્ઠા કરાવી.

આ સર્વજિતપ્રાસાદ ભવ્ય અને વિશાળ હતો પણ તેનો દરવાજો નાનો હતો. મુસલમાની ઘાડાંઓથી જિનાલયોને બચાવવાને માટે એ સમયમાં દરવાજો નાનો બનાવવાની પ્રવૃત્તિ હતી. સંભવ છે કે, શેઠ બાહુક સં. ૧૬૫૫ લગભગમાં મરણ પામ્યો હોય, કેમકે તેમના ત્રણે પુત્રોએ સં. ૧૬૫૬ ના વૈશાખ સુદિ ૭ ને બુધવારે તે જ મંદિરમાં આ૦ વિજયસેનસૂરિના હાથે ભ૦ ઋષભદેવની ચરણપાદુકાની પ્રતિષ્ઠા કરાવી હતી. (પ્રાચીન જૈનલેખસંગ્રહ, ભા. ૨, લેખાંક : ૪૫૧)

(૫) ગાંધી કુંઅરજી – તેને તેજલદે નામે પત્ની હતી અને કાનજી નામે પુત્ર હતો. શેઠ કુંઅરજીએ કાવી તીર્થમાં બીજું વિશાળ મંદિર બંધાવ્યું છે. કવિરાજ કવિબહાદુર **દીપવિજયજી**એ એ મંદિરનો ઇતિહાસ આપતાં જણાવ્યું છે કે, તેજલદેના શરીરનો બાંધો ઊંચો હતો. સર્વજિતપ્રાસાદમાં પ્રવેશ કરતાં તેનું મસ્તક દરવાજાના ઉત્તરંગ સાથે અથડાયું ત્યારે તે તેની સાસુને કહેવા લાગીઃ 'સાસુજી ! દેરાસર તો ભવ્ય બંધાવ્યું પણ દરવાજો નાનો બનાવ્યો.' ત્યારે હીરાદેએ મેણું માર્યું કે, 'એવી વાત છે તે તું એવું દેરાસર બંધાવજે.' તેજલદેએ આ વાતની ગાંઠ વાળી કે હું મોટા દ વાજાવાળું દેરાસર બંધાવીશ.

આ ઘટના સાચી હો કે કલ્પિત ા પણ એ ચોક્કસ વાત છે કે, પિતા-પુત્રે પોતાની જાતમહેનતની કમાણીી કાવીમાં સાથે સાથે બે દેરાસર બંધાવ્યાં. ત્યાંના શિલાલેખથી સ્પષ્ટ થાય છે કે, શેઠ કુંઅરજી ગાંધીએ સં. ૧૬૫૪ના શ્રાવણ વદિ ૯ ને શનિવારે બાવન દેરીઓવાળો 'રત્નતિલક' નામે પ્રાસાદ બંધાવી પ્રતિષ્ઠા કરાવી.[1]

આ૦ વિજયસેનસૂરિએ સં. ૧૬૫૫ના માગશર સુદિ ૫ ને ગુરુવારે અમદાવાદના શકંદરપરામાં શેઠ લહુઆ દ્વારા ભ૦ શાંતિનાથની પ્રતિમાનો અંજનશલાકા મહોત્સવ કરાવ્યો, તેમાં શેઠ કુંઅરજીની ભ૦ ધર્મનાથની પ્રતિમાની અંજનશલાકા કરાવી અને મુનિ **વિદ્યાવિજય** તેમજ મુનિ મેઘવિજયને પંન્યાસ-પદવી આપી. શેઠ કુંઅરજીએ ભ૦ ધર્મનાથની પ્રતિમાનો **રત્નતિલક** પ્રાસાદમાં

---

૧. અમદાવાદના સંઘપતિ સહજપાલનો પુત્ર સં૦ કુંઅરજી થયો હતો, તે આ ગાંધી કુંઅરજીથી જૂદો હતો.

સં૦ કુંઅરજીએ સં. ૧૬૨૮માં 'કલ્પકિરણાવલી'ની સેંકડો પ્રત લખાવી હતી. (જૂઓ, પ્રક. ૫૫, મહો૦ ધર્મસાગરગણિ પરિચય)

પ્રવેશ કરાવ્યો. આ૦ વિજયસેનસૂરિ ખંભાત પધાર્યા ત્યારે ત્યાં શેઠ **શ્રીમલ્લે** અઠ્ઠાઈમહોત્સવ કર્યો, તેમાં આ૦ વિજયસેનસૂરિએ સં. ૧૬૫૬ના વૈશાખ સુદિ ૪ સોમવારે પં૦ **વિદ્યાવિજયને** આચાર્ય બનાવી **શ્રીવિજયદેવસૂરિ** નામ આપ્યું ને પોતાની પાટે સ્થાપન કર્યા. તેમજ ઠક્કુર **કીકા**એ અઠ્ઠાઈમહોત્સવ કરાવ્યો. તેમાં આ૦ વિજયસેનસૂરિએ ઠ૦ કીકાની ભ૦ નેમિનાથની પંચતીર્થી, મોઢ કાનબાઈની ભ૦ પાર્શ્વનાથની પંચતીર્થી અને શેઠ કુંઅરજી ગાંધી વગેરે ત્રણ ભાઈઓએ બનાવેલી ભ૦ ઋષભદેવની ચરણપાદુકાની અંજનશલાકા કરાવી હતી. તેમજ ગાંધી કુંઅરજીએ પોતાની પત્ની તેજલદે તથા પોતાના પુત્ર કાનજીના નામથી ભ૦ ધર્મનાથનું પરિકર, ભ૦ શાંતિનાથ અને ભ૦ સંભવનાથની પ્રતિમાની અંજનશલાકા કરાવી હતી.

આ બંને જિનપ્રાસાદોમાં શિલાલેખો તથા પ્રતિમાજી ઉપરના લેખો વિદ્યમાન છે. સૌમાં પ્રતિષ્ઠાપક તરીકે આ૦ વિજયસેનસૂરિનું નામ છે. વિશેષતા એ છે કે, આચાર્યશ્રીના વાસક્ષેપથી તેમના શિષ્યોએ પ્રતિષ્ઠા કરી અને તેમાં તે આચાર્યને નમસ્કાર પણ કર્યા અને પ્રતિષ્ઠાપક તરીકે તે જ આચાર્યને બતાવ્યા. પ્રતિષ્ઠાનો આવો નિયમ હોય છે.

(૬) **ગાંધી કાનજી** – ભ૦ ધર્મનાથના પરિકરમાં તેનું નામ મળે છે. એટલે કે ગુજરાતના કાવી બંદર પાસે એક માઈલ દૂર કાવી ગામ છે, જેનું પ્રાચીન નામ કંકાવતી હતું. ત્યાં આજે ભ૦ ઋષભદેવ અને ભ૦ ધર્મનાથનાં બે ગગનચુંબી વિશાળ મંદિરો ઊભાં છે, જે નાગર જૈનોની કીર્તિ ગાઈ રહ્યાં છે.

૨ – નાગરવંશ :

(૧) **બાહડ** – તે ધર્મપ્રેમી હતો.

(૨) **આનંદ** – તેણે **પીલ્લહિકા** (પીલવાઈ) ગામમાં જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યો. તેને **અનુપમા** નામે પત્ની હતી અને ૧. ધાંધા, ૨. રતનો, ૩. જગતસિંહ નામે પુત્રો હતા.

(૩) **જગતસિંહ** – તે ન્યાયી, દાની અને દેવ-ગુરુનો પૂજક હતો. તેણે 'પર્યુષણાકલ્પ' પુસ્તિકા લખાવી. (૩-નાદીનાગર, પૃ. ૭૨૨)

(જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્રશસ્તિ : ૯૯)

દીશાપાલ (દીસાવાલ) વંશ :

જેમ **વડનગર**થી નાગરગચ્છ અને નાગરજ્ઞાતિ નીકળ્યાં તેમ **ડીસાનગર**થી દીશાપાલ જ્ઞાતિ નીકળી, તેનું બીજું નામ દીસાવાલ પણ છે. તેનું વર્ણન આ પ્રકારે મળે છે –

" अस्ति विस्तारवानुर्व्यामच्युतश्रीसमाश्रयः ।
न दीनसत्त्वसंपूर्णो दीशावालान्वयार्णवः ॥ "

દીસાવાલ જ્ઞાતિમાં અનુક્રમે શેઠ ૧ દેઉક, ૨ વીલ્હા, ૩. વીરો થયા. વીરાને જયંત, તુહુણ અને જાલ્હણ નામે ત્રણ ભાઈ હતા. **વીરા**એ જયંતના મરણ પછી તપાગચ્છના આદ્ય આચાર્ય શ્રીજગચ્ચંદ્રસૂરિના ઉપદેશથી સં. ૧૨૯૫ના ચૈત્ર સુદિ ૨ ને મંગળવારે પાટણમાં રાજા ભીમદેવ (બીજા)ના રાજ્યકાળમાં 'નાયાધમ્મકહાઓ' વગેરે છ અંગ ગ્રંથો લખાવ્યા તેમજ તેની ટીકાઓ પણ લખાવી. સં. ૧૨૯૭માં જંઘરાલ ગામમાં ભ૦ આદીશ્વરના દેરાસરમાં આ૦ દેવેન્દ્રસૂરિ પાસે તે ગ્રંથો વંચાવ્યા.

આ ઉલ્લેખથી સૂચન મળે છે કે, દીશાવાલો તપાગચ્છીય જૈનો હતા.

(જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્ર. ૨૬; પ્રક. ૪૪, ૪૫)

જ્ઞાતિ–શાખાવંશો

'વિમલચરિત્ર' તથા 'વિમલપ્રબંધ'માં વાણિયાની ૮૪ જ્ઞાતિઓ બતાવી છે. તે સમયે તે સૌ જ્ઞાતિવાળા જૈન હતા. ત્યાર પછી શ્વેતાંબર જૈન, દિગંબર જૈન અને માહેશ્વરી કે વૈષ્ણવ ધર્મમાં તે વહેંચાઈ ગયા. આ દરેક જ્ઞાતિઓમાં શાખા જ્ઞાતિઓ ઘણી નીકળી છે. જેમ કે –

૧. **ઓસવાલ** – તેમાં આશરે ૫૦૦ જેટલાં ગોત્રો છે. તેમાં એક ગોત્ર શ્રીમાલી નામનું પણ છે.

૨. **શ્રીમાલી** – શ્રીમાલી, લાડવા શ્રીમાલી, ધર્કટ,[1] ગૂર્જર, ભણસાળી વગેરે શ્રીમાલી જ્ઞાતિના શાખાવંશો છે. આજે મોટે ભાગે વીશા શ્રીમાલીઓ મૂર્તિપૂજક જૈનો છે.

૩. **પોરવાડ** – પોરવાડ, સોરઠિયા, કપોળ, કંડોલિયા, મારુ વગેરે પોરવાડ જ્ઞાતિના વંશો છે, પોરવાડ જ્ઞાતિ માટે ઉલ્લેખ મળે છે કે –

" सप्तदुर्गप्रदानेन गुणसप्तकरोपणात् ।
पुटसप्तकवन्तोऽमी प्राग्वाट इति विश्रुताः ॥६५॥
आद्यं प्रतिज्ञानिर्वाहो द्वितीयं प्रकृतिः स्थिरा ।
तृतीयं प्रौढवचनं चतुःप्रज्ञाप्रकर्षवान् ॥६६॥

---

१. **શ્રીમાલીવંશ** (ધર્કટ) –

"श्रीमाला चलमौलिमूलमिलितत्रैलोक्यसुश्लाघितः ।
वंशोऽस्ति सदौषधिनिधिः श्रीधर्कटानां प्रभुः ॥"

(શ્રીપ્રશસ્તિસંગ્રહ, ભા. ૨, પ્ર. ૧૬, પૃ. ૧૨; પ્ર. ૨, પૃ. ૨)

એટલે કે ધર્કટવંશ તે શ્રીમાલીજ્ઞાતિનો શાખાવંશ છે, આ વંશમાં મહામાત્ય શાન્તુ, વિમલ શાહ, કવિ યશશ્ચંદ્ર, દુઃશાધ્યવંશનો શેઠ જગતસિંહ વગેરે થયા હતા.

(જૂઓ, પ્રક. ૩૭, પૃ. ....; પ્રક. ૪૧, પૃ. ૫૧૩, ૫૨૨; પ્રક. ૪૫)

પઞ્ચમં ચ પ્રપઞ્ચજ્ઞઃ ષષ્ઠં પ્રબલમાનસમ્ ।
સપ્તમં પ્રભુતાકાઙ્ક્ષી પ્રાગ્વાટે પુટસપ્તકમ્ ॥૬૭॥ " (વિમલચરિત્ર)

" ततो राजप्रासादात् समीपपुरनिवासतो वणिजः
प्राग्वाटनामानो बभूवुः ॥ तेषां भेदत्रयम्–

आदौ शुद्धप्राग्वाटाः द्वितीयाः सुराष्ट्रे गताः केचित् सौराष्ट्रप्राग्वाटाः तदवशिष्टाः कुण्डलमहास्थाननिवासतोऽपि कुण्डलप्राग्वाटा बभूवुः ॥ "

સોરઠગચ્છ – સોલંકીયુગમાં શ્રીમાલી અને પોરવાડો ભિન્નમાલથી નીકળી પાટણ આવ્યા, તેમ સૌરાષ્ટ્રમાં પણ જઈને વસ્યા. ૮૪ જ્ઞાતિઓમાં શ્રીમાલી અને પોરવાડો એ બે મોટી જ્ઞાતિઓ છે અને તે જૈનધર્મ પાળતી રહી છે.

કપોળ સોરઠિયા અને કંડોલિયા એ પોરવાડ જ્ઞાતિની શાખાઓ છે. કપોળ શબ્દમાં પણ પ્રજ્ઞાપ્રકર્ષઃ પ્રાગ્વાટે એવો ધ્વનિ મળી આવે છે. કપોળ અને સોરઠિયા એ બંને જ્ઞાતિવાળા સૌરાષ્ટ્રના દક્ષિણ-પૂર્વ વિભાગમાં પથરાયેલા છે. તેઓ મધ્યકાળમાં મોટા વહાણવટી વેપારીઓ હતા. રાજા કુમારપાલે શત્રુંજય તીર્થનો સંઘ કાઢેલો તેમાં મહુવાના **જગડશા** સોરઠિયાએ બહુ નામના મેળવી હતી. (પ્રક. ૪૧, પૃ. ૫૧૭)

પ્રાચીન કાળમાં પણ આર્ય **સુહસ્તિસૂરિ**ના ૯મા પટ્ટધર આ૦ **ઋષિગુપ્ત**ના શિષ્યોની ચાર શાખાઓમાં **સોરઠિયા** શાખા પણ મળી આવે છે. (પ્રક. ૮, પૃ. ૧૪૭.) આ સોરઠગચ્છ તેનાથી જુદો છે.

સોરઠિયા જૈનો સોરઠિયાગચ્છના જૈનાચાર્યોના શ્રાવકો હતા. આ ગચ્છનું નામ 'જૈન ગૂર્જર કવિઓ' ભા. ૩, પૃ. ૫૪૩ વગેરેમાં મળે છે પણ ગચ્છ વિશે વિશેષ હકીકત કંઈ જ મળતી નથી. આ બંને જ્ઞાતિઓ વૈષ્ણવાચાર્યના પ્રયત્ન અને દબાણથી ધીરે ધીરે વૈષ્ણવ બની ગઈ છે. એ બંને જ્ઞાતિઓએ ભરાવેલી જિનપ્રતિમાઓ તે તે પ્રદેશના જિનાલયોમાં આજે પણ વિદ્યમાન છે.

વળામાં એભલ રાજા હતો ત્યારે ત્યાં કંડોળિયા વાણિયાની મોટી વસતી હતી. ત્યાં એક લગ્નમાં કંડોળિયા વાણિયા અને તેના ગોર બ્રાહ્મણો વચ્ચે મોટો ઝગડો થયો. પરિણામે રાજાએ બ્રાહ્મણોને જીદ્દી માની મારી નંખાવ્યા. રાણપુરના રાણજી ગોહિલે સં.....માં આ બ્રહ્મઘાતના બાનાથી રાજા એભલને મારી વળા જીતી લીધું. (જૂઓ, પ્રક. ૪૪)

એટલે **પોરવાડ** – ૧. પોરવાડ, ૨. સોરઠિયા અને ૩. કંડોલિયા-કપોળ એમ ત્રણ પ્રકારે છે. 'અરડકમલ્લ' એ ઓસવાલોનું બિરુદ છે, તેમ 'પ્રગટમલ્લ' એ પોરવાડોનું બિરુદ છે. (-મણિભાઈ બકોરભાઈ વ્યાસકૃત શ્રીમાલીઓના જ્ઞાતિભેદ, પૃ. ૧૦૬, ૧૦૭)

લાડવા શ્રીમાલી જ્ઞાતિ – મુસલમાની સેનાએ સં. ૧૧૭૧માં ભિન્નમાલ ભાંગ્યું ત્યારે ત્યાંથી જે નીકળ્યા તે શ્રીમાલી તથા પોરવાડ કહેવાયા. તેમાંના મહી નદી અને રાંદેરની વચ્ચેના લાટ પ્રદેશમાં આવી વસ્યા તે **લાડવા શ્રીમાલી** કહેવાયા. લાડવા શ્રીમાલી અસલમાં જૈન હતા. તેઓ લાટમાં જુદા જુદા સ્થાનના અધિકારી હતા પરંતુ ગૂર્જરેશ્વર કુમારપાલને રાજા થતાં પહેલા લાડવા શ્રીમાલીની જાન તરફથી એક કડવો અનુભવ થયો. તેથી તેણે રાજા બન્યા પછી લાડવાઓને અધિકારમાં રાખ્યા નહીં. લાટના દંડનાયક **વોસિરિ**એ પણ લાડવાઓ પ્રત્યે સખ્તાઈભર્યું વર્તન ચલાવ્યું. પરિણામે લાડવા શ્રીમાલી ગુજરાત રાજ્યમાં અધિકારપદે રહ્યા નહીં. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૮૬)

મહો૦ ભાનુચંદ્ર ગણિવરના શિષ્ય ખુશ્ફહમ મહો૦ **સિદ્ધિચંદ્રગણિ**ના એક જીવનપ્રસંગથી આપણને જાણવા મળે છે કે બુરહાનપુરમાં ૩૨ ચોરોને મારવાના હતા તે સૌને તેમણે અકબરની સમ્મતિ મેળવી ત્યાં જઈને બચાવ્યા અને એ જ રીતે **જયદાસ જપા** લાડવા શ્રીમાળીને હાથીના પગે કચડી મારી નાખવાનો હતો, તેને પણ બચાવ્યો. જયદાસ જપાએ ઉપાધ્યાય સિદ્ધિચંદ્ર ગણિના ઉપદેશથી બુરહાનપુરમાં મોટો જિનપ્રાસાદ બનાવ્યો.

(-સૂરીશ્વર ઔર સમ્રાટ, પ્ર. ૫૫, પૃ. ૧૫૭)

બીજા ઉલ્લેખો ઉપરથી એ પણ જાણવા મળે છે કે લાડવા શ્રીમાલી તે તપાગચ્છના આ૦ સુમતિસાધુસૂરિ, આ૦ હેમવિમલસૂરિ, આ૦ વિજયસેનસૂરિ, આ૦ વિજયદેવસૂરિ, આ૦ વિજયતિલકસૂરિ, આ૦ વિજયાણંદસૂરિ વગેરેના શ્રાવકો હતા. લાડવા શ્રીમાલીઓએ તેઓની પાસે જિનાલયોની પ્રતિષ્ઠાઓ કરાવી અને તેઓના ઉપદેશથી જૈન ગ્રંથો લખાવ્યા છે.

(-મણિલાલ બકોરભાઈ વ્યાસકૃત શ્રીમાલીઓનો જ્ઞાતિભેદ, પૃ. ૨૧૪ થી ૨૨૧)

ગૂર્જર – તે અસલમાં ભિન્નમાલથી નીકળેલા શ્રીમાલી હતા. ભિન્નમાલ અને પંચાસરની વચ્ચેનો ભૂમિભાગ તે સમયે **ગૂજરાત** કહેવાતો હતો. તે શ્રીમાલીઓ શરૂઆતમાં ત્યાં આવી વસ્યા અને પછી અમદાવાદ, ગુજરાત, સૌરાષ્ટ્ર તથા કચ્છમાં ફેલાયા તે 'ગૂર્જર શ્રીમાલી' કહેવાયા.

અમદાવાદમાં મહમ્મદ બેગડા (સં. ૧૫૧૬ થી ૧૫૭૦)નો દીવાન **સુંદરજી** તથા **ગદરાજ** વગેરે ગૂર્જર શ્રીમાલી હતા. તેઓએ સોજિત્રા, અમદાવાદ, આબૂ તીર્થમાં જિનપ્રાસાદો અને જીર્ણોદ્ધારો કરાવ્યા હતા, ગ્રંથભંડારો સ્થાપ્યા હતા. (જૂઓ, પ્રક. ૩૭, પૃ. ૨૪૭)

ગૂર્જર શ્રીમાલી – વિક્રમની ૧૨મી શતાબ્દીમાં બંભણવાડુ પાટણમાં ગૂર્જર શ્રીમાલી જૈનોનાં ઘણાં ઘરો હતાં. તેઓ મલધારગચ્છના આ૦ **અમૃતચંદ્રસૂરિ**ના

શ્રાવકો હતા. ત્યાંના વતની સિદ્ધસારસ્વત મહાકવિ **સિંહે** 'પજ્જુન્નકહા' અપભ્રંશ ભાષામાં બનાવી હતી. (જૂઓ, પ્રક. ૩૮, પૃ. ૨૮૦)

ગૂર્જરવંશના કોશાધિપતિ **દેવપ્રસાદ**ના વંશમાં બાલપ્રસાદ, પેથડ વગેરે થયા. (જૈ.પુ.પ્ર.સં., પ્રશ. ૫૩)

રાજગચ્છના આ૦ મુનિરત્ને સં. ૧૨૫૨માં પાટણમાં 'અમમચરિત્ર' બનાવ્યું. તેની પહેલી પ્રતિ ગૂર્જરવંશના પં૦ સાગરચંદ્રે લખી હતી. (જૂઓ, પ્રક. ૩૨, પૃ. ૪૨૭)


ગૂર્જરવંશના શેઠ સોમ, શોભનદેવ, મહણસિંહ વગેરે ખરતરગચ્છના આ૦ જિનપ્રભસૂરિ તથા તપાગચ્છના આ૦ સોમતિલકસૂરિ વગેરેના ઉપાસક જૈનો હતા. (જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્રશસ્તિ : ૧૭)

ભણશાલી ગૂર્જર – ભણશાલી તે ગૂર્જર શ્રીમાલી જ્ઞાતિની શાખા છે. શ્રીમાલી વૈરસિંહ ભણશાલીએ ચંદ્રગચ્છના આચાર્યને 'સમરાદિત્યચરિત' લખાવી વહોરાવ્યું. (જૈ.પુ.પ્ર.સં., પ્રશસ્તિ : ૫૮)

નેણા ભણશાલી શ્રીમાલીના વંશમાં કવિવર મંડન વગેરે થયા.

ગૂર્જર શ્રીમાલી લલ્લ ભણશાળી થયો. જેનો મોટો વંશ ચાલ્યો છે –

લલ્લ ભણશાલી ગૂર્જર શ્રીમાલ (લલ્લિકા)



લલ્લવંશના ઠ૦ આબંડ તથા ઠ૦ પાલ્હણે આ૦ વર્ધમાનસૂરિરચિત 'ઋષભદેવચરિત' લખાવ્યું (જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્રશસ્તિ : ૨૪)

સંભવે છે કે, ૭૦ આંબડ, ૭૦ પાલ્હણ **ટીંબાણા**ના હશે, તે સં. ૧૩૦૬માં થયા હશે. (પ્રક. ૪૫)

મહો૦ સોમવિજય ગણિ અને મહો૦ કીર્તિવિજય ગણિએ જગદ્‌ગુરુ આ૦ હીરવિજયસૂરિ પાસે દીક્ષા લીધી ત્યારે તેઓની સાથે શા૦ **વચ્છરાજ** ભણશાલીએ પણ દીક્ષા લીધી હતી.

જગદ્‌ગુરુ આ૦ હીરવિજયસૂરિ સં. ૧૬૫૨માં ઉનામાં ચોમાસું હતા, ત્યારે જામનગરનો દીવાન **અબજી** ભણશાલી તેમને વાંદવા ઉના ગયો હતો. તેણે ત્યાં આચાર્યદેવ તથા સાથેના સૌ મુનિવરોની સોનામહોરથી પૂજા કરી હતી. (પ્રક. ૫૮, પૃ. ....)

અંચલગચ્છના આ૦ ધર્મમૂર્તિસૂરિ (સં. ૧૬૦૨ થી ૧૬૨૯)ના ઉપદેશથી દીવબંદરના શા૦ નાનચંદ ભણશાલીએ ભ૦ શીતલનાથની પોખરાજ રત્નની પ્રતિમા ભરાવી હતી. (પ્રક. ૪૦, પૃ. ૪૨૦)

કચ્છમાં ગૂર્જર જૈનો, ગૂર્જર બ્રાહ્મણ, ગૂર્જર સુતાર તથા ભણશાલી જૈનોની વસતી મોટા પ્રમાણમાં છે.

દિલ્હીમાં લાલા માહુમલજી ભણશાલી ધર્મપ્રેમી જૈન હતા. દિલ્હીનું પાર્શ્વનાથ ભગવાનનું જિનાલય તથા કુતુબની મોટી દાદાવાડીનો વહીવટ હાલ તેમના વંશજો કરે છે.

ગોઠી – મધ્યકાળમાં જિનાલયની સારસંભાર કરનાર મિત્રમંડળી બનતી હતી. આ મંડળીના સભાસદો **ગોઠી** કહેવાતા હતા. ગોઠીઓ જૈનસંઘમાં ઉત્તમ શ્રાવકો મનાતા હતા. આથી જ આચાર્યોએ મોટી શાન્તિના સ્તોત્રમાં 'ગોષ્ઠિકાનાં શાન્તિર્ભવતુ' કહીને તેઓ માટે શાન્તિની કામના કરી છે.

સંભવ છે કે, ઓસવાલ, શ્રીમાલી, પોરવાડ એ સૌ જ્ઞાતિમાં અને સૌ ગચ્છોમાં **ગોઠી ગોત્ર** બન્યાં હશે. તેઓ વહીવટદારો જ હતા.

ઇતિહાસમાં હુંડાપદ્રની ગોઠી જ્ઞાતિનો ઉલ્લેખ મળે છે.

(જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૧૭, પ્રક. ૪૨, પૃ. ૫૨૮)

આજે ભરતપુર, શિવગંજ વગેરે સ્થાને ગોઠી ગોત્રના જૈનો છે. અત્યારે જૈનો અજૈનોને ગોઠી બનાવે છે, તેથી જૈનધર્મ, જિનાલય, જૈનતીર્થોને નુકસાન થયું છે. દિગમ્બરના જિનાલયોમાં જૈન ગોઠી હોય છે તે પ્રશસ્ત વસ્તુ છે, તેથી એ સમાજને લાભ થયો છે.

પલ્લીવાલ – સં. ૧૨૦૭માં પાલી નગર ભાંગ્યું અને ત્યાંના નાગરિકો બહાર ચાલ્યા ગયા તે 'પલ્લીવાલ' કહેવાયા. આ ભંગમાં 'પંચાશક' ખંડિત થયું, જેને આ૦ જિનદત્તસૂરિના શિષ્ય સ્થિરચંદ્રે વ્યવસ્થિત કર્યું.

(જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પુષ્પિકા ૫૯)

ત્યાર બાદ શાહબુદ્દીન ઘોરીએ સં. ૧૨૩૪ કે સં. ૧૨૫૪માં પાલી ભાંગ્યું લાગે છે. (જૂઓ પ્રક. ૩૫, પૃ. ૩૯, ૪૫)

નાગરવંશ – નાગરવંશની એક શાખા **નાદીનાગર** હતી, જે પાટણમાં રહેતી હતી. (જૂઓ, શ્રીપ્રશસ્તિસંગ્રહ, ભા. ૨, પ્રશસ્તિ ૧૫૫)

જીરાવલા તીર્થ (સં. ૧૧૯૧) :

વરમાણના શેઠ **ધાંધલ** શ્રીમાલીની ગાય સેહિલી નદીકિનારે પહાડની ગુફામાં જઈ દૂધ ઝરી આવતી હતી. ભરવાડે તે વાત શેઠને જણાવી. શેઠે પણ ત્યાં જઈ એ વાત સાચી હોવાની ખાતરી કરી. શેઠને પણ તે જ રાત્રે સ્વપ્નમાં લીલા ઘોડા ઉપર બેઠેલા એક સુંદર પુરુષે આવીને કહ્યું કે, 'ત્યાં ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા છે, હું તેનો અધિષ્ઠાયક છું. એ પ્રતિમાની પૂજા-પ્રભાવના થાય તેમ કર.' શેઠે સવારે ત્યાં જઈ પ્રતિમાજીને બહાર કાઢી અને રથમાં બેસાડી. એ જ સમયે જીરાવલાના સંઘે ત્યાં આવીને જણાવ્યું કે, 'આ પ્રતિમાજી અમારા ગામની સીમમાંથી નીકળી છે, એટલે અમારી છે.' આ તકરાર મટાડવા નક્કી થયું કે, રથમાં એક બળદ વરમાણનો અને બીજો બળદ જીરાવલાનો એમ બે બળદ જોડવા. એ બળદો જે તરફ જાય તે સ્થળે પ્રતિમા લઈ જવાનો નિર્ણય થયો. બળદો તો જીરાવલા તરફ જ જવા લાગ્યા એટલે સૌએ માન્યું કે, અધિષ્ઠાયકની એવી ઇચ્છા લાગે છે.

પ્રતિમાજી જીરાવલામાં આવ્યાં અને ભ૦ મહાવીરસ્વામીના દેરાસરમાં તે પ્રતિમાને પધરાવ્યાં. તે પછી શ્રીસંઘે મોટું દેરાસર બંધાવી તેમાં વડગચ્છના આ૦ **અજિતદેવસૂરિ**ના હાથે સં. ૧૧૯૧માં તે પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. તે સમયથી એ **જીરાપલ્લી** પાર્શ્વનાથનું તીર્થ પ્રસિદ્ધિમાં આવ્યું અને મહિમા વધવા લાગ્યો.

એક વાર જાલોરના **મુસલમાનો**એ આ તીર્થને તોડવાનો ઈરાદો કર્યો પણ તેમાં તેઓ ફાવ્યા નહીં. આથી સાત શેખ-મોલવીઓ જૈન યતિનો વેષ ધારણ કરી મંદિરમાં આવ્યા. તેઓએ રાત્રે મંદિરમાં લોહી છાંટી તેને અપવિત્ર બનાવ્યું અને પ્રતિમાને તોડીને નવ ટુકડા કર્યા. આ કૃત્યથી તેઓ બેભાન થઈ નીચે પટકાઈ પડ્યા અને બહાર નીકળી શક્યા નહીં. સવારે પકડાઈ ગયા ત્યારે ત્યાંની જનતાએ તેઓને પકડીને મારી નાખ્યા.

આ ઘટનાથી સૌને દુઃખ થયું. શેઠે ઉપવાસ કર્યો અને દેવે રાત્રે સ્વપ્નમાં જણાવ્યું કે, 'તમે ખેદ ન કરો. ભાવિભાવ હોય તે જ બને છે. હવે દરવાજો બંધ કરીને નવ શેર લાપસી બનાવી તેમાં પ્રતિમાના નવે ટુકડા સાત દિવસ સુધી દાબી રાખજો.'

શ્રીસંઘે એ મુજબ કર્યું પણ સાતમે દિવસે જ ત્યાં એક છ'રી પાળતો યાત્રા સંઘ આવ્યો. તેના અતિ આગ્રહથી સાતમે દિવસે દરવાજો ખોલવામાં આવ્યો.

સૌએ પ્રભુના દર્શન કર્યા. પ્રતિમાના **નવ** અંગ જોડાઈ ગયાં હતાં, માત્ર રેખાઓ રહી હતી. એટલે એ ખાડાઓ કાયમ બની રહ્યા.

એ જ અરસામાં જાલોરના સૂબાને ત્યાં ભયાનક ઉપદ્રવ થયો. તેણે દીવાનના કહેવાથી જીરાવલા જઈને ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા સામે માથું મુંડાવી માફી માંગી એટલે તેને શાંતિ થઈ. ત્યારથી અહીં **માથું** મુંડાવવાનો રિવાજ શરૂ થયો; જે વિક્રમની સોળમી શતાબ્દી સુધી જારી હતો. સમય જતાં શ્રીસંઘે એ પ્રતિમાને ગાદીમાં ડાબી બાજુએ પધરાવ્યાં અને મૂળ ગાદીમાં દાદા **પાર્શ્વનાથ**ની બીજી પ્રતિમા સ્થાપન કરી.

આ તીર્થનો વહીવટ શેઠ ધાંધલના વંશજોના હાથમાં હતો. તેની ચૌદમી પેઢીએ થયેલા શેઠ **સીહડ** સં. ૧૫૦૩માં આ તીર્થના વહીવટદાર હતા.

ત્યાર બાદ શ્રીસંઘે જીરાવલા પાર્શ્વનાથ અને દાદા પાર્શ્વનાથ એ બંને પ્રતિમાઓને મુસલમાની હુમલાથી બચાવવા માટે ગભારાની બહાર ડાબી તરફની દીવાલના બે ગોખલાઓમાં વિરાજમાન કરેલી છે. આ ગોખલાઓ એવી રીતે બનેલા છે કે, હુમલો આવતાં જ એક પાટિયું ઢાંકીને પ્રતિમાજીની સહેજે રક્ષા કરી શકાય.

હવે શ્રીસંઘે મૂળનાયકના સ્થાને ભ૦ **નેમિનાથ**ને સ્થાપન કર્યા છે.

આ દેરાસરના અનેક જીર્ણોદ્ધારો થયા છે. મંત્રી **પેથડે** તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. પંદરમી શતાબ્દીમાં બૃહત્તપાગચ્છના આ૦ **રત્નસિંહ,** આ૦ **ભદ્રેશ્વર** સં. ૧૪૮૩, તપાગચ્છના આ૦ **જયચંદ્ર,** આ૦ જિનસુંદર, આ૦ ભુવનસુંદર સં. ૧૪૮૩, કૃષ્ણર્ષિગચ્છના તપાગચ્છીયાચાર્ય **પુણ્યપ્રભ,** આ૦ જયસિંહ, અંચલગચ્છના **આ૦ જયકીર્તિ,** પિપ્પલકગચ્છના આ૦ **ધર્મશેખર,** ધર્મઘોષ (રાજગચ્છ)ના આ૦ **મલયચંદ્ર,** આ૦ વિજયચંદ્ર વગેરેના ઉપદેશથી અલગ અલગ બાવન દેરીઓના જીર્ણોદ્ધારો થયા. આ૦ સોમસુંદરસૂરિના પરિવારના ઉપદેશથી આમાં ઘણા ઉદ્ધારો થયા.

હાલ વિક્રમની એકવીસમી શતાબ્દીમાં તેમાં જુદા જુદા ગામના તપગચ્છના સંઘની મદદથી એ તીર્થનો મોટો જીર્ણોદ્ધાર થયો છે.

આ તીર્થ ઘણું પ્રાભાવિક મનાય છે. અહીંની યાત્રા માટે અનેક આચાર્યો, યાત્રાસંઘો અને યાત્રિકો શરૂઆતથી તે આજ સુધી આવતા રહ્યા છે. કોઈ પણ સ્થાને જિનપ્રતિષ્ઠા હોય ત્યારે નવા દેરાસરમાં મૂળ મંત્ર તરીકે કેસરથી પ્રથમ 'ૐશ્રીજીરાવલાપાર્શ્વનાથાય નમઃ' એમ લખવામાં આવે છે.

આ૦ વાદિદેવસૂરિના શિષ્યો આ પ્રદેશમાં વિચરતા હતા; જેઓ 'જીરાવલાગચ્છ'ના નામથી ખ્યાતિ પામ્યા. (જૂઓ, પ્રક. ૪૧, પૃ. ૪૭૦)

જીરાવલા એ પહાડની વચમાં આવેલું ગામ છે. પ્રદેશ લીલોછમ છે. શોભનીય સ્થાન છે. આબૂ પહાડથી તે પશ્ચિમ દિશામાં છે. અહીંથી મડાર ૭ કોસ અને [1]વરમાણ ૪ કોસ દૂર છે. અણાદરાથી ૧૦ કોસ થાય છે. અહીં શ્રાવકોનાં દશ ઘર છે અને ઉપાશ્રય (ધર્મશાળા અને ભોજનશાળા પણ) છે.

બાવન જિનાલયવાળું આ તીર્થ મંદિર પહાડની તળેટીમાં વિદ્યમાન છે. મૂળ ગાદી ઉપર ભ૦ નેમિનાથની મૂર્તિ પ્રતિષ્ઠિત છે જ્યારે ગભારા બહાર ડાબી તરફની દીવાલના ખાંચાના બે ગોખમાં ભ૦ જીરાવલા પાર્શ્વનાથની અને દાદા પાર્શ્વનાથની એકસરખી બે નાની પ્રતિમાઓ વિરાજમાન છે.

પ્રથમ જગન્નાથપુરીમાં જીરાવલા પાર્શ્વનાથ હતા. સં. ૧૧૯૧થી જીરાપલ્લીમાં જીરાવલા પાર્શ્વનાથ છે. આજે આ તીર્થના આધારે ઘાણેરાવ, નાડલાઈ, નાડોલ, જોટાણા પાસેનું બલોલ, ઘાટકોપર (મુંબઈ) વગેરે અનેક સ્થાનોમાં જીરાવલા પાર્શ્વનાથની પ્રતિમાઓ બેસાડવામાં આવી છે.

(–ઉપદેશસપ્તતિકા, સં. ૧૫૦૩; વીરવંશાવલી;
જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૧૬૨ થી ૧૬૮)

ખરતરગચ્છના (૫૧) આ૦ જિનભદ્રના મહો૦ સિદ્ધાંતરુચિ તથા (૫૪) આ૦ જિનહંસ જીરાવલા પાર્શ્વનાથના મોટા ભક્ત હતા. (જૂઓ, પ્રક. ૪૧)

ફલોધિ પાર્શ્વનાથ તીર્થ (સં. ૧૧૯૯, સં. ૧૨૦૪) :

વડગચ્છના **આ૦ વાદિદેવસૂરિ**એ શાકંભરી તરફ વિહાર કર્યો ત્યારે **મેડતા**માં ચતુર્માસ વીતાવ્યું હતું અને ફલોધિમાં માસકલ્પ કર્યું હતું. તેઓ મેડતામાં હતા ત્યારે સં. ૧૧૯૯ના ફાગણ સુદિ ૧૦ ને ગુરુવારે ફલોધિમાં શેઠ **પારસદાસ**ના હાથે ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા પ્રગટ થઈ ત્યારે આચાર્યશ્રીએ પોતાના શિષ્યો પં૦ **ધામગણિ** અને પં૦ **સુમતિગણિ**ને વાસક્ષેપ આપીને ત્યાં મોકલ્યા હતા. શેઠે તેમના વાસક્ષેપથી તે દિવસે પ્રતિમાજીને લઈ નગરપ્રવેશપૂર્વક **સ્થાપના** કરી. તે પછી આ સ્થાન **ફલોધિ પાર્શ્વનાથ**ના નામથી પ્રસિદ્ધ થયું.

શેઠ **પારસ** રાજગચ્છના આ૦ **ધર્મઘોષસૂરિ**નો ભક્ત હતો. તે ધર્મપ્રેમી હતો, પણ નિર્ધન હતો. તેની વિશાળ જિનાલય બંધાવવાની ઉત્કટ ભાવના હતી. આથી પ્રતિમાજીના અધિષ્ઠાયકદેવે તેને જણાવ્યું કે, 'તું પ્રભુ સામે હમેશાં ચોખાનો **સાથિયો** કરજે, જે સ્વયં સોનાનો બની જશે.'

શેઠે આ રીતે સોનું મળવાથી ચૈત્ય બંધાવવાનો પ્રારંભ કર્યો, પણ એક દિવસે શેઠના પુત્રોએ પિતાને પૂછ્યું કે, 'આપણે નિર્ધન છીએ તો મંદિર માટે આ રકમ ક્યાંથી આવે છે ?' શેઠે તેઓને દેવસહાયનો વૃત્તાંત જણાવ્યો. પુત્રોએ

---

૧. વરમાણ માટે જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૪૯; પ્રક. ૩૭, પૃ. ૨૦૩, ૨૪૫.

એ વાતની પાકી ખાતરી કરવા માટે રાતે દેરાસરમાં સંતાઈ ગયા, તે દિવસથી અધિષ્ઠાયક દેવે સાથિયાને સોનાનો બનાવવાનું બંધ કર્યું, પરિણામે દેરાસર અધૂરું રહ્યું.

હવે શ્રીસંઘે આ દેરાસરનું કાર્ય સંભાળી લીધું. શેઠ **લક્ષ્મટે** ચૈત્ય બંધાવ્યું, સંઘે મંડપ બંધાવ્યો અને શેઠ મુનિચંદ્રે ઉત્તાનપટ કરાવ્યો; અને મંદિર પૂરું બંધાઈ ગયું.

આ૦ વાદિદેવસૂરિએ **આ૦ જિનચંદ્રને** ફલોધિ મોકલ્યા. શ્રીસંઘે તેમના વાસક્ષેપથી સં. ૧૨૦૪ના માહ સુદિ ૧૩ ને શુક્રવારે ભ૦ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી તેમજ કળશ, ધજા-દંડ ચડાવ્યા.

સંભવ છે કે આ ઉત્સવમાં રાજગચ્છના મુનિવરો પણ પધાર્યા હશે. આ રીતે આ તીર્થ આ૦ વાદિદેવસૂરિના વાસક્ષેપથી સ્થાપન થયું. તેમના પટ્ટધર **આ૦ મહેંદ્રસૂરિએ** સ્તોત્ર રચ્યું છે.

પં૦ સોમધર્મ ગણિના જણાવવા મુજબ શેઠ મુનિચંદ્રે આ પ્રતિષ્ઠાનો લાભ લીધો હતો.

તે પછી શેઠ દસાઢે સં. ૧૨૨૧ના માહ સુદિ ૬ ના દિવસે અહીં ચિત્તોડી સીલવટ તથા ચંદ્રવો અર્પણ કર્યાં. (જૈનસત્યપ્રકાશ, ક્ર. ૪૭, પૃ. ૧૬૧)

આ૦ જિનપ્રભસૂરિ લખે છે કે, શાહબુદ્દીન આ પ્રતિમાને તોડવા આવ્યો હતો. તેણે ચૈત્યને નુકસાન કર્યું, પણ પ્રતિમાને તોડી નહીં અને જાહેર કર્યું કે, ' एअस्स देवभवणस्स केणवि भंगो न कायव्वो ।' સંઘે મંદિરના તોડેલા ભાગને તરત સમરાવી લીધો. આ ઘટના સં. ૧૨૩૪માં બની હતી.

મહો૦ **જિનપાલ** લખે છે કે, ' सं.. १२३४ फलवर्धिकायां विधिचैत्ये पार्श्वनाथः स्थापितः ।' (ગુર્વાવલી)

આ ઉલ્લેખ ઉપરથી અનુમાન થાય છે કે, તે સમયે આ તીર્થમાં બીજું મંદિર બન્યું હશે અથવા ખરતરગચ્છીય આમ્નાયનું જુદું મંદિર બન્યું હશે અને તેમાં પ્રતિમાઓ સ્થાપન કરી હશે. ગમે તે હો, પણ શાહબુદ્દીને તીર્થ પ્રતિમાને તોડી નથી, એટલે તેની ફરી પ્રતિષ્ઠા થઈ નથી.

ખરતરગચ્છની પટ્ટાવલીઓમાં ફલોધિને તાદ્યપ્રતિષ્ઠાકૃત્ તીર્થ બતાવ્યું છે. આ૦ **વાદિદેવસૂરિ**ની એક પરંપરા 'નાગોરી તપા' એવા નામથી પણ પ્રસિદ્ધ હતી. માટે જ એ શબ્દો લખ્યા હોય એમ લાગે છે.

મહો૦ **ક્ષમાકલ્યાણે** પણ ફલવર્ધિ તીર્થની સ્થાપના આ૦ વાદિદેવસૂરિના હાથે થયાનું જણાવ્યું છે. (–પર્વકથા)

મહો૦ ભાનુચંદ્ર ગણિ તથા સિદ્ધિચંદ્ર ગણિ જહાંગીરના આમંત્રણથી ફરીવાર આગરા પધાર્યા ત્યારે વચમાં મેડતા ઘણા દિવસ રોકાયા હતા. એ દરમ્યાન આ તીર્થ માટે ખરતરગચ્છવાળાએ ઝગડો ઊભો કર્યો હતો અને મહોપાધ્યાયજીએ પ્રમાણો આપી આ તીર્થને તપાગચ્છનું હોવાનું સિદ્ધ કરી બતાવ્યું હતું.

અહીં દેરાસરમાં સં. ૧૬૨૫ના ફાગણ વદિ ૧૦ ને ગુરુવારે મૂલ નક્ષત્રમાં સિદ્ધિયોગમાં પ્રતિષ્ઠિત થયેલી આ૦ **ધર્મઘોષસૂરિ**ની ચરણપાદુકા છે.

આ ફલોધિ તીર્થ આજે મેડતા સ્ટેશન પાસે વિદ્યમાન છે. ત્યાં જૈનોનાં ઘરો નથી, માત્ર તીર્થ મંદિર મૌજુદ છે.

(–નાગેન્દ્રગચ્છીય આ૦ જિનભદ્રની પ્રબંધાવલી સં. ૧૨૯૦, આ૦ જિનપ્રભસૂરિકૃત વિવિધતીર્થકલ્પ, મહો૦ જિનપાલની ગુર્વાવલી, ઉપદેશતરંગિણી, પં૦ સોમધર્મની ઉપદેશસપ્તતિકા સં. ૧૫૦૩, મહોપાધ્યાય ધર્મસાગરની તપગચ્છ પટ્ટાવલી, મહો૦ ક્ષમાકલ્યાણનો 'પર્વકથાસંગ્રહ' સં. ૧૮૬૦, જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૪૦, ૪૪, ૪૭)

વરકાણા :

રાણી સ્ટેશનની પાસે **વરકાણા** નામે નાનું **ગામ** છે. અહીં વિક્રમની તેરમી શતાબ્દીમાં જૈન મંદિર બંધાયેલું છે. રંગમંડપની ચોકીમાં સં. ૧૨૧૧નો લેખ છે. અહીં મૂળનાયક ભ૦ પાર્શ્વનાથની પ્રાચીન ધાતુપ્રતિમા છે. તેનું પરિકર સં. ૧૭૦૭માં બનેલું છે. મેવાડના રાણા જગતસિંહે તપાગચ્છીય આ૦ વિજયદેવસૂરિના ઉપદેશથી અહીંના માગસર (પોષ) વદિ ૮, ૯, ૧૦, ૧૧ ને દિવસે ભરાતા મેળામાં મહેસૂલ માફ કર્યું તેનો શિલાલેખ અહીં વિદ્યમાન છે. ગોલવાડની પંચતીર્થીનું આ એક મોટું તીર્થ છે.

આ૦ વિજયદાનસૂરિએ સં. ૧૬૨૮માં વરકાણામાં ભ૦ પાર્શ્વનાથના જિનાલયમાં ૧. પં૦ રાજવિમલ, ૨. પં૦ ધર્મસાગર અને ૩. પં૦ હીરહર્ષને ઉપાધ્યાયપદ આપ્યું હતું. (જૂઓ, પ્રક. ૫૫, પૃ. ૮૩૪-૮૩૫)

અહીં કોઈ શ્રાવકનું ઘર નથી પણ આ૦ વિ૦ વલ્લભસૂરિ અને આ૦ વિ૦ લલિતસૂરિના ઉપદેશથી ગોલવાડના જૈન સંઘે વરકાણા પાર્શ્વનાથ જૈન વિદ્યાલય–ગુરુકુળ બનાવ્યું છે, જેમાં જૈન બાળકોને રહેવા-જમવાની અને ભણવાની સારી વ્યવસ્થા છે. (–જૈન તીર્થોનો ઇતિહાસ)

રાતા મહાવીર (હથુંડી) :

પ્રાચીન હથુંડી ગામથી ૧ કોસ અને વિજાપુરથી ૧ કોસ તેમજ સેવાડી પાસે જંગલમાં, મારવાડ અને મેવાડના પહાડી રસ્તાના મુખ આગળ આ તીર્થ આવેલું છે. (–વિશેષ પરિચય માટે જૂઓ, પ્રક. ૩૪, પૃ. ૪૯૧-૪૯૨; જૈન તીર્થોનો ઇતિહાસ)

જેસલમેર :

રાવલ રાજાઓની મૂળ ગાદી **લોદ્રવા**માં હતી. તેમાં દુસાજી રાવલનો મોટો પુત્ર **જેસલ** નામે હતો. તેણે લોદ્રવાથી ૧૦ માઈલ દૂર ટેકરી પર કિલ્લો બાંધી સં. ૧૨૧૨માં જેસલમેર નગર વસાવ્યું. તેમાં આજે મોટા સાત જ્ઞાનભંડારો, ૧૦ જૈન દેરાસરો, ૧૮ ઉપાશ્રયો અને શ્વેતાંબર જૈનોની મોટી વસ્તી છે.

(જૂઓ, ભા. ૩, પ્રક. ૫૦, પૃ. ૪૬૯)

સાહિત્યરક્ષણ :

જૈનધર્મ ભારતવર્ષનો પ્રાચીન અને મુખ્ય ધર્મ છે. જૈનધર્મના આચાર્યો જનતાના કલ્યાણ માટે હાથ, પગ, જીભ અને દિલ એ બધું ધર્મ કાજે સમર્પણ કરીને ખૂબ ખંતથી કામ લેતા હતા. તેમણે અમૂલ્ય સાહિત્યનું સર્જન કર્યું છે. અહિંસાનો ધ્વજ લઈને ઉઘાડે માથે અને ઉઘાડે પગે ભારતના પ્રત્યેક સ્થળોમાં ભ્રમણ કર્યું છે અને તે સિદ્ધાંતને લોકવ્યાપી બનાવવા પ્રયત્ન કર્યો છે. ભ૦ મહાવીરના સિદ્ધાંતોનો સંદેશ ઘેર ઘેર પહોંચાડ્યો છે. જગતમાં કલેશનાં મૂળ એવાં જર, જમીન અને જોરુને છોડી પોતાના અને પરના હિત માટે કેવળ ઉપકાર બુદ્ધિથી ભારે જહેમત ઉઠાવી છે.

ભ૦ મહાવીરસ્વામીથી લઈને આજ સુધીના કાળમાં જૈનોએ દર સાલ નવીન સાહિત્યનું સર્જન કર્યું. જૈન સાહિત્યની તુલનામાં ભારતવર્ષનું સર્વસાહિત્ય તોલવામાં આવે તોય ઓછું હોય એમ મનાય છે. વસ્તુતઃ ભારતની પ્રાચીન સંસ્કૃતિ જાળવવામાં જૈન સાહિત્યે મોટો ફાળો આપ્યો છે.

આ પ્રદેશો તરફ મુસલમાનો અવારનવાર હુમલાઓ કરીને નગરો ભાંગતા ને જનતાને લૂંટી લેતા. દેરાસરો અને મંદિરોની મૂર્તિઓને તોડતા અને સંઘરેલા સાહિત્યને બાળીને ભસ્મ કરી નાખતા. ભાગ્યે જ એવું કોઈ નગર હશે જે મુસલમાનોના ઘાડાંઓથી બચેલું હોય. પરિણામે સાહિત્યનો મોટો ભાગ આવા હુમલાઓનો ભોગ બન્યો છે. બચેલા સાહિત્યનું રક્ષણ કરવું એ જ માત્ર સૌની ચિંતાનો વિષય હતો.

જેસલમેર એવા સ્થળે વસ્યું કે જ્યાં ચારે તરફ કોશો સુધી માત્ર રેતીનાં ભયાનક મેદાનો જ નજરે પડે. સેનાઓ કે ઘાડાંઓ ત્યાં જવાનો ભાગ્યે જ વિચાર કરે. આવા એકાંત અને સુરક્ષિત સ્થાનનો લાભ લેવાનું જૈનાચાર્યોને સૂઝી આવ્યું અને પાટણ, ખંભાત, ભરૂચ, વડનગર, વઢવાણ વગેરે સ્થળોના સાહિત્યભંડારો આ સ્થળે લાવીને મોટા **જ્ઞાનભંડારો** સ્થપાવ્યા. આ રીતે આજ સુધીમાં સંગ્રહિત થયેલા સાહિત્યમાં મોટી મોટી તાડપત્રીઓમાં લખેલા અનેક ગ્રંથો અહીંના જ્ઞાનભંડારોમાં સુરક્ષિત રહી શક્યા છે. આગમપ્રભાકર પૂ. મુનિપ્રવર શ્રીપુણ્યવિજયજીએ અથાગ પરિશ્રમ અને પરીષહો સહીને એ ગ્રંથભંડારોનું નિરીક્ષણ કર્યું, એટલું જ નહીં; તેની સુરક્ષા માટે સારો પ્રબંધ પણ કર્યો છે.

વળી, એ સાહિત્ય સુલભ બને તે માટે તેમણે ત્યાંની મહત્ત્વની અને અન્યત્ર અનુપલબ્ધ પ્રતિઓની ફિલ્મ ઉતરાવવાની વ્યવસ્થા પણ કરેલી છે.[૧]

ખુશી થવા જેવું તો એ છે કે, કેટલાક પ્રાચીન ગ્રંથો જે અલભ્ય હતા તેની પ્રતિઓ અહીંથી મળી આવી છે. જે 'વાદમહાર્ણવ'માં પ્રાચીન ગ્રંથોના પાઠો અશુદ્ધ મળતા હતા; જેમાં વિક્રમની નવમી શતાબ્દી પહેલાંના પૂર્વપક્ષો સંગ્રહીત છે, જે ઉપલબ્ધ બૌદ્ધ સાહિત્યના આધારે પણ શુદ્ધ થઈ શકે તેવા નહોતા તેના વિશુદ્ધ પાઠો અહીંથી મળેલી પ્રતિમાંથી મળ્યા છે. આવા અનેક ગ્રંથો વિશે કહી શકાય. વૈદિક સાહિત્યના ગ્રંથો પણ અહીંથી વિપુલ પ્રમાણમાં મળી આવ્યા છે. એટલે કે, ભારતીય સાહિત્યનો અપૂર્વ વારસો જેસલમેરના ભૂગર્ભમાં સુરક્ષિત પડેલો છે. આ રીતે આને જૈનોનું જ નહીં પણ ભારતનું **સાહિત્યતીર્થ** અથવા તો **સારસ્વતતીર્થ** કહીએ તો ખોટું નથી.

અહીં આવતા જૈન સાધુઓને પાણીના અભાવે ભારે તકલીફ વેઠવી પડતી. તેથી આ૦ **સોમપ્રભસૂરિ**એ સુવિહિત સાધુઓને આ તરફ વિચરવાની મનાઈ કરી હતી, પરંતુ એમ કરવાથી તો ત્યાં જૈનધર્મને નુકસાન પહોંચતું હતું તેથી આખરે અહીં **આણંદવિમલસૂરિ**એ સં. ૧૫૮૨ લગભગમાં મહોપાધ્યાય પરમ તપસ્વી ઉ૦ **વિદ્યાસાગર**ને મોકલી વિહાર ખુલ્લો કર્યો. ત્યાં ફરીથી જૈનધર્મનો પ્રચાર કર્યો. (જૂઓ, પ્રક. ૪૭, પ્રક. ૫૫)

જેસલમેરથી ૧ કોશ દૂર અમરસાગરમાં પણ મોટાં જૈન મંદિરો છે. અમરસાગરથી ૪ કોશ દૂર **લોદ્રવામાં** અનુત્તર વિમાનના નમૂના જેવું વિશાળ જિનાલય છે.

સિદ્ધપુર :

રાજા **સિદ્ધરાજે** સં. ૧૧૫૨માં **સિદ્ધપુર** વસાવ્યું હતું. તેમાં સં. ૧૧૮૪માં **રુદ્રમાલ** બંધાવ્યો અને જૈન સિદ્ધવિહાર બંધાવ્યો. સિદ્ધવિહારનું બીજું નામ **રાજવિહાર** હતું. મહામાત્ય **આલિગદેવે** પણ તે જ સમયે અહીં **ચૌમુખવિહાર** બંધાવ્યો હતો. એવો પણ ઉલ્લેખ મળે છે કે, અહીં સં. ૧૧૫૨માં ભ૦ સુવિધિનાથનું દેરાસર બંધાવવામાં આવેલું હતું.

(જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૬૮; પ્રક. ૪૧, પૃ. ૫૦૩)

મહામાત્ય આલિગદેવે ચૌમુખ વિહારમાં ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા પધરાવી હતી. અલ્લાઉદ્દીન ખિલજીએ એ પ્રતિમાને તોડવાનો ઈરાદો કર્યો, પણ **ભોજકો**એ બાદશાહની હાજરીમાં જ દીપક રાગ ગાઈને ૧૦૮ દીવા પ્રગટાવ્યા,

---

૧. આ જ રીતે આગમવિશારદ પૂ. મુનિરાજ શ્રીજંબૂવિજયજી મહારાજે સં. ૨૦૫૪માં જેસલમેરમાં ચાતુર્માસ રહીને સી.ડી. (વિડિયોગ્રાફી) ઉતરાવવા આદિનું ઉત્તમ કાર્ય કર્યું છે. — **સંપાદક**

ત્યારે એક સર્પ પ્રગટ થઈને સુલતાન સામે આવી બેઠો. સુલતાન આ બધું જોઈ આશ્ચર્યચકિત થઈ ગયો. તેણે કહ્યું : 'આ દેવ તો બાદશાહોના બાદશાહ સુલતાન છે.' એમ સમજીને તેણે એ પ્રતિમા તોડી નહીં. તે સમયથી આ પ્રતિમા 'સુલતાન પાર્શ્વનાથ'ના નામથી પ્રસિદ્ધિ પામી.

સિદ્ધપુરમાં સં. ૧૬૪૫માં નાગર વગેરે જૈનોનાં ઘરો હતાં. એ સમય સુધી પાંચ દેરાસરો હતાં. અહીં જ મહોપાધ્યાય **ભાનુચંદ્રગણિ**નો જન્મ થયો હતો. મહોપાધ્યાય યશોવિજયજી ગણિવરે અહીં જ દિવાળીના દિવસોમાં 'જ્ઞાનસાર'ની રચના કરી હતી.

આજે અહીં જૈનોનાં ઘણાં ઘરો છે. બે દેરાસરો છે, ઉપાશ્રય પણ છે.

ભ૦ **વિજયરત્ન**ની આજ્ઞામાં રહેતા પં૦ કેસરકુશલે સં. ૧૭૫૮ના કાર્તિક સુદિ પના રોજ સિદ્ધપુરમાં 'સૌભાગ્યપંચમી' સ્તવન (કડી : ૭૫) રચ્યું છે. પાટણના શેઠ **કચરા કીકાભાઈ**એ સં. ૧૮૨૧ના માહ વદિ ૨ના રોજ સુરતથી યાત્રાસંઘ કાઢ્યો હતો, જેમાં આણંદસૂરગચ્છના ભ૦ વિજયોદયસૂરિ વગેરે હતા. તે સિદ્ધપુરમાં યાત્રા નિમિત્તે આવ્યા ત્યારે અહીં ચાર દેરાસરો વિદ્યમાન હતા.

(–જૈનસત્યપ્રકાશ, ક્ર. ૯૪ થી ૯૮)

(-દ્વ્યાશ્રયમહાકાવ્ય, સર્ગ : ૧૫, શ્લોક : ૧૬; કુમારપાલપડિબોહો, જૈન તીર્થોનો ઇતિહાસ, જૈનતીર્થસર્વસંગ્રહ, જૈન સત્યપ્રકાશ ક્ર. ૧૦૪, પૃ. ૩૬૮)

શિહોર :

ભાવનગર અને પાલીતાણાની વચ્ચે પહાડીઓથી ઘેરાયેલું **શિહોર** નામે નગર છે. તેનું સંસ્કૃત નામ શ્રીપુર હોવાનું જાણવા મળે છે. **રાજા સિદ્ધરાજે** તેને આબાદ કરી બ્રાહ્મણોને દાનમાં આપ્યું હતું. **વીસોજી** ગોહિલે તે જીતી લીધું ત્યારથી તે ભાવનગર રાજ્યમાં ગણાય છે.

અહીંની પહાડીમાં શત્રુંજય તીર્થની **મારુદેવા** નામે ટૂંક છે.

તપાગચ્છના શ્રીપૂજ વિજયજિનેન્દ્રસૂરિ અહીં કાળધર્મ પામ્યા હતા, તેમની પણ અહીં ટૂંક છે. તેમની ચરણપાદુકા વગેરે અહીં વિદ્યમાન છે. શત્રુંજય તીર્થ ઉપર પણ તેમની 'શ્રીપૂજ ટૂંક' બનેલી છે. (જૂઓ, પ્રક. ૫૮)

તપાગચ્છાધિરાજ શ્રીમુક્તિવિજયજી ગણિવરે અહીં ચતુર્માસ કર્યું હતું. તેઓ આ પહાડી ઉપર મધ્યાહ્ને તથા બીજા-ત્રીજા પહોરે ચાર ચાર કલાક ધ્યાન કરતા હતા. અહીંનો જૈન સંઘ તેમનો ભક્ત છે. સંઘે તેમની પ્રતિમાજી પણ પધરાવી છે.

તેમના શિષ્ય મુનિવર ગુણવિજયજી અહીં જલયાત્રાના વરઘોડામાં પલોંઠી-વાળીને સમાધિપૂર્વક સ્વર્ગસ્થ થયા હતા. પૂ. આ૦ આત્મારામજી તથા પૂ. ગુલાબવિજયજી મહારાજનું સં. ૧૯૪૩માં અહીં ઐતિહાસિક મિલન થયું હતું.

આજે અહીં શ્વેતાંબરનાં ઘણાં ઘર છે. બે દેરાસરો છે. ઉપાશ્રયો અને પાઠશાળા વિદ્યમાન છે. (સ્ટેશન નજીક નવું શિખરબંધી દેરાસર બંધાયું છે.)

વસ્તુતઃ સિદ્ધરાજે જેમ સિંહ સંવત ચલાવ્યો તેમ સિંહપુર પણ વસાવ્યું હતું. આ૦ મેરુતુંગસૂરિ લખે છે કે, ''રાજા સિદ્ધરાજે કોઈ અવસરે **વાલાક** પ્રદેશની પહાડી ભૂમિમાં સિંહપુર નામે બ્રાહ્મણોને અગ્રહાર સિંહપુર સ્થાપન કર્યું. તેની નીચે ૧૦૩ ગામ હતાં. (–પ્રબંધચિંતામણિ)

અહીં (૧) **રણા** (રાજકર્તા) અને (૨) **જાની** (યજ્ઞ કરનાર) એમ બે પ્રકારના **બ્રાહ્મણો** વસતા હતા. તેમાં એક કન્યાના કારણે ભારે ક્લેશ ઊભો થયો. તે બંને પક્ષો સામસામે લડ્યા. બ્રાહ્મણો મરાયા તે ભૂમિ આજે પણ 'ગોઝારી ભૂમિ' નામે પ્રસિદ્ધ છે.

રણાએ ગારિયાધારના ઠા૦ **કાંધાજી** ગોહિલની મદદ માગી. **ઉમરાલાના વીસોજી ગોહિલે** ઓચિંતો હલ્લો કરી શિહોરને પોતાના કબજે કર્યું. લોકો ગોઝારી ભૂમિ સમજીને ત્યાં વસ્યા નહીં, એટલે વીસોજીએ નવું **શિહોર** વસાવ્યું. તેનું ખાંત કરતા **ચમારે** તોરણ બાંધ્યું હતું.

ગોહિલ વંશનો પરિચય પહેલાં (પ્રક. ૨૩, પૃ. ૩૧૯માં) આવી ગયો છે (પ્રક. ૪૪માં પણ આવશે). તેના વંશજ મોહોદાસ ગોહિલ (લૂણી નદીના કિનારે આવેલા ખેર ગામમાં) હતા. તેના પુત્ર **સેજકજી**, તેના પુત્રે મારવાડ છોડી સૌરાષ્ટ્રમાં સં. ૧૨૬૦માં આવીને સેજકપુર વસાવ્યું. તેના વંશમાં અનુક્રમે (૧) સેજકજી, (૨) **રાણજી**, (૩) ....., (૪) ....., (૫) ખડાજી, (૬) ડુંગરજી, (૭) વીનોજી, (૮) કાનોજી, (૯) સારંગજી, (૧૦) શિવજી, (૧૧) જેતોજી, (૧૨) રામદાસજી, (૧૩) સરતાનજી, (૧૪) **વીસોજી** થયા. એ વીસોજી ગોહિલે નવું શિહોર વસાવ્યું. તેના ભાઈ **દેવાજી**ને પછેગામનો ગરાસ મળ્યો. વીસોજીએ ઈ. સ. ૧૫૭૫થી ૧૬૦૦ સુધી શિહોરમાં રાજ્ય કર્યું.

ભાવનગરના રાજા **ભાવસિંહજી** ગોહિલે **પિલાજી ગાયકવાડ**ના કંથાજીને ભગાડી શિહોરમાં પોતાની સત્તા જમાવી. રાજા ભાવસિંહજીએ સં. ૧૭૭૯ ના વૈશાખ સુદિ ૩ ના રોજ વડવા ગામે **ભાવનગર** વસાવી તેને બંદર બનાવ્યું. તેણે ઈ. સ. ૧૭૨૨ સુધી રાજ્ય કર્યું.

(શ્રીયુત ગોરધનદાસ નાગરદાસ મહેતા, શિહોરવાળા
રચિત સૌરાષ્ટ્રવંશનું ઈતિહાસદર્શન)

તારંગા તીર્થ :

ગૂજરાતના ઉત્તર પ્રદેશમાં **તારંગાહીલ** એ ઉષ્ણ હવામાનવાળી સ્વચ્છ પહાડી છે. તેનાં નામ તારંગકગિરિ, તારગિરિ, તારણદુર્ગ, તારણગઢ, તારંગઢ, તારંગા વગેરે મળે છે.

વૈદિક સાહિત્યમાં તારંગનાગ, બૌદ્ધસાહિત્યમાં તારાદેવી અને જૈન સાહિત્યમાં સુતારાદેવી, પદ્માવતી વગેરે નામો મળે છે. લોકમાન્યતા એ છે કે, એના આધારે આ પહાડનું નામ પડ્યું છે.

જૈને પદ્માવતીતિ ત્વશુભદલના તાં ચ ગૌરીતિ શૈવે
તારા બૌદ્ધાગમે ત્વં પ્રકૃતિરિતિ મતા દેવી ! સાङ્ખ્યાગમે ત્વમ્ ।
ગાયત્રી ભટ્ટમાર્ગે ત્વમસિ ચ વિમલે કૌલિકે ત્વં ચ વજ્રા
વ્યાપ્તં વિશ્વં ત્વયેતિ સ્ફુરદુરુયશસે મેઽસ્તુ પદ્મે ! નમસ્તે ॥૬॥
તારે તારાવતારે વિદલિતદિતિજે ! દેવિ ! પદ્મે ! સુપદ્મે ! ॥૮॥

(શ્વેતાંબરચક્રચૂડામણિ શ્રીયશોભદ્રાચાર્યશિષ્ય શ્રીચંદ્રસૂરિ રચિત 'અદ્‌ભુતપદ્માવતીકલ્પ', પાત્રવિધિલક્ષણ પ્રકરણ પાંચમું)

ત્રિપુષ્ઠા ત્રિફણા **તારા** તોતલા ત્વરિતા તુલા ॥૧
ત્રિરૂપા ત્રિપદા ત્રાણા **તારા** ત્રિપુરસુન્દરી ॥૩

(–પદ્માવતી સહસ્રનામસ્તોત્ર-લીલાવતીશતમ્)

કામાક્ષા જગદમ્બા અમ્બા જગદીશ્વરી તારા ॥૪

(–પદ્માવતીસ્તોત્ર ૧૩ શ્લોકવાળું, ભૈરવ પદ્માવતીકલ્પ, પૃ. ૮, ૫૩, ૫૭)

બૌદ્ધોમાં તારાદેવીની પ્રધાનતા છે. જ્યાં જ્યાં તે દેવી છે ત્યાં ત્યાં તે નામનાં ગામ કે પહાડ હોવાનું જણાવ્યું નથી. અહીં વાસ્તવમાં તો આ પહાડનું નામ તારાદેવીના નામ ઉપરથી પડ્યું નથી, પરંતુ તારાદેવીનું મંદિર અને તારણગઢના નામસામ્યથી એ રીતે જોડી દેવામાં આવ્યું હોય.

ખરું જોતાં તો અહીં સિદ્ધશિલા અને કોટિશિલા છે એ તારક તીર્થસ્થાન હોવાથી પહાડનું નામ પણ તારકગિરિ હોવાનું સાર્થક જણાય છે.

શત્રુંજય તીર્થનાં ૧૦૮ નામો છે. તેમાં શત્રુંજયની ટૂંકો, શિખરો અને સૌરાષ્ટ્ર તેમજ ગૂજરાતની અનેક પહાડીઓનાં નામોનો સમાવેશ થયેલો છે. તેમાં તારગિરિ એવું ટૂંકું નામ છે તે આ તારંગાને જ બતાવે છે.

આ૦ પ્રભાચંદ્ર લખે છે કે, વિક્રમની પહેલી શતાબ્દીમાં થયેલા આર્ય ખપુટાચાર્યે ગુડસત્થનગરમાં બૌદ્ધવાદીને હરાવ્યો હતો, યક્ષમૂર્તિને પોતાના પગે પડાવી હતી અને ત્યાંના રાજા તેમજ પ્રજા વર્ગને જૈન બનાવ્યા હતા.

(-પ્રભાવકચરિત્ર, પાદલિપ્તસૂરિપ્રબંધ)

આ૦ સોમપ્રભસૂરિ લખે છે કે, ગુડસત્થનો રાજા વેણીવચ્છરાજ પ્રથમ જૈન હતો પછી બૌદ્ધધર્મી થયો. તેણે તારાદેવીનું મંદિર બંધાવ્યું અને તારાપુર વસાવ્યું. વળી, જૈનધર્મી બન્યો અને તેણે સિદ્ધશિલા અને કોટિશિલામાં જૈન દેરાસરો

બંધાવ્યાં. પાછળથી તેને દિગબંરો દબાવી બેઠા. ગૂર્જરેશ્વર **કુમારપાલ**ની આજ્ઞાથી યશોદેવના પુત્ર દંડનાયક **અભયકુમારે** અહીં ભ૦ અજિતનાથનું ૩૨ માળનું ઉન્નત જિનાલય બંધાવ્યું. (કુમારપાલપડિબોહો, પ્રસ્તાવ : ૫, પ્રક. આઠમું)

(જૂઓ, પ્રક. ૧૧, પૃ. ૧૯૦; પ્રક. ૩૫, પૃ. ૮૫)

સાક્ષર **મોહનલાલ દેસાઈ** જણાવે છે કે, અહીં આર્ય ખપુટના સમયે તારાદેવીનું બૌદ્ધ મંદિર અને પાછળથી સિદ્ધાયિકાદેવીનાં મંદિરો બન્યાં હતાં.

(જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, પૃ. ૧૦૦)

આ પ્રમાણોથી એ સ્પષ્ટ છે કે, તારંગાગિરિ એ પ્રાચીન કાળથી જૈન તીર્થ રહ્યું છે. મધ્યયુગમાં તેનું માહાત્મ્ય ઘટી ગયું હશે પરંતુ વિક્રમની તેરમી શતાબ્દીથી તેણે પોતાની પૂર્વકાલીન જાહોજલાલી પુનઃ પ્રાપ્ત કરી છે. છેલ્લા ૮૦૦ વર્ષનો તેનો ઇતિહાસ આ પ્રકારે મળે છે –

ગૂર્જરેશ્વર કુમારપાલે અજમેર જીતવા માટે છેલ્લી ચડાઈ કરી, ત્યારે મંત્રી બાહડની પ્રેરણાથી તેના ઘરદેરાસરના ગોખલામાં વિરાજમાન ભ૦ અજિતનાથની પ્રતિમાની પૂજા-ભક્તિ કરીને પ્રયાણ કર્યું હતું. તેમાં તેને વિજય મળ્યો હતો. તે પછી સં. ૧૨૧૬માં તે પરમાર્હત–જૈન બન્યો. તેને માંસાહાર ન કરવાની પ્રતિજ્ઞા હતી. એટલે એકવાર ઘેબર ખાતાં તેને માંસાહારનો રસાસ્વાદ આવ્યો. આથી તેણે ગુરુમહારાજ પાસે તેનું પ્રાયશ્ચિત્ત માગ્યું. આચાર્યશ્રીએ તેને પ્રાયશ્ચિત્ત આપ્યું કે, 'બત્રીશ-દાંતોની શુદ્ધિ માટે તમારે ૩૨ જિનાલયો બનાવવાં જોઈએ.'

ગૂર્જરેશ્વરે પ્રાયશ્ચિત્તમાં પાટણ, શત્રુંજય, (ગિરનાર), આબૂ, નાડોલ (?), જાલોર વગેરે સ્થળે જુદા જુદા તીર્થંકરોનાં ૩૨ **કુમારવિહાર**–જિનાલયો બંધાવ્યાં. એક દિવસે તેને સ્મરણ થઈ આવ્યું કે, 'મને ભ૦ અજિતનાથની સેવાથી વિજય મળ્યો હતો એટલે તેમનું વિશાળ મંદિર બંધાવવું જોઈએ.' આચાર્યશ્રીએ પણ તેની આ ભાવનાને પુષ્ટ કરતાં જણાવ્યું કે, 'રાજન્ ! તારંગાગઢ એ શત્રુંજય તીર્થના જ પરિવારમાં છે, ત્યાં વિહાર-જિનાલય બનાવવું જોઈએ.' ગૂર્જરેશ્વર કુમારપાલે તરત જ **વડનગર** પંથકના મંત્રીને આદેશ આપ્યો કે, 'તારંગા પર વિજયસ્તંભ જેવો બત્રીશ માળનો ઊંચો અને ભવ્ય અજિતનાથ-પ્રાસાદ બંધાવો.' મંત્રીએ એવો પ્રાસાદ તૈયાર કર્યો પણ તે ઘણો ઊંચો હોવાથી હવાના દબાણના કારણે ઘસી પડ્યો. આથી ફરીવાર મોટા ચાર માળ અને તેની ઉપર **કેગર**નાં લાકડાંના ૨૮ માળ ગોઠવી ૨૪ (૮૪) ગજ ઊંચો બાવન દેરીવાળો જિનપ્રાસાદ બંધાવ્યો અને ગૂર્જરેશ્વર કુમારપાલે સં. ૧૨૨૧માં તેમાં ગુરુદેવ ક.સ. આ૦ **હેમચંદ્રસૂરિ**ના કરકમલથી ભ૦ **અજિતનાથ**ની ૧૦૧ આંગળ પ્રમાણ–૧૨૫ આંગળથી ઊંચી રત્નની પ્રતિમા ભરાવી પ્રતિષ્ઠા કરાવી. આ મંદિર આજે

વિદ્યમાન છે. ભારતનાં સમગ્ર મંદિરમાં આ મંદિર તેની ઊંચાઈના કારણે વિખ્યાત બન્યું છે. અનેક પુરાતત્ત્વવિદોએ આ મંદિરને પોતાની પ્રશંસાના પુષ્પો ચડાવ્યાં છે. (-કુમારપાલ પડિબોહો, પ્રભાવકચરિત્ર, પ્રબંધચિંતામણિ, મોહરાજ-પરાજય નાટક, કુમારપાલપ્રબંધ, ઉપદેશતરંગિણી, વીરવંશાવલી)

રાજા **અજયપાલે** કુમારપાલનાં દરેક સ્મારકોનો વિનાશ કર્યો હતો, તેમાં આ તીર્થનો નાશ કરવાનો પણ તે ઈરાદો રાખતો હતો; પરંતુ બહુરૂપી **શીલભાંડના** યુક્તિપ્રયોગથી આ તીર્થ બચી ગયું. પણ તે પછી અલ્લાઉદ્દીન ખિલજીના હુમલાએ આ તીર્થને ખૂબ નુકસાન પહોંચાડ્યું. (પ્રક. ૪૧, પૃ. ૫૦૬)

ઈડરનગરના રાવ **પૂંજાજી**ના માનીતા ઈડરના નગરશેઠ **સંઘવી વત્સરાજ** ઓશવાલનો મોટો પુત્ર **સં૦ ગોવિંદ** આ૦ સોમસુંદરસૂરિનો અનન્ય ભક્ત હતો. તેણે ગુરુમહારાજના ઉપદેશથી શત્રુંજય, ગિરનાર, સોપારક વગેરે તીર્થોના સંઘ કાઢ્યા અને સં. ૧૪૭૯માં આ મંદિરનો **જીર્ણોદ્ધાર** કરાવી, આરાસણાથી શિલા મંગાવીને તારંગા પર ચડાવી અને ભ૦ અજિતનાથની નવી પ્રતિમા ભરાવી, મોટો સંઘ એકત્રિત કરી, આ૦ સોમસુંદરસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી. આ ઉત્સવમાં આ૦ **સોમસુંદરસૂરિ**ના ૧૮૦૦ સાધુઓ હાજર હતા. તે પ્રમાણે ચતુર્વિધ સંઘો મોટા પ્રમાણમાં હાજર હતા.

(જૂઓ, ભા. ૩, પ્રક. ૫૦, પૃ. ૪૭૪ થી ૪૭૬)

મૂળનાયકની એક બાજુએ સં. ૧૩૦૪ના બીજા જેઠ સુદિ ૯ ને સોમવારે અને બીજી બાજુએ સં. ૧૩૦૫ના અષાડ સુદિ ૭ ને શુક્રવાર એમ બે સંવત્‌ના લેખવાળી ભ૦ અજિતનાથની કાઉસગ્ગિયા પ્રતિમાઓ છે, જેને શેઠ ધનચંદ્રના પુત્ર વર્ધમાન, તેના પુત્રો (૧) શા૦ લોહદેવ, (૨) થેહડ અને (૩) આશાધર. તેમાં શા૦ થેહડના પુત્ર **ભુવનચંદ્ર** અને **પદ્મચંદ્રે** તે ભરાવેલી છે અને વાદી ધર્મઘોષગચ્છના આ૦ **જિનચંદ્ર** તથા આ૦ ભુવનચંદ્રે સં. ૧૩૦૪, સં. ૧૩૦૫માં તેમની પ્રતિષ્ઠા કરાવી છે. (પ્રક. ૩૫, પૃ. ૨૫)

તે પછી વિક્રમની સત્તરમી સદીના ઉત્તરાર્ધમાં શ્રીસંઘે આ૦ **વિજયસેન-સૂરિ**ના ઉપદેશથી આ મંદિરનો મોટો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

(વિજયપ્રશસ્તિ, સર્ગ : ૨૧, શ્લો. ૬૧)

મંદિરની ચારે બાજુએ વિશાળ ચોક છે. તે ચોકમાં જ બીજાં નાનાં ત્રણ-ચાર દેરાસરો છે. સાત દ્વીપસમુદ્રો, આઠમો નંદીશ્વરદ્વીપ, નંદીશ્વરની બાવન દેરીઓ, સમવસરણ, અષ્ટાપદ, સમેતશિખર વગેરે રચનાઓ અને ૧૪૫૨ ગણધરોનાં પગલાં, સહસ્રકૂટ ચૈત્ય, નવપદજીનું મંડલ, લોભીના દ્રષ્ટાંતની રચના, મધુબિંદુના દ્રષ્ટાંતની રચના, કલ્પવૃક્ષ, ચૌદ રાજલોક અને ચૌમુખજીની દેરી વગેરેનાં આરસમાં બનેલાં નકસી કામો છે.

મૂળ મંદિરના પાછળના ચોકમાં ઘણો ભૂમિભાગ તથા દેરીઓ દિગંબર સંઘને આપી છે. તેમણે તે દેરીઓ ઉપર પોતાના બનાવટી પ્રાચીન-અર્વાચીન શિલાલેખો ચોડી દીધા છે અને માનસ્તંભ પણ બનાવી દીધો છે.

(૧) મંદિરથી ઉત્તરમાં અર્ધો માઈલ દૂર **સિદ્ધશિલા**ની ટેકરી છે. ત્યાં કૂવો છે, કુંડ છે. શ્વેતાંબરીય ચૌમુખ પગલાંની દેરી છે. તેની બાજુમાં એક દિગંબરીય દેરી છે.

(૨) મંદિરથી પૂર્વમાં અર્ધો માઈલ દૂર ટેકરી પર પુણ્ય-પાપની દેરી છે. અહીં સં. ૧૨૪૫ નું પરિકર છે.

(૩) મંદિરથી દક્ષિણમાં તળાવ તથા ગુફા પાસે થઈને **કોટિશિલા** જવાય છે. અહીં કરોડો મુનિવરો મોક્ષે ગયા હતા. રસ્તો બિહામણો છે. ત્યાં દેરીમાં ચૌમુખ વિરાજમાન છે. **ચૌમુખ**ની નીચે ચારે તરફ ૨૦ જિનપાદુકાઓ છે. તેમાં લખે છે કે – **શ્રીમાલી સંઘવી** તારાચંદ ફતેચંદે સં. ૧૮૨૨માં તપાગચ્છના ભટ્ટારક **વિજયધર્મસૂરિ**ની આજ્ઞાથી ભ૦ ઋષભદેવની પાદુકા સ્થાપન કરી. વીશે પાદુકાઓમાં આવી મતલબનો લેખ છે. માત્ર ભગવાનનાં નામ જુદાં જુદાં આપ્યાં છે. પાસે જ બીજી શ્વેતાંબરીય દેરી છે. દિગંબરોએ તે જિનપ્રતિમાનો કંદોરો ઘસી નાખ્યો છે.

આ રીતે આ પ્રાચીન શ્વેતાંબર તીર્થ છે. તેનો વહીવટ અમદાવાદની શ્વેતાંબર સંઘની સુપ્રસિદ્ધ સંસ્થા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી કરે છે.

(–જૈન તીર્થોનો ઇતિહાસ)

ગોડીજી તીર્થ :

કલિકાલસર્વજ્ઞ **આ૦ હેમચંદ્રસૂરિ**એ સં. ૧૨૨૮માં પાટણમાં મોટી અંજનશલાકા-પ્રતિષ્ઠા કરાવી હતી. ત્યારે છેલ્લા વડોદરાના જૈન **કાનજી**ની ત્રણ પ્રતિમાઓની પણ અંજનશલાકા કરી હતી. આ ત્રણે પ્રતિમાઓ બહુ ચમત્કારી બની હતી. તેમાં એક ગોડી પાર્શ્વનાથની પ્રતિમા પણ હતી.

ઝીંઝુવાડાનો શેઠ **ગોડીદાસ** અને **સોઢાજી** ઝાલો દુષ્કાળ પડવાથી માલવા ગયા. ત્યાંથી પાછા ફરતાં એક સ્થાને રાતવાસો રહ્યા હતા. ત્યાં **સિંહ** નામના કોળીએ શેઠને ઓચિંતો ઘા કરી મારી નાખ્યો. શેઠ મરીને વ્યંતર થયો અને તેના ઘરમાં જે ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા હતી તેનો અધિષ્ઠાયક બની તેની પૂજા-ભક્તિ કરવા લાગ્યો. ત્યારથી તેના નામ ઉપરથી આ પ્રતિમા ગોડી પાર્શ્વનાથના નામથી વિખ્યાત થઈ. (પ્રક. ૪૧, પૃ. ૪૮૦)

અધિષ્ઠાયકે **સોઢાજી**ને સહાય કરી સુખી કર્યો. સોઢાજીએ પણ ગોડી પાર્શ્વનાથને પોતાના ઘરમાં લાવી પધરાવ્યા. તે તેની પૂજા કરવાથી અત્યંત સુખી

થયો, ઝીંઝુવાડાનો રાજા બન્યો, તેમજ ગૂજરાતનો **મહામંડલેશ્વર** પણ બન્યો. (જૂઓ, પ્રક. ૪૩, પૃ. ૫૬૮)

તે પછી ગોડી પાર્શ્વનાથની પ્રતિમા પાટણમાં લાવવામાં આવી. ૧૩૫૬-૧૩૬૦ના ગાળામાં બાદશાહ અલ્લાઉદ્દીન ખિલજીના ભાઈ **અલફખાને** ગૂજરાત પર ચડાઈ કરી અને કરણ વાઘેલાને ભગાડી પાટણમાં પોતાની ગાદી સ્થાપન કરી (જૂઓ, પ્રક. ૪૫). આ મુસલમાની હલ્લો થયો તે સમયે જૈનોએ પ્રતિમાજીને જમીનમાં ખાડો કરી તેમાં પધરાવી હતી. સં. ૧૪૩૨ લગભગમાં પાટણનો સૂબો **હસનખાન** (હીયાસુદ્દીન) હતો. તેને ઘોડાહારમાંથી ગોડીજીની પ્રતિમા મળી આવી. તેની બીબી અસલમાં જૈન કન્યા હતી. બીબી આ પ્રતિમાને હમેશાં પૂજવા લાગી. સૂબાને એક રાતે સ્વપ્નમાં અવાજ આવ્યો કે, 'તારે આ પ્રતિમા નગરપારકરના શેઠ **મેઘા**ને આપી દેવી.'

એ સમયે નાગરપારકરમાં ભૂધેશ્વર ગામ હતું. તેમાં વડેરાના વંશના શેઠ આલ્હાનો પુત્ર **શેઠ સાજન** રહેતો હતો. તેને કાજળ, ઉજલ અને શામલ એમ ત્રણ પુત્રો હતા અને મરઘા નામે પુત્રી હતી. કાજળશાહ ધનવાન હતો.

એ જ નગરપારકરના ભૂધેશ્વરમાં સં. ૧૩૯૮માં શા૦ ખેતો મીઠડિયો રહેતો હતો. તેને ભોજો, ઉદય અને **મેઘો** એમ ત્રણ પુત્રો હતા.

કાજળ શાહે પોતાની બેન મરઘા શેઠ **મેઘા** સાથે પરણાવી. આ સાળા-બનેવીમાં ઘણો સ્નેહભાવ હતો. એકવાર મેઘા શાહ કાજળ શાહ પાસેથી પૈસાની મદદ લઈ વેપાર માટે પાટણમાં જઈ પહોંચ્યો. ત્યાં તેને સ્વપ્નમાં સૂચન મળ્યું કે, 'અહીંના સૂબાને ત્યાં જિનપ્રતિમા છે, તેને દામ આપીને તું લઈ લેજે.' મેઘા શાહે ૧૨૫ દ્રમ્મ (અથવા ૫૦૦ દોકડા) આપી તે પ્રતિમા લઈ લીધી. અંચલગચ્છના આ૦ **મેરુતુંગસૂરિ** (સં. ૧૪૨૬ થી સં. ૧૪૭૧)ના મુખેથી **મેઘાશાહ** આ પ્રતિમાનો પ્રભાવ જાણીને તેને રાધનપુર થઈ **નગરપારકર** લઈ આવ્યો. ત્યાં તેણે મહોત્સવપૂર્વક નગરપ્રવેશ કરાવ્યો અને સં. ૧૪૩૨ના કાર્તિક સુદિ ૨ ને શનિવારે (અથવા સં. ૧૪૬૫માં) એક ગાદી ઉપર ગોડી પાર્શ્વનાથની પ્રતિમાને સ્થાપન કરી. ચારે તરફ લોકોમાં તે ચમત્કારી મૂર્તિની ખબર ફેલાઈ જતાં સૌ કોઈ તેના દર્શને આવવા લાગ્યા.

શેઠ કાજળે શેઠ મેઘા શાહ પાસે પોતાની રકમ માગી પણ જ્યારે તેણે જાણ્યું કે, મેઘા શાહ મારી મૂડીમાંથી પથ્થર લાવ્યો છે ત્યારે તે મેઘા શાહ સાથે લડ્યો ને વેર બંધાયું.

મેઘા શાહ પ્રતિદિન પ્રતિમાની પૂજા કરતો હતો. તેને મઈયો અને **મેહર** નામે બે પુત્રો પણ થયા અને એ રીતે બાર વર્ષ વીતી ગયાં.

મેઘા શાહને એક રાતે એ પ્રતિમાને અજાણ્યા સ્થળે લઈ જવાનું સ્વપ્નમાં સૂચન મળ્યું. મેઘા શાહે સવારે વહેલા ઊઠી એક વહેલમાં તે પ્રતિમાને પધરાવી, વહેલને બે નવા વાછડા જોતરી, તે અજાણ્યા સ્થળ તરફ લઈ જવા તેણે પ્રયાણ આદર્યું. તે ડાબા થલમાં જઈ પહોંચ્યો. ત્યાં ચારે બાજુએ નિર્જન વેરાન હતું. ત્યાં તેણે સ્વપ્નની સૂચના મુજબ **ગોડીપુર** નગર વસાવ્યું. ત્યાં પાણીનો કૂવો નીકળ્યો અને ધોળા આકડા નીચેથી તેને ધન મળ્યું.

શેઠે ત્યાં દેરાસરનો પાયો નાખ્યો. દેરાસરનું કામ શરૂ થયું. સિરોહીના સલાટે તે કામ ભક્તિથી ઉપાડી લીધું. મેઘા શાહની કીર્તિ ચારે તરફ ફેલાવા લાગી. આથી શેઠ કાજળને તેની ઈર્ષા થવા માંડી.

શેઠ કાજળે પોતાની પુત્રીના લગ્નમાં મેઘા શાહના આખા કુટુંબને પોતાને ત્યાં બોલાવ્યું અને મેઘા શાહને ઝેર આપીને મારી નંખાવ્યો.

શેઠ કાજળે દેરાસરનું કામ માથે ઉપાડી લીધું. દેરાસરમાં ગોડી પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી અને મેઘા શાહના પુત્ર **મેહરે** દેરાસર ઉપર કળશ ચડાવ્યો. દંડ-ધજા ચડાવી.

આ રીતે સં. ૧૪૪૪માં ગોડી પાર્શ્વનાથનું તીર્થ સ્થાપન થયું.

તે પછી શેઠ કાજળે શત્રુંજય અને ગિરનાર તીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો.

(-કવિ નથુરામ સુંદરજીકૃત 'ઝાલાવંશવારિધિ', જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૧૪૫; અંચલગચ્છીય મોટી ગુજરાતી પટ્ટાવલી પૃ. ૧૬૪, ૨૦૬, ૨૬૬; પં૦ વીરવિજયજીકૃત 'ગોડીજી પાર્શ્વનાથચરિત્ર')

ગોડી પાર્શ્વનાથની પ્રતિમા છેલ્લા પાંચ સૈકામાં બહુ પ્રભાવશાળી મનાય છે. આ પ્રતિમા લુપ્ત થતી અને જુદે જુદે સ્થળે પ્રગટ થતી રહેતી. તેની યાત્રા માટે મોટા સંઘો આવતા હતા. આ પ્રતિમાજીને જે રસ્તે થઈ નગરપારકર લઈ ગયા તે તે સ્થાનોમાં ગોડી પાર્શ્વનાથના પગલાં સ્થાપન થયાં, જે આજે 'વરખડી' નામથી ઓળખાય છે.

(૫૮) જગદ્‌ગુરુ આચાર્ય હીરવિજયસૂરિના પ્રશિષ્ય (૬૦) પં૦ શુભવિજય ગણિ, તેમના (૬૧) શિષ્ય પં૦ ભાવવિજયજી, તેમના શિષ્ય (૬૨) પં૦ સિદ્ધિવિજયજી, (૬૩) રૂપવિજયજી, તેમના શિષ્ય (૬૪) કૃષ્ણવિજય, તેમના શિષ્ય (૬૫) પં૦ રંગવિજય, તેમના શિષ્ય (૬૬) પં૦ નેમિવિજયે સં. ૧૮૦૭ના ભાદરવા સુદિ ૧૩ ને સોમવારે 'ગોડીજી પાર્શ્વનાથનું સ્તવન' (ઢાળ : ૧૫) રચ્યું છે. તેઓ લખે છે કે –

''ધવલ ધીંગ ગોડી ધણી, સહુ કો આવે સંગ;
મહેમદાવાદે મોટકો, તારંગો નવરંગ.''

તેમણે સં. ૧૮૧૧માં સ્તંભન પાર્શ્વ આદિ સ્તવનો પણ રચ્યાં છે.

(પ્રક. ૫૮, મહો૦ કલ્યાણવિજયપરંપરા)

અર્થાત્ ક. સ. આ૦ હેમચંદ્રસૂરિએ અંજનશલાકા કરેલી તે પ્રતિમાઓ (૧) ગોડીપુરમાં, (૨) મહેમદાવાદમાં અને (૩) તારંગામાં છે.

વર્ધમાન–સ્થાપના :

સૌરાષ્ટ્રમાં **વઢવાણ** એ પ્રાચીન ઐતિહાસિક નગર છે.

ભ૦ મહાવીરસ્વામીએ દીક્ષા લીધી પછી પહેલું ચતુર્માસ મોરાક સંનિવેશ અને **અસ્થિગ્રામ**માં કર્યું. તે અસ્થિગ્રામનું અસલ નામ **વર્ધમાનનગર** હતું. ત્યાં નદીકિનારે શૂલપાણી યક્ષે ભગવાનને ઘણા ઉપસર્ગો કર્યા અને પછી થાકીને માફી માંગી, ખમાવીને પ્રભુની પૂજા-ભક્તિ કરી. ત્યારથી તેનું નામ બ્રહ્મશાંતિ પડ્યું. ત્યાં **જૈનતીર્થ** સ્થાપન કર્યું હતું. તે સમયના પ્રવાહમાં વિચ્છેદ પામી ગયું.

જૈનો શંકરાચાર્યની કનડગતથી હિજરત કરી મારવાડ તરફ આવ્યા. ત્યાં તેઓ જે જે પ્રતિમાઓ વગેરે સાથે લાવ્યા હતા તે તે પ્રતિમાઓ, સ્તૂપો વગેરેને સ્થાપન કરી નાંદિયા, દિયાણા, લોટાણા, સાંડેરાવ, નાણા, મુંડસ્થલ, કોટ્યાર્ક, બામણવાડા વગેરે સ્થળે **સ્થાપના તીર્થો** બનાવ્યાં. (પ્રક. ૩૭, પૃ. ૨૫૭). આ તીર્થોની સ્થાપના મોટે ભાગે નિર્વૃતિકુલના આચાર્યોને હાથે થઈ હતી. આ જ રીતે **વિદ્યાધરગચ્છ**ના આચાર્યોએ વિક્રમની ૯મી સદીમાં **વઢવાણ** વગેરે સ્થાનોમાં **સ્થાપના તીર્થો** બનાવ્યાં.

સરવાલગચ્છના ચૈત્યવાસી આ૦ **જિનેશ્વરસૂરિ**એ સં. ૧૧૭૩ના ફાગણ વદિ ૪ના રોજ વઢવાણમાં શ્રીશાંતિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી.

ગૂજરાતનો મહામાત્ય **ઉદયન** સં. ૧૨૦૮માં સૌરાષ્ટ્રમાં આવેલા વઢવાણમાં સમાધિપૂર્વક મરણ પામ્યો. તેનો અગ્નિસંસ્કાર વઢવાણમાં **ભોગાવા** નદીના કિનારે થયો અને મહામાત્યના વંશજોએ તથા શ્રીસંઘે નદીકિનારે **વર્ધમાનતીર્થ**ની ફરી સ્થાપના કરી. અહીં દેરી બનાવી, ભ૦ મહાવીરસ્વામીની ચરણપાદુકા સ્થાપન કરી હશે. તે પછી આ સ્થાનનો વારંવાર જીર્ણોદ્ધાર થતો રહ્યો છે. છેલ્લો જીર્ણોદ્ધાર વઢવાણના જૈનસંઘે વિક્રમની ૧૯મી સદીમાં કર્યો હતો. આજે આ સ્થળ યાત્રાનું ધામ મનાય છે. નદીકિનારે નિર્જન પ્રદેશ છે. શાંતિનું એકાંત સ્થાન છે. અહીં યાત્રિકો અવારનવાર યાત્રા કરવા આવે છે.

એ સમયમાં વઢવાણના પ્રદેશમાં વિદ્યાધરગચ્છના જાલિહરશાખાના તેમજ ચંદ્રગચ્છની રાજગચ્છશાખાના આચાર્યો વિચરતા હતા. જાલિહરગચ્છના આ૦ **દેવસૂરિ**એ સં. ૧૨૫૪માં વઢવાણ શહેરમાં 'પઉમચરિયં'ની રચના કરી છે. રાજગચ્છના આ૦ **મેરુતુંગસૂરિ**એ સં. ૧૩૬૧ના વૈશાખ સુદિ ૧૫ ને રવિવારે વઢવાણ શહેરમાં ઐતિહાસિક ગ્રંથ નામે 'પ્રબંધચિંતામણિ'ની રચના કરી છે.

આ ગ્રંથ આજે ગૂજરાતના ઇતિહાસની સામગ્રીમાં મહત્ત્વનો ફાળો અર્પે છે.

રાજગચ્છના આ૦ પ્રદ્યુમ્નસૂરિએ સં. ૧૩૨૪માં 'સમરાદિત્યસંક્ષેપ' રચ્યો છે.

વઢવાણ શહેરમાં સૌ પહેલો ઉલ્લેખ પાજાવસહીનો મળે છે. અહીં **મોઢવંશના પાજા શાહે** વિક્રમની ૧૩ મી સદીમાં પાજાવસહી બનાવી, તેમાં વિદ્યાધરગચ્છના આચાર્યોના હાથે પ્રતિષ્ઠા કરાવી. આ વિશાળ **જૈન મંદિર** હતું. તે પછી તેની પૌત્રવધૂ રતનદેવીએ તે દેરાસરમાં ભ૦ નેમિનાથ વગેરેની નવી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી હતી, જેનો પ્રતિમાના પરિકર ઉપરનો લેખ આ પ્રકારે છે –

॥૬૦॥ સં. ૧૩૯(-) વૈશાખ સુદિ ૩ મોઢવંશે શ્રે૦ પાજાન્વયે વ્ય૦ દેદાસુત વ્ય૦ મુઞ્જાલભાર્યયા વ્ય૦ રતનદેવ્યા આત્મશ્રેયોર્થં શ્રીનેમિનાથબિમ્બં કારિતં પ્રતિષ્ઠિતં શ્રીજાલ્યોદ્ધારગચ્છે શ્રીસર્વ્વાણન્દસૂરિસન્તાને શ્રીદેવસૂરિપટ્ટભૂષણમણિપ્રભુશ્રીહરિભદ્ર–સૂરિશિષ્યૈઃ સુગૃહીતનામધેયભટ્ટારકશ્રીચન્દ્રસિંહપટ્ટાલઙ્કરણૈઃ શ્રીવિબુધપ્રભસૂરિભિઃ ॥ શ્રીપાજાવસહિકાયાં ॥ ભદ્રં ભવતુ ॥

વઢવાણ શહેરમાં **શામળા** પાર્શ્વનાથના શિખરબંધી દેરાસર પાસેના ઉપાશ્રયમાં કાળા રંગના પથ્થરનું પરિકર છે તેની પર ઉપર મુજબનો લેખ છે.[૧]

મુસલમાની યુગમાં પાજાવસહી દેરાસરનો નાશ થયો અને તેના એક ભાગની મુસલમાનોએ 'પાડા મસ્જિદ' બનાવી. આ દેરાસર વિશાળ ભૂમિમાં પથરાયેલું હતું. **રાજમહેલ** તથા આસપાસની જમીન ખોદતાં તેનાં નિશાનો મળી આવે છે અને ઘણીખરી પ્રતિમાઓ પણ નીકળી આવે છે.

કચ્છની ભદ્રાવતી નગરીના દાનવીર શેઠ **જગડૂ શાહે** ચૌદમી સદીમાં અહીં દેરીઓવાળો **જિનપ્રાસાદ** બંધાવ્યો હતો તેનો પણ સંભવતઃ મુસલમાનોના હાથે નાશ થયો.

તે પછી વઢવાણ શહેરમાં શ્રીસંઘે (૧) ભ૦ ઋષભદેવ તેમજ (૨) ભ૦ શામળા પાર્શ્વનાથનાં બે દેરાસરો બંધાવ્યાં. તે બંને મંદિરો આજે વિદ્યમાન છે. શ્રીસંઘે છેલ્લા શ્રીઋષભદેવના દેરાસર પાસે (૩) ભ૦ **શાંતિનાથનું** બે માળનું ભવ્ય દેરાસર બંધાવ્યું છે. આ મંદિરની પ્રતિષ્ઠા સં. ૨૦૦૪ના વૈશાખ વદિ ૬ ને શનિવારે (તા. ૨૯-૪-'૪૮ના દિવસે) **તપાગચ્છના ગચ્છાધિરાજ** શ્રીમૂલચંદજી ગણિવરના પટ્ટધર આ૦ શ્રીવિજયકમલસૂરિશિષ્ય આ૦ વિજય-મોહનસૂરિશિષ્ય આ૦ વિજયપ્રતાપસૂરિશિષ્ય સમર્થ ઉપદેશક આ૦ **શ્રીવિજય-ધર્મસૂરિએ** કરી છે.

★ ★ ★

---

૧. આ લેખની નકલ શાસનકંટોદ્ધારક પં૦ શ્રી હંસસાગરજી ગણિવરે અમને મોકલી હતી.

પ્રકરણ : તેતાલીશમું

આચાર્ય સોમપ્રભસૂરિ, આચાર્ય મણિરત્નસૂરિ

આ૦ વિજયસિંહસૂરિની પાટે (૪૩) આ૦ સોમપ્રભસૂરિ અને આ૦ મણિરત્નસૂરિ એમ બે પટ્ટધરો થયા.

ततः शतार्थिकः ख्यातः श्रीसोमप्रभसूरिराट् ।
सूरिर्मणिरत्नश्च भारत्यास्तनयाविव ॥२५॥
(-આ૦ गुणरत्नकृत 'क्रियारत्नसमुच्चय' गुरुपर्वक्रम, सं. १४८८)

सोमप्रभो मुनिपतिर्विदितः शतार्थी-
त्यासीद् गुणी च मुनिरत्नगुरुर्द्वितीयः ॥
(-આ૦ मुनिसुंदरकृत 'गुर्वावली' सं. १४८८)

મહામંત્રી **જિનદેવ** નામે પોરવાડ જૈન હતો, તે હમેશાં જિનપૂજા કરતો હતો. તેને **સર્વદેવ** નામે પુત્ર અને **સોમદેવ** નામે પૌત્ર હતો.

સોમદેવે આ૦ વિજયસિંહસૂરિ પાસે દીક્ષા લીધી. તેમણે વ્યાકરણ, કાવ્ય, સાહિત્ય, ન્યાય અને જૈન આગમ શાસ્ત્રોનું તલસ્પર્શી અધ્યયન કર્યું અને ગુરુદેવના કરકમલથી આચાર્યપદ પ્રાપ્ત કર્યું. ગુરુદેવે તેમને **આ૦ સોમપ્રભસૂરિ** નામ આપી પોતાની પાટે બેસાડ્યા.[૧]

આ૦ સોમપ્રભસૂરિ ન્યાયના પારગામી, સર્વ શાસ્ત્રોના જાણકાર, શીઘ્ર કવિ અને સમર્થ ઉપદેષ્ટા હતા. તેઓ આ૦ વિજયસિંહસૂરિના બીજા પટ્ટધર હતા અને શતાર્થી સોમપ્રભસૂરિ તરીકે પ્રસિદ્ધ હતા. તેઓએ ક.સ.આ૦ હેમચંદ્રસૂરિ પાસે અભ્યાસ કર્યો હતો. (સંપા. કુમારપાલપડિબોહો પ્રશસ્તિ)

તેમણે સં. ૧૨૮૩માં ભીલડિયા તીર્થમાં ભ૦ પાર્શ્વનાથની યાત્રા કરી, વડાવલી (વડાલી)માં ચોમાસુ કર્યું હતું. સં. ૧૨૮૪માં સંઘ સાથે શત્રુંજય તીર્થની યાત્રા કરી અંકેવાલિયા ગામમાં ચતુર્માસ ગાળ્યું અને સં. ૧૨૮૪માં એ ચતુર્માસમાં જ અંકેવાલિયામાં તેઓ સ્વર્ગસ્થ થયા.

આચાર્યશ્રીએ સં. ૧૨૩૮ના માહ સુદિ ૪ ને શનિવારે માતૃકાચતુર્વિંશતિ-પટ્ટની પ્રતિષ્ઠા કરી, જે પટ્ટ આજે શંખેશ્વર તીર્થમાં પૂજાય છે.

આ૦ સોમપ્રભસૂરિ સમર્થ ગ્રંથકાર હતા. તેમણે નીચે મુજબ ગ્રંથોની રચના કરેલી છે –

---

૧. (૪૭)મી પાટે પણ બીજા આ૦ સોમપ્રભસૂરિ (સં. ૧૩૨૭થી ૧૩૭૩) થયા હતા. (જૂઓ, પ્રક. ૪૭)

(૧) **સુમતિનાહચરિયં** – (ગ્રં. ૯૫૦૦) સં. ૧૨૦૮થી સં. ૧૨૪૦, પાટણમાં મહામાત્ય સિદ્ધપાલની પોષાળમાં રચના કરી. [આનો અનુવાદ પ્રકાશિત થયો છે.]

(૨) **સિંદૂરપ્રકર** – જેમાં અહિંસા વગેરે વીશ વિષયો ઉપર સરલ, સુબોધ અને હૃદયંગમ ૧૦૦ સુભાષિત જેવાં પદ્યો છે. આ ગ્રંથનું બીજું નામ 'સૂક્તમુક્તાવલી' અને 'સોમશતક' પણ મળે છે. શ્વેતાંબર, દિગંબર અને સ્થાનકવાસી સૌ જૈનો, એટલું જ નહીં અજૈનો પણ આ પ્રકરણને માને છે– એને ભાવથી વાંચે છે. (આ પ્રકરણના વીશ વિષયોમાંથી ઈષ્ટ ઈષ્ટ વિષયોની આરાધનાના હિસાબે દિગંબર જૈનોના **વીશપંથી** અને **તેરાપંથી** ભેદો પડ્યા છે.) આચાર્યશ્રીએ આ પ્રકરણના ઘણા શ્લોકો પોતાના 'કુમારપાલપડિબોહો'માં ઉતાર્યા છે.

આ 'સિંદૂરપ્રકર' ઉપર ખરતરગચ્છીય આ૦ જિનહિતસૂરિના શિષ્ય આ૦ ચારિત્રવર્ધને સં. ૧૫૦૫ના વૈશાખ સુદિ ૮ ને ગુરુવારે ગ્રં. ૪૮૦૦ પ્રમાણ ટીકા રચી છે. નાગોરીતપાગચ્છના ભ૦ (નં. ૫૭) હર્ષકીર્તિસૂરિએ સં. ૧૬૬૦ લગભગમાં તેના ઉપર એક ટીકા રચી છે. વળી, દિગંબર-તેરાપંથી મતના પ્રર્વતક બનારસના પં૦ **બનારસીદાસે** સં. ૧૬૯૧માં તેનો હિંદી પદ્યાનુવાદ કર્યો છે, જ્યારે એક વિદ્વાને તેનો ગુજરાતી પદ્યાનુવાદ કરેલો પણ મળી આવે છે.

(૩) **શૃંગાર-વૈરાગ્યતરંગિણી** – શ્લોક : ૪૬. આ ગ્રંથમાં શૃંગારનાં દૂષણો બતાવી વૈરાગ્યને પુષ્ટ કર્યો છે. [એક એક શ્લોકમાંથી બન્ને અર્થ નીકળે છે.]

(૪) **શતાર્થ કાવ્ય** – આચાર્યશ્રીએ એક શ્લોક બનાવી પોતે જ તેના ૧૦૦ અર્થ કરી બતાવ્યા છે. આથી તેઓ શતાર્થી તરીકે પ્રસિદ્ધિ પામ્યા હતા.[1] તે મૂળ કાવ્ય આ પ્રકારે છે –

" कल्याणसारसवितानहरेक्षमोहकान्तारवारणसमान जयाद्यदेव ।
धर्मार्थकामदमहोदयवीरधीरसोमप्रभावपरमागमसिद्धसूरेः ॥ "

આ કાવ્યમાં ૧,૨,૩, અક્ષરોનો દુગ્ધછંદ; ૪,૫,૬ અક્ષરોનો શંખછંદ;

---

૧. જૈન આચાર્યોએ પંચશતાર્થી, શતાર્થી, સપ્તાર્થી, ષડર્થી, ચતુરર્થી અને દ્વયર્થી એમ અનેક પ્રકારનાં અનેકાર્થી કાવ્યો રચ્યાં છે, જેમાંનાં કેટલાંએક નીચે મુજબનાં જાણવા મળે છે –

અનેકાર્થ સાહિત્ય –

(૧) આ૦ બપ્પભટ્ટિનું તત્તીસીઅલી અષ્ટશતાર્થી ૧૦૮ અર્થવાળું શતાર્થી કાવ્ય.
(૨) નિર્વૃતિગચ્છના આ૦ સૂરાચાર્યનો 'ઋષભ-નેમિદ્વિસંધાન' ગ્રંથ સં. ૧૦૯૦.
(૩) વડગચ્છના આ૦ હેમચંદ્રસૂરિનું 'નાભેય-નેમિદ્વિસંધાન' કાવ્ય સં. ૧૧૯૦ લગભગ. ➡

૭,૮,૯ અક્ષરોનું શુભવૃત્ત; ૧૦,૧૧,૧૨ અક્ષરોનો શુભ્રછંદ; ૧૩, ૧૪ અક્ષરોનો સ્ત્રીછંદ અને ૧ થી ૧૪ અક્ષરોનો વસંતતિલકાછંદ પણ બતાવેલો છે.

આચાર્યશ્રીએ આ શ્લોકની સ્વોપજ્ઞ વૃત્તિ રચી છે, તેમાં પ્રથમ સો નામો આપીને તેમાં તે નામો સાથે સો અર્થો ઘટાવ્યા છે. તે નામો નીચે પ્રમાણે છે–

---

(૪) કવિચક્રવર્તી શ્રીપાલનું 'ભુમારોદ્ધરણો૰' આદિ પદવાળું શતાર્થી પદ્ય, સં. ૧૧૯૦ પછી.

(૫) આ૦ રત્નપ્રભસૂરિએ રચેલી 'રત્નાકરાવતારિકા'નું એક શતાર્થી પદ્ય.

(૬) ક.સ.આ૦ હેમચંદ્રસૂરિના શિષ્ય પં૦ વર્ધમાનગણિના 'કુમારવિહાર–પ્રશસ્તિશતક'નું ૮૭મું ષોડશાધિકશતાર્થી વિવરણ.

(૭) વડગચ્છના આ૦ સોમપ્રભસૂરિનું 'કલ્યાણસાર૰' શતાર્થી કાવ્ય, સં. ૧૨૩૫ થી ૧૨૪૦. (જૂઓ, ચાલુ પ્રકરણ)

(૮) તપાગચ્છના આ૦ સોમતિલકનું 'શ્રીસિદ્ધાર્થનરેન્દ્ર૰' પંચવિંશતિ અર્થકાવ્ય (જિન ૨૪ + ગુરુ ૧ = ૨૫), સં. ૧૪૦૦.

(૯) આ૦ સોમતિલકની 'શ્રીતીર્થરાજ૰' ચતુર્થી સ્વોપજ્ઞવૃત્તિસ્તુતિ સં. ૧૪૦૦.

(૧૦) આ૦ જિનમાણિક્યસૂરિનું શતાર્થીકાવ્ય, સં. ૧૫૩૯.

(૧૧) આ૦ હેમવિમલસૂરિશિષ્ય પં૦ હર્ષકુલની નમો અરિહંતાણનાં ૧૧૦ અર્થ, સં. ૧૫૮૦.

(૧૨) શ્રીમાનસાગરનું યોગશાસ્ત્ર, પ્ર. ૨, શ્લો. ૧૦માંનું શતાર્થીવિવરણ.

(૧૩) આ૦ સોમવિમલસૂરિનું શતાર્થીવિવરણ.

(૧૪) આગમિકગચ્છના આ૦ દેવરત્નસૂરિનું 'નમો લોએ સવ્વસાહૂણં' એ પદમાંના 'સવ્વ' શબ્દના ૩૯ અર્થનું વિવરણ, સં. ૧૫૭૧.

(૧૫) આ૦ જયસુંદરનું યોગશાસ્ત્ર, પ્ર. ૨, શ્લો. ૫ માનું શતાર્થી વિવરણ.

(૧૬) શ્રીઉદયધર્મનું 'ઉપદેશમાલા'ની ૫૧મી ગાથાનું શતાર્થી વિવરણ, સં. ૧૬૦૫.

(૧૭-૧૮) આ૦ વિજયદાનસૂરિ શિષ્યનું શ્રીનાભિનન્દનજનેષુ૰ સપ્તાર્થીકાવ્ય અને બીજું શ્રીવર્ધમાનજિન૰ ષડર્થીકાવ્ય, સં. ૧૬૧૯.

(૧૯) મહો૰ કલ્યાણવિજયગણિના શિષ્યનું ઉપા૰ લાભવિજય ગણિનું 'યોગશાસ્ત્ર'ના શ્લોક : ૧નું પંચશતાર્થી વિવરણ, સં. ૧૬૩૯.

(૨૦) મહો૰ સમયસુંદર ગણિનું 'રાજાનો દદતે સૌખ્યમ્' એ એક ચરણનું અષ્ટલક્ષાર્થી વિવરણ, સં. ૧૬૫૨, લાહોર.

(૨૧) મહો૰ વિનયવિજય ગણિએ 'ચત્તારિ અટ્ઠ દસ દોય૰' ગાથાના વીશ અર્થો કર્યા છે.

(૨૨) મહો૰ મેઘવિજયગણિકૃત 'સપ્તસંધાનમહાકાવ્ય' ગ્રંથ, સં. ૧૭૬૦. તેમણે 'પંચતીર્થીસ્તુતિ ઉપર સ્વોપજ્ઞ પંચાર્થીવૃત્તિ પણ રચી છે.

(૨૩) ગુરુદેવ શ્રીચારિત્રવિજયજીનું 'ઇડે સિદ્ધાર્થ૰' ચતુરર્થીસ્તુતિ.

(૨૪) દ્વ્યાશ્રય કાવ્યો (વગેરે માટે જૂઓ પ્રક. ૪૧, પૃ. ૪૯૧).

(૧થી ૨૪) તીર્થંકરો, (૨૫) પુંડરીક, (૨૬) સૂરિ, (૨૭) ઉપાધ્યાય, (૨૮) સિદ્ધ, (૨૯) મુનિ, (૩૦) ગૌતમસ્વામી, (૩૧) સુધર્મસ્વામી, (૩૨ થી ૩૬) પાંચ મહાવ્રત, (૩૭) આગમ, (૩૮) શ્રુતદેવી, (૩૯થી ૪૨) ચાર પુરુષાર્થ, (૪૩) વિધિ, (૪૪) નારદ, (૪૫) વેદ, (૪૬) વિષ્ણુ, (૪૭) બલદેવ, (૪૮) લક્ષ્મી, (૪૯) પ્રદ્યુમ્ન, (૫૦) ચક્ર, (૫૧) શંખ, (૫૨) શિવ, (૫૩) પાર્વતી, (૫૪) સ્કંદ, (૫૫) હેરંબ, (૫૬) કૈલાસ, (૫૭ થી ૬૫) નવગ્રહો, (૬૬ થી ૭૨) આઠ દિક્પાલ, (૭૩) જયંત, (૭૪) ધન, (૭૫) મદિરા, (૭૬) સોનું, (૭૭) સમુદ્ર, (૭૮) સિંહ, (૭૯) ઘોડો, (૮૦) હાથી, (૮૧) કમળ, (૮૨) સર્પ, (૮૩) શુક્ર, (૮૪) અરણ્ય, (૮૫) માનસરોવર, (૮૬) ધનુષ્ય, (૮૭) અસ્ત્રવૈદ્ય, (૮૮) હનુમાન, (૮૯) પત્ની, (૯૦) આ૦ સિદ્ધસેન દિવાકર, (૯૧) આ૦ હરિભદ્રસૂરિ, (૯૨) આ૦ **વાદિદેવસૂરિ,** (૯૩) આ૦ **હેમચંદ્રસૂરિ,** (૯૪) રાજા **સિદ્ધરાજ,** (૯૫) રાજા **કુમારપાલ,** (૯૬) રાજા અજયપાલ, (૯૭) રાજા મૂળરાજ, સં. ૧૨૩૪, (૯૮) કવિ ધનપાલ, કવિ સિદ્ધપાલ, (૯૯) આ૦ **અજિતદેવસૂરિ,** (૧૦૦) આ૦ **વિજયસિંહસૂરિ,** (૧૦૧) શતાર્થી **સોમપ્રભસૂરિ.**

આ૦ સોમપ્રભસૂરિએ 'कल्याणसार०' એ કાવ્યના શતાર્થી વિવરણમાં ઉપર્યુક્ત સો અર્થો ઘટાવ્યા છે.

(૫) **કુમારપાલપડિબોહો** (પ્રસ્તાવ : ૫, ગ્રં. ૮૮૧૧) – આચાર્યશ્રી 'કુમારપાલપડિબોહો'ની પ્રશસ્તિમાં જણાવે છે કે, સં. ૧૨૪૧માં પાટણમાં ગૂર્જરેશ્વર કુમારપાલના પ્રીતિપાત્ર કવિ **સિદ્ધપાલ**ની વસતિમાં આ ગ્રંથ બનાવ્યો. આ ગ્રંથ ક.સ. આ૦ હેમચંદ્રસૂરિના શિષ્યો આ૦ મહેન્દ્રસૂરિ, પં૦ વર્ધમાનગણિ અને પં૦ ગુણચંદ્રગણિએ સાદ્યંત સાંભળ્યો હતો. શેઠ **નેમિનાગ** મોઢના મુખ્ય પુત્ર શેઠ શ્રાવક **અભયકુમાર,** તેની પત્ની પદ્મા, પુત્રો **હરિચંદ** વગેરે પુત્રીઓ અને **દેવી** વગેરેએ અત્યંત આનંદ પામી આ ગ્રંથની પ્રતો લખાવી હતી.

૪૩. આ૦ મણિરત્નસૂરિ :

આ૦ વિજયસિંહસૂરિએ પોતાની પાટે ૧. આ૦ હેમચંદ્ર, ૨. આ૦ સોમપ્રભ, ૩. આ૦ મણિરત્ન – એમ ત્રણ આચાર્યોને સ્થાપન કર્યા હતા. આ૦ મણિરત્ન સૌથી નાના હતા. તેઓ અત્યંત વિનયી અને સંઘમાં સૌને પ્રિય હતા. તેમના જીવનની ખાસ નોંધ મળતી નથી. સંભવતઃ તેઓ સં. ૧૨૭૪માં સ્વર્ગે ગયા. આ૦ જગચ્ચંદ્રસૂરિ તેમના શિષ્ય હતા અને તેમની પાટે આચાર્ય થયા. આ૦ જગચ્ચંદ્રસૂરિથી સં. ૧૨૮૫માં આઘાટપુરમાં તપાગચ્છ નીકળ્યો અને તેમના બે શિષ્યોથી સં. ૧૩૧૯માં ખંભાતમાં ૧. તપા વૃદ્ધ પોષાળ અને ૨. **તપા લઘુપોષાળ** એમ બે શાખાઓ નીકળી. (જૂઓ, પ્રક. ૪૪, ૪૫ વગેરે)

આ સમયમાં ઘણા **ધર્મપ્રભાવકો** થયા. તે આ પ્રમાણે –

યુગ૦ આ૦ વિનયમિત્ર – તેમનો યુગપ્રધાનકાળ સં. ૧૧૮૮ થી સં. ૧૨૭૪ હતો. સંભવ છે કે, **આ૦ મણિરત્નસૂરિ** યુગપ્રધાન હોય.

આ૦ વિજયસેન, આ૦ ઉદયપ્રભ, આ૦ મલ્લિષેણ – આ ત્રણે નાગેંદ્ર-ગચ્છના આચાર્યો હતા. મંત્રી વસ્તુપાલ-તેજપાલના વંશના ધર્મગુરુ હતા. સં. ૧૨૮૭. (–પ્રક. ૩૫, પૃ. ૫-૬)

આ૦ મલ્લવાદી – તેઓ નાગેંદ્રગચ્છના ખંભાતના ચૈત્યવાસી આચાર્ય હતા. તેમના ઉપદેશથી સં. ૧૨૮૨ લગભગમાં મંત્રી વસ્તુપાલે પોતાની ચાંદીની પાલખી ભેટ આપી હતી. એ ચાંદીમાંથી ભરૂચના શકુનિકાવિહારમાં સ્નાત્ર-પ્રતિમા બનાવી હતી. (વિશેષ માટે જૂઓ, પ્રક. ૨૩, પૃ. ૩૧૪)

આ૦ વર્ધમાન – તેઓ નાગેંદ્રગચ્છના આચાર્ય હતા. સં. ૧૨૯૯. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૪)

આ૦ જિનદત્ત, આ૦ અમરચંદ્ર – તેઓ વાયડગચ્છના આચાર્ય હતા. સં. ૧૦૦૬માં આ૦ જીવદેવસૂરિ થયા. તેમની પાટે વાયડગચ્છમાં દર ત્રીજા આચાર્યનું નામ જિનદત્તસૂરિ રાખવામાં આવતું હતું. (પ્રક. ૩૪, પૃ. ૪૫૩) આ૦ જિનદત્તે સં. ૧૨૬૫માં જાલોરના મહામાત્ય દેવપાલના પુત્ર ધનપાલ માટે 'વિવેકવિલાસ' ગ્રંથ રચ્યો. સંસ્કૃતમાં 'અજિતશાંતિસ્તવન' (શ્લો. ૧૫) રચ્યું અને ઘણા નવા વંશોને જૈન બનાવી, **વાયડગચ્છમાં** દાખલ કર્યા. તેઓ સં. ૧૨૮૭માં મંત્રી વસ્તુપાલે કાઢેલા શત્રુંજય તીર્થના યાત્રાસંઘમાં સાથે હતા. એ સમયે તેમણે જ મંત્રીને ઉપદેશ આપ્યો હતો કે, 'સંઘમાં રહેલ પાસત્થા વગેરેને પણ આહાર વગેરેનું દાન આપવું તે વ્યવહારશુદ્ધિ છે.' પાસત્થાઓ છે તો જ નિર્ગ્રન્થો [1]નિર્ગ્રંથ તરીકે ઓળખાય છે.

(સુકૃતસંકીર્તન; પ્રબંધકોશ; પ્રક. ૩૪, પૃ. ૪૫૩ થી ૪૬૧)

વાયડગચ્છના શ્રાવક **વાહડે** એક પથ્થરનું ત્રિગડું બનાવ્યું હતું, જે આજે ભોયણી તીર્થ પાસે સૂરજ ગામના ભ૦ શીતલનાથના દેરાસરમાં વિદ્યમાન છે. તેની ઉપર સુંદર અક્ષરોમાં સં. ૧૨૯૭નો લેખ છે. (જૂઓ પ્રક. ૪૧, પૃ. ૫૨૩)

આ૦ અમરચંદ્ર – તેમની પાટે આ૦ અમરચંદ્રસૂરિ થયા હતા. આ૦ જિનદત્તના ભક્ત અને કવિરાજ અરિસિંહના તેઓ પ્રીતિપાત્ર વિદ્યાર્થી હતા.

---

૧. કચ્છી ભાષામાં આ આશયની કહેવત મળે છે કે –

પટ્યો પટ્યો કુરતાયો, પટ્યો કે પણ જાં ?
મો પટ્યો ન વેત, બીયા સારા ચોવાજે કીંય ?

તમે આને મારો રોયો, મારો પિટ્યો કહો છો. એમ પિટ્યો પિટ્યો કહો છો તે પિટ્યાનું પણ કલ્યાણ હો, કેમકે મૂઆ-પિટ્યા ન હોય તો બીજાઓ સારા કઈ રીતે કહેવાય ?

કવિરાજે તેમને સિદ્ધસારસ્વત મંત્ર આપ્યો. તેની તેમણે વાયડગચ્છના કોઠારી પદ્મ શ્રેષ્ઠીના ઘરમાં ૨૧ આયંબિલ કરીને વિધિપૂર્વક સાધના કરી હતી. તેથી સરસ્વતીએ પ્રસન્ન થઈ તેમને પોતાના કમંડલુનું પાણી પાયું અને સિદ્ધ કવિ તથા રાજપૂજિત થવાનો આશીર્વાદ આપ્યો.

આ૦ અમરચંદ્રે 'બાલભારત' (સર્ગ : ૧૧, શ્લોક : ૬)માં પ્રભાતના વર્ણનનો એક શ્લોક રચ્યો છે કે – વલોણું કરતી સ્ત્રીની વેણીરૂપ તરવારને કામદેવ નિર્દય રીતે ફેરવે છે.[૧] આથી વિદ્વાનોએ તેમને 'વેણીકૃપાણ અમર' એવું બિરુદ આપ્યું.[૨] તેમની કવિત્વશક્તિનો પ્રભાવ ઠેઠ મહારાષ્ટ્ર સુધી ફેલાયો હતો. ધોળકાના રાજા **વીશલદેવે** (સં. ૧૩૦૦ થી ૧૩૧૮) મંત્રી ઠ૦ વૈજલને મોકલી આચાર્યને પોતાની રાજસભામાં પધરાવ્યા હતા.

અહીં કવિ સોમેશ્વર, વંથલીનો કવિ સોમાદિત્ય, કૃષ્ણનગરનો કવિ કમલાદિત્ય, વીસલનગરનો કવિ નાનાક વગેરેએ આ૦ અમરચંદ્રને ૧૦૮ સમસ્યાઓ પૂછી, તે બધી સમસ્યાઓની પૂર્તિ તેમણે શીઘ્રતાથી કરીને સૌને આશ્ચર્યચકિત કર્યા હતા.

તેમણે બાલભારત, કવિકલ્પલતા, તે(કવિકલ્પલતા)ની સ્વોપજ્ઞવૃત્તિના નામે કવિશિક્ષાવૃત્તિ, કાવ્યકલ્પલતાપરિચય, અલંકારપ્રબોધ, સ્યાદિસમુચ્ચય, ઉલ્લાસ : ૪, શ્લોક : ૫૪, છંદોરત્નાવલી-મંજરી વૃત્તિ, કલાકલાપ, સૂક્તાવલી, પદ્માનંદકાવ્ય, (ચોવીશ તીર્થંકરોનાં ટૂંકાં ચરિત્રોની રચના, જે કોઠારી પદ્મની વિનતિથી રચ્યું છે) વગેરે ગ્રંથો રચ્યા છે.

મહો૦ યશોવિજય ગણિએ આ 'કાવ્યકલ્પલતા'ની વૃત્તિ ગ્રં. ૩૨૫૦ રચી હોવાની માન્યતા છે પણ સંભવતઃ એ વૃત્તિ ક.સ. આ૦ હેમચંદ્રસૂરિએ રચેલા કાવ્યાનુશાસનની રચેલી સ્વોપજ્ઞ વૃત્તિ 'અલંકારચૂડામણિવૃત્તિ' ઉપરની વૃત્તિ હશે.

આ૦ અમરચંદ્રે કવિરાજ **અરિસિંહને** પોતાના કલાગુરુ તરીકે રાજા વિસલદેવની સામે રજૂ કર્યા હતા. રાજાએ પણ કવિરાજ અરિસિંહની અદ્‌ભુત કવિતા સાંભળી તેને મોટો ગ્રાસ બાંધી આપ્યો હતો. (જૂઓ, પ્રક. ૪૫)

આ૦ અમરચંદ્રે છેલ્લો ગ્રંથ કોઠારી પદ્મના કહેવાથી 'પદ્માનંદાભ્યુદયમહાકાવ્ય' નામે રચ્યો છે, તેમાં સર્ગ : ૧૪માના શ્લોક : ૭૫ થી ૮૨માં ત્રિવર્ગ

---

૧. दधिमथनविलोलल्लोलदृग्वेणिदम्भादयमदयमनङ्गः ! विश्वविश्वैकजेता ।
भवभविभवकोपत्यक्तबाणः कृपाणश्रमभिव दिवसादौ व्यक्तशक्तिर्व्यनक्ति ॥
(–બાલભારત-પ્રભાતવર્ણન)

૨. તેમને दीपिकाकालिदासः, घण्टामाघः વગેરે બિરુદોની જેમ महाव्रतधरो वेणीकृपाणोऽमरः એવું બિરુદ આપવામાં આવ્યું હતું.

('ક' થી 'ણ' અક્ષરો) રહિત અને શ્લો. ૧૦૫થી ૧૦૯માં પંચવર્ગ ('ક' થી 'મ' અક્ષરો) પરિહારવાળી રચના કરી છે.

આચાર્યશ્રીએ 'અસ્મિન્નસારે સંસારે૦' એ શ્લોકના ઉત્તરાર્ધથી મહામાત્ય વસ્તુપાલને ભક્ત બનાવ્યો હતો.

આ આચાર્યની મૂર્તિ પાટણમાં ટાંગડિયાવાડાના મંદિરમાં વિરાજમાન છે, જેની પ્રતિષ્ઠા સં. ૧૩૪૯ના ચૈત્ર વદિ ૬ શનિવારે **પં૦ મહેન્દ્રશિષ્ય મદનચંદ્રે** કરી હતી. (–જૈનલેખસંગ્રહ, ભા. ૨, લેખાંક : ૫૨૩)

આ૦ સિદ્ધસૂરિ, આ૦ કક્કસૂરિ, આ૦ દેવગુપ્તસૂરિ – તેઓ ઉપકેશગચ્છના આચાર્યો હતા.

આ૦ સિદ્ધસૂરિએ સં. ૧૨૫૫માં સિદ્ધચક્રના ચાંદીના પ્રાચીન પટ્ટનો ઉદ્ધાર કર્યો. સં. ૧૨૭૪માં આ૦ જિનભદ્રગણિ–ક્ષમાશ્રમણકૃત 'ક્ષેત્રસમાસ'ની વૃત્તિ રચી છે. તેમના ગુરુબંધુ પં૦ વીરદેવે ઓસિયા તીર્થને શાહબુદ્દીન ઘોરીના હુમલાથી બચાવ્યું હતું.

આ૦ કક્કસૂરિએ સં. ૧૨૭૪માં પાલનપુરમાં પલ્લવિયા પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી. (જૂઓ, પ્રક. ૧, પૃ. ૨૫; પ્રક. ૩૬, પૃ. ૧૯૧)

માનવરક્ષા :

આ૦ દેવગુપ્તે પોતાના શિષ્યોને મહાવિદ્વાન બનાવી પ્રભાવક બનાવ્યા હતા. તેમના શિષ્ય **પં૦ હરિચંદ્રે** કચ્છના રાવને ઉપદેશ આપી કચ્છમાં ''કન્યાને દૂધપીતી'' કરવાની હિંસક પ્રથા સર્વથા બંધ કરાવી હતી.

(–વિશેષ માટે જૂઓ, પ્રક. ૧, પૃ. ૨૬)

ઉપા૦ પદ્મપ્રભ (સં. ૧૨૭૭) :

તેઓ ગૂર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહના પિતરાઈ ભત્રીજા હતા. તેમણે ઉપકેશગચ્છના ઉપા૦ જંબૂનાગની પરંપરામાં દીક્ષા લીધી હતી. ગૂર્જરેશ્વર કુમારપાલના રાજકાળમાં સિંધમાં સામરોડી ગામમાં ઉપદેશ આપીને જૈન દેરાસર બંધાવ્યું હતું. તેમણે ત્રિપુરા (સરસ્વતી) દેવીને પ્રસન્ન કરી વચનસિદ્ધિ મેળવી હતી. રાજા ભીમદેવ બીજો (સં. ૧૨૩૫ થી ૧૨૯૮) તથા તેની પટરાણી લીલાવતી ઉપાધ્યાયજીને ગુરુ તરીકે માનતાં હતાં. તેમણે સં. ૧૨૩૯માં અજમેરના રાજા વીસલદેવની સભામાં આ૦ જિનપતિસૂરિ (સં. ૧૨૨૩ થી ૧૨૭૭)ને 'ગુરુકાવ્યાષ્ટક' અંગે વાદમાં જીતી લઈ જય મેળવ્યો હતો.

(પ્રક. ૧, પૃ. ૨૩, પ્રક. ૪૦, પૃ. ૩૬૩)

આ૦ જિનપતિસૂરિ – (સં. ૧૨૨૩ થી ૧૨૭૮.) તેઓ ખરતરગચ્છના આચાર્ય [illegible] (પ્રક. ૪૦, પૃ. ૩૬૨-૩૬૩)

આ૦ મહેન્દ્રસિંહસૂરિ – (સં. ૧૨૬૩ થી ૧૩૦૯.) તેઓ અંચલગચ્છના આચાર્ય હતા. (પ્રક. ૪૦, પૃ. ૪૧૦)

આ૦ વિનયચંદ્રસૂરિ :

(૧) વડગચ્છના આ૦ સર્વદેવસૂરિની પાટે આ૦ યશોદેવ, આ૦ રવિપ્રભ વગેરે થયા. તેમની પાટે આ૦ રત્નસિંહ થયા, જેમને સૈદ્ધાંતિક આ૦ મુનિચંદ્રસૂરિએ આચાર્યપદ આપ્યું હતું. તેમની પાટે આ૦ વિનયચંદ્રસૂરિ થયા. તેઓ મહાવિદ્વાન હતા. તેમણે સંભવતઃ ચોવીશ તીર્થંકરોના ચરિત્રો અને વીશ પ્રબંધો રચ્યાં છે.

(૨) આ૦ વિનયચંદ્રે જિનચરિત્રો પૈકીના 'શ્રીપાર્શ્વનાથચરિત્ર'ની રચના સં. ૧૨૮૫, 'શ્રીમલ્લિનાથચરિત્ર'ની રચના સં. ૧૨૮૬ ને તે પછી 'શ્રીમુનિસુવ્રતચરિત્ર' સર્ગ : ૮ રચેલાં મળે છે. સં. ૧૨૮૬ લગભગમાં આ૦ બપ્પભટ્ટિસૂરિની 'કવિશિક્ષા'ના આધારે નવો 'કવિશિક્ષા' ગ્રંથ રચ્યો છે, તેમાં ભારતના ૮૪ દેશોની માહિતી આપી છે. (પ્રક. ૩૫, પૃ. ૯૩) તેમણે કચ્છૂલીગચ્છના આ૦ ઉદયસિંહે સં. ૧૨૮૬માં રચેલી 'ધર્મવિધિવૃત્તિ'નું સંશોધન કર્યું હતું.

(૩) **આ૦ વિનયચંદ્રે** સં. ૧૩૨૫માં 'કલ્પદુર્ગપદનિરુક્ત', સં. ૧૩૪૫માં 'દીપાલિકાકલ્પ' તેમજ 'નેમિનાથચતુષ્પદિકા' (કડી : ૪૦), 'આનંદસંધિ, ઉપદેશમાલા, કથાનકછપ્પય' વગેરે રચ્યાં છે. (જૂઓ પ્રક. ૩૮, પૃ. ૨૬૧)

આ૦ ભુવનચંદ્ર – તેઓ આ૦ ધનેશ્વરસૂરિની પરંપરાના ચિત્રવાલગચ્છના આચાર્ય હતા. તેમના શિષ્ય પં૦ **દેવભદ્રગણી**એ આ૦ જગચ્ચંદ્રસૂરિની નિશ્રામાં સં. ૧૨૮૫માં ક્રિયોદ્ધાર કર્યો હતો. (જૂઓ, પ્રક. ૪૪)

આ૦ ગુણભદ્રસૂરિ – નિર્વૃત્તિકુલના જાલ્યોદ્ધારગચ્છમાં આ૦ ગુણભદ્રસૂરિ થયા હતા. માંડલના જાલ્યોદ્ધારગચ્છના પાલ્હણ મોઢે તેમના ઉપદેશથી સં. ૧૨૨૬માં પાલાઉદ્ર ગામમાં 'નંદીસૂત્ર'ની દુર્ગવ્યાખ્યા લખી.

(જૂઓ, પ્રક. ૪૧, પૃ. ૫૧૪; જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ, નં. ૯૦)

આ પ્રશસ્તિમાં જાલ્યોદ્ધારગચ્છને નિર્વૃત્તિકુલનો શાખાગચ્છ બતાવ્યો છે, જ્યારે આ૦ દેવસૂરિ જાલ્યોદ્ધારગચ્છ તથા કાસહ્રદગચ્છને વિદ્યાધરકુલના પેટાગચ્છ હોવાનું લખે છે. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૩૭)

આ૦ વીર, આ૦ જયસિંહ – તેઓ ચંદ્રગચ્છના અને ભરૂચના મંદિરના ચૈત્યવાસી આચાર્ય હતા. આ૦ **જયસિંહે** સં. ૧૨૮૫ લગભગમાં 'હમ્મીરમદમર્દનનાટક'ની રચના કરેલી છે. તેમાં મંત્રી વસ્તુપાલે બાદશાહ અલ્તમશ ઉપર વિજય મેળવ્યો તેનું વર્ણન કર્યું છે. આ નાટક ખંભાતમાં ભીમેશ્વર મહાદેવના યાત્રોત્સવ પ્રસંગે ભજવાયું હતું.

ચંદ્રગચ્છના આ૦ જયસિંહે સં. ૧૨૮૦માં ખંભાતની વીસવસહિકામાં સરસ્વતી દેવીની પ્રતિમા સ્થાપન કરી હતી.

આ૦ જયસિંહ – તેઓ કૃષ્ણર્ષિગચ્છના આચાર્ય હતા. તેમણે સં. ૧૩૦૧માં મારવાડમાં મંત્રથી જળ ઉપજાવીને સંઘને જિવાડ્યો હતો.[૧]

(–આ૦ જયસિંહસૂરિકૃત 'કુમારપાલચરિત-પ્રશસ્તિ')

આ૦ વિજયસિંહ – (સં. ૧૨૩૭) તેઓ ભાવાચાર્યગચ્છના ચૈત્યવાસી આચાર્ય હતા.

આ૦ વિજયસિંહ – (સં. ૧૨૪૬) તેઓ ખપુટાચાર્યગચ્છ (હુંબડગચ્છ)ના ચૈત્યવાસી આચાર્ય હતા.

આ૦ માણેકચંદ્ર – તેઓ રાજગચ્છના વિદ્વાન આચાર્ય હતા. તેઓ ટેકીલા હતા. સં. ૧૨૪૬-૧૨૭૬. (પ્રક. ૩૫, પૃ. ૨૬-૨૭)

★

માણિક્ય નામના સૂરિવરો :

આ નામના અનેક આચાર્યો થયા હતા –

(૧) રાજગચ્છના આ૦ સાગરચંદ્રસૂરિના ગુરુભ્રાતા તેમજ પટ્ટધર જેમણે સં. ૧૨૬૬માં 'કાવ્યપ્રકાશ-સંકેતટીકા' વગેરે રચ્યાં છે. (પ્રક. ૩૫, પૃ. ૨૬)

(૨) કચ્છૂલીગચ્છના આ૦ શ્રીપ્રભના પટ્ટધર નામે માણિક્યપ્રભસૂરિ થયા. (પ્રક. ૪૦, પૃ. ૪૩૨)

(૩) જેમણે સં. ૧૩૨૮માં 'શકુનસારોદ્ધાર' નામે ગ્રંથ રચ્યો છે તે આ૦ માણિક્યસૂરિ.

(૪) વડગચ્છના આ૦ વાદિદેવસૂરિની પરંપરામાં ઘણા આચાર્ય માણિક્યસૂરિ

---

૧. કૃષ્ણર્ષિગચ્છના આ૦ જયસિંહસૂરિ (સં. ૧૩૦૧)ની પાટે આ૦ **મહેન્દ્રસૂરિ** થયા. તેઓ નિર્લોભ હતા.

બાદશાહ મહમ્મદ તેમને બહુ માનતો હતો. તેમના શિષ્ય આ૦ જયસિંહસૂરિએ સારંગ પંડિતને વાદમાં હરાવ્યો. સં. ૧૪૨૨માં કુમારપાલચરિત્ર ગ્રં. ૬૩૦૭ બનાવ્યું. ભાસર્વજ્ઞ ન્યાયસારની 'ન્યાયતાત્પર્ય' ટીકા વ્યાકરણ બનાવ્યું. તેમના પટ્ટધર આ૦ **પ્રસન્નચંદ્ર**ના બીજા પટ્ટધર આ૦ **નયનચંદ્રસૂરિ**એ 'કુમારપાલચરિત'ની પહેલી પ્રતિ લખી હતી તથા 'હમ્મીરમહાકાવ્ય' સર્ગ : ૧૪ અને 'રંભામંજરી' નાટિકા'ની રચના કરી હતી.

કૃષ્ણર્ષિગચ્છના આ૦ જયસિંહસૂરિએ સં. ૧૪૫૨માં માંડવગઢના સુલતાન મહમ્મુદ ખિલજીના મહામાત્ય અને રણથંભોરના દંડનાયક (શાસક) ધનરાજ પોરવાડની વિનતિથી 'ધનરાજ પ્રબોધમાલા' રચી હતી.

(જૂઓ, પ્રક. ૪૫; કૃષ્ણર્ષિગચ્છ માટે જૂઓ, પ્રક. ૩૨, પૃ. ૪૨૯ થી ૪૩૧)

થયા, જેમનાં બીજાં નામ આ૦ માનદેવ તથા આ૦ મણિભદ્ર પણ મળે છે. (જૂઓ, પ્રક. ૪૧, પૃ. ૪૫૩, ૪૫૫, ૪૫૯, ૪૬૦, ૪૬૧, ૪૬૨)

(૫) અંચલગચ્છની ૫૧મી પાટે થયેલા આ૦ મેરુતુંગસૂરિના શિષ્ય આ૦ માણિક્યસુંદરસૂરિ નામે થયા, જેમણે 'ગુણવર્માચરિત્ર, શ્રીધરચરિત્ર', સ્વોપજ્ઞ ટીકા સાથે, 'ધર્મદત્તકથા, અજાપુત્રચરિત્ર, શુકરાજકથા, ચતુઃપર્વીકથા, પૃથ્વીચંદ્ર-ચરિત્ર, અપરનામ વાગ્વિલાસ' સં. ૧૪૭૮, દીપિકાઓ વગેરે ગ્રંથો રચ્યા છે. (પ્રક. ૪૦, પૃ. ૪૧૭)

(૬) વૃદ્ધ તપાગચ્છના આ૦ જયતિલકસૂરિનઃ શિષ્ય આ૦ રત્નસિંહ, તેમના શિષ્ય માણિક્યસુંદર ગણિ નામે હતા, જેમણે સં. ૧૫૦૧માં મલધારગચ્છના આ૦ હેમચંદ્રસૂરિની 'ભવભાવના' ગ્રંથનો ટબો રચ્યો છે.

(૭) ખરતરગચ્છના ૫૫ મા આચાર્ય જિનમાણિક્યસૂરિ સં. ૧૬૧૨ અષાઢ સુદિ ૫ ના રોજ કાળધર્મ પામ્યા હતા. (જૂઓ, પ્રક. ૪૦, પૃ. ૩૭૯-૩૮૦)

(૮) વૃદ્ધતપાગચ્છના આ૦ જયતિલકસૂરિના શિષ્ય આ૦ માણિક્યસૂરિ, જેમણે સં. ૧૫૮૧માં રત્નચૂડરાસ રચ્યો છે. (જૂઓ, પ્રક. ૪૪)

(૯) તપાગચ્છીય પં૦ રત્નચંદ્રગણિના શિષ્ય પં૦ માણિક્યચંદ્ર, જેમણે 'કલ્યાણમંદિરસ્તોત્ર'ની દીપિકા-વૃત્તિ રચેલી છે. (જૂઓ, પ્રક. ૫૩)

(૧૦) આ૦ હેમવિમલસૂરિના પરિવારમાં મહો૦ જિનમાણિક્ય ગણિ હતા. (પ્રક. ૩૬, પૃ. ૧૮૫)

(૧૧) મડાહડગચ્છના શ્રીપૂજ ભટ્ટા૦ માણિક્યરત્ન, સં. ૧૬૨૦. (પ્રક. ૩૭, પૃ. ૨૦૯)

(૧૨) પૂ. મોહનલાલજી મહારાજની પરંપરાના આ૦ **જિનમાણિક્યસૂરિ**. તેમણે કલ્પસૂત્ર, પ્રથમ કર્મગ્રંથ, વ્યવહારસૂત્રભાષ્ય વગેરેનાં હિન્દી ભાષાંતરો કરેલાં છે. તેઓ દીર્ઘ વિહારી અને શાસનપ્રેમી હતા.

(૧૩) **વિજયમાણિક્યસિંહસૂરિ** – તેઓ વિદ્વાન હતા, આગમના અભ્યાસી હતા. તેમણે ગુજરાતીમાં વિવિધ પૂજા બનાવી છે, જે ઘણી લોકપ્રિય બની છે.

ઉપરોક્ત બંને સૂરિવરો સં. ૧૯૯૦માં અમદાવાદમાં મળેલા મુનિ-સમ્મેલનમાં ઉપસ્થિત હતા.

(૧૪) સુપ્રસિદ્ધ આગમવેદી આ૦ સાગરાનંદસૂરિના પટ્ટધર આ૦ **માણિક્યસાગરસૂરિ**, જેઓ પરમ શાંત અને વિદ્વાન હતા, તેઓ ઊંડા અભ્યાસી પણ હતા.

આ૦ હરિભદ્ર, આ૦ બાલચંદ્ર, આ૦ પ્રદ્યુમ્નસૂરિ – એ બધા રાજગચ્છના આચાર્યો હતા. સં. ૧૨૯૭. (પ્રક. ૩૫, પૃ. ૧૩, ૨૩)

આ૦ બાલચંદ્રે 'વસંતવિલાસ-કાવ્ય' રચ્યું છે.

આ૦ પદ્મપ્રભસૂરિ, આ૦ સિંહતિલકસૂરિ – તેઓ રાજગચ્છના આચાર્ય હતા. સં. ૧૨૯૪, સં. ૧૩૨૬. (પ્રક. ૩૫, પૃ. ૨૧–૨૨)

આ૦ વર્ધમાન – વડગચ્છની ૪થી સુવિહિત શાખાના નં. ૪૨ મા આચાર્ય હતા. સં. ૧૩૧૮માં તેમના દિલમાં શંખેશ્વર તીર્થ પ્રત્યે અત્યંત ભક્તિ હતી. (પ્રક. ૩૬, પૃ. ૧૭૫)

આ૦ મલયપ્રભ, આ૦ સમંતભદ્ર – તેઓ વડગચ્છના આચાર્ય હતા. સં. ૧૨૬૦, સં. ૧૨૮૬. (પ્રક. ૩૮, પૃ. ૨૬૦–૨૬૧)

પાર્શ્વનાગ ગણિ – વિદ્યાધરગચ્છના હતા. સં. ૧૨૮૮. (પ્રક. ૩૫, પૃ. ૩૪)

સાધ્વીસંઘ

(૧) **મલધારી સાધ્વી અજિતસુંદરી ગણિની** – શ્રી હર્ષપુરીયગચ્છમાં **મલધારી**ની આજ્ઞાપાલક અજિતસુંદરી ગણિનીએ સં. ૧૨૫૮ના શ્રાવણ સુદ ૭ ને સોમવારે પાટણમાં 'શ્રીસિત્તરી-ભાષ્ય' લખ્યું. (જૂઓ, પ્રક. ૩૮, પૃ. ૨૮૩)

(૨) **સાધ્વી જિનસુંદરી ગણિની** – વિધિપક્ષના શ્રાવક શેઠ શુભંકર પોરવાડની પરંપરામાં અનુક્રમે સેવાક, યશોધન, બાઢૂ, દાહડ, સોલાક, ચાંદાક, અને પૂર્ણદેવ થયા, તેમાં શેઠ યશોધનનો પુત્ર સુમદેવ, તેમના પુત્રે દીક્ષા લીધી, જેઓ આ૦ મલયપ્રભસૂરિ નામથી પ્રસિદ્ધ થયા. શેઠ સોલાકના ભાઈએ દીક્ષા લીધી, જે આ૦ મદનપ્રભસૂરિની પાટે આ૦ ઉદયચંદ્રસૂરિના નામથી ખ્યાતિ પામ્યા અને શેઠ પાસવીરના બીજા પુત્ર હરિચંદે દીક્ષા લઈને આ૦ જયદેવસૂરિ નામથી પ્રસિદ્ધિ મેળવી.

ચાંદાકની પુત્રી નાઊલીએ દીક્ષા લીધી, જેનું નામ સાધ્વી **જિનસુંદરી** ગણિની હતું. પૂર્ણદેવના પુત્ર અને પુત્રીએ દીક્ષા લીધી, તેમાં પુત્રનું નામ પં૦ ધનકુમાર ગણિ અને પુત્રીનું નામ સાધ્વી **ચંદનબાલા** રાખ્યું હતું.

એકંદરે આ કુટુંબે ઘણાં સાધુ-સાધ્વીઓ આપ્યાં. (જૂઓ, પ્રક. ૩૮, પૃ. ૨૬૦, ૩૦૮)

આ જ વંશના શેઠ પાસવીરના પુત્ર આ૦ જયદેવસૂરિ થયા હતા.

સાધ્વી **જિનસુંદરી** ગણિની એમના સમયે ભારે પ્રતિષ્ઠિત હતાં. આ૦ દેવનાગે સં. ૧૨૮૮માં તેમને માટે મુનિ શીલભદ્ર પાસે પં૦ ગોવિંદ ગણીના 'કર્મસ્તવ' ઉપર ટીકા લખાવી હતી.

સા૦ જિનસુંદરી ગણિનીએ સં. ૧૩૧૩ના ચૈત્ર સુદિ ૮ ને રવિવારે ગુજરાતના રાજા વીસલદેવ વાઘેલા (સં. ૧૨૯૪ થી સં. ૧૩૧૮)ના રાજ્યમાં મહામાત્ય નાગડના કાળમાં પાલનપુરમાં સાધ્વી લલિતસુંદરી ગણિની માટે શેઠ વીરજી ઓશવાલના પુત્ર શ્રીકુમારની ધર્મપ્રેમી પત્ની પદ્મશ્રી પાસે 'પંચમીકથા'નું પુસ્તક લખાવ્યું.

(–જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ, પ્રશસ્તિ : ૧૨, ૧૩)

(૩) સાધ્વી પદ્મલક્ષ્મીજી – તેમની સં. ૧૨૯૮ની એક મૂર્તિ મળી આવી છે, જે માતર તીર્થના દેરાસરમાં વિરાજમાન છે.

(–જૈનયુગ, નવું વર્ષ : બીજું, અંક : ૧)

(સાધ્વી પદ્મલક્ષ્મી માટે જૂઓ, પ્રક. ૪૧, પૃ. ૪૬૦ : આ૦ વજ્રસેનસૂરિ)

રાજાઓ, કવિઓ વગેરે

રાજા વિજ્જલરાય (સં. ૧૨૩૯) :

વિજ્જલ એ કલચૂરીવંશનો હતો. ચૌલુક્ય વંશના રાજા નૂર્મદી તૈલપ (સં. ૧૨૦૬ થી ૧૨૨૧) ત્રીજા તૈલપનો સેનાપતિ હતો. તે વંશપરંપરાથી જૈન હતો. તેણે ચૌલુક્યરાજ તૈલપ પાસેથી કર્ણાટકની સત્તા છીનવી લીધી અને તે કર્ણાટકનો રાજા બન્યો. તેની રાજધાની કલ્યાણીમાં હતી. એ સમયે વીર-શૈવધર્મના અનુયાયીઓએ પ્રપંચ શરૂ કર્યો અને રાજ્ય નબળું પડ્યું, તે સ્થિતિનો લાભ દેવગિરિના યાદવોને તથા દ્વારસમુદ્રના હોયશલોને મળ્યો. 'જર્નલ રૉયલ એશિયાટિક સોસાયટી' અંક : ૪, પૃ. ૧૯ની ફૂટનોટમાં સાફ લખ્યું છે કે, 'વિજ્જલ જૈનધર્મનો મહાન્ પક્ષકાર હતો, છતાં તે પરધર્મસહિષ્ણુ હતો. તેણે લિંગાયતો ઉપર એટલે સુધી કૃપા બતાવી કે, લિંગાયતો તેના વિરોધી બની ગયા અને તેનો અંત લાવવામાં ફાવી શક્યા.

દક્ષિણમાં જૈનોના વિરોધમાં વીર-શૈવધર્મની સ્થાપના થઈ. તેમાં ૧. રેવન, ૨. મારુલ, ૩. એકારામ (એકાંતડ રામૈયા) અને ૪. પં૦ આરાધ્ય મુખ્ય હતા અને તે પછી પં૦ વસવ અને પં૦ ચન્નવસવે એ સંપ્રદાયનો પુનરુદ્ધાર કરી 'લિંગાયતમત' સ્થાપન કર્યો.

પં૦ **વસવ** શિવભક્ત હતો. રાજા વિજ્જલનો મંત્રી હતો. જાતે બ્રાહ્મણ હતો. તેણે રાજાને પોતાની જાળમાં ફસાવવા માટે રાજા સાથે પોતાની બેન રૂપસુંદરી **પદ્માવતી**ને પરણાવી. રાજા તેનો મોહાધીન બન્યો અને મંત્રી વસવે એ રાણી દ્વારા દરેક જાતની સત્તા પોતાના હાથમાં લઈને રાજાને મારી નાખ્યો અને લિંગાયતમતનો પ્રચાર શરૂ કર્યો. તે પછી તેનો પુત્ર ગાદીએ આવ્યો. આ રીતે રાજા વિજ્જલ તથા તેના પુત્રે સં. ૧૨૨૧ થી ૧૨૩૯ સુધી રાજ્ય કર્યું.

તે પછી ચોથો સોમેશ્વર કર્ણાટકનો રાજા બન્યો.

(જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૧૧૨)

આ સમયે ગુજરાતમાં રાજા કુમારપાલ પરમ જૈન હતો, તેના આજ્ઞાવર્તી દરેક દેશોમાં જૈનધર્મનો પ્રભાવ હતો.

એક ઉલ્લેખ એવો મળે છે કે, આ૦ **ધર્મશેખરે** કર્ણાટકની રાજસભામાં 'નમોત્થુણં-સ્તવ'નો પ્રભાવ બતાવ્યો હતો. આ ઘટના રાજા શંકર, રાજા બુદ્ધરાજ કે રાજા વિજ્જલના સમયે કલ્યાણીમાં બની હશે.

(જૂઓ, પ્રક. ૨૮, પૃ. ૩૭૫-૩૭૬;
જૈનસત્યપ્રકાશ, ક્રમાંક : ૭૧થી ૭૫)

માંગુજી ઝાલો, રાણો દુર્જનશલ્ય :

સિંધના કીર્તિગઢનો રાજા કેસરદેવ ઝાલો સં. ૧૧૪૫માં હમીર સુમરા સાથેના યુદ્ધમાં મરાયો. તેનો પુત્ર હરપાલદેવ અજોડ બાણાવળી હતો. તેણે ગૂજરાતમાં આવી રાજા કર્ણદેવની નોકરી સ્વીકારી. સં. ૧૧૮૦ લગભગમાં **પાટડી** વસાવ્યું.

તેને સોઢાજી, **માંગુજી** અને શેખરોજી એમ ત્રણ પુત્રો હતા. રાજા સિદ્ધરાજે ઝીંઝુવાડાનો કિલ્લો બંધાવ્યો એટલે એ ભાઈઓ ઝીંઝુવાડા જઈને વસ્યા. ત્રણે ભાઈઓ નિર્ધન હતા. માંગુજી બાણાવળી હતો, તે રાજા સિદ્ધરાજની સેવામાં દાખલ થયો. એક વાર દુકાળ પડતાં ઝીંઝુવાડાના શેઠ **ગોડીદાસ** અને સોઢાજી ઝાલો માલવા ગયા. ત્યાંથી પાછા વળતાં રસ્તામાં સિંહ નામના કોળીએ ઓચિંતો ઘા કરી શેઠને મારી નાખ્યો અને ઝાલાએ તે કોળીને મારી નાખ્યો. શેઠ મરીને વ્યંતર થયો.

એ શેઠના ઘરમાં ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા હતી. **વ્યંતર શેઠ** તેનો અધિષ્ઠાયક બન્યો. એ પ્રતિમા 'ગોડીચા પાર્શ્વનાથ'ના નામથી પ્રસિદ્ધિ પામી. અધિષ્ઠાયક દેવે સોઢાજીને સહાય કરી સુખી કર્યો. સોઢાજીએ ગોડી પાર્શ્વનાથને પોતાના ઘેર લાવીને પધરાવ્યા. તેમની પૂજાથી તે અત્યંત સુખી થયો. (પ્રક. ૪૨, પૃ. ૫૫૧) તે ઝીંઝુવાડાનો રાજા બન્યો અને ગૂજરાતનો મહામંડલેશ્વર થયો. તેના ભાઈ માંગુજીએ પણ આ પ્રતિમા તથા અધિષ્ઠાયકના પ્રતાપે ફૂલા-કુંવરીનું ભૂત ભગાડ્યું હતું. મંડલેશ્વર સોઢાજીને દુર્જનશલ્ય નામે પુત્ર થયો. તે રાજા ભીમદેવ (સં. ૧૨૯૮), ત્રિભુવનદેવ (સં. ૧૩૦૦) તથા વિસલદેવ (સં. ૧૩૧૮)નો મહામંડલેશ્વર હતો. તે **ચતુર્દશી** શાખાના **આ૦ દેવેન્દ્રસૂરિ** (સં. ૧૨૯૬, ૧૩૨૧) તથા મહાન્ જ્યોતિષી આ૦ હેમપ્રભ (સં. ૧૩૦૫)ને પોતાના ગુરુ તરીકે માનતો હતો. (જૂઓ, પ્રક. ૪૦, ચતુર્દશીશાખા પૃ. ૪૩૦)

તેના શરીરમાં ધીરે ધીરે કોઢ-રોગ ફૂટી નીકળ્યો. તેણે તે રોગને શાંત કરવાને ઘણા ઉપચાર કર્યા પણ તે બધા નિષ્ફળ ગયા. તેણે તે માટે ઝીંઝુવાડાના સૂર્યનારાયણની આરાધના કરી. એટલે સૂર્યદેવે એક રાતે સ્વપ્નમાં જણાવ્યું કે, 'તારો રોગ દુઃસાધ્ય છે. તે અહીં મટવાનો નથી, **શંખેશ્વર તીર્થમાં** જા, ત્યાં ભ૦ પાર્શ્વનાથની સેવાથી તારો રોગ શમી જશે.'

આ૦ હેમપ્રભસૂરિએ પણ તેને શંખેશ્વરજી જવાને વધુ ઉત્સાહિત કર્યો. આથી તે પરિવાર સાથે શંખેશ્વર તીર્થમાં આવી વસ્યો અને પ્રભુની પૂજાસેવા-ભક્તિ કરવા લાગ્યો. પૂર્ણિમાગચ્છના આ૦ પરમદેવ (સં. ૧૩૦૨), જેઓ મહાન્ તપસ્વી હતા તે શંખેશ્વરજીમાં પધાર્યા. તેમણે શંખેશ્વર પાર્શ્વનાથનું આરાધન કર્યું. રાણા દુર્જનશલ્યને પૂજાનો આમ્નાય આપ્યો. એથી રાણાનો કોઢ રોગ શમી ગયો. રાણાએ પણ આચાર્યશ્રીના ઉપદેશથી શંખેશ્વર પાર્શ્વનાથના દેરાસરમાં મોટો જીર્ણોદ્ધાર કરાવ્યો અને દેવવિમાન જેવો જિનપ્રાસાદ બંધાવ્યો. (પ્રક. ૪૦, પૃ. ૩૯૨)

રાણાને રૂપલાદેવી અને શ્રીદેવી નામે બે રાણીઓ હતી. રૂપલાદેવી પાટડીના રાણા વિજયપાલની રાણી નીતલદેવીની પુત્રી હતી. (પ્રક. ૪૦, પૃ. ૩૯૪) રાણી શ્રીદેવીને ઉદયસિંહ નામે પરાક્રમી પુત્ર હતો. તેના વંશમાં સૌરાષ્ટ્રના વાંકાનેરના ઝાલા રાજાઓ થયા.

(–કવિ નથુરામ સુંદરજી ઓઝાનો 'ઝાલાવંશવારિધિ', જૈનસત્યપ્રકાશ, ક્ર. ૧૪૫, પૃ. ૧૮; ત્રૈલોક્યપ્રકાશની ગદ્ય પ્રશસ્તિ, પ્રબંધચિંતામણિ, આ૦ મુનિચંદ્ર વગેરેનાં શંખેશ્વર પાર્શ્વનાથના સ્તોત્રો, જગડૂચરિત્ર, સર્ગઃ ૬, હીરસૌભાગ્યકાવ્ય-સટીક, પં૦ વીરવિજયજીનું ગોડી પાર્શ્વનાથ–ચરિત્ર, મુનિ જયંતવિજયજીનું શંખેશ્વર મહાતીર્થ, પૃ. ૪૭ થી ૫૧)

ક્ષત્રિય મહાકવિ આસડ :

ભિન્નમાલકુલના ક્ષત્રિય કટુકરાજને આનલદેવી નામે પત્ની હતી. તેને **આસડ** અને જાસડ નામે બે પુત્રો હતા. **આસડ** વિદ્વાન હતો, કવિ હતો. તેણે કેટલાક ગ્રંથોની રચના કરેલી છે. તેણે 'મેઘદૂતકાવ્ય'ની ટીકા રચી, જેમાં એવું સ્નેહસિંચન કર્યું કે રાજસભાએ 'કવિસભાશૃંગાર'નું બિરુદ આપ્યું. તેને **રાજડ** નામે પુત્ર હતો. તેને પણ 'બાલસરસ્વતી'નું બિરુદ મળ્યું હતું; પરંતુ રાજડ તરુણવયમાં જ મરણ પામવાથી આસડને ભારે આઘાત થયો. એ પ્રસંગે રાજગચ્છના (૧૧માં) આ૦ ભદ્રેશ્વરસૂરિના પટ્ટધર 'કલિકાલગૌતમ' બિરુદધારી (૧૨માં) આ૦ અભયદેવસૂરિએ તેને પ્રતિબોધ કર્યો અને આશ્વાસન આપ્યું. કવિશ્રી આચાર્યશ્રીના ઉપદેશથી જૈનદર્શનમાં પ્રવીણ થયા અને ગ્રંથરચના કરી. તેમણે 'ઉપદેશ કંદલીપ્રકરણ, વિવેકમંજરી' તથા ગદ્ય-પદ્ય સ્તુતિઓ રચી છે.

નાગેંદ્રગચ્છના આ૦ વિજયસિંહસૂરિ તથા વડગચ્છના આ૦ પદ્મસૂરિએ તે ગ્રંથનું સંશોધન કર્યું હતું. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૨૩, પ્રક. ૪૧, પૃ. ૪૫૫)

ઉક્ત (૧૨) આ૦ અભયદેવસૂરિ, તેમના શિષ્ય (૧૩) આ૦ હરિભદ્રસૂરિ, તેમના શિષ્ય (૧૪) સિદ્ધસારસ્વત આ૦ બાલચંદ્રસૂરિએ સં. ૧૨૪૭-૪૮માં 'ઉપકેશકંદલી' અને 'વિવેકમંજરી'ની ટીકાઓ રચી, જેનું રાજગચ્છના આ૦ પ્રદ્યુમ્નસૂરિએ સંશોધન કર્યું હતું. (જૂઓ, પ્રક. ૩૫, પૃ. ૨૩)

કવિ આસડ એ વિક્રમની તેરમી સદીના મધ્યકાળનો ક્ષત્રિય જૈન વિદ્વાન હતો.

ગિઝનીમાં જૈનો :

ગિઝનીનો બાદશાહ મહમ્મુદ શાહબુદ્દીન ઘોરી (સં. ૧૨૩૪, સને ૧૧૭૮માં) ગૂજરાત પર ચડી આવ્યો હતો, તે હારીને ગાડિયા ઘાટમાંથી પાછો ગિઝની ચાલ્યો ગયો. તે સમયે ત્યાં જૈન વેપારીઓ રહેતા હતા. તે બધા ધનાઢ્ય હતા અને ત્યાં ધમધોકાર વેપાર કરતા હતા.

(જૂઓ, ભા. ૩, પ્રક. ૪૪, પૃ. ૪૪)

કલિકાલસર્વજ્ઞ આ૦ હેમચંદ્રસૂરિ અને ગૂર્જરેશ્વર કુમારપાલના પ્રભાવનું એ ફળ હતું.

(–જામે ઉલ ફારસી ઇતિહાસ, વસ્તુપાલનું વિદ્યામંડલ અને બીજા લેખો, પૃ. ૧૧૦–૧૧૧; પ્રક. ૩૫, પૃ. ૧૦૦–૧૦૧; પ્રક. ૪૪, શાહબુદ્દીન ઘોરી)

અંતિમ મંગલ

अर्हन्तोऽर्हपदास्त्रिलोकमहिताः सिद्धाश्च सिद्धात्मनः
आचार्याः समतागुणैकसदनं वागीश्वरा वाचकाः ।
सर्वे साध्यरतास्त्रिरत्नखचिता लोकेऽनघाः साधवः
पूज्या वः परमेष्ठिनोऽनवरतं तन्वन्तु शं मङ्गलम् ॥

ભાગ બીજો
સંપૂર્ણ

અકારાદિ નામાવલી

અચલપાર્શ્વનાથ ૨૫૦
અકબર ૭૯,૧૯૪,૨૨૫,૨૭૭, ૩૫૦,૩૮૧થી ૩૮૪,૪૧૯, ૪૬૨,૪૬૫,૪૬૬,૫૩૬
અકલંકસૂરિ ૩૫૮,૩૬૩
અખેરાજજી ગોહિલ ૩૨૯
અગરચંદજી નાહટા ૩૧,૪૦,૨૩૯, ૩૪૮,૩૪૯
અગ્રવાલ ૨,૪૬૮
અચલગઢ ૧૧૨,૧૧૩,૧૯૦,૨૩૫, **૨૪૮થી ૨૫૧**
અચલેશ્વર મહાદેવ મંદિર ૧૧૨,૧૧૩, ૨૪૯,૨૫૦,૨૫૧
અજમેર ૧૧,૨૮,૩૮,૩૯,૭૩, ૭૬થી ૭૮,૮૦,૮૬,૯૩,૯૯, ૧૦૨,૧૧૪,૧૨૬,૧૪૮,૨૩૪, ૩૫૫,૩૬૦,૩૬૧,૩૬૩,૩૭૪, ૪૫૦,૫૧૫,૫૪૯,૫૬૨
અજયપાલ ચૌલુક્ય ૭૯,૮૨,૮૯,૯૨, ૯૪,૯૫,૯૮**થી ૧૦૧**,૧૦૮, ૧૪૪,૧૪૮,૧૯૦,૧૯૧,૨૩૩, ૩૮૪,૪૫૯,૪૮૦,૪૮૧,૪૮૪, ૫૦૫,૫૦૬,૫૧૧,૫૧૯,૫૨૩
અજયપાલ મંત્રી (જાલોર) ૧૨૫,૪૫૯
અજયરાજ ચૌહાણ (શાકંભરી) ૭૭, ૧૨૬
અજાપુત્રકથા ૪૧૭,૫૬૫
અજારાતીર્થ ૧૫૩,૩૩૦
અજારી ૧૬૫,૨૪૯,૩૫૩,૪૭૧
અજિતદેવસૂરિ ૧૪,૪૪,૫૧,૫૨, ૧૬૧,૧૭૧,૧૯૭,૩૭૯,૪૩૬, ૫૨૪,૫૩૯,૫૫૯
અજિતનાથ ૨૫,૭૭,૭૯,૮૫,૧૬૧, ૧૮૨,૧૯૪,૨૦૭,૨૨૩,૩૦૯, ૩૨૬,૩૯૩,૪૦૯,૪૩૨,૪૯૭, ૫૧૫,૫૪૯,૫૫૦
અજિતનાથચરિત્ર ૪૬
અજિતપ્રભગણિ ૩૧૦
અજિતપ્રભસૂરિ ૨૬૦,૩૧૫,૩૧૯, ૩૩૧,૩૩૬,(૩૪૩),૩૯૫, ૪૦૨,૪૧૨,૪૧૩,૪૫૩
અજિત યશોદેવસૂરિ ૧૩
અજિતશાંતિ ૩૪૩,૩૬૭,૩૭૦, ૪૧૪,૫૬૦
અજિતસિંહસૂરિ ૧૪,૧૯,૨૦,૧૭૦, ૧૭૬,૧૯૭,૩૧૫,(૩૪૩), ૪૧૨,૪૧૩
અજિતસિંહ રાજા ૧૦૮,૧૭૯
અજિતસુંદરી ગણિની ૨૮૩,૫૬૬
અજિતસેનસૂરિ ૧૧૯
અર્જુનદેવ વાઘેલા ૯૫,૧૦૫,૧૪૭, ૩૦૨
અર્જુનવર્મા પરમાર ૧૦૨,૧૨૨
અટ્ટેમટ્ટે (મંત્રસ્તોત્ર) ૧૪
અણંતસામિચરિયં ૧૭૪
અણંતજિણથયં ૧૭૩

અણસૂરશાખા જૂઓ 'આણંદસૂરિગચ્છ'
અણહિલ ચૌહાણ (નાડોલ) ૫૯,૬૦, ૬૨,૧૨૩
અણહિલપુર પાટણ ૫૩,૫૪,૮૦
અણહિલવાડ જૂઓ 'પાટણ'
અણાદરા ૨૫૫,૫૪૧
અણુઓગદારસુત્ત–વિત્તી ૨૭૮
અણુત્તરોવવાઈદસાંગ-ટીકા ૧૬૯
અણુસાસણંકુસં ૩૩૮
અર્ણોરાજ ચૌહાણ (શાકંભરી) ૨૮, ૬૬,૭૩,૭૬થી ૭૮,૮૫, ૧૦૧,૧૦૮,૧૧૪,૧૨૬,૧૪૮, ૩૦૦,૩૩૬,૪૪૪,૪૮૭
અતિમુક્તકચરિત્ર ૩૬૪
અર્થરત્નાવલી ૩૮૨
અર્થાન્તરન્યાસ દ્વાત્રિંશિકા ૪૮૬
અદ્‌ભુત પદ્માવતીકલ્પ ૫૪૮
અનર્ઘરાઘવ (નાટક) ૨૩૪,૨૮૩
અનંતનાથ ૧૩૫
અનંતસિંહ રાઠોડ (હત્થુંડી) ૪૦૯
અનંતહંસગણિ ૧૮૬
અનુપમાદેવી **૨૧૮થી ૨૨૧**,૨૪૩, ૪૫૭
અનુભવસારવિધિ ૪૫૬
અનેકાર્થ અભિધાન કોશ ૩૬૩
અનેકાર્થકૈરવકૌમુદી ૪૮૬,૪૯૦
અનેકાર્થવૃત્તિ ૪૮૬,૪૯૩
અનેકાર્થસંગ્રહ ૪૯૦
અનેકાર્થસાહિત્ય ૫૫૭-૫૫૮
અનેકાંતજયપતાકા... ટિપ્પન ૩૩૯
અન્યયોગવ્યવચ્છેદિકા–દ્વાત્રિંશિકા (ટીકા) ૬,૪૯૧,૪૯૩,૪૯૫
અપભ્રંશ કુલકો ૪૫૪
અપભ્રંશ ભાષા ૨૧૨
અપભ્રંશભાષા કથાકોશ ૫૧૩
અપવર્ગનામમાલા ૩૭૬
અપહ્નુતિ દ્વાત્રિંશિકા ૪૮૬
અપ્રતિબદ્ધવિહારી ૧૬૪
અબજી ભણશાલી ૫૩૮
અબુલફજલ ૨૨૫,૩૮૧
અર્બુદકલ્પ ૨૩૭,૨૩૯,૨૫૧,૨૫૩, ૩૪૯,૪૨૨
અર્બુદ-ચૈત્યપરિપાટી સ્ત. ૨૫૦,૪૨૨
અર્બુદાદેવી ૨૫૧,૪૧૯
અર્બુદ પ્રાચીન જૈન લેખસંદોહ ૨૬,૨૮, ૪૯,૧૩૩થી ૧૩૬,૧૭૫, ૨૦૪,૨૦૫,૨૦૭,૨૦૯,૨૪૧, ૨૪૭,૨૫૩,૨૮૪,૩૧૧,૩૫૮, ૩૯૩,૩૯૭,૪૩૦,૪૫૫,૪૬૧, ૪૬૨,૫૧૧,૫૧૨,૫૨૮
અભયકુમાર શેઠ ૮૬,૯૬,૫૧૯, **૫૨૦**,૫૫૯
અભયકુમાર દંડાધિપ ૮૫,૫૪૯
અભયકુમારગણિ ૨૭૮,૨૭૯
અભયકુમારચરિત્ર ૩૬૨,૩૬૬,૩૬૭
અભયઘોષસૂરિ ૩૯૪
અભયચંદ્રસૂરિ ૩૯૬
અભયતિલકગણિ (૩૦) ૧૯૨,૩૬૫, ૩૬૬,૩૬૭,૪૯૩
અભયતિલકસૂરિ ૧૮૫
અભયદેવસૂરિ ૪,૯,૧૩,૧૯,૨૧, ૨૨,૨૩,૩૪,૪૩,૫૦,૫૧, ૫૨,૬૩, ૧૬૪,૧૬૫,**૧૬૭થી** ૧૭૬,૧૯૬,૧૯૭,૧૯૯,૨૦૪, ૨૧૪,૨૫૪,૨૬૪,**૨૭૨થી** ૨૭૬,૨૯૬,૨૯૭,૩૦૭,૩૧૭, ૩૨૦,૩૨૫,૩૩૨,૩૩૩,૩૪૦, ૩૪૧,૩૪૨,૩૪૫,૩૪૭,૩૪૮,

૩૫૩,૩૫૪,૩૬૧,૩૮૧,૩૯૪,
૪૨૬,૪૩૬,૫૨૫,૫૬૯,૫૭૦
અભયરાજ શેઠ (દીવ) ૩૨૯
અભયસિંહસૂરિ ૩૯૭,૪૧૬,૪૨૬
અભિધાનચિંતામણિકોશ ૮૨,૮૯,૯૫,
૨૯૪,૪૮૮,૪૯૦
અભિધાનચિં.કોશ-વૃત્તિ ૨૯૬,૪૯૦
અભિધાનચિં.નામમાલા-ટીકા ૩૮૨
અભિધાનચિંતામણિનિર્ણીતિ ૪૯૪
અભિધાનચિંતામણિશેષ ૪૯૦
અ.ચિં.સારોદ્ધાર-વૃત્તિ ૩૮૨, ૪૯૪
અભિનવગુપ્ત શાસ્ત્રી ૨૭,૧૬૩
અભિનવભારતી (ટીકા) ૧૬૩
અભિનંદનસ્વામી ૧૮૭,૧૮૮
અભિજ્ઞાન શાકુંતલ ૮૭,૧૧૭
અમકાઝમકાદેવી ૧૮૧
અમદાવાદ ૩૧,૬૧,૬૩,૧૩૦,૧૫૮,
૧૫૯,૧૬૭,૧૭૮,૧૯૨,૨૪૨,
૨૪૭,૨૪૯,૨૫૫,૩૨૦,૩૨૨,
૩૭૮,૩૭૯,૩૮૨,૩૮૬,૩૮૯,
૩૯૭,૪૧૫,૪૧૭થી ૪૨૦,
૪૫૨,૪૫૬,૪૬૫થી ૪૬૭,
૪૯૪,૫૦૦,૫૨૫,૫૨૬,૫૩૧,
૫૩૨,૫૩૬,૫૫૧,૫૬૫
અમમચરિત્ર ૩૧,૩૨,૪૯૮,૫૩૭
અમયદેવસૂરિ ૩૪
અમરકીર્તિગણિ ૪૨૭
અમરકીર્તિમુનિ (કવિકુમાર) ૩૬૬,
૩૬૭
અમરકીર્તિસૂરિ ૪૬૭
અમરચંદ્રગણિ ૧૨,૨૦૮
અમરચંદ્રસૂરિ ૫,૭૦,૧૬૩,૨૩૩થી
૨૩૫,૪૩૭,૪૫૮,૪૯૨,૪૯૩,
૫૬૦થી ૫૬૨
અમરપ્રભસૂરિ ૨૯,૧૯૩,૪૩૩,
૪૬૯,૫૨૯
અમરરત્નસૂરિ ૪૨૭
અમરસાગર (તીર્થ) ૫૪૫
અમરસાગરગણિ (ઉ૦) ૪૨૭
અમરસાગરસૂરિ ૨૫૦,૪૨૨
અમરસિંહસૂરિ ૪૨૬,૪૨૭
અમરાવતી ૨૦૩
અમલકીર્તિસૂરિ (દિ.) ૧૬૩
અમલચંદ્રસૂરિ ૧૯૬
અમારિપડહ ૧૫૫,૪૨૧,૪૭૭
અમારિશાસન ૨૭૬
અમારિ શિલાલેખ ૧૨૯
અમિતગતિસૂરિ ૧૧૭
અમૃતચંદ્રસૂરિ ૨૮૦,૩૦૮,૫૩૬
અમૃતદેવસૂરિ ૩૪
અમૃતધર્મગણિ (ઉ૦) ૩૮૮
અયવાડી ગામ ૪૧૪
અયોગવ્યવચ્છેદિકા-દ્વાત્રિંશિકા ૪૭૯,
૪૯૧, ૪૯૫
અયોધ્યા ૨૩૭,૨૯૨,૩૬૯,૩૭૦
અયોધ્યાકલ્પ ૩૨૦
અરડકમલ ૧૪૮,૩૭૧,૫૩૫
અરનાથ જિનસ્તુતિ ૩૮૬
અરણ્યરાજ પરમાર (ચંદ્રાવતી) ૧૧૨,
૧૬૧,૧૮૯,૧૯૦,૨૫૦
અરિષ્ટનેમિ ૧૫૧,૩૧૭
અરિસિંહ કવિ ૧૪૩,૨૩૨,૨૩૫,
૨૫૩,૫૬૦,૫૬૧
અલફખાન (સુબો) ૬૩,૧૦૬,૧૫૦,
૧૫૨,૧૮૬,૧૯૬,૩૨૯,૫૫૨
અલવર ૧૯૬,૨૭૩,૪૧૯
અલ્તમશ શમસુદ્દીન ૧૦૩,૨૨૩,૫૬૩
અલ્લટરાજ (ચિત્તોડ) ૧૩,૧૬૨,

૧૬૪,૧૭૭,૧૮૯,૧૯૫,૧૯૬, ૨૭૩,૫૦૦
અલ્લાઉદ્દીન ખીલજી ૨૯,૧૦૬,૧૧૫, ૧૨૫,૧૫૦,૧૭૮,૧૮૬,૨૪૧, ૨૪૬,૩૨૯,૪૬૪,૫૪૫,૫૫૦, ૫૫૨
અલંકાર ચૂડામણિ ૪૯૧
અલંકારચૂડામણિ–વૃત્તિ ૪૯૩,૫૬૧
અલંકારપ્રબોધ ૫૬૧
અલંકારમહોદધિ ૨૮૩
અવધ ગેઝેટિયર ૧૭૭
અવલોકન શિખર ૨૨૫,૪૭૬
અવંતી ૨૯૨,૪૪૭
અશોકચંદ્રસૂરિ ૧૭૨,૧૭૩,૧૭૪, ૩૫૫,૪૪૨
અશોકવતી–કથા ૨૭૨
અશ્વરાજ ચૌહાણ (નાડોલ) ૬૨,(૬૫), ૧૨૩,૫૧૩
અશ્વાવબોધ ૨૪૬
અષ્ટકપ્રકરણવૃત્તિ ૧૬૭
અષ્ટસપ્તતિકા ૩૪૧,૩૪૩,૩૪૮
અષ્ટાપદ ૧૫૩,૩૨૭,૪૩૯,૪૫૮, ૫૫૦
અષ્ટાપદાવતાર ૨૨૬,૩૦૧
અષ્ટોત્તરશત તીર્થમાલા ૧૦૦
અસારવા જૂઓ 'આશાપલ્લી'
અસ્થિગ્રામ ૫૫૪
અહમદશાહ ૬૩,૧૭૮
અહમ્મદ સિકંદર ૧૩૦,૧૫૮,૩૨૭
અર્હદ્અભિષેકવિધિ ૨૦૨
અર્હન્તોભગવંત–શ્લોક ૩૬૪,૩૭૪
અર્હન્નામ સહસ્રસમુચ્ચય ૪૯૨
અર્હન્નીતિ ૪૯૨
અંકેવાલિયા ૨૨૭,૫૫૬
અંગવિજ્જા ૧૪૩,૨૦૨,૨૬૨
અંગુલસત્તરિ ૩૩૮
અંચલગચ્છ ૨,૮,૧૨,૪૮,૫૧,૧૮૮, ૧૮૯,૧૯૨,૨૦૪,૨૩૮,૨૫૦, ૩૦૭,૩૧૫,૩૧૯,૩૨૦,૩૨૯, ૩૪૭,૩૫૮,૩૯૧થી ૩૯૩, ૩૯૮,૪૦૧થી ૪૦૬,૪૧૦, ૪૧૧,૪૧૮,૪૨૪થી ૪૨૬, ૪૬૯,૫૦૩,૫૩૧,૫૪૦,૫૫૨, ૫૬૩,૫૬૫
અંચલગચ્છના ગોત્રો ૪૦૭
અંચલગચ્છ પટ્ટાવલી ૮૨,૧૧૦, ૧૩૦,૧૩૪,૧૬૨,૧૮૪,૧૮૫, ૨૨૧,૨૩૮,૨૪૬,૨૬૧,૩૧૯, ૩૪૯,,૩૫૭,૩૯૮,૩૯૯,૪૦૧, ૪૦૨,**૪૦૩થી ૪૨૪**,૫૧૮, ૫૫૩
અંજનાસુંદરીચરિત્ર ૩૭૪
અંતગડદસાંગ-ટીકા ૧૬૯
અંતર્ગત પ્રકરણ ૩૬૧
અંતરંગ ચોપાઈ ૪૧૪
અંતરંગસંધિ ૪૫૪
અંતરીક્ષપાર્શ્વનાથ તીર્થ **૩૨૪થી ૩૨૬**, ૩૩૪,૩૮૮
અં૦ પાર્શ્વનાથ માહાત્મ્ય ૩૨૬
અન્તર્વેદી (આનર્ત)દેશ ૯૩
અંબડરાસ ૩૯૮
અંબદેવસૂરિ ૩૪
અંબરીશ રાજા ૨૦૩
અંબિકાદેવી (અંબાજી) **૬૮**,૧૩૪, ૧૫૦,૧૬૨,૧૮૫,૧૯૩,**૨૨૫**, ૨૩૬,૨૪૨,**૨૫૫**,૩૩૭,૪૩૩, ૪૪૩,૪૭૬,૫૧૪
અંબિકાસ્તુતિ–સ્તોત્ર ૨૨૮,૨૨૯

અંબિકાપ્રસાદ મંત્રી ૭૧,૪૪૩
આઈના સ્થાન (દેરી) ૧૧૦
આઈ ને અકબરી ૩૫૦
આઉરપચ્ચક્ખાણ ૪૧૬
આખ્યાતવૃત્તિ ૪૯૩
આખ્યાનકમણિકોશ ૧૭૪
આખ્યાનકમણિકોશ-વૃત્તિ ૩૩૨
આગમ ૧૯૫,૨૦૬
આગમગચ્છ ૪૯૩
આગમગચ્છ પટ્ટપરંપરા ૪૨૭–૪૨૮
આગમમંડનગણિ (૩૦) ૧૯૨
આગમિકગચ્છ ૩૯૧,૩૯૨,૪૨૫, ૫૫૮
આગમિકવસ્તુવિચાર ૧૭૬
આગરા ૪૪,૪૭,૨૩૯,૩૭૯,૩૮૧, ૩૮૩,૩૮૪,૪૧૯,૪૨૧,૪૨૩, ૪૬૬,૫૪૩
આઘાટનગર જૂઓ 'આહડ'
આચાર્યીયગચ્છ ૩૭૯,૩૮૬,૩૮૭
આચારદિનકર ૧૯૭,૩૪૭
આચારાંગસૂત્ર ૪૦,૪૪
આણંદ ૧૯૩,૩૧૭
આણંદજી કલ્યાણજી પેઢી ૨૪૨,૨૫૫, ૩૨૨,૪૫૬,૫૫૧
આણંદપ્રભ (આદિપ્રભ)સૂરિ ૪૨૬, ૪૨૭
આણંદમેરુ મુનિ ૨૧૨
આણંદવિમલસૂરિ ૧૯૪,૫૪૫
આણંદશ્રી મહત્તરા ૨૭૮
આણંદસૂરિગચ્છ (સંઘ) પટ્ટાવલી ૪૬૮
આણંદસૂરિ ૨૯,૧૯૩,૪૩૩
આણંદસૂરિગચ્છ (૧૮૯),૨૩૨,૫૪૬
આત્મનિંદા દ્વાત્રિંશિકા ૮૦
આત્મબોધ ૩૮૮
આત્મબોધકુલક ૪૧૪
આત્મહિતકુલક ૨૯
આત્માનુશાસનકુલક ૨૯
આત્માનુશાસ્તિકુલક ૨૯
આત્માનંદ પ્રકાશ ૧૧૩,૧૯૧,૨૫૦, ૩૫૩
આત્મારામજી મહારાજ ૫૪૬
આદિગુપ્તગણિ ૧૭૪,૩૭૦
આદિનાથ જૂઓ 'ઋષભદેવ'
આદિનાથચરિત્ર ૨૧,૧૭૪,૩૦૬
આદિનાથ જન્માભિષેક ૪૨૬,૪૬૫
આદિનાથભાસ (સ્તવન) ૧૩૭
આદિનાથરાસ ૪૨૨
આદિનાથસ્તોત્ર ૨૨૮,૨૨૯
આદિપ્રભસૂરિ ૪૨૬
આદીશ્વર જૂઓ 'ઋષભદેવ'
આનલરાજા (ચૌલુક્ય) ૨૮૧
આનલદેવી જૂઓ 'આહ્લણદેવી'
આનાક (અર્ણોરાજ) ૭૬,૭૭,[૮૦, ૧૦૧],૧૦૧,૧૦૮,૩૦૦
આનંદ પોરવાડ (મંત્રી) ૭૧,૧૩૪, ૧૩૫,૨૪૧
આનંદકીર્તિ ગણિ ૩૮૬
આનંદપ્રભસૂરિ ૨૦૮
આનંદમેરુગણિ (૩૦) ૨૦૯
આનંદસૂરિ ૫,૭૦,૩૩૧,૩૩૬,૩૩૭
આનંદસંધિ ૨૬૧,૫૬૩
આબૂ ૧૮,૨૬,૨૯,૩૫થી ૩૭,૪૦, ૪૫,૪૮,૪૯,૫૦,૫૫,૬૦, ૧૦૦થી ૧૦૪,૧૦૬,૧૧૨થી ૧૧૭,૧૨૫,૧૨૬,૧૩૨થી ૧૩૬,૧૫૮,૧૬૧,૧૬૨,૧૭૫, ૧૭૮,૧૮૭,૧૯૭,૨૦૩,૨૦૪, ૨૦૬,૨૧૩,૨૧૭,૨૧૯,૨૨૩,

૨૨૬,૨૨૮,૨૩૧,**૨૩૫**,૨૩૬, ૨૩૭,૨૪૧થી ૨૪૪,૨૪૬, ૨૪૮,૨૫૦થી ૨૫૨,૨૫૫, ૨૭૦,૩૧૧,૩૧૯,૩૪૯,૩૭૮, ૩૯૩,૪૦૨,૪૦૩,૪૩૦થી ૪૩૨,૪૪૧,૪૪૩,૪૫૫,૪૬૧, ૪૬૬,૪૭૧,૫૧૧,૫૨૨,૫૩૬, ૫૪૧,૫૪૯

આબૂતીર્થનો ઇતિહાસ ૨૩૮

આબૂતીર્થનાં વિવરણ સાધનો **૨૫૩**

આબૂ પ્રદક્ષિણા લેખસંગ્રહ ૫૨૯

આબૂ (લુણિગવસહી) પ્રશસ્તિ ૨૨૦, ૨૩૦,૨૩૧,૨૩૩

આબૂરાસ ૧૩૩,૨૩૫,૨૫૩,૩૪૯

આભડપ્રબંધ ૧૦૦

આભડ વસાહ ૮૫,૮૭,૯૧,૯૨,૯૮, ૧૦૭,૨૩૭,**૫૦૪થી ૫૦૭**, ૫૧૭,૫૧૯

આભીર ૬૫,૯૩,૧૨૭

આભૂ પલ્લીવાલ–વંશ ૪૬

આભૂ પોરવાલ (માલાસણ) ૨૧૭

આભૂ પોરવાલ–વંશ ૨૪૭,૪૨૮

આમ રાજા જૂઓ 'નાગાવલોક'

આમશર્મા પુરોહિત ૬૩,૯૨

આમિગ પુરોહિત ૭૧,૯૬,૧૯૦, ૨૩૩,૪૭૪

આમ્રદેવ (ગણિ/સૂરિ) ૩,૯,૧૪,૩૩, ૩૪,૪૩,૫૧,૧૫૩,૧૫૬,૧૬૧, ૧૬૨,૧૭૪,૧૭૫,૧૯૮,૩૩૧, ૩૩૨,૩૩૬,૩૩૯,૪૩૬

આમ્રેશ્વર (આમ્રદેવ) ૧૭૧,૩૧૭

આયગોત્તા ગોત્ર ૪૦૭

આયડ જૂઓ 'આહડ'

આયરંગસુત્ત–ટીકા ૧૭૧

આ૦ સુત્તદીપિકા ૪૪,૩૭૯,૪૧૭

આર્યરક્ષિત (યુગપ્રધાનાચાર્ય) ૩૫૪

આર્યરક્ષિતસૂરિ ૧૮૭,૧૮૮,૪૦૧, **૪૦૩થી ૪૦૬**,૪૦૮,૫૧૮

આરાધના ૪૪,૨૨૮,૨૨૯

આરાધનાપતાકા ૧૯૮

આરાસણ (કુંભારિયાજી) ૨૨,૧૩૩, ૧૫૧,૧૭૫,૧૭૬,૧૯૯,૨૦૩, ૨૦૭,**૨૫૩થી ૨૫૫**,૩૦૭, ૪૦૭,૪૩૨,૪૪૯,૪૫૨,૪૬૮, ૪૬૯,૫૧૬,૫૨૪,૫૫૦,૫૫૨

આરાસણગચ્છ ૨૦૩,૨૫૩,૪૬૮, ૫૨૯

આરાહણા (ગ્રંથ) ૧૭૩

આરાહણાકુલયં ૧૬૯

આરંભસિદ્ધિ ૬

આર્દ્રકુમાર (સૂડ) **૧૫૭**,૨૩૭

આલિગ કુંભાર ૭૪,૭૬

આલિગદેવ મંત્રી ૬૫,૬૮,૭૧,૭૪, ૭૫,૮૫,૯૫,૯૬,૧૦૭,૧૪૪, ૪૪૯,**૫૦૩–૫૦૪**,૫૪૫

આલ્હાક શેઠ (કિરાડૂ) ૪૧૧

આવશ્યક-બાલાવબોધ ૩૭૭

આવશ્યકવૃત્તિ ૨૧૨

આવશ્યકસૂત્ર ૩૯૪,૪૬૧

આવસ્સય ટિપ્પણક ૨૭૮

આવસ્સયભાષ્ય-ટીકા ૩૪૪

આવસ્સય-લઘુવૃત્તિ ૩૯૪

આવસ્સયવિસેસભાસ ૩૪૧

આવસ્સયસત્તરી ૩૩૭,૩૩૮

આવસ્સયસુત્ત-વૃત્તિ ૪૩૯,૪૪૦

આ૦ સુત્તણિજ્જુત્તીટીકા-દીપિકા ૪૧૭

આશાધર ૨,૧૦૪,**૧૪૯,૧૫૦**, ૧૫૨,૧૫૪,૧૯૨

આશાપલ્લી ૬૩,૭૦,૫૨૦
આશાપલ્લીયગચ્છ ૩૯૨
આશાવલ જૂઓ 'કર્ણાવતી'
આશુક પોરવાડ (મંત્રી) ૬૮,૭૧,૯૬, ૪૪૨,૫૦૮,**૫૧૧-૫૧૨**
આશુક મોઢ (મંત્રી) ૫૧૨
આષાઢાચાર્ય ૩૯૨
આષાઢાભૂતિ સ્તવન ૩૯૮
આસડ કવિ ૪,૨૩,૪૫૫,૫૨૫, **૫૬૯-૫૭૦**
આસપાલ (સીદવંશ) ૨૨,૩૦૭
આસરાજ પોરવાડ ૨૧૭,૨૨૦,૨૪૨
આસરાજવિહાર ૨૨૬
આસાઢાભૂતિ નાટક ૨૪
આહડ (આયડતીર્થ) ૧૦૨,૧૦૩, ૧૧૬,**૧૯૪થી ૧૯૬**,૨૧૬, ૪૩૪,૫૩૦,૫૫૯
આહ્લણદેવ (નાડોલ) ૮૧,૯૭,૯૯, ૧૨૩,૧૨૪,૧૪૦,૨૫૮
આહ્લણદેવી ૧૨૩,૧૨૪,૨૫૮
આહ્લાદન ૪,૧૦૫,૧૦૭,**૫૧૪**
આજ્ઞાસુંદરગણિ ૩૭૮
આંચલિયા ગોત્ર ૪૬૮
આંબડ (ગલ્લકકુળ) ૧૦૫,૧૦૭,૫૧૪
આંબડ (લલ્લવંશ) ૫૩૭,૫૩૮
આંબડ શ્રીમાલી (મંત્રી) ૭૭,૮૫,૮૯, ૯૧,૯૫,૯૬,૯૮,૧૦૭, **૧૧૪,૧૩૯થી ૧૪૪**,૧૭૩, ૧૭૬,૪૪૩,૪૭૯,૫૦૮,૫૧૦
આંબડ વસતિ (ભરૂચ) ૧૭૩
આંબરણ ૯૫,૧૪૭
આંબાક શેઠ ૪૦૮
આંબાક શ્રીમાલી (મંત્રી) ૯૬,૫૦૧, ૫૦૩,૫૨૦
ઇડર ૧૯૩,૧૯૪,૪૦૭,૪૧૨,૪૨૭, ૪૯૩,૫૫૦
ઇડરગઢ (ઈલાદુર્ગ) **૧૯૩–૧૯૪**
ઇડરગઢ ચૈત્યપરિપાટી ૧૯૪
ઇડે સિદ્ધાર્થ૦ ૫૫૮
ઇદલા ગામ ૧૦૪
ઇન્ડિઅન એંટીક્વેરી ૨૩૫
ઇન્દોર ૩૯૦
ઇન્દ્ર ૨૯૨
ઇન્દ્ર પંડિત ૪૮૮
ઇન્દ્રચંદ્ર મહાત્મા ૨૦૮
ઇન્દ્રચંદ્રજી રાક્યાન ૩૮૭
ઇન્દ્રદૂત કાવ્ય ૧૯૪
ઇન્દ્રદેવસૂરિ ૪૦,૪૨,૫૨
ઇન્દ્રદેવ પરમાર ૧૧૨,૧૭૮
ઇન્દ્રવિહાર ૩૮૭
ઇમ્પીરિયલ એ.કે.સાયંસીઝ ૨૩૫
ઇર્યાપથિકીચૂર્ણિ ૪૩૭
ઇલાક શેઠ ૮,૩૯૪
ઇશાનેન્દ્ર (શત્રુંજયોદ્ધારક) ૧૩૬
ઇશ્વરસૂરિ ૪૯,૪૩૮
ઇસપ ઘોરી ૧૦૩,૨૨૩
ઇસાવાલ પહાડી ૯૧
ઉચ્ચાનગર ૯૩,૩૬૦
ઉચ્ચાનાગરી શાખા ૩૫
ઉચ્છિતવાલગચ્છ ૫૨૯
ઉજ્જયંતાવતાર ૩૫,૨૨૫,૨૪૬, ૨૬૧,૪૫૩,૫૨૭
ઉજ્જિલ શેઠ ૩૩૯,૩૪૦
ઉજ્જૈન ૨૪,૬૭,૧૦૬,૧૧૬,૧૨૧, ૩૬૦,૪૩૪,૪૬૫,૪૬૭
ઉણાદિગણપાઠ ૪૮૮,૪૯૦
ઉણાદિગણપાઠવૃત્તિ ૪૯૦
ઉત્તમસાગરજી મુનિ ૪૨૪

ઉત્તરજ્ઝયણ ૯,૨૦,૨૪,૫૧૨
ઉત્તરજ્ઝયણ-ટીકા ૧,૩૦,૫૦,૫૨, ૧૪૯,૧૯૨,૨૦૨,૩૩૧,૩૭૬, ૪૧૮,૫૨૬
ઉત્તરજ્ઝયણદીપિકા ૪૪,૪૧૭,૪૧૮
ઉત્તરજ્ઝયણ પાઇય ટીકા ૨૦૨,૨૧૪, ૩૦૫,૩૨૨,૪૪૮
ઉત્તરજ્ઝયણ-લઘુવૃત્તિ ૩૧૪,૩૩૨, ૪૧૮
ઉત્તરાધ્યયન-ટીકા ૩૨૫,૪૧૭
ઉત્તરાધ્યયનસૂત્ર ૨૮૨
ઉત્પાદાદિસિદ્ધિ પ્રકરણ ૧૦
ઉત્સાહ પંડિત ૭૧
ઉત્સૂત્રોદ્ઘાટનકુલક-અવચૂરિ ૩૫૯
ઉદદત્તસૂરિ ૪૧
ઉદયચંદ્રગણિ ૨૯,૪૬૧,૪૮૭
ઉદયચંદ્ર મુનિ ૪૯૨
ઉદયચંદ્રસૂરિ ૨૬૦,૩૦૮,૪૨૫,૫૬૬
ઉદયદેવસૂરિ ૨૧
ઉદયધર્મ (સૂરિ) ૫૫૮
ઉદયનવિહાર ૮૯,**૧૪૧થી ૧૪૪**, ૩૬૩,૪૪૩,૪૪૯,૪૫૯,૪૭૯, ૫૨૦,૫૨૩,૫૨૫
ઉદયનવિહાર પ્રશસ્તિ ૪૮૬,૫૨૩
ઉદયનાચાર્ય ૨૮૩
ઉદયપુર ૧૯૪થી ૧૯૬,૪૨૦,૪૬૭
ઉદયપ્રભસૂરિ ૪,૫,૬,૨૬,૩૧,૬૯, ૧૦૯,૧૩૦,૨૦૮,૨૨૪,૨૩૧, ૨૩૨,૨૪૩,૨૪૬,૨૫૩,૨૮૩, ૩૩૨,૩૩૯,૩૭૦,૩૯૯,૪૦૦, ૪૦૧,૪૦૭,૪૫૧,૪૬૧,૫૨૭, ૫૬૦
ઉદયમતી રાણી ૬૦,૬૧,૬૨,૭૩
ઉદયરત્નગણિ ૪૨૬,૪૨૭
ઉદયરાજસૂરિ ૪૬૨
ઉદયવર્ધનગણિ ૧૮૦
ઉદયવર્ધન યતિ ૪૩૨
ઉદયશ્રી મહત્તરા ૧૦
ઉદયસમુદ્રગણિ ૩૯૬
ઉદયસાગરગણિ ૪૮૭
ઉદયસાગરસૂરિ ૧૮૯,૨૦૮,૨૫૬, ૪૧૮,૪૨૨
ઉદયસિંહ ૧૨૫,૧૯૫,૩૦૬,૫૬૯
ઉદયસિંહસૂરિ ૧૧૪,૧૭૮,૨૬૧, ૪૩૧,૪૩૩,૪૩૪,૪૩૭,૫૬૩
ઉદયસુંદરીકથા ૧૯૮,૨૭૨,૨૯૫
ઉદયસૂરિ ૨૩,૩૪૩
ઉદયસેનસૂરિ ૫
ઉદયસૌભાગ્યગણિ ૪૯૨
ઉદયાદિત્ય ૫૨માર ૫૯,૬૨,૧૨૧
ઉદાત્તરાઘવ (નાટક) ૨૩૪
ઉદાયન ચૈત્ય જૂઓ 'ઉદયનવિહાર'
ઉદાયન મંત્રી ૬૩,૬૫,૭૧,૭૫,૭૮, ૮૧,૮૫,૧૦૭,**૧૩૮થી ૧૪૨**, ૧૪૪,૧૪૭,૧૪૮,૨૩૪,૨૩૮, ૪૪૩,૪૫૯,૪૭૧,૫૧૪
ઉદાવસહી જૂઓ 'ઉદયનવિહાર'
ઉદ્યોતનસૂરિ ૧,૩,૩૬,૪૦,૪૪,૪૯, **૫૦થી ૫૨**,૧૬૧,૧૬૪,૧૬૫, ૧૭૭,૧૯૮,૨૦૪,૨૩૯,૩૩૧, ૩૩૯,૩૪૮,૩૫૦,૩૫૪,૩૯૮, ૩૯૯,૪૦૧,૪૨૯,૪૩૬,૫૨૬
ઉદ્ભટ્ટ પંડિત ૨૭
ઉદ્દલ પોરવાડ ૨૧૯,૨૪૩
ઉદ્ધરણ મંત્રી (ખેડ) ૩૬૩
ઉના ૩૩૦,૫૩૮
ઉન્મત્તરાઘવ (નાટક) ૨૩૪
ઉપકેશ-ઓશવાલગચ્છ ૪૬૮

ઉપકેશગચ્છ (વંશ) ૨,૩૮,૪૦,૧૪૯, ૧૫૨,૧૫૬,૧૭૦,૧૯૧,૧૯૮, ૨૦૪,૨૦૯,૨૩૮,૩૫૮,૩૬૩, ૪૩૭,૪૪૧,૪૬૮,૫૧૮,૫૨૮, ૫૩૦,૫૬૨
ઉપકેશગચ્છ ગુર્વાવલી ૫૨૮
ઉપકેશનગર (ઓસિયા) ૩૮
ઉપકેશગચ્છ પટ્ટાવલી ૧૫૨,૧૫૩, ૩૬૩,૫૧૮
ઉપકેશશબ્દવ્યુત્પત્તિ ૩૮૬
ઉપકેશજ્ઞાતિ ૩૮
ઉપદેશકર્ણિકા ૬
ઉપદેશકલ્પવલી ૯૩
ઉપદેશકુલક ૨૯,૪૫૦
ઉપદેશકંદલી ૪૫૫,૫૬૯
ઉપદેશકંદલી-ટીકા ૨૪,૫૭૦
ઉપ.ચિં. સ્વોપજ્ઞ સાવચૂરિ ૪૧૪
ઉપદેશતરંગિણી ૨૩૦,૨૩૮,૨૪૭, ૨૫૩,૨૯૬,૨૯૮,૩૨૧,૪૫૦, ૪૮૬,૫૦૩,૫૦૭,૫૦૮,૫૧૧, ૫૨૧,૫૨૨,૫૪૩,૫૫૦
ઉપદેશપદ-ટીકા ૩,૧૪,૫૧
ઉપદેશપદ સુખસંબોધિની-ટીકા ૩૩૮
ઉપદેશમાલા ૬,૧૫૨,૩૯૩,૪૩૫, ૫૫૮,૫૬૩
ઉપદેશમાલા-કથા ૪૬૨,૪૬૯
ઉપદેશમાલાકથાનકકુપ્પય ૨૬૧,૫૬૩
ઉપદેશમાલા ટીકા ૧૨,૧૪,૫૧,૧૬૨, ૩૬૬,૪૧૪,૪૧૬,૪૫૧
ઉપ૦ દોઘટ્ટી-વૃત્તિ ૪૫૧,૪૫૨,૪૫૪
ઉપદેશરત્નાકર ૬૯
ઉપદેશરસાયન ૩૪૨,૩૬૦
ઉપદેશરસાયન ટીકા ૩૬૧,૩૬૪
ઉપદેશસપ્તતિકા ૧૩૩,૫૪૧,૫૪૩
ઉપદેશસંગ્રહ ૧૭૪
ઉપદેશસાર (સટીક) ૬૭,૬૮,૭૭, ૮૫,૮૬,૮૮,૧૪૨,૧૪૮, ૨૩૧,૨૩૨,૨૩૭,૨૫૩,૩૪૯, ૪૮૫,૪૮૬,૫૦૨,૫૦૩,૫૦૪, ૫૧૬,૫૨૧
ઉપધાનસ્વરૂપ ૪૫૦
ઉપધાનપૌષધપ્રકરણ ૩૯૪
ઉપનિષદ્ ૧૬૬
ઉપમા બત્રીસી ૪૮૩
ઉપમિતિભવપ્રપંચકથા ૨૭૫
ઉપમિતિભવપ્રપંચાનામ સમુચ્ચય ૧૪
ઉપાશ્રય ૨૧૪
ઉપાસકદશાકથા ૩૬૪
ઉપાસકદશાંગસૂત્ર ૪૪
ઉમરકોટ ૪૦૯,૪૧૫
ઉમરણી ૨૦૩,૨૪૫
ઉમરાળા ૫૪૭
ઉમાસ્વાતિ ૨૫,૪૧,૩૫૪
ઉરંગલનગર ૯૨,૧૫૪
ઉલ્લાસરાઘવ ૨૩૧,૨૩૩,૨૩૪
ઉલ્લાસિકસ્મરણ ટીકા ૩૬૭
ઉવએસપદ-ટીકા ૩૩૮,૪૫૦
ઉવએસપંચવીસિયા ૩૩૮
ઉવએસપંચાસિયા ૩૩૮
ઉવએસમાલા ૩૦૬
ઉવએસમાલા-પુપ્ફમાલા ૨૭૮
ઉવએસામયં ૩૩૮
ઉવવાઈસુત્ત-ટીકા ૧૬૯,૩૦૬
ઉવસગ્ગહર સ્તોત્ર ટીકા ૧૮,૩૧,૩૭૦
ઉવાસગદસાંગ-ટીકા ૧૬૯,૩૦૬
ઉસભપંચાસિયા ૨૯૫
ઉસભપંચાસિયા-અવચૂરિ ૨૯૫
ઉંદરવિહાર ૮૫,૩૧૨,૪૬૨,૪૬૯

ઊણ ૧૯૮
ઋજુવાલુકા ૨૫૭
ઋણીનગર ૩૮૭
ઋદ્ધિવર્ધન ૪૧૭
ઋષભદાસ લોઢા ૪૧૯,૪૨૧,૪૨૩
ઋષભદેવ ૨૦,૩૬,૩૭,૪૫,૪૭, ૬૭,૬૮,૭૦,૮૫,૯૧,૧૦૦, ૧૦૯,૧૧૫,૧૩૧,૧૩૩,૧૩૫, ૧૩૭,૧૪૪થી ૧૪૬,૧૫૧, ૧૫૩,૧૫૯,૧૬૦,૧૭૧,૧૭૭, ૧૮૦થી ૧૮૨,૧૯૨,૧૯૫, ૨૦૧,૨૦૨,૨૦૬,૨૧૫,૨૨૩થી ૨૨૫,૨૨૮,૨૩૧,૨૩૬,૨૩૭, ૨૪૬થી ૨૪૯,૨૯૧,૨૯૨, ૨૯૬,૩૦૧,૩૧૪,૩૧૫,૩૧૯, ૩૨૯,૩૩૫,૩૭૩,૩૮૬,૩૮૮, ૪૦૭, ૪૦૯,૪૧૧થી ૪૧૩, ૪૨૩,૪૪૩,૪૪૯,૪૫૯,૪૭૫, ૪૭૬,૪૭૯,૫૦૩,૫૧૨,૫૧૪, ૫૧૭,૫૧૯,૫૨૨,૫૨૫,૫૩૧થી ૫૩૪,૫૫૧,૫૫૫
ઋષભદેવચરિત ૫૩૭
ઋષભદેવચરિત્ર મહાકાવ્ય ૫૨૦
ઋષભદેવસ્તોત્ર ૧૯૪
ઋષભ દ્વાત્રિંશિકા ૪૮૫
ઋષભ-નેમિદ્વિસંધાન ૫૫૭
ઋષભપંચાશિકા ૨૯૧
ઋષિકેશ ૩૫,૨૦૩,૨૦૪,૨૫૧
ઋષિગુપ્તસૂરિ ૫૩૫
ઋષિમંડળ-ટીકા ૪૧૬
ઋષિમંડલયંત્ર-સ્તોત્ર ૨૧
એકાક્ષર નામમાલા ૨૮૪
એગ્ગલિંગ ૨૭૧
એરનપુરા ૧૭૯,૪૧૩
એલિચપુર ૩૨૪,૩૨૫,૩૩૪
ઐતિહાસિક જૈન કાવ્યસંદોહ ૨૩૯, ૩૪૮,૩૪૯
ઐતિહાસિક રાસ ૧૫૬
ઐતિહાસિક રાસસંગ્રહ ૩૨૦
ઐતિહાસિક લેખસંગ્રહ ૩
ઐન્દ્રદેવસૂરિ જૂઓ 'ઇન્દ્રદેવસૂરિ'
ઓઘનિર્યુક્તિ ૨૨૦,૨૬૪,૪૫૭
ઓઘનિર્યુક્તિ-ટીકા ૨૬૪,૪૩૯
ઓઘનિર્યુક્તિદીપિકા ૪૧૭
ઓરિયા ૨૩૫,૨૪૩,૨૪૮
ઓસવાલ ૨,૭,૮,૧૦,૪૫,૧૦૯, ૧૨૨,૧૩૭,૧૪૮,૧૫૫,૧૭૬, ૧૭૭,૧૯૨,૧૯૪,૨૪૭,૨૫૬, ૪૦૫,૪૦૭,૪૦૯,૪૬૮,૫૩૪, ૫૩૫
ઓસવાલગચ્છ ૫૩૦
ઓસવાલવંશ ૨૩૩
ઓસવાલજ્ઞાતિ ૧૦,૧૫૭,૧૭૬,૨૩૩
ઓસિયા ૧૦૯,૧૪૮,૪૧૪,૫૬૨
ઓંકારસૂરિ આ૦ ભવન ટ્રસ્ટ ૩૩૨

(ક)

કક્કલ પંડિત ૪૮૮
કક્કસૂરિ ૧૩૭,૧૫૦,૧૫૨,૧૫૩, ૧૫૪,૧૫૬,૧૯૧,૩૧૧,૩૩૩, ૪૦૮,૪૩૭,૫૨૮,૫૬૨
કકુદાચાર્ય ૧૪૯
કક્કુદાચાર્યગચ્છ ૩૩૩,૫૨૮
કર્કરા ગામ ૧૨,૪૦૬
કર્કરોહિણિકા (કક્કરરોહિડા) ૧૨
કચરા કીકા શેઠ ૪૨૮,૫૪૬
કચ્છૂલી (કાછોલી) ૩૯૩,૪૩૧થી ૪૩૫
કચ્છૂલી (કચ્છોલી)ગચ્છ ૧૧૪,૧૭૮,

૧૯૩,૨૬૧,૩૪૩,૩૯૨,૩૯૬, ૪૩૧,૪૩૨,૪૩૫,૪૩૭,૫૬૩, ૫૬૪
કચ્છૂલીગચ્છ પટ્ટાવલી ૪૩૨થી ૪૩૫
કચ્છૂલીરાસ ૪૩૫
કચ્છૂલીવાલગચ્છ જૂઓ 'કચ્છૂલીગચ્છ'
કચ્છોલી જ્ઞાતિ (ગોત્ર) ૪૩૧,૪૬૮
કછોલી (કચ્છોલી) જૂઓ 'કચ્છૂલી'
કજ્જપુરાગચ્છ (તપા.) ૪૬૮,૫૩૦
કટારમલજી રાવ ૪૦૯
કટારિયા ગોત્ર ૪૦૭,૪૦૯
કટુકમત (ગચ્છ) ૫૧,૩૯૧
કટુકરાજ ચૌહાણ ૧૨૩,૫૧૩
કડમડયક્ષ ૨૭૪
કડી ૩,૩૨૦,૩૨૩
કડીપ્રાંત સર્વસંગ્રહ ૩૨૦
કડુઆમત પટ્ટાવલી ૩૫૭
કડોદ ૩૦૧
કર્ણદેવ ચૌલુક્ય ૫૯થી ૬૧,૬૨થી ૬૪,૭૩,૮૯,૯૪,૧૦૮,૧૨૩, ૧૨૬,૧૩૪,૧૩૮,૧૬૩,૧૯૭, ૨૧૬,૨૩૩,૨૭૧,૨૭૩,૩૦૧, ૩૩૨,૫૦૦,૫૬૮
કર્ણમેરુપ્રાસાદ ૬૩
કર્ણરાજ કલચૂરી (ચેદી) ૫૯,૬૦, ૧૧૨,૧૧૮,૧૨૦,૧૨૧,૨૭૩
કર્ણસાગર ૬૨,૬૩
કર્ણસુંદરી નાટિકા ૬૨,૬૪,૨૧૬
કણાદ (મહર્ષિ) ૨૬,૨૮૩
કર્ણાવતી ૨૭,૬૨,૬૩,૬૪,૯૬, ૧૦૬,૧૩૮,૧૩૯,૧૪૧,૧૬૩, ૧૬૭,૧૭૧,૨૧૩,૨૮૧,૩૬૩, ૩૮૬,૪૪૪,૪૫૯,૪૭૧,૫૨૦, ૫૨૩
કર્ણેશ્વર મંદિર (નરોડા) ૬૨,૬૩
કતકપુરાગચ્છ (તપા.) ૪૬૮,૫૩૦
કથાકોશ ૩૩,૪૩,૩૮૨,૪૩૬,૫૧૩
કથારત્નસાગર ૨૮૨
કથાંશ ૨૯૫
કથાસાર ૨૯૫
કર્દમ રાજા ૫૦૦
કનકકુશલગણિ ૪૯૩
કનકચંદ્રગણિ ૩૬૧,૩૬૪
કનકચંદ્રસૂરિ ૪૬૭
કનકતિલકગણિ (ઉ૦) ૩૮૦
કનકપ્રભ મહત્તર ૧૯૮,૫૨૮
કનકપ્રભસૂરિ ૧૭,૨૫,(૨૯),૪૬૯, (૪૮૭),(૪૯૨),૫૨૯
કનકવિજયગણિ (ઉ૦) ૧૯૪
કનકશેખરગણિ (ઉ૦) ૪૫
કનકહંસગણિ (ઉ૦) ૪૬૧
કર્નાટક ૫૯,૬૩,૬૬,૮૯,૯૬,૯૯, ૧૧૦,૧૧૧,૧૧૮,૧૨૧,૧૬૩, ૨૨૨,૨૭૩,૪૪૪,૫૬૭,૫૬૮
કનોજ ૫૩,૫૫,૧૦૯,૧૧૬,૧૭૮, ૧૮૩
કન્હેશ્વર ગામ ૫૬
કપડવંજ ૧૧૬,૧૭૨
કપર્દી મંત્રી ૮૦,૮૭,૯૦,૯૧,૯૫થી ૯૮,૧૦૭,૧૬૩,૫૦૫,૫૧૮-૫૧૯
કપર્દી યક્ષ ૨૨૫,૫૨૨
કપર્દી શેઠ ૪૦૫,૪૦૬,૫૧૪,૫૧૮
કપિલકોટ ૩૦૧
કર્પૂર કવિ ૧૨૦
કર્પૂરધારાપ્રવાહ ૧૫૦,૩૧૧
કર્પૂરપટ્ટાધીશ(વંશ) ૩૩,૨૧૭,૩૧૧
કર્પૂરપ્રકરણ ૪૫૯,૪૬૪,૪૬૫

કર્પૂરપ્રકરણ અવચૂરિ ૩૭૮
કર્પૂરમંજરી-ટીકા ૩૭૫,૩૭૮
કર્પૂરવિજયજી ગણિ ૩૧૯
કપોળ ગોત્ર ૪૬૮
કપોળ સોરઠિયા ૫૩૪,૫૩૫
કપ્પસુત્ત-ભાસ્સ ૩૦૬
કપ્પસુત્ત-ચણ્ણિ ૩૦૬
કમલકલશાગચ્છ (તપા.) ૧૯૪,૨૪૮, ૪૬૮,૫૩૦
કમલકીર્તિ પંડિત (દિ.) ૬૯
કમલચંદ્રસૂરિ ૪૩,૨૦૮,૨૦૯,૪૬૨
કમલપ્રભસૂરિ ૪૬,૧૫૨,૨૦૭,૩૪૬, ૩૯૭
કમલસંયમગણિ (ઉ૦) ૩૭૬થી ૩૭૮
કમલસાગર (ભટ્ટારક) ૨૦૮
કમલસિંહસૂરિ ૪૩૪
કમલાદિત્ય કવિ ૫૬૧
કર્મગ્રંથ ૩૪૩,૫૬૫
કર્મગ્રંથ ટીકા ૨૨,૩૧,૫૨,૪૦૮
કર્મચંદ્રચરિત્ર ૩૮૪
કર્મચંદ્રચોપાઈ ૩૮૪
કર્મચંદ્ર બછાવત (મંત્રી) ૨૩૮,૩૫૦, ૩૮૦,૩૮૧,૩૮૩,૩૮૪,૩૮૫
કર્મવિપાક ૪૦૮
કર્મસાગરસૂરિ ૨૦૮
કર્મસિંહ ૧૨૫,૨૫૮
કર્મસ્તવ ટીકા ૬,૨૭૧,૩૭૬,૫૬૬
કમ્મપયડી ટીકા ૩૩૮,૪૦૮,૪૪૦
ક. મા. મુનશી ૭૧,૭૨
કર્માશાહ ૧૩૭,૧૩૮,૧૪૬,**૧૫૭થી ૧૬૦**,૧૯૫
કરચોલાચાર્ય ૩૫૯
કરણ વાઘેલો ૧૦૬,૧૦૭,૫૫૨
કરહેડાતીર્થ ૧૯૬,૫૧૯
કરંબવિહાર ૮૫
કરુણાવજ્રાયુધ નાટક ૨૩
કરેડા ૪,૧૨૫
કલકત્તા ૨૭૨,૩૮૩
કલચૂરીવંશ ૧૧૧,**૧૧૨**,૫૬૭
કલશ છપ્પય ૩૯૬
કલાકલાપ ૫૬૧
કલાપક પંડિત ૪૮૮
કલાવઈચરિત્ર ૩૩૭,૪૫૩
કલિકાલગૌતમ ૫,૨૩,૫૬૯
કલિકાલરાસ ૨૧૨
કલિકુંડપાર્શ્વનાથ સ્તવન ૩૩૯
કલિકુંડપાર્શ્વનાથયંત્ર સ્તવન ૪૫૦
કલ્પક મંત્રી (મગધ) ૧૩૦
કલ્પકિરણાવલી ૫૩૨
કલ્પચૂર્ણિ ૪૬૨,૪૬૯
કલ્પદુર્ગપદ નિરુક્ત ૨૬૧,૫૬૩
કલ્પનિર્યુક્તિ અવચૂરિ ૪૧૭
કલ્પભાષ્ય ટીકા ૪૪૧
કલ્પસૂત્ર ૭,૧૭,૨૯,૧૫૬,૨૦૮, ૨૧૧,૩૭૬,૩૭૭,૪૧૧,૫૨૮, ૫૬૫
કલ્પસૂત્ર ટીકા ૩૮૨
કલ્પસૂત્ર-દીપિકા ૪૪
કલ્પસૂત્ર-લઘુવૃત્તિ ૪૨૨
કલ્પસૂત્ર-સુખાવબોધ ૪૧૪
કલ્પસૂત્રાવચૂરિ ૪૧૭
કલ્પાંતર્વાચ્ય ૧૮૦
કલ્યાણક-પટ્ટ ૨૪૨
કલ્યાણજી પરમાનંદજી પેઢી ૨૩૫, ૨૫૬
કલ્યાણનગર (કલ્યાણી) ૮૮,૧૧૧, ૧૧૨,૨૧૫,૩૬૯,૪૩૭,૫૬૭
કલ્યાણમલ (ઈડર) ૧૯૪

કલ્યાણ માસિક ૧૮૫
કલ્યાણમંદિરસ્તોત્ર-વૃત્તિ ૩૭૨,૩૮૨, ૪૬૭,૫૬૫
કલ્યાણરાજગણિ (ઉ૦) ૩૭૧
કલ્યાણવિજયગણિ ૩૫૩
કલ્યાણવિજય (ઉ૦) ૩૨૪,૩૨૮, ૫૫૪,૫૫૮
કલ્યાણશ્રી મહત્તરા ૧૬૭
કલ્યાણસાગરસૂરિ **૪૨૦**,૪૨૧,૪૨૪
કલ્યાણસાગરસૂરિ-રાસ ૪૨૨
કવાડ ગોત્ર ૪૬૮
કવિકલ્પલતા ૨૩૫,૫૬૧
કવિરહસ્ય ૨૩૫
કવિવંશ (શ્રીપાલ) ૫૦૭
કવિશિક્ષા ૯૩,૨૬૧,૪૩૮,૪૬૩, ૫૬૩
કવિશિક્ષાવૃત્તિ ૨૩૫,૫૬૧
કવીન્દ્રસાગર (ખ.) ૧૯૩
કહાકોસપગરણ ૧૬૭
કહારયણકોસો ૧૭૩
કહાવિવરણવૃત્તિ ૧૬૭
કંકાલય રસાધ્યાય ૪૧૬
કંચનદેવી ૬૬,૭૧,૧૨૬
કંડોલિયા જ્ઞાતિશાખા ૫૩૪,૫૩૫
કંથકોટ ૫૮,૧૧૪,૨૯૯,૩૦૨,૩૯૫
કંબોઈ ૫૫,૨૧૩,૩૨૦
કંવલાગચ્છ ૩૮૪
કાકલ કાયસ્થ ૬૯,૭૧,૪૪૮,૪૫૫, ૪૭૮,૪૮૯,૪૯૨
કાકુસ્થકેલિ ૨૮૩
કાજળશાહ ૫૫૨,૫૫૩
કાદંબરી ૨૯૫
કાતંત્ર ૩૪૫,૩૬૭,૩૬૯,૩૭૨, ૪૧૫,૪૭૭,૪૮૮,૪૯૧
કાત્યાયન (**શ્રીમાલી**) ૪૦૭,૪૮૮
કાનજી ગાંધી ૫૩૨,૫૩૩
કાનજી વસો ૪૮૦,૫૫૧
કાન્હડદે ૭૩,૭૪થી ૭૬,૯૫,૯૬, ૧૧૦,૧૧૩,૧૧૫,૧૨૫
કાન્હડદેપ્રબંધ ૧૦૬,૧૨૫
કાપરડાતીર્થ ૩૮૫
કામદેવકથા ૪૧૬
કામંદકીય-નીતિશાસ્ત્ર ૮૦
કામ્યકૂગચ્છ ૨૬,૩૪,૨૭૧,૩૩૩, ૪૩૦,૪૩૮
કાયંદ્રા ૧૦૦
કાલકસૂરિકથા ૧૭,૩૮,૪૩,૨૦૮, ૨૧૨,૩૭૧,૪૧૩,૪૫૯,૫૩૦
કાલગજ્જકહા ૯
કાલસયગં ૩૩૮
કાલસ્વરૂપકુલક-વૃત્તિ ૩૬૪
કાલસ્વરૂપ-વૃત્તિ ૩૬૦,૩૬૧
કાલહોર્ન ૭૬
કાલિકાચાર્યકથા જૂઓ 'કાલકસૂરિકથા'
કાલિકાદેવી ૧૮૫,૧૮૮
કાલિકા મંદિર ૧૩૦,૧૮૮
કાલીકાંકર ૧૨
કાલીદાસ ૨૩,૧૧૭થી ૧૧૯
કાવડિયા ગોત્ર ૪૦૭
કાવીતીર્થ **૫૩૧થી ૫૩૩**
કાવ્યકલ્પલતા પરિચય ૫૬૧
કાવ્યપ્રકાશ ટિપ્પણ ૪૫૩
કાવ્યપ્રકાશ-સંકેતટીકા ૨૬,૨૭,૫૬૪
કાવ્યાનુશાસન ૨૯૫,૩૧૩,૪૮૮, ૪૯૧,૪૯૫,૫૨૦,૫૬૧
કાવ્યાનુશાસનવિવેક ૪૯૧,૪૯૬,૪૯૭
કાવ્યા. સ્વોપજ્ઞ-વૃત્તિ ૧૬૩,૧૬૪
કાવ્યાલંકાર ટિપ્પન ૨૧૨

કાશિકા (ન્યાસ) ૪૮૮
કાશી ૩૫,૫૫,૫૭,૬૬,૯૦,૯૧, ૯૩,૧૨૧,૧૨૫,૩૦૨,૩૪૫, ૩૬૮
કાશ્મીર ૬૪,૯૦,૨૧૫,૩૮૨,૪૭૧, ૪૭૮,૪૮૯
કાશ્મીરાવતાર ૨૨૬
કાસહ્રદ ૩૫,૩૬,૩૭,૧૧૭,૧૩૬, ૨૪૫
કાસહ્રદગચ્છ **૩૫થી ૩૭**,૧૩૬,૨૪૧, ૨૮૩,૫૬૩
કાંકરિયું તળાવ જૂઓ 'કર્ણસાગર'
કાંકરિયા ગોત્ર ૪૬૧
કાંગડા (પ્રતિમાલેખ) ૧૯૬
કાંટિયા ગોત્ર ૪૦૧
કાંટેલા શિલાલેખ ૧૪૪
કાંતિનગર ૧૬૮,૩૧૬,૩૧૮,૩૨૨
કાંધાજી ગોહિલ ૫૪૭
કિરણાવલી (ટીકા) ૨૮૩
કિરાટકૂપ (કિરાડુ) ૬૫,૮૧,**૧૧૪**, ૧૨૪,૧૪૮,૪૧૧
કિસરઉલી ૨૪૫
કીર્તિકૌમુદી ૬૬,૯૨,૯૬,૯૮થી ૧૦૧,૧૦૫,૨૩૦,૨૩૧,૨૩૩, ૨૩૪,૨૮૨
કીર્તિગણિની સાધ્વી ૪૬,૩૦૯
કીર્તિપાલ ૭૩,૭૫,૮૧,૯૯,૧૦૪, ૧૨૩થી ૧૨૫,૧૪૦
કીર્તિરત્નસૂરિ ૩૭૬,૩૭૮
કીર્તિરાજ સામંત ૬૨,૧૧૧
કીર્તિવલ્લભગણિ ૪૧૮
કીર્તિવિજયગણિ ૧૯૩,૫૩૮(ઉ૦)
કીર્તિશાખા ૪૧૭,૪૨૦
કીર્તિસાગરસૂરિ ૪૨૨
કુર્ચાલ સરસ્વતી ૧૯૦,૨૮૭,૨૯૬
કુચેરા (કુર્ચપુર) ૧૬૪,૩૪૦
કુચેરાગચ્છ ૩૯૧,૪૩૦
કુતબુદ્દીન ઐબક ૩૯,૧૦૨,૧૫૪, ૨૨૩
કુતુબ દાદાવાડી (દિલ્હી) ૫૩૮
કુતુબપુરા શાખા ૨૫૫,૫૩૦
કુબેરદત્ત ૮૫,૮૭,**૫૧૪-૫૧૫**
કુમાર (લાલનવંશ) ૪૦૯
કુમાર (કાંગડાતીર્થ) ૧૯૬
કુમારદેવી ૨૧૭,૨૨૬
કુમારપાલ ૧૦,૩૯,૬૦,૬૯,**૭૨થી** ૯૮,૧૦૦,૧૦૧,૧૦૬થી૧૦૮, ૧૧૪,૧૨૩,૧૨૪,૧૩૫,૧૩૬, ૧૩૯,૧૪૦,૧૪૨થી ૧૪૬, ૧૪૮,૧૭૬,૧૯૦,૧૯૧,૨૦૬, ૨૨૧,૨૩૩,૨૫૦,૨૫૩,૨૭૫, ૨૭૭,૨૭૯,૨૮૦,૩૦૧,૩૦૫, ૩૧૪,૩૨૧,૩૫૦,૩૫૨,૩૫૭, ૪૦૬,૪૦૮,૪૨૪,૪૨૯,૪૩૬, ૪૪૦,૪૬૩,૪૭૬થી ૪૮૧, ૪૮૪,૪૮૬થી ૪૮૮,૪૯૧, ૫૦૨થી ૫૦૫,૫૦૮,૫૧૦, ૫૧૧,૫૧૪,૫૧૫,૫૧૭થી ૫૨૦,૫૨૩,૫૩૫,૫૩૬,૫૪૯, ૫૫૦,૫૫૯,૫૬૨,૫૬૮,૫૭૦
કુમારપાલચરિત ૯૭,૧૪૪,૩૪૬, ૩૬૫,૪૯૧,૫૬૪
કુમારપાલપડિબોહો ૬૮,૮૨,૮૬,૯૭, ૩૧૪,૪૭૯,૪૮૧,૪૮૬,૪૮૭, ૪૯૮,૫૦૮,૫૧૦,૫૧૧,૫૨૦, ૫૪૬,૫૪૯,૫૫૦,૫૫૬,૫૫૭, ૫૫૯
કુમારપાલપ્રબંધ ૬૦,૬૧,૬૯,૯૭,

૧૪૮,૨૫૩,૪૯૮,૫૫૦
કુમારપાલરાસ ૪૬૨
કુમાર(પાલ)વિહાર ૮૨,૮૪,૮૫, ૧૪૪,૧૪૫,૧૮૦,૨૪૯થી ૨૫૧,૪૬૩,૪૮૭,૫૨૩,૫૪૯
કુમારવિહારશતક-પ્રશસ્તિ ૧૯૭, ૪૮૫,૪૮૬,૫૫૮
કુમાર શર્મા ૭૧,૧૦૦,૧૨૨,૧૯૦, ૨૩૩
કુમારસંભવ-વૃત્તિ ૧૧૭,૩૭૧
કુમારસાગરગણિ ૨૩૨
કુમારસિંહ ૪૬,૯૬,૧૦૨,૧૪૮,૩૨૭
કુર્માપુત્રચરિત્ર ૩૯૭
કુમુદચંદ્ર પંડિત (દિ.) ૭૦,૨૦૨, ૪૦૮,૪૪૪થી ૪૪૯,૪૫૪, ૪૭૫,૫૦૮,૫૧૨,૫૨૨
કુરુકુલ્લાદેવીસ્તુતિ ૪૫૦
કુલચંદ્ર ૫૯,૧૧૯
કુલપ્રભસૂરિ ૩૦૯
કુલમંડનસૂરિ ૪૭
કુલવર્ધનસૂરિ ૪૨૮
કુલસાગરગણિ ૮૫,૧૪૨,૨૫૩, ૩૪૯,૪૮૫
કુલ્પાકજી તીર્થ ૨૭૪,૩૨૬
કુવલયમાલા સંક્ષેપ ૨૨
કુશલવર્ધનગણિ ૧૮૦
કુશલસૂરિ ૩૬૬
કુશીદા બેગમ ૨૨૩,૨૨૪
કુંઅરજી ગાંધી ૫૩૨,૫૩૩
કુંઅરવિજયગણિ (૩૦) ૩૨૮
કુંકુણ મંત્રી ૧૧૩,૧૬૧,૧૭૮
કુંડલા ૫૨૧
કુંતલ રાજ્ય ૮૯
કુંતાસર ૪૨૩
કુંથુનાથ ૨૪૯,૫૨૩
કુંથુનાથચરિત્ર ૨૨
કુંદકુંદાચાર્ય (દિ.) ૪૪૮
કુંભલમેરુ ૨૪૬,૨૪૭,૨૪૮,૩૭૫, ૩૭૬,૩૭૮,૫૨૨
કુંભાજી રાણા ૧૫૮,૨૪૬,૨૪૯,૩૭૮
કુંભારિયાજી જૂઓ 'આરાસણ'
કુંભોજતીર્થ ૩૨૬
કુંરપાલ લોઢા ૪૨૧,૪૨૩
કૃતપુણ્યકચરિત્ર ૧૮૫,૩૬૪
કૃપારસકોશ ૧૯૪
કૃષ્ણરાજ પરમાર ૬૦,૧૧૩થી ૧૧૬
કૃષ્ણ રાવત ૧૧૭
કૃષ્ણ-રુક્મિણીવેલી-ટીકા ૨૦૮
કૃષ્ણવાસુદેવ ૧૮૧,૨૨૮,૨૪૩
કૃષ્ણવિજયજી ૫૫૩
કૃષ્ણર્ષિ ૧૧૭,૨૭૯
કૃષ્ણર્ષિગચ્છ ૩૨૭,૪૫૭,૪૫૮, ૫૩૦,૫૪૦,૫૬૪
કૃષ્ણસાગરગણિ ૭૭
કૃષ્ણસૂરિ ૪૩
કેદારતીર્થ ૪૭૪
કેદાર પાર્શ્વનાથ ૩૨૭
કેદાર ભટ્ટ ૧૬૩,૧૬૪
કેલાણી ગોત્ર ૪૬૮
કેલ્હણદેવ ૨૬,૭૬,૮૧,૯૭,૧૦૦, ૧૧૫,૧૨૩,૧૨૪
કેવલાસ્થલી ૩૨૦
કેશવ પંડિત ૭૧,૪૪૫,૪૪૬,૪૪૮
કેશવજી નાયક ૪૨૩
કેસરકુશલગણિ ૫૪૬
કેસરસાગર (ભટ્ટા.) ૨૦૮
કેસરિયાજી તીર્થ ૩૮૮
કે. હ. ધ્રુવ ૭૯

કૈરવરાજ કવિ ૪૪૬
કોચર વ્યવહારિયાનો રાસ ૧૫૬,૩૭૪
કોચર શાહ ૧૫૫,૧૫૬,૩૭૪
કોચરબ (કોછરબ) ૬૩
કોટ્યાર્ક ૨૫૭,૫૫૪
કોટ્યાચાર્ય ૧૬૭,૩૪૪
કોટિકગણ (ગચ્છ) ૩૫,૪૨,૨૫૭, ૩૪૭,૪૬૭,૪૬૮,૫૩૦
કોટિયા (કોટેચા) ગોત્ર ૪૦૭
કોટિવર્ષનગર ૨૫૭
કોટિશિલા ૫૪૮,૫૫૧
કોઠારી ગોત્ર ૨૮૫,૪૦૭,૪૬૮
કોઠારીવંશ ૧૫૭
કોડિનાર ૬૫,૬૮,૧૫૩,૪૭૬
કોદંડ છત્ર ૨૯૦
કોમલ (કંવલા) ગચ્છ ૩૪૦,૩૪૨, ૩૫૮,૩૮૪
કોયલા પહાડી ૩૦૩,૩૦૪
કોરટા (તીર્થ) ૪૩,૪૩૫,૪૫૦,૫૨૧
કોરંટાગચ્છ ૪૦,૧૯૩,૪૬૮,૫૩૦
કોલ્હાપુર ૬૬,૩૨૬,૩૨૭
કોંકણ ૧૯૮
કૌમુદીમિત્રાણંદ નાટક ૪૮૫
કૌલધર્મ (મત) ૨૦૨,૨૬૭
ક્રિયાગુપ્ત ૪૧૭
ક્રિયાતિલકગણિ ૩૭૭
ક્રિયારત્નસમુચ્ચય ૧૯૪,૩૭૭,૩૮૬, ૪૯૩,૫૫૬

(ખ)

ખજાનચી ગોત્ર ૨૧૭,૪૬૮
ખટોલ ગોત્ર ૪૬૮
ખપુટાચાર્ય ૩૫,૧૪૩,૫૨૪,૫૪૮, ૫૪૯,૫૬૪
ખરતરગચ્છ ૨,૬,૧૦,૫૨,૧૪૧, ૧૫૩,૧૮૫,૧૮૬,૧૯૨,૧૯૩, ૧૯૭,૨૧૭,૨૩૮,૨૩૯,૨૪૭, ૩૪૦,૩૪૨,૩૪૫થી ૩૫૪ ૩૫૮થી ૩૬૩,૩૭૧થી ૩૭૩, ૩૭૫,૩૭૭,૩૭૯થી ૩૮૭, ૩૯૧,૩૯૨,૩૯૮,૪૦૮,૪૨૨, ૪૫૫,૪૫૯,૪૬૫,૪૯૨થી ૪૯૪,૫૨૦,૫૨૬,૫૩૦,૫૩૭, ૫૪૧,૫૪૨,૫૪૩,૫૫૭,૫૬૨, ૫૬૫
ખ. પટ્ટાવલી (૧થી૩) **૩૫૫થી ૩૯૦**
ખ. પટ્ટા. (લઘુઆચાર્યીયગચ્છ) ૩૮૯, ૩૯૦
ખરતરગચ્છ પટ્ટાવલી ૧૬૭,૧૭૨, ૨૩૮,૨૩૯,૩૪૦,૩૪૬થી ૩૫૨,૩૫૪થી ૩૬૦,૩૬૨, ૩૬૩,૩૬૫,૩૭૨,૩૭૩,૩૮૬થી ૩૮૯,૫૪૨
'ખરતર' બિરુદ ૨૩૯,૩૪૯,૩૫૧
ખરતરગચ્છ બૃહદ્ ગુર્વાવલી ૩૫૧
ખરતરગચ્છ બૃહદ્ પટ્ટાવલી ૩૪૮
ખરતરવસહી ૨૪૮
ખરાતપાગચ્છ ૫૨૮,૫૩૦
ખરોષ્ટ્રી લિપિ ૨૫૮
ખંભાત ૬,૯,૧૪,૨૦,૨૫થી ૨૮, ૩૦,૪૬,૪૭,૫૯,૭૦,૭૧, ૭૪,૮૫,૮૬,૧૦૨,૧૦૩,૧૧૯, ૧૩૯,૧૪૧,૧૪૨,૧૫૦,૧૫૨, ૧૫૫,૧૫૬,૧૫૯,૧૬૨,૧૭૧, ૧૭૪,૧૮૭,૧૯૫,૨૧૮,૨૨૧થી ૨૨૪,૨૨૬,૨૫૦,૨૭૮,૨૮૦, ૩૦૦,૩૦૨,૩૧૫થી ૩૧૮, ૩૨૦,૩૨૯,૩૩૭,૩૫૭,૩૬૪, ૩૬૬,૩૬૭,૩૭૨,૩૭૪,૩૭૬,

૩૮૧,૩૮૭,૪૦૨,૪૦૩,૪૧૧ થી ૪૧૬,૪૧૮,૪૧૯,૪૬૬, ૪૭૧,૪૭૭,૪૭૮,૪૯૩,૫૦૧, ૫૦૩,૫૧૭,૫૨૨,૫૨૩,૫૨૫, ૫૩૦થી ૫૩૨,૫૪૪,૫૫૯, ૫૬૦,૫૬૩,૫૬૪
ખિત્ત(ક્ષેત્ર)સમાસ-વૃત્તિ ૨૫,૨૮૧, ૪૪૦
ખામણા-અવચૂરિ ૪૩૭
ખિમાણંદ ઉપા૦ ૪૪
ખીમચંદ મોતીચંદ શેઠ ૪૨૩
ખીમરાજ પોરવાડ ૨૪૮
ખીમલી મસ્જિદ ૩૦૧
ખીમસરા ગોત્ર ૨૮૫
ખીમસિંહ સંઘવી (છાડાવંશ) ૧૮૭, ૨૪૯,૫૧૫,**૫૧૬**
ખીમા ઋષિ ૧૧૭
ખુશરુ શાહજાદો ૩૮૩,૩૮૪
ખેડા ૪૦૫,૪૩૮,૫૧૩,૫૨૫
ખેડામંડલ ૫૯,૧૧૬
ખેતલવસહી (પાટણ) ૪૦૨
ખેતશી પારેખ ૪૦૨
ખેતા તોડા મીઠડિયા ૪૧૬
ખેરાલુ ૪૦૭,૪૧૨
ખૈરાતીલાલજી જૈન ૩૮૭
ખોડિયો ક્ષેત્રપાલ ૩૫૭,૩૬૧,૩૬૨

(ગ)

ગર્ગર્ષિસૂરિ ૨૨
ગર્ગસ્વામી ૪૨
ગચ્છમત પ્રબંધ ૩૯૬
ગચ્છાચારપઈન્નય ૩૩૭
ગજપદતીર્થ ૩૨૬,૩૩૪
ગજસિંહકુમાર-રાસ ૪૨૬,૪૨૭
ગજસિંહ રાઠોડ ૧૭૯,૧૮૦
ગજાનન પાઠક ૨૫૨
ગણધર અંતર્ગત પ્રકરણ ૩૬૧,૩૬૪
ગણધરવંશ ૨
ગણધરસાર્ધશતક ૩૫૨,૩૬૦
ગણધરસાર્ધશતક-વૃત્તિ ૪૬,૩૫૧, ૩૫૫,૩૬૦,૩૬૧,૩૬૪
ગણધરસપ્તતિ ૩૬૦
ગણપાઠ ૪૮૮,૪૯૦
ગણરત્નમહોદધિ ૨૬,૨૭૧,૪૩૮
ગણિતતિલક-વૃત્તિ ૨૧
ગણિયાક ઘાકડ ૧૦
ગણેશ ભટ્ટ ૩૧૩
ગદા (ગદરાજ) દીવાન ૨૪૭,૫૩૬
ગદ્યગોદાવરીકાવ્ય ૩૧
ગદ્યપ્રભાવકચરિત્ર ૪૩
ગર્ભાપહારતિથિ કલ્યાણક ૩૪૨
ગયાસુદ્દીન ૧૫૪,૧૭૮,૨૪૮,૩૭૬, ૫૨૭
ગલ્લકકુલ ૪,૯૬,૧૦૫,૫૧૪
ગહેલડા ગોત્ર ૨૮૫
ગ્વાલિયર ૧૫૭,૨૭૪,૪૪૨
ગંગ ગોત્ર ૨૮૫
ગંગદાસ પ્રતાપવિલાસ (નાટક) ૨૩૪
ગંગા નદી ૩૫,૯૪,૩૪૫
ગંગેશ ઉપાધ્યાય ૫
ગંધાર ૪૦૨,૪૧૧
ગાર્ગ્ય પંડિત ૪૮૮
ગાજઉદ્દીન હૈદર ૩૭૭
ગાથાસહસ્રી ૩૮૨
ગારિયાધાર ૫૪૭
ગાલ્હાગોત્ર ૪૦૭,૪૦૯
ગાહાકોસો ૩૩૮
ગાંગિલ નાગર ૭૧,૪૪૫
ગાંધી ગોત્ર ૪૦૭,૪૬૮

ગાંભૂ ૮૬,૯૮,૧૩૦,૩૧૫
ગિઝની ૩૯,૫૯,૯૪,૧૦૦થી ૧૦૨, ૫૭૦
ગિરજાશંકર શાસ્ત્રી ૪૯૪
ગિરનાર ૬,૯,૧૯,૪૫,૬૫,૬૮,૭૩, ૮૨,૯૧,૧૦૪,૧૦૬,૧૨૭, ૧૨૯,૧૪૧,૧૪૬,૧૪૭,૧૫૩, ૧૫૮,(૧૯૪),૨૦૩,૨૧૯થી ૨૨૧,૨૨૫,૨૨૬,૨૨૮,(૨૪૬), ૨૭૭,૨૭૯,(૨૮૩),૨૯૯,૩૦૧, ૩૧૧,૩૨૮,૩૩૦,૩૫૭,૩૭૬, ૩૮૮,૩૯૯,૪૫૯,૪૭૬,૪૮૦, ૫૦૧,૫૦૩,૫૧૨,૫૧૬,૫૧૭, ૫૨૦,૫૨૨,૫૪૯,૫૫૦,૫૫૩
ગિરનારની પ્રશસ્તિ ૧૯૪,૨૩૧થી ૨૩૩,૨૮૩
ગિરનાર બત્રીશી ૪૧૪
ગિરિયા ગોત્ર ૨૮૫
ગુજરાણી ગોત્ર ૪૬૮
ગુજરાતના ઐતિહાસિક લેખો ૧૪૭, ૨૩૪,૨૪૧,૪૫૯,૫૦૩,૫૨૦
ગુજરાતનો ઐતિહાસિક લેખસંગ્રહ ૯૪
ગુજરાતનાં તીર્થસ્થાનો ૨૫૨
ગુજરાતનો નાથ ૭૧
ગુજરાતનું પાટનગર અમદાવાદ ૨૧૩
ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ ૯૮
ગુજરાતનો પ્રાચીન મંત્રીવંશ ૧૩૬
ગુજરાતનો મધ્ય રા. ઇતિહાસ ૬૨, ૭૧,૭૯,૯૪,૯૬,૯૮,૯૯, ૧૦૮,૨૫૨,૫૦૧
'ગુજરાત' માસિક ૧૧૩,૨૫૦
ગુજરાતનો સંક્ષિપ્ત ઇતિહાસ ૫૬,૬૧, ૬૫,૯૮,૧૦૫,૧૨૭,૧૩૦
ગુજરાતનું સ્થાપત્ય (નિબંધ) ૯૪
ગુજરાતી કટરા ૩૯
ગુજરાતી સાહિત્ય (ગ્રંથ) ૭૧
ગુડરગિરિ ૧૦૦
ગુડસત્થનગર ૫૪૮
ગુણકીર્તિસૂરિ ૨૦૮
ગુણચંદ્રગણિ ૩૧,૧૭૩,૧૭૪,૪૯૮, ૫૫૯
ગુણચંદ્ર વાદી (દિ.) ૨૮,૩૩૬,૪૪૨
ગુણચંદ્રસૂરિ ૧૯,૨૦૭,૨૦૯,૩૪૭, ૩૯૫,૪૦૧,૪૨૫,૪૫૫,૪૮૫થી ૪૮૭,૪૯૩,૪૯૮
ગુણદેવસૂરિ ૪૩૧
ગુણધરસૂરિ ૪૨
ગુણધીરસૂરિ ૩૯૫
ગુણનિધાનસૂરિ ૪૧૯
ગુણપ્રભસૂરિ ૩૪૭,૩૯૫,૪૦૨, ૪૧૧,૪૧૨
ગુણભદ્રગણિ ૩૬,૩૬૭ (ઉ૦), ૪૩૫
ગુણભદ્રસૂરિ ૩૭,૨૫૯,૩૯૫,૪૫૩, ૫૧૪,૫૬૩
ગુણમાલીસૂરિ (ભટ્ટા.) ૪૩
ગુણરત્નસૂરિ ૪૭,૧૯૪,૨૧૨,૩૭૮, ૪૨૬,૪૯૩,૫૫૬
ગુણવર્માચરિત્ર ૪૧૭,૫૬૫
ગુણવલ્લભગણિ ૨૩૩,૨૮૩
ગુણવંતસૂરિ ૪૬૨
ગુણવિજયગણિ (ઉ૦) ૧૯૪
ગુણવિજયજી ૧૫૬,૪૯૪,૫૪૬
ગુણશીલ યતિ ૪૨૨
ગુણશેખરસૂરિ ૩૪૬
ગુણસમુદ્રગણિ (ઉ૦) ૩૬૭
ગુણસમુદ્રસૂરિ ૭,૨૭,૧૮૨,૨૯૮, ૨૯૯,૩૯૫,૪૦૦,૪૦૧,૪૧૬, ૪૨૬,૪૬૩,૪૬૪

ગુણસમૃદ્ધિ મહત્તરા ૩૭૪
ગુણસાગરસૂરિ ૭,૧૮૭,૧૮૮,૨૧૨, ૨૮૫,૩૯૫,૪૩૨
ગુણસાગર યતિ ૩૯૩,૩૯૭
ગુણસુંદરસૂરિ ૨૮૫,૩૯૫
ગુણસેનસૂરિ ૯,૨૦૨,૨૧૨
ગુણસ્થાનકક્રમારોહ-વૃત્તિ ૪૨૦
ગુણસ્થાનકક્રમારોહ સ્વોપજ્ઞવૃત્તિ ૪૬૫
ગુણાકરગણિ ૫૦,૧૭૪
ગુણાકરસૂરિ ૧૭૭,૧૯૯,૨૯૮,૩૪૭, ૪૬૩,૫૧૭
ગુપ્તસંવત ૩૯૯
ગુપ્તસૂરિ ૪૧
ગુરુકાવ્યનવક ૪૨૭
ગુરુકાવ્યાષ્ટક ૩૬૨,૩૬૩,૫૬૨
ગુરુગુણરત્નાકર-કાવ્ય ૧૮૭,૧૯૨, ૧૯૩,૨૪૮,૨૫૩
ગુરુગુણષટ્ત્રિંશિકા ૪૧૧,૪૬૪
ગુરુગુણષટ્ત્રિંશિકા-વૃત્તિ ૪૬૫
ગુરુચક્રમંડલ ૨૪,૨૫
ગુરુતત્ત્વ ૨૯૧
ગુરુમંડલ (પાદુકા) ૨૪૯
ગુરુવિરહવિલાપ ૩૩૭,૪૫૦
ગુરુસ્તુતિ ૩૯૬,૪૨૭
ગુરુસ્તુતિકુલક ૨૯
ગુલાબચંદજી મૂથા ૮
ગુલાબવિજયજી ૫૪૬
ગુર્વારાધનકુલક ૨૯
ગુર્વાવલી ૧૧૩,૧૬૧,૧૬૨,૨૩૭, ૨૫૩,૩૧૯,૩૪૯,૩૫૪
ગુર્વાવલી-સ્તવન ૪૨૨
ગુંદી ૨૧૧
ગૂર્જર શ્રીમાલી (વંશ) ૮,૨૮૦,૩૦૭, ૫૩૪,૫૩૬થી ૫૩૮
ગોખરુ ગોત્ર ૪૬૮
ગોગડ ગોત્ર ૪૬૮
ગોઠી (વંશ/ગોત્ર) ૧૭,૧૧૫,૪૬૮, ૫૨૮,૫૩૮
ગોડી પાર્શ્વનાથ ૨૫૬,૪૧૬,૪૨૧, **૫૫૧થી ૫૫૪**,૫૬૮
ગોડી પાર્શ્વનાથચરિત્ર ૫૫૩,૫૬૯
ગોડી પાર્શ્વનાથ સ્તવન ૪૨૧,૪૮૦, ૫૫૩
ગોડીચા પાર્શ્વનાથ ૫૬૮
ગોડીજી તીર્થ ૫૫૧,૫૫૩
ગોડીજી મંદિર (મુંબઈ) ૨૫૬
ગોડીદાસ શેઠ ૫૫૧,૫૬૮
ગોડીપુર ૪૮૦,૫૫૩,૫૫૪
ગોદુહકુમાર ૪૦૩
ગોધરા (ગોહ્રદ) ૩૨,૬૫,૧૦૩, ૧૮૭,૨૨૩
ગોપનગર ૧૭૨
ગોપાલજી ભટ્ટારક ૨૦૮
ગોરધનદાસ મહેતા ૫૪૭
ગોલવાડ (પંચતીર્થી) ૩૮૭,૫૪૩
ગોલિયા ગોત્ર ૨૮૫,૪૬૮
ગોલેચા (ગોલેચ્છા) ગોત્ર ૨૩૩
ગોવિંદગણિ (પં.) ૫૬૬
ગોવિંદભાઈ દેસાઈ ૬૯,૯૮
ગોવિંદ રાઠોડ ૧૭૮
ગોવિંદ સંઘવી ૧૯૪,૫૫૦
ગોવિંદસૂરિ ૨૬,૩૪,૬૧,૬૩,૧૯૭, ૨૬૫,**૨૭૦,૨૭૧**,૩૫૪,૪૨૮, ૪૩૮
ગોસલ સંઘવી ૧૪૯
ગોહલાણી ગોત્ર ૪૬૮
ગોહિલવંશ ૧૦૮,૧૩૦,૫૪૭
ગોહિલવાડ ૧૦૨

ગોંડલ ૧૨૭
ગૌતમકુલક-વૃત્તિ ૩૮૬
ગૌતમ ગોત્ર ૪૦૭
ગૌતમપૃચ્છા ૧૭૩
ગૌતમસાગર(સૂરિ) ૪૨૪
ગૌતમસ્વામી ૧૬૧,૧૮૫,૩૬૫,૫૫૯
ગૌતમસ્વામીરાસ ૩૭૩
ગૌતમીયમહાકાવ્ય (ટીકા) ૩૮૮,૩૮૯
ગૌરીશંકર ઓઝા ૯૨,૨૫૨
ગ્રહરિપુ ૬૫,૧૨૭
ગ્રંથ(જ્ઞાન)ભંડાર ૪૦,૪૪,૧૬૨, ૧૮૬,૧૯૫,૨૨૮,૩૭૬,૩૭૭, ૪૧૯,૪૨૦,૪૬૬,૪૭૭,૪૭૯, ૫૪૪

(ઘ)

ઘઉલી ગામ ૨૪૫
ઘટકર્પરકાવ્ય ૧૦
ઘંઘાણક (ઘાંઘાણી) ૧૨૪
ઘાંઘલ શ્રીમાલી (વરમાણ) ૫૩૯,૫૪૦
ઘુમલી ૪૧૦
ઘૂઘલ (ઘુંઘલ) ૧૦૩,૧૮૭,૨૧૦, ૨૨૩
ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ ૪૨૧
ઘેટીપાગ ૧૪૨
ઘોઘા ૩૨૭-૩૨૮,૩૮૭
ઘોડાવત ગોત્ર ૪૬૮
ઘોષપુરીયગચ્છ ૧૭,૨૮,૫૨૮

(ચ)

ચઉદસિયા(મત)ગચ્છ ૫૧,૧૨૨, ૩૦૧,૪૩૦,૪૩૧,૪૬૮,૫૩૦
ચક્રાયુદ્ધ ૧૩૭
ચક્રેશ્વરસૂરિ ૨૨,**૨૦૪થી ૨૦૭**,૨૦૯, ૨૫૪,૩૦૫,૩૦૬,૩૪૪,૩૪૮, ૩૫૧,૩૯૪,૫૩૦
ચક્રેશ્વરી દેવી ૨૪૯,૨૭૩,૨૯૭, ૩૨૧,૪૦૬,૪૧૮
ચર્ચરી-વૃત્તિ ૩૬૦,૩૬૧,૩૬૪
ચચ્ચિગ (ચાચિગદેવ) ૪,૧૦૫,૧૨૩, ૧૨૫,૪૬૩
ચડ્ડાવલી જૂઓ 'ચંદ્રાવતી'
ચણક શ્રેષ્ઠી ૫૦,૧૭૭
ચતુર્થશાખા (પૂનમિયા ગચ્છ) ૩૯૮
ચતુર્દર્શસ્વર સ્થા.વાદસ્થલ ૩૮૬
ચતુર્દશીશાખા(ગચ્છ) ૨૬૪,૩૯૩, ૪૨૫,**૪૨૮થી ૪૩૨**,૫૬૮
ચતુઃપર્વીકથા-ચંપૂ ૪૧૭,૫૬૫
ચતુર્મુખવિહાર ૬૮,૫૦૩,૫૪૫
ચતુરવિજયજી મ. ૧૨
ચતુરશીતપ્રબંધ કથાકોશ ૨૮૪
ચતુર્વિંશતિ (ચોવીશી) ૮,૪૪,૫૦
ચતુર્વિંશતિપ્રબંધ (પ્રબંધકોશ) ૯૧, ૨૩૨,૨૮૪,૩૧૮
ચતુઃશરણ-ટીકા ૪૧૬
ચમરેન્દ્ર (ભવનપતિ) ૧૩૬
ચમ્પૂ રામાયણ ૧૨૦
ચરણકરણ સપ્તતિ ૩૯૪
ચરિત્રપંચક-વૃત્તિ ૩૭૬
ચંગદેવ ૪૭૦,૪૭૧
ચંડપ મંત્રીવંશ **૨૧૬**
ચંડપ્રસાદ મંત્રી ૨૧૬,૩૨૧
ચંડિકાગચ્છ ૩૪૧
ચંડિકા દેવી ૧૪૭,૩૪૧,૫૨૧
ચંદનબાલા ગણિની ૨૬૦,૩૦૮, ૪૪૩,૫૬૬
ચંદનબાલા ચોપાઈ ૧૫૭
ચંદનબાલાવેલી ૪૪
ચંદ વરદાઈ કવિ ૧૦૫
ચંદનાચાર્ય ૧૧૯,૧૨૦,૨૭૨,૨૭૩

ચંદપન્નત્તિ-વૃત્તિ ૩૨૮,૪૩૯
ચંદપ્પહચરિયં જૂઓ 'ચંદ્રપ્રભચરિત'
ચંદૂર ૬૩,૨૨૭
ચંદ્રકીર્તિ-ટીકા ૪૬૫,૪૬૬
ચંદ્રકીર્તિસૂરિ ૪૬૬,૪૬૭
ચંદ્રકુલ (ગચ્છ) ૨,૩,૯થી ૧૩,૧૭, ૨૧,૨૨,૨૫,૩૨,૪૬,૫૦,૫૮, ૧૩૨,૧૩૭,૧૬૨થી ૧૬૪, ૧૭૦,૧૭૬,૨૦૫,૨૦૯,૨૩૩, ૨૩૭,૨૩૯,૨૬૧,૨૬૪,૩૨૭, ૩૪૩,૩૪૪,૩૪૭,૩૪૮,૩૯૧, ૪૨૮થી ૪૩૦,૪૬૭,૪૬૮, ૫૨૬,૫૨૮,૫૩૦,૫૩૭,૫૫૪, ૫૬૩,૫૬૪
ચંદ્રગુપ્ત ૫૩,૧૧૭,૧૧૮
ચંદ્રગુપ્તસૂરિ ૨
ચંદ્રગોમી (બૌદ્ધાચાર્ય) ૪૮૮
ચંદ્રતિલકગણિ (૩૦) ૩૬૪,૩૬૬, ૩૬૭,૩૭૨
ચંદ્રદૂત કાવ્ય ૧૦,૧૬૩
ચંદ્રધવલ–ધર્મદત્તકથા ૪૧૭
ચંદ્રપ્રભચરિત ૪,૫,૧૩૬,૧૭૬, ૪૩૭,૪૪૨
ચંદ્રપ્રભ મહત્તર ૪૪૦
ચંદ્રપ્રભસૂરિ ૧૭થી ૧૯,૩૨,૩૪,૫૨, ૧૬૧,૨૬૦,૩૩૭,૩૯૦થી ૩૯૬,૪૦૧,૪૦૩,૪૨૫,૪૩૦, ૪૩૨,૫૦૩,૫૨૫
ચંદ્રપ્રભસ્વામી ૧૫,૪૬,૪૮,૧૧૦, ૧૩૬,૧૮૨,૨૧૧,૨૧૯,૨૫૯, ૩૨૬,૩૨૭,૩૯૬,૪૦૮,૪૧૦, ૪૨૩,૪૩૭,૪૭૪,૫૦૩,૫૧૪, ૫૧૭
ચંદ્રપ્રભા (હૈમકૌમુદી) ૪૯૪
ચંદ્રલેખા (જલ્હણા) ૭૮,૯૬,૪૮૭
ચંદ્રલેખાવિજય પ્રકરણ ૪૮૭
ચંદ્રશાખા (રા.) **૧૭થી ૧૯**,૪૨૦
ચંદ્રશેખરસૂરિ ૪૧
ચંદ્રસિંહસૂરિ ૨૫,૩૭,૩૮,૨૦૮, ૨૫૬,૩૯૬,૫૫૫
ચંદ્રસૂરિ ૪,**૧૫થી ૧૯**, ૨૧થી ૨૫, ૨૮,૧૨૮,૧૩૫,૧૬૩,૧૭૪, ૧૭૬,૨૦૯,૨૧૬,૨૧૭,૨૪૧, ૨૫૪,૨૭૫,૨૭૭,૨૭૯,૨૮૧, ૩૧૧,૩૨૦,૩૩૫,૩૩૯,૩૪૬, ૩૯૨,૪૪૧,૪૪૨,૪૫૫,૫૦૫, ૫૨૩,૫૪૮
ચંદ્રસેનસૂરિ ૧૦,૨૧
ચંદ્રાવતી ૨૧,૨૨,૩૯,૫૮,૭૩,૭૬, ૭૭,૮૦,૧૦૫,**૧૧૨થી ૧૧૬**, ૧૩૨,૧૬૧,૧૬૭,**૧૭૮,૧૭૯**, ૧૮૯થી ૧૯૧,૨૦૬,૨૧૮, ૨૩૫,૨૪૫,૨૫૩,૨૫૫,૩૦૬, ૩૩૪,૩૯૩,૩૯૮,૪૦૦,૪૩૦, ૪૩૩,૪૩૪,૪૩૭
ચાણસ્મા ૨૧૩,૩૧૫,**૩૧૯-૩૨૦**, ૩૯૮,૪૧૨
ચામુંડરાય ૫૫,૫૬,૧૧૭,૧૩૧, ૧૬૩,૧૭૭,૨૩૩,૩૧૭
ચારિત્રચંદ્રસૂરિ ૩૩૯,૩૯૭
ચારિત્રપ્રભસૂરિ ૩૪૭,૪૨૭
ચારિત્રલક્ષ્મી સાધ્વી ૪૬૦
ચારિત્રવર્ધનસૂરિ ૩૭૧,૫૫૭
ચારિત્રવિજયજી મ. ૫૫૮
ચારિત્રવિજય જૈન જ્ઞાનમંદિર ૩૨
ચારિત્રશ્રી મહત્તરા ૧૦
ચારિત્રસિંહગણિ ૩૬૧,૩૬૪
ચારિત્રસ્મારક ગ્રંથમાલા ૪૧૭

ચારિત્રહેમગણિ ૨૯૫
ચારૂપ ૩૧૧,**૩૧૭થી ૩૧૯**
ચાર્લ્સ કોલ્વિલ્સ ૧૭૮
ચાર્વાક દર્શન ૨૦૦
ચાહડ ૭૨,૭૪થી ૭૮,૮૬,૯૫,૯૬, ૧૦૨,૧૩૮,૧૪૪,૧૪૭,૧૪૮
ચાહિલ ૧૩૧,૧૩૩,૧૩૪,૨૩૫
ચાંદપોળ ૧૭૯
ચાંપલદેવી ૯૧,૫૦૬,૫૦૭,૫૧૭
ચાંપાનેર ૧૮૬થી ૧૮૮,૨૩૪, ૪૧૬
ચાંપા શાહ ૧૦૭,૧૮૬
ચિત્તોડ(ગઢ) ૬૯,૭૬,૭૯,૧૩૭, ૧૫૭થી ૧૫૯,૧૬૪,૧૭૩, ૧૯૪થી ૧૯૬,૨૫૩,૨૭૩, ૩૪૦થી ૩૪૩,૩૫૨,૩૫૫, ૩૫૬,૩૭૬,૩૭૮,૪૦૯,૪૧૭, ૪૪૨,૫૦૦
ચિત્રકાવ્ય ૩૪૩
ચિત્રમય જિનસ્તોત્રો ૪૨૧
ચિત્રવાલગચ્છ ૫૬૩
ચિત્રોડાગચ્છ ૪૬૮,૫૩૦
ચિંતામણિ ગણપતિ ૫૯
ચિંતામણિ પાર્શ્વનાથ ૪૩,૪૭,૨૦૭, ૩૭૩,૩૭૫,૩૮૪,૪૨૧
ચિંતામણિશાખા (પડિવાલ) ૪૩
ચીમનલાલ દલાલ ૯૩
ચૂડસરસ્વતિ (આ૦) ૨૬૭,૨૬૯
ચૂડાસમા રાજાવલી ૧૨૭થી ૧૩૦
ચૈઈયવંદણદીપિકા ૪૩૪
ચૈત્યવંદનકુલક (વૃત્તિ) ૩૬૦,૩૭૩
ચૈત્યવંદન ચતુર્વિંશતિ ૩૮૮
ચૈ.ગુરુ પ્રત્યાખ્યાન લઘુવૃત્તિ ૩૯૪
ચૈત્યવંદન વિવરણ ૧૬૭
ચૈત્યવંદન-વૃત્તિ ૨૧૨
ચૈત્યવાસી(ગચ્છ) ૨,૧૩,૪૨,૪૮, ૫૮,(૧૨૨),૧૬૪થી ૧૬૮, ૧૭૦,૧૯૮,૨૦૧,૨૦૬,૨૧૪, ૨૩૮,૨૩૯,૨૬૪,૨૭૦,૨૭૩, ૩૩૪થી ૩૩૬,૩૪૦થી ૩૪૨, ૩૪૪,૩૪૫,૩૪૮,૩૫૩,૩૫૬થી ૩૫૮,૩૬૦,૩૬૩,૩૯૨થી ૩૯૪,૩૯૯,૪૦૬,૪૨૯,૪૩૦, ૫૫૪,૫૬૩,૫૬૪
ચૈત્રવાલગચ્છ ૨૨૪,૪૩૦,૪૩૧, ૪૫૮,૫૨૯
ચોપડા ગોત્ર ૩૮૫
ચોવીશવટ્ટા ૧૩૪,૧૪૨
ચૌદગુણસ્થાનક સ્તવન ૪૨૨
ચૌધરી ગોત્ર ૪૬૮
ચૌબેલી ચોપાઈ ૪૪
ચૌમુખજીનું મંદિર ૨૪૭થી ૨૪૯
ચૌરશાસ્ત્ર ૧૧૭
ચૌલુક્ય રાજાવલી (ગુજરાત) **૫૩ થી ૧૦૮**
ચૌલુક્ય રા. (ભિન્નમાલ) ૧૦૮-૧૦૯
ચૌલુક્ય રાજાવલી (જાલોર) ૧૧૦
ચૌલુક્ય રા. (કર્ણાટક) ૧૧૦થી ૧૧૨
ચૌલુક્ય સંવત્ ૮૮
ચૌલુક્યવંશવર્ણન ૪૭૭,૪૯૧
ચૌહાણ રાજાવલી (નાડોલ) ૧૨૨થી ૧૨૪
ચૌહાણ રા. (જાલોર) ૧૨૪-૧૨૫
ચૌહાણ રા. (સિરોહી) ૧૨૫-૧૨૬
ચૌહાણ રા. (શાકંભરી) ૧૨૬-૧૨૭

(છ)

છજલાણી ગોત્ર ૪૬૮
છટ્ઠાણપગરણ(ભાષ્ય) ૧૬૭,૧૬૯
છત્રસેન ભટ્ટારક (દિ.) ૪૦૮

છત્રહર્ષગણિ (ઉ૦) ૩૨૦,૪૦૮
છત્રાપાલીયગચ્છ ૩૨૦
છરિયા ગોત્ર ૪૬૮
છલાણી ગોત્ર ૪૬૮
છંદશ્ચૂડામણિ ૧૬૩,૪૯૧
છંદોનુશાસન ૧૬૩,૧૬૪,૨૯૫, ૪૮૮,૪૯૧,૪૯૬
છંદોનૈપુણ્ય ૫૨૦
છંદોમ્બુધિ ૧૬૩
છંદોરત્નાવલી ૧૬૩,૪૬૫,૫૬૧
છાજેડ ૪૫,૩૭૪,૩૭૫
છાડા (છિદ્દક) વંશ ૧૮૭,૫૧૫-૫૧૬
છાડા શેઠ ૮૫,૯૧,૫૧૫
છાણી ૪૯૫
છામડા ગોત્ર ૪૬૮
છાયાનાટ્યપ્રબંધ ૨૪
છાહડ વંશ ૧૫૨,૪૩૨,૪૩૪,૪૩૫
છોરિયા ગોત્ર ૪૬૮

(જ)

જઈતા (જયતા) શ્રીમાલ ૩૧૫,૩૧૯
જગચ્ચંદ્રસૂરિ ૧૮૫,૧૯૨,૧૯૫, ૨૨૧,૨૨૪,૨૨૬,૨૩૩,૪૩૦, ૪૬૪,૫૨૯,૫૩૦,૫૩૪,૫૫૯, ૫૬૩
જગડશાહ સોરઠિયો ૧૪૬,૫૧૭-૫૧૮,૫૩૫
જગડૂશાહ ૮૨,૧૦૩,૧૮૦,૨૯૯થી ૩૦૪,૩૯૨
જગડૂચરિત્ર ૮૨,૧૦૩,૩૦૨,૩૯૨, ૩૯૩,૫૬૯
જગતચંદ્રગણિ ૨૨૧
જગત્ચંદ્રસૂરિ (બ્ર.ગચ્છ) ૪૮,૧૫૩
જગતસિંહ ૨૮૪,૫૩૪,૫૪૩
જગદ્ગુરુસ્તૂપ (ઉના) ૩૩૦
જગદેવ ૫૯,૬૬,૯૨,૧૨૧,૧૩૫, ૧૩૬,૨૪૧,૨૪૬,૩૧૪
જગદેવ શ્રીમાલી ૯૬,૫૦૩,૫૨૦
જગન્નાથપુરી ૫૪૧
જગન્નાથપ્રાસાદ ૨૫૬
જગમાલ (રાજા) ૧૬૧,૨૪૮,૨૪૯
જગવલ્લભ પાર્શ્વનાથ ૩૨૬
જગશ્રી મહત્તરા ૧૦
જગર્ષિગણિ ૪૬૬
જજ્જુગસૂરિ ૪૮
જડિયા ગોત્ર ૪૬૮
જર્નલ રોયલ એ.સોસા. ૭૬,૫૬૭
જન્માંભોધિ (ગ્રંથ) ૩૬
જમણપુર ૨૧૩,૫૧૩
જયકમલસૂરિ ૨૪૮
જયકીર્તિસૂરિ ૧૬૩,૧૬૪,૩૪૬, ૪૧૫થી ૪૧૭,૫૪૦
જયકેસરિસૂરિ ૪૮,૪૧૭,૪૧૮
જયકેશી રાજા ૬૩,૬૪
જયચંદ્રસૂરિ ૩૨,૨૦૭,૩૦૮,૩૯૭, ૪૬૬,૫૧૬,૫૪૦
જયતાક રાજા ૯૨,૨૫૯
જયતિલકસૂરિ ૪૧૬,૪૨૭,૫૬૫
જયતિહુઅણસ્તોત્ર ૧૬૯થી ૧૭૧, ૩૧૭
જયતિહુઅણસ્તોત્ર-ટીકા ૩૮૨
જયદામન્ ગ્રંથ ૧૬૪
જયદેવ કવિ ૨૩૪
જયદેવછંદસ્ ૧૬૩,૧૬૪
જયદેવસૂરિ ૧૬૩-૧૬૪,૨૦૭,૨૧૦, ૨૬૦,૩૬૨,૫૬૬
જયનંદનગણિ ૩૭૭
જયપુર ૮,૩૮૫
જયપ્રભસૂરિ ૧૭,૪૮,૪૯,૪૦૨,

૪૧૦,૪૫૯,૫૨૮
જયભિક્ષુ ૭૧
જયમલ મુહણોત **૧૮૦**,૩૮૩
જયમંગલસૂરિ ૪૩૮,૪૬૩
જયમંદિરગણિ ૫૧૬
જયરત્નગણિ ૪૨૮
જયરાજગણિ ૩૯૭
જયવલ્લભ (પં.) ૪૫૩
જયવંત શેઠ ૧૮૮
જયશેખર મુનિ ૪૬૧
જયશેખરસૂરિ ૪૧૪,૪૧૭,૪૫૦, ૪૬૦,૪૬૪,૫૨૯
જયસાગરગણિ ૧૮૦,૧૮૧,૧૯૨, ૩૭૩,૩૭૬,૩૭૭,૩૮૬
જયસિંહ ૫૯,૧૨૧,૩૮૧,૩૮૪
જયસિંહગણિ ૩૯૬
જયસિંહ (સામંત) ૧૦૨,૧૦૩,૧૨૨
જયસિંહસૂરિ ૮,૧૫,૨૪,૨૫,૩૩, ૩૪,૫૨,૬૯,૮૨,૧૧૦,૨૦૬, ૨૦૭,૨૨૩,૨૩૨,૨૩૩,૨૫૩, ૨૬૦,૨૭૫,૨૭૮,૨૭૯,૩૩૧, ૩૫૭,૩૯૦,૪૦૦,૪૦૧,૪૦૩, **૪૦૪,૪૦૬થી ૪૧૦**,૪૪૬, ૪૫૮,૫૦૩,૫૧૮,૫૨૬,૫૪૦, ૫૬૩,૫૬૪
જયસુંદરગણિ ૪૨૮
જયસુંદરસૂરિ ૫૫૮
જયસેનસૂરિ (દિ.) ૪૪૬
જયસોમગણિ ૩૮૪,૩૮૬
જયંતવિજયજી ૧૩૬,૧૭૫,૨૩૮, ૨૫૩,૨૫૬,૨૬૧,૨૮૪,૩૯૨, ૪૩૦,૫૬૯
જયંતવિજયકાવ્ય ૩૪૧,૩૪૫
જયંતસિંહ (જયતલ) ૬,૧૦૩,૨૧૮, ૨૨૨,૨૨૭
જયંતી રાજકુમારી ૨૬૦
જયાદિત્ય પંડિત ૪૮૮
જયાનંદગણિ ૧૭૪,૧૭૫,૨૪૨
જયાનંદસૂરિ ૧૦,૪૨,૪૭,૧૪૭, ૩૪૭,૪૨૬,૪૨૭,૪૫૯,૪૯૨, ૪૯૩
જલ્પમંજરી ૧૯૪
જલ્હણ કવિ ૨૩૫
જવાહરલાલજી રાક્યાન ૩૮૭
જસદેવસૂરિ ૩૦૬
જહ્લણાદેવી ૧૨૪
જહાંગીર ૭૯,૩૫૦,૩૮૩થી ૩૮૫, ૪૨૧,૫૪૩
જહાંગીરનામા (તુજકે જહાંગીર) ૩૫૦, ૩૮૩થી ૩૮૫
જંબૂચરિત્ર ૪૦૮,૪૬૫
જંબૂદીવપણ્ણતિ-વૃત્તિ ૪૩૯
જંબૂદીવસમાસ ૪,૧૫,૨૫
જંબૂનાગગણિ ૧૯૮,૫૬૨
જંબૂ(નાગ) મુનિ ૩,૧૬૩
જંબૂવિજયજી મ. ૫૪૫
જંબૂવિવાહલો ૨૧૨
જંબૂસ્વામી ૪૧,૫૦,૨૪૯,૩૫૪
જંબૂસ્વામીરાસ ૧૫૭,૨૧૦
જાબાલિગચ્છ ૧૧૩
જાબાલિપુર ૩૭,૧૬૭,૧૭૯
જામનગર ૪૧૯થી ૪૨૨,૫૩૯
જામેઉલ હિકાયત (ગ્રંથ) ૭૧,૯૪, ૧૦૦,૧૦૧,૧૩૯,૫૭૦
જાલંધર ૪૩,૯૩
જાલિહરગચ્છ ૧૭,૩૫,૩૭,૧૧૩, ૧૩૧,૧૩૨,૧૩૫,૧૯૮,૨૩૫, ૫૧૪,૫૫૪,૫૬૩

જાલિહરગચ્છ પટ્ટા. ૩૭-૩૮
જાલુર પંચચૈત્યપરિપાટી ૧૮૦
જાલોર ૪,૧૮,૩૭,૪૨,૭૬,૮૨,૮૫, ૯૮,૧૦૩,૧૦૪,૧૧૦,૧૧૬, ૧૨૪,૧૨૫,૧૩૮,૧૫૨,૧૭૯થી ૧૮૧,૨૦૫,૨૦૮,૨૪૧,૨૪૪, ૨૪૬,૩૧૧,૩૫૬,૩૫૭,૩૬૪, ૩૬૬,૩૭૨,૩૭૩,૩૭૬,૩૮૧, ૩૮૮,૪૦૯,૪૧૦,૪૧૨,૪૧૩, ૪૩૮,૪૫૯,૪૬૩,૫૩૯,૫૪૦, ૫૪૯,૫૬૦
જાલોરગચ્છ (શાખા) ૩૭,૨૦૫, ૪૬૩, ૫૨૯
જાલોરગઢ ૧૭૯થી ૧૮૧
જાલ્યોદ્ધારગચ્છ જૂઓ 'જાલિહરગચ્છ'
જાવડ-ભાવડ રાસ ૧૩૮,૧૫૭
જાવડશાહ ૧૩૭,૧૩૮
જાસક શેઠ ૩૧૪
જાહિલ મંત્રી ૬૨,૬૩,૩૧૪
જાંબ મંત્રી ૭૪,૧૦૭,૫૦૧
જિણાશાહ ૧૭૧,૨૯૬**થી ૨૯૮**
જિતવિજયગણિ ૧૯૩
જિનકીર્તિસૂરિ (ભટ્ટા.) ૩૮૯
જિનકુશલસૂરિ ૩૫૫,૩૬૦,**૩૭૨થી ૩૭૪**
જિનકૃપાચંદ્રસૂરિ ૪૯૪
જિનચતુર્વિંશતિ ૫૨૦
જિનચંદ્રગણિ ૨૦,૨૧,૨૫૭
જિનચંદ્રસૂરિ ૨૧,૨૫,૫૧,૧૬૨, ૧૬૪,૧૬૭,૧૭૦,૧૭૨થી ૧૭૬,૧૮૫,૨૩૮,૨૩૯,૨૪૭, ૩૩૧,૩૪૦,૩૪૩,૩૪૪,૩૪૮, ૩૫૦,૩૫૪,૩૫૫,૩૫૮,**૩૬૦થી** ૩૬૨,૩૬૬,૩૭૧થી ૩૭૪, ૩૭૬થી ૩૭૮,**૩૮૦થી** ૩૮૪, ૩૮૭થી ૩૯૦,૪૨૬,૪૫૦, ૪૫૬,૪૫૮,૪૯૩,૫૨૯,૫૪૨, ૫૫૦
જિનચંદ્ર (વરહુડિયાવંશ) ૪૫,૪૬, ૩૧૦
જિનચારિત્રસૂરિ (ભટ્ટા.) ૩૮૫
જિનચૈત્યવંદન ચોવીશી ૪૧૭
જિનતિલકસૂરિ ૩૭૧
જિનદત્ત કથા ૩૯૫
જિનદત્તસૂરિ ૮,૧૩,૧૫,૧૮,૩૯, ૧૭૩,૨૦૭,૨૨૪,૩૩૩,૩૩૪, ૩૪૨,**૩૫૦થી ૩૬૧**,૩૬૪, ૩૭૩,૩૭૯,૩૯૨,૩૯૫,૫૩૦, ૫૩૮, ૫૬૦
જિનદેવગણિ (આ૦) ૫૨
જિનદેવ(વંશ) પોરવાડ ૩૧૪
જિનદેવસૂરિ ૨૪,૪૩,૩૭૧,૩૭૯, ૪૩૧,૪૯૦,૪૯૪,૫૨૪
જિનધર્મસૂરિ (ભટ્ટા.) ૩૮૯
જિનપતિસૂરિ ૧૪૧,૧૯૨,૨૧૭, ૩૪૪,૩૫૫,૩૫૭,૩૫૮,**૩૬૧થી** ૩૬૩,૩૬૯,૪૫૫,૪૫૯,૫૨૦, ૫૬૨
જિનપદ્મસૂરિ ૩૫૫,૩૭૩,૩૭૪
જિનપંજરસ્તોત્ર ૩૪૫
જિનપાલગણિ (૩૦) ૩૪૪,૩૪૯, ૩૫૭,૩૬૧,૩૬૪,૩૬૭,૫૪૨, ૫૪૩
જિનપ્રબોધસૂરિ ૧૮૫,૩૫૫,૩૬૫, ૩૬૭,૩૭૨
જિનપ્રભસૂરિ ૬,૪૨,૪૭,૧૫૪, ૨૩૨,૨૩૯,૨૫૧,૨૫૩,૨૭૪, ૨૭૫,૩૨૦,૩૨૭,૩૪૯,**૩૬૮થી**

૩૭૦,૩૭૫,૩૮૬,૪૬૫,૪૯૧, ૪૯૩,૪૯૪,૫૨૯,૫૩૭,૫૪૨, ૫૪૩
જિનપ્રભસૂરિકલ્પ ૩૭૦
જિનભક્તિસૂરિ (ભટ્ટા.) ૩૮૭,૩૮૮
જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ ૨૫,(૨૭૮), ૨૮૧,૩૫૪,૫૬૨
જિનભદ્રસૂરિ ૬,૨૬,૧૩૩,૧૬૭, ૨૧૮,૨૩૨,૨૫૩,૨૫૪,૩૪૬, (૩૫૪),૩૫૫,૩૬૩,૩૭૪થી ૩૭૭,૩૮૦,૪૫૬,૪૬૨,૪૬૯, ૪૯૯,૫૪૧,૫૪૩
જિનમતગણિ (૩૦) ૩૬૨
જિનમંડનગણિ (૩૦) ૬૯,૨૫૩,૪૯૮
જિનમાણિક્યગણિ (૩૦) ૧૮૬,૫૬૫
જિનમાણિક્યસૂરિ ૩૫૫,૩૫૭,૩૭૭, ૩૭૯,૫૫૮, ૫૬૫
જિનમુક્તિસૂરિ (ભટ્ટા.) ૩૯૦
જિનમેરુસૂરિ ૩૭૧
જિનરત્નસૂરિ ૩૬૬,૩૬૭,૩૭૨,૩૮૭
જિનરંગ(વિજય)સૂરિ ૩૮૭
જિનરાજસૂરિ ૧૯૨,૩૫૫,૩૭૧, ૩૭૫,૩૭૬,૩૮૫થી ૩૮૭, ૩૮૯
જિનરાજસ્તોત્ર ૨૮૨
જિનરાજ્યા-ટીકા ૩૮૬
જિનલબ્ધિસૂરિ ૩૫૫,૩૭૩,૩૭૪
જિનલાભસૂરિ (ભટ્ટા.) ૩૮૭,૩૮૮
જિનવર્ધનસૂરિ ૩૧૩,૩૭૫થી ૩૭૮
જિનવલ્લભગણિ જૂઓ 'જિનવલ્લભ-સૂરિ'
જિનવલ્લભસૂરિ ૧૨૧,૧૬૪,૧૬૭, ૧૭૩,૧૭૪,૧૭૬,૩૪૦થી ૩૪૫,૩૪૮,૩૫૧થી ૩૫૪, ૩૫૬,૩૫૮,૩૬૪,૪૩૭
જિનવિજયજી ૧૨૪,૨૮૪
જિનવિજયસૂરિ (ભટ્ટા.) ૩૮૯
જિનશતક ૩
જિનશેખરસૂરિ ૩૪૦,૩૪૫,૩૪૬, ૩૫૧,૩૫૬
જિનસત્તરિ ૩૭૬
જિનસમુદ્રસૂરિ ૩૫૫,૩૭૧,૩૭૮, ૩૭૯
જિનસર્વસૂરિ ૩૭૧
જિનસાગરસૂરિ ૩૭૮,૩૮૪થી ૩૮૭, ૩૮૯,૪૯૨
જિનસિંહસૂરિ ૩૨,૩૫૦,૩૬૫,૩૬૮, ૩૭૨,૩૮૧,૩૮૩થી ૩૮૫, ૩૮૯,૫૨૬
જિનસુંદરસૂરિ ૫૪૦
જિનસુંદરી ગણિની ૧૯૨,૨૬૦,૩૦૮, ૫૬૬,૫૬૭
જિનસેનસૂરિ ૩૭૦
જિનસૌખ્યસૂરિ (ભટ્ટા.) ૩૮૭
જિનસૌભાગ્યસૂરિ (ભટ્ટા.) ૩૮૯
જિનસ્તુતિ દ્વાત્રિંશિકા ૪૮૬
જિનસ્તુતિપંચાશિકા ૪૧૭
જિનસ્તુતિષોડશક ૪૮૬
જિનસ્તોત્ર ૩૪૩
જિનહર્ષગણિ જૂઓ 'જિનહર્ષસૂરિ'
જિનહર્ષ મુનિ ૩૮૮
જિનહર્ષસૂરિ ૧૩૨,૧૩૩,૧૭૬, ૨૨૭,૨૩૦,૨૩૨,૨૩૮,૨૫૩, ૩૮૮,૩૮૯
જિનહંસસૂરિ ૩૪૮,૩૫૫,૩૭૯, ૩૮૦,૫૪૧
જિનહિતસૂરિ ૩૭૧,૫૫૭
જિનહેમસૂરિ (ભટ્ટા.) ૩૯૦

જિનેન્દ્રબુદ્ધિ પંડિત ૪૮૮
જિનેન્દ્રસાગરસૂરિ (ભટ્ટા.) ૪૨૩
જિનેંદ્રાતિશયપંચાશિકા ૪૧૭
જિનેશ્વરસૂરિ ૧૫,૧૮થી ૨૦,૨૪,૩૨, ૩૩,૫૨,૫૮,૧૧૯,**૧૬૫થી ૧૬૮**,૧૭૦,૧૭૩થી ૧૭૫, ૧૭૯,૧૯૨,૨૧૦,૩૪૦,૩૪૧, ૩૪૫,૩૪૮,૩૪૯,૩૫૧થી ૩૫૫,૩૬૧,૩૬૪થી ૩૬૮, ૩૭૩થી ૩૭૫,૪૨૯,૪૯૩, ૫૫૪
જિનેશ્વરસૂરિ-દીક્ષારાસ ૩૬૫
જિનેશ્વરાચાર્ય ૧૧
જિનોદયવિવાહલો ૩૭૪
જિનોદયસૂરિ ૧૮૬,૧૯૨,૩૫૫, ૩૭૧,૩૭૩, ૩૭૪,૩૯૦
જિનોદયસૂરિપટ્ટાભિષેકરાસ ૩૭૪
જીતકલ્પવૃત્તિ ૩૯૪
જીરણ શેઠની દાનભાવનાસ્તવન ૪૬૨
જીરાપલ્લી જૂઓ 'જીરાવલા'
જીરાવલા તીર્થ ૩૦,૨૧૨,૪૩૬, ૫૨૯,**૫૩૯થી ૫૪૧**
જીરાવલાપાર્શ્વનાથ ૧૮૧,૧૮૭,૨૫૬, ૩૭૬,૩૭૯,૫૩૯થી ૫૪૧
જીરાવલાપાર્શ્વનાથ-સ્તોત્ર ૪૧૪,૪૧૫, ૪૫૮
જીરાવલાશાખા (વડગચ્છ) ૪૫૨, **૪૭૦**,૫૨૯,૫૪૦
જીવદેવસૂરિ ૭,૧૮૩,૨૩૫,૩૫૭, ૪૦૬,૫૬૦
જીવવિચાર (ટીકા) ૨૦૨,૨૧૦,૩૮૦
જીવસમાસ-વિવરણ ૨૭૮થી ૨૮૦
જીવસંખ્યાકુલક ૩૩૨
જીવાજીવાભિગમ-લઘુવૃત્તિ ૪૫૦
જીવાજીવાભિગમ-વૃત્તિ ૪૩૯,૪૪૦
જીવાણુસાસણં–સટીક ૧૯૮,૩૧૪, ૩૩૨,૩૩૩
જીવાનુશાસન જૂઓ 'જીવાણુસાસણં'
જીવિતસ્વામી ૮૬,૯૦,૨૫૮
જીવિતસ્વામી (નેમિનાથ) ૪૨૦
જૂનાગઢ ૫૮,૬૫,૧૨૭,૧૨૯,૪૧૫, ૪૧૬
જે. ડબલ્યુ વોટ્સન ૧૮૯
જેતા (શેઠ) વાવ ૪૧૦
જેમ્સ ટૉડ ૯૪,૯૮,૧૭૮,૨૩૯,૨૫૧
જેસલમેર ૩૬૪,૩૬૬,૩૭૨થી ૩૮૦, ૩૮૨,૩૮૫,૩૮૮થી ૩૯૦, ૪૦૯,૪૨૦,૪૮૫,૫૦૬,**૫૪૪-૫૪૫**
જેસલ રાવલ ૫૪૪
જેસાજી (લાલન) પ્રબંધ ૪૧૫,૪૧૬
જૈત્રસિંહ ૧૦૩,૧૧૫,૧૪૮,૧૯૫
જૈન કુમારસંભવ ૪૧૪
જૈન ગૂર્જર કવિઓ ૨૯,૧૭૧,૪૨૭, ૫૩૫
જૈનતર્કવાર્તિક ૪૦૮
જૈનતીર્થ સર્વસંગ્રહ ૧૨,૬૮,૫૪૬
જૈનતીર્થોનો ઇતિહાસ ૧૮૧,૧૮૨, ૧૮૫,૧૮૯,૧૯૪,૧૯૬,૩૧૮, ૩૧૯,૩૨૨,૫૪૩,૫૪૬,૫૫૧
જૈનદર્શન ૨૦૦
જૈનધર્મ વિદ્યા પ્ર.વર્ગ ૪૦૬,૪૨૩
જૈનપુસ્તકપ્રશસ્તિસંગ્રહ ૭,૮,૧૦થી ૧૩,૧૬,૧૭,૨૦થી ૨૨,૩૭, ૩૮,૪૫,૪૬,૪૮,૫૦,૭૯,૯૭, ૧૪૯,૧૫૨,૧૭૭,૨૦૨,૨૦૫થી ૨૦૭,૨૧૩,૨૧૪,૨૧૮,૨૩૧, ૨૬૦,૨૬૪,૨૭૮,૨૮૦,૩૦૫,

૩૦૬,૩૦૯થી ૩૧૧,૩૧૮, ૩૨૭,૩૨૮,૩૩૬,૩૪૦,૩૪૧, ૩૪૫,૩૬૫,૩૯૪,૪૩૫,૫૦૧, ૫૧૨થી ૫૧૪,૫૨૭,૫૩૩, ૫૩૪,૫૩૭,૫૩૮,૫૬૩,૫૬૭
જૈનમેઘદૂતકાવ્ય ૪૧૩,૪૧૫
જૈનમેઘદૂતકાવ્ય-ટીકા ૪૧૭
જૈનયુગ (માસિક) ૨૩૪,૩૯૬,૪૩૯, ૫૬૭
જૈન લિટ. એન્ડ ફિલો. ૧૬૭,૩૪૧
જૈનલેખસંગ્રહ ૫૬૨
જૈન શ્વેતાંબર કોન્ફરન્સ હેરલ્ડ ૩૪૮
જૈનસત્યપ્રકાશ ૩,૧૪,૧૬,૨૪,૩૧, ૩૪,૪૪,૪૮,૪૯,૫૨,૬૧,૬૯, ૭૧,૭૯,૮૮,૮૯,૯૭,૧૧૫, ૧૧૬,૧૨૫,૧૩૬,૧૪૧,૧૪૮, ૧૬૪,૧૭૫,૧૮૦થી ૧૮૨, ૧૯૫,૨૦૦,૨૦૪,૨૦૯,૨૧૨, ૨૧૩,૨૧૬,૨૨૨,૨૨૩,૨૩૯, ૨૭૯,૨૮૩,૨૯૫,૩૦૨,૩૧૧, ૩૨૧,૩૨૮,૩૬૨,૩૬૩,૩૯૪, ૩૯૫,૩૯૭,૪૧૩,૪૧૫,૪૨૭, ૪૨૮,૪૩૫,૪૪૧,૪૫૦,૪૬૨, ૪૬૪,૪૬૯,૪૮૬,૫૧૦,૫૧૩, ૫૧૬,૫૨૦,૫૨૩,૫૨૫,૫૨૮, ૫૪૧થી ૫૪૩,૫૪૬,૫૫૩, ૫૬૯
જૈનસાહિત્યસંશોધક ૧૦૫,૨૩૨,૩૧૫
જૈન સાહિત્ય સંક્ષિપ્ત ઇતિહાસ ૨૬, ૩૧,૬૨,૯૩,૧૦૭,૧૨૧,૧૨૮, ૧૬૭,૨૦૩,૨૫૧,૨૫૨,૩૧૦, ૩૪૧,૩૬૮,૪૩૮,૫૪૯
'જૈન સાપ્તાહિક પત્ર ૧૦૭,૨૦૪, ૨૭૯,૨૮૪
જૈન સ્તૂપો ૧૬૨
જૈન સ્તોત્રસંદોહ ૧૨,૧૮,૧૭૦, ૨૧૬,૪૩૩,૫૧૪
જૈનેન્દ્ર પંચવસ્તુપ્રક્રિયા ૪૮૯
જૈનેન્દ્ર વ્યાકરણ ૪૮૮
જોઈસકરંડય-વૃત્તિ ૪૩૯
જોગડ ગોત્ર ૪૬૮
જોધપુર ૪૫,૧૭૮થી ૧૮૦,૨૫૬, ૩૭૮,૩૮૧,૩૮૩,૩૮૬,૪૬૬
જોધરાજજી દીવાન ૪૭
જોધાજી રાઠોડ ૧૮૦
જોરાવરમલજી પટવા ૪૬૭
જ્યેષ્ઠ કલશ ૨૧૫
જ્યેષ્ઠાંગગણિ (યુ.પ્ર.) ૧૪,૧૬૩
જ્યેષ્ઠાર્ય(સૂરિ) ૧૯૯,૨૦૫
જ્યોતિર્વિદાભરણ ગ્રંથ ૧૧૮
જ્યોતિષજાતક ૪૬૭
જ્યોતિષસાર (ગ્રંથ) ૨૮૨,૨૮૩
જ્વરાપહારસ્તોત્ર ૪૧૭

(ઝ)

ઝવેરીવાડ (અમદાવાદ) ૪૧૭
ઝાડોલી ૨૦,૩૭,૧૧૫
ઝાદવલ્લી જૂઓ 'ઝાડોલી'
ઝાબક ગોત્ર ૪૬૮
ઝામડ ગોત્ર ૧૬૧,૧૭૭
ઝાલાવંશવારિધિ (ગ્રંથ) ૫૫૩,૫૬૯
ઝાલોડીગચ્છ ૪૧૦
ઝાંઝણ મંત્રી ૧૯૨,૧૯૬
ઝાંઝરિયા મુનિ સજ્ઝાય ૩૯૮
ઝીંઝુવાડા ૩૯૨,૪૩૧,૫૫૧,૫૫૨, ૫૬૮,૫૬૯
ઝોલિકાવિહાર ૮૫,૯૧

(ટ)

ટીમાણા ૧૪૫,૫૨૧

ટેલી(તેલી)ગ્રામ ૪૦,૫૦,૧૬૧
ટોડ રાજસ્થાન ૯૪
ટ્રાવેલ્સ ઈન વેસ્ટર્ન ઇન્ડિયા ૧૭૮,૨૫૧

(ઠ)

ઠાકોર (ઠક્કુર) ૮,૪૫
ઠાણગપગરણ ૯
ઠાણંગસુત્ત-ટીકા ૧૬૪,૧૬૯,૧૭૦

(ડ)

ડફરિયા ગોત્ર ૪૬૮
ડભોઈ ૫૦,૩૩૫,૩૯૬
ડમાણી (ડબાણી) ૨૧૯,૨૪૫
ડાહલદેશ ૫૯,૧૧૮,૨૭૩
ડાહાપદ્ર ૨૨,૩૦૭
ડાહીદેવી ૫૧૭
ડિંડુઆણા ૯,૧૬૭
ડીડક શ્રીમાલી ૨૦૨
ડીસા ૧૫૬,૫૩૩
ડીસાવાલ ૨,૮,૫૩૩,૫૩૪
ડુંગરપુર ૮,૨૪૮,૨૪૯
ડુંગર ભોજા ૨૪૬
ડુંગરવાલ ૪૫
ડોડ ગામ ૪૧૦,૪૧૨

(ઢ)

ઢઢ્ઢા ગોત્ર ૪૦૭
ઢંકગિરિ ૩૧૬
ઢંઢેરવાડો (પાટણ) ૪૧૮
ઢીમા ૧૮૫

(ણ)

ણમોત્થુણં-ટીકા ૪૧૬

(ત)

તર્કસંગ્રહ ૨૮૩
તત્ત્વચિંતામણિ ૫
તત્ત્વપ્રકાશિકા-વૃત્તિ ૪૫૫
તત્ત્વબિંદુ પ્રકરણ ૨૦
તત્ત્વબોધ ૫,૪૩૭
તપગચ્છ શ્રમણવંશવૃક્ષ ૪૬૮,૫૩૦
તપાગચ્છ ૨,૮,૧૧,૧૨,૩૨,૪૫થી ૪૭,૫૧,૧૨૬,૧૨૮,૧૩૭, ૧૫૩,૧૬૦,૧૭૭,૧૮૦,૧૮૫, ૧૮૬,૧૮૮,૧૯૨થી ૧૯૪, ૧૯૫,૧૯૯,૨૦૪,૨૨૫,૨૩૩, ૨૪૭,૨૪૯,૨૫૬,૨૭૩,૨૮૫, ૨૯૮,૩૧૦,૩૨૨,૩૨૫થી ૩૨૮,૩૪૪,૩૪૬,૩૪૭,૩૬૬, ૩૬૭,૩૭૦,૩૭૧,૩૮૩,૩૮૪, ૩૮૭,૩૯૧,૩૯૨,૩૯૮,૪૧૧, ૪૩૦,૪૩૧,૪૬૪,૪૬૮,૫૧૬, ૫૨૬,૫૨૮,૫૩૦,૫૩૧,૫૩૪, ૫૩૬,૫૩૭,૫૪૦,૫૪૩,૫૪૬, ૫૫૫,૫૫૮,૫૫૯,૫૬૫
તપાગચ્છનાં ગોત્રો ૪૬૮
તપાગચ્છનાં તેર બેસણાં ૪૬૮
તપાગચ્છ પટ્ટા. ૫૨,૬૨,૧૬૨,૩૩૭, ૫૨૪,૫૪૩
તપાગણગુણપદ્ધતિ ૩૨૮
તપા રત્નશાખા ૧૩૭,૫૨૮
તપા લઘુપોષાલ ૧૫૩,૫૩૦,૫૫૯
તપા વડી(વૃદ્ધ)પોષાલ ૧૫૩,૧૫૮, ૧૫૯,૫૩૦,૫૫૯
તપોધનવાસ (નરોડા) ૬૩,૧૪૧
તબકાત ઈ. નાસીરી (ગ્રંથ) ૬૨,૯૧, ૧૦૦,૧૦૨,૧૦૫
તમાલિનીનગર ૩૧૮
તરંગવતીસાર ૨૯૫
તરુણપ્રભસૂરિ ૩૭૩,૩૭૪,૩૭૭
તલકશી મંત્રી (જામનગર) ૪૨૨
તલ્લેરા ગોત્ર ૪૦૭
તહનગઢ ૧૧૬,૩૬૧,૪૪૨

તળાજા ૧૦૫,૨૧૨
તામ્ર(પત્ર)શાસન ૫૬,૧૭૭
તારગિરિ ૫૪૮
તારંગા તીર્થ ૨૫,૮૫,૯૮,૧૯૪, ૨૨૩,૩૧૧,૪૮૦,૫૦૬,**૫૪૭થી ૫૫૧**,૫૫૩,૫૫૪
તારાચંદ સંઘવી (શ્રીમાલી) ૫૫૧
તારાદેવી ૫૪૮,૫૪૯
તિત્થમાલાથયં ૩૩૮
તિલકચંદ્રસૂરિ ૩૨
તિલકગણિ ૩૮૧,૪૯૩
તિલકપ્રભસૂરિ ૩૫૮,૩૯૪,૩૯૫
તિલકભદ્રસૂરિ ૧૧૫
તિલકમંજરી ૨૦૦થી ૨૦૨,૨૫૩, ૨૯૨થી ૨૯૬
તિલકમંજરી-કથાસાર ૨૯૫,૨૯૬
તિલકમંજરી-ટિપ્પન ૧૦,૧૯૯,૨૯૫
તિલકમંજરી-પરાગ (ટીકા) ૨૯૫
તિલકશાખા ૪૦૦
તિલકસૂરિ ૧૭૩,૨૮૪,૪૬૧
તીર્થમાલા ૧૮૭,૧૮૮,૨૫૧,૩૬૩, ૪૧૧
તીર્થરાજસ્તવન (સ્તુતિ) ૩૭૬,૫૫૮
તીર્થંકરપટ્ટ ૩૧૩
તેજપાલ મંત્રી ૧૦૪,૧૦૫,૧૪૬, ૧૭૫,૧૮૭,**૨૧૮થી ૨૨૦**, ૨૨૩,૨૨૫થી ૨૨૮,૨૪૩, ૨૪૪,૩૧૭,૩૨૮,૩૭૩,૪૫૭
તેજલદેવી ૪૭
તેજલપુર ૧૪૬,૨૧૯,૨૨૫
તેજશકીર્તિ મુનિ ૩૪૭
તેજસી શેઠ ૪૦૯,૪૧૯
તેરાપંથી (દિ.) ૫૫૭
તૈલપદેવ ૧૧૦થી ૧૧૨,૧૧૬,૧૧૭, ૧૧૯,૫૬૭
તોલાશાહ દોશી ૧૩૮,૧૫૩,૧૫૮, ૧૫૯
ત્રિપુટીમહારાજ ૪૬૫,૫૨૩
ત્રિપુરુષપ્રાસાદ ૫૫,૬૧
ત્રિભવિયાશાખા ૨૧૦,૨૧૧
ત્રિભુવનદીપકપ્રબંધ ૪૧૪
ત્રિભુવનપાલ ચૌલુક્ય ૬૦,૬૪,૬૫, ૭૩,૭૪,૧૦૪,૧૦૫,૧૬૪, ૨૩૪,૪૬૪,૪૭૭,૫૬૮
ત્રિભુવનપાલવિહાર ૮૨,૮૩,૮૫, ૧૪૬,૫૦૨
ત્રિવિક્રમ ૧૬૩,૨૯૫
ત્રિષષ્ઠિ-ભાસ્ય ૨૮૪
ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત ૨૧,૨૭, ૪૬,૮૪,૮૬,૮૯,૯૦,૯૪,૯૫, ૩૦૯,૩૯૭,૪૮૮,૪૯૧,૪૯૬
ત્રિસ્તુતિકમત(ગચ્છ) ૫૧,૨૬૦, ૩૯૧થી ૩૯૩,૪૬૬
ત્રિસ્તુતિકમત (આગમિકગચ્છ) ૪૨૫
ત્રિ. (આ.ગ.) પરંપરા ૪૨૫થી ૪૨૭
ત્રિંશતચતુર્વિંશતિ ૩૪૬
ત્રૈલોક્યદીપકપ્રાસાદ ૬૮,૨૪૯,૫૦૩
ત્રૈલોક્યપ્રકાશ ૪૩૧,૫૬૯

(થ)

થરપારકર ૧૦૦,૧૦૩,૧૧૦,૧૮૫, ૩૦૦
થરા ૫૬,૧૭૭
થરાદ ૮૫,૧૮૪,૨૦૧,૨૦૬,૨૧૦, ૨૧૧,૨૧૩,૩૦૬,૩૭૨,૪૧૧, ૫૧૪,૫૨૩,૫૩૦
થંભણ પાર્શ્વનાથ સ્તવન ૩૨૪
થંભણ પાસનાહ ચરિયં ૧૭૩
થાપો (પહાડી) ૯૧

થામણા ૧૬૮થી ૧૭૧,૩૧૭થી ૩૧૯
થારાપદ્ર ૧૮૩,૨૦૫
થારાપદ્રગચ્છ ૧૧,૧૫,૧૨૫,૧૪૧, ૧૫૩,૧૮૨,૧૮૩,૧૯૮,૧૯૯, ૨૦૩થી ૨૦૫,૨૦૯,૨૧૦, ૨૧૩,૨૧૪,૨૫૩,૩૦૬,૩૩૫, ૫૧૩,૫૨૫,૫૩૦
થારા.ગચ્છ પટ્ટા. ૧૫૩,**૨૦૫થી ૨૦૭**
થાહડ શેઠ ૪૪૪,૪૪૫,૪૪૯

(દ)

દત્તસૂરિ ૯
દધિપદ્ર (દાહોદ) ૩૦૪
દધિસ્થલી (દેથલી) ૬૧,૭૩,૭૪
દમણ ૭૬,૨૨૨
દયાકમલ મુનિ ૩૭૭
દયાનંદસૂરિ ૪૧,૨૦૮
દયારામ સહાની ૨૯૦
દયાસિંહ મુનિ ૩૮૮
દશકુમારચરિત ૨૯૫
દશમત (ગ્રંથ) ૩૯૧
દશરથ પોરવાડ ૧૩૪,૨૪૦,૨૪૧
દશવૈકાલિક-વૃત્તિ ૩૩૬,૩૭૧,૩૮૨, ૩૯૪,૪૧૮,૪૩૮
દર્શનવિજય (ત્રિપુટીમહારાજ) ૫૨૩
દર્શનવિશુદ્ધિ ૩૯૩થી ૩૯૫
દર્શનસાગર ઉપા૦ ૪૨૨
દશાર્ણભદ્ર (નાટક/રાસ) ૨૪,૨૧૨
દશા-વીશા જ્ઞાતિ ૨૨૧,૨૨૨,૪૦૭
દસવેયાલિયદીપિકા ૪૧૭
દસવેયાલિયસુત્ત-ટબો ૩૯૨
દસવેયાલિયસુત્તણિજ્જુત્તિ-વૃત્તિ ૩૦૬
દંડક અવચૂર્ણિ ૧૮૦
દંડનાયક ૫૫,૧૩૯,૫૦૨
દંડવીર્ય રાજા ૧૩૬
દંડી પંડિત ૨૯૫,૩૧૩
દંતાણી ગામ ૪૦૩
દાઢાઘર ૩૧૩
દાદા પાર્શ્વનાથ ૧૮૭,૫૪૦,૫૪૧
દાદાવાડી ૩૫૨,૩૬૧
દાનપ્રિયસૂરિ ૪૧
દાનરત્નસૂરિ ૧૩૭
દાનશાસન ૧૧૫
દાનશાળા ૫૭,૮૬,૩૦૨,૪૭૯
દાનષટ્ત્રિંશિકા ૨૮૪
દાનસાગરસૂરિ ૪૨૪
દાનોપદેશમાલા ૩૪૬
દામોદર સંઘિપાલ ૫૯,૬૨,૧૧૮, ૧૧૯
દામોદરસૂરિ (ભટ્ટા.) ૪૬૨
દિગમ્બરતીર્થરક્ષા કમિટિ ૩૨૬
દિગંબરમત ૨,૮,૪૪૬
દિઙ્નાગ બૌદ્ધાચાર્ય ૧૮
દિનચર્યા (વિવરણ) ૧૭૪
દિનશુદ્ધિદીપિકા ૨૮૩,૪૬૫
દિનશુદ્ધિદીપિકા-ટીકા(વિશ્વપ્રભા) ૪૬૫
દિનશેખરસૂરિ ૪૨
દિયાણા ૩૩,૩૪,૫૧,૨૫૭,૫૫૪
દિલ્હી ૩૯,૫૯,૧૦૨થી ૧૦૪,૧૦૬, ૧૨૭,૧૪૯,૧૫૦,૧૫૪,૧૫૫, ૧૫૭,૨૨૩,૨૨૪,૨૮૪,૨૯૦, ૩૦૨,૩૨૭,૩૬૦થી ૩૬૨, ૩૬૯,૩૮૩,૩૮૪,૩૮૭,૪૬૧, ૪૯૧,૫૩૮
દિવાળીબાઈ શેઠાણી ૪૨૩
દીપવિજયજી કવિ ૫૩૨
દીપાલિકાકલ્પ ૨૬૧,૫૬૩
દીવ ૯૩,૧૦૨,૧૫૩,૩૨૯-૩૩૦
દીશાપાલ(દીસાવાલ) જૂઓ 'ડીસાવાલ'

દુર્ગપદપ્રબોધ(વૃત્તિ) ૩૭૨,૩૮૬
દુર્ગપદ-વિવરણ ૪૬૩
દુર્ગપદવ્યાખ્યા ૪૧૭
દુર્ગસિંહ(વૃત્તિ) ૪૮૮,૪૯૧
દુર્ગસ્વામીસૂરિ ૪૨
દુર્ગાશંકર શાસ્ત્રી ૭૯,૯૪,૯૬,૯૮, ૯૯,૧૦૧,૧૦૭,૨૫૦,૨૫૨, ૫૦૧
દુર્જનશલ્ય રાજા ૩૦૦,૩૯૨,૩૯૪, ૪૩૧,**૫૬૮-૫૬૯**
દુર્બલિકાપુત્ર (યુગપ્રધાન) ૩૫૪
દુર્લભરાજ ચૌલુક્ય **૫૬થી ૫૯**,૬૨, ૬૩,૧૨૬,૧૩૧,૨૩૩,૨૩૯, ૨૬૫,૩૧૪,૩૪૮,૩૪૯
દુલીચંદગણિ ૩૭૭
દુઃસાધ્યવંશ ૧૨૫,૨૮૪,૪૬૩,૫૩૪
દૂતાંગદ નાટક ૨૩૪
દેઢિયા ગોત્ર ૪૦૭
દેપાલ કવિ ૧૩૮,૧૫૫થી ૧૫૭
દેમતી ગણિની ૪૯,૪૩૯
દેરાઉર ૩૭૩,૩૮૦
દેલવાડા ૫૮,૧૧૪,૧૯૪,૨૨૬, **૨૩૫**,૨૩૮,૨૪૩,૨૪૫,૨૪૬, ૨૪૮,૨૫૧,૨૫૨,૩૦૧,૩૭૫, ૪૧૭,૪૭૧
દેલવાડાનાં જગપ્રસિદ્ધ જિનાલયો ૨૩૫
દેલવાડુ (શંખલપુર) ૧૫૫
દેલ્લ મહત્તર ૪૨
દેવકુલપાટક ૨૭,૨૩૮
દેવગિરિ ૧૦૨,૧૦૩,૧૪૯,૧૫૦, ૧૫૨,૧૫૪,૨૭૪,૩૨૭
દેવગુપ્તસૂરિ ૧૪૯,૧૫૨,૨૦૪,૨૦૯, ૪૩૭,૫૬૨
દેવચંદ્રગણિ (ઉપા૦) ૧૨,૩૪૭
દેવચંદ્રજી મુનિ ૪૨૨,૪૮૭
દેવચંદ્રસૂરિ ૫,૯,૧૧,૧૫,૧૯,૨૧, ૨૪,૩૬,૪૮,૫૭,૧૬૫,૧૭૫, ૧૯૭,૨૦૭,૨૦૯,૨૧૦,૨૧૨, ૩૪૦,૩૯૬,૪૦૧,૪૩૬,૪૪૨, ૪૫૮,૪૭૦થી ૪૭૩,૪૮૭, ૫૧૩,૫૨૬,૫૨૭
દેવચિહ્ન ૫૩
દેવડા રાઉ (જેસલમેર) ૪૦૯
દેવતત્ત્વ ૨૯૧
દેવતભેડા તળાવ ૧૮૩
દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ ૮,૪૧
દેવનંદા ગોત્ર ૪૦૭
દેવનંદિ (પૂજ્યપાદ) પંડિત ૪૮૮
દેવનાગસૂરિ ૫૬૬
દેવપાટણ (દીવ-દેલવાડા) ૧૫૪
દેવપાલ શેઠ ૩૦૦,૩૯૨
દેવપ્રભસૂરિ ૨૦,૧૭૩,૨૨૪,૨૩૩, ૨૭૬,૨૭૯,૨૮૧થી ૨૮૩, ૩૩૧,૩૩૬,૩૩૯,૩૪૦,૩૪૬, ૩૪૮,૩૯૩,૩૯૫
દેવપ્રસાદ ચૌલુક્ય ૬૦,૬૧,૬૪,૭૩
દેવબોધિ પંડિત ૪૪૩,૪૪૪,૪૭૫, ૪૭૬,૫૦૯
દેવભદ્રગણિ ૩૧૦,૫૬૩
દેવભદ્રગણિ (ઉ૦) ૧૬,૨૨૬,૩૧૦, ૪૩૦
દેવભદ્રસૂરિ ૧૫,૧૬,૧૯,૨૦,૨૨, ૨૫,૪૩,૫૦,૧૧૫,૧૬૪, ૧૭૨,૧૭૩,૨૨૦,૨૩૩,૨૭૯, ૨૮૨,૩૪૨,૩૪૬,૩૪૮,૩૫૧, ૩૫૨,૩૫૫,૩૫૬,૩૯૨,૩૯૩, ૪૨૫
દેવમૂર્તિગણિ (ઉ૦) ૩૬,૩૬૭

દેવરત્ન ઋષિ ૪૨૮
દેવરત્નસૂરિ ૪૨૬,૪૨૭,૫૫૮
દેવલ (દેવશ્રી) શ્રાવિકા ૭૪,૭૬
દેવલદેવી ૭૩,૭૭
દેવવંશ ૩૧૩,૩૧૪
દેવવિજયગણિ ૩૨૮
દેવવિમલગણિ ૬૯,૨૫૩
દેવશેખર (૩૦) ૪૫
દેવશ્રી ગણિની ૪૩૮,૫૧૩
દેવર્ષિ પંડિત ૨૬૨,૨૬૩,૨૮૫
દેવસાગર (ભટ્ટા.) ૨૦૮,૪૨૪
દેવસિંહસૂરિ ૩૯૬
દેવસુંદરસૂરિ ૪૭,૧૧૫,૨૨૫,૩૨૮, ૩૭૪
દેવસૂરસંઘશાખા (તપા.) ૧૯૩
દેવસૂરિ ૪,૩૫,૩૭,૪૨,૪૮,૫૧, ૫૨,૬૩,૧૬૧,૧૯૭,૧૯૮, ૨૦૭,૨૬૦,૩૧૪,૩૩૨,૩૩૩, ૩૩૬,૩૫૪,૩૯૯,૪૪૨થી ૪૫૧,૪૬૨,૪૬૩,૪૬૭,૪૭૫, ૫૨૧,૫૨૯,૫૫૪,૫૫૫,૫૬૩
દેવસૂરિ(દેવાચાર્ય)ગચ્છ ૪૬૩
દેવસેનસૂરિ ૩૧,૩૨
દેવાચાર્ય જૂઓ 'વાદિદેવસૂરિ'
દેવાચાર્યગચ્છ ૪૯,૫૧,૩૪૭,૩૯૮, ૪૩૮,૪૫૨,૪૬૩,૫૨૯
દેવાચાર્યગચ્છ પટ્ટાવલી (જાલોર) ૪૬૩
દેવાનંદસૂરિ ૧૬,૫૦,૧૬૪,૧૭૩, ૨૮૨,૩૯૧,૩૯૬,૪૭૦,૪૯૪, ૫૨૫,૫૨૯
દેવાનંદિત(દેવાનંદ)ગચ્છ ૪૯-૫૦, ૪૬૪
દેવીપ્રસાદ મુંશી ૩૮૩
દેવેન્દ્રશાખા (રાજગચ્છ) ૧૯,૨૧,૨૨, ૨૫,૨૦૬,૩૦૭
દેવેન્દ્રસિંહસૂરિ ૪૧૩
દેવેન્દ્રસૂરિ ૪,૧૫,૧૬,૧૮,૧૯,૨૨, ૨૫,૨૯,૩૩,૩૭,૧૯૨,૧૯૫, ૨૧૦,૨૨૬,૨૩૩,૩૧૦,૩૧૧, ૩૧૮,૩૨૦,૩૨૧,૩૪૬,૩૬૭, ૩૯૨,૪૧૧,૪૧૨,૪૩૦,૪૩૧, ૪૩૯,૪૮૭,૪૯૨,૫૨૦,૫૨૯, ૫૩૪,૫૬૮
દેશલ પોરવાડ ૨૦૬
દેશલવસહી (શત્રુંજય) ૧૫૩,૧૫૪
દેશલ સંઘવી ૧૩૮,૧૪૯થી ૧૫૪
દેશલહરાવંશ ૧૩૮,૧૪૮,૧૫૦, ૧૫૫,૧૫૬,૧૫૭
દેશીનામમાલા ૪૪૦,૪૯૦,૪૯૭
દેશીનામમાલા-ટીકા ૨૯૪,૪૯૧
દોશી (વંશ) ગોત્ર ૧૩૮,૧૫૭,૪૦૭
દોહડિ શેઠ ૩૧૪,૩૩૧,૩૩૨,૩૩૫
દ્રવ્યાલંકાર વૃત્તિસહિત ૪૮૫,૪૮૭
દ્રષ્ટાંતગર્ભા જિનસ્તુતિ દ્વાત્રિંશિકા ૪૮૬
દ્રોણાચાર્ય ૩૪,૬૧,૧૦૭,૧૨૨, ૧૭૧,૨૬૪થી ૨૬૬,૨૬૯, ૪૨૮
દ્રૌપદી સ્વયંવર નાટક ૫૧૧
દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા ૪૯૨
દ્વાદશકુલક ૩૪૩,૩૪૪,૩૬૪
દ્વાદશવ્રતસ્વરૂપ ૪૫૦
દ્વાદશાંગીપદપ્રમાણકુલક ૩૭૬
દ્વ્યક્ષરનેમિસ્તવ ૩૭૦
દ્વ્યાશ્રય મહાકાવ્ય ૫૬,૫૭,૬૦,૬૨, ૬૮,૬૯,૭૬,૮૨,૯૭,૯૯, ૧૨૭,૧૩૩,૨૫૩,૩૬૯,૪૭૮, ૪૮૮,૪૯૧,૪૯૮,૫૪૬,૫૫૮
દ્વ્યાશ્રયમહાકાવ્ય-વૃત્તિ ૬૯,૧૯૨,

૨૭૪થી ૨૭૬,૨૭૯,૨૮૪, ૩૬૫,૩૬૬,૪૯૩
દ્વારિકા ૩૫,૬૫,૧૩૦,૧૪૭,૧૫૮
દ્વિજવદનચપેટિકા ૪૯૨
દ્વિવંદનીક શાખા ૨૫૯,૫૨૮
દ્વિસંધાનકાવ્ય ૪૩૬

(ધ)

ધર્કટ (વંશ) ગોત્ર ૧૨,૨૭,૨૧૨, ૨૧૩,૫૧૩,૫૨૨,**૫૩૪**
ધણુહાવીદેવી ૧૩૧,૧૩૫,૨૫૮
ધનકુમારગણિ ૨૬૦,૩૦૮,૫૬૬
ધનચંદ્રગણિ ૪૯
ધનચંદ્રસૂરિ ૨૦૮
ધનદેવગણિ ૨૭૮
ધનપતિ (સાગરદત્ત) શેઠ ૧૬૮,૩૧૬, ૩૧૮,૩૨૨
ધનપાલ કવિ ૧૧૭,૧૧૯,૧૮૩, ૨૦૦થી ૨૦૨,૨૬૨થી ૨૬૪, ૨૬૮થી ૨૭૦, **૨૮૫થી ૨૯૬**, ૪૪૦,૫૨૦,૫૫૯
ધનપાલ પંડિત (દિ.) ૨૯૫,૨૯૬
ધનપાલ પોરવાડ (મંત્રી) ૫,૩૬,૧૩૫, ૧૩૬,૨૪૧
ધનપ્રભસૂરિ ૩૦૨,૩૪૭,૫૨૬,૫૨૭
ધનરત્નસૂરિ ૧૩૭
ધનરાજ પલ્લીવાલ ૪૬,૪૭
ધનરાજ પ્રબોધમાલા ૫૬૪
ધનરાજ મંત્રી (રણથંભોર) ૧૫૮,૫૬૪
ધનંજય કવિ ૧૧૭
ધનંજયકોશ ૨૯૪
ધન્નાશાલિભદ્રચરિત્ર ૧૮૫,૩૬૪
ધનેરા ગોત્ર ૩૯૮
ધનેશ્વરસૂરિ ૪,૧૪થી ૧૮,૨૮,૧૧૬, ૧૩૭,૧૬૨,૧૬૭,૧૭૪,૧૭૮, ૧૯૯,૩૩૬,૩૩૮,૩૩૯,૩૪૪, ૫૨૫,૫૬૩
ધન્યચરિત્રદાન કલ્પદ્રુમ ૪૬૫
ધન્યતિલકસૂરિ ૪૨૫
ધમ્મરયણપયરણ ૨૦૨
'ધમ્મવિહી' ગ્રંથ ૪૩૮
ધમ્મસંગહણી-વૃત્તિ ૪૪૦
ધમ્મીલચરિત્ર કાવ્ય ૪૧૪
ધર્મકરંડક-વૃત્તિ ૧૭૩,૧૭૪
ધર્મકીર્તિ મુનિ ૪૬૭
ધર્મકીર્તિસૂરિ ૪૧
ધર્મકુમાર મુનિ ૬
ધર્મઘોષગચ્છ ૨૮,૩૦**થી** ૩૨,૪૭, ૨૪૧,૫૨૨,૫૨૬,૫૨૮,૫૨૯, ૫૪૦,૫૫૦
ધર્મઘોષસૂરિ ૬,૩૭,૪૧,૪૬,૫૨, ૧૩૨,૧૫૩,૧૯૧,૧૯૬,૧૯૮, ૨૦૭,૨૦૮,૨૧૦,૨૧૨,૨૩૫, ૨૩૭,૨૫૪,૨૬૦,૩૧૧,૩૨૧થી ૩૨૩,૩૫૭,૩૯૨થી ૩૯૬, ૪૦૨,૪૦૪,**૪૧૦**,૪૧૧,૪૨૬, ૪૩૨,૪૯૨,૫૧૮,૫૪૩
ધર્મઘોષસૂરિ (રાજગચ્છ) ૧૬,૨૬,૨૮, ૨૯,૩૧,૩૨,૭૦,૭૭,૭૮, ૧૨૧,૧૨૩,૩૩૬,૩૩૯,૪૩૬, ૪૮૭,૫૨૮,૫૪૦,૫૪૧
ધર્મચંદ્રગણિ ૩૭૫,૩૭૮
ધર્મચંદ્રસૂરિ ૨૦૮,૨૧૧,૨૬૧,૪૦૦, ૪૦૧,૪૫૩,૫૨૭
ધર્મતત્ત્વ ૨૯૧
ધર્મતિલક મુનિ ૩૬૭
ધર્મતિલકસૂરિ ૨૧૧,૪૨૫,૪૬૧
ધર્મદત્તકથા ૫૬૫
ધર્મદાસગણિ ૧૪,૪૫૪

ધર્મદેવગણિ (ઉ૦) ૧૬૭,૧૭૩
ધર્મદેવસૂરિ ૨૦૭,૨૧૦,૪૬૦
ધર્મનાથ ૨૦૪,૫૩૨,૫૩૩
ધર્મનિધાનગણિ (ઉ૦) ૩૮૬
ધર્મ પંડિત (કૌલમતાચાર્ય) ૨૦૨, ૨૯૩,૨૯૪
ધર્મપ્રચાર ૨૦૨,૪૮૦
ધર્મપ્રભસૂરિ ૨૦૮,૨૧૧,૪૧૩
ધર્મબિંદુવિવૃતિ ૩૩૮
ધર્મમૂર્તિસૂરિ ૪૨,૩૨૯,૪૧૯-૪૨૦, ૫૩૮
ધર્મરત્નપ્રકરણ સ્વોપજ્ઞટીકા ૨૧૦
'ધર્મરત્ન' માસિક ૪૮
ધર્મરત્નસૂરિ ૧૫૮,૧૫૯,૨૧૧,૨૫૬, ૩૭૮,૪૨૮
ધર્મવલ્લભગણિ (ઉ૦) ૩૭૫
ધર્મવલ્લભસૂરિ ૨૧૧
ધર્મવિધિ (ગ્રંથ) ૪૩૨
ધર્મવિધિ-વૃત્તિ ૨૬૧,૪૩૪,૫૬૩
ધર્મવિમલસૂરિ ૨૧૧
ધર્મશિક્ષા (ગ્રંથ) ૩૪૩
ધર્મશેખરગણિ (ઉ૦) ૨૯૫
ધર્મશેખરસૂરિ ૮૯,૨૧૧,૩૯૭,૫૪૦, ૫૬૮
ધર્મસમુદ્ર મુનિ ૩૮૧
ધર્મસર્વસ્વ (ગ્રંથ) ૪૧૪
ધર્મસાગરગણિ (ઉ૦) ૫૪,૬૭,૫૩૨, ૫૪૩
ધર્મસાગરજી મુનિ ૩૯૮,૪૨૪
ધર્મસાગરસૂરિ ૨૧૦,૨૧૧
ધર્મસાર (મૃગાવતીચરિત્ર) ૨૮૨
ધર્મસાર-વૃત્તિ ૪૪૦
ધર્મસિંહસૂરિ ૨૧૧,૨૩૮
ધર્મસૂરિ ૮,૧૯,૨૬,૨૮,૧૩૦
ધર્મહર્ષસૂરિ ૨૧૧
ધર્માનંદગણિ ૩૮૯
ધર્માભ્યુદય (નાટક) ૨૪
ધર્માભ્યુદય (સંઘપતિચરિત) કાવ્ય ૬, ૬૯, ૨૧૮,૨૨૯,૨૩૨, ૨૮૩ ૫૧૨
ધર્મોપદેશ-દ્વાદશકુલક ૩૪૩
ધર્મોપદેશમાલા (વિવરણ) ૬૯,૨૭૪, ૨૭૫,૨૭૮,૨૭૯,૪૫૮
ધરણવિહાર જૂઓ 'ત્રૈલોક્યદીપક-પ્રાસાદ'
ધરણા (ધના) શાહ ૬૮,૨૪૮,૨૪૯, ૫૦૩
ધરણેંદ્ર ૧૬૧,૧૭૧,૩૧૭,૩૨૧, ૩૨૩
ધરણેન્દ્રસૂરિ ૩૮૫
ધરવેલા ગોત્ર ૪૦૭
ધવલ (આનાક) વાઘેલા ૮૦,૧૦૧
ધવલ પોરવાડ ૬૩,૧૩૧,૧૩૪,૨૪૧
ધવલ શેઠ ૧૪૧,૨૮૧,૫૨૩
ધવલ શ્રીમાલી ૫૦૧,૫૦૩
ધવલરાજ રાઠોડ ૧૧૧,૧૧૩,૧૧૬, ૧૨૩,૧૭૭
ધંધુકા ૬૪,૭૦,૯૧,૨૭૬,૩૫૫, ૪૪૧,૪૭૦
ધંધૂક પરમાર ૬૦,૧૧૩,૧૧૪,૧૩૨, ૧૭૮,૨૩૬
ધાકડ જ્ઞાતિ ૪૫
ધાતુપાઠ ૪૬૫,૪૭૮,૪૯૦,૪૯૩
ધાતુપારાયણ ૪૧૬,૪૭૮,૪૯૦
ધાતુરત્નાકર ૪૯૪
ધામગણિ ૪૫૦,૫૪૧
ધારશી સંઘવી (ગોંડલ) ૧૨૭
ધારાનગરી ૩૨,૫૯,૬૪થી ૬૬,

૧૧૮થી ૧૨૧,૧૬૫,૧૬૮,
૨૦૦,૨૦૧,૨૧૫,૨૬૨,૨૬૩,
૨૬૬થી ૨૭૧,૨૭૩,૨૮૫,
૨૮૬,૨૯૧થી ૨૯૩,૨૯૮,
૩૦૨,૩૬૪,૪૪૨,૫૦૦
ધારાવર્ષદેવ ૮૯,૯૭,૧૦૨,૧૧૪,
૧૪૩,૧૯૦,૧૯૧,૨૦૪,૨૦૬,
૨૨૩,૪૩૩
ધાંધ શ્રીમાલી (ધોધા) ૨૨૫,૩૨૮
ધાંધાર પ્રદેશ ૧૧૩,૧૯૦
ધીરસિંહ રાણા ૫૦૦
ધીરસિંહસૂરિ ૩૯૭
ધ્રુવપોળ (જાલોર) ૧૭૯
ધોખા જ્ઞાતિ ૪૫
ધોલેરા ૫,૪૫
ધોળકા ૭૬,૧૦૧થી ૧૦૬,૧૪૧,
૧૪૪,૧૪૮,૧૬૨,૧૬૯,૧૭૧,
૧૭૪,૨૨૦,૨૨૧,૨૨૩,૨૨૫થી
૨૨૭,૨૩૩,૨૩૪,૨૮૧,૨૮૨,
૨૯૬થી ૨૯૮,૩૧૭,૩૭૯,
૪૨૦,૪૨૨,૪૪૨,૪૪૩,૪૪૯,
૪૮૬,૫૨૩,૫૬૧

(ન)

નગરકોટચૈત્યપરિપાટી ૩૭૬
નગરપારકર ૪૧૩,૫૫૨,૫૫૩
નગરશેઠ વંશ ૫૦૦
નગવર્ધનશાખા (તપા.) ૧૮૦
નગર્ષિગણિ ૧૮૦
નડિયાદ ૪૦૬
નડૂલ ૧૦૮,૧૨૨,૧૭૭,૨૫૮
નથુરામ કવિ ૫૫૩,૫૬૯
નન્નસૂરિ ૧૩,૨૪,૪૦,૪૪,૧૬૨,
૧૯૮,૩૨૭,૪૩૮
નમિનાથફાગ ૪૧૪
નમિ સાધુ ૧૬૩,૨૧૨
નમુત્થુણંકલ્પ (સ્તવ) ૮૯,૫૬૮
નમોત્થુણંસ્તવન ૫૬૭
નયચંદ્રસૂરિ ૩૦
નયનકીર્તિસૂરિ ૨૦૯
નયનચંદ્રસૂરિ ૩૨૯,૪૬૧,૫૬૪
નયસુંદરગણિ ૧૩૭
નરચંદ્રગણિ ૨૪,૨૫
નરચંદ્રગણિ (૩૦) ૪૫,૩૪૭
નરચંદ્રસૂરિ ૩૬,૨૨૪,૨૨૬,૨૨૭,
૨૩૧થી ૨૩૩,૨૮૨,૨૮૩,
૪૦૦,૪૦૧,૪૩૫, ૪૯૨
નરદેવસૂરિ ૪૧
નરનારાયણાનંદ કાવ્ય ૨૨૮,૨૩૧
નરવર્મચરિત્ર ૩૬૬
નરવર્મ પરમાર ૩૨,૬૫,૧૨૧,૩૪૧
નરશી નાથા ૪૦૯,૪૨૩
નરસિંહગણિ (૩૦) ૪૦૬
નરસિંહરાવ દિવેટિયા ૭૧
નરેન્દ્રદેવસૂરિ ૪૬૨
નરેન્દ્રપ્રભસૂરિ ૨૩૩,૨૮૩
નરેન્દ્રસૂરિ ૫૨૭
નરેશ્વરસૂરિ ૪૬,૩૦૯
નરોત્તમસૂરિ ૪૩
નરોલી ૩૧૫,૩૧૯,૪૧૨
નલ-દમયંતીચંપૂ (રાસ) ૪૧૪,૪૧૭
નલવિલાસ નાટક ૪૮૫,૪૮૬
નલાયનચરિત્ર ૪૫૬
નલોદય કાવ્ય ૧૧૭
નવકથા ૨૯૫
નવખંડા પાર્શ્વનાથ ૩૨૮
નવતત્ત્વ ૪૧૪
નવતત્ત્વપ્રકરણ ભાષ્યવૃત્તિ ૧૭૦
નવતત્ત્વપ્રકરણ-વૃત્તિ ૪૩૭

નવતત્ત્વ વિવરણ ૪૧૭
નવપદપ્રકરણ બૃ.લ.વૃત્તિ ૪૩૭
'નવપદપ્રકરણ-લઘુવૃત્તિ' કથા ૪૯
નવભારત ટાઈમ્સ ૭૨
નવલખા ગોત્ર ૪૬૮
નવવાડની સજ્ઝાય ૩૯૮
નવ્વાણુપ્રકારી પૂજા ૧૩૭
નવાંગીવૃત્તિ ૫૨,૧૭૧,૧૭૪,૨૬૪, ૨૬૫
નવસારી ૫૩
નવસાહસાંકચરિત ૧૧૭,૧૧૮
નળિયા (કચ્છ) ૪૨૨,૪૨૩
નંદસૂરિ ૪૯૩
નંદા ગણિની ૪૯,૪૩૯
નંદિતગચ્છ ૪૯
નંદિરત્નગણિ ૨૯૮
નંદિલ(નંદી)સૂરિ ૭,૩૫૪
નંદિવર્ધન ૧૫૯,૨૩૬,૨૫૦,૨૫૭
નંદિવર્ધનસૂરિ ૩૦
નંદિવિજયગણિ (૩૦) ૩૨૯
નંદિસુત્ત(ટિપ્પન)વૃત્તિ ૨૭૮,૪૩૯
નંદિસૂત્ર ૩૫૪,૩૬૭,૩૭૬,૩૭૭
નંદીશ્વર જિનપ્રાસાદ (શત્રુંજય) ૨૧૯
નંદીશ્વરદ્વીપ-તપ ૨૧૯
નંદીશ્વરદ્વીપસ્તવન-વૃત્તિ ૩૭૬
નંદીશ્વરપટ્ટ ૧૯૪,૫૨૦,૫૫૦
નંદીસૂત્ર-દુર્ગપદવ્યાખ્યા ૩૭,૫૧૪, ૫૬૩
નાઈલગચ્છ ૫૨૫
નાકોડાતીર્થ ૪૦,૪૫
નાગડ મંત્રી ૧૦૫,૨૨૬,૩૦૧,૩૦૨, ૩૦૮
નાગડા ગોત્ર ૪૦૭,૪૦૯,૪૨૩
નાગદા ૩૮,૧૦૩
નાગદિત્યસૂરિ ૪૧
નાગદેવ મોઢ ૪૪૫
નાગનેશ (ગામ) ૩૧૫
નાગપુરીય લોંકાગચ્છ ૩૧,૩૮૫,૫૨૯
નાગરગચ્છ ૫૩૦,૫૩૧,૫૩૩
નાગર (જ્ઞાતિ/વંશ) ૪૧૫,૪૬૮, ૫૩૦,**૫૩૧થી ૫૩૩**,૫૩૯
નાગરાજ ચૌલુક્ય ૫૬થી ૫૮,૨૬૫
નાગવર્મા પંડિત ૧૬૩
નાગ(નાગહસ્તિ)સૂરિ ૩૫૪
નાગહ્રદતીર્થ ૪૩૪
નાગાર્જુન (સિદ્ધયોગી) ૧૬૯,૩૧૬, ૩૧૭,૩૧૮,૩૨૨
નાગાર્જુનસૂરિ ૩૫૪
નાગાવલોક રાજા ૧૧૦,૧૨૭,૧૫૭
નાગેન્દ્ર(કુલ)ગચ્છ ૨,**૩થી ૭**,૮,૧૫, ૨૧,૨૬,૭૦,૧૦૯,૧૩૨,૧૩૬, ૧૫૨,૧૬૩,૧૮૮,૧૯૭થી ૧૯૯,૨૧૭,૨૨૪,૨૩૨,૨૩૭, ૨૪૪,૩૦૬,૩૦૭,૩૧૮,૩૩૪, ૩૬૯,૩૯૯,૪૨૮,૪૩૦,૪૪૧, ૪૯૩,૪૯૯,૫૧૪,૫૨૫,૫૪૩, ૫૬૦,૫૭૦
નાગેન્દ્રગચ્છ પટ્ટાવલી **૪થી ૭**,૧૫૩
નાગેન્દ્રસૂરિ ૭
નાગેન્દ્ર જ્ઞાતિ ૭
નાગોર ૩૪,૧૦૩,૧૭૬,૨૨૩,૩૧૦, ૩૧૧,૩૩૭,૩૩૮,૩૪૩,૩૫૬, ૩૫૭,૩૬૩,૩૭૪,૪૪૨ થી ૪૪૪,૪૫૦,૪૬૪,૪૬૬,૪૬૭, ૫૨૯
નાગોરી તપાગચ્છ ૫૧,૪૫૨,૪૬૪, ૪૬૭,૪૬૮,૫૨૯,૫૩૦,૫૪૨, ૫૫૭

નાગોરી તપાગચ્છનાં ગોત્ર ૪૬૮
નાગોરી (વડગચ્છ) તપાગચ્છ પટ્ટાવલી ૪૬૪થી ૪૬૮
નાટ્યદર્પણ (વૃત્તિ) ૪૮૫,૪૮૭
નાટ્યશાસ્ત્ર ૧૬૩
નાડલાઈતીર્થ ૧૨૨,૧૨૩,૨૬૧, ૪૫૩,૪૭૧,૫૨૭,૫૪૧
નાડોલ ૨૬,૪૨,૫૫,૫૭,૫૮,૬૨, ૬૫,૭૬,૮૧,૧૦૩,૧૧૫, ૧૨૨થી ૧૨૫,૧૩૨,૧૪૦, ૧૮૧,૨૬૪,૨૬૫,૩૯૯થી ૪૦૧,૪૧૧,૪૩૩,૫૧૩,૫૪૧, ૫૪૯
નાડોલગચ્છ ૧૩૦,૧૯૨,૩૯૯થી ૪૦૨,૪૦૫
નાડોલગચ્છ પટ્ટાવલી ૪૦૧,૪૦૨
નાડોલની રાજાવલી ૬૨,૧૨૨,૧૨૩
નાઢા શ્રાવિકા ૧૨,૪૦૬
નાણકગચ્છ ૧૫૩
નાણપંચમીકહા ૧૭૨,૩૩૩
નાણા ૨૫૭,૪૧૪,૪૧૫,૫૫૪
નાણાવાલગચ્છ ૧૫૩,૧૯૨,૧૯૯, ૩૯૩,૩૯૯થી ૪૦૫,૪૦૭, ૪૨૫,૪૩૦
નાણાવાલગચ્છનાં ગોત્રો ૪૦૭
નાણાવાલગચ્છ પટ્ટાવલી ૩૯૮
નાનચંદ ભણશાલી ૩૨૯,૩૭૬,૪૨૦, ૫૩૮
નાનાક કવિ ૨૩૪,૫૬૧
નાના વીસલ ૫૧૮
નાના શેઠ (વંશ) ૩૧૫
નાનુ (વરણાગવંશ) ૨૭,૨૯૮
નાભિનંદનજિનેષુ૦ ૫૫૮
નાભિનંદનજિનોદ્ધારપ્રબંધ ૧૫૦, ૧૫૪,૧૫૬
નાભિરાજા ૨૮૮
નાભિવંશસંભવકાવ્ય ૪૧૫
નાભેયનેમિદ્વિસંધાનકાવ્ય ૨૭૦,૨૯૫, ૫૦૮,૫૦૯,૫૨૪,૫૫૭
નાયક મંત્રી (ઈડર) ૪૦૭,૪૧૨
નાયકીદેવી ૯૯,૧૦૦
નાયાધમ્મકહાઓ (વૃત્તિ) ૨૨,૧૬૪, ૧૬૮,૧૬૯,૩૨૮,૫૩૪
નારંગપુર ૧૩૦,૪૦૧
નાસિક ૩૨૭,૪૭૪
નાહટાલેખસંગ્રહ જૂઓ 'અગરચંદજી'
નાહડ મંત્રી (કોરટા) ૪૫૦,૫૨૧
નાહડ રાજા (જાલોર) ૧૭૯
નાહર ગોત્ર ૪૬૮
નાહર (લેખસંગ્રહાદિ) ૪૪,૪૭,૫૦, ૨૭૨,૩૪૭થી ૩૪૯,૩૫૫, ૩૫૮,૪૫૬
નાંદિયાતીર્થ ૨૫૭,૫૫૪
નિગોદષટ્ત્રિંશિકા ૧૭૦
નિર્ગ્રન્થ પરંપરા ૫૧
નિઘંટુકોશ ૪૯૦
નિઘંટુશેષ ૪૯૦
નિર્ભયભીમવ્યાયોગ નાટક ૪૮૫
નિર્મલમતિશ્રી સાધ્વી ૧૧
નિરયાવલિયાસુત્ત ૫૦૫
નિર્વાણલીલાવતી સૂત્ર ૩૬૭
નિર્વૃતિકુલ(ગચ્છ) ૨,૨૬,૩૩-૩૪, ૧૩૨,૧૫૩,૧૫૬,૧૭૧,૧૯૭, ૨૩૭,૨૬૪,૨૭૦,૨૭૧,૨૯૩, ૩૩૩,૩૩૪,૪૨૮,૪૩૦,૫૫૪, ૫૫૭,૫૬૩
નિર્વૃતિસૂરિ ૪૧
નિવૃત્તિ-વ્યાવૃત્તિવ્યાયોગ ૪૯૨

નિહાણા ગામ ૨૧૪
નીતલ્લદેવી (પાટડી) ૩૯૪,૫૬૯
નીતિસાગર મુનિ ૪૨૪
નીના પોરવાડ ૫,૧૮,૩૬,૧૩૦, ૧૩૪,૧૩૫,૨૪૦,૨૪૧,૨૫૮, ૪૦૧
નીના પોરવાડનો મંત્રીવંશ ૧૩૦
નીલપટ (શૈવમત) ૧૨૦
નીંબા મંત્રી (વાયડ) ૧૮૩
નુરૂદ્દીન મહમ્મુદ ૭૦,૧૩૯
નેઢ પોરવાડ (મંત્રી) ૫૭,૫૮,૫૯, ૬૨,૧૩૧,૨૩૫,૨૩૬,૨૪૧
નેણસી મુહણોત ૧૮૦,૩૮૩
નેણસીરીખ્યાત ૧૮૦
નેણસી શેઠ ૪૦૯,૪૨૧
નેમચંદ સોની ૪૩૭,૪૪૧
નેમડ પલ્લીવાલ (વરહુડિયા) ૪૫, ૧૯૨,૨૨૨,૩૧૦,૩૧૧,૩૧૯
નેમસાગરસૂરિ ૪૨૪
નેમિકુમાર પોરવાલ ૧૬૭,૩૪૧, ૩૪૪,૩૪૮
નેમિકુમાર શેઠ ૧૬૪,૩૧૩,૫૧૯, ૫૨૦
નેમિચંદ્રગણિ ૧૭૪,૩૬૭
નેમિચંદ્ર ભંડારી ૩૬૩,૩૬૪
નેમિચંદ્ર ભાંડાગારિક ૩૪૪
નેમિચંદ્રસૂરિ ૧,૧૩,૨૦,૨૬,૩૦, ૩૧,૫૦,૫૧,૫૮,૧૩૪,૧૬૨, ૧૭૪થી ૧૭૭,૧૯૮,૧૯૯, ૨૦૯,૨૪૨,૨૬૦,૨૯૫,૩૧૪, ૩૩૧થી ૩૩૬,૩૫૪,૪૦૧, ૪૦૩,૪૩૯,૪૬૧,૪૬૭,૫૨૬
નેમિદાસ સંઘવી (દીવ) ૩૩૦
નેમિદૂતકાવ્ય ૪૧૬
નેમિ દ્વાત્રિંશિકા ૪૮૬
નેમિનાગ મોઢ ૮૬,(૪૦૭),૫૫૯
નેમિનાથ ૨૨,૨૯,૩૬,૩૮,૪૯,૬૮, ૮૫,૯૨,૧૨૯,૧૪૭,૧૮૦, ૧૮૧,૧૮૪થી ૧૮૬,૧૮૮, ૧૯૨,૧૯૪,૨૧૦,૨૨૬,૨૨૯, ૨૩૭,૨૪૦,૨૪૩,૨૪૪,૨૪૬, ૨૫૦,૨૫૪,૨૫૫,૨૫૯,૩૦૧, ૩૦૭,૩૧૬,૩૧૮,૩૨૧,૩૨૭, ૩૨૯,૩૪૦,૩૫૬,૩૮૦,૪૪૯, ૪૫૪,૪૫૯,૪૬૧,૪૬૯,૪૭૬, ૫૦૧,૫૦૨,૫૧૨,૫૧૬,૫૧૭, ૫૧૯,૫૨૨,૫૩૩,૫૪૦,૫૪૧, ૫૫૫
નેમિનાથચતુષ્પદિકા ૨૬૧,૫૬૩
નેમિનાથચરિત્ર ૬,૧૬૪,૧૭૬,૨૭૦, ૩૯૭,૪૫૪,૪૫૯,૪૬૪,૪૭૩
નેમિનાથફાગ ૨૮૪,૪૧૪
નેમિનાથ–મુનિસુવ્રત–જન્માભિષેક ૩૭૦
નેમિનાથસ્તોત્ર ૨૨૮,૨૨૯
નેમિનિર્વાણકાવ્ય ૩૧૨,૩૧૩,૫૨૦
નેમિનિર્વાણમહાકાવ્ય ૩૧૨
નેમિપ્રભસૂરિ ૪૩૩
નેમિવિજયગણિ ૩૧૮,૩૨૨, ૪૮૦, ૫૫૩
નેમિસૂરિ ૪૨,૩૨૨,૪૯૪
નૈયાયિકદર્શન ૨૦૦
નૈષધીયકાવ્ય-ટીકા ૩૩૯,૩૭૧,૩૮૬
નૈષધીયમહાકાવ્ય ૯૧,૨૩૪
ન્યાયકંદલી ૨૮૩,૨૮૪,૩૭૦
ન્યાયકંદલી ટિપ્પન ૨૮૩
ન્યાયકંદલીપંજિકા (વૃત્તિ) ૬૭,૬૯, ૨૭૪થી ૨૭૬,૨૮૨થી ૨૮૪,

૩૭૦
ન્યાયતર્ક ૩૬૬
ન્યાયતાત્પર્ય-ટીકા (વ્યાકરણ) ૫૬૪
ન્યાયતાત્પર્ય પરિશુદ્ધિ ૩૬૬
ન્યાયપ્રવેશ ૧૮
ન્યાયમંજરી ૪૧૪
ન્યાયમંજરી ટિપ્પન ૪૦૮
ન્યાયવિજય (ત્રિપુટીમહારાજ) ૫૨૩
ન્યાયવિલાસ ૩૬૭
ન્યાસ ૪૮૮
ન્યાસસંગ્રહ-ન્યાયાર્થમંજૂષા-ન્યાસ ૪૯૪
ન્યાયાલંકાર ટિપ્પન ૩૬૬
ન્યાયાલંકારવૃત્તિ ૩૬૬
ન્યાયાવતાર ટિપ્પન ૨૭૯,૨૮૧
ન્યાયાવતાર ટીકા (વાર્તિક) ૧૦

(પ)

પઉમચરિયં ૩૫,૩૭,૫૫૪
પક્ખિસુત્ત-વૃત્તિ ૪૩૭,૪૪૧,૪૫૯
પગરિયા ગોત્ર ૨૮૫,૪૬૮
પચ્ચક્ખાણ સરૂવં ૪૩૭
પછેગામ ૫૪૭
પજ્જુન્નકહા ૨૮૦,૨૮૧,૫૩૭
પટ્ટાવલી સમુચ્ચય ૧૭૩,૧૭૪,૧૮૬, ૧૮૯,૩૯૬,૪૨૭,૪૩૧,૪૩૫, ૫૦૦
પડિવાલ ચિંૅશાખા-પટ્ટા.૪૦થી ૪૩
પણ્હાવાગરણઅંગ-ટીકા ૧૬૯
પતંજલિ ભાષ્યકાર ૪૮૮
પત્તનસ્થ જૈન ગ્રંથભાંડાગારસૂચિ ૬૧
પદમશી (લાલનવંશ) ૧૮૮,૪૨૦
પદાર્થસ્થાપનાસંગ્રહ ૩૯૪
પદ્મગુપ્ત કવિ ૧૧૭,૧૧૮
પદ્મચંદ્રગણિ (ઉ૦) ૨૭૯
પદ્મચંદ્રસૂરિ ૬,૧૫૩,૨૦૬,૩૪૫, ૪૫૫,૪૫૬,૪૬૭
પદ્મચંદ્ર શેઠ ૨૫,૫૫૦
પદ્મતિલકસૂરિ ૨૧૦,૩૯૬
પદ્મદેવગણિ ૩૬૭
પદ્મદેવસૂરિ ૧૦,૧૧,૧૮,૨૧,૨૫, ૨૧૦,૨૭૪,૨૭૫,૨૮૩,૨૮૪, ૩૦૬,૩૦૭,૩૯૨,૩૯૯,૪૦૧, ૪૫૫,૫૨૭,૫૭૦
પદ્મનાભ કવિ ૧૦૬,૧૨૫
પદ્મપ્રભગણિ (ઉ૦) ૧૯૮,૩૬૨, ૩૬૩,૫૬૨
પદ્મપ્રભચરિત્ર ૨૦
પદ્મપ્રભસૂરિ ૨૧,૨૨,૧૭૪,૨૦૭, ૩૫૧,૩૯૪,૩૯૬,૪૬૪,૫૬૬
પદ્મપ્રભસ્વામી ૮,૧૮૧
પદ્મપ્રાભૃત ૧૧૭
પદ્મમંદિરગણિ ૩૩૨
પદ્મમંદિરગણિ (ઉ૦) ૩૬૧,૩૬૪
પદ્મમેરુગણિ ૩૭૭,૪૬૫
પદ્મરાજગણિ ૩૮૬
પદ્મલક્ષ્મી સાધ્વીશ્રી ૪૬૦,૪૬૬,૫૬૭
પદ્મશેખરસૂરિ ૩૦
પદ્મશ્રી આર્યા (સાધ્વી) ૪૩૯
પદ્મસાગરગણિ ૧૯૪,૨૯૫
પદ્મસિંહ ૨૮૦,૩૦૮,(૩૯૪)
પદ્મસુંદરગણિ (ઉ૦) ૪૬૫
પદ્મસૂરિ ૨૪,૧૭૨,૨૦૬
પદ્માદિત્ય રાજગુરુ ૨૩
પદ્માનંદકાવ્ય ૫૬૧
પદ્માનંદસૂરિ ૩૦
પદ્માનંદાભ્યુદયમહાકાવ્ય ૫૬૧
પદ્માવતીઅષ્ટક (વ્યાખ્યા સાથે) ૧૮
પદ્માવતીચતુષ્પદિકા ૩૭૦
પદ્માવતીદેવી ૩૨૦,૩૨૧,૩૨૬,

૩૬૮,૫૪૮
પદ્માવતી રાણી ૯૬
પદ્માવતી સહસ્રનામસ્તોત્ર ૫૪૮
પદ્માવતીસ્તોત્ર ૧૮,૫૪૮
પન્નવણાસંગહણી ૧૬૯
પન્નવણાસુત્ત-વૃત્તિ ૪૩૯
પર્યન્તારાધના ૨૯
પર્યુષણાકલ્પ ૨૧,૩૦૯,૫૩૩
પર્યુષણાદિ વિચાર ૩૩૬,૩૩૮
પરમર્દી ચૌલુક્ય ૬૬,૭૨,૮૯,૯૯, ૧૧૧,૧૧૨,૪૩૭
પરમદેવસૂરિ ૩૦૦,૩૦૧,૩૦૨, ૩૯૨,૩૯૭,૫૬૯
પરમલઘુ હેમપ્રભા ૪૯૪
પરમસુખ દ્વાત્રિંશિકા ૨૯
પરમાનંદગણિ ૩૫૦,૩૮૩,૩૮૪
પરમાનંદસૂરિ ૧૬,૨૨,૨૦૬,૨૫૪, ૩૦૫,૩૦૭,૩૧૩,૪૫૩,૪૬૯
પરમારવંશ (ચંદ્રાવતી) ૧૧૨થી ૧૧૬
પરમારવંશ (જાલોર) ૧૧૬
પરમારવંશ (માળવા) ૧૧૬થી ૧૨૨
પરમારક્ષત્રિય ૪,૪૧૩
પરમેષ્ઠી વિદ્યાયંત્ર સ્તોત્ર ૨૧
પરિપૂર્ણદેવસૂરિ ૨૧૦
પરિશિષ્ટપર્વ ૧૮,૩૦૮,૪૯૧
પલ્લવિકગચ્છ ૩૯૨
પલ્લવિયા પાર્શ્વનાથ ૧૧૩,૧૮૯થી ૧૯૩,૨૫૦,૫૬૨
પલ્લીવાલગચ્છ ૩૮થી ૪૦,૪૨થી ૪૫,૫૨,૧૯૯,૨૦૨,૩૧૦,૩૪૩
પલ્લીવાલગચ્છીય પ્રાચીન આચાર્યો ૪૩
પલ્લીવાલ ભટ્ટારક પટ્ટાવલી ૪૪,૪૫
પલ્લીવાલ(જ્ઞાતિ/વંશ) ૨,૮,૩૮,૩૯, ૪૨,૪૫થી ૪૮,૩૦૯,૩૧૦, ૩૨૭,૪૬૮,૫૩૮
પર્વકથાસંગ્રહ ૨૦૦,૩૫૦,૩૮૮, ૫૪૨,૫૪૩
પર્વપંજિકા ૨૦૨
પર્વરત્નાવલી ૩૭૬
પંચકલ્યાણક સ્તોત્ર ૩૪૩
પંચગ્રંથી ૧૬૮
પંચણિગ્ગંથી પગરણ ૧૬૯
પંચતંત્ર ૧૮,૨૧૭
પંચતંત્ર પાઠોદ્ધાર ૪૫૫
પંચતીર્થસ્તુતિ ૪૨૭,૫૫૮
પંચદંડાતપત્રછત્ર પ્રબંધકથા ૩૯૬
પંચપરમેષ્ઠીસ્તવ ૩૭૦
પંચપ્રસ્થન્યાયતર્ક ૩૬૬
પંચમહાલ ૫૯,૧૮૯,૨૧૩
પંચમીકથા ૧૯૨,૫૬૭
પંચમીતપ ૨૧૯
પંચલિંગીપ્રકરણ ૧૬૭,૩૬૩
પંચવત્થુકમ્મથવ ૨૧૪
પંચસંગ્રહ-વૃત્તિ ૪૪૦
પંચાશકચૂર્ણિ ૪,૩૦૬
પંચાશકવૃત્તિ ૪૭,૨૬૪,૩૦૬,૪૩૭
પંચાશકસૂત્ર ૩૯,૫૩૮
પંચાસર ૭,૫૭,૫૩૬
પંચાસરા પાર્શ્વનાથ ૫,૧૩૫,૨૨૭
પંજાબ ૯૦,૯૪,૧૦૬,૧૯૬,૩૫૭, ૩૭૪
પંજિકા ૩૬૭
પાઈઅલચ્છીનામમાલા ૨૯૪
પાઈયવૃત્તિ ૪૪૮
પાજાવસહી (વઢવાણ) ૩૮,૫૫૫
પાજા શાહ ૩૮,૫૫૫
પાટડી ૧૫૩,૩૯૪,૫૬૮,૫૬૯
પાટણ ૪,૭,૯,૧૦,૧૩,૧૪,૨૦,

૩૩,૩૮,૪૨,૪૭,૫૩થી ૬૧, ૬૩થી ૬૯,(૭૦),૭૧,૭૪, ૭૬,૭૯,૮૨થી ૯૪,૯૮, ૧૦૦થી૧૦૩,(૧૦૫),૧૦૬થી ૧૦૮,૧૧૪,૧૧૯,૧૨૮,૧૩૦, ૧૩૧,૧૩૩થી ૧૩૭,૧૪૨, ૧૪૩,૧૪૫,૧૪૯થી ૧૫૪, ૧૬૫થી ૧૬૭,૧૬૯,૧૭૧, ૧૭૨,૧૭૬,૧૭૭,૧૮૩,૧૮૬, ૧૮૭,૧૯૯થી ૨૦૨,૨૦૬, ૨૧૩થી ૨૧૫,૨૧૭,૨૧૮, ૨૨૩,૨૫૮,૨૬૫,૨૭૦,૨૭૪, ૨૭૫,૨૭૭થી ૨૮૦,૨૮૪, ૨૯૪,૨૯૬,૩૦૦,૩૦૧,૩૦૫, ૩૦૬,૩૧૧,૩૧૪,૩૧૫,૩૧૭થી ૩૧૯,૩૨૧,૩૨૩,૩૩૧થી ૩૩૮,૩૪૦,૩૪૫,૩૪૯,૩૫૨, ૩૫૭,૩૬૪,૩૬૭,૩૭૦,૩૭૩થી ૩૭૬,૩૮૦,૩૮૧,૩૮૬,૩૯૪, ૩૯૭,૩૯૮,૪૦૦થી ૪૦૩, ૪૦૬,૪૦૮,૪૧૨થી ૪૧૯, ૪૨૨,૪૨૪,૪૨૫,૪૨૮,૪૩૧, ૪૩૭થી ૪૩૯,૪૪૧,૪૪૩થી ૪૪૫,૪૪૭થી ૪૫૦,૪૫૨, ૪૬૨,૪૬૯,૪૭૩,૪૭૫,૪૭૭થી ૪૮૧,૪૮૭થી ૪૮૯,૪૯૪, ૫૦૦,૫૦૨થી ૫૦૫,૫૦૭, ૫૦૮,૫૧૧થી ૫૧૯,૫૨૨, ૫૨૫,૫૩૪,૫૩૫,૫૩૭,૫૩૯, ૫૪૪,૫૪૬,૫૪૯,૫૫૧,૫૫૨, ૫૫૭,૫૫૯,૫૬૨,૫૬૬

પાટણની પ્રભુતા ૭૩

પાટણ ભંડાર ગ્રંથસૂચિ ૩૯૪,૪૩૧

પાડા મસ્જિદ (વઢવાણ) ૫૫૫

પાણિની વ્યાકરણ ૨૧૫,૪૭૭,૪૮૮

પાતંજલમહાભાષ્ય (ટીકા) ૨૧૫,૪૮૮

પાતુ જિનઃ ૨૯૨

પાતુ શિવઃ ૨૯૨

પાર્થપરાક્રમવ્યાયોગ ૧૯૦

પાદરા ૩૧૨,૪૬૨,૪૬૯

પાદલિપ્તપુર ૩૧૬

પાદલિપ્તસૂરિ ૩૫,૪૩,૧૬૯,૩૧૬, ૪૯૧

પાદલિપ્તસૂરિપ્રબંધ ૫૪૮

પાયચંદગચ્છ પટ્ટાવલી ૪૬૬,૪૬૭

પાયચંદમત(ગચ્છ) ૫૧,૨૫૫,૩૩૯, ૪૬૬

પારકા સંઠિઅં ૪૩૭

પારસદાસ શેઠ (ફલોધિ) ૫૪૧

પારુત્થય (નાણું) ૨૭૭

પાલનપુર ૨૫,૩૮,૮૫,૯૧,૯૯, ૧૧૦,૧૧૩,૧૧૬,૧૪૮,૧૪૯, ૧૮૯થી ૧૯૩,૨૦૮,૨૨૩, ૨૪૭,૨૫૦,૩૦૮,૩૧૦,૩૧૧, ૩૬૨થી ૩૬૪,૩૬૬,૩૭૪, ૩૭૭,૩૭૯,૪૦૦,૪૦૨,૪૧૩, ૪૨૦,૪૩૩,૪૯૩,૫૩૦,૫૬૨, ૫૬૭

પાલનપુરશાખા (તપા.) ૧૯૩

પાલાઉદ્ર ગામ ૯૭,૫૧૪,૫૬૩

પાલી ૨૫,૩૮થી ૪૦,૪૨થી ૪૭, ૧૩૫,૩૧૦,૩૧૯,૪૨૪,૫૩૮, ૫૩૯

પાલીતાણા ૯૧,૧૪૫,૧૫૨,૧૫૩, ૧૫૯,૨૨૪,૨૨૫,૩૧૬,૩૨૮, ૪૦૬,૪૨૦,૪૨૨,૪૨૩,૫૪૬

પાલ્હણ કવિ ૨૩૫,૨૫૩

પાલ્હણ મોઢ ૩૭,૫૧૪,૫૬૩

પાવાગઢ ૧૨૨,૧૮૬થી ૧૮૯,૪૦૩, ૪૦૬,૪૦૮,૪૨૧,૫૧૬
પાવાપુરી ૨૫૭
પાર્શ્વચંદ્રગચ્છ ૨૫૫,૩૯૧,૪૨૪,૪૬૬
પાર્શ્વચંદ્રગણિ ૧૭,૪૪૨
પાર્શ્વચંદ્રગણિ (ઉ૦) ૧૭૩,૧૭૪,૪૬૬
પાર્શ્વચંદ્રચરિત્ર દુહા ૪૬૬,૪૬૭
પાર્શ્વચંદ્રસૂરિ ૨૩૨,૨૫૫,૪૩૧,૪૬૬
પાર્શ્વદત્તસૂરિ ૩૪
પાર્શ્વદેવગણિ ૧૬થી ૧૮,૧૭૪,૩૨૦
પાર્શ્વ-ધરણેન્દ્રસ્તુતિ ૪૫૦
પાર્શ્વનાગગણિ ૩૪,૫૬૬
પાર્શ્વનાથ ૨,૩,૪,૮,૧૭,૨૦,૨૮, ૩૦,૩૭,૪૨,૪૪,૪૫,૮૫, ૯૧,૧૧૩,૧૧૫,૧૨૪,૧૨૫, ૧૩૦,૧૩૭,૧૪૬થી ૧૫૦, ૧૬૮થી ૧૭૧,૧૮૦,૧૮૧, ૧૮૫,૧૯૧,૧૯૨,૧૯૫,૨૨૫, ૨૪૭,૨૫૪,૨૯૬,૨૯૭,૩૦૧, ૩૦૪,૩૧૬થી ૩૨૮,૩૬૧, ૩૬૩,૩૭૩,૩૯૪,૪૦૧,૪૦૨, ૪૦૭,૪૦૯,૪૧૨,૪૧૬,૪૨૧, ૪૩૧,૪૩૨,૪૩૪,૪૪૯,૪૫૬, ૪૫૯,૪૬૩,૪૭૧,૫૧૪,૫૧૯, ૫૨૩,૫૨૫,૫૨૮,૫૩૧,૫૩૩, ૫૩૮થી ૫૪૩,૫૪૫,૫૫૧, ૫૫૬,૫૬૮,૫૬૯
પાર્શ્વનાથ-અષ્ટક ૬૪,૨૧૬
પાર્શ્વનાથચરિત્ર ૭,૨૬,૨૭,૩૭, ૧૭૩,૨૬૧,૫૬૩
પાર્શ્વનાથમહાકાવ્ય ૪૬૫
પાર્શ્વનાથસ્તોત્ર (સ્તુતિ-સ્તવન) ૧૪, ૨૨,૨૯,૬૪,૧૬૯,૨૧૬,૩૧૭, ૩૨૨,૩૪૩,૩૪૬,૩૬૫,૫૧૪
પાર્શ્વિલ્લગણિ ૩
પાષડસૂરિ ૩૪
પાસચંદ્રસૂરિ ૨૦૮,૩૯૭
પાસત્થા ૫૬૦
પાસમૂર્તિગણિ ૧૪૯
પાસિલ શ્રેષ્ઠી ૨૫૪,૪૪૯,૫૧૬
પાહિની (સાધ્વીશ્રી) ૪૭૦,૪૭૨, ૪૭૮
પાક્ષિકસૂત્ર(ખામણા)-અવચૂરિ ૩૯૪
પાંચકલ્યાણકો ૨૪૨
પાંડવાયન ગ્રંથ ૨૭૯,૨૮૨,૨૮૩
પાંડવો ૧૩૭,૪૭૩,૪૭૪
પિટર્સન રિપોર્ટ ૫૨,૬૯,૧૭૧,૨૬૦, ૨૭૫,૨૭૬,૨૭૯,૪૮૭,૫૨૫
પિત્તલહરનું મંદિર ૨૪૬,૨૪૭,૫૨૨
પિપ્પલકગચ્છ ૧૮૩,૧૮૪,૧૯૯, ૨૦૩,૨૧૦થી ૨૧૨,૩૦૬, ૩૩૯,૪૪૨,૫૨૫,૫૩૦,૫૪૦
પિપ્પલકગચ્છ પટ્ટાવલી ૨૦૯થી ૨૧૨
પિપ્પલકનગર ૧૮૩થી ૧૮૫,૨૧૦, ૨૧૧,૩૦૬,૩૭૭,૫૩૦
પિપ્પલકશાખા (ખ.) ૩૭૭
પિપ્પલ જૂઓ 'પિપ્પલક'
પિંગલસૂત્ર (વૃત્તિ) ૧૧૭,૧૬૩
પિંડનિજ્જુત્તિ ૨૪
પિંડનિર્યુક્તિ-ટીકા ૧૩,૪૩૯
પિંડનિર્યુક્તિદીપિકા ૪૧૭
પિંડવિસુદ્ધિવૃત્તિ ૩૦૬
પિંડવિસોહી-ટીકા ૫૨,૩૩૭,૩૪૩, ૪૩૭
પિંડવિસોહિદીપિકા ૪૪,૩૪૩,૪૩૪
પિંડવિસોહિ-પગરણ (આદિ) ૩૪૩
પીઠદેવ (થરપારકર) ૧૦૩,૩૦૦
પીપરાળી ૧૫૨

પીપળિયાગચ્છ ૩૯૨
પીપાડા ગોત્ર ૪૬૮
પીરમબેટ ૯૩,૧૫૧,૩૨૭,૩૨૯
પીરોજશાહ ૪૫૪,૪૫૭
પીલ્લહિકા (પીલવાઈ) ૫૩૩
પીંડવાડા ૨૦,૧૧૫,૨૪૯
પીંપલપુર પાટન ૧૮૪
પુણ્યચંદ્રસૂરિ ૪૨૫
પુણ્યતિલકસૂરિ ૧૮૪,૪૦૨
પુણ્યપ્રભસૂરિ ૫૪૦
પુણ્યરત્નગણિ (યતિ) ૪૬૫
પુણ્યરત્નસૂરિ ૩૯૬,૪૬૬
પુણ્યવર્ધન (મુનિવર) ૩૧
પુણ્યવિજયજી મહારાજ ૫૪૪
પુણ્યવિમલગણિ ૩૭૭
પુણ્યસાગરગણિ (૩૦) ૩૪૪
પુણ્યસાગરસૂરિ ૪૨૨
પુણ્યસારકથા ૩૬૬
પુણ્યસુંદરગણિ ૪૯૩
પુદ્ગલષટ્ત્રિંશિકા ૧૭૦
પુપ્ફવઈકહા ૧૭૨,૩૩૩,૪૩૮,૫૧૩
પુપ્ફિયાસુત્ત ૨૪
પુરાતનપ્રબંધસંગ્રહ ૨૭,૩૭,૧૦૦, ૧૨૩,૧૩૩,૧૩૯,૧૪૪,૧૭૬, ૧૭૭,૨૧૮,૨૧૯,૪૫૦,૫૦૩, ૫૦૭
પુરોહિતવંશ ૨૩૩
પુષ્પમાલા અવચૂરિ ૪૧૪
પુષ્પમાલાપ્રકરણ-ટીકા ૩૭૬
પુષ્પમાલા સ્વોપજ્ઞવૃત્તિ ૨૭૮
પુષ્પવતી-કથા જૂઓ 'પુપ્ફવઈકહા'
પુષ્યગણિ (આ૦) ૩૫૪
પુંડરિકસ્વામી ૩૪,૧૬૦,૧૯૩,૫૫૯
પુંડરીકગણિ ૪૫૫
પુંડરીકચરિત્ર ૩૯૭
પૂજ્યપાદ પંડિત ૪૮૮
પૂર્ણકલશગણિ (૩૦) ૩૬૬,૩૬૭, ૪૯૩,૪૯૮
પૂર્ણચંદ્ર પોરવાડ ૨૧,૨૨,૩૦૬
પૂર્ણચંદ્રસૂરિ ૧૧,૨૫,૧૨૫,૨૦૭, ૨૦૯,૨૧૦,૨૧૭,૨૫૬,૪૫૫, ૪૬૧,૪૬૩,૪૬૫,૫૨૭
પૂર્ણતલ્લગચ્છ ૯,૧૦,૧૫,૧૯૭, ૧૯૯,૨૦૨,૨૧૨,૨૯૫,૪૩૬, ૪૫૮,૪૭૦,૫૦૫,૫૧૩
પૂર્ણતલ્લગચ્છ પટ્ટાવલી ૯-૧૦
પૂર્ણદેવસૂરિ ૨૧૦,૪૬૩
પૂર્ણભદ્રગણિ ૩૬૪
પૂર્ણભદ્ર મહાવીર ૩૮,૪૦,૪૫
પૂર્ણભદ્રસૂરિ ૧૮,૧૮૨,૨૦૩,૨૦૬, ૨૧૭,૪૫૫,૪૬૧
પૂર્ણસાર-કથા ૩૭૨
પૂર્ણિમાગચ્છ જૂઓ 'પૂનમિયાગચ્છ'
પૂર્ણિમાગચ્છ ગુર્વાવલી ૩૯૬
પૂર્ણિમાપક્ષના કેટલાક આચાર્યો ૩૯૭
પૂનડ શેઠ ૧૦૩,૨૨૩
પૂર્નમાર્તન્ડ ધર્મશાસ્ત્ર ૧૨૦
પૂનમિયાગચ્છ (મત) ૮,૯,૧૧,૪૨, ૫૧,૭૦,૧૫૩,૨૬૦,૩૦૦, ૩૦૧,૩૩૧,૩૩૯,૩૯૦થી ૩૯૩,૩૯૬થી ૩૯૮,૪૦૧, ૪૦૩,૪૦૬,૪૦૮,૪૧૩,૪૧૮, ૪૨૫,૪૩૦થી ૪૩૨,૫૨૫, ૫૬૯
પૂનમિયાગચ્છનાં ગોત્રો ૩૯૮
પૂનમિયાગચ્છ પટ્ટાવલી ૩૯૩થી ૩૯૭
પૂનમિયાગચ્છ-પૂર્ણિમાપક્ષ ૩૯૦
પૂના ૧૬૭,૪૩૭,૪૪૧

પૂયગઠ્ઠં ૧૭૪
પૂરણચંદ નાહર જૂઓ 'નાહર લેખસંગ્રહ'
પૂરણચંદ સાલવી ૪૧૨
પૂંજાજી રાવ (ઈડર) ૫૫૦
પૃથ્વીચંદ્રચરિત્ર ૧૪૮,૧૭૫,૨૦૯, ૩૭૭,૪૧૭,૫૬૫
પૃથ્વીચંદ્રસૂરિ ૩૨
પૃથ્વીજયપ્રાસાદ ૬૮,૫૦૧,૫૦૨, ૫૧૨
પૃથ્વીપાલ પોરવાડ (મંત્રી) ૧૮,૭૧, ૯૬,૧૩૪થી ૧૩૬,૧૭૬, ૨૪૧
પૃથ્વીરાજ ચૌહાણ ૯૧,૧૦૨,૧૨૬, ૧૨૭,૧૮૮,૨૭૪
પૃથ્વીરાજરાજર્ષિચરિત્ર ૧૯૨
પૃથ્વીરાજ રાસા ૧૦૫
પેથડ મંત્રી ૧૭૮,૧૯૬,૩૧૯,૫૪૦
પેથડ શાહ ૨૪૬,૨૪૭,૩૨૭
પોઢક પોરવાડ ૩૦૪
પોરવાલ (જ્ઞાતિ/વંશ) ૨,૭,૮,૧૭, ૨૧,૨૨,૬૮,**૧૦૭,૧૩૦**, ૧૩૪,**૨૧૬**,૨૧૭,૨૪૨,**૨૪૬**થી **૨૪૯**,૨૫૫,૨૫૯,૨૬૦,૨૮૦, **૩૦૪**થી **૩૦૮**,**૩૧૧**થી **૩૧૪**, ૩૪૧,૩૪૮,૪૦૦,**૪૦૩**,૪૧૦, ૪૧૧,૪૧૩,૪૧૪,**૪૨૭**,૪૨૮, **૪૪૧**,૪૪૨,૪૫૭,૪૫૮,૪૬૨, **૪૬૬**,૪૬૮,૪૬૯,૪૮૨,૫૦૩, **૫૦૮**,**૫૧૧**થી ૫૧૩,**૫૧૫**, ૫૨૨,**૫૩૪**થી **૫૩૬**,૫૩૮, **૫૫૬**,૫૬૬
પોલડિયા ઓશવાલ ૪૦૯
પોસહવિધિપ્રકરણ ૩૪૩,૩૪૪,૩૯૪
પોસહવિહિવૃત્તિ ૩૪૪
પોસીના તીર્થ ૩૧૩
પૌષધપ્રાયશ્ચિત્ત સામાચારી ૩૯૪
પ્રજ્જુન્નસૂરિ ૪૮
પ્રતાપમલ ૯૧,૯૨,૯૬,૫૦૫,૫૧૯
પ્રતાપસિંહ પરમાર ૧૧૫,૧૭૮
પ્રતાપસિંહ પોરવાલ ૨૧૮
પ્રતાપસૂરિ ૫૫૫
પ્રતિક્રમણ સામાચારી ૩૪૩
પ્રતિક્રમણસૂત્ર-વૃત્તિ ૩૯૪
પ્રતિમાશતક (ટીકા) ૩૯૮,૪૯૩
પ્રત્યક્ષાનુમાનાધિક પ્રકરણ ૩૧
પ્રત્યેકબુદ્ધચરિત્ર (કાવ્ય) ૩૬૬,૩૯૪
પ્રદ્યુમ્ન જૈન ૫૧૨
પ્રદ્યુમ્નમુનિ (સિદ્ધગિરિ) ૨૨૫
પ્રદ્યુમ્નસૂરિ ૬,૯,૧૦,૧૩,૧૫,૧૭, ૧૯,૨૨,૩૮,૫૦,૫૧,૧૪૧, ૧૪૭,૧૬૨,૨૧૬,૨૫૭,૨૮૨, ૩૬૩,૪૩૮,૪૫૧,૪૫૮,૪૫૯, ૫૨૦,૫૨૫થી ૫૨૭,૫૩૦, ૫૩૧,૫૫૫,૫૬૫,૫૭૦
પ્રદ્યોતનગચ્છ ૪૦,૪૫,૫૨
પ્રદ્યોતનસૂરિ ૪૦,૫૧,૫૨,૧૭૯
પ્રબંધકોશ ૮૯,૯૧,૯૩,૯૭,૯૯, ૧૦૦,૧૦૫,૧૦૭,૧૩૩,૧૩૬, ૧૩૮,૧૪૪,૧૪૮,૧૬૯,૧૭૪, ૧૭૬,૧૯૦,૨૨૭,૨૩૦,૨૩૨, ૨૩૭,૨૫૩,૨૮૪,૩૩૭,૩૪૯, ૩૫૩,૪૭૦,૫૦૩,૫૦૭,૫૧૧, ૫૧૯,૫૬૦
પ્રબંધચિંતામણિ ૧૯,૬૨,૬૭,૬૮, ૮૯,૯૭,૯૯થી ૧૦૧,૧૦૫, ૧૦૬,૧૧૭,૧૩૩,૧૩૬,૧૪૧, ૧૪૮,૧૬૯,૨૩૨,૨૫૩,૨૬૪, ૨૭૦,૨૮૨,૨૯૬,૩૧૮,૩૩૭,

૩૫૩,૪૫૦,૪૫૧,૪૭૧,૪૮૬,
૫૦૧,૫૦૩,૫૦૪,૫૦૭,૫૧૧,
૫૧૯,૫૪૭,૫૫૦,૫૫૪,૫૬૯
પ્રબંધરાસ ૧૪૧
પ્રબંધ સંગ્રહ ૧૪૮
પ્રબંધાવલી ૬,૨૭,૬૬,૧૨૦,૨૧૮,
૨૧૯,૨૩૧,૨૩૨,૨૫૩,૩૪૯,
૪૪૭,૪૭૦,૪૯૯,૫૪૩
પ્રબુદ્ધરોહિણેય નાટક ૪૫૯
પ્રબોધચંદ્રગણિ ૩૬૧,૩૬૭
પ્રબોધચિંતામણિ ૪૧૪
પ્રબોધચિંતામણિ ચોપાઈ ૪૧૪
પ્રબોધ્યવાદસ્થલ ૧૪૧,૩૬૩,૪૫૯
પ્રભવસ્વામી ૪૧,૩૫૪
પ્રભસૂરિ ૨૦૬
પ્રભાચંદ્રસૂરિ ૧૪થી ૧૬,૧૮,૬૯,
૧૭૩,૩૧૮,૩૩૧,૩૩૬,૩૯૦,
૪૮૯,૪૯૩,૫૪૮
પ્રભાણિ ૩૬૭
પ્રભાતસ્મરણ (ગ્રંથ) ૪૫૦
પ્રભાનંદસૂરિ ૬,૧૭,૧૫૨,૧૫૩,
૨૮૪,૩૪૬,૪૦૦,૪૦૧,૫૨૭,
૫૨૮
પ્રભાવકચરિત્ર ૧૪,૧૫,૧૮,૧૯,૩૧,
૬૨,૬૯,૮૧,૯૭,૧૨૪,૧૪૫,
૧૪૮,૧૬૯,૧૭૨,૧૭૪,૧૮૩,
૧૮૪,૨૬૪,૨૬૫,૨૭૦,૨૯૬,
૩૧૮,૩૩૭,૩૪૮,૩૪૯,૩૫૩,
૪૪૯થી ૪૫૧,૪૭૦,૪૮૬,
૪૮૮,૫૦૩,૫૧૧,૫૧૨,૫૧૬,
૫૧૯,૫૨૨,૫૪૮,૫૫૦
પ્રભાવતીશ્રી મહત્તરા ૧૦,૧૧
પ્રભાસપાટણ ૩૨,૭૨,૭૩,૮૨,૯૦,
૧૨૭,૧૪૬,૧૫૩,૨૨૦,૨૨૧,
૨૨૫,૨૨૬,૩૨૯,૪૦૦,૪૦૮,
૪૨૦,૪૭૬,૪૭૮,૪૭૯,૫૧૭
પ્રભાસપાટણ પ્રશસ્તિ ૯૬
પ્રભુચંદ્રસૂરિ (ભટ્ટા.) ૪૩
પ્રમાણનયતત્ત્વાલોક-લઘુવૃત્તિ ૪૫૪
પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર ૪૫૦
પ્રમાણપ્રકાશ ૨૦,૧૭૩
પ્રમાણમીમાંસા (વૃત્તિ) ૪૯૧
પ્રમાણસુંદર ન્યાય ૪૬૫
પ્રમાણાંતરભાવ ૫૦
પ્રમાલક્ષ્મ (વૃત્તિ) ૧૬૭
પ્રમેયરત્નકોશ ૩૯૩
પ્રવચનસાર ૩૧,૪૪૮
પ્રવચનસારોદ્ધાર ૩૩૧,૩૩૨
પ્રવચનસારોદ્ધાર ટિપ્પન ૩૧,૩૩૨
પ્રવચનસારોદ્ધાર-ટીકા ૨૦,૩૩૨
પ્રવચનસારોદ્ધાર-બાલાવબોધ ૩૩૨
પ્રવ્રજ્યાવિધાન-વૃત્તિ ૪૫૮
પ્રશમરતિ-ટીકા ૫૨
પ્રશસ્તપાદ પંડિત ૨૮૩
પ્રશસ્તિસંગ્રહ ૩૩,૫૧,૧૬૨,૧૬૭,
૨૧૮,૩૨૮,૩૪૧,૩૪૭,૩૭૧,
૩૭૬,૩૭૭,૩૭૯,૩૮૩,૪૧૯,
૪૨૭,૪૨૮,૪૩૭,૪૪૧,૪૫૮,
૪૬૦થી ૪૬૨,૪૬૫,૪૬૭,
૪૯૪,૫૨૮,૫૩૪,૫૩૯
પ્રશ્નવાહનકુલ ૨૭૩
પ્રશ્નશતક (વૃત્તિ) ૩૬,૩૭
પ્રશ્નાવલી ૩૩૮
પ્રશ્નોત્તરમાલા-વૃત્તિ ૩૪૫
પ્રશ્નોત્તરમાલિકા-ટીકા ૩૪૬
પ્રશ્નોત્તરરત્નમાલા ૩૬૭
પ્રશ્નોત્તરરત્નમાલા-વૃત્તિ ૩૯૩,૩૯૫
પ્રશ્નોત્તરશતક-ટીકા ૩૪૪

પ્રશ્નોત્તર ષષ્ટિશતક ૩૪૧,૩૪૩, ૩૪૮,૩૫૨
પ્રસન્નચંદ્રગણિ ૧૭૪
પ્રસન્નચંદ્રરાસ ૨૧૧
પ્રસન્નચંદ્રસૂરિ ૨૧,૫૨,૧૭૨,૧૭૩, ૩૪૧,૪૫૭,૪૬૪,૫૬૪
પ્રસન્નરાઘવ નાટક ૨૩૪
પ્રસાદ દ્વાત્રિંશિકા ૪૮૪,૪૮૬
પ્રહ્લાદન પરમાર ૮૫,૯૧,૯૯,૧૯૦, ૧૯૧,૨૫૦
પ્રજ્ઞાતિલકસૂરિ ૧૫૨,૪૩૪,૪૩૫
પ્રાકૃતચરિત્રો ૧૩૬
પ્રાકૃતચંદ્રિકા ૪૯૪
પ્રાકૃત છંદઃકોશ-ટીકા ૪૬૭
પ્રાકૃતભાષા ૧૭૬
પ્રાકૃતવિંશિકા ૩૬૦
પ્રાકૃતવ્યાકરણ ૪૯૦,૪૯૪
પ્રાકૃતવ્યાકરણ બૃહદ્વૃત્તિ ૪૯૦
પ્રાકૃતવ્યાકરણ લઘુવૃત્તિ ૪૯૦
પ્રાકૃત-શબ્દસમુચ્ચય ૩૮૧,૪૯૩
પ્રાચીન ગુજરાત ૫૩
પ્રાચીન જૈન લેખસંગ્રહ ૧૭,૨૨,૩૭, ૩૮,૪૦,૪૬,૪૯,૧૧૫,૧૨૩થી ૧૨૫,૧૩૫,૧૭૫,૧૭૬,૨૦૫થી ૨૦૭,૨૧૩,૨૭૧,૨૮૪,૩૧૩, ૪૬૧,૪૬૩,૫૨૪,૫૩૨
પ્રાચ્ય જૈન વિદ્યાભવન ૩૨
પ્રાભાતિકસ્તુતિ ૩૩૮
પ્રાંતીજ ૫૧૨
પ્રિયગ્રંથસૂરિ ૨૭૩
'પ્રિયદર્શના' પુસ્તક ૭૯
'પ્રિયંવદા' માસિક ૧૦૭
પ્રીતિસાગરગણિ ૩૮૮
પ્રેમકલા બેગમ ૧૦૪,૨૨૩
પ્રેમધીરગણિ ૩૭૭
પ્રેમાભાઈ નગરશેઠ ૫૩૧

(ફ)

ફર્ગ્યુસન ૨૪૦,૨૫૧,૨૫૨
ફત્તેહસાગરજી ગણિ ૪૨૪
ફરમાન ૫૮,૧૫૯,૧૬૫,૧૬૬, ૨૭૪,૩૫૦,૩૮૧
ફલોધિ ૧૮૦,૪૪૯,૫૪૧,૫૪૨
ફલોધિપાર્શ્વનાથ તીર્થ ૪૪,૩૪૯, ૩૫૦,૩૬૩,૪૪૯,૪૫૦, **૫૪૧થી ૫૪૩**
ફલ્ગુમિત્રસૂરિ ૧૬,૧૯૭
ફાર્બસ (રાસમાલા) ૨૫૨
ફારસી ઇતિહાસ ૧૦૦
ફિરોજશાહ તઘલખ ૪૬૫
ફીલણી ગામ ૧૧૪,૨૦૩,૨૦૪
ફૂલચંદ્રજી મહાત્મા ૨૦૮

(બ)

બકુલાદેવી ૬૦,૬૨,૭૩
બર્જેસ ૧૮૯
બદરિયા ગોત્ર ૪૬૮
બનારસ ૧૩૧,૧૬૫,૪૧૦,૫૫૭
બનારસીદાસ (દિ.) ૩૮૬,૫૫૭
બપ્પભટ્ટિસૂરિ ૪૩,૪૪,૫૦,૧૨૭, ૧૫૭,૧૮૨,૨૬૧,૫૩૦,૫૫૭, ૫૬૩
બલભદ્રસૂરિ ૧૨૭,૧૬૨
બલાબલવાદનિર્ણય ૪૯૧
બલાબલવાદનિર્ણય-બૃહદ્વૃત્તિ ૪૯૧
બલ્લાલ કવિ ૧૨૧
બલ્લાલ રાજા ૭૮,૧૧૪,૨૮૦
બહાદુરશાહ ૧૫૮,૧૫૯
બહુચરાજી ૧૫૫,૧૫૬,૩૭૪
બહુલ આર્ય ૪૧

બહોરા ગોત્ર ૪૫,૪૦૭
બળદ (રાજચિહ્ન) ૫૩
બંબ ગોત્ર ૨૮૫
બંભણવાડુ-પાટન ૨૮૦,૩૦૭,૫૩૬
બાડમેર ૪૦૨
બાડુક (બાઢુઆ) નાગર ૫૩૧,૫૩૨
બાણ કવિ ૧૦,૨૯૫
બાદરમલજી બાફણા ૩૮૮
બાદશાહનું મંદિર ૨૪૯
બારપ ૫૫,૫૬,૬૨,૧૧૦,૧૧૧
બારસવયં ૩૩૮
બારસાસૂત્ર સચિત્ર (સોનેરી) ૪૧૮
બાલચંદ્રજી મુનિ ૧૫૨
બાલચંદ્રસૂરિ ૧૫,૨૨,૨૩,૩૭,૬૯, ૯૮,૧૪૩,૨૨૪,૨૩૧થી ૨૩૩,૨૫૩,૩૮૪,૪૮૦થી ૪૮૪,૫૬૫,૫૬૬,૫૭૦
બાલપ્રસાદ ચૌહાણ ૧૧૪,૧૨૩
બાલપ્રસાદ રાઠોડ ૧૧૧
બાલભારત ૫૬૧
બાલભાષા વ્યાકરણ ૪૯૦
બાલભાષા વ્યાકરણવૃત્તિ ૪૯૦,૪૯૪
બાલાપુર ૩૨૬
બાલાવબોધ કથા ૪૬૫
બાવનવીરો ૩૨૧,૩૨૨
બાહડ પોરવાડ ૨૦૬
બાહડ (વાહડ) મંત્રી ૬૮,૭૧,૭૪, ૭૫,૮૧,૮૨,૮૪,૮૫,૯૬,૧૦૭, ૧૩૭થી ૧૪૦,**૧૪૪થી ૧૪૬**, ૨૨૫,૪૭૯,૫૦૧,૫૦૩,૫૧૫, ૫૧૭,૫૧૯,૫૨૧થી ૫૨૪, ૫૪૯
બાહુદિયા ગોત્ર ૪૬૮
બાંઠિયા ગોત્ર ૧૭૭,૪૬૮
બાંદનવાડા ૪૨૬
બિકાનેર ૪૦,૭૬,૧૮૦,૧૮૧,૨૩૮, ૩૫૦,૩૫૫,૩૫૬,૩૬૦થી ૩૬૨,૩૭૯થી ૩૮૧,૩૮૩થી ૩૮૬,૩૮૮થી ૩૯૦,૪૬૭
બિજલ કલચૂરી જૂઓ 'વિજ્જલરાય'
બિનકિયા ગોત્ર ૪૬૮
બિલ્હણ કવિ ૬૪,૨૧૫
બિલ્હણ (ચૌર) પંચાશિકા ૬૪,૨૧૫
બિલ્હણપંચાશિકા-ચોપાઈ ૨૦૮
બિશપ હેબર ૨૪૦
બીજોલ્યા ૭૬
બુદ્ધિ-વિમલાસતીરાસ ૩૯૮
બુદ્ધિસાગરગણિ (૩૦) ૪૨૨
બુદ્ધિસા.ધા.પ્ર.લેખસંગ્રહ ૭,૪૬,૪૭, ૪૩૧,૪૫૬,૪૫૮,૪૬૩
બુદ્ધિસાગર-વ્યાકરણ ૧૬૮,૧૭૯, ૪૮૯
બુદ્ધિસાગરસૂરિ ૧૦,૪૮,૪૯,૫૮, **૧૬૫થી** ૧૬૮,૧૭૦,૧૭૯, ૩૪૮,૩૯૨,૪૫૬,૪૮૯,૫૨૭
બુરહાનપુર ૫૩૬
બુહડ ગોત્ર ૪૦૭
બૂરડ ગોત્ર ૪૬૮
બૃહચ્છાંતિ અવચૂરિ ૪૬૮
બૃહત્ તપાગચ્છ ૫૪૦
બૃહત્શાંતિ ૨૦૨
બૃહદ્ગચ્છ જૂઓ 'વડગચ્છ'
બૃહદ્ગચ્છ ગુર્વાવલી ૧૬૫,૩૩૫, ૩૩૭,૪૫૨,૪૬૨
બૃહદ્હેમપ્રભા ૪૯૪
બેડાવૃત્તિ ૩૬
બેણપ (બેન્નાતટ) ૧૨,૧૦૯,૨૪૬, ૪૦૨,૪૦૫થી ૪૦૭,૪૧૨

બોરેચા ગોત્ર ૪૦૭
બોહિત્થ શ્રીમાલી ૧૩૮
બ્રહ્મકલ્પ ૩૬૪
બ્રહ્મદેવ પોરવાડ ૨૧,૩૦૬
બ્રહ્મદેવસૂરિ ૪૫૫
બ્રહ્મદ્વીપિકા (શાખા) ૪૮
બ્રહ્મપુરી ગામ ૯૦
બ્રહ્મશાંતિ (શાસન)દેવ ૨૫૫
બ્રહ્માણગચ્છ ૪૮-૪૯,૧૫૩,૪૩૯, ૪૫૯,૫૩૧
બ્રહ્મેન્દ્ર (શત્રુંજયોદ્ધાર) ૧૩૬
બ્રાહ્મણકુંડ ૨૫૭
બ્રાહ્મણવાડા ૧૧૫,૨૫૭,૨૮૦,૫૫૪

(ભ)

ભક્તામરસ્તોત્ર ૧૭૭,૨૯૬,૨૯૮, ૫૧૮
ભક્તામરસ્તોત્ર-પાદપૂર્તિ ૩૮૨
ભક્તામરસ્તોત્ર-વૃત્તિ ૫૦,૧૭૧,૧૯૯, ૨૯૮,૩૪૭,૩૮૨,૫૧૭,૫૧૯
ભક્તિ દ્વાત્રિંશિકા ૪૮૬
ભગવઈસુત્તશતકવૃત્તિ ૪૩૯
ભગવતીસૂત્ર-વૃત્તિ ૨૦૫,(૨૬૦), ૩૦૬,૩૧૦,૩૧૧
ભટુઆર ૩૧૯
ભટેવર ૩૧૯
ભટેવાપાર્શ્વનાથ ૩૧૫,૩૧૯,૪૧૨
ભટેવાપાર્શ્વનાથ સ્તવન ૩૯૮
ભટ્ટસ્વામીસૂરિ ૪૨
ભટ્ટારકગચ્છ (ખરતરગચ્છ) ૩૮૭
ભટ્ટારકશાખા (વડગચ્છ) ૪૬૧
ભટ્ટિકાવ્યની ટીકા ૪૬૩
ભણશાલી (ગૂર્જર શ્રીમાલી શાખા) ૩૭૫,૪૦૩,૪૬૮,૫૩૪,૫૩૭, ૫૩૮
ભર્તુહરિશતકત્રય ૩૪૭
ભદ્રપ્રાસાદ ૨૦૭
ભદ્રબાહુસ્વામી ૪૧,૩૫૪
ભદ્રમેરુગણિ (૩૦) ૪૬૧
ભદ્રસૂરિ ૪૮,૪૯
ભદ્રાવતી ૬૧,૬૩,૮૨,૧૦૩,૨૯૯, ૩૦૦થી ૩૦૩,૩૯૨,૫૧૮, ૫૫૫
ભદ્રેશ્વર ૧૦૨,૧૦૩,૧૮૮,૨૯૯, ૩૦૦,૩૦૧,૪૨૦,૪૨૧
ભદ્રેશ્વરસૂરિ ૧૫,૧૬,૧૯થી ૨૫, ૨૦૬,૨૧૪,૨૩૨,૨૩૩,૩૯૨, ૩૯૩,૩૯૬,૩૯૭,૪૩૧,૪૩૨, ૪૫૦,૪૫૨,૪૫૩,૪૫૪,૪૬૧, ૫૦૧,૫૦૨,૫૪૦,૫૬૯
ભયહરસ્તોત્ર-ટીકા ૩૭૦
ભરતચક્રવર્તી ૧૩૬,૧૩૭
ભરત-બાહુબલી ૨૩૭
ભરતનો વંશ ૩૦૮
ભરતશાખા (રાજગચ્છ) ૨૬
ભરતેશ્વરસૂરિ ૧૬,૨૬,૨૮
ભરૂચ ૩,૪૬,૭૫,૮૬,૯૧,૯૫, ૧૦૨,૧૦૩,૧૨૨,૧૪૦,૧૪૩, ૧૭૩,૨૧૩,૨૧૪,૨૨૨,૨૨૩, ૨૭૬,૨૯૩,૩૦૯,૩૬૦,૪૪૧, ૪૪૨,૪૫૪,૪૫૭,૫૨૪,૫૪૪, ૫૬૦,૫૬૩
ભવભાવના ટબો ૫૬૫
ભવભાવના (સવૃત્તિ) ૨૭૮,૩૦૬
ભવાનીસહસ્રનામસ્તોત્ર ૪૧૮
ભવિસયત્તકહા ૨૯૬
ભંડારી ગોત્ર ૧૨૨,૧૭૭
ભંભેરી (બંબેરગઢ) દેશ ૯૩
ભાટસંવત ૩૯૯

ભાટો (બારોટો) ૩૮૮
ભાણજી સોલંકી ૧૦૯,૩૯૯
ભાતૃચંદ્રસૂરિ ૪૬૭
ભાનુચંદ્રગણિ (ઉ૦) ૬૮,૧૯૫,૩૮૩, ૪૯૪,૫૩૬,૫૪૩,૫૪૬
ભાનુચંદ્રસૂરિ ૪૬૭
ભાનુપ્રભ મુનિ ૩૭૭
ભાનુપ્રભસૂરિ ૪૦૨
ભાનુમેરુગણિ (ઉ૦) ૧૩૭
ભામહ પંડિત ૨૭
ભાયખલા (મુંબઈ) ૪૨૩
ભાયચંદજી મુનિ ૪૨૪
'ભારતીય વિદ્યા' ત્રૈમાસિક ૫૬,૬૨, ૯૭
ભારદ્વાજ પંડિત ૩૬૬
ભારમલ્લજી રાવ (ભૂજ) ૪૨૧
ભાલેજ ૨૨૨,૪૦૩થી ૪૦૫
ભાલોદ ૬૪,૬૫,૬૮,૧૩૯
ભાવકર્મપ્રક્રિયા ૪૧૫
ભાવચંદ્રસૂરિ ૨૦૮,૩૯૭
ભાવદેવસૂરિ ૧૭,૪૬૨,૫૨૪,૫૨૮
ભાવનગર ૧૦૭,૩૨૯,૫૪૬,૫૪૭
ભાવનગર ઈન્સ્ક્રીપ્શન ૯૦
ભાવપ્રભસૂરિ ૩૯૮,૪૧૮,૪૧૯
ભાવ બૃહસ્પતિ ૯૦,૯૬,૪૭૮,૪૭૯
ભાવરત્નસૂરિ ૩૭૬,૩૯૮
ભાવવર્ધનગણિ (ઉ૦) ૪૧૮
ભાવવિજયગણિ ૫૫૩
ભાવવિજયગણિ (ઉ૦) ૨૭૫,૩૨૫, ૩૨૬
ભાવશેખરગણિ (ઉ૦) ૩૦
ભાવસાગરજી મુનિ ૪૨૪
ભાવસાગરસૂરિ ૩૯૮,૪૦૧,૪૧૮
ભાવસિંહજી ગોહિલ ૫૪૭
ભાવસુંદરી ગણિની ૪૬,૩૦૯
ભાવાચાર્યગચ્છ ૧૧૨,૧૯૯,૨૭૧, ૩૧૯,૪૩૦,૪૩૭,૫૨૪,૫૬૪
ભાવાચાર્યગચ્છ પટ્ટાવલી ૧૫૩
ભાવારિવારણસ્તોત્ર(વૃત્તિ) ૩૪૩,૩૭૨
ભાષ્ય ૨૦૬
ભાંડારકર ઓ.રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટ ૧૬૭, ૩૩૮,૩૪૧,૩૯૨
ભાંદકતીર્થના લેખો ૩૯૬
ભિન્નમાલ ૧૧,૧૨,૩૬,૫૩,૫૫,૫૮, ૧૦૮,૧૦૯,૨૦૨,૩૧૫,૪૦૦, ૪૦૨,૪૦૭,૪૧૩,૪૫૨,૫૦૨, ૫૩૫,૫૩૬,૫૬૯
ભિન્નમાલશાખા (વડગચ્છ) ૪૫૨, ૪૬૯,૫૨૯
ભિલ્સા પ્રદેશ ૧૦૬
ભિષ્મપિતામહ ૪૭૪
ભીડભંજન પાર્શ્વનાથ ૧૮૭
ભીમકુંડ (ગિરનાર) ૫૨૨
ભીમકુંડ (શત્રુંજય) ૫૨૨
ભીમદેવ ચૌલુક્ય ૫૭,**૫૮થી** ૬૨,૭૩, ૯૨,૯૪,૯૯,**૧૦૧થી ૧૦૫**, ૧૦૭,૧૦૮,૧૧૪,૧૧૫,૧૧૮, ૧૧૯,૧૨૧,૧૨૩,૧૨૫,૧૩૦, ૧૩૧,૧૩૨,૧૬૬,૧૭૧,૧૯૯, ૨૦૧,૨૧૩,૨૧૬,૨૨૦,૨૨૧, ૨૩૩,૨૩૬,૨૪૨,૨૬૪થી ૨૬૭,૨૬૯થી ૨૭૧,૨૭૩, ૨૯૬,૩૦૦,૩૦૧,૩૧૪,૩૪૯, ૫૦૬,૫૧૧,૫૧૪,૫૩૪,૫૬૮
ભીમદેવ વરહુડિયા ૪૬,૩૧૦,૩૧૧
ભીમદેવસૂરિ ૪૩
ભીમપલ્લીશાખા ૩૯૬થી ૩૯૮
ભીમ રાણો (બેણપ) ૪૦૭

ભીમાશાહ (ખંભાત) ૫૨૨
ભીમાશાહ પોરવાડ ૨૪૬,૨૪૭,૫૨૨
ભીમો કુંડલિયો ૧૪૫,૧૪૬,**૫૨૧-૫૨૨**
ભીમો ખેડૂત ૭૪,૭૬
ભીમો સાથરિયો ૫૦૨,૫૨૨
ભીલડિયા ૮૦,૧૦૧,**૧૮૫-૧૮૬**, ૩૬૫,૩૭૩,૩૭૪,૫૫૬
ભીલડિયા પાર્શ્વનાથ ૧૮૫,૧૮૬,૫૫૬
ભુવનચંદ્રગણિ ૧૭૭
ભુવનચંદ્ર શેઠ ૨૫,૫૫૦
ભુવનચંદ્રસૂરિ ૨૪,૨૫,૨૨૪,૫૫૦, ૫૬૩
ભુવનતિલકસૂરિ ૩૯૫
ભુવનતુંગસૂરિ ૩૧૫,૩૧૯,૪૧૨, ૪૧૬
ભુવનદીપકગ્રહ ભાવપ્રકાશ ૪૬૪
ભુવનદીપક ટીકા ૨૧,૪૬૪
ભુવનપાલ ઓશવાલ ૧૮૫
ભુવનપાલ રાજા ૧૭૭,૨૭૪,૫૦૦
ભુવનપ્રભસૂરિ ૩૯૭
ભુવનરત્નસૂરિ ૩૭૫
ભુવનસુંદરસૂરિ ૧૮૭,૧૮૯,૫૪૦
ભુવનાદિત્ય ચૌલુક્ય ૫૪
ભૂજ ૪૨૧,૪૨૨
ભૂતેડિયા ગોત્ર ૪૬૮
ભૂલાનગર ૫૦૦
ભૂષણ વાદી (દિ.) ૧૯૪
ભેરુલાલ દોશી ૧૯૫
ભૈરવપદ્માવતીકલ્પ ૩૭૦,૫૪૮
ભોગીલાલ સાંડેસરા ૧૦૧,૨૩૪, ૨૮૩,૪૫૫
ભોજક (જ્ઞાતિ) ૧૫૬,૫૪૫
ભોજદેવ (કનોજ) ૫૩
ભોજપ્રબંધ ૧૧૭,૨૦૮
ભોજ રાજા (માલવા) ૨૭,૫૭,૫૯, ૧૦૮,૧૧૪,**૧૧૭થી ૧૨૧**, ૧૨૩,૧૩૨,૧૬૫,૧૯૦,૨૦૦, ૨૦૧,૨૬૨,૨૬૩,૨૬૫થી ૨૭૩,૨૮૫,૨૮૭થી ૨૯૦, ૨૯૨થી ૨૯૪,૨૯૬,૨૯૮, ૪૭૭,૪૮૮,૫૦૧
ભોજવ્યાકરણ ૨૬૮,૪૭૭
ભોપાલદેવી ૭૩,૮૩,૯૧,૯૬
ભોપાલસાગર ૧૯૬
ભોપાવરતીર્થ **૧૮૧**
ભોપાવરતીર્થનો રિપોર્ટ ૧૮૧
ભોરોલ **૧૮૩થી ૧૮૫**,૪૦૨,૪૫૦
ભોંયણીતીર્થ ૫૨૩,૫૬૦

(મ)

મકરાણા ૩૫૬
મકલપ્પનો વંશ ૫૧૯
મક્સીજી તીર્થ ૩૮૮
મકસૂદાબાદ ૩૮૮,૩૮૯
મગધ ૧૩૦,૨૫૬
મજિઝમાશાખા ૨૭૩
મડાર / મડાહડ જૂઓ 'મંડાર'
મડાહડગચ્છ ૨૨,૧૯૭,૧૯૯,**૨૦૩થી ૨૦૯**,૨૧૨,૪૪૧,૫૩૦,૫૬૫
મડાહડગચ્છ-થારાપદ્રગચ્છ ૨૦૩
મડાહડગચ્છ પટ્ટાવલી **૨૦૫થી ૨૦૯**
મણિપતિચરિયં ૧૬૩
મણિભદ્રસૂરિ ૩૩૭,૪૫૩,૫૬૫
મણિરત્નસૂરિ ૫૨૪,૫૫૬,૫૫૯,૫૬૦
મણિલાલ ત્રિવેદી ૧૦૭
મણિલાલ વ્યાસ ૫૩૫,૫૩૬
મણોરમાકહા ૧૭૪
મતપરીક્ષા પંચાશત્ ૪૫૪

મતિરાજગણિ ૩૭૭
મતિવિમલગણિ ૩૭૭
મતિસુંદરસૂરિ ૨૦૯
મત્સ્યદેશ ૩૨૪
મત્સ્યોદરરાસ ૩૯૭
મદનચંદ્રજી મહારાજ ૪૫૮,૫૬૨
મદનચંદ્રસૂરિ ૧૭,૨૨૦,૨૬૦,૩૦૭, ૪૫૩,૪૫૭,૪૫૮
મદન પંડિત ૨૩૪
મદનપાલ ૬૪,૨૧૩
મદનપ્રભસૂરિ ૫૬૬
મદનરેખાસંધિ ૩૭૦
મદનવર્મા ૬૬,૭૨,૩૦૨
મદનસુંદરી ગણિની ૩૦૯
મધુકરગચ્છ ૩૪૨,૩૪૫,૩૪૬,૩૫૧, ૩૫૬,૩૬૧,૩૯૧
મધુવાજી ૩૫,૨૦૩,૨૦૪
મધુસૂદન મોદી ૪૮૧,૪૯૯
મધ્યમાશાખા (કોટિકગણ) ૩૫
મનકચંદ્રગણિ ૨૦૮
મનોદયગણિ (૩૦) ૪૬૧
મનોનિગ્રહભાવના ૨૯
મમ્મટ કવિ ૨૭
મયણલ્લદેવી જૂઓ 'મીનલદેવી'
મયૂર કવિ ૧૦
મરુદેવી ગણિની ૧૬૭,૫૧૨
મરુદેવીમાતા ૪૩૪
મલધા(રી)૨ ગચ્છ ૨૧૪,૨૧૭,૨૨૪, ૨૩૩,૨૫૪,૨૭૩,૨૮૫,૩૦૮, ૩૦૯,૩૩૯,૩૭૦,૪૩૬,૪૫૪, ૪૬૮,૫૨૩,૫૩૦,૫૩૬,૫૬૫
મલધારગચ્છનાં જૈનગોત્રો ૨૮૫
મલધારગચ્છ પટ્ટાવલી ૨૭૩થી ૨૮૫
'મલધાર' બિરુદ ૬૩,૨૭૪
મલયકીર્તિગણિ ૩૧૦
મલયગિરિસૂરિ ૩૪૪,૪૩૯-૪૪૦, ૪૭૧,૪૭૨
મલયચંદ્રસૂરિ ૩૦,૩૯૨,૪૫૭,૪૫૮, ૪૬૯,૫૨૯,૫૪૦
મલયપ્રભસૂરિ ૫૨,૨૬૦,૩૦૭, ૩૯૭,૫૬૬
મલયહંસ મુનિ ૪૬૧
મલયાસુંદરીચરિત્ર ૪૨૭
મલયેન્દુસૂરિ ૨૬,૫૨૯
મલ્લગણિ ૩૭૭
મલ્લદેવ પોરવાડ ૨૧૮,૨૨૬
મલ્લરાજ શેઠ ૩૭૬
મલ્લવાદીગચ્છ ૧૭૦,૧૭૧,૩૧૭
મલ્લવાદીસૂરિ ૪૩,૧૬૩,૨૨૩, ૨૨૪,૨૩૩,૪૩૮,૫૬૦
મલ્લિકાર્જુન ૮૯,૧૧૪,૧૪૨,૧૪૩
મલ્લિકામકરંદ નાટક ૪૮૫
મલ્લિનાથ ૪૬,૨૨૬
મલ્લિનાથચરિત્ર ૨૬૧,૩૩૭,૫૬૩
મલ્લિનાહચરિયં ૧૩૬,૧૬૪,૧૭૬
મલ્લિષેણસૂરિ ૬,૨૩૨,૩૬૯,૩૭૦, ૪૯૩,૪૯૯,૫૬૦
મસ્જિદો ૭૯,૯૧,૧૮૭,૧૯૨,૨૨૮
મહણ(મહણ્ણલ)દેવી ૨૨૧,૨૨૩
મહણસિંહ શેઠ ૨૮૪
મહણીકદેવી ૧૮૩,૧૮૫
મહમ્મદ ખિલજી ૫૬૪
મહમ્મદ ગિઝની ૫૮,૫૯,૬૧,૧૧૩, ૧૭૭,૧૭૮,૧૯૧,૨૯૪
મહમ્મદ તઘલખ ૩૨૭,૩૨૮,૩૬૮, ૪૫૩,૪૫૭
મહમ્મદ બેગડો ૧૩૦,૧૫૮,૧૮૭, ૧૮૮,૨૨૫,૨૪૭,૩૨૭,

(૪૧૫), ૫૩૬
મહમ્મુદ ગ્યાસુદ્દિન ૩૭૬
મહરિસીકુલયં (ઋષિમંડલ) ૩૯૩
મહર્ષિ પંડિત ૭૧,૪૪૬,૪૪૮
મહાકપ્પસૂઅ-પેઢિયાવૃત્તિ ૪૩૯
મહાકાલમંદિર ૬૭,૨૩૪,૨૯૨
મહાકાલીદેવી ૧૮૮,૧૮૯,૨૯૧, ૪૦૫,૪૧૨,૪૧૭,૪૨૧
મહાગિરિ આર્ય ૪૧,૩૫૪
મહાજન ગોત્ર ૪૦૨
મહાજનવંશ મુક્તાવલી ૨૩૮,૩૫૦, ૩૮૦,૩૮૪
મહાદેવ ૮૨,૧૬૬,૨૯૨,૪૭૮
મહાદેવ નાગર (મંત્રી) ૭૧,૯૬
મહાદેવસ્તોત્ર ૪૭૮,૪૭૯,૪૯૨,૪૯૫
મહાનંદગણિ ૩૫૦,૩૮૩,૩૮૪
મહાનંદસૂરિ ૪૨,૩૪૬
મહાપુરિસચરિયં ૨૪,૫૧૪
મહાબલ-મલયાસુંદરીચરિત્ર ૪૧૭
મહાભાષ્ય ૪૮૮
મહારાષ્ટ્ર ૯૩,૧૦૩,૧૦૬
મહાવિદેહ ક્ષેત્ર ૨૨૭
મહાવિદ્યાવિડંબન ૧૮૭
મહાવીરચરિત્ર ૧,૫૦,૫૨,૧૬૪, ૧૭૩,૧૭૭,૩૨૭,૩૩૨,૩૪૮, ૩૫૨,૫૨૬
મહાવીરચરિયં-વૃત્તિ ૩૭૬
મહાવીર જન્માભિષેક ૪૬૩
મહાવીરજી તીર્થ ૪૦
મહાવીરથયં ૧૭૦
મહાવીર બત્રીશી ૪૧૪
મહાવીરરાસ ૧૮૫
મહાવીરસ્વામી ૨,૧૨,૧૯,૩૩થી ૩૭,૪૨,૪૫થી ૪૭,૬૧,૬૭, ૧૧૫,૧૨૩થી ૧૨૫,૧૩૫, ૧૬૩,૧૬૫,૧૭૦,૧૭૫,૧૮૦, ૧૮૧,૧૮૩,૧૮૫,૧૮૭,૧૯૧, ૧૯૫,૧૯૮,૨૦૪,૨૦૬,૨૧૦, ૨૧૧,૨૪૨,૨૪૬,૨૫૦,૨૫૧, ૨૫૪,૨૫૭થી ૨૫૯,૩૦૧, ૩૦૪,૩૦૫,૩૦૭,૩૧૨,૩૨૨, ૩૨૭,૩૩૨,૩૪૧,૩૪૨,૩૫૪, ૩૫૮,૩૬૨,૩૬૫,૩૬૯,૩૭૩, ૩૮૪,૩૯૩,૪૦૯,૪૨૧,૪૩૭, ૪૪૪,૪૪૯,૪૫૪,૪૫૬,૫૧૧, ૫૧૩,૫૧૪,૫૧૮,૫૨૩,૫૩૦, ૫૩૨,૫૩૯,૫૪૪,૫૫૪
મહાવીરસ્વામી સ્તવન ૧૮૦
મહિધરસૂરિ ૪૧
મહિમાપુર ૩૮૮,૩૮૯,૪૬૨
મહિમાપ્રભસૂરિ ૩૯૮,૪૧૯
મહિમાશ્રીજી મહત્તરા ૪૧૬,૪૨૮
મહિમેરુ મુનિરાજ ૪૧૭
મહિવાલકહા ૨૦
મહિષપુર ૧૭૫,૩૧૭
મહીતિલકસૂરિ ૩૦,૪૧૬
મહીનદી ૧૮૧,૨૨૨,૫૩૬
મહીપતરામ નીલકંઠ ૫૬,૬૧,૬૫, ૯૮,૧૦૫,૧૨૭,૧૩૦
મહીપાલ ૭૩,૭૫,૯૮,૧૧૩
મહીપાલ પરમાર ૪૦૫
મહીરોલ ગોત્ર ૨૦૨
મહુવા ૧૪૬,૩૨૯,૪૨૬,૫૧૭,૫૩૫
મહેન્દુ પોરવાડ ૧૩૪,૨૪૧
મહેન્દ્રગણિ ૪૫૮,૫૬૨
મહેન્દ્ર ચૌહાણ (નાડોલ) ૫૭,૫૮, ૧૨૩,૨૬૫
મહેન્દ્રપ્રભસૂરિ ૪૧૩,૪૧૫,૪૧૬

મહેન્દ્રસિંહસૂરિ (અંચલગચ્છ) ૯૧, ૧૦૦,૧૮૭,૩૩૬,૩૪૨,૩૪૪, ૩૫૮,૩૯૨,૪૦૨,૪૦૪,૪૦૮, **૪૧૦થી ૪૧૨**,૫૬૩
મહેન્દ્રસૂરિ ૫,૧૨,૧૩,૩૦,૧૧૯, ૧૭૭,૧૯૯,૨૦૦,૨૧૦,૨૫૯, **૨૬૧થી ૨૬૪**,૨૮૫,૨૮૬, ૨૯૧,૨૯૪,૩૨૭,૩૩૩,૩૩૪, ૩૯૩,૪૫૭,૪૫૮,૪૬૨,૪૮૬, ૪૯૩,૫૨૯,૫૪૨,૫૫૯,૫૬૪
મહેમદાવાદ ૪૮૦,૫૫૩,૫૫૪
મહેશ્વરગણિ ૪૦
મહેશ્વરસૂરિ ૩૪,૪૦,૪૨થી ૪૫,૫૧, ૧૭૨,૩૩૩,૪૩૮,૪૫૯
મહેસાણા ૪૭,૫૦,૩૨૦,૩૯૩,૪૬૪
મંકાનગર ૨૧૩,૫૧૩
મંગલદીવો ૧૫૭
મંડન કવિ ૩૭૬,૫૩૭
મંડલિક ઓશવાલ ૨૪૭
મંડલિક પોરવાડ ૪૨૭
મંડાર ૧૧૪,**૨૦૩થી ૨૦૬**,૨૦૯, ૨૪૫,૩૦૪થી ૩૦૬,૪૪૧, ૫૩૦
મંડુકેશ્વર ૬૧,૬૨,૭૩
મંડોવર ૨૯,૨૪૧,૩૭૬,૩૭૮, ૩૮૭,૩૮૮
મંત્રરાજરહસ્ય (ટીકા) ૨૧
મંત્રાધિરાજ કલ્પ ૪૩૩
મંત્રાધિરાજચિંતામણિ સ્તોત્ર ૫૧૪
મંત્રીવંશ ૧૩૦,૨૩૩
માઉદેવી ૯૧,૧૪૨,૧૪૭
માઘ કવિ ૧૧૯,૩૮૨
માઠુમલજી ભણશાલી (દિલ્હી) ૫૩૮
માણભટ્ટ ૫
માણિક્યચંદ્રસૂરિ (રાજગચ્છ) ૨૬-૨૭, ૨૩૩,૨૯૮,૪૩૮,૫૬૪
માણિક્યદેવસૂરિ ૪૫૬,૪૬૨
માણિક્યપ્રભસૂરિ ૧૫૨,૪૩૨,૪૩૩, ૫૬૪
માણિક્યરત્નસૂરિ (ભટ્ટા.) ૨૦૯,૫૬૫
માણિક્યસાગરસૂરિ ૫૬૫
માણિક્યસુંદરસૂરિ ૪૧૬,૪૧૭,૫૬૫
માણિક્યસૂરિ ૪૬૦,૫૬૪,૫૬૫
માણિભદ્રવીર ૨૦૯,૨૪૭,૩૨૫, ૩૨૬,૩૫૭,૩૬૦
માણુસજમ્મકુલયં ૧૭૪
માણેકચંદ ઓશવાલ ૩૨૬
માણેકચંદ પોરવાલ ૧૩૪
માણેકચંદ્રગણિ ૪૪૪,૫૬૫
માણેકચંદ્રસૂરિ ૪૬
માણેક્યચંદ્રસૂરિ (વડગચ્છ) ૨૧૫,૪૫૩, ૪૫૫,૪૫૬,૪૫૯
માણેકવિજયગણિ ૨૫૯
માણેકશેખરગણિ (૩૦) ૪૧૬
માણેક્સુંદરગણિ ૫૬૫
માતર તીર્થ ૪૩૯,૫૬૭
માથુરાજ કવિ ૨૩૪
માદરેચ ગોત્ર ૪૬૮
માધવચંદ્રસૂરિ (ભટ્ટા.) ૨૮૦
માધવ નાગર (મંત્રી) ૫૬,૧૦૬
માનકીર્તિસૂરિ ૪૬૬,૪૬૭
માનતુંગસૂરિ ૧૦,૧૧,૩૩,૪૭,૫૨, ૧૧૯,૨૬૦,૨૬૧,૪૫૩,૫૨૭
માનદેવગચ્છ **૧૦-૧૧**,૧૫,**૫૨૬-૫૨૭**
માનદેવવંશ ૧૦,૧૧,૫૨૬
માનદેવસૂરિ ૧૦,૧૧,૨૦,૪૦,૪૨, ૫૦થી ૫૨,૧૪૭,૧૬૧,૩૩૧,

૩૩૬,૪૫૫,૪૫૯થી ૪૬૧, ૫૨૪,૫૨૬,૫૨૭,૫૬૫
માનમુદ્રાભંજન નાટક ૪૮૭
માનરત્નગણિ (ઉ૦) ૧૩૭
માનસાગરગણિ ૪૨૪
માનસિંહગણિ જૂઓ 'જિનસિંહસૂરિ'
મારુદેવા ટૂંક (શિહોર) ૫૪૬
મારુ જ્ઞાતિ ૪૬૮,૫૩૪
માલખેડ ૧૧૬,૧૭૮,૨૯૪
માલદેવ મુનિ ૩૩૫,૪૫૨,૪૫૯,૪૬૨
માલપુરનો લેખ ૩૦
માલા ગોત્ર ૪૬૮
માલાસણ ૨૧૭
માહેન્દ્ર (શત્રુંજયોદ્ધાર) ૧૩૬
માહેશ્વરીઓ ૩૬૦
માંગુજી ઝાલા ૬૬,૮૫
માંડલ ૧૯,૧૦૨,૧૦૪,૨૨૦,૨૨૩, ૨૭૯,૩૧૫,૪૦૮,૪૧૮,૪૬૭, ૫૧૪,૫૪૧,૫૬૩
માંડલિક ૪૫,૫૫
માંડવગઢ ૧૨૧,૧૭૮,૧૮૭,૧૯૬, ૨૪૮,૩૧૫,૩૬૪,૩૭૬,૩૭૭, ૩૯૬,૪૬૯,૫૬૪
માંડવી ૫૫,૩૮૭,૪૨૩
મિત્રવંશી રાણા ૧૯૪,૧૯૬
મિરાતે અમહદી ૭૧
મીઠડિયા ગોત્ર ૪૦૫,૪૦૭
મીઠા ગોત્ર ૪૬૮
મીઠા સુંદરજી શેઠ (ઘોઘા) ૩૨૮
મીનરાજ ઉ. સિરોજ ૧૦૦
મીનલદેવી ૬૩થી ૬૫,૭૧,૧૩૯, ૪૪૫,૪૪૭
મીના ગણિની ૪૯,૪૩૯
મીન્ની ગોત્ર ૪૬૮
મીરજાપુર ૧૩૧
મીરપુર જૂઓ 'હમીરગઢ'
મીહાજઉદ્દીન અબુઉમર ૧૦૫
મુક્તાગિરિ (ગજપદ) ૩૨૬,૩૩૪
મુક્તિ કમલ જૈન ગ્રંથમાલા ૬૧
મુક્તિવિજયજી જૂઓ 'મૂલચંદજી મ.'
મુક્તિસાગરસૂરિ ૪૨૩
મુક્તિહંસ મુનિ ૫૨૮
મુકુલ ભટ્ટ ૨૭,૧૬૩
મુણિચંદ્રસૂરિગુરુથુઈ ૩૩૭,૪૫૦
મુણિસુવ્વયચરિય જૂઓ 'મુનિસુવ્રત-ચરિત્ર'
મુણોત ગોત્ર ૪૬૮
મુદ્રિતકુમુદચંદ્ર નાટક ૪૫૨,૫૨૨, ૫૨૩
મુનિચંદ્ર ૨૦૯,૩૩૬ (પં.)
મુનિચંદ્રસૂરિ ૨૦,૨૬,૩૧,૪૧,૪૮, ૫૧,૫૨,૧૭૫,૨૦૧,૨૬૧, ૨૮૧,૨૮૨,૩૧૪,૩૩૧,૩૩૨, **૩૩૫થી** ૩૪૦,૩૪૩,૩૪૪, ૩૪૯,૩૯૦થી ૩૯૨,૩૯૭, ૪૨૫,૪૩૦,૪૩૬,૪૩૭,૪૪૧થી ૪૪૩,૪૫૨,૪૫૩,૪૬૭,૫૧૨, ૫૧૪,૫૬૩,૫૬૯
મુનિતિલકગણિ (ઉ૦) ૪૦૦
મુનિતિલકસૂરિ ૩૦,૩૯૭,૪૦૧
મુનિદેવસૂરિ ૧૬,૧૭,૨૦૧,૨૦૮, ૪૫૩,૪૫૮,૪૬૨
મુનિનાયક મહારાજ ૪૬૧
મુનિપતિચરિત્ર ૫૨
મુનિપ્રભગણિ (ઉ૦) ૧૯૩
મુનિપ્રભસૂરિ ૪૮,૨૦૯,૩૯૬
મુનિભદ્રસૂરિ ૨૦૮,૨૮૪,૩૩૭, (૩૯૫),૪૫૨,૪૫૩

'મુનિમનોહર' ગ્રંથ ૪૫૬
મુનિરત્નસૂરિ ૨૧,૩૨,૪૨૭,૪૯૮, ૫૨૬,૫૩૭
મુનિવંશ ૧૭૦
મુનિશીલ યતિ ૪૨૨
મુનિશેખરગણિ ૪૯૨
મુનિશેખરશાખા (અંચલગચ્છ) ૪૧૬
મુનિશેખરસૂરિ ૩૦,૨૪૨,૨૮૪, ૩૯૭,૪૧૪,૪૬૧
મુનિસમ્મેલન ૩૨૦,૪૬૭,૫૬૫
મુનિસાગરગણિ (૩૦) ૪૨૭
મુનિસાગરસૂરિ ૨૮૫
મુનિસિંહસૂરિ ૪૨૬
મુનિસુવ્રતસ્વામી ૩,૪૭,૧૩૪,૧૪૩, ૧૮૧,૨૫૯,૨૮૧,૪૭૯,૫૧૭, ૫૨૩
મુનિસુવ્રતસ્વામીચરિત્ર ૨૨,૧૨૮, ૧૬૪,૧૭૨,૧૭૪,૨૬૧,૨૭૫, ૨૭૭,૨૭૯,૨૮૧,૫૨૩,૫૬૩
મુનિસુવ્રત દ્વાત્રિંશિકા ૪૮૩,૪૮૬
મુનિસુંદરસૂરિ ૧૨,૬૯,૮૬,૧૨૬, ૧૮૨,૧૯૪,૨૫૩,૩૪૯,૩૫૪, ૪૫૯,૫૫૬
મુનીશ્વરસૂરિ ૩૯૩,૩૯૬,૪૬૧
મુરારી કવિ ૨૩૪,૨૮૩
મુલતાન ૩૯,૧૦૦,૩૫૬,૩૫૭,૩૬૦
મુષ્ટિ વ્યાકરણ ૪૪૦
મુહણોત ગોત્ર-વંશ ૧૮૦,૧૮૧
મુંજદેવ (માલવા) ૫૫,૧૧૬થી ૧૧૯, ૧૨૧,૧૬૧,૧૬૨,૧૯૦,૨૬૨, ૨૬૩,૨૮૫,૨૮૭
મુંજ પુરોહિત ૫૭,૬૨,૨૩૩
મુંજાલ મંત્રી ૬૩,૬૫,૬૬,૭૧,૧૦૭, ૧૦૮,૧૨૩,૫૦૦-૫૦૧
મુંજાલવસહી ૫૦૦
મુંજા (વાવ) શાહ ૧૮૪,૪૦૭
મુંડકેશ્વર તીર્થ ૬૧,૬૨,૭૩
મુંડસ્થલ ૨૦૩,૨૦૪,૨૫૬,૫૫૪
મુંબઈ ગેઝેટિયર ૬૨,૧૨૪
મૂર્તિશાખા (અંચલગચ્છ) ૪૨૦
મૂલચંદજી ગણિવર ૪૩૮,૫૩૧,૫૪૬
મૂલશુદ્ધિ-ટીકા ૯
મૂળરાજ ચૌલુક્ય ૩૩,૫૪થી ૫૬,૬૧, ૬૨,૯૪,૯૫,૯૯થી ૧૦૧, ૧૦૮,૧૧૩,૧૧૬,૧૩૧,૨૩૩, ૩૦૧,૪૯૧,૫૦૩,૫૧૧,૫૧૩, ૫૯૯
મૂળીનો પરમારવંશ ૧૧૬
મૃગાવતીચરિત્ર ૨૮૨
મુચ્છકટિક ૧૧૭
મેખ રાજા ૨૧૧
મેઘચંદ્રજી યતિ ૪૦,૪૪
મેઘદૂત ૧૧૭,૧૧૮
મેઘદૂત-ટીકા ૩૭૧,૪૧૫,૪૧૭,૫૬૯
મેઘરથ રાજા ૨૩૭,૨૫૬
મેઘરથસૂરિ ૨૪
મેઘરાજગણિ ૩૭૭
મેઘરાજ (મેઘો) મંત્રી ૩૨,૩૨૮
મેઘ રાઠોડ (લોલાડા) ૪૧૫
મેઘવિજયગણિ (૩૦) ૪૯૪,૫૫૮
મેઘવિજય મુનિ ૫૩૨
મેઘસાગરગણિ (૩૦) ૪૨૪
મેઘાણી ગોત્ર ૩૯૮
મેઘાશાહ (ખંભાત) ૧૮૭
મેઘાશાહ (નગરપારકર) ૫૫૨,૫૫૩
મેડતા ૩૯,૪૧,૪૪,૨૭૪,૨૭૮, ૩૮૫,૩૮૬,૩૮૯,૪૪૯,૫૪૧, ૫૪૩

મેત્રાણા ૫૩૦,૫૩૧
મેરુગિરિગણિ (ઉ૦) ૧૫૩
મેરુચંદ્રસૂરિ (ભટ્ટા.) ૨૮,૩૦
મેરુતુંગસૂરિ ૧૮,૧૯,૬૯,૮૯,૯૭, ૧૨૧,૧૩૬,૨૩૨,૨૫૩,૨૮૪, ૨૮૮,૨૯૬,૩૪૨,૩૯૮,૪૧૪થી ૪૧૭,૪૧૯,૪૫૧,૫૪૭,૫૫૨, ૫૫૪,૫૬૫
મેરુતુંગસૂરિરાસ ૪૧૪
મેરુનંદગણિ (ઉ૦) ૩૭૪
મેરુનંદનસૂરિ ૪૧૬
મેરુપ્રભગણિ (ઉ૦) ૩૪૪,૪૬૨
મેરુવિજયગણિ ૨૩૨
મેરુસુંદરગણિ (ઉ૦) ૩૭૭
મેલાદેવી ૭
મેલિગ શ્રીમાળી ૭
મેવાડ ૯૩,૧૫૭,૧૯૪થી ૧૯૬, ૨૪૯,૩૦૨,૩૮૭,૫૦૦
મોઈલા ગામ ૧૫૩
મોકલજીનું મંદિર (ચિત્તોડ) ૭૯
મોખડજી ગોહિલ (ઘોઘા) ૩૨૭
મોખદેવ પંડિત ૨૧૪
મોખલ્લદેવી ૧૬
મોજુદ્દિન બાદશાહ (દિલ્હી) ૩૦૨
મોઢ જ્ઞાતિ/વંશ ૮,૨૩,૩૮,૬૧,૪૭૦, ૫૨૩
મોઢગચ્છ ૧૭,૬૧,૫૧૨,૫૩૦
મોઢેરપુરાવતાર ૨૨૫
મોઢેરા ૨૩,૬૧,૬૩,૭૩,૭૪,૮૬, ૯૮,૧૫૫,૩૧૫,૫૩૦
મોતીશાહ શેઠ ૪૨૩
મોતીશાહની ટૂંક (શત્રુંજય) ૪૨૩
મોરડ્ય ગોત્ર ૪૬૮
મોહણસિંહ ૪૦૯,૪૨૦
મોહનલાલજી મહારાજ ૧૯૩,૫૬૫
મોહનલાલ દ. દેસાઈ ૯૩,૧૦૭, ૧૨૮,૧૬૭,૨૫૧,૨૫૨,૫૪૯
મોહનસિંહ રાઠોડ ૧૮૦
મોહનસૂરિ ૫૫૫
મોહરાજપરાજય નાટક ૮૮,૯૭,૫૨૩, ૫૫૦
મોહે-જો-દરો ૮૬
મોક્ષોપદેશ પંચાશક ૩૩૮
મૌનએકાદશીકથા ૨૫૬
મૌર્યવંશ ૫૩

(ય)

યતિજીતકલ્પ ૪૬૨
યતિદિનચર્યા ૪૫૦
યતિપરંપરા ૩૧
યતિશાખા (અં.ગચ્છ, ભટ્ટા.) ૪૨૨
યદુવંશસંભવકાવ્ય ૪૧૫
યદુવિલાસ—નાટક ૪૮૫
યમકમય ચતુર્વિંશતિ જિનસ્તોત્રાદિ ૨૮૨,૩૬૩,૩૬૫,૫૦૯
યશકરણજી (ભટ્ટા.) ૨૦૮
યશશ્ચંદ્ર કવિ ૪૫૨,૫૨૨,૫૩૪
યશશ્ચંદ્રગણિ ૧૪૩,૪૮૭
યશશ્ચંદ્રસૂરિ ૩૯૪
યશસ્તિલકગણિ ૩૯૪
યશઃપાલ કવિ ૫૨૩
યશઃપાલ મુનિ ૧૬૭
યશઃપ્રભસૂરિ ૩૦૫
યશઃશ્રી ગણિની ૩૦૪
યશોઘોષસૂરિ ૩૯૩,૩૯૫
યશોદેવગણિ ૫૧,૫૨,૧૬૧,૧૬૨, ૧૭૦,૧૭૧
યશોદેવગણિ (ઉ૦) ૪૦૦,૪૩૭
યશોદેવસૂરિ ૫,૨૦,૨૧,૨૫,૩૩,

૪૦,૪૪,૪૫,૫૦,૫૧,૧૬૨,
૧૭૪,૧૭૫,૧૯૯,૨૦૩,૨૦૬,
૨૦૭,૨૫૩,૩૩૧,૩૩૬,૩૩૭,
૩૩૯,૩૪૩,૩૪૪,૪૩૬,૪૬૮,
૫૨૪,૫૬૩
યશોધન ભણશાલી ૪૦૩,૪૦૫
યશોધરચરિત્ર ૪૫૬
યશોધવલ પરમાર ૭૬,૮૦,૧૧૪
યશોધવલ શ્રીમાલી ૭૧,૯૬,૧૨૧
યશોભદ્રસૂરિ ૯,૧૭,૨૮,૩૨,૩૩,
૪૧,૪૬થી ૪૮,૫૦,૯૨,
૧૭૬,૧૯૫,૧૯૬,૨૬૦,૨૮૨,
૩૩૧,૩૩૫,૩૩૯,૩૫૪,૪૦૧,
૪૨૬,૪૬૬,૫૪૮
યશોવર્ધન યતિ ૩૯૩
યશોવર્મા પરમાર ૬૫,૬૬,૧૨૧
યશોવિજયજી મુનિવર ૪૩૮
યશોવિજયજી મહો૦ ૬૮,૨૫૯,૨૯૬,
૩૯૮,૪૯૩,૫૬૧,૫૪૬
યશોવીર ૨૭,૧૨૫,૪૫૯,૪૬૩
યશોવીર પોરવાડ ૨૨,૩૦૬,૩૦૭
યશોવીર મંત્રી (નાડોલ) ૧૨૩,૫૧૩
યશોવીર (શિલ્પશાસ્ત્રજ્ઞ) ૧૨૫,૨૪૪
યક્ષદેવસૂરિ ૩૪,૩૫,૪૦
યક્ષમંદિર ૧૮૨
યક્ષવસતિપ્રાસાદ ૧૭૯
યંત્રરાજ (ટીકા) ૪૫૭
યાસ્ક પંડિત ૪૮૮
યુગપ્રધાનાચાર્ય ગુર્વાવલી ૧૭૩,૩૪૯,
૩૫૧,૩૫૭,૩૫૯,૩૬૧,૩૬૪,
૩૬૫
યુગપ્રધાનાચાર્ય પટ્ટાવલી ૩૪૮,૩૭૪
યુગમંધરસ્વામી ૫૧૪
યુગાદિદેવચરિત્ર ૪૦૮
યૂકાવિહાર ૮૫
યોગચિંતામણિ ૪૬૭
યોગદ્રષ્ટિ સમુચ્ચય ૫૦૦
યોગબિંદુવૃત્તિ ૩૩૯
યોગશાસ્ત્ર ૧૧,૮૨,૮૪,૮૭,(૧૨૦),
૩૯૪,૪૭૯,૪૮૭,૪૮૮,૪૯૨,
૪૯૬,(૫૫૮)
યોગસાર ૧૬૪
'યોગંધરાયણ' બિરુદ ૬૪,૨૧૫

(૨)

રઘુનાથ ઋષિ ૩૮૪
રઘુવંશ (ટીકા) ૧૧૭,૩૭૧,૩૮૨
રઘુસેનનું મંદિર ૧૬૧,૧૮૨,૨૦૬
રઘુસેન રાજા ૧૬૧,૧૮૨,૨૦૬
રણછોડ મંદિર (ધોળકા) ૧૪૧,૧૪૮
રણથંભોર ૫૫,૧૫૮,૨૭૪,૪૦૧,
૪૬૪,૫૬૪
રણધીરા ગોત્ર ૪૦૭
રણમલચોકી (ઈડર) ૧૯૪
રણસિંહ રાણા (ચિત્તોડ) ૫૦૦
રતનચંદજી ઉપા૦ (ભટ્ટા.) ૪૪
રતનચંદ્રજી મહાત્મા ૨૦૮
રત્થવાલ–નાટક ૨૪
રત્નચંદ્રગણિ ૧૯૨,૫૬૫
રત્નચંદ્રગણિ (ઉ૦) ૩૭૭,૩૮૬
રત્નચૂડ-રાસ ૫૬૫
રત્નતિલકપ્રાસાદ (કાવી) ૫૩૨
રત્નદેવગણિ ૪૫૩
રત્નદેવી (વઢવાણ) ૩૮,૫૫૫
રત્નપુર ૯,૮૧
રત્નપુરશાખા ૨૦૫
રત્નપ્રભસૂરિ ૭,૧૬,૧૭,૨૦,૨૨,
૨૯,૩૩,૩૬,૪૫,૧૫૨,૨૦૬,
૩૦૭,૩૯૩,૩૯૫,૩૯૬,૪૩૫,

૪૫૧,૪૫૨,૪૫૪,૪૬૨,૪૬૩,
૪૬૫,૪૬૯,૫૫૮
રત્નમંડનગણિ ૧૨૧,૨૫૩
રત્નમંદિરગણિ ૨૯૮,૩૨૧
રત્નમૂર્તિગણિ (૩૦) ૩૭૭
રત્નશેખરજી મહારાજ ૪૯૨
રત્નશેખરસૂરિ ૨૫૯,૩૯૫,૪૧૫,
૪૧૬,૪૬૨,૪૬૪,૪૬૫,૪૬૭
રત્નસાગરગણિ ૩૭૧
રત્નસાગરજી મહો૦ ૪૨૦,૪૨૪
રત્નસાગરસૂરિ ૨૦૭,૩૯૫,૪૨૩,
૪૬૫
રત્નસિંહ મંત્રી ૧૦૫,૧૦૭
રત્નસિંહસૂરિ ૮,૨૮,૨૯,૩૭,૪૭,
૧૨૮,૧૨૯,૧૫૮,૧૫૯,૨૩૮,
૨૬૧,૩૩૬,૩૩૭,૪૦૧,૪૬૬,
૪૮૭,૫૪૦,૫૬૩,૫૬૫
રત્નાકરગણિ (૩૦) ૩૮૦
રત્નાકરસૂરિ ૭,૨૦,૨૬,૨૯,૪૯,
૧૫૩,૩૯૩,૪૨૬,૪૫૪,૪૬૨
રત્નાકરાવતારિકા ૪૫૪,૫૫૮
રત્નાકરાવતારિકા ટિપ્પન ૨૮૪,૪૨૫
રત્નાશાહ દોશી ૧૫૭
રત્નાશાહ પોરવાડ ૨૪૮
રત્નોદયગણિ ૩૭૭
રયણચૂડકહા ૨૨,૫૧,૫૨,૨૦૬,
૩૦૬
રયણચૂડ-તિલયસુંદરીકહા ૩૩૧
રયણત્તયકુલયં ૩૩૮
રલ્હણ (દેવણ) શેઠ ૨૮૦
રવચંદ શેઠ ૩૧૯
રવિકર (ભટ્ટા.) ૨૦૮
રવિચંદ્રસૂરિ ૨૦૯
રવિપ્રભસૂરિ ૩૧,૨૬૦,૨૬૧,૩૩૧,
૩૯૯,૫૬૩
રવિરાજ મંત્રી (સોરઠ) ૧૫૯
રવિવર્ધનગણિ ૩૭૦
રવિવિજયગણિ ૨૫૯
રહસ્યકલ્પદ્રુમ ૩૭૦
રંગવિજયગણિ ૩૮૭ (૩૦), ૫૫૩
રંગવિજયશાખા (ખ.ગચ્છ) ૩૮૭
રંગસાગરગણિ ૪૨૪
'રંભામંજરી' નાટિકા ૫૬૪
રંભોલીદેવી ૧૫૦,૧૫૪
રા'ખેંગાર ૬૫,૧૨૮,૧૩૦,૧૩૯,
૨૭૭,૪૧૬,૫૦૧
રાઘવ-પાંડવીય-વૃત્તિ ૩૭૨
રાઘવવિલાસ નાટક ૪૮૪,૪૮૫
રાજકલશ પંડિત ૨૧૫
રાજગચ્છ ૨,૩,૪,૧૧,૧૩,૧૫,૧૭,
૧૮,૨૧,૨૨,૨૪,૩૩,૩૮,૪૫,
૪૭,૬૯,૭૦,૭૭,૧૧૬,૧૨૧,
૧૨૩,૧૨૪,૧૩૩થી ૧૩૫,
૧૩૭,૧૭૦,૧૯૬,૧૯૭,૧૯૯,
૨૦૬,૨૧૪,૨૧૭,૨૨૪,૨૩૩,
૨૩૭,૨૩૯,૨૪૧,૨૮૨,૨૯૮,
૩૦૭,૩૧૧,૩૨૦,૩૩૨,૩૩૬,
૩૩૯,૪૩૦,૪૩૬,૪૩૮,૪૪૨,
૪૫૧,૪૫૫,૪૫૮,૪૬૯,૪૮૭,
૪૮૯,૪૯૨,૫૦૧,૫૦૨,૫૦૫,
૫૨૦,૫૨૫,૫૨૮થી ૫૩૦,
૫૩૭,૫૪૦થી ૫૪૨,૫૫૪,
૫૫૫,૫૬૪થી ૫૬૬,૫૬૯
રાજગચ્છ પટ્ટાવલી ૭,૧૩થી ૩૩,૩૪,
૩૫,૪૩,૭૩,૧૧૨,૧૯૯,૨૮૪,
૩૦૭,૩૫૭
રાજગાંધી ગોત્ર ૪૬૮
રાજચંદ્ર મુનિ ૪૦૦,૪૦૩

રાજચંદ્રસૂરિ ૪૬૬
'રાજચંદ્રસૂરિ બારમાસા' ૪૬૭
રાજપાલજી મહારાજ ૨૧૦
રાજપાલ વોરા ૨૫૪
રાજપૂતાને કા ઇતિહાસ ૯૪,૨૫૨
રાજરત્નસૂરિ ૪૬૨,૪૬૬
રાજરસનામૃત ૩૮૧
રાજલક્ષ્મી ગણિની ૩૭૮
'રાજવિડંબના' નાટક ૨૧૮
રાજવિમલગણિ ૫૪૩
રાજવિહાર ૨૮,૬૮,૭૦,૭૭,૧૧૩, ૧૬૧,૧૮૧,૧૯૦,૧૯૧,૪૨૧, ૪૪૯,૪૭૫,૫૪૫
રાજવિજ્ઞપ્તિકા (લેખપદ્ધતિ) ૫૨૦
રાજશેખર કવિ ૧૧૭થી ૧૧૯,૩૭૫, ૩૭૮
રાજશેખરસૂરિ ૧૩૧,૧૩૬,૨૩૨, ૨૫૩,૨૭૪,૨૭૫,૨૭૯,૨૮૩, ૨૮૪,૩૪૯,૩૭૦,૪૨૫,૪૫૪, ૪૯૩
રાજસાગરગણિ ૨૧૧
રાજસાગરસૂરિ ૩૨૦,૩૨૮
રાજસી શેઠ ૪૦૯,૪૨૧
રાજસોમ ઉપા૦ (યતિ) ૩૮૭
રાજહંસગણિ (ઉ૦) ૩૧૩,૩૭૧
રાજાધિરાજ–નોવેલ ૭૧
રાજિ(રાજ) ચૌલુક્ય ૫૩,૫૪
રાજિમતીપ્રબોધ (નાટક) ૫૨૨
રાજિમતી શ્રાવિકા ૨૦૬,૩૦૫
રાજિમતી સતી ૨૪૬,૩૧૨,૪૪૭
રાજીમતી-નેમિસંબંધ ૪૧૬
રાજેન્દ્રચંદ્રસૂરિ ૩૭૩
રાજેન્દ્રસાગરસૂરિ ૪૨૩
રાજેન્દ્રસૂરિ ૩૭૩,૪૯૪
રાજેન્દ્રસૂરિ અર્ધશતાબ્દી ગ્રંથ ૧૬૪
રાણકદેવડી ૬૫,૭૨
રાણકપુર ૪૮,૬૮,૨૪૯,૫૦૩
રાણપુર (૧૯૩),૩૨૭,૫૩૫
રાણાજી ગોહિલ (રાણપુર) ૩૨૭,૫૩૫
રાણિગ શ્રીમાલી ૧૪૬,૫૦૧
રાતામહાવીરજી તીર્થ ૫૪૩
રાધનપુર ૧૮૬,૧૯૮,૫૫૨
રાનપુરા બહોરા ગોત્ર ૪૦૭
રા'બડ (રાહબરતીર્થ) ૫૨
રામકીર્તિ મુનિ (દિ.) ૭૯
રામચંદ્રજી ૧૩૭,૩૧૬,૩૧૭
રામચંદ્રગણિ ૩૩૮,૪૪૨
રામચંદ્ર શુકલ ૭૧
રામચંદ્રસૂરિ ૧૦,૬૮,૭૦,૯૦,૯૭, ૯૮,૧૪૧,૩૯૬,૩૯૭,૪૨૫, ૪૬૩,**૪૮૧થી ૪૮૬**,૪૮૭, ૪૯૨,૪૯૮,૫૦૫,૫૨૯
રામદેવ પોરવાડ ૧૭૬,૧૭૭
રામદેવસૂરિ ૩૪૪,૪૦૮
રામભદ્ર(ચંદ્ર) મુનિ ૨૨,૩૦૭
રામભદ્રસૂરિ ૪૫૯,૪૬૩
રામલાલજી ગણિ (ઉ૦) ૨૩૮,૩૫૦, ૩૮૦,૩૮૪
રામવિજય ગણિ (ઉ૦) ૩૮૭
'રામશતક' ગ્રંથ ૨૩૩
રામસીતારાસ ૧૮૦
રામસૂરિ ૪
રામસેન ૧૩૮,૧૬૧,**૧૮૨**,૧૮૬, ૨૦૬,૨૯૮,૨૯૯,૪૫૨,૪૬૩
રામસેનીયશાખા (વડગચ્છ) ૪૫૨, ૪૬૯,૫૨૯
રામસોની (રામસેની) ગોત્ર ૪૬૮
રા'મહીયલ જૂઓ ''રા'માંડલિક''

રા'માંડલિક ૧૨૮થી ૧૩૦
રામેશ્વર ૨૧૫,૨૮૮,૩૧૬,૩૧૭
રાયનામાંકચરિત્ર ૪૧૬
રાયપસેણીયસુત્ત ૨૪,૩૦૬
રાયપસેણીસુત્ત-વૃત્તિ ૪૩૯
રાયમલ્લાભ્યુદય મહાકાવ્ય ૪૬૫
રાયરત્નરાસ ૪૬૭
રાયશી શાહ (જામનગર) ૨૧૨
રાયસિંહ (બિકાનેર) ૩૮૩,૩૮૪
રાવજી સોલંકી (પીલુઆ) ૧૧૦,૪૦૯
રાવણ ૧૯૬,૩૨૪,૩૨૭
રાવણાપાર્શ્વનાથ ૧૯૬
રાસમાલા ૧૪૦
રાસલદેવી ૪૬
રાહડ પોરવાડ ૩૦૪,૩૦૫
રાક્ષસકાવ્ય-ટીકા ૩૬૨
રાંતેજ ૪૯,૬૯
રાંદેર ૫૩૬
રુદતીધન ૮૩,૮૮,૮૯,૪૭૮,૫૧૫
રુદ્રટ પંડિત ૨૭,૧૬૩,૨૧૨
રુદ્રપલ્લીયગચ્છ ૫૨,૧૯૭,૩૪૨, **૩૪૫થી ૩૪૭**,૩૫૩,૩૬૧, ૩૭૫,૫૨૫
રુદ્રમાલ ૫૫,૬૭,૬૮,૧૦૬,૪૪૯, ૫૦૩,૫૦૯,૫૪૫
રુદ્રાદિત્ય દીવાન ૧૧૭
રૂણીવાલ ગોત્ર ૪૬૮
રૂપચંદ્રગણિ (ઉ૦) ૩૮૮
રૂપજી સંઘવી ૩૮૬
રૂપપર ગામ ૩૯૭,૩૯૮
રૂપવિજયજી (ગણિ) ૨૪૯,૫૫૩
રેવતીસૂરિ ૩૫૪
રેવતીકુંડ (પ્રશસ્તિ) ૧૪૭,૨૩૪
રૈવતગિરિરાસુ ૫,૯૯
રૈવતતીર્થ (ગિરનાર) ૮૫
રૈવતાવતાર ૪૭૧,૪૭૨
રોહમંડલ ૧૩૫
રોહિણિકા (રોહીડા) ૧૨,૪૦૯,૫૦૦
રોહિણીમૃગાંક પ્રકરણ ૪૮૫
રોહિયાચોરનો રાસ ૧૫૭

(લ)

લાભૌ ૩૭૭,૩૮૮
લખમી(લક્ષ્મી)દેમતી સાધ્વીશ્રી ૪૯, ૪૩૯
લઘુ આચાર્યીયગચ્છ ૩૮૭,૩૮૯
લઘુ-ખરતરગચ્છ ૩૬૫,૩૬૮,૩૭૨
લઘુ ખ.શ્રીમાલીગચ્છ પટ્ટા. ૩૬૮થી ૩૭૧
લઘુ-ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર ૪૬૪
લઘુનમસ્કાર યંત્ર-સ્તોત્ર ૨૧
લઘુવીરચરિયં ૩૦૬
લઘુ સજ્જનશાખા ૪૦૯
લઘુ સાજનશાખા ૪૦૭
લઘુસ્તવ-ટીકા ૩૪૬
લઘુહેમપ્રભા ૪૯૪
લઘુ(ક્ષેત્ર)સમાસ ૨૮૧
લચ્છી(લાછી)છીપણ ૧૩૮,૧૩૯
લબ્ધિચંદ્રસૂરિ ૪૬૭
લબ્ધિનિધાનગણિ (ઉ૦) ૩૭૩
લબ્ધિવિશાલગણિ ૩૭૭
લબ્ધિસાગરગણિ (ઉ૦) ૨૪૨
લબ્ધિસાગરસૂરિ ૨૫૯
લબ્ધિસ્તોત્ર ૪૬૩
લલવાણી ગોત્ર ૪૬૮
લલિતકીર્તિગણિ (ઉ૦) ૪૬૫
લલિતકીર્તિસૂરિ ૨૬૦,૩૦૮
લલિતચંદ્રસૂરિ ૨૧૨
લલિતપ્રભસૂરિ ૩૯૭,૪૩૩

લલિતવિસ્તરા પંજિકા ૩૩૯
લલિતસુંદરી ગણિની ૧૯૨,૩૦૮, ૫૬૭
લલિતસૂરિ ૫૪૩
લલિતાદેવી ૧૫૨,૨૧૮,૨૨૬
લલિતાસરોવર ૧૫૨,૧૫૯,૨૨૦, ૨૨૧,૨૨૪,૨૨૫,૩૨૮
લલ્લ ભણશાલી (વંશ) ૫૩૭
લલ્લ શેઠ ૧૮૩
લવ-કુશ રાસ ૨૧૧
લવણપ્રસાદ (લૂણપસાક) વાઘેલા ૮૦, ૧૦૧થી ૧૦૪,૧૮૫,૨૨૧, ૨૨૨,૨૨૭
લહીર (લહધર) દંડનાયક ૫૫,૧૦૭, ૧૩૧,૨૪૧,૨૫૮,૪૦૧
લહુઆ શેઠ (અમદાવાદ) ૫૩૨
લક્ષણશાસ્ત્ર ૪૧૬
લક્ષ્મણગણિ ૨૭૮,૨૭૯
લક્ષ્મણરાજ ચૌહાણ ૧૨૨,૧૨૩,૧૭૭
લક્ષ્મણસૂરિ ૩
લક્ષ્મણસેન (સંવત્) ૮૮
લક્ષ્મીતિલકગણિ (૩૦) ૧૯૨,૩૬૫થી ૩૬૭,૩૭૨
લક્ષ્મીદેવી ૧૩૦,૧૩૧,૧૭૭,૨૩૭, ૨૪૨
લક્ષ્મીધર પંડિત ૨૯૫
લક્ષ્મીનિવાસ યતિ ૪૬૫,૪૬૬
લક્ષ્મીપતિ શેઠ (ધારા) ૧૬૫
લક્ષ્મીસાગરસૂરિ ૩૦,૧૨૮,૧૯૨, ૧૯૪,૨૩૨,૨૪૭થી ૨૪૯, ૨૮૫,૪૫૮,૫૧૬
લક્ષ્મીસેન પંડિત ૩૪૪
લંકા ૩૨૪
લંબિકાદેવી ૧૨
લાગા ગોત્ર ૪૬૮
લાટ પ્રદેશ ૧૨,૫૩,૫૫,૫૭,૬૨, ૭૫,૮૦,૮૬,૯૩,૧૦૫,૧૧૧, ૨૨૨,૨૨૩,૨૭૯,૨૮૧,૫૩૬,
લાડવા શ્રીમાલી ૮૬,૨૨૨,૫૩૪, ૫૩૬
લાડોલ ૮૫,૩૧૧
લાભચંદ્રગણિ ૪૪
લાભવિજયગણિ (૩૦) ૫૫૮
લાભશાખા (અં.ગચ્છ) ૪૧૮
લાલચંદ ગાંધી (પંડિત) ૬૧,૧૩૬, ૧૮૯,૫૧૬
લાલજી મહાત્મા (ભટ્ટા.) ૨૦૮,૨૦૯
લાલન ૧૧૦,૪૦૯,૫૧૮
લાલન ગોત્ર ૪૦૭,૪૦૯
લાલનવંશ ૪૨૩,૫૧૮
લાલશર્મા પુરોહિત ૫૬,૨૩૩
લાલિગ પોરવાડ ૧૩૧,૧૩૪,૨૪૧
લાલિગ શેઠ ૨૯,૧૨૬,૨૪૧
લાવણ્યકીર્તિગણિ (૩૦) ૪૧૭
લાવણ્યશીલગણિ ૩૭૬
લાવણ્યસમયગણિ ૧૩૬,૧૩૭,૧૬૦, ૨૫૩
લાહોર ૩૬૦,૩૮૧,૩૮૨,૩૮૪, ૩૮૫,,૫૩૨,૫૫૮
લિંગાનુશાસન ૪૮૮,૪૯૦
લિંગાનુશાસન અવચૂરિ ૩૮૨
લિં.શા.દુર્ગપદપ્રબોધવૃત્તિ ૩૮૬,૪૯૩
લિંગાનુશાસન-વૃત્તિ ૩૮૬,૪૯૦,૪૯૩
લિંગાયતમત ૫૬૭
લીલાવઈકહા ૧૬૭
લીલાવતી (ટીકા) ૨૧,૨૮૩
લીલુદેવી ૯૧,૯૬
લુણપસાક (લવણપ્રસાદ) સોલંકી

૧૦૧થી ૧૦૪,૩૦૦
લુણસિંહ પોરવાડ ૨૧૮,૨૪૩
લુણિગ પોરવાડ ૨૧૭,૨૪૨,૨૪૩
લુણિગ(લુણ)વસહી ૧૧૫,૨૧૭, ૨૧૯,૨૨૬,૨૩૩,૨૩૫,૨૪૧, **૨૪૨થી** ૨૪૬,૨૪૭,૨૫૧થી ૨૫૩,૩૧૧,૩૫૨
લુંપકગચ્છ ૩૯૧
લૂણસિંહ શેઠ ૧૪૯,૧૫૪
લોટાણાતીર્થ ૩૩,૩૪,૫૫૪
લોડણપાર્શ્વનાથ ૩૨૧,૩૨૩
લોઢા ગોત્ર ૪૬૪,૪૬૮
લોઢાવંશાવલી ૪૨૩
લોદ્રવાતીર્થ ૧૯૮,૫૪૪,૫૪૫
લોલાઉત્રા ૭
લોલાડા ૪૦૯,૪૧૫,૪૨૦
લોલેચા ગોત્ર ૪૬૮
લોહપોળ (જાલોરગઢ) ૧૭૯
લોહિત્યસૂરિ ૩૫૪
લોહિયાણ ૧૦૯,૨૬૧,૩૯૯
લોહિયાણગચ્છ ૩૯૯
લોંકામત(ગચ્છ) ૫૧,૨૦૪,૩૭૮, ૩૮૦,૩૮૪,૪૬૬
લોંકાશાહ ૩૭૮
લૌકડ ગોત્ર ૪૬૮

(વ)

વચ્છરાજગણિ (ઉ૦) ૪૬૬
વચ્છરાજ ભણશાલી ૫૩૮
વજ્રશાખા ૩૪૭,૪૬૭
વજ્રસેનગણિ ૪૫૯
વજ્રસેનસૂરિ ૧૫૩,૪૨૬,૪૬૦, ૪૬૪,૫૬૭
વજ્રસ્વામી ૧૩૪,૧૩૭,૩૫૪
વજ્રીશાખા (વિદ્યાધરગચ્છ) ૩૫
વટપદ્રનગર ૯,૧૨,૨૧૩
વટેશ્વરગચ્છ ૨,૨૦૪,૨૦૫,૩૯૯
વટેશ્વરસૂરિ ૧૮૨,૧૯૮,૨૦૫
વટેસર ૫૧૪
વડઉદય જૂઓ 'વડોદરા'
વડકૂપ (વડવા) ૨૬
વડગચ્છ ૧,૨,૩,૮,૧૧,૧૩થી ૧૫, ૨૪,૪૦,૪૯,૫૦,**૫૧,૫૨**,૫૮, ૯૩,૧૧૩,૧૩૧,૧૩૪,૧૩૬, ૧૪૭,૧૫૩,૧૬૨,૧૬૪,૧૭૪, ૧૭૬,૧૮૨,૧૮૩,૧૮૫,૧૯૧,૧૯૫, ૧૯૭,૧૯૯,૨૦૧,૨૦૪,૨૦૫, ૨૦૮,૨૧૪,૨૧૭,૨૨૦,૨૨૪, ૨૩૮,૨૪૨,૨૫૪,૨૬૦,૨૬૧, ૨૮૪,૨૯૮,૩૦૬,૩૦૭,૩૧૩, ૩૧૪,૩૧૭,૩૩૧,૩૩૩,૩૩૪, ૩૩૬,૩૩૯,૩૪૦,૩૪૪,૩૪૭, ૩૪૮,૩૫૧,૩૯૦થી ૩૯૨, ૩૯૮,૩૯૯,૪૦૩,૪૦૮,૪૨૯, ૪૩૦,૪૩૬,૪૩૭,૪૪૨,૪૫૨, ૪૫૫,૪૬૩,૪૬૭,૪૬૮,૪૬૯, ૫૦૮,૫૨૧,૫૨૫થી ૫૨૭, ૫૨૯,૫૩૦,૫૩૯,૫૪૧,૫૫૭, ૫૫૮,૫૬૩,૫૬૪,૫૬૬,૫૭૦
વડગચ્છ પટ્ટાવલી **૪૫૨થી ૪૬૨**
વડગચ્છ પટ્ટા.(આરાસણ) ૪૬૮,૪૬૯
વડગચ્છ પરંપરા **૫૧-૫૨**
વડગામ ૪૧૩
વડનગર ૬૮,૮૧,૯૬,૧૩૯,૨૩૩, ૨૩૪,૩૨૨,૪૧૫,૪૨૨,૫૦૮, ૫૩૦,૫૩૧,૫૩૩,૫૪૪,૫૪૯
વડનગરગચ્છ ૫૩૧
વડનગર(દુર્ગ)પ્રશસ્તિ ૫૬,૯૬,૫૦૯
વડવા (ગામ) ૫૪૭

વડસમા ૫૬
વડાવલી (વડાલી) ૧૫૫,૫૫૬
વડેરા ગોત્ર ૪૦૨,૪૦૭
વડોદરા ૧૯,૭૬,૧૮૭,૧૮૯,૨૧૪, ૩૧૫,૪૮૦,૫૦૨,૫૫૧
વઢવાણ ૧૯,૩૭,૩૮,૫૫,૮૧,૧૪૦, ૧૪૧,૨૨૪,૩૦૧,૪૦૦,૪૪૪, **૫૫૪-૫૫૫**
વઢિયાર ૫૫,૩૮૭
વણથલી જૂઓ 'વંથલી'
વણસ્સઈસત્તરિ ૩૩૮
વત્સરાજ સંઘવી (ઈડર) ૧૯૪,૫૫૦
વર્ધમાનશાખા (અં.ગચ્છ) ૪૧૮
વર્ધમાનગણિ ૧૯૭,૪૮૬,૫૫૮, ૫૫૯
વર્ધમાનજિન૦ (કાવ્ય) ૫૫૮
વર્ધમાન(નગર)પુર ૧૧,૫૫૪
વર્ધમાન-પદ્મસિંહચરિત્ર ૪૨૨
વર્ધમાન-પલ્લીવાલગચ્છ ૪૪
વર્ધમાન પુરોહિત **૧૬૩**,૨૩૩
વર્ધમાન વિદ્યાકલ્પ ૨૧
વર્ધમાન વિદ્યાસ્તવ ૩૯૪
વર્ધમાનશાખા (અં.ગચ્છ) ૪૨૦
વર્ધમાન શેઠ ૧૮૮,૪૨૦,૪૨૩,૫૧૮
વર્ધમાનસૂરિ ૩,૪,૧૦,૧૪,૧૫,૧૯, ૨૧,૨૪થી ૨૬,૩૪,૫૨,૫૮, ૬૧,૧૩૩,૧૫૩,૧૬૩થી ૧૬૫,૧૬૮,૧૭૦,૧૭૨થી ૧૭૫,૧૯૭,૧૯૯,૨૦૩થી ૨૦૭,૨૨૪,૨૩૩,૨૩૭થી ૨૩૯,૨૪૨,૨૫૪,૨૫૬,૨૭૦, ૨૭૧,૩૦૬,૩૪૦,૩૪૧,૩૪૭થી ૩૫૧,૩૫૪,૩૯૪,૪૨૯,૪૩૮, ૫૧૪,૫૩૭,૫૬૦,૫૬૬
વર્ધમાન-સ્થાપના (તીર્થ) ૫૫૪
વનમાળી નાટિકા ૪૮૫
વનરાજ ચાવડા ૫૩,૫૭,૫૮,૬૫, ૧૦૬,૧૦૭,૧૨૭,૧૩૦,૧૩૧, ૧૬૫,૧૮૬,૨૫૮,૪૦૧,૫૦૧, ૫૧૨
વનરાજપ્રબંધ ૧૦૭
વનરાજ સંવત્ ૧૮૩
વનવાસીગચ્છ ૨,૧૦,૪૦,૪૯,૫૦, ૫૮,૧૬૪,૧૬૬,૪૨૯,૪૩૦, ૫૨૧,૫૨૬
વનવીર ચૌહાણ ૨૬૧,૪૦૨,૪૫૩
વયરસિંહ પંડિત ૧૪૧
વયરસ્વામીચરિત્ર ૩૭૦
વરકાણા તીર્થ **૫૪૩**
વરકાણાપાર્શ્વનાથ-સ્તવન ૧૮૦
વરકાણા પાર્શ્વ. જૈનવિદ્યાલય ૫૪૩
'વરખડી' ૫૫૩
વરડિયા ગોત્ર ૪૬૮
વરણાગ(વંશ ૧-૨) ૨૭,૨૧૩,૨૯૮, ૨૯૯,૪૬૩
વરદેવ પોરવાડ ૩૦૫
વરમાણ ૪૮,૪૯,૨૦૩,૨૪૫,૨૮૦, ૪૬૧,૫૩૯,૫૪૧
વરહુડિયા(વંશ) ૩૯,૪૫,૪૬,૧૯૨, ૨૨૨,**૩૦૯થી ૩૧૧**
વલભીપુર ૩૭,૯૧,૧૩૭
વલહીનાથ મંદિર (થરા) ૫૬
વલ્લભગણિ (ઉ૦) ૩૮૧,૩૮૬,૪૯૩, ૪૯૪
વલ્લભદાસ પોરવાલ ૧૩૪
વલ્લભરાજ ચૌલુક્ય ૫૬,૫૭,૧૩૧
વલ્લભવિમલગણિ ૪૯૩
વલ્લભ સંપ્રદાય ૫૩૧

વલ્લભસૂરિ ૪૦૦,૪૦૧
વલ્લભી(શાખા)ગચ્છ ૧૮૪,૨૩૮, ૩૪૯,૩૯૯થી ૪૦૨,૪૦૫, ૪૧૦થી ૪૧૨,૪૩૦
વલ્લભીગચ્છ (નાડોલગચ્છ) પટ્ટાવલી **૪૦૧-૪૦૨**
વલ્લાક સંઘપતિ ૧૮૭
વવહારસુત્ત-વૃત્તિ ૪૩૯
વશિષ્ઠાશ્રમ ૩૫,૧૧૪,(૧૨૬), ૨૦૩,૨૦૪,૨૫૧
વસનજી શેઠ (સુથરી) ૪૨૩
વસંતપાલ જૂઓ 'વસ્તુપાલ'
વસંતવિલાસ (કાવ્ય) ૧૫,૨૩,૬૯, ૧૪૩,૨૩૧,૨૩૨,૨૫૩,૫૦૩, ૫૧૨,૫૬૬
વસ્તુપાલ મંત્રી ૬,૨૩,૨૬,૨૭,૬૯, ૯૯,૧૦૧,૧૦૩,૧૦૪,૧૦૭, ૧૪૭,૧૪૮,૧૫૧,૧૫૨,૧૫૯, ૧૭૫,૨૧૭,૨૧૮,૨૨૦**થી ૨૩૫**,૨૪૨,૨૪૪,૨૫૦,૨૮૨, ૨૮૩,૩૧૭,૩૧૯,૩૨૧,૩૫૨, ૫૬૦,૫૬૨,૫૬૩,૫૭૦
વસ્તુપાલની કૃતિઓ અને પ્રશસ્તિ ૨૨૮
વસ્તુપાલચરિત્ર ૧૩૨,૧૩૩,૧૭૬, ૨૨૭,૨૩૦થી ૨૩૨,૨૩૮, ૨૫૩,૨૮૩
વસ્તુપાલપ્રબંધ ૧૦૭
વસ્તુપાલપ્રશસ્તિ ૨૮૩
વસ્તુપાલનું વિદ્યામંડલ (ગ્રંથ) ૧૦૧
વસ્તુપાલનું વિદ્વદ્ મંડલ ૨૩૨
વસ્તુપાલ–તેજપાલ ૫,૭૯,૧૦૨, ૧૦૩,૧૦૫,૨૧૨,૨૧૬,૨૧૭, ૨૨૦થી ૨૨૨,૨૨૪,૨૨૫, ૨૨૭,૨૩૧,૨૪૨,૫૬૦
વસ્તુપાલ-તેજપાલરાસ ૨૧૨,૨૩૨, ૨૮૫
વ૦ તે૦ના જી. ચરિતનાં સાધનો ૨૩૧
વહીવંચાની વહીઓ/વંશાવલીઓ ૧૬૨, ૨૩૮,૩૮૦,૩૮૪,૩૯૯
વંથલી ૧૦૨,૧૦૫,૧૫૩,૨૨૫, ૨૭૭,૫૦૧,૫૦૨,૫૨૨,૫૬૧
વંદણયભાસં ૧૭૦
વંદનચૂર્ણિ ૪૩૭
વાક્પતિરાજ ૧૧૬,૧૨૨,૧૨૬
વાગડદેશ ૯,૩૪૧
વાગસાગર (ભટ્ટા.) ૨૦૮
વાગ્ભટ (વાહડ) કવિ ૭૧,૧૬૪, ૩૧૧થી ૩૧૩,**૫૨૦**
વાગ્ભટપુર ૧૪૫,૧૪૬
વાગ્ભટાલંકાર ૩૧૨,૩૧૩
વાગ્ભટાલંકાર-ટીકા ૩૧૩,૩૭૫,૩૭૮
વાઘજી ઠાકોર (મોરબી) ૨૭૭
વાઘાસા ગામ (ખેડામંડલ) ૧૧૬
વાચકવંશ ૨,૨૭૧,૩૫૪
વાટોડા ગામ ૧૨
વાણિયાકેરુ ખેતર ૧૮૪
વાર્તિક ગ્રંથ ૩૬૬,૪૮૮
વાત્સ્યાયનભાષ્ય ૩૬૬
વાદમહાર્ણવ ૧૪,૫૪૫
વાદસ્થલ ગ્રંથ ૧૪૧,૩૬૩,૪૫૯
વાદાનુશાસન ૪૮૮,૪૯૧
વાદિગંધહસ્તિ ૨૮૪
વાદિદેવસૂરિ (દેવસૂરિ) ૧૭,૧૮,૨૩, ૨૪,૪૨,૫૧,૭૦,૧૪૧,૧૪૭, ૧૫૩,૧૮૩,૧૯૯,૨૦૨,૨૦૪, ૨૧૪,૨૧૫,૨૧૭,૨૫૪,૨૬૦, ૨૯૮,૩૨૯,૩૩૧,૩૩૬,૩૩૭, ૩૫૦,૩૬૩,૩૮૧,૩૯૨,૪૦૮,

૪૪૧થી ૪૫૨,૪૫૩થી ૪૬૪, ૪૬૭થી ૪૬૯,૪૭૫,૪૯૩, ૫૦૮,૫૧૨,૫૧૬,૫૨૧,૫૨૨, ૫૨૫,૫૨૯,૫૪૦થી ૫૪૨, ૫૫૯,૫૬૪
વા.સૂરિગચ્છ પટ્ટા. (વડ) ૪૬૨-૪૬૩
વાદિદેવાચાર્ય ૨,૪૬૨
'વાદિવેતાલ' બિરુદ ૨૦૧,૨૯૨
વાદીન્દ્રદેવસૂરિ મહાકાવ્ય ૪૫૦,૪૬૪
વાધૂયન (ગલ્લકકુળ) ૯૬,૯૭,૧૦૬, ૧૦૭,૫૧૪
વામદેવ પોરવાડ ૩૬
વામદેવ સલાટ ૨૧૯
વામન પંડિત ૨૭,૩૧૩,૪૮૮
વામરાશિ પંડિત ૯૦,૪૭૯
વાયડગચ્છ ૭,૧૩૮,૧૮૩,૨૨૪, ૨૩૩,૨૩૫,૩૫૭,૪૦૬,૪૫૮, ૪૯૩,૫૨૩,૫૬૦,૫૬૧
વાયડ ગામ ૧૪૨,૧૮૩
વાયડ જ્ઞાતિ ૧૮૩
વારાહીદેવી ૩૭૫
વાલમતી ગણિની (સાધ્વી) ૫૧૨
વાલાક પ્રદેશ ૧૦૨,૫૪૭
વાલ્હણ મહામાત્ય (નાડોલ) ૧૨૪
વાસવદત્તા (કથા) ૨૯૫
વાસુદેવસૂરિ ૧૬૨
વાસુપૂજ્યચરિત ૪,૫,૫૧૪
વાસુપૂજ્યસ્વામી ૪,૧૮૧,૩૧૩, ૪૬૯,૫૧૪
વાસ્યાયનભાષ્ય ૩૬૬
વાહડ મંત્રી જૂઓ 'બાહડ મંત્રી'
વાહડ શેઠ (પોરવાડ) ૮૫,૪૬૨,૪૬૯
વાહડ શ્રાવક ૫૨૩,૫૬૦
વાંકા ગામ ૨૧૪
વાંકાનેર ૫૬૯
વિક્રમચરિત્ર ૩૬,૩૯૬
વિક્રમરાસ ૩૭૪
વિક્રમસિંહ પરમાર ૭૬,૭૭,૮૦,૯૭, ૧૧૪
વિક્રમાદિત્ય ૬૩,૮૮,૧૧૧,૧૧૮, ૨૧૫,(૪૧૦)
વિક્રમાંકદેવચરિત ૬૪,૨૧૫,૨૧૬
વિગ્રહરાજ (અજમેર) ૨૮,૫૫,૬૨, ૭૬,૭૭,૮૫,૧૨૬,૧૪૮,૨૭૪
વિઘ્નવિનાશિસ્તોત્ર ૩૬૦
વિચારકલિકા ૧૦
વિચારશતક ૩૮૨
વિચારશ્રેણિ ૫૫,૯૭,૩૪૨,૪૧૬
વિચારસારપ્રકરણ ૪૪
વિજય ૪૪૩,૪૫૪,૪૬૦
વિજયકમલસૂરિ ૩૨૨,૩૨૬,૫૫૫
વિજયગચ્છ (મત) ૪૭,૫૧,૩૨૦
વિજયગણિ (૩૦) ૩૮૬
વિજયચંદ્રગણિ (૩૦) ૩૯૨,૪૦૧, ૪૦૩,૪૨૫,૪૩૦,૪૩૧
વિજયચંદ્રચરિયં ૩૪
વિજયચંદ્રસૂરિ ૧૭,૨૧,૩૦,૩૧, ૨૩૩,૨૬૦,૩૧૦,૩૩૧,૩૩૯, ૩૪૫,૩૯૩,૪૦૧,૪૦૪,૪૫૩, ૫૨૫,૫૨૮,૫૪૦
વિજયતિલકસૂરિ ૪૬૮,૫૩૬
વિજયદાનસૂરિ ૧૩૭,૧૫૯,૫૪૩, ૫૫૮
વિજયદાનસૂરિ શાસ્ત્રસંગ્રહ ૪૯૫
વિજયદેવમાહાત્મ્ય ૩૮૬
વિજયદેવ મુનિ ૪૬૨
વિજયદેવસૂરિ ૧૮૦,૧૮૧,૧૯૪, ૨૧૨,૨૫૪,૩૨૫,૩૨૮,૩૨૯,

૩૬૭,૪૩૧,૫૨૬,૫૩૨,૫૩૩,
૫૩૬,૫૪૩
વિજયદેવસૂરિસંઘ ૧૯૩,૪૬૮,૫૩૦
વિજયધર્મરત્નસૂરિ ૧૫૮,૧૫૯
વિજયધર્મલક્ષ્મી જ્ઞાનમંદિર ૨૩૯
વિજયધર્મસૂરિ ૫૫૧,૫૫૫
વિ.ધર્મસૂરિનો જૈ.પ્ર.લેખસંગ્રહ ૪૭
વિજયનેમિસૂરિ ૩૨૨,૪૯૪
વિજયપાલ કવિ ૫૧૧
વિજયપાલ રાણા ૩૯૪,૫૬૯
વિજયપુષ્પસૂરિ (ભટ્ટા.) ૪૯
વિજયપ્રતાપસૂરિ ૫૫૫
વિજયપ્રભસૂરિ ૩૨૯,૩૩૦,૪૦૦,
૪૦૧,૫૨૭, ૫૨૮
વિજયપ્રશસ્તિ મહાકાવ્ય-ટીકા ૧૮૮,
૧૯૪,૩૩૦,૫૫૦
વિજયમાણિક્યસિંહસૂરિ ૫૬૫
વિજયમોહનસૂરિ ૫૫૫
વિજયરત્નસૂરિ ૧૯૩,૩૨૮,૫૪૬
વિજયરાજસૂરિ ૧૮૯,૪૩૫
વિ.રાજેન્દ્રસૂરિ અર્ધશતાબ્દીગ્રંથ ૧૬૪
વિજયરાવ સિંધી (સોજત) ૧૬૧
વિજયલક્ષ્મી સાધ્વીશ્રી ૪૬૦
વિજયલાવણ્યસૂરિ ૨૯૫,૪૯૪
વિજયવલ્લભસૂરિ ૩૮૫,૫૪૩
વિજયવલ્લભસૂરિ સ્મારકગ્રંથ ૧૨૯
વિજયવંત રાજા (લોહિયાણ) ૧૦૯,
૩૯૯
વિજયસાગરગણિ ૪૫
વિજયસિંહસૂરિ ૪,૧૬,૨૧,૪૮,
૧૪૧,૧૯૪,૧૯૭,૧૯૮,૨૧૦,
૨૫૪,૨૭૩,૨૭૯,૩૦૬,૩૦૭,
૩૧૪,૩૪૫,૩૯૩,૪૧૩,૪૩૦,
૪૩૬,૫૦૮,૫૨૪થી ૫૨૬,
૫૫૬,૫૫૯,૫૬૪,૫૭૦
વિજયસુંદરસૂરિ (ભટ્ટા.) ૪૬૮
વિજયસેન (પં.) ૪૪૫
વિજયસેનસૂરિ ૫,૧૫૬,૧૭૪,૧૮૨,
૧૮૮,૨૧૦,૨૧૮,૨૨૪,૨૨૬,
૨૩૨,૨૪૩,૨૪૪,૨૪૬,૩૨૯,
૩૩૧,૪૫૪,૪૬૦,૪૬૮,૫૩૧થી
૫૩૩,૫૩૬,૫૫૦,૫૬૦
વિજયાણંદસૂરિ ૫૩૬
વિજયાનંદસૂરિ (શ્રીપૂજ) ૩૨૭
વિજયાદિત્ય ચૌલુક્ય ૫૩
વિજયેંદુસૂરિ ૩૪૫,૪૫૩
વિજયોદયસૂરિ (ભટ્ટા.) ૫૪૬
વિજ્જલ (બીજલ) કલચૂરિ ૮૯,૧૧૧,
૧૧૨,૫૬૭-૫૬૮
વિજાપુર ૪૫,૧૯૨,૨૪૬,૩૧૦,
૩૧૧,૪૧૧,૫૪૩
વિજ્જાલગ્ગ-ટીકા ૪૫૩
વિત્તપટયંત્ર ૧૩૧
વિત્તસારગણિ વાચનાચાર્ય ૧૫૬
વિદર્ભ (વરાડ) ૩૨૪
વિદ્વત્પ્રબોધ ૩૮૬
વિદ્યાકુમારગણિ ૩૯૪
વિદ્યાચંદ્રસૂરિ (ભટ્ટા.) ૪૨૫
વિદ્યાધરકુલ (ગચ્છ) ૨,૩૪થી ૩૭,
૧૩૦થી ૧૩૨,૧૩૫,૧૯૮,
૨૩૫,૨૩૭,૪૨૮,૪૩૦,૫૫૪,
૫૫૫,૫૬૩,૫૬૬
વિદ્યાધરગચ્છ પટ્ટાવલી ૩૪
વિદ્યાધરગણિ ૪૫૩
વિદ્યાનંદ વાદી (દિ.) ૪૨
વિદ્યાનંદવ્યાકરણ ૩૬૪,૩૬૭
વિદ્યાનંદસૂરિ ૪૬,૧૯૨,૩૧૧,૩૬૭
વિદ્યાપ્રભસૂરિ ૩૯૭

વિદ્યામંડનસૂરિ ૧૩૭,૧૬૦
વિદ્યાવિજય જૂઓ 'વિજયદેવસૂરિ'
વિદ્યાવિજયજી મહારાજ ૧૯૫
વિદ્યાવિલાસ-નરેન્દ્રચોપાઈ ૩૭૮
વિદ્યાવિલાસપવાડો ૨૧૨
વિદ્યાસાગરગણિ (ઉ૦) ૧૮૧,૫૪૫
વિદ્યાસાગરસૂરિ ૭,૧૩૪,૩૨૧,૪૨૨, ૪૩૫
વિધિપક્ષગચ્છ (અંચલગચ્છ) ૧૮૮, ૩૦૭,૩૯૨,૩૯૩,૪૦૧,૪૦૩થી ૪૦૬,૪૨૫,૪૨૬
વિધિપ્રપા (ગ્રંથ) ૩૬૯
વિનયકીર્તિસૂરિ (ભટ્ટા.) ૪૬૬
વિનયચંદગણિ (ઉ૦) ૩૩૫
વિનયચંદ્રસૂરિ ૯૩,**૨૬૧**,૩૩૭,૩૯૭, ૪૨૫,૪૨૬,૪૩૬,૪૫૩,૫૨૭, **૫૬૩**
વિનયતિલક મુનિ ૩૭૭
વિનયદેવ (મુનિરાજ) ૪૬૬
વિનયપ્રભગણિ (ઉ૦) ૩૭૩
વિનયમંડનગણિ (ઉ૦) ૧૫૮,૧૫૯
વિનયમિત્રસૂરિ (યુગપ્રધાન) ૫૬૦
વિનયવલ્લભગણિ ૩૮૭
વિનયવિજયગણિ (મહો.) ૧૯૪, ૪૯૪,૫૫૮
વિનયશીલગણિ (ઉ૦) ૨૫૦,૪૨૨
વિનયસાગરગણિ ૫૪,૬૭
વિનયહંસગણિ (ઉ૦) ૪૧૮
વિનયંધરચરિત્ર ૪૬૨
વિનેયજનહિતા-વૃત્તિ ૪,૨૫
વિબુધચંદ્રસૂરિ ૨૧,૨૭૮,૨૭૯,૩૦૭
વિબુધપ્રભસૂરિ ૬,૩૮,૧૫૩,૫૫૫
વિબુધાનંદ નાટક ૨૪
વિમલગણિ ૩૯૫
વિમલગણિ (ઉ૦) ૧૬૭,૧૭૨
વિમલચંદ્ર (ગણિ/સૂરિ) ૧,૨૦,૪૯, ૫૦,૧૩૧,૩૩૬,૩૪૬,૪૪૨, ૪૪૩,૪૫૩,૪૫૯થી ૪૬૧, ૪૬૬
વિમલચરિત્ર ૫૩૪,૫૩૫
વિમલનાથસ્વામી ૪૯,૨૦૯,૪૬૧
વિમલપ્રબંધ ૧૩૩,૧૩૬,૨૫૩,૫૩૪
વિમલપ્રભસૂરિ ૨૧૧
વિમલ મંત્રી ૩૭,૫૯,૬૨,૧૦૭, ૧૦૮,૧૧૪,**૧૩૧થી ૧૩૩**, ૧૩૪,૧૩૫,૧૭૮,**૨૩૫થી** ૨૩૯,૨૪૧,૨૪૨,૨૫૩થી ૨૫૬,૩૫૦,૪૦૨
વિમલવસતિ જૂઓ 'વિમલવસહી'
વિમલવસહી ૧૮,૨૯,૩૦,૩૬,૩૭, ૬૨,૧૧૫,૧૨૬,**૧૩૨થી** **૧૩૬**,૧૭૫,૧૭૮,૨૧૩,૨૨૬, **૨૩૫થી** ૨૪૨,૨૪૩,૨૪૫થી ૨૪૭,૨૫૧થી ૨૫૬,૩૧૪, ૩૪૯,૩૫૨,૪૦૨,૫૧૧,૫૧૬
વિમલવિજયગણિ (ઉ૦) ૧૯૩
વિમલશાહ (ધર્કટ શ્રીમાલી) ૫૧૩, ૫૩૪
વિમલસિંહસૂરિ ૧૪૩
વિમલસૂરિ ૪૩,૪૮,૪૯,૨૮૩,૩૯૫, ૪૩૯
વિમળહર્ષગણિ (મહો.) ૩૨૫
વિયુદ્ધ શ્રીમાલી (કંથકોટ) ૨૯૯
વિલાસવઈકહા ૩૩૩,૪૪૧
વિલ્હણ પોરવાડ ૨૨,૩૦૭,૪૬૯
વિવાગસુય-ટીકા ૧૬૯
વિવાહપણત્તિ-ટીકા ૧૬૯,૧૭૧
વિવિધગચ્છીય પટ્ટાવલીસંગ્રહ ૭,૨૬,

૨૮થી ૩૧,૩૪,૭૩,૩૫૭,
૩૮૫,૩૯૧,૪૯૯
વિવિધતીર્થકલ્પ ૪૬,૨૩૨,૨૩૯,
૨૫૧,૨૫૩,૨૭૪,૨૭૫,૩૨૦,
૩૨૧,૩૨૭,૩૪૯,૩૬૩,૩૬૯,
૫૨૯,૫૪૩
વિવિધ સ્તોત્ર-વૃત્તિ ૩૭૬
વિવેકકલિકા ૨૮૩
વિવેકચંદ્રસૂરિ ૪૬૭
વિવેકધીરગણિ ૧૫૯,૧૬૦
વિવેકપાદપ ૨૮૩
વિવેકમંજરી ૪,૫૨૫,૫૬૯
વિવેકમંજરી-વૃત્તિ ૨૨,૨૩,૩૦૭,
૫૭૦
વિવેકરત્નસૂરિ ૪૨૮
વિવેકવિલાસ ૫૬૦
વિવેકસમુદ્રગણિ ૧૨,૩૬૬,૩૭૩
વિવેકસાગરસૂરિ ૪૨૩
વિવેકસાગર સમ્યક્ત્વાલંકાર ૩૬૬
વિવેકસિંહસૂરિ ૩૯૭
વિવેકહર્ષગણિ (ઉ૦) ૩૫૦,૩૮૩,
૩૮૪
વિવેચનમુકુર (ગ્રંથ) ૫૧
વિશલદેવ વાઘેલા ૯૫,૧૦૧,૧૦૪,
૧૦૫,૧૪૭,૨૨૬,૨૨૭,૨૩૩,
૨૩૪,૩૦૧,૩૦૨,૩૦૮,૫૬૧,
૫૬૭,૫૬૮
વિશલરાયવિહાર ૧૯૩
વિશાલગણિ ૩૭૭
વિશાલરાજસૂરિ ૩૯૭
વિશેષશતક ૩૮૨,૩૮૩
વિશેષાવશ્યકભાષ્ય-ટીકા ૧૬૭,૩૪૮
વિશ્વનાથ ભટ્ટ ૭૧
વિશ્વવરાહ (ધરણીવરાહ) ૫૫,૬૫,
૧૨૭
વિશ્રાંતવિદ્યાધર પંડિત ૪૮૮
વિશ્વેશ્વર કવિ ૯૦
વિશ્વેશ્વરનાથ રેઉ ૧૧૫
વિષમપદભંજિકા પંજિકા ૧૭
વિષમપદાર્થાવબોધ-ટિપ્પન ૩૧,૩૨,
૩૩૯
વિષ્ણુમંદિર ૬૮,૧૪૮,૨૯૧,૩૦૧
વિષ્ણુસૂરિ ૩૪,૪૩,૨૭૦,૨૭૧,૩૩૩
વિસયનિંદા કુલયં ૩૩૮
વિસલરાજ (વિગ્રહરાજ) ૩૬૩,૫૬૨
વિસેસાવસ્સય-બૃહદ્વૃત્તિ ૨૭૮,૨૭૯
વિસેસાવસ્સય-વૃત્તિ ૪૪૦
વિહારુક (શાખા-ગચ્છ) ૨,૫૦,૫૮,
૧૬૬,૩૯૯
વિજ્ઞપ્તિત્રિવેણી ૩૭૬
વિંધ્યગિરિ શિલાલેખ ૨
વિંધ્યવર્મા પરમાર ૧૦૨,૧૨૨
વિંધ્યવાસિની દેવી ૧૩૧,૨૫૮
વિંધ્યાચલ ૯૪,૧૩૧,૨૫૮
વીકાજી રાઠોડ ૭૬,૧૮૦
વીજડ શેઠ (મંડોવર) ૨૯,૧૨૬,૨૪૧
વીતભયનગર ૮૬,૯૦
વીતરાગસ્તવન ૧૭૩
વીતરાગસ્તોત્ર ૮૨,૮૪,૪૭૯,૪૯૨,
૪૯૬
વીતરાગસ્તોત્ર વિવરણ ૧૭૩,૧૭૪,
૪૯૩
વીરકલ્પ ૩૪૬
વીરગણિ ૧૨થી ૧૪,૫૬,૧૩૧,
૧૬૩,૧૯૮,૩૩૨,૩૩૪,૩૩૭,
૪૩૬
વીરચંદ પોરવાડ ૩૧૩,૪૬૯
વીરચંદ ભટ્ટારક (દિ.) ૪૧૦

વીરચંદ્રસૂરિ ૧૯૨,૪૦૦થી ૪૦૨, ૫૨૭
વીરજિનપ્રાસાદ ૩૦૧,૫૧૪
વીરથુઈ (સ્તુતિ) ૨૯૫,૩૪૩,૩૭૦
વીરદેવ (મુનિરાજ) ૩૪
વીરદેવગણિ ૨૦,૫૬૨
વીરદેવસૂરિ ૨૧૨
વીરધવલ વરહુડિયા ૪૬,૩૧૦,૩૧૧
વીરધવલ વાઘેલા ૧૦૧થી ૧૦૫, ૨૨૦થી ૨૨૨,૨૨૪થી ૨૨૭, ૨૨૯,૨૩૦,૨૩૩,૨૩૪,૨૮૨, ૩૦૧
વીરનાગ પોરવાલ ૪૪૧,૪૪૨
વીરપ્રભસૂરિ ૨૦૯,૨૧૨
વીરભદ્રસૂરિ ૨૦૩,૨૯૫
વીરમગામ ૬૪,૩૨૦,૪૬૭
વીરમતિ ગણિની ૨૭૮
વીરમદેવ વાઘેલા ૧૦૧,૧૦૪
વીર મહત્તમ ૩૬,૫૫થી ૫૭,૧૦૭, ૧૦૮,૧૩૧થી ૧૩૫,૨૩૫, ૨૪૦,૨૪૧,૫૨૪,૫૨૯,૫૬૩
વીરવંશ પટ્ટાવલી ૪૧૪
વીરવંશાવલી ૧૭૨,૨૩૨,૨૩૫, ૩૨૪,૪૦૦,૪૦૧,૪૧૮,૪૭૨, ૫૪૧,૫૫૦
વીરવિજયગણિ ૧૩૭,૫૫૩,૫૬૯
વીરસૂરિ ૪,૧૩,૪૮,૬૬,૬૭,૬૯, ૧૧૨,૧૫૩,૧૯૮,૨૩૨,૨૩૭, ૨૭૧,૨૭૪,૩૦૧,૩૧૯,૩૩૩, ૪૨૮,૪૩૭,૪૬૯,૪૭૭,૫૨૪, ૫૨૯,૫૬૩
વીરંજયક્ષેત્રસમાસ સ્વોપજ્ઞવૃત્તિ ૪૬૫
વીશપંથી (દિ.શાખા) ૫૫૭
વીસનગર ૬૨,૫૩૦
વીસોજી ગોહિલ ૫૪૬,૫૪૭
વૃત્તરત્નાકર-ટીકા ૧૬૩,૪૬૩
વૃદ્ધતપાગચ્છ ૮,૧૨૮,૧૩૭,૫૩૦, ૫૩૧,૫૬૫
વૃદ્ધદેવસૂરિ ૪૫૦,૫૨૧
વૃદ્ધભોજ રાજા ૧૦,૧૧૯
વૃદ્ધવાદીસૂરિ ૪૧,૩૫૪
વૃદ્ધાચાર્ય પટ્ટાવલી ૩૪૨,૩૪૯,૩૬૫, ૩૭૯
વૃદ્ધાચાર્ય પ્રબંધાવલી ૩૪૧,૩૪૨, ૩૪૮,૩૫૩,૩૫૬,૩૫૮,૩૫૯, ૩૬૫,૩૬૮,૩૬૯
વૃદ્ધિવિજયજી ૩૧૯
વૃદ્ધિસાગરગણિ (ઉ૦) ૪૨૪
વૃદ્ધિસાગરસૂરિ ૩૨૦
વૃન્દાવનકાવ્ય ૧૦
વૃષભધ્વજ નાટક ૨૪
વેગડગચ્છ (ખ.ગચ્છ) ૩૭૫
વેગાણી ગોત્ર ૪૬૮
વેજલદેવી ૨૧૮
વેણીવચ્છરાજ ૫૪૮
વેદગાંધી ગોત્ર ૪૬૮
વેલચંદ ભંડારી (ચિત્તોડ) ૩૭૮
વેસટશાહ ૧૪૮
વેસટશાહવંશ ૧૩૮,૧૪૮,૧૯૨
વેસ્ટર્ન ઇન્ડિયા (ગેઝેટ) ૯૮
વૈદિક સાહિત્ય ૫૪૫
વૈદ્યકસારોદ્ધાર ૪૬૮
વૈભારગિરિ તીર્થ ૩૭૬
વૈરસિંહ શેઠ (ધોળકા) ૧૪૧,૫૨૩
વૈરસ્વામીસૂરિ ૨૬,૪૩૮
વૈરાટ (વૈદર્ભી) નગર ૩૨૪,૩૮૭
વૈરોચનપરાજયમહાપ્રબંધ ૫૦૮,૫૦૯
વોસિરિ દંડનાયક ૭૪,૭૫,૮૬,૯૬,

૯૭,૧૩૯,૫૩૬
વ્યતિરેક દ્વાત્રિંશિકા ૪૮૫
વ્યવસ્થાકુલક ૩૬૦
વ્યવહારસૂત્ર ૩૧૦,૩૧૧
વ્યવહારસૂત્રભાષ્ય ૫૬૫
વ્યંતરેન્દ્ર (શત્રુંજયોદ્ધાર) ૧૩૭
વ્યાકરણચતુષ્કિકા ૨૮૩
વ્યોમવતી (ટીકા) ૨૮૩

(શ)

શકાવતાર ૨૯૨
શકુનસારોદ્ધાર ૫૬૪
શકુનિકાવતાર (શત્રુંજય) ૨૨૪
શકુનિકાવિહાર ૩,૮૯,૯૧,૧૪૦, ૧૪૩,૨૨૩,૨૩૨,૪૭૯,૫૨૪, ૫૬૦
શતક(બૃહદ્)ભાષ્ય ૩૯૪,૪૧૫
શતપદી ૯૧,૩૩૬,૩૪૨,૩૪૪, ૩૫૮,૩૯૨,૪૦૦,૪૦૧,૪૦૪, ૪૧૦,૪૧૧,૫૦૭
શતપદી-દીપિકા ૪૬
શતપદીસાર ૪૧૬
શતાર્થીકાવ્ય ૪૯૮,૫૦૯,૫૧૦, ૫૫૭થી ૫૫૯
શતાર્થી વિવરણ ૫૫૮
શતારિપ્રકરણવૃત્તિ ૧૭૦
શત્રુંજય ૭,૩૪,૩૫,૩૭,૪૫,૬૮, ૭૩,૮૧,૮૨,૮૫,૮૬,૮૯,૯૧, ૯૨,૧૦૨,૧૦૪,૧૦૬,૧૩૩, ૧૩૬થી ૧૩૮,૧૪૦,૧૪૨, ૧૪૫,૧૪૬,૧૪૯,૧૫૧થી ૧૫૪,૧૫૬,૧૫૮થી ૧૬૦, ૧૭૧,૧૮૧,૧૮૫,૨૦૭,૨૧૪, ૨૧૯થી ૨૨૧,૨૨૩થી ૨૨૫, ૨૨૭થી ૨૨૯,૨૩૧,૨૪૯, ૨૭૭,૨૮૨,૨૯૮,૨૯૯,૩૦૧, ૩૧૧,૩૨૮થી ૩૩૦,૩૫૨, ૩૫૭,૩૬૯,૩૭૩,૩૮૧,૩૮૬, ૩૮૮,૩૮૯,૩૯૯,૪૦૦,૪૦૨, ૪૦૫,૪૧૨,૪૧૪,૪૧૫,૪૧૯થી ૪૨૧,૪૨૩થી ૪૨૫,૪૨૭, ૪૨૮,૪૩૫,૪૬૧,૪૬૪,૪૬૭, ૪૭૪,૪૭૬,૪૭૯,૪૮૦,૫૧૦, ૫૧૨,૫૧૬,૫૧૭,૫૧૯,૫૨૧, ૫૨૨,૫૩૫,૫૪૬,૫૪૮થી ૫૫૦,૫૫૩,૫૫૬
શત્રુંજયઉદ્ધાર રાસ/સ્તવન ૧૩૭
શત્રુંજયતીર્થલેખ ૩૮૬
શત્રુંજયતીર્થના ઉદ્ધારો ૧૩૬થી ૧૩૮, ૧૪૦,૧૪૨,૧૪૫,૧૪૬,૧૫૩, ૧૫૯,૧૬૦
શત્રુંજયતીર્થોદ્ધારપ્રબંધ ૧૫૦,૧૫૪, ૩૧૧
શત્રુંજય પ્રશસ્તિ શિલાલેખ ૧૬૦
શત્રુંજય બત્રીશી ૪૧૪
શત્રુંજય માહાત્મ્ય ૧૩૭
શત્રુંજયાવતાર ૩૫,૧૮૭,૧૯૪,૨૨૬
શત્રુશલ્ય રાજા (નાણા) ૪૦૦
શબ્દકોશ ૪૭૮,૪૮૮
શબ્દસમુચ્ચય ૩૮૧
શબ્દસિદ્ધિ ૩૯૩
શબ્દાંભોજભાસ્કર ૪૮૯
શય્યંભવસૂરિ ૪૧,૨૮૬,૩૫૪
શંકરાચાર્ય ૨૫૬,૫૫૪
શંખ રાજા (ભરૂચ) ૧૦૨,૧૦૩,૨૨૨
શંખલપુર ૧૫૫,૧૫૬,૩૭૪
શંખેશ્વરગચ્છ ૧૦૯,૨૩૮,૩૯૮, ૩૯૯,૪૦૧,૪૦૩,૪૦૫
શંખેશ્વરગચ્છ પટ્ટાવલી ૩૯૮થી ૪૦૧

શંખેશ્વરતીર્થ ૧૦૯,૧૫૫,૧૭૫, ૧૭૬,૨૨૭,૨૬૧,૩૦૦,૩૨૦, ૩૯૨,૪૦૯,૪૬૭,૫૧૩,૫૫૬, ૫૬૬,૫૬૯
શંખેશ્વર-તીર્થાધિષ્ઠાયક ૧૭૬
શંખેશ્વર પાર્શ્વનાથ ૧૭૫,૩૯૨,૫૬૯
શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન ૩૨૪,૩૩૯
શંખેશ્વર પાર્શ્વનાથસ્તોત્ર ૩૯૨,૫૧૩
શંખેશ્વર મહાતીર્થ (ગ્રંથ) ૧૭૬,૨૬૧, ૩૯૨,૩૯૪
શંખેશ્વર મહાતીર્થ-પ્રતિમાલેખ ૪૯
શાકટાયન ૨૭૧,૪૮૮
શાકલ પંડિત ૪૮૮
શાકંભરી ૧૦,૮૫,૮૬,૯૪,૧૨૨, ૧૨૬,૧૭૭,૨૭૪,૪૪૪,૪૪૯, ૫૨૨
શાર્દુલ શાહ ૨૪૯
શામળ (મહાવત) ૭૭,૭૮
શામળા પાર્શ્વનાથ ૩૧૮,૩૨૬,૫૫૫
'શારદાધર્મસુનૂ' ૨૨૯
શારદીય નામમાલા ૪૬૭
શાલિગામ (આબૂ) ૨૪૮
શાલિભદ્રચરિત ૬
શાલિભદ્રસૂરિ ૯,૪૮,૨૦૩થી ૨૦૬, ૨૧૨,૩૦૬
શાલિભદ્ર(શીલભદ્ર)સૂરિ [રાજગચ્છ] ૪,૧૫થી ૧૯,૨૬,૨૮,૩૦થી ૩૩,૧૯૭,૧૯૯,૨૩૭
શાહ ગોત્ર ૪૬૮
શાહબુદ્દીન મહમ્મદ ઘોરી ૩૯,૯૧, ૧૦૦,૧૧૪,૧૨૭,૧૮૩,૫૩૯, ૫૪૨,૫૬૨
શાંડિલ્યસૂરિ ૪૧
શાંત્યાચાર્ય જૂઓ 'શાંતિસૂરિ વાદિવેતાલ'
શાંતિ આશ્રમ (આબૂ) ૨૫૧
શાંતિચંદ્રગણિ (૩૦) ૧૯૪
શાંતિચંદ્રસૂરિ ૧૭૫,૩૩૯
શાંતિદાસ શ્રીમાલી (અમદાવાદ) ૨૪૯
શાંતિદાસ ઝવેરી (નગરશેઠ) ૪૪
શાંતિ દ્વાત્રિંશિકા ૪૮૬
શાંતિનાથ ૧૧,૧૨,૨૮,૩૩,૩૬,૪૪, ૪૭,૮૯,૧૩૫થી ૧૩૭,૧૬૨, ૧૮૦,૧૮૧,૧૯૨,૧૯૫,૨૩૭, ૨૪૮થી ૨૫૧,૨૫૪,૨૫૮, ૨૫૯,૩૦૪,૩૦૫,૩૧૫,૩૧૯, ૩૭૮,૩૯૩,૪૦૫,૪૦૭,૪૦૯, ૪૧૫,૪૧૯થી ૪૨૧,૪૩૦, ૪૫૫,૪૬૯,૫૧૩,૫૩૧થી ૫૩૩,૫૫૪,૫૫૫
શાંતિનાથચરિત્ર ૧૬,૧૭,૨૭,૩૬, ૧૮૨,૨૮૪,૨૯૮,૩૦૫,૩૪૦, ૩૯૫,૩૯૭,૪૧૩,૪૨૧,૪૫૩, ૪૫૪,૪૫૮,૪૬૦,૪૬૩,૪૬૬, ૫૨૭
શાંતિનાથચરિત્ર મહાકાવ્ય ૨૮૪, ૩૩૭,૪૫૨,૪૫૩,૪૫૪
શાંતિપર્વ ૨૨૪
શાંતિપ્રભસૂરિ ૧૭,૨૪,૧૯૭,૩૯૫
શાંતિભદ્રસૂરિ ૧૯૯,૨૦૫,૨૦૬, ૨૦૯,૩૩૯,૩૯૫,૫૨૫,૫૩૦
શાંતિવિજયગણિ ૨૫૯
શાંતિસાગરસૂરિ ૧૮૭,૩૭૯,૫૩૧
શાંતિસૂરિ ૫,૧૦,૧૬,૨૧,૪૦,૪૩, ૪૪,૧૪૮,૧૭૫,૧૮૩,૧૯૯, ૨૦૭,૨૦૯,૨૧૦,૨૧૨,૨૧૪, ૨૯૫,૩૦૬,૩૯૨,૪૩૮,૪૪૨, ૪૬૨,૪૬૯
શાંતિસૂરિ (વાદિવેતાલ) ૯,૧૧૯,

૧૮૨,૧૯૮**થી** ૨૦૩,૨૦૫,
૨૦૬,૨૯૨,૨૯૪,૨૯૫,૩૦૫,
૩૧૪,૩૩૨,૩૩૫,૩૩૬,૪૨૮,
૪૪૮,૫૨૫,૫૩૦
શાંતિસ્તવ (સ્તોત્ર) ૧૦,૩૫૬,૫૩૮
શાંતિહર્ષગણિ (વાચક) ૩૮૮
શાંતૂ મહેતા (મહામાત્ય) ૧૯,૬૩થી
૬૫,૭૦,૮૫,૧૦૭,૧૦૮,૧૯૮,
૨૦૨,**૨૧૨થી ૨૧૬**,૨૭૬,
૫૦૨,૫૩૪
શાંતૂવસહી ૨૧૩,૨૧૪
શિયાલબેટ ૩૨૯,૪૬૧
શિરીષનગર (સેરિસા) ૩૨૨
શિલાખંડ જૂઓ 'શિલાલેખ'
શિલાદિત્ય રાજા ૩૭,૧૩૭
શિલાલેખ ૨૪,૨૫,૩૩,૪૦,૪૪,૪૫,
૪૮,૭૮,૮૧,૮૨,૮૫,૯૦,૯૪,
૯૫,૧૧૫,૧૨૮,૧૨૯,૧૪૧,
૧૪૪,૧૫૬,૧૬૦,૧૬૪,૧૭૪,
૧૭૫,૧૮૫,૧૯૨,૧૯૬,૨૦૯,
૨૪૧,૨૪૨,૨૫૦,૨૫૭,૨૫૮,
૨૭૨,૩૨૮,૩૫૧,૩૯૮,૪૫૯,
૪૭૯,૫૨૩,૫૩૧,૫૩૩,૫૪૩
શિલોંછ નામકોશ ટીકા ૩૮૬,૪૯૪
શિવચંદ્રસૂરિ (ભટ્ટા.) ૪૬૭
શિવનાગ શેઠ ૧૭૭
શિવપુરાણ ૨૨૪,૪૭૮
શિવપ્રભસૂરિ ૩૯૪
શિવભદ્રકાવ્ય ૧૦
શિવભાણ ચૌહાણ (સિરોહી) ૧૨૬
શિવરત્નસૂરિ ૪૨૨,૪૨૬
શિવલાલ પંડિત (પાટણ) ૪૯૪
શિવવર્મા પંડિત ૪૮૮
શિવશર્મસૂરિ ૩૧
શિવા ઠાકોર ૮
શિવાદિત્ય ૩૭૫,૩૭૮
શિવાદેવી મહત્તરા ૩૦૪
શિવાલય ૩૫,૬૮,૭૯,૧૧૨,૧૧૩,
૧૭૮,૨૨૮,૩૦૧
શિશુપાલવધ-ટીકા ૩૭૨
શિશુહિતૈષિણી-વૃત્તિ ૩૭૧
શિષ્યહિતા-ટીકા ૯,૧૩,૩૩૨
શિહોર ૫૫,૭૦,૪૧૩,૪૭૬,**૫૪૬-
૫૪૭**
શીતલનાથ ૩૦૯,૩૨૯,૪૨૦,૫૨૫,
૫૩૮,૫૬૦
શીલગુણસૂરિ ૫,૫૨,૫૭,૧૬૫,
૧૯૧,૨૬૦,૩૧૮,૩૯૨,૩૯૩,
૪૦૧,(૪૦૩),૪૨૫
શીલણ ભાંડ ૯૮,૫૦૬,૫૫૦
શીલતરંગિણી (વૃત્તિ) ૩૪૫,૩૪૬
શીલદેવસૂરિ ૪૬૨
શીલધવલસૂરિ ૧૧૨,૧૯૦,૧૯૧
શીલભદ્રગણિ ૩
શીલભદ્ર મુનિ ૫૬૬
શીલભદ્રસૂરિ ૫૦,૨૧૦,૪૬૪
શીલરત્નસૂરિ ૪૧૭,૪૨૬,૪૨૮
શીલરાજસૂરિ ૪૨૮
શીલવર્ધનસૂરિ ૪૨૬,૪૨૮
શીલવિજયગણિ ૧૮૮,૧૮૯
શીલસૂરિ ૧૧૩
શીલાંકસૂરિ ૧૧૩,૧૭૧,૫૧૪
શીલોપદેશમાલા ૩૪૬
શુકરાજ-કથા ૪૧૭,૫૬૫
શુભભૂષણગણિ ૧૮૬
શુભવિજયગણિ ૫૫૩
શુભશીલગણિ ૧૨૧
શુભંકર (ગુ.શ્રીમાલી) ૨૮૦,૩૦૭

શુભંકર (વંશ) પોરવાડ ૨૬૦,૩૦૭, ૪૫૭,૫૬૬
શૃંગારદેવી ૧૧૪,૧૧૫,૧૨૪,૧૯૧
શૃંગારમંજરી-કથા ૧૨૦
શૃંગાર-વૈરાગ્યતરંગિણી ૫૫૭
શૃંગારશતક ૩૪૩
શેખરશાખા (અં.ગચ્છ) ૪૧૪
શેષભટ્ટારક ૪૮૭
શેષરાજ પંડિત ૪૮૮
શોધિતવાલગચ્છ ૫૨૯
શોભનચતુર્વિંશતિ-ટીકા ૨૬૩,૨૬૪, ૨૯૫
શોભનદેવ શિલ્પી ૨૪૪
શોભનમુનિ જૂઓ 'શોભન વાચનાચાર્ય'
શોભન વાચનાચાર્ય ૧૧૯,૨૬૧થી ૨૬૪,૨૮૬
શોભિત પોરવાડ ૫૦૮,૫૧૧,૫૧૨
શ્યામાચાર્ય ૪૧,૧૯૬

(શ્ર)

શ્રમણવંશવૃક્ષ ૬૨
શ્રાદ્ધજીતકલ્પ ૪૬૨
શ્રાદ્ધપ્રતિક્રમણચૂર્ણિ ૨૧૦
શ્રાવકધર્મપ્રકરણ ૧૯૨,૩૬૫
શ્રાવકધર્મપ્રકરણ-ટીકા ૩૬૫,૩૬૬
શ્રાવક-પ્રતિક્રમણ-વૃત્તિ ૩૯૪
શ્રાવક-પ્રતિક્રમણસૂત્ર-વિવરણ ૩૭૩
શ્રાવક પ્રાયશ્ચિત્ત સામાચારી ૩૯૪
શ્રાવકવર્ષાભિગ્રહભાવના ૨૯
શ્રાવકવ્રતકથા ૪૨૨
શ્રીકૃષ્ણસાગરગણિ ૭૭
શ્રીચંદ્ર (સૂરિ/મુનિ) ૩૩,૫૧૩
શ્રીતિલકસૂરિ ૩૯૬
શ્રીદેવસુંદરસૂરિ ૧૫૫
શ્રીદેવી ૧૩૨,૧૩૩,૨૩૬
શ્રીધરચરિત્ર ૪૧૭,૫૬૫
શ્રીધર પંડિત ૯૬,૨૮૩,૨૮૪,૫૧૧
શ્રીપતિ ગોત્ર ૪૦૭
શ્રીપતિસૂરિ ૪૮
શ્રીપાલ ૪૬,૨૭૪,૩૦૯,૩૨૪, ૩૨૫,૩૩૪,૪૩૧,૪૩૪
શ્રીપાલ કવિ ૬૮,૭૧,૮૧,૯૧,૯૭, ૪૪૫,૪૪૬,૪૭૫,૪૭૬,૪૮૨, **૫૦૭થી ૫૧૦**,૫૧૨,૫૨૪, ૫૫૮
શ્રીપાલચરિત્ર ૩૯૫,૪૬૭
શ્રીપુર ૫૫,૬૭,૧૧૬,૧૩૩,૨૭૪, ૩૨૫,૩૨૬
શ્રીપૂજ(ની) ટૂંક ૫૪૬
શ્રીપ્રભસૂરિ ૧૫૨,૧૯૩,૩૯૨,૩૯૬, ૪૩૨થી ૪૩૪,૪૯૩,૫૬૪
શ્રીભુષણગણિ ૧૯
શ્રીમતી સુંદરી સાધ્વીજી ૪૬૦
શ્રીમલ્લ શેઠ (ગોષ્ઠિક) ૪૦૭
શ્રીમાનસાગરજી મહારાજ ૫૫૮
શ્રીમાલનગર ૧૧,૩૭,૩૮,૧૦૭, ૧૩૦,૩૧૫,૪૬૦
શ્રીમાલીગચ્છ ૩૬૫,૩૬૯,૫૩૦
શ્રીમાલી જ્ઞાતિ(વંશ) ૨,૭,૮,૧૬, ૧૮,૧૯,૭૫,૮૫,૯૬,૧૦૭, ૧૨૧,૧૩૮,૧૩૯,૧૮૨,૧૮૪, ૧૯૨,૧૯૮,૨૦૨,૨૧૩,૨૪૯, ૨૫૫,૨૯૬,૨૯૮,૨૯૯,૩૧૫, ૩૨૦,૩૨૮,૩૬૮,૩૭૧,૩૭૬, ૩૯૬,૪૦૦,૪૦૭,૪૧૨,૪૧૩, ૪૧૯,૪૨૦,૪૬૮,૫૦૧,૫૦૩, ૫૦૪,૫૧૩,૫૨૦,૫૨૨,૫૨૩, ૫૩૪થી ૫૩૬,૫૩૮,૫૩૯
શ્રીમાલીઓનો જ્ઞાતિભેદ (પુસ્તક)

૫૩૫,૫૩૬
શ્રીરંગ (ગૂર્જરશ્રીમાલી) ૨૪૭
શ્રીવત્સકુળ ૧૫૨,૪૩૨,૪૩૪,૪૩૫
શ્રીવત્સાચાર્ય ૨૮૩
શ્રીશેષ પંડિત ૪૮૮
શ્રીષેણ(શેષ)સૂરિ ૩૦૧,૩૦૨,૩૯૨
શ્રીસારીયગચ્છ (ખ.ગચ્છ) ૩૮૭
શ્રીસિત્તરી-ભાષ્ય ૫૬૬
શ્રીસૂરિ મહારાજ ૪૪,૨૦૮
શ્રુતકીર્તિસૂરિ ૪૮૯
શ્રુતપાલ પંડિત ૪૮૮
શ્રેણિક-અભયકુમારચરિત ૧૫૭
શ્રેણિકચરિત્ર ૩૬૯,૪૯૧
શ્રેણિકરાસ ૪૬૭
શ્રેયાંસનાથ ૧૯૪,૪૨૦,૪૨૧
શ્રેયાંસનાથચરિત્ર ૩૧,૫૨
શ્લોકપંચક ૩૪

(ષ)

ષટ્કલ્યાણકમત ૫૨,૩૯૧
ષટ્દર્શનમાતા ૨૧૯
ષટ્પ્રાભૃત-ટીકા ૨
ષટ્સ્થાનકવૃત્તિ ૩૬૪
ષડશીતિ ૬,૩૪૩,૩૪૪,૪૪૦
ષડ્દર્શન નિર્ણય ૪૧૬
ષડ્દર્શનસમુચ્ચય ૨૮૪,૪૬૫
ષડ્દર્શનસૂત્ર-ટીકા ૩૪૬
ષડાવશ્યક બાલાવબોધ ૪૫
ષડાવશ્યકવૃત્તિ ૪૨૦
ષંડિલ્લસૂરિ ૩૫૪
ષોડશિકા ૪૮૪

(સ)

સકલચંદ્રગણિ (મહો.) ૩૮૨
સકલચંદ્રસૂરિ ૪૩૫
સકલાર્હત્ચૈત્યવંદન-વૃત્તિ ૪૯૩
સકલાર્હત્સ્તોત્ર ૪૯૧
સગર ચક્રવર્તી ૧૩૭
સજ્જનગણિ (ઉ૦) ૧૭૨,૩૩૩
સજ્જનચિત્તવલ્લભ ૬
સજ્જન દંડનાયક ૧૯,૬૫,૬૮,૭૦, ૭૪,૭૫,૮૫,૯૬,૧૦૦,૧૦૭, ૨૧૪,**૫૦૧થી ૫૦૩**,૫૧૨, ૫૨૦,૫૨૨
સજ્જન પોરવાડ (પાટણ) ૩૩,૫૧૩
સજ્જન ઋષિ ૩૭૭
સટ્ટિસયપગરણ ૩૪૪
સણયકુમારચરિયં ૩૩,૧૭૬,૨૮૧, ૩૧૧
સતીશચન્દ્ર વિદ્યાભૂષણ ૫
સત્તરિસય-યંત્ર ૨૫૫
સત્તરી ટિપ્પન ૩૪૪
સત્તરીભાષ્ય (વૃત્તિ) ૧૭૦,૪૧૬
સત્યપુરાવતાર ૨૨૫,૨૨૬
સત્યપુરીય મહાવીરોત્સાહ ૬૨,૯૯, ૨૯૫
સત્યરાજગણિ ૩૯૫
સત્યરુચિ મહારાજ ૩૭૭
સત્યવિજયજી ગણિ ૩૧૯
સત્યહરિશ્ચંદ્ર નાટક ૪૮૫
સદ્ગુરુ પદ્ધતિ (ગ્રંથ) ૨૭૪,૨૭૫
સદારંગ ભટ્ટારક ૩૮૫
સદીક ચાંચિયો ૧૦૩,૨૨૨
સનત્કુમારમહાકાવ્ય-સટીક ૩૬૪
સન્મતિતર્ક ૧૪,૪૨
સપાદલક્ષ ૩૯,૭૬,૯૪,૧૬૪,૫૦૦
સપ્તતત્ત્વવિચારણા ૪૯૨
સપ્તતિકા-વૃત્તિ ૪૪૦
સપ્તપદાર્થી ટીકા ૩૭૫,૩૭૮
સપ્તસંધાન મહાકાવ્ય ૪૯૨,૫૫૮

સપ્તસ્મરણ-વૃત્તિ ૩૭૦
સબહુપુર ૨૮
સભાપંચક (ગ્રંથ) ૩૯૪
સમયપ્રભ મુનિ ૩૭૭
સમયરત્નસૂરિ ૧૬૦
સમયશ્રી મહત્તરા ૪૦૫
સમયસુંદરગણિ (ઉ૦) ૨૩૨,૩૮૨, ૩૮૩,૫૫૮
સમયહંસગણિ (ઉ૦) ૩૭૧
સમરચંદ્રસૂરિ ૪૬૬
સમરરાસુ ૩૪,૧૫૬
સમરસિંહ ચૌહાણ ૧૦૪,૧૨૫,૪૫૯
સમરાઈચ્ચકહા ૨૦,૪૫,૩૩૩
સમરાદિત્યચરિત ૫૩૭
સમરાદિત્યસંક્ષેપ ૧૫,૪૫૧,૫૫૫
સમરાશાહ (સમરસિંહ) ૭,૧૩૭, ૧૩૮,૧૪૬,**૧૪૯થી ૧૫૫**, ૧૫૭,૧૫૮,૨૦૭,૪૬૪
સમરાંગણસુત્રધાર (ગ્રંથ) ૧૨૦,૫૦૧
સમલિકાવિહાર-પટ્ટ ૨૦૭,૨૪૬
સમવાયાંગસુત્ત-ટીકા ૧૬૯
સમળીવિહાર ૨૧૪,૨૭૬
સમંતભદ્રસૂરિ ૨૬૧,૫૬૬
સમિતસૂરિ ૩૫૪
સમુદ્રઘોષસૂરિ ૧૨,૨૮,૩૨,૭૦, ૧૨૧,૩૩૪
સમુદ્રવિજય રાજા ૨૨૯
સમુદ્રસૂરિ ૨૯,૫૨૫
સમેતશિખર ૩૧૩,૩૮૮,૪૧૯,૪૨૧
સમેતશિખર-પટ્ટ ૩૧૩,૫૫૦
સમેતશિખરાવતાર ૨૨૬
સમ્મત્તુપાયવિહિ ૩૩૮
સમ્યક્ત્વકૌમુદી ૪૬૬
સમ્યક્ત્વમાઈ ચોપાઈ ૩૬૮
સમ્યક્ત્વસપ્તતિ (વૃત્તિ) ૩૪૫,૩૪૬
સમ્યક્ત્વોલ્લાસ ૩૭૬
સયગ કમ્મગ્ગંથ વિવરણ ૨૭૮
સરઘના (ઉ.પ્ર.) ૪૬૯
સરણદેવ ઓશવાલ (કોઠારી) ૧૫૭
સરતાનજી ગોહિલ ૫૪૭
સરવણ સંઘવી (ઘોઘા) ૨૨૫,૩૨૮
સરવણસૂરિ ૪૨
સરવાલગચ્છ **૧૧થી ૧૩**,૩૩૨,૩૩૪, ૫૫૪
સરવાલનગર ૧૧
સરસ્વતીદેવી ૨૩,૬૭,૯૦,૧૩૧, ૧૫૦,૨૦૦,૨૨૫,૨૨૬,૨૩૭, ૨૪૮,૨૬૮,૨૮૦,૨૮૨,૩૬૪, ૩૭૪,૪૪૪,૪૭૧,**૫૧૪**,૫૬૧, ૫૬૨,૫૬૪
સરસ્વતી સાધના ૪૭૧
સરહડિયા ગોત્ર ૨૪૮
સરાક (શ્રાવક) ૮
સરાચાર્ય ૪૨
સરાફ ગોત્ર ૪૬૮
સલખણપુર ૧૦૨,૧૫૫,૩૦૧
સલખણસિંહ દંડનાયક ૧૪૬,૧૪૭, ૪૫૯
સલાવટોનું મંદિર ૨૪૭
સલ્લક્ષણ (વેસટવંશ) ૧૪૮,૧૯૨
સર્વજિતપ્રાસાદ (કાવી) ૫૩૧,૫૩૨
સર્વતોભદ્ર મંદિર ૧૮૭
સર્વદેવગણિ ૩૩૨,૩૫૫
સર્વદેવ પંડિત ૨૬૩,૨૮૫
સર્વદેવ પુરોહિત ૯૬,૧૯૦,૨૩૩
સર્વદેવસૂરિ ૧૩,૧૬,૨૫,૨૮,૩૨થી ૩૪,૫૦થી ૫૨,૧૦૯,૧૧૩, ૧૫૩,૧૬૧,૧૬૨,૧૬૫,૧૭૬,

૧૮૨,૧૯૩,૧૯૭,૧૯૯,૨૦૩,
૨૦૫,૨૦૭,૨૬૦,૨૬૧,૩૩૧,
૩૩૬,૩૫૦,૩૬૪,૩૯૦,૩૯૬,
૩૯૯,૪૦૧,૪૨૯,૪૬૧,૫૨૬,
૫૬૩
સર્વભદ્રસૂરિ ૨૦૯
સર્વરાજગણિ (ઉ૦) ૩૬૪
સર્વસિદ્ધાંત (આગમ) ૨૨૮
સવા સોમજીની ટૂંક ૩૮૬,૩૮૯
સર્વાધિષ્ઠાયિસ્તોત્ર ૩૬૦
સર્વાનંદસૂરિ ૩૭,૧૩૨,૩૦૨,૩૯૨,
૩૯૩,૩૯૭,૪૨૬,૪૩૨
સહજપાલ (દેશલહરાવંશ) ૧૪૯,
૧૫૦,૧૫૨,૧૫૩
સહજપાલ (સંઘપતિ) ૫૩૨
સહજશીલગણિ ૩૭૭
સહજસાગરગણિ ૧૮૧,૪૨૪
સહજસાગર મુનિ ૪૨૨
સહદેવગણિ ૧૭૩
સહદેવસૂરિ ૧૩
સહસ્રમલ ચૌહાણ ૧૨૬,૧૭૮
સહસ્રલિંગ તળાવ ૬૮
સહસ્રલિંગસર પ્રશસ્તિ ૬૮,૫૦૯
સહસા દીવાન (માંડવગઢ) ૨૪૮
સહસા સંઘવી (છાડાવંશ) ૧૮૭,૫૧૬
સંગમખેટક (સંખેડા) ૫૧૪
સંગમખેટિયાગચ્છ ૩૯૨
સંગીતરત્નાકર (ગ્રંથ) ૧૮
સંગીત સમયસાર (ગ્રંથ) ૧૮
સંગીતોપનિષદ્ (સાર) ૨૮૪
સંગ્રહણીસૂત્ર (વૃત્તિ) ૨૦૬,૨૮૧,૪૧૭
સંગ્રામ(સંગમ)સૂરિ ૩૪,૩૫
સંગ્રામસિંહ મંત્રી (બિકાનેર) ૩૮૦
સંગ્રામસિંહ રાણા ૧૫૮,૫૦૦
સંગ્રામ સોની (માંડવગઢ) ૧૭૮
સંઘતિલકસૂરિ ૩૪૬,૩૭૦
સંઘપટ્ટક અવચૂરિ ૩૪૪
સંઘપટ્ટક (વૃત્તિ) ૧૬૪,૩૪૨,૩૪૩,
૩૪૪,૩૬૩
સંઘપતિચરિત્ર ૬,૨૫૩,૫૧૨
સંઘરાજ પંવાર ૧૬૧
સંઘવી ગોત્ર ૪૬૮
સંઘાચાર ચૈત્યવંદનભાષ્ય ૨૦૨
સંડેર(સાંડેરક)ગચ્છ ૯૨,૧૭૭,૧૯૫,
૧૯૬,૧૯૯,૨૫૭,૪૩૦,૪૬૮,
૫૧૩,૫૩૦
સંતિનાહચરિયં ૯,૪૫૮
સંદેહવિષૌષધિ ૩૬૯
સંદોહ (સંદેહ) દોલાવલી (વૃત્તિ) ૩૬૦,
૩૬૧,૩૬૭,૩૭૨,૩૭૬
સંપ્રતિ રાજા ૧૯૩,૧૯૫
સંબોધસપ્તતિકા ૪૧૪
સંબોધસિત્તરીવૃત્તિ ૪૬૫
સંબોહપંચાસિયા ૨૮૩
સંભવનાથ ૧૩૪,૧૮૭,૨૧૨,૨૫૪,
૨૫૯,૪૨૧,૪૩૧,૪૫૬,૫૩૩
સંભવનાથચરિત્ર ૪૧૬
સંભવનાથસ્તોત્ર ૧૮૭,૧૮૯
સંભવ ભાંડાશાલિક ૩૫૮
સંભૂતિવિજયસૂરિ ૪૧,૩૫૪
સંભૂતિસૂરિ ૩૫૪
સંયમરત્નસૂરિ ૪૨૮
સંયમરાજસૂરિ ૪૬૨
સંવિભાગવ્રતકથા ૪૧૭
સંવિજ્ઞવિહારી શાખા ૧૧,૧૬૮,૧૭૦,
૨૦૪થી ૨૦૬
સંવેગદેવગણિ ૩૪૩
સંવેગરંગમાલા ૨૯

સંવેગરંગશાલા ૧૭૩,૧૭૪,૩૪૩
સંવેગશાખા (તપા.) ૧૯૩
સંવેગામય ૨૯
સંવેગામૃતપદ્ધતિ ૨૯
સંવેગીગચ્છ (શાખા) ૨,૧૧,૨૪,૫૮, ૧૬૬,૧૬૭,૨૦૧,૩૩૫,૩૪૦
સંસારોદ્વિગ્ન મનોરથકુલક ૪૫૦
સંસ્કૃત વિદ્યાપીઠ (આશાવલ) ૧૪૧
સાગરચંદ્ર પંડિત ૫૩૭
સાગરચંદ્રસૂરિ ૨૬,૩૦,૧૨૪,૩૭૫, ૪૨૫,૪૩૩,૪૩૮,૪૬૭,૫૬૪
સાગર પટ્ટાવલી ૩૨૦
સાગરશાખા (તપા.) ૧૮૭,૩૨૦, ૫૩૧
સાગરાનંદસૂરિ ૪૯૪,૫૬૫
સાગારધર્મામૃત ૨
સાચો (સાચિગ) શેઠ ૪૭૦,૪૭૧
સાચોર ૫૮,૭૦,૧૮૧,૨૧૦,૨૧૧, ૨૭૬,૨૯૩,૨૯૪,૩૦૪,૩૭૫, ૩૮૨,૪૧૭,૪૪૨,૫૧૪
સાત વચનો ૩૫૯
સાત વરદાન ૩૫૯,૩૬૦
સાદડી ૪૧૪
સાર્ધપૂનમિયાગચ્છ ૨૮૪,૩૯૧,૪૨૪-૪૨૫,૪૩૦
સાર્ધશતક-વૃત્તિ ૩૯૪
સાધારણ મુનિ (કવિ) ૩૩૩,૪૪૧
સાધારણ (શ્રાવક) ૨૮૧,૩૪૧
સાધુકીર્તિગણિ ૩૪૪
'સાધુ પૌર્ણિમિયક' મત ૪૨૫
સાધુ-પ્રતિક્રમણ-વૃત્તિ ૩૭૦,૩૯૪
સાધુરત્નગણિ ૪૬૫,૪૬૬
સાધુરત્નસૂરિ ૩૧,૧૫૫,૩૭૪,૩૯૭, ૪૨૭
સાધુરંગગણિ (૩૦) ૩૭૯
સાધુલબ્ધિ ગણિની (સાધ્વી) ૫૧૫, ૫૧૬
સાધુ સજ્જનસિંહ ૧૫૦,૧૫૪થી ૧૫૬
સાધુસોમ ૩૭૬
સાધ્વીસંઘ ૪૩૮,૫૬૬
સાબરમતી ૬૨,૧૩૮
સામણ્ણગુણોવએસ ૩૩૮
સામંતસિંહ ચાવડા ૫૪,૫૫,૧૬૨
સામંતસિંહ રાણા ૯૯,૧૦૨,૧૯૦
સામંતસિંહ શ્રીમાલી (મંત્રી) ૧૪૬, ૧૪૭,૨૩૪
સામાચારી (અં.ગચ્છ) ૪૦૪,૪૦૫
સામુદ્રિકતિલક ૩૧૪
સામ્યશતક ૪
સાયરા (કચ્છ) ૪૨૩
સારસ્વતપ્રયોગનિર્ણય ૩૮૬
સારસ્વતમંડલ ૫૩,૯૮,૧૦૬
સારસ્વત વ્યાકરણ (ચંદ્રકીર્તિ) ટીકા ૩૮૨,૪૬૬,૪૬૭
સારસ્વત (સાહિત્ય) તીર્થ ૫૪૫
સારંગ કવિ ૨૦૮
સારંગદેવ વાઘેલા ૯૫,૧૦૬,૧૪૭, ૨૧૦,૨૧૧
સારંગ શાહ ૧૪૯,૧૫૦,૧૫૫
સારાભાઈ શેઠ (સેરિસા) ૩૨૨
સાલપુર ૯૦,૯૪
સાલિગ પોરવાડ (મંત્રી) ૪૫૦,૫૨૧
સાલિગવસહી ૮૫
સાલેચા (સાલેરા) ગોત્ર ૩૯૮,૪૬૮
સાલેરા ગામ ૨૪૯
સાલ્હ સોની (પલ્લીવાલ) ૪૬,૪૭
સાલ્હા રાવલ (મંત્રી) ૨૪૮
સાવગધમ્મપગરણ ૨૯૫

સાવયકુલ (ગોત્ર) ૭,૮
સાવયવયપરિગ્ગહપરિમાણ ૪૫૨
સાવયવયસંખેવો ૩૩૮,૪૫૨
સાહમ્મિયવચ્છલકુલયં ૧૭૦
સાહિત્ય પ્રદર્શન પ્ર.સંગ્રહ ૫૨૭
સાહિત્યરક્ષણ ૫૪૪
સાળવીપાડો (પાટણ) ૯૦
સાંકળીપાજ (ગિરનાર) ૧૪૬,૫૦૩
સાંકાશ્યનગર ૨૬૨,૨૮૫
સાંખ્યદર્શન ૨૦૦,૨૭૧,૪૪૩
સાંખ્યસૂરિ ૩૯૯
સાંગલી ૩૨૬
સાંગા રાણા (ચિત્તોડ) ૧૫૭,૧૫૮
સાંડેર (સંડેર) ૮૬,૧૩૧,૨૫૮,૨૫૯
સાંડેરાવ ૧૨૪,**૨૫૬થી ૨૫૮**,૩૦૭, ૫૫૪
સાંઢ ગોત્ર ૩૯૮
સાંબમુનિ ૩,૧૬૩
સાંબસિંહ (સામંતસિંહ) ૨૧૭
સિજ્જંસચરિયં ૧૫,૨૦,૫૦૨,૫૦૩
સિદ્ધચક્ર (ગ્રંથ) ૪૨૬
સિદ્ધચક્રલેખનવિધિ (ગ્રંથ) ૪૬૫
સિદ્ધચક્રસ્તવન ૧૮
સિદ્ધજયંતી (વૃત્તિ) ૫૨,૨૬૦
સિદ્ધદેવ જૂઓ 'સિદ્ધરાજ પોરવાલ'
સિદ્ધનાગ ૨૧૦,૩૦૪,૩૦૫
સિદ્ધનાગવંશ (૧-૨) ૩૦૪,૩૦૫
સિદ્ધપાલ કવિ ૯૧,૯૭,૫૦૩,**૫૧૦, ૫૧૧**,૫૫૭,૫૫૯
સિદ્ધપાલ શેઠ જૂઓ 'સિદ્ધરાજ પોરવાલ'
સિદ્ધપુર ૫૫,૬૭થી ૬૯,૮૫,૪૪૯, ૫૦૩,૫૩૦,**૫૪૫-૫૪૬**
સિદ્ધપ્રભા (ગ્રંથ) ૪૯૪
સિદ્ધરાજ જયસિંહ ૫,૯,૧૮,૨૬,૩૨, ૬૩,૬૪**થી ૭૨**,૭૩થી ૭૫, ૮૬થી ૮૮,૯૨,૯૪થી ૯૬, ૯૯થી ૧૦૧,૧૦૬,૧૦૮, ૧૨૩,૧૨૬,૧૨૮,૧૩૫,૧૩૯, ૧૪૪,૧૪૫,૧૪૭,૧૪૮,૨૦૨, ૨૦૬,૨૧૩,૨૧૪,૨૧૬થી ૨૧૮,૨૩૩,૨૭૧,૨૭૪થી ૨૭૬,૨૭૯,૩૦૫,૪૦૫,૪૦૬, ૪૦૮,૪૩૬થી ૪૩૮,૪૪૦, ૪૪૧,૪૪૩થી ૪૪૭,૪૪૯, ૪૭૩થી ૪૭૫,૪૭૭થી ૪૭૯, ૪૮૨,૪૮૩,૪૮૮,૪૮૯,૫૦૦થી ૫૦૪,૫૦૮થી ૫૧૨,૫૧૬, ૫૧૮,૫૨૨,૫૪૫થી ૫૪૭, ૫૫૯,૫૬૨,૫૬૮
સિદ્ધરાજ પોરવાલ ૧૮૩,૨૦૬,૨૦૯, ૨૧૦,**૩૦૫-૩૦૬**,૫૩૦
સિદ્ધવિહાર ૬૮,૫૦૩,૫૪૫
સિદ્ધશિલા ૫૪૮,૫૫૧
સિદ્ધર્ષિસૂરિ ૪૨,૨૮૧
સિદ્ધસારસ્વત (વ્યાકરણ) ૧૬,૪૯૪
સિદ્ધસૂરિ ૧૪૯,૧૫૩,૧૯૮,૨૦૪, ૨૦૯,૨૫૯,૩૩૩,૪૩૭,૫૧૮, ૫૬૨
સિદ્ધસેન દિવાકર ૩,૧૪,૩૫,૪૧, ૪૩,૩૫૪
સિદ્ધસેન મુનિ ૩૬૭
સિદ્ધસેનસૂરિ ૨૦,૪૫,(૧૪૯થી ૧૫૩),૧૫૩,(૧૫૪),૩૩૨, (૪૪૧)
સિદ્ધહેમ-અવચૂરિ ૪૯૨
સિદ્ધહેમકુમાર સંવત ૯૯,૪૭૯
સિદ્ધહેમચંદ્ર-બૃહદ્વૃત્તિ ૪૭૮,૪૯૦
સિદ્ધહેમચંદ્ર-લઘુવૃત્તિ ૪૭૮,૪૯૦

સિદ્ધહેમચંદ્ર વ્યાકરણ ૬૬,૮૬,૪૪૦, ૪૭૭,૪૭૮,૪૯૧
સિ૦વ્યા૦ દુર્ગપદવ્યાખ્યા ૪૮૭,૪૯૨
સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસન ૯૬,૪૪૦, ૪૮૮થી ૪૯૦,૪૯૫,૪૯૭
સિદ્ધહેમ-દીપિકા(પ્રકાશ) ૨૮૩,૪૫૩, ૪૯૨
સિદ્ધહેમન્યાસોદ્ધાર ૨૯,૪૮૭,૪૯૨
સિદ્ધહેમ-બૃહદ્ન્યાસ ૨૭૧,૪૯૦,૪૯૨
સિદ્ધહેમ-લઘુન્યાસ ૪૯૨
સિદ્ધહેમ-લઘુન્યાસ અવચૂરિ ૪૯૨
સિદ્ધહેમ-રહસ્યમ્ ૪૯૨
સિ.વ્યાક. ૫૨થી અવ. વ્યાકરણો ૪૯૪
સિદ્ધાર્થનરેન્દ્ર ૫૫૮
સિદ્ધાયિકાદેવી ૫૪૯
સિદ્ધાંત આગમ રહસ્ય ૩૬૯
સિદ્ધાંત ગ્રંથો ૧૮૬
સિદ્ધાંતરત્નિકા વ્યાકરણ ૪૬૭
સિદ્ધાંતરત્નિકા-વ્યાકરણસૂત્ર ૩૬૭
સિદ્ધાંતરુચિગણિ (૩૦) ૩૭૬,૫૪૧
સિદ્ધાંતસાગરસૂરિ ૪૧૭
સિદ્ધાંતસારોદ્ધાર ૩૯૪
સિ...દ્ધાર સમ્યક્ત્વોલ્લાસ ૩૭૬,૩૭૮
સિદ્ધાંતસ્તવન અવચૂરિ ૩૭૦
સિદ્ધાંતાર્ણવ ૫,૪૩૭
સિદ્ધિચંદ્રગણિ (૩૦) ૫૩૬,૫૪૩
સિદ્ધિવિજયગણિ ૫૫૩
સિદ્ધેશ્વર મહાદેવ ૭૯
સિયાલ ગોત્ર ૪૦૭
સિરપુર ૨૭૪,૩૨૬
સિરિસિરિવાલકહા ૪૬૫
સિરોહી ૧૨૫,૧૨૬,૧૭૮,૧૭૯, ૨૦૭,૨૩૫,૨૪૮,૨૪૯,૨૫૫, ૨૫૬,૨૯૫,૩૯૩,૪૩૧,૪૬૮, ૫૫૩
સિસોદિયાવંશ ૧૭૯,૧૯૫
સિંઘી ગોત્ર ૧૬૧,૧૭૭,૨૮૫
સિંઘી જૈન ગ્રંથમાળા ૩૪૮
સિંદૂરપ્રકર ૫૫૭
સિંદૂરપ્રકર-ટીકા ૩૭૧,૩૭૮,૪૬૮
સિંઘણ યાદવ (દેવગિરિ) ૧૦૨,૧૦૩
સિંધુરાજ (સિંધુલ) ૫૫,૫૬,૧૧૨, ૧૧૬થી ૧૧૮,૧૨૧,૨૨૨
સિંહ કવિ (ગૂર્જરશ્રીમાલી) ૨૮૦,૫૩૭
સિંહ ચૌલુક્ય (ભિન્નમાલ) ૧૦૮
સિંહ જેઠવા ૧૦૪,૨૨૭
સિંહતિલકસૂરિ ૨૧,૪૧૩,૪૧૪, ૪૬૪,૫૬૬
સિંહદત્તસૂરિ ૭,૩૨૦,૪૨૮
સિંહદેવગણિ ૩૧૩
સિંહ પલ્લીવાલ ૪૭
સિંહપ્રભસૂરિ ૩૯૫,૪૦૨,૪૧૧,૪૧૨
સિંહરત્નસૂરિ ૪૨૮
સિંહસૂરિ ૩૬,૧૩૬,૨૪૧
સિંહસેનસૂરિ ૪૩
સિંહાક પલ્લીવાલ ૪૭
સીકંદર લોદી ૩૭૯
સીદ (વંશ) પોરવાડ ૨૧,૨૨,૩૦૬
સીટ જુન બેરીશ (પુસ્તક) ૨૩૫
સીમંધરસ્વામી ૧૪૧,૧૬૨,૧૭૬, ૧૯૩,૪૪૩,૫૧૪
સીમંધરસ્વામી સ્તવન ૪૪
સીયકરાજ ૫૨માર ૧૧૬થી ૧૧૮, ૨૯૪
સીયક શ્રાવક (પાટણ) ૨૭૪
સીસોદિયા ઓશવાલવંશ ૫૦૦
સીસોદિયા ગોત્ર ૧૨૨,૪૬૮
સીહડ શેઠ (વરમાણ) ૫૪૦

સુકૃતકીર્તિકલ્લોલિની ૬,૨૩૨,૨૫૩
સુકૃતસંકીર્તન ૯૯થી ૧૦૧,૧૦૫, ૧૪૩,૨૨૧,૨૨૭,૨૩૦,૨૩૨, ૨૩૫,૨૫૩,૫૬૦
સુકૃતસાગર ૧૯૬
સુખબોધિકા-વૃત્તિ ૪૫૯
સુખવર્ધન મુનિ ૩૮૮
સુખાવબોધિકા-વૃત્તિ ૪૩૭
સુગુરુપારતંત્ર્ય ૩૬૦
સુઘોષસૂરિ ૪૧
સુજનભાવના ૪
સુતારાદેવી ૫૪૮
સુથરી ૪૨૧,૪૨૩
સુધર્મગચ્છ જૂઓ 'ત્રિસ્તુતિક મત'
સુધર્માસ્વામી ૪૧,૩૪૫,૫૫૯
સુધાકલશગણિ ૨૮૪
સુધાકલશ સુભાષિતકોશ ૪૮૫
સુધાનંદસૂરિ ૧૯૪
સુપાર્શ્વનાથ ૧૯૫,૩૦૪,૪૬૯
સુપાસનાહચરિયં ૨૭૯
સુપુણ્યપ્રભસૂરિ ૪૬૨
સુબંધુ પંડિત ૨૯૫
સુબોધા (ટીકા) ૩૩૭
સુબોધિનીવૃત્તિ ૪૬૩
સુભટ પંડિત ૧૭૬,૨૩૪
સુભટવર્મા પરમાર ૧૦૨,૧૨૨
સુભદ્ર ગોત્ર ૪૦૭
સુભદ્રાસતી-રાસ ૩૯૮
સુભાષિત રત્નસંદોહ ૧૧૭
સુમતિગણિ ૨૧૭,૩૫૧,૩૬૦,૩૬૪, ૪૫૦,૪૫૫,૫૪૧
સુમતિગણિ (ઉ૦) ૧૬૭,૧૭૩
સુમતિચંદ્રસૂરિ ૪૦૧
સુમતિનાથ ૨૨,૨૪,૪૯,૧૪૭,૩૦૭, ૪૬૧
સુમતિનાહચરિયં ૫૧૦,૫૧૧,૫૫૭
સુમતિપ્રભસૂરિ ૨૧૨,૩૯૫,૩૯૬
સુમતિભદ્રસૂરિ ૩૯૬
સુમતિમંદિર ગણિ ૩૭૭
સુમતિરત્નસૂરિ ૩૯૬,૪૧૮
સુમતિશેખરગણિ (ઉ૦) ૪૫
સુમતિસાધુસૂરિ ૧૯૪,૫૩૬
સુમતિસિંહ મુનિ ૫૨૩
સુમતિસિંહસૂરિ ૪૨૫,૪૩૦
સુમતિસુંદરસૂરિ ૨૪૮
સુમતિસૂરિ ૪૨,૩૭૧,૪૩૮
સુમતિસેનગણિ ૩૭૭
સુમાલી (લંકા) ૩૨૪
સુમિત્રકુમારરાસ ૩૮૧
સુયગડાંગસુત્ત-ટીકા ૧૭૧
સુયગડાંગસુત્ત-દીપિકા ૩૭૯
સુયગડાંગસુત્તનિજ્જુત્તિ-વૃત્તિ ૩૦૬
સુરત ૨૫૨,૩૩૨,૩૮૭,૩૮૮,૫૪૬
સુરથ રાજા ૨૩૪
સુરથોત્સવ ૧૦૦,૧૯૦,૨૩૧,૨૩૩, ૨૩૪,૪૮૧,૪૯૯
સુરપ્રભગણિ ૩૬૧
સુરપ્રભ મુનિ ૩૬૭
સુરપ્રભસૂરિ ૩૨,૪૦૨
સુરપ્રિયચરિત્ર ૪૨૧
સુરસિંહ રાજા (બિકાનેર) ૩૮૪
સુરસુંદરીચરિયં ૧૬૭,૧૭૮
સુરસેનસૂરિ ૪૧
સુરેન્દ્રસૂરિ ૪૬૨
સુલતાન પાર્શ્વનાથ ૫૪૬
સુલસકૃખાણ (ગ્રંથ) ૯
સુવિધિનાથ ૬૮,૩૨૮,૩૮૮,૫૪૫
સુવિનયચંદ્રસૂરિ ૪૦૦,૪૦૧

સુવિહિત (શાખા) ૫૮,૧૬૭,૨૦૧, ૨૦૪,૨૪૨,૩૪૦,૩૪૮,૩૫૨, ૪૪૨,૪૯૩,૫૬૬
સુવિહિતશાખા (વડગચ્છ) પટ્ટાવલી **૧૬૪થી ૧૭૭**
સુવિહિતસૂરિ ૪૧૮
સુવ્રતસૂરિ ૪૯
સુવ્રતીસૂરિ ૪૨
સુશ્રાદ્ધકથા ૪૧૬
સુષમિણી ગામ ૨૫૭,૨૫૮
સુહડાદેવી ૨૧૮,૨૨૬,૨૪૩
સુહવદેવી ૨૮
સુહસ્તિસૂરિ ૮,૪૧,૧૯૫,૩૫૪,૫૩૫
સુહાદેવી ૧૩૮,૧૪૨
સુહિલધ્વજ (શ્રાવસ્તી) ૧૭૭
સુહુમત્થવિયારલવ ૩૩૬,૩૩૮
સુંદરચંદ્રસૂરિ ૪૩
સુંદરજી દીવાન ૨૪૭,૫૩૬
સુંવર ૮૧,૧૪૦
સુંહલાક (સોપારક) ૨૧૭
સૂક્તમુક્તાવલી ૨૩૫,૫૫૭
સૂક્તાવલી ૫૬૧
સૂર્યમંદિર (સૂરિમંદિર) ૬૧,૯૧
સૂરજ ગામ ૫૨૩,૫૬૦
સૂરજપોળ (જાલોરગઢ) ૧૭૯
સૂરપણ્ણતિ-વૃત્તિ ૪૩૯
સૂરપ્રભ મુનિ ૩૬૪
સૂરાચાર્ય ૩૪,૬૧,૧૧૯,૧૨૦,૧૨૨, **૨૬૪થી ૨૭૧**,૨૯૩,૨૯૪, ૨૯૫,૪૨૮,૫૫૭
સૂરિમંત્રકલ્પ-દુર્ગપદ વિવરણ ૪૬૩
સૂરિમંત્રપ્રદેશવિવરણ ૩૭૦
સૂરિમંત્રવિચાર ૨૮૪
સૂરિમંત્રોદ્ધાર ૪૧૬
સૂરિયા ગોત્ર ૪૬૮
સૂરીશ્વર ઔર સમ્રાટ ૩૨૯,૫૩૬
સૂક્ષ્માર્થસપ્તતિ ૩૯૪
સૂક્ષ્માર્થસિદ્ધાંતવિચાર ૩૪૩
સૂક્ષ્માર્થ૰ ટિપ્પન ૩૪૪,૩૯૪
સૂક્ષ્માર્થ૰ ભાષ્ય/ચૂર્ણિ ૩૪૩
સૂક્ષ્માર્થસિદ્ધાંતવિચાર-વિવરણ ૩૪૪
સેજકજી ગોહિલ ૫૪૭
સેજકપુર ૫૪૭
સેઢી નદી ૧૬૮,૧૭૦,૩૧૭
સેતુબંધ ૩૨૭
સેનાપતિવંશ ૧૧૧
સેરિસા તીર્થ **૩૨૦થી ૩૨૪**
સેરિસા પાર્શ્વનાથ ૩૨૩
સેરિસાપાર્શ્વનાથ સ્તવન ૩૨૧,૩૨૪
સેવાડી ૪,૬૨,૧૨૩,૧૨૫,૩૦૧, ૫૧૩,૫૪૩
સોગહરોવએસ (ગ્રંથ) ૩૩૮
સોજત ૧૬૧
સોજિત્રા ગામ ૪૨૪,૫૩૬
સોઢલ કવિ ૧૯૮,૨૭૨,૨૯૫
સોઢ શ્રેષ્ઠી (સંઘપતિ) ૨૦૩
સોઢાજી ઝાલા ૫૫૧,૫૬૮
સોઢા શેઠ (ઝાડોલી) ૨૦,૧૧૫
સોનગિરા ચૌહાણ ૪,૧૨૪-૧૨૫, ૧૭૯
સોનપાલ લોઢા (આગરા) ૪૨૧,૪૨૩
સોનીગરા ગોત્ર ૪૦૭
સોપારક ૨૧૭,૩૨૦,૪૦૭,૫૫૦
સોમ પોરવાડ (મંત્રી) ૧૮,૭૧,**૨૧૬**, **૨૧૭**,૪૫૫
સોમકીર્તિ મુનિ ૩૬૭
સોમકુંજરગણિ ૩૭૭
સોમચંદ યાદવ ૪૦૯

સોમચંદ્રગણિ ૪૬૫
સોમચંદ્ર મુનિ જૂઓ 'હેમચંદ્રસૂરિ'
સોમચંદ્ર શેઠ (વિજાપુર) ૨૪૬
સોમચંદ્રસૂરિ ૪૮,૪૨૫,૪૨૬,૪૬૩
સોમચારિત્રગણિ ૨૫૩
સોમજયસૂરિ ૧૩૭,૧૬૦,૫૧૬
સોમજી શાહ (ઘોઘા) ૩૨૮
સોમતિલકસૂરિ ૪૩,૨૦૭,૩૪૬, ૩૬૫,૩૯૭,૪૨૬,૫૦૩,૫૩૭, ૫૫૮
સોમદેવસૂરિ ૪૧,૧૨૮,૧૮૮,૨૦૮, ૪૨૮
સોમધર્મગણિ ૧૩૩,૫૪૨,૫૪૩
સોમનાથ ૫૮,૬૪,૬૫,૬૮,૮૦,૮૧, ૮૫,૮૭,૯૦,૯૯,૧૧૪,૧૨૭, ૧૪૪,૧૫૮,૨૨૫,૨૯૪,૪૭૬, ૪૭૮,૫૦૩,૫૧૨
સોમનાથ (સોમેશ્વર) મહાદેવ ૫૮,૬૧, ૭૮,૮૦થી ૮૨,૧૦૪,૧૦૬
સોમપાલ શેઠ ૧૫૨
સોમપ્રભ મુનિ ૩૭૪
સોમપ્રભસૂરિ ૬,૯૭,૧૦૯,૧૮૫, ૧૯૨,૧૯૭,૨૦૭,૨૦૮,૨૨૧, ૨૩૮,૨૫૪,૩૧૪,૩૪૯,૩૭૦, ૩૭૪,૩૯૬,૩૯૯,૪૦૦,૪૦૨, ૪૮૧,૪૮૬,૪૮૭,૪૯૮,૫૦૮, ૫૧૧,૫૨૦,૫૨૪,૫૪૫,૫૪૮, **૫૫૬થી ૫૫૯**
સોમમૂર્તિગણિ ૩૬૫
સોમરત્નસૂરિ ૪૨૬,૪૬૬
સોમવિજયગણિ (૩૦) ૫૩૮
સોમવિમલસૂરિ ૧૯૪,૫૫૮
સોમશતક ૫૫૭
સોમશર્મા પુરોહિત ૬૨,૨૩૩
સોમશાખા (તપા.) ૫૩૦
સોમસિંહ પરમાર ૧૧૫,૨૪૩થી ૨૪૫
સોમસુંદરસૂરિ ૧૨,૧૮૭,૧૯૨,૧૯૪, ૨૪૯,૨૫૧,૨૫૩,૨૫૯,૩૨૮, ૩૪૪,૩૪૯,૩૬૬,૪૭૦,૫૨૯, ૫૪૦,૫૫૦
સોમાદિત્ય કવિ (વંથલી) ૫૬૧
સોમિલ પરમાર (બેણપ) ૪૦૨
સોમેશ્વર ચૌલુક્ય (કર્ણાટક) ૫૯,૬૩, ૧૧૧,૧૧૨,૧૨૧,૨૭૩
સોમેશ્વર ચૌહાણ (અજમેર) ૬૬,૮૯, ૯૭,૯૯,૧૦૨,૧૨૬,૧૨૭
સોમેશ્વર (સોમ) પોરવાડ ૩૩,૨૧૭, ૩૧૧
સોમેશ્વર પુરોહિત (કવિ) ૨૩,૯૨,૯૬, ૧૦૪,૧૬૬થી ૧૬૮,૧૯૦, ૨૨૦,૨૨૧,૨૨૭,૨૩૦,૨૩૧, ૨૩૩,૨૩૪,૨૮૨,૪૮૧,૪૯૯, ૫૬૧
સોરઠિયા જ્ઞાતિ ૮,૪૬૮,૫૩૪,૫૩૫
સોલ (સોલાક) શ્રીમાલી ૨૯૯
સોલંકી ગોત્ર ૪૬૮
સોલ્લાક ગવૈયો ૯૫,૯૭
સોલ્લાક શ્રીમાલી (મંત્રી) ૧૪૮
સોહમકુલપટ્ટાવલી ૧૨૩,૪૭૦,૪૭૨
સોહી પલ્લીવાલનો વંશ ૪૬,૩૦૯
સૌભાગ્યનંદિસૂરિ ૨૫૬
સૌભાગ્યપંચમી સ્તવન ૫૪૬
સૌભાગ્યસાગરગણિ ૪૯૨
સૌભાગ્યસાગરસૂરિ ૨૦૮
સૌભાગ્યસુંદરસૂરિ ૪૨૮
સૌભાગ્યસૂરિ ૨૧૧
સૌરાષ્ટ્રવંશનું ઇતિહાસદર્શન ૫૪૭
સ્કંદિલ રાજા ૩૦૨

સ્તવન-ચોવીશી ૪૨૨
સ્તંભનતીર્થાવતાર ૨૨૫,૨૨૬
સ્તંભન પાર્શ્વનાથ (ખંભાત) ૪૭, ૨૨૭,**૩૧૬થી ૩૧૮**
સ્તંભન પાર્શ્વનાથ સ્તોત્ર (સ્તવનરાસ) ૩૧૮,૩૬૪,૩૬૬,૫૫૪
સ્તંભનેન્દ્રપ્રબંધ ૨૮૪
સ્થાનાંગસૂત્ર ટીકા ૪૦૮
સ્થાનાંગસૂત્ર-દીપિકા ૧૮૦
સ્થિરચંદ્રગણિ ૩૯,૫૩૮
સ્થૂલચંદ્ર કક્કાવલી ૧૫૭
સ્થૂલિભદ્ર ફાગ ૧૫૭
સ્થૂલિભદ્ર બારહમાસ ૨૧૨
સ્થૂલિભદ્રસૂરિ ૪૧,૩૫૪
સ્નાતસ્યાસ્તુતિ (વૃત્તિ) ૪૮૨,૪૯૩
સ્નાત્રપંચાશિકા ૪૨૨
સ્યાદ્વાદકલિકા ૨૮૪
સ્યાદ્વાદમંજરી ૬,૩૭૦,૪૮૨,૪૯૩
સ્યાદ્વાદરત્નાકર ૪૫૦,૪૫૨,૪૫૪
સ્યાદિશબ્દ-દીપિકા ૪૯૩
સ્યાદિસમુચ્ચય ૪૯૩,૫૬૧
સ્યાદિસમુચ્ચય-દીપિકા ૪૨૭
સ્યાદિસમુચ્ચયવૃત્તિ ૪૯૩
સ્વર્ગારોહણપ્રાસાદ ૨૨૭
સ્વર્ણગિરિ (સોહનગઢ) ૧૭૯,૪૬૩
સ્વર્ણસિદ્ધિસ્તવ-અવચૂરિ ૩૭૦
સ્વર્ણપ્રભસૂરિ ૩૭૫
સ્વપ્નચિંતામણિ ૩૧૪
સ્વપ્નપ્રદીપ ૧૯૭,૩૪૭
સ્વપ્નવિચારભાષ્ય ૩૬૪
સ્વપ્નસપ્તતિકા ૩૬૪
સ્વપ્નાષ્ટકભાષ્ય ૩૪૪
સ્વપ્નાષ્ટકવિચાર ૩૪૩
સ્વયંભૂ કવિ ૧૬૩
સ્વયંભૂ પાર્શ્વનાથ (કાપરડાજી) ૩૮૫
સ્વરૂપદેવી (મુહણોતવંશ) ૧૮૦
સ્વરૂપસાગર યતિ ૪૨૪
સ્વાતિસૂરિ ૪૩,૧૧૦

(હ)

હથુંડી ૧૧૧,૧૧૩,૧૬૧,૪૦૨, ૪૦૯,૫૪૩
હથુંડિયા રાઠોડ ૪૦૯
'હમીરગઢ' પુસ્તિકા ૨૫૬
હમીરગઢ (મીરપુર) ૨૫,૧૩૩,**૨૫૫**-૨૫૬,૪૬૬
હમીર ચૂડાસમા ૬૫,૧૨૭
હમીર દેવડા ૨૫૫
હમીરપુર જૂઓ 'હમીરગઢ (મીરપુર)'
હમીર રાજા (સિંધ) ૩૦૨,૪૬૪
હમ્મીરમદમર્દન (નાટક) ૨૨૩,૨૩૨, ૨૫૩,૫૬૩
હમ્મીરમહાકાવ્ય ૫૬૪
હરખચંદ શેઠ (બાલાપુર) ૩૨૬
હરખશેખરગણિ (૩૦) ૪૫
હરખસૂરિ ૪૩
હરખાવત ગોત્ર ૪૬૮
હરિચંદ્રગણિ ૫૬૨
હરિચંદ્રસૂરિ (ભટ્ટા.) ૪૦૧
હરિદામોદર વેલનકર ૧૬૪
હરિપ્રભસૂરિ ૧૭,૨૮,૩૭,૩૮,૪૬, ૪૬૧,૪૯૨,૫૩૦
હરિભદ્ર મુનિ ૨૯૮,૪૬૩
હરિભદ્રસૂરિ ૫,૧૩,૧૮,૧૯,૨૧, ૨૩,૨૫,૩૪,૩૫,૩૭,૩૮,૫૨, ૧૩૬,૧૬૪,૧૭૬,૧૭૯,૧૯૯, ૨૦૭,૨૦૮,૨૧૭,૩૩૩,૩૪૪, ૩૫૪,૪૩૭,૪૪૨,૪૫૩,૪૬૧, ૪૬૯,૫૫૯,૫૬૫,૫૭૦

હરિબલમાછી-રાસ ૩૯૮
હરિયદેવી રાણી ૨૭૩
હરિયા ગોત્ર ૪૦૭
હરિયાળી (ચોપાઈ) ૧૫૭
હરિવિક્રમ-મહોદયકાવ્ય ૪૨૭
હરિશ્ચંદ્ર(હરિષેણ)ગણિ ૪૫૯,૪૬૪
હરિષેણ કવિ ૧૧૭,૧૧૮
હરિસિંહસૂરિ ૧૭૨થી ૧૭૪,૩૫૫
હરિહર કવિ ૨૩,૧૪૭,૨૩૪
હલાયુધ ભટ્ટ (પંડિત) ૧૧૭,૧૬૩
હર્ષ કવિ (નૈષધકાર) ૯૧,૨૩૪
હર્ષકીર્તિસૂરિ ૪૬૭,૫૫૭
હર્ષકુલગણિ ૩૯૭,૪૯૩,૫૫૮
હર્ષચંદ્રસૂરિ ૪૬૭
હર્ષટ ભટ્ટ ૧૬૩
હર્ષપુર (હાંસોટ) ૨૭૩
હર્ષપુરીયગચ્છ ૨૭૩,૨૮૩,૫૨૫, ૫૬૬
હર્ષરાજગણિ (૩૦) ૩૪૪,૩૬૩
હર્ષશાખા (અં.ગચ્છ) ૩૨૦,૪૦૮
હસનખાન (હીસામુદ્દીન) ૫૫૨
હસ્તકાંડ સામુદ્રિક ૧૮
હસ્તિનાપુર ૧૫૪
હસ્તીશાલા ૧૩૫,૧૩૬,૨૪૧થી ૨૪૩,૨૪૫,૨૪૬
હંસરાજ મુનિ ૧૯૩
હંસરાજસૂરિ ૨૦,૪૭
હંસસાગરજી (શાસનકંટકોદ્ધારક) ૫૫૫
હંસાશાહ સોરઠિયો (મહુવા) ૫૧૭
હાથીખાના મહેલ (પાટણ) ૫૭
હારિજ ૩૭,૧૧૭,૧૫૩,૨૧૩,૩૨૦
હારિજ(હારિલ)ગચ્છ ૨૦૫,૨૫૯, ૨૯૫,૩૧૯,૩૨૦
હારિભદ્રીય ધમ્મસંગહણી-વૃત્તિ ૪૪૦
હારિલસૂરિ ૧૯૮,૨૦૫
હાંસીદેવી (છાડાવંશ) ૫૧૫,૫૧૬
હિઓવએસ (ગ્રંથ) ૩૩૮
હિતોપદેશમાલા-પ્રકરણ ૨૨
હિમવાનસૂરિ ૩૫૪
હિરણ ગોત્ર ૪૬૮
હિસ્ટ્રી ઓફ ઇન્ડિ. આર્કી. ૨૫૧,૨૫૨
હિંગડ ગોત્ર ૪૬૮
હીરવિજયસૂરિ (જગદ્‌ગુરુ) ૧૮૦, ૧૮૨,૧૯૩,૧૯૫,૨૪૨,૩૨૨, ૩૨૯,૩૩૦,૩૫૦,૩૮૧,૩૮૭, ૪૫૬,૪૬૬,૫૩૧,૫૩૮,૫૫૩
હીરસાગરગણિ (૩૦) ૪૨૪
હીરસૌભાગ્ય(કાવ્ય) ૬૯,૧૧૩,૧૯૧, ૨૫૩,૪૬૬,૫૬૯
હીરહર્ષ ઉપાધ્યાય ૫૪૩
હીરાઉ ગોત્ર ૪૬૮
હીરાનંદગણિ ૪૪
હીરાનંદસૂરિ (હીરસૂરિ) ૨૧૨,૨૩૨
હીરા નાણાવટી (ઘોઘા) ૩૨૭
હીંગલાજ દેવી ૧૮૫
હુકમચંદજી મહાત્મા ૨૦૮
હુંડાપદ્રપુર ૧૭,૫૨૮,૫૩૮
હુંબડશાખા ૩૫,૫૬૪
હુંબડ જ્ઞાતિ ૭,૮,૩૫૫,૩૯૪
'હેમખાડ' ૪૮૧
હેમચંદ જૈન (મંત્રી) ૨૧૧
હેમચંદ શેઠ (આહડ) ૧૯૫
હેમચંદ્રગણિ ૩૩
હેમચંદ્ર મુનિ ૩૪૬
હેમચંદ્રસૂરિ (ક.સ.) ૪,૯,૧૧,૧૬, ૧૮,૬૬થી ૬૯,૭૨થી ૭૪, ૭૮,૮૦થી ૮૨,૮૪,૮૬,૯૦થી ૯૨,૯૪,૯૫,૯૭,૧૩૭,૧૪૧,

૧૪૩,૧૪૫,૧૬૩,૧૬૪,૧૯૫,
૧૯૭,૨૧૪,૨૫૩,૨૯૪થી
૨૯૬,૩૦૯,૩૧૧,૩૫૦,૩૫૨,
૩૫૩,૩૫૭,૩૬૫,૩૬૬,૪૦૮,
૪૩૬,૪૩૯,૪૪૦,૪૪૨,૪૪૫,
૪૪૬,૪૫૧,**૪૭૦થી ૪૯૯**,
૫૦૪,૫૦૫,૫૦૯,૫૧૧,૫૧૫,
૫૧૭,૫૧૮,૫૨૩,૫૪૯,૫૫૧,
૫૫૪,૫૫૬,૫૫૮,૫૫૯,૫૬૧,
૫૭૦

હેમચંદ્રસૂરિ (મલધારી) ૬૯,૧૨૮,
૨૧૪,૨૧૬,**૨૭૫થી ૨૮૦**,
૪૩૬,૫૬૫

હેમચંદ્રસૂરિ (અન્ય) ૪૩૬,૪૬૫થી
૪૬૭,૫૦૮,૫૨૪,૫૫૭

હેમચંદ્રસૂરિનું ગ્રંથસર્જન ૪૮૭

હેમચંદ્રસૂરિના ગ્રંથોનું વિવરણ ૪૯૩

હેમચંદ્રસૂરિ ચરિત્ર ૫૧૬

હેમચંદ્રસૂરિ પ્રબંધ ૫૧૭

હેમચંદ્રસૂરિના પ્રશંસાકાવ્યો ૪૯૮

હેમચંદ્રસૂરિની વાણીચાતુરી ૪૯૫

હેમતિલકસૂરિ ૪૮,૪૯,૧૫૩,૩૯૫,
૪૬૪

હેમપ્રભગણિ (૩૦) ૩૬૭

હેમપ્રભસૂરિ ૬,૨૮,૨૧૦,૩૯૩,
૩૯૫,૪૩૧,૫૨૮,૫૬૮,૫૬૯

હેમબૃહત્‌પ્રક્રિયા ૪૯૪

હેમયુગ ૪૮૮

હેમરત્નસૂરિ ૩૯૫,૪૨૬,૪૨૭,૪૬૬

હેમરથ પોરવાડ ૧૩૪,૨૪૧

હેમરાજ શેઠ (ધારાનગરી) ૨૯૮

હેમલઘુપ્રક્રિયા ૪૯૪

હેમ-લઘુવૃત્તિ ૪૯૨

હેમલઘુવૃત્તિ-ઢુંઢિકા ૩૭૮,૪૯૨

હેમવિજયગણિ ૨૯૫

હેમવિભ્રમ-સટીક ૪૫૫,૪૯૩

હેમવિમલસૂરિ ૧૮૬,૧૯૩,૨૫૬,
૪૯૨,૪૯૩,૫૩૭,૫૫૮,૫૬૫

હેમશબ્દચંદ્રિકા ૪૯૪

હેમશ્રી સાધ્વીજી ૩૫૨,૪૨૮

હેમસમીક્ષા ૪૫૫,૪૮૧,૪૯૯

હેમસમુદ્રસૂરિ ૪૬૫

હેમસંસ્કૃત પ્રવેશિકા ૪૯૪

હેમસિંહસૂરિ ૪૨૬

હેમસૂરિ ૪૩,૧૭૭,૨૦૭

હેમસોમસૂરિ ૧૩૭

હેમહર્ષસૂરિ ૨૪

હેમહંસગણિ ૪૯૪

હેમહંસ(હેમચંદ્ર)સૂરિ ૪૬૫,૪૬૬

હેમી શ્રાવિકા ૪૬૧

હૈમ-અવચૂરિ ૪૯૨

હૈમકવિકલ્પદ્રુમ-સ્વોપજ્ઞવૃત્તિ ૪૯૩

હૈમકારકસમુચ્ચય ૪૯૩

હૈમચતુષ્કપાદવૃત્તિ ૪૯૨

હૈમઢુંઢિકા-સંસ્કૃત ૪૯૨

હૈમદુર્ગપદપ્રબોધ ૪૯૩

હૈમધાતુમાલા ૪૯૪

હૈમપ્રક્રિયા ૪૯૪

હૈમપ્રક્રિયાપ્રકાશ (બૃહદ્‌ન્યાસ) ૪૯૪

હૈમબૃહદ્‌વૃત્તિ-ઢુંઢિકા ૪૯૨

હૈમ-બૃહદ્‌વૃત્તિન્યાસ ૪૮૫

હૈમલઘુવૃત્તિ-ઢુંઢિકા ૩૭૮,૪૯૨

હૈમવિભ્રમ-સવૃત્તિક ૪૯૩

હૈમવૃત્તિ ૪૯૩

હૈમવ્યાકરણ-દીપિકા ૪૯૨

હૈમીનામમાલા-શિલોંછ ૩૭૧,૪૯૪

(ક્ષ)

ક્ષત્રિયકુંડ ૨૫૭
ક્ષમાકલ્યાણગણિ (ઉ૦) ૨૦૦,૩૪૮થી ૩૫૦,૩૫૨,૩૫૪,૩૮૮,૫૪૨, ૫૪૩
ક્ષમાકલ્યાણ મુનિ ૩૮૮
ક્ષમાકલ્યાણની પટ્ટાવલી ૧૭૨,૩૪૮, ૩૪૯,૩૫૨
ક્ષમાનંદજી મહારાજ ૪૪
ક્ષુલ્લક દેવચંદ્ર ૩૨૧
ક્ષેમકીર્તિશાખા (ખ.ગચ્છ) ૩૮૮
ક્ષેમકીર્તિસૂરિ ૨૩૩,૪૩૯,૪૪૧
ક્ષેમપ્રભસૂરિ ૪૦૨
ક્ષેમરાજ ચૌલુક્ય ૬૦થી ૬૨,૬૪,૭૩
ક્ષેમસિંહ યક્ષરાજ ૧૮૨
ક્ષેમહંસ (પં.) ૩૧૩
ક્ષેમંધર સાધુ ૩૫૮
ક્ષેત્રસમાસ-ટીકા ૫૨,૨૮૧,૩૯૧, ૩૯૬,૪૧૭,૪૩૨,૫૬૨

(જ્ઞ)

જ્ઞાતાધર્મકથા ૨૦૬
જ્ઞાતિ-શાખાવંશો ૫૩૪
જ્ઞાનકલશગણિ ૩૭૪
જ્ઞાનચંદ્રસૂરિ ૨૯,૨૪૧,૨૪૨,૨૮૪, ૪૨૫
જ્ઞાનતિલકગણિ ૩૮૬
જ્ઞાનદીપિકાવૃત્તિ ૩૬
જ્ઞાનદેવ શૈવાચાર્ય ૫૮,૧૬૭,૧૬૮
જ્ઞાનપંચમી કથા ૩૦૮
જ્ઞાનવિજય (ત્રિપુટી મહારાજ) ૫૨૩
જ્ઞાનવિમલગણિ (ઉ૦) ૩૮૬
જ્ઞાનવિમલસૂરિ ૨૫૧,૨૫૬,૨૫૯, ૪૯૩
જ્ઞાનસાગરગણિ (ઉ૦) ૪૨૨
જ્ઞાનસાગરસૂરિ ૨૦૮
જ્ઞાનસાર ૬૮,૫૪૬
જ્ઞાનસૂરિ ૪૭



★ શુદ્ધિપત્રક ★


પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૬૨	૨૬	ચૌલુક્ય	ચૌહાણ
૬૮	ટિ૦૪	આ૦ ભાનુચંદ્ર	મહો૦ ભાનુચંદ્ર
૮૧	૨૩	નાડોલના... વગેરે	મોટાભાઈ કીર્તિપાલ અને નાડોલના આલ્હણ ચૌહાણ વગેરે
૮૨	૧૨	વિજયસિંહસૂરિ	જયસિંહસૂરિ
૮૫	૧૬	મંત્રી આભડ	શેઠ આભડ વસાહ
૮૯	ટિ૦૩	૫૬૭	૫૬૭-૫૬૮
૯૧	૨૦	શેઠ છેડો	શેઠ છાડા
૯૧	૨૨	મહેન્દ્રસૂરિ	મહેન્દ્રસિંહસૂરિ[ફ]
૧૧૭	૬	હલાયુલ	હલાયુધ
૧૧૮	ટિ૦૩	આ૦ હરિષેણ	કવિ હરિષેણ
૧૨૩	૧૨	પૃ. ૬૭૭	પૃ. ૫૧૩
૧૪૩	૧૨/૧૫	શુકનિકાવિહાર	શકુનિકાવિહાર
૧૪૫	૨	છદ્દકે	છિદ્દકે
૧૪૬	૨૪	વાહડ	આંબાક
૧૪૯	૨૮	સિદ્ધસેનસૂરિ	સિદ્ધસૂરિ (ઉપકેશગચ્છ)*
૧૫૩	૧	હેમસૂરિ	વાદિદેવસૂરિ
૧૬૧	૧૮	રઘુનાથ	રઘુસેન
૧૬૩	૫	પ્રક. ૩૪	પ્રક. ૮
૧૬૩	૫	પૃ. ૪૮૭	પૃ. ૧૬૧
૧૬૭	ટિ૦૩	ભાંડાગારી	×
૧૭૧	૨	મહિષપુરમાં	મહિષપુરના
૧૭૯	૧૯	અમરસિંહ	સમરસિંહ
૧૭૯	૨૭	સં. ૧૩૩૬	સં. ૧૩૬૬
૧૮૩	૧૫	સિદ્ધપાલ	સિદ્ધરાજ
૧૯૦	ટિ૫	સુત્થોત્સવ	સુરથોત્સવ
૧૯૨	૧૪	જિનસુંદર	જિનસુંદરી

ફ અકારાદિ નામાવલીમાં 'મહેન્દ્રસિંહસૂરિ (અંચલગચ્છ)' અંતર્ગત જે પૃષ્ઠ નંબરો આપ્યા છે ત્યાં પણ આ જ રીતે સુધારવું.


★ અકારાદિ નામાવલીમાં 'સિદ્ધસેનસૂરિ' અંતર્ગત જે પૃષ્ઠ નંબરો કૌંસમાં આપ્યા છે ત્યાં પણ આ જ રીતે સુધારવું.

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧૯૨	૧૫	લલિતાસુંદરી	લલિતસુંદરી
૧૯૨	૨૦	પં૰ જયસાગર	ઉપા૰ જયસાગર
૧૯૩	૧૮	મુનિ	પંન્યાસ
૧૯૯	ટિ૰૮	પૃ. ૧૭	પૃ. ૨૧
૨૦૪	૨૫	વર્ધમાનસૂરિની સુવિહિત	વર્ધમાનસૂરિ (સ્વ. સં. ૧૦૮૮) અને ૨. સુવિહિત
૨૦૪	૨૭	હતા	×
૨૦૪	૨૮	૨.	×
૨૦૫	૨	સિદ્ધદેવ	સિદ્ધરાજ
૨૦૬	૭	સ્વકાર્યું	સ્વીકાર્યું
૨૧૨	૨૦	મહાહડગચ્છ	મડાહડગચ્છ
૨૨૧	૨૧	પાટણ	પ્રભાસપાટણ
૨૩૪	ટિ૰૧	અનર્થરાઘવ	અનર્ઘરાઘવ
૨૩૮	ટિ૰૨૪	પં૰ રામલાલજી	ઉપા૰ રામલાલજી
૨૫૩	૨૧	પં૰ જિનહર્ષ	આ૰ જિનહર્ષ
૨૫૭	૧૨	૪૮૮	૪૭૮
૨૬૧	૫	ઉજ્જયંતાવતાર	રૈવતાવતાર
૨૬૪	ટિ૰૧૦	ઓઘનિર્યુક્તિ	ઓઘનિર્યુક્તિ-વૃત્તિ
૨૭૯	૨૫	વિજયસિંહસૂરિ	જયસિંહસૂરિ
૨૮૧	૮	પોરવાડ	શ્રીમાલી
૨૮૪	૧૬	સં. ૧૦૧૦	સં. ૧૪૧૦
૩૦૬	૧૬	સિદ્ધદેવ	સિદ્ધરાજ
૩૧૭	૧૪/૨૬	તથા મહિષ	×
૩૧૭	૨૬	આમ્રદેવ	આમ્રેશ્વરને
૩૧૮	૭	મુનિ	પંન્યાસ
૩૨૦	ટિ૰૧	છત્રહર્ષ	ઉ૰ છત્રહર્ષથી હર્ષ
૩૨૨	૧૮	મુનિ	×
૩૨૫	૧૬	શ્રીનગર	શ્રીપુર નગર
૩૨૯	૮	ઉપાવી	ઉપાડી
૩૪૬	૧	સિંઘતિલકસૂરિ	સંઘતિલકસૂરિ
૩૪૭	૨	મુનિ	આચાર્ય
૩૪૮	૨૪	માજી	રાજા
૩૫૧	૧૪	જિનપતિએ	જિનપાલે

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૩૫૪	૨૨	ષડિલ્લ	ષંડિલ્લ
૩૭૦	૧૭	સ્વાદ્વાદમંજરી	સ્યાદ્વાદમંજરી
૩૭૬	૧૮	કલમસંયમી	કમલસંયમી
૩૭૭	ટિ૦૨	નં. ૫૨ મા	નં. ૫૫ મા
૩૮૬	૧૯	જિનેશ્વર	જિનદેવ
૩૯૨	૧૩/૧૬	શેષસૂરિ	શ્રીષેણસૂરિ
૪૦૨	૨૨	સં. ૧૨૫૯	સં. ૧૨૯૫
૪૦૩	૩૧	યશોધવલ	યશોધન
૪૧૮	૧૨	ભાવપ્રભસૂરિ	ભાવસાગરસૂરિ
૪૨૪	૧૫	મુનિ	આચાર્ય
૪૨૪	૨૫	સં.....માં	સં. ૨૦૦૯માં
૪૫૨	૩૦	ઘોટ્ટકી	દોઘટ્ટી
૪૫૫	ટિ૦૬	પ્રક. ૩૮	પ્રક. ૩૭
૪૫૮	૨૩	પૃ. ૧૨૦	પૃ. ૯
૪૫૮	ટિ૦૩	વાડયગચ્છ	વાયડગચ્છ
૪૬૨	૧૩	પટ્ટાવલી	ગુર્વાવલી
૪૬૪	૨૩	ગુરુગુણષટ્ત્રિંશકા	ગુરુગુણષટ્ત્રિંશિકા
૪૬૫	૨	મિથ્યાંધકાર	મિથ્યાધંકાર
૪૬૯	ટિ૦૪	પૃ. ૨૩	પૃ. ૨૨
૪૯૧	ટિ૦૫	અયોધ્યા	અધ્યાયો
૪૯૩	૮	સં. ૧૬૧૧	સં. ૧૬૬૧
૫૦૫	૩૧	વાહડ	આંબડ
૫૧૦	૨૩	આંબડ	આંબાક
૫૧૫	૨૧	પ્રતિષ્ઠિત	અંજનશલાકા
૫૧૫	૨૯	શ્રીસાધુલબ્ધિ	સાધુલબ્ધિ ગણિની
૫૧૭	૮	વસાની	વસાહની
૫૨૪	૧૭	વાહડ	આંબડ
૫૨૭	૨૩	ઉજ્જયંતાવતાર	રૈવતાવતાર
૫૨૯	૨૬	દેવાનંદ	દેવાનંદપટ્ટે
૫૩૪	ટિ૦૭	પૃ.	પૃ. ૫૧૨
૫૪૧	૧૬	પ્રક. ૪૧	પ્રક. ૪૦
૫૫૨	૮	હીયાસુદ્દીન	હીસામુદ્દીન
૫૫૭	૨	મહામાત્ય	કવિ



પૂ. મુનિશ્રી દર્શનવિજયજી મહારાજ



પૂ. મુનિશ્રી જ્ઞાનવિજયજી મહારાજ



પૂ. મુનિશ્રી ન્યાયવિજયજી મહારા

પ્રકાશિત ગ્રંથો



ધાર્મિકતુ
સિદ્ધચક્ર માહાત્મ્ય
જિનવાણી (હિન્દી)
આદર્શ સાધુ (હિન્દી)
ચારિત્ર વિજયજી મ.નો પરિચય
ઉત્તરાધ્યયનસૂત્ર - ૧૫ અધ્યયન
શ્રી જૈન પરંપરાનો ઇતિહાસ ભાગ -૧
શ્રી જૈન પરંપરાનો ઇતિહાસ ભાગ -૨
શ્વેતાંબર-દિગંબર ભાગ-૧-૨
શ્રી આદિનાથ શકુનાવલી
શ્રી મહાવીર જન્મોત્સવ
જૈનપર્વકથા સંગ્રહ સંસ્કૃત
આર્યકાલક આલોચના
આદર્શ ગચ્છાધિરાજ
રમલ પ્રશ્ન, લગ્ન પ્રશ્ન
જૈન સમાજનો સિતારો
વિહાર દર્શન-ખંડ-૩-૪
વિહાર દર્શન-ખંડ-૧-૨
દિનશુદ્ધિદીપિકા (વિશ્વપ્રભા)
શ્રી જૈન તીર્થોનો ઇતિહાસ
જૈન તીર્થોનો નકશો (ટૂંક માહિતી સાથે)
જૈન પરંપરાનો ઇતિહાસ ભાગ -૩
પરંપરાનો ઇતિહાસ ભાગ -૪
પદ્ધાવલી સમુચ્ચય ઐતિહાસ
૩-ભાગમ કથાસંગ્રહ ઐતિહાસ
૨-ભાગમ કથાસંગ્રહ ઐતિહાસ
૧-ભાગમ કથાસંગ્રહ ઐતિહાસ